


વર્ષ ૩૮
અંક ૧

સં. ૨૦૧૯
કારતક

સાલ મુબારક

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 સાલ મુબારક 卐



卐 સાલ મુબારક 卐

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૫ કારતક : ૨૦૧૯ અંક ૧

ઘોર એ અઘોર

'સુન્દરમ્'

એ જી ઘોર એ અઘોર :
ઝાંભરખે સંભળાણો,
માથે ત્રંબાળુ મંડાણો –
એક ઘોર એ અઘોર.

રાત રે ઢળી 'તી એના વનના મારગડે,
સૂતી 'તી તેજોની હજી ઘેનમાં જમાત,
અરધે અજવાળે અને અરધે અંધારે
આવી ક્યાંકથી ભટકાણો :
એ જી ઘોર એ અઘોર.

જાગતાંને ઝાલ્યાં અને ઊંઘતાં ઢંઢોળી દીધાં,
કાનમાં સુરંગ દીધી માંડ,
આદિનો ભેરુ ને મીઠો ભોમિયો અમારો,
એ તો પળમાં પરખાણો :
એ જી ઘોર એ અઘોર.

એણે વગડા તે ખાળ્યા અને ડુંગરડા ઢાળ્યા,
એણે હેઠળે ઉતાર્યાં આભાં આભ,
સાતમે પાતાળ એની ભેર રે સંભળાણી,
મારો માહ્યલો હરખાણો :
એ જી ઘોર એ અઘોર.

卐

મહાપર્વ : દિવાળી

પંડિત શ્રી સુખલાલજી

દિવાળી એ હિંદુઓનું એક મહાપર્વ છે. હિંદુઓમાં બૌદ્ધો, જૈનો અને વૈદિકો બધા જ આવી જાય છે. અત્યારે જે રીતે દિવાળી ઊજવાય છે અને એની આગળપાછળના દિવસો પણ જે રીતે શુભ કાર્યની દૃષ્ટિએ ગોઠવાયા છે તેવું તેનું સ્વરૂપ પહેલેથી જ હતું એમ માનવાને કોઈ કારણ નથી. છતાં દિવાળી પર્વનાં મૂળ ઘણાં ઊંડાં અને જૂનાં છે. એનો આરંભ મૂળે તો અગ્નિદેવના મહત્ત્વથી શરૂ થયો લાગે છે. માનવ જ્યાં વસતો ત્યાં પૃથ્વી અને પાણી તો હતાં જ. સૂર્યનો પ્રકાશ અને ચંદ્રનો પ્રકાશ પણ હતા. પરંતુ માનવને જ્યારે પથ્થરનાં ઘર્ષણ તેમ જ લાકડાંઓનાં ઘર્ષણમાંથી આગના તણખાઓનો સાક્ષાત્કાર થયો ત્યારે એણે સૂર્ય, ચંદ્ર અને તારાના તાપ–પ્રકાશ ઉપરાંત એક નવો જ તાપ-પ્રકાશ અનુભવ્યો અને તે કાળે એને એ તાપ–પ્રકાશમાં દેવનું રૂપ ભાસ્યું હોય તો તે સ્વાભાવિક છે.

એ પ્રાથમિક આગના તણખાઓએ માનવ જીવનની દિશા જ બદલી નાખી. હવે એને ગાઢ અંધારામાં પણ પ્રકાશ લાધ્યો. અને જ્યાં સૂર્ય આદિ પ્રકાશક તત્ત્વોનો પ્રવેશ નહોતો એવા ખૂણામાં પણ એને પ્રકાશ મળી ગયો. એ અગ્નિપ્રકાશની મદદથી એની ખાનપાનની રીતમાં, અને તેના જીવન વ્યવસાયમાં બહુ મોટો ફેર પડી ગયો. આથી માનવ અગ્નિને દેવ કલ્પી તેની સતત પૂજા કરવા લાગ્યો જેથી તે ઓલવાય કે બૂઝાય નહિ. આવા અતિ જૂના ભૂતકાળમાં માણસ પાસે કોડિયાં, લાલ ટેન જેવાં સાધનો નહતાં તેથી તેણે પોતાની પૂજાવિધિઓમાં પણ નાનાં મોટાં લાકડાં કે છાણાં સળગાવી તેના ભડ-કાને જ દીવો માની લીધો હશે. ધીરે ધીરે માનવે વિકાસ કર્યો અને જીવનનાં અનેક નવાં ઉપકરણોની શોધ કરી. કૌટુંબિક અને સામાજિક જીવનના ફેરફારો પણ થતા રહ્યા તેની સાથે સાથે ધાર્મિક માન્યતાઓ પણ બદલાતી અને વિકસતી રહી.

એક રીતે એ પૂર્વકાલીન અગ્નિદેવની પૂજાને આપણે આધિભૌતિક પૂજા કહી શકીએ. કેમકે એ પૂજામાં મુખ્યપણે અગ્નિનાં ભૌતિક સ્વરૂપ અને તેની ભૌતિક શક્તિ જ લોકોનાં મન સામે હતી. પરંતુ કોઈ પણ પૂજાવિધિ, ઉત્સવ કે માન્યતા જ્યારે આખા ટોળામાં રૂઢ થઈ જાય છે ત્યારે કેટલાક લોકોનાં મનમાં એનો નવો સંસ્કાર કરવાની તેમ જ નવો અર્થ ઉપજાવવાની વૃત્તિ પણ જાગે છે. એમ લાગે છે કે એવી જ ઉદાત્ત વૃત્તિથી કેટલાક સજ્જન પુરુષોએ એક એવી તિથિ નક્કી કરી કે જ્યારે સમાજના બધા માણસો એકસરખી રીતે ઉત્સવ માણે, પોતાનાં મન મોકળાં કરે, અંદરોઅંદરનાં વેરઝેર અને ભેદભાવ ભૂલે તેમ જ સારી સારી ચીજોની ભેટ લે–દે.

સંભવ છે કે ભારતના તળપદા જૂના શૈવ કે અવધૂત ધર્મના અનુયાયીઓએ આ તિથિ રુદ્ર કે મહાદેવની પૂજાનિમિત્તે ગોઠવી અને રુદ્ર કે રુદ્રાણી, શિવ કે દેવીની ભક્તિ

નિમિત્તે એ પર્વ ગોઠવાયું. ભારતનાં તળપદા જે આદિવાસીઓ હતા તે બધા જ આ તિથિને ઊજવતા અને તે સમયનાં સાધનો પ્રમાણે દીવાઓ પ્રગટાવતા. દીવો એટલે દીપ. અને દીપનો અર્થ પ્રકાશ થાય છે. એટલે તેઓ સગવડ પ્રમાણે ફાવે તેમ પ્રકાશ કરતા અને ઉત્સવની મઝા માણતા. આ રીતે અગ્નિનાં ભૌતિક સ્વરૂપની પૂજા ઉપરાંત તત્કાલીન માનવ સમુદાયમાં એ નિમિત્તે આધિદૈવિક અગ્નિની પૂજા પ્રતિષ્ઠા પામી. આધિદૈવિક અગ્નિ એટલે મનની વિશાળતા. આખા વર્ષ દરમ્યાન કલેશકંકાસથી જે મન મેલાં થયાં હોય, અંદરોઅંદર તડ પડી હોય એ બધું દૂર કરી મન મોટાં કરવાં, વેરઝેર ભૂલી જવાં, તડોને સાંધવી—એ પણ આ પર્વનો ઉદ્દેશ થઈ ગયો. તેથી જ દીવાઓના પ્રગટીકરણ સાથે જ દરેક સમજુ માણસ પોતાના વહાલાવહાલેશરી ઉપરાંત વિરોધીને પણ ભેટવામાં પર્વની સાર્થકતા સમજતો થયો. જમવું-જમાડવું, ભેટો લેવી-દેવી, અને એક બીજાને 'સાલ મુબારક' કહી અભિનંદન આપવાં—એવી માનસિક ઉદારતા દીપપૂજા સાથે જોડાઈ ગઈ.

ભારતના આ તળપદા પ્રાચીન ઉત્સવની લોકપ્રિયતા એટલી બધી વધતી ચાલી કે પછી આ દેશમાં જે જાતિઓ આવતી ગઈ અને જે પંથો વિકસતા ગયા એ બધાએ આ દીપોત્સવી પર્વને પોતાનું આગવું પર્વ હોય તેટલે દરજ્જે વધાવી લીધું. ઇરાનિયન આર્યોની પેઠે વૈદિક આર્યો પણ અગ્નિકલ્પી હતા. તેઓ યજ્ઞ હવનહોમ આદિ દ્વારા અગ્નિદેવને સત્કારતા જ. અને अग्निमुखा वै देवा : । એમ કહી તમામ દેવોની પ્રીતિ મેળવવા માટે જે બલિ કે હવ્ય આપવું જોઇએ તે અગ્નિ દ્વારા જ દેવોને પહોંચે છે એમ માની તેઓ હવ્ય દ્રવ્યને અગ્નિમાં હોમતા. વૈદિક આર્યોને અગ્નિની પૂજા ઇષ્ટ હતી એટલે તેઓને પણ આ તળપદા દીપોત્સવી પર્વને આત્મસાત્ કરવામાં કાંઇ વાર લાગી નહિ. પરંતુ વૈદિક દેવોમાં ઇન્દ્ર, વરુણ, સૂર્ય, આદિ દેવો મુખ્ય સ્થાને હતા. એમના જ ઉદ્દેશથી યજ્ઞો થતા. એ દેવોનું સ્થાન લે એવા મનુષ્યદેવો અસ્તિત્વમાં આવવા લાગ્યા. અને તેમણે એક રીતે વૈદિક દેવોનું સ્થાન લીધું. જે જે પરંપરામાં આવા મનુષ્ય-દેવોની પ્રતિષ્ઠા થતી ચાલી તે તે પરંપરાઓએ પણ દિવાળી પર્વને પોતાને અભીષ્ટ એવા મનુષ્યદેવની કોઈ ને કોઇ જીવનઘટના સાથે સાંકળી પર્વના મહત્ત્વમાં ઓર ઉમેરો કર્યો. રામાવતારની માન્યતાવાળાઓએ ભગવાન રામચંદ્રના અયોધ્યા પ્રવેશની જીવનઘટના સાથે દિવાળીના પર્વને ગોઠવ્યો. તો ભગવાન કૃષ્ણાવતારના ભક્તોએ કૃષ્ણજીવનની કેટલીયે પૌરાણિક ઘટનાઓને દિવાળી પર્વ સાથે સાંકળી. ભગવાન મહાવીરના અનુયાયીઓએ પણ એ પર્વને ભગવાનની નિર્વાણ ઘટના સાથે સાંકળ્યું અને આગળ જતાં છેક આધુનિક સમયમાં સ્વામી દયાનંદની મૃત્યુ-તિથિ પણ દિવાળી હોવાથી આર્ય સમાજે પણ દિવાળીની મહત્તા સ્વીકારી. આ રીતે અગ્નિના એક નાના તણખાની વધતી જતી અનેક જ્વાળાઓની આસપાસ દિવાળી પર્વનું મહત્ત્વ ગોઠવાયું છે. અને, આધિભૌતિક તેમ જ આધિદૈવિક પૂજા ચાલુ રહેવા છતાં એમાં આધ્યાત્મિક પૂજાનો ભાવ પણ ઉમેરાયો છે.

એક જૂના બૌદ્ધ ગ્રન્થમાં તેમ જ બીજા એક જૈન ગ્રંથમાં કેટલાક આવેણિક ધર્મો ગણાવ્યા છે. આવેણી એટલે લોકપ્રવાહ. તેમાં જે જે ઉત્સવો, પૂજા-વિધિઓ, આદિ

રૂઢ થયાં હોય તે બધા આવેષ્ટિક ધર્મો. આવા આવેષ્ટિક ધર્મોમાં દીપદાન ગણાવ્યું છે. લોકો વહેતાં પાણીના પ્રવાહમાં દીવાઓને તરતા મૂકે અગર તો પોતાના ઇષ્ટદેવની સમીપ કે મંદિરમાં દીવાઓ ધરે એ બધું દીપદાનમાં આવે. બૌદ્ધો અને જૈનોએ દીપદાન આદિ પ્રથાઓને આવેષ્ટિક કહી લૌકિક તરીકેનું સ્થાન આપ્યું અને એ વિધિઓ લોકોત્તર કક્ષાની નથી એમ સૂચવ્યું. અને સાથે સાથે તેઓએ લોકોત્તર દીપપ્રકાશ કેવો હોય એ પણ આધ્યાત્મિક ભૂમિકાની દૃષ્ટિએ બતાવ્યું. આ રીતે દીપોત્સવ પર્વમાં જતે દિવસે આધ્યાત્મિક ચિંતન અને આધ્યાત્મિક વર્તનનું અલૌકિક એવું વિરલ તત્ત્વ ઉમેરાયું. છતાં દીપોત્સવ પર્વની આસપાસ જે સામાજિક ઉત્સવો, માંગલિક અને વિનોદના સમારંભો, તેમ જ સ્ત્રી–પુરુષ–આબાલ–ગોપાળ સૌમાં એક ઉલ્લાસની લાગણી પ્રેરે એવું જે વાતાવરણ સર્જાયું હતું તે તો કાયમ જ રહ્યું. એ પર્વને આધ્યાત્મિક રૂપ આપનારાઓ પણ પોતાના સમાજને પહેલાંના આધિભૌતિક અને આધિદૈવિક ઉત્સવમાંથી લેશ પણ અળગો રાખી શક્યા નહિ. એ વસ્તુ સૂચવે છે કે દિવાળીના પર્વનિમિત્તે થતા ઉત્સવો, વિનોદો, અને અરસપરસનાં મંગલ મિલને સમગ્ર લોકોનાં દિલ કેટલાં અને કેવી રીતે જીતી લીધાં હતાં. આપણે જાણીએ છીએ કે સાચી આધ્યાત્મિક ભૂમિ એ વૈયક્તિક છે. એની વાતો અને એનો ઉપદેશ ભલે સમાજવ્યાપી હોય પણ આધ્યાત્મિકતાનું ખરું ઝરણું તો વિરલ વ્યક્તિમાં જ ફૂટે છે. તેથી આખા સમાજ કે મોટા સમુદાય પાસેથી એવા આધ્યાત્મિક ભાવની અપેક્ષા રાખી શકાય પણ નહિ. આ દૃષ્ટિએ જોતાં એમ લાગે છે કે દિવાળીના પર્વે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ત્રણે સ્વરૂપોને સ્પર્શ્યાં છે; છતાં એમાં પહેલાંનાં બે સ્વરૂપોની જ સામાજિક દૃષ્ટિએ મહત્તા રહી છે અને રહેવાની.

દીપોત્સવ પર્વ તો ખરી રીતે આસો વદ અમાસની તિથિ છે. પણ એના પહેલાના અને પછીના બબ્બે દિવસ પણ એ પર્વમાં સમાવી દેવામાં આવ્યા છે. અને દરેક દિવસનું આગવું મહત્ત્વ અંકાય છે. વાઘ બારશ તો ઘરને અજવાળવાની પૂર્વભૂમિકા માત્ર છે. પણ ધનતેરશ એ ધન એટલે લક્ષ્મીની પૂજાનો દિવસ લેખાય છે. તે દિવસે વ્યાપારીઓ લક્ષ્મી–પૂજન કરે અને બીજા વર્ગો પોતપોતાના ધંધાની શ્રીને વધાવે. લક્ષ્મી એ નારાયણની પત્ની મનાય છે. તે ચંચળ છે જ, એની પૂજા એની સ્થિરતા માટે થાય છે. પણ હજી સુધી લક્ષ્મી હંમેશ માટે ક્યાંય સ્થિર થઈ નથી! પરંતુ લોકો તો એ આશાએ જ ઉલ્લાસભેર એને પૂજે છે! ચતુર્દશી એ કાળી ચૌદશના નામથી જાણીતી છે. અંધારિયાને લીધે તે કાળી હોય, અગર દેવીઓ અને મલીન સત્ત્વોની આરાધના કરવાનો દિવસ લેખાયો હોઈ તેને 'કાળી' વિશેષણ અપાયું હોય; ગમે તેમ હો પણ એ જોવામાં આવ્યું છે કે તે દિવસની રાતે તાંત્રિકો, ભૂવાઓ અને ઓઝા–એ બધા પોતપોતાના મન્ત્રો જપે છે અને પોતપોતાની અભીષ્ટ દેવતાઓને અનુકૂળ રાખવા પૂજાવિધિ કરે છે. આ પૂજાવિધિ ઘણીવાર બહુ તામસી હોય છે અને સ્મશાન સુદ્ધાંમાં રાત્રે એકલા જઈ ભૈરવને વશ કરવાનો હોય છે. આ તિથિ સાથે કૃષ્ણ દ્વારા થયેલ નરકાસુરના વધની પૌરાણિક કથા જોડાઈ છે. દિવાળી એ અમાવાસ્યાનો દિવસ છે. તે રાત્રે લોકો પોતાનાથી બને તેટલાં વધારે દીવા પ્રગટાવી જાણે જગતમાંથી અંધકારને વિદાય આપવી હોય તેમ, આનંદ માણે છે. પહેલાં સૂચવ્યું છે તેમ, આ દીવાઓ અયોધ્યામાં રામપ્રવેશની ખુશાલી માટે પ્રથમ પ્રજળાવવામાં

આવેલા. અને કૃષ્ણકથા પ્રમાણે કૃષ્ણે અસુરો ઉપર જે જય મેળવ્યો તેની ખુશાલીમાં પ્રથમ પ્રગટાવવામાં આવેલા. જૈનકથા પ્રમાણે ભગવાન મહાવીરનું તે રાત્રિએ નિર્વાણ થયું અને વિશ્વમાં એ વીતરાગના જ્ઞાનપ્રકાશની જ્યોત ફેલાઈ છે એના પ્રતીક તરીકે દેવોએ અને મનુષ્યોએ દીપમાળા પ્રગટાવી. કારતક સુદ પ્રતિપદાનો દિવસ બલિ પ્રતિપદા કહેવાય છે. કૃષ્ણે વામન રૂપ લઈ બલિને પાતાળભેગો કર્યો ને તેનું ગર્વમર્દન કર્યું એ આ કથામાં સૂચવ્યું છે. પણ અહીં બે બીજી બાબતો નોંધવા જેવી છે. દિવાળીને દિવસે જુગારીઓ પૂરબહારમાં જુગાર ખેલે છે. આ પાર કે પેલે પાર એવી શહીદી વૃત્તિથી તેઓ હારજીતના દાવ નાખે છે. અને માત્ર જુગારવ્યસનવાળા જ નહિ પણ ઉચ્ચ મનાતાં કુટુંબની સ્ત્રીઓ સુદ્ધાં જુગાર રમવામાં તે દિવસે પોતાની મોટાઈ લેખે છે. આ જુગારમાં હારનાર કશું આપવા જેવું ન હોય ત્યારે ધીકે ચહેરે પલાયન કરે છે. આ પલાયનવૃત્તિને કારણે જ દેવાદાર થયેલ અને દેવું ન ચૂકવી શકનાર 'દેવાળીઓ' કહેવાય છે. દિવાળી પર્વ વિશે લોકોની માન્યતા એવી બંધાઈ છે કે તે દિવસે જે લાભ થાય તેો બારે મહિના સારા જાય. આ માન્યતાએ જુગારને ઉત્તેજન આપ્યું છે એટલું જ નહિ પણ ચોરીને સુદ્ધાં ઉત્તેજન આપ્યું છે. ચોરી લબાડીથી ટેવાયેલા એમ માને છે કે આજે ચોરીમાં સફળ થયા તો બારે મહિનામાં પોબારા !

પડવાને દિવસે વ્યાપારીઓ નવા ચોપડા 'નમો ગણેશાય' કરી લખે છે. અને ગયા વર્ષની લેવડદેવડના પૈસા સરખા કરી નવું વરસ અને નવી લેણ-દેણ એવી સ્થિતિ નિર્માણ કરે છે. બીજનો દિવસ ભાઈબીજ તરીકે જાણીતો છે. બહેનો ભાઈને નોતરે, હેતે જમાડે, અને ભાઈ-બહેનના સંબંધનું અંતર્ગત પ્રેમપાસુ કેળવે એ આ તિથિનો હેતુ છે. ભાઈબીજમાં ઋગ્વેદનાં યમ-યમીનાં સહોદર-પ્રેમનું સૂચન હોય તેમ લાગે છે.

પાંચ દિવસની ઉપર સૂચવેલ જીવનપદ્ધતિ એ તો માત્ર દિશાસૂચન છે. પણ આ પર્વ દરમ્યાન જેટલું સારું ખાઈ-ખવરાવી શકાય તેટલું જમવું-જમાડવું, કપડાં ઘરેણાં આદિની શોભા જેટલી માણી શકાય તેટલી માણવી, અને પોતાના સંબંધી કે અસંબંધી પરિચિત સમાજમાં ઉલ્લાસથી મળવું-હળવું અને એકબીજાની આબાદી ઈચ્છવી એ એક સાત્ત્વિક ભાવના છે.

દીપોત્સવીના દિવસોમાં તામસિક, રાજસિક અને સાત્ત્વિક ત્રણે પ્રકારની વૃત્તિઓ સમાજમાં અનેક રૂપે દેખાય છે. દીપોનો પ્રકાશ એ તો માત્ર એ વૃત્તિઓના આવિર્ભાવનું સૂચક એક પ્રતીક માત્ર છે.

હવે નવા યુગમાં તેલ અને ઘીના દીવા પણ ઝાંખા પડ્યા છે યા તો વિલય પામ્યા છે. એનું સ્થાન વીજળીના ઝળહળતા પ્રકાશે લીધું છે. એ જ રીતે દારૂખાનાંએ પણ નવો અવતાર લીધો છે. પરંતુ ગાયો, બળદો, વાછડાઓ, ઘોડા અને હાથી જેવાં વાહનો, ફળદ્રુપ જમીનના પાકો, વગેરેની પ્રાચીન પૂજાને સ્થાને હજી રેલ, મોટર, બસ, સાયકલ અને બીજાં યંત્રોનાં પૂજા તેમજ કોલસા અને પેટ્રોલ આદિની પૂજા હજી સુધી શરૂ થઈ નથી. એ જ રીતે જૂનાં હથિયારોની પૂજાને સ્થાને બોમ્બની પૂજાવિધિ પણ રચાઈ નથી. કદાચ, એ પણ ક્યારેક શરૂ થાય.

જૂની પ્રથાની ભેટસોગાદો ચાલુ હોવા છતાં એક નવી પણ ભેટસોગાદ ઉમેરાઈ છે અને તે પત્રકારો તરફથી. પ્રતિષ્ઠિત પત્રના સંપાદકો કે માલિકો દિવાળીને ટાણે વિચાર અને

[અનુસંધાન પૃ.-૧૬

આ તે લોકશાહી ?

[સિતમકથાઓ-૨]

સ્વામી આનન્દ

આજને કાળે દુનિયાની લોકશાહીઓમાં અમેરિકા અગ્રણી ગણાય છે, જો કે સંખ્યાની દૃષ્ટિએ દુનિયાની સૌથી મોટી લોકશાહી હિંદની છે.

પણ જેમ હિંદમાં ઉજળિયાત, આદિવાસી, સવર્ણ, અસ્પૃશ્ય, એવા તીવ્ર જાતિભેદો છે, તેમ અમેરિકામાં પણ ગોરા અને હબસી વચ્ચે તેવા જ તીવ્ર રંગભેદની બીના જાણીતી છે. ખાસ કરીને દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનોમાં આ ભેદ સૌથી વધુ તીવ્ર છે. આપણાં ગામડાંના ઉજળિયાતો દલિત કે અસ્પૃશ્ય કોમો ઉપર જેવા જુલમ પાડે છે તેને પણ એ વટાવી જાય.

આ સંસ્થાનો પૈકી અલાબામા વગેરે સંસ્થાનોમાં છેલ્લાં થોડાં વર્ષોથી આ ભેદ સામે હબસી પ્રજા તરફથી સામુદાયિક વિરોધ ઊઠ્યો છે. એની હકીકતો અવારનવાર છાપામાં આવતી હોય છે. ત્યાં હબસીઓને બસ, ટ્રેન વગેરેમાં નીમેલાં ખાનાં સિવાય બીજે બેસવા દેતા નથી; હોટેલો અને મકાનોની લિફ્ટમાં ચડવા દેતા નથી; નિશાળોમાં હબસી છોકરાંઓને અલગ બેસાડવામાં આવે છે; તે સામે હબસીઓ સત્યાગ્રહ કરી રહ્યા છે; વગેરે હકીકતો હવે તો આ દેશમાં પણ સારીપેઠે જાણીતી થઈ ચૂકી છે. આ ઝુંબેશ ગોરાઓને એવી તો અકારી થઈ પડી છે કે અમેરિકાની સૌથી વડી અદાલતે આવા રંગભેદ વિરુદ્ધ સ્પષ્ટ ચુકાદો આપ્યા છતાં દક્ષિણનાં એકથી વધુ સંસ્થાનો તેને ગાંઠતાં નથી ! બલકે સંસ્થાનોના ગવર્નર, વડા હાકેમો, સ્થાનિક પોલીસ,— બધા જ ખુલ્લમખુલ્લા વડી અદાલતના એ ચુકાદાને અવગણીને ચાલતાં અચકાતા નથી. આમ છતાં ત્યાંની હકૂમત આપણે ત્યાંની જેમ વાતવાતમાં ગોળીબારનો કે લશ્કરનો આશરો લઈને પોતાની શ્રેષ્ઠ અદાલતે જાહેર કરેલી નીતિનો અમલ કરવાની હિમ્મત કરી શકતી નથી, એ પણ હકીકત છે.

આ રંગદ્વેષનો રોગચાળો અમેરિકાની ગોરી પ્રજાના હાડમાં કેટલી હદ સુધી ઘર કરી બેઠો છે એનો આબાદ ચિતાર ત્યાંના એક રંગદ્વેષ વિરોધી અને માણસમાત્રને 'એક પિતા પરિવાર' સમાં ગણનારા પવિત્ર ઇશુપરાયણ ૬૫ વરસના વૃદ્ધ એક પાદરીબાવા ઉપર ગામેગામના ગોરાઓએ છેક સને ૧૯૬૦માં પણ કેવા કેવા જુલમ પાડ્યા એનો કિસ્સો 'સિતમ કથાઓ – ૧૯૬૧' વાળી પુસ્તિકામાં શ્રી પીટર બેનન્સને રજૂ કર્યો છે. તે સંક્ષેપે આ નીચે આપું છું.

*

રેવરન્ડ ઍશ્ટન જોન્સ દક્ષિણ અમેરિકાના જ્યૉર્જિયા સંસ્થાનના વતની. આ ગોરા પાદરી આજે ૩૦ વરસથી હબસી - ગોરા વચ્ચે સામાજિક સમાનતાની હિમાયત કરતા આવ્યા છે. પોતે હબસીઓ જોડે છૂટથી હળેભળે છે. તેમનાં ઘરોમાં ખાય પીએ સૂવે બેસે છે. હબસીઓને સમાન નાતાના મિત્રો ગણે છે. કાળાગોરા વચ્ચે એખલાસ અને ભાઈચારો સ્થાપવાનો ઝુંડો લઈને આખા દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનોમાં ગામેગામ ઘૂમે છે.

જાતે દક્ષિણના વતની. તેથી અહીંની સામાજિક સમસ્યાઓનો એમને જાતિઅનુભવ છે. સને ૧૮૯૬માં અતિ ગરીબ ગોરાં કુટુમ્બમાં જન્મ. ૭ વરસની ઉમ્મરે પિતા

ગુમાવ્યા. માએ દરજીકામ કરીને ચાર બાળકો અને ઘરડી માને જીવાડયાં.

પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી સંપ્રદાયની મેથોડિસ્ટ જમાતના આ પાદરી સને ૧૯૨૯માં મિનિસ્ટર (વડા પાદરી)ને પદે પહોંચેલા. પણ દેવળ-મંદિરોના વિધિ અને ભપકા કોરે મેલી ચોરે ચૌટે ને ગામગોંદરે ઈશુના ધર્મનો ઉપદેશ કરવાનું એમણે પસંદ કર્યું. પાદરી–દીક્ષા લેવા અગાઉ એમણે કારીગર, ઇજનેર, ભઠિયારાનાં કામ કરેલાં. તેથી ગામેગામની જનતા સહેલાઈથી સમજે એવી સીધીસોટ બોલીમાં એ પોતાની વાત લોકોને સમજાવી શકે છે.

ઉત્તર અમેરિકાનાં તાલેવંત સંસ્થાનોમાં પણ ક્લબો, હોટેલો, શહેરના લત્તાઓ, વગેરેમાં આજે જે સૂક્ષ્મ રંગદ્વેષ ચાલુ છે તેનાથી એ અજાણ નથી. પોતે ન્યૂયોર્કમાં મિનિસ્ટર પાદરી હતા ત્યારે, એકાએક આવેલી મંદીમાં રાતોરાત શ્રીમંત કે મુફલિસ બની ગયેલા લોકોની નીતિમત્તામાં કેવો ગજબનો પલટો આવી જાય છે એ એમણે નજરે જોયું છે. આમાંથી જ એમને ગામેગામ ગામગોંદરાના ઉપદેશક થવાનું સૂઝ્યું.

સને ૧૯૩૨થી પોતે આવા વગેમારગુ ઉપદેશક બન્યા. ત્યારથી એમણે પોતાના રોજિંદા જીવન માટે પણ પાંચ નિયમો નક્કી કર્યા:

૧ જે કોઈ રસ્તે મળે તેને રામરામ કરી તેની જોડે વાત કરવી.

૨ જેટલા બને તેટલા માણસો જોડે સંપર્ક કરવો.

૩ રોજના અનુભવોની ડાયરી લખવી, જે પછીના દિવસોનાં ઉપદેશ-પ્રવચન કરવામાં ખપ લાગે.

૪ નાના કે મોટા જેવડા મળે તેવડા લોક સમુદાયોને મળીને તેમને ધર્મોપદેશ કરવો.

૫ જે વાતનો ઉપદેશ કરવો તેનો પ્રત્યક્ષ અમલ પોતાના રોજિંદા જીવનમાં ચીવટપૂર્વક કરવો; અને પોતાના ઉપદેશના જાતે મૉડેલ (નમૂના રૂપ) બનવું.

*

શરૂમાં પગપાળા ચાલીફરીને પોતાનું કામ કરતા. લોકોને અરસપરસના અણવિશ્વાસ વામીને વર્તવા કહેતા. કહેતા કે 'દુનિયાની ખ્રિસ્તી પ્રજાઓ પ્રથમ પોતે ઈશુના ઉપદેશને પચાવે ને જિંદગીમાં વરતી બતાવે. તે પછી જ એશિયાં આફ્રિકાની પ્રજાઓને ઉપદેશ દેવાનો નૈતિક હક તેમને મળી શકે.'

આમ 'પ્રભુ સૌનો પિતા અને માણસ માત્ર ભાઈ ભાઈ'નું સૂત્ર લઈને અમેરિકાની યાત્રા એમણે આરંભી. ગામેગામ દેવળના આંગણામાં કે વાટરસ્તે ઉપદેશ કરે. ઘણા ચાહકો મિત્રો અનુયાયીઓ તેમ જ હાડવેરીઓ આ પદયાત્રામાં તેમને થયા. મિત્રોએ પદયાત્રા છોડાવી એમને એક મોટરડમણી અપાવી ને વાટખરચીનો પણ બંદોબસ્ત કર્યો. કયારેક એકલા, કયારેક એકલા, કયારેક એક મદદનીશ સાથી જોડે, મોટરમાં એક પછી એક ગામ ફર્યે ગયા.

૧૯૩૦ના ઈસ્ટર અગાઉ ટેક્સાસ સંસ્થાનના દાલાસ ગામે પહોંચ્યા. એકલે પંડે. અહીં એમણે સાંભળ્યું કે ગામના હબસીઓ સામુદાયિક સત્યાગ્રહના મોરચા રૂપે એક હોટેલમાં ગોરાઓ માટે અનામત રખાતાં ટેબલો પર બેસી બપોરનું ખાણું ખાવા માગવાના હતા. હોટેલ ઉત્તર અમેરિકન માલિકની વ્યવસ્થા હેઠળની. તેથી ત્યાં દંગોફિસાદ થવાનો સંભવ કમ. આપણા જોન્સબાવાને આ પગલું શાણું લાગ્યું.' તેથી પેલા હબસીઓની એક નાનકડી ટુકડીને મોખરે ચાલીને પોતે પેલી હોટેલમાં દાખલ થયા. ત્યાં બેઠેલા ગોરા જમનારા પણ ઊઠી ન જતાં સહાનુભૂતિપૂર્વક બેઠા રહ્યા. અને હોટેલ માલિકે પણ સૌને પીરસ્યું!

આમ આ કિસ્સામાં રંગદ્વેષની હાર અને હબસીઓની જીત થઈ. પછી એ લોકો એ જ

પ્રમાણે બીજી હોટેલોમાં પણ ગયા. છાપાંવાળાઓએ તેમના ફોટા લીધા. તેમાંના એક ફોટામાં આપણા ગોરા પાદરીબાવા જોન્સ હબસીઓ જોડે એક જ ટેબલ પર બેસીને ભાણું જમતા ભળાતા હતા.

બસ. તે દિવસથી પાદરીબાવાના કિસ્મત ઉપર સીલ વાગ્યું. આખા દક્ષિણ અમેરિકાના ગોરાઓએ મનોમન આ પાદરી બહારવટીઆને જેર કે જમીનદોસ્ત કરવા ગાંઠ વાળી.

*

ઇસ્ટર વીત્યે જોન્સબાવા એમની મોટરડમણીમાં દોલાસથી ઊગમણે માર્શલ નામના ગામે જવા ઊપડ્યા. અહીં નકરા હબસી વિદ્યાર્થીઓ માટેની સુવાંગ યુનિવર્સિટી હતી. નીકળ્યા તો ખરા, પણ જે કોઈ ગામપાદરે થઈને પસાર થાય ત્યાંની પોલીસ અગાઉનેં ગામે ટેલીફોન રણકાવે !

આપણા પાદરીબાવાએ ડમણી મળી તે દિવસથી જ તેના માફા ઉપર 'કાં વિશ્વબંધુત્વ, કાં દુનિયાની ઇતિશ્રી' 'પ્રેમ, ન્યાય, સમાનતા' એવાં એવાં સૂત્રો ચીતરી મૂકેલાં.

પહોંચીને પેલી યુનિવર્સિટીની કોલેજમાં રાત રહ્યા. વળતી સવારે કાળાગોરાની એક નાનકડી ટોળી જોડે વાત કરી રહ્યા હતા એટલામાં પોલીસ પહોંચી. રખડુ બેકારોને તડીપાર કરવાનો ગામના મુખી પટેલનો હુકમ બતાવ્યો ને તાબડતોબ ગામ છોડી જવા ફરમાવ્યું !

'હું રખડુ માણસ નથી, ગૃહસ્થ છું. પાદરી છું. આ જુઓ.' કહીને બાવાએ ૮૯ ડૉલરની નોટો ગજવામાંથી કાઢી બતાવી.

'એ કંઈ નહિ. તીનપાંચ મ કર. અહીંથી ભાગ. નીકર આખના તારા ભાળી જઈશ.'

જોન્સબાવાએ તો પોતે અમેરિકન લોકશાહીના આઝાદ નાગરિક છે, ને જ્યાં ક્યાંએ જવું રહેવું હોય ત્યાં તેમ કરવા મુખ્તાર છે, એમ કહી પોતાના નાગરિક-હકનો હવાલો આપ્યો.

પોલીસે બાવાને તાબડતોબ ગિરફતાર કરી અદાલત આગળ ઊભા કર્યા. આપણે ત્યાંના 'અનાડી' માજિસ્ટ્રેટ જેવા માજિસ્ટ્રેટે આરોપીને રખડુ, ભંગડ ભિખારી કહી ૨૦૦ ડૉલર દંડ ને ૨૮ ડૉલર અદાલત ખરચ, અને તે ન ભરે તો ૯૦ દિવસની જેલસજા સુણાવી દીધી !

'મારે અપીલમાં જવું છે.'

'૪૫૦ ડૉલર અમાનતના મૂકો.'

જેલમાં લઈ ગયા.

*

જેલમાં પહોંચીને કોઈ મિત્રને અપીલની ગોઠવણ માટે ટેલીફોન કરવાની બાવાએ રજા માગી. રજા મળી. પણ મિત્ર બહાર ગએલો તેથી ટેલીફોન રદ ગયો !

ત્રીજે પહોર ફરીવાર રજા માગી. ગામમુખીની રજા તો હતી જ, પણ જેલઅમલદારે દાદ ન દીધી. 'હબસીઓને ચાહનારા ગોરા' માટે એના દિલમાં પ્રેમ ઉભરાઈ નહોતો જતો.

પાદરીબાવાએ અકળાઈને પોતાની બંધ જેલઓરડીનો દરવાજો ખખડાવવા માંડ્યો. જરાવારમાં પેલો જેલર હાથમાં કાચા ચામડાનો હંટર લઈને આવ્યો, ને બાવાને ફટકાવીને લોહીલોહાણ કરી મેલ્યા ! બાવાએ પણ જીવ પર આવીને બમણા જોરથી દરવાજો ભડભડાવવા માંડ્યો.

પેલો ખવીસ વળી બીજા એક મદદનીશને લઈને આવ્યો. બારણું ખોલી પાદરીબાવાનું પોટલું કરી ૪' × ૪' સાઇઝની વગર બારીવાળી 'પસીનાપેટી'માં ઠૂંસ્યા, ને પેટીનું બારણું ઢાંકી આગળો માર્યો ! બાવાજીએ પોટલું વળીને પડ્યાં પડ્યાં પેટીને પાટુઓ મારવાનું ચાલુ રાખ્યું.

થોડીવારે ગામમુખી પોતે પધાર્યા. પણ તે ટેલીફોનની રજા આપવા નહિ. હવે બાવાની કથની એમના જ શબ્દોમાં સાંભળો :

'એણે આવતાં વેંત પેટી ખોલાવી મને કમરપટ્ટેથી ઝાલી બહાર ખેંચ્યો ને પોટલું ફેંકે

તેમ લોખંડનાં પગથિયાંવાળા દાદરેથી ગબડાવી મૂક્યો ! પાછળ જ એના મદદનીશો મતે બૂટવાળા પગોની લાતો મારતા મારતા ઓચિંતાજિયે ઊતર્યો. ગાળોની નવાજેશનું તો પૂછવું જ કેવું !'

દસેક દિવસે જોન્સબાવાનાં પત્નીએ એક સ્થાનિક વકીલને અમાનતની રકમ મોકલીને જોન્સના છૂટકારા માટે જરૂરી કારવાઈ કરવા કહ્યું. ૧૪મે દિવસે જામીન પર છૂટયા.

અપીલની સુનાવણી એક વરસ સુધી નીકળી નહિ !

વકીલે પાદરીબાવાને સમજાવી ઘેર જવા તૈયાર કર્યો. પણ ગામલોકોએ એમની મોટર-ડમણીના હાલહવાલ કરી મૂકેલા ! નરો ભંગાર.

જોન્સબાવાએ રસ્તે આટલાંટાથી પોતાની બહેનને લઈ કેલીફોર્નિયા જવાનું વિચાર્યું.

નીકળ્યા તેવી જ પાછળ પોલીસની મોટર !

'શા સારુ મારી કેડે પડયા છો ?'

'અમને હુકમ છે.'

રસ્તે જમવાખાવા પણ થોભવા ન દીધા !

એક ગામને પાદર બાવાએ હુજ્જત કરી:

'હું અમેરિકન નાગરિક છું. ચાહું ત્યાં હરવા ફરવા થોભવાનો મને હક છે.'

કહીને એક હબસી હોટેલમાં જમવા પેઠા.

છાપાંવાળાએ પોલીસ થાણે ફોન કર્યો.

પોલીસ આવી ને પાદરીબાવાને જમતા ઉઠાડીને ઘસડી ગઈ !

રખડુ હોવાના, હંગામો કરવાના, અને સાચા પરવાના વગર મોટર હાંકવાના આરોપસર વળી પાછો ખટલો !

૧૭મી મે ૧૯૬૦થી પૂરા સાઠ દિવસ બાવાને માથે માછલાં ધોવાયાં. જેલમાં ત્રીસેક ગોરા ગુંડા મવાલી કેદીઓના પાંજરામાં ઘાલ્યા. એક જેલ અમલદારે હબસીઓ જોડે હાથ મિલાવતા પાદરીબાવાના ફોટાવાળું છાપું સૌને બતાવ્યું. બસ લોકો ઝડી જ બતાવી કહોને !

પેલું ખવીસ ટોળું બાવા પર વરુના ઝનૂનથી તૂટી પડ્યું. વૉર્ડર અમલદાર બધા કોરે ઊભા નિરાંતે તમાશો જુવે !

અંતે માર હેઠળ રોટલો વળી ગએલ બેભાન પાદરીબાવાને ઇસ્પિતાળમાં લઈ જવા પડયા. ત્યાં એમના ફાટી ગએલ જડબાને ટાંકા લેવામાં આવ્યા.

પોલીસે ફરીવાર બાવાને પેલા પાંજરામાં ઘાલવાનો વિચાર કર્યો, પણ વિચાર બદલી એકાંત કોટડીમાં જ ગોંધ્યા. ચાર દિવસ બાદ અદાલત આગળ પેશી (રજૂઆત) !

સરકારી વકીલ પાસે આળતહોમત મૂકવાનું કશું નહોતું એટલે કહે :

'આનું ચસકી ગયું છે !'

માજિસ્ટ્રેટે બાવાને ગાંડાના નિષ્ણાતોની દેખરેખ હેઠળ રાખવા હુકમ કર્યો !

'હું ગાંડો નથી. હું સમજપૂર્વક હબસીઓને અમેરિકન નાગરિકપણાના સમાન હકો મળવા જોઈએ એવી હિમાયત કરું છું !'

માજિસ્ટ્રેટે ન સાંભળ્યું. ૧૭ દિવસ દાક્તરી નિષ્ણાતોની નજર હેઠળ રાખ્યા પછી ફરી પાછી અદાલત. વકીલ રાખવા દેવાની મના. બિન-પરવાને મોટર હાંકવાનો આરોપ ખેંચી લેવો પડ્યો. કાં કે બાવા પાસે રીતસરનો ચાલુ પરવાનો મોજૂદ હતો.

બાકી રહ્યાં બે તહોમતઃ (૧) બેકાર રખડુનું: ને (૨) હંગામો મચાવ્યાનું.

પોલીસ અમલદારોએ સાક્ષી આપી: 'આ શખ્સ ગામમાં હંગામો કરવા આવ્યો હતો. એની જ સલામતી ખાતર અમારે એને ગિરફતાર કરવો પડ્યો.'

વધુમાં લડાઈનો વિરોધ કરવાના અને લશ્કરમાં ભરતી થવા ના પાડવાના ગુનાસર બાવાને અગાઉ બે વાર સજા થએલી એવો પાછલો દાખલો પણ દેવામાં આવ્યો; પહેલી વાર ૧૯૪૩માં ને બીજી વાર ૧૯૫૨માં. પણ બેઉ વાર બાવાની ઉમ્મર ૪૫ વરસ વટાવી ગએલી હોવાને કારણે

એમને પક્ષે લશ્કર-ભરતી ટાળવાનો સવાલ નહોતો.

આમ એ આરોપમાં વજૂદ ન રહ્યું. પણ પાદરીબાવાએ કહ્યું: 'લડાઈમાં ને મારા ભાઈઓ ઉપર ગોળા ચલાવવામાં હું માનતો નથી. જે સિદ્ધાંતોનો હું ઉપદેશ કરું છું તેનો પ્રસંગ આવ્યે મારે જાતે અમલ કરવો જ જોઈએ.'

'તમે કમ્યુનિસ્ટ છો?'

'ના જી.'

'તમે કમ્યુનિઝમમાં માનનારા છો?'

'જો કમ્યુનિઝમનો અર્થ એ હોય કે માણસ માણસે સગા ભાઈ થઈને રહેવું, અને સંસાર આખો સુખી થાય તે સારુ પોતાની ધનસંપત બધી વહેંચીને ખાવી ભોગવવી,—તો મારો જવાબ છે, હા. ને જો કમ્યુનિઝમનો અર્થ સ્ટેલિન-ક્રુશ્ચેવની દુનિયાં એવો કરતા હો, તો મારો જવાબ છે, ના.'

માજિસ્ટ્રેટે આરોપીને લોકોની સુખનિરાંતની જિંદગીને ઇરાદાપૂર્વક ચૂંથી નાખવા આવેલા અળવળખોર રખડુ તરીકે જાહેર કરીને 'રખડુપણા' માટે ૬ મહિનાની અને 'હંગામો મચાવવા' માટે ૨ મહિનાની સજા સંભળાવી! અપીલ અમાનત ૫૦૦ ડૉલર.

સજા પછી પાદરીબાવા જોડે વાત કરવા એક છાપાવાળી બાઈની માગણીને નકાર મળ્યો, અને કેદીને જેલના ફારમ ઉપર લઈ જવામાં આવ્યો.

અહીં અગાઉની જેલ જેવું જ સમાજના એક નીચલા થરના હાલીમવાલી કેદીઓનું ટોળું બાવાના સ્વાગત સારુ તૈયાર હતું. 'રંગીન લોકો જોડે ભાઈચારો કરવાવાળા' તરીકે બાવાનો પરિચય તેમને અપાઈ ચૂક્યો હતો. એક પછી એક આમળા આવતા જાય ને બાવા ઉપર કિન્નાખોરીથી તૂટી પડે.

પૂરો અરધો કલાક ગૂંથા, ઊંધે માથે લટકાડી માથે મોઢે ને આખે ડીલે અસ્તરો ફેરવ્યો! ભમ્મર પાંપણો પણ ન મૂકી!

વળતે દિવસે પેલી છાપાવાળી બાઈ તેના ધણી જોડે કેદીને જેલમાં મળવાની રજા મેળવીને જેલ પર આવી.

એ ગઈ તેવું જ, અગાઉથી ગોઠવી રાખ્યું હોય તેમ, વળી પાછું પેલા ગુંડા કેદીઓનું ટોળું બૂઢા જોન્સબાવા ઉપર તૂટી પડ્યું. જેલ અમલદારો ઊભા જુએ! ફરી એકવાર બાવાનો સ્વમુખે કહેલો અહેવાલ સાંભળો:

'ફૂસે બાંધે તેમ એક લોખંડી આલમારી જોડે મારા હાથ બાંધ્યા. ખુલ્લી બાદલીઓ અને રાંજણ કોઠીઓનાં ટાઢાંબોળ પાણી મારા ઉપર ખાલવ્યાં. પછી નવસ્ત્રો કરી ખુન્નસભર્યા હુમલા વડે બધાએ મને ગૂંદી ગૂંદીને રોટલો કરી મૂક્યો.

'આ નવાજેશ બહારનું લોક મારી પૂછતપાસ કરવા આવ્યું એના સરપાવ તરીકે મને મળી હતી!'

પેલી બાઈ તથા તેના ધણી ઉપર પણ માછલાં ધોવાયાં. બાઈએ છાપામાં મારે વિષે ઉહાપોહ કર્યો તેથી તેના ધણીની નોકરી ગઈ! પણ આ ડાઉન્સ દંપતી હાર્યાં નહિ. એમણે મિત્રોમાં ફરી રવડીને બૂઢા બાબાને દોજખમાંથી છોડાવવા ૫૦૦ ડૉલર ભેળા કર્યા. આ જાણતાં જ માજિસ્ટ્રેટે જામીન અમાનતની રકમ જે ૫૦૦ ડૉલર ઠરાવેલી, તે બદલીને ૧૫૦૦ કરી! ડાઉન્સ દંપતીના ટેલીફોન ઉપર જાપતો મૂકાયો!

આ બાજુ જેલમાંય બાવાનાં વીતકોને છેડો ભળાતો નહોતો. એક દિવસ બે ગુંડા કેદીઓએ જોન્સબાવાને જેલના તળાવ ઉપર ઘસડી જઈને ૨૫ વેળા પાણીમાં ડૂબકાં ખવડાવ્યાં. છોગામાં બહાર કાઢીને લાતોનો વરસાદ. બીજી એકવાર લોખંડી સળિયા જોડે

બાંધીને પહોરવાર ઊંધે માથે લટકાવ્યા;-ને ઉપર ઠીંકાપાટુની જયાફત!

આવી આવી જેલ રોજખની અનંતવિધ યાતનાઓ 'ગોરા માણસ થઈને કાળા હબસીની હોટેલમાં જમવા જવાના અપરાધ' બદલ જોન્સબાવાએ અપરંપાર ધીરજ અને સમતાપૂર્વક પૂરા બે મહિના વેઠી. આમ એમના નિર્વૈર પ્રેમે પેલા જેલ-ખવીસોને પણ કંઈક કૂણા કર્યા. અંતે ૧૪મી જુલાઈ ૧૯૬૦ને દિને જોન્સબાવા છૂટયા.

*

આ બે માસના આખા ગાળા દરમ્યાન ગામલોક પણ સખણું બેઠું નહોતું જ. ગામની તમામ ગોરી વસ્તીએ આ ગુસ્તાખ બૂઢા પાદરીની વલે કરવા પેરેપેરે જંગ મચાવેલો. પેલા માજિસ્ટ્રેટ મુખી પટેલ કહે, 'આવા ખતરનાક માણસને તો જેલમાંથી છોડવો જ ન જોઈએ.'

જામીન અમાનતનો વિરોધ, જામીન રકમનો ફુગાવો, બાવાની મોટરના હાલહવાલ, ટાયરના ચીરા, એના પર ચીતરેલાં સૂત્રવાક્યો પર પોતાં! કલંગીમાં જેલ બહાર આવીને ભંગાર મોટરનો કબજો લેવા આવેલા પાદરીબાવાને ગામલોક કહે,

'બે માસ તમારી મોટર અમારા ગામે રહી. તેની સાચવણીના ભાડાના સાડી સુડતાળીસ ડોલર ચૂકવો'!

જોન્સબાવાના વકીલે જિલ્લા કોરટમાં નુકસાનીનો દાવો નોંધાવ્યો. ૭ મહિના સુધી એની સુનાવણી જ ન થઈ! સુનાવણીની તારીખે બાવા દાવા વાળે ગામે આવ્યા. પણ વકીલને ઘેર પહોંચે તે પહેલાં જ વળી પાછા ગિરફતાર!

ફરી 'રખડુ બેકાર'નો આરોપ. ફરીવાર પોલીસની હવાલાતમાં. ફરી પાછાં એનાં એ વીતકો! વકીલ જામીન રકમ લઈ છોડાવવા આવ્યો. પોલીસ કહે: 'વખત થઈ ગયો. કાલે આવજો!'

બાવાને ફરી પોલીસ રોજખમાં રાતવાસો. વળતી સવારે અગાઉના કાળની જ વલે. બે જેલવૉર્ડરોએ બાવાને બાસ્ટી પરથી ઊંચકતા ઉપાડી ખેંચી પાડીને રબ્બરે મઢેલ મોગરીઓથી ગૂંદવા લીધા. ગૂંદતા ગૂંદતા આઠ મહિના અગાઉવાળા જ પેલા પાંજરે લઈ જઈ પૂર્યો. ત્યાં બે ગુંડાઓની આગેવાની હેઠળ બાવાના અગાઉના જેવા જ હાલ. પેલા પલીતો બાવાને મારી મારીને થાકે. ઘડીક આઘેરા થઈ થાક ખાય. વળી પાછા આવીને તૂટી પડે! બાવા પોલીસ વૉર્ડરોને કહે:

'મને ઓરડીમાં લઈ જઈને મૂકો.'

પણ કોણ સાંભળે?

વકીલ સવારનો મથતો હતો. પણ બપોરના ત્રણ વાગ્યે માંડ છોડયા!

બે દિવસ પછી આ 'ખતરનાક પાદરી'ની કાશ ટાળવા સૌથી ગંભીર કારવાઈ પણ થઈ. જેકસન ગામે પેટ્રોલ ભરવા જોન્સબાવા થોભ્યા, ત્યાં તેમના પર બે ગોળીઓ સણણણ કરતી છૂટી! સદ્દભાગ્યે નિશાન ચૂકી. માત્ર તેમાંની એક જોન્સબાવાની મોટરડબ્બી ઉપર નવેસર ચિતરેલાં સૂત્રોમાંના 'સમાનતા' શબ્દને જ બરાબર વીંધીને તેમાં કાણું પાડયું!

કેટલું અર્થસૂચક!

આ છેલ્લા કિસ્સા પછી જોન્સબાવા સામેની ગોરાઓની કિન્નાખોરીને ઓટ આવી. બાવા સામેનો બીજીવારનો 'રખડુ' કેસ ખેંચી લેવામાં આવ્યો.

વોશિંગ્ટનની 'નાગરિક હક રક્ષણ સભા'એ જોન્સબાવાને નુકસાની મળવી જોઈએ એવી માગણી નોંધાવી.

પણ બાવાને નુકસાનીની ગરજ નહોતી. એમને તો માત્ર સિદ્ધાન્તની જ પડી હતી!

અમેરિકામાં પ્રવર્તતા કારમા રંગદ્વેષનો ચિતાર આપનારો પાદરી જોન્સનો આ એકલ-દોકલ દાખલો નોંધાયો છે એવું નથી. ન્યુ હેમ્પશાયર રાજ્યના એક રીટાયર મેથોડિસ્ટ પાદરીએ રંગદ્વેષ સામે જેહાદ ચલાવવામાં પોતાને સહાય કરનારાઓનાં નામ આપવાની ના પાડવાના ગુનાસર આખી ૧૯૬૦ની સાલ જેલમાં વીતાવી! ૭૦ ઉમ્મરના આ બુજરગ ઉપર વીતેલાં વીતકોની કહાણી જોન્સબાવાની કહાણી કરતાં કોઈ વાતે ઓછી દિલ કંપાવનારી નથી.

*

પાદરી જોન્સ 'ચક્રમ હતો,' 'એની વાતો વેવલી અને વર્તણૂક અદકપાંસળિયા હતી,' એણે એની ઢમણી ઉપર ચીતરેલાં સૂત્રો 'નાટકિયાં' હતાં, એવી એવી ટીકાઓ પણ એના ઉપર થઈ! તે ભલે થઈ શકે. પણ વીસમી સદીના છ દાયકા વીત્યા પછી હજુ આજને દિને પણ આવા સન્માન્ય ધર્મપરાયણ વૃદ્ધ પાદરીને 'રસ્તાનો રખડુ' ઠરાવીને દોજખની પીડાઓથી પૂરણનારા અમેરિકા જેવી આજની અગ્રેસર લોકશાહીના સત્તાવાળાઓની વર્તણૂક અંગે તમે શું કહેશો?

દેશમાં લોકશાહી તંત્રની નકરી સ્થાપના, અગર તો તેના દુરુપયોગ સામે કાયદાપોથીમાં જોગવાઈઓ, એટલું જ બસ નથી. સાચી લોકશાહી ત્યાં જ ચાલી શકશે જ્યાં, દરેક મતદાર પોતાની તેમજ પોતાનાં કુંટુમ્બી હિતો વિચારો કે અભિપ્રાયોની સલામતી, બીજા હરકોઈ મતદારનાં હિતો કે અભિપ્રાયો કરતાં વધુ મહત્ત્વનાં નથી એમ માને; અને તે મુજબ વર્તે. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા એ બધાં સૂત્રો અલબત્ત ભવ્ય છે. પણ જ્યાં સુધી આપણે એકબીજા માટે એક જ સરખું માન અને નિસ્બત ધરાવતાં નથી, ત્યાં સુધી એ બધા સિદ્ધાન્તો, સૂત્રો ને સ્લોગનો અર્થવગરનાં છે.

મુંબઈ, ૧૬-૯-૬૨

☆

[અનુસંધાન પૃ. ૯

કળાની સમૃદ્ધિથી પૂર્ણ હોય એવા, પોતપોતાના પત્રના વિશિષ્ટ અંકો ગ્રાહકો સમક્ષ રજૂ કરે છે. એ દ્વારા વાચકોને જ્ઞાન મેળવવાની, તેને પુષ્ટ કરવાની અને સૌંદર્ય પારખવાની વૃત્તિ કેળવાય છે. તેમજ નૂતન વર્ષાભિનંદનના કળામય પત્રોના ભારથી કેટલાક દિવસ લગી પોસ્ટ ખાતું પણ દબાઈ જાય છે. આથી જ દિવાળીનું પર્વ એ બીજાં બધાં પર્વો કરતાં વિશિષ્ટ છે અને તેથી જ તે મહાપર્વ કહેવાય છે.

આજ સુધીમાં ઘણી દિવાળીઓ આવી અને ગઈ. લોકો લડ્યા ઝઘડ્યા અને મળ્યા પણ. હવે આ દિવાળીએ સરકારે, પ્રજાએ, ઉદ્યોગપતિઓએ, મજૂરોએ, કેળવણીકારોએ, વિદ્યાર્થીઓએ, પત્રકારોએ અને વાચકોએ—એમ બધા વર્ગોએ શું શું ફેંકી દેવા જેવું છે અને શું શું કરવા જેવું છે એ વિચારવાનો તેમજ નિર્ણય કરવાનો અવસર પાકી ગયો છે એમ ચોમેર અસંતોષનું તમસ જોતાં લાગે છે. આ વસ્તુને ધ્યાનમાં રાખીને એક ત્રિકાળદર્શી ઋષિએ સૌનાં જીવનમાં સદા દિવાળી વિલસી રહે એવી ભાવનાથી ઉદાત્ત પ્રાર્થના કરી છે. તે પ્રાર્થના—

तमसो माम् ज्योतिर्गमय ॥

એ છે. આ પ્રાર્થનામાં સૌને ઊંચા ચડવાનો માર્ગ સૂચવાયો છે.

૧૦-૧૦-૬૨

卐

વઘારેલી ખીચડી

પન્નાલાલ પટેલ

આજે નોકર ઘણો મોડો આવ્યો એટલે પાણી ગરમ કરતાં ને નહાતાં મને મોડું થયું.—

કોઈને થશે: 'યોગ કરવા આવ્યા છે ને પાણી ગરમ કરવું એમાં ય નોકર જોઈએ!'

પણ વાત એમ છે કે હું રહું છું બીજે મજલે ને ત્યાં પાછો નળ નથી. નહિ તો આ ટાઢમાં પણ પાણી બિચારું માથું માથું ચઢી આવે ને કામ મારું પતી જાય. વળી સીડી પણ અમારી એવી છે કે મારા જેવા તકલાદી તબિયતવાળા યોગના શિખાઉ માણસમાં હજુ જોઈએ તેટલું શરીરનું ધારણ નથી આવ્યું એટલે ભરેલી ડોલ સાથે ચઢવા જતાં પાણીની પ્રકૃતિને વશ થઈ એની સાથે જમીનદોસ્ત થઈ જવાનો પણ પૂરેપૂરો સંભવ રહે છે.

એટલે નોકર મારફત પાણી મેળવવામાં ને તમસમાં પડી રહેલા અવાવરા સ્ટવ મારફત પાણી ગરમ કરવામાં બપોરના સાડાઅગિયાર વાગી ગયા!

વળી અહીં કોઈકને સવાલ થવાનો સંભવ છે: 'બપોરના સાડાઅગિયારે નહાવા બેસે એવો તે કયો વળી આ યોગ હશે! તેમાં ય જે માણસ માત્ર યોગ માટે જ અહીં આવેલો છે?'

અલબત્ત વહેલા ઊઠી નાહીધોઈ લેવું એ વાત કંઈ ખોટી નથી. પણ સાથે સાથે આવાતેવા કોઈ નિયંત્રણમાં યંત્ર ન બની જવાય એ પણ આ યોગમાં જોવાનું તો હોય છે જ ને?—

પછી તો, કોઈ પણ પરિસ્થિતિમાં શાન્ત રહો એ મુખ્ય સૂત્રને ધ્યાનમાં રાખી હું કશા જ ધાંધાટ વગર નિરાંતે નહાવા લાગ્યો.

પણ જ્યાં નાહીને ઘડિયાળમાં જોઉં છું તો સવાબાર! આ સાથે જ બધાં સૂત્ર ને સમતા એક કોર રહી ગયાં ને મનની અંદર પરિસ્થિતિનો ખ્યાલ આવીને ઊભો રહ્યો, થયું: 'ભાગ મારા રામ, નહિ તો સાડાબાર થતાં રસોડાની ઘંટડી વાગી જશે ને પેટ બિચારું ઘંટડી વગાડતું રહી જશે!'—

માથામાં તેલ પૂરું નાખ્યું ન નાખ્યું ને આડાઅવળા કાંસકા મારી વાળને જરા ઠીક કર્યા. ગંજી ઉપર પહેરણ ચઢાવતાકને ઓરડી વાસી. પણ ખીસામાં ચાવી મૂકતાં ખબર પડી કે ચંપલ અંદર રહી ગયાં છે. વળી પાછી ઓરડી ઉઘાડી ને ચંપલ સાથે યાદ કરીને ખીસાનો રૂમાલ પણ લઈ લીધો. સાથે સાથે અસ્વસ્થ થવામાં કેવો ગોટાળો થયો એ વાતની પણ મનની અંદર નોંધ લીધી. ને 'હવે તો કંઈ રહી જતું નથી ને?' એ સવાલ, જાણે સ્વસ્થતાપૂર્વક પૂછતો હોઉં એ રીતે પૂછી બારણાને ચાવી લગાવી.—

પણ તો ય—દસેક ડગ ભર્યાં પછી ખબર પડી કે ઘડિયાળ પહેરવાનું તો રહી જ ગયું છે. ખેર ઘડિયાળનું હવે કામે ય શું છે, માટે નથી પાછા ફરવું કે નથી હવે ઘાંઘા બનવું!

ને ઉતાવળી ખરી પણ અસ્વસ્થ નહિ એવી ચાલે ચાલવાનો પ્રયત્ન કરતાં મેં મનને પણ એ ઊભી વાટે સમજાવવા માંડ્યું: 'અરે શું કામ તું નાહકનું આ ધાંધાટ લઈ બેઠું છે? કપડાં પહેરવામાં ને આઘાપાછીમાં બહુ બહુ તો પાંચ-સાત મિનિટ ગઈ હશે, પાંચેક

આ રસ્તાની ગણું, તો પણ પાંચ મિનિટ ઊલટાનો તું વહેલો પહોંચીશ... અને ધાર કે આપણું ઘડિયાળ કદી જ પાછળ નથી પડતું ને આજે પડી ગયું હશે તો પણ પાંચ મિનિટથી વધારે તો ન જ પડે ને? એટલે આ હિસાબે પણ તું સમયસર તો પહોંચીશ જ.

પરંતુ આવા આવા વિચારોની અંદરે ય મેં જોયું તો મારી ચાલમાં ન તો પેલી રોજની સ્વસ્થતા હતી કે નો'તી નિરાંત મનમાં પણ.

ને વળી મેં મારા મનને કહેવા માંડ્યું: 'અરે ભૂંડા, બહુ બહુ તો આજની આ એક ટંક ખાધા વગર રહીશું. એથી વિશેષ તો કંઇ બગડી જવાનું નથી ને? અરે જેમ હશે તો કમ્ફેટ તો નથી વસાઇ જવાનું? સવાલ તો આખો દોઢ રૂપિયાનો છે ને?...

પણ કોણ જાણે કે એ તો રસોડામાંથી વીલે મોંએ પાછા ફરવું પડશે એ ગણત્રીએ કે ગમે તેમ પણ ચાલ થોડીક ધીમી પડવા છતાં ય મન તો, જાણે કોઇ ભારે ભડક પેસી ગઈ હોય એ રીતે ઉભડક જ થઈ રહ્યું હતું!...મને સમજ ન પડી આ મનનો મારે ક્યાંથી કાન પકડવો ને કેવી રીતે એનો આ ઉચાટ મારે શમવી દેવો!...

ઓછું હોય તેમ રસોડાના દરવાજા ઉપર પહોંચતાં ત્યાં આગળ ઉભેલાં બે-ચાર છોકરાં મારી સામે એવી રને જોવા તાકવા લાગ્યાં કે મનની અસ્વસ્થતા શાન્ત પડવી તો દૂર રહી પણ ઊલટાની વધી પડી. થવા લાગ્યું: નક્કી આજે કોઇ વિરોધી શક્તિ આપણી પાછળ પડી છે, નહિ તો મારામાં એવું તે શું પરિવર્તન થઈ ગયું છે કે આ છોકરાં મારી સામે કોઈ રમૂજી ભાવ સાથે જોયાં કરે છે!...

આ વહેમને પણ મેં ઉડાવવાનો પ્રયત્ન કર્યો: અરે છોકરાંની પ્રકૃતિ જ ચંચલ હોય છે. એમાં વળી મારા પગમાંની ચંચળતા જોઈને એ લોકની ચંચળતા ચંચળ બની હોય તો પૂરેપૂરો સંભવ છે. આ તો બધી તરંગોની દુનિયા છે ને!'...

પરંતુ ચંપલ કાઢી બારણામાં પ્રવેશ્યો તો ત્યાં પણ જમવા બેઠેલા સાધકોમાંના કેટલાક, રંગમંચ પર પ્રવેશ કરતા કોઈ પાત્રને જોતાં હોય એ રીતે મારા પ્રવેશને જોવા લાગ્યા.

મને થયું: 'ઉતાવળમાં મારો વેશ તો કોઈ વિચિત્ર નથી? પણ લેંઘો પહેરણ બરાબર હતાં તો વાળ પણ મેં હોળ્યા હતા. વળી ચંપલ પહેરીને પ્રવેશવાની ભૂલે ય મેં નો'તી કરી.

અને હું મારામાં પ્રવેશવા મથતા પેલા ક્ષોભ ઉપર સીધી નજર માંડતો બને તેટલી સ્વસ્થતાથી આગળ વધ્યો: 'કંઇ નહિ રે. સમય થઈ ગયો હશે તો પાછા ફરી જઈશું... એમાં શી હાંસી થવાની છે? ને થશે તો થાય ના. બહુ બહુ તો જોનારને જરા ગમ્મત પડશે. એમાં બગડી ય શું જવાનું છે!... કમ્ફેટમાં જઈને મસાલેદાર દાળ ભાત રોટલી શાક આજે સવા મહિને જતાં ઊલટાનાં કમ્ફેટથી જમીશું.

અરે આ 'મસાલેદાર' યાદ આવતાં તો એક વિચાર આ અડધે ઓરડેથી પાછા ફરી જવાનો પણ આવી ઊભો. પણ આ ય કંઇ શક્ય નો'તું. કારણ એ વચલા ઓરડા-માંના લોકો પણ કેટલાક આજે મારી સામે જોતાં હતાં, તો કેટલાક વળી અસામાન્ય કહેવાય એવા રસથી અંદરોઅંદર વાતો પણ કરી રહ્યાં હતાં....

ખેર. આવ્યા છીએ તો તો હવે પ્રદક્ષિણા પૂરી કરીને જ વળતા થઈએ! વળી આમ

પણ થયું: ખરેખર જો મોડું જ થયું હોય તો ભગવાન કરે ને કોઈ આપણી દયા ન ખાય તો સારું! કોઇની દયા ખાઇને ખાવું એનાથી તો આવ્યા એવા પેલા રસ્તેથી પાછા નીકળી જવું જ વધારે સારું!

ને બારણામાંથી જોયું તો એવું જ કંઈક નીકળતું'કને ઊભું રહ્યું: સામેના ટેબલ આગળ ન તો કોઈ પીરસનાર ઊભું હતું કે નો'તું પેલું ભાતનું થાળું. અરે જોડેવાળું દાળનું ટેબલે ય નરાધાર ઊભું હતું. સાચે જ જાણે સાધન સામગ્રી સાથે અન્નપૂર્ણા અહીંથી ઊઠીને ચાલતી ન થઈ ગઇ હોય!

ને થવા લાગ્યું: 'નક્કી, ઘંટડી વાગી ગઇ! વળી જા સીધી લાજે પાછો!'

ત્યાં તો, પેલી બાજુના ઘડિયાળ ઉપર નજર પડી. મિનિટ-કાંટો છના ઘરથી હજુ દસેક ડગલાં ઉપર હતો. છતાં ય પેલાં ઉજડ ટેબલ જોયાનો આઘાત મનની અંદર એવો તો જડબેસલાક બેસી ગયો હતો કે વહેમ ધરતા મનને મારે વિશ્વાસનો ઓર એક ડોઝ પાવો પડયો: 'ના રે ના. મોડું તો નથી જ થયું. સાડાબાર સુધીનો સમય મને બરાબર યાદ છે.... જો ને પેલા સ્લાઈસવાળા ભાઈ હજુ ટેબલ આગળ ઊભા જ છે ને!

ને હિંમત કરીને થાળી મેં હાથમાં લીધી. બુદ્ધિને પણ જરા ચીમકી ભરી: 'અક્કલના ખાં, રસોડું જો બંધ થઇ ગયું હોત તો સહુ પ્રથમ આ થાળીઓ જ અહીંથી ન લઈ લીધી હોત!'

છતાં આ ઓરડાના વાતાવરણમાં ય એક પ્રકારની ગમગીની જેવું તો લાગતું જ હતું. પછી એ તો આગળનાં બે ટેબલ સૂમસામ હતાં એને લીધે કે-જમવા આવનારાઓમાં હું આજે એકલો ને ઉઘાડો પડી ગયા જેવો થઈ રહ્યો હતો માટે ય હોઇ શકે છે!

ને સ્લાઇસ માટે થાળી લંબાવતાં વળી મેં મારી નજરને એ ઓરડાની અંદર ફેર-ફૂદડીએ ફેરવી લીધી: 'ભલુ પૂછવું. ભાત દાળનું સ્થાન કો તો બદલી પણ નાખ્યું હોય!'

પરંતુ ઊંચા-ઊંડા તાંબાના ડબામાં પેલી દાળ કદાચ ઢાંકી રહે, પણ તાસક-તગારા-માંનો ઉઘાડી બાજી સરખો ને તે પણ-એક ભાઈએ કહ્યું હતું તેમ-'વિટામીનવાળો' એ સુરખીભર્યો ભાત કંઈ ઓછો છાનો રહેવાનો હતો?

ને નજર જાણે ક્યાંય ગઈ જ નથી એવી રીતે એને પાછી મેં થાળી સામે લાવી ઠેરવી. અરે દાળભાતની આશાને ય તે નિઃસ્પૃહતામાં ફેરવી નાખી: 'કંઇ નહિ રે. પોષણું આપણને પૂરતા પ્રમાણમાં મળી રહે એટલાથી જ કામ છે ને!'

પછી તો રોજના મારા કવોટા પ્રમાણે બે સ્લાઈસ આપવા જતાં એ પીરસનાર ભાઈ પાસે ત્રણની માગણી કરી મેં ભાતની ગરજ ટાળી લીધી. તો દાળની ગરજ પણ, 'થોડાસા શાક ઔર દીજીએ!' કહી લગભગ સારી દીધી.

ને આ રીતે દાળભાતના ભાવને સાધકની એક અચ્છી અદાથી તિલાંજલિ આપી કેળાં તથા લીંબુ માટે થાળીને મેં આગળ વધારી.

ત્યાં જ મારી જેમ મોડા પડેલા એક ભાઈની વાણી અટ્ટહાસ્ય સાથે મારા કાને આવી પડી: 'હો હો હો...! એમ કહોને ત્યારે કે (ભાતને બદલે) વઘારેલી ખીચડી હતી માટે આજે ખૂટી પડી!... હો હો હો! ઠીક ત્યારે વાસે સાધકોએ આજે ખીચડી ઉપર ઝાપટ મારી!'

ને ‘વઘારેલી ખીચડી’ સાંભળી, આજ સવા સવા મહિનાથી મરચાં–મસાલાનો ચટાકો પામ્યા વગરની સ્વાદેન્દ્રિય એવી તો ક્યાંક સળવળી ઊઠી કે મોંની અંદર બસ પાણી પાણી! ઓછું હોય તેમ દોઢડાહ્યું એવું મન પ–એનો જાણે કોઈ અભિપ્રાય માગતું હોય એવી રીતે બોલી ઊઠ્યું: ‘વઘારેલી ખીચડી એટલે અચ્છી રીતે ઘી મૂકીને લવંગ તજનો વઘાર હોં કે! ઇલાયચી પણ ખરી અંદર!’...

ને પછી તો જમતાં જમતાં ઓરડામાંની વાતો ઉપર સરવા કાન કરી સાંભળવાનો પ્રયત્ન પણ મેં કરવા માંડ્યો:

કોઈ કહેતું હતું: ‘આ લોકોએ સમજવું જોઈતું હતું કે વઘારેલી ખીચડી છે માટે ભાત કરતાં દોઢા–સવાયા કવોટા જોઈશે.’

બીજું એક આમ બોલ્યું: ‘અરે, જમવા આવનારાંએ મોટું માપ માગવા માંડ્યું એ જોઈને જ જો બીજી ખીચડી વઘારી દીધી હોત તો બાર–સવાબારે તો તૈયાર પણ થઈ ગઈ હોત....’

આઘેથી વળી એકે કહ્યું: ‘નહિ, દરેક જમનારને એવું રોજનું માપ જ આપવું જોઈતું હતું!’

‘નો મશાય,’ ને બોલનાર ભાઈના મોં ઉપરના ભાવ જોઈ હું સમજી ગયો કે એમના કહેવાનો અર્થ કંઈક આવો હતો: ‘એવો કોઈ કાયદો નથી...’

એમાં વળી મારા જેવા છેલ્લે આવેલા માણસોનાં મોં પણ–બે ચાર જણનાં ઊજડ સરખી લાગતી થાળીની જેમ ઊજડ હતાં તો એક બેનાં વળી કચવાટભર્યાં પણ લાગતાં હતાં.

ને ઓછું હોય તેમ એક ડોશીમા—રામ જાણે કે ખીચડીની જ વાત હતી કે પછી બીજી કોઈ બાબત ઉપર તકરાર હતી—ગમે તેમ પણ પીરસવાનાં ટેબલ આગળથી એ ખાલી હાથે જ પાછાં ફરી ગયાં ને—કોણ જાણે કઈ ભાષામાં—બબડાટ કરતાં સીધાં જ બહાર નીકળી ગયાં.

ને વળી પેલા જમનાર સાધકોમાં રમૂજભર્યું હાસ્યનું એક મોજું ફરી વળ્યું.

મને થયું: વઘારેલી ખીચડીએ તો ભારે કરી ભાઈ! અરે જમીપરવારીને થાળી મૂકવા ગયો તો ત્યાં પણ આ ખૂટી પડેલી ખીચડીની જ વાત વાતાવરણમાં જાણે રમી રહી હતી. એક બે વ્યક્તિઓએ તો મારા હાથમાંની કોરી કટ થાળી ઉપર નજર પણ ફેરવી લીધી—અલકે મૌનની એ વાણી મને કહી પણ રહી હતી: ‘તમે પણ ખીચડી વગર રહી ગયા છો કે!...’

ને હાથ ધોઈ મુકામ ઉપર જતાં એ આખેય રસ્તે મને આ ખૂટી પડેલી વઘારેલી ખીચડીએ એવો તો ઊંડા વિચારમાં નાખી દીધો!

થતું હતું: ‘આવા સાધકો!!’ વઘારેલી ખીચડી મળતાં સાધના–સંયમ એક પા રહ્યાં ને—થોડીક ઓછી—ભાતના પ્રમાણમાં જ ખાધી હોત તો બીજા બિચારા એમ ને એમ રહ્યા એ તો ન રહી જાત ને?...ને રહી ગયા એ લોકો પણ—અરે પેલા બેપરવા લાગતા હતા એમનાં મોં પણ તમાચો મારીને લાલ રાખ્યાં હોય એવાં નો'તાં લાગતાં?... તો આ ખાવા ખૂટવા વિશે ચર્ચા થતી હતી એમાં પણ એકંદરે તો પેલો દુન્યવી રસ જ

કામ કરતો લાગતો હતો ને?...ચર્ચાનું ધોરણ પણ કયું એવું સાધક દુનિયાનું લાગતું હતું?!...

અલબત્ત મારા આ ખાટા થઈ ઉઠેલા મનને મારામાં રહેલી વિવેકબુદ્ધિ જરૂર કહેતી હતી: 'હા ભાઈ, પણ આમાં રોજનો કવોટા લેનાર પણ કેમ જાણ્યું કે કોઈ નહિ હોય?...તો વધારે લેનારને ય કેમ ખબર પડે કે ખૂટી જશે?...ને ખીચડી વગર રહી ગયેલા માણુસોમાંથી પણ—અરે અટ્ટહાસ્ય સાથે બોલી ઉઠેલા પેલા ભાઈની જ વાત કર ને?—હતું ક્યાંય એના મોં પર ન મલ્યાનું દુઃખ કે અવાજની અંદર સ્વાદ-બેસ્વાદનું નિશાને ય? ઊલટાનો જાણે ખીચડી ઝાપટવાનો આનંદ પોતે ય માણ્યો હોય એ રીતે એ ભર્યો ભર્યો જ બોલતો હતો ને?...

પણ એકંદરે તો મારામાં પેલા કચવાટનું પ્રમાણ વધારે હતું. એટલે જ તો થયું ને? હા ભાઈ, પણ આટલા બધામાંથી આવા નિઃસ્પૃહ સાધકો નીકળે કેટલા?...નહિ નહિ તો ય દસબાર વર્ષથી તો તું આમાંના ઝાઝા ભાગને—અરે લગભગ બધાને જોયા કરે છે. ને છતાં ય—'

ત્યાં તો એકાએક મારા મગજમાં કોઈ અગમ્ય દેતોકનો ઝબકારો થયો. સાથે જ સવાલ પૂછાયો: 'અહીં શાની સાધના ચાલે છે એ તું જાણે છે કે?'

— 'હા, પ્રકૃતિ વશ કરવાની—ભૂલ્યો, એનું રૂપાંતર કરવાની!'

'ને પ્રકૃતિ એટલે શું એ તુ સમજે છે?'

'હા. હું સમજ્યો છું એ પ્રમાણે જેના આધાર પર અત્યારની આ દુનિયા રચાઇ છે ને'—

'બસ તો. અત્યારે આપણે આ પૂર્ણયોગને સમજવા નથી બેઠા એટલે બહેતર છે કે વધારેલી ખીચડી આસપાસ રમમાણ થયેલી પેલી પ્રકૃતિને સમજવા પૂરતી જ વાત કરીએ....'

/ અને આ વિવેક કરનાર મને મૂળ વાત ઉપર આવતાં પૂછ્યું: 'યાદ આવે છે આપણા એક લેખક મિત્રે એક વાર એમના જેલના અનુભવો કહ્યા હતા એ? અત્યારના સમયે મોટી મોટી ખુરશીઓ બલકે સિંહાસનો શોભાવી રહેલી વ્યક્તિઓ પણ જેલમાં હતી ત્યારે ગોળની કાંકરી માટે કેવી ચડભડી ઊઠતી હતી ને અથાણાની એક ચીર માટે ય કેવી ઈર્ષ્યાની મારી ઉબાઈ ઊઠતી હતી? પણ એ બધામાં ય એક પેલો વધેલા ભાણાનો દાખલો જ—'

આ સાથે જ આ સવાલ પૂછનાર તત્ત્વે મને બીજો એક સવાલ કર્યો: 'કે' જોઉં આ બધા સાધકો કે જેમનું વર્તન જોઈને તને દુઃખ થયું છે એ ક્યાંથી અહીં આવ્યા છે ભલા?'

'દુનિયામાંથી વળી.'

'એટલે એમની આ જે પ્રકૃતિ છે એ પણ એ દુનિયામાંથી સાથે લઈને જ આવ્યા છે ને?'

'હાસ્તો. દુનિયાની જે પ્રકૃતિ છે એ જ એમની પણ છે.'

'બસ તો એટલું યાદ રાખ કે આ બધા સાધકો અહીં આવતા પહેલાં પેલી જ

દુનિયામાં હતા—અરે આમાંના કેટલાક અસહકારના દિવસોમાં જેલમાં હતા એમ કહીશું તો પણ કંઇ ખોટું નથી.'

'ખોટાનો ક્યાં સવાલ જ છે. અહીં તો ઘણા બધા દેશની ખાતર જેલમાં જઈ આવેલા છે. . . .'

બસ તો હવે યાદ કરી જો પેલો ચાળીસ કેદીઓની બરાકવાળો પ્રસંગ. . . . આવે છે યાદ ?

'બિમાર પડેલા એક કેદીનું વધેલું ભાણું ને. . . જારના એ બે રોટલાનું ન્યાયની ખાતર—'

આ સાથે જ મારા મનમાં ચિત્રાત્મક રીતે વર્ણવાયેલો એ આખો ય પ્રસંગ, તવી ઉપર રોટલો ઉપસે એ રીતે, ઉપસી આવ્યો.

અસહકારના દિવસો છે. આખા ય દેશનું વાતાવરણ સ્વતંત્રતા ખાતર મરી ફીટવાની તમન્નાથી જાણે છાકમછોળે છલકાઈ રહ્યું છે. કઈંક નવલોહીયાં ને આધેડ ઉમ્મરનાં—ખાસ કરીને કેળવાયેલા ને ભાવનાવાદી માણસો—ભયને જાણે ઘરમાં મૂકી મેદાને પડે છે. અંગ પર પડતી પોલીસની લાઠીમાંથી જાણે ફૂલ ઝરતાં હોય એવી રીતે અસહકારમાં મચ્યાં રહે છે. હોસેહોસે પકડાય છે ને સાચે જ જાણે કોઈની જાનમાં જતાં હોય એવા ઉલ્લાસથી જેલમાં જાય છે.

ને આ રીતે સહિષ્ણુ બની દેશની ખાતર જેલમાં જનાર આ આદર્શવાદીઓથી જેલો બધી ઉભરાઈ જાય છે, તો બરાકોમાં ઠેઠ જામે છે. . . .

આવી એક બરાક કે જેમાં લાગની ભાવનાથી ને ફના થવાની તમન્નાથી તરવરતા ચાળીસેક કેળવાયેલા જુવાનો છે એમાં, એક બપોરે એક બનાવ બને છે.

જમવાનો સમય થતાં ઘંટ વાગે છે. હણહણતા વછેરા જેવા એ ભૂખ્યા જુવાનો જમવાના સ્થળે જાય છે. પંગત પડે છે. સહુ સહુની સામે થાળી વાડકા ગોઠવાઈ જાય છે. પીરસણું શરૂ થાય છે. જારના બબ્બે રોટલા ને વાટકો ભરીને દાળ. બધું જ ગણત્રીબંધ આવેલું છે. માપસર વહેંચાઈ જાય છે. ખાલી થયેલાં તગારાં ને ડોલ એક બાજુ પર મૂકાઇ જાય છે. આગેવાન સરખા એ પીરસનાર ભાઈ પોતાની થાળી આગળ બેસવા જતાં કહે છે: 'ચાલતું કરો.'

ત્યાં જ સામેથી એક અવાજ આવે છે : 'સબૂર ! પેલું એક ભાણું વધારાનું શા માટે ?'

કેટલાકની નજર એ ભાણા ઉપર ક્યારની ય મંડાયલી હતી. તો જે જેની નજર બહાર એ ભાણું હતું એમની નજર પણ આ સવાલ સાથે સાશંક બની એ ભાણા ઉપર જઈ પહોંચે છે. એક બે તો પૂછે છે પણ ખરા: 'હાં ભાઈ, વધારાનું શા માટે?'

પીરસનાર ભાઈ પોતાનાથી બે-ત્રણ ભાણાં દૂર આવેલા એ ખાલી ભાણા તરફ જોઇ કહે છે: 'રોહિતનું છે. એને તાવ આવ્યો છે એટલે એ નથી આવ્યો.'

'પણ રોહિતે ના કહ્યું છે; એ જમવાનો નથી.' એક ભાઈએ વિરોધી સૂરમાં કહ્યું.

આગેવાન સરખા એ પીરસનાર ભાઈએ સહજભાવે કહ્યું : 'તો કંઈ નહિ. કકડો કકડો કોઈને જોઈતો હોય તો—'

ત્યાં તો ચારે પાથી પાંચ સાત અવાજ નીકળી પડ્યા : 'હાં, હાં લાવો . . . એક રોટલો આ બાજુએ આવવા દો...અમો ચારની વચ્ચે અડધો રોટલો—'

પણ એ પહેલાં તો એ થાળી ઉપર આસપાસમાંથી જાણે ચીલ ઝડપ—

'એમ નહિ, મિસ્ટર ?' એ 'સબૂર' કહેનારો અવાજ આ વખતે તો સાચે જ જાણે રાડ પાડી ઊઠ્યો. 'અમને ખબર છે તમે લોકોએ પૈસેથી જ આ ભાણા માટે રાજકારણ રચ્યું છે એ. પણ આ રીતે તમારા બે-ચાર જણથી એ ખાઈ શકાશે નહિ, સમજ્યા ? મૂકી દો એ રોટલા પાછા.' આટલું બોલતાં તો એ ભાઈનો અવાજ ગુસ્સાનો માર્યો ફરડાવા પણ લાગ્યો હતો.

એમાં વળી બીજા બે-ચાર બલકે દસ-બાર અવાજોએ આ વાંધાને ટેકો આપ્યો: 'હા, સાચી વાત છે. સહુના જીવ સરખા છે.'

પેલા આગેવાનને નવાઈ લાગી. કહ્યું: 'પણ એમાં આટલા બધા તમે ગરમ શું કામ થઈ જાઓ છો ભલા 'દમી?' પાસેના ભાઈઓને પણ વિનંતી કરી: 'આપી દો ને ભાઈ આ રાજકારણ (ભાણું) આખું જ એ ભાઈઓને. જવા દો સામી પા.'

રોટલા પાછા પેલી થાળીમાં મૂકાઈ ગયા. એક ભાઈ તો એ થાળી વાટકો આપવા ઊભો પણ થવા ગયો.—

ત્યાં તો વળી એ વાંધો ઉઠાવનારે આમાં પણ વાંધો લીધો: 'એમ નહિ મિસ્ટર. બીજાઓને મૂકીને અમારાથી એ ખવાય જ નહિ.' ઉમેર્યું: 'ખાશે તો બધા જ ખાશે. સમજ્યા તમે ?'

'પણ અમે બધા અમારી અક્કલ હોંશિયારી અને બિનકેફથી કહીએ છીએ કે અમારે અમારો હિસ્સો નથી જોઈતો.'

આ વાતમાં પણ ખાસ્સા બધા અવાજોએ સંમતિ આપી: 'હા, હા; અમે અમારો ભાગ તમને આપી દઈએ છીએ.'

પણ આથી તો પેલો ગરમ થયેલો ભાઈ ઊલટાનો ઊકળી ઊઠ્યો. ભવાં તંગ કરી કહે છે: 'તમે એમ માનો છો કે આ રોટલા મારે ખાવા છે એટલા માટે હું આ વાંધો ઉઠાવું છું ?'

આગેવાન ભાઈએ રમૂજ સાથે કહ્યું: 'કોણે કહ્યું કે અમે તમારા માટે આવું માનીએ છીએ ? અમે તો એમ જ ગણીએ છીએ કે રોહિન પોતે જમવા જ આવ્યો છે ને એના ભાણાની હવે કશી મારામારી જ નથી રહી.' ને હૃદયની જલન દબાવતાં એ આગેવાને સામા ભાઈને સવાલ પૂછવાના અર્થમાં જાણે વિનંતી કરી: 'તમને જો આ ભાણામાંથી ભાગ માગવાનો હક છે, તો અમને એ છોડી દેવાનો ય હક નહિ એમ ?'

ગરમ ભાઈએ કરડાકીભર્યા હાસ્ય સાથે કહ્યું: 'ના, તમે પોતે ત્યાગી બનો ને અમને ઉપરથી બનાવી જાઓ એ આશા તો અહીં રાખશો જ નહિ, સાહેબ. અમે પણ સમજીએ છીએ.'

અકળાઈ રહેલા આગેવાને એક ત્રીજો રસ્તો શોધી કાઢ્યો, કહ્યું: 'અચ્છા ભાઈ,

આ ભાણાની વ્યવસ્થા તમને યોગ્ય લાગે એ રીતે કરો, બસ!' ઉમેર્યું: 'તમારી કોઈ પણ વ્યવસ્થા અમને સ્વીકાર્ય છે.'

'આમાં વ્યવસ્થા અવ્યવસ્થાનો સવાલ જ નથી. સવાલ છે ન્યાયનો મિસ્ટર.'

ત્યાં તો ભૂખથી અકળાઈ રહેલા એક બે જુવાનો આછી આછી ચીડ સાથે બોલી ઊઠ્યા: 'તો કરી દો ન્યાય ભલા માણસ!... ચર્ચામાં ઊતર્યા વગર જે કંઈ કરવું હોય તે કરી નાખો ને. ના કોણ કે' છે તમને.'

ને પેલા ભાઈએ ચર્ચા સમેટતાં ફેંસલો આપ્યો: 'બસ તો: વહેંચી દો આ બધા જ ભાઈઓને ભાગ પડતો કકડો કકડો રોટલો.'

'વહેંચો તમે લો.' કહેતાં ભાણા પાસેનો ભાઈ ભાણું લઈને ઊભો થઈ ગયો.

આમાં પણ પેલા ભાઈએ વાંધો ઉઠાવ્યો: 'એમ નહિ. જે માણસ વ્યવસ્થા કરતો હોય એણે જ આ કામ પણ...'

'અચ્છા ભાઈ આમ લાવો!' કહી એ આગેવાન ભાઈએ થાળી પોતાની પાસે લીધી.

ને પછી તો એ નવલોહિયા જુવાનોમાંથી એવા તો જાતજાતના, ગંભીર તો વળી રમૂજી અવાજો ઊઠવા લાગ્યા કે—

કોઈ કહેતું હતું: 'જો જો પાછું આમાં પણ નાના મોટાનું રાજકારણ દાખલ કરી દેતા!'

તો કોઈએ કહ્યું: 'કંપાસ ફૂટ લાવીને માપ કાઢ્યા પછી જ—'

ત્યાં તો એક ભાઈ ફાળભરી રમૂજ સાથે બોલી ઊઠ્યો: 'અરે ભાઈ, જો જો પાછા ભૂલભૂલમાં ચાળીસ ભાગ કરી બેસતા. નહિ તો ન્યાયની ખાતર વધેલા એ ચાળીસમા ભાગના ય પાછા ઓગણચાળીસ ભાગ—'

આ સાથે જ હસવા આડે આખીય બરાક એવી તો ખળભળી ઊઠી જાણે વાંદરાંનું કોઈ મોટું ટોળું છાપરાનાં નળિયાં ઉપરથી ભાંગતું ભાગતું પસાર ન થઈ રહ્યું હોય!'...

ને આ સાથે જ હું પણ અહીં અડધો ગંભીર તો અડધો રમૂજમાં હસતાં હસતાં બબડી રહ્યો: 'સાચી વાત છે એ જ પ્રકૃતિ ઉપર કામ કરવાનું છે...કેટલું દુષ્કર છે એ તો એક સાધના કરે એ જ જાણી શકે!'

★

કેનેડી કુટુંબનો ત્રીજો સિતારો

રામુ પંડિત

અમેરિકામાં કેનેડી વિરોધીઓ રોષે ભરાયા છે. જેક કેનેડી (૪૫) પ્રમુખ થયો, રોબર્ટ કેનેડી (૩૭) એટર્ની જનરલ થયો, ને હવે ટેડ કેનેડી (૩૦) પોતાના મોટા ભાઈ પ્રમુખ થવાથી ખાલી પડેલી સેનેટની સીટ માટે ડેમોક્રેટિક ઉમેદવાર તરીકે હમણાં જ પ્રાથમિક ચૂંટણીમાં એડી મેકાર્મીક સામે જીત્યો છે. થોડાં અઠવાડિયાંમાં જ એ હેન્રી કેબોટ લોજ નામના રીપબ્લિકન (જે સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં અમેરિકન પ્રતિનિધિ મંડળના નેતા હતા)ના દીકરા જ્યોર્જ કેબોટ લોજ સામે ચૂંટણી લડશે ને છાપાં અને મિત્રોનો વર્તારો સાચો પડે તો કદાચ સેનેટમાં ચૂંટાઈ પણ આવશે.

એક અખબારે તો ગુસ્સામાં એમ પણ લખ્યું કે અમેરિકામાં કેનેડી વંશ સત્તામાં આવ્યો છે! ૧૯૬૧ થી ૧૯૬૯ જેક કેનેડી પ્રમુખ રહેશે (એથી વધુ સત્ર માટે પ્રમુખપદ ભોગવી ન શકાય એ માટે અમેરિકન કોંગ્રેસે કાયદો કર્યો છે), ૧૯૬૯ થી ૧૯૭૭ સુધી રોબર્ટ કેનેડી, ને ત્યારપછી ટેડ કેનેડી.

આ પ્રકારની ચિંતા જગાવે એવા નબીરા જન્માવનારું કેનેડી કુટુંબ કેવું હશે? આપણે ત્યાં ધીમે ધીમે પરિસ્થિતિ એવી જન્મતી જાય છે કે જે ક્યાંય સફળ ન નીવડે તે લોકો જ રાજકારણમાં જાય ને શક્તિશાળી વ્યક્તિઓ સામે હરીફાઈ કરવાની ન હોવાને કારણે સડસડાટ સીડી ચડીને કોઈ ખુરશી પર સુંદર ચોપડી બેસી જાય. ઇંગ્લાંડ-અમેરિકામાં વ્યક્તિની જાહેર જીવનની સફળતા ખૂબ સંયમ અને તાલીમ ઉપર અવલંબે છે. કેનેડી ભાઈઓનું જીવન પણ એમનાં શ્રીમંત માબાપે ખૂબ શિસ્તબદ્ધ રીતે ઘડ્યું છે.

ટેડ કેનેડી ૬૯% મત મેળવીને પ્રાથમિક ચૂંટણીમાં ચૂંટાયો કે તરત એણે એના બાપ જોસેફ કેનેડીને સમાચાર આપ્યા કારણ કે આ ચૂંટણીમાં ઝંપલાવવાની પ્રેરણા એને બાપ તરફથી મળી હતી. હજુ તો ત્રણ જ વર્ષ પહેલાં એણે કાયદાના સ્નાતકની ઉપાધિ મેળવી હતી અને ત્રીસમું વર્ષ હજુ હમણાં જ પૂરું થયું હતું.

કેનેડી કુટુંબ ગર્ભશ્રીમંત છે. બધા ભાઈઓ મોહક વ્યક્તિત્વ ધરાવે છે ને "કેનેડી" નામ પણ રામને નામે પથરા તારી શકે એટલું પ્રસિદ્ધ છે. જો કે ટેડ ચૂંટાયો કારણ કે એણે અકલ્પ્ય બોજો ઉઠાવ્યો હતો ને પ્રચંડ શક્તિ પોતાના ચૂંટણીપ્રચારમાં રેડી હતી. એની એકમાત્ર ધૂન હતી ડેમોક્રેટિક પક્ષની ઉમેદવારી મેળવવાની ને એ મેળવીને જ એ ઝંપ્યો. રાતદિન એ આખા મેસેચ્યુસેટ્સ રાજ્યમાં રઝળ્યો, હજારો માનવી સાથે હાથ મિલાવ્યા, અનેક યુવક-યુવતીઓ એનાં મોહક વ્યક્તિત્વથી આકર્ષાયાં. જ્યાં જ્યાં એ બોલ્યો ત્યાં ત્યાં એણે ગંભીર વિચારશક્તિ અને આત્મવિશ્વાસની છાપ પાડી. મેસેચ્યુસેટ્સ રાજ્યના અનેક પ્રશ્નો વિશેની પોતાની સમજ, એ પ્રશ્નો ઉકેલવા માટેના પોતાના ઇલમો વગેરેની એણે રચનાત્મક રીતે ચર્ચા કરી. આ પ્રયત્નની છાપ સરવાળે એવી સુંદર પડી કે ખુદ મેકાર્મેકના પોતાના ડાયરેક્ટર બોર્ડમાં પણ ટેડે ગાબડું પાડી વધુ મત મેળવ્યા. ટેડની આ જીતે એને રાષ્ટ્રીય રાજકારણના તખ્તા ઉપર મૂકી દીધો. નવેમ્બર મહિના સુધી આખા દેશની મીટ આ વધતા જતા 'કેનેડીઝમ' તરફ મંડાયેલી રહેશે.

'આ ચૂંટણી પહેલાં રાજકીય સંવાદદાતાઓ તથા કાર્ટૂનિસ્ટોએ ટેડની ભારે ઠેકડી ઉડાવી હતી. એક અખબારે તો લખ્યું: "ટેડી ચૂંટાશે તો લાઓસ ઉપરાંત બીજો પણ એક દેશ એવો થશે કે જ્યાં ત્રણ રાજકુંવર રાજ્ય કરતા હશે."

કેનેડી કુટુંબને ખબર હતી કે ટેડની ચૂંટણી લડવાની ઉમેદ ઠીક ઠીક ટીકાને પાત્ર બનશે. જેક અને રોબર્ટે તો ટેડને જરાય પ્રોત્સાહન નહોતું આપ્યું. છતાં ટેડ ઝંપલાવ્યું કારણ કે એના બાપે આગ્રહ કર્યો અને પોતાને પણ આવી હરીફાઈ લડવાની હોંશ હતી. રાજકારણ પ્રત્યેનો રસ કેનેડી કુટુંબને ગળથૂથીમાં મળ્યો છે. કેનેડી કુટુંબ એની કૌટુમ્બિક એકતા માટે જાણીતું છે. એકવાર નિર્ણય લેવાયો કે એ પાર પાડવા માટે આખું કુટુંબ એકાગ્ર ચિત્તે મંડી પડે છે. વળી ટેડ અને એના પિતા વચ્ચે ખૂબ નિકટનું સાહચર્ય છે. ગયે વર્ષે બાપને હૃદયરોગનો હુમલો થયો ત્યારે ત્રણે દીકરા એમની સુશ્રૂષા અર્થે દોડી આવ્યા હતા; પરંતુ માત્ર ટેડ ત્રણ રાત સુધી સતત જાગતો એમની પાસે બેસી રહેલો! જ્યારે પ્રમુખ જેક અને એટર્ની જનરલ રોબર્ટે ટેડની ઉમેદવારી અંગે થોડો અણગમો વ્યક્ત કર્યો ત્યારે બાપે એમને રોકડું પરખાવી દીધું: "તમને જોઈતું તમને મળી ગયું છે ને સૌએ તમને એ મેળવવામાં સહાય કરી છે. હવે ટેડને જોઈતું એને મેળવવા દો. હું તો એને મદદ કરવાનો જ છું." ટેડને સેનેટમાં ચૂંટાવું હતું. એ એવા કુટુંબમાં ઉછર્યો હતો કે જે જીવનને એક સતત સંગ્રામ તરીકે સ્વીકારે છે ને અંતિમ જીતને જ ધ્રુવતારક માને છે.

નવ ભાઈ-બહેનોમાં ટેડ સૌથી નાનો છે. એની મા રોઝ કહે છે કે પોતાના સૌથી મોટા બાળક અને ટેડ વચ્ચે સત્તર વર્ષનો તફાવત હતો. આથી જીવનનાં વીસ વર્ષ તો રાતે નિંદર ટાણે એની એ બાળવાર્તાઓ કહેવામાં વીતેલાં. વળી ઘરમાં વધુ માનભર્યું સ્થાન મોટાં બાળકો ભોગવે ને લાડભર્યું સ્થાન નાનાં. આથી ભાઈબહેનો ઘણીવાર ટેડને ચીડવતાં કે તારા આવ્યા પછી ઘરમાં શિસ્ત ઓસરતું ગયું છે. જો કે વાસ્તવિક પરિસ્થિતિ સાવ જુદી હતી. ગર્ભશ્રીમંત કુટુંબમાં પણ શિસ્તનો અમલ કડક રીતે થતો. ટેડને અઠવાડિયે માંડ ૧૦ સેંટ વાપરવા મળતા ને વધારે મેળવવા માટે ઘરઆંગણાનું ઘાસ (લોન) કાપવું પડતું કે છાપાં વહેંચવા જવું પડતું. કાંઈ વાંક આવે તો કોટના હેંગર વડે એના બાપ એને ધીબી નાખતા! અભ્યાસમાં કે રમતગમતમાં પણ સંપૂર્ણ સફળ પ્રયત્ન ન કરે તો બાપનો ઠપકો સાંભળવો પડતો. નવેનવ કેનેડી બાળકો ઉપર બાપનો પ્રભાવ અસાધારણ હતો.

વિશ્વના વર્તમાન પ્રવાહો અંગેની કાપલીઓ છાપામાંથી કાપી લઈ મા ઘરના નોટિસ બોર્ડ ઉપર ચોડતી. આ કાપલીઓ વાંચી જઈ એ અંગે જે કાંઈ પ્રશ્નો પૂછવામાં આવે એનો જવાબ બપોરના ભોજન વખતે બાળકોને આપવો પડતો. ટેડને રોજનીશી લખવી પડતી ને માબાપ એ રોજ ખંતપૂર્વક તપાસતાં. ભોજન સમયે મોટાં ભાઈબહેનો ને બા-બાપુ રાજકારણ વિષે કે અન્ય પ્રશ્નો વિષે જે મુક્ત ચર્ચા કરે તે ટેડ સાંભળતો અને ઇચ્છા થાય ત્યારે એમાં વિના સંકોચે ભાગ પણ લેતો. એનામાં વિપુલ શારીરિક શક્તિ હતી. રમતગમતમાં, તરવામાં, નાવડાં હાંકવામાં એ હમેશાં ઉત્સાહપૂર્વક રસ લેતો, થાક જાણે કે એને સ્પર્શતો જ નહીં.

કુટુંબના પ્રવાસોને કારણે ટેડને લગભગ દસ નિશાળોમાં ભણવું પડયું હતું. એ શ્રેષ્ઠ વિદ્યાર્થી કદી સાબિત નહોતો થયો, પણ બંને ભાઈઓની માફક હાર્વર્ડમાં પ્રવેશ પામવા જેટલી બૌદ્ધિક શક્તિ તો એણે કેળવી જ હતી. પ્રથમ વર્ષમાં હતો ત્યારે સ્પેનિશ ભણવાનો એને કંટાળો આવતો. આથી એનો ભાષામાં 'સી' ગ્રેડ જ મળતો. એમાંથી ઊંચા આવવા એક નબળી પળે એણે પોતાને બદલે એક મિત્રને પીરક્ષા આપવા મોકલ્યો. પેલો મિત્ર પકડાયો અને

બંનેને યુનિવર્સિટીમાંથી પાણીચું મળ્યું. ટેડે ચૂંટણીમાં ઝંપલાવતી વખતે પોતાની આ ભયંકર ભૂલનો જાહેર એકરાર કરી દીધેલો કે જેથી પાછળથી એ મુદ્દો એને બદનામ કરવા માટે વિરોધ પક્ષો તરફથી વાપરવામાં ન આવે. યુનિવર્સિટીમાંથી પાણીચું મળ્યા પછી ટેડ લશ્કરમાં જોડાયો ને બે વર્ષ યુરોપમાં ગાળ્યાં. લશ્કરમાંથી સારી પ્રતિષ્ઠા સાથે પાછો આવ્યો એટલે ટેડને ૧૯૫૩માં હાર્વર્ડે ફરી પ્રવેશ આપ્યો. સાવ ખખડધજ ગાડી એ વાપરતો ને ફુટબોલની રમતમાં તથા ચર્ચાસભામાં ખૂબ રસ લેતો. અભ્યાસમાં ખંત દાખવવાને કારણે ઇતિહાસ અને રાજકારણમાં એને ઉચ્ચ ગુણ મળ્યા.

ટેડે ૧૯૫૬માં બી. એ. ની ઉપાધિ મેળવી પણ હાર્વર્ડ લૉ સ્કૂલમાં પ્રવેશ મેળવવા જેટલો બડભાગી એ ન નીવડ્યો. આથી એ યુનિવર્સિટી ઑફ વર્જીનિયાની લૉ સ્કૂલમાં દાખલ થયો ને વિદ્યાર્થી તરીકે ઝળકી ઊઠ્યો. અહીં એ જોન બેનેટ નામની સુંદર કૉલેજ યુવતીના પરિચયમાં આવ્યો ને ૧૯૫૮માં એને પરણ્યો. એને બે બાળકો છે—બઢી વર્ષની કારા અને એક વર્ષનો એડવર્ડ જુનિયર.

૧૯૫૮માં જ્યારે ટેડ લૉ સ્કૂલમાં ભણતો હતો ત્યારે વડીલ બંધુ જેકની સેનેટ ચૂંટણીમાં એણે ઊંડો રસ લીધો, ને એને મજા પણ પડી. ૧૯૫૯માં એ દક્ષિણ અમેરિકાને પ્રવાસે ગયો ને પાછા આવ્યા પછી પોતાનો બધો સમય અને શક્તિ જેકની પ્રમુખપદ માટેની ચૂંટણીમાં ખર્ચ્યાં. પશ્ચિમનાં કેટલાંય રાજ્યોમાં એ ચૂંટણી પ્રચારાર્થે ઘૂમ્યો ને સખત પરિશ્રમ કરી ભાઈને જીતાડવામાં સહાય કરી. આ ચૂંટણી પ્રચારે એને ખૂબ તાલીમ આપી, ને રાજકારણ પ્રત્યે જીવંત રસ પણ જન્માવ્યો.

ચૂંટણીનો થાક ઉતારવા ટેડ ફરી પરદેશ ગયો. એના જીવનનો આ સાતમો વિદેશ પ્રવાસ હતો. બાપની સૂચના મુજબ એ હમેશાં ઝીણવટભરી પ્રવાસનોંધ લખતો. મેસેચ્યુસેટ્સ પાછા આવ્યા પછી એણે સફોક કાઉન્ટીના મદદનીશ ડિસ્ટ્રીક્ટ એટર્નીનો હોદ્દો સ્વીકાર્યો. ૫૦૦૦ ડૉલરના વાર્ષિક પગારમાંથી માત્ર ૧ ડૉલર જ એ લેતો કારણ કે એના દરેક ભાઈ-બહેનની માફક એને પણ કુટુંબના ટ્રસ્ટમાંથી ૧૦ લાખ ડૉલર મળ્યા હતા. આથી પૈસા કમાવાનો મોહ છોડી એણે રાજકારણમાં ઝંપલાવવાનો મનસૂબો રચ્યો ને એના પિતા પાસેથી અનુમતિ ને આશીર્વાદ મેળવ્યા.

જો કે ખરો જંગ તો ટેડે નવેમ્બરમાં રીપબ્લિકન ઉમેદવાર જ્યોર્જ લૉજ સામે જીતવાનો છે. જ્યોર્જ પણ પ્રતિષ્ઠિત બાપનો દીકરો છે ને બંને કુટુંબો વચ્ચે ઠેઠ ૧૯૧૬થી ચૂંટણી જંગ જામતો આવ્યો છે. જ્યોર્જ ઉંમરે અને અનુભવે ટેડ કરતાં પાંચ વર્ષ મોટો છે ને કાબેલ વહીવટકર્તા પુરવાર થયેલો છે.

પશ્ચિમના દેશોની એ વિશિષ્ટતા છે કે ત્યાં માત્ર વ્યક્તિની ઉંમર એની શક્તિના માપદંડ તરીકે નથી લક્ષમાં લેવાતી. આથી યુવાનોની પસંદગી આવી મહત્ત્વની ચૂંટણીઓ માટે પણ થાય છે. આપણે ત્યાં યુવાનોને ઉત્તેજન આપવાની માત્ર વાતો થાય છે, ગાદી છોડી યુવાનોને તક આપવાની વૃત્તિ હયાત જ નથી. પરિણામે રાજકારણમાંથી વકીલો, અધ્યાપકો, દાક્તરો તથા અન્ય શક્તિશાળી યુવકોનો રસ ઘટતો જાય છે. ઇંગ્લંડ-અમેરિકા પાસેથી આપણે લોકશાહી તો ઉછીની લીધી પણ એમની પ્રણાલિકા સામે આંખમિંચામણાં ક્યાં સુધી કર્યાં કરીશું?

હોટલની વાનીઓ

ચંદુલાલ ભંગુભાઇ દલાલ

ગયા ઉનાળામાં અમે દક્ષિણનાં બે ત્રણ પહાડ મથકોએ ગયાં હતાં. અમારો ઉતારો ત્યાંની હોટલોમાં હતો.

હોટલોમાં કામ કરનાર માણસો મોટે ભાગે દક્ષિણ હિંદના જ હોય છે. એમની સાથેની વાતચીત પરથી જાણ્યું કે આ હોટલો વર્ષના બારે માસ ખુલ્લી હોય છે પણ પ્રવાસીઓનો ધસારો વર્ષના અમુક સમયે જ—સીઝનમાં એટલે કે ઉનાળામાં—હોય છે. તેથી ઉનાળામાં કાયમના માણસો ઉપરાંત કેટલાક માણસો કામચલાઉ રાખવામાં આવે છે એટલે કે ઘણા તો ફક્ત ઉનાળાના એક-બે માસ માટે જ કામ કરવા આવે છે.

જરાક ઝીણવટથી તપાસ કરતાં જણાયું કે આમ કામ કરવા આવનારમાં કોઈક કોઈક વિદ્યાર્થીઓ અને શિક્ષકો હતા. વેકેશન પડે અને શાળા–મહાશાળાઓ બંધ થાય એટલે ત્યાં ભણનાર અને ભણાવનાર આવું કામ સ્વીકારી લે છે અને હોટલોમાં કામ કરવા આવે છે.

હોટલમાં કામ અનેક પ્રકારનાં હોય છે. છતાં કેટલાક કામચલાઉ નોકરો જેઓ વર્ષોવર્ષ આ પ્રમાણે કામચલાઉ કામ કરવા આવે છે તેઓ હોટલના કામકાજથી વધુ જાણકાર હોય છે.

આવતા પ્રવાસીઓને રેલવે સ્ટેશને અગર બસ સ્ટેન્ડે મળવાનું, હોટલનાં સગવડ અને ચાર્જ વિષે માહિતી આપવાનું, એમને તેમજ હોટલ પર સીધા આવનારને આવકારવાનું, એમને જુદાં જુદાં નિવાસસ્થાનો બતાવવાનું અને છેવટે પ્રવાસી પસંદ કરે એ જગ્યાએ એમને ઊતરવાનો બંદોબસ્ત કરવાનું, ત્યાં એમનો સામાન પહોંચાડવાનું, એમની આવતી ટપાલ એમને પહોંચાડવાનું, જોવાલાયક સ્થળોની માહિતી આપવાનું, એમનાં બિલો બનાવવાનું વગેરે પ્રકારનું ઑફિસનું સઘળું કામ આ લોકો કરે છે. બીજા એવા પણ હોય છે કે જેઓ જમવાના ખંડમાં પીરસવાનું અને પ્રવાસીના રહેવાના ખંડમાં ચા–દૂધ–નાસ્તો વગેરે લાવી આપવાનું કામ કરે છે.

ઑફિસમાં કામ કરનાર તેમજ પીરસવાનું કામ કરનાર બધા જ સ્વચ્છ કપડાંમાં હોય છે, અંગ્રેજી અગર હિંદી ભાષાના જાણકાર હોય છે, વિનય પૂરો જાળવે છે અને પ્રવાસીને બને એટલી સગવડ આપવામાં ગૌરવ અનુભવે છે.

પણ સૌથી વધુ ધ્યાન ખેંચાય તેવું તો એ છે કે આ લોકો આવું કામ—ખાસ કરીને પીરસવાનું કામ—કરવામાં કાંઈ નાનમ અનુભવતા નથી.

સીઝનમાં હોટલ લગભગ ચોવીસ કલાક ચાલે છે એમ કહી શકાય. પ્રવાસી રેલમાં, બસમાં અગર પોતાના વાહનમાં ગમે ત્યારે આવે છે અને ગમે ત્યારે જાય છે. આને કોઈ સમયમર્યાદા હોતી નથી. એક સ્થળે તો રાતના બાર વાગ્યે ચાલીસ જણ આવ્યાં, હોટલવાળાએ રાત્રે રસોઈ બનાવી અને બધાંને જમાડ્યાં.

કામ કરનારને અઠવાડિક રજા હોય છે. પણ બાકીના દિવસોમાં કામગીરી–સવારથી રાત સુધી પહોંચે એવી હોય છે. કેટલાક પ્રવાસીને વહેલી સવારે ચા જોઈએ. બધાંને સવાર સાંજના બે વખત નાસ્તો અને બપોરે તથા રાત્રે બે વખત જમવાનું હોય છે. ઉપરાંત

જરૂર હોય તો ઘંટડી મારીને પણ માણસને બોલાવી શકાય તેવી ગોઠવણ હોય છે. આ બધી સગવડો સચવાય એ જોવાનું કામ હોટલવાળાનું એટલે કે કર્મચારીઓનું હોય છે.

પ્રવાસીઓમાં શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ પણ હોય છે, અને ખૂબી તો એ છે કે એમની સરભરા કરતા કોઈક કોઈક નોકરો એમની જ કક્ષાના હોય છે. સહેજે વિચાર આવે છે કે આવું કામ કરનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગુજરાતમાં કેટલા હશે?

* * *

જમવાની વાનીઓ કેળનાં પાંદડાં અને વાટકીઓમાં પીરસવામાં આવે છે; અને ખુરશી ઉપર બેસીને જમવાનું હોય છે. વાનીઓ અનેક હોય છે, અને મુંબઈ-ગુજરાતી ઢબનું ખાવાનું આપવામાં આવે છે, એવી જાહેરાત પણ હોય છે. પણ આવા પ્રવાસીને અનુકૂળ હોય એવી બહુ થોડી ચીજો હોય છે: બે ત્રણ શાક, દાળ જેવું કાંઈક, સાંભાર, રસમ્, ઈડલી, ઢોંસા; જાડી ચપાટી, ભાત, દહીં, પાપડ વગેરે હોય છે. પણ મસાલાવાળી ચીજોનો સ્વાદ ખારો અને તીખો હોય છે એટલે સાકર સારા પ્રમાણમાં લેવી પડે છે. પાપડ તળેલા હોય છે અને ખાવાની સાથે (રાજસ્થાનની માફક જમવાના અન્તે નહિ) પીરસાય છે. ગુજરાતીને અનુકૂળ પડે એવું એક આ, બીજું ચપાટી, અને ત્રીજું ખાંડ નાંખેલું દહીં હોય છે. પાપડ જોઈએ એટલા આપવામાં આવે છે. એક ભાઈનો તો મુખ્ય ખોરાક જ પાપડ હતા. બધાએ એમનું નામ 'પાપડવાળા' પાડ્યું હતું. એક જગ્યાએ મીઠાઈ આપવામાં આવતી હતી પરંતુ એની અંદર અર્ક એટલો બધો હોય કે ભાવે નહિ.

ચીજો અનેક પણ ગુજરાતીને અપરિચિત હોય છે. કોઈક કોઈક ચીજ તો શું છે એની ખબર પણ ન પડે. એટલે ભાણામાં, ઘણી ચીજો અણખવાઈ પડી રહે. એકંદરે જોતાં આમાં બગાડ તો થતો જ હતો, પણ એ અનિવાર્ય હતો એમ કહી શકાય. છતાં, જમવા આવનારમાં એવા પણ કેટલાક લોકો હતા કે જેઓ નિવારી શકાય એવો બગાડ કરતા હતા. ભાત, ચપાટી, પાપડ જેવી ચીજો જાણીતી હતી, અને છતાં લેતી વખતે વિચારે નહિ કે પોતે જેટલા પ્રમાણમાં એ ચીજો લે છે તેટલા પ્રમાણમાં ખવાશે કે નહિ. દક્ષિણમાં ભાત ખાવાનો રિવાજ અતિ સામાન્ય છે એટલે ગુજરાતીને ભાતનો જે જથ્થો વધુ લાગે તે, મદ્રાસી મ્હૈસૂરી પીરસનારને નજીવો લાગે. એ તો એના ધોરણે પીરસે પણ લેનાર એટલું ન વિચારે કે મારે માટે તો આ ઘણું વધારે છે? પરિણામે છંડાય અને બગાડ થાય.

* * *

એક હોટલમાં લોખંડનું નાનકડું સૂપડું ભાત પીરસવા માટે વપરાતું જોયું. આ એક અનુકરણીય સાધન લાગે છે.

* * *

હોટલોમાં એક વિચિત્ર સ્થિતિ જોવા મળી. બધે સંડાસ વૉટર ક્લોઝેટ પદ્ધતિનાં હતાં, પણ જ્યાં રૂમ અગર બ્લૉકને અડીને સંડાસ હતા ત્યાં સંડાસ અને બાથરૂમ ભેગાં હતાં—એટલે કે એક જ સાથે હતાં—વચ્ચે બારણું નહિ. આમ હોવાથી બન્નેનો ઉપયોગ એકી સાથે કરવાનું બની શકતું નહિ. એટલે સમય બમણો જતો અને રહેનારની સંખ્યા વધુ હોય તો બધાને પરવારતાં પ્રમાણમાં વધુ વખત જતો.

આ સંડાસ-બાથરૂમમાં ગોઠવણ એવી હતી કે બાથરૂમમાં જેટલું પાણી નહાવા ધોવામાં વપરાય તે બધું સીધું ખાળમાં ન જતાં વૉટર ક્લોઝેટના ટબમાં જાય. આનું એક સારું પરિણામ એ આવતું કે વૉટર ક્લોઝેટ આપોઆપ સાફ થઈ જતું અને જરાય ગંધાતું નહિ.

આ પણ એક અનુકરણીય ગોઠવણ છે. અને અપનાવવા જેવી છે.

* * *

ઊટીમાં અમે દાસપ્રકાશ હોટલમાં ઊતર્યાં હતાં. આના માલિક ચુસ્ત કૃષ્ણભક્ત છે. કહે છે કે એમના પિતાને કૃષ્ણનાં દર્શન થયાં હતાં. માલિકના કુટુમ્બીઓમાં ગીતાપારાયણનો નિત્યક્રમ છે. દરેકને નૃત્ય પણ આવડે. એ શીખવવા માટે શિક્ષકનો પ્રબંધ કરેલો છે. આ લોકોએ એક સાંજે હોટલનિવાસીઓ તથા આમંત્રિતો સમક્ષ પોતાનો નૃત્યકાર્યક્રમ આપ્યો. હોટલના જ કંપાઉન્ડમાં ઉપરના ભાગમાં માલિકે એક મોટો હૉલ બાંધ્યો છે. એનું નામ 'ગીતા-મંદિર' રાખ્યું છે. એમાં સ્ટેજ પણ છે. આ કાર્યક્રમ આ હૉલમાં યોજવામાં આવ્યો હતો.

* * *

એક વખતે એક હોટલમાં અમે જમવા બેઠાં હતાં ત્યાં એક કૌતુક જોવા મળ્યું. અમારી સામે એક પુરુષ અને બે સ્ત્રીઓ જમવા બેઠાં હતાં. બન્ને સ્ત્રીઓએ સાડીઓ પહેરેલી હતી. એકનું માથું ખુલ્લું હતું અને પાછળ બે લટો લીધી હતી. બીજીના માથાના વાળ ટૂંકા હતા અને પીનો ખોસી ઠીક રાખ્યા હતા; અને માથા ઉપર રૂમાલ બાંધ્યો હતો છતાં થોડાથોડા વાળ દેખાતા હતા. હાથે બંગડીઓ અને સ્ત્રીઓનું કાંડા-ઘડિયાળ હતાં. પણ આ ટૂંકા વાળવાળી વ્યક્તિ સ્ત્રી જેવી લાગતી નહોતી. અમે સામે જ જમવા બેઠાં હતાં. એમના ટેબલ નીચે એમણે પગ રાખ્યા હતા તે દેખાતા હતા. આ વ્યક્તિના પગની પાની પ્રમાણમાં મોટી હતી અને પગ ઉપર પુરુષના ચંપલ હતા. અમને વહેમ પડયો કે કાંઈક બનાવટ લાગે છે. અમારા ટેબલના કાટખૂણે ગોઠવેલાં બીજાં ટેબલો ઉપર બીજાં ૭ જણ હતાં. એમાં પાંચ છોકરા-છોકરીઓ હતાં. એમને પણ કાંઈક નવીન લાગ્યું. એ લોકો ઘડીમાં પેલી વ્યક્તિ તરફ જુએ અને ઘડીમાં અમારા તરફ જુએ. મોટાં તો ઠાવકું અગર મલકતું મોઢું રાખી ખાવા લાગ્યાં પણ પેલાં છોકરાંઓથી રહેવાયું નહિ અને હસવા મંડયાં. થોડીવાર પછી મોટેરાંઓથી પણ રહેવાયું નહિ અને પછી તો હસાહસ ચાલી. પેલી વ્યક્તિની સાથે બેઠેલાં ભાઈ અને બહેન પણ હસવા મંડયાં. અમે એમને હસવાનું કારણ પૂછયું તો એ કહે "આ બધાં કેમ હસે છે?" હસવાનું ચાલુ રહ્યું અને વધતું ગયું. કોઈ ખાઈ શકતું નહિ. પાણી પીનારના મોઢામાંથી પાણી નીકળી પડયું અને પેલાં બે તો બેસી જ ન શકયાં. થોડીવાર પછી એ લોકો ઊભાં થઈ બહાર લૉન ઉપર ગયાં. બધાં ભેગાં થયાં ત્યાં પુરુષ કહે: અમે ગુજરાતી છીએ. અમે બનાવટ કરવા ગયા પણ પકડાઇ ગયા એટલે અમારાથી હસી જવાયું. આ બધો સમય પેલી વ્યક્તિ અતિ ગંભીર બનીને જમવાના ખંડમાં તેમ જ લૉન પર બેસી રહી હતી. જાણે કાંઈ બન્યું જ નથી.

ભાઈ કહે: "આ તો મારો નાનો ભાઈ છે. એને સ્ત્રીનો વેશ સજાવવા માટે અમે લોકોએ ખૂબ મહેનત લીધી હતી. પણ છૂપું રહ્યું નહિ. તમને વહેમ શાથી પડયો?" અમે પગ અને ચંપલની વાત કરી ત્યારે એ કહે: "અમે આખા ગામમાં ફર્યાં પણ આ પગના સ્ત્રી-બુટ મળ્યા નહિ. નહિ તો એ વેશ પણ પૂરો કરત. તમે લોકો ઓળખી ગયા. બાકી હોટલના માણસો-તો "yes Madam, yes Madam" કહીને વાતો કરી ગયા.

છોકરાંઓનું હસવાનું માતું નહોતું. એક છોકરીથી તો ઊભા રહેવાતું નહોતું તેથી એ તો ઘાસ પર લાંબી થઈને સૂઈ ગઇ. બધાં છૂટાં પડયાં ત્યારે પેલી વ્યક્તિ ઓરવરે બોલી: "ગુડ નાઇટ."

વાસના

શાન્તિલાલ ઠાકર એમ. એ., બી. ટી.

સાધકને વધારેમાં વધારે મુશ્કેલી વાસનાઓને ચિત્તમાંથી દૂર કરવામાં નડે છે. અનેક જન્મોની વાસનાઓ ચિત્તમાં ઘર જમાવીને બેઠી હોય છે. જેમ લૂગડામાં કપૂર રાખીએ, તો કપૂરના વાસથી તે લૂગડું વાસિત બને છે, પછી કપૂર લઈ લઈએ તો પણ તેનો વાસ—તેના ગંધના પરમાણુઓ તે લૂગડામાંથી લાંબા વખત સુધી જતા નથી, તેવી રીતે ચિત્તમાં વિષયપદાર્થના ભોગનો ગંધ ચોંટી રહે છે, તેના પરમાણુઓથી તે વાસિત બની રહે. છે તે ગંધને આપણે વાસના કહીએ છીએ. ફરક માત્ર એટલો છે કે ગંધના પરમાણુઓ થોડાક સમય પછી નિર્ગંધ બની જાય છે, પણ અનેક જન્મોમાં દૃઢતાપૂર્વક—આસક્તિપૂર્વક સેવાયેલા વિષયપદાર્થો સજ્જડ, દીર્ઘ કાલ સુધી ટકી રહે તેવી વાસનાઓ મૂકતા જાય છે. આને પરિણામે તે તે વિષયપદાર્થોનું આકર્ષણ રહ્યા કરે છે. સ્મરણથી તે વાસના સતેજ બને છે, અને તે વિષયપદાર્થના સાનિધ્યથી તે વાસના ઊભરી ઊઠે છે.

જ્યાં સુધી આ વાસનાઓ પ્રબળ છે, ત્યાં સુધી સાધકનું ચિત્ત આત્મતત્ત્વમાં એકાગ્ર થતું જ નથી. માયા અનાદિ છે, અને અનેક જન્મોમાં તેના તે જ વિષયપદાર્થોનું સેવન કરવામાં આવ્યું છે, તેને પરિણામે દીર્ઘ કાળ પર્યન્ત તે વાસનાઓને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરવો પડે છે, અને ત્યારે જ વાસનાઓ શાન્ત થય છે, નિર્મૂળ થાય છે અથવા તો તેમનું દિવ્ય રૂપાન્તર થાય છે. જ્યારે સત્શાસ્ત્રના વાચન દ્વારા, સત્સંગ દ્વારા, ધ્યાન ધારણા દ્વારા, ભજન-કીર્તન દ્વારા ચિત્તને આત્મામાં એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે ઘણી વાર એવું બને છે કે સુષુપ્ત વાસનાઓ જાગે છે, અને સાધકને એમ લાગે છે કે મારું ચિત્ત બહુ મલિન છે, મારાથી યોગસાધના બની શકે તેમ લાગતું નથી, હું બહુ અધમ કોટિનો જીવ છું.

પણ સમતા ધારણ કરીને, ધૈર્ય રાખીને, આ પ્રકારની વિચારધારાના વમળમાં ન સપડાવું જોઈએ. એક ઓરડામાં કચરો પડેલો હોય, અને જ્યારે આપણે સાવરણી લઈ તેને સાફ કરવાની શરૂઆત કરીએ છીએ, ત્યારે તે ધૂળનાં રજકણ વાતાવરણમાં ઊડે છે, તેથી આપણે એમ ન માનવું જોઈએ કે આખો ઓરડો માત્ર ધૂળનાં રજકણોથી જ ભરેલો છે. ઊલટું તે રજકણો હવામાં ઊડવા લાગ્યાં, તે બતાવે છે કે હવે તે ઓરડાને સાફ કરવાની ક્રિયા શરૂ થઈ ચૂકી છે. બીજો દાખલો લઈએ. નદીકિનારે લીલું લીલું ઘાસ ચરતી ગાય સ્થિર ઊભી રહી તે ઘાસ વાગોળતી હોય છે. ને બિલકુલ હાલતી ચાલતી નથી. પણ દોરડું લઈ તેને પકડવા-બાંધવા તેની સન્મુખ જાઓ, તો તે ચારે પગે કૂદે છે અને નાસવા માંડે છે. તેવી રીતે જ્યાં સુધી ચિત્તવૃત્તિને દુન્વી પદાર્થો ઇચ્છા મુજબ ભોગવવાના મળતા રહે, ત્યાં સુધી તે સ્થિર હોય તેવો આભાસ થાય છે, પણ તેને ધ્યાન ધારણા દ્વારા એકાગ્ર કરવાનો પ્રયત્ન થાય છે કે તે ચારે પગે કૂદવા માંડે છે. વિક્ષેપ અવસ્થાને

પ્રાપ્ત થયેલી ચિત્તવૃત્તિ વિફરેલી વાઘણ જેવી કે છંછેડાયેલી નાગણ જેવી વિકરાળ સ્વરૂપને ધારણ કરે છે.

જે માણસની વાસનાઓ બહુ પ્રબળ, સ્થૂળ, જડ, મલિન હોય છે, તેનો તો યોગસાધનામાં અધિકાર જ નથી. વાસનાઓ શુભ અને અશુભ—એમ બે પ્રકારની હોય છે. શુભ વાસનાઓનો પ્રવાહ બળવાન બને અને અશુભ વાસનાઓના પ્રવાહને દબાવી શકે તેવો બને, ત્યારે જ સાધનાની શરૂઆત થઈ શકે છે. ભગવદ્‌ગીતામાં ૧૬મા અધ્યાયમાં કહેલા દૈવી ગુણો—અભય, શમ, દમ, સ્વાધ્યાય, તપ, સરળતા વગેરે શુભ વાસનાઓથી દૃઢ બને છે. વારંવાર તેની તે વસ્તુને ચિત્તમાં દૃઢતાપૂર્વક ભાવવાથી તે પ્રબળ વાસનારૂપ બને છે, અને તે ગુણ તેનો સ્વભાવ બની જાય છે. તે વાસના અથવા તે ગુણ તેની વિરોધી વાસનાને કે તેના વિરોધી ગુણને દબાવવામાં અથવા દૂર હાંકી કાઢવામાં સમર્થ બને છે. અભયથી ભયની વૃત્તિ દૂર થાય છે. "હું ધ્યાન ધારણામાં બેસીશ, તો મારા શરીરની રક્ષા કોણ કરશે? ઝેરી જંતુ આવીને કરડશે, તો મારું શું થશે? મને અન્ન-વસ્ત્રાદિક કોણ આપશે? *વાઘ વરુ જંગલમાં આવી મારા શરીરને ફાડી ખાશે, તો શું* થશે? રોગનો આ શરીર પર હુમલો થશે, તો હું સાધના કેવી રીતે કરી શકીશ?" આવા અનેક પ્રકારના ભયો નિર્ભયતાની વૃત્તિથી ટળી જાય છે. નિર્ભયતાની વૃત્તિ કહે છે કે—"મારું પ્રારબ્ધ મારી ચિંતા કરી લેશે. શરીરની અન્ન વસ્ત્રાદિકની જરૂરિયાત પ્રારબ્ધ-કર્મ પૂરી પાડશે જ. મેં જીવનમાં કયારેય દુઃખની ઈચ્છા કરી ન હતી, છતાં પ્રારબ્ધ કર્મ અનુસાર તે આવી પડ્યું, તે જ રીતે વગર પ્રયત્ન કર્યે—વગર માગ્યે પ્રારબ્ધ પ્રમાણે સુખ આવી મળશે જ. તેમાં ખાલી પ્રયત્ન કરવાથી કે ધમપછાડા કરવાથી કાંઈ જ વળવાનું નથી. વિશ્વંભરનાથ સમગ્ર વિશ્વનું ભરણપોષણ કરે છે, કીડીને કણ અને હાથીને મણ આપે છે, તો તે શું પોતાના ભક્તના શરીરની સંભાળ નહિ લે? તેને માટે જરૂરી અન્નવસ્ત્રની વ્યવસ્થા કોઈના હૃદયમાં પ્રેરણા કરી, તેની મારફત નહિ કરાવે? અને ભગવાનને આ શરીર-પ્રાણ-મન-બુદ્ધિ-અંતઃકરણ દ્વારા કોઈ દિવ્ય સંકલ્પ સિદ્ધ કરવો હશે, તો તે આ શરીરની રક્ષા કરશે. અને નહિ તો મારે તે શરીર રાખવાનો મોહ પણ શા માટે રાખવો જોઈએ? પ્રભુને ગમે તે બરાબર જ હશે—મારા કલ્યાણ માટે જ હશે—આ પ્રકારની વિચારધારા સાધકને નિર્ભય બનાવે છે. તેવું જ શમ, દમ, સ્વાધ્યાય, તપ, સરળતા, વગેરેની બાબતમાં સમજવું.

વાસનાઓને જીતવાનું કામ કઠિન છે. તેમાં બળથી નહિ, પણ કળથી કામ લેવાનું હોય છે. કેટલીક વાર ચિત્તને બાળકની પેઠે લાડ લડાવવાં પડે છે. તેની બળવાન વાસનાઓને સંતોષવી પડે છે. કેટલીક વાર તેને બાળકની પેઠે તાડન કરવું પડે છે—માર મારવો પડે છે, તે માગે તે વિષયપદાર્થ નથી આપવાનો હોતો. 'મનકો ઐસા મારના, ટૂક ટૂક હો જાય.' અથવા 'એક જ બોધ-મન માગે તે ન આપવું, અને ન માગે તે આપવું'—આ ઉપાયનો આશ્રય લઈ સાધના આગળ વધારવાની હોય છે. કોઈક વાર મનને પંપાળીને પછી ધોલ મારવી પડે છે. વિષયપદાર્થનો સ્વલ્પ ઉપભોગ કરવા દઈ તરત જ તેનાથી વિમુખ કરવું પડે છે. ભગવદ્‌ગીતામાં ભગવાને કહ્યું છે કે—इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ । ઈન્દ્રિયો તો તે વિષયપદાર્થમાં રાગ દ્વેષ—ગમો-અણગમો છેક શારીરિક અણુ-પરમાણુઓમાં દૃઢ રીતે સ્થાપિત થઈ ગયો હોય છે. તે માણસને જબરદસ્તીથી તે તે વિષયપદાર્થ તરફ ખેંચી જાય છે, અથવા તો આપોઆપ તેનાથી તે વિમુખ બની જાય છે. આ રાગ દ્વેષને જ જીતવો બહુ અઘરો છે. શારીરિક ચેતનામાં જામી ગયેલા રાગદ્વેષ કરતાં સૂક્ષ્મ ભૂમિકાના રાગદ્વેષને દૂર કરવા સહેલા હોય છે. પણ સાધકને તો શરીરમાં પણ એવી સમતા ધારણ કરવી જ પડશે કે તે તે વિષયપદાર્થ સામે આવે, છતાં ચિત્તનું રૂવાંડું પણ ન ફરકે. જેટલા પ્રમાણમાં સમતા સ્થાપિત થઈ હશે, જેટલા પ્રમાણમાં ભગવાનમાં-દિવ્ય ચેતનામાં નિષ્ઠા સિદ્ધ થઈ હશે, તેટલા પ્રમાણમાં વાસનાઓ શાન્ત બનશે અને એકાગ્રતા સિદ્ધ થશે.

શ્રીમદ્ ભાગવતમાં કાલીય મર્દનની કથા આવે છે, તે આનું જ અધ્યાત્મ-રૂપક છે. કાલીય નાગ એટલે ચિત્ત. તેની ફણાઓ એટલે વાસનાઓ. ખૂબી એ છે કે શ્રીકૃષ્ણચન્દ્રે બધા જ અસુરોને હણ્યા, પણ કાલીય નાગને હણ્યો નહિ, પણ નાથ્યો. અર્થાત્ ચિત્તનો કદી નાશ થઈ શકતો જ નથી, તેનું દિવ્ય રૂપાંતર કરવાનું છે. તેની ફણાઓને ભગવાને પોતાના મધુરસ ટપકતા ચરણારવિંદનો સ્પર્શ કર્યો, અને તેમના પર મૃદુ લાસ્ય-કોમલ નૃત્ય કર્યું, અને તે તે ફણા નમી પડી, વશ થઈ, અર્થાત્ ભક્તિરસના સ્પર્શથી ચિત્તની વાસના વિષયાકાર હતી તે મટી ભગવદાકાર બને છે, તેનું દિવ્ય રૂપાન્તર થાય છે. તેમ થયા પછી જ ભગવાનની દિવ્ય ચેતનાનું—તેમના દિવ્ય સંકલ્પનું શુદ્ધ, સમર્થ, દિવ્ય જ્ઞાનથી આલોકિત કરણ બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય. પછી તો ચિત્તની તે તે શક્તિ ભગવત્સેવામાં વિનિયુક્ત થઈ કૃતાર્થતા અનુભવે, આનંદનો પરમ અવધિ પ્રાપ્ત કરી પછી તે કાલીય નાગ રમણ દ્વીપમાં નિવાસ કરવા ભગવાનની આજ્ઞાથી ચાલ્યો જાય. तेषां रमणमटनं जागतमिदम् । 'યોગ વસિષ્ઠ'માં તેટલા માટે જ તેવા જીવન્મુક્ત જ્ઞાનીઓ આ જગતમાં રમણ કરતા કરતા પરમ યોગાનંદ અનુભવતા-અનુભવતા વિચરે છે, તે રમણક દ્વીપમાં નિવાસ કરતા હોય છે, તેવું વર્ણન આવે છે.

જે ચિત્તમાં સાંસારિક વાસનાનો વાસ હતો, તે જ દિવ્યીભૂત ચિત્તમાં દિવ્ય ચેતનાના પ્રકાશનો-આનંદનો વાસ થાય છે. તે દિવ્ય સુગંધની સૂક્ષ્મતમ તન્માત્રાઓથી વાસિત બનેલું દિવ્ય ચિત્ત ભગવાનના દિવ્ય આનંદથી પરિપ્લાવિત બને છે. एतस्य वै आनन्दस्य

[અનુસંધાન પૃ. ૪૨

વારસા – વિજ્ઞાન (૩)

ડૉ. કાન્તિલાલ એ. શાહ

રંગહીનતા અથવા વર્ણહીનતા (અં : એલ્બિનિઝમ)—આ ખામી ખરેખર તો આખા શરીરની છે, આખા શરીરની ચામડી સફેદ હોય છે; પરંતુ આંખોમાં પણ એની અસર હોય છે–જેવી કે તદ્દન સફેદ ભમર, સફેદ પાંપણ, લાલ ડોળા, પ્રકાશ અસહતા વગેરે. આવાં લક્ષણોને નિર્બળ કે લજ્જાળુ (અં : રિસેસિવ) કહે છે. જે લક્ષણો નિર્બળ હોય છે તેની ખાસિયત આ પ્રમાણે આપી શકાય: (૧) નિર્બળ લક્ષણો વાળી વ્યક્તિઓનાં માબાપ 'નોર્મલ' હોય છે; (૨) આ રોગ તે વ્યક્તિના કાકા ફોઈઓનાં કે મામા માસીનાં બાળકોમાં પણ જોવા મળે છે; (૩) આવી વ્યક્તિ તંદુરસ્ત માણસને પરણે તો તેમનાં બધાં બાળકો સમધારણ (અં : નોર્મલ) જન્મે છે; (૪) એ રોગી વ્યક્તિઓ પરણે તો દરેક બાળકમાં એ રોગ અગર ખામી દેખાય છે.

રંગાંધતા અથવા વર્ણાંધતા (અં : કલર બ્લાઇન્ડનેસ)—આ રોગનો દરદી લાલ અને લીલા રંગને ઓળખી શકતો નથી. આ રોગ મુખ્યત્વે પુરુષોમાં જણાય છે. હોર્નર નામના નિષ્ણાતે આ રોગની એક વંશાવલિ આપી હતી તેમાં આઠ પેઢી સુધી આ રોગ ઊતરી આવેલો જોવામાં આવ્યો હતો; તેમાંથી પંદર પુરુષોમાં આ ખામી જોવામાં આવી હતી, પરંતુ એક પણ સ્ત્રીમાં દેખાઈ ન હતી. આ રોગ પુરુષોમાં થાય છે, પરંતુ તે તેના પોતાના પુત્રમાં ઊતરતો નથી, કારણ ના અગર સ્ત્રીલિંગ-નિર્ધારક દ્વારા એનું નિર્માણ થાય છે. ખામીવાળા પુરુષની બધી પુત્રીઓ આ રોગની વાહક બને છે, અને એમના દ્વારા તે રોગ અર્ધા ભાગના દૌહિત્રોમાં ઊતરે છે.

બહેરા મૂગાપણું: આ રોગ પણ વારસામાં ઊતરે છે, પરંતુ એ લક્ષણ નિર્બળ અથવા 'રિસેસિવ' છે.

ટાલ પડવી—આ ખામી મુખ્યત્વે પુરુષોમાં જોવામાં આવે છે. ટાલવાળા પુરુષોના પુત્રોમાં આ ખામી ઊતરે છે. પરંતુ પુત્રીઓમાં પ્રગટ થતી નથી છતાં એમની મારફત દૌહિત્રોમાં ઊતરે છે. આ ખામીને (અં : સેક્સ–ઈન્ફ્લુઅન્સ્ડ) લિંગ-પ્રભાવિત કહે છે, એટલે કે પુરુષોમાં એ સહેલાઇથી પ્રગટ થાય છે, અને સ્ત્રીઓમાં ગુપ્ત રહે છે. એનું કારણ એમ જણાય છે કે પુરુષોની વૃષણ-ગ્રંથિનો અંતઃસ્રાવ આ લક્ષણને બહાર લાવે છે જ્યારે સ્ત્રીઓની બીજ-ગ્રંથિનો અંતઃસ્રાવ આ લક્ષણને દબાવી દે છે. જો પુરુષોને નાની ઉંમરમાં ખસી કરવામાં આવે તો એમનામાં ટાલ પડતી નથી. ટાલ પડવી કે ન પડવી એ તો આનુવંશિક લક્ષણ છે જ, પરંતુ ટાલનો આકાર (અં: પૅટર્ન) પણ વારસામાં ઊતરે છે; ઉપરાંત, ટાલ પડવાની ઉંમર પણ વારસાગત માલૂમ પડે છે।

વધારાની આંગળીઓ (અં : પોલિડેકટીલિઝમ):—આપણે ઘણી વાર જોઇએ છીએ કે કેટલાક માણસોને પાંચને બદલે ૭ આંગળીઓ હોય છે. કોઇ કોઇ વાર બંને હાથે અને બંને પગે ૭ ૭ આંગળીઓ મળીને ચોવીસ આંગળીઓ પણ જોવા મળે છે. ઘણું

ખરું એક હાથ અગર એક પગે જ હોય છે. આ વધારાની આંગળી કેટલાક કિસ્સામાં આખી હોય છે, ને કોઈ કોઈ વાર તદ્દન ટચૂકડી હોય છે. એક વૈજ્ઞાનિકે ૭ જુદાં જુદાં કુટુંબોની વંશાવળિઓ આપી હતી એમાં આ ખામી દસ પેઢીઓ સુધી ઊતરતી આવી હતી. આ ખામીવાળાં કુટુંબોનો એક આદ્યપુરુષ એક અંગ્રેજ હતો જે ૧૬૪૪માં અમેરિકા જઈને વસ્યો હતો. ૭ આંગળીઓ એ સામાન્ય રીતે પ્રભાવી લક્ષણ છે.

મધુપ્રમેહ (અંઃ ડાયાબિટીસ):—આ રોગ વારસામાં ઊતરે છે કે નહિ તે નક્કી કરવું અઘરું છે. એનું કારણ એ છે કે આ રોગનું કોઈ બાહ્ય લક્ષણ નથી. પેશાબ તપાસવામાં આવે તો જ એની ખબર પડે છે. વળી પેશાબમાં સાકર જાય છે કે નહિ તે જોવા માટે જે કસોટીઓ વપરાય છે, તે ૧૮૫૦ પહેલાં કોઈ જાણતું ન હતું. આજે પણ મધુપ્રમેહનાં દરદીનાં બધાં સગાં કંઈ પેશાબ તપાસાવવા જતાં નથી. આમ છતાં આ રોગની આનુવંશિકતા વિષે બધા વિજ્ઞાનીઓ સંમત છે. આ રોગનાં નિમિત્ત કારણો ઘણાં છે એ ખરું—દા. ત. વધારે પડતો મિષ્ટ ખોરાક, મેદસ્વિતા, ચિંતા વગેરે—તથાપિ અમેરિકામાં હજારો નાનાં બાળકોમાં પણ આ રોગ જોવા મળે છે, એ બતાવે છે કે આ રોગ વારસામાં ઊતરતો હોવો જોઈએ. એ કેવી રીતે વારસામાં ઊતરે છે—ખરી રીતે તો આ રોગ નહિ પણ રોગની ખાસિયત (અંઃ પ્રિડિસ્પોઝીશન) વારસામાં ઊતરે છે—તે વિષે નિર્ણય આપવાનું મુશ્કેલ છે. કેટલાક માને છે કે આ રોગ-લક્ષણ—નિર્બળ છે, એટલે કે નીરોગી દેખાતાં માબાપનાં સંતાનોમાં જણાય છે. મેં એવા કેસ જોયા છે જેમાં માનો રોગ પુત્રમાં સીધો ઊતર્યો હોય—અર્થાત્ એ લક્ષણ પ્રબળ કે પ્રભાવી (ડોમિનન્ટ) હોય. કેટલાક નિષ્ણાતો આ મતનું સમર્થન કરે છે. એ લોકો કહે છે કે મધુપ્રમેહ પ્રબળ છે, પરંતુ નિમિત્તને અભાવે ઘણીવાર આ લક્ષણ પ્રગટ નથી થતું. એની પ્રગટ થવાની શક્તિ–ભેદકતા (અંઃ પેનિટ્રન્સ) ઓછી છે.

લોહીનું ઊંચું દબાણ :—સુધરેલી પ્રજાનો આ રોગ મનાય છે, અને એનાં નિમિત્ત કારણો પણ ઘણાં છે; છતાં એનું ખરેખરું કારણ શું છે તે હજી દાક્તરોને જડયું નથી. એટલું ચોક્કસ છે કે આ રોગ થવાનું એક કારણ એ માટેની વારસાગત પ્રકૃતિ છે. જર્મનીમાં લેન્સ નામના સંશોધકે આ રોગનો બહોળો અભ્યાસ કર્યો હતો, અને તે એવા નિર્ણય પર આવ્યો હતો કે આ રોગની ખાસિયત વારસામાં ઊતરે છે, તથા પ્રભાવી છે.

પાંડુરોગ (અંઃ એનિમિયા):—આ રોગ ઘણા પ્રકારના છે. એમાંના કેટલાક બાહ્ય કારણોને લઈને થાય છે. આમાં એક વિશિષ્ટ પ્રકારનો પાંડુ રોગ 'વિષમ પાંડુ રોગ' (અંઃ પર્નિશિયસ એનિમિયા) કહેવાય છે. આ રોગ મોટી ઉંમરે થાય છે. એનું નિમિત્ત કારણ વિટામિન બી₁₂ની ઊણપ હોય છે. પરંતુ આવા રોગીઓનું જઠર બરાબર કામ કરતું નથી તેથી આ ઊણપ પેદા થાય છે. વળી આ રોગીઓનાં સગાંને તપાસવામાં આવે તો એમાંનાં કેટલાંકનાં જઠર ખામીવાળાં જણાય છે, તેથી અનુમાન થાય છે કે આ રોગ વારસામાં ઊતરે છે અને ઘણુંખરું પ્રબળ—પ્રભાવી—છે.

દાત્રકોશી પાંડુરોગ (અંઃ સિકલસેલ એનિમિયા):—આ રોગ મુખ્યત્વે હબસીઓમાં જોવામાં આવે છે. આપણે ત્યાં દક્ષિણ ભારતમાં પણ નોંધાયો છે. આ પાંડુરોગનું પ્રમાણ લગભગ ૩૦૦માં ૧નું ગણાય છે. પરંતુ આ રોગની ખાસિયત તો લગભગ દસ ટકા હબસીઓમાં જોવા મળે છે. એટલે કે લગભગ દસ ટકા હબસીઓનાં રક્તકણ દાત્રાકાર (દાતરડાના આકારનાં) હોય છે. આ ખામી સૌમ્ય પ્રકારની હોય છે. જ્યારે એ ઉગ્ર બને છે ત્યારે પાંડુ રોગ લાગુ પડે છે, ને જીવલેણ બને છે. આ ઉપરથી એવું તારવવામાં આવ્યું છે કે

આ લક્ષણ પ્રમાણી તો છે જ, પરંતુ જ્યારે માતા અગર પિતા દ્વારા વારસામાં ઊતરે છે ત્યારે સૌમ્ય રૂપે રહે છે; જ્યારે બંને મારફત ઊતરે છે ત્યારે રોગ પેદા થાય છે.

રક્તસ્રાવિતા (અંઃ હિમોફિલિયા):—આ રોગ મુખ્યત્વે પુરુષોમાં જોવામાં આવે છે. પુરુષોના પોતાના પુત્રોમાં તે ઊતરતો નથી કારણ ના રંગસૂત્રથી એવું નિર્માણ થાય છે, અને તેથી એની પુત્રીઓ દ્વારા દૌહિત્રમાં ઊતરે છે. આવા રોગીની પુત્રીઓમાં આ લક્ષણ પ્રગટ નથી થતું, કારણ તે 'નિર્બળ' છે. પુત્રીઓ માત્ર વાહક બને છે. રાણી વિક્ટોરીઆ દ્વારા આ રોગ એના પુત્ર લિયોપોલ્ડમાં ઊતર્યો હતો; અને વિક્ટોરીઆની પુત્રીઓ તથા પૌત્રીઓ મારફત યુરોપના રાજ્વંશીઓમાં--રશિયા, જર્મની અને સ્પેઈનમાં—ઊતર્યો હતો.

ક્ષય : આ રોગ તો એનાં જંતુઓથી પેદા થાય છે. એ રોગ વારસામાં કેવી રીતે ઊતરી શકે? રોગ તો વારસામાં નથી ઊતરતો, પરંતુ રોગ થવાની ખાસિયત વારસામાં ઊતરે છે એવું જણાય છે. પતિ અગર પત્નીને ક્ષયરોગ લાગુ પડ્યો હોય ત્યારે એના સહધર્મીને થાય જ એવો નિયમ જોવામાં આવતો નથી, પણ તે રોગીનાં સગાં ભાઈઓ અગર બહેનોને થાય છે. એક સંશોધનમાં એવું જણાયું હતું કે ક્ષયના દરદીનાં સગાંઓમાં રોગનો ફેલાવો નીચે મુજબ હતો: પતિ અગર પત્નીમાં ૭.૧ ટકા; મા અગર બાપમાં ૧૬.૯ ટકા; ભાઈ બહેનોમાં ૨૫.૫ ટકા; જોડકાં ભાઈ અગર બહેનમાં ૮૭.૩ ટકા. અર્થાત્ જેમ જેમ વારસામૂડી સમાન (વધારે નિકટની સગાઈ) તેમ તેમ રોગનું પ્રમાણ વધારે, ને તેથી ક્ષયની ખાસિયત વારસામાં ઊતરે છે, એમ માનવું પડે.

કેન્સર : આ રોગ વારસામાં ઊતરે છે એવું કોઈ કહેતું નથી. પરંતુ કેન્સરની સામે લડવાની શક્તિ અગર કેન્સર થવાની ખાસિયત તો વારસામાં ઊતરે છે. છેલ્લાં કેટલાંક વરસથી દાક્તરો અને બીજા નિષ્ણાતો એમ કહે છે કે કેન્સર વારસામાં ઊતરતું નથી. આમ છતાં એ બધા કબૂલ કરે છે કે અમુક પ્રકારનાં કેન્સર જરૂર વારસામાં ઊતરે છે. હજારો ઊંદરો પર પ્રયોગો થયા છે અને માલૂમ પડ્યું છે કે કેન્સર થવાની પ્રકૃતિ વારસાગત છે. હોલ્ડેને ૧૯૦૮ માં લખ્યું હતું, "જેમના બાપ કેન્સરના રોગથી મરી ગયા હતા એવા ૯૫૩ સંતાનોમાંથી ૧૪ જણાને કેન્સર થયું હતું. સામાન્ય જનતામાં--એટલે કે જેઓ સગાં નથી તેમનામાં--આ પ્રકરણ ૦.૮૫ નું હોય છે. જ્યાં ૦.૮૫ ની અપેક્ષા હોય ત્યાં ૧૪ કેસ બની આવે એવું અકસ્માતથી બના જ ન શકે, કારણ એવી ઘટનાની સંભાવ્યતા (અંઃ પ્રોબેબિલિટી) એક હજાર અબજે એક આવે." આ જ લેખક જુન ૧૯૧૦ માં કહે છે (એક પત્રમાં.):

The phrase 'cancer is hereditary' is meaningless as it stands....in view of what the average person means by "hereditary" a physician may be justified in telling a pailent that cancer is not hereditary. This is nearly, but not qnite true.

ભાવાર્થ કે સામાન્ય મનુષ્ય માને છે તેવા અર્થમાં કેન્સર વારસાગત નથી—અને તેથી એક દાક્તર પોતાના દરદીને એમ કહી શકે કે કેન્સર વારસામાં ઊતરતું નથી. જો કે આ વાત સંપૂર્ણતયા સાચી નથી. વિન્ચેસ્ટર નામનો લેખક તો કહે છે, કે કેન્સર થવાની પ્રકૃતિ વારસામાં ઊતરે છે એટલું જ નહિ પણ જોડકાં ભાઈઓ (અગર બહેનો)ના અભ્યાસ દ્વારા માલૂમ પડ્યું છે કે કેન્સર થવાની ઉંમર, કેન્સરનો પ્રકાર, અને દેહના કયા ભાગમાં કેન્સર થાય છે—આ બધા પર વારસાની અસર પડે છે.

(ક્રમશઃ)

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ બે ખોપરી-એક ચિત્ર
૨ બીજું ચિત્ર
૩ અંગ્રેજીના પુરસ્કર્તાઓની ફોજ અને શ્રી. ક. મા. મુનશી!
૪ યુનિવર્સિટીઓમાં બોધભાષા

પ્રશ્ન : તા. ૧૦ મી ઑક્ટોબરના 'ટાઈમ્સ ઑફ ઈંડિયા'માં બે બુઝર્ગોનો એક ફોટો જોયો?


ઉત્તર : હા. કોઈ વાર છાપાંઓમાં ચિરસ્મરણીય સંયોજનો આવે છે. બે બુઝર્ગો-રાજાજી અને સર મહમ્મદ ઝફરૂલ્લાખાન. આ બેને આમ એકી સાથે જોવાનું મળે એ છાપાંઓની સૃષ્ટિમાં એક આવી કોઈક વાર જ આવી જતી અતિસ્પૃહણીય ઘટના છે. બેની મુખમુદ્રાઓને જોઈ કંઇ કંઇ વિચારો આવે છે. બન્ને ભારતના પુત્રો: પ્રતિભાશાળી, બુદ્ધિવંતા, ચકોર, ચતુર રાજપુરુષો, વિચારકો. તેઓ આજે પ્રતિપક્ષી દેશોના મહારથીઓ, એકબીજાને પડકારતા છતાં અંદરખાનેથી કદાચ બન્ને દુ:ખી! ઝફરૂલ્લાખાનની સર્વશક્તિ ભારતને હલકું પાડવામાં ખરચાય, રાજાજી એમ પાકિસ્તાનને ઉતારી પાડવાના મૂઢ પ્રયત્નો ન કરે; પાકિસ્તાન અનિવાર્ય થઇ ગયું છે એમ સમજનારાઓમાં સૌથી પહેલામાંના રાજાજી જ હશે. પણ . . .

પણ આ ચિત્રમાં બંનેને સાથે જોઉં છું ત્યારે એમ ભાવ થઈ આવે છે કે જો આ બન્ને પુરુષો અખંડ ભારતના સમર્થક પુરુષો હોત તો? આ બન્નેની બુદ્ધિનો લાભ ભારતને મળતો હોત તો! વિધિની એ કેવી વિષમતા કે ભારતનાં અન્નજળ ઉપર ઉછરેલા ભારતનો જ વિરોધ કરે, એને ખંડિત કરવામાં અગ્રેસર થાય! અનેક વાર ભૂતકાળમાં ભારતે આ વિષમતા અનુભવી છે. એનો હજી સુધી કોઈ ઈલાજ જડયો નથી. એમ પણ ભય લાગે છે કે આજે પણ ભારતનાં અન્નજળથી પોષાતાં કેટલાયે એના ભાવી દ્રોહીઓ હશે! પણ એ તો આડ વિચાર, આડી લાગણી!

આપણી તળપદી ભાષામાં બહુ બુદ્ધિશાળી માણસ માટે 'કેવી ખોપરી છે' એવો પ્રયોગ કરીએ છીએ! મને એમ થાય છે કે આ બન્ને ખોપરી—અને આ ચિત્રમાં બન્નેની ખોપરી આગળ પડતી દેખાય છે—નો લાભ, ભેગો લાભ જો ભારતને મળ્યો હોત તો ભારતનું મુત્સદ્દીપણું કેવું અપ્રતિહત શક્તિવાળું થાત? એ દિશામાં હાલ થતી કેટલીયે ભૂલો અટકત અથવા સુધારાત,—જો એમને અત્રોક્ કોંગ્રેસીઓ કામ કરવા દેત તો! યુ. નો.માં આપણી પ્રતિભા કેવી જ્વલંત થાત? પણ ભારતના નસીબમાં 'વહ દિન કહાં સે!'

આ સાથે જ બીજા અનેક વિચારો આવે છે. ધારો કે સરદાર પટેલ અને કાયદે આઝમ ઝીણાનો સુમેળ હોત તો! જવાહરલાલ નેહરુ અને સુભાષચંદ્ર બોઝનો મેળ હોત તો! ગાંધીજીમાં અલીભાઈઓનો વિશ્વાસ કાયમ રહ્યો હોત તો? વગેરે વગેરે.

આ બધા તો હૃદયમાંથી ઊછળતા તરંગો લાગે, પણ એમાં ભારતના ભૂતકાળના બોધપાઠ નથી? ભવિષ્યની સમસ્યાઓ પણ નથી?



સર ઝફરુલ્લાખાન   રાજાજી

બે ખોપરી

આપણે આપણી વાતચીત હજી સુધી સચિત્ર કરી નથી: પણ આ વખતે કરો તો કેમ? અને જો એમ કરો તો બીજે પણ એક છાપામાં આવેલો ફોટો—ડૉ. રાધાકૃષ્ણન રશિયામાં એલચી હતા તે સમયનો અથવા તે સમયની આજુબાજુનો એક વિશિષ્ટ ફોટો સાચવી રાખ્યો છે તે આપું.—છાપાનું નામ કપાઈ ગયું છે અને મને યાદ નથી!—તેમાં એક ઉદ્યાનમાં નવ–દસ જણાની મંડળી બેઠી છે, વચમાં નાનું સરખું ટીપોય છે. એના ઉપર કેટલાંક ફળ પડ્યાં હોય એમ લાગે છે, અને મોલોટોવ, રાધાકૃષ્ણન અને ક્રુશ્ચેવના હાથમાં પ્યાલીઓ ઊંચી કરેલી છે. આ પ્યાલીઓમાં શું હશે એ તો ફોટામાંથી ખબર ન પડે: વોડકા પણ હોય કે બીજું કાંઈ પીણું પણ હોય, ફળનો રસ! પણ એ બધાની અદા તો કંઈ મોજિલું પીણું પીતાં હોય એવી છે. ધીર ગંભીર મુદ્રાથી ઉદાત્ત અને ભવ્ય તત્ત્વોને અને ભાવનાઓને વાણી દ્વારા આવિષ્કાર આપતા ડૉ. રાધાકૃષ્ણનને,—હવે આપણા રાષ્ટ્રપતિને—આપણે જોયેલા છે. અને તેથી એમની એ જ મૂર્તિ આપણી કલ્પનામાં રહે છે. તેની સાથે આ બીજી આકૃતિ પણ મૂકવાથી એમની ઉલ્લાસી બાજુ પણ આપણા ચિત્તમાં અંકાય અને માણસ તરીકેનો એમને વિષેનો ખ્યાલ આપણો એકાંગી ન રહે. તો સાથે સાથે આ બીજું પણ ચિત્ર આપો તો!

* * *

પ્રશ્ન: હવે આ અંગ્રેજીનું ક્યાં સુધી ચાલશે?

ઉત્તર: અંગ્રેજો જેટલી સહેલાઈથી ગયા એટલી સહેલાઈથી અંગ્રેજી જશે એમ લાગતું નથી! પણ કોઈ એ વાત વિચારતું નથી કે અંગ્રેજીને કોણ કાઢવા માગે છે? જે કાંઈ પ્રશ્ન છે તે તો અંગ્રેજીને શાસિકા તરીકે કાઢીને, કાર્યકરી,—કિંકરી નહિ કહું—બનાવવાનો છે. અંગ્રેજીની સામે એવો દ્વેષ રાખનારા તો બહુ થોડા હશે કે જેઓ એમ ઇચ્છે કે



મોલોટોવ, ડૉ. રાધાકૃષ્ણન, ક્રુશ્ચેવ વગેરેની મંડળી

અંગ્રેજી આપણા દેશમાંથી સર્વથા જાય—વિસ્મૃત થઈ જાય। પણ આપણા દેશના અંગ્રેજીના પુરસ્કર્તાઓ આવો વિરોધ સ્વીકારી લઈને જ અંગ્રેજીને આગળ કરી રહ્યા છે, અને એ રીતે હ્યામણી બનાવી રહ્યા છે। અને એવું માનનારા પ્રતિપક્ષીઓ કલ્પી લઈને મોરચા મંડે છે. પવનચક્કીને રાક્ષસ માની આક્રમણ કરતા પેલા ડૉન ક્વીક્ઝોટનું સ્મરણ કરાવે છે।

આપણા ગુજરાતી નવલકથાકાર અને રાજ્યદ્વારી મોવડી શ્રી ક. મા. મુનશી હમણાંના એવી રીતે જ બોલ્યા કરે છે. આ જ મુનશીજીએ એક વાર, કેટલાંક વર્ષો પહેલાં,—જ્યારે પોતે ખેરના પહેલા પ્રધાનમંડળમાં હોમ મિનિસ્ટર હતા ત્યારે, અમદાવાદની લૉ કૉલેજમાં દાદાસાહેબ માવળંકર કે જે તે સમયે સ્પીકર હતા તેમના પ્રમુખપદે મળેલી સભામાં એવા ભાવાર્થનું કંઈક કહેલું કે 'આટલા આટલા મ્હાવરા પછી પણ અમારું અંગ્રેજી તો કેવું છે,—એ આ સ્પીકર સાહેબ અમને સાંભળતાં સાંભળતાં નોંધ રાખતા હશે.' આ એમણે "અંગ્રેજીમાં બોલો" એવી શ્રોતાઓની માગણીના જવાબમાં કહેલું। એ વખતે એમને અંગ્રેજીનું કોઈ અભિમાન ન હતું। હકીકતમાં તો, અંગ્રેજીમાં વ્યવહાર કરવાનું અભિમાન લઈ શકે એવું અંગ્રેજી તો બહુ થોડા માણસોને આપણા દેશમાં આવડતું હતું અને આવડે છે। અને છતાં અંગ્રેજીના પુરસ્કર્તાઓની ફોજમાં આજે એવી બધી વ્યક્તિઓ એકઠી થઈ છે-ઉચ્ચારનું ઠેકાણું નહિ એવું અંગ્રેજી બોલનારા શિક્ષકો, વ્યાકરણ, ઇડિયમ કે અંગ્રેજીના લઢણના ભાન વિનાના ખોટા એક્સન્ટથી બોલતા અધ્યાપકો, સેક્રેટરીઓ પાસેથી અધકચરું અંગ્રેજી જાણનારા શેઠિયાઓ અને ખાસ તો ગુજરાતી બોલતાં બોલતાં ખોટા અર્થમાં અંગ્રેજી શબ્દો વાપરવામાં પોતાની ચતુરાઈ માનતાં એમનાં બૈરાં—દીકરીઓ, વહુઓ અને બહેનો—વગેરે વગેરે આ બધાની ફોજ અંગ્રેજીના બચાવમાં નીકળી પડી છે। તેમને મુનશીજી જેવા અને બીજા અગ્રેસરો પણ મળે છે. પણ મુનશીજી તો મુત્સદ્દી છે. 'અંગ્રેજોને કાઢવા હતા ત્યારે-અંગ્રેજીનો મહિમા ન કરાય'—પણ હવે તો તેમને અંગ્રેજી વિના દેશની એકતા તૂટી જશે એવો ભય લાગે છે એટલે અંગ્રેજીનો મહિમા કરવા નીકળ્યા છે. હમણાં બેએક દિવસ પહેલાં એમણે અંગ્રેજીને

બદલે 'જુદી ભાત ન પાડવા' ગુજરાતી બોલવું પડ્યું ત્યારે, ગુજરાતી કેવી નકામી ભાષા છે એવું બતાવવા ખાતર ગુજરાતી બોલતા હોય એમ લાગ્યું! ત્યારે એ યાદ આવ્યું કે ગુજરાતી ભાષાના થોડા જ પ્રસિદ્ધ વક્તાઓમાંના આ એક વક્તા આ શું નાટક કરે છે, કયું નાટક ભજવે છે? અસ્તુ!

આપણને ભારતવાસીઓને સહજ આવડે એવી સ્વભાષામાં બોલવા લખવાનું સ્વમાન કેમ નહિ હોય? સ્વભાષાનું ગૌરવ કરવામાં કેમ પાપ લાગતું હશે? બીજા કોઈ દેશમાં કે પ્રજામાં આવું જોયું છે?...

પણ આમ, અંગ્રેજીને ખોટી રીતે બચાવવા જતાં એ બચવાની નથી. અંગ્રેજીને એનું યોગ્ય સ્થાન આપવાથી જ એ ભારતને ઉપકારક થઈ શકે એમ છે. અને તે સ્થાન છે auxiliary–સહાયકારક ભાષાનું, વ્યવહારની કે શિક્ષણની ભાષાનું નહીં. અંગ્રેજીને એ સહાયક સ્થાને રાખવામાં આવે તો એ ચિરસ્થાયી રહેશે.

શંકરાચાર્યે એક ઠેકાણે કહ્યું છે કે ગમે તેટલો કુશળ નટ પણ પોતાના ખભા ઉપર ઊભો રહી શકતો નથી! એમ સ્વતંત્ર ભારત પોતાની સંસ્કૃતિને કે પોતાની ભાષાઓને વીસરી કે ગૌણ કરી સ્વતંત્ર રહી શકતો નથી. દેશની ભૌગોલિક વિશાળતા અને તજ્જન્ય વૈવિધ્ય ભૂંસી શકાતું નથી. ભૂંસવાના પ્રયત્નથી કોઈ કૃત્રિમ ઐક્ય આવતાં મહા અનિષ્ટ પ્રકારની વિકૃતિનો ભોગ દેશ બનશે. હાલની ભારતની મુખ્ય મુખ્ય ભાષાઓને અંગ્રેજી જેટલો, કદાચ એથી વધારે એવો, જૂનો ઇતિહાસ છે; જો કે એમનામાં અંગ્રેજી જેટલું સમૃદ્ધ સાહિત્ય ન ખેડાયું હોય! પણ આમ સૈકાઓથી ચાલી આવેલી અને વપરાતી ભાષાઓને વિસરાવી દેવાનો પ્રયત્ન મિથ્યા થવાનો, અથવા તો વધારે અનિષ્ટો ઉત્પન્ન કરનાર થવાનો.

રાજકારણી પુરુષો જેમ અનેક વસ્તુઓને પોતાનો કે પક્ષનો સ્વાર્થ સાધવા, કલહનું નિમિત્ત બનાવે છે તેમ, ભાષાઓને પણ બનાવે છે. તેમાં કેટલાક મુગ્ધ સાહિત્યકારો પણ સપડાય છે. પણ હકીકતમાં જો 'ડિસઈન્ટિગ્રેશન' હોય તો તેનું કારણ ભાષા નથી, પણ બીજાં સંકુચિત વલણો છે, કે જે વલણો ભારતમાં એક ભાષા કરવા છતાં પણ, 'ડિસઈન્ટીગ્રેસન' કરવા પૂરતાં છે. એટલે રાજકારણીઓએ ભાષાને અલગપણાનું મૂળ ગણવાનું અને કહેવાનું છોડી દેવું જોઈએ. સ્વભાષા એ માણસના વ્યવહારનું પહેલું સાધન છે, જ્ઞાનના ઉપાર્જનમાં અને સર્જનમાં! તેના સહાયક તરીકે અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન કે રશિયન, એક કે વધારે, રાખી શકાય; પણ એમાંના કોઈને સ્વભાષાનું સ્થાન આપવા વિચારવું એ અત્યંત અકુદરતી છે. એટલે મને એમ લાગે છે કે અંગ્રેજીના પુરસ્કર્તાઓ જો ખરેખર અંગ્રેજીને ઉપકારક રીતે રાખવા માગતા હોય તો તેમણે તેને તેના મર્યાદિત સ્થાનમાં રાખવા પૂરતો જ આગ્રહ સેવવો જોઈએ, જેમાં એમનો વિરોધ કરનારા બહુ થોડા નીકળશે.

* * *

પ્રશ્ન : હમણાં દિલ્હીમાં વાઈસ ચાન્સેલરોની પરિષદમાં ચોક્કસ શા નિર્ણયો લેવાયા?

ઉત્તર : તાં. ૧૨ ઓક્ટોબરનું 'ટાઇમ્સ' જોઈએ તો મથાળું એવું છે કે "Study of Hindi and English needs more attention"—Regional Languages may lead to isolation."—Jawaharlal Nehru.

એ જ પત્રનો રવિવાર (તા. ૧૪ મી)નો અંક જોઈએ તો એવું મથાળું છે : " Regional Languages in 'Versities... Vice-Chancellors agree on Instruction medium."

પણ આ બન્ને હેવાલો વાંચીએ તો એનો ભાવાર્થ લગભગ સરખો આવે. પણ બન્નેનાં મથાળાં કેટલાં દિગ્ભ્રમ કરનારાં છે!!

જુન મહિનામાં નેશનલ ઇન્ટીગ્રેશન કાઉન્સિલે ઠરાવ કર્યો કે યુનિવર્સિટીઓની બોધભાષા પ્રાદેશિક ભાષાઓ અથવા હિંદી હોવી જોઇએ. એ ઠરાવને વાઇસ ચાન્સેલરોની અને શિક્ષણ સંસ્થાઓના વડાઓની પરિષદે ત્રણ દિવસની ચર્ચા બાદ સ્વીકાર્યો (ઑક્ટો. ૧૪, ૧૯૬૨).

આખી ચર્ચાનો આ અહેવાલ વાંચીએ ત્યારે સમજાય છે કે તટસ્થ બુદ્ધિથી વિચાર કરતાં સૌને એમ સ્પષ્ટ સમજાય છે કે યુનિવર્સિટીઓમાં પણ બોધભાષા પ્રાદેશિક ભાષા જ હોઇ શકે; પણ પૂર્વઅભ્યાસ-પરિચય,—મહાવરા-ટેવના કારણથી એવો ભય થઈ આવે છે કે અંગ્રેજી બોધભાષા મટી જશે તો શું થશે? આપણે આ વાતચીતોમાં અનેક વાર એ મુદ્દો ચર્ચ્યો જ છે કે આ પરિવર્તન કે જે આવશ્યક અને ઇષ્ટ મનાયું છે તે કરવાનો વિષય, ક્રિયાનો વિષય છે, અમલમાં મૂકવાનો મુદ્દો છે. અને મૂકવો કે નહિ એ ચર્ચાનો મુદ્દો નથી. ચર્ચા તો એમાં ફક્ત એટલી જ સંભવે કે આ પ્રયોગને અમલી કેમ બનાવવો? એટલે કે શિક્ષણમાં ધોરણ નીચું ન ઊતરે એટલું જ નહિ પણ ક્રમે ક્રમે ઉત્તમોત્તમ ધોરણો સુધી પહોંચવા શા શા ઉપાયો લેવા જોઈએ, કરવા જોઇએ, એ હોઈ શકે.

આપણે ગઇ વાતચીતમાં એ ચર્ચી ગયા છીએ કે પ્રાદેશિક ભાષા સાથે જ્યાં જ્યાં જરૂર ઊભી થાય ત્યાં ત્યાં અંગ્રેજી કે હિંદીને વાપરવાની છૂટ રહેવી જોઈએ, જેમ ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતું હતું તેમ. આપણે એ પણ વિચારી ગયા છીએ કે ગુજરાતીને બોધભાષા તરીકે ફળદ્રૂપ કરવા અંગ્રેજીનું જ્ઞાન સચોટ હોવું જોઈએ અને યોગ્ય વ્યવહરણ માટે સંસ્કૃતનું જ્ઞાન જોઇએ. આપણા આ વિચારને ઠીક ઠીક સમર્થન કેન્દ્રના શિક્ષણ પ્રધાન ડૉ. શ્રીમાળી આપે છે. તેઓશ્રીએ આ પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું કે

" ... In fact, the adoppton of the regional languages as the medium of instruction calls for special efforts to improve the knowledge of English." ('Times of India' 12 Oct. 1962)

આમ મૂળ સિદ્ધાંતમાં તો ક્યાંય મતભેદ દેખાતો નથી. બોધભાષા પ્રાદેશિક ભાષા હોવી જોઇએ અને તેને અંગ્રેજીનું ખાતર મળવું જોઈએ. દેશના વ્યવહારની સુવિધા માટે હિંદુસ્તાનીનું જ્ઞાન સામાન્ય થવું જોઇએ.

પ્રશ્ન : તો મુશ્કેલી શેની છે?

ઉત્તર : મુશ્કેલી છે પ્રયોગની. આ સિદ્ધાંતમાં માનનારા થોડાક શિક્ષકોને સરકાર તે તે પ્રદેશમાં પ્રયોગ કરવા દે અને તેમને પૂરતી મદદ આપે તો કેવું?

કેટલાક પાઠ્ય-પુસ્તકોની મુશ્કેલી ઊભી કરે છે. 'ગુજરાતીમાં પાઠ્ય પુસ્તકો વિના શું શીખવશો?' આ પ્રશ્ન પૂછનારા એમ માની લેતા લાગે છે કે શિક્ષકોને કે અધ્યાપકોને પોતપોતાના વિષયનાં અંગ્રેજી પુસ્તકો વાંચવા માટે પૂરતું અંગ્રેજીનું જ્ઞાન નથી અને સલામણું

કરેલાં પુસ્તકો વાંચવાનું વિદ્યાર્થીને જ્ઞાન નથી! પ્રાદેશિક ભાષા દ્વારા શિક્ષણ આપવાની હિમાયત કરનારા આવું કલ્પતા નથી. તેઓ જાણે છે કે અંગ્રેજી પુસ્તકોની મદદ અધ્યાપક અને વિદ્યાર્થી બન્નેને લેવાની જરૂર છે.

બાકી તો, બધી વિદ્યાઓનાં પાઠ્ય-પુસ્તકો પ્રાદેશિક ભાષામાં તૈયાર થાય પછી જ પ્રાદેશિક ભાષાને બોધભાષા કરી શકાય એવો પ્રચાર તો, પ્રાદેશિક ભાષા ક્યારે પણ બોધભાષા ન થઈ શકે એ માટે હોય છે. કારણ કે તે તે વિદ્યાનાં સારાં પાઠ્ય-પુસ્તકો અનુવાદોથી નહિ, પણ તે તે ભાષા દ્વારા શિક્ષણ આપનારા અનુભવી શિક્ષકોના અને તે તે વિષયોનું સ્વભાષામાં નિરૂપણ કરતા લેખકોના હાથે જ કાર્યક્ષમ પાઠ્ય-પુસ્તકો થઈ શકે! પરિભાષાઓનું પણ એમ જ છે. શિક્ષણના અને બીજાં ક્ષેત્રોનાં વાઙ્‌મય વ્યવહારથી જ થઈ શકે. દલપતરામે કહ્યું છે તેમ,

"પઢતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય."

એમ કહી શકાય કે સ્વભાષા દ્વારા શીખવતાં અને વ્યવહાર કરતાં પાઠ્ય-પુસ્તકો તૈયાર થાય અને પરિભાષા ઘડાય.

૨૧-૧૦-૬૨

☆

[અનુસંધાન પૃ. ૩૩

માત્રામુપજીવન્તિ ભૂતાનિ । તે દિવ્ય આનંદના એક કણ માત્રનો આશ્રય કરીને આ વિશ્વનાં સકલ પ્રાણીઓ જીવન ધારણ કરી રહ્યાં છે. આ પરમ સ્થિતિ પ્રાપ્ત થાય તે પહેલાં સાધકને અનેક જન્મોની વાસનાઓને શાન્ત કરવામાં ઘણો સમય વ્યતીત થાય છે. તે માર્ગમાં આવતી અનુભૂતિઓ ક્રમે ક્રમે ઉન્નત, સૂક્ષ્મ કરવી પડતી હોય છે. તેમાં વચ્ચે થોડોક સમય રોકાઈ જઈ પ્રબળ વાસનાને ક્રિયા દ્વારા જ નિર્મૂળ કરવી પડતી હોય છે, માત્ર વિચાર દ્વારા તે નિવૃત્ત થાય તેવી નથી હોતી. ત્યારે પણ સાધકે અકળાવું જોઈએ નહિ, પણ સમતા જ ધારણ કરવી જોઈએ. સામાન્ય લોકો આ વિકટ સાધનમાર્ગને ન સમજે અને ટીકાઓ કરે, ત્યારે પણ તેણે સમતા જ ધારણ કરવી પડે છે. પણ જો તે સાચા દિલનો હશે, જો તેનો નિશ્ચય અફર હશે, તો છેવટે બધી વાસનાઓ નિર્મૂળ થશે અને નહિ તો તેમનું દિવ્ય ચેતનામય રૂપાન્તર સિદ્ધ થશે અને તેની સાધનાના પ્રયાસ પર સોનેરી સિદ્ધિનો કલશ બિરાજશે. આવી રીતે ધીરતાથી, સમતાથી, સાધકે આગળ વધ્યે જ જવાનું છે અને છેવટે તે બ્રહ્માનંદ, યોગાનંદ, આત્માનંદ, ભૂમાનંદને જરૂર પ્રાપ્ત કરવામાં સફળ થશે.

શા માટે અંગ્રેજી ?

લેખક : જે. પી. ચાતુર્વેદી

અનુવાદક : શંકર ભટ્ટ

'**મેન સ્ટ્રીમ**'ના સપ્ટેમ્બરની આઠમી તારીખના અંકમાં ડૉ. કર્વેએ યુનિવર્સિટીમાં શિક્ષણના માધ્યમ તરીકેના પ્રાદેશિક ભાષાના ઉપયોગનો વિરોધ કર્યો છે. તેમણે એવું ચિત્ર રજૂ કર્યું છે કે ડૉ. શ્રીમાળી રાષ્ટ્રને વિનાશની ગર્તામાં ઉતારી રહ્યા છે અને ભારત વિશ્વથી વિખૂટું પડી જશે અને એ રીતે પછાત રહેશે.

ડૉ. કર્વેના વલણથી એવી છાપ ઊઠે છે કે કદાચ તેઓ પોતે જ શિક્ષણના ક્ષેત્રના પ્રવાહોથી તેમજ જગતના બનાવોથી સદંતર વિખૂટા પડી ગએલા છે. ઘણાને આશ્ચર્ય થશે पण आजे विकसित देशोने निस्बत छे त्यां सुधी भारत ज एक एवो देश छे जे युनिवर्सिटीओमां शिक्षणमां माध्यम तरीके विदेशी भाषानो उपयोग करी रह्यो छे। લાંબા સમય સુધી અંગ્રેજીના પુરસ્કર્તાઓએ એના લાભો પર ફરી ફરીને ભાર મૂક્યો છે. પણ યુનિવર્સિટી શિક્ષણ અંગેના રાધાકૃષ્ણન કમિશન જેવું પ્રમાણભૂત પંચ પણ ઠેઠ ૧૯૪૯ માં એવા નિર્ણય ઉપર આવ્યું હતું કે અંગ્રેજીને બદલવું પડશે અને એની જગ્યા હિંદી અને પ્રાદેશિક ભાષાઓને આપવી પડશે. અંગ્રેજીના લાભોની નોંધ લીધા પછી પંચે અનુમાન દોર્યું છે કે અંગ્રેજી આજે યુનિવર્સિટીના શિક્ષણમાં એનું જે સ્થાન છે તે ચાલુ રાખી શકે એમ નથી.

અંગ્રેજીની તરફેણ કરતી બધી જ દલીલોની રાધાકૃષ્ણન કમિશને છણાવટ કરી છે અને એમ કરવામાં તેણે ડૉ. કર્વેએ જે રજૂઆત કરી તેની નોંધ લીધી છે. એમ છતાં અંગ્રેજીએ આપેલા ચોક્કસ ફાળાને માન્ય રાખ્યા પછી પંચ અનિવાર્ય એવા નિર્ણય ઉપર આવ્યું છે કે :

"અંગ્રેજી આપણી રાષ્ટ્રીય ટેવનો એવડો મોટો ભાગ બની ગયો છે કે અલગ પદ્ધતિમાં ઝુકાવવામાં અસ્વાભાવિક જોખમો હોવાનું જણાય છે. અમને લાગે છે કે એમ છતાં એ ફૂદકો અનિવાર્ય છે. અંગ્રેજી ભૂતકાળની જેમ રાજ્યની ભાષાના સ્થાને ચાલુ રહી શકે એમ નથી. એવી રીતનો અંગ્રેજીનો ઉપયોગ રાષ્ટ્રને બે વિભાગમાં વહેંચી નાખે છે. થોડા શાસકો અને અનેક શાસિતોના બે ભાગમાં વહેંચી નાખે છે. એક બીજાની ભાષામાં વાત કરી શકતો નથી ... આ લોકશાહીનો ઇન્કાર છે."

અંગ્રેજી, સંસ્કૃત અને હિન્દી સામેના વિરોધનું વિગતે પૃથક્કરણ કરી કમિશન એવા નિર્ણય ઉપર આવ્યું છે કે–

"અંગ્રેજીના ગમે તે ફાયદાઓ હોય અને નવાને અપનાવવામાં તાત્કાલિક ગમે તે જોખમ હોય, તો પણ લાંબી દૃષ્ટિએ લાભની સમતુલા પરિવર્તનમાં રહેલી છે ... ભારતના મોટા ભાગના લોકો બોલતા હોય તે ભાષાને અપનાવવા અને એને રાજ્યની ભાષાનો દરજ્જો આપવા તથા એ પસંદ કરેલા કાર્યને પૂરું કરવા માટે અને વિકસાવવાનો કોઈ

વિકલ્પ નથી. ઉપર જણાવેલાં કારણો અનુસાર આપણા દેશના ૧૨૦૦ લાખ કરતાં વધારે દેશવાસીઓ દ્વારા બોલાતી અને સમજાતી એવી ખડી બોલી એ—જેને હિંદી યા હિન્દુસ્તાની કહેવામાં આવે છે—એના ભાવિ કાર્યને પૂરું કરવાનું છે."

કમિશને શિક્ષણના માધ્યમ તરીકેના પ્રાદેશિક ભાષાના સ્થાનને યોગ્ય મહત્ત્વ આપેલું છેઃ

"લોકશાહી સમાજના સામાન્ય કલ્યાણ અને કેળવણીની દૃષ્ટિએ એ આવશ્યક છે કે તેમનો અભ્યાસ પ્રાદેશિક ભાષા મારફત થવો જોઇએ. પ્રાદેશિક ભાષામાંનું શિક્ષણ એમની પ્રાંતિક પ્રવૃત્તિઓ માટે આવશ્યક છે. એટલું જ નહિ પણ એ તેમને પોતાના સાહિત્યને સમૃદ્ધ કરવા અને સંસ્કારને વિકસાવવા શક્તિમાન બનાવશે ... ફેડરલ ભાષાના આવશ્યક જ્ઞાનથી સુસજ્જ એવા પ્રાંતિક વિદ્યાર્થીઓને માટે અખિલ ભારતીય ધોરણની સંસ્થાઓમાં જોડવામાં અને પ્રાંતિક સ્કૉલરોને તેમને શીખવવામાં કોઇ મુશ્કેલી નડશે નહિ."

એ પછી પંચે યુનિવર્સિટીના શિક્ષણમાંના હિન્દીના સ્થાનનો ખ્યાલ કરી જણાવ્યું છે કે :

"નજદિકના ભાવિમાં પ્રાદેશિક ભાષાઓ દરેક પ્રાંતમાં દરેક તબક્કે શિક્ષણનું મુખ્ય માધ્યમ પ્રાદેશિક ભાષાઓ બનશે એ બાબતને અમે માન્ય રાખીએ છીએ એ છતાં થોડા યા સર્વ વિષયોના શિક્ષણ-માધ્યમ તરીકે ફેડરલ ભાષાનો ઉપયોગ કરવાની યુનિવર્સિટીઓને છૂટ હોવી જોઈએ. બંને ભાષાઓનો ઉપયોગ થાય ત્યારે એ બંનેનો કેવી રીતે મેળ પાડવો તે એ અખતરો કરી રહેલી સંસ્થાને નક્કી કરવા દેવું જોઇએ. આવો અખતરો કરવા ઇચ્છા ધરાવતી કોલેજો યા યુનિવર્સિટીઓના માર્ગમાં કોઈ પણ અવરોધ ઊભો કરવો જોઇએ નહિ."

ડૉ. કર્વેએ ઉઠાવેલ મુદ્દાઓનો આમાંથી સંપૂર્ણ જવાબ મળી જાય છે, પ્રાદેશિક ભાષાઓ અને હિંદી સામેના જે વિરોધને એમને એકત્રિત કરવા પ્રયાસ કર્યો છે એનો જવાબ મળી જાય છે. પણ એમને ન્યાય આપવા માટે આપણને આજે લભ્ય એવી અન્ય માહિતીઓ દ્વારા યુનિવર્સિટી કમિશને જે કંઇ કહ્યું છે તેને તથા આધુનિક વિજ્ઞાન અને ટેકનોલૉજીના અજબ વિકાસને કારણે ઊભા થયેલા નવા પ્રશ્નોની રજૂઆત કરીશ.

"હ્યુમેનિટીઝ"—પછી એ સાહિત્ય, કલા, ફિલસૂફી યા ઇતિહાસ વ૦માં જે હોય તે—ના અભ્યાસને સંબંધ છે ત્યાં સુધી હિન્દી અને પ્રાદેશિક ભાષાઓ શિક્ષણના માધ્યમ તરીકે કોઇ પ્રશ્ન ખડા કરતી નથી. આ વિષયો અંગેના આ ભાષાઓમાં પ્રકાશિત થયેલાં વિપુલ સંખ્યાનાં પ્રકાશનો દ્વારા એ નિઃશંક રીતે પુરવાર થયું છે કે સંસ્કૃતના સમૃદ્ધ સાહિત્યથી સમૃદ્ધ અને સમૃદ્ધ ભૂતકાળ ધરાવતી સર્વ ભારતીય ભાષાઓમાં આ વિષયોની છણાવટ અને સમજાવટ થઈ શકે છે. પણ સવાલ એ ઊભો થયેલો છે કે આ યુગ વિજ્ઞાનનો છે અને આપણે વિશ્વથી વિખૂટા પડી શકીએ નહિ. એવો દાવો કરવામાં આવ્યો છે કે અંગ્રેજી આપણી અને દુનિયા વચ્ચેની સાંકળ છે અને આપણે વિજ્ઞાન અને ટેકનોલૉજીમાં પ્રગતિ સાધવી હોય તો આપણને સરળતાથી લભ્ય એવી આ સાંકળને—એવા આ સંપર્કને—સંબંધને ગુમાવવી જોઇએ નહિ.

વિજ્ઞાનનું જ્ઞાન આપણને લભ્ય બનાવે એવી એકમાત્ર ભાષા અંગ્રેજી જ છે એવું માનવું એના કરતાં વધુ મોટો કોઈ ભ્રમ નથી. એ સાચું છે કે દુનિયાભરના વિજ્ઞાનનાં ગણનાપાત્ર પ્રકાશનોનું અંગ્રેજીમાં ભાષાંતર થયેલું છે ત્યારે અંગ્રેજીમાં વિજ્ઞાનનાં મોટી સંખ્યાનાં પ્રકાશનો છે. પણ આપણે ભૂલવું ન જોઈએ કે વિજ્ઞાનનાં મૌલિક પ્રકાશનોને સંબંધ છે ત્યાં સુધી હજીય આપણે જર્મન અને ફ્રેંચ ઉપર આધાર રાખવો પડે છે અને હવે છેલ્લાં દશ વર્ષથી વધુ ને વધુ રશિયન ભાષા ઉપર આધાર રાખવો પડે છે. આજે રશિયન ભાષા વિજ્ઞાનના ક્ષેત્રની મહાન શોધોની વાહક બની ગઈ છે. વૉસ્ટોક–૩ અને વૉસ્ટોક–૪ના સફળ ઉડ્ડયને ખગોળશાસ્ત્ર અને ગણિતના ક્ષેત્રમાંના સોવિયેત વિજ્ઞાનના વિજયનો પુરાવો આપ્યો છે એટલું જ નહિ પણ એથી મેટલર્જી, ટેલીકોમ્યુનિકેશન્સ, ઇલેક્ટ્રૉનિક કંટ્રોલ, ફ્યુએલ ટેકનોલોજી, તબીબી વિજ્ઞાન, પોષણશાસ્ત્ર અને ફિઝીક્સ, કેમિસ્ટ્રી, મેથેમેટિક્સ, બાયોલોજી, મિટીઓરોલોજી ને સંબંધિત એવા વિજ્ઞાનના અનેક વિભાગોમાં સોવિયેત વિજ્ઞાનને મળેલી સફળતાનાં પણ એમાં દર્શન થાય છે. આ વિષયો પરની સંપૂર્ણ પકડને કારણે સોવિયેત અવકાશયાત્રી ધરતીની પૂરી ચોકસાઈથી ચાર પરકમ્મા કરી શક્યા છે.

સત્તાવાર ભાષાપંચ જ્યારે ડૉ. સી. વી. રામનને મળ્યું ત્યારે તેમણે પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે રશિયન વિજ્ઞાનની ભાષા બની રહી છે અને આધુનિક પ્રવાહોથી પરિચિત રહેવા માગતા વૈજ્ઞાનિકે રશિયન ભાષા શીખવી રહી.

પણ હકીકત એ છે કે અંગ્રેજીનું જ્ઞાન ઘણી વાર અન્ય ભાષાઓને ભણવામાં આડે આવે છે. ગયે અઠવાડિયે મારે દિલ્હીની નેશનલ ફિઝીકલ લેબોરેટરીની મુલાકાત લેવાનું બન્યું. અહીં ઉત્તમ ફિઝીસીસ્ટો તથા અવકાશી સંશોધન, ટેલીકોમ્યુનિકેશન અને હાયર એસ્ટ્રૉનોમીમાં રસ ધરાવતા વૈજ્ઞાનિકો ભેગા મળેલા છે. અંગ્રેજી સિવાયની અન્ય ભાષાઓ જાણનારા વૈજ્ઞાનિકોની સંખ્યા અંગે એક્ટિંગ ડાયરેક્ટરને પૂછ્યું, ત્યારે તેમણે જણાવ્યું કે ૨૦૦માંથી ૩૦ યા ૪૦ જણાને ફ્રેંચ યા જર્મન આવડે છે. એમાંના કેટલાને રશિયન આવડે છે એવું મેં પૂછતાં તેમણે જવાબ આપ્યો કે અમારી પાસે ત્રણ ભાષાંતરકારો છે અને તેમને રશિયન સારું આવડે છે. હું જ્યારે લેબોરેટરીના રેડીઓ વિભાગની મુલાકાત લઈ રહ્યો હતો ત્યારે મને સાભિમાન કહેવામાં આવ્યું હતું કે અમારી પાસે સંકેત શબ્દો ઝીલવા અને ઉપગ્રહને નિહાળવાને યાંત્રિકગોઠવણ છે. હકીકતમાં વિજ્ઞાન અંગેની સોવિયેત અકાદમી ભારત ઉપર થઈને પસાર થતા ઉપગ્રહો અને અવકાશી જહાજો અંગેની માહિતી તેમને પૂરી પાડે છે. નવી દિલ્હી ખાતે લભ્ય એવાં સાધનસામગ્રી તેમ જ ઉત્તમ ટેકનિકલ બુદ્ધિપ્રતિભા છતાં કોઈ પણ ભારતીય વૈજ્ઞાનિક વૉસ્ટોક–૪માંથી અવકાશયાત્રી પોપોવિચે કરેલ નિરીક્ષણને પોતાની મેળે સમજી શક્યો ન હોતો એ એક દુઃખદ હકીકત છે. સદ્‌ભાગ્યે ત્યાં ભારતમાં તાલીમ લઈ રહેલ એક યુવાન યુગોસ્લાવ સંશોધન કાર્યકર છે અને તેણીએ રશિયામાં આવતા આ નિરીક્ષણોનું ભાષાંતર કર્યું હતું. આ એક જ બનાવ ઉપરથી માલૂમ પડે છે કે આપણે કેવા નબળા સજ્જ છીએ અને અન્ય કરતાં રશિયન

પર જેને માટે આધાર રાખવો પડે છે એવા વૈજ્ઞાનિક વિશ્વના અદ્યતન પ્રવાહોથી કેટલા વિખૂટા છીએ.

પણ આવું કંઈ ભારત એકલાનું જ નથી. આ માટે ઉચ્ચ જ્ઞાન ધરાવતા ભારતીય વૈજ્ઞાનિકો દોષિત નથી. એ તો છે અન્ય ભાષાના ભણતરને નિરુત્સાહી કરતાં અંગ્રેજી ભાષાનાં રટણ અને ખૂબી. ખુદ બ્રિટનમાં પણ જ્યાં સૈકાઓ સુધી ગ્રીક અને લેટિન શીખવવામાં આવતું હતું તેને દૂર કરવામાં આવ્યાં છે અને આજે એક અંગ્રેજને લાગે છે કે તે દરેક સ્થળે અંગ્રેજીની સહાયથી એનું કામ ચાલે છે એટલે એને અન્ય ભાષા જાણવાની કોઈ જરૂર નથી.

ત્યારે બીજી બાજુએ હકીકત તો એ છે કે આજે પણ માનવ સમાજનો એક જ ત્રિભાગ અંગ્રેજી બોલે છે અને સમજી શકે છે, એટલે કે અંગ્રેજો અને એક યા બીજે ટાણે અંગ્રેજોના ગુલામો હોય તે જ અંગ્રેજી બોલે છે અને સમજે છે. યુરોપનો કે લેટિન અમેરિકાનો કોઈ પણ દેશ અંગ્રેજીનો ઉપયોગ કરતો નથી. અમેરિકાને બાદ કરતાં અંગ્રેજીનો ઉપયોગ આજે આફ્રિકા અને એશિયામાંના જૂના યા આજે ચાલુ એવાં સંસ્થાનો પૂરતો મર્યાદિત છે. મધ્ય પૂર્વના નાના દેશો પણ અંગ્રેજીની સહાય વિના ચલાવી શકે છે અને કેટલીક વાર તો તેઓ ભારતના અનેક નાગરિકો કરતાં વધુ તૈયાર હોય છે. ઇન્ડોનેશિયા અને લેબેનોનમાં મેં મારા પત્રકાર સાથીઓને થોડું અંગ્રેજી, થોડું ફ્રેંચ, થોડું જર્મન, રશિયન યા ચીની બોલતા જોયા છે. આવો દાવો કરી શકે એવા ભારતીય પત્રકારો નામના છે.

એ સાચું છે કે ભારતીઓ અંગ્રેજી સારી રીતે બોલી શકે છે પણ તેઓ અન્ય કોઈ પણ ભાષા બિલકુલ બોલી શકતા નથી. ત્યારે બીજી બાજુએ ડચ, હંગેરીઅન, રૂમાનીઅન, બલ્ગેરીઅન, પોલિશ, ઇટાલીઅન અને સ્પેનિશ દ્વારા વિજ્ઞાન અને કલાનું જ્ઞાન મેળવતા સરેરાશ યુરોપીઅન થોડું ફ્રેંચ અને જર્મન અને કેટલીક વાર અંગ્રેજી પણ જાણે છે. विदेशोना मारा प्रवासमां मैं जोयुं छे के अंग्रेजी भाषा बोलता सद्गृहस्थ पछी ते सामान्य अमेरिकन या ब्रिटिश प्रवासी या अगाउनी ब्रिटिश वसांहतमांना आंतरराष्ट्रीय परिषद् माटेना कोइ प्रतिनिधिने अंग्रेजी सिवाय बीजी भाषा आवडती नहोती. એને પરિણામે એ મોટી મુશ્કેલીમાં મુકાય છે. પણ પોલિશ, હંગેરીઅન, રશિયન યા જર્મન પત્રકાર યા ખુદ પ્રવાસીની સ્થિતિ સારી હોય છે; એને એની પોતાની ભાષા સિવાય વિશ્વવિખ્યાત એવી એક બે ભાષાઓનું થોડુંકે જ્ઞાન હોય છે. અને એક સ્કેન્ડેનેવીઅન તો ત્રણથી ચાર ભાષા જાણે છે. તેઓ જે લોકો સાથે વાત કરતા હોય છે તેમની ભાષામાં વાત કરી શકે છે અને એથી લોકોને સમજવાનો અને એમ કરી પોતાના અનુભવની સમૃદ્ધિની અભિવૃદ્ધિ કરવાનો અને આનંદ માણવાનો લાભ મળે છે.

સોવિયેત સંઘમાં ખાસ તાલીમ લઈ રહેલા તેલના ભારતીય ટેકનિશિયનોના એક જુથને હું મોસ્કોમાં મળ્યો હતો. તેમની સાથે વાત કરતાં મને માલૂમ પડ્યું કે એમની મોટામાં મોટી મુશ્કેલી રશિયન ભાષાના જ્ઞાનનો એમનો અભાવ હતી. એક ટેકનિશ્યને મને જણાવ્યું હતું કે રશિયન ઇજનેરોને અંગ્રેજી આવડતું નથી તેથી ખૂબ જ સમય બગડે છે અને રશિયનો જેટલું શીખવી શકે છે એટલું અમે શીખી શકતા નથી. તેમને દુભાષિયાઓ ઉપર આધાર

રાખવો પડતો હતો અને એ દુભાષિયાઓને સામાન્ય રીતે વિજ્ઞાનનું પૂરતું જ્ઞાન હોય એવું હોતું નથી તેથી વૈજ્ઞાનિક શબ્દો—પારિભાષિક શબ્દોનું ભાષાંતર તેમને માટે મુશ્કેલ હતું.

રૂમાનીઆના પેટ્રોકેમિકલ ખાતેની તેલની રીફાઈનરીની મેં મુલાકાત લીધી ત્યારે મને પણ એવો અનુભવ થયો હતો. મારો દુભાષિયો વૈજ્ઞાનિક શબ્દોનું ભાષાંતર કરવામાં મુશ્કેલી અનુભવતો હતો; બીજા એક સ્થળે પેટ્રોકેમિકલ ઈન્સ્ટીટ્યુટમાં એના ડાયરેક્ટરને તેને જો અંગ્રેજી આવડતું હોય તો તેમાં કંઈક કહેવા મેં જણાવ્યું. ડાયરેક્ટરે જવાબમાં જણાવ્યું કે તેને અંગ્રેજી આવડતું નથી. અને તે જે કાંઇ કહેવા માગતો હતો તે સમજવું મારે માટે સરળ નહોતું. બુખારેસ્ટમાં હું ઓઇલ અને પેટ્રોકેમિકલ ઇન્ડસ્ટ્રીઝના નાયબ પ્રધાન જોડે વાત કરતો હતો ત્યારે એમણે કંઇક કહ્યું તેનું દુભાષિયાએ ખોટું ભાષાંતર કર્યું : એ દુભાષિયો અંગ્રેજી અલ્પ જાણતો હતો. પાછળથી એણે મને જણાવ્યું કે મૂલથી એણે જે ભાષાંતર કર્યું હતું તે ખોટું હતું અને મારે મારી નોંધ પ્રમાણે સુધારી લેવું.

મેકસીકો યુનાઈટેડ સ્ટેટ્સની પડોશમાં આવેલું છે અને ત્યાં અંગ્રેજી વ્યાપક રીતે સમજાય છે એમ માનીએ તો ચાલે એવું છે. તેઓ અંગ્રેજીનો શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરે છે ખરા ? એવા મેં મેકસીકો યુનિવર્સિટીના રેકટરને પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે મને સાફ જણાવ્યું હતું કે અમારી યુનિવર્સિટી અમેરિકાની પુરાણીમાં પુરાણી યુનિવર્સિટી છે અને યુનાઈટેડ સ્ટેટ્સમાં જ્યારે શાળાઓ નહોતી ત્યારે અમને સ્પેનથી પુસ્તકો મોકલવામાં આવતાં હતાં. મેકસીકોમાં વિજ્ઞાનની કેળવણી સ્પેનિશમાં અપાય છે. અહીં ખૂબ જ વિખ્યાત એવી ટેકનિકલ અને એન્જીનિયરીંગ કોલેજો છે. એક દૃષ્ટિએ સ્પેન યુરોપીઅનોને પૂર્વમાંથી શીખેલાં વિજ્ઞાન અને કલાનું જ્ઞાન આપનાર પ્રથમ દેશ છે. અત્રે એથી એમ કહી શકાય કે આધુનિક જમાનામાં સ્પેનિશ લોકોએ મહાન વૈજ્ઞાનિકો પેદા નહિ કર્યા હોય તો પણ એમની ભાષામાં વિજ્ઞાન શીખવવાનું કૌવત છે.

પણ સોવિયેત ઉઝબેકીસ્તાન, તાઝકીસ્તાન યા તુર્કમેનીઆ અંગે આપણે શું કહેવાનું છે ? આધુનિક જ્ઞાનના ધામ ગણાતાં ફ્રાંસ કે ઈટાલી કરતાં ઉઝબેકીસ્તાનમાં આજે વધુ વૈજ્ઞાનિકો અને ઈજનેરો છે; અને એમણે અંગ્રેજી, ફ્રેંચ, જર્મન યા ખુદ રશિયનનો શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરીને નહિ પણ ઉઝબેક ભાષા દ્વારા જ આ સિદ્ધિ સાધી છે. (માજી) રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ સાથે જ્યારે હું ઉઝબેકીસ્તાન ગયો હતો ત્યારે મેં ત્યાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિષયોના શિક્ષણના માધ્યમ અંગે સવાલ પૂછયો ત્યારે મને તેમના પ્રમુખે જવાબ આપ્યો કે અમારું માધ્યમ અવશ્ય ઉઝબેક ભાષા છે. એવું જ પડોશના તાજીકીસ્તાનનું છે. અહીં પણ કેળવણી તાજિક ભાષા દ્વારા અપાય છે. આજે આ દેશોમાં યુનિવર્સિટીઓ, ઈજનેરી કોલેજો, ફિઝીક્સ અને જીઓ-ફિઝીક્સની સંસ્થાઓ, ઉચ્ચ સંશોધન માટેની અકાદમીઓ છે. અને આ સંસ્થાઓમાં અપાતી તાલીમ ઔદ્યોગીકરણમાં મન મૂકીને લાગી પડેલા સામાન્ય કામદાર સુધી પહોંચી ગઈ છે.

આપણો દેશ લોકશાહી, સમાજવાદ અને નિયોજનને વરેલો છે. આ ત્રણેય માટે સામાન્ય લોકો વ્યાપકતમ ધોરણે પહેલ કરે એ જરૂરી છે અને એ મોટા ભાગના લોકો જે ભાષા બોલે તે દ્વારા જ શક્ય બની શકે એમ છે અને નહિ કે વસ્તીના બે ટકા દ્વારા

બોલાતી ભાષા દ્વારા. વિખ્યાત વૈજ્ઞાનિક અને યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશનના ચેરમેન ડૉ. કોઠારી એવા નિર્ણય ઉપર આવ્યા છે કે કારીગરો તથા વિશિષ્ટ તાલીમ ધરાવતા કામદારોને તાલીમ આપવા તથા વિજ્ઞાનને વ્યાપક ધોરણે પ્રચલિત મનાવવા માટે શાળાઓના શિક્ષણનું માધ્યમ સંબંધિત પ્રદેશની ભાષા હોવી ઘટે. તેમણે અંગ્રેજીના જ્ઞાનને વિજ્ઞાનના અભ્યાસ માટેની ભાષાઓમાંના એક તરીકે ગણાવ્યું છે. પણ તેમણે એવું પણ જણાવ્યું છે કે રશિયન ભાષાનો અભ્યાસ અત્યારે છે તેના કરતાં ખૂબ જ વધુ હોવો જોઈએ.

ખૂબ જ વ્યાપક એવી એક ખોટી છાપ એ છે કે વિજ્ઞાનની એક આંતરરાષ્ટ્રીય 'ટર્મિનોલૉજી' છે—આંતરરાષ્ટ્રીય પારિભાષિક શબ્દો છે અને તે અંગ્રેજીમાં સરળતાથી લભ્ય છે. અને તેથી આપણે જો અંગ્રેજીનો ઉપયોગ કરીએ તો તેથી આપણે સમગ્ર યુરોપમાં વૈજ્ઞાનિકો જે પારિભાષિક શબ્દો (વિજ્ઞાનના) વાપરે છે તેનો ઉપયોગ કરીએ છીએ. આ માન્યતાની પોકળતાને ડૉ. કોઠારીએ સુંદર રીતે ખુલ્લી પાડી છે :

> "આપણા દેશની વિવિધ ભાષાઓ માટે એક જ પ્રકારની વૈજ્ઞાનિક પરિભાષાનો વિચાર કરવો દેખીતી રીતે અવ્યવહારુ છે. એક જ પ્રકારની પરિભાષા—વૈજ્ઞાનિક કે અન્ય—માત્ર સામાન્ય એવી ભાષા ઉપર જ આધારિત હોઈ શકે. દાખલા તરીકે, યુરોપીઅન ભાષાઓમાં કોઈ એક જ પ્રકારની વૈજ્ઞાનિક પરિભાષા નથી. એના પુરાવા તરીકે વિવિધ ભાષાઓના શબ્દકોષો જુઓ."

આગળ જતાં તેમણે બતાવ્યું છે કે અંગ્રેજ, ફ્રેંચ, જર્મન યા સ્પેનિશ લોકો જે પરિભાષા વાપરે છે તેના કરતાં સદંતર જુદી એવી પરિભાષા વાપરવા છતાં જાપાનીઓ વૈજ્ઞાનિક અને ટેકનિકલ પ્રગતિ સાધી શક્યા છે. અંગ્રેજીનો 'એસિડ' જાપાનીઝમાં 'સાન' અને રશિયનમાં 'કિસ્લોતા' બની જાય છે. એ જ પ્રમાણે 'બેટરી' શબ્દ જાપાનીઝમાં 'ડેન્ચી' અને 'સેલ' શબ્દ જાપાનીઝમાં 'સીમો' બને છે. ત્યારે 'વાલ્વ' 'બેન' અને 'નામી' બની જાય છે.

આમ આપણે જોઈ શકીએ છીએ કે અંગ્રેજી ભાષા ખરા અર્થમાં નથી આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક ભાષા કે નથી વિશ્વભાષા. એણે આપણને જે લોકોને આપણે ઓળખીએ છીએ તેના સંપર્કમાં રાખ્યા છે એટલે કે અંગ્રેજી બોલતા લોકોના સંપર્કમાં રાખ્યા છે અને આપણે જો વિશ્વનાં નવાં બળોના સંપર્કમાં આવવા માગતા હોઈએ તો આપણે અંગ્રેજીની મોહજાળ ભેદી બહાર આવવું જોઈએ અને ત્યારે જ આપણે અન્ય ભાષા ભણી શકીશું.

હું જ્યારે આમ કહું છું તે માત્ર મારી કલ્પનાઓને આધારે નહિ પણ એને 'લંડન ટાઇમ્સ'નો પણ આધાર છે. સપ્ટેમ્બરની ૨૦મીના અંકમાં એ પત્રે એક લેખ બહાર પાડ્યો હતો. એ લેખનું નામ હતું "વૈજ્ઞાનિકોને ભાષાનો પડકાર." વિજ્ઞાન હવે આંતરરાષ્ટ્રીય નથી અને વ્યવહારમાં દેશ દેશ વચ્ચેના વૈજ્ઞાનિકો વચ્ચેના વ્યવહારમાં એમની અલગ ભાષાઓ અવરોધ ઊભો કરે છે એવું સચોટ લેખમાં જણાવવામાં આવ્યું હતું કે :

> "૧૯૩૯માં ગમે તેવી સ્થિતિ હોય તો પણ અત્યાર સુધી અલ્પ વિકસિત એવા સંખ્યાબંધ દેશોના ઝડપી ટેકનોલૉજિકલ વિકાસને અનુલક્ષીને બ્રિટિશ ઉદ્યોગોને એનું હરીફ તરીકેનું સ્થાન જાળવી રાખવાની બાબત અગત્યની છે. અને તેથી ટેકનિકલ

માહિતી પદ્ધતિસર એકઠી કરવાનું તથા તેનું મૂલ્યાંકન કરવાનું કદી પણ નહોતું એટલું મહત્ત્વનું બની ગયું છે—પછી એ શોધ ગમે તે ભાષામાં થઇ હોય.

" આ કરવા માટે બ્રિટનના સીનીઅર ઔદ્યોગિક કામદારોને દુનિયાના મોટા ભાગના વૈજ્ઞાનિક કાર્યથી અલગ પાડતા ભાષાના અવરોધોને દૂર કરવાનાં સાધનો શોધવાં જોઇએ. ' આ અવરોધોને દૂર કરવાના કેટલાક માર્ગો ' સ્પેશ્યલ લાયબ્રેરીઝ અને ઇન્ફર્મેશન બ્યુરો તરફથી અત્યારે જ બહાર પડેલા હેવાલનો એક વિષય છે.

" વીસ વર્ષ પર હતો તેના કરતાં આ આખો પ્રશ્ન આજે ખૂબ જ ગૂંચવણીઓ બની ગયો છે. કબૂલ કરવું જોઇએ કે અત્યારે પ્રસિદ્ધ થતું વૈજ્ઞાનિક અને ટેકનિકલ સાહિત્યનું બધું ભાગ્યે અંગ્રેજીમાં પ્રકાશિત થાય છે. ઠીક ઠીક છતાં ઘણો ઓછો ભાગ ચ અને જર્મનમાં પ્રસિધ્ધ થાય છે. આ ભાષાઓ વાંચવા જેટલું જ્ઞાન હોવા અંગે ગ્રેજ્યુએટ વૈજ્ઞાનિકોને ખ્યાલ આપવામાં આવેલો છે એ છતાં વ્યવહારમાં શાળામાં એ અથવા અન્ય ભાષા શીખનાર માટે પાછળથી એ વાંચવાની કોઇ સગવડ નથી. એમ છતાં આજે હવે ટેકનિકલ માહિતી માટે અત્યાર સુધી જેની ગંભીર ગણતરી કરવામાં આવી નહોતી તે ભાષાઓને યાદીમાં મોટા પ્રમાણમાં આમેજ કરવામાં આવી છે.

" સોવિયેત યુનીઅનની વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેની ભારે પ્રવૃત્તિએ અસંખ્ય પ્રકાશનોને જન્મ આપ્યો છે. જાપાનીઝમાં પણ ખૂબ જ મૌલિક કાર્ય થયું છે, ખાસ કરી જહાજોનાં બાંધકામ અને ટેક્સ્ટાઇલ ટેકનોલોજી અંગે. "

આ ભાષાઓથી પરિચિત થવા માત્રથી આપણું કાર્ય પતી જતું નથી એવું જણાવી એ લેખમાં વધુમાં એ મતલબનું જણાવ્યું હતું કે ધરઆંગણે કોમન માર્કેટ આવતાં ઔદ્યોગિક કામદારોને યુરોપીઅન પરિભાષા, સ્પેસીફિકેશનનાં ધોરણો, સંશોધનના હેવાલો અને સર્વ પ્રકારની ઔદ્યોગિક પ્રક્રિયાઓથી પરિચિત થવું પડશે.

બ્રિટનની ઉત્પાદકતાની કાર્યક્ષમતા પાછળ પડવા અંગે ' ટાઇમ્સે ' ચેતવણી આપી છે : " ... કારણ કે આપણે અંગ્રેજી ભાષા બોલતા જગતના ટેકનિકલ જ્ઞાનને પસંદ કરીએ છીએ, જાણીએ છીએ અને લાગુ પાડીએ છીએ. "

अने आपणा करतां खूब ज आगळ अने औद्योगिक क्रांतिना घर गणातां इंग्लेन्डने आ चेतवणी आपवामां आवी छे त्यारे, आपणे शुं एक मात्र अंग्रेजीने वळगी रहेवा जेटला मूर्ख बनी शकीए खरा ?

(' મેઇન સ્ટ્રીમ ' ઓક્ટોબર ૬, ૧૯૬૨ ના એક લેખ ઉપરથી)

★

મિત્રો

વૈકુંઠ શાહ

દિવાળીની રજા પછી અમે બધાં તે જ સવારે ગામથી શહેરમાં પાછાં ફર્યાં હતાં. ઘરનાં મીઠાં સોણલાં હજી મનમાંથી નીકળ્યાં ન હતાં. કેટલાકને જીવનસાથીની મૂર્તિ હજી સતાવતી હતી. એવે સમયે અમારી નાનકડી ખોલીમાં હળવું વાતાવરણ પ્રવર્તે એમાં કંઈ નવાઈ ન હતી.

સમૂહમાં બેઠાં હોઈએ ત્યારે એક વાત પરથી બીજી વાત કેમ શરુ થાય છે તેનો તાગ મેળવવો મુશ્કેલ બને છે. પહેલાં અમે એકાદ બે પ્રેમઘેલાંઓની ખબર લઈ લીધી, પછી રાજકીય વાતાવરણની ગરમ ચર્ચા જામી અને તે પછી ખર્ચાળ જીવનધોરણ વિષે વાત નીકળી.

એટલામાં મેં કનુને પૂછ્યું :

"નાનુભાઈ નથી આવ્યા, ઘર વહાલું લાગ્યું કે શું ?"

કનુ મૌન રહ્યો.

"કેમ બોલતો નથી ?"

"નાનુભાઈ હવે નહિ આવે."

"એમ કેમ બોલે છે ? જરા સ્પષ્ટ તો કહે."

"એમણે ભણવાનું છોડી દીધું છે."

"ભણવાનું છોડી દીધું !" અમે સૌ એક સાથે બોલી ઊઠયા.

"હા."

"કારણ ?"

"ગરીબી !"

હળવું વાતાવરણ એકદમ ગંભીર બની ગયું. નાનુભાઈ અમારી મંડળીનાં રત્ન સમાન હતા. ભણવામાં અને રમવામાં એમનું સ્થાન પ્રથમ જ હોય. સાથી તરીકે સદાય આનંદી અને સ્વભાવે ધીરગંભીર.

"કનુ, વિગતથી વાત કહે તો ખબર પડે."

"વિગતથી વાત કહેતાં મારે આખો ઇતિહાસ કહેવો પડે. અને તેમ કરવાનો અર્થ પણ શો છે ? મોટાભાઈએ આ બધી વાત કોઈને કહેવાની મના કરી છે."

"કોઈને નહિ પણ અમને તો કહી શકે. અમે તો તારા અને નાનુભાઈના અંગત મિત્રો છીએ. અમને કહેવામાં સંકોચ ન હોય." રોહિતે કંઈક ગળગળા અવાજે કહ્યું.

"તમારી વાત સાચી છે. બીજા કોઈ અમારા દુઃખની કલ્પના પણ ન કરી શકે, પણ તમારામાંથી એકેએક ગરીબ ઘરમાંથી આવો છો એટલે અમારી આ રામકહાણી પાછળની કરુણતા સમજી શકશો."

કનુએ શરુ કર્યું :

"ગરીબી અમારો વંશપરાગતનો વારસો છે. ત્રણ-ત્રણ પેઢીથી અમે નિર્ધનતા સિવાય બીજું કંઈ જોયું નથી. મારા દાદાજીની એવી ઇચ્છા હતી કે અમારા પિતાજીને અને

કીકીઓને ભણાવીને કુટુંબને કાળી કંગાલિયતમાંથી છોડવે; પણ એક પછી એક નબળાં વર્ષો આવી ગયાં, ફસલ નિષ્ફળ નીવડી, માંદગીઓ આવી ગઈ અને પરિણામે કેળવણી આપવાની વાત તો બાજુએ રહી પણ શાહુકારનું કરજ માથે ચઢી ગયું!

"મારા પિતાજીએ તો સોગંદ લીધા કે ગમે તે ભોગે નાનુ અને કેનુને ભણાવીશ. એમની તમન્નાએ અમને પ્રેરણા આપી. રોજ સાત માઈલનો રસ્તો કાપી નિશાળે જવાનું હતું છતાં મોટાભાઈ મેટ્રિકમાં સારી રીતે પાસ થયા. આગળપાછળનો કંઈ પણ વિચાર કર્યા વિના પિતાજીએ અહીં શહેરમાં અમને ભણવા મોકલ્યા. ગામના લોકો કહેતાં: 'કાળીદાસ, છોકરાને શહેરમાં ભણાવતાં હાથ કાણા થશે અને બાવા બનવાનો વખત આવશે હો.' પિતાજી હસીને કહેતા: 'ભલે બાવો બનીશ: પણ છોકરાનો અવતાર તો સુધરશે ને!'

"ત્રીજે વરસે હું મેટ્રિક થયો. પિતાજી પણ ઘડીભર થંભી ગયા પણ વિદ્યાદેવી પ્રત્યે એમને એવો આદર હતો અને એની શક્તિમાં પિતાજીને એવો અટલ વિશ્વાસ કે એમણે કહી દીધું: 'કનુ પણ નાનુ સાથે શહેરમાં ભણવા જશે. હું થોડી મહેનત વધારે કરીશ અને ઘટતાં નાણાં મોતીચંદ શાહુકાર પાસેથી લઈ લઈશ. મારા બે છોકરા કમાતા થાય પછી શાહુકારનું દેવું ભરતાં વાર કેટલી?' પિતાજી ઉત્સાહમાં આવી બોલતા: 'કિનારે આવેલું વહાણું ડૂબવા દે એવો આ કાળિયો કાચો નથી.'

"મને અહીં ભણવા મોકલ્યો અને પિતાજીએ બમણા જોમથી કામ શરુ કર્યું. ખેતરમાં ત્રણ ત્રણ પાક લેવાનો અખતરો શરુ કર્યો. પણ એ મહેનત એમનું જીર્ણ શરીર જીરવી ન શક્યું અને આ દશેરાને દિવસે એમનું....' કનુ વધારે બોલી ન શક્યો.

"અર...ર" સૌના મોંમાંથી નીકળી ગયું અને બધાંની આંખ ભીની બની.

"કનુ કોલેજ ખૂલે ત્યારે તું શહેરમાં ચાલી જજે. હવે આપણે બે જઈએ એ પોસાવે એમ નથી.'

"મોટાભાઈ, તમારે તો હવે બે જ વર્ષ બાકી છે, મારે તો ચાર વર્ષ કાઢવાંના છે. એક કામ કરો. તમે તમારો અભ્યાસ પૂરો કરો એટલો વખત હું ખેતીનું કામ સંભાળીશ. તમે આવશો પછી હું ભણીશ."

"એમ ન બને, ભાઈ. વિદ્યાભ્યાસ ભંગ થાય એ બરાબર ન કહેવાય. કદાચ તારું એ પછી ભણવામાં ચિત્ત ન લાગે. તું નિરાંતે ભણે એમાં મને સંતોષ અને આનંદ છે. હું આટલું પણ ભણી શક્યો એ કંઈ ઈશ્વરની જેવીતેવી કૃપા છે?"

"મારા લાખ કાલાવાલા અને દલીલ બેકાર નીવડ્યાં. અને મોટાભાઈએ મને અહીં મોકલ્યો ત્યારે જ જંપ્યા."

ગમગીન વાતાવરણમાં અમે છૂટા પડ્યા.

* * *

"નાનુભાઈના અભ્યાસ માટે આપણે શું કંઈ જ કરી ન શકીએ?" બીજે દિવસે કનુ એના સંબંધીને મળવા ગયો ત્યારે ગોપાળે વાત ઉપાડી.

"લાગે છે તો એવું જ."

"આપણે સાત મળી એમના ખર્ચનો બોજો ઉપાડી ન શકીએ?"

"એ કેમ બને? આપણે સૌ ગરીબ કુટુંબોમાંથી આવીએ છીએ. કરકસરથી રહીએ છીએ. ઘણાના વડીલો દેવું કરી અહીં નાણાં મોકલે છે. એ હાલતમાં નાનુભાઈના રહેવાનો અને ભણવાનો ખર્ચ કેમ કાઢવો?"

"કરકસર કરીને."

"તેમ કરવામાં આપણે કંઈ બાકી રાખ્યું નથી."

"આપણી સહાનુભૂતિ છતાં કોઈ રસ્તો દેખાતો નથી."

"ભોગ આપવા તૈયાર હો તો રસ્તો જરૂર નીકળે," ગોપાળે ભારપૂર્વક જાહેર કર્યું.

"બતાવો રસ્તો."

"એ માર્ગ સરળ નથી. મિત્રને મદદ કરવાની તાલાવેલી હોય અને વિદ્યાદેવીની આરાધનામાં શ્રદ્ધા હોય તો કહું."

સૌએ મૂક સંમતિ બતાવી.

"ભોજનનો ડબ્બો બંધ કરી રસોડું સહકારી પદ્ધતિથી ચલાવીએ તો તેથી નાનુભાઈનો ખાવાપીવાનો ખર્ચ વિનામુશ્કેલીએ નીકળી આવશે. ઓરડી સાફ કરવાને અને કપડાં ધોવાને જે નોકર રાખ્યો છે તે કામ હાથે જ કરી લેવું. કૉલેજ જવાનાં કપડાં ધોબીને આપીએ છીએ તે ઘેર જ ધોવાં અને અસ્રી પણ ઘેર જ કરવી. આમ કરવાથી નાનુભાઈની ફીનો તેમજ પુસ્તકોનો ખર્ચ સહેજે મળી રહેશે."

"જો આપણે હળીમળીને વ્યવસ્થિત રીતે વહેંચણી કરીને કામ કરીએ તો કોઈને દોઢ કલાકથી વધારે કામ કરવું નહિ પડે. એટલે કે અત્યારે ઊઠીએ છીએ તેથી દોઢ કલાક વહેલાં ઊઠીએ તો આ બધું કામ થઈ જાય અને અભ્યાસમાં ખલેલ ન પડે."

"શહેરના કોઈ વિદ્યાપ્રેમી પાસે કે કોઈ સંસ્થા પાસેથી નાનુભાઈને શિષ્યવૃત્તિ ન મળે?" કુમારે સૂચન કર્યું અને ગોપાળ પાસે તેનો જવાબ પણ તૈયાર હતો:

"એ અશક્ય નથી પણ મારો એવો મત છે કે પોતાના ત્યાગ, પુરુષાર્થ અને શ્રમને બળે જો નાનુભાઈ અભ્યાસ પૂર્ણ કરી શકે તો તેની જે શોભા છે તે આ માર્ગમાં નથી. અંગ્રેજીમાં કહેવત છે ને કે 'પુરુષાર્થીને પ્રભુ સહાય કરે છે.'"

ગોપાળની યોજનાએ અમને સૌને વિચારમાં મૂકી દીધા. છેલ્લાં એક બે વર્ષના સતત સહવાસથી અમે સૌ એક બીજામાં એટલાં ઓતપ્રોત થયા હતા કે અમારી વચ્ચે એક નિશ્ચલ આત્મીયતા જન્મી હતી. પૈસાને કારણે નાનુભાઈ અભ્યાસ પડતો મૂકે એ વિચાર જ અમારા દિલમાં દર્દ ઉપજાવતો હતો. અમારામાંથી કોઈ ઘેરથી વધારે મંગાવી શકે એવી સ્થિતિ ન હતી. એ સંજોગોમાં એક બાજુ ગોપાળે દર્શાવેલો માર્ગ અને બીજી બાજુ નાનુભાઈની વિદ્યાભ્યાસની સાધનાનો કરુણ અંત એ બે જ માર્ગ હતા.

ગોપાળે સાનુકૂળ વાતાવરણ જોઈ ઉપસંહાર કરતાં કહ્યું:

"આ આખી યોજનાનો આધાર સ્વેચ્છાપ્રેરિત ત્યાગ અને સહકાર પર છે. જો આપણે પૂર્ણ સહકારથી કામ કરીએ તો જ એ પાર પડે. સાથે કોઈના અભ્યાસમાં રૂકાવટ ન થવી જોઈએ. મને એમ લાગે છે કે આપણે બધા એક દિવસ શાંતિથી વિચાર કરીએ અને જો એકેએક વ્યક્તિ મારી જેમ માનતી હોય તો જ યોજનાને અમલમાં મૂકીએ."

× × ×

બીજે દિવસે કનુની ગેરહાજરીમાં અમે સૌ ફરી મળ્યા અને ગોપાળની યોજનાને સૌનો સંપૂર્ણ ટેકો મળ્યો. વાત એટલેથી પતે એમ ન હતું. નાનુભાઈના સમજુ અને સ્વમાની સ્વભાવથી અમે અપરિચિત ન હતા. અમારી યોજનાને તેઓ આવકારશે નહિ તેની અમને શંકા ન હતી એટલે અમે નક્કી કર્યું કે ગોપાળે ગામ જઈ નાનુભાઈને સમજાવી શહેરમાં અભ્યાસ માટે લઈ આવવા.

ગોપાળ ઘરમાં દાખલ થયો ત્યારે નાનુભાઈ તરત જ ખેતરેથી આવેલા હતા.

"ગોપાળ, તું અહીં ક્યાંથી?"

"બેસવા તો દેશો કે નહિ?" થેલી બાજુ પર મૂકતાં ગોપાળે હસતાં હસતાં કહ્યું.

"નાનુભાઈ, હું તમને લેવા આવ્યો છું."

"ક્યાં?"

"શહેરમાં,—ભણવા માટે."

"કનુએ તમને વાત નથી કરી?"

"વાત જાણું છું. તમારા પિતાશ્રીના અવસાનના સમાચારથી અમને સૌને ખૂબ દુઃખ થયું છે પણ તમે અપનાવેલો માર્ગ બરોબર નથી."

"મારી પાસે બીજો ઉપાય જ ન હતો. હું શું કરું ગોપાળ" નાનુભાઈની આંખ ભીની બની.

"તમારી પાસે નહિ તો અમારી પાસે ઉપાય છે."

ગોપાળે પોતાની યોજના ટૂંકમાં કહી.


"ગોપાળ, તમારી ઉદારતા અને મૈત્રી માટે હું ઋણી છું, પણ મારે ખાતર તમારો અભ્યાસ જોખમમાં પડે એ મારાથી કેમ સહન થાય? તમે સૌ ગરીબ માતપિતાનાં આંખના રતન સમા છો. તમારા અભ્યાસમાં કોઈ જાતનું વિઘ્ન આવે એ યોગ્ય નથી. ઈશ્વરે મને આટલે સુધી ભણવાની તક આપી તે એની ઓછી દયા છે? કનુ ભણે અને આગળ આવે એ જ મારા જીવનનો પહેલો મંત્ર."

"તમારી વાત સાચી, પણ આપણે બધા ગરીબીના ચાકળામાં ઘડાએલા છીએ. સૌ પોતાની જોખમદારી સમજીએ છીએ. જ્યાં ભાવના ઉચ્ચ છે ત્યાં રસ્તો ભૂલશું નહિ એવો મને વિશ્વાસ છે."

"એ વાત જ મારા ધ્યાનમાં ઊતરતી નથી."

"અમારામાં તમને વિશ્વાસ નથી? અમારી મૈત્રીમાં તમને શ્રદ્ધા નથી? નાનુભાઈ, મારું અંતર તો કહે છે કે ઈશ્વરની પ્રેરણાથી આ વિચાર સૂઝ્યો છે અને તેની કૃપાથી જ એ પાર પડશે. ચાલો, તૈયાર થઈ જાઓ. નાનુભાઈ, કાલે સવારની એસ. ટી.માં આપણે જવું છે."

"ગોપાળ, આ પ્રશ્નનો નિકાલ એટલો સરળ નથી. જો હું ગામ છોડું તો મારો એકલાનો જ નહિ પણ કનુને ભણાવવાના બોજાનો પણ વિચાર કરવો પડે. કદાચ એમ પણ બને કે મારી માને પણ થોડીઘણી મદદની જરૂર પડે. આ બધી જોખમદારી સ્વીકારવામાં તમે શાણપણ બતાવો છો એમ લાગે છે?"




સં. ૨૦
માગશ

તંત્રી

ણ વિશ્વનાથ પાઠક

સંચાલક

રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી



卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૫ માગશર : ૨૦૧૯ અંક ૨

અગન જલ

સુન્દરમ્

અગન જલ પિયો પિયો,
જલન રસ પિયો પિયો.
સબ જલમાં જલ એક યહી,
સબ રસમાં રસ એક યહી,
બસ એક લગન મન લિયો લિયો,
અગન જલ પિયો પિયો.
એ રસ સોનું નિત નિત પીતું,
એ રસ પ્રેમયુગલ કો પીતું,
એ હરિકૃપા સરિત જલબિંદુ,
અગન જલ પિયો પિયો.

★

શ્રી અરવિંદના આશ્રમમાં

સુન્દરમ્

કામનાનો માર્ગ

સિદ્ધિ.

માણસ માત્રનો આ જીવનમંત્ર છે. દરેકને જીવનમાં કંઈ ને કંઈ પ્રાપ્ત કરવું છે, સિદ્ધ કરવું છે. નિષ્ફળતા, પરાજય એ કદી માણસનું લક્ષ્ય હોતું નથી. માણસની કામના-પ્રેરિત ચેતના હમેશાં ફળ માગે છે, સુફળ માગે છે. એણે જ્ઞાનવૃક્ષનું ફળ ચાખ્યું ત્યાર પછી જાણે કે તે ફળોનો જ ભોગી બની ગયો છે.

માત્ર એક પ્રભુ જ એવા છે કે જે નિષ્ફળતાને પણ પોતાના કાર્યક્રમમાં શમાવી લે છે, કેમકે એમને ફળની સ્પૃહા નથી. પ્રભુની પ્રેરણા ફળ માટેની, કામનાપૂર્તિ માટેની નથી હોતી. પ્રભુ તો પોતાના દિવ્ય સંકલ્પને સાકાર કરે છે. અને એ સાકારની ગતિમાં દરેક પરિસ્થિતિને ઊભી થવા દે છે, આવકારે છે. એટલે તો એમણે સચ્ચિદાનંદમાંથી સાવ ઊલટી અ-સચ્ચિદાનંદની, અસત્, અચિત્, અન્-આનંદની સૃષ્ટિ ઊભી થવા દીધી. અને એ બધા અ-ભાવોમાંથી પછી ભાવની-અભિભાવનની સૃષ્ટિ ઊભી કરવા માંડી.

આપણું આ જગત તે આ અભિભાવન-becomingની ગતિ છે. અને જગતમાં કંઈક થવું જોઈએ, સિદ્ધ બનવું જોઈએ એ ચેતનામાત્રની ગતિ રહે છે. પણ આ કંઈક એટલે શું? માણસના મને, પ્રાણે, ઇચ્છાએ, વાસનાએ, અહંકારે, અજ્ઞાને જે કાંઈ વિચાર્યું, ઝંખ્યું, ગોઠવ્યું હોય તે? એ તો કેમ રીતે બને! એક જણને ગરમી લાગતી હોય અને એકને શરદી તો પછી પંખો અને સગડી એકી સાથે કેવી રીતે કામ કરે? આમ માનવની ગોઠવેલી વસ્તુઓ બનતી નથી, એ છે નિષ્ફળતા. માણસ ગોઠવે, પ્રભુ ભાંગે. એટલે દરેક નિષ્ફળતા પાછળ પ્રભુનો હાથ, પ્રભુનો ટેકો હોઈ શકે એમ વિનમ્ર ભક્ત હૃદયો સ્વીકારે છે. અને ઈશ્વરેચ્છા બળીયસી કહી તેમાં પોતાની ઇચ્છાને ઓગાળી નાખે છે, અને સ્વ-સંકલ્પથી નહિ પણ પ્રભુના સંકલ્પથી પ્રેરાવાને ઝાની ઝંખના કરે છે અને તે સિદ્ધ બને ત્યારે પ્રેરાતો રહે છે.

આશ્રમમાં જીવનની ભૂમિકા

શ્રી વિનોબા આશ્રમમાં આવ્યા અને શ્રી માતાજી પાસેથી કંઈ બોધવચન માગ્યાં ત્યારે સીધી રીતે શ્રી માતાજીએ કંઈ જવાબ ન આપેલો. પણ પછી વાતવાતમાં કહેલું:—

'For us here there is only one thing that counts, we aspire for the Divine, live for the Divine, act for the Divine!'

['અમારે માટે તો અહીં એક જ વસ્તુ મહત્ત્વની છે, અમે તો પ્રભુને અર્થે અભીપ્સા કરીએ છીએ, પ્રભુને અર્થે જીવીએ છીએ, પ્રભુને અર્થે કામ કરીએ છીએ.]

પણ આ આડકતરી રીતે કહેલી વાણીમાં પણ શ્રી માતાજીએ પૂરો બોધ ભરી દીધો છે. શ્રી માતાજીએ એક દર્પણ આપી દીધું છે અને દરેકને–અને તેમાં શ્રી વિનોબાજીને પણ—કહે છે કે અમારી સ્થિતિ આ છે, તમારી સ્થિતિ તમે પોતે સમજી લો, આ દર્પણમાં જુઓ, સામે કોનું મુખ દેખાય છે? અમે બધે પ્રભુનું મુખ જોવા માગીએ છીએ. અમારી અભીપ્સા; અમારું જીવન, અમારું કર્મ કેવળ પ્રભુને અર્થે થાય છે. તમારું, તમારું-તમારી અભીપ્સા, જીવન, કર્મ–કોને માટે, કોને માટે, કહો, કોને માટે છે? જોઈ શકો છો, સમજી શકો છો. તમે સાચો પ્રશ્ન કરશો તો એના ઉત્તર અંગે પ્રભુ તમને અંધારામાં રહેવા નહિ દે.

આજે અનેક લોકો રોજેરોજ આશ્રમ જોવાને આવે છે. દર્શનાર્થીઓને આશ્રમ બતાવવા માટે આશ્રમમાં એક સ્વાગત વિભાગ પણ રાખ્યો છે, અને આશ્રમની પ્રવૃત્તિઓની એક પત્રિકા મહેમાનોના હાથમાં મૂકી તેમને પગપાળા કે મોટરોમાં કે બસોમાં બેસાડી આશ્રમની પંદર વીસ માઈલમાં પથરાયેલી કેટલીયે પ્રવૃત્તિઓ બતાવવામાં આવે છે, અને શ્રી માતાજીનાં, શ્રી અરવિંદની સમાધિનાં તેમ જ તેમના નિવાસ ખંડનાં પણ દર્શન કરાવવામાં આવે છે.

અને આ બધું શા માટે છે તેનો જવાબ જોવા આવનારને પહેલે પગથિયે તો નહિ પણ આશ્રમ જોવાનો પૂરો કરીને તે પાછો ફરે છે ત્યારે કંઈક તો મળી જ રહે છે. પૂરેપૂરો તો નહિ કદાચ, કેમકે આશ્રમમાં સાધના કરતા માણસોને પણ એ પૂરો જવાબ તો એકદમ હાથ આવેલો હોતો નથી.

આશ્રમમાં, ઘણી પ્રવૃત્તિઓ, અને કેટલીક તો અતિ ઉત્તમ રૂપે ચાલે છે. બહારની જેમ અહીં પ્રેસ, કારખાનાં, દુકાનો, ખેતરો, શાળા, રમતગમતો, ઉત્સવો, બધું છે. પણ જે બહાર છે તે આશ્રમમાં પણ છે એ રીતનો આનો અર્થ નથી, એ રીતે આશ્રમ પોતાનો સંતોષ લેતો નથી, પોતાની કૃતાર્થતા સમજતો નથી.

ભાવિના માર્ગની રચના

એટલે તો શ્રી માતાજીએ અતિ સ્પષ્ટ રીતે કહ્યું છે કે—

'આપણે બીજાઓ જે કરી રહ્યા છે એ જ વસ્તુ (સહેજ વધારે સારી રીતે) અહીં કરવાની નથી.

'આપણે તો, બીજાઓ જે કરી શકતા નથી, કેમકે એ વસ્તુ થઈ શકે તેવી છે એવો એમને ખ્યાલ પણ નથી, એ અહીં કરવાની છે.

'આપણે તો બાળક સમક્ષ, ભાવિનાં આ સંતાનો સમક્ષ, એ ભાવિનો માર્ગ ખોલી આપવાનો છે.

'આ સિવાયની બીજી કોઈ વસ્તુ ખાતર મહેનત કરવા જેવી નથી, આ સિવાયની બીજી કોઇ વસ્તુ શ્રી અરવિંદની સહાયને પાત્ર નથી.'

૬-૯-૧૯૬૧

શ્રી અરવિંદની સહાય અને શ્રી માતાજીની સહાય—એમના તરફથી આપણને કંઈ પણ મળે તે શા માટે? આપણી નાની મોટી કામનાઓ પૂરી થાય, ધનધાન્યાદિ, પુત્રાદિક પ્રાપ્ત થાય, આપણા અધૂરા અગ્ન સંકલ્પો, યોજનાઓ સિદ્ધ થાય એટલા માટે?

માણસને આમ તો ઘણું બધું જોઈએ છે, અને એ બધા માટે તે ઘણું ઘણું કરે છે. અને પ્રભુકૃપાથી માણસને ઘણું ઘણું મળે પણ છે. પણ શ્રી માતાજી—શ્રી અરવિંદ શું કરવા માટે બેઠેલાં છે?

'પ્રભુનો સાક્ષાત્કાર: એ જ એક માત્ર જરૂરની વસ્તુ છે.'

'બીજાઓ જે કરી શકતા નથી, કેમકે એ વસ્તુ થઇ શકે તેવી છે એવો એમને ખ્યાલ પણ નથી, એ અહીં કરવાની છે.'

પ્રભુનો સાક્ષાત્કાર જોઈએ—આપણી હજારો પ્રાર્થનાઓમાં આ ખ્યાલ એકાદ વાર પણ સ્ફુરે છે ખરો? આપણા કાર્યક્રમોમાં-યોજનાઓમાં આ વસ્તુની શક્યતા પણ આપણે વિચારી શકીએ છીએ? જે બીજાઓ વિચારી શકતા નથી, જેને માટે પલાંઠી વાળીને બેસી શકતા નથી, એ જ કરવાને માટે શ્રી અરવિંદ પોંડિચેરીમાં આવીને બેઠા, એ જ માટે શ્રી માતાજી અહીં આવ્યાં ને રહ્યાં ને આશ્રમ ઊભો કર્યો. એ જ માટે આશ્રમની બધી પ્રવૃત્તિઓ ઊભી થવા દીધી. એ જ માટે-કે-પ્રભુનો સાક્ષાત્કાર થાય. ભાવિનો માર્ગ આ છે, મનુષ્ય પ્રભુનો સાક્ષાત્કાર મેળવશે અને એ સાક્ષાત્કારમાં જીવન ગાળશે.

'મારા યોગનો સારોયે અર્થ અને સારોયે હેતુ આ જ છે: આખાયે જીવનને પ્રભુના દિવ્ય કાર્ય માટેના એક આવિર્ભાવ રૂપે કે સંગઠન રૂપે બનાવી લેવું.'

આશ્રમમાં જીવન આ આવિર્ભાવ અને સંગઠનની દિશામાં જઈ રહ્યું છે. માનવ જીવનને માટે એક નવી જીવનરચના, પ્રભુના દિવ્ય કાર્યના એક અંગ રૂપેની, તૈયાર બની રહી છે.

★

હજુ ચાળીસ જ વરસ પહેલાં

સ્વામી આનન્દ

દુનિયાના તમામ ધર્મોના આદિગ્રન્થોમાં સૃષ્ટિની ઉત્પત્તિનાં વર્ણનો છે જે મોટેભાગે માનવીના બાળપણની વિવિધરંગી કલ્પનાસૃષ્ટિ સૂચવનારાં છે. આધુનિક જ્ઞાનવિજ્ઞાન જોડે એનો મેળ બેસી ન જ શકે. જ્ઞાનવિજ્ઞાનના વિકાસ જોડે જ્યારે એ જૂનવાણી કલ્પનાઓની અથડામણ શરુ થઈ ત્યારે અલબત્ત જૂનવાણી લોકોની દુનિયાના મન પર મોટા આઘાત થયા ને ઉત્પાત મચ્યા. આ હુમલાનો ન્યાત, જાત અને સમાજો બાંધીને જીવવા શીખેલા માનવીએ પોતપોતાનાં વર્તુળોમાં તીવ્ર વિરોધ કર્યો અને નવતર જ્ઞાનના હિમાયતીઓ તેમજ પ્રચારકોના ઉપર નાત, જમાત, સમાજ કે ધર્મગુરુઓનાં તમામ બળજોર ઠાલવીને તેવા "બંડખોરો"ને છૂંદી નાખવા પ્રયત્નો કર્યા. ઈટાલીમાં ગેલીલિયોને પૃથ્વીની આસપાસ સૂર્ય નથી ફરતો પણ પૃથ્વી જ સૂર્યની આસપાસ ફરે છે એમ કહેવા સારુ બંદીખાને પૂરાવું પડ્યું. ખ્રિસ્તી પોપની આજ્ઞા માનવાની ના પાડનારા લોકોને ભૂતપ્રેતોએ ઝાલ્યા છે, એમ કહીને પોપની તેમજ રાજની આજ્ઞાઓ હેઠળ મધ્યયુગના યુરોપમાં હજારો લાખો માણસોને ગામેગામ થાંભલે બાંધીને જાહેરમાં સળગાવી મૂકવામાં આવ્યા. દુનિયાભરમાં ઓછેવત્તે અંશે આમ બન્યું.

પણ સત્યને અને અંતરની ઊંડાણે થતા માનવીના અનુભવને કોઈ રીતે ગૂંગળાવી શકાતાં નથી. તેથી આધુનિક જ્ઞાનવિજ્ઞાનના આવિષ્કાર આગળ જૂનવાણી માન્યતાઓને પીછેહઠ કરવી જ પડી. સૃષ્ટિક્રમમાં માનવીના આદિપૂર્વજો વાનરકુળના હોવા જોઈએ એ વિચારણા ગઈ સદીમાં ડાર્વિને જ્યારે પહેલપ્રથમ રજૂ કરી ત્યારે ઇંગ્લંડ, યુરોપ તેમજ દુનિયાની ભણેલી પ્રજાઓમાં વિરોધ અને હાંસીનો વરસાદ વરસ્યો. હજુ આજેય દુનિયાભરના જૂનવાણી માનસવાળા લોકો પોતપોતાના જૂના ધર્મગ્રન્થોમાં સૃષ્ટિની ઉત્પત્તિનાં જે બાલિશ વર્ણનો છે તેને તેવી જ ચીવટાઈથી અને જડતાથી વળગી રહેતા જોવામાં આવે છે.

આજે વીસમી સદીમાં હજુ ત્રણચાર દાયકા અગાઉ અમેરિકા જેવા અગ્રણી ગણાતા દેશમાં પણ સત્યજ્ઞાનના શિક્ષણ સામે જૂનવાણી માનસવાળા બહુજનસમાજનો ઉગ્ર વિરોધ હતો. એવા કાયદા પણ અમેરિકન લોકશાહીનાં સંસ્થાનોની કાયદાપોથી ઉપર હતા. ટેનેસીની વિધાનસભાએ આજથી આશરે ચાળીસ વરસ પર એવો કાયદો પાસ કરેલો કે પવિત્ર ધર્મશાસ્ત્ર બાઈબલમાં આવતી સૃષ્ટિઉત્પત્તિની વાતનો ઇન્કાર કરે કે તેને ખોટી ઠરાવે એવું કોઈ પણ શિક્ષણ આપવું એને કાયદેસરનો ગુનો ગણવો. આ કાયદો શાળાપાઠશાળાઓમાં માનવવંશ વિકાસને લગતી ડાર્વિનની થીઅરી શીખવવા સામે હતો.

ડેટન નામના ગામે જ્યૉર્જ રાપેલી નામનો એક ઇજનેર હતો. તે આ કાયદા સામે લોકોમાં પ્રચાર કરતો. એક દિવસ પોતાની દલીલ દરમ્યાન એણે કહ્યું કે વિકાસવાદનો ક્રમ સમજાવ્યા વગર કોઈ શાળાશિક્ષક વિદ્યાર્થીઓને પ્રાણીશાસ્ત્રવિજ્ઞાન શીખવી જ ન શકે. ગામની નિશાળના મહેતાજી મિ૰ જૉન સ્કોપ્સને બોલાવવામાં આવ્યા.

તેમણે કહ્યું, 'રાપેલીભાઈની વાત સાચી છે.'

'આમ કહેવામાં તમે કાયદાનો ભંગ કરો છો.'

'દરેક શિક્ષકને એમ કરવું પડે છે. પ્રાણીશાસ્ત્ર વિષય અંગે જે પાઠ્યપુસ્તક અમે નિશાળમાં શીખવીએ છીએ તેમાં રાપેલીભાઈની જ વાત લખેલી છે.'

મહેતાજી ઉપર મુકદ્દમો ચાલ્યો. જોતજોતામાં આ ખટલાની વાત આખા અમેરિકામાં દાવાનળની જેમ ફેલાઈ ગઈ. અમેરિકાની નાગરિક સ્વાતંત્ર્ય યુનિયને અમેરિકામાં 'શાળાના શિક્ષકને સત્ય વાતનું શિક્ષણ આપવાની સ્વતંત્રતા ખરી ? કે એને સારુ એણે જેલ જ જવું જોઈએ ?' એ વાતનો ફેંસલો જરૂર પડ્યે દેશની સૌથી વડી અદાલત સુધી જઈને પણ મેળવી લેવાનું જાહેર કર્યું.

આ મુકદ્દમો ચલાવવા સરકાર તરફથી વિલ્યમ જેનિંગ્સ બ્રાયને ઑફર કરી. તુરત જ તેની સામે બચાવપક્ષના વકીલ તરીકે શિકાગો રહેવા ક્લૅરન્સ ડેરો નામનો વયોવૃદ્ધ નામાંકિત વકીલ તૈયાર થયો. બ્રાયન મોટો ધર્મધુરંધર, પાદરી ધર્મનો ચુસ્ત તરફદાર, હતો. તે કાળે દુનિયાભરમાં સૌથી નામાંકિત વક્તા ગણાતો. અમેરિકન પ્રજાતંત્રના પ્રમુખપદ માટે ડેમોક્રૅટિક પક્ષે ત્રણવાર એને પોતાના ઉમેદવાર તરીકે ચૂંટેલો. જૂનવાણી ધર્મભાવનાવાળી અમેરિકાની વિશાળ જમાતનો એ આગેવાન હતો.

મેનાજીનો ખટલો શરૂ થયો. તે દિવસે ૧૫૦૦ની વસ્તીનું ડેટન ગામ મેળે ઉભરે તેમ ઉભરાયું. ગામ આખામાં ધજા તોરણો બંધાયાં. પાદરીઓના ડેરાતંબૂ નંખાયા. તેમાં રાજ્યનો વિકાસવાદ-વિરોધી કાયદો ઘડનારો જૉન બટલર પણ હતો.

અદાલત ઉપડી. જડ્જે એક પાદરીબાવા પાસે પ્રાર્થના કરાવીને કેસ શરૂ કર્યો. બાર જણની જ્યૂરી. તેમાંના ત્રણને બાઈબલ સિવાય ચોપડી નામે ચીજ જોડે ઓળખ નહોતી. એકને અક્ષર જોડે !

સરકારી વકીલે મુકદ્દમો શરૂ કરતાં જ કહ્યું,
'આરોપીને ભાન હશે જ કે એણે શો ખોપ ખોદ્યો છે !'

આરોપીના વકીલ ડેરોએ જવાબમાં કહેલું,
'હાજી, મારા અસીલને ખબર છે. બારસો ખબર છે કે આ દેશમાં અજ્ઞાન અને અંધશ્રદ્ધા જોડે મડાગાંઠ વાળીને જીવનારા લોકોના સંગઠન સાથે એણે બાકરી બાંધી છે. પણ આ વાત ફેસલ નહિ થાય તો આજે મારો પંતુજી છે ને કાલે છાપાં, માસિકો, ચોપડીઓ, બધાંનો વારો આવવાનો છે; ને પેલો સોળમી સદીનો યુગ પાછો આવશે જ્યારે જોતજોતામાં જૂનવાણી ધર્મઝનૂનીઓ અંધશ્રદ્ધાને પડકારનારાઓને વળી પાછા લાકડે બાંધીને જીવતા સળગાવશે.'

નિશાળના છોકરાઓને ફરિયાદી પક્ષ તરફથી સાક્ષી તરીકે લાવવામાં આવ્યા. એમણે જુબાની આપી કે માસ્તરે એમને વર્ગમાં વિકાસવાદ શીખવ્યો હતો. પણ એમણે એમ પણ ઉમેર્યું કે
'એથી કંઈ અમારી બુદ્ધિ બગડી નથી.'

ત્રીજા એક ચૌદ વરસના વિદ્યાર્થીએ જુબાની આપતાં કહ્યું કે
'માણસ ગાય ઘોડા કુતરા બિલાડી જેવું આંચળવાળું પ્રાણી છે એમ ગુરુજીએ અમને શીખવ્યું.'

'પણ માણસ બિલાડી જેવો જ છે એમ માસ્તર શીખવે છે ખરા ?'

'ના જી. એ તો કહે છે કે માણસને બુદ્ધિ છે.'

ડેરો ડોસાએ વ્યંગ કર્યું :
'અલબત્ત, અહીંને માટે એ જરા શંકા પડતું ગણાય ખરું !'

બ્રાયને સરકાર પક્ષે દલીલ માંડી :
'આપણો પવિત્ર ધર્મગ્રન્થ બાઈબલ કહે છે કે માણસ સ્વર્ગની લીલી વાડીમાંથી પૃથ્વી પર ઊતર્યો; જ્યારે વિકાસ-વિજ્ઞાનવાળા કહે છે કે પૃથ્વીએ જ એને સર્જ્યો, અને એ એના જંગલી નર વાનર આદિ વડવાઓમાંથી સુધરતો સુધરતો આજની સ્થિતિએ પહોંચ્યો છે. દેવબાપાએ ઘડી યોજના ભેર

આણવા સારુ માનવીને પોતાના જાતતમૂના પર ઘડ્યો, એ શાસ્ત્રકથન આવા નવતર લોકો આવીને ઇટપટાંગ શીખવે એટલા સારુ કંઈ ખોટી થવાનું નથી. પણ પવિત્ર ધર્મગ્રન્થે કહેલી વાતની આવી હાંસી અવગણના કેમ સંખાય ?'

બ્રાયનના વક્તૃત્વનું જાદુ સૌ જાણતા. એણે એકથી વધુ વેળા આખા અમેરિકા દેશને ચારે છેડેથી ધ્રુજાવી મૂક્યો હતો.

આમ છતાં આજ એનો ધ્રુજારો કંઈક મોળો લાગ્યો.

બચાવ પક્ષ તરફથી ડેરો ડોસાએ પોતાના મદદનીશ મલોનને જ વળતું ભાષણ કરવા દીધું. મલોને કહ્યું :

'શ્રી બ્રાયન આપણા દેશના એક ધર્મધુરંધર આગેવાન છે. પણ ધર્મગ્રન્થ બાઇબલ વિષે બોલવાનો એમનો એકલાનો જ અધિકાર છે, એવું કંઈ નથી. દેશમાં ઘણાયે લોકો પડ્યા છે જેમણે જિંદગીઓ આખી ધર્મપ્રચારમાં ને બાઇબલને અનુસરવામાં ગાળી છે; જ્યારે શ્રી બ્રાયને ધર્મપ્રચારના કામ કરતાં ઘણી વધુ જિંદગી રાજદ્વારી ખટપટોમાં વીતાવી છે. વિચાર, વાણી અને જ્ઞાનવિજ્ઞાનની સ્વતંત્રતા માણસમાત્રને માટે છે. પણ શ્રી બ્રાયન માને છે કે એ બેઉ વચ્ચે કાયમી અદાવત છે. સત્યની જોડે કોઈ પણ જ્ઞાનવિજ્ઞાનને અદાવત હોય એ જ નહિ. સત્ય સ્વયંભૂ અને ત્રિકાળાબાધિત છે. અને સત્યનો જ અંતે જય છે એ વાત પણ તેટલી જ અફર છે. શ્રી બ્રાયનની કે બીજા કોઈ માનવીની વકીલાતના ટેકાની એને જરૂર નથી.'

ડેરો-મલોને ધુરંધર બ્રાયન મહાશયને ક્ષીલમાં સાથેસાથ ચત્તાપાટ સુવાડી દીધા હતા. પણ જજે સાત-સાત વૈજ્ઞાનિકોને બચાવ પક્ષે સાક્ષી આપવા દેવાની ના પાડી !

બીજે દિવસે અદાલતમાં ચિકાર ભીડ. કોરટના ઓરડાની ફરસ તૂટવાની બીકે અદાલત બહારના કમ્પાઉન્ડમાં ઝાડ તળે બેઠી. બે હજાર પ્રેક્ષકો મોંઘમેળ ખટલો સાંભળે. બાવીસ તારવાળો રોજના ૧,૬૫,૦૦૦ શબ્દો છાપાંઓને સમાચારના મોકલે !

હવે આરોપી માસ્તર તરફથી ડેરો ડોસલ બચાવ કરવા ઊભા રહ્યા.

વિકાસવાદ વિરોધી કાયદાના શબ્દ એવા હતા કે બાઇબલને અક્ષરેઅક્ષર સાચું માનીને ચાલવું. બ્રાયનના મનમાં ફગફગો કે ડેરો ડે.સો કંઈક આડું-અવળું પૂછશે.

ડેરો ડોસાએ તેવો જ તાશેરો કર્યો. કહે,

'સરકારી પક્ષના વકીલ શ્રી બ્રાયન દેશભરમાં આપણા ધર્મશાસ્ત્ર બાઇબલના ધુરંધર જાણકાર શાસ્ત્રી તરીકે વિખ્યાત છે. દેશ દુનિયાભર એમણે બાઇબલ ઉપર પ્રવચનો કર્યાં છે, અને લખાણો પુસ્તકો લખ્યાં છે. તેથી એમને જ હું બચાવપક્ષના સાક્ષી તરીકે મૂકું છું !

અદાલત, સાક્ષી, પ્રેક્ષક બધા આભા બની ગયા !

બ્રાયન પણ થથરી ઊઠ્યો: 'શું બકી રહ્યો છે? ડોસાએ દાટ વાળ્યો. આ વૃદ્ધ કપિ (બૂઢો વાંદરો) આડાઅવળા સવાલો પૂછીને શું મારે જ મોઢેથી એના અસીલના બચાવની સામગ્રી કઢાવશે ?'

ડેરો મક્કમ.

બ્રાયનને પણ ડેરોની ચેલેન્જ નકારવામાં નીચાજોણું લાગ્યું. સાક્ષીના પાંજરામાં જઈ ઊભો રહ્યો.

ડેરો ડોસલે સાક્ષીની જુબાની લેવા માંડી:

'તમે બાઇબલનો અક્ષરેઅક્ષર માનો છો ?'

'હા રતો.'

(પ્રેક્ષક વર્ગમાં જોસભેર તાળીઓ)

'બારનું. હવે હું બાઇબલનું આદિ પ્રકરણ જ વાંચું. સૃષ્ટિની ઉત્પત્તિને લગતું. સાંભળો :

"પૃથ્વી ઉપર શરૂમાં અંધારું હતું. દેવબાપાએ કહ્યું 'અજવાળું થાવ.' અને

અજવાળું થયું. આ અજવાળાને દેવબાપાએ 'દિવસ' કહ્યો, ને અંધારાને 'રાત.' આમ સાંજ અને સવાર મળીને પહેલો દિવસ થયો."

આ શાસ્ત્રવચન સાચું છે ને?'

'સાત સાચું.'

હવે આગળ વાંચું છું:

"પછી દેવબાપાએ બે મોટા દીવા સરજ્યા. સૂરજ ને ચાંદો. સૂરજને કર્યો દિવસનો સ્વામી ને ચાંદાને કર્યો રાતનો સ્વામી. આ હતો ચોથો દિવસ."

'આ શાસ્ત્રવચન પણ સાચું જ ને?'

'અક્ષરે અક્ષર.'

'હવે દેવબાપાએ દિવસરાત સરજ્યાં એ દિવસ પહેલો હતો, ને સૂરજ સરજ્યો એ ચોથો દિવસ હતો, ખરું ને?'

'અલબત્ત.'

'હવે ભલા થઈને એટલું સમજાવશો, કે પહેલે દહાડે જો સૂરજ જ નહોતો, તો પછી રાત ને દિવસ કઈ રીતે થયાં?'

બ્રાયને માથું ખંજવાળ્યું. કહે 'નામદાર કોરટને મારી અરજ છે કે આ નાસ્તિક માણસ આ ન્યાયની અદાલતનો ઉપયોગ પ્રભુની બદગોઈ કરવામાં કરી રહેલ છે!'

ડેરોઃ 'કંઈ નહિ, વાંધો નહિ, ગભરાઓ નહિ. જરા આગળ ચાલીએ:

"દેવબાપાના વૈકુંઠની વાડીમાં આપણા આદિ વડવા બાવા આદમ અને હઉવા રહેલાં'તાં, ત્યાં પેલા કમબખત સરપે એમને ભોળવ્યાં અને દેવબાપાએ સરપને સરાપ દીધો કે 'જા. પૃથ્વી પર જઈને પડ. ને ભવ બધો પેટે ચાલજે.' આ વાત પણ તમે માનો છો ને?'

'માનું છું.'

'તો પછી સરપને આ સરાપ મળ્યો તે અગાઉ તે કેવી રીતે ચાલતો એનો લગાર ખ્યાલ આપશો?'

બ્રાયન સાહેબ દિંગ્મૂઢ! કાપ્યા હોય તો લોહીનું ટીપું ન નીકળે!

સાક્ષી પુરાવા પૂરા થયા.

*

મુકદ્દમાને છેડે ધૂંઆંપૂંઆં બ્રાયન મહાશયે જ્યૂરીને સંબોધીને ફરિયાદી સરકાર પક્ષ તરફથી છેલ્લું ભાષણ કર્યું. દલીલ એની એ. રજૂઆત વધુ ઝનૂની. દરેક ખ્રિસ્તી માને છે કે માણસજાત સ્વર્ગની લીલી વાડીમાંથી ઊતરી આવી છે; પણ આ વિકાસવાદવાળા એથી ઊંધું શીખવે છે કે માણસ આ ધરતી ઉપર વાંદરા જેવા પૂર્વજોમાંથી પાકયો. આપણું પવિત્ર ધર્મશાસ્ત્ર બાઇબલ આ આજ-કાલના આ નાસ્તિક વૈજ્ઞાનિકોના વિજ્ઞાનશાસ્ત્રનો વાણોતર નથી. અને આ સાયન્સવાળા એને વડચકાં ભરશે એટલેથી કંઈ આપણો શાસ્ત્રકથિત ધર્મ ખાંગો થવાનો નથી!'

ડેરોઃ 'હું શ્રીયુત બ્રાયનના કથન સામે વાંધો લઉં છું. હું ધર્મશાસ્ત્રની આણને લોપતો નથી. મેં તો માત્ર શ્રી બ્રાયનની મૂર્ખાઈભરેલી માન્યતાઓ, જેને આજનો એક પણ સમજુ ખ્રિસ્તી માનતો નથી, તેની એમને જ મોઢે ચકાસણી કરાવી.' (અદાલતમાં ઘોંઘાટ)

જજે ટેબલ પર મોગરી મારી.

જ્યુરીને વળતે દિવસે બપોરે બાર વાગ્યે તેમનો અભિપ્રાય જાહેર કરવા કહીને જજે કોર્ટ બરખાસ્ત કરી.

*

ચુકાદાનો દિવસ. જ્યૂરીવાળા મસલત કરવા કમ્પાઉન્ડને એક ખૂણે ગયા. નવ મિનિટ મસલત કરી.

આરોપી દોષી ઠર્યો. ૧૦૦ ડૉલરનો દંડ!

જૂનવાણી દક્ષિણ અમેરિકાનાં છાપાંઓએ અદાલતના ફેંસલાને બ્રાયનની મોટી છત તરીકે ઓળખાવ્યો.

પણ બ્રાયન બાપડો એવો તો હાય ખાઈ ગયો કે થાક અને ગમગીનીનો માર્યો અદાલતના ચુકાદા પછી એ જ દિવસે ડેટન ગામમાં જ ગુજરી ગયો!*

★

*'રીડર્સ ડાયજેસ્ટ'ના જુલાઈ ૧૯૬૨માં આવેલા એક લેખને આધારે.

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ ચીનનો મામલો અને પ્રજાનો ઉત્સાહ

૨ મહાકવિ ટેનિસનનું કાવ્ય, મોડ

૩ 'રાષ્ટ્રીય અભિમાન, અને ગાંધીજીનો મહાન ઉપકાર

૪ પાકિસ્તાન અને કુઓમિન્ટાંગ ચીન—એક તુલના

પ્રશ્ન : આ ચીનનો મામલો આપણને કયાં લઈ જશે ?

ઉત્તર : ચીનના બળ સામે આપણે કેટલું પ્રતિબળ ઊભું કરી શકીએ છીએ તેના ઉપર બધો આધાર છે. પ્રજાએ સામનો કરવા માટે અપૂર્વ ઉત્સાહ બતાવ્યો. એ જોઈને આપણા રાજકીય નાયકો જેઓ સતત disintegration—વિખરાઈ જવાની વાતો કરતા હતા તેમને આશ્ચર્ય થયું. પણ એથી જો એમને એ ભાન આવ્યું હોય કે આ disintegrationની વાત કેટલે અંશે એમની કલ્પનાજન્ય હતી, કેટલે અંશે એ હકીકત માટે તેઓ પોતે જવાબદાર હતા અને લોકોનું સપાટી નીચેનું હાર્દ કેવું એકયવાળું અને મજબૂત હતું—તો સારું ! ગમે તેમ પણ ભારતના લોકોએ તન, મન અને ધનના અર્પણનો જે ઉત્સાહ-વેગ દાખવ્યો છે તે હિંમત આપે તેવો છે.

થોડાક માસ પહેલાં જ્યારે દવાઓમાં સેળભેળ થયાની અને એવી સેળભેળ દવા બનાવતા કારખાનાંવાળાઓ અને તે વેચતા વેપારીઓની વાતો આવી ત્યારે આપણે કેટલી હદ સુધી નીચા ઊતરી ગયા હતા તેનો અનુભવ કર્યો. પણ એમાં આંચકો આવ્યો ન હતો. કારણ કે સ્વરાજ્ય મળ્યા પછી દેશમાં ચારે બાજુએ ગમે તે રીતે પૈસા મેળવી લેવાનો મેનિયા જન્મ્યો હતો. તેના શિખરરૂપ આ ઘટના હતી. માણસની તંદુરસ્તીને ભોગે, એના પ્રાણને ભોગે પણ, પૈસા મેળવતાં જીવ અચકાતો નથી !

રાજદ્વારી ક્ષેત્રે પણ એક પ્રકારની અંધાધુંધી જેવું ભાસતું હતું. પ્રજાનો આર્થિક ઉદ્ધાર કરવાના નેમથી વિચારાયેલી અને અમલમાં મૂકાતી પંચવર્ષીય યોજનાના આંકડાઓ જે ચિત્ર ઊભું કરવા પ્રયત્ન કરતા હતા તેનાથી વિરુદ્ધ એવો આર્થિક અનુભવ સામાન્ય લોકોને થતો હતો. એટલે સામાન્ય લોકોને એ પ્રશ્ન થતો હતો કે આ પંચવર્ષીય યોજનાઓ કોના લાભ માટે છે ? રાજકીય નાયકો, મોટા સરકારી અમલદારો અને તેમના પાસા સેવતા ઉદ્યોગપતિઓ, કોન્ટ્રાકટરો અને વેપારીઓના જટાજૂથમાં યોજનાઓની આર્થિક ગંગા અટવાઈ જાય છે કે શું ?

આ પ્રસંગે મને અંગ્રેજ મહાકવિ ટેનિસનનું 'Maud'—મોડ નામે એક કાવ્ય-મોનોડ્રામા યાદ આવ્યું. તેનો નાયક જાણે કે આપણી હાલની પરિસ્થિતિનું વર્ણન કરતો હોય તેમ લાગ્યું.

પ્રશ્ન : તો તો એ જાણવા જેવું હશે ?

ઉત્તર : હા, છે. તમને અંગ્રેજી કવિતાનું અવતરણ આપવાનો વાંધો ન હોય તો નીચે * આપો.

* VI

Why do they prate of the blessings of peace?
we have made them a curse.
Pickpockets, each hand lusting for all that is not its own;
And lust of gain, in the spirit of Cain, is it better or worse
Than the heart of the citizen hissing in war on his own
hearth-stone?

VII

But these are the days of advance, the works of the men
of mind,
When who but a fool would have faith in a tradesman's ware
or his word?
Is it peace or war? Civil war, as I think, and that of a kind
The viler, as underhand, not openly bearing the sword.

VIII

Sooner or later I too may passively take the print
Of the golden age—why not? I have neither hope nor trust;
May make my heart as a millstone, set my face as a flint,
Cheat and be cheated, and die: who knows? we are ashes
and dust.

IX

Peace sitting under her olive, and slurring the days gone by,
When the poor are hovell'd and hustled together, each sex,
like swine,
When only the ledger lives, and when only not all men lie;
Peace in her vineyard—yes!—but a company forges the wine.

X

And the vitriol madness flushes up in the ruffian's head,
Till the filthy by-lane rings to the yell of the trampled wife.
And chalk and alum and plaster are sold to the poor for bread,
And the spirit of murder works in the very means of life,

XI

And Sleep must lie down arm'd, for the villainous centre-bits
Grind on the wakeful ear in the hush of the moonless nights,
While another is cheating the sick of a few last gasps, as he sits
To pestle a poison'd poison behind his crimson lights.

XII

When a Mammonite mother kills her babe for a burial fee,
And Timour-Mammon grins on a pile of children's bones,
Is it peace or war? better, war! loud war by land and by sea,
War with a thousand battles, and shaking a hundred thrones. 48

—'Maud'-A Monodrama : by Tennyson

[ભાવાર્થ :

એ લોકો શા માટે શાંતિના અનેક આશીર્વાદોનાં બણગાં ફૂંકે છે? એ બધા ય આશીર્વાદોને આપણે શાપરૂપ બનાવી મૂક્યા છે. લોકો પોતાનું નથી એની લાલચમાં એક બીજાના ખિસ્સા કાતરે છે. વિશ્વના પહેલા ખૂની કેઇનની યાદ આપે એવો સિદ્ધિની લાલસાનો તલસાટ શું પોતાનાં ઘરોમાં જ યુદ્ધની જ્વાળા ફુત્કારતી વ્યક્તિના હૃદયથી જુદો છે?

મેધાવીની કૃતિઓના આજના પ્રગતિના દિવસોમાં ભલા કયા મૂર્ખને વેપારીઓના શબ્દોમાં અને માલમાં શ્રદ્ધા હોય? શું આ શાંતિ છે કે યુદ્ધ? મને લાગે છે એ આંતર-યુદ્ધ છે: અને વધારે ખરાબ પ્રકારનું! કેમકે એ ઢંકાયેલું છે, એણે ખુલ્લેખુલ્લી તરવાર ધરી નથી.

વહેલો મોડો શ્રદ્ધા અને આશા વિહોણો હું યે મારા પર સુવર્ણના દાસત્વના આ યુગની મુદ્રા અંકાવા દઈશ. મારા હૃદય અને મોને પથ્થર જેવું કઠોર બનાવી હું યે છેતરતો, અને છેતરાતો મૃત્યુ પામીશ. કોને ખબર? છેવટે આપણેય ધૂળ અને રાખના બન્યા છીએ ને!

ગયેલા દિવસોને ભૂંડની શાંતિ ઓલિવના વૃક્ષ નીચે બિરાજમાન છે: જ્યારે ગરીબ સ્ત્રી પુરુષો ભૂંડોને શરમાવે એવી રીતે પોતાના નાનાં કોટડાંઓમાં એકબીજાં ઉપર ખડકાઈને પડ્યાં છે; જ્યારે શાહુકારના ચોપડા જ કેવળ જીવતા છે અને કોઈ કહેતા કોઈ સાચું બોલતું નથી. શાંતિ ખરેખાત એના દ્રાક્ષના બાગમાં બેઠી છે. પણ ત્યાં યે ચૂપકીદીથી દ્રાક્ષનો બનાવટી દારૂ ગળાય છે.

અને દારૂના તેજાબમાં ચકચૂર એવા દૈત્યનો ઉન્માદ એવો તો ઉકળે છે કે બાજુની ગલીમાંથી પીટાતી પત્નીનો રોકકળ ગાજી ઊઠે છે. રોટીને નામે ગરીબોને ચાક, ફટકડી અને સિમેન્ટ વેચાય છે. જીવનની સામગ્રીમાં દરેક ક્ષેત્રે ખૂનની વૃત્તિ કામ કરે છે.

સૂનારાઓને પણ શસ્ત્રસજ્જ સૂવું પડે છે. ચંદ્રવિહોણી કાળી રાત્રિમાં જાગતા કાનો પર ચોરોના ઓજારોનો કચડ કચડ અવાજ આવ્યા કરે છે, જ્યારે એ જ રાત્રિની આડમાં બીજો, દીવાના રાતા પ્રકાશમાં ઝેર જેવા ઔષધમાં ઝેર ઘૂંટીને, માંદાના છેવટના થોડા શ્વાસોને પણ એની પાસેથી ઝૂંટવી લે છે.

લક્ષ્મીનાં અને હિંસાનાં પૂજક માબાપો અંતિમ ક્રિયાની મળતી રકમ પડાવવા માટે પોતાના બાળકનું ખૂન કરે છે અને એના હાડકાંઓના ઢગ પર હાસ્ય વેરે છે. તો શાંતિ કે યુદ્ધ? બહેતર યુદ્ધ! સેંકડો તખ્તો ધ્રુજાવતું અને હજારો રણાંગણે ખેલાતું જળસ્થળ પર વ્યાપેલું તુમુલ યુદ્ધ.]

એ નાયકના ઉદ્દગારોમાંથી એ પંક્તિઓ મને ખૂબ સતાવવા લાગી !

Is it peace or war ? Civil war, as Ithink, and that of a kind
The viler, as underhand, uot openly bearing the sword.

અને એ યુવાન નાયક જે પ્રશ્ન પૂછે છે :

Is it peace or war ? better war ! loud war by land and by sea,
War with a thousand battles, and shaking a hundred thrones.

મનુષ્ય પ્રકૃતિની દુષ્ટતાની નિરાશાના આવેશમાં એ યુવાન નાયક શાન્તિ કરતાં યુદ્ધને વધારે પસંદ કરે છે ! : 'જબરજસ્ત યુદ્ધ, હજારો લડાઈઓને અને સેંકડો સિંહાસનોને ડોલાવી નાખે એવું યુદ્ધ !' પણ આ યાંત્રિક અને અણુ આત્મના યુગમાં યુદ્ધ કોણ ઇચ્છે? એમ મનમાં થયું ! છતાં યુદ્ધ આવી પહે.યતાં દુષ્ટમાં દુષ્ટ હરામખોર પણ કેવો જાગી ઊઠે એની પણ કલ્પના આ યુવાન નાયકને આવે છે :

For I trust if an enemy's fleet came yonder round by the hill,
And the rushing battle-bolt sang from the three decker out of
the foam,
That the smooth-faced snubnosed rogue would leap from his
counter and tlll,
And strike, if he could, were it but with his cheating yardwand,
home.—

ચીની આક્રમણ પહેલાંની આપણી આર્થિક, રાજકીય અને સામાજિક સ્થિતિ ટેનિસને વર્ણવેલી સ્થિતિને મળતી નથી દેખાતી ? આક્રમણ આવતાં પ્રજાએ જે જાગ્રતિ બતાવી તે પણ ટેનિસને વર્ણવેલી તેવી જ હશે ! પોતાની જાનને બચાવવા માટે નાનામાં નાનો જંતુ પણ સામનો કરે છે એવો પ્રાણીસહજ આ સામનો છે ? પૃથક્કરણ કરવા જેવો વિષય છે.

પ્રશ્ન : તમને શું લાગે છે ?

ઉત્તર : મને એમ લાગે છે કે એના કરતાં આપણી જાગ્રતિમાં બીજું ઘણું વધારે છે. વ્યક્તિ પોતાની જાનને બચાવવા જે આવેશથી સામનો કરે તેવો સામનો આખી પ્રજા કરે ત્યારે સૌ પ્રથમ તો એ પ્રજાને પોતે 'એક-જાન' છે એવા ઐક્યનું ભાન અંતર્ગત હોય છે. આપણી પ્રજા વિશે, પહેલાં કહી ગયો તેમ, આવા ઐક્ય વિશે રાજપુરુષોને ભારે શંકા હતી. પણ ભારતના ઇતિહાસમાં પ્રજામાં ક્યારે પણ ન હતું એવું સ્વભાન-(રાષ્ટ્રીય અભિમાન)-પ્રજામાં સિદ્ધ થઈ ગયેલું હતું તે આપણે ભૂલી જતા હતા.

પ્રશ્ન : પ્રજાના ઇતિહાસમાં એ ભાન ન હતું તો સિદ્ધિ કેવી રીતે થઈ ?

ઉત્તર : પરદેશી અંગ્રેજી અમલ કાઢવાને માટે પ્રજાને પુરુષાર્થ કરાવતા કરાવતા ગાંધીજીએ આ ભાવના પ્રજામાનસમાં ઉપાડી અને સિદ્ધ કરી ! પાકે પાયે સિદ્ધ કરી એમ હવે આપણે કબૂલીએ. ગાંધીજીએ આ દેશ ઉપર જે અનેક મહાન ઉપકારો કર્યા છે તેમાં કદાચ સૌથી મોટો અને નિર્વિવાદ ઉપકાર તે મારે મન આ છે. ઈ. સ. ૧૯૧૭-૧૮ થી ગાંધીજીનાં વાણી અને લખાણ અને સજીવ મૂર્તિ આ દેશમાં પ્રસરતાં થયાં ! તેમાં પ્રજા સમક્ષ ૨૯ વર્ષના વિવિધ પ્રકારના કાર્યક્રમો દ્વારા જે કોઈ એક તત્ત્વ પ્રજામાં ઘડાવું રહેવું

હતું તો તે 'રાષ્ટ્રીય અભિમાન'નું હતું. 'અભિમાન' શબ્દ હું અહીંઆ ગુજરાતી અર્થમાં નથી વાપરતો; પણ એના મૂળ સંસ્કૃત અર્થમાં વાપરું છું–'પોતાપણાની માન્યતા' ના અર્થમાં. એમના વિવિધ કાર્યક્રમો આવ્યા અને ગયા; સંજોગોએ એમને અનુકૂલતા–પ્રતિકૂલતા આપી; છેવટના સંજોગે પરદેશી હકૂમતને દૂર કરવાની અનુકૂળતા કરી આપી. પણ એ હકૂમત દૂર થઈ તે તો 'ભારતમાં "રાષ્ટ્ર–અભિમાન" સિદ્ધ થયું છે એટલે હવે આપણું કાંઈ વળશે નહીં' એવી પરદેશી હકૂમતની ડાહી સમજણથી. આ અમૂલ્ય વારસો કટોકટીના પ્રસંગે કામમાં આવ્યો તે હિંમતનું કારણ છે. છતાં ટેનિસને કહેલું:

Why do they prate of the blessings of peace? we have made them a curse.

—એ આપણે માટે સાચું નથી પડ્યું એમ કોણ કહેશે? અને છતાં, એના ઉપાય તરીકે યુદ્ધને જ વાંછીએ તો સર્વનાશને જ વાંછીએ છીએ એમ કહેવું પડે!

આ રાષ્ટ્ર–અભિમાન 'શાંતિકાળમાં સૌના હિતમાં વ્યક્તિનું હિત છે' એ સ્વરૂપ–એ આકાર ધારણ કરી શકતું નથી, જેમ રાષ્ટ્રના નાશમાં વ્યક્તિનો નાશ છે અને તેથી વ્યક્તિએ રાષ્ટ્રનો નાશ અટકાવવા સજ્જ થવું જોઈએ એ આકાર લે છે તેમ. આ એક ઊણપ છે. એનું કારણ પણ ગાંધીજીની કેટલીક સલાહ નહીં માનવામાં જ દેખાય છે! કોંગ્રેસ—કોંગ્રેસ તરીકે રાજકીય પક્ષ ન રહ્યો હોત, પણ લોકસંગઠનની સેવા કરનારું બળ બન્યું હોત તો કદાચ આ ઊણપ ન આવત! કોંગ્રેસમાંના રાજકીય સૂઝવાળા માણસોએ પોતપોતાની સૂઝ અને ભાવના પ્રમાણે જે પોતપોતાના પક્ષો રચ્યા હોત તો અત્યારે જે કોંગ્રેસ પક્ષમાં શંભુમેળો છે,—'એ પક્ષમાં સતા અને સત્તાના બધા લાભો મળે છે માટે એમાં ચાલો,' એવી લાલસાથી થયેલો શંભુમેળો ન થાત. પણ એ તો જે થયું તે ખરું. આ ચીની આક્રમણે સ્વ–ભાનમાં આણેલા રાષ્ટ્ર–અભિમાનને શાન્તિયુગનાં કાર્યોમાં ઉપયોગમાં લેવાની સૂઝ આપણા નેતાઓને આવશે એવી આશા રાખીએ.

* * *

પ્રશ્ન : આ પાકિસ્તાન શું કરવા બેઠું છે?

ઉત્તર : એનાં લક્ષણ પ્રમાણે વર્તે છે. દ્વેષમાંથી ઉત્પન્ન થયેલું એ રાજ્ય ભારતનો દ્વેષ ન કરે તો બીજું શું કરે? ભારતવર્ષના ઇતિહાસકાળનાં જુદાં જુદાં રાજ્યો વચ્ચે જે દ્વેષ પ્રવર્તતો અને જેને લઈને તેઓ પરસ્પર યુદ્ધ કર્યા કરતાં અને જેને લઈને પરદેશી સામે સાથે મળીને સામનો કરતા ન હતા તેનું આ–પાકિસ્તાન જે કાંઈ કરે છે તે–પુનરાવર્તન છે. ચીનના આક્રમણનું સંકટ જેટલું ભારત ઉપર છે તેટલું જ પાકિસ્તાન ઉપર છે. પણ પાકિસ્તાન એ પ્રમાણે વર્તવા તૈયાર નથી દેખાતું. ભારત સાથેના આંતર કઢી શકાય એવા હિતભેદોને જ આગળ કર્યા કરે છે! આની સરખામણીમાં ચીનના બે દેશોનો વિચાર કરો : સામ્યવાદી ચીન અને કયુઓમિન્ટાંગ ચીન.

યુ. એસ. એ. ના એલચીએ ઑક્ટોબરની ૨૭ મી તારીખે જાહેર કર્યું કે એમનો દેશ મેકમોહન રેખાને આંતરરાષ્ટ્રીય સરહદ તરીકે સ્વીકારે છે. ૩૦મી ઑક્ટોબરે કયુઓમિન્ટાંગ ચીન પ્રો. ગાલબ્રેથના ૨૭ મીના નિવેદન વિશે નાખુશી બતાવે છે. તેમનો પરદેશ મંત્રી ખાતાનો એક પુરુષ પ્રો. ગાલબ્રેથનું નિવેદન અસ્થાને ગણી કહે છે કે—

"The so-called McMohan Line is a line unilaterally claimed by the British during their rule over India."

અને પછી ઉમેરે છે કે એમની સરકાર એટલે કે કમ્યુનિસ્ટ ચીનની સરકાર એ સ્વીકારતી નથી. ('Times of India', November 2, 1962)

ચીનના આ બે વિભાગો વચ્ચે પરસ્પર કેટલો તીવ્ર દ્વેષ અને ધિક્કાર છે તે પ્રસિદ્ધ છે છતાં ભારત અને ચીન વચ્ચેની સરહદનો પ્રશ્ન આવતાં ચીનના આ બે શત્રુવિભાગો કેવા એક થઈ જાય છે એ જોવાનું છે!

સમગ્ર ભરતખંડ ઉપર આવતી આફત એ ભારત અને પાકિસ્તાન ઉપર આવતી આફત છે એ પાકિસ્તાનના ખ્યાલમાં ન હોય એમ તો ન કહેવાય; પણ ભારત તરફનો એમનો દ્વેષ અને ધિક્કાર તથા શત્રુવટ એટલો પ્રચંડ છે કે તેમને આ ડહાપણ સૂઝતું નથી!

૨૪-૧૧-૬૨

પાશ્ચાત્ય વિદ્વાનોનું સંસ્કૃત સાહિત્યમાં પ્રદાન

રસિકલાલ છો. પરીખ

પાશ્ચાત્ય વિદ્વાનોના સંસ્કૃત સાહિત્યમાં પ્રદાન કે ફાળાનો વિચાર કરીએ, તો તેઓએ સંસ્કૃત સાહિત્યનો તેમ જ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં બીજાં બધાં અંગોનો સંશોધન-વિજ્ઞાનની દૃષ્ટિએ કરેલો નવી રીતનો અભ્યાસ અને એના પરિણામરૂપ તેમનાં સંશોધનો અને એ સંશોધનોનાં આધારે થયેલાં સંકલનો સૌ પ્રથમ ધ્યાનમાં આવે છે. આપણા દેશમાં પણ પરાપૂર્વથી સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ તથા તે અંગેનાં ચિંતનો થતાં હતાં. પણ પાશ્ચાત્ય અધ્યયને તથા સંશોધને તેમાં નવી દૃષ્ટિ ઉમેરી અને પ્રચલિત કરી. પાશ્ચાત્યોની આ નવી દૃષ્ટિ તેમનાં પોતાના પ્રાચીન ગ્રીક અને લૅટિન સાહિત્યના તેમ જ તેમનાં ખ્રિસ્તી ધર્મના બાઈબલની જૂની ભાષા હિબ્રુના સાહિત્યના અભ્યાસ અને સંશોધનમાં જે નવી પદ્ધતિઓ—તર્કશુદ્ધ નવી પદ્ધતિઓ અજમાવવામાં આવી હતી તેમાંથી ઉપજી હતી. ઇતિહાસનાં બળોએ જ્યારે પાશ્ચાત્યોને ભારતના સંપર્કમાં મૂક્યા ત્યારે તેમાંના વિદ્વાનોની આ નવી દૃષ્ટિનો લાભ સંસ્કૃત સાહિત્યના અભ્યાસ અને સંશોધનને મળ્યો; જે એ કાળની અનેક દુર્ભાગ્ય ઘટનાઓમાં એક સુભગ ઘટના રૂપે સ્વીકૃત થઈ છે. આ નવી દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિના અભ્યાસ અને સંશોધનને સાયન્સનો એક પ્રકાર બનાવી દીધો છે.

ઇતિહાસ અને પુરાતત્ત્વના વિષયોને આ પ્રસંગે બાજુ ઉપર રાખી સંસ્કૃત સાહિત્ય અંગે થોડુંક વિચારીએ.

ઈસ્ટ ઇંડિયા કંપનીએ ઈ. સ. ૧૭૫૭ માં પ્લાસીના યુદ્ધ પછી બંગાળ ઉપર અધિકાર પ્રાપ્ત કરવા માંડ્યો. ઈ. સ. ૧૭૬૫મા તેણે બંગાળ, બિહાર અને ઓડીસાની દીવાની હસ્તગત કરી. ઈ. સ. ૧૭૭૨માં બંગાળના નવાબ પાસેથી ઘણા અધિકાર પડાવી લીધા અને ઈ. સ. ૧૭૭૪માં નવાબને સમૂળગો પદચ્યુત કરી પોતાનો ગવર્નર જનરલ નિયુક્ત કર્યો.

નવી વ્યવસ્થાના કાર્યમાં જે અંગ્રેજ અમલદારો આવતા તેમાંના કેટલાક વિદ્યાપ્રેમી હતા. આમાં એક સર વિલિયમ જોન્સ કરીને હતા. નવી સંસ્કૃત વિદ્યાના પ્રસ્થાનકાર તરીકે તેમનું નામ ઠામ સદા સ્મરણીય છે.

સર વિલિયમ જોન્સ (ઈ. સ. ૧૭૪૬–૧૭૯૪) ઈ. સ. ૧૭૮૩માં ફોર્ટ વિલિયમમાં આવેલી સુપ્રિમ કોર્ટ ઑફ જ્યુડિકેચરમાં ન્યાયાધીશ તરીકે આવ્યા. પોતે ગ્રીક, લૅટિન, વગેરેના વિદ્વાન હતા. ભારતમાં આવ્યા પછી તેમણે સંસ્કૃતનો અભ્યાસ કરવા માંડ્યો. તેમાં તેમને દર્શન થયું કે "સંસ્કૃત ભાષા–એની પ્રાચીનતા જે હોય તે.... અદ્દભુત બંધારણવાળી છે, ગ્રીક કરતાં વધારે પૂર્ણ છે, લૅટિન કરતાં વધારે વિપુલ છે, અને બંનેનાં કરતાં વધારે વિશિષ્ટ રીતે વિદગ્ધ છે"[૧] તેમનાં ગ્રીક-લૅટિનના જ્ઞાન સાથે સંસ્કૃતનું જ્ઞાન ઉમેરાતાં તેમને દેખાયું કે આ ત્રણ ભાષાઓના ધાતુ અને વ્યાકરણમાં ઘણું મળતાપણું છે. તેમની પ્રતિભાને સૂઝયું કે આ ત્રણે ભાષાઓ એક સમાન મૂળમાંથી નીકળેલી

૧. Eminent Orientalists p. 5

છે, જો કે એ મૂળ હવે હયાત નથી. સર વિલિયમ જોન્સને એમ પણ લાગ્યું કે જર્મેનિક ગોથિક અને કેલ્ટિક ભાષાઓ તેમ જ પ્રાચીન પર્શિયન પણ એ જ મંડલની છે. વૈજ્ઞાનિક પ્રતિભાનો આ એક અદ્દ્ભુત નમૂનો છે. એમ કહી શકાય કે આધુનિક ભાષા-વિજ્ઞાનનો જન્મ સર વિલિયમ જોન્સની આ પ્રતિભામાં થયો, જેમાં એ સ્ફુર્યું કે સંસ્કૃત, ગ્રીક અને લેટિન, ગોથિક અને પ્રાચીન પર્શિયન એક જ કુટુંબની ભાષાઓ છે."[૧] સમાનભાષાકુલના તર્કે એ મૂલભાષા બોલનાર જાતિનો ઇન્ડો-યુરોપિયન જાતિનો "ઉરીશે" નો તર્ક શક્ય કર્યો. આમ સર વિલિયમ જોન્સના સંસ્કૃતના અભ્યાસે બે નવાં વિજ્ઞાનો ઉપજાવ્યાં: એક ભાષા-વિજ્ઞાન અને બીજું એક કુલની ભાષાઓ ઉપરથી તેમાં મૂલ ભાષા કઈ હશે તેની શોધ, અને તે બોલનાર જાતિ કઈ હશે તેની શોધ.

સર વિલિયમ જોન્સના સંસ્કૃત અધ્યયનનું બીજું પરિણામ એ આવ્યું કે સંસ્કૃત સાહિત્યની ઉચ્ચતાનો યુરોપને પરિચય થયો. તેમણે મહાકવિ કાલિદાસના 'શાકુન્તલ'નું અંગ્રેજી ભાષાન્તર ઈ. સ. ૧૭૮૯માં પ્રકટ કર્યું, અને 'મનુસ્મૃતિ'નું ૧૭૯૪માં. તેમણે કાલિદાસને ભારતનો શેક્સપિયર કહીને બીરદાવ્યો.[૨] આ અંગ્રેજી ભાષાન્તરનો જર્મન અનુવાદ જર્મન મહાકવિ ગ્યેટેએ વાંચ્યો; વાંચીને એ પુસ્તક માથે મૂકી નાચ્યો. એક સુંદર કાવ્યમાં એની પ્રશસ્તિ કરી અને કહ્યું કે "ઓ શકુન્તલા! તારામાં સ્વર્ગ અને પૃથ્વી બંને મળ્યાં છે."

આ ઉપરાંત તેમણે 'ઋતુસંહાર' અને બીજા સંસ્કૃત ગ્રંથોના અનુવાદ કર્યો. ભારતીય સંગીત ઉપર તેમણે વિવેચન કર્યું. આમ ભારતીય સંસ્કૃતિની મહત્તા યુરોપને સમજાવી. એમના એશિયાટિક રિસર્ચિઝના ગ્રંથો આજે પણ વાંચવા જેવા છે.

એમની પછી સંસ્કૃતના બીજા અંગ્રેજ વિદ્વાન તરીકે સર ચાર્લ્સ વિલ્કિન્સ (ઈ.સ. ૧૭૫૦-૧૮૩૬)નું નામ યાદ કરવું જોઈએ. તેમણે ભગવદ્દગીતાનું અંગ્રેજીમાં ભાષાન્તર કર્યું. તામ્રપત્રો તથા શિલાલેખોનું સંશોધનપૂર્વક એમણે અધ્યયન કર્યું. બદાલ પાસેના સ્તંભ ઉપરનો લેખ સૌથી પ્રથમ એમણે જ ખોળી કાઢ્યો હતો. અહીંયા જો કે અપ્રસ્તુત લાગે છતાં કહેવું જોઈએ કે ચાર્લ્સ વિલ્કિન્સે દેવનાગરી અને બંગાળી ટાઈપો બનાવી ભારતમાં મુદ્રણકલા દાખલ કરી.[૩]

આ પછી મહત્ત્વનો સંસ્કૃતનો અંગ્રેજ વિદ્વાન હેન્રી કોલબ્રુક (ઈ. સ. ૧૭૬૫-૧૮૩૬) ગણી શકાય. એ અનેક વિષયોમાં નિષ્ણાત હતા. તેમનું સંસ્કૃત સાહિત્યનું પરિશીલન ઊંડું હતું. સર વિલિયમ જોન્સથી પંડિત જગન્નાથ દ્વારા સંપાદિત 'હિન્દુ અને મુસલમાનોના કાયદાઓનો સાર' નામના સંસ્કૃત ગ્રંથનો અધૂરો રહી ગયેલો અનુવાદ તેમણે પૂરો કર્યો. 'હિન્દુઓના ધાર્મિક રીતરિવાજો', 'ભારતીય માપનું પરિમાણ', 'ભારતીય વર્ણવ્યવસ્થાની

૧ Chaterjee : Indo-Aryan and Hindi p. 4-5

૨ 'Eminent Orientalists' p. 22

૩ 'આર્યવિદ્યાવ્યાખ્યાનમાલા' પૃ. ૧૧; 'Eminent Orientalists' p. 29, 37, 46.

ઉત્પત્તિ', 'ભારતવાસીઓની જાતો' ઇત્યાદિ વિષયો ઉપરના એમના નિબંધો ગંભીર છે. 'સંસ્કૃત અને પ્રાકૃતભાષા', 'સંસ્કૃત અને પ્રાકૃત છન્દ:શાસ્ત્ર' ઉપરના લેખો પણ મનનીય છે. પણ એમનાં લખાણોમાં સવિશેષ ધ્યાન ખેંચે એવા તો તેમના વેદ, સાંખ્ય, મીમાંસા, ન્યાય-વૈશેષિક, વેદાન્ત બૌદ્ધ આદિ ભારતનાં દર્શનોનું નિરૂપણ કરતા નિબંધો છે. જૈનધર્મ ઉપર પણ તેમણે એક વિસ્તૃત નિબંધ લખ્યો છે. એમ કહેવાય છે કે સંસ્કૃતના બીજા યુરોપિયન વિદ્વાનોના ઘણા એવા મતો જ્યારે ભ્રમપૂર્ણ સાબિત થયા છે ત્યારે કોલબ્રુકે દર્શાવેલા વિચારો અને અભિપ્રાયો ઘણા ઓછા તેમ થવા પામ્યા છે. આ વિદ્વાને યુરોપ આગળ ભારતનું પ્રાચીન તત્ત્વજ્ઞાનનું સાહિત્ય મૂળ સ્વરૂપમાં ઉપસ્થિત કરી તેના તરફ આદર કરાવ્યો.[૧]

હોરેસ હેમન વિલ્સન (૧૭૮૬-૧૮૬૦) એ પણ સંસ્કૃતના એટલા જ અગત્યના અંગ્રેજ વિદ્વાન છે, જો કે એમની સંસ્કૃત જ્ઞાનની ચોકસાઈ કોલબ્રુક કરતાં ઊતરતી ગણાતી.[૨] છતાં સંસ્કૃતનું એમનું જ્ઞાન સારું કહી શકાય એવું હતું. એમની એક વિશેષતા એ હતી કે તેમનું સંસ્કૃતનું ઉચ્ચારણ શુદ્ધ અને સરલ હતું, જે પરદેશી માટે કઠિન બાબત છે.[૩]

વિલ્સનના ગ્રંથો અનેક છે. સંસ્કૃત વ્યાકરણ નિરૂપતા તેમના ગ્રંથો તથા તેમની સંસ્કૃત-ઇંગ્લિશ ડિક્શનરીએ અંગ્રેજો માટે સંસ્કૃતના અભ્યાસની સરલતા કરી આપી. 'હિન્દુ થિયેટર' ઉપરના તેમના ગ્રંથે સંસ્કૃત નાટ્યસાહિત્ય ઉપર સારો પ્રકાશ પાડ્યો. 'વિક્રમોર્વશીય'નો 'ધી ઉર્વશી' નામથી અને 'મેઘદૂત'નો 'ધી ક્લાઉડ મેસેન્જર' નામથી તેમણે અનુવાદ કર્યો છે. પુરાણોના તથા 'કથાસરિત્સાગર'ના સાર તેમણે અંગ્રેજીમાં આપ્યા છે. 'દશકુમારચરિત'નો તેમનો પ્રવેશક જાણીતો છે. તેમનું ખાસ મહત્ત્વનું કાર્ય ઋગ્વેદનો સાયણભાષ્યને અનુસરી કરેલો અનુવાદ છે.[૪]

આ પછી નિર્દેશયોગ્ય સર મોનિયર વિલિયમ્સ (ઈ. સ. ૧૮૧૯-૧૮૯૯) છે. તેમના મહાન શબ્દકોશો 'સંસ્કૃત-ઇંગ્લિશ ડિક્શનરી' અને 'ઇંગ્લિશ-સંસ્કૃત' ડિક્શનરી આજે પણ પ્રમાણભૂત કોશો છે, અને જર્મન નહિ જાણનાર ભારતીય વિદ્વાનોને ઘણા ઉપકારક થાય છે. એમની 'નલોપાખ્યાન'ની આવૃત્તિ યુરોપમાં સંસ્કૃત ભણનાર માટે પ્રવેશકની ગરજ સારે છે. એમની 'શાકુન્તલ'ની આવૃત્તિ અને અનુવાદ આજે પણ પ્રસિદ્ધ છે. છતાં એમની યશ:પ્રતિષ્ઠા એમના 'ઇન્ડિયન વિઝડમ' નામના ગ્રંથ ઉપર છે.

સંસ્કૃતના આ પાંચ અંગ્રેજ વિદ્વાનોએ સંસ્કૃત સાહિત્યના અભ્યાસને અને સંશોધનને યુરોપ માટે ઉત્તેજના પ્રેરી તેથી તેમની કંઈક વિગતથી વાત કરી. આ અરસામાં જ સંસ્કૃતના અભ્યાસમાં મહત્ત્વનો ફાળો આપી જર્મન વિદ્વાનો અગ્રેસર થયા અને ફ્રેન્ચ વિદ્વાનોએ પણ પોતાની લાક્ષણિક વૈજ્ઞાનિક તાર્કિકતાથી મહત્ત્વનાં સંશોધનો કર્યાં. તેમનો નિર્દેશ કરું તે પહેલાં ચાલુ જમાનાના મહત્ત્વનાં અંગ્રેજ નામો ગણાવું.

---

૧ 'આર્યવિદ્યાવ્યાખ્યાનમાલા' પૃ. ૧૧-૧૨

૨ 'Eminent Orientalists' p. 66

૩ " " p. 74

૪ " " p. 75, 77, 79

પ્રો. એ. એ. મેકડૉનલ તેમના સંસ્કૃત સાહિત્યના ઈતિહાસથી જાણીતા છે. તેમનો વેદનો અભ્યાસ વિશિષ્ટ પ્રકારનો હતો. તેમનું વેદિક ગ્રામર-મોટું અને નાનું-વેદવાણીનું વૈજ્ઞાનિક વ્યાકરણ છે. તેમની 'વેદિક રીડર' વેદસાહિત્યમાં પ્રવેશકની ગરજ સારે છે. તેમણે અને તેમના શિષ્ય એ. બી. કીથે તૈયાર કરેલો 'વેદિક ઈન્ડેક્ષ' નામનો ગ્રંથ વેદોના સાંસ્કૃતિક અભ્યાસ માટે આકર જેવો છે. બીજું નામ ડૉ. બાર્નેટનું ગણાવી શકાય. ત્રીજું ડૉ. ટોમસ અને ચોથું પ્રો. રેપ્સનનનું. પણ જેણે સંસ્કૃત સાહિત્યનાં બધાં મહત્ત્વનાં ખેડાણો ઉપર વિવેચનાત્મક નિરૂપણ કર્યું હોય તો તે પ્રો. એ. બી. કીથ છે. વેદિક સાહિત્ય, સાંખ્ય, ન્યાય-વૈશેષિક, કર્મમીમાંસા-અને બુદ્ધિઝમ ઉપર તેમના ગ્રંથો અભ્યાસીને વાંચ્યા વિના ચાલે એવા નથી. તેમનો સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ તથા સંસ્કૃત નાટકનો ઈતિહાસ સંશોધકો માટે મૂલ્યવાન ગ્રંથો છે.

જર્મન વિદ્વાનોએ તો સંસ્કૃતના અભ્યાસને પોતાનો એવો આગવો વિષય બનાવ્યો છે કે આજે 'ભારતીવ વિદ્યા' કોઈ પણ સંશોધકને જર્મન ભાષા જાણવી જરૂરની થઇ પડી છે. થોડાંક નામોનો નિર્દેશ કરું. મેક્ષમુલરનું નામ (૧૮૨૩-૧૯૦૦) તો ભારતના સંસ્કૃત વિદ્વાનો અને પંડિતોમાં એવું પ્રિય છે કે તેમને 'ભટ્ટ મેક્ષમુલર' કહેવામાં આવતા. ઋગ્વેદનું સાયણ ભાષ્ય સાથે સંપાદન એ તેમનું મોટામાં મોટું કાર્ય છે. એમના 'એન્શ્યન્ટ સંસ્કૃત લિટરેચર'માં વેદિક સાહિત્યના ઈતિહાસનું પડનીવ નિરૂપણ છે. એમના બીજા તો અનેક ગ્રંથો છે. પણ તેમણે સંપાદિત કરેલી 'સેક્રેડ બુક્સ ઑફ ધી ઈસ્ટ' નામની ગ્રંથમાલા તથા તેમાં તેમના અનુવાદો એ એમની મોટામાં મોટી સેવા છે. 'What India Can Teach Us' એ ગ્રંથથી ભારત પાસેથી યુરોપ શું શીખી શકે એ એમણે બતાવ્યું છે.

ભારતને-ખાસ કરીને ગુજરાતને—જાણીતું બીજું નામ જયોર્જ બ્યુહલરનું છે. તેમણે જૂના મુંબઇ ઇલાકામાં શિક્ષણ અધિકારી તરીકે કામ કરેલું. ગુજરાતના સંસ્કૃત સાહિત્ય અને ઇતિહાસના અભ્યાસ માટે તેમના ગ્રંથો બહુ મૂલ્યવાન છે.

રૂડોલ્ફ રોથ (૧૮૨૧-૧૮૯૫) યાસ્કાચાર્યના નિરુક્તના અભ્યાસ માટે જાણીતા છે. પણ તેમનું સૌથી મોટું કાર્ય-યુરોપીઅન વિદ્વાનોએ સંસ્કૃત ક્ષેત્રમાં કરેલું સૌથી મોટું કાર્ય-તે ઑટો બોથલિંક (૧૮૧૫-૧૯૦૪) સાથે તૈયાર કરેલો સંસ્કૃત વોર્ટરબુક—સંસ્કૃત-જર્મન શબ્દકોશ-છે. આ ગ્રંથ સાત વોલ્યુમમાં ૧૮૫૩ થી ૧૮૭૫ ના ગાળામાં જૂના રશિયાની સેન્ટ પિટર્સબર્ગ યુનિવર્સિટી દ્વારા પ્રગટ થયો હતો. વેદના નિષ્ણાતોમાં ઓલ્ડન-બુર્ગ ગેલ્ડનર, ગ્રાસમેન વગેરેનાં નામ યાદ કરવા જેવાં છે.

પ્રો. આલ્બર્ટ વેબર (૧૮૨૫-૧૯૦૧) સંસ્કૃત અને પ્રાકૃતના સમર્થ વિદ્વાન હતા. પ્રો. હર્મન યાકોબી (૧૮૬૦-૧૯૩૭) જૈનોમાં જાણીતા વિદ્વાન છે. પણ તેમનું સંસ્કૃત સાહિત્યનું, ખાસ કરીને અલંકારશાસ્ત્ર વગેરેનું, સંશોધન બહુ મૂલ્યવાન છે.

વેદાન્તને તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં પ્રતિષ્ઠિત કરનાર પોલ ડોયસનનું નામ સ્મરણીય છે.

મધ્ય એશિયામાંથી ભૂર્જપત્રના ટુકડાઓ શોધી, તેમને ગોઠવી, તેમાંથી અશ્વઘોષના નાટક શારીપુત્ર પ્રકરણના અવશેષોને તથા બીજા એક બૌદ્ધ નાટકના અવશેષોને તારવનાર ડૉ. લ્યુડર્સ (૧૮૬૯) અને તેમનાં પત્નીનો સંસ્કૃત સાહિત્યની શોધમાં અમૂલ્ય ફાળો છે. આ ઉપરાંત બીજા અનેક સંસ્કૃતના સમર્થ વિદ્વાનો જર્મનીએ આપ્યા છે.

ફ્રાન્સના અનેક સંસ્કૃત વિદ્વાનોમાંથી ત્રણ નામોનો નિર્દેશ કરું છું. યુજિન બુર્નોફે (૧૮૦૧–૧૮૫૨) શ્રીમદ્ ભાગવતનો ફ્રેન્ચ ભાષામાં અનુવાદ કર્યો છે. બૌદ્ધ ધર્મના ઇતિહાસના તેઓ એક પ્રસ્થાનકાર હતા.

સંસ્કૃતના સૌથી પ્રસિદ્ધ ફ્રેન્ચ વિદ્વાન તો પ્રો. સિલ્વીયાં લેવી છે (૧૮૬૩–૧૯૩૫). સંસ્કૃત સાહિત્યના અભ્યાસમાં–ખાસ કરીને નાટક સાહિત્યના અભ્યાસમાં તેમનું લ થિયેટર ઇન્ડીઅન–એક ઉત્તમ કોટિનો ગ્રંથ ગણાય છે. તેમના વિશિષ્ટ અભ્યાસનો બીજો વિષય બૌદ્ધ ધર્મના સંસ્કૃત સાહિત્યનો છે. તેમના સંપાદિત 'મહાયાન સૂત્રાલંકાર' અને 'વિજ્ઞપ્તિમાત્રતા સિદ્ધિ' સંસ્કૃત બૌદ્ધ તત્ત્વજ્ઞાનના અમૂલ્ય ગ્રંથો છે.

પ્રો. લુઇ રેનુ (૧૮૯૬) સંસ્કૃતની ફ્રેન્ચ વિદ્વત્તાની પરંપરા ઉત્તમ રીતે ચલાવી રહ્યા છે. તેમની 'સંસ્કૃત–ફ્રેન્ચ ડિક્શનરી' (૧૯૩૨) ફ્રાન્સ માટે સંસ્કૃતનો અભ્યાસ સરલ કરે છે. તેમનો 'બિબ્લિઓગ્રાફિક વૈદિક' ગ્રંથ વેદસાહિત્યની તેમની નિષ્ણાતતાના પુરાવા રૂપ છે.

અમેરિકાના સંસ્કૃત વિદ્વાનો યુરોપમાં આવતા નથી. છતાં તેમાંનાં બેત્રણ નામોનો નિર્દેશ કર્યા વિના પાશ્ચાત્ય વિદ્વાનોની સંસ્કૃતની સેવાની નોંધને ચાલે નહીં. સંસ્કૃત ભાષાના અભ્યાસીઓમાં પ્રથમ પંક્તિમાં મૂકી શકાય એવું અમેરિકી નામ વિલિયમ વ્હીટનેનું છે (૧૮૨૭–૧૮૯૪). તેમનું સંસ્કૃત વ્યાકરણ નવી પદ્ધતિએ લખાયેલું સંસ્કૃત વ્યાકરણ છે, જેમાં ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિ છે. સંસ્કૃતને વૈજ્ઞાનિક રીતે જાણવા માટે આ ગ્રંથનો અભ્યાસ અનિવાર્ય છે. તેમનું બીજું મહાન કાર્ય અથર્વવેદનો અંગ્રેજી અનુવાદ છે.

વેદસાહિત્યના અભ્યાસમાં અતિ ઉપયોગી એવા બે ગ્રંથો–'વેદિક કોન્કોર્ડન્સ' અને 'ઋગ્વેદ રીપીટીશન્સ' રચનાર મોરિસ બ્લુમફિલ્ડ અમેરિકન વિદ્વાન છે. મહાભારતના વિશિષ્ટ અભ્યાસી તરીકે પ્રો. હોપકિન્સનું નામ જાણીતું છે. સુપ્રસિદ્ધ હારવર્ડ ઓરિએન્ટલ સીરીઝના સંપાદક પ્રો. લેન્મેનના નામનો પણ નિર્દેશ કરવો જોઈએ. સંસ્કૃત ગ્રંથોના સંપાદનમાં તેમણે એક વ્યવસ્થિત શાસ્ત્રીય પદ્ધતિ પ્રચારમાં આણી છે.

આ વાર્તાલાપમાં ઘણા મહત્ત્વના વિદ્વાનોનાં નામ રહી ગયાં છે. પણ જેમને અહીં સ્મર્યા છે તેમનાથી પણ સંસ્કૃત સાહિત્યના અભ્યાસ અને સંશોધનમાં યુરોપીય વિદ્વાનોનો કેટલો બહુમૂલ્ય ફાળો છે તેની કલ્પના આવશે. *

---

* ઑલ ઇંડિયા રેડિયો ઉપર આપેલી ટૉક—ઑલ ઇંડિયા રેડિયોના સૌજન્યથી.

અંધકારની ભીતરમાં

શ્રીમતી વીણા શાહ

અરસપરસની હરીફાઈને પાપે દુનિયાની બળવાન પ્રજાઓ આજે અસીમ આકાશને માપવાની અને ચંદ્ર ગ્રહો સુધી પહોંચવાની શરત મારી રહી છે. ચંદ્ર ઉપર સોનું હોવાનો સંભવ નથી, તેમ હોત તો યુરોપની ગોરી પ્રજાઓ આના પહેલાં ક્યારની ત્યાં પહોંચી ગઈ હોત.

ગોરી પ્રજાઓ લગભગ બધી જ ઉત્તરના ખંડોમાં રહેનારી. છતાં સોનાને લોભે હિંદ આફ્રિકા જેવા ગરમ દેશોમાં યે પહોંચી ગયા. જ્યાં ગયા ત્યાં, ત્યાંના દેશી વતનીઓને ગુલામ બનાવી તેમના માલિક થઈ બેઠા અને વસ્તી બધીને પોતાના ધનલોભે વેઠવેતરાં કરાવી ચૂસી લીધી.

આવા મુલકોમાં અંધારિયા ખંડ તરીકે જાણીતો આફ્રિકા મુખ્ય છે. જ્યાં માનવીના મૂલ્યાંકન જ થતાં નથી ત્યાં અંધકાર સિવાય બીજું હોય પણ શું! જો કે ગોરાઓની ધૂંસરી ફગાવી દેવા ત્યાંની હબસી પ્રજાઓમાં આજે હોડ ચાલી છે, અને એક પછી એક મુલકો ઝપાટાભેર સ્વતંત્ર થતા જાય છે છતાં હજુ ત્યાંની બધી પ્રજાઓ ગોરાઓની નાગચૂડમાંથી છૂટી નથી. કોંગો જેવા મુલકો આઝાદ થયા તો યે ગોરાઓના પ્રપંચોને લીધે હજુ ન છૂટ્યા જેવા જ છે.

આવા ન છૂટેલા મુલકોમાં પોર્ટુગાલ, અંગોલા ને બીજા સંખ્યાબંધ મુલકો તેમજ સંસ્થાનો હજુ છે, જે બધામાં સૌથી આગળ પડતો ગણાતો અને સોનાખાણોને લીધે સમૃદ્ધ એવો મુલક દક્ષિણ આફ્રિકન યુનિયનનો છે. ૨૫ લાખ ગોરા, ૮૦ લાખ કાળા, ૧૦ લાખ રંગીન એશિયાઈ – એવો અહીંની વસ્તીનો જાડો હિસાબ છે. અહીંની સોનાખાણો દુનિયાની સૌથી મોટી છે. આશરે ૪૦ – ૪૫ કરોડની કિંમતનું સવા કરોડ ઔંસ સોનું દર વરસે કાઢે છે.

આ ધનવૈભવ પર ઊભું થયેલું ને સમુદ્ર સપાટીથી ૬,૦૦૦ ફીટની ઊંચાઈએ આવેલું ૧૦–૧૨ લાખ માણસની વસ્તીનું જોહાનિસબર્ગ ઉર્ફે જોબર્ગ શહેર દક્ષિણ આફ્રિકાની અલકાપુરી છે. અડધોઅડધ કાળીગોરી પ્રજામાં આ ઇંદ્રાપુરી વહેંચાયેલી છે. ગોરાઓની સરહદમાં વસવાનો કાળાને અધિકાર નથી. એક બાજુ ગોરાઓના આલિશાન રાજમહેલો ને બાગબગીચા, બીજી બાજુ એ જ દેશનાં કાળાં, રોગલાં, ચીંથરેહાલ વતનીઓનાં ઝૂંપડાં ને ઢેઢવાડા.

આ જ કાળા હબસીઓ બધા ખાણમાં કાળી મજૂરી કરે છે, ને ગોરાઓની મહેરબાની પર જીવે છે. ધરતીના પેટાળથી ૧૦,૦૦૦ ફીટ ઊંડે આવેલી આ ગોઝારી ખાણોમાં કામ કરતા ખાણિયાઓનો હૃદયભેદક ચિતાર પુલીત્ઝર પારિતોષક વિજેતા માર્ટિન ફ્લેવિન નામના પ્રખ્યાત અમેરિકન લેખકે વર્ષો અગાઉ 'હાર્પર્સ મેગેઝીન' માં આપેલો. લેખનું શીર્ષક હતું 'ડરબન ડીપ'. એમણે કરેલી અહીંની ખાણોની ટ્રિપનો અહેવાલ એમના જ શબ્દોમાં સાર રૂપે અહીં આપીશ.

વેક્યુમ ઓઇલવાળા મિ. બ્રુક્સ મને સોનાખાણો જોવા લઈ ગયા. એક નાની મોટરમાં બેઉ બાજુ ઝાડવાળા રસ્તે થઈને અમે પહોંચ્યા. ખાણ નજીક પહોંચ્યા પણ માણસ નામે

કોઈ કામ કરતું દેખાયું નહિ. અહીં આવડું મોટું ઉદ્યોગક્ષેત્ર હશે એ કેમે કર્યું માન્યામાં જ ન આવે. બધી ખાણોની જેમ સોનાખાણોનું કામ ધરતીથી હજારો ફીટ ઊંડે હોય છે. ખાણ નજીક પહોંચ્યા ત્યારે ખાણ જોવા આવેલાં બીજાં પણ મોટરોમાંથી ઊતરતાં હતાં. દેશદેશનાં યુવાન વૃદ્ધ સ્ત્રીપુરુષોનું સેળભેળ ટોળું.

મોટરોમાંથી ઊતરતાં જ ખાણના કારભારીઓએ તૈયાર રાખેલા ભોમિયા અમને મળ્યા. પણ ખાણમાં ઉતારતાં પહેલાં તેઓ અમને એક બાજુ આવેલી સોનાભઠ્ઠીઓમાં સોનું ગળાઈને ગચિયાં ઢળાતાં હતાં તે જોવા લઈ ગયા. અહીં માટી પથરાથી જુદા પાડેલ સોનાકણોને ગાળી શુદ્ધ કરીને તેનાં ગચિયાં ઢાળવાની જબ્બર ભઠ્ઠીઓ પોપટિયા રંગને ભડકે પૂરજોસ બળતી હતી, અને તે સામે આંખે ચશ્મા અને હાથે એસબેસ્ટોસનાં મોજાં પહેરેલા, કમ્મર સુધી ઉઘાડા હબસી મજૂરો શુદ્ધ થયેલ સોનારસને ઢાળતા હતા, જે જોતજોતામાં ઠરી તેના ડબલ રોટી જેવાં લંબચોરસ નક્કર ગચિયાં બની જતાં હતાં. આ કાળાભૂત ગચિયાં એક બાજુ ખસેડીને મજૂરો તેનો ઢગલો કરતા હતા.

કોઈ કહે, 'ડબલ રોટીની જેમ આવું એકાદ ગજવામાં મારીને કોઈ રસ્તે ન પડી જાય?'

'ઉપાડી જુઓને!'

શેનું ઉપડે.! કદ તો ડબલરોટી જેવડું પણ વજન ખાસું દોઢ મણ!

આવું એક ગચિયું મેળવવા પાંચ હજાર ટન ખડક ને પથરા માટી તોડવા હટાવવાં પડે!

* * *

હવે અમારે પાંજરા જેવી લિફ્ટમાં ભરાઈને ખાણમાં ઊતરવાનું હતું. આ ઊંડી ખાણમાં હજારો મજૂરો ત્રણ પાળીએ કામ કરે છે. લિફ્ટના પાંજરામાં ધકાતાં પહેલાં ખાણના અંધારામાં દેખાય તે સારુ કપાળે વિજળી બેટરીની બત્તીઓ ચોડેલા લોખંડી પતરાંના ટોપ, અને કપડાં ન બગડે તે માટે જાડા ઓવરકોટ પહેરવા અમને આપવામાં આવ્યા.

ખાણમાં ઊતરવાની લિફ્ટ સપાટ તળિયાની હોડી જેવી હોય છે. જનારાઓને એમાં ઠાંસીઠાંસીને ભરે ને ઢાંકણ બંધ કરે. પછી કેમ જાણે ચાલતી કબર હોય તેમ તે નીચે ઊતરે. જેમ જેમ તમે નીચે જાવ, તેમ તેમ ગરમીથી શેકાતા જાવ.

અમે ખાણમાં ૫,૦૦૦ ફીટ ઊંડે ઊતર્યાં ત્યાં વિજળી રોશનીથી ઝગમગતી એવી એક પહોળાણવાળી જગા આવી. એની એક બાજુ પાટા હતા, જે પહોળાણને બેઉ છેડે દેખાતાં ભુગર્દાઓમાં ચાલ્યા જતા હતા. અહીં અમારા ઓવરકોટ કાઢી લેવામાં આવ્યા.

એક પછી એક ભુગર્દાં અમે પસાર કર્યાં. સોનું કાઢવા માટે કેટલું ખોદકામ કરવું પડે, કેટલો પરસેવો પાડવો પડે, એનો ખ્યાલ નજરે જોયા વગર ભાગ્યે કોઈને આવી શકે. કામ કરતા મજૂરોમાંથી ન કોઈ હસતું દેખાય, ન કોઈ વાત કરતું સંભળાય, ન તમારા સામુંય જુએ જોવા આવનારમાં રસ કે કુતૂહલ દર્શાવ્યા વગર અબોલ પ્રાણીની જેમ તનતોડ મહેનત કર્યે જાય. આટલે ઊંડે ધરતીના પેટાળમાં પેસીને એને ચૂંથવાની આવી મહેનત કલાક વારમાં કોઈ પણ માણસના પ્રાણ કંઠે લાવે, ત્યાં આઠ કલાક આકરું વૈતરું કરનારાને શું વીતતું હશે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી!

સોનું ખડક પથરા માટીમાં ક્યાં કેટલા દટાયું પડેલું છે તે શોધવાનું કામ ઘણું અઘરું

છે. પથ્થર માટીમાં દટાએલું સોનું શોધવા, ઉપર કહ્યું તેમ, હજારો ટન ખડક પથરા તોડવા હટાવવા પડે છે. ૯,૦૦૦ ફીટથી વધુ ઊંડાણે સોનું કાઢવાનો ખર્ચ એટલો બધો આવે છે કે તે ખાણમાલિકોને પરવડતો નથી.

થોડી વારે અંધારા ભુગદામાંથી સોનાના કણવાળા પથરા માટીથી ભરેલ ટ્રોલીઓની એક ટચૂકડી ટ્રેન અમારી સામે આવી. ઉઘાડે ડીલે પરસેવે નીંગળતા મૂંગા નેટિવો બળદની જેમ આ ટ્રેનને ખેંચતા હતા. અમારી સામે નજર પણ નાખ્યા વગર મૂંગે મોઢે તાણતા અમારી સામેથી તેઓ પસાર થઈ ગયા.

બોમ્બિયા સાથે અમે ભુગદામાં પેઠા. અંધારું ને ગરમી ઉપરાંત ભેજ બનીના ગુંદરની જેમ તમને ચોટે. કપડાંની અંદર તમે પરસેવે રેબઝેબ. ચોમેર ખાણની ભીંત કરાડોમાંથી પાણી ટપકે. કમબખ્તી એ કે હજુ અમારે ૭,૫૦૦ ફીટના ઊંડાણ સુધી નીચે જવાનું હતું !

અમે પેલી ટ્રોલીઓની લંગારને પહોંચ્યા. ટ્રોલીઓમાંનો 'માલ', એટલે તોડેલા ખડકોનો ભંગાર અથવા માટી પથરા, 'ઉપર' લઈ જવા સારુ અહીંથી નીચે મોટા ગાળામાં ઠલવાતો હતો. ત્યાંથી તે 'ઉપર' ઓગળવા સારુ જશે. ટપટપ ટપકતાં પાણી સિવાય ખોદકામ તો ક્યાંયે વિશેષ દેખાતું નહોતું. ત્યાંથી અમે પાંજરામાં ખીચોખીચ ખડકાઈને વધુ નીચે ચાલ્યા. પાંજરું બંધ થતાં જનાજામાં ઘલાયા જેવું લાગવા માંડ્યું. પણ આંખ મીંચી ઉઘાડતા જેટલી વારમાં તો ૧,૦૦૦ ફુટ નીચે !

અહીં બીજનં સોડા થાક ખાવા રહ્યાં ત્યારે અમે પાંચ જણ એક નવા ભુગદામાં આગળ વધ્યાં. અહીં પણ બધું સુમસામ. કોઈ નજરે ન પડે. થોડે ગયા પછી એક ખૂણે ધેરો ઘરઘરાટ સંભળાયો, અને થોડે દૂર બે હબસીઓને ભુગદાની છતમાં શારડી ચલાવતા અમે જોયા. મને થયું સોનું કાઢતા હશે. પણ ના, એ તો એમ ઉપર બાજુ શાર પાડીને બીજા ભુગદા જોડે સંપર્ક જોડતા હતા.

એક જગાએ અમે રીલચાલ જોઈ. કાળા મજૂરો જોડે થોડાક ગોરા નિષ્ણાતો સોનાવાળા ખડક શોધતા હતા. આ કામ ઘણું અઘરું હતું. એક ગોરો ખીસા બેટરીની મદદથી ઊભા ખડક પર અજવાળું પાડીને સોનાકણ ભળેલો ખડક ચીંધતો હતો.

એક ગોરો કહે, 'આ જ સોનું. આની શોધ અને કમાણી પાછળ અમે જિંદગી આખી અહીં ગાળીએ છીએ. જરા જેટલી પીળી ધાતુ માટે ઢગલા ખડકો ભાંગીને ભૂકો કરવો પડે !'

અમારું ટોળું પોતપોતાની અરધી ડઝન ભાષાઓમાં પ્રશંસાના ઉદ્ગાર કાઢતું વધુ નજીક જોવાને માટે આગળ ધસ્યું. કોઈક ખડકને હાથ અડાડે તો કોઈક ઢેફાં પથરા વીણે !

અમારા બોમ્બિયાએ એકેક ઢેફલી અમને દરેકને ભેટ આપી. પણ મને મળેલું એ રતલી ઢેફું મેં અંધારામાં બીજાંની નજર ચૂકવી ફેંકી દીધું.

વળી બીજા ૧૫૦૦ ફીટ ઊતરીને જમીન સપાટીથી દોઢ માઈલ નીચે ખાણને તળિયે અમે પહોંચ્યાં. અહીંથી ૧૦૦ જ ફુટ છેટે સોનું ખણાતું હતું. અહીંની ગરમીથી તો તોબા તોબા. લોઢાના ટોપ હેઠળ મારું માથું ફાટી જાય. આ દોજખમાં એકેક મિનિટ કાઢવી દોહલી હતી. કલાક તો જાણે એક ભવ. આવી જગાએ આઠ કલાક મજૂરી કરવી એ તો કલ્પનામાં ન આવી શકે એવી વાત ગણાય. કોઈ પણ ગોરો કામદાર ચાહે તે દામે પણ અહીં આખા વખતની મજૂરી કરતો નથી.

પણ કાળા હબસીઓને ગોરાઓ અહીં નજીવી મજૂરીમાં રાખી કામ કરાવે છે. આઠ કલાક મજૂરી ઉપરાંત પેલા ચાલતી કબર જેવા પાંજરાઓમાં પૂરાઈને ઉપર પહોંચવા સારુ કલાકો સુધી ખાણનળિયે ઊભા રહેવું પડે તે જુદું. મેં સાંભળ્યું કે ઘણીવાર આ બિચારાઓને પૂરા બાર કલાક આ નરકમાં વીતાવવા પડે છે.

"આ ખાણિયાઓને રોજ મજૂરી શું મળે ?"

"૫૦ સેન્ટ ને ખાવું પીવું."

"ગોરા કામદારોને શું મજૂરી મળે ?"

"કાળાથી ૧૧ ગણી."

"કાળાઓને બીજા લાભો મળે ?"

"ગોરાઓની તુમાખી, ઉપહાસ, અપમાનો. ગોરાઓ કાળાઓને પશુ પ્રાણી જ ગણે !"

મને જાણવા મળ્યું કે આ ખાણોના કાળા અને ગોરા કામદારોનાં જીવનધોરણ વચ્ચે બારથી પંદર ગણો તફાવત છે.

* * *

પૂરા ત્રણ કલાકે અમે પાછા 'ઉપર' આવ્યા. નાહી ધોઈ કપડાં બદલી ચા પીધી. બૂટ સાફ કરવા મહેમાન-ઘરના ચપરાસીએ એક નેટિવ છોકરાને મારી મદદે બોલાવ્યો. છોકરો એકી ટશે બૂટ સામું જોયા જ કરે. આતુરતાથી મને એની કિંમત પણ પૂછી. મેં પાંચ પાઉન્ડ કિંમત કહી તે એ બાપડાના ભેજામાં ઊતરી જ કેમ શકે ? એમના લોકોને તો પાંચ પાઉન્ડ કમાવા સારુ ખાણની ભીતરમાં પૂરા ૪૦૦ કલાક વૈતરું કરવું પડે ! મેં એને ૧ શિલિંગ 'બક્ષીસ'નો આપ્યો. એ ખુશખુશ થઈ દોડી ગયો.

૯,૦૦૦ માઇલ લાંબા અને ૫,૦૦૦ માઈલ પહોળા આફ્રિકા ખંડમાં દક્ષિણ આફ્રિકાનું આ જોહાનિસ્બર્ગ શહેર એક ટાંકણી તળે આવે એથી ઓછી જગા રોકે છે પણ સોના ખાણોને લીધે અહીંના ગોરાઓને રોફરૂઆબનો કંઇ પાર નથી. એમની તમામ રિદ્ધિ સિદ્ધિ એ સોનાની ખાણો છે એ નક્કી પણ એમનું ખરું ધન તો આ કાળા ગિરમીટિયા મજૂરો અને તેમની સસ્તી મજૂરી જ છે. કાળા હબસીઓ સિવાય બીજા કોઈ પણ આ મજૂરી કરી શકે એમ નથી. આખા દ. આ. યુનિયન દેશમાં ગોરાઓ માટે ચૌદ આની અને કાળાઓને માટે માત્ર બે આની જમીન કાયદાથી અંકાયેલી છે. આટલી જમીન પર આખી કાળી હબસી પ્રજા કેમ કરીને જીવે ? એટલે પેગુજારા માટે ન છૂટકે ખાણોની આસપાસ એમને જઈને વસવું પડે છે. સોનાખાણોની મજૂરી સિવાય બીજા કોઈ પણ ક્ષેત્રમાં એમને પ્રવેશ નથી. કાયદેસરની મનાઈ પણ છે. ખાણોનાં કામો સૌ માટે ખુલ્લાં છે. આટલું જ ખાણિયાઓના જીવનનો ચિતાર આપવા માટે બસ છે.

દોઢ બે વર્ષ અગાઉ જોય દ રૂચી નામની એક ગોરી બાઈએ દ. આફ્રિકાની 'ઇન્સ્ટીટ્યુટ ઑફ રેસ રિલેશન્સ' માટે કરેલી એક તપાસના અહેવાલમાં જણાવેલું કે અહીંના સરેરાશ હબસી કુટુંબની આવક સામાન્ય નીચલા વર્ગના ગોરાના જીવનધોરણની આવકથી પણ ૨૦ ટકા વધુ નીચી છે. તેથી થોડી બચત કરવાને સારુ પણ તેમને કાયમ પેટે પાટા બાંધીને જીવવાની ફરજ પડે છે.

આ અહેવાલ પ્રગટ થયો ત્યારે જોહાનિસ્બર્ગના 'રેન્ડ ડેલી મેલ' છાપાએ લખ્યું: "ન જેવી બચત કરવા ખાતર એઓ બારે દહાડા ભૂખમરો વેઠે છે. તંદુરસ્તીથી રહેવા જીવવાની તેમને ત્રેવડ નથી."

વારસા-વિજ્ઞાન—૪

ડૉ. કાન્તિલાલ અ. શાહ

માનસિક ખોડ તથા ગાંડપણ—માનસિક ખામી અગર ખોડમાં મુખ્યત્વે બુદ્ધિમાંદ્ય ગણાય છે. માનસિક ખોડવાળાં મનુષ્યોમાં મગજનો વિકાસ જ થયો નથી હોતો, જ્યારે માનસિક રોગીઓમાં મગજનો વિકાસ તો થયો હોય છે પરંતુ પાછળથી એવી વ્યક્તિમાં વિકૃતિ પેદા થાય છે.

બુદ્ધિની મંદતામાં બુદ્ધિના ગુણાંક (અં: આઈ. ક્યુ.) પ્રમાણે વર્ગ પાડવામાં આવે છે. જેનો ગુણાંક ૭૦ થી ઓછો હોય છે તે બધાને મંદબુદ્ધિના (અં: ફીબલ માઈન્ડેડ) ગણવામાં આવે છે; તેમાં ૭૦ થી ૫૦ સુધીનાને મંદબુદ્ધિ (અં: મોરોન) કહે છે, ૫૦ થી ૨૦ સુધીનાને અલ્પબુદ્ધિ (અં: ઈમ્બેસાઈલ) કહે છે, અને ૨૦ થી નીચેના ગુણાંકવાળાને હીનબુદ્ધિ (અં: ઇડિયટ) ગણવામાં આવે છે. ઇંગ્લંડમાં આવા અલ્પવિકસિત મનુષ્યોમાંથી પાંચ ટકા હીનબુદ્ધિ હોય છે, વીસ ટકા અલ્પબુદ્ધિ હોય છે, અને બાકીના મંદબુદ્ધિ હોય છે. આ ખામીઓ વારસામાં ઊતરે છે જો કે પરિસ્થિતિ પણ એમાં ઘણો ભાગ ભજવે છે. કેટલાક પ્રકારની માનસિક ખામી સાથે કંઈ ને કંઈ શારીરિક વિકૃતિ પણ સંકળાયેલી હોય છે. આવી ખામીઓ જવલ્લે જોવા મળે છે તથાપિ એમાં આનુવંશિકતા સ્પષ્ટ રીતે જોવા મળે છે. દાખલા તરીકે આનુવંશિક અંધતા તથા બુદ્ધિહીનતા (અં: ઍમોરોટિક ફૅમિલી ઇડિયસી). આ રોગ નાનાં બાળકોમાં દેખાય છે, અને તેની આનુવંશિકતા 'નિર્બળ' (અથવા રિસેસિવ) છે. બીજા પ્રકારની માનસિક ખામી—જેમાં માનસિક ખામીની સાથે સાથે પેશાબમાં ફિનિલપાયરુવિક ઍસિડ નામનો પદાર્થ જાય છે—તે ખોડ પણ આનુવંશિક જણાય છે. એનો પ્રકાર નિર્બળ છે. આમ, અમુક પ્રકારની બુદ્ધિમંદતા જો આનુવંશિક હોય તો બધા પ્રકારની હોઈ શકે એવું માનવામાં મને તો કંઈ વિચારદોષ લાગતો નથી.

માનસિક રોગ:—ગાંડપણના સામાન્ય પ્રકારોમાં યુવાવસ્થામાં થતો ચિત્તભ્રમ (અં: સ્કીઝોફ્રિનિયા) મુખ્ય છે. આવો રોગી અનેક પ્રકારની ભ્રમણાઓથી પિડાય છે—કેટલીક વાર દૃષ્ટિભ્રમ અને શ્રુતિભ્રમ પણ પેદા થાય છે. આ રોગ કેવી રીતે વારસામાં ઊતરે છે તેનું ચિત્ર સ્પષ્ટ નથી, એટલે કે આ લક્ષણ પ્રબળ છે કે નિર્બળ છે તે કહેવાનું મુશ્કેલ છે. પરંતુ આવા રોગીઓનાં સગાંઓમાં આ રોગ ફૂટી નીકળવાની શક્યતા બહુ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. સામાન્ય પ્રજામાં આ રોગનું પ્રમાણ એક ટકાથી પણ ઓછું જોવા મળે છે, ત્યારે આવા રોગી સ્ત્રી કે પુરુષના સંતાનમાં તે રોગ ઊતરવાની શક્યતા વીસ ગણી છે; ભાઈ કે બહેનમાં ચૌદ ગણી છે; પૌત્ર કે પૌત્રીમાં ચાર ગણી છે. આનુવંશિકતા ઘણે ભાગે નિર્બળ જણાય છે.

અપરાધવૃત્તિ : ગરીબાઇ, અજ્ઞાન, ઢીલી રાજ્યસત્તા, સડેલું પોલીસતંત્ર વગેરે અનેક બાહ્યસંજોગો પર આ વૃત્તિનો આધાર જણાય છે. વળી કોઈનામાં ગુનાવૃત્તિ છે કે નહિ તેનું ધોરણ શું? ગુનેગાર પકડાય તો એનામાં ગુનાવૃત્તિ છે, ને ન પકડાય તો નથી. વળી ગુનાના પણ અનેક પ્રકાર છે. ખૂન, બળાત્કાર, ચોરી, લાંચ-રૂશ્વત, આ બધાંમાં એક જ પ્રકારની માનસિક વૃત્તિ કામ કરતી હશે? આપણે ત્યાં વાઘરી, ઠાકરડા, પાટણ-વાડીઆ, ધારાળા, છારા વગેરે કોમોનો ચોરી એ ખાસ ધંધો ગણાય છે—આમ પરિસ્થિતિ જ પ્રભાવી જણાય છે; દાખલા તરીકે, હિંદુસ્તાન અને પાકિસ્તાન જુદાં પડ્યાં ત્યારે સામાન્ય રીતે શાંત સ્વભાવનાં માણસોએ પણ ઘેટાંવૃત્તિને તાબે થઇ આગ, લૂંટ, ખૂન જેવાં ભયંકર કૃત્યો કર્યાં હતાં.

ઓગણીસમી સદીમાં અમેરિકાની જેલોમાં જે કેદીઓ હતા તેમાંના મોટા ભાગના મંદબુદ્ધિના હતા; કેટલાકમાં માનસિક રોગ પણ હતો. તેથી ગુનાવૃત્તિનું આવું કોઈ કારણ હોઈ શકે એમ મનાતું. વળી ગુનેગારોની મુખાકૃતિ અમુક જ પ્રકારની હોય છે એવો પણ એક વાદ હતો. આમાંથી કશું નિશ્ચિતતાથી સાબિત થઈ શકતું નથી. આમ છતાં અમેરિકા જેવા સમૃદ્ધ અને પ્રગતિશીલ દેશમાં બાળ ગુનેગારોનું પ્રમાણ વધતું જાય છે, તે ઉપરથી એમ લાગે છે કે બાહ્ય પરિસ્થિતિ ઉપરાંત બીજાં પણ કારણો—માનસિક અને કૌટુંબિક—હોવાં જોઈએ. જો વ્યક્તિના ચિત્તતંત્રને જવાબદાર ગણીએ તો એમાં આનુવંશિકતા ખરી કે નહિ? આ પ્રશ્ન પર જોડકાં બાળકોના અભ્યાસથી થોડો પ્રકાશ પડે છે. જેનો એક ભાગીદાર ગુનેગાર હોય એવાં ૩૭ એકબીજી જોડકાંમાંથી ૨૫ કિસ્સામાં બીજો ભાગીદાર (જોડકામાંની બીજી વ્યક્તિ) પણ ગુનેગાર માલૂમ પડ્યો હતો; જ્યારે ૨૮ દ્વિબીજી જોડકાંમાંથી પાંચ જ એવા કિસ્સા મળ્યા—અથવા સામ્ય પ્રમાણ અનુક્રમે ૬૮ ટકા અને ૧૮ ટકા આવ્યું. આ આંકડા અમેરિકાના છે. જર્મનીમાં ૬૬ એકબીજી જોડકાંમાંથી ૪૫ આવા કિસ્સા મળેલા; ૮૪ દ્વિબીજી જોડકાંમાંથી ૩૨ મળેલા—અર્થાત્ સામ્ય પ્રમાણ ૬૮ અને ૩૮ ટકા આવ્યું. આમ પરિસ્થિતિ કરતાં વારસામૂડીની પ્રબળતા જોવા મળે છે.

જોડકાંઓનો અભ્યાસ : ઉપરના પેરામાં જોડકાં બાળકોનો ઉલ્લેખ કર્યો છે. મધુપ્રમેહ, ક્ષય, કેન્સર, માનસિક મંદતા, માનસિક રોગો વગેરેની ચર્ચા કરતાં આપણે જોઇ ગયા કે આ બધાં લક્ષણો પૂરેપૂરાં આનુવંશિક નથી પરંતુ એમાં પરિસ્થિતિ પણ ભાગ ભજવે છે. કોઈ પણ રોગ અગર લક્ષણ કેટલે અંશે વારસાગત છે, અને કેટલે અંશે પરિસ્થિતિ પર આધાર રાખે છે તે સમજવામાં અને નક્કી કરવામાં જોડકાં બાળકોનો અભ્યાસ આપણને બહુ મદદરૂપ નીવડે છે.

જોડકાં બાળકો બે પ્રકારનાં હોય છે: (૧) એકબીજી (અં: યુનિ ઓવ્યુલર); અને (૨) દ્વિબીજી (અં: બિનોવ્યુલર). એકબીજી જોડકાં એક જ ફલિત બીજમાંથી—દાળના બે ફાડિયાંની જેમ—પેદા થાય છે, ને તેથી એમના રંગસૂત્રો બધા સરખા હોય છે—એટલે કે, એમની વારસામૂડી તદ્દન સરખી હોય છે. પરિણામે એકબીજી જોડકાં તદ્દન સરખાં—જાતિ, રૂપ, રંગ, લક્ષણો વગેરેમાં ખૂબ જ મળતાં—હોય છે; જ્યારે દ્વિબીજી જોડકાં આ બધી બાબતોમાં જુદાં પડે છે. એમની વારસામૂડી ભિન્ન હોય છે. માત્ર ગર્ભાધાન કાળથી સાથે ઊછર્યાં હોય છે—સહોદર હોય છે—એટલું જ સામ્ય દ્વિબીજી જોડકાંની બે વ્યક્તિઓમાં હોય છે.

હવે જો કોઈ લક્ષણ પૂરેપૂરું આનુવંશિક હોય તો તે એકબીજ જોડકાંની બંને વ્યક્તિઓમાં જણાવું જોઈએ, અને દ્વિબીજ જોડકામાં તેમ ન જણાવું જોઈએ. એકબીજ જોડકાની વ્યક્તિઓમાંથી અમુક જ ટકામાં કોઈ રોગ મળી આવે તો તે પરિસ્થિતિની પ્રબળતા બતાવે છે. પચાસ ટકામાં જણાય અને પચાસ ટકામાં ન જણાય તો આનુવંશિકતા અને પરિસ્થિતિ બંને સરખાં પ્રબળ છે એમ કહેવાય. એકબીજ જોડકાંની વ્યક્તિઓમાં દેખાતા આવા સામ્યને સામ્યપ્રમાણ (અં: કન્કોર્ડન્સ) કહે છે. દાખલા તરીકે, માનો કે ૫૦ પ્રોફેસરોને એકબીજ જોડિયા ભાઈઓ છે, તે આમાંથી ૪૦ જણ પ્રોફેસરો જ છે, તો ધંધાનું આ સામ્યપ્રમાણ ૮૦ ટકા થયું.

આપણે ચર્ચા કરી ગયા તે તે રોગો–ખામીઓને લક્ષમાં રાખી જોડકાં બાળકોનો અભ્યાસ કરતાં નીચે જણાવેલું સામ્યપ્રમાણ મળી આવે છે :

રોગ અગર ખામી	એકબીજ જોડકાં	દ્વિબીજ જોડકાં
બુદ્ધિમાંદ્ય	૯૭ ટકા	૩૭ ટકા
યુવાવસ્થાનો ચિત્તભ્રમ	૮૬ ,,	૧૫ ,,
કેન્સર	૬૧ ,,	૪૪ ,,
કેન્સરનું સ્થાન એક જ હોય (બંનેમાં કેન્સર રોગ હોય ત્યારે)	૯૫ ,,	૫૮ ,,
ક્ષય	૮૭ ,,	૨૫ ,,
મધુપ્રમેહ ...	૮૪ ,,	૩૭ ,,

આ ટકાવારી જોતાં જણાય છે કે જો પરિસ્થિતિ આ બધી ખામીઓમાં નિર્ણાયક ભાગ ભજવતી હોય તો એકબીજ અને દ્વિબીજ બંને પ્રકારનાં જોડકાંમાં પ્રમાણ સરખું જ હોવું જોઈએ. પરંતુ એકબીજ જોડકાંમાં દેખાતું પ્રમાણ ઘણું વધારે છે, તેથી નિશ્ચયપૂર્વક કહી શકાય કે આનુવંશિકતા પણ અગત્યનો—મહત્ત્વનો ભાગ ભજવે છે.

પરંતુ એકબીજ જોડકામાં જે સામ્ય જોવામાં આવે છે તે માત્ર આવા આંકડાથી બરોબર ઊપસી આવતું નથી તેથી બે ત્રણ દૃષ્ટાંતો આપીએ :

કાશ્મીરની સાંસ્કૃતિક સમાલોચના

'સુસ્મિતા'

કાશ્મીરની ધરતી પર પગ મૂકતાં જ જાણે ત્યાંનું સૌન્દર્ય આપણા મનને અને હૃદયને આવરી લે છે. આખા પ્રદેશની મુસાફરી કર્યા પછી કંઈક એવો અનુભવ થાય છે કે કુદરતે પોતાનું સૌન્દર્ય, કળા અને વિવિધતાને ચારેકોર પાથરી દીધાં ન હોય તેમ કાશ્મીર પ્રદેશની ચારે દિશાઓ સૌન્દર્ય, અલૌકિકતા અને કુદરતની કળાથી ભરી ભરી લાગે છે. કાશ્મીરની ફોરમ ફોરતી ધરતી અને દેવાની ફોરમ રેલાવી આપણું મન ભરી દેતાં ત્યાંના સુંદર લોકો, ઘડીક તો દુનિયાનાં દુઃખોને ભુલાવી ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવે છે.

કાશ્મીર માત્ર સૌન્દર્યપ્રધાન દેશ જ નહિ, પણ એક ઐતિહાસિક સ્મારક પણ છે. અનેક વર્ષોનાં સ્મૃતિચિહ્નો આ સૌન્દર્યધામમાં ઠેર ઠેર નજરે પડે છે અને ભારતવર્ષની ભૂતકાલીન પ્રતિભાથી મન અને આત્મા જાણે અંજાઈ જાય છે. સંસ્કૃતિના એ અપૂર્વ ધામમાં અનેક રસભરી અને જ્ઞાનપ્રેરક ઐતિહાસિક વાતો અને દંતકથાઓ જાણવા મળે છે. આવી જ એક દંતકથા "કાશ્મીર" નામની યથાર્થતા પુરવાર કરે છે. કહેવાય છે કે આજના કાશ્મીરની ખીણની જગ્યાએ એક મોટું સરોવર હતું અને એના ઊંચાણવાળા પ્રદેશમાં એક મનુષ્યભક્ષક રાક્ષસ રહેતો હતો. એ રાક્ષસ લોકોને ખૂબ જ ત્રાસ આપતો. લોકોનું આ દુઃખ જોઈ ઋષિ કશ્યપે પ્રાર્થના કરી અને તેથી માતાજીએ પ્રસન્ન થઈ એ રાક્ષસનો સંહાર કર્યો. ત્યાર પછી માતાજીએ એક પથ્થર ફેંક્યો જે પર્વતના રૂપમાં ફેરવાઈ ગયો. કશ્યપ ઋષિએ બારામુલા પાસે પર્વતમાં ખીણ બનાવી અને સરોવરનાં પાણીને તે ખીણમાં વાળ્યાં. આથી કશ્યપ ઋષિના નામ પરથી ખીણનું નામ "કશ્યપ-મીર" પડ્યું. આ નામનું અપભ્રંશ તે આજનું "કાશ્મીર" મનાય છે. ભૂસ્તરશાસ્ત્રીઓ કાશ્મીરને, એક સમયે દુનિયાનાં વિશાળ સરોવર સાથે જોડાયેલા, સરોવરના એક ભાગ તરીકે ગણાવે છે, તે કથન ઉપરની દંતકથાનું સમર્થન કરે છે.

ભૌગોલિક દૃષ્ટિએ કાશ્મીરનો પ્રદેશ બે ભાગમાં વહેંચાયેલો છે—કાશ્મીર અને જમ્મુ. આ બે પ્રદેશો ૩૨° ૧૭' થી ૩૬° ૫૮' ઉત્તર અક્ષાંશ અને ૭૩° ૨૬' થી ૮૦° ૩૦' પૂર્વ રેખાંશની વચ્ચે આવેલા છે. એનો ઘેરાવો લગભગ ૮૨,૨૫૮ ચોરસ માઈલ છે, જેમાં કાશ્મીરની ખીણ ૮૫૩૯ ચોરસ માઈલ છે. કાશ્મીરની સરહદ એક બાજુ રશિયા અને ચીન તથા બીજી બાજુ ભારત-પાકિસ્તાનને મળે છે. કાશ્મીરની રૂપકુપતા અને અલૌકિકતાને વિસ્તારતી બે નદીઓ ચિનાબ અને જેલમ છે. જેલમ કાશ્મીરની ખીણમાંથી વહે છે. તે ૮૦ થી ૮૪ માઈલ લાંબી તથા ૨૦ થી ૨૬ માઈલ પહોળી છે. ચિનાબ નદી જમ્મુનો ખોળો ખૂંદે છે. કાશ્મીરની ખીણ દરિયાની સપાટીથી સરેરાશ ૫૦૦૦ ફૂટ ઊંચી છે.

કાશ્મીરના ઇતિહાસનું વિહંગાવલોકન કરીએ તો કાશ્મીર પર અનેક જાતિઓ શાસન કરી ગઈ છે તે જણાશે. રાજકીય ધોરણે, પ્રાચીન કાશ્મીર એટલે ફક્ત કાશ્મીરની ખીણનો પ્રદેશ જ ગણાતો; પરંતુ સમય જતાં આસપાસના પ્રદેશો પર કાશ્મીરના રાજાનો અમલ

ફેલાતો ગયો. ઈ. સ. ૨ જી સદીમાં 'ટોલેમી'એ એના સાહિત્યમાં કાશ્મીરનો ઉલ્લેખ "કાસ્પેરિયા" તરીકે કર્યો છે. ચીની મુસાફર હ્યુએન-ત્સંગ જ્યારે ઈ. સ. ૭ મી સદીની મધ્યમાં કાશ્મીર આવ્યો ત્યારે આજુબાજુના પ્રદેશો—તક્ષશીલા, ઉરસા, સિંહપુર, વગેરે કાશ્મીરના અમલમાં હતાં. ઈ. સ. ૮ મી સદીની મધ્યમાં કાશ્મીરના રાજા લલિતાદિત્યે કનોજ સુધીનો પ્રદેશ જીતી લીધો હતો.

વૈદિક સાહિત્ય કાશ્મીરનો કોઈ જગ્યાએ ઉલ્લેખ નથી આપતું, પરંતુ ઋગ્વેદ સ્તોત્રમાં મરુદ્‌વૃધા નદીનો ઉલ્લેખ છે તેને કાશ્મીરમાં આવેલા મરુવર્દ્‌વાન ઝરણાં સાથે કેટલાક સરખાવે છે, જો શંકાસ્પદ તો છે જ. ઉપનિષદ અને બ્રાહ્મણમાં, કાશ્મીરની ઉત્તર-પશ્ચિમે રહેતી કેટલીક ગાન્ધાર અને કેકયાસ જેવી જાતિઓનો ઉલ્લેખ કરાયો છે. પણ તેમને કાશ્મીરની સંસ્કૃતિ કે ઇતિહાસ સાથે સંકળાયેલા બતાવાયા નથી. સંસ્કૃત સાહિત્યનાં પાણિનિ વ્યાકરણ અને પતંજલિના વિવરણમાં સૌ પ્રથમ કાશ્મીરનો ઉલ્લેખ કરાયો છે. તેમાં પ્રથમ 'કશ્મીર' અને પછી 'કશ્મીર' નામનો ઉલ્લેખ, પ્રદેશ અને લોકો માટે યથાક્રમે કરાયો છે. કેટલાંક પુરાણો ઉત્તર પ્રદેશમાં કાશ્મીર હોવાનું સમર્થન કરે છે. મહાભારતમાં ભારતની ઉત્તરે આવેલી ખીણને વર્ણવવા માટે જ લખાયેલું કાશ્મીરી લોકો અને તેના રાજાઓનું નિદાન વાંચવા મળે છે. વરાહમિહિરે 'બૃહત્-સંહિતા'માં કાશ્મીર પ્રદેશની અભિસાર, દરાદ, દાર્વા, ખાસા, કીર વગેરે જાતિઓનો ઉલ્લેખ કર્યો છે. આ જાતિઓ એક સમયે કાશ્મીર અને તેની આજુબાજુના પ્રદેશમાં વસતી હતી, એ ઇતિહાસ સૂચિત છે. ઈ. સ. ૭ મી સદીમાં શ્રી હર્ષે 'રત્નાવલી'માં લખ્યું છે કે કાશ્મીરનું કેસર, તેના રંગ અને સુગંધમાં બધી જ જાતના કેસરોમાં ઉત્તમ હતું.

પરદેશીઓનાં કાશ્મીર વર્ણનોમાં પ્રથમ 'હેકટીસે' કાશ્મીરને ગન્દારીઓનાં શહેર "કસ્ટ્રૂપેોસ" તરીકે વર્ણવ્યું છે. 'હેરોડોટસ' "કસ્પટ્રીસ" શહેરને પરદેશી હુમલાના એક સ્થળ તરીકે સૂચવે છે. સમેોસના 'ડીઓનીસીઓસે' "કાસ્પેઇરાઇ"નો, એક ઝડપી પગલાંવાળી ભારતની જાતિ તરીકે ઉલ્લેખ કર્યો છે.


કાશ્મીરની ખીણમાં આવનાર પ્રથમ ચીની મુસાફર બનતાં સુધી 'ચે-મોંગ' હતો. ઈ. સ. ૪૨૦ માં બીજો ચીની મુસાફર પચીસ બૌદ્ધ સાધુઓ સાથે આવ્યો અને તેણે કાશ્મીરમાં એક વર્ષ કરતાં વધુ સમય રહી, બૌદ્ધ પુસ્તકો અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો. હ્યુએન-ત્સંગે ઈ. સ. ૬૩૧ માં કાશ્મીરની મુલાકાત લીધી અને ત્યાં બે વર્ષ રોકાયો. તેના "કીઆ-શી-મી-લો" રાજ્યના વર્ણનમાં વિતસ્તા નદીના કિનારાનો પ્રદેશ અને તેની શાખાઓએ બનાવેલો બારામુલ્લા આગળના ખીણ પ્રદેશનો તે રાજ્યમાં સમાવેશ થતો હતો. આગળ લખતાં તે કાશ્મીરને સ્વરક્ષિત પ્રદેશ તરીકે વર્ણવતાં ખીણનો પ્રદેશ બધી બાજુથી પર્વતમાળાઓ વચ્ચે ઘેરાયેલો હોઈ પરદેશીઓના હુમલાથી તેનું કુદરતી રક્ષણ થતું હતું, એમ લખે છે. હ્યુએન-ત્સંગે ત્યાં અશોકના ચાર સ્તુપો જોયા હતા. અને તે સમયે કનિષ્કે એક બીજો સ્તુપ બંધાવ્યો હતો એમ તે લખે છે. અત્યારે તે સ્તુપોનું નામનિશાન જોવા મળતું નથી. ઈ. સ. ૮ મી સદીમાં ચીની યાત્રી ઓ-કોંગે ત્યાં મઠો કરતાં વધારે વિહારો જોયા હતા. તે ઉપરાંત અનેક સ્તુપો અને બુદ્ધની મૂર્તિઓ જોઈ હતી.

મુસ્લિમ લેખકોએ કાશ્મીરની ઐતિહાસિક-ભૌગોલિક પરિસ્થિતિ વિષે ઘણે ભાગે મૌન સેવ્યું છે. જે કંઈ લખ્યું છે એ ખાસ મહત્ત્વનું નથી. અરબી લખાણમાં 'અલ્બેરૂની'ના પુસ્તક 'કિતાબ-અલ-હિન્દ'માંથી કાશ્મીરની ખીણ વિષે વિગતવાર અને અગત્યની એવી કેટલીક ચોક્કસ માહિતી મળે છે. તે સમયે કાશ્મીર ભારતીય વિજ્ઞાન વિદ્યા શીખવા માટેનું મહત્ત્વનું સ્થાન હતું તેથી અલ્બેરૂનીએ પોતે કાશ્મીર વિષે જાણવામાં ખાસ રસ લીધો હતો. તે લખે છે કે કાશ્મીર વિષેની માહિતી આપનારાઓમાં ઘણાખરા ઉચ્ચ વિદ્વાનો હતા. તે સમયનાં કાશ્મીરીઓ, ખીણની કુદરતી શક્તિ માટે અનેરું ગૌરવ અનુભવતાં. ઘણા પૂલો અને નાવ વડે જોડાયેલા જેલમ નદીના બન્ને કિનારે વસેલી રાજધાની શ્રીનગર તે સમયે "અધિષ્ઠાન" તરીકે જાણીતી હતી.

કાશ્મીર વિષેની બાબતો પર વધુ પ્રકાશ પાડનાર, છેલ્લો પરદેશી મુસાફર, આપણા સમયનો 'માર્કો પોલો' હતો. ઈ. સ. ૧૩ મી સદીમાં તેણે કાશ્મીરનો પરિચય "કાશીપૂર" નામથી આપ્યો છે. ત્યાં વસતાં લોકોની પોતાની કાશ્મીરી ભાષા હતી. એ લોકો ઘણા ચમત્કારી પ્રયોગો કરતા અને તેઓ મૂર્તિપૂજક હતા. માર્કો પોલોએ એ લોકોનાં ખોરાક, શારીરિક સંપત્તિ તથા તેમના કેટલાક રીતરિવાજો વિષે પણ લખ્યું છે.

આ થયું પરદેશીઓના શબ્દોમાં વર્ણવાયેલું કાશ્મીર. હવે આપણે કાશ્મીરીઓએ લખેલું સાહિત્ય જોઈએ. પ્રથમ ઉલ્લેખ સંસ્કૃત સાહિત્યમાં "નિલમન પુરાણ"નો છે. એના વિષે લખતાં 'બુલ્હરે' કહ્યું છે કે 'કાશ્મીરનાં પવિત્ર ધામો અને તે વિષેની કથાઓની માહિતી આપતો આ એક ઉત્તમ ગ્રંથ છે.' એ પુરાણના લેખક 'નીલે' કાશ્મીરનાં પવિત્ર ઝરણાં, વૂલર સરોવરની ઉત્પત્તિ, શિવ તથા વિષ્ણુ પૂજાનાં સ્થળો, પવિત્ર નદીઓ, તળાવો અને મુખ્ય પવિત્ર ધામો તથા છેલ્લે વિતસ્તા નદીની મહત્તા વિષે લખ્યું છે. પછી આવે છે ક્ષેમેન્દ્રનું પુસ્તક "સમય માતૃકા" જેમાં કણકાલીની કાશ્મીરની મુસાફરીનું ઘણું જ સુંદર સ્થળવર્ણન વાંચવા મળે છે, જેમાં સૌ પ્રથમ પીરપંજાલના રસ્તાનો ઉલ્લેખ કર્યો છે. તેના પછી થોડા જ સમય બાદ સોમદેવે 'કથાસરિત્સાગર'ની રચના કરી, જેમાં કાશ્મીરનો ઉલ્લેખ હિમાલયની દક્ષિણે, વિતસ્તા નદીના પ્રદેશ તરીકે, કરાયો છે. તેણે કેટલાંક પવિત્ર સ્થળો, વિજયક્ષેત્ર, નંદીક્ષેત્ર, વરાહક્ષેત્ર, મંડપક્ષેત્ર, ઉત્તરરામમાનસ વગેરેનું વર્ણન કર્યું છે.

'બિલ્હણે' તેના મહાકાવ્ય 'વિક્રમાંકદેવચરિત'માં કાશ્મીરની રાજધાની અને પોતાના જન્મસ્થાન ખોનામુસાનું સ્પષ્ટ વર્ણન આપ્યું છે. કાશ્મીરનો ઇતિહાસ અને પ્રાચીન ભૌગોલિક પરિસ્થિતિ જાણવા માટે 'કલ્હણ'ની 'રાજતરંગિણી' એક અગત્યનું પુસ્તક છે. 'રાજતરંગિણી'ના પ્રથમ ખંડમાં કાશ્મીરની ઉત્પત્તિ અને પવિત્ર નદી વિતસ્તા વિષેની દંતકથાઓ તથા મહત્ત્વનાં તીર્થસ્થાનોનું વર્ણન વાંચવા મળે છે. ઐતિહાસિક દષ્ટિએ તેમાં ઠેર ઠેર વાંચવા મળતું સ્થળવર્ણન અગત્યનું છે. 'રાજતરંગિણી' મુજબ કાશ્મીર એવો પ્રદેશ હતો કે જ્યાં તલના દાણા જેટલી જગ્યા પણ તીર્થસ્થાન વગરની ન હતી. દરેક ઝરણાંનો જુદાં જુદાં નાગસ્વરૂપમાં ઇષ્ટદેવ હતો. કલ્હણના સમકાલીન કવિ 'મનખા'એ 'શ્રીકન્થચરિત'માં કાશ્મીરની રાજધાની પ્રવરાપુરનું વર્ણન કર્યું છે. સ્થળવર્ણનની દૃષ્ટિએ, બીજું એક પુસ્તક 'જયદથ'નું 'હરચરિતચિંતામણી' છે, જેમાં શિવ અને તેના અવતારો



વર્ષ ૩૪
અંક ૩

સં. ૨૦૧૯
પોષ

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પડે ત્યારે, અનિષ્ટને નભાવી લેવાનું તો કહ્યું જ નથી. અનિષ્ટની સામે હિંસાથી પણ પ્રતિકાર કરવો એ પ્રથમ પંક્તિનો નહિ તોપણ બીજી પંક્તિનો રાહ તો છે જ.

હિંસા કે અહિંસા એવા બે વિકલ્પોમાંથી મનુષ્યજાતિ માટે કોઈ પણ એક જ માર્ગ લેવાનું ક્યારે પણ શક્ય બન્યું નથી. સમજાવટથી કામ લેવાય ત્યાં સુધી મારામારી કરીને, ખાસ કરીને સામુદાયિક રીતે, બહુ થોડાને પરવડે છે. જ્યારે બીજા બધા ઉપાયો કામયાબ ન નીવડે ત્યારે, જો બળ હોય તો યુદ્ધનો માર્ગ બધા લે છે. પાંડવોએ કૌરવો સામે મહાસંગ્રામ ખેડ્યો તે પહેલાં બધા ઉપાયો અજમાવી જોયા હતા. પાંચ ગામ લઈને પણ સંધિ કરવા તેઓ રાજી હતા. બીજા વિશ્વયુદ્ધના પ્રારંભમાં પણ ચેમ્બરલેને આવા બધા માર્ગો લીધા હતા. પ્રાચીન રાજનીતિજ્ઞો પણ સામ, દાન, ભેદ અને દંડમાં દંડને છેલ્લો જ મૂકે છે।

પણ રાજનીતિના આ હિંસક રાહ ઉપરથી ગાંધીજીએ જગતને, ભારતમાં પોતાના કાર્યદ્વારા ખસેડવાનો જીવનભર પ્રયત્ન કર્યો. એમણે / પોતે અહિંસાની આત્યંતિક : નિષ્ઠા કેળવી અને પ્રજામાં તે વ્યવહારપૂરતી કેળવવા પ્રયત્ન કર્યો. જગતના બીજા દેશોના વિચારકો પણ જે રીતે ગાંધીજીએ અહિંસા દ્વારા રાજકીય ક્ષેત્રમાં પોતાનું કાર્ય સાધ્યું તેને લીધે ' આ પણ એક કાર્યક્ષમ રાહ છે ' એમ વિચારતા થઈ ગયા છે.

પૂર્વસંદર્ભ આવો હોવા છતાં ભારતે આક્રમણ કરી ગોવા વગેરે લઈ લીધાં અને ચીનના આક્રમણને ખાળવા અને ટાળવા પૂરતી યુદ્ધશક્તિ ખીલવવાનો જે સંકલ્પ કર્યો છે તે ઉપરથી એ તો સાવ સ્પષ્ટ છે કે ભારત પણ બીજા રાષ્ટ્રોની માફક, જરૂર પડે હિંસક યુદ્ધને સાધન તરીકે વાપરે છે. કદાચ, ગાંધીજીના અહિંસાના સંસ્કારોને લઈને, અથવા એ સંસ્કારોને માન આપવા ખાતરના દંભને લઈને, પૂર્વતૈયારી કરવામાં આપણે પછાત રહી જઈએ છીએ. પરિણામે ગોવાની બાબતમાં દુનિયાની અપકીર્તિને વહોરી લીધી અને ચીનની બાબતમાં આપણા રાષ્ટ્રપતિ જેને શરમજનક ગણે છે એવી હારને વહોરી લીધી.

આ બધાનું કારણ મને એમ લાગે છે કે આપણા વિચારતંત્રમાં ઘણું ધૂંધળાપણું છે. ગાંધીજીએ જે અહિંસા–દર્શન પ્રજામાં ઉતારવા પ્રયત્ન કર્યો તેને સ્વરાજ્ય મળતાં પ્રજામાં તે સ્થિર કરવા અને વાસ્તવિક કરવા કશો પ્રયત્ન થયો નહિ. ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતનો અમલ સમાજ જીવનની બીજી રચનાઓ ઉપર આધાર રાખે છે. ઉદા. ત. આર્થિક તંત્રને અને હિંસા – અહિંસાને ઘણો સંબંધ છે. ગાંધીજીએ ખેતી, હાથઉદ્યોગો, નવીન ગ્રામ-રચના, રાજકીય સત્તાની વિકેન્દ્રીયતા અને ' that government is the best which governs the least ' એ તત્ત્વ ઉપર રાજ્યવ્યવસ્થા આદિ તત્ત્વોવાળી સમાજ રચના કલ્પી હતી. તેને ઠેકાણે કૉંગ્રેસ સરકારે છેલ્લાં પંદર વર્ષમાં વધારે ને વધારે હાથપગ ફેલાવતું રાજકીય શાસનવાળું તંત્ર ઊભું કર્યું. ગ્રામોદ્યોગ વગેરેની બાબતમાં, શિક્ષણની બાબતમાં, અંગ્રેજીમાં જેને ' લિપ સર્વિસ ' કહે છે એટલા પૂરતી જ પ્રવૃત્તિ રાખીને ગાંધીજીનું માન સાચવ્યું ! આવા વાતાવરણમાં ગાંધીજીએ જે વ્યવહારપૂરતી અહિંસા પણ લોકોમાં ઉતારી હતી તેનું કંઈ સમર્થન – સંગઠન, વ્યાવહારિક કે સૈદ્ધાંતિક, કશું જ થયું નહિ. અર્થાત્ ગાંધીજીની અહિંસાના પ્રયત્નનું એટલું જ પરિણામ આવ્યું કે લોકો વધારે દેહરખા, ઘરરખા, ધનરખા થઈ ગયા ! જે પરિણામ કેટલેક અંશે મહાવીર અને બુદ્ધના દયાના ઉપદેશથી આવેલું કહેવાય છે.

અહિંસાનું શૌર્ય અને હિંસાનું શૌર્ય આ બન્ને ભાવના માટે આપણે જો કે એક જ શબ્દ વાપરીએ છીએ પણ હકીકતમાં આ બન્ને ભાવનાઓ તદ્દન જુદી છે. અહિંસાનું વીરત્વ — યમ, નિયમ, વૈરાગ્ય, ચિત્તશુદ્ધિ, અપરિગ્રહ, નહિ તો અસંગ્રહ આદિ ગુણોની કેળવણી પહેલી માગી લે છે. અને એ પ્રકારના તપમાંથી ઉત્પન્ન થતું વીર્ય એ અહિંસાનું બળ છે. હિંસાનું બળ જિજીવિષા અને કષાયોની તીવ્રતા ને મમત્વ સાથે જોડાય ત્યારે આવે છે. માણસ પોતાનો અહમ્ આ રીતે જેટલો વિસ્તારે, તેટલું તે હિંસક બળ પણ વિસ્તરી શકે છે. દેશને છીનાડતા વ્યક્તિઓ મરી ફીટે છે.

આ ખ્યાલ જો સાચો હોય તો, આપણે આ પંદર વર્ષમાં ગાંધીજીના અહિંસામય વીરત્વને કેળવવા કંઈ યોજનાઓ કરી નહિ, પણ અહિંસાના ઓઠા નીચે આપણે હિંસક બળ કેળવવાની પણ પૂરતી તૈયારી કરી નહિ। આ પરિસ્થિતિમાં બાવાના બે બગડે એમ, આપણી બન્ને મનોભાવનાઓ બગડી છે.

પ્રશ્ન : ધર્મતત્ત્વની દૃષ્ટિએ પ્રજાનું શું કર્તવ્ય ?

સામો પ્રશ્ન : अहिंसा परमो धर्मः ખરો કે નહિ ? એ તમારો પ્રશ્ન.
ખુલાસો—હા એમ જ.

ઉત્તર : જગતમાં હિંસા અને અહિંસા બન્ને છે. માણસ અને ભગવાન બન્ને પોતાના સાધ્યો હિંસા અને અહિંસા બન્ને દ્વારા સાધે છે.

પ્રશ્ન : ભગવાન હિંસદ્વારા કેવી રીતે ?

ઉત્તર : કેમ વારુ ? કુદરતી કોપો જેવા કે ધરતીકંપ, પાણીનાં પૂર, દુકાળ વગેરે. વળી માણસને ભગવાન એટમ બોમ્બની તરકીબ સુઝાડે એ પણ એનો દોષ નહિ ? અરે, એક દેશને બીજા દેશ ઉપર યુદ્ધ કરવાનું સુઝાડે એ પણ એનો દોષ નહિ ?—પણ આ તો ગમ્મત થઈ.

છતાં એમ તો દેખાય જ છે કે વિશ્વની લીલામાં એકાંતિક હિંસા કે એકાંતિક અહિંસા દેખાતી નથી. માટે જ આપણે ઈશ્વરના રુદ્ર અને શિવ એવાં બે રૂપો કલ્પીએ છીએ. પણ માણસનો સામાજિક ધર્મ કે વ્યવહાર અહિંસાપ્રધાન હોય તો જ કલ્યાણકારી થાય એવો ઇતિહાસનો પદાર્થપાઠ છે.

આ હિંસ–અહિંસાની ચર્ચા પ્રાચીન બ્રાહ્મણગ્રન્થોમાં ઠીક ઠીક થઈ છે. સાધારણ રીતે હિંસાને પાપ ગણ્યું છે પણ યજ્ઞમાં થતી હિંસાને પુણ્ય ગણ્યું છે, ધર્મ ગણ્યો છે. એમાંથી એવી વ્યાપ્તિ પંડિતોએ તારવી છે કે હિંસા માત્ર એ પાપનું કારણ નથી, પણ નિષિદ્ધ હિંસા એ પાપનું કારણ છે; વિહિત હિંસા એ પાપનું કારણ નથી. મને લાગે છે કે આપણે હજી આ ચિંતનથી વધારે આગળ જઈ શકીએ તેમ નથી. નિષ્કામ કર્મનો ઉપદેશ આપતાં પણ ભગવાન અર્જુનને પોતાના બાંધવોની હિંસા કરવા પ્રેરે છે; કારણકે તે તે સંજોગોમાં વિહિત છે, અને તેથી ધર્મ્ય છે. એ ફલબુદ્ધિ છોડી, અનાસક્ત રહી, સર્વ કર્મો ભગવાનને સમર્પી યુદ્ધ કરે તો, મોક્ષ પણ પામે. અર્થાત્ કે હિંસા કે અહિંસા એમાંથી કોઈ માણસનો એકાંતિક ધર્મ થઈ શકતો નથી. જે નિતાન્ત અપરિગ્રહી થઈ શકે, 'નિર્ગ્રન્થ' થઈ શકે, તેને જ પરમ ધર્મ રૂપે અહિંસા સહજ થાય છે.

એવી એક ફોર્મ્યુલા ઘડી શકાય કે જેટલો તમારો પરિગ્રહ,—વૈયક્તિક કે સામુદાયિક—તેટલી તમારી હિંસાની જરૂર. કારણકે પરિગ્રહ હિંસા વિના રક્ષી શકાતો નથી. પછી એ હિંસા સામા માણસને ફોસલાવવાની, છેતરવાની, કે ઠગવાની અથવા તેને લૂંટવાની કે મારી નાખવાની હોય!

આ બધા વિચારોના મૂળમાં એમ લાગે છે કે જ્યાં સુધી માણસોના કષાયોમાં, મનોવિકારોમાં, કામ, ક્રોધ, માન, મોહ, લોભ આદિ ઊર્મિઓમાં પરિવર્તન ન થાય, ત્યાં સુધી માનવને અહિંસાને માર્ગે ઉન્નત કરવાની બધી યોજનાઓ, ગોથ ખાતી પતંગની જેમ, થોડી ચડે અને પછી પાછી નીચે પડે. ગોથ ખાતી પતંગ ક્યારે પણ ઊંચે ચડે નહિ.

માનવજાતિના ઇતિહાસમાં દરેક પ્રજામાં એવી વ્યક્તિઓ થઈ ગઈ છે કે જે કષાયોને નિર્મળ કરી, નિર્ગ્રંથ જેવા બની, પોતાની મુક્તિ સાધી શકયા છે, અને માર્ગ બતાવી ગયા છે. પણ માનવ સમુદાયે તો હિંસા અને અહિંસાના દ્વંદ્વમાં ગોથાં ખાધા કર્યાં છે. અને આજે આપણે અહિંસાનો કાંઈક સ્વાદ ચાખ્યા પછી, પાછા હિંસાના સમર્થનમાં ઊતરી પડયા છીએ.

કદાચ, સંજોગોએ એ અનિવાર્ય કરી મૂકયું છે. તો પછી આપણે એ કબૂલ કરવું જોઈએ કે આપણે સંજોગને જ આધીન છીએ. કોઈ આપણને એમ પણ બતાવે કે બ્રિટિશ અમલ દરમ્યાન સંજોગો એવા હતા કે હિંસાથી કાંઈ વળે એમ ન હતું, એટલે આપણે, અહિંસાને વાપરી; હવેના સંજોગોમાં આપણે અહિંસાને વાપરી શકતા નથી,—મોટા ભાગને તો તેનો વિચાર સરખો પણ આવતો નથી,—એટલે હિંસાને વાપરીએ છીએ. અર્થાત્ આપણો સામાજિક ધર્મ સંજોગાધીન થયો. આનાથી આપણે આગળ વધ્યા નથી એમ કબૂલ કરવું જોઈએ. બીજી પ્રજાઓ કરતાં આપણે કોઈ રીતે આ ભાવનામાં આગળ નથી એ નમ્રતાપૂર્વક સ્વીકારવું જોઈએ, અને આપણા પ્રવક્તાઓએ બીજાઓને ઉપદેશ આપવો બંધ કરી દેવો જોઈએ.

આ વસ્તુસ્થિતિનો સ્વીકાર કરીને જ આપણે ચીન સામેના યુદ્ધની, બીજી પ્રજાઓ પોતાના આક્રમકો સામે કરે એમ અને એવી તૈયારી કરવી જોઈએ, એમ હું માનું છું. પણ આક્રમક યુદ્ધ સામે સંરક્ષક યુદ્ધ અને સંરક્ષણ માટે આક્રમક યુદ્ધ ખેલવાની તૈયારી જો કરવાની હોય તો એનો સર્વોદય અથવા સર્વસેવા સંઘની બીજી પ્રવૃત્તિઓ સાથે કેવો મેળ રહેશે એનો વિચાર પણ થવો જોઈએ. એના વિચારકોએ કદાચ તે કર્યો હશે.

* * *

પ્રશ્ન : રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને છેલ્લા અઠવાડિયામાં મુંબઈ અને ગુજરાતમાં ઠીકઠીક મનચનો કર્યો. કેમ, નહિ વારુ?

ઉત્તર : ઘણો ઉત્તેજક, ભાવનાવાદી શબ્દનો ધોધમાર! રાષ્ટ્રપતિએ પ્રજાને સચેત કરી મૂકી છે. એ રીતે તેઓ વડા પ્રધાન પં. નેહરુના કર્તવ્યને સારું એવું સમર્થન આપી રહ્યા છે. તેમણે કહેલી ત્રણ સાદી અને સીધી બાબતો કદી ભૂલવા જેવી નથી. પહેલી એ કે, હિમાલય હવે અભેદ્ય રહ્યો નથી. એની પાર ઉત્તર-પૂર્વમાં વસતી પીળી પ્રજાની વસ્તીની આક્રમણશીલતાનું હવે આપણને પૂરેપૂરું જોખમ છે.

બીજું એ કે, આપણો સૈનિક વીરતામાં અને કુશળતામાં કોઈ પણ સૈનિકની પાસે મોમ મુકાવે એવો છે. કિન્તુ સાધનોના યુદ્ધમાં એ બિચારો પૂરતાં સાધનો વિના શું કરે? એટલે એને આધુનિક જમાનાને અનુરૂપ સાધનસંપન્ન કરવો જોઈએ. પણ એક વાત એમણે એ પણ કહી કે, આપણી નેફા ઉપરની પીછેહઠ શરમ ઉપજે એવી છે. કોને શરમ ઉપજાવે એવી છે? સૈનિક તો બહાદુરીથી લડ્યો છે એટલે આપણી પ્રજા અને સરકારની શરમ એવો અર્થ કરવો જોઈએ કે એ સૈનિકને પૂરતાં હથિયાર આપવાની બાબતમાં આપણે ગાફેલ રહ્યા! પ્રજાએ હવે એ માટે પોતાની ખાનગી મિલકતો સરકારને જેટલી જોઈએ તેટલી સ્વાધીન કરવી જોઈએ.

વળી બીજું એમણે એમ પણ કહ્યું કે યુનો ઉપર હાલમાં આપણે આધાર રાખી શકીએ તેમ નથી. એ તો આપણે આપણા કાશ્મીરના અનુભવ ઉપરથી પણ જાણીએ છીએ.

* * *

પ્રશ્ન : તા. ૨૩ મી ડિસેમ્બરના 'ટાઈમ્સ ઑફ ઈંડિયા'માંના પૃ. ૧ ઉપરના મથાળા advice to Chavan નો અર્થ કંઈ સમજાયો?

ઉત્તર : ના, મને પણ કંઈ બરાબર સમજાતો નથી. 'ટાઈમ્સ'માં જણાવ્યા મુજબ, રાષ્ટ્રપ્રમુખે એમ કહ્યું કે 'લશ્કરની તાકાત ગુણમાં અને કદમાં વધારવી એ આવશ્યક છે.' પછી એમણે સંરક્ષણ પ્રધાન શ્રી ચવાણ કે જે એ મીટિંગમાં હાજર હતા તેમને ઉદ્દેશીને કહ્યું કે 'સંરક્ષણ પ્રધાનના ખભા ઉપર મોટી જવાબદારીનો ભાર છે એમ (!) સમજી જો કોઈ અક્કલ વગરની માગણી આવે તો તે નકારી શકે એવા હિંમતબાજ અને નિર્ભય તેમણે બનવું જોઈએ. એમનામાં જો અક્કલ વગરની માગણી નકારવાની હિંમત અને નિર્ભયતા ન હોય તો દેશના સંરક્ષણ પ્રધાન થવાને તે લાયક નથી. આ મેં એમને ખાનગીમાં કહ્યું છે. અને અત્યારે અહીં (જાહેરમાં સભામાં) કહું છું.'*

રાષ્ટ્રપતિને સંરક્ષણપ્રધાનને આમ શા માટે કહેવું પડ્યું હશે? જાતજાતના તર્કવિતર્ક થાય છે. એમનો કહેવાનો ભાવાર્થ એવો હશે કે મેનન જેવા ન થશો! અથવા એમને માથું ન મારવા દેશો? અથવા પ્રધાનમંડળમાં કોઈ નબળું પડે, કોઈની નબળી વાત આવે તો તે ન માનશો? કે

* He said that it was necessary to raise the strength of the army both in quality and quantity. "A great responsibity rests on the shoulders of the Defence Minister" (who was present at the meeting.) The President said: "He must be courageous and bold enough to say 'no', if any unreasonable request is made to him. If he does not have the courage and boldness to say 'no' to an unreasonable request, he does not deserve to be the Defence Minister of the country. I have said this to him in private and am saying it here now," he said.

—"The Times of India" Dec. 23, 1962

સરકારી અમલદારો અને સ્થાનોની બાબતમાં બીજી કોઈ અપ્રસ્તુત બાબતની ડખલ કરવા ન દેશો! કશું કલ્પી શકાતું નથી. પણ રાષ્ટ્રપતિનાં ભાષણોનો સૂર વિચારતાં એમ તો લાગે છે કે એમના કહેવાનો ભાવાર્થ એવો હોય કે દેશના સંરક્ષણ પ્રધાનની એ ફરજ છે કે એણે દેશની સંરક્ષક શક્તિને કોઈ રીતે નબળી પડવા દેવી નહિ અને તેની તાકાત વધારે જ જવી. ગમે તે હોય પણ સંરક્ષણ પ્રધાનને ખાનગીમાં આપેલી અને જાહેરમાં પુનરુચ્ચારેલી સલાહ કંઈક ભેદી સૂચન કરતી હોય એવી ભાસે છે! અને કદાચ, ભેદી સૂચનો જોવાની એ આપણા મનની નબળાઈ પણ હોય!

*　　　　*　　　　*

પ્રશ્ન : અમેરિકાના 'હર્સ્ટ' છાપાઓના મુખ્ય સંપાદક મિ. હર્સ્ટ અને આપણા વડા પ્રધાન નેહરૂની મુલાકાતનો અહેવાલ વાંચ્યો? શું લાગે છે?

ઉત્તર : આ અમેરિકન છાપાવાળા આપણા મોઢામાં આંગળી નાખી બોલાવવા માગે છે! કદાચ એમ સમજે કે આપણને હવે એમની મદદ વિના ચાલે એમ નથી એટલે એમના સૂરમાં સૂર પુરાવીશું. 'મેનનને ફરી પાછા લેવાના છો?' એવો પ્રશ્ન એક પરદેશી છાપાવાળો આપણા વડાપ્રધાનને પૂછે એમાં મને આંતરરાષ્ટ્રીય વિનયનો ભંગ લાગે છે. આઈઝનહોવરને કોઈએ એમ પૂછ્યું હોત કે "તમે ડલેસને ક્યાં સુધી રાખવાના છો! શા માટે એ બ્રિન્કમેનશિપના કલાકારને દૂર કરતા નથી?" તો કેવું કહેવાય? પં. નેહરૂએ એનો આપવા જેવો જ જવાબ આપ્યો છે! "લઈએ પણ ખરા. કદાચ, હાલમાં નહિ."

પંડિતજીના આ જવાબ ઉપરથી આપણાં 'ટાઈમ્સ' વગેરે છાપાંઓ એવું સૂચવતાં મથાળાં કરે છે કે જાણે હવે મેનન પાછા કેબિનેટમાં એકદમ આવી ગયા! એ આપણી ખબિદારી છે.

એક વ્યક્તિનો આવો દ્વેષ એ હીણો કહેવાય. દેશને જેની જ્યારે જરૂર તેમને લાગે ત્યારે વડા પ્રધાન તેને પોતાના કેબિનેટમાં લઈ શકે છે; એ લે ત્યારે આખી પરિસ્થિતિનો વિચાર કરીને જ લે.

મિ. હર્સ્ટનો બીજો પ્રશ્ન ચીનને યુનોમાં દાખલ કરવાની પંડિતજીની વકીલાત વિશે હતો! પંડિતજી ચીનને યુનોમાં દાખલ કરાવવાનો આગ્રહ રાખે છે તેની મુખ્ય દલીલ એ છે કે આવડો વિશાળ અને આબાદીવાળો તથા શક્તિસંપન્ન દેશ યુનો બહાર રહે તો યુનોના નિઃશસ્ત્રીકરણ વગેરે ઠરાવો આવા મોટા શક્તિશાળી દેશને કોઈ પણ રીતે બંધનકર્તા રહે નહિ, અને એ રીતે બીનજવાબદાર, એનો સ્વીકાર કરે તો પણ, એ બહુ કામિયાબ નીવડે નહિ. એ માટે ચીનને યુનોમાં પ્રવેશ આપી તેને તેના નિયમનમાં આણવું જોઈએ. આ મત સાથે અસંમત થતાં આના જવાબમાં એ અમેરિકન સદ્‌ગૃહસ્થે જે ઉપમા આપી છે તે નવાઈ જેવી છે: 'કોઈ એક બદમાશ મકાનના બીજે માળે કોઈ સ્ત્રી ઉપર અત્યાચાર કરે અને એ પછી એવા એ માણસને ઘરના ભોંયતળિયે સન્નારીઓની પત્તાંપાર્ટીમાં સામેલ થવા નિમંત્રણ અપાય.'*

---

* "To invite China into the U. N. would be comparable to inviting someone who has just committed rape on the second floor of this house to come downstairs and join a polite ladies' card party."

—Times of India તા. ૨૯-૧૨-૫૨

મિ. હર્ટની શી કલ્પના દોડે છે!

એ જ પ્રમાણે પંડિતજીએ 'ન્યૂટ્રલ' અને 'નોનએલાઈનમેન્ટ'નો બતાવેલો ભેદ તેમજ કાશ્મીરના પ્રશ્ન પરત્વે ભારતે ધર્મભેદના ધોરણે રાષ્ટ્ર કલ્પવાની કદી પણ નહિ સ્વીકારેલી નીતિની જે ચોખવટ કરી છે, તે પણ કરવા જેવી અને વિશદ છે.

આપણે મુશ્કેલીમાં હોઈએ એટલે આપણા સિદ્ધાંતો આપણે તજી દેવા એ કોઈ પણ સમર્થ રાજપુરુષ સ્વીકારે નહિ;—અને પં. નેહરુ જેવા સમર્થ પુરુષ તો ન જ સ્વીકારે.

અમેરિકનો બીજી ઘણી બાબતોમાં કુશળ, ચતુર અને વિવેકી છે; પણ રાજકારણની બાબતમાં કેટલીક વાર બાલિશ જેવા લાગે છે.

આપણા દેશમાં પણ કેટલાક ડાહ્યા માણસો માથું ધુણાવીને એમ કહેતા હશે કે જવાહરલાલજીને બોલ્યા વિના કેમ ચાલતું નથી? મેતનની વાત કરીને અમેરિકનોને નાખુશ કરવાની શી જરૂર હતી? વગેરે વગેરે.

૨૬-૧૨-૬૨

★

પોઢી રહું

પોઢી રહું પૂર્ણ પ્રશાંતિમાં તવ
પાદાબ્જમાં, પાવન પ્રેમદૈવતા!
પૂર્ણ પ્રવાહ તારો
વહી રહો આ મુજ રોમ રોમમાં—
મંદાકિની શો તવ પાદથી વહી.

આ કોષ કોષે અહીં તંતુ તંતુમાં
તારી રમો સર્જક સંનિધિઓ:

આ વન્ય શા જીવનચક્ર મધ્યે
રચી દિયો નંદન દેવ, તારું.

સુન્દરમ્

卐

આણુઅસ્ત્રોના ઓળા

સ્વામી આનન્દ

આજની દુનિયાનો ભણેલગણેલ માનવી એનો પોતાનો શત્રુ બની ગયો છે. એને એના ભલાબૂરાનું ભાન રહ્યું નથી. સૃષ્ટિનું સ્વામિત્વ એના સરજનહારાની પાસેથી ખૂંચવી લેવાની બળતરામાં આજે એનાં ઊંધઆરામ હરામ બની ગયાં છે. એ જળથળ અંતરાળમાં દિવસ-રાત આથડે છે; ને કુદરતી બળોને પલાણવા પાછળ જિંદગાનીનો વગડો કરી રહ્યો છે. કલાક વારમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવે છે ચંદ્ર, શુક્ર, આકાશના ગ્રહ–ઉપગ્રહોને આંબવા મથે છે.

ઘરઆંગણે હોય તેટલો વખત, શિકારી કૂતરા પાછળ પડ્યા હોય તેમ, હજાર હાય-બળતરામાં ઘર–હાફીસ કે કોઠ–કારખાનામાં મિનિટની ફુરસદ વગર ભાગદોડ કરે છે. સાંજે થાકી લોથ થઈ કલબે જાય છે. પાનાં ટીચે છે. દારૂ ઢીચે છે. અધરાત મધરાત લગણ ખાણાં ખાય છે; કાં નાટક સિનેમા નાચ નાટારંગમાં ડૂબે છે. અકાળે મરે છે કાં જીવલેણ રોગવ્યાધિમાં સડીસબડી બૂરા હાલે જીવતર પૂરું કરે છે.

હા, એની આધુનિક સિદ્ધિઓનું લેખું નથી. એક એક ઉપર સરસાઈ કરે એવી સિદ્ધિઓની કમાણી કરીને એણે ગાડાં બાંધી છે. તમે ભલે ગમે તે કહો, પણ આજના વૈજ્ઞાનિક આગળ ક્યારેક શેક્સપીઅર, કાળિદાસ કે તેમૂર નેપોલિયન બાળક બચ્ચાં જેવા લાગે એમ છે.

પણ સો વાતની એક વાત પર આવીએ. આ બધી સિદ્ધિઓ ગાડે બાંધીનેય એ સુખી થયો? આજનો એ ચોકસ વિદ્યાનો જાણકાર ચતુરસુજાણ આદમી સુખશાંતિસંતોષની જિંદગી કમાયો? ભૂખ્યાદૂખ્યાની પૂછા કર્યાનો, બીક વેળા પડોશીને પડખે ઊભો રહીને એને મદદ કર્યાનો, નમ્રભાવે મોટેરાં આગળ કે શાણાં સ્વજન આગળ બે ઘડી બેસી સુખદુઃખની વાત કર્યાનો, કે ઘરનાં બૈરાંબાળકો સાથે નિરાંતજીવે બેસી વાતોવિનોદ કર્યાનો સંતોષ સાંજ પડ્યે એના ગજવામાં કેટલો પડ્યો?

જવાબમાં કટાણું મોં ને ઊનો નિસાસો.

અમેરિકા આજે દુનિયા આખીના શિરમોડને સ્થાને છે. એની દુન્યવી સિદ્ધિઓનો શુમાર નથી રહ્યો. પણ એની હૉસ્પિતાલોમાં ભર ઉમ્મરે ખાંગા થએલા નર્વસ બ્રેકડાઉનના કેસો અને એનાં પાગલખાનાંઓમાં ગાંડાંઓની સંખ્યા તપાસો; એનાં છાપાંચોપાનિયોમાં માથા-દુખણાંની અને મગજતંતુઓને ટાઢાં પાડનારી ટ્રાન્ક્વિલાઈઝર દવાઓની જાહેરાતોનાં પ્રમાણ જુઓ; એ બધા પૂઠળ અમેરિકન સરકાર વરસોવરસ કેટલા અબજ ખરચે છે તે તપાસો; તો એ મહાપ્રજાના સુખસંતોષનો અને તનમનની નરવાઈનો તાગ તમને મળે. હરકોઈને પૂછવાનું મન થાય, કુદરત અને વિજ્ઞાન ઉપર માનવીએ મેળવેલા વિજયનો શું આ નતીજો?

આમ કેમ?

જવાબ ગીતાના રચનારે સદાકાળને માટે, અને માણસમાત્રને માટે, આપી મૂક્યો છે: 'માણસ પોતે જ પોતાનો મિત્ર ને પોતે જ પોતાનો શત્રુ છે.' સમજે તો મિત્ર; ન સમજે તો શત્રુ.

*

આજના માનવીએ દુનિયાને વાદળીની જેમ દાબીને મૂઠીમાં લઈ લીધી. પણ પોતાના મનમાંહેલા રાગદ્વેષ, અસૂયા ને અહંતા શમા-

વવાનો ઇલમ એ ન કમાયો. પરિણામે એની કમાણી જ એની રોજિંદા જિંદગીનો આધાર બની ગઈ. આજે એ પોતાના જ ભાઈપાડોશીને ધાકે થથરી ઊઠ્યો છે. મોત કરતાં લટકતા મોતના ધાકથથરાટ વધુ ભયાનક છે.

બીજી બાજુ પૃથ્વી ઉપર માનવીની વસ્તી હદબહાર વધી રહી છે. જાણકારો કહે છે કે દુનિયાની વસ્તીને આજને આંકડે પહોંચતાં બે લાખ વરસ લાગ્યાં. પણ હવે તેને બમણી થતાં બીજાં ૩૦-૪૦ જ વરસ લાગશે! આવી બેસુમાર વસ્તીના અન્નવસ્ત્ર આશરાની જોગવાઈને સારુ મનુષ્યે અજબગજબનાં સાધનોય શોધ્યાં છે. પણ એ બધી સામગ્રી માનવીના સુખશ્રેયને માટે વપરાવાને બદલે આજે માનવજાતિનો સંહાર કરી નાંખવા સારુ જ ખડકાઈ રહી છે.

આજની દુનિયાની વસ્તીના માથાદીઠ ૫૦૦ ટન આવે એટલા T. N. T. (સ્ફોટક દ્રવ્ય)ના જથ્થા આજે બળવાન પ્રજાઓના કોઠારોમાં મોજૂદ જમા છે; અને છતાં તે બેફામપણે વધાર્યે જવાની તીખી હોડ પોતાને દુનિયાની અગ્રણી કહેવડાવતી મહાપ્રજાઓ વચ્ચે ચાલી રહી છે! અણુઅસ્ત્રોના ધમકાઓમાં આ T. N. T. તો એક નાનકડી બાબ છે. પણ એની એકલાની જ ૫૦૦ ટનની કિંમત ગણવા બેસીએ તો કદાચ દસ વીસ લાખ રૂપિયા થવા જાય. દુનિયાની ૨૭૫ કરોડ વસ્તીના માથાદીઠ પીરસવા સારુ આટલા રૂપિયાનું મરણ રાંધી મૂકવાને બદલે માણસે પરસેવા પાડીને રળેલું આટઆટલું ધન એ જ પોણોત્રણ અબજ વસ્તીના ખાનપાન, સુખાકારી ને કેળવણી પાછળ ખરચાય તો પૃથ્વીનું નંદનવન બનતાં કેટલી વાર લાગે?

પણ આજનો શાણો માનવી આટલી સાદી વાતો સમજતો નથી.

દુન્યવી ડહાપણની વ્યાખ્યા કોઈએ એવી કરી છે કે બે બગડાનો અર્થ ચાર ક્યારે કરવો, ને ક્યારે બાવીસ કરવો, એ સમજે તે શાણો. આજની કમાલ દરજ્જાની વૈજ્ઞાનિક શોધો તેમ જ આકાશના ગ્રહતારાઓ સુધીનાં ઉડ્ડયન શોધખોળો પાછળ ઊંચામાં ઊંચું ગણિત જ કામ આપી રહ્યું છે એ તો હવે આપણે સૌ જાણીએ છીએ. આમ છતાં, અને આજે દુનિયા આખી કાળનો કોળિયો બની જવાની ઘડીઓ ગણાતી હોય એવી કારમી પરિસ્થિતિ મોઢા સામે ઊભી છતાં, આજની દુનિયાના ડાહ્યાઓ બે બગડાના ચાર ક્યારે ને બાવીસ ક્યારે એ સાદું દુન્યવી ગણિત શીખવા તૈયાર નથી એને શું કહેવું?

*

હિંદુઓની ગીતા જીવનયુદ્ધના શાસ્ત્ર તરીકે ઓળખાય છે, અસલમાં એ અર્જુનકૃષ્ણ વચ્ચે મહાભારતના રણમેદાન ઉપર થયેલો સંવાદ છે; કહો કે માનવી અને એના પ્રભુ વચ્ચે. આ સંવાદમાં ઠેરઠેર બે જિગરજાન દોસ્તો વચ્ચે થયેલી અજબગજબની ગોઠડીઓ આવે છે. રોજ રાત્રે સૂતી વેળાએ, કે પાછલી રાત્રે ઊંઘ પૂરી થઈને જાગી જવાય ત્યારે, આપણા અંતરજામી જોડે આપણે ગોઠડી માંડતાં હોઈએ છીએ તેવી. સવાલો, જવાબો, મૂંઝવણ, ખુલાસા, આશ્વાસન. આવી એક જગાએ અર્જુન એના મિત્ર ફિલસૂફ સારથિ શ્રીકૃષ્ણને પૂછે છે:

'હે કૃષ્ણ! માણસ સમજતો હોય, ઇચ્છતો ન હોય, છતાં કેમ જાણે કોઈ એને ધક્કો મારીને ધકેલતું હોય એવી રીતે, પાપના ધંધા કરતો હોય છે, એનું શું? શેનો માર્યો એ એમ કરતો હશે?'

કૃષ્ણ સમજાવે છે: 'કામનો માર્યો; ક્રોધનો માર્યો. માણસના દિલમાં થાણાં નાંખીને પડેલા એ મનમાંહેલા શત્રુ છે. મહા ખાઉધરા, મહા સેતાન, કાળાં કામાં કરાવનારા, ને લાંટ. એ ધાડપાડુઓ દિનરાત માનવીને અવળે

રવાડે ચડાવીને ઊંધો નાખે છે. એને જ તું બરાબરીના શત્રુ ગણ.'

આજના માનવીએ તનની દુનિયાને ઓપી અજવાળીને ઝગાંઝગાં કરી, પણ એના અંતરની દુનિયા અમાસ કાળીચૌદશના કબજામાં રહી છે, જેને પરતાપે ગીતાએ કહેલા એવા લ'ઠ ખાંડધરા અંતરશત્રુઓએ ઊભી કરેલી ભૂતાવળ આજે એને ભરખવા બેઠી છે. ભૌતિક સિદ્ધિઓના અભખરામાં ને ધેનઘેલછામાં એને મનઅંતરની દુનિયાનું જતન કરવાનું ભાન ન રહ્યું :

મનકી દુનિયા ? મનકી દુનિયા સૌઝ* ઓ મસ્તી,
જઝ્બ ઓ શૌક,
તનકી દુનિયા ? તનકી દુનિયા, સૂદ ઓ સૌદા,
મક્ર ઓ ફન.
મનકી દૌલત હાથ આતી હૈ, તો ફિર જાતી નહીં
તનકી દૌલત છાંવ હૈ આતા હૈ ધન, જાતા હૈ ધન.
મનકી દુનિયા મેં ન પાયા મૈંને અફરંગી કા રાજ
મનકી દુનિયા મેં ન દેખે મૈંને શેખ ઓ બરૂહમન
પાની પાની કર ગઈ મુઝકો કલંદરકી યહ બાત,
તૂ ઝુકા જબ ગૈર કે આગે ન તન તેરા ન મન.

—ઈકબાલ

માનવી મનનો તાગ પામેલા, એના તાણાવાણા અને ગૂંચોના ઉકેલ જાણનારા અને એને પલાણવા પજોટવાનો ઈલમ કમાએલા દુનિયાભરના સંતોએ એક જ વાત કરી છે : 'દુન્યવી માયા સંચજે માં. એને કાટ ચડશે ને લૂણો ખાશે. પણ એવી જ માયા સંચજે જેને કાટલૂણો ખાશે નહિ ને ચોર કાઢી જાશે નહિ. કાં કે જ્યાં તમારી દોલત હશે ત્યાં જ તમારું મન વળગ્યું રહેશે.'

---

* સૌઝ=ધગશ — મસ્તી=ખુમારી
જઝ્બ=નિષ્ઠા — શૌક=પરાયણતા — સૂદ=નફાખોરી
સૌદા=સાટાદેટાં — મક્ર=લુચ્ચાઈ
ફન=કરામત, પેંતરા — અફરંગી=પરાયો
શેખ=શ્રેષ્ઠ કુળનો — બરૂહમન=બ્રાહ્મણ
કલંદર=સૂફી વેદાંતી

પણ આધુનિક કાળના વિજ્ઞાને એ આધ્યાત્મિક મૂલ્યાંકનોને વૈજ્ઞાનિક ધોરણે સાબિત કરી બતાવીને અંકે કરી આપવાને બદલે પદભ્રષ્ટ કર્યાં, ને ભૌતિક મૂલ્યોને તેની જગા આપી. બસ, આમાંથી જ આજનો ખોપ ખોદાયો. એ ભૌતિક શોધસિદ્ધિઓના જનક વૈજ્ઞાનિકો, જૂના દાર્શનિકો કે ઋષિમુનિઓ જેવા જ દ્રષ્ટા હતા. એમણે જોખમ ઓળખ્યું ને સંકટની સાંકળ ખેંચવા માંડી. પણ એમના હાથમાંથી બાણ છૂટી ગયું હતું; ને બાજી બધી દેશેદેશના રાજકારણી બાજીગરોના હાથમાં ચાલી ગઈ હતી! વૈજ્ઞાનિકો બાપડા બાઘા બનીને આજે હાથ ઘસે છે.

*

વિજ્ઞાનના શાસ્ત્રીપંડિતોના કહેવા મુજબ આપણી પૃથ્વી હસ્તીમાં આવ્યાને તો લાખો વરસ વીત્યાં; પણ એનાં જળચર ખેચર ભૂચરોમાં મનુષ્ય નામનો પ્રાણી ઊભો થઈને બે પગે ચાલતો બોલતો ને ભેજું દોડાવતો થયો એ બીનાને હજુ થોડાં હજાર વરસો જ વીત્યાં છે. તે પછીનો એની બુદ્ધિ શક્તિ ને માણસાઈના વિકાસનો ઈતિહાસ પણ કદાચ પાંચ છ હજાર વરસથી વધુ લાંબો નથી.

આમ છતાં આટલા ટૂંકા ગાળામાં એણે ગજબની સિદ્ધિઓ મેળવી. ધીમેધીમે ચાલતાં બોલતાં વિચરતાં શીખ્યા પછી એણે વનનાં પશુઓ સામે બચવાનાં અને શિકાર કરીને ખોરાક મેળવવાનાં હથિયારો શોધ્યાં. અગ્નિ, ખેતી, પશુપાલન, ચક્ર, ગતિ, એવી એવી શોધસિદ્ધિઓની કમાણી કરીને એ મોટમોટાં પાલતુ પશુઓ તેમ જ માનવ સમૂહોનો સ્વામી બન્યો.

બે સિદ્ધિઓ આ આદિયુગને અંતે એણે અંકે કરી. એક પશુઓને પાળીપજોટી પોતાનાં મદદનીશ બનાવ્યાનં; અને બીજી હિંસક પશુઓ સામે લડવાનાં હથિયારોનો ઉપયોગ

પોતાનાં જ જાતભાઈઓ સામે કરીને તેમને મારીઝૂડી પોતાને આધીન કરી નાનામોટા માનવસમૂહોને પોતાનાં સુખચેનની ખાતર રોળવી ખાવાની.

આમાંની પહેલી એની માણસાઈનો વિકાસ કરનારી અને બીજી એ માણસાઈનો હ્રાસ કરનારી હતી.

આ પાછલી અન્યાયી અને અકુદરતી વ્યવસ્થા ઠકરાતો, મહાજનશાહી, રાજાશાહી, સામ્રાજ્યશાહી, વગેરે નામોથી ઓળખાઈ; જેની હકૂમત, અને જન્મજાત અધિકારવાદને જોરે, સમાજના લોક અને માથાભારે લોકોએ સદીઓ સુધી વિશાળ જનસમૂહોને કશી સ્વતંત્ર હસ્તી પ્રવૃત્તિ કે પુરુષાર્થની તકોવિહોણા દાસ ચાકર કે રૈયતને નામે પોતાના અંકિત કરીને આશ્રિત ગુલામ જેવા રાખ્યા; ને છોગામાં રક્ષણને નામે મિલકતની જેમ તેમની ઓછીવત્તી સાચવણી કરીને એમને આત્મરક્ષણ જેવી પાયાની બાબતમાં પાંગળા અક્ષમ અને પરાશ્રયી કરી મૂક્યા. અગર તો જે શક્તિ–સ્રાતનવાળા જણાયા તેમને ચૂંટી કોરે કાઢી પોષી પળોટીને પોતાના અંગત વેરઝેરના કજિયાટંટા લડવા સારુ પ્યાદાં બનાવ્યાં.

આ જૂની સામાજિક અન્યાય તેમ જ જન્મગત ઊંચનીચના ભેદ અધિકારવાળી રાજાશાઈ કે મહાજનશાઈ સમાજવ્યવસ્થા જેણે વિશાળ માનવસમૂહોને જમાનાઓ સુધી પાયાના માનવી અધિકારોથી વંચિત રાખ્યા અને ઢોર-ઢાંખરની જેમ રોળવી ખાધા તે વ્યવસ્થા, સાવ નાબૂદીપણે લોપ પામી ને તેની જગાએ બે વિચારધારાઓ આજે દુનિયાભરના માનવીઓનો કબજો લેવા મથી રહી છે. એક સમાજવાદી લોકશાહીની અને બીજી સામ્યવાદી સરમુખત્યારશાહીની.

આમાંની સમાજવાદી વ્યવસ્થા વ્યક્તિને અને તેના જન્મસિદ્ધ હકોને માન્ય રાખીને, અને અને તેટલા પોષી વિકસાવીને, રાષ્ટ્રીય કે પ્રજાકીય એકમોને નાતે જુદાજુદા સામાજિક સમૂહોનો વિકાસ સાધવાની નેમ રાખે છે; જ્યારે સામ્યવાદી વ્યવસ્થા તેવાં જ બીજાં પ્રજાકીય એકમોને આજલગણુ માનવીએ જોરાવરી અધિકારવાદ તથા અન્યાયોના પાયા પર દુનિયાંભરમાં કાયમ કરેલી અસમાનતાઓને એક ઝાટકે તોડી સાફ કરીને માણસમાત્રને એકઆરે કરી એકસરખા હકો અને તકો મેળવી લેવા ઉત્તેજે છે, ને સરમુખત્યારશાહીને જોરે પૃથ્વીને નંદનવનમાં ફેરવી આપવાનાં વાજાં વગાડે છે. આમ કરવા સારુ સામ્યવાદીઓ હિંસા અહિંસા કોઈ વાતમાં પાછું વાળી જોવા માગતા નથી. આવી વ્યવસ્થા હેઠળ વ્યક્તિ પોતાનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય તેમ જ વ્યક્તિત્વ ગુમાવી બેસીને એક વિશાળ સાંચાતંત્રનો સ્ક્રુ બની જાય છે એની એમને પરવા નથી.

આથી ઊલટું સમાજવાદીઓ શરમેભરમેય સ્વતંત્રતા, સમાનતા, અહિંસાની પૂજાઅર્ચાનો દાવો કરીને દુનિયા આગળ ઊજળે મોઢે ફરવા મથે છે. આમ છતાં બુદ્ધ ઈશુથી માંડીને ગાંધી સુધીના સંસારના તમામ સંતોએ ચીંધેલા પ્રેમઅહિંસા માર્ગની શક્તિ ઉપર તેમની આસ્થા ડગુમગુ હોવાને કારણે ઘરઆંગણેની સુલેહશાંતિ જાળવવા, તેમ જ પોતાથી જુદી ખોપરીવાળા સામ્યવાદી કે સરમુખત્યારીવાળા ભાઈપાડોશી-ઓની કારવાઈઓ સામે રક્ષણની જોગવાઈ તરીકે, લશ્કરો તો રાખે જ છે; ને નભાવે છે.

લશ્કરોની પાછળ કૂચકવાયત, આંખો ડગલાં, વ્યક્તિગત બુદ્ધિપ્રયોગ સામે તાળાબંધી ને ફરજિયાત હુકમપાલન (regimentation) આવ્યાં જ. આમ ઊંડે જોતાં ઓછી કે વત્તી હિંસા જોરાવરી અને લશ્કરી મૂલ્યો સ્વીકાર્યાં પછી સમાજવાદી તેમ જ સામ્યવાદી વ્યવસ્થા વચ્ચે તફાવત કદાચ છ આની દસ આનીનો જ રહે છે. વળી, ભલે બહુમતીને નામે પણ, હિંસા જોરાવરીને એકવાર વાજબી ગણી, એટલે

પછી પોતાના હરીફ પાડોશી ઉપર નજર નોંધીને તેની હોડહરીફાઈમાં આગેકદમ રહેવાનું પણ અનિવાર્યપણે આવ્યું જ.

આમ સ્વતંત્રતા, સમાનતા, બંધુતાની આણ માનનારી અને તે કબૂલનારી દુનિયાની પ્રજાઓમાં પણ જુજુત્સુ વૃત્તિને ઉત્તેજન મળી ગયું, અને એકબીજાના અણવિશ્વાસનાં બી રોપાયાં. દરેકે હરીફ ભાઈપાડોશીના અણધાર્યા હુમલા સામે આત્મરક્ષણની જોગવાઈને બહાને શસ્ત્રાસ્ત્રોના ઢગ ખડકવા માંડ્યા. એટલું જ નહિ પણ એકબીજા ઉપર સરસાઈ કરીને સામાનાં અસ્ત્રોને કમજોર અને નકામાં ઠરાવે એવાં જોરાવર અને વધુ વધુ કારમાં શસ્ત્રાસ્ત્રો શોધવાની હોડ ઊભી થઈ. તે સારુ પ્રજાના રાજકારણી અગ્રણીઓએ મોટા મેધાવી વૈજ્ઞાનિકોને તેમની દેશભક્તિની ભાવનાને જગાડીને વેઠે પકડ્યા; અને તેમની મેધાપ્રતિભાને મંત્ર-વલોવીને આજનાં અણુશસ્ત્રો નિર્માણ કર્યાં.

આ અણુશસ્ત્રોને જોરે આજે હવે એકલા હીરોશીમા જેવાં શહેર જ નહિ, પણ સેંકડો હજારો માઈલના વસ્તી કે વગરવસ્તીવાળા વિસ્તારોનાં માણસ પશુપક્ષી જંતુ કીટ અનુકીટ તમામનો ચપટી વગાડીએ એટલી વારમાં કોલસો કરી મેલાય, અગર તો રોગબીમારીથી દુનિયા-ભરનાં પ્રાણીમાત્ર ઘડીના છઠ્ઠા ભાગમાં તરફડીને મરી રહે એવે તબક્કે દુનિયાની જોરાવર પ્રજાઓએ આ અણુનું હિંસાશાસ્ત્ર આણી પુગાડ્યું છે. આવાં શસ્ત્રો અને પૃથ્વી પાણી આકાશ અંતરાળ ચંદ્ર શુક્ર મંગળ તારાઓ સુધીના અવકાશ માપી વળવાના કારસા ઊભા કરીને આજનો માનવી પોતાની જ સિદ્ધિઓથી આજે છળી ઊઠ્યો છે; અને પોતાના મોતની જ મોઢામોઢ ઊભો હોય એમ થથરી રહ્યો છે. કોઈ ઘડીએ એનું ને એની કાયાકલ્પ કરી આપેલ એની દુનિયાનું ' અચ્યુત ' થઈ જશે, પોતે જ મેળવેલાં વરદાનોને પરતાપે ઘેલો થઈને નાચી રહેલો માનવી ભસ્માસુરની જેમ ક્યારે રાખનો ઢગલો થઈ પડશે એનું આજે હવે ઠેકાણું રહ્યું નથી.

*

વસીયતનામામાં વસીયત કરનારો, વસીયત-નામું ઘડનારો વકીલ સોલીસીટર, અને તેના લાભાર્થી એવા ત્રણ પક્ષ હોય છે. આ મામ-લામાં વૈજ્ઞાનિકો અને રાજકારણીઓ ઉપરાંત કરોડો અબજોની સંખ્યાવાળો પક્ષ લાભાર્થીને બદલે મરણાર્થી (!)ઓનો છે (ના. મર-ણાર્થી નહિ. કારણ કે દુનિયા આજે કંઈ મરણની ઉમેદવાર નથી), જેમને આજની અણુસિદ્ધિઓનાં પરિણામોની વણમાગી નવાજેશ ભલા વૈજ્ઞાનિકોના ધણિયામા થઈ બેઠેલા રાજ-કારણીઓ આજે ધરાર કરવા બેઠા છે. આ નવાજેશ છે કરોડોના તાત્કાલિક મરણની, અગર તો તેથી યે વધુ બૂરી અણુપ્રયોગોની રજને પ્રતાપે પેઢી દર પેઢી સુધી પ્રહોંચનારા તરેહ-વાર જીવલેણ રોગો, બીમારીઓ અને તલતલપૂર થનારાં લાંબે ગાળેનાં મરણોની.

હીરોશીમાનો મારતલ એક ગભરુ અમેરિ-કન જવાન પશ્ચાત્તાપનો માર્યો પાગલ થઈ ગયો, ને મહાભારતના અશ્વત્થામાની પેઠે આજે વરસી વગડે રવડી રહ્યો છે; કાં જેલ કે પાગલખાનાં પૂરી રહ્યો છે. અણુશોધોમાં આઈનસ્ટાઈન પછી બીજે જ નંબરે ગણાતો નોબેલ ઈનામ વિજેતા લાઈનસ પોલિંગ અને તેના અસંખ્ય સાથી વૈજ્ઞાનિકો પોતાની શોધોના થઈ રહેલા દુરુપ-યોગ બદલ હાથ ઘસી રહ્યા છે. એમની એ શોધોને જોરે અત્યારે દુનિયાની બે ત્રણ મહા પ્રજાઓ વચ્ચે અણુઅંતરાળની શોધસફરો અને અખતરાઓની જે હોડ ચાલી છે, તેને પરિણામે દુનિયા આખીને માથે મહાભયાનક સર્વનાશનું જોખમ ઊભું થયું છે. આથી જ આજે આ અસ્ત્રોના શોધકસહાયક વૈજ્ઞાનિકોએ, તેમ જ દુનિયાના રડ્યાખડ્યા શાણા પ્રતિષ્ઠિત અગ્રણી વિચારવંતોએ, આવાં નાશકારી અસ્ત્રોને વગર

લેવેરેવે દુનિયાની કરોડો કરોડો નિરુપદ્રવી પ્રજાઓને માથે ઝીંકવાની કારવાઈઓ સામે પોકાર ઉઠાવ્યો છે.

આવા શાણાઓમાં ઇંગ્લંડના બુજરગ આગેવાન ઉમરાવ લૉર્ડ બર્ટ્રેન્ડ રસેલ છે, જેમણે ૯૦ વર્ષ જેટલી જઈફ ઉમ્મરે સાત્વિક રોષથી ભભૂકી ઊઠીને અણુઅસ્ત્રોના અખતરા તેમ જ ઉપયોગ સામે ગાંધીજીની યાદ અપાવે એવી લડત ઉપાડી છે. પદયાત્રાઓ, મેળા નિદર્શનો, લેખનપ્રચાર, ઇ૦ દ્વારા તેમ જ અણુઅખતરાવાળી જગાએ વહાણમાં સત્યાગ્રહીઓના જથ્થા મોકલીને તેઓ પોતાના મૂઠીભર સાથી સાગરીતોની મદદથી ઝૂઝી રહ્યા છે. એમને તથા એમના સાથીઓને ગાંધીજીની જેમ જ સત્તાવાળાઓએ પરહેજ કર્યો, જેલો આપી. પણ છૂટ્યા પછી પાછા એ જ કામમાં મંડ્યા રહીને સાચા સત્યાગ્રહી તરીકે તેઓ આ દુનિયાવ્યાપી વિરાટ જીવલેણ અનિષ્ટનો વિરોધ કરી રહ્યા છે. બર્ટ્રેન્ડ ભાભા ઇંગ્લંડના એક નામાંકિત ઉમરાવ છે. યૂરોપ અમેરિકાના આંગળાને વેઢે ગણાય એટલા અગ્ર હરોળના લેખકો અને વિચારકોમાં એમની ગણના છે. યૂરોપ અમેરિકા તેમ જ દુનિયાભરની પ્રજાઓનો લોકમત કેળવીને તેને પશ્ચિમની મહાપ્રજાઓના શિરજોર રાજકારણીઓની જમાત ઉપર કારગત કરાવવા આજે તેઓ દિવસરાત લોહીનું પાણી કરી રહ્યા છે. દુનિયાભરના વૈજ્ઞાનિકો તેમ જ વિચારવંતોનો એમને ટેકો છે.

આ લડત અંગે દુનિયાનાં નાનામોટાં તમામ રાષ્ટ્રોના અંતરાત્માને જગાડવા પોતાની ઓજસ્વી કલમથી ગાંધીજીની જેમ જ એઓ સતત લેખો લખાણો કરી રહ્યા છે, અને તેના વધુ વિશાળ પ્રચારની ગણતરીએ તે પુસ્તક પુસ્તિકાઓ રૂપે પણ બહાર પડે છે.

આવા એક 'માનવીને ભાવિ છે ખરું ?' નામના તાજેતરમાં બહાર પડેલા નાનકડા અંગ્રેજી પુસ્તકનો શ્રીમતી સુભદ્રાબેન ગાંધીએ અહીં સુંદર શિષ્ટ ગુજરાતીમાં તરજુમો ગુજરાતની પ્રજાના લાભાર્થે કર્યો છે. એની વિચારધારા પ્રત્યેની એમની શ્રદ્ધાભક્તિ પુસ્તકને પાને પાને વાંચનારને સમજાય એમ છે. આજને તબક્કે જ્યારે દેશદેશની પ્રજાઓના ભાવિ અંગે દુનિયા આખી ભૂરી એવેની વેઠી રહી છે, અને અણુઅસ્ત્રોના અખતરા તેમ જ સંભવિત ઉપયોગ સામે ઊઠેલા પોકાર અંગે તથા મંડાએલી લડતના મોરચાઓ અંગે બધે તીવ્ર જિજ્ઞાસા સેવાય છે, તેવે કાળે વસ્તુસ્થિતિનું સત્તાવાર ભાન કરાવનારા આવા પ્રમાણભૂત પુસ્તકનું આ ભાષાંતર ગુજરાતીમાં ઘણું ઉદ્બોધક થઈ પડશે અને પૂરો આવકાર પામશે એવી મારી ઉમેદ છે.

મુંબઈ, તા. ૨૬–૧૦–'૬૨

[નવું પદ્યપ્રકાશન 'માનવ તારું ભાવિ ?'ની પ્રસ્તાવના]

★

શેઠ ચિ. ન. વિદ્યાવિહારના તાલીમાર્થીઓનું

ચીન–ભારત સંઘર્ષ અંગે નિવેદન

આપણા દેશ પર એક ભીષણ આક્રમણ થયું છે. તેના પ્રતિકારમાં ભારતની વિરાટ જનતા એક પ્રચંડ આધાત સાથે જાગી ઊઠી છે. એ સંજોગોમાં એ નિષ્ઠુર આક્રમણનો સામનો કરવાની અમે અહીં જે તાલીમ લઈ રહ્યા છીએ તેની થોડીક વિગત આપની સમક્ષ રજૂ કરવાની અમને જે તક મળી છે તેને અમે અમારું સદ્ભાગ્ય લેખીએ છીએ.

આપણા અજેય ગઢ

આખા વિશ્વને ભયભીત કરી મૂકતી નેપોલિયનની પ્રચંડ તાકાત સામે ઇંગ્લેન્ડે વોટર્લુના મેદાનમાં જે પરાક્રમ કરી નેપોલિયનને હાર આપી હતી તે અંગે અંગ્રેજ પ્રજા એમ કહેતી આવી છે કે વોટર્લુની લડાઈ વોટર્લુની રણભૂમિ પર નહિ પણ ઇટન અને હેરોનાં રમત–ગમતનાં મેદાનોમાં જીતાઈ હતી. અમને પણ વિશ્વાસ છે કે હિમાલયનાં તોતિંગ શિખરોના હિમ પ્રપાતો, ભીષણ વનો ને ઊંડી કંદરાઓના ઝંઝાવાતોમાં ખેલાતા આક્રમકો સામેના યુદ્ધ વખતે ભારતની પ્રત્યેક શાળા–મહાશાળા ભારતની સંરક્ષાનાં અજેય ગઢ જેવી બની ગઈ હતી એવું ભવિષ્યનો ઇતિહાસ નોંધશે.

પાંચ પાયાની જવાબદારી

સત્યાગ્રહની લડત વખતે આપણી ભાષાને ગૌરવવંતી કરતી જે અમર પંક્તિઓ આપણને આપણા રાષ્ટ્રશાયર મેઘાણીભાઈ પાસેથી લાધી હતી તે પ્રતિપળ એક પ્રાણવાન મંત્રની જેમ અમારા અંતરમાં ગુંજ્યા કરે છે:

'નથી જાણવું અમારે પંથ શી આફત ખડી છે
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.'

સ્વાધીનતાથી જે અનેક આશીર્વાદ પ્રાપ્ત થાય છે તે પૈકી અન્ન, વસ્ત્ર, રહેઠાણ, સલામતી અને સંસ્કાર મુખ્ય છે. એ પાંચ જો પ્રજાના મૂળભૂત અધિકાર છે તો રાષ્ટ્રની એ પાયાની જવાબદારીઓ પણ છે. એ જવાબદારી અદા કરવામાં રાષ્ટ્ર પાંગળું અને એટલે આઝાદી ખતરામાં આવી પડે. આજ સુધીના આપણા એક મિત્ર અને પડોશી એવા ચીન દેશની સરકારે જે આક્રમણ કર્યું છે તે આ જવાબદારી અદા કરવાની આપણી રાષ્ટ્ર–શક્તિને તોડી નાખી પાંગળા કરવા માટે છે. એવું પાંગળાપણું પ્રજા અનુભવે એ જ પરાધીનતા. એવું બનવા પામે નહિ એ કારણે આપણે વજ્ર જેવા કઠોર બની એ વિદેશી આક્રમણની પીઠ તોડવી છે. સાથે જ,

'જીવે મા માવડી તે કાજ મરવાની ઘડી છે
ફીકર શી છે અમો પર તાત! તારી આંખડી છે!'

જગતપિતા પરમેશ્વરની અમીમય આંખમાંથી વરસતા આશીર્વાદ આપણી ઉપર ઊતરી રહ્યા છે અને એ છે આપણી તાકાત. એ તાકાતે અમને જે માર્ગ સુઝાડ્યો છે ને જેના

પર અમે ચાલવાની શરૂઆત જ કરી છે તેની થોડીક વિગત આજના આપણા માનવંતા અતિથિ સમક્ષ વિદ્યાવિહારના અમ સૌ વતી હું રજૂ કરું છું.

સંસ્કાર રક્ષા

માટે તેની તલવારના જંગલના કાયદામાંથી માણસે ભાઈચારાથી રહેતાં શીખવાની શરૂઆત કરી એ સંસ્કૃતિની દિશામાંનું માનવજાતનું એક મોટું પગરણ હતું. એણે જે મૂલ્યો નીપજાવ્યાં છે તેને આપણે માનવજાતના પવિત્ર અધિકાર તરીકે ઓળખીએ છીએ. એ અધિકારમાં વાણી-સ્વાતંત્ર્ય, વિચાર-સ્વાતંત્ર્ય, ધર્મ-સ્વાતંત્ર્ય આદિ બહુમૂલ્ય હકોનો સમાસ થાય છે. યુદ્ધની પરિસ્થિતિ જ્યારે સર્જાય છે ત્યારે એ હકોની રક્ષા કરવા માટે ઝૂમતા લોકો પણ ઘણી વાર સામના પશુબળથી અકળાઈ અવળે માર્ગે ચઢી જાય છે. આ સામે સાવધ રહી આઝાદીની રક્ષામાં અડીખમ યોદ્ધાઓની જેમ અમારે ઝઝૂમવું છે. ભગવાને ગીતામાં અર્જુનને આપેલા નિર્મમ-નિર્વૈર બની લડવાના આદર્શને અમે અનુસરવા મથીએ છીએ, અને એથી ગમે તેવા કપરા સંજોગો કેમ ન હો, 'વિદ્યા વિનયેન શોભતે'—એ વિદ્યાર્થી માટેના આદર્શને અમે કદી પણ નીચો પડવા દઈશું નહિ. અમારા અંતરમાં પરદેશી આક્રમણ સામે જે પ્રચંડ રોષ ભભૂકે છે તે રોષને અમે કોઈ પણ મનુષ્ય તરફના ધિક્કારમાં પલટાવા દઈશું નહિ અને એથી જ ચીનની સરકારે જે જંગલી વર્તાવ કર્યો છે તે માટે ચીનની જનતાને અમે દોષિત લેખીશું નહિ. અમે માનીએ છીએ કે ચીનની રાજસત્તા કબજે કરી બેઠેલી ટોળકીએ ચીનની પ્રજાની સ્વાધીનતા છીનવી લીધેલી છે અને એથી આપણા પૂજ્ય જવાહરલાલે ચીન પરના જાપાની આક્રમણ વખતે જે હમદર્દી ચીન માટે દાખવી હતી તેવી જ હમદર્દી ચીનની જનતા માટે અમારા અંતરમાં છે. એથી ચીની આક્રમણને ખાળી હઠાવવાના આપણા પ્રયત્નમાં અમને એક મોટો આનંદ છે કે આપણે કેવળ ભારતની ચાળીસ કરોડની જનતાની આઝાદી માટે જ નહિ પણ ચીનની સીત્તેર કરોડની વસ્તી સહિત એશિયા અને આખી દુનિયાની અબજોની જનતાની આઝાદી માટે પણ સંગ્રામ ખેડી રહ્યા છીએ.

રાષ્ટ્ર ગીતો

આપણી એ લડતમાં સંસ્કાર સાધના અને સંસ્કાર-વિસ્તારના એક અંગ તરીકે અમે સ્વાધીનતાની તમન્ના ને ખુમારીને પ્રદીપ્ત કરતાં ગીતો શીખી અન્યને શીખવાડીશું. એ ગીતો પૈકી થોડાંક આપે અહીં સાંભળ્યાં. દર પંદર દિવસે આવું એકેક નવું ગીત સમૂહગત રીતે અમે શીખી રહ્યા છીએ. આ રીતે એ અમારાં બેનર્ણું હજાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનાં ઘરોમાં જ નહિ પણ મહોલ્લાઓમાં પણ પહોંચે અને ત્યાંથી આપણા વિરાટ લોકસમુદાયના હૈયાના તારને ઝણઝણાવતાં આપણી રાષ્ટ્રીય ચેતનાને વધુ ખમીરવંતી બનાવે એવી અમારી ઝંખના છે. આમાં જેમને સંગીતની કુદરતી બક્ષિસ મળેલી છે એવાં અમારાં ભાઈબહેનો જ્યાં જ્યાં એમની સેવાની જરૂર પડે ત્યાં એવી સેવા આપવા તત્પર છે.

ચિત્રો અને આલેખો

એ જ પ્રમાણે અમારામાં કેટલાક કલાના વિદ્યાર્થીઓ છે. યુદ્ધના નકશા, આલેખો

ને વીરત્વના પ્રસંગોને આલેખતાં ચિત્રો સ્વાધીનતાની રક્ષા માટેની લડતમાં કેવો કીમતી ફાળો આપી શકે છે એ સુવિદિત છે. એ દિશામાં અમે જે નમ્ર શરૂઆત કરી છે તેના થોડાક નમૂના અહીં અમે મૂક્યા છે. આવાં અસંખ્ય ચિત્રો તૈયાર કરી જ્યાં જ્યાં એવાં ચિત્રોની જરૂર જણાય ત્યાં અમારાથી બને તે તાકાતથી પહોંચી જવા અમે તત્પર છીએ, અને પૂજ્ય હિતેન્દ્રભાઈ મારફત અમારી એ સેવા આપણા મુખ્ય મંત્રીશ્રીને ચરણે અમે ધરીએ છીએ.

વાતાવરણની સ્વચ્છતા

ખોટી અફવાઓ, પરનિંદા આદિ સંસ્કારવિઘાતક પ્રવૃત્તિઓનો સામનો કરવો એ શાંતિકાળમાં પણ એક નાગરિક ધર્મ છે. યુદ્ધકાળમાં તો એ વિશેષ ધર્મ થઈ પડે છે. આ ધર્મનું બરોબર પાલન થાય એવો આગ્રહ જ્યાં હોઈએ ત્યાં અમારે રાખવો એવો સંકલ્પ કેળવવા અમે મથીએ છીએ. એની શરૂઆત સ્વાભાવિક રીતે જ પોતપોતાના ઘરમાંથી થાય. જ્યાં જ્યાં અમે હોઈએ ત્યાં આ પ્રકારનું સ્વચ્છ વાતાવરણ સર્જવામાં અમે સતત પ્રયત્નશીલ રહીશું, ને એમ કરતાં આદર અને વિનય છોડીશું નહિ.

સલામતી

જાનમાલની રક્ષા અને સલામતીની બાંહેધરી રાષ્ટ્રની અતિ મહત્ત્વની જવાબદારી છે. પરદેશી આક્રમક એ જવાબદારી અદા કરવાની રાષ્ટ્રની શક્તિ તોડવા મથતો હોય છે. એની એ નેમમાં એને નિષ્ફળ કરવો એ શત્રુને પરાજિત કરવા બરોબર છે. આબાલ-વૃદ્ધ સૌ પોતપોતાની રક્ષા કરી લેવાની તાકાત કેળવે અને દેશની અંદર કાયદા અને શાંતિનું પૂરેપૂરું જતન થાય તેમાં પોતાનો ફાળો આપે તો યુદ્ધમાં જીત નિશ્ચિત બને. એવો ફાળો આપવાની સખત તાલીમ લેવી અમે શરુ કરી છે. અમારામાંથી લગભગ પાંચસો વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ સવારે છથી સાડા છ અને તેથી પણ વધુ મોટી સંખ્યા સાંજે અડધો કલાક આ રીતની તાલીમ લે છે. એ તાલીમ અમને એ માટેની ખાસ તાલીમ લઈ રહેલા અમારા વ્યાયામ વિદ્યાભવનના ૧૦ તાલીમાર્થીઓ આપે છે. અમારી સંસ્થા સિવાયનાં જે કોઈ ભાઈ–બહેનને આવી તાલીમ લેવી હોય તેવાં લગભગ એક હજાર જેટલાં ભાઈ–બહેનોને માટે પ્રબંધ કરવા અમારી સંસ્થા તત્પર છે. એક દીવામાંથી અનેક દીવા પ્રગટે તે ન્યાયે આ પ્રકારની તાલીમ પામેલાં ભાઇ–બહેનો બીજાં અનેકને એવી તાલીમ આપી શકશે ને એમ જોતજોતામાં એક પ્રચંડ રાષ્ટ્રશક્તિનું નવનિર્માણ આપણે કરી શકીશું. અમારામાંથી જે ઉપલી કક્ષાના છે ને જે તાલીમાર્થીઓ તથા ખાસ વિષયની તાલીમ લેનારા છે, તે પૈકી ઘણા રાઈફલ ટ્રેનિંગ લેવા તત્પર છે. અમને જો એવી તક આપવામાં આવે તો અમારી સંસ્થામાં એનું તાલીમ કેન્દ્ર શરુ થઇ શકે એ માટેની ઘટતી અનુકૂળતા કરી આપવા અમારી સંસ્થા તૈયાર છે એવું જાહેર કરવાનું મને જણાવવામાં આવ્યું છે.

દેશ માટે રોજ અડધો કલાક

સંસ્કાર અને સંરક્ષણની જેમ અન્ન, વસ્ત્ર ને રહેઠાણ પ્રજાજીવનની ધોરી નસ લેખાય. આક્રમક એ નસોને કાપી નાખવા મથતો હોય છે. કેવળ સરકાર પર જે પ્રજા આધાર રાખતી હોય છે તે પ્રજા એની આ નસો કપાતાં પડી ભાંગે છે, એથી સ્વાધીનતાની

લડત વખતે ગાંધીજીએ સ્વાવલંબનના જે પાઠ આપણને શીખવેલા ને આપણી એ તાલીમ જે છેલ્લાં થોડાંક વર્ષ દરમિયાન ભૂલાતા માંડી હતી તેને તાજી કરવાની વેળા હવે આવી પહોંચી છે. ગાંધીજીની પ્રેરણાનાં ઝરણાં ફરીથી પૂરવેગથી વહેતાં થાય એવી શક્તિ આપણામાં છે, ને અમે એ દિશામાં અમારાથી બનતું આરંભી દીધું છે. કોઈ પણ વસ્તુનો બગાડ ન થાય એ પણ સર્જનનો એક પ્રકાર છે. આથી યુદ્ધ શરુ થયું તે દિવસથી સભાનપણે અમે સૌ અન્નનો, વસ્ત્રનો કે આપણી કોઈ મિલકતનો બગાડ ન થાય તે માટે પૂરી કાળજી રાખવા મથીએ છીએ. જમી રહેતા થાળી તદ્દન ચોખ્ખી બનેલી હોય, કપડાં પૂરી કાળજીથી વપરાય ને આપણી જાહેર મિલકત જેવી કે બસો, શાળાનું ફર્નિચર, દીવાલ વગેરે આપણે હાથે બગડે નહિ તેની કાળજી અમે રાખીએ છીએ.

આ ઉપરાંત દરરોજ અર્ધોથી એક કલાકનો સમય કોઈક ઉત્પાદક શ્રમ માટે આપવા અમારામાંથી દરેક તત્પર છે. આ બાબતની પહેલ અમારા ગુરુજનોએ દરરોજ રાષ્ટ્રના કામમાં અડધો કલાક આપવાના સંકલ્પથી કરી છે, અને તેમની પ્રેરણા હેઠળ એ સંકલ્પમાં રહેલી આપણી રાષ્ટ્રીય પુરુષાર્થ માટેની અખૂટ તાકાતની અમને કંઈક ઝાંખી થવા માંડી છે. એનો એક સાદો દાખલો રજૂ કરી આ મુદ્દો સ્પષ્ટ કરું. અમારી સંસ્થામાં નાનાં મોટાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ અને કાર્યકર્તાઓ મળી લગભગ ત્રણ હજાર જેટલી સંખ્યા છે. જો દરેક રોજ સરેરાશ અડધો કલાક ઉત્પાદનના કામમાં આપે તો આઠ કલાકના કામ પછી અડધા મજૂરીઆને પણ મળી શકે તેનાથી પણ ઓછી એવી ૮૦ નયા પૈસાની મજૂરી લેખે દરેક જણ પાંચ નયા પૈસા જેટલું દેશનું ઉત્પાદન વધારી શકે. એ મુજબ અમારા ત્રણ હજાર જણા રોજ અડધો કલાક કામ કરી દરરોજ ૧૫,૦૦૦ નયા પૈસા એટલે રૂ. ૧૫૦નું એટલે કે માસિક રૂ. સાડાચાર હજારનું, વરસે દહાડે લગભગ અર્ધો લાખનું ઉત્પાદન કરી શકે. આ જેવી તેવી રકમ નથી. એ ધોરણે યુદ્ધકાળના ધર્મ તરીકે આપણે દરેક રોજનો અડધો કલાક દેશને આપીએ તો અપંગ, માંદાં, બાળકો વગેરેને બાદ કરતાં આપણા દેશના ત્રીસ કરોડ માણસો વરસ દિવસે ૭ અબજ રૂપિયા જેટલો દેશના ધનમાં ઉમેરો કરી શકે! આવો કાર્યક્રમ દેશ કેમ ઉપાડી શકે એ માટેની એક પ્રયોગશાળા તરીકે અમે અમારી સંસ્થા મારફત અમારી જાતને આપણા મુખ્ય મંત્રીશ્રીને ચરણે ધરી, અમને રોજના અડધા કલાક જેટલા ઉત્પાદક કામની સગવડ મેળવી આપવા પ્રાર્થના કરીએ છીએ. જે કામમાં મોંઘાં સાધનોની જરૂર ન પડે એવાં દોરડાં ગૂંથવાં, સ્વેટર, મફલર વગેરે બનાવવાં, સૂતરનું ઉત્પાદન કરવું, ફૂડ પેકેટ બનાવવાં, રમકડાં બનાવવાં, વસ્તુઓ ઉપર સુશોભન કરવા જેવી પ્રવૃત્તિઓમાં અમારા જેવા વિદ્યાર્થીઓ ખુશીથી મોટો ફાળો આપી શકે. એ માટે પાયાની વસ્તુ આયોજનની છે, અમે આ દિશામાં હજુ બહુ આછીપાતળી શરૂઆત કરી શક્યા છીએ. પણ એક રાષ્ટ્રવ્યાપી પ્રચંડ આંદોલન ઊભું થાય તો પૂજ્ય જવાહરલાલજી એમના પ્રત્યેક વ્યાખ્યાનમાં વધુ ને વધુ ઉત્પાદનની ઉપયોગિતા ઉપર જે ભાર મૂકતા રહ્યા છે તે વાત સહેલાઈથી અમલમાં મુકાય.

કચરામાંથી ધન

"કાળા હાથ રળિયામણા" એ કહેવતનો આપણા જીવનમાં ચમત્કારમયો સાક્ષાત્કાર કરવાનો અણમોલ મોકો આ યુદ્ધે આપણને સર્જી આપ્યો છે. એનું 'બીજું' એક નાનકડું ઉદાહરણ આપું. આપણાં ઘરોમાં કેટલી બધી પસ્તી વેડફાઈ જતી હોય છે! એ બધી

જો બચાવી લેવાય તો અમારા જેવા વિદ્યાર્થીઓમાંથી કેટલાક આવું એક નાનકડું કામ ઉપાડી લઇ પસ્તી એકઠી કરી યુદ્ધકાળ માટે તેનો ઉપયોગ કરીએ તો આજે વેડફાઇ જતી ઘણી દોલત બચી જાય. એથી ગઈ કાલે અમે નક્કી કર્યું છે કે અઠવાડિયે એક દિવસ આવી પસ્તી ઉઘરાવીને અહીં ભેગી કરી તેની આવક યુદ્ધફાળામાં આપવી. એ મુજબ અમારામાંથી જો હજારેક જણ દર અઠવાડિયે દશેક તોલા જેટલી પસ્તી લાવી શકીએ તો મહિને એક હજાર રતલ જેટલી એટલે કે ૨૫ મણ જેટલી પસ્તી થાય, જેના ૪૦૦ થી ૫૦૦ રૂપિયા ઉપજે. દેશમાં થતો બગાડ અટકાવવાના એક પ્રતીકરૂપ આ પ્રવૃત્તિ બને. એમાં નવું ઉત્પાદન દેખીતી રીતે કદાચ નહીં થતું હોય તો પણ બગાડ અટકે એ ઉત્પાદનનો એક પ્રકાર જ છે.

દર અઠવાડિયે યુદ્ધફાળો

ઝાઝા હાથ રળિયામણાનું બીજું એક આનંદજનક પ્રમાણ વર્ષોથી અમને મળતું રહ્યું છે. દર મંગળવારે અમે સ્વેચ્છાથી નાનકડો ફાળો ઉઘરાવી અમારામાંના ઘણાં ગરીબ એવાં ચાલીસ ભાઈબહેનોને બપોરનો નાસ્તો આપતા હતા. હવે અમે એ પ્રવૃત્તિને વેગ આપી દર મંગળવારે સ્વેચ્છાપૂર્વક યુદ્ધફાળો ઉઘરાવવાનું ઠરાવ્યું છે. એમાં અમારી એક મહત્ત્વાકાંક્ષા એ છે કે અમે આવી જે કંઇ મદદ કરી શકીએ તે અમારી સાચી કમાણીની હોય તો વધુ સારું. એમાં અમને અમારા ગુરુજનો ને વડીલોની દોરવણી જોઇએ છે.

અમારા ફાળાનો પહેલો હપ્તો

અંતમાં, દેશમાં જે ત્યાગનું મહાપર્વ ઊજવાઈ રહ્યું છે તેમાં અમે પણ અમારા નમ્ર અર્ઘ્ય તરીકે રૂા. ૧૨,૧૬૦–૫૨ નયા પૈસા જેવી રકમ કેવળ અમારી સંસ્થાના વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ પાસેથી એકઠી કરી શકયા છીએ. એમાં ખાસ નોંધપાત્ર એ છે કે, અમારા છાત્રાલયમાં રહેતા ગામડાના ને મોટે ભાગે અત્યંત ગરીબ સ્થિતિના એવા વિદ્યાર્થીઓએ આપેલા ફાળાની સરેરાશ અમારા વ્યક્તિગત ફાળામાં સૌથી મોટી છે. અમારા એ ૧૪૦ વિદ્યાર્થીઓએ લગભગ ૮૦૦ રૂપિયા જેટલી મોટી રકમ, માથા દીઠ લગભગ રૂા. ૬ ની સરેરાશે, આપી છે. એમાં રૂા. ૧૦૦ જેટલી રકમ એક દિવસનું મિષ્ટાન્ન જતું કરી તેમણે એકઠી કરી હતી. આ જ પ્રમાણે કલાવિદ્યાલય, તાલીમ વિદ્યાલય, પોલિટેકનિક, વ્યાયામ વિદ્યાભવન, બાલવિદ્યાલય આદિ અમારી બધી સંસ્થાનાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓએ બહુ ઉમળકાથી આ ફાળામાં પોતાનો હિસ્સો નોંધાવ્યો છે. વિદ્યાવિહારના બધા કાર્યકર્તાઓએ દર મહિને પોતાના પગારમાંથી એક દિવસનો મોંઘવારી વગેરે ભથ્થા સહિતનો પગાર આપવાનું નક્કી કરી શરૂઆતના ફાળા તરીકે પહેલા ત્રણ મહિનાના ત્રણ દિવસનો સામટો ફાળો આપ્યો છે. વળી પટાવાળાઓએ પણ પૂરા ઉમળકાથી પોતાનો ફાળો આપ્યો છે.

સ્વાવલંબી તાલીમ

અંતમાં, એક અભિલાષા વ્યક્ત કરવાની રજા લઉં. યુદ્ધે આપણામાં જે કંઇ ઉત્તમ છે, જે સત્ત્વશીલ છે તેને પડકાર કર્યો, ત્યારે આપણી પ્રત્યેક શિક્ષણસંસ્થા, સ્વાવલંબન શીખવાની એક મોટી પ્રયોગશાળા બની જાય ને એમાં તૈયાર થતા વિદ્યાર્થીઓ ભારતનાં લાખો ગામડાંઓની સ્વાવલંબી બનવાની લડતમાં આદર્શ સ્વયંસેવકો બની દેશની રક્ષાની સાચી ઢાલ બની જાય એવી પ્રેરણા આપણને આપણા રાષ્ટ્રનેતાઓ પાસેથી સતત મળતી રહો ને આપણી આઝાદી યાવચ્ચંદ્રદિવાકરો એની પૂર્ણકળાએ ઝળહળતી રહો! જય હિંદ.

વિજ્ઞાન અને યુદ્ધ

અશ્વિન ત્રિવેદી
પૂનમચંદ પટણી

વિજ્ઞાનના વિકાસ અને યુદ્ધને શો સંબંધ છે?

જગતના ઇતિહાસમાં અત્યાર સુધી થયેલ મહાયુદ્ધોનો ઇતિહાસ તપાસીએ તો એટલું કબૂલ કરવું પડશે કે વિજ્ઞાનના વિકાસને અને યુદ્ધને સીધો સંબંધ છે. હજારો વર્ષો પૂર્વે મહાન વૈજ્ઞાનિક આર્કિમિડિસે સૂર્યનાં કિરણો કાચ વડે કેન્દ્રિત કરી દુશ્મનનાં વહાણો બાળ્યાં હતાં. અનેક ઉદ્યોગોમાં આવશ્યક એવા સોડા (સોડિયમ કાર્બોનેટ)ના ઔદ્યોગિક ઉત્પાદનની નવી રીત લા બ્લેંકે ૧૮ મી સદીના અંતમાં યુદ્ધની પરિસ્થિતિને પહોંચી વળવા માટે જ શોધી હતી. એ જ પ્રમાણે બંધિત સ્વરૂપમાં નાઇટ્રોજન એટલે કે નાઇટ્રોજનના સંયોજનો જેવાં કે એમોનિયા, એમોનિયમ સલ્ફેટ ઇત્યાદિ, બનાવવાની નવી અને સહેલી રીત જર્મનીના હેબરે પ્રથમ વિશ્વયુદ્ધ સમયે શોધી હતી. બીજા યુદ્ધ દરમિયાન જર્મનીએ શરૂ કરેલ અને અમેરિકાએ આખરી સ્વરૂપ આપેલ પરમાણુ બોમ્બ પણ યુદ્ધની પરિસ્થિતિને જ આભારી છે. અવકાશ સંશોધનમાં અત્યારે અમેરિકા અને રશિયા જે લખલૂટ ખર્ચ કરે છે તે ભવિષ્યના યુદ્ધની તૈયારીઓ તરીકે અથવા ભવિષ્યના યુદ્ધ સમયે દેશના બચાવ અર્થે યોગ્ય સાધનો ઊભાં કરવા માટે છે એમ નિષ્ણાતોનું માનવું છે.

જ્યારે કોઇ દેશ માટે યુદ્ધની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે ત્યારે આંતરિક ભેદભાવો, સ્વાર્થવૃત્તિ ભૂલી જવાય છે અને દેશની સમગ્ર શક્તિ દુશ્મનને હંફાવવા માટે કેન્દ્રિત કરવામાં આવે છે. આવા સમયમાં ખર્ચ સામે કોઈ જુએ નહિ તે સ્વાભાવિક છે અને એટલા જ માટે વિજ્ઞાનના ઝડપી વિકાસને યુદ્ધના સમયમાં તક મળે છે. પણ એનો અર્થ એમ નથી કે યુદ્ધના સમયની આ બધી શોધો શાંતિના સમયને માટે ઉપયોગી નથી. હજારો ટન બનાવટી ખાતર—એમોનિયમ સલ્ફેટ—નું ઉત્પાદન હેબરની શોધને જ આભારી છે. પરમાણુ બોમ્બની શોધે જ પરમાણુશક્તિના શાંતિમય ઉપયોગ—જેવા કે વિજળીનું ઉત્પાદન વગેરે—ને જન્મ આપ્યો છે. માત્ર યુદ્ધને માટે ઉપયોગમાં લાગે તેવા ઝેરી ગેસના ઉત્પાદનને લીધે પાણીને બેક્ટેરીયા વિશુદ્ધ કરી પીવાના ઉપયોગમાં લેવા માટેની પદ્ધતિઓને જન્મ આપ્યો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કામમાં લેવાયેલ ડી. ડી ટી.ના શાંતિમય ઉપયોગ વિષે તો આપણે બધા જ જાણીએ છીએ. જગતમાં શક્તિનાં સાધનો જેવાં કે કોલસો, તેલ, ઇત્યાદિનો પુરવઠો મર્યાદિત છે, અને જે ઝડપે તેનો ઉપયોગ અત્યારે થઇ રહ્યો છે તે ઉપરથી નિષ્ણાતોનું માનવું છે કે એકવીસમી સદીમાં શક્તિના ઉત્પાદન માટે આ સાધનો મહત્ત્વનાં નહિ રહે.

હાઇડ્રોજન બોમ્બને અનુસરતી ક્રિયા કે જેમાં હાઇડ્રોજનના પરમાણુના સંગઠનથી હિલિયમ બને છે અને સાથે સાથે શક્તિ પણ ઉત્પન્ન થાય છે તે જ જગતનું શક્તિનું અગત્યનું સાધન રહેવાનું. વળી વિશ્વના સારા નસીબે આવી જાતનાં સાધનો માત્ર એક જ દેશમાં કેન્દ્રિત થવાને બદલે બે કે તેથી વધુ દેશોમાં ઉત્પન્ન થાય છે. હાઇડ્રોજન બોમ્બના પ્રયત્નોમાં તેમજ અવકાશના સંશોધનોમાં દુનિયાની સમગ્ર શક્તિ અમેરિકા અને રશિયા

લગભગ સરખાં જ છે. એટલા જ માટે વિશ્વયુદ્ધ થવાનો સંભવ ઓછો છે. અને વિશ્વના કોઇ ભાગમાં યુદ્ધ થાય તો પણ આવાં ખતરનાક સાધનોનો ઉપયોગ કરવાની કોઈની હિંમત ચાલે નહિ. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે શોધાયેલ ઝેરી વાયુનો ઉપયોગ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન કોઈ સત્તાએ નહોતો કર્યો તેનું આ જ કારણ છે. હવેના યુદ્ધમાં કોઈપણ સત્તા પરમાણુ કે હાઈડ્રોજન બોમ્બનો ઉપયોગ કરે તેનો સંભવ ઓછો છે.

પ્રશ્ન : અવકાશ સંશોધનો વિષે અત્યારે શી પરિસ્થિતિ છે ?

ઉત્તર : અવકાશ વિષેનાં સંશોધનોમાં દુનિયાના સર્વ દેશોને રસ છે. આવાં સંશોધનો ખર્ચાળ હોય છે એટલું જ નહિ, પણ બહુ જ ઊંચી કક્ષા પ્રાપ્ત કરેલ વૈજ્ઞાનિકો અને ટેકનીશિયનોની બહુ મોટી સંખ્યામાં સેવા માગી લે છે. સ્વાભાવિક રીતે જ આવાં સંશોધનોમાં અમેરિકા અને રશિયા અગ્રગણ્ય છે. ઓગસ્ટ માસમાં રશિયાએ બે અવકાશ-યાત્રીઓ મેજર એન્ડ્રીયન ગ્રીગોર્યેવીચ નિકોલસ (૩૨ વર્ષ) અને લેફ્ટેનન્ટ કર્નલ પોપોવીચ (૩૧ વર્ષ)ને વોસ્ટોક–૩ અને વોસ્ટોક–૪ માં અવકાશમાં મોકલ્યા હતા. પૃથ્વીથી આશરે ૧૬૦ માઈલ ઉપર માત્ર ૮૦ મિનિટમાં આ યાત્રીઓએ પૃથ્વીની પ્રદક્ષિણા અનેકવાર કરી. પ્રથમ ઊડનાર નિકોલસે જ્યારે અર્ધી યાત્રા પૂરી કરી ત્યારે પોપોવીચ તેની સાથે જોડાયો અને પછી તો બન્ને મિત્રો જાણે સહેલગાહે ઊપડ્યા હોય તેમ, એકબીજાથી સમાંતર માત્ર ૭૪.૫ માઈલ દૂર રહી પ્રદક્ષિણાઓ શરૂ કરી. એકબીજા જોડે અને પૃથ્વી ઉપર કન્ટ્રોલ સ્ટેશનના ઓફિસરો જોડે ગપ્પાં માર્યાં. મોસ્કોવાસીઓ ટેલિવીઝન સેટ ઉપર આ બન્ને યાત્રીઓને જોઈ શક્યા. આવી રીતે એક કક્ષામાં સમાંતર અને નજદીક રહીને ઊડવા માટે બહુ ઊંચા પ્રકારની ટેકનિકલ તૈયારીઓની જરૂર પડે છે. રશિયાની આ સિદ્ધિ અપૂર્વ કહેવાય છે. ત્યારપછી અમેરિકાએ પણ સહેજ નાના પાયા ઉપર અવકાશયાત્રીને પૃથ્વીની પ્રદક્ષિણા કરતો મૂક્યો. આવાં ઉડ્ડયનોનો મુખ્ય હેતુ પૃથ્વીના ગુરુત્વાકર્ષણથી દૂર થયેલ માનવીઓ ઉપર શી અસર થાય છે અને ભવિષ્યમાં આવાં અવકાશ–જહાજો એકબીજા જોડે રહીને કદાચ એકબીજામાંથી બળતણ મેળવી શકે કે કેમ તે જોવાનો હતો.

ટેલિવીઝન અત્યારે માત્ર ટ્રાન્સમિટીંગ સ્ટેશનથી અમુક અંતરમાં જ શક્ય છે. ટેલિવીઝનની કક્ષા વધારવા અમેરિકાએ 'ટેલીસ્ટાર' પૃથ્વીથી લગભગ ૨૬૦ માઈલ ઊંચે વહેતું મૂક્યું. ૧૭૦ પાઉંડ વજનના આ ટેલીસ્ટારમાં સૂર્યશક્તિની મદદથી વિજળી ઉત્પન્ન થાય છે અને એની અંદર સંદેશા વહેતા મૂકવાની અને ઝીલવાની સગવડ હોય છે. પૃથ્વી ઉપર અમેરિકાએ આ સંદેશાઓની શક્તિ અનેક ઘણી વધારવા કે જેથી તેને સ્પષ્ટ સમજી શકાય તેવી સગવડ ઊભી કરી હતી. અમેરિકાની બેલ ટેલિફોન કંપનીનું આ સાહસ ભવિષ્યમાં દૂરદૂરના દેશો કે ખંડો વચ્ચે ટેલિવીઝનની શક્યતા ઊભી કરે છે.

માર્સ (મંગળ) તરફ ૩ જી નવેમ્બરે રશિયાએ એક અવકાશયાન (spacecraft) વહેતું મૂક્યું છે. આશરે ૮૦૦ કીલોગ્રામ એટલે લગભગ પચાસ મણ વજનનું આ અવકાશયાન મુસાફરી દરમિયાનના અવરોધો ઉપરાંત આંતર અવકાશીય સંદેશાની શક્યતા, માર્સનાં ચિત્રો ઈત્યાદિ માહિતી પૂરી પાડશે. આવું જ બીજું અવકાશયાન વિનસ (શુક્ર) તરફ અમેરિકાએ થોડા વખત ઉપર મોકલ્યું હતું; પરંતુ સૂર્યનાં કિરણો વડે ચાલતી તેની બેટરીઓ બંધ થઈ ગઈ હોવાથી એના તરફથી આવતા સંદેશા બંધ થયા લાગે છે.

ડિસેમ્બરની ૧૪ મીએ આ અવકાશયાન વિનસની વધુમાં વધુ નજદીક એટલે કે લગભગ ૧૪૦૦૦ માઇલ દૂર રહેશે. પૃથ્વીના બધા દેશો અવકાશ વિષેનાં સંશોધનોમાં રસ લે છે. આપણે ત્યાં અમદાવાદમાં અવકાશયાનમાંથી આવતા સંદેશા ઝીલવાની વ્યવસ્થા છે. તે ઉપરાંત કદાચ થોડા જ વખતમાં દક્ષિણ ભારતની કોઇ અનુકૂળ જગામાંથી અવકાશમાં રોકેટ ઉડાડી શકીશું. પરમાણુ તેમજ અવકાશ સંશોધન વિષે દુનિયાના મુખ્ય દેશોને બાદ કરતાં આપણું સ્થાન ઠીકઠીક જગાએ આવે છે. એમ માનવાને કારણ છે કે આ બન્ને વિષેનાં સંશોધનો પરત્વે ચીન આપણાથી આગળ નથી. પરંતુ પ્રથમ કહ્યું તે પ્રમાણે, આવાં સંશોધનો ખૂબ ખર્ચાળ છે. ઇ. સ. ૧૯૬૨માં અમેરિકાએ ૧૦૫ મિલીયન ડોલર એટલે કે ૭૫૦૦ અબજ રૂપિયાનો ખર્ચ અવકાશ સંશોધન માટે કરવાનું નક્કી કર્યું છે આપણી કેટલીયે પંચવર્ષીય યોજનાઓ આમાં સમાઇ જાય!

અવકાશ વિષેનાં ઉપરનાં સંશોધનો ભવિષ્યમાં ચંદ્ર, બીજા ગ્રહો અને કદાચ એથી પણ દૂર જવા માટે શક્યતા ઊભી કરશે. એ ઉપરાંત વધુ ઝડપથી ફરતાં જેટ વિમાનો, અવકાશમાં થતા ફેરફારો, અવકાશમાં જુદી જુદી ઊંચાઇએ રહેલાં જાતજાતનાં કિરણો, આંતરરાષ્ટ્રીય ટેલિવીઝન સંદેશાઓ ઇત્યાદિ માટે જરૂરી માહિતી આપે છે. આ બધી શોધો યુદ્ધના તેમજ શાંતિના સમયમાં ઉપયોગી થઇ પડવાનો સંભવ છે.

વાસ્તવિક રીતે જેને આપણે શાંતિમય શોધ માનીએ તે પણ યુદ્ધના સમયમાં ઉપયોગી થઈ પડે છે એટલું જ નહિ પણ અનિવાર્ય છે. દા. ત., રક્તદાનથી અનેક રોગો તેમજ અકસ્માતથી ભોગ બનેલા દરદીઓને જીવનદાન આપી શકાય છે. શાંતિના સમયમાં આ શોધ ઉપયોગી છે એટલું જ નહિ પણ યુદ્ધના સમયમાં તો સમયસર રક્તદાનથી અનેક સૈનિકોને સાજા કરી શકાય છે એટલા જ માટે યુદ્ધમાં રક્તદાનની અનિવાર્ય જરૂર પડે છે. ફ્લોરેન્સ નાઇટિંગેલે જ્યાં સુધી હોસ્પિટલમાં જંતુવિશુદ્ધ 'એન્ટીસેપ્ટીક' રીતે સારવાર કરવાની પદ્ધતિ દાખલ ન કરી ત્યાં સુધી એમ કહેવાય છે કે જેટલા સૈનિકો યુદ્ધમાં મરતા હતા તેથી વધુ યુદ્ધ અંગેની ઇસ્પિતાલોમાં મરતા હતા. હીરાને આપણે મહત્ત્વના શણગાર તરીકે માનીએ છીએ પરંતુ બનાવટી હીરાનું ઉત્પાદન તો હીરાના અનેક ઔદ્યોગિક ઉપયોગો–જેવા કે કઠીન યંત્રોની ધાર બનાવવામાં–ને જ આભારી છે.

ઝડપથી પ્રગતિ કરતા વિજ્ઞાનમાં આપણો યોગ્ય ફાળો આપીએ તેને માટે વિજ્ઞાન અને મેથેમેટિક્સનો અભ્યાસ વધુ તલસ્પર્શી બનાવવો જરૂરી છે. ખાસ કરીને જ્યારે આપણા દેશ ઉપર યુદ્ધનાં વાદળ ઘેરાયાં છે ત્યારે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ઊંડો અભ્યાસ આવશ્યક છે. વિજ્ઞાનના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાનો સારામાં સારો ફાળો અભ્યાસમાં સર્વ શક્તિ ખર્ચીને આપે તે જ યોગ્ય છે. આવી તક ઝડપવામાં આવે તો દેશમાં વૈજ્ઞાનિક વિકાસ બહુ ઝડપથી થાય અને આપણે ઘણી વસ્તુઓ માટે સ્વાવલંબી બનીએ અને ચીન સાથેની લડાઈ આપણને નુકસાન કરવાને બદલે એકંદરે લાભદાયી નીવડે *

●

* આકાશવાણીના સૌજન્યથી

કાશ્મીરની સાંસ્કૃતિક સમાલોચના

'સુસ્મિતા'

[ગતાંકથી ચાલુ]

૨

શ્રીનગરનાં ઐતિહાસિક સ્થળોમાં હરિ પર્વતનો કિલ્લો, જમીયા મસ્જિદ, શાહી મસ્જિદ, હજરતબાલ મસ્જિદ, શાહ હમદનની મસ્જિદ અને શંકરાચાર્યની ટેકરી જોવા અને જાણવા જેવાં છે. ઊંચો ધારદાર મિનારો, હારબંધ સ્તંભ, છત તેમજ દિવાલો ઉપર કૌશલ્યભરપૂર કારીગરી–એ આ બધી મસ્જિદોની વિશિષ્ટતા છે. મુખ્ય મસ્જિદ, હજરતબાલ, ડાલ સરોવરને કિનારે આવેલી છે. તેમાં કોઈ એક ધર્મગુરુનો પવિત્ર વાળ રાખવામાં આવ્યો છે, જે ઇ. સ. ૧૭૦૦માં બીજાપુરથી કાશ્મીર લવાયો હતો, એમ મનાય છે. જમીયા મસ્જિદ અને શાહ હમદનની મસ્જિદ તેની સુંદર 'ખટમ્બન્દ' છતને માટે જાણીતી છે. લાકડાના પાતળા ટુકડાઓને ગોઠવી બનાવાયેલી આકર્ષક ભૂમિતિની રચનાઓ એમાં કરવામાં આવી છે. આ મસ્જિદો મોટે ભાગે મોગલ સમયમાં બંધાઇ હતી. શંકરાચાર્યની ટેકરી શ્રીનગરની દક્ષિણે આવેલી છે. ત્યાં શિવનું મંદિર છે જેમાં લગભગ ચાર ફૂટ ઊંચું શિવલિંગ છે. આ ટેકરી પર ચઢવાની વાંકીચૂકી પગદંડી પરથી શ્રીનગરની વિશાળતા અને સુંદરતાનો સારો એવો ખ્યાલ આવે છે. ચારે બાજુ બરફાચ્છાદિત પર્વતોની હાર વચ્ચે ડાલ સરોવર અને તેની હારબંધ ઘરનાવો તથા વાંકીચૂકી વહેતી જેલમ નદીનો પટ વિહંગમ લાગે.

શ્રીનગરમાં ચાર જાતની નાવો જોવા મળે—ઘરનાવ, શિકારા, ડુંગા અને બહસ. ઘરનાવમાં રહેવાની અદ્યતન સગવડ હોય છે. ઘરનાવ એક જ જગ્યાએ રહેતી હોવાથી, હરવા ફરવા માટે, સુંદર ગાલીચાથી શણગારેલા આરામશાહી, ત્રણ કે પાંચ માણસો માટેના શિકારાઓ હોય છે. ત્યાંના સ્થાનિક લોકોના કાયમી રહેઠાણો તે ડુંગા; જેમાં ચારથી પાંચ ઓરડાની સગવડ હોય. અમીરી લોકો માળવાળા ડુંગા રાખે છે. અગાશીવાળા ડુંગા ઘણા આકર્ષક લાગે છે. સંધ્યા સમયે કાશ્મીરનાં ચોતરફ વેરાયેલા સૌન્દર્ય વચ્ચે ડુંગાની અગાશીમાં બેસી આનંદ માણતા લોકોને જોઈ અદેખાઈ આવી જાય. બહસ માલસામાન લઇ જવાની નાવો છે. એક કે બે ઓરડાવાળી આ બહસમાં લાકડાં, ઘાસ વગેરે સામાન હેરફેર થાય છે. કેટલીક વખત મુસાફરો પણ ડુંગામાં રહી, આજુબાજુના પ્રદેશમાં ફરવા જાય છે, પણ તેમાં રાચરચીલું નથી હોતું. ફળફૂલ જેવો પરચૂરણ સામાન શિકારામાં ભરી, લોકો વેચવા નીકળે છે.

કાશ્મીરીઓ પણ રવિવાર રજાના દિવસ તરીકે પાળે છે. આરામના આ દિવસે મોગલ બગીચામાં ફૂવારા ઊડતા જોવા મળે. ડાલ સરોવરની ઉત્તરે હારબંધ આવેલા આ બગીચાઓમાં, રવિવારની રજા માણવા લોકો ડુંગા, શિકારા કે બસમાં ભરાઈ ભરાઈને જતા દેખાય છે. અને આ રળિયામણા બગીચાઓ માનવ–મહેરામણથી છલકાઈ ઊઠે છે.

મોગલ બગીચાઓમાં સર્વોત્તમ બાગ તે શાલીમાર. શ્રીનગરથી ૧૦½ માઈલ દૂર આવેલો આ બાગ રાજા જહાંગીરની જાહોજલાલી અને નૂરજહાં પ્રત્યેના તેના પરમ પ્રેમનું પ્રતીક

છે. ત્રણ ભાગમાં વહેંચાયેલા આ બાગમાં, રાજાના મંત્રી માટે, રાજાને ખુદને માટે, અને બેગમ નૂરજહાં તથા તેની સખીઓ માટેની સૌથી સુંદર એવી વિભાગીય વ્યવસ્થા છે. બાગની મધ્યમાં પાણીનો કુંડ અને નહેર, તેની વચમાં ઊડતા ફુવારા અને નાના જળ-ધોધો વગેરે જોવાની ખૂબ જ મઝા પડે છે. પાછળ ધીરગંભીર એવું મહાદેવજીનું શિખર છે. બાગમાં સુંદર ચિનાર અને ઊંચાં સાયપ્રસનાં વૃક્ષો તથા ગુલાબ વગેરે ફૂલોથી છવાયેલી નયનરમ્ય લીલી હરિયાળી, અ..ગ આનંદ પ્રેરે છે. શાલીમારનો અર્થ થાય "રાણીનો બગીચો." તે ખરા અર્થમાં શાંતિ અને આરામ મેળવવાની જગ્યા છે.

શાલીમારની દક્ષિણ-પૂર્વમાં, શ્રીનગરથી આઠ માઈલ પર નિશાત બાગ છે. નિશાત એટલે વાયુ. આ બાગનું સૌન્દર્ય એની વચ્ચે વહેતી નહેર અને તેમાં બનાવાયેલા નાના જળધોધ તથા ફુવારાઓથી વિશિષ્ટ બને છે. આ નહેર બાગને બે ભાગમાં વહેંચી દે છે. પર્વતના ઢોળાવ પર આવેલો આ બાગ દશ પગથિયાં (અગાસી)માં વહેંચાયેલો છે. ઉપરથી ડાલ સરોવરનું ઉત્તમ દૃશ્ય જોવા મળે. વિવિધરંગી પુષ્પોથી આખોયે બાગ પર્વતના ઢોળાવ પર બિછાવેલા મખમલી ગાલીચા જેવો, પરીઓના પ્રદેશનો ખ્યાલ આપે છે.

પશ્ચિમ કિનારે, સાત માઈલના અંતરે છે—નસીમ બાગ. ઢગલાબંધ ચિનારનાં વૃક્ષોની શીતળ છાયા થાકેલાં માનવીઓને અલૌકિક શાંતિ આપે છે.

'ચશ્મેશાહી' કાશ્મીરનું એક બાગનું અંગ છે. એનો અર્થ થાય—'સ્વર્ગની આંખ'. ત્યાંનાં ઝરણાંનું પાણી ઠંડું અને ખનીજ પદાર્થવાળું હોવાથી પીવામાં ઉત્તમ મનાય છે. ત્યાં નાનો પણ સુંદર બગીચો છે. શ્રીનગરથી ૫॥ માઈલ દૂર અને ડાલ સરોવરથી લગભગ એક માઈલ ઊંચે પર્વતની ગોદમાં આવેલું આ સ્થળ ઘણું જ આકર્ષક રમ્ય મનોહર છે.

'નહેરૂ-બાગ' કાશ્મીરનું નવું સોહામણું સ્થળ છે. ડાલ સરોવરમાં એક પૂર્ણ સુંદર અવનવાં રંગબેરંગી પુષ્પોથી શોભતો આ એક નાનકડો બાગ છે ત્યાંથી કાશ્મીરના રાજાનું ગ્રીષ્મભવન દેખાય છે. આ બાગની સામે, સરોવરમાં તરવાની મઝા માણવા ઈચ્છતા લોકો માટે ખાસ સગવડવાળી નાવો ઊભેલી દેખાય છે. સંધ્યા અને રાત્રિના શાંત સમયે આસપાસનું દૃશ્ય ઘણું જ આહ્લાદક લાગે. દિવસ કરતાં રાત્રે જેલમ નદી અને ડાલ સરોવરની શોભા, ટમટમતા દીવાથી અનેક ઘણી વધારે અને અનેરી જોવા મળે. તેમાં યે પૂનમ કે અમાસની રાત, આ સ્થળોને સ્વર્ગની ભૂમિ બનાવી દે છે. અમાસની અંધારી રાતે જળમાર્ગો પર ક્યાંક હારબંધ અને ક્યાંક છૂટીછવાયી ઘરનાવોમાં ટમટમતા દીવા, આકાશમાં ઝગમગતા તારા જેવા અદ્ભુત લાગે છે. ખાસ કરીને વાદળ ઘેરાયાં હોય, ઠંડો પવન વાતો હોય અને જો એમાં વીજળી ઝબૂકે, તો તે આખા દૃશ્યને, એક જ ચમકારામાં, કુદરતની ઢાંકી રાખેલી અલૌકિક સુંદરતાને જાણે અચાનક જ ઉઘાડી પાડી દેતી હોય એવી આશ્ચર્યજનક સૃષ્ટિ જોઈ મન પ્રફુલ્લિત બની નાચી ઊઠે છે. પૂનમની શોભા આથી કંઈક જુદી જ. ચાંદનીમાં ઠેર ઠેર ચાંદી વેરી રાખી હોય તેમ પર્વત પરનો બરફ ચમકતો દેખાય અને વૃક્ષો તથા નાવો, પૃથ્વી પર ચાંદનીએ બિછાવેલી એ ધોળી ચાદર ઉપર, ધીરગંભીર બનીને સભા રચી બેઠેલા વિદ્વાનો જેવા પ્રભાવશાળી જોવા મળે.

શ્રીનગરની આસપાસ બહુ જ બહોળા વિસ્તારમાં આજ રીતે કુદરતની સુંદરતામાં

માનવને હાથે ઘડાયેલાં અનેક સ્થળો જોવા મળે છે. તેમાં ગુલમર્ગ, વૂલર સરોવર અને બારામુલા પણ વૈશિષ્ટ્યપૂર્ણ છે. શ્રીનગરની પશ્ચિમે ૨૮ માઇલ પર ગુલમર્ગ છે. ટંગમર્ગ નામના સ્થળ સુધી બસમાં જવાય છે. ત્યાંથી ગુલમર્ગ અને ખિલનમર્ગ ઘોડા પર અથવા ચાલતાં જવાય. 'મર્ગ' એટલે બીડ અથવા ગોચર. ટંગમર્ગમાં 'ટંગ' નામની વનસ્પતિ, ગુલમર્ગમાં પુષ્પોનું બીડ, અને ખલનમર્ગ બકરાના બીડના હિસાબે ઓળખાય છે. ટંગમર્ગથી આગળ વધતાં ચઢાણ આવે, જે સીધું હોવાથી જરા આકરું લાગે. ઉપર ચઢતાં ડાબી બાજુ ખીણમાં વહેતી નદીનો કર્ણમધુર ખળખળ અવાજ લાંબે સુધી સંભળાયા કરે. નદીના એ સંગીતને વધુ દિલચસ્પ બનાવતા ચીડ અને બીજાં શંકુદ્રુમ વૃક્ષોમાં રહેતાં પક્ષીઓનો કલરવ હૃદયમાં આનંદની હેલી જગાવે છે. જેમ જેમ ઊંચે જઈએ તેમ કાશ્મીરની એ આહ્લાદક ઠંડક વધતી જાય છે. ગુલમર્ગ એશીઆભરમાં ગોલ્ફ રમવા માટેનું સુંદર અને ઉત્તમ સ્થાન ગણાય છે.

ગુલમર્ગ લગભગ ૮૫૦૦' ની ઊંચાઈ પર આવેલું આકર્ષક સ્થળ છે. તેની સુંદરતા વર્ણવવા શબ્દો ઓછા પડે. વિશાળ લીલુંછમ મેદાન, ટેકરાઓ પર લાકડાનાં ઘરો, તદ્દન નજદીકમાં જ બરફથી છવાયેલી શ્વેત શુભ્ર પર્વતમાળા કેટલી મનોહર લાગે છે તે જોનાર જ જાણી શકે. બરફ પર ચાલવાની, તોફાનમસ્તી કરવાની અને તરસ લાગે તો તેમાંથી ચોખ્ખો બરફનો ટુકડો કાઢી ખાઈ લેવાની ખરેખર જ મઝા પડે. કુદરતના ખોળે આવી અનુપમ ધરતી પર મુક્ત મને વિહરવાનું કોને નહિ ગમે? સૂર્યાસ્ત પછી ધીરે ધીરે ઠંડી વધતી જાય છે અને રાત્રે તો ત્યાં સખત ઠંડી પડે છે. પર્વતની બીજી બાજુએ, ગુલમર્ગથી ફક્ત ત્રણ જ માઈલ દૂર, ખિલનમર્ગ આવેલું છે, જે લગભગ ૯૦૦૦' ઊંચું છે. એકદમ ઉપર તો બરફ જ છવાયેલો રહે. પણ ત્યાં પહોંચવા માટે પણ બરફના રસ્તાઓ પરથી આવીને જવું પડે. ખિલનમર્ગમાં બરફ પર સરકવાની ગાડીમાં ફરવા તથા સ્કીઇંગ જાણનારને સ્કીઇંગની મઝા માણવા મળે છે.

વૂલર સરોવર કાશ્મીરનું સૌથી મોટું, ૧૦૦ માઈલના ઘેરાવાવાળું સરોવર છે. આ કાશ્મીર એક વિશાળ સરોવર હતું, તે ઐતિહાસિક હકીકતને સમર્થન આપે છે. કહેવાય છે કે વૂલર સરોવર કાશ્મીરનું રક્ષક છે; કારણ કાશ્મીરને પાણીમાં ડૂબવું હંમેશાં બચાવે છે. ઉનાળામાં કિનારાનાં એક માઈલ ફરતા વિસ્તારમાં ખેતી કરવામાં આવે છે. સરોવરની ફરતે ઊંચી નીચી ડુંગરમાળ પરનો બરફ જ્યારે પીગળે છે ત્યારે સરોવર પાણીથી છલોછલ ભરાઈ જાય છે. વૂલર સરોવર પર લઈ જતો રસ્તો ઘણો જ સુંદર અને કુદરતી સૌન્દર્યથી ભરપૂર છે. વચમાં બીજું એક નાનું પણ સુંદર માનસબલ સરોવર આવે છે, જેની પશ્ચિમ બાજુ જ ડુંગરાથી મુક્ત છે, ત્યાંથી દૂરના પર્વતો નજરે પડે છે. ડુંગરના ઢોળાવ પર ગામ વસેલું છે. આજુબાજુની ધરતી પર પથરાયેલાં ખેતરો સૂર્યાસ્ત સમયે તેની સુંદરતાને અલૌકિકતા અર્પે છે.

કુદરતના આવા અવનવા અને અનેરા સૌન્દર્ય વચ્ચેથી આગળ અને આગળ સરી જતી બસ વૂલર સરોવર ફરતે એક ચક્કર લગાવી, પશ્ચિમ તરફ બારામુલા ગામે લઈ જાય

છે. બારામુલાથી ૩૦ માઈલ દૂર પાકિસ્તાનની સરહદ આવેલી છે. ૧૯૪૭માં તાયફાવાળાઓએ જ્યારે કાશ્મીર પર હુમલો કર્યો હતો, ત્યારે ત્યાંના એક બહાદુર મુસ્લિમ નવજવાન શેરવાનીએ તેમનો સારો સામનો કર્યો અને શરણે થવાની ના પાડતાં, જાલીમ તાયફાવાળાઓએ ઈશુ ખ્રીસ્તની માફક તેને ખીલાથી લટકાવી બાર ગોળીઓ મારી ઠાર કર્યો! આ વીર શહીદ માટે કાશ્મીરીઓ ગૌરવભર્યું માન ધરાવે છે. બારામુલામાં શેરવાનીની બહાદુરીની યાદદાસ્ત તરીકે ખાંભી ઊભી કરવામાં આવી છે.

કાશ્મીરમાં શ્રીનગર પછી રહેવા લાયક સ્થળ છે—**પહેલગામ.** સિંધુ નદીની ખીણ પાસે ૮૭૫૦' ની ઊંચાઈએ આવેલા સોનામર્ગમાં રહેવાનું પણ કેટલાક પસંદ કરે છે. પહેલગામ, શ્રીનગરથી ૬૦ માઈલ પૂર્વમાં ૭૨૦૦'ની ઊંચાઈએ વસેલું નાનું પણ મનોરમ્ય સ્થળ છે. પહેલગામને રસ્તે અગણિત ઝરણાંનો પ્રદેશ અનંતનાગ આવે છે. તે ફર તથા ઊનના ગાલીચા 'ગુબ્બા' માટે જાણીતું છે. ત્યાંનું એક મલકનાગ નામનું ઝરણું ચામડીના રોગો સારા કરવા માટે પ્રખ્યાત છે. અછબલનું ઝરણું સૌથી સુંદર છે, જ્યાં મોગલ બાદશાહે બગીચો બંધાવ્યો છે. અછબલથી નવ માઈલ પર આવેલ રમણીય કોકિરનાગનું પાણી પીવામાં ખૂબ જ હલકું છે. આગળ જતાં ત્રણ માઈલ પર ઐતિહાસિક સ્થળ માર્તંડ આવે છે. ત્યાં હિન્દુ રાજા લલિતાદિત્યે બંધાવેલ મંદિરના અવશેષો આજે પણ જોવા મળે છે. ત્યાંના બાંધકામ વિષે એક વિદ્વાને લખ્યું છે કે—

"It is rightly called the cyclops of the East. Among the great architectural wonders of the world, it occupies a very high place. It is typical Kashmir architecture at its best, second only to the Egyptians in massiveness and strength and to the Greek in elegance and grace,-built of immense rectilinear blocks of limestone. Its outline and its details are bold, simple and impressive with surrounding colonnade of graceful Greek like pillars. The surrounding beauty shows an eye for natural beauty that Kashmiries possess."

આ ઉપરાંત લલિતાદિત્યને એક અદ્વિતીય સ્થાપત્યપ્રેમી માનવા માટેના અનેક પુરાવાઓ શાદીપુર નજીક આવેલા પરિહાસપુરમાં વેરાયેલા પડેલાં અવશેષો પરથી મળી રહે છે. ચારે બાજુ દૂર દૂર સુધી ઊભેલા ડુંગરો વચ્ચેની ખીણમાં રહેલા આ અવશેષોની જગ્યા એવી છે કે જ્યાંથી બધી બાજુની સુંદરતા માણી શકાય. કલ્હણ લખે છે કે અહીં રાજાએ અનેક નાનામોટાં મંદિરો બંધાવ્યાં હતાં. ત્યાંથી આગળ વધતાં રસ્તાની ડાબી બાજુ ઊંચાનીચા પર્વતીય પ્રદેશમાંથી વહેતી લિડાર નદીની સુંદરતા નજરને પકડી લે છે. આજુબાજુના મેદાનમાં તેમજ પર્વતના ઢોળાવ પર ક્યાંક એકાદ બે કાશ્મીરી ઝૂંપડીઓ નજરે પડે છે.

પહેલગામ પહોંચતાં જ, શિષનાગ નદીના પૂર્વપશ્ચિમ તટ પર વસેલું અને ડુંગરમાળાથી ઘેરાયેલું ગામડું જોતાં, પ્રથમ દૃષ્ટિએ જ ત્યાંની સુંદરતાનો ખ્યાલ આવી જાય

છે. નદીની પૂર્વમાં મુખ્ય રસ્તો અને તેની બંને બાજુ આવેલાં હારબંધ મકાનો તે પહેલગામનું બજાર. પહેલગામની દક્ષિણ-પશ્ચિમે ઊભેલા પર્વતમાંથી ઘૂઘવાટા કરતું લિડાર નદીનું ઝરણું નીચે ઊતરીને શિષનાગને મળી જાય છે. તેની ઉત્તરે વસેલા એક નાનકડા ગામમાં શિવનું જૂનું મંદિર છે. પર્વતીય પ્રદેશમાંથી ખૂબ જ જોસમાં વહેતી નદીનાં પાણી સફેદ દેખાય, એટલે પર્વત પરના બરફની આભા તેમાં ઊતરી હોય એવો આભાસ થાય. પહેલગામમાં હોટેલો અને મકાનો ઘણાં ઓછાં હોવાથી, મુસાફરોને નદીની બાજુના મેદાનમાં અથવા તો ઢોળાવ પર તંબુઓ બાંધી રહેવું પડે છે. તંબુઓ પણ ત્યાંની સુંદરતામાં વધારો કરતાં લાગે. પહેલગામમાં શ્રીનગર કરતાં ઠંડક વધુ આહ્લાદક હોય છે. તેમાં પણ જ્યારે વરસાદ પડી જાય છે, ત્યારે ઠંડક ખૂબ વધી જાય. આ પ્રદેશમાં વરસતા વરસાદની શોભા જોયા કરવાનું જ મન થાય. કુદરતની સૌન્દર્ય રચનામાં ગેલ કરતાં હોય એમ, આકાશમાંનાં વાદળાં ઘડીકમાં ઊંચાં શિખરોને ઢાંકી દે છે, તો બીજી જ પળે ખીણમાં ઊતરી પડે છે. પર્વતની ઉંચાઈએથી સરકી આવતું વાદળું કાલિદાસના 'મેઘદૂત'ની યાદ આપી જાય. આ સ્થળ પર હિમાલયની ઘણી જ નજીક આવ્યાનો આભાસ થાય છે.

ચંદનવાડી અને શિકારગા—પહેલગામની નજદીકનાં સ્થળોએ બરફના સાંનિધ્યમાં જવાની તક મળે છે. બંને જગ્યાએ પહોંચવા માટે ઘોડાનો ઉપયોગ કરવો પડે છે. ત્રણ માઈલ પર આવેલા શિકારગાનો રસ્તો ઘણો વિકટ છે. પહાડની ઊંચીનીચી ભેખડો અને બરફ સિવાય ત્યાં વિશેષ કંઈ જ નથી. ચંદનવાડી, પહેલગામથી દસ માઈલ દૂર છે. ચંદનવાડી જતાં રસ્તાની જમણી બાજુએ વહેતી શિષનાગ નદી વિવિધ દૃશ્યો સર્જે છે. ઊંચેથી દડી આવતી આ નદી ઠેકઠેકાણે ધોધનાં રૂપમાં ફેરવાઇ જાય છે. આસપાસના ડુંગરોમાંથી નીકળતાં ઝરણાં બરફમય જોવા મળે છે. શિષનાગ નદી પર પણ બરફ બંધાઇ રહેતો હોવાથી, નદી જાણે બોગદામાંથી વહેતી હોય એમ લાગે. ચંદનવાડીમાં બરફનો પુલ છે, તેના પર ફરવાની મઝા મુસાફરો માણે છે. ચંદનવાડીથી આગળ વધતાં અમરનાથ આવે છે. ત્યાં જવાનો રસ્તો જુલાઈથી ઓક્ટોબર સુધી જ ખુલ્લો રહે છે. અહીં બરફમય નદીઓ ઠેરઠેર જોવા મળે છે. કાશ્મીરની ખીણમાં કોલ્હાઇ ગ્લેસીઅર એક વધુ જોવાલાયક સ્થળ છે. શ્રીનગરની દક્ષિણે ૪૦ માઇલ પર અહરબાલમાં આવેલો ધોધ, કાશ્મીરનો સૌથી મોટો અને ચિત્તાકર્ષક છે.

કાશ્મીરના આ અભૂતપૂર્વ પ્રદેશના વર્ણનમાં બહુ જ ઊંડે ઊતરી ગયા પછી ત્યાંના લોકો, તેમનો પહેરવેશ, રહેણીકરણી અને બીજી માનવજીવનની અનેક રસિક વાતો પણ કાશ્મીરના સૃષ્ટિસૌન્દર્ય જેટલી જ દિલચસ્પ લાગે. ઠંડી આમોહવાને કારણે ત્યાંના લોકોનો ખોરાક અને પહેરવેશ બહુજ જુદા પ્રકારના છે. સંસ્કૃતિ અને રીતરિવાજ ભારતીય સંસ્કૃતિને મહદ્ અંશે મળતાં આવે છે. કાશ્મીરની એ અલગારી ભાષામાં જાણે સંસ્કૃત ભાષાનો રણકો સમાયેલો અનુભવાય છે. છતાં ભાષામાં મુસ્લિમ ભાષાની અસર પણ વરતાય, કારણ કાશ્મીરમાં મુસ્લિમોની વસ્તી પણ ઘણી મોટી છે. મધ્ય એશિયામાંથી ભારતમાં આવેલા આર્યોમાંના થોડાક કાશ્મીરમાં પણ વસ્યા જ હશે એમ ત્યાંના બ્રાહ્મણ લોકોને જોયા પછી લાગે. કાશ્મીરના બ્રાહ્મણો રૂપેરંગે તથા શરીરના બાંધામાં આર્યોના વંશજ લાગે છે. ત્યાં હિન્દુ

એનું પ્રમાણ ઓછું છે ત્યાં, વર્ષોજૂના હિન્દુ–મુસ્લિમના વસવાટથી ત્યાં કોઈ મતભેદ કે અન્ય કોઈ પ્રકારનું જુદાપણું જોવા મળતું નથી. બંને કોમો પર પરસ્પરની સંસ્કૃતિની ઊંડી અસર દેખાય છે. આ એકતાનો એક અજબ નમૂનો જેલમ નદીને કિનારે આવેલા એક સ્થળે જોવા મળે છે, જ્યાં એક જ મકાનમાં નીચે હિન્દુ દેવની મૂર્તિ અને ઉપર મસ્જિદ આવેલી છે. આ સાત્ત્વિક પુરાવો મનને કેટલું પ્રસન્ન કરી દે છે!

કાશ્મીરના લોકો એ પ્રદેશની સુંદરતાની માફક જ સુંદર છે. ઊંચા અને મજબૂત બાંધાના પુરુષો અને સ્ત્રીઓ તથા બાળકો કોમળ અને આકર્ષક સુંદરતા ધરાવે છે. મોજીલા અને મહેનતુ આ લોકો વચ્ચે જાણે રહી જવાનું મન થાય છે. સ્ત્રી અને પુરુષનો પોશાક લગભગ સરખો જ છે. કુરતું અને સલવાર જેવો પાયજામો, જે સામાન્ય પહેરવેશ છે. કુરતાની બાંય વાળવાનો ત્યાં ખાસ રિવાજ છે. સ્ત્રીઓ માથે ટોપી પહેરે છે. મુસ્લિમ સ્ત્રીની ટોપી ઉપર લાલ રંગની અને હિન્દુ સ્ત્રીની ટોપી પર સફેદ રંગની પટ્ટી હોય છે. ટોપી ઉપર કેટલીક સ્ત્રીઓ નાનો રૂમાલ પણ બાંધે છે. ટોપી એ ત્યાંની આબરૂ-ણીયતા અને આબાદીનું ચિહ્ન છે. ગરીબ લોકો માથાને બંધબેસતી ત્રિકોણાકાર ટોપી પહેરે છે. વધુ ઠંડીના સમયે ઊનની ટોપીઓનો ઉપયોગ થાય છે. મુખ્યત્વે બ્રાહ્મણો અને કેટલાક હિન્દુઓને માથે સફેદ પાઘડી પણ જોવા મળે છે. કાયમ ઠંડા રહેતા. આ પ્રદેશમાં શરીર પર ગરમ શાલ અથવા સફેદ ચાદર ઓઢવાનો પણ સામાન્ય રિવાજ છે. કાશ્મીરી લોકોને ઘરેણાંનો ખૂબ જ શોખ છે. ચાંદી અને પથ્થરનાં વિવિધ પ્રકારનાં ઘરેણાંથી શણગારાયેલી આ અલગારી માનવજાતને જોયા જ કરવાનું મન થાય છે!

કાશ્મીરી સ્ત્રીઓની વાળ ઓળવાની ઢબ તદ્દન જુદી જ રીતની છે. આગળના વાળને નાની નાની ચોટલી વાળી કપાળ પરથી લઈ, કાનની નીચેથી અને ઉપરથી પાછળ લઈ જાય. નાની બાળાઓને ફક્ત આગળના વાળ રાખી પાછળના કાપી નાખેલા જોવા મળે. માથે ટોપી અથવા રૂમાલ રહેતો હોવાથી, મોટી સ્ત્રીઓની પાછળ વાળની રીત કેવી રહે છે, તે જોઈ શકાતું નથી. ખાનદાન કુટુંબની મુસ્લિમ સ્ત્રીઓ પરદાનશીન રહે છે.

ઠંડીના સમયમાં, પુરુષો અને સ્ત્રીઓ, વધારામાં ગરમ કપડાના લાંબા ઝભ્ભા પહેરે છે. શરીરના સર્વાંગી રક્ષણ માટે હાથ પણ અંદર રાખે છે. સાથે નાની સગડી 'કાંગરી' મૂકી, તેના ફરતે ઝભ્ભો 'ફેરન' પસારીને બેસે, જેથી ઠંડક ઓછી લાગે. મોટે ભાગે ગાઢા રંગનાં કપડાં પહેરે. કુતૂહલપ્રેરક વાત તો એ છે કે ઠંડા પ્રદેશના લોકો મુખ્યત્વે તંગ કપડાં પહેરતા હોય છે, જ્યારે કાશ્મીરમાં ઢીલાં કપડાં પહેરવાનો રિવાજ છે. કાશ્મીરી બ્રાહ્મણ 'પંડિત' તરીકે ઓળખાય છે. માથે પાઘડી અને લાંબો ઝભ્ભો એ પંડિતની વિશેષતા છે; જ્યારે પંડિતાણી જુદા જ પ્રકારની સિલાઈવાળો, પગ સુધી લાંબો ઝભ્ભો પહેરે છે, જેમાં લગભગ ઘૂંટણ પાસે ખીસા જેવું હોય છે. હાથની બાંયના છેડા સફેદ જ રાખવાનો રિવાજ છે. ઉપરાંત કમરે કમરબંધ અને માથે સફેદ રૂમાલ, ખભાથી થોડે નીચે સુધી આવે એમ બાંધે. આ રૂમાલ બાંધવાની રીત મુંબઈની વસઈની ખ્રિસ્તી સ્ત્રીઓના જેવી જ છે. આ માથાબંધનને તેઓ 'તરંગ' કહે છે. પાછળના ભાગમાં ખભાથી પગ

સુધી લાંબી સફેદ પટ્ટી લટકતી રાખે છે, જેને તેઓ 'પુછ' કહે છે. પંડિતાણીનું સૌભાગ્ય-ચિન્હ છે 'ડિજુહોરુ'. આ સોનાનું આભૂષણ છાતી પર બે માદળિયાં આકારની, ફૂમતાં સાથે બાંધી લટકતી રાખવામાં આવતી વસ્તુનું બને છે. આ સિવાય કાન, નાક અને હાથમાં પણ ઘરેણાં પહેરવાનો સામાન્ય રિવાજ છે. હિન્દુ કોમની કેટલીક સ્ત્રીઓ ગુજરાતી ઢબે કપડાં પહેરી ફરતી જોવામાં આવે છે. ત્યારે આશ્ચર્ય થાય છે, આ સ્ત્રીઓ ત્યાં સુધરેલી ગણાય છે.

કાશ્મીરી ખોરાક છે—ચોખા. શાકભાજી પણ પુષ્કળ વપરાય છે. 'હાક' અથવા 'કરમસાગ' એ માનીતો ખોરાક છે. કાશ્મીરીઓ ચાના ખૂબ જ શોખીન છે. ગમે તે સમયે તેઓ ચા પીતા જોવામાં આવે. ત્યાં એક કહેવત બહુ જ પ્રચલિત છે કે "બાર કપ ચા પીવા સુધી ચાની ના પાડવી નહિ." ચા બનાવવાની એમની રીત પણ કંઈક જુદી જ છે. ચામાં થોડો સોડાબાઈ કાર્બોનેટ નાખી ખૂબ ઉકાળાય છે. તેમાં દૂધ મેળવતાં ચાનો રંગ ગુલાબી બની જાય છે, અને ખાંડને બદલે મીઠું નાખી બહુ જ સ્વાદપૂર્વક લોકો પીએ છે. પૈસાદાર અને ખાનદાન કુટુમ્બના લોકો એલચી અને કેસરવાળી લીલી ચા દૂધ નાખ્યા વગર જ પીએ છે, જે ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. તેમનું ચા બનાવવાનું સાધન 'સમોવાર' કહેવાય છે. રશિયામાં પણ આ સાધન એ જ નામથી ઓળખાય છે। સમોવારમાં કીટલી જેવા લાંબા ધાતુના વાસણને નીચે સગડી જોડેલી હોય છે, જે લગભગ આખો દિવસ ચાલુ જ રહે છે.

શહેરી અને ગામડાંના લોકો કરતાં પહાડ પરના કાશ્મીરીઓ જુદું જ જીવન જીવે છે. મધ્ય પર્વતોમાં વસતી 'પહારીસ' નામે ઓળખાતી પ્રજા ઘણી જ મજબૂત હોય છે. તેમનો પોશાક રાખોડી રંગનો લાંબો ઝભ્ભો અને ઉપર પહોળો કમરબંધ બાંધે. ગુજ્જર લોકો પણ પહાડોમાં જ વસે છે. ઉનાળામાં તેઓ જમ્મુ તરફથી, પોતાનાં ઘેટાં બકરાંનાં ટોળાં સાથે કાશ્મીરની ખીણમાં ઊતરી પડે છે. દૂધ, માખણ અને રોટલીનો સાત્ત્વિક ખોરાક તેમને દીર્ઘાયુ બનાવે છે. ગુજરાતના ગુજરાતીઓ અને કાશ્મીરના આ ગુજ્જર લોકો એક જ વંશની પ્રજા મનાય છે.

કાશ્મીર પ્રદેશ જે વૈવિધ્યભર્યો છે એવા જ વૈવિધ્યભર્યા છે ત્યાંના તહેવારો. રંગ-રાગ–ખેલકૂદ–ગાનાબજાના અને ઉત્સાહ ભરપૂર તેમના ઉત્સવો જોતાં દિલ આનંદતરબોળ થઈ જાય. હિન્દુ, મુસ્લિમ અને પહાડી લોકો, સર્વેના જુદા જુદા તહેવારો હોય છે. કેટલાક તહેવારો સામાન્ય હોવાથી એક સાથે પણ ઉજવાય છે. સાધુસંતો, ઐતિહાસિક મહત્તા ધરાવતા મહાનુભાવોની જયંતીઓ, ધાર્મિક પર્વો અને નદી, પર્વત કે ઝરણાંની મહત્તાને પણ આગવું સ્થાન અપાય છે.

વસન્તઋતુનો 'સેન્ટ' ૧૫ મી માર્ચનો તહેવાર જાતીય ભેદભાવ વગર એક પ્રાદેશિક તહેવાર તરીકે ઉજવાય છે. આ તહેવાર ત્યાંના મોગલ બગીચાઓમાં જઈ ઉજવે છે. ત્યાં લોકો સાથે બેસી ખાઈપીએ છે અને આનંદ માણે છે. ઉનાળામાં ખીણ અને પર્વતના ઢોળાવ ઉપર ઘણા મેળાઓ ભરાય છે. ગન્ડેરબાલ અને ટંગમર્ગના મેળા જાણીતા

છે. શરદઋતુમાં પામ્પુરમાં કેસરનાં ખેતરો ઝૂમતાં હોય ત્યારે, ત્યાં રંગબેરંગી મેળાઓની રમઝટ જોવા મળે.

શેખ નુરદીન, ઋષિ મોલ્ર અને ઋષિ પીરના માનમાં હિન્દુ, મુસ્લિમો સાથે મળીને ઉત્સવો ઉજવે છે. ઋષિ મોલ્રની મરણતિથિએ અનંતનાગમાં મેળો ભરાય છે અને તે દિવસે દરેક ઘર શણગારવામાં આવે છે. આ મેળામાં હિન્દુઓ કરતાં મુસ્લિમ લોકો વધુ આવે છે અને પંદર દિવસ સુધી માંસ ખાતા નથી.

જુલાઈ–ઑગસ્ટમાં અમરનાથ કાશ્મીરીઓનું જાત્રાસ્થળ બને છે. અમરનાથની ગુફા ૧૩૦૦૦' ની ઊંચાઈ પર અને પહેલગામથી ૨૭ માઈલ દૂર આવેલી છે. બીજું ધાર્મિક સ્થળ છે, જમ્મુની ભવ્ય સુંદરતા વચ્ચે વસેલાં કટ્રાહ ગામની ૭૦૦૦'ની ઊંચાઈએ આવેલી વિષ્ણુ દેવીની ગુફા. સપ્ટેમ્બરમાં નવરાત્રીના પહેલા દિવસથી યાત્રાળુઓ ત્યાં આવવા માંડે છે. માર્તંડનાં સૂર્યમંદિરમાં, લિપ વર્ષમાં, હિન્દુઓ મૃત્યુ પામેલા સગાંસંબંધીઓનાં નામે સંકલ્પ અર્પણ કરે છે. શ્રીનગરથી ૧૪ માઈલ દૂર દુર્ગા માતાનું પવિત્ર ખીરભવની ઝરણું આવેલું છે ત્યાં મે મહિનામાં મોટો મેળો ભરાય છે.

આ બધા જાહેર તહેવારો ઉપરાંત બાળકનો જન્મ, મુંડણ, યજ્ઞોપવીત અને લગ્ન જેવા પ્રસંગો પણ ભારે ધામધૂમથી ઉજવાય છે કાશ્મીરી પંડિતના ઘરમાં પુત્રજન્મ મોટા ઉત્સવનો પ્રસંગ છે જ્યારે પુત્રીનો જન્મ દુઃખીત મનાય છે કારણ દહેજ ખૂબ આપવો પડે. મુંડણની વિધિને 'ઝારા કસાઈ' કહે છે. યજ્ઞોપવીત ધારણ, કાશ્મીરી પંડિતના જીવનમાં ખૂબ જ અગત્યનો ઉત્સવ છે. લગ્નની વિધિ પણ ખૂબ લાંબી ચાલે છે. ૨૦ વર્ષની ઉંમરે પહોંચતાં પહેલાં પુત્ર–પુત્રીનાં લગ્ન કરી દેવામાં આવે છે. પંડિતો માટે સૌથી મોટો ધાર્મિક ઉત્સવ શિવરાત્રીનો છે. ચૈત્ર પડવાથી તેમનું નવું વર્ષ શરૂ થાય છે. મુસ્લિમોના ઉત્સવો, હિન્દુઓથી પ્રમાણમાં કંઈક સાદા અને શાંત રીતે ઉજવાય છે. ઈદ એમનો મુખ્ય તહેવાર છે. આજના ભણતર અને સુધારાને લીધે આ બધા તહેવારોમાં ઘણા ફેરફાર થયેલા જોવામાં આવે, જ્યાં ફેસ્ટ્યુરો અસલની ચીવટથી ઉજવતા જોવા મળે ખરા.

કાશ્મીરી લોકો, કુદરત જેટલા જ કલાત્મક અને કળાપ્રેમી છે. તેમનાં લોકગીતો અને લોકનૃત્યો, વિશિષ્ટ પ્રકારનાં કળાકૌશલ્યથી ભરપૂર લાગે. એમનાં સંગીત–સાધનો સંતૂર, તબલા, સારંગી વગેરે છે. ભારતીય રાગો અને પર્શીઅન મુકામનું સંમિશ્રણ તે 'સુફીયાના કલામ', જે ખૂબ જ લોકપ્રિય સંગીત છે. ગામડાંનાં લોકો 'ચકરી' નામનું લૌકિક સંગીત ખૂબ જ તન્મયતાથી ગાઈ જાણે છે. ઉત્સવોમાં ઘૂંઘરુઓ સાથે નૃત્ય કરતાં હોય છે.

કાશ્મીરી ભાષા બધાં માટે સામાન્ય ભાષા છે. છતાં બાર ગાવે બોલી બદલાય તે હિસાબે ક્યાંક ક્યાંક પ્રાદેશિક શબ્દોચ્ચારમાં ફેરફાર વરતાય. સામાન્ય જીવનવ્યવહારમાં કાશ્મીરી ભાષા વપરાયેલી હોવા છતાં અભ્યાસ ઉર્દૂમાં જ થાય છે. વિશ્વવિદ્યાલયમાં અંગ્રેજી અભ્યાસ રાખવામાં આવ્યો છે. દુનિયાના સર્વ દેશોની માફક, કાશ્મીરમાં પણ શિક્ષણ વધતું જતું હોવાથી ત્યાંની નીરાળી જીવન સંસ્કૃતિ વચ્ચે ક્યાંક ક્યાંક નજરે પડતી આધુનિકતાનું પ્રમાણ વધતું જાય છે. વિશ્વવિદ્યાલય સુધીનું શિક્ષણ કાશ્મીર સરકાર તરફથી જ આપવામાં આવે છે એટલે ભારતની માફક ત્યાં શિક્ષણ જરાયે વસમું લાગતું નથી.

કાશ્મીર ફળોના પ્રદેશ તરીકે જાણીતો છે. ત્યાં અનેક જાતનાં ફળો-ચેરીઝ, સ્ટ્રોબેરી, સફરજન વગેરે મોટા પ્રમાણમાં થાય છે અને લોકો તેનો છૂટથી ઉપયોગ કરે છે. લાલ-કેસરી રંગનાં ફળો ખાઇખાઈને લોકોનો રંગ પણ ગુલાબી બને છે. નાનાં બાળકોના ગાલ તો જાણે પાકેલા ટામેટાં જ જોઈ લો; સુંદરતા અને ભવ્યતા, ત્યાંના લોકોમાં, સૃષ્ટિની માફક જ વણાયેલી નજરે પડે છે. ત્યાં બનતી કળાકારીગરીની વસ્તુઓ જોતાં આ વાતનો ખ્યાલ આવે છે. ઊન અને લાકડું ત્યાંની મુખ્ય પેદાશ છે. ઊનમાંથી શાલ, કોટ, ટોપી, મોજાં વગેરે બનાવે અને લાકડામાંથી ટેબલ, લેમ્પ, ડબ્બા, રકાબી વગેરે સુંદર કોતરકામવાળા બનાવે છે. સુંદર રંગબેરંગી ભરતકામવાળા સાડીઓ, રૂમાલ, કોટ વગેરે પણ ત્યાંની વિશિષ્ટતા છે. ઊનના નમદા, આસનો અને ગાલીચા ખૂબ પ્રખ્યાત છે. પેપર મેઇડ કાશ્મીરનું સૌથી આકર્ષક કલાત્મક કામ છે. તેમાંથી પણ ટેબલ લેમ્પ, ડબ્બા વગેરે નાનીમોટી વસ્તુઓ બને છે. મોગલ સમયમાં આ બધી વસ્તુઓ પર બદામની આકૃતિ પાડવામાં આવતી હતી, પણ હવે કાશ્મીરમાં ઠેર ઠેર જોવા મળતાં ચિનાર વૃક્ષનાં પાન અને અન્ય ફૂલપાનની આકર્ષક ભાત કરવામાં આવે છે. જેલમ નદીની ભાત પણ સરસ લાગે છે.

શ્રીનગર આ બધી વસ્તુઓ માટેનું મુખ્ય બજાર છે. કાશ્મીરની સુંદરતાને માણવા આવતાં દુનિયાભરનાં લોકો આ વસ્તુઓ ઉત્સાહ અને ઉત્સુકતાથી ખરીદી લે છે. શિયાળામાં બરફને કારણે લોકોને જ્યારે ઘરમાં બેસવું પડે છે ત્યારે આ ગૃહ ઉદ્યોગ, લોકોનો મુખ્ય જીવન આધાર બની રહે છે. આ ઉપરાંત ચોખા, ઘઉં અને બાલીંની ખેતીમાં સ્ત્રીપુરુષો સાથે મળીને કામ કરે છે. બદામ અને અખરોટનો પણ પુષ્કળ પાક થાય છે. ઘણાં મુસલમાન કુટુમ્બો ત્યાં ઘોડા ભાડે ફેરવવાનાં કામમાંથી પણ ગુજરાન ચલાવે છે. એવાં કુટુમ્બો ખૂબ ગરીબ હોય છે.

વિવિધ દેશના અનેક પ્રકારના મુસાફરોની કાયમી આવજાથી કાશ્મીરીઓના સ્વભાવમાં વેપારી લુચ્ચાઇ ઘર કરી ગઇ છે, એટલે કેટલીક વખત છેતરાવાનો અનુભવ મળે. વધુ પડતી ગરીબીને કારણે પણ કેટલાક લોકો આવું કરતા હોય છે.

લોકોના શારીરિક સૌન્દર્યના પ્રમાણમાં તંદુરસ્તી ઘણી ઓછી છે. અસ્વચ્છતા અને ગરીબીનાં તેઓ સામાન્ય રીતે ભોગ બનતાં હોય છે, છતાં આધુનિક દાક્તરી સગવડ અને સાધનોનો ઉપયોગ કરતાં ખૂબ ડરે છે. પુંજ ઇલાકામાં તુરીસન નામના ગામડામાં જ ફક્ત તંદુરસ્ત અને ખરી સુંદરતા ધરાવતા લોકો જોવા મળ્યા. આ પ્રદેશ જૂના મોગલ રસ્તા પર આવેલો છે. કાશ્મીરી સ્ત્રી ખૂબ જ શરમાળ અને જુનવાણી વિચારસરણી ધરાવતી વહેમી હોવાથી, સ્ત્રીના સૌન્દર્યને પાસેથી નીરખવાની તક ભાગ્યે જ મળે. કોઇ મુસાફર એકવાર કાશ્મીરી પુરુષનો પરમ મિત્ર બની જતા છતાં, એનાં સ્ત્રીધનને જોવાની આશા ન રાખી શકે.

ભારતને એક છેડે દુનિયાનું આકર્ષણ બની બેઠેલો આ પ્રદેશ માનવ જીવનમાં એકવાર જોવા અને અનુભવવા જેવો તો છે જ; કાશ્મીર પ્રદેશની મુસાફરી વગર ભારતદર્શન કદાચ અધૂરું રહે.

વારસા-વિજ્ઞાન-૫

ડૉ. કાન્તિલાલ શાહ

જોડકાં બાળકોના અભ્યાસથી નીરોગી અને ખામી વગરનાં મનુષ્યોમાં વારસા-વિજ્ઞાનના નિયમો કેવી રીતે કામ કરે છે તે જાણવામાં પણ ઘણી મદદ મળી છે. આવા સમધારણ (અં નૉર્મલ) મનુષ્યો વિ઼ે વિચાર કરીએ તે પહેલાં આનુવંશિકતાના નિર્ધારકો—રંગસૂત્રો (અં ક્રોમોસોમ્સ) વિષે થોડો વિશેષ વિચાર કરીએ.

વાંચનારે જોયું હશે કે મેં અત્યાર સુધી એકેવાર જીન શબ્દનો ઉપયોગ કર્યો નથી. વારસારૂપી ધનના ચલણી નાણાંનો નાનામાં નાનો સિક્કો એક રંગસૂત્ર અથવા નિર્ધારક હોય તેવી રીતે અત્યાર સુધીની ચર્ચા થઈ છે પરંતુ આ નિર્ધારક એ તો સો કે હજાર રૂપીઆની નોટ જેવા હોય છે. એકેક નિર્ધારક ઘણા સૂક્ષ્મ અવયવો કે ઘટકોનો બનેલો હોય છે. એક જાડી ઉપમા આપીએ તો એમ કહેવાય કે માળા જેમ અનેક મણકાની બને છે તેમ પ્રત્યેક નિર્ધારક 'જીન્સ' અથવા નિર્ધારક-અણુઓ (અથવા પિંડક) નો બનેલો હોય છે. વારસામાં ઊતરનાર લક્ષણોના ખરા નિયામક આ જીન્સ અથવા નિર્ધારક-અણુ હોય છે. સદ્ભાગ્યે મેન્ડલે વટાણામાં જે જે લક્ષણોનો અભ્યાસ કર્યો તે તે આવા એક જીન દ્વારા નિર્ણીત છે; મનુષ્યમાં પણ કેટલાક રોગો દા. ત. નિશાંધતા, વર્ણહીનતા, રક્તસ્રાવિતા-પણ એકેક જીન દ્વારા નિર્ણીત છે, અને તેથી એનું ચિત્ર સ્પષ્ટ અને સુરેખ ઊઠે છે. પરંતુ આપણી ઊંચાઈ, આપણી ચામડીનો રંગ, આપણી બુદ્ધિ વગેરેનું નિર્માણ ઘણા નિર્ધારક-અણુઓ (=જીન) કરે છે અને તેથી કેટલીક વાર આ બધાં લક્ષણો આનુવંશિક છે કે કેમ, અને છે તો કેટલે અંશે છે તે સમજવું મુશ્કેલ બને છે. તથાપિ કેટલાક લક્ષણોનો વિચાર કરીએ.

(૧) ચામડીનો રંગઃ—આદિમાનવ ઘણું કરીને કાળો હતો અને જતે દિવસે એમાંથી જ ગોરી પ્રજાઓ ઉત્પન્ન થઈ એમ મનાય છે. તે ગમે તેમ હો, ચામડીનો રંગ શ્યામિ (અંઃ મેલેનિન) નામના દ્રવ્યને આભારી છે. આ રંગનું પ્રમાણ ચામડીમાં કેટલું છે તે આપણા જીન્સ પર તેમ જ સૂર્યના પ્રકાશ પર આધાર રાખે છે. જ્યારે ગોરાં અને કાળાં મનુષ્યો પરણે છે ત્યારે એમની પ્રજામાં મિશ્ર વર્ણનાં અને જુદી જુદી કક્ષાનાં મિશ્રણવાળાં બાળકો જન્મે છે—આ ઉપરથી એવી માન્યતા ઊભી થઈ કે બાળકોમાં માતાપિતાના રંગનું મિશ્રણ (અંઃ બ્લેન્ડીંગ) થાય છે. પરંતુ આ વાત સાચી નથી. આવી મિશ્ર વ્યક્તિઓ પરણે અને એમનાં સંતાન તપાસવામાં આવે તો માલૂમ પડે છે કે કોઈ કોઈ બાળક તદ્દન ગોરું અને કોઈ કોઈ તદ્દન કાળું પણ થાય છે—અથવા આ લક્ષણ સ્વતંત્ર રીતે નિર્ણીત છે. જે મિશ્રણ દેખાય છે તે એક કરતાં વધારે જીન્સને લીધે થાય છે. સામાન્ય સ્વીકૃત માન્યતા એવી છે કે આવા ચાર જીન્સ યુગ્મો ચામડીના રંગનું નિર્માણ કરે છે—ચાર માતા તરફથી મળે છે અને ચાર પિતા તરફથી મળે છે.

(૨) ઊંચાઈઃ—ચામડીના રંગની માફક ઊંચાઈ પણ પરિસ્થિતિ—દા. ત. આબોહવા, ખોરાક, રોગ વગેરે સંજોગો—તેમ જ જીન પર આધાર રાખે છે. છેલ્લાં સો વર્ષમાં અમેરિકન અને અંગ્રેજ લોકોની સરેરાશ ઊંચાઈમાં સારા જેવો વધારો થયો છે તે બતાવે

છે કે સારાં રહેઠાણ, સારો ખોરાક, વ્યાયામ વગેરે પરિબળો આમાં મહત્ત્વનો ભાગ ભજવે છે; તથાપિ આનુવંશિકતા નકારી શકાય એમ નથી. દા. ત. સંજોગો ગમે તેવા સુધરે તો પણ માનવીની ઊંચાઈને મર્યાદા છે—દસ ફુટનાં માનવી આપણે ઇચ્છીએ તોય પેદા કરી શકતાં નથી—ને તે મર્યાદા જીન્સ થી નિશ્ચિત થાય છે. વળી બે ઊંચી વ્યક્તિઓનાં બધાં બાળકો ઊંચાં થાય છે, ત્યારે બે નીચી વ્યક્તિઓનાં બધાં બાળકો નીચાં ન થતાં કેટલાંક ઊંચાં પણ થાય છે—અર્થાત્ ઊંચાઈ એ નિર્બળ લક્ષણ છે, ને નીચાઈ એ પ્રબળ અથવા પ્રભાવી છે. ઊંચાઈ ૯૦ ટકા આનુવંશિક છે એમ રોબર્ટ ફ્રેઝર કહે છે.

(૩) શરીરનાં ઘાટ તથા કદ:—મનુષ્યની ઊંચાઈ તો અમુક ઉંમરે સ્થિર થઈ જાય છે, પરંતુ એનાં વજન તથા ઘાટ બદલાતાં રહે છે. આપણે જોઈએ છીએ કે ઉંમર, આહાર, વ્યાયામ, વ્યવસાય વગેરે અનેક સંજોગો આ લક્ષણ પર અસર કરે છે. આમ છતાં એવું જોવામાં આવે છે કે કેટલાંક કુટુંબોમાં મેદસ્વિતા અને કેટલાંકમાં પાતળાપણું પ્રવર્તે છે. ઘણાં જાડાં માણસો પ્રયત્ન કરે તોય તેમનાં વજન ઘટતાં નથી, ત્યારે દુબળાં મનુષ્યો પુષ્કળ ખાય તો પણ એમનાં વજન વધતાં નથી. વધારે પ્રકાશ એક બીજી જોડકાંના અભ્યાસથી પડે છે. વજન, છાતીનો ઘેરાવો, હાથપગની લંબાઈ વગેરે માપમાં એક બીજી જોડકાં ઘણાં સરખાં ઊતરે છે જ્યારે દ્વિબીજી જોડકાં અસમાન હોય છે.

(૪) માથાના વાળ:—વાળનો રંગ પણ ઘણુંખરું એક કરતાં વધારે જીન દ્વારા નિર્માય છે. કાળા વાળના જીન પ્રભાવી જણાય છે, જ્યારે આછા કાળા (અં: ડાર્ક) વાળના જીન નિર્બળ જણાય છે. સૌથી નિર્બળ સોનેરી વાળ (અં: બ્લોન્ડ) ના જીન જણાય છે, કારણ સોનેરી વાળવાળાં માતાપિતાનાં બધાં બાળકો સોનેરી વાળવાળાં થાય છે. લાલ વાળનું નિર્માણ પણ ઘણું ખરું નિર્બળ જીન દ્વારા થાય છે. આ માટે એક જ જીનયુગ્મ પૂરતું જણાય છે, કારણ લાલ વાળવાળાં માતપિતાનાં બાળકો લાલ વાળ વાળાં જ થાય છે.

વાળ સીધા છે કે વાંકડીઆ કે ગુંચળાં ગુંચળાં વાળા તેનો આધાર પણ જીન્સ પર હોય છે. સીધા વાળ વાંકડીઆ કરતાં નિર્બળ છે, અને વાંકડીઆ ગુંચળીઆ (અં: કર્લી) કરતાં નિર્બળ છે. ધોળા વાળ સાધારણ રીતે જઈફ્ત સાથે જાય છે, છતાં કેટલેક અંશે તે આનુવંશિક પણ છે. દા. ત. ગોરા લોકો કરતાં હબસીઓમાં મોટી ઉંમરે વાળ ધોળા થાય છે. જે વ્યક્તિઓમાં અકાળે પળીઆં આવે છે તેવી વ્યક્તિઓની વંશાવળિ તપાસતાં આ લક્ષણ આનુવંશિક અને પ્રભાવી માલૂમ પડ્યું છે.

(૫) આંખો.—મેન્ડલના આનુવંશિકતાના નિયમો મનુષ્યોમાં પણ કામ કરે છે એવું સૂચન પહેલવહેલું ડેવનપોર્ટ (૧૯૦૭) અને હર્સ્ટ (૧૯૦૮) તરફથી આવ્યું હતું, અને તે આંખોના રંગ સંબંધે હતું. કાળી અથવા ભૂખરી (અં: બ્રાઉન) આંખો ભૂરી (અં: બ્લુ કે ગ્રે અગર ગ્રીન) કરતાં વધારે પ્રભાવી છે. માતાપિતા બંનેની આંખો કાળી અગર ઝાંખી કાળી હોય તો એમનાં બાળકોમાં કાળી આંખવાળાં, ઝાંખી કાળી આંખવાળાં તથા ભૂરી આંખવાળાં પણ કોક જણાય છે. જ્યારે માતાપિતા બંને ભૂરી આંખવાળાં હોય છે ત્યારે બધાં બાળકો ભૂરી આંખવાળાં થાય છે.

[અનુસંધાન પૃ. ૧૩૩

જમાઈરાજ

'સફરીજહાઁ'

દિગ્મૂઢ બનીને ચંદુભાઇ નરેન્દ્રની સામું જ જોઇ રહ્યા!

પગથી તે માથા સુધી એક નજરમાં જ એમણે નરેન્દ્રને માપી લીધો. પીઠ પાછળ હાથ રાખી મસળતાં એ મનોમન બબડી રહ્યા: 'શું કરું? દીકરીનો બાપ છું, તેથી તારો બોલ સાંખી લઉં છું; નહિતર પીઠ પર બે દંડા મરાવી ઉંબર બહાર તગડી મુકાવત.'

એ હૈયા-બળતરા જરાય ખોટી નહોતી. આપનારનો હાથ હમેશાં ઉપર જ હોવો જોઇએ, લેનારનો હાથ હમેશાં નીચે—પરંતુ સમાજ વ્યવહારમાં આ ક્રમ ઊલટો હોય છે. દીકરી આપનારનો હાથ હમેશાં નીચે રહે છે, દીકરી લેનારનો હાથ હમેશાં ઉપર રહે છે. કારણ દીકરીને લઇ જનાર દીકરીનાં માબાપ પર 'ઉપકાર' કરતાં હોય છે ના!! ને જે સમાજમાં આવી 'ઉપકાર'ની ભાવના પ્રવર્તે છે તે સમાજમાં દીકરીનાં માબાપની મથરાવટી, સ્થાન અને કિંમત ગૌણ ગણાય એમાં શી નવાઈ? પરિણામે દીકરીનો જન્મ દુઃખપ્રદ બની રહે છે. ચંદુલાલની જ્ઞાતિમાં આવું જ હતું. દીકરી હોવી એટલે જ ઉપાધિના એંધાણ નોંધાઈ જતા. જ્ઞાતિમાં મૂરતિયાઓની અછત હતી. સારું ઘર,—સારો છોકરો મેળવવા માટે દીકરીનાં માબાપને હરકોઇ રીતે ઘસારો વેઠવો પડતો. સારો મૂરતિયો મેળવવા મોં માગ્યા દામ ચૂકવવા પડતા.

ચંદુભાઇને કાપડની મોટી પેઢી ચાલતી હતી. સંતતિમાં જ્યારે એમને પહેલી જ પુત્રી જન્મી ત્યારે કુટુંબમાં પળભર નિરાશા છવાઈ ગઈ. પરંતુ કાયમ કાંઇ એકલી જ પુત્રી જન્મવાની છે—એ આશામાં સૌ રહ્યાં. પણ ચંદુભાઇનાં પત્ની મંગળાએ એ પછી ઉપરાઉપરી જ્યારે બીજી ત્રણ પુત્રીઓને જન્મ આપ્યો ત્યારે તો ચંદુભાઇથી ય રહેવાયું નહિ. ગુસ્સામાં એમણે મંગળાને કહી જ નાખ્યું, 'તેં ધાર્યું છે શું? મને બાવો બનાવી ગામમાં ભીખ માગતો કરવા ધાર્યો છે કે શું? આના કરતાં તો વાંઝણી હોત તો સારું.'

બિચારી મંગળા! પતિના બોલ મૂંગે મોંએ સહી લેતાં એટલું જ કહી શકેલી: 'ખરી વાત છે. પરંતુ મારા હાથની વાત ન હોય ત્યાં...' પરંતુ પાંચમી સુવાવડે જ્યારે મંગળાને છોકરો આવ્યો ત્યારે એ જ ચંદુભાઇ આસપાસનું ભાન ભૂલી સુવાવડી મંગળાના ખાટલે દોડી ગયેલા. એ તો સારું થયું કે એમની બહેને એમને રોકી લીધા, નહિતર આનંદના આવેશમાં....જવા દો એ વાત. ને ખરું પૂછો તો ચંદુભાઇ બધી રીતે 'રાજા' માણસ હતો. એ જેમ પૈસો કમાઇ જાણતો હતો તેમ વખત આવે વાપરી ય જાણતો હતો. એણે પોતાની પહેલી પુત્રી નિર્મળાનાં લગ્ન વખતે પોતાના મોભાને છાજે એ રીતે ઠીક ઠીક ખર્ચો કર્યો હતો. જમાઈને એણે રિવાજ મુજબ લગ્ન વખતે વીંટી આપવાને બદલે, પોતે તાજેતરમાં જ મુંબઇથી ખરીદી લાવેલ રૂા. ૪૫૦)નો રેડિયો આપેલો. ને મોટો જમાઈ પણ સમજુ ને શિક્ષિત હતો. એણે શ્વસુરનો ઉત્સાહને જોઈ જરા હસતાં હસતાં કહેલું પણ ખરું: "અરે વડીલ, આની શી જરૂર હતી! વીંટીથી ચાલી રહેત."

ને ચંદુભાઈ એ વખતે તો કાંઈ નહોતા બોલ્યા, પણ મોટા જમાઈની વાત આ બીજી પુત્રી હર્ષાના લગ્ન વખતે જ સમજાઈ.

આ વખતે ય એમણે ઘર પણ સારું મેળવ્યું હતું, ને મોટી પુત્રીનાં લગ્ન વખતની જેમ જ ખર્ચો કર્યો હતો. પરંતુ લગ્નમાં પહેરામણીવખતે જ્યારે એમણે જમાઈને ઘડિયાળ આપવા માંડ્યું, ત્યારે જમાઈએ તે લેવાની ઘસીને ના પાડી દીધી—જમાઈનો સીનો જ જુદો થઈ ગયો.

"કેમ નરેન્દ્રભાઈ! આમ કેમ કરો છો? આ તો લેવાય."

"લેવાનું હોય એમ લેવાય ને!" આડા મોંએ જ નરેન્દ્રે જવાબ દીધો.

"એટલે?" અપમાન ગળી જતાં ચંદુભાઈ નમ્ર અવાજે બોલ્યા.

"એટલે કે અમને ખબર નહિ કે આપ આવા ભેદભાવો રાખતા હશો."

"જુઓ નરેન્દ્રભાઈ!" ચંદુભાઈ બોલ્યા: "મનમાં જે હોય તે સ્પષ્ટ કહી દો. આ કાંઈ કહેવાની...."

"આપને સાંભળવું હોય તો સાંભળો. આપે મોટા જમાઈને રૂ. ૪૫૦નો રેડિયો આપ્યો. ને મને ઘડિયાળ...."

"ઘડિયાળ પણ એટલી જ કિંમતની છે."

"તે હશે. પણ તમારે જો આપવું જ હોય તો બધા જમાઈઓને સરખું જ આપવું જોઈએ."

વાતનો દોર હાથ આવી જતાં ચંદુભાઈ બોલ્યા: "સમજ્યો. ચાલો, રેડિયો."

પણ વાત આટલેથી પતે તેમ હોત તો જોઈતું 'તું શું?

નરેન્દ્રે આગળ ચલાવ્યું: "ને તેય મોટાને આપ્યો છે તેવો જ—મુંબઈથી જ ખરીદેલો...."

"એવો તો અહીં અમદાવાદમાં પણ મળે છે."

"શું કહ્યું?" વચ્ચે જ નરેન્દ્ર બોલી ઊઠ્યો. "મોટાને માટે મુંબઈથી લાવેલો રેડિયો ને મારે માટે અમદાવાદનો? મારે એવો રેડિયો જોઈએ જ નહિ. મને ખબર નહિ કે આપ આવા પક્ષપાતી હશો."

ચંદુભાઈને હાડોહાડ ક્રોધ વ્યાપી ગયો, પણ ખામોશ રહી જવું પડ્યું. ગમે તેમ તોય એ દીકરીનો બાપ હતો. ને જ્ઞાતિમાં મૂરતિયાઓની—છોકરાની બોલબાલા હતી.

"ઠીક, ભાઈ! મુંબઈથી લાવી આપીશ. પછી તો રાજી..."

ને એ રૂ. ૪૫૦) નો રેડિયો ખરીદવા માટે જ, ચંદુભાઈને હજાર કામ પડતાં મૂકી ખાસ મુંબઈ જવું પડ્યું!

ચંદુભાઈને હતું કે હવે તો જમાઈરાજ રાજી થશે જ. પરંતુ જીવનમાં કદી નહિ અનુભવેલું એવું અનુભવવું પડ્યું તે દિવસે એમને.

રેડિયો તપાસતાં તપાસતાં જમાઈરાજ બોલ્યા: "હં, છે તો મોટાને અપાવેલ તેવો જ." ને પછી કાંઈક યાદ આવતાં બોલ્યા: "મુંબઈથી જ ખરીદ્યો છે ના! લાવો તો બિલ.—ભલું પૂછવું! મને સમજાવવા મુંબઈનું નામ ને ખરીદી અમદાવાદની!"

આ જમાઈ! આવો અવિશ્વાસ!! દીકરીનો બાપ થયો તેથી શું? એનો અર્થ એ તો નહોતો જ કે એક બે બદામના છોકરાના—અનેરા જમાઈના આવા વેણુ સાંભળવા. આજ તો એ આવી ક્ષુલ્લક બાબતનું પારાયણ કરવા મંડી પડ્યો છે; કાલ એ શું નહિ કરે? ને પોતાએ શું એની એવી નાની નાની વાતો સંતોષતા રહેવી?

પોતેય પરણ્યો હતો. પોતાના સસરાને ય ત્રણેક દીકરીઓ હતી. પણ પોતે આવો વાદ ક્યારેય લીધો નહોતો.

ને આપવું—કેટલું આપવું, કેટલું નહિ, તે તો દીકરીના બાપની સમયાધીન પરિસ્થિતિને આધીન છે. એક દીકરીનાં લગ્ન વખતે પરિસ્થિતિ સાનુકૂળ હોય તો બીજીનાં લગ્ન વખતે પ્રતિકૂળ પણ હોય. ને તેથી કાંઈ એકધારી રીતે રિવાજ ન પણ થાય.

એમણે સાથે આવેલ નોકરને ઈશારો કર્યો, ને સાથે સાથે ઘરના ઉંબરમાં ઉભેલી પુત્રીને પણ સાન કરી. ખિસ્સામાંથી બિલ કાઢી નરેન્દ્ર તરફ ધા કર્યો: "શ્રીમાન નરેન્દ્ર! આ લો બિલ. એ બિલને ઘરાઈ ધરાઈને જોતા રહેજો. ને ભવિષ્યમાં ડઝનબંધ છોકરીઓના બાપ બનો, ને તમને તમારા જેવો જ કોઈ જમાઈ મળે ત્યારે આ બિલને યાદ કરજો ને જોજો." ને ઊંચકી લેવાયેલ રેડિયો સાથે નોકરને અને દર્શાને આગળ કરતાં એ બોલ્યા: "ચાલ લખુ, રેડિયો લઈ લે. ને દર્શા, તું પણ ચાલ. આને રેડિયાની કે તારી કોઈની જરૂર નથી. એને તો બિલ ને મુંબઈની જરૂર હતી તે મળી ગયાં." ને વળી વાત યાદ આવતાં બબડ્યા: "ઠીક થયું, જમાઈરાજે પોત વહેલું પ્રકાશ્યું, તે સવેળા પાળ બંધાઈ. નહિતર એ વાદીલો, નિત નવા વાદ લેતો ફરત ને વાદ પૂરા ન થાય તો તને દુઃખ દેત. ચાલ, બેટા, આગળ થા."

⊛

અનુસંધાન પૃ. ૧૧૦]

(૬) નાકઃ—નાકનો આકાર ત્રણ કે ચાર જીન થી નિર્ણીત છે. નાના કરતાં મોટું નાક પ્રભાવી જણાય છે. નાકની સીધી દાંડી (અંઃ બ્રિજ) કરતાં વળેલી (અંઃ કોન્વેક્સ) અથવા પોપટની ચાંચ જેવી દાંડી પ્રભાવી જણાય છે, જ્યારે મોટાં ને પહોળાં નસકોરાં સાંકડાં નસકોરાં કરતાં પ્રભાવી જણાય છે.

(૭) કાનઃ—કાનના કદ તથા આકારનું નિર્માણ પણ ઘણા જીન દ્વારા થાય છે. આપણે જોઈએ છીએ કે કેટલાકના કાન લાંબા હોય છે ત્યારે કેટલાકના ટૂંકા હોય છે. લાંબા કાન પ્રભાવી છે. વળી કાનની બુટ કેટલાકમાં ચોંટેલી હોય છે તો કેટલાકમાં છૂટી લટકે છે. છૂટી પ્રભાવી છે.

(ક્રમશઃ)

❊

એની લગન

અનિરુદ્ધ રા. પંડ્યા

કાંઈ પૂછશો જ નહિ. એના વિના જિંદગી નરી સૂની છે એમ હમેશાં લાગ્યા કર્યું છે. એ જીવનસંગિનીના સાથમાં જ મોત પણ મીઠું બનશે એમ પણ છેક અત્યાર સુધી માન્યા કર્યું છે. એનો વિયોગ કયારે ય થશે એની કલ્પના પણ તે વખતે તો કરી શકતો ન હતો. જીવનનું સમસ્ત માધુર્ય મને સિગારેટની ફૂંકમાં જ સમાયેલું લાગતું.

જગતભરની ખ્યાતિ પામેલો અમેરિકન હાસ્યકાર માર્ક ટ્વેન ધૂમ્રપાનનો અઠંગ બંધાણી. તેને કોઈકે પૂછ્યું, 'ધૂમ્રપાન છોડી શકો ખરા ?' એનો જવાબ પણ એણે એની રમૂજી રીતે જ આપ્યો : 'બેશક. મેં ધૂમ્રપાન સેંકડો વખત છોડયું છે !'

મારી હકીકત પણ કંઈક આવી જ હતી. સેંકડો વખત તો નહિ પણ ત્રણ-ચાર વાર તો મેં સિગારેટ પીવાનું બંધ કર્યું જ હતું. પણ વિયોગની એ દુઃખદ સ્થિતિ અસહ્ય બની અને વળી પાછી મેં એને ફરીથી શરૂ કરી ત્યારે જ મને સમજાયું કે પુનર્મિલનનું સુખ એટલે શું. પછી તો એના વિપ્રયોગની વાત જ મને મંજૂર ન હતી. 'ઝખમનાં દર્દી' તો દર્દી જ જાણે ને !

પણ જેનો વિયોગ આટલો બધો સાલતો હતો એના પ્રથમ મિલન માટે હું કેટલો અનુત્સુક હતો એ વાત પણ જાણવા જેવી છે હોં. તમારો ઘણો સમય લઈશ નહિ એ આમ બન્યું : બીજા મહાયુદ્ધના એ દિવસો હતા. આપણા રામ કોલેજમાં ભણતા હતા. એમાંથી કશુંક થયું અને આપણે તો ઘરથી ભાગી રૉયલ ઈન્ડિયન એર ફોર્સમાં— 'ભારતીય હવાઈ દળ' આજે જેને કહીએ છીએ તેમાં — જોડાયા ! ખુમારીનો તો પાર નહિ કારણ ગુજરાતના કેટલા યુવાનો પોતે થઈને લડાઈમાં જોડાતા ! અહીંની તો જિંદગી જ જુદી જાતની હતી. તાલીમાર્થીઓ સાથે સમૂહમાં રહેવામાં જ એક પ્રકારની નશીલી મઝા હતી. અહીં અમને દર અઠવાડિયે સિગારેટનાં પાંચ 'પેકેટ' 'રેશન'માં મળતાં. મને તો સિગારેટની પહેલેથી ટેવ જ ન હતી એટલે દોસ્તોને મારું રેશન આપી દઈ તેઓના માનીતા થવામાં મને આનંદ આવતો. પણ એ ટોળામાં હું લાંબો સમય અલિપ્ત રહી શકયો નહિ. તેમના આગ્રહથી સિગારેટપાનની કલાના પાઠો મેં એક પછી એક આત્મસાત કરવા માંડયા. સિગારેટ સ્ટાઈલમાં કેમ પકડવી, દિવાસળી અને સિગારેટનો સંયોગ કેમ કરાવવો, અઠંગ પીનારાની જેમ શી રીતે દેખાવું આ બધો કસબ શીખતાં શરૂઆતમાં તો ખાંસી ઘણી આવે અને ધુમાડો ઊંડો ખેંચાય નહિ તેથી દોસ્તોને ઘણી મઝા પડતી. ધીમે ધીમે હું એનો બંધાણી જ બની ગયો. સિગારેટ અને હું જીવનસાથી બન્યાં.

પણ લડાઈ તો એ પછીનાં ચાર વર્ષમાં પૂરી થઈ અને હું ઘેર આવ્યો. સ્વપ્નોની દુનિયામાંથી હું નરી વાસ્તવિકતામાં ફેંકાયો. જે વર્ગમાંથી નાસીને રણક્ષેત્ર ઉપર પહોંચ્યો હતો તે જ વર્ગમાં વયમાં થોડા ઉમેરા સાથે પાછો પ્રવેશ્યો અને અભ્યાસ શરૂ કર્યો. પણ સિગારેટરાણી કંઈ મને છોડે કે ? પરિણામ એ થયું કે સોંઘામાં સોંઘી સિગારેટ શોધીને ચલાવી લેવું પડયું. લડાઈમાં તરબતર રહેતાં ખિસ્સાં પણ અહીં તો ખાલી જ રહેતાં હતાં. એટલે દેવું કરીને પણ મારી સ્વામિની બની બેઠેલી સિગારેટનો સંગ ચાલુ રાખવાનું ફરજિયાત બન્યું. અંદરથી એના તરફ નફરત તો ઘણી આવતી પણ કરું શું ? હું એનો ગુલામ બન્યો હતો.

એવામાં અચાનક હું એપેન્ડિસાઇટિસના રોગથી પિડાવા લાગ્યો. હોસ્પિટલમાં મને ઓપરેશન કરવામાં આવ્યું. તે વખતે તો સિગારેટ છોડવી જ પડી. દુઃખ અને દર્દની ક્ષણોમાં મને દિવસો સુધી એ જીવનસંગિની યાદ જ ન આવી. મને ઘડીભર લાગ્યું કે હું ફરી પાછો સ્વતંત્ર માનવી બન્યો છું.

પણ માનવી સંજોગોનો સ્વામી બને છે તેમ પાછું સામે પક્ષે સંજોગો પણ માનવી પર અધિપતિપણું જમાવે છે એ વાત પણ તેટલી જ સાચી છે ને? મારું પણ તેમ જ બન્યું. લડાઇમાં કરેલી નોકરીની તુલનામાં મને મળેલી અધ્યાપકની નોકરી મને નરી પોચટ લાગી. ફરી પાછું ભાગ્ય મને પોલીસ ખાતામાં લઈ ગયું જ્યાં 'आराम हराम है'ની ક્રિયાશીલ નોકરી શરૂ થઈ અને આજુબાજુ સિગારેટના રસિયાઓની વચમાં મારી ધીરજની કસોટી થવા માંડી. ભલા, હું ક્યાં સુધી ટકી રહેવાનો હતો? પાછી એ જૂની લીલા પૂર બહારમાં શરૂ થઈ ગઈ.

પણ આ વખતે મારી પરિસ્થિતિમાં થોડો ફેરફાર થયો હતો. હું હવે ઘરસંસારી બન્યો હતો. મારી પોતાની રીતે જ બધું કરવાના દિવસો પૂરા થયા હતા. અરુંધતીને તો સિગારેટની વાસનો પણ અણગમો હતો એટલે મારે એ પીવા માટે જાતજાતનાં બહાનાં શોધવાં પડતાં. ગામડામાં બીડી પીવાના શોખીનો પોતાને 'ગોળા'નું દર્દ છે એમ કહી વડીલોના પણ આશીર્વાદ નથી મેળવી લેતા? અને અહીં તો હું પાક્કો પૂરો એટલે એમ સહેલાઈથી નમતું શાનો આપું? વળી જમ્યા પછી તો સિગારેટ વિના ચાલતું જ નહિ. એટલે ગૃહસંસારની સરળતા ખાતર ઘરમાં ઓછી પીતો અને એની ખોટ ઘરની બહાર પૂરી કરતો.

પણ થોડા વખત પછી અમારા એના સંસારમાં મારાં બા થોડા વખત માટે આવ્યાં. મેં તો ટેવ મુજબ જમ્યા પછી સિગારેટ સળગાવી. બાની હાજરીનો ખ્યાલ જ મને રહ્યો નહિ. સામાન્યતઃ શાન્ત સ્વભાવની અરુંધતીની ધીરજ હવે ખૂટી ગઈ. ઉગ્રતાથી તેણે કહ્યું, 'શું કરો છો? હવે બા ઘરમાં છે તેનું ભાન છે કે?'

સુખના સ્વર્ગમાંથી હું એક આઘાત સાથે નક્કર પૃથ્વી પર પછડાયો! સિગારેટ તો હાથમાંથી પડી જ ગઈ હતી જે ગુસ્સામાં ને ગુસ્સામાં અરુંધતીએ બહાર ફેંકી દીધી. ગુનેગારોને પકડવાનો વ્યવસાય લઈ બેઠેલો હું જ ગુનેગાર બની બેઠો! એ પછી સિગારેટ ઘરમાં તો પી શકાતી જ નહિ, બા ગયાં તો પણ. હા, બહાર એકલો હોઉં ત્યારે સિગારેટ અને હું અનેકવાર મળી લેતાં.

સિગારેટ છોડવી જોઈએ એ પ્રકારની વિચારણા તો હું વર્ષોથી કરતો હતો પણ એની મજબૂત પકડ મને આચારમાં એના વિરુદ્ધ કશું પણ કરવામાંથી રોકતી. હું પરેશાન રહેતો પણ ફૂંક માત્રથી સુખની ક્ષણો મેળવી લેતો.

દરમિયાન ૧૯૫૭ની સાલ આવી. પંડિત નેહરુનો અકોલાનો પ્રવાસ ગોઠવાયો હતો. આમ તો અકોલા પ્રમાણમાં નાનું ગામ પણ આજુબાજુથી ઉભરેલી વસ્તીના કારણે ગામની સંખ્યા ત્રણ ચાર ગણી થઈ ગઈ હતી. ગામમાં જ્યાં જુઓ ત્યાં માણસોની ભીડ જામી હતી. વીશીઓ અને હોટેલો પાસે કતારો જામી હતી. ભાવો બમણા થઈ ગયા હતા. પાનબીડી અને સિગારેટની અછત થઈ ગઈ. સિગારેટ કોઈ ઠેકાણે મળતી જ ન હતી. અમારા જેવા

સિગારેટના બંધાણીઓની હાલત કરુણાજનક બની. પીધેલી સિગારેટને ફેંકી ન દેતાં બૂઝાવી ગજવામાં સંઘરી રાખી તે ઠૂંઠાં પીને જેમ તેમ ચલાવ્યું !

પંડિતજી નાગપુરથી અકોલા પ્લેનમાં આવવાના હતા. અમારે પણ ત્યાં વેળાસર પહોંચવાનું હતું. અમે વહેલી સવારે ઊઠયા, થોડી ચા પીધી; પણ સિગારેટ ! એ તો હતી જ નહિ ! તે વિના અમને દુનિયા સ્થિર છે એવું લાગતું જ ન હતું ! અમે તો ઊપડયા એ સહચરીની શોધમાં ! પણ यां चिन्तयामि सततं मयि सा विरक्ता ની જેમ અમે જ્યાં એને શોધતા ત્યાં એ અમને મળતી જ નહિ. અમે હવે સિગારેટની જ શોધમાં ન હતા–તમાકુ જેમાં હોય એવી કોઈ પણ પ્રકારની બીડી મળી જાય તો અમે લગભગ જાત-ન્યોછાવર કરવા ઉપર આવી ગયા હતા !


રસ્તાના કોઈ બંગલાનો ચોકીદાર દરવાજા પાસે બેસી અર્ધજાગૃત અવસ્થામાં બીડી સળગાવવાનો પ્રયત્ન કરતો હતો. અમને તો જાણે નેત્રનિર્વાણ પ્રાપ્ત થયું ! શી અમારી અધોગતિ ! અમે ડયુટી ઓફિસરોએ શરમ છોડી તેની પાસે બીડીની ભીખ માગી ! તેણે ઇશારાથી પોતાની પાસે બીજી બીડી નથી એ વિષે લાચારી બતાવી. મારા સાથીનું ફિક્કું પડી ગયેલું મોં જોઈ તેને દયા આવી અને એણે અમારા તરફ ડાયરામાં હુક્કો ફરે તેમ બીડી ધરવાનો વિવેક (!) કર્યો. અમૃત મળ્યું હોય તેમ સાથીએ તે લઈ બેચાર ઊંડા દમ મારી લીધા. અમને સ્વજનોને તે વીસરી જશે કે શું એવી વિમાસણમાં અમે હતા ત્યાં તો એણે અમને પણ એ અમૃતપાન (!) માં ભાગીદાર બનાવ્યા ! નાક અને મુખથી ધુમાડા કાઢતા અમે સૌ સુખિયા જીવો બન્યા ! પણ હવે જ મને એની ગંદી વાસ આવવા લાગી અને જીવ બેચેન બન્યો. ત્યાં તો અમારા ત્રીજા સાથીને લાગ્યું કે એ મારી પાસે જ પૂરી થશે એટલે એમણે તે મારી પાસેથી ઝૂંટવી જ લીધી અને બે ચાર ઊંડા દમ મારી તે નીચે ફેંકી દીધી. પગીએ વીજળીની ઝડપથી તે ઊંચકી લીધી અને એ ' અમૃત 'ના છેલ્લા ઘૂંટ માણ્યા !

એરોડ્રોમના આખે રસ્તે મને બીડીની પેલી ગંદી વાસ જ આવ્યા કરી. મારું સમસ્ત અસ્તિત્વ જાણે મારી આ નિર્બળતા સામે બળવો પુકારી રહ્યું. મારી જાત પર હું હજારો ફિટકારો વરસાવી રહ્યો. સાથીઓ સાથે પગ ચાલતા હતા પણ અંતર દુઃખી દુઃખી બની ગયું હતું. દુર્ગંધની કોઈ ઊંડી ગર્તામાં જાણે હું ન ફેંકાઈ ગયો હોઉં એવી ભયંકર ગૂંગળામણ થતી હતી.

એરોડ્રોમ પર અમે પહોંચ્યા અને માનવમેદિની વટાવી અંદર પ્રવેશ્યા. પંડિતજી વિમાનમાંથી ઊતર્યા ત્યારે મોં પર થાક અને ગ્લાનિ વરતાતાં હતાં. તેમને હારતોરા થવા લાગ્યા પણ હાર તેઓ હાથમાં જ લઇ લેતા. ત્યાં બાજુમાં ' નેહરુ ચાચા ઝિંદાબાદ ! ' ના પોકારો કરતું નાનાં બાળકોનું ટોળું એમની નજરે પડ્યું અને તેમના મુખ પરના ભાવો બદલાઇ ગયા ! ચહેરા પર જુવાનીની સુરખી શોભી રહી. પંડિતજી ઉત્સાહ અને પ્રેરણાનું મૂર્તિમંત સ્વરૂપ બની ગયા ! મુખ પરના અનોખા સ્મિત સાથે એમણે બાળકો પાસે જઈ ફૂલના હાર ફેંકવા માંડ્યા ફૂલોની સુગંધ, બાળકોનો આનંદ અને પંડિતજીનું મુક્ત હાસ્ય — આ સૌથી વાતાવરણ મઘમઘી રહ્યું ! ' પંડિતજીની જય ' થી એરોડ્રોમ ગાજી રહ્યું. હું પણ એ પ્રસન્નતાના સાગરમાં ડૂબી ગયો અને એંઠી બીડીની દુર્ગંધને ભૂલી ગયો !

ત્યારથી સિગારેટ પીવાનો ખ્યાલ આવતાં જ અકોલા યાદ આવે છે અને મારા હાથમાંથી સિગારેટ નીચે પડી જાય છે !

❀



વર્ષ ૩૮
અંક ૪

ગ. ૨૦
માઘ

આદ્ય તંત્રી
રામનારાયણ વિશ્વનાથ પાઠક 卐 સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૫ માહ : ૨૦૧૯ અંક ૪

ધર્મક્રાંતિ

[હિંદુધર્મમાં ગાંધીજીએ દાખલ કરેલું નવજીવન]

શ્રી કાકાસાહેબ કાલેલકર

રાષ્ટ્રીય શિક્ષણના એક તપસ્વી આચાર્ય અને નિત્યનૂતન રહેતાં જાણનાર સનાતન સંસ્કૃતિના એક અનન્ય ભક્ત એવા શ્રી નાનાભાઈ ભટ્ટના એમના પ્રથમ શ્રાદ્ધદિને સ્મારક-વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કરવા માટે આપ સહુએ મને અહીં બોલાવ્યો એની હું વિષાદયુક્ત ધન્યતા અનુભવું છું. મહાત્મા ગાંધીજીના શિક્ષણકાર્યમાં હું જોડાયો ત્યારથી જ મુ. નાનાભાઈનો અને મારો સંબંધ શરૂ થયો. તેઓ અવારનવાર ગાંધીજીને મળવા અને આશ્રમ-જીવનનું નિરીક્ષણ કરવા અમદાવાદ આવતા ત્યારે સ્વામી આનંદ સાથે અને મારી સાથે તેઓ શિક્ષણ અને સંસ્કૃતિ વિષે અનેક જાતની ચર્ચા કરતા. ગાંધીજીએ કોઈ પણ છાપું શરૂ કર્યું નહોતું તે વખતે જ નાનાભાઈ પારખી શક્યા હતા કે ગાંધીજીએ ગુજરાતમાં અને ભારતમાં નવજીવન શરૂ કરી દીધું છે. કૉલેજમાં કેવળ અધ્યાપક થઈને રહેવામાં એમને સંતોષ ન થયો.

જીવંત ધર્મનિષ્ઠા અને શિક્ષણનિષ્ઠાને કારણે એમણે દક્ષિણામૂર્તિનું કામ શરૂ કર્યું હતું અને સારા સરખા સાથીઓ પણ મેળવ્યા. એમનું કામ લોકપ્રિય છતાં સિદ્ધાંતનિષ્ઠ હોવાથી એમને વિદ્યાર્થીઓ પણ સારા સારા મળવા લાગ્યા અને જોતજોતામાં દક્ષિણામૂર્તિ સૌરાષ્ટ્રનું તેમ જ ગુજરાતનું એક સંસ્કૃતિકેન્દ્ર થઈ ગયું.

પોતાની સંસ્થામાં યુગાનુકૂલ પરિવર્તન કરવાની દૃષ્ટિએ એમણે દક્ષિણામૂર્તિ માટે એક કમિશન એટલે કે તપાસપંચ નીમ્યું અને એ પંચમાં સ્થાન લેવા માટે પોતાના તરફથી કોઈ માણસને મોકલવાની ગાંધીજીને વિનંતી કરી. શ્રી મહાદેવભાઈએ મારું નામ સૂચવ્યું. ગાંધીજીએ એ સ્વીકાર્યું અને હું દક્ષિણામૂર્તિમાં પહોંચી ગયો. રાષ્ટ્રીય શિક્ષણ વિષેનો મારો ઉત્સાહ અદમ્ય હતો. મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને બંગાળના આ ક્ષેત્રના કેટલાક પ્રયોગોનો મને અનુભવ હતો. પણ તે વખતે મને બરાબર ગુજરાતી બોલતાં પણ નહીં આવડે. પંચના એક સદસ્ય તરીકે દક્ષિણામૂર્તિના અધ્યાપકોને પ્રશ્નો પૂછતાં મારે મુશ્કેલીથી વાક્યો ગોઠવવાં પડતાં હતાં.

તપાસપંચે પોતાનો અહેવાલ અને સૂચનાઓ રજૂ કર્યાં. દક્ષિણામૂર્તિમાં જોતજોતામાં ભારે ક્રાંતિ થઈ અને મારે કહેવું જોઈએ કે જૂનું સાચવવાની અને નવું ઉત્સાહભેર અપનાવવાની નાનાભાઈની આવડત અને શક્તિ જોઈ એમને વિષે મારા મનમાં આદર

જાગ્યો અને તે આખરસુધી વધતો જ ગયો. પરિસ્થિતિને ઓળખી કુનેહપૂર્વક એમાં પરિવર્તન કરવાની અને પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવવાની નાનાભાઈની શક્તિ અદ્‌ભુત હતી. એમનો વિશ્વાસ જેટલો પોતાની બુદ્ધિ અને આવડત કે કુનેહ ઉપર હતો, તેટલો જ તપસ્યા ઉપર પણ હતો. તેથી જ હું એમને બ્રાહ્મણસંસ્કૃતિના એક ઉત્તમ પ્રતિનિધિ તરીકે ઓળખતો આવ્યો છું. બ્રાહ્મણસંસ્કૃતિએ ભલે કેટલાક ઉત્તમોત્તમ સંન્યાસીઓ પેદા કર્યા હોય, પણ એ સંસ્કૃતિ સ્વભાવે ગૃહસ્થાશ્રમી છે. જ્ઞાનનિષ્ઠા અને વિદ્યોપાસના કૃતાર્થ કરવાને કારણે ગૃહસ્થાશ્રમને વ્યાપક કરવા માટે અને સામાજિક જીવનમાં નવો પ્રાણ રેડવા માટે જરૂરી એવી આશ્રમ-સંસ્કૃતિ બ્રાહ્મણોના ગૃહસ્થાશ્રમમાંથી જ ઉત્પન્ન થયેલી છે.

બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય, વાનપ્રસ્થ કે સંન્યાસ—એવા આશ્રમ નામના ચાર જીવનવિભાગની વાત અહીં હું નથી કરતો; પણ સમસ્ત સામાજિક જીવનમાં અને ચારે વર્ણમાં નવચૈતન્ય રેડનાર આચાર્યોના આશ્રમ અથવા ગુરુકુળની તેમ જ વિદ્યાપીઠોની વાત હું કરું છું.

ગુરુકુળ, ઋષિકુળ, આચાર્યકુળ અને વિદ્યાપીઠને નામે ઓળખાતી અને ઋષિઓના ગૃહસ્થ-જીવનમાંથી વિકસેલી સંસ્થાઓના જીવનકાર્યને હું આશ્રમ-સંસ્કૃતિ કહું છું. ગુરુગૃહમાં રહી ગુરુની ભક્તિપૂર્ણ સેવા કરીને કેળવેલા જીવનમાંથી જ નાનાભાઈએ પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવ્યો હતો અને એ ગૃહસ્થાશ્રમના આદર્શને જ વ્યાપક કરી દક્ષિણામૂર્તિનું છાત્રાલય સ્થાપ્યું હતું. પ્રાચીન આદર્શ, વર્તમાન પરિસ્થિતિ અને ભવિષ્યની આકાંક્ષાઓ—ત્રણે દૃષ્ટિએ નાનાભાઈ હમેશાં જાગરૂક રહેતા અને વધતા જતા.

ગૃહસ્થાશ્રમ એટલે પરિગ્રહ. એ પરિગ્રહ અલિપ્તપણે વધારતાં જવો અને પ્રસંગ આવ્યે તે ફગાવી દેવો—એવી તેજસ્વિતા નાનાભાઈમાં હતી. તેથી જ તેઓ દક્ષિણામૂર્તિમાં ક્રાંતિકારી પરિવર્તન કરી શક્યા અને જરૂર જણાતાં દક્ષિણામૂર્તિને છોડી દઈ તપસ્વી-જીવન ગાળવા એક ગામડામાં જઈને વસી શક્યા. (ગાંધીજીની જે પ્રેરણા નાનાભાઈને ભાવનગરથી આંબલા લઈ ગઈ એ જ પ્રેરણા દક્ષિણામૂર્તિ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવનાર તારાબહેન મોડકને મુંબઈથી બોરડી અને બોરડીથી કોસબાડ લઈ ગઈ છે એનું સ્મરણ અહીં થયા વગર રહેતું નથી.)

નાનાભાઈએ આંબલામાં રહી એકાગ્રતાથી ગ્રામરાષ્ટ્રીય શિક્ષણનું કાર્ય ચલાવ્યું, વચમાં સ્વરાજસ્થાપના સાથે સૌરાષ્ટ્ર સરકારને મદદ કરવાનું કર્તવ્ય પ્રાપ્ત થતાં એ કાર્ય પણ એમણે નિષ્ઠાથી કર્યું, પણ તેથી તેઓ પોતાનું જીવનમિશન ભૂલ્યા નહીં. એમણે પોતાની આજીવન તપસ્યાને લોકભારતીનું રૂપ આપ્યું અને જંગલમાં મંગલ કરી બતાવ્યું. એમને સારા સારા સાથીઓ મળ્યા એમાં કશું આશ્ચર્ય નથી. કેમકે સંયમી અને તપસ્વી લોકોની વંશપરંપરા કોઈ કાળે ખૂટી નથી. મને વિશેષ સંતોષ એ વાતનો થયો કે એમણે આંબલામાં તેમ જ સણોસરામાં સ્થાનિક જનતાનો વિશ્વાસ મેળવ્યો અને ત્યાંના સંસ્કારી લોકોને પોતાનો રંગ પણ લગાડ્યો.

નાનાભાઈ રાષ્ટ્રીય શિક્ષણના સ્વયંભૂ આચાર્ય હતા; સ્વરાજ્યના એક પીઢ સેવક હતા; સમાજસુધારાના એક જવાબદાર અધ્વર્યુ હતા; સાહિત્યના ઉચ્ચ કોટિના અભ્યાસક અને નિર્માતા હતા; પણ એ બધી વિભૂતિ પાછળ એમનું મુખ્ય બળ તો એમની ધર્મભાવના જ હતી. એમના જમાનામાં પણ એમના જેટલી સનાતનધર્મ પ્રત્યેની ઉત્કટ અને જીવતી નિષ્ઠા બહુ થોડા લોકોમાં હશે. સનાતની આદર્શો એમને માટે કેવળ રૂઢિ અથવા પરંપરા નહતાં.

મેં જોયું છે કે, સાચા ધર્મનિષ્ઠ લોકો લાંબા વખત સુધી ભલે રૂઢિનિષ્ઠ જેવા દેખાય પણ રૂઢિપરાયણ લોકોની જડતા એમનામાં હોતી નથી. ધર્મતેજના કલેવર તરીકે જ તેઓ રૂઢિને વળગે છે; પણ એમની નિષ્ઠા તો ધર્મતેજ પ્રત્યે જ હોય છે. ઐહિક ઉત્કર્ષને વરેલા વહેવારવાદી લોકોને કોઈ પણ રૂઢિ ફગાવી દેતાં વાર નથી લાગતી. તેઓ જોતજોતામાં સમાજસુધારક થઈ જાય છે અને સમાજ ઉપર પોતાનું ટીકાનું અસ્ત્ર ફેંકતા જાય છે. ધાર્મિકતાને વરેલા લોકો રૂઢિને ઝટ ઝટ છોડતા નથી; પણ જ્યારે છોડે છે ત્યારે ધર્મતેજની પ્રેરણાને કારણે જ છોડે છે. નાનાભાઈએ અનેક જૂની રૂઢિઓ છોડી દીધી પણ સમાજના દબાણથી નહીં; પણ ગાંધીજીનું આશ્રમજીવન જોઈ અને તેની પાછળના શુદ્ધ ધાર્મિક પ્રભાવ તળે આવીને.

નાનાભાઈ ગીતા અને ઉપનિષદના ભક્ત તો હતા જ. યોગમાર્ગના પ્રયોગોનું નિરીક્ષણ–પરીક્ષણ કરવા પાછળ એમણે ઠીક ઠીક મહેનત લીધેલી, પણ નાનાભાઈનો આત્મા આજના યુગના ધર્મપરાયણ લોકોની પેઠે અંતરબાહ્ય સામાજિક હતો. તેમને મન ધર્મજીવન કેવળ વ્યક્તિગત ઉપાસના કે સાધના ન હતી ગાંધીજીની પેઠે અને એમના અનુયાયીઓની પેઠે સમાજને સાથે લઈને જ ધર્મસાધના ચલાવવામાં તેઓ માનતા હતા અને તેથી જ રામાયણ–મહાભારતના અધ્યયન, પારાયણ અને પ્રચારનો એમનો આગ્રહ હતો. અમારી પહેલી જ મુલાકાતમાં જ્યારે મેં નાનાભાઈને કહેલું કે હું હિંદુધર્મના સંસ્થાપક તરીકે વેદ–ઉપનિષદના ઋષિઓ કરતાં પણ વ્યાસને પ્રધાનપદ આપું છું ત્યારે તેઓ ઉત્સાહપૂર્વક બોલ્યા: 'હું પણ એમ જ માનું છું.'

ગાંધીજીએ પોતાના આશ્રમમાં સર્વધર્મસમાનત્વનું અને સર્વધર્મસ્વીકારનું જે વ્રત ચલાવ્યું તેનો પણ સ્વીકાર કરતાં નાનાભાઈને જરા સરખી મુશ્કેલી ન જણાઈ; કેમ કે સાધનાનામ્ અનેકતા એ પણ સામાજિક અને વ્યાપક સનાતનધર્મનું જ એક અવિભાજ્ય અંગ છે. નાનાભાઈની આ શક્તિ, વૃત્તિ અને પ્રવૃત્તિ જોઈને જ ગાંધીજીએ તેમને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકપદનો ભાર ઉઠાવવાનું સૂચવ્યું. એમણે એ ભાર પૂરી યોગ્યતા સાથે ઉઠાવ્યો પણ વહેલામાં વહેલી તકે એ મારા ઉપર નાખી દીધો. પોતપોતાના કામમાં મશગૂલ હોવાથી અમે ઝાઝું મળી શકતા ન હતા; પણ અમારો હાર્દિક મેળ અખંડ ચાલુ જ હતો અને ભવિતવ્યતા પણ એવી કે છેલ્લે છેલ્લે અમને કેટલાક દિવસ રાજસભામાં એકબીજાની પડખે બેસવાની તક મળી હતી.

એવા મારા દીર્ઘતપસ્વી અને નિકટના સાથીના સ્મારક તરીકે આ જે વ્યાખ્યાનમાળા યોજાઈ છે તેમાં આધ્યાત્મિક અને સામાજિક હિંદુધર્મમાં ચાલતી ક્રાંતિ વિષે બોલવામાં જ ઔચિત્ય છે એમ મને લાગ્યું અને જેમના ચરણ તળે બેસવાનું અસાધારણ ભાગ્ય અમને બંનેને મળ્યું તે મહાત્મા ગાંધીની અસર આ સનાતન ધર્મ ઉપર કેવી પડી છે અને એ આ ધર્મને ક્યાં લઈ જવાની છે એને વિષે બોલવાનું જ આજે મેં પસંદ કર્યું છે.

લોકભારતીની સ્થાપના વખતે માંગલિક પ્રવચન કરવા નાનાભાઈએ મને અહીં બોલાવ્યો હતો; તે વખતે રાષ્ટ્રીય શિક્ષણ અંગેની અમારા જેવાની આજીવન તપસ્યાના નિચોડ તરીકે જે બુનિયાદી તાલીમનો અમે ગાંધીજી પાસેથી સ્વીકાર કર્યો હતો તે વિષે હું બોલ્યો હતો.

આજે ગાંધીજીનું અધ્યાત્મ અને ગાંધીજીનો સમાજધર્મ—એ બંનેની ભારતની ધર્મપરાયણ સંસ્કૃતિ ઉપર શી અસર થઇ છે એ વિષે ફરી એ જ સણોસરામાં, એ જ લોકભારતી આગળ બોલવા માટે હું હાજર થયો છું. ગાંધીજી પ્રત્યે, નાનાભાઇ પ્રત્યે અને અમારા જમાના પ્રત્યે મારી આ શ્રદ્ધાંજલિ છે. અમારા એના આરોગ્યનો વિચાર કરતાં મેં માન્યું હતું કે હું જ પહેલો જઇશ. એના બદલામાં નાનાભાઇ પ્રથમ ગયા અને મારે ભાગે એમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનું આવ્યું. તેથી જ મેં કહ્યું કે આજે હું વિષાદમુક્ત અંતઃકરણથી આ અંજલિ અર્પણ કરું છું.

આપણો સનાતનધર્મ દુનિયાનો જૂનો ધર્મ છે. તે કેટલો જૂનો છે એ એનાં સનાતન નામ પરથી સ્પષ્ટ થાય છે. માણસજાતમાં ધર્મભાવના જાગ્રત થઇ તે વખતે જાગેલો આદ્ય ધર્મ તે સનાતનધર્મ. એ ધર્મ કોઈ એક ધર્મ-સ્થાપક વ્યક્તિ, એક ગ્રંથ, કોઈ એક સંસ્થા અથવા કોઈ એક સિદ્ધાંત-સમૂહ સાથે બંધાયેલો નથી. હું તો સ્પષ્ટ માનું છું કે કોઈ એક વ્યક્તિની પાછળ જે ચાલે છે તેને પંથ કહી શકાય, ધર્મ નહીં. કેટલાક ખ્રિસ્તી લોકોને જવાબ આપતાં મેં એ જ કહ્યું હતું કે, Yours is a sect, not a religion અને denomination કહો અથવા denominationsનો સમૂહ કહો. અને જો એને ધર્મ કહેતા હો તો અમારો સનાતનધર્મ એક ધર્મકુટુંબ છે. એમાં અસંખ્ય ધર્મો સમાઈ શકે છે. કેટલાયે પંથો ફૂટીને એમાંથી બહાર ગયા છે અને બહારનો અનુભવ લઇ ડાહ્યા થઇ ફરી એની અંદર સમાઈ ગયા છે. બંગાળનો બ્રાહ્મસમાજ એ એનો તાજામાં તાજો દાખલો છે. આપણે સનાતનધર્મને ગંગામાતાની ઉપમા આપીએ છીએ. એ ગંગામાં અનેક પ્રવાહો ભળી જાય છે, એમાંથી અનેક પ્રવાહો જુદા પડે છે; પણ એ બધાની મૂળ પ્રેરણા એક જ અને અંતિમ ધ્યેય પણ એક જ છે. એ એકતા કઈ એ કહેવું હંમેશાં સહેલું નથી હોતું. જો કે આપણા સનાતનધર્મની બાબતમાં આપણે કહી શકીએ છીએ કે તમામ જીવનસૃષ્ટિ એક જ છે. એ એકત્વને કારણે બધા ભાઈભાંડુ છીએ. અને જીવનવિકાસ સાધતાં સાધતાં વિવિધતાનો આનંદ અને એની સમૃદ્ધિ માણતાં આપણે અંતે વિરાટ અને સનાતન એકતામાં જ સમાઇ જવાના છીએ. એ છે આપણા સનાતનધર્મનો સનાતન પ્રાણરૂપ સિદ્ધાંત એક અને સર્વ, શૂન્ય અને અનંત એ છેડાનો પરસ્પર સંબંધ અતિશય ઉત્કટ અને અદ્ભુત હોય છે. એવી જ રીતે વ્યષ્ટિ અને સમષ્ટિ, જીવ અને શિવ, આત્મા અને પરમાત્મા એમનો સંબંધ પણ ઉત્કટ અને અદ્ભુત છે. એવા સાક્ષાત્કારમાંથી જ સનાતનધર્મનો ઉગમ છે અને એ જ સાક્ષાત્કાર સાર્વભૌમ થતા જાય એટલા માટે જ આપણી તમામ ધર્મપ્રવૃત્તિ છે.

આવા આ નિત્યનૂતન સનાતનધર્મનું સ્વરૂપ યુગે-યુગે બદલાતું આવ્યું છે.

યજ્ઞ-સંસ્થાની આસપાસ ગોઠવેલો વૈદિકધર્મ નોખો, ઉપનિષત્કાલીન બ્રહ્મજિજ્ઞાસા અને તેમાંથી ફલિત થતી જીવનસાધના નોખી, જ્ઞાન, ધ્યાન, ઉપાસના અને ભક્તિથી સમૃદ્ધ થયેલો કર્મયોગ અથવા જીવનયોગ એ પરિણત સ્વરૂપ નોખું, અને યજ્ઞકાળથી વિકસિત થતું કર્મકાંડ, દેવદેવીઓની ઉપાસના અને શૈવ, શાક્ત, સૌર, ગાણપત્ય અને વૈષ્ણવ આદિ ઉપાસનાના વૈભવમાં મહાલતો પૌરાણિક ધર્મ જુદો. આપણે રોજ બોલીએ છીએ કે આપણો સનાતનધર્મ શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, તંત્ર અને આગમ આદિથી સમૃદ્ધ થયેલો છે.

આ ધર્મે આગળ જતાં આર્ય-અનાર્ય, દ્રાવિડ અને આદિવાસી આદિ અનેક વંશોનો ઓછોવત્તો સમન્વય સાધ્યો, અને તેમ કરતાં સ્થાનિક ઉચ્ચાવચ રૂઢિઓ, માન્યતાઓ, ઉપાસનાઓ અને અનુભવોની અવહેલના ન કરતાં, એ બધાંનો સ્વીકાર કરી એના ઉપર સનાતનધર્મનો પુટ ચઢાવી આપણે ભારતવ્યાપી હિંદુધર્મ ખીલવ્યો. તેમ કરતાં આપણે પરસ્પર વિરોધી જણાતી બે પ્રવૃત્તિઓનો સ્વીકાર કર્યો છે. ગણિતમાં જેમ દૃઢભાજક અને લઘુતમ સાધારણ્ું લ જ્વની પ્રક્રિયા ચાલે છે તેમ આપણે ત્યાં આપણે એકબાજુ દર્શનશુદ્ધિ, વિચારશુદ્ધિ, સાધનાશુદ્ધિ. બીજશુદ્ધિ અને આહારશુદ્ધિનો આગ્રહ ચલાવ્યો છે, અને બીજી બાજુ જેટલા જેટલા લોકો સાથે આપણો પરિચય બંધાયો તે લોકોની ઉપાસના, એમની જીવનદૃષ્ટિ, એમના રીતરિવાજો, ઉત્સવો અને તહેવારો બધું સ્વીકારી, એમનો સમન્વય સાધવાનો પ્રયત્ન કર્યો છે. કોક વખતે શુદ્ધિનો વિચાર જોર કરે છે. કોક વખતે સર્વસ્વીકૃતિ અને સમન્વયનું જોર વધે છે અને અંતે એમાંથી ભિન્ન-ભિન્ન ભૂમિકાઓનો સ્વીકાર કરનાર વર્ણવ્યવસ્થા અને સાંપ્રદાયિક વિવિધતા ખીલતી જાય છે. શુદ્ધિ અને સમૃદ્ધિ બન્ને તત્ત્વોનો સ્વીકાર કર્યો પછી ઊચનીચનો ભેદ, આપણને ગમે કે ન ગમે, દાખલ થવાનો જ. માંસાહાર ન કરનારા ધાર્મિક અને માંસાહાર કરનારા તે અધાર્મિક એમ કહીને અલગ અલગ સમાજભેદ અને એમની વચ્ચેનો સંઘર્ષ સ્વીકારવાને બદલે આપણે નિરામિષાહાર શ્રેષ્ઠ છે એટલું કબૂલી માંસાહારી અને નિરામિષાહારી બન્ને પક્ષને એક સમાજમાં ગોઠવી દીધા.

જીવનની સમૃદ્ધિ જોતાં એમાં દરેક માણસ પોતપોતાની અભિરુચિ, આવડત, પરંપરા અને પરિસ્થિતિ પ્રમાણે ભિન્ન-ભિન્ન આદર્શો ઉત્કટ રીતે કેળવવાના જ. કોઈ જ્ઞાન અને તપસ્યા પાછળ પડે, અને એના પ્રચારકો કોઈ સમાજરક્ષા અને રાજ્યવિસ્તારનો આદર્શ સ્વીકારે, કોઈ નમ્રપણે સમાજસેવાનું કામ સ્વીકારી સંતોષ માને અને બાકીનો વિશાળ બહુજનસમાજ ખેતી, ગોરક્ષા અને જાતજાતના ઉદ્યોગહુન્નરને ખીલવતો જાય અને શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિની ઉપાસના પાછળ જીવન ખીલવતો જાય. આ રીતે આપણે સમાજના વર્ણવિભાગ તૈયાર કર્યા.

આપણા વિરાટ સમાજમાં જેમ જેમ અનેક ગોત્રના, વંશના સ્થાનિક clans, tribes ઈત્યાદિ દાખલ થતા ગયા તેમ તેમ આપણે દરેકનો અલગ અલગ સ્વતંત્ર જાતિ તરીકે સ્વીકાર કર્યો અને આગળ જતાં વિરાટ હિંદુ સમાજમાં એમને ગોઠવી એમના વર્ણો બાંધી આપ્યા. મારી આ મીમાંસા સાચી હોય તો કુળ અને જાતિ એ સૌથી જૂનાં સંગઠનો છે. ભગવદ્‌ગીતાએ એમને શાશ્વત-સંસ્થા કહ્યાં છે. 'जातिधर्मांश्च कुलधर्माश्च शाश्वताः' આ અસંખ્ય જાતિઓમાં જેમ જેમ ભાવાત્મક એકતા ખીલવા લાગી તેમ તેમ એમની જાતિને ગૌણ ગણી આપણે ગુણકર્મ પ્રમાણે એમના વર્ણો બાંધી આપ્યા અને જેમ જેમ નવા-નવા લોકો અંદર આવવા લાગ્યા તેમ તેમ કેટલાકને થોડાક વખત સુધી બહાર રાખી વર્ણબાહ્ય ગણી પરિચય વધ્યા પછી અને ભાવનાત્મક એકતા જામતી જોયા પછી એમને આપણે વર્ણમાં સ્વીકારી લીધા.

આમ જાતજાતની જાતિઓ દાખલ થયા પછી અને ઉદ્યોગહુન્નરની દૃષ્ટિએ સમાજની વિવિધતા તેમ જ સમૃદ્ધિ વધ્યા પછી આપણે ચાર વર્ણના સંયોગથી અનેક અનુલોમ-પ્રતિલોમ પ્રકાર ગોઠવી કાઢ્યા અથવા ઉપજાવી કાઢ્યા. વર્ણોની અંદર વિવાહ તો થતા હતા જ એટલે અનુલોમ-પ્રતિલોમ વિવાહની વ્યવસ્થા કરવી અથવા કલ્પી લેવી સહેલી હતી.

આપણે પહેલેથી સમૃદ્ધિના શોખીન છીએ. આપણે વિવિધતાથી અકળાયા નહીં, ડર્યા નહીં; પણ જેમ જેમ વિવિધતા વધતી ગઈ, તેમ તેમ આપણે એમાંથી વ્યવસ્થા ઉપજાવતા ગયા અને ગોઠવતા ગયા.

દેવોની સંખ્યા વધી, આપણે વધાવી લીધી. અને એ બધા દેવોને પહેલાં તેત્રીસ પ્રકાર અથવા કોટિમાં ગોઠવી લીધા. આગળ જતાં એ જ દેવદેવીઓનું આપણે પંચાયતન બનાવ્યું અને જ્યાં જે કોઈ દેવ જડી આવ્યો તેને આ પાંચમાંથી એકનો અવતાર બનાવી લીધો. આ પાંચથી કામ સર્યું નહીં; એટલે શિવ, વિષ્ણુ, સૂર્ય, ગણપતિ અને દેવી—આ પંચાયતનમાં છઠ્ઠા તરીકે ગુરુને ઉમેરી લીધો. પ્રત્યક્ષ જ્ઞાન આપનાર, જીવનમાં દોરનાર અને મૂંઝવણ વખતે આશ્વાસન આપનાર ગુરુને ભગવાન ન ગણીએ તો કેમ ચાલે?

यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ ।

બાકીના બધા દેવો તો માનેલા કે ઉપજાવી કાઢેલા પણ જેની સાથે પ્રત્યક્ષ વાતો થઈ શકે અને વ્યક્તિગત સંબંધ બંધાય એવા ભગવાન તો ગુરુ જ છે. એટલે ગુરુભક્તિ ચાલી; પણ જેમ તમામ સંસ્થાઓનું થાય છે તેમ અહીં પણ, ગુરુ ગણાયો એટલે એને ભગવાન ગણવો જ જોઈએ અને ભક્તિ સાથે સર્વસ્વ અર્પણ કરવું જ જોઈએ, એમ કહેવામાં આવ્યું એટલે સુધી તો ઠીક હતું પણ ભગવાનનાં બધાં લક્ષણોનું ગુરુ ઉપર આરોપણ થવા લાગ્યું અને ગુરુની ઉપાસના રાજભક્તિ જેવી બની ગઈ એટલે એ બધું યાંત્રિક થયું. રોમન સામ્રાજ્યમાં બાદશાહો પોતાને દેવ તરીકે ગણાવવા લાગ્યા અને ખ્રિસ્તી ધર્મમાં પણ પોપ જેવા આચાર્યો ધર્મના અને સ્વર્ગના ઠેકેદાર બન્યા. આપણે ત્યાં પણ તેવું જ બન્યું જોકે પોપ સામે થઈ જર્મનીમાં અને ઇંગ્લંડમાં જેમ પ્રોટેસ્ટન્ટ ધર્મો સ્થપાયા તેમ આપણે ત્યાં એવો વારો આવ્યો નહીં. આપણે ત્યાં બ્રાહ્મસમાજ અને આર્યસમાજ એ બે પ્રવૃત્તિઓ ઘણેઅંશે ધર્મસુધારક પ્રવૃત્તિ ગણી શકાય.

આપણા દેશમાં દરેક ધર્મસુધારણા સાથે અમુક જાતની સમાજશુદ્ધિ અને સમાજસુધારણા થાય જ છે. એની અસર પૂરી થયા પછી પણ જ્યારે એ પ્રવૃત્તિ કાયમ થાય છે ત્યારે એ કેવળ એક પંથનું જ રૂપ ધારણ કરે છે. પંથમાં આગ્રહ અને જિદ સાથે યાંત્રિકતા પણ આવી જ જાય છે. પંથનું તંત્ર જે સાચવે અને ગુરુભક્તિને જોરે પોતાના દોષો અને ઊણપો જે ઢાંકી શકે તે જ ધાર્મિક એવો આદર્શ લોકોને ફાવતો આવે છે. પરિણામે બહુતત્ત્વ સાથે આડંબર બંધાય છે, રીતરિવાજો વધે છે. પંથનું અભિમાન કેળવાય છે અને સહેલી અને બાહ્ય વસ્તુને પકડી મૂળ પ્રાણની ઉપેક્ષા થાય છે.

હવે દરેક સંપ્રદાય સાથે એના આગ્રહનો ખાસ વિષય હોય જ છે. એ પંથના અનુયાયીઓ બીજી રીતે ભલે મોળા પડે, છતાં એઓ આગ્રહના એક વિષયની ચીવટ રાખવાના જ. જેમકે મુસલમાનો અને આર્યસમાજીઓ ગમે તેટલા પડે તોયે મૂર્તિપૂજા કરવાના નથી. વૈષ્ણવો સ્નાન, તિલક અને ભજન વગર રહેવાના નથી. લિંગાયત લોકો ભસ્મ ધારણનો આગ્રહ રાખશે અને બૌદ્ધ સાધુઓ બપોર પછી જમે નહીં.

ગાંધીજીએ હિંદુધર્મ અને હિંદુ સમાજમાં જે સુધારા સૂચવ્યા અને અમલમાં આણ્યા એમાં મારે મન મુખ્ય વસ્તુ એ હતી કે ગાંધીજી પોતાની પાછળ કોઈ પંથ કે સંપ્રદાય મૂકતા જવાના નથી. મહારાષ્ટ્રમાં જેમ તુકારામ વિષે કહી શકાય તેમ આજના યુગમાં ગાંધીજીના અનુયાયીઓ વિષે કહી શકાય કે અહીં શિષ્યપરંપરા અને સંપ્રદાય બંધાવાનો નથી. ખાદી પહેરવી, સૂતર કાતવું, હરિજનોને અછૂત ન ગણવા અને બે ટંક પ્રાર્થના કરવી આટલી વાતો લાંબા વખત સુધી રહેશે અને ચાલશે; પણ એટલા પરથી ગાંધીપંથ ચાલવાનો નથી. દેશમાં ભલે ગાંધીવિચારના અને અમુક અમુક આચારના શિષ્યો હોય પણ ગાંધીજીના સાથીઓમાં પંથનો આગ્રહ કોઈનામાં દેખાતો નથી.

અને તેથી જ ગાંધીજી આખા હિંદુ સમાજ ઉપર અને એમના પ્રસંગમાં આવેલા અન્ય ધર્મીઓ ઉપર આટલી અસર પાડી શક્યા અને તેથી હવે ગાંધીજીનું આ કાર્ય કયા પ્રકારનું હતું એ જો તારવી કાઢીએ તો એમાંથી એક પંથ પેદા થવાની બીક નથી.

જ્યારે જ્યારે ગાંધીજીએ ધર્મ વિષે, સમાજ-સુધારા વિષે, અથવા જીવનને લગતી કોઈ પણ વસ્તુ વિષે ચર્ચા કરી છે અથવા સૂચનાઓ આપી છે ત્યારે ત્યારે તેમણે કહ્યું જ છે કે, હું નવું કશું કહેતો નથી. આ ભરતભૂમિના પહાડો જેટલા જૂના છે એટલી જ જૂની વસ્તુઓ જે ઋષિ-મુનિઓ કહેતા આવ્યા છે, આચાર્યો અને પંડિતો ચર્ચતા આવ્યા છે અને સાધુ-સંતો ગાતા અને અમલમાં મૂકતા આવ્યા છે તે જ વસ્તુ હું પણ કહું છું. એમાં મારો ફાળો હોય તો તે ફક્ત મારી જીવતી શ્રદ્ધા અને નિષ્ઠાનો જ છે

અને છતાં એ જૂની વસ્તુ જ ગાંધીજીએ એવી નવી નિષ્ઠા, અને પસંદગીથી કહી કે એમણે આખા હિંદુધર્મને અને સમાજને યુગાંતરકારી નવું રૂપ આપ્યું.

આપણા આ દેશમાં ધર્મપંથોનો, માર્ગોનો અને ફિરકાઓનો વિસ્તાર ઓછો ન હતો. કેટલાયે ધર્મસુધારકો આપણે ત્યાં પેદા થયા અને એમણે પોતાનો પંથ ચલાવ્યો; ત્યાર પછી અહીં ધર્માન્તરનો આગ્રહ રાખનારા બે ધર્મો આપણે ત્યાં બહારથી આવ્યા—ઇસ્લામ અને ખ્રિસ્તી અથવા ઈસાઈ ધર્મ. આ બધા ધર્મો એક ઈશ્વર તરફ જ લઈ જનારા છે. રુચિના ભેદ પ્રમાણે સીધા કે વાંકાચૂકા રસ્તા લોકોએ સેવ્યા હોય પણ એમની વચ્ચે ઝગડો થવાનું કારણ નથી એમ પણ આપણા પૂર્વજોએ ભારપૂર્વક કહ્યું હતું. વેદકાળથી જ એ વિચારની દીક્ષા ઋષિએ આપણને આપી હતી, જ્યારે એમણે કહ્યું : एकं सद् विप्रा बहुधा वदन्ति।

છતાં ગાંધીજીએ જે ઢબે સ્વધર્મપાલન સાથે સર્વધર્મસમભાવનો આગ્રહ રાખ્યો અને એ વસ્તુને જ જીવનવ્રત બનાવ્યું તે એમની એક મોટી ખાસિયત અને દેણગી કહેવાય.

તમારો ધર્મ ભૂલભરેલો છે, એ છોડીને અમારા સાચા ધર્મમાં આવો એમ કહેનાર અને ધર્માન્તર કરાવનાર પ્રવૃત્તિને સીધી રીતે વખોડયા વિના ગાંધીજીએ સર્વસમન્વયકારી આ

નવી વૃત્તિ દુનિયા આગળ રજૂ કરી અને એ વૃત્તિ સ્વીકારવા માટે ઈસાઇ–મિશનરીઓને નોતર્યા. એમણે કહ્યું: 'બધા જ ધર્મો સાચા. બધા ધર્મો બધા માટે આદરણીય અને પૂજ્ય. કોઈ પણ ધર્મમાં કોઈ ખોડખાંપણ હોય, 'આજે ન ચાલી શકે એવી' જૂની વસ્તુ હોય તો તે સુધારવાનો હક્ક અને ફેરવવાની જવાબદારી તે તે ધર્મના અનુયાયીઓની છે જ અને બીજા કોઈ ધર્મમાં કોઈ નવી, અપૂર્વ કે સારી વસ્તુ દેખાઈ તો તે અપનાવવાની ના કોણે પાડી છે! દરેક માણસ પોતાના ધર્મને વફાદાર રહે, બીજા ધર્મો વિષે આદર રાખે, જ્યાં જે લેવા જેવું જણાય તે સુખેથી લે અને ધર્મ–ધર્મ વચ્ચે તુલના કરવાને બદલે અને કોનો ધર્મ સાચો અને કોનો ધર્મ શ્રેષ્ઠ એ જાતની હુંસાતુંસીમાં ઊતર્યા વગર બધા જ ધર્મોની સાધના અજમાવી જુએ—એ માર્ગ એમણે બતાવ્યો. કોઇએ ધર્માન્તર કરવાની કશી જરૂર નથી, કોઇએ ધર્માન્તર કર્યું હોય તો તે પાપ કર્યું છે એમ પણ નથી, છતાં માણસ પોતાના પંથના લોકો સાથે છૂટાછેડા કરી અને પોતાનાં મૂળિયાં પોતાના સમાજમાંથી તોડી ઉખેડી બીજા ધર્મમાં કે સમાજમાં ઉતારવાનો પ્રયત્ન કરે એ ખોટનો ધંધો છે, એ એમણે સ્વચ્છ રીતે સમજાવ્યું છે.

હિંદુધર્મની બાબતમાં એમણે લોકોની સનાતની ધર્મનિષ્ઠા મજબૂત કરીને સમાજ-સુધારાની અને ધર્મસુધારાની વાતો કરી છે. આપણે ત્યાં સ્થપાયેલ થિયોસોફિકલ સોસાયટીમાં પણ બધા ધર્મો પ્રત્યે આદરભાવ હતો જ પણ એ પ્રવૃત્તિમાં ગૂઢ શક્તિઓ શોધવાનો અને કેળવવાનો આગ્રહ જાગ્યો અને એ આખી પ્રવૃત્તિ પ્રધાનપણે અંગ્રેજીમાં ચાલી એટલે આપણા વિરાટ ધર્મસમાજ ઉપર એની અસર મર્યાદિત જ રહી.

અને થિયોસોફિકલ સોસાયટી સામાજિક સુધારામાં બહુ ઝનૂનપૂર્વક ઊતરી નહીં. આર્થિક અને સામાજિક અન્યાય દૂર કરવા માટે જે ક્રાંતિ જરૂરી છે તે વસ્તુ તો થિયો-સોફીએ હાથમાં ધરી પણ નહીં. ગાંધીજીએ સમાજમાં નવજીવન દાખલ કરવા માટે જે જે વસ્તુઓ જરૂરી છે તે બધી વિશ્વાસપૂર્વક સમાજ આગળ મૂકી અને એથીયે વિશેષ પોતાના કાર્ય પ્રત્યે જેમનામાં આસ્થા છે એવા લોકોને ભેગા કરી એક તદ્દન નવી ઢબના આશ્રમ મારફતે એમણે સત્યજીવનના પ્રયોગો શરૂ કર્યા, અને એ સત્યનો આગ્રહ રાખનારા સેવકો તૈયાર કર્યા.

ગાંધીજી પોતે માનતા અને કહેતા હતા કે આશ્રમ જ મારી સૌથી શ્રેષ્ઠ કૃતિ છે. અને જોતજોતામાં એમના એ આશ્રમમાં અનેક ધર્મના લોકો ભેગા થવા લાગ્યા અને એ બધા એક કૌટુંબિક વાતાવરણમાં કઈ રીતે એકત્ર રહી શકે એના પ્રયોગો એ બધાએ ચલાવ્યા. આપણે બધા ધર્મોની પ્રાર્થના આદરથી એકસાથે કરવા લાગ્યા. એકબીજાના તહેવારો પણ આપણે અપનાવ્યા. એમનાં ધર્મગ્રંથો આપણે વાંચતા થયા અને દરેક ધર્મ-ધર્મ વચ્ચે જે હુંસાતુંસી ચાલતી હતી તે ઘણી ઓછી થઈ અને આખા દેશમાં એક ધર્મકુટુંબ સ્થપાયું હોય એવી રીતે લોકોએ આ દેશમાં ધર્મની વિવિધતા વધાવી લીધી.

'કોડિયું 'માંથી સાભાર ઉદ્ધૃત]

[આવતા અંકમાં પૂરો થશે.]

ચાલુ]

★

રાષ્ટ્રીય સરકાર સ્થાપો

આર્થિક આયોજનના કામમાં એકાગ્રપણે રોકાયેલા ભારતની હિમાલય સરહદ ઉપર ચીનાઓએ આક્રમણ કરીને આપણા દેશમાં એકાએક કટોકટીની સ્થિતિ ઊભી કરી છે. આપણી મોંઘાં મૂલ ચૂકવીને મેળવેલી આઝાદી ભયમાં આવી પડી છે. આ સમય આપણા દેશનેતાઓના વાંક ગફલત શોધવાનો નથી. દેશ ઉપર તૂટી પડેલા ભયનો તત્કાળ અને સંગીન સામનો કરવાનો છે.

ચીને એકપક્ષી યુદ્ધવિરામની ચાલબાજી અજમાવી છે. છતાં આપણા નેતા નેહરુ કહે છે તેમ આ લડાઈ લાંબી અને વસમી ઠરે એમ છે.

આથી આવા યુદ્ધ મામલાને પહોંચી વળવા દેશની મધ્યવર્તી સરકારની રચનામાં ફેરફાર કરવાનું પ્રસ્તુત લાગે છે. આ કંઈ 'મરણટાણે સાપ કાઢવા'ની વાત નથી પણ લડાઈને પહેલે જ ધડાકે આપણી થએલી પીછેહઠથી પહોંચેલા આઘાતમાંથી પ્રજાને ઊગારી લઈ આપણું તમામ બળ અને શક્તિસામગ્રી વિજય માટે કારગત બનાવવાની વાત છે.

અમને લાગે છે કે આવો ફેરફાર વગર ઢીલે પક્ષપાર્ટી, રાજ્ય, કોમ કે ભાષાના મુદ્દલ આગ્રહ વિના સાવ બિનપક્ષી પાયા પર દિલ્હી સરકારની પુનર્રચના કરીને થઈ શકે. એવી સરકાર દેશ આખામાંથી શ્રેષ્ઠ બુદ્ધિશક્તિ અને ડહાપણ દૂરંદેશીવાળા નેતાઓને ભેગા કરીને દેશરક્ષા અર્થે લડાઈ જીતવાનું જ ધ્યેય રાખે. પ્રાંતીય રાજ્યો એકેએક આ કટોકટીના કાળ દરમ્યાન પોતપોતાનાં સ્થાનિક દૃષ્ટિબિન્દુઓને સંપૂર્ણપણે કોરે મેલીને દિલ્હી સરકારના જ એજન્ટ તરીકે વર્તે ને તેની જ આજ્ઞાસૂચનાઓનું ચીવટપૂર્વક પાલન કરે.

આથી એવી રાષ્ટ્રીય સરકાર સ્થાપવા અંગે માજી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કરેલી જાહેર અપીલને અમે હાર્દિક ટેકો આપીએ છીએ અને દેશનેતાઓને અપીલ કરીએ છીએ કે આ ટાંકણે આવી રાષ્ટ્રીય સરકાર રચવામાં આવે; જેમાં દેશ આખામાંથી શ્રેષ્ઠ બુદ્ધિશક્તિવાળા આગેવાનોને લેવામાં આવે; ને જેનો દરેક સભ્ય પોતાની સત્તા પ્રતિષ્ઠા કે પક્ષપાર્ટીના તમામ આગ્રહોને કોરે રાખીને પોતાનું તમામ બળ આજે દેશરક્ષા અર્થે અર્પણ કરે.

આવી રાષ્ટ્રીય સરકાર સ્થાપવા સારુ આપણા વિશાળ દેશમાંથી તેવી ઊંચી બુદ્ધિશક્તિવાળા દસવીસ શાણાઓને ભેળા કરવાનું અશક્ય નથી. કેટલાક શ્રેષ્ઠ હરોળના નેતાઓ આજે કદાચ ચાલુ તંત્રના ટીકાકાર કે વિરોધી હશે; કોઈનાં દિલ ખાટાં હશે; પણ એવાઓની શક્તિ પણ અત્યારે દેશના ખપમાં આવવી જોઈએ. તેમ કરીશું તો સૌ શાણાઓના સંગઠન વચ્ચે તેઓ પણ ઠેકાણે આવશે અને એકબીજાને સાચવી લઈ દેશની રક્ષાના કામમાં સૌ પોતપોતાની શક્તિ–શાણપણ ઠાલવશે.

ગાંધીજીની પાછળ નેહરુ–વિનોબા બે જ આપણા દેશની નિર્વિવાદ શ્રેષ્ઠ વિભૂતિઓ છે. તેમની સેવાઓને જોડ નથી. આવા સંકટ કાળે બેઉ તરફથી પ્રજાએ જે અપેક્ષા રાખી તે દુર્ભાગ્યે અત્યાર સુધીમાં જોઈએ તેવી બર આવી નથી. અમો નીચે સહી કરનારા કોઈ પક્ષપાર્ટીના નથી. તેથી પાર્લમેન્ટ તરફથી પૂરી સત્તા ધરાવતી રાષ્ટ્રીય સરકાર સ્થાપીને આપણા વડાઓ આજે દેશની કુલઅપટ બુદ્ધિશક્તિને દેશના હિતમાં જોતરી લે અને આજની કટોકટીમાંથી રાષ્ટ્રને પાર ઉતારે એવી અમે અપીલ કરીએ છીએ.

મુંબઈ ૧૭·૧૨·૬૨

(સહી) કેદારનાથજી
રુસ્તમ મસાની
વૈકુંઠ લ. મહેતા
સ્વામી આનંદ

★

આર્થિક મૂલ્યો

ગગનવિહારી મહેતા

સદ્‌ગત વિદ્યાબહેન સ્મારક વ્યાખ્યાનમાળામાં મને બોલવાનું નિમંત્રણ આપ્યું તે બદલ હું એના યોજકોનો ઋણી છું. વિદ્યાબહેન સાથેના મારા સંબંધને લીધે હું આને મારું કર્તવ્ય માનું છું, છતાં આ નિમંત્રણ મારે માટે ગૌરવ લેવા સમાન છે એમ પણ જાણું છું. વિદ્યાબહેનના સ્મરણાર્થે જે વ્યાખ્યાનમાળા યોજાઈ હોય એમાં કંઈક કહેવું એ મારી જવાબદારી સમજું છું.

વિદ્યાબહેનના અવસાનને ચાર વર્ષ વીતી ગયાં છે, પરંતુ એમનાં સ્નેહીઓ અને સંબંધીઓનાં હૃદયમાં તો એમનું સ્મરણ તાજું જ છે. મૃત્યુ પછી મનુષ્ય એનાં કાર્યો વડે અને એના સ્મરણ દ્વારા આ પૃથ્વી પર જીવે છે. અમર તો કોઈ થઈ શકતું નથી, પણ પૂતળાં, પ્રતિમા અને ચિત્રો દ્વારા, કે રસ્તાને પોતાનું નામ આપી, પોતાના હોદ્દાનો લાભ લઈને મકાન કે હોલ બંધાવીને, કે સામા પૈસા આપીને જીવનચરિત્ર લખાવીને અમરતા તો પ્રાપ્ત નથી થતી!

વિદ્યાબહેન અડગ સમાજસુધારક હતાં, સેવાભાવી હતાં, પરંતુ સાથેસાથે તેઓ સામાજિક અને આર્થિક પ્રશ્નોનાં અભ્યાસી પણ હતાં. વૃદ્ધાવસ્થામાં પણ તેઓ ભૂતકાળમાં રચ્યાંપચ્યાં રહેતાં નહોતાં; બદલાતી જતી સામાજિક પરિસ્થિતિને સ્પર્શતા વિવિધ પ્રશ્નોમાં પૂરો રસ લઈ અનેક કલ્યાણકારી અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેતાં. વિદ્યાબહેનનો અનેક સંસ્થાઓમાં શો ફાળો હતો એ અમદાવાદમાં ભાગ્યે જ કહેવાની જરૂર હોય. કેટલાય માણસોને એમણે સાંત્વન આપ્યાં હતાં, એમનામાં નવજીવનનાં બીજ રોપ્યાં હતાં. સંસારના ચક્રે એમના પર અસર કરી હતી, પરંતુ એથીયે વધારે એમણે બીજાના જીવનમાં ઘણું અર્પણ કર્યું હતું.

જેમનામાં અતિશય અહંભાવ હોય છે, જેઓ પોતાને કદી ભૂલી શકતા નથી, જેમને એવી ભ્રાન્તિ હોય છે કે આખી સૃષ્ટિ એમની આસપાસ નિરંતર ફર્યા જ કરે છે, અને એમની કીર્તિ અને મહત્તા એ જ બ્રહ્માંડનું ધ્યેય છે એમ જેઓ ધારે છે તેઓ કદી સુખી નથી થઈ શકતા; અને એમને વૃદ્ધાવસ્થા અસહ્ય લાગે છે. પરંતુ જેઓ ક્રમે ક્રમે પોતાની અહંભાવની દીવાલ તોડી નાખી શકે છે, બાહ્ય જીવનમાં અને વિવિધ પ્રવૃત્તિમાં પરોવાઈ શકે છે, કાર્યમાં સતત તલ્લીન રહે છે એમને ઘડપણ આકરું લાગતું નથી. સુવાક્યો ઘણુંખરું તો ભીંત પર, પાટિયા પર, દસ્કત-શિક્ષકમાં અને હસ્તાક્ષર-પત્રિકામાં લખવા પૂરતાં જ હોય છે, છતાં ગીતાનો એક શ્લોક જીવનમાં જેટલે અંશે આચરી શકીએ એટલા પ્રમાણમાં જીવન કૃતાર્થ કરી શકીએ અને સુખી પણ થઈ શકીએ એમ મને ઘણાં વર્ષોથી લાગે છે.

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥

આવી કાર્યનિમગ્નતા એ કેવળ કર્તવ્યપરાયણતા જ નથી; એમાં સર્જનનો રોમાંચ છે, જીવનનું સ્ફુરણ છે.

આજીવિકાનું કાર્ય મુખ્ય

પરંતુ કેવા પ્રકારના કાર્યમાં આપણે ગૂંથાઈએ છીએ એ પહેલાં વિચારવાનું છે. સૃષ્ટિના આરંભથી માનવીને માટે આજીવિકાનું કાર્ય મુખ્ય રહ્યું છે. સમાજપ્રથાની શરૂઆત થઈ ત્યારથી મોટા ભાગના લોકોને તો પોતાના નિર્વાહ પૂરતું કેમ મેળવવું અને કુટુમ્બનું પોષણ કેમ કરવું એ દરરોજનો અને જીવનપર્યન્તનો પ્રશ્ન રહ્યો છે. મારા એક મિત્ર પોતે કેવું માસિક, ત્રૈમાસિક પ્રગટ કરશે, કેવા લેખકોને દેશ-પરદેશમાંથી એમાં લખવાનું કહેશે અને પોતે એમાં કેવાં નાટકો અને વાર્તાઓ લખશે એનું વિસ્તારથી વર્ણન કરતા હતા ત્યારે એમના પિતા એમને પૂછતા કે, "એ બધું સાચું, પણ તારાં છોકરાં ઘૂઘરે શી રીતે રમશે?"

આજે દુનિયામાં થોડાક જ દેશો એવા છે જ્યાં સામાન્ય માણસોને પણ દરેક પ્રકારની સુખસગવડ હોય છે, બેકારીનો પ્રશ્ન મૂંઝવતો નથી અને કુટુમ્બના ભાવિની ચિંતા પણ નથી હોતી. આને પરિણામે એ દેશોના લોકો સુખી છે કે નહિ એ જુદો પ્રશ્ન છે, કારણ કે 'સુખ'ની એક સર્વમાન્ય વ્યાખ્યા નક્કી કરવી કઠણ છે. પરંતુ દુનિયાના ઘણાખરા દેશોમાં લોકસમૂહની પરિસ્થિતિ આથી જુદી જ છે. તેથી જ આપણે કહીએ છીએ કે આપણા મૌલિક પ્રશ્નો આર્થિક છે, જો કે એ 'આર્થિક' પ્રશ્નો કયા છે અને એનું કેમ નિરાકરણ કરવું એ વિશે બધા એકમત નથી હોતા. આજના વાતાવરણમાં આને વિશે અર્થશાસ્ત્રીઓ, રાજદ્વારી પુરુષો (?) અને સામાન્ય લોકોમાં જોશભેર ચર્ચા ચાલે છે; આર્થિક સ્વતંત્રતા અને રાજ્યના અંકુશ, વ્યક્તિગત સાહસ અને રાષ્ટ્રીયકરણ, ધનની અસમાનતા અને સ્પર્ધાનું સ્થાન ઇત્યાદિ અનેક પ્રશ્નો આપણી સમક્ષ છે. આવા પ્રશ્નો મહત્ત્વના છે, મૌલિક છે; પરંતુ દુર્ભાગ્યે એનો નિકાલ કેવળ નિરીક્ષણ કે પ્રયોગોથી જ થઈ શકતો નથી. એવી કોઈ સામાજિક પ્રયોગશાળા નથી કે જેમાં આ પ્રશ્નોનું પૃથક્કરણ થઈ શકે, એનું પ્રમાણ માપી શકાય અને પરિણામ સિદ્ધ કરી શકાય.

છેલ્લાં પચાસસાઠ વર્ષોમાં સામાજિક પ્રશ્નો વિશે ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું છે, ઘણી સામગ્રી એકઠી થઈ છે, છતાં પણ આવા ઘણાખરા પ્રશ્નો મૂલ્યના છે, હકીકત કે યથાર્થતાના નથી; અને મૂલ્ય નૈતિક વૃત્તિ પર, બલ્કે માનસિક વૃત્તિ પર પણ આધાર રાખે છે. અર્થશાસ્ત્રનો આવા મૂલ્ય સાથે કેવો અને કેટલો સંબંધ હોઈ શકે એ ગૂઢ પ્રશ્ન છે.

અર્થશાસ્ત્રની મર્યાદા

કેટલાક અર્થશાસ્ત્રીઓ કહે છે કે અર્થશાસ્ત્ર સાધનોનો, ઉપાયોનો અભ્યાસ છે. દાખલા તરીકે, ભાવ કેમ વધે છે અને ક્યારે વધે છે, ચલણ કે નાણું શી વસ્તુ છે એનું પૃથક્કરણ અર્થશાસ્ત્ર કરી શકે, પરંતુ એ નાણાંનો શો ઉપયોગ કરવો એનો નિર્ણય કરવાનું કામ અર્થશાસ્ત્રનું નથી. અમુક પરિસ્થિતિનું શું પરિણામ આવે તે અર્થશાસ્ત્રી સમજાવી શકે, પરંતુ એ પરિસ્થિતિ સુધારવા શાં પગલાં લેવાં એનો આધાર એ અર્થશાસ્ત્રીની સામાજિક ફિલસૂફી પર અથવા રાજકીય દૃષ્ટિ પર અથવા તો કેવળ મનુષ્યની અભિલાષા કે સ્વભાવ પર આધાર રાખે છે. ઉપરાંત, જે આર્થિક નીતિને અર્થશાસ્ત્રીઓ આવશ્યક લેખે એનું

આચરણ અનેક વસ્તુઓ પર આધાર રાખે છે: રાજકીય પક્ષને ફંડના પૈસા ધનવાન આગળથી અને મત ગરીબ આગળથી મેળવવાના હોય છે, એટલે ભાષણો એક પ્રકારનાં કરવાં પડે છે જ્યારે વર્તન હંમેશાં એ પ્રકારનું નથી હોતું. અલબત્ત, કોઇ પણ નીતિના આચરણમાં અંતરાયો તો આવે જ છે, મુશ્કેલીઓ નડે છે અને પરસ્પરવિરોધી બળો પણ હોય છે; પણ આ સર્વ તત્ત્વો અર્થશાસ્ત્રની દૃષ્ટિથી અલગ છે એમ કહી શકાય, કારણ કે અર્થશાસ્ત્રનો કોઇ નિયમ યથાર્થ રીતે પૂરેપૂરો અમલમાં મૂકાય નહિ ત્યાં સુધી એ સાચો છે કે ખોટો છે એનો નિર્ણય કેવી રીતે કરી શકાય? લાંબે ગાળે એ સાચો પુરવાર થશે એમ કહેવાય છે, પણ વિખ્યાત અર્થશાસ્ત્રી કેન્સ કહેતો એમ, લાંબે ગાળે તો આપણે સૌ કોઇ નહિ હોઇએ! અને બધા સંજોગો અનુકૂળ હોય તો અમુક પરિણામ આવે એમ મર્યાદિત પ્રમાણમાં પ્રતિપાદન કરવામાં એ પણ યાદ રાખવાનું હોય છે કે દુર્ભાગ્યે બધા સંજોગો કદી સરખા પણ નથી હોતા અને અનુકૂળ પણ નથી હોતા. અર્થશાસ્ત્ર કે ઇતિહાસ સિદ્ધાંતના પાઠ નથી શીખવી શકતા; કેવળ વિવેક, દીર્ઘદૃષ્ટિ અને ધૈર્ય શીખવી શકે.

સામ્યવાદી ફિલસૂફી

સામ્યવાદી વિચારકો તો કહે છે કે વર્ગભેદ હોય ત્યાં સુધી આર્થિક દૃષ્ટિમાં નિષ્પક્ષ પરીક્ષા અશક્ય છે. અલબત્ત, એ પોતે આ નિયમમાં અપવાદરૂપ છે. કાર્લ માર્ક્સે જ્યારે પોતાનું મહાન પુસ્તક "Das Kapital" લખ્યું તે સમયની એની આર્થિક વિટંબણાનો એમાં પ્રતિધ્વનિ છે એમ માનવું એ ઘોર પાપ છે. સામ્યવાદી નેતા જે કોઇ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે એ સત્ય જ માનવો ઘટે! અથવા તો, એમ દલીલ થાય કે સંપૂર્ણ-સત્ય માનવજીવનમાં અપ્રાપ્ય છે, એટલે જે સામ્યવાદી ધ્યેય માટે અનુકૂળ એ જ સત્ય છે! છતાં પણ સામ્યવાદીની આ ટીકા છેક નાખી દેવા જેવી નથી. આપણે સૌ જે સ્થિતિમાં ઊછર્યાં હોઇએ અથવા રહેતાં હોઇએ એના પર આપણી મનોવૃત્તિનો, આપણી વિચારસરણીનો, આપણા વ્યવહાર અને વર્તનનો ઘણો આધાર છે. ગર્ભશ્રીમંત યુવકને તો સ્વાભાવિક એમ જ લાગે કે જે સ્થિતિમાં એ રહે છે તે કુદરતી છે; જે પરિસ્થિતિ ચાલતી આવી છે તે ચાલ્યા જ કરશે અને ચાલ્યા કરવી જોઇએ, તેમ જ જે સ્થિતિ છે તે ઇષ્ટ અને યોગ્ય છે. ખેતરમાં મજૂરી કરનારનું માનસ અને ધનાઢ્ય મિલમાલિકનું માનસ કેવી રીતે એક પ્રકારનું હોઈ શકે?

પરંતુ મનુષ્યના વિચાર અને અભિપ્રાય એની આર્થિક પરિસ્થિતિનું જ પરિણામ હોઈ શકે એમ સ્વીકારીએ તો પછી બુદ્ધિપૂર્વક નિર્ણયને અવકાશ જ નથી રહેતો. પછી તો પ્રત્યેક કાર્ય સ્વાર્થવૃત્તિ પર અથવા તો માણસ જેને પોતાનો સ્વાર્થ માને એના પર જ અવલંબિત રહે અને જે પોતાનો નેતા કે પક્ષ કહે એ જ સાચું માનવાનું રહે આને 'શાસ્ત્રીય' વિચારણા તો ન જ કહી શકાય. આ તો નવા પ્રકારની અંધશ્રદ્ધા થઈ— ધાર્મિક નહિ તો માનસની અને સંપ્રદાયની. આમાં વિવેક વગરની નિષ્ઠા છે અને સત્યનો ઇનકાર છે. આમે પણ સત્યનું સંશોધન મુશ્કેલ છે અને સત્યનું પાલન એથી પણ વધારે દુઃસાધ્ય છે. સત્યનો વિજય સંસારમાં કે રાષ્ટ્રમાં થાય કે નહિ, પરંતુ એને ધ્યેય તરીકે સ્વીકારવામાં—એને માટે મથવામાં જીવનની જે સાર્થકતા છે એની અવગણના આર્થિક હિતો પણ ન કરી શકે.

પાશ્ચાત્ય સંસ્કૃતિનો શ્રેષ્ઠ ફાળો

પાશ્ચાત્ય સંસ્કૃતિએ માનવજાતિની પ્રગતિમાં સૌથી શ્રેષ્ઠ અને આવશ્યક ફાળો આપ્યો હોય તો તે યંત્રની શોધ નહિ પણ વૈજ્ઞાનિક વૃત્તિ—શાસ્ત્રીય પદ્ધતિ છે એમ મને તો લાગે છે. આપણી પોતાની ઇચ્છા, રુચિ તેમ જ લાભ-ગેરલાભને આવી વૃત્તિમાં સ્થાન નથી. જ્ઞાનપ્રાપ્તિ કરવાની સ્પૃહા, સત્યના સંશોધનની અભિલાષા અને નિષ્ઠા આ વૃત્તિની ભીતરમાં છે; અને બીજા બધા મનોરથો, બીજી આકાંક્ષા અને લાલસા અસ્થાને છે અને ત્યાજ્ય છે. નિરીક્ષણ કરીને, પ્રયોગ કરીને, નિષ્પક્ષપણે, દુરાગ્રહ દૂર કરીને, લાગણીને વશ થયા વગર કોઈ પ્રશ્નની પરીક્ષા કરવી, કોયડાનું પૃથક્કરણ કરવું એ શાસ્ત્રીય વિચારણા અને પદ્ધતિના મૂળમાં છે. આપણી દઢ માન્યતા પણ તપાસવી, આપણે જેને સિદ્ધાંતો ધારીએ છીએ એમાં કેટલું તથ્ય છે એ વિચારવું, પ્રમાણ સિવાય અને હકીકત તપાસ્યા સિવાય નિર્ણય પર ન આવવું, એ સહેલું નથી, પણ એ વગર વિજ્ઞાનની પ્રગતિ અશક્ય છે. વિજ્ઞાનનું મૂળ જ્ઞાન છે અને જ્ઞાન અંધશ્રદ્ધા, કાલ્પનિક મનોરથો, વહેમ કે અનિશ્ચિતતાથી પ્રાપ્ત નથી થતું.

પરંતુ સામાજિક અને આર્થિક પ્રશ્નોની પરીક્ષા કરવામાં આવી શાસ્ત્રીય પદ્ધતિ, આવી નિષ્પક્ષ દૃષ્ટિ સરળ નથી એ સ્પષ્ટ છે. આપણો રોજનો અનુભવ છે કે આવા પ્રશ્નોની ચર્ચામાં, એની છણાવટમાં લાગણી, પક્ષપાત, અંગત લાભ ગેરલાભની ગણતરી તરત આવી જાય છે. એક પુલ બાંધવો હોય ત્યારે તેનો એક થાંભલો કેવો અને કેટલો હોવો જોઈએ, એની લંબાઈ કે પહોળાઈ કેટલી હોવી જોઈએ એ નક્કી કરતી વખતે નિષ્ણાત માણસો ઉશ્કેરાઈ નથી જતા, પણ વિષય જેમ ગહન—પછી તે આર્થિક નીતિનો હોય, સામાજિક સુધારણાનો હોય કે રાજકીય ધ્યેયનો હોય—તેમ ચર્ચા કરનારાઓ સંયમ નથી રાખી શકતા. કેટલીક વાર મને એમ લાગે છે કે કોઈ માણસનું એક બાબતમાં જેટલું અજ્ઞાન હોય છે તેટલો જ એ વિષયમાં એ વધારે દુરાગ્રહી હોય છે અને મતભેદથી કોપાયમાન થાય છે! અલબત્ત, સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ બુદ્ધિપૂર્વક અને વિવેકપુરઃસર કરવામાં બુદ્ધિ અને તર્કની મર્યાદા સ્વીકારવી આવશ્યક છે. એ જ પ્રમાણે અમુક પરિસ્થિતિમાં કઈ આર્થિક નીતિ ઉત્તમ છે તે કહેવું પણ મુશ્કેલ છે, કારણ કે જે ઉપાયો રાજકીય સંજોગોની અવગણના કરે તે વ્યવહારુ નથી નીવડતા. અર્થશાસ્ત્રના નિયમો ભૌતિકશાસ્ત્ર કે રસાયણ શાસ્ત્રના નિયમો જેવા સ્થાપિત કે સ્થિર નથી તેનું મુખ્ય કારણ તો એ છે કે મનુષ્યના સ્વભાવ અને વર્તન વિશે નિશ્ચિત રીતે કંઈ પણ કહેવું મુશ્કેલ છે. પ્રયોગમાં નિષ્ફળ નીવડતો ત્યારે મહાન વૈજ્ઞાનિક લોર્ડ રધરફર્ડ કહેતો કે, "શું થાય? આ વાતાવરણમાં પુષ્કળ મનુષ્ય-સ્વભાવ પથરાયેલો છે."

એ તો સ્પષ્ટ છે કે કોઈ પણ આર્થિક નીતિ બધા સંજોગોમાં અનુકૂળ હોતી નથી, કોઈ પણ આર્થિક સૂત્રો દરેક પરિસ્થિતિમાં સરખાં હોતાં નથી. અર્થશાસ્ત્રના નિયમો એવા સર્વવ્યાપી હોય કે દરેક પરિસ્થિતિમાં સાચા હોય તો એનો કંઈ અર્થ નથી. વળી એ નિયમો કેવળ વ્યવહારુ ઉપયોગ માટે જ હોય તો જુદાં જુદાં બજારોની પ્રવૃત્તિનું પ્રતિબિમ્બ બને; છતાં અર્થશાસ્ત્રનાં પાઠ્યપુસ્તકોમાં લખ્યા પ્રમાણે બજારો ઉપરનીચે જતાં નથી, ભાવો

વધતા-ઘટતા નથી. છેલ્લા બેત્રણ દાયકાથી અર્થશાસ્ત્રમાં ગણિત અને આંકડાનું મહત્ત્વ ઘણું જ વધ્યું છે અને એ ઉચિત પણ છે, કારણ કે આર્થિક સૂત્રોના પ્રતિપાદન માટે આંકડા આવશ્યક છે. પરંતુ મનુષ્યનું વર્તન એની વૃત્તિ પર આધાર રાખે છે; એ લાગણીવશ થાય છે. એને લોભ ઉપરાંત આકાંક્ષા સ્પર્ધા, સહકારવૃત્તિ એવા વિવિધ હેતુઓ હોય છે, અને પરસ્પરવિરોધી બળો એને આમતેમ તાણે છે.

આંકડાશાસ્ત્રની છેતરપિંડી

અર્થશાસ્ત્રમાં જે "આર્થિક મનુષ્ય" [economic man]; એટલે કે કેવળ આર્થિક હેતુથી કામ કરતો માણસ કેન્દ્રસ્થાને માનવામાં આવે છે એવો કોઈ મનુષ્ય હોઈ શકે કે કેમ એ પ્રશ્ન છે. શબ્દોની પેઠે આંકડા પણ માણસને છેતરી શકે છે તેમ જ છેતરવા માટે આંકડાનો ઉપયોગ થઈ શકે છે. અર્થશાસ્ત્રને દેશ અને કાળની મર્યાદા હોય એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. એડમ સ્મિથે ૧૭૭૦માં ઇંગ્લંડ વિશે જે સિદ્ધાન્તો પ્રતિપાદન કર્યા હોય અથવા કાર્લ માર્ક્સે ૧૮ ×માં ઇંગ્લન્ડ, ફ્રાન્સ કે જર્મની વિશે જે કહ્યું હોય તે ૧૯૬૨માં ભારતને અનુકૂળ હોય એમ માનવાનું કારણ નથી. આફ્રિકામાં વાંદરાની એક એવી જાત છે કે જે માણસના જેવાં જ ઝૂંપડાં બાંધે છે, પણ એની અંદર રહેવાને બદલે એ બહાર રહે છે. બીજા દેશનાં નીતિ અને કાયદાનું અનુકરણ કરવામાં એ જોખમ છે કે જે આવશ્યક છે તેના પર લક્ષ રાખવાને બદલે જે દેખીતું હોય તે આપણે ગ્રહણ કરીએ છીએ. અર્થશાસ્ત્રના અભ્યાસમાં સિદ્ધાન્ત અને વાસ્તવિકતા બંને આવશ્યક છે; એટલે શાસ્ત્રીય દૃષ્ટિ અને વ્યવહાર બુદ્ધિ બંનેનો એમાં સમન્વય થઈ શકે છે. એમાં કોઈ વાદ નથી સિદ્ધ થતો; એ તો વ્યવસ્થિત માર્ગ છે, માનસિક શિસ્ત છે, વિચારની પદ્ધતિ છે.

આર્થિક સ્વતંત્રતા : પણ કોની ?

"આર્થિક સ્વતંત્રતા" વિશે હાલ આપણે ત્યાં વિવાદ ચાલે છે. વ્યક્તિની સ્વતંત્રતા એટલે શું ? આર્થિક ક્ષેત્રમાં કેટલે અંશે એ આવશ્યક છે-લાભદાયક છે ? કેટલે અંશે અને કેવી રીતે એના પર રાજ્યનો અંકુશ હોવો જોઈએ ?—એ પ્રશ્નો વિચારવા જેવા છે. ધોરી રસ્તા પર વાહનો અને રાહદારીઓ માટે નિયમ ન હોય તો બધાંને સ્વતંત્રતા નથી મળતી પણ બધું અસ્તવ્યસ્ત થઈ જાય અને અકસ્માતો વધી જાય! એ જ પ્રમાણે રાજ્યમાં ધોરણ વગર વ્યક્તિની સ્વતંત્રતા પણ શક્ય નથી. પરંતુ એનો અર્થ એમ નથી કે જેમ વધારે કાયદા-કાનૂનો હોય, જેમ વધારે અંકુશો હોય એમ વધારે સ્વતંત્રતા પ્રાપ્ત થાય! આર્થિક ઘટનામાં રાજ્ય અને વ્યક્તિ બંનેને અવકાશ છે. પરન્તુ એક પક્ષ એવી દલીલ કરે કે જ્યાં કોઈપણ પ્રકારનો અંકુશ ન હોય ત્યાં વ્યક્તિ સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવી શકે; એટલે કે જેટલા કાયદા-કાનૂન ઓછા એટલો સમાજને લાભ. આનો પ્રશ્ન એ છે કે જે "સ્વતંત્રતા" વિશે ચર્ચા કરીએ એ સ્વતંત્રતા કોની? સમાજમાં કયા અંગની અને શા વાસ્તેની? કારખાનામાં પૂરતી હવા કે ચોખ્ખાઈ ન રાખવાની, કામદારો માટે સહીસલામતી માટેનાં સાધનો ન રાખવાની, ગમે તેટલા કલાક કામ કરાવવાના માલિકની 'સ્વતંત્રતા' હવે કોઈ સ્વીકારતું નથી. માલમાં ભેળસેળ કરવાની, કાળાબજાર કરવાની છૂટને માટે 'સ્વતંત્રતા' શબ્દ પણ લાંછનરૂપ છે. સામુદાયિક હિત માટે આવી 'સ્વતંત્રતા'

અમર્યાદિત ન જ હોઈ શકે. ત્યારે સામો પક્ષ આની વિરુદ્ધ એમ કહે કે સામાજિક યંત્રણામાં મનુષ્ય તો માત્ર એક અંગ છે—કોઈ મોટા સંચામાં એક ખીલો હોય એવો છે. વ્યક્તિનું હિત વ્યક્તિ પોતે સમજે તેના કરતાં રાજ્ય વધારે સમજે. જાણે રાજ્ય એટલે કોઈ દૈવી શક્તિ; કોઈ પ્રચંડ અને અમોઘ સત્તા હોય! રાજ્ય એટલે અનેક મંત્રીઓ, પ્રધાનો, ઊંચા-નીચા દરજ્જાના અમલદારો.

આ ચર્ચામાં ગૂંચવાઈ જતાં પહેલાં એ વિચારવાનું છે કે "આર્થિક સ્વાતંત્ર્ય" એ એક જ સામાજિક મૂલ્ય છે, એ એક જ મનુષ્યનું ધ્યેય છે, કે એનો બીજાં મૂલ્યો, બીજા હેતુઓ અને ધ્યેયો સાથે સમન્વય આવશ્યક છે? વ્યક્તિગત સ્વતંત્રતા જાળવવાના ધ્યેયવાળા સમાજે સમાજની કાર્યદક્ષતા અને એનો વિકાસ, ન્યાય, રક્ષણ એ સર્વને પણ લક્ષમાં રાખવાનાં હોય છે. આ બધાં જ ધ્યેયો એકસાથે સાંપડતાં નથી, સાધ્ય નથી; એમાં પરસ્પર વિરોધ પણ હોય છે. એકને પ્રાપ્ત કરતાં બીજાનો થોડેઘણે અંશે ત્યાગ કરવો પડે છે. દેશના રક્ષણ માટે વ્યક્તિની સ્વતંત્રતાનો કે આર્થિક સમૃદ્ધિનો પણ ભોગ આપવો પડે છે. શાંતિ જાળવવી હોય તો ઘણીવાર અન્યાય ખમવો પડે છે. આર્થિક મૂલ્યો એટલાં શ્રેષ્ઠ નથી કે એ માટે બીજી બધી ભાવનાઓને હોમી દઈએ. પાશ્ચાત્ય દેશોમાં ઔદ્યોગિક પરિવર્તન થયું ત્યારે સામાજિક હિતની અવગણના થતી અને આર્થિક સમૃદ્ધિ સાધવા માટે ગમે તેનો ભોગ અપાતો. પરિણામે, હાથવણાટનું કામ કરતા કારીગરો બેકાર થતા અને ભૂખે પણ મરતા, કુમળાં બાળકોને ૧૮ ૨૦ કલાક કામ કરવું પડતું, સ્ત્રીઓને કારખાનાંઓમાં કે કોલસાની ખાણોમાં સખત મજૂરી કરવી પડતી આ તો ભૂતકાળની વાત થઈ; પરંતુ વીસમી સદીમાં પણ સોવિયેટ રશિયામાં આર્થિક પ્રગતિ માટે લાખોનાં બલિદાન અપાયાં હતાં. લાખો ખેડૂતોની સ્ટાલિનના આદેશથી કતલ કરવામાં આવી હતી, ઉદ્યોગો સ્થાપવા માટે ગામડાની પ્રજાને કેટલોક વખત ભૂખમરો વેઠવો પડયો હતો. કામદારોને ગુલામી ભોગવવી પડી હતી. ચીનની સામાન્ય જનતાએ છેલ્લાં તેર વર્ષમાં સામ્યવાદી પ્રયોગોને ખાતર કેટલું સહન કર્યું છે તે હવે કહેવાની જરૂર છે? દિલ્હીના આપણા રાજ્યકર્તાઓ, જેઓ ચીનથી મુગ્ધ હતા તેઓ પણ હવે આ સ્વીકારે છે! જાપાનની ઔદ્યોગિક પ્રગતિનો આરંભ એ દેશની યુદ્ધનીતિને ઘણે અંશે આભારી છે. આજે આ ભાવના બદલાઈ ગઈ છે. લોકકલ્યાણ વગર સાચી આર્થિક ઉન્નતિ શક્ય નથી એ સામાન્ય રીતે હવે સ્વીકારાય છે.

ભૂખ્યાની પાસે ઈશ્વર રોટલાના સ્વરૂપમાં

આજે આયોજનો—પછી એ પંચવર્ષીય હોય કે દશવર્ષીય હોય—એનો હેતુ આર્થિક હિત સાધવાનો છે, અને એ સર્વથા યોગ્ય છે. દેશની દરિદ્રતા દૂર કરવી, જનતાની સ્થિતિ સુધરે તેવો પ્રયાસ કરવો એમાં અપવાદ નથી. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું અને ગાંધીજી પણ એ જ ઘણીવાર કહેતા કે ભૂખ્યાની પાસે ઈશ્વર રોટલાના સ્વરૂપમાં પ્રગટ થાય છે. મનુષ્ય કેવળ અન્નને માટે જીવતો નથી, તેમ આજીવન ઉપવાસ પણ કરી શકતો નથી. રસોઈ કરનારને અસ્પૃશ્ય ગણી શકતો નથી. બર્નાર્ડ શૉના 'મેજર બાર્બરા' નામના નાટકમાં દારૂગોળો બનાવીને પુષ્કળ પૈસા કમાયેલો એન્ડ્રુ અન્ડર-શાફ્ટ એના પુત્રને કહે છે કે મારા કારખાનામાં કામ કરતા માણસોના આત્મા ભૂખ્યા છે, કારણ કે એમના શરીરને પુરતો ખોરાક મળ્યો છે. એની વિરુદ્ધ, અલબત્ત, એમ પણ કહી શકાય કે રોજ મિષ્ટાન્ન ખાતા અને મિજમાનીઓમાં રચ્યાપચ્યા રહેતા લોકોના આત્મા ભૂખ્યા નથી રહેતા. દુઃખ એ છે કે જે રોજેરોજ મિષ્ટાન્ન ખાઈ શકે છે એમને અજીરણ

થયું હોય છે, ત્યારે જેમને ખૂબ ભૂખ લાગે છે એમને પૂરતું અન્ન નથી મળતું! લેખકો, કવિઓ, કલાકારો કે વૈજ્ઞાનિકો કેવી પરિસ્થિતિમાં ઊછર્યો હોય છે, કેવી વિટંબણામાં કામ કરે છે તે આપણે સૌ જાણીએ છીએ. પરંતુ તેથી દરિદ્રતાને આદર્શરૂપ લેખવાની જરૂર નથી. જનતાની આર્થિક સ્થિતિ સુધારવી અને પૈસાને પરમેશ્વર ગણવો એ બે એક વસ્તુ નથી. આજની દુનિયામાં આર્થિક ઉન્નતિ વગર રાજકીય સ્વાતંત્ર્ય શક્ય નથી અને સાચી સંસ્કારિતા પણ અલભ્ય છે.

કોની સમૃદ્ધિ અને કેવા પ્રકારની?

આયોજનને લક્ષ્ય હોવું જોઈએ. પ્રગતિ પણ ધ્યેય વગર ન થઈ શકે. ગમે તે તરફની ગતિ એ પ્રગતિ નથી. કોઈ સ્પષ્ટ, નિશ્ચિત હેતુઓ માટે વ્યવસ્થિત પ્રયત્ન બુદ્ધિપૂર્વક થાય ત્યારે એને આયોજન કહેવાય અને પ્રગતિ સંભવિત થાય. પરંતુ કેવળ આર્થિક લાભ એ આયોજનના હેતુ ન હોઈ શકે. કાર્લ માર્ક્સના અનુયાયીઓ તેમજ મૂડીવાદીઓ બન્ને આમ માનવામાં ભૂલ કરે છે. લોકો ગુલામો તરીકે પણ સમાન થઈ શકે અને સ્વતંત્ર સ્ત્રી-પુરુષો તરીકે પણ થઈ શકે. ઉદ્યાનમાં વિવિધતા હોય છે; રણ એક પ્રકારનું હોય છે. લોકસમૂહનું દમન કરીને, એમને ચિપાવીને રાજ્ય અથવા થોડા રાજ્યકર્તા અને સત્તાધારીઓ સમૃદ્ધ થાય એને આર્થિક ઉન્નતિ કહી શકાય? આથી જ આર્થિક સમૃદ્ધિની ચર્ચા કરીએ ત્યારે કોની સમૃદ્ધિ અને કેવા પ્રકારની એ વિચારવું ઘટે છે. જે દેશોના લોકો પાસે પુષ્કળ ધન અને સામગ્રી છે એ તો ગમે તે વસ્તુઓ બનાવી શકે છે અને અનેક પ્રકારના સાચાખોટા પ્રચાર દ્વારા નવી નવી અનાવશ્યક અને હાનિકારક માગ પણ ઉપજાવી શકે છે. આ કેટલે અંશે ઇષ્ટ છે એની ચર્ચામાં અહીં નહિ ઊતરીએ, પરંતુ એવી પ્રગતિનું અનુકરણ આપણે કરવું એ ગંભીર ભૂલ છે. આવા અનુકરણને લીધે મૂલ્યની વિકૃતિ થાય છે અને આયોજનની ઘટના ઊલટાસૂલટી થઈ જાય છે. જે દેશમાં લોકો પૂરતું અનાજ ઉત્પન્ન નથી કરી શકતા, જ્યાં એક માણસ સરેરાશ પંદર વાર કાપડ વર્ષમાં ખરીદી શકે છે, જ્યાં મુંબઈ કલકત્તા જેવાં શહેરોમાં હજારો માણસોને ચોમાસું હોય કે શિયાળો પણ ફૂટપાથ પર રાત્રે સૂવું પડે છે, ત્યાં ટેલિવિઝન માટે પૈસા ખર્ચવા, એરોમિક એનર્જીના કાર્યકર્તાઓ અને તેમનાં સુખસગવડ પાછળ લાખો રૂપિયા ખર્ચવા, દેશના સંરક્ષણને નામે કોઠી બનાવવાનાં સંચા અને સિનેમાનાં યંત્રો બનાવવાં, શહેરોમાં રહેતા થોડા સારી સ્થિતિના લોકોના ઉપયોગ માટે મોંઘી ચીજો બનાવવા પરદેશી હૂંડિયામણ ખર્ચવું—એ બધામાં કોની આર્થિક ઉન્નતિ સધાય છે તેનો વિચાર કરવાનું આપને સોંપું છું. અને આ કોઈ માત્ર આપણા દેશને ઉદ્દેશીને નથી કહેતો. ઇન્ડોનેશિયામાં પુષ્કળ ગરીબાઈ છે, છતાં લાખો રૂપિયા ખર્ચીને ત્યાં 'સ્ટેડિયમ' કર્યું છે. ઘાનામાં એક મંત્રીની પત્નીએ લંડનમાં સોનાના એક પલંગ માટે ૪૫,૦૦૦ રૂપિયા ખર્ચ્યા હતા. એવી જ રીતે રાજ્યકર્તાની પ્રતિષ્ઠા ખાતર જંગી ઇમારતો અને ભવ્ય મકાનો બાંધવાં એ ઉચિત છે? અને તે પણ પૈસા અમેરિકા પાસેથી ઉછીના લઈને! ટ્રેનમાં ટેલિફોન રાખવાને બદલે જે ટેલિફોન છે તે બરાબર ચાલે અને જેમને જોઈએ છે એમને પાંચ વર્ષ પણ મળે એ વ્યવસ્થા પહેલી ન કરવી જોઈએ!

ચાલુ]

[આવતા અંકમાં પૂરો થશે]

મધુરી

વત્સલા મહેતા

રૂપના ઢગલા જેવી મધુરીનો જન્મ થતાંની સાથે જ સુભદ્રાને એટલો તો હર્ષ થયો કે એની સાસુ ગોમતીબહેને તો કહ્યું પણ ખરું, " અલી સુભદ્રા ! તને તે હરખવા થયો છે કે શું ? છોડીના જનમ પર તે વળી હરખવા થતો હશે ? " પણ તેમ છતાં ગોમતીબહેન પોતે પણ ખૂબ જ હરખાયાં ને " ઘેર લક્ષ્મી પધાર્યાં " કહીને સાકર વહેંચી. સુભદ્રાને હર્ષ ના થાય ? લગ્ન થયે દસ વર્ષ વીતી ગયાં પણ પોતાને બાળક નહોતું તેનું દુઃખ સુભદ્રાને તો હતું જ તેમાં રૂઢિચુસ્ત સાસરામાં પરણેલી એટલે હિન્દુ સંસારમાં હોય છે તેમ મહેણાં તો સગાંવહાલાં તેમ સાસુ તરફથી આખો દહાડો પડતાં. વળી બાળક વિનાનું કાંઈ જીવન છે ? કનુભાઈને પણ બાળક નહિ તેનું બહુ જ દુઃખ લાગતું. આખરે દોરા ધાગા છોડીને લેડી ડૉકટરને દેખાડીને ઉપચાર કર્યાં ત્યારે મધુરીનો જન્મ થયો. પણ વિધિની કેવી વિચિત્રતા ? છએક મહિનાની મધુરી થઇ ને વરસાદનું તોફાન ને વીજળીના કડાકા થયા તો એ ન ચમકી ત્યારે સુભદ્રાને ખબર પડી કે મધુરી કાને બિલકુલ સાંભળી શકતી ન હતી ! સુભદ્રાના મનને અપાર દુઃખ થયું. અને સાંભળી ન શકતી હોવાથી મધુરી બોલી પણ ન શકતી. ડૉકટરે જ્યારે નિશ્ચિત કહ્યું કે મધુરી બહેરી હતી ત્યારે એક અઠવાડિયા સુધી સુભદ્રાનાં આંસુ સુકાયાં નહિ. પણ વિધિ આગળ લાચાર. બાકી શું મધુરીનું રૂપ હતું ? હજારે એક કન્યાને વિધાતાએ આવી સુંદર ઘડી હશે. ગોરો વાન અને મોં તો એવું સુંદર કે લોકો જોતાં ધરાતાં જ નહિ. પણ રૂપને શું કરે ? એક હાથે આપીને બીજે હાથે વિધાતાએ લઇ લીધું એમ જ કહેવાય.

મધુરી દસેક વર્ષની થઈ ત્યારે જર્મનીથી એક જાણીતા કાન-નાકના ડૉકટર ભારત આવ્યા: તેમણે થોડાં ઑપરેશનો મુંબઈમાં કર્યાં તેમાં અમુક પ્રયોગોની સફળતા જોવા માટે-કર્યાં હતાં. મધુરીને કોઇની ઓળખાણને લઈને આવા એક ઑપરેશનનો લાભ મળ્યો ને ડૉકટરે કાનમાં પ્લાસ્ટિકની હાડકી બેસાડીને મધુરીને સાંભળતી કરી. તે જરૂર પૂરતું સાંભળતી થઈ. જીભમાં થોડી ખોડ હતી એ તો ત્યારે જ ખબર પડી. મધુરી બોલતી થઇ પણ જીભ જરા અચકાય અને તેથી સાંભળનારની ટેવ હોય એ જ સમજે, બાકી સમજણશક્તિ તો આ રૂપાળી કિશોરીની અપાર હતી. સમજાવીને કરેલી વાતચીત તે ઝડપથી અમલમાં મૂકદિ ને ગ્રહણશક્તિ તીવ્ર હોવાથી બીજા કરતાં પણ કામ બહુ સરસ રીતે પાર પાડતી ઘેર વાંચતાં લખતાં શીખી ને થોડો સમય શાળામાં પણ ગયો. પણ જીભ અચકાય ને સાંભળતી ઓછું એટલે વર મળવાની મુશ્કેલી હતી. સુભદ્રાનાં સાસુ ગોમતીબહેન તો જીવતાં હતાં તેમજ તેનાં સાસુ દિવાળી ડોશી પણ જીવતાં હતાં તેમજ હાજરમાન સસરા મેઘજીભાઈ પણ બેઠા હતા એટલે ઘરમાં સુભદ્રાનું ચલણ બહુ જ ઓછું. વળી કચ્છના એક નાના ગામમાં રહે એટલે ઘરમાં વાતાવરણ અતિશય રૂઢિચુસ્ત. આવા વાતાવરણમાં મધુરી કુંવારી રહે એ વાત જ અશક્ય હતી. સસરાના ભાઈ અને સસરાના કાકા જીવતા હતા તે બધા ડોસાઓ અને ડોસીઓએ ભેગાં થઈને, ભારતમાં જેમ ચાલતું આવ્યું છે તેમ, સુભદ્રા કે મધુરીને પૂછયા વગર જ " એ નાદાન શું સમજે " કહીને મધુરીનું સગપણ

જ્ઞાતિના જ એક શ્રીમન્ત ઘરના શરીરે કંગાળ છોકરા સાથે કરી નાખ્યું. મધુરીની સાસુ લલિતાએ "અમે તમને કહી દઈએ છીએ, માટે પછીથી કહેશો નહિ કે 'અમને જણાવ્યું નહિ', પણ દીનેશને ફીટ આવે છે, બહેરું છે: પણ આમ બહુ હોશિયાર છે" એમ પહેલેથી જ કહી દીધું. પણ રૂઢિચુસ્ત હિન્દુ સમાજમાં ડોસો કુંવારો મર્યો-સાંભળ્યો છે પણ કોઈ દિવસ ડોસી કુંવારી મરી સાંભળી છે? અને તેમાંયે મધુરીને ખોડ એટલે ગમે તેટલું રૂપ હોય તોયે કોઈ લે નહિ. આમ ભાઈને કોઈ દે નહિ ને બાઈને કોઈ લે નહિ એવો ઘાટ હતો. તેથી આંખ મીંચીને ડોસા–ડોસીએ મધુરીનાં લગ્ન કરી નાખ્યાં. લગ્નમાં સામસામી થોડીઘણી છેતરપિંડી તો હિન્દુ સમાજમાં પરંપરાથી ચાલી આવે છે.

લગ્ન પછી મધુરી સાસરે આવી. આવતાંની સાથે જ સાસુએ રસોડામાં દેખરેખ, કોઠારની સંભાળ, "આ લાવ ને તે લાવ" એમ કરતા કુટુંબી જનોની માગણીઓ પૂરી પાડવી, વગેરે કામના બોજા નીચે મધુરીને દાબી દીધી. મધુરી ઘરકામ વગેરેમાં તીવ્ર બુદ્ધિવાળી અને સૂબદાની તાલીમને લઈને અતિ હોશિયાર હતી પણ કાનની ખામીને લઈને કોઈવાર સંભળાય નહિ તો ભૂલ થઈ જતી ને મહેણાંનો વરસાદ તેના પર વરસતો. અને નહિ તો યે ખામી નથી હોતી તો યે હિન્દુ સમાજમાં વહુને દુઃખ શું નથી હોતું! વહુને દુઃખ દેવું એ તો ભારતના સમાજમાં સામાન્ય છે. લલિતાનો સ્વભાવ કટકટિયો તે આખો દહાડો રોકટોક ચાલે. તેમાં વળી દીનેશને ફીટ આવે ત્યારે તેનું મગજ ખસી જતું અને બરાડા પાડીને મધુરી સાથે લડવાનું શરૂ કરી દેતો. મધુરી પાસે ઊભી હોય ને લલિતાબહેન ચડાવે તો વળી મારે પણ ખરો. મહિને ચાલીસ પચાસ ફીટ-તો તેને ઓછામાં ઓછી આવતી. મધુરી ને દીનેશનો ઓરડો લલિતાબહેનના ઓરડાની પાસે જ હતો કારણ કે જો દીનેશને રાતે ફીટ આવતી તો મધુરીથી એકલીથી સચવાતો નહિ ને લલિતાબહેનની મદદ લેવી પડતી. ને ફીટ આવતાં તેનામાં ભયાનક પ્રાણી જેવો આવેશ આવતો. તે પ્રાણી જેવો બની જતો. બીચારી મધુરી ત્રાસ ત્રાસ થઈ જતી પણ કોને કહે? લલિતાબહેન તો મધુરી આવી ત્યારથી શેઠાણી થઈને બેઠાં હતાં ને એક ગુલામડીની માફક મધુરી પાસે કામ કરાવતાં. આખો દહાડો હુકમ પર હુકમ છૂટતા. કોઈ મળવા આવે ત્યારે નોકર ચાકર હોવા છતાં મધુરી જ નોકરડીની માફક ચા નાસ્તો લાવતી ને બધાંને પીરસતી ને ઉપર નીચે અસંખ્ય ફેરા ખાતી. સાસુ બેઠાં બેઠાં "આ લાવ ને તે લાવ" કરતાં ને ઉપરથી મહેણાં મારતાં તે જુદાં. "મારે માથે આ ખોડવાળી ક્યાંથી પડી!" એ તો આપણામાં સામાન્ય છે કે પહેલેથી ખોડ જાણીને, ગરીબી જાણીને, વહુ લાવે છતાં વારંવાર સાસુ તે ખોડ કે ગરીબીને નામે મહેણાં મારે. "વળી મારે તે કેટલાને સાચવવાં! આ મારાં બીજાં ત્રણ છોકરાંને જોઉં કે આ મૂંગી બહેરીને સાચવું!" (બીચારી મધુરી તો હવે મૂંગી કે બહેરી એકે નહોતી છતાં) વળી મારે તો દીનેશને પણ સાચવવો પડે છે તે જુદો: આ સાંઢ જેવડી વહુ આવી છે પણ એને સાચવવાની ગતાગમ નથી" વગેરે વગેરે. ઘરમાં મહારાજ હતા છતાં ઉપરની બધી જ દેખરેખ રસોડામાં મધુરીને રાખવી પડતી. સીનેમા નાટકમાં લલિતાબહેન વર સાથે જાય, બીજાં છોકરાંને લઈ જાય, પણ કોઈ દિવસ મધુરીને નહિ—દીનેશને તો ફીટનું નક્કી નહિ એટલે એને તો લઈ જ ન જાય: પણ મધુરીને પણ કદી નહિ. ઘરના દીવાનખાનામાં લલિતાબહેન આદીનાથિયે બેસે પણ મધુરીને

જો કહે તો જ સામે પાંચ મિનિટ બેસવાનું, નહિ તો ઊભાં જ રહેવાનું. મધુરીને વાંચવાનો અત્યન્ત શોખ પણ સાસુ વાંચવાનો સમય જ ના આપે. આટલું બધું દુઃખ મધુરી હસતે મોંએ સહન કરતી કારણ કે તે બુદ્ધિશાળી હોય જાણતી કે તેને સહન કર્યા વગર છૂટકો જ નહોતો. ને દુઃખ જો હસતે મોંએ સહન કરે તો જ ઓછું લાગે. મધુરીને પિયરમાં કોઈ સંઘરે એમ હતું નહિ. લગ્ન પછી તરત બા મરી પરવારી હતી ને તેની જગાએ આ બસા આવી પણ ગઈ હતી. સાચું પૂછો તો એને સંઘરવાની કોઈની હિંમત જ નહોતી. આવા શ્રીમન્ત સાણસામાંથી મધુરી છૂટીને પિયર આવે તો બીજે જ દિવસે તેના સસરા જાતે તેડવા આવીને ઊભા રહે એટલે તેને સાસરે મોકલવી જ પડે, નહિ તો ઝઘડો થાય. અધૂરામાં પૂરું મધુરીને બાળક ન હતું. આવા ખોડખાંપણવાળાં યુગલને બાળક ન હોય તે જ સારું હતું પણ સાસરિયાં જૂનવાણી માનસનાં એટલે મધુરીને એનાં પણ મુફળ ટોણાં પડતાં. આ વંધ્યત્વ માટેનાં કડવાં વચનો સાંભળતાં સાંભળતાં તો મધુરીની આંખમાંથી આંસુ ટપકતાં ને તેની સાથે મૂંગી વેદના મધુરીની કાળી કાળી આંખોમાંથી ટપકતી. પણ હૃદયનો ભાર હળવો કરવા જગતમાં તેનું કોઈ ન હતું.

આ જ સમયે ભારતમાં યુદ્ધની નોબતો ગડગડી. ચીની આક્રમણે દેશમાં હાહાકાર મચાવ્યો. સામ્યવાદીઓનો પ્રતિકાર કરવા દેશ સજાગ થયો. કચ્છના આ નાના ગામમાં જે થોડીઘણી શિક્ષિત બહેનો હતી તેમણે દેશને સહાય થવા તત્પરતા દાખવી. ત્રીસ બહેનો ભેગી થાય તો પ્રાથમિક સારવાર શીખવવામાં આવે એમ સરકાર તરફથી સમાચાર મળ્યા. પ્રાથમિક સારવાર આવડતી હોય તો કામ લાગે, 'આપણે ક્યાં યુદ્ધને મોરચે જવું છે!' કહી હાથેપગે લાગીને મધુરીએ આ કોર્સ શીખવાની માગણી કરી. બીજી શિક્ષિત બહેનોએ આ માટે લલિતાબહેનને સમજાવ્યાં ત્યારે તે માંડ કબૂલ થયાં. મધુરી પ્રાથમિક સારવારના વર્ગમાં જોડાઈ. રોજ બપોરે પરવારીને બારથી ત્રણ જવાનું. પંદરેક દિવસમાં કોર્સ પૂરો થયો.

જ્યારથી મધુરી છાપામાં યુદ્ધ વિષે વાંચતી ત્યારથી સૈનિકો પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈ મોરચે જઈ કોઈ પણ રીતે તેમને સહાય કરવાનું તેને મન થતું. પાંખ હોય તો ઊડીને જાઉં એમ થતું. પરિચારિકાનો થોડોઘણો કોર્સ શીખ્યા પછી તો મધુરી કલ્પનામાં પોતાને પરિચારિકાનો સ્વાંગ સજીને અસહાય પડેલા, ઘવાયેલા, માતૃભૂમિને કાજે મૃત્યુને આવાહન દેતા સૈનિકોની માતાની જેમ પ્રેમથી સારવાર કરતી ને મીઠા શબ્દોથી હૂંફ ને આશ્વાસન આપતી.

ઘરમાં સાસુનો ત્રાસ એટલો જ હતો. દીનેશને હવે તો વારંવાર ફીટ આવતી. ફીટના આવેશમાં તે મધુરીને મારતો. આ ત્રાસ ને આ મારપીટ બન્ને મધુરી માટે અસહ્ય હતાં. આખરે એક દિવસ મધુરીએ પોતાના જીવનનું ધ્યેય પોતે નક્કી કરી લીધું. છાપામાં વાંચ્યું હતું કે યુદ્ધને-મોરચે પરિચારિકા તરીકે જવા ઇચ્છતી બહેનોએ મુંબાઈમાં અમુક સ્થળે નામ નોંધાવવાં. મધુરીની બહેનપણી હતી પડોશમાં રહેતી બાળવિધવા ધીરજ. ધીરજે પણ પ્રાથમિક સારવારની તાલીમ લીધી હતી. ધીરજને પણ સાસરામાં અસહ્ય ત્રાસ હતો. બન્ને જણે એક દિવસ અંતિમ ધ્યેય કરી લીધું. એક વહેલી સવારે મુંબઈ જઈને ત્યાં નામ નોંધાવીને મોરચે જવા દિલ્હી પહોંચવાનું હતું.

પોતાની પાસે થોડીઘણી રોકડ રકમ હતી તે લઈને એક મોડી રાતે બધાં સૂઈ ગયાં

હતાં ત્યારે મધુરીએ એક બેગમાં જાળવીને મૂકી. થોડાં સાદાં વસ્ત્રો મૂક્યાં. સાસુની ચરણરજ હળવેથી લઈને પ્રણામ કર્યા. ભરઊંઘમાં પડેલો પતિ જાગે નહિ તેમ તેના ચરણોમાં માથું મૂકીને કહ્યું, "તમે સુખી થાવ ને સંપૂર્ણ આરોગ્ય ભોગવો એવી મારી અન્તરની શુભેચ્છાઓ અહીં મૂકીને જાઉં છું."

વહેલી સવારે બેગ લઈને મધુરી ને ધીરજ સ્ટેશને ગયાં ને મુંબાઈ જતી ગાડીમાં બેસી ગયાં. સવારે સાસુ જાગ્યાં, પતિ જાગ્યા, દિયર નણંદ જાગ્યાં ને ઘરમાં મધુરીને ન જોતાં હાહાકાર મચ્યો. લલિતાબહેન જોરશોરથી બૂમો પાડીને મધુરીની સાત પેઢીને ગાળો ભાંડવા લાગ્યાં. દીનેશને ફીટ આવી ગઈ ને આવેશમાં ગમે તેમ બોલવા લાગ્યો. પડોશીઓને મન એક તમાશો થયો. આ ગાળો ભાંડવામાં ધીરજનાં સાસરિયાં પણ ભળ્યાં ને બન્ને પર ગાળોનો વરસાદ વરસ્યો. આખરે બધું શાન્ત પડ્યું ને સૌ પોતપોતાને કામે વળગ્યાં. લલિતાબહેન કહેવા લાગ્યાં, "ગઈ તો મૂઈ ગઈ. માથેથી એક આફત ગઈ." સસરાએ એમાં સૂર પુરાવ્યો કે "કોઈ સાથે ભાગી ના ગઈ હોય તો બસ. બાકી તો કૂવો હવાડો પૂરે એમાં આપણને કાંઈ ખોટ નથી જવાની. આપણે તો એનું સનાન કરી નાખીશું." આ માનસ કાંઈ અપવાદ રૂપ નથી. ઘણાં કુટુંબોમાં વહુ પ્રત્યે આ જ વલણ હોય છે.

થોડા દિવસ પછી લલિતાબહેન પર એક નાનું પાર્સલ આવ્યું. અક્ષર પરિચિત લાગ્યા પણ ટિકિટ પર છાપ પૂર્વ ભારત તરફના એક પ્રદેશની હતી. લલિતાબહેને ખોલતાં અંદરથી એક મંગળસૂત્ર ને ચાર ચૂડીઓ નીકળી પડ્યાં. સાથેના પત્રમાં લખ્યું હતું:—

"બાઈજી! મારી વર્તણૂક માટે માફ કરશો પણ ત્રાસ ને મારપીટ મારે માટે અસહ્ય થઈ પડ્યાં હતાં. અહીં યુદ્ધને મોરચે હું પરિચારિકાઓને સહાય કરું છું. સાસરે જે સ્નેહ ન મળ્યો તે હું અભાગી અહીં પ્રાપ્ત કરી શકી છું. સૈનિકો મારી ખંતપૂર્વકની ને નિસ્વાર્થ સેવા માટે એટલા તો કૃતજ્ઞ છે કે મારી પણ આંખો આ સ્નેહ જોઈ ઉભરાઈ જાય છે. મારી પાસે ગજા ઉપરાન્ત શ્રમ કરાવવાની તમારી ટેવને લઈને અહીં કોઈ પ્રકારનો શ્રમ મને વધુ પડતો નથી લાગતો જેથી બીજાં બધાંને આશ્ચર્ય થાય છે. અહીં કોઈ મારી ખોડ માટે મહેણાં નથી મારતું. કોઈ મારા વંધ્યત્વ વિષે ગાળો નથી દેતું. મારા અંગત જીવન વિષે કોઈ પૂછપરછ નથી કરતું. એકેએક કાર્ય માટે સૈનિકોની આંખોમાંથી મૂંગી કદર ને મૂંગો સ્નેહ મારે માટે નીતરે છે. તમને હું નહોતી વહાલી—મારું મંગળસૂત્ર વહાલું હતું: હું નહોતી વહાલી—મારી ચૂડીઓ વહાલી હતી. મંગળસૂત્ર ને ચૂડીઓ તમારા દીકરાના દીર્ઘાયુષ્યનું પ્રતીક હતાં એટલે જ આ ચૂડીઓ ને આ મંગળસૂત્ર તમને સપ્રેમ સુપરત કરું છું. બીજી કોઈને જરૂર તમારે ઉંબરે પગ મૂકે ત્યારે પહેરાવજો—જો બીજી કોઈ મળી જતી મળે તો. હું રાજીખુશીથી મારા પતિને ફરી લગ્ન કરવાની રજા આપું છું. છૂટાછેડા લેવા હોય તો હું ચાર વર્ષ પછી ત્યાગના કાગળ પર જરૂર આપીશ.

"તમે તે કાગળ પર આપવા ખુશી છું. જે આ મંગળસૂત્ર ને આ ચૂડીઓ પહેરે તેને અખંડ સૌભાગ્યવતી થાઓ એવા મારા અંતઃકરણના આશીર્વાદ છે. "કસ્તુરા મહેર" એવા પણ મારા આશીર્વાદ છે. આ આશીર્વાદમાં તમારા પુત્રનું દીર્ઘાયુ પણ હું ઇચ્છું છું. તે વગર કહ્યે સમાઈ જાય છે. માત્ર એટલી જ વિનંતી કે મારી શોધ ન કરશો. અહીં જરૂર નહિ હોય ત્યારે ભારતના કોઈ પણ ગામમાં મારી પરિચારિકા તરીકેની સેવા આપવા જઈશ અને કામની કદર કરતા લોકો પાસેથી મને સાસરામાં ન મળેલો સ્નેહ મેળવીશ."

*

વારસા-વિજ્ઞાન—૬

ડૉ. કાન્તિલાલ શાહ

(૮) **લોહીના વર્ગ**:—કોઈ પણ બે મનુષ્યનાં લોહી આપણે કાચની ટેસ્ટ-નળીમાં લઈને જોઈએ તો બંને સરખાં જણાય છે, અને ઘણી બાબતમાં તેમ હોય છે પણ ખરું; તથાપિ એક રીતે જોઈએ તો તે સરખાં નથી હોતાં. દા. ત. કોઈ માણસના શરીરમાંથી બહુ લોહી વહી જાય અને એને નવું લોહી આપવાની જરૂર પડે, તો ગમે તે માણસનું લોહી એને આપી શકાતું નથી; એના પોતાના જ વર્ગનું લોહી આપવું પડે છે. વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે લોહીના ચાર વર્ગ પડે છે: એ, બી, એબી, અને ઓ. લોહીનો આવો વર્ગ જીન્સ દ્વારા નિર્ણીત છે. મનુષ્યમાં જણાતા જે થોડાં લક્ષણો કે ખામીઓ સોએ સો ટકા આનુવંશિક છે તેમાં એના રક્તનો વર્ગ પણ આવી જાય છે. મનુષ્ય જે વર્ગનું રક્ત લઈને જન્મે છે તે વર્ગ કાયમ રહે છે. એમાં આબોહવા, ખોરાક, માંદગી, કશાથી ફરક પડતો નથી. એ, બી અને ઓ એવા ત્રણ નિર્ધારક—અણુ (= જીન્સ) રક્તવર્ગ સ્થાપિત કરે છે. એ અને એ અને બી બંને સરખા પ્રભાવી છે, ત્યારે ઓ બંને કરતાં નિર્બળ છે. વ્યક્તિના લોહીનો વર્ગ આપણે જાણીએ તો એનામાં કયા નિર્ધારક-અણુઓ હોવા જોઈએ તે આપણે કહી શકીએ છીએ. દાખલા તરીકે, એ વર્ગની વ્યક્તિ જીન-રચના (અં: જીનો ટાઈપ) એએ અથવા એઓ હોઈ શકે, બી વર્ગના લોહીવાળાની બીબી કે બીઓ હોઈ શકે, એબી વાળાની જીન-રચના એબી અને ઓ વાળાની ઓઓ જ હોઈ શકે. વિજ્ઞાને આપેલી આ માહિતી વ્યવહારમાં પણ ઉપયોગી નીવડે છે. દા. ત. માતાપિતા તથા બાળકના લોહીનો વર્ગ આપણે જાણી શકીએ. હોવું જ જોઈએ એમ ખાતરીપૂર્વક નથી કહી શકાતું, પણ ન જ હોઈ શકે એમ ખાતરીપૂર્વક કહી શકાય છે. કોઈ કોઈ વખત કોર્ટોમાં એવા પણ કિસ્સા આવે છે જેમાં બાળકનાં માતાપિતા કોણ તે કોર્ટે નક્કી કરવાનું હોય છે. આવા કિસ્સાઓમાં વારસા-વિજ્ઞાન મદદે આવે છે.

એક કેસમાં કોઈ સ્ત્રીએ હોલીવુડના એક પ્રસિદ્ધ અભિનેતા પર દાવો માંડેલો કે તે પોતાના બાળકનો પિતા છે. બાળકના લોહીનો વર્ગ બી હતો; માતાનો એ હતો; જ્યારે પેલા નટના લોહીનો વર્ગ ઓ હતો. માતાના લોહીનો વર્ગ એ હોવાથી એની જીન-રચના એઓ અથવા એએ જ હોઈ શકે એટલે બાળકનો બી વર્ગ એને લીધે ન બને. પેલા અભિનેતાના લોહીનો વર્ગ ઓ હતો એટલે એની જીન-રચના ઓઓ જ હોઈ શકે. આમ તે બાળકના લોહીનું નિર્માણ બ વર્ગના પિતા દ્વારા જ થઈ શકે—અર્થાત્ પેલો આરોપી નિર્દોષ હતો. પરંતુ અમેરિકાનાં બધાં સંસ્થાનો કંઈ પ્રગતિશીલ નથી. આ કેસમાં કોર્ટે ચુકાદો આપ્યો કે પેલા નટે તે બાળકનું ભરણપોષણ કરવું જોઈએ.

એ, બી, એબી અને ઓ એવા ચાર વર્ગો બનવાનું મૂળ કારણ એ છે કે આપણા લોહીના રાતા કણોમાં એ અને બી એવાં બે રાસાયણિક દ્રવ્યો જેને પ્રતિજન (અં: એન્ટીજન) કહે છે, તે હોય છે. અને લોહીના પ્રવાહી ભાગમાં એટલે કે રક્તરસમાં એ અને બી નાં વિરોધી એવાં પ્રતિદ્રવ્યો હોય છે. જેનું લોહી એ વર્ગનું છે તેના રાતા કણોમાં એ પ્રતિજન હોય છે પરંતુ તેનું પ્રતિદ્રવ્ય હોતું નથી, બી વર્ગના લોહીમાં બી પ્રતિજન હોય છે પણ તેનું પ્રતિદ્રવ્ય હોતું નથી અને તેથી જ આપણાં પોતાનાં રાતા કણો

લોહીમાં ભેગાં થઈ જામી જતાં નથી. બે વર્ગના લોહીમાં "બ" પ્રતિદ્રવ્ય હોવાથી તે બી કે એબી વર્ગના લોહી સાથે ભળી શકે નહિ, તેમ બી વર્ગના લોહીમાં "અ" પ્રતિદ્રવ્ય હોવાથી તે એ કે એબી વર્ગના લોહી સાથે ભળી શકે નહિ. ઓ વર્ગના લોહીમાં એ કે બી પ્રતિજન નથી એટલે તે વર્ગનું લોહી સામાન્ય રીતે બીજા લોહી સાથે ભળી શકે (તેથી ઓ વર્ગની વ્યક્તિઓને 'યુનિવર્સલ ડોનર્સ' એટલે કે 'બધાંને રક્તદાન આપી શકનાર દાતા' કહે છે, પરંતુ વ્યવહારમાં તો ન છૂટકે અથવા ભાગ્યે જ એ રીતે ઓ વર્ગનું લોહી અપાય છે; જે વર્ગ લોહી લેનારનો હોય તે જ વર્ગનું લોહી આપવામાં આવે છે); એબી વર્ગવાળા લોહીમાં એ અને બી બંને પ્રતિજન હોય છે તેથી તેનું લોહી બીજા કોઈ વર્ગ સાથે ભળી શકે નહિ ને કોઈને પણ (એબી સિવાયના વર્ગવાળાને) અપાય નહિ.

એ અને બી પ્રતિજનો જેવા એમ અને એન પ્રતિજનો પણ લોહીમાં હોય છે પરંતુ એમનાં વિરોધી પ્રતિદ્રવ્યો નથી તેથી રક્તદાન કરતી વખતે આ પ્રકાર (અંઃ ટાઈપ) જાણવાનું આવશ્યક નથી. એમ અને એન પ્રકાર તે તે નામના એકેક પ્રભાવી જીન દ્વારા નિર્મીત છે, એટલે કોઈ વ્યક્તિનું લોહી એમ પ્રકારનું હોય તો તેની જીન-રચના એમએમ જ હોય; એન પ્રકારનું હોય તેની એનએન હોય; અને જેની જીન-રચના એમએન હોય તેના લોહીનો પ્રકાર 'એમએન' હોય. પિતૃત્વના દાવામાં એબીઓ વર્ગથી કંઈ નિર્ણય ન થઈ શકે ત્યારે લોહીના પ્રકાર (= ટાઈપ)નું જ્ઞાન ઉપયોગી નીવડે છે.

આ ઉપરાંત પણ એક વધુ ઘટક આપણા લોહીમાં હોય છે જેને 'આરએચ' એટલે 'રિસસ ફેક્ટર' (= Rh અને Rhesus Factor) અથવા કપિજન કહે છે. આનું વિરોધી કોઈ પ્રતિદ્રવ્ય આપણા લોહીમાં સામાન્ય રીતે હોતું નથી. આશરે ૮૫ ટકા લોકોમાં કપિજન હોય છે એટલે તે લોકો 'કપિજનવાળા' અથવા 'આરએચ પોઝિટિવ' (ટૂંકામાં Rh +) કહેવાય છે અને બાકીના ૧૫ ટકા 'કપિજન-હીન' (Rh—આર એચ નેગેટિવ) કહેવાય છે. આનું નિર્માણ એક જ જીન દ્વારા થાય છે. આ જીન આર પ્રભાવી છે અને તેથી આરઆર જીન-રચનાવાળી વ્યક્તિઓ (એટલે કે માતા પિતા બંને તરફથી એકેક આર જીન જેને મળ્યો છે તેવી)નું લોહી Rh + (સ—કપિજન) હોય છે; જો એક જ આર જીન મળ્યો હોય તો પણ લોહી 'આર—એચ પોઝિટિવ' થાય છે કારણ આર પ્રભાવી છે; અને 'કપિજનહીન' (અથવા આર એચ નેગેટિવ) વર્ગવાળાની જીન-રચના 'આર આર' (અંઃ rr) હોય છે. આ r—ગુજરાતી 'આર'—નિર્બળતા સૂચવવા વાપર્યો છે. જ્યારે Rr (='આર આર') એવી રચના હોય ત્યારે પણ લોહી સકપિજન અથવા 'આર એચ પોઝિટિવ' વર્ગનું હોય છે, કારણ ઉપર જણાવ્યું તેમ આર જીન પ્રભાવી—પ્રબળ છે.

આ જે કપિજન દ્રવ્ય છે તેનું વિરોધી પ્રતિદ્રવ્ય આપણામાં હોતું નથી. પરંતુ જ્યારે કપિજનહીન (આર એચ નેગેટિવ) વ્યક્તિમાં રક્તદાન દ્વારા સકપિજન (Rh + આર એચ પોઝિટિવ) લોહી દાખલ કરવું પડે છે અગર ભૂલથી થાય છે, ત્યારે 'કપિજન—પ્રતિદ્રવ્યો' પેદા થાય છે; આ પ્રતિદ્રવ્યો પેદા થયા પછી બીજીવાર રક્તદાન કરવાનો પ્રસંગ આવે ત્યારે આ પ્રતિદ્રવ્યો (કપિજનપ્રતિદ્રવ્યો) દાખલ થતા પ્રતિજન (કપિજન) સાથે ભળે છે અને બધા રાતા કણ જામી જઈ દરદી મૃત્યુ પામે છે. કપિજન—હીન સ્ત્રી કપિજનવાળા પુરુષ

સાથે પરણે તો તેનાં બાળકો કપિજનવાળાં (આર એચ પૉઝિટિવ) થાય છે. આવું ગર્ભસ્થ બાળક માતાના લોહીમાં પ્રતિદ્રવ્યો પેદા કરે છે અને આ પ્રતિદ્રવ્યો પછી બાળકના પર અસર કરે છે. ઘણુંખરું પ્રથમ બાળક બચી જાય છે, પરંતુ પછીનાં બધાં બાળકોમાં પાંડુ રોગ, કમળો વગેરે થઈ બાળક મૃત્યુવશ થાય છે. *

આ સંબંધે એક લેખકે એક રસિક કિસ્સો નોંધ્યો છે. લોહી તપાસનાર એક બહેન પોતે કપિજન—હીન (આર એચ નેગેટિવ) લોહીવાળી હતી. પોતાની ઇસ્પિતાળમાં જેટલા કપિજન—હીન યુવાનો આવે તેમને તે પહેલાં બરોબર જોઇ આવતી. એમની તપાસ કરતી. યુવક અપરિણીત હોય તો પછી એની સાથે પરિચય કેળવવા પ્રયત્ન કરતી. એમ કરતાં કરતાં તેણે પોતાને યોગ્ય અને કપિજન—હીન યુવતિયો શોધી કાઢી લગ્ન કરી લીધાં અને પોતાનાં ભાવિ સંતાનો નીરોગી તથા દીર્ઘાયુ બને તેવી સાવધાની પણ રાખી.

* આટલું લખાણ જરા ક્લિષ્ટ થઈ ગયું છે તે બદલ વાંચનારની ક્ષમા માંગું છું. 'આર એચ નેગેટિવ' માટે અ-કપિજન શબ્દ કદાચ વધારે યોગ્ય ગણાય.

સાભાર—સ્વીકાર

યજ્ઞ પ્રકાશન : વડોદરા

માનવ તારું ભાવિ?
મૂળ લેખક : બર્ટ્રાન્ડ રસેલ
અનુ. : સુભદ્રા ગાંધી
પૃ. સંખ્યા ૧૮૮. કિં. ૧=૫૦

ચીન-ભારત સંઘર્ષ
વિવિધ લેખકોના ૧૮ લેખો
પૃ. સંખ્યા ૭૨. કિં. ૦=૫૦

સર્વોદયની રાજનીતિ
લેખક : વિનોબા
પૃ. સંખ્યા ૮૦. કિં. ૦=૬૦

વિજ્ઞાન યુગ
લેખક : વિનોબા
પૃ. સંખ્યા ૭૨ કિં. ૦=૬૦

ગુજરાત પુસ્તકાલય

સ. સ. મંડળ લિ૦ : વડોદરા

ચમત્કાર કે સદાચાર
લેખક : રણછોડજી પરાગજી મહેતા
પૃ. સંખ્યા ૧૮૮ કિં. ૨=૨૫

સુબોધ કથાઓ
લેખક : રણછોડજી પરાગજી મહેતા
પૃ. સંખ્યા ૧૭૬ કિં. ૨=૧૦

મહાકવિ ન્હાનાલાલ સ્મારક સમિતિ : અમદાવાદ

કસુંબીનો રંગ (શૌર્યકાવ્યો)
લેખક : ઝવેરચંદ મેઘાણી
૨૬ કાવ્યો
પૃ. સંખ્યા ૭૨ કિં. ૦=૫૦

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

જે ગ્રાહકોનું લવાજમ હજી બાકી હોય તેમણે તે અનતી ઉતાવળે મ. ઓ. થી મોકલી આપવા વિનંતી છે.

—વ્યવસ્થાપક

અમૃતત્વના પ્રવાસે

ભાઈલાલ પ્ર. કોઠારી

આપણા મધ્યકાલીન કવિભક્તે ગાયું છે:

"તારે માથે ભમે છે મોત રે ઊંઘ તને કેમ આવે?"

અને સાથે એણે સંસારની અવાસ્તવિકતા પણ એ જ સૂરમાં ગાઈ છે:

'પ્રાણિયા ભજી લે ને કિરતાર, આ તો સપનું છે સંસાર.'

એટલે કે મૃત્યુના ભય દ્વારા અને સંસારની અસારતા દ્વારા સંતવાણી હરિભજનનો ઉપદેશ આપે છે. સંસારને સપનું કહી તેનો ત્યાગ કરવાની પ્રક્રિયાને સહેલી બનાવવાની આ જ રીત સાચી છે ખરી? એવી રીતે કરેલા ત્યાગમાં 'હરિનો મારગ' લેનારા શૂરનું શૂરતા છે ખરું! એવા ત્યાગમાં એનું ત્યાગત્વ જ રહેતું નથી. વળી મૃત્યુની અસરથી સંસાર તો સદાય ખર જ રહે છે. અર્થાત્ સંસાર સ્વપ્ન નથી પણ એક વાસ્તવિક સત્ય છે. મૃત્યુની અસર તો કેવળ આપણા ઉપર છે. સંસાર તો સદાય સભર જ રહે છે.

સંસારમાં અનેક માનવી એવા છે જેમનો જીવન, વિષેનો ખ્યાલ જ અપૂર્ણ છે. પોતે જે સંજોગોમાં જીવતા હોય તે જ સંજોગો અનંતકાળ સુધી ચાલ્યા કરે એમ તે ઇચ્છતા હોય છે. પોતે અપૂર્ણ છે અને પૂર્ણતા જેવી કોઈ વિકાસની ચરમ સ્થિતિ છે એનો એમને ખ્યાલ સરખો હોતો નથી. પોતે જેનાથી સુખદ રીતે ટેવાયા છે તે જ દુનિયા એમને મન સાચી છે કારણ પોતી નાની દુનિયા એ એમનું સર્જન છે. એવી સુખી સ્થિતિમાંથી ચાલ્યા જવાની સ્થિતિ જેવી ભયંકર બીજી કઈ ઘટના હોઈ શકે? આથી જ મૃત્યુ પહેલાં જ તેઓ તેની કરાલતાથી છળી ઊઠે છે. તેઓ ભૂલી જાય છે કે જીવવાની સ્થિતિ યોગ્ય રીતે વટાવી જવી એમાં જ જીવનનું સાચું રહસ્ય રહેલું છે, એમાં જ મૃત્યુમાંથી અમૃતની યાત્રાનાં સાચાં મંડાણ રહેલાં છે.

હાફુસની કેરી નાના કાચા મરવાની સ્થિતિથી માંડીને સુપક્વ આમ્રફળની સ્થિતિ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેની બહારની છાલ, અંદરનો ગર્ભ અને ગોટલો એકબીજા સાથે સંપૂર્ણ રીતે જોડાયેલાં રહે છે, અર્થાત્ ત્યાં સુધી એ આમ્રફળની સ્વાદુ સુગંધી આમ્રફળ તરીકેની આગળની મુસાફરી બાકી જ છે, એ ત્યાં સુધી વિકાસોન્મુખ સ્થિતિમાં જ રહે છે. પણ જ્યાં એ પક્વ બને છે અને અંદરનો ગોટલો પોતાના કર્તવ્યને અંતે પુનર્જન્મ માટે અધિકારપદ પ્રાપ્ત કરે છે ત્યાં ગર્ભ અને છાલ સાથેનો એનો અવિનાભાવ સંબંધ પૂરો થાય છે, પક્વતાની સુવાસથી વાતાવરણ મહેંકી ઊઠે છે, ભોક્તા દ્વારા પોતે ધન્ય બનવાની પ્રતીક્ષા કરે છે—પછી તે ભોક્તા પશુ પક્ષી હોય કે માનવી. પ્રાતઃકાળે ભોગ્ય બનવામાં જ એના અસ્તિત્વની સાર્થકતા રહેલી છે. ગોટલા રૂપી બીજ ઇતિકર્તવ્યતાને અંતે અમૃતત્વનો આગળનો પ્રવાસ આરંભે છે તો એ જમીન પર ફેંકાય છે તે ક્ષણથી જ સિદ્ધ થાય છે.

આપણા સાહિત્યમાં મૃત્યુ વિષેની અભિનવ વિચારણા શ્રી નરસિંહરાવની 'સ્મરણ-સંહિતા'માં પ્રાપ્ત કરી છે.

[અનુસંધાન પૃ. ૧૧૪

રખપત અને રખાપત

કુરંગી દેસાઈ

મહેન્દ્રભાઈનો મને જ્યારથી પરિચય થયો ત્યારથી શાંત ને ઓછાબોલા જ જોયેલા. અમે ત્યાં જઈએ અથવા તેઓ ઘેર આવે ત્યારે તેમનાં પત્ની અનસૂયા ભાભી અમારી સાથે ખૂબ વાતોચીતો કરે. પણ મહેન્દ્રભાઈ તો ખપ જેટલું જ બોલતા હોય. એ થોડા શબ્દોમાં પણ સ્વભાવની મીઠાશ જણાતી હોય એટલું ખરું.

પણ "સૂર્ય છૂપે નહીં બાદલ છાયો" એ કવિ-ઉક્તિ મુજબ, જેમ પરિચય વધતો ગયો તેમ મૌનની પાછળ, મહેન્દ્રભાઈના સ્વભાવની સરસતા છૂપી રહી નહિ.

કડક પિતાના કડપ તળે ઉછરેલા, નાનાં ભાઈ-બહેનોના મોટાભાઈ એવા મહેન્દ્રભાઈ સંજોગો અંગે વધારે ભણી ન શક્યા. કૉલેજને ઉંબરેથી જ જીવનવિગ્રહ શરૂ કરવાનું તેમને આવ્યું. તદ્દન સામાન્ય પગારથી નોકરી શરુ કરી. એ દંપતીનો સ્વભાવ જ ઉદાર ને પ્રેમાળ, તેથી જેવું મુંબઈમાં ઘર માંડ્યું કે તરત ભાઈઓ, બહેનો, ભાણેજો વગેરેને પોતાને ઘેર રાખીને ભણાવવા માંડ્યાં.

ઑફિસમાં પણ, ઓછા ભણતર છતાં, માત્ર દિલ દઈને ખંતથી કામ કરનાર માણસ કેટલી પ્રગતિ કરી શકે છે તેનું ઉદાહરણ મહેન્દ્રભાઈએ આપ્યું. કાપડિયા કંપની નામની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઑફિસમાં સામાન્ય કારકૂન તરીકે રહ્યા. થોડાં જ વર્ષોમાં શેઠના એવા વિશ્વાસપાત્ર બની ગયા કે પૂછવાની વાત નહિ. શેઠ પણ એવા કદરદાન, કે મહેન્દ્રભાઈને આર્થિક રીતે તેમની મહેનતનો પૂરો બદલો આપતા ગયા. રૂ. ૫૦)માંથી વધતાં વધતાં લગભગ રૂ. ૧૦૦૦) સુધી પગાર કરી આપ્યો. તેમના કુટુંબમાંથી જેમને એકાઉન્ટન્ટની લાઈન લેવી હતી તે સહુને પણ શેઠે પાંખમાં લીધા. ધીરે ધીરે શેઠનો મહેન્દ્રભાઈ સાથે નાનાભાઈ જેવો સંબંધ થઈ ગયો. ઑફિસના દરેક કામમાં તેમનું વજન પડે. દિવાળીનું લક્ષ્મીપૂજન તો મહેન્દ્રભાઈએ જ કરવાનું હોય. વચ્ચે શેઠની સાથે થોડા દિવસ સહેલે હવાફેર જવાનું આમંત્રણ પણ મહેન્દ્રભાઈને મળે. પગાર વધારો, રજા વગેરે બાબતોમાં શેઠને અને મહેન્દ્રભાઈને ઊંધી તકરાર હોય—શેઠ આપવાનો આગ્રહ કરતા હોય ને મહેન્દ્રભાઈ 'જરૂર નથી' એમ કહેતા હોય! આજે એ ઑફિસમાં મહેન્દ્રભાઈના કાયમના સ્મરણચિહ્ન તરીકે તેમની છબી શેઠ ટાંગે, એ પરસ્પર ગુણગ્રાહી વૃત્તિને ધન્યવાદ ઘટે છે.

જેમ જેમ લક્ષ્મીદેવી રીઝતી ગઈ તેમ તેમ આ દંપતીએ તેને દીપાવ્યે રાખી. ઢાંક્યા રત્ન જેવા મહેન્દ્રભાઈ, અને પોતાના ભણતરને અભાવે કંઈક ક્ષોભ પામતાં, પણ સાચી સંસ્કારિતા જીવનમાં ઉતારવાનો યત્ન કરતાં અનસૂયાભાભી, એ બંનેનું કુટુંબ-વાત્સલ્યનું ક્ષેત્ર વિસ્તરતું ગયું, અને એ બંનેનું ઘર તો કેટલાયે સગાં સ્નેહીઓનું ઘર બની ગયું.

જીવનમાં સુખીમાં સુખી મનુષ્યને પણ જો કંઈક અસંતોષનું કારણ ન હોય, તો પૃથ્વી સ્વર્ગ જ બને ને ! પણ, પૃથ્વી સ્વર્ગ નથી એવી પ્રતીતિ થવા માટે જ જાણે હોય તેમ, આ સંપૂર્ણ સુખમાં ઈશ્વરે આ દંપતીને સંતાનસુખ ન આપ્યું તે ન જ આપ્યું.

પરંતુ, જે ઈશ્વરે તેમને એક સુખથી વંચિત રાખ્યાં તે જ ઈશ્વરે કૌટુંબિક સંપની મોટી સંપત્તિ તેમને આપી હતી. એ સ્નેહ સંપત્તિને આધારે બધાં ભાંડુ પર ને તેમનાં બાળકો પર પોતાનું વાત્સલ્ય રેડીને આ દંપતીએ સાત્ત્વિક સંતોષ માન્યો. ચારે તરફથી આદરયુક્ત પ્રેમ પામતાં અને સહુને પ્રેમ આપતાં આ બંનેને જોઈને કોઈને પણ સંતોષ ને આદરની લાગણી થયા વિના રહે નહિ.

મહેન્દ્રભાઈની છેલ્લી માંદગી દરમ્યાન હું જેટલી વાર તેમને મળી તેટલી વાર જોતી હતી કે તેમની સેવા માટે નાનાં ભાંડુઓ અને વડીલભાઈ જેવા શેઠનું કુટુંબ એ બધાં વચ્ચે સહકારભરી મીઠી હરીફાઈ જાણે થતી ન હોય?—અને પથારીમાં સૂતા સૂતા મહેન્દ્રભાઈ બધાંને કેમ ઓછી તકલીફ પડે તેની ચિંતા કર્યા કરતા હોય! મૃત્યુના ચાર જ દિવસ પહેલાં, અત્યંત અશક્તિ છતાં તેમણે ઓફિસના એક કર્મચારીને કંઈક ફાયદો કરી આપવા માટે અમુક કાગળો લખાવ્યા ને અર્ધા બેઠા થઈને સહીઓ કરી આપી.

એક લેખકે કહેલું છે કે માઈલો સુધી પ્રકાશ પાથરતી ભવ્ય દીવાદાંડી જેવું આપણું જીવન ન બની શકે તો વાંધો નહિ; પણ દરિયાકાંઠા પાસે ફરતી હોડીઓને માર્ગદર્શન કરાવનાર કાંઠાના નાનકડા દીવા જેવું આપણું જીવન ઉપયોગી થાય તો તેમાં પણ ધન્યતા રહેલી છે.

આપણું જીવન આવા પથપ્રદર્શક દીવા જેવું બનાવવાની પ્રેરણા આપતું મહેન્દ્રભાઈનું જીવન સમાજને ઉપયોગી નથી બન્યું, એમ કોણ કહેશે?

★

અનુસંધાન પૃ. ૧૬૨]

"મર્ત્ય જીવન તો ખરે માત્ર પૂર્વાલાપ છે,
પૂર્ણ ગીત સમૃદ્ધિ તો પર કાલ સંગીતે વસે."

અર્થાત્ પૂર્વાલાપ એ તો રાગનું વાતાવરણ બાંધવા માટેનો કેવળ આલાપ જ છે. પૂર્ણ ગીત સમૃદ્ધિ તો પર કાલ સંગીતમાં જ વસેલી છે તેમ મૃત્યુ તો અમૃતત્વના પ્રવાસનું એક સ્થાન માત્ર છે. અને અમૃતત્વ પામવાની પ્રક્રિયા તો જીવનની પ્રાપ્ત સમૃદ્ધિનો સમુચિત વિનિયોગ કરવામાં રહેલી છે. શાસ્ત્રકારોએ તો ત્યાગીને ઉપભોગ કરવાનું કહ્યું છે ને? નહિ તો પ્રાપ્ત સમૃદ્ધિનો આનંદ પણ કેવો ક્ષુદ્ર? એ પ્રાપ્તિનું રહસ્ય શી રીતે પમાય! એમાં અન્યને—અનેક અન્યને—સમભાગી, સહભાગી બનાવીને જગતની અનેક પ્રકારની સમૃદ્ધિનું પણ આ જ રહસ્ય છે ને? સાહિત્ય, સંગીત અને કળાનાં ક્ષેત્રોમાં આ સંવિભાજનનું તત્ત્વ ન હોત તો એ સૌમાં રહેલા ઐશ્વર્યની, પ્રાણુતત્ત્વની અને સાર્વજનીનતાની ઝાંખી શી રીતે થાત? ઈશ્વર પોતે પણ એક સમૃદ્ધ કલાકાર જ છે ને? પોતાની સમૃદ્ધિના સાચા વિતરણમાં જ રાચીને એ પણ આ જ રહસ્ય સંસાર સમક્ષ મૂકી, જીવન અને મૃત્યુ વચ્ચેનું પરમ મંગલ સત્ય જ ઉચ્ચારી રહ્યો છે. ×

●

× આકાશવાણી ઉપર રજૂ થયું.

સરહદી વિસ્તારમાં સાત દિવસ

આર. કે. પાટીલ

[આ લેખના લેખક શ્રી. આર. કે. પાટીલ એક વાર આયોજનપંચના સભ્ય હતા. તે વખતે ભૂદાન આંદોલન અને આયોજન અંગે કિશોરલાલભાઈ સાથે એમનો લાંબો પત્રવ્યવહાર થયેલો, જે 'ભાવિ હિંદનું દર્શન' (નવજીવન) પુસ્તિકામાં સંઘરાયેલો છે. ત્યાર બાદ તો તેઓ ભૂદાન આંદોલનમાં ઝંપલાવીને તેના સક્રિય કાર્યકર બન્યા. આજે તેઓ મહારાષ્ટ્ર સર્વોદય મંડળના અધ્યક્ષ છે. સર્વસેવાસંઘ તરફથી આસામ ગયેલ ટુકડીના તેઓ નેતા હતા. —સં.]

ચીનના આક્રમણને કારણે નિર્માણ થયેલી પરિસ્થિતિમાં સર્વસેવાસંઘ તરફથી શું વિશેષ કામ થઈ શકે, એ પ્રશ્ન પર વિચાર કરતાં પહેલાં, ત્યાંની પરિસ્થિતિની જાણકારી પ્રાપ્ત કરવા માટે સર્વસેવાસંઘ તરફથી ચાર વ્યક્તિઓની એક ટુકડી આસામમાં મોકલવામાં આવી હતી. તે ટુકડીમાં હું એક હતો. મારા અનુભવો વાચકોને ઉપયોગી થાય એ દૃષ્ટિથી આ હું લખું છું.

અમે ગૌહતીમાં તા. ૨૯–૧૧–૬૨ની સવારે ૯ વાગે પહોંચ્યા. અમારા વિમાનમાં ૫-૭ પ્રવાસી હતા. આસામ જનારા થોડા અને આસામથી આવનારાઓની પુષ્કળ ભીડ એવી સ્થિતિ હતી. પછીથી અમને ખબર પડી કે આ પરિસ્થિતિનો અઘટિત લાભ વિમાની કંપનીના કર્મચારીઓએ ઉઠાવ્યો. આસામમાંથી બહાર જવા માગનારાઓ પાસેથી મન ફાવે તેમ કાળાબજારને ભાવે પૈસા લીધેલા. આવી જ ફરિયાદ બીજે પણ સાંભળવામાં આવી. નેફા વિભાગના અસહાય લોકો પાસેથી રેલવેના કર્મચારીઓએ મન ફાવે તેમ પૈસા કઢાવ્યા એમ પણ સાંભળવા મળ્યું. આવે વખતે પણ આપણને સદ્ભાવના સૂઝે નહીં, દુઃખીઓ પ્રત્યે સહાનુભૂતિ ઉપજે નહીં, બલ્કે તેમના દુઃખના દાવાનળ ઉપર પોતાની રોટી શેકવાની દાનત થાય એથી વધારે રાષ્ટ્રીય ચારિત્ર્યનું અધઃપતન બીજું કયું હોઈ શકે?

અલબત્ત, આવી વાતોમાં અતિશયોક્તિનો ઘણો સંભવ હોય છે. લોકશાહીના અનેક ગુણો પૈકી વાક્સ્વાતંત્ર્યનો અમને ઘણો અનુભવ થયો. સરકારની ટીકા ને તેણે શું કરવું જોઈએ તે અંગેનાં સૂચનો અમે એટલાં સાંભળ્યાં કે તે સાંભળીને કોઈ પણ મૂંઝવણમાં પડી જાય, ને પરિણામે કાંઈ પણ કરી શકે નહીં. વાતોને વધારીને કહેવાનો રિવાજ આપણે ત્યાં એટલો બધો વધી પડ્યો છે કે તેમાંથી કેટલું વાજબી ગણવું અને કેટલું નકારી કાઢવું તે નક્કી કરવા માટે હોશિયાર અને અભ્યાસી માણસની જરૂર પડે. આથી જે સાંભળ્યું હોય તેના કરતાં જે પ્રત્યક્ષ જોયું હોય તેની ઉપર જ વધારે આધાર રાખવો જોઈએ. પરંતુ બની ગયેલી ઘટનાઓનું ચિત્ર તો સાંભળેલી વાતો પરથી જ દોરી શકાય.

આસામના દરંગ જિલ્લાનું મુખ્ય શહેર તેજપુર. ત્યાંથી એક રસ્તો ઉત્તર તરફ બોમડી લા એ માર્ગે તવાંગ જાય છે. તે રસ્તે સે લા આગળ આપણી ફોજે લડવાની

. જબરી તૈયારી કરી હતી. સે લા અને તેનું પુરવઠા કેન્દ્ર બોમડી લા આ બે મહત્ત્વનાં થાણાં ઉપર આસામના લોકોને બહુ મોટી આશા હતી. આ બન્ને થાણાં ૧૮મીએ ચીનાઓએ કબજે કર્યાં. ૨૦મી સુધીમાં આ સમાચાર આસામ પહોંચ્યા. ત્યારબાદ હિંદી ફોજે એવી કોઈ હિલચાલ કરી કે જેથી આસામના લોકોને એમ થઈ ગયું કે આ ફોજ હવે આપણું રક્ષણ કરી શકે તેમ નથી. અને હવે તો હિંદી ફોજ બંગાળના સીલીગુડીમાં ચીની ફોજને ટક્કર આપશે એવી વાત ઠેર ઠેર પ્રસરી ગઈ. તેટલામાં વળી આકાશવાણી પરના પંડિતજીના પ્રવચનમાં કેટલાંક વાક્યોથી આને પુષ્ટિ મળી અને હવે ચીની લોકો આપણા પર રાજ્ય કરશે એવો ભય લોકોના મનમાં ઘર કરી બેઠો ! આસામને હિંદુસ્તાને છોડયું એવો વિચાર પણ દૃઢ થવા લાગ્યો. તેને કારણે હિંદુસ્તાન ઉપર ગુસ્સો, ચીની લોકોના હાથમાં જવાનો ભય—એવી મિશ્ર લાગણીમાં આસામી જનતા તણાવા લાગી હતી. શું કરવું તે સૂઝતું ન હોવાને કારણે હતાશ બનીને જનતા કિંકર્તવ્યમૂઢ બની બેઠી હતી.

બોમડી લા પડયા બાદ તેજપુર સુધી ચીની ફોજને રોકવાનું સામર્થ્ય હિંદી સૈન્યમાં નહોતું. હિંદી સૈન્યના અધિકારીઓની સલાહ એવી રહી કે તેજપુર ખાલી કરવું જોઈએ. ચીની ફોજ તેજપુરમાં ગમે ત્યારે આવી ચઢશે. તે વખતે આસામ સરકારના બે પ્રધાનો તેજપુરમાં હતા. તેમને સરકાર તરફથી કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવાનો પૂર્ણ અધિકાર હતો. કેટલાક દિવસ પહેલાં હિંદી સરકાર તરફથી આવી પરિસ્થિતિમાં શું કરવું તે અંગે સવિસ્તર હુકમો પણ આવી ગયા હતા. તેનો અમલ કરવાની પરિસ્થિતિ નિર્માણ થઈ છે કે નહીં તેનો નિર્ણય સ્થાનિક અધિકારીઓએ કરવાનો હતો. તે પ્રમાણે તેજપુર ખાલી કરવાનો નિર્ણય આસામ સરકારે લશ્કરી અધિકારીઓની સલાહાનુસાર લીધો. સ્ત્રીબાળકો પહેલેથી જ શહેર છોડી ગયાં હતાં. હવે પુરુષોનો વારો હતો. સ્ટેટ બેંકની ૨૮ લાખ રૂપિયાની નોટો બાળી નાખવામાં આવી. નવી નોટો અને એકદમ બાંધેલી હોવાને કારણે જલદી બળતી ન હતી તેથી કેરોસીન અને પેટ્રોલ રેડી તેને બાળવામાં આવી બેંકમાં ચોગાન નહોતું અને અંદર બાળવું જોખમભર્યું હતું એટલે લગભગ રસ્તા ઉપર જ આની હોળી કરવામાં આવી ! બ્રહ્મપુત્રા નદીમાં મોટી નાવ દિવસભર સતત આવ-જા કરીને બ્રહ્મપુત્રને દક્ષિણ કિનારે પહોંચાડતી હતી. સાંજે મોટા ભાગના માણસો પાર ઊતરી ગયા પછી પ્રધાનો પણ નક્કી કરેલા સ્થાને પહોંચી ગયા.

આ બધો વખત ફક્ત એક જ જમાત તેજપુરમાં ચોંટીને રહી હતી. અને તે જમાત હતી ત્યાંના મુસલમાન લોકોની. તેમણે તેજપુર છોડવા માટે ના પાડી હતી. આની પહેલાં એવો પ્રચાર થયાના દાખલા આસામ સરકાર પાસે આવ્યા હતા કે પાકિસ્તાન અને ચીન વચ્ચે કોઈ એવી ગુપ્ત મંત્રણાઓ થઈ છે કે આસામ રાજ્ય પડે પછી આસામનો ઉત્તર વિભાગ (બ્રહ્મપુત્રાનો ઉત્તર બાજુનો) ચીની સરકારે પોતાના તાબામાં લેવો અને દક્ષિણ વિભાગ પાકિસ્તાને લેવો. આવો પ્રચાર કરવાના આરોપસર ૬ મુસલમાનોને આસામ સરકારે અટકમાં પણ લીધા હતા. આના કારણે હિંદુ-મુસલમાન વચ્ચે એક પ્રકારનું દૂષિત અને ક્ષુબ્ધ વાતાવરણ પેદા થયું હતું અને તેનો ફાયદો કૉંગ્રેસમાંનો જ એક પક્ષ પોતાના પક્ષને મજબૂત બનાવવા માટે કરે છે એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. કોઈ

પણ જાનની સ્પષ્ટતા નહોતી. લોકોમાં ગભરાટ અને ભવિષ્ય માટે ચિંતા મોટા પ્રમાણમાં જ વર્તાતી હતી.

પરંતુ ઈશ્વરી યોજના કાંઈ જુદી જ હતી. ચીની સેના તેજપુરમાં આવી જ નહીં. તેજપુરથી લગભગ ૪૦ માઈલ દૂર હતી ત્યારે જ એકતરફી યુદ્ધબંધીની જાહેરાત થઈ. આને કારણે ઘણા લોકોને એમ થયું કે તેજપુરને ખાલી કરવાનું પગલું ઉતાવળિયું હતું. પરંતુ વસ્તુતઃ આ આક્ષેપ બરાબર નથી. ચીનાઓ આવું કાંઈક કરશે એવી કલ્પના ત્યારે કોઈને ન હતી. આજ સુધીના ઈતિહાસમાં મોટે ભાગે આવું ક્યારેય થયું નથી અને બીજે બાજુએ જો ચીનાઓએ તેજપુર લીધું હોત તો અનેક દૃષ્ટિએ તેમની પરિસ્થિતિ આજના કરતાં કેટલીયે સારી બની હોત. તેજપુરનું વિમાનમથક તેમના હાથમાં ગયું હોત તો પોતાના સૈન્યને પુરવઠો પૂરો પાડવાની તેમની શક્તિ ખૂબ જ વધી ગઈ હોત. આસામ સાથેના વ્યવહારમાં દખલ કરવાનું અને હિંદી સરકાર ઉપર વધારે દબાણ લાવવાનું એમને માટે સુલભ બન્યું હોત. ચીને આમ કેમ ન કર્યું તે તો ઈતિહાસ જ કહેશે. તેજપુરમાં આવતાં ચીન હિન્દુસ્તાનમાં આવ્યું હોત. નેફા પ્રદેશ તો પોતાનો જ છે અને ત્યાં પોતાનો અધિકાર જમાવવા માટે તેઓ પ્રવેશ કરતા હતા. પણ તેજપુર તો નેફાની દક્ષિણે હતું એટલે ચીની ઈતિહાસ પ્રમાણે સુદ્ધાં તેજપુરમાં આવવું એ હિંદુસ્તાન ઉપર આક્રમણ જ હતું, અને તેમ થવાથી હિંદી-ચીની લડાઈને તદ્દન જુદું સ્વરૂપ મળ્યું હોત. લદાખમાં પણ પોતાનો હક દાખવ્યા મુજબની રેખાઓ સુધી જ ચીનાઓ આવ્યા છે. તેથી આગળ તેઓ વધ્યા નથી, આના બીજાં પણ અનેક કારણો હોઈ શકે છે. રશિયાનું દબાણ, મેદાન-પ્રદેશમાં પ્રતિકારનું સ્વરૂપ, વગેરે કારણોને લીધે ચીન આગળ ન વધ્યું હોય. ગમે તે હોય. ચીન આગળ વધ્યું નહીં અને આસામ સરકાર ઉપર તેજપુર ખાલી કરવા બાબત ઉતાવળિયું પગલું ભર્યાનો આરોપ આવ્યો.

અમે તેજપુર પહોંચ્યા ત્યાં સુધીમાં આ બધી પરિસ્થિતિ સારા પ્રમાણમાં શાંત થઈ ગઈ હતી. લોકો તેજપુર પાછા આવ્યા હતા, આવતા હતા. ઘણી દુકાનો ઊઘડી રહી હતી અને લોકોનો રાબેતા મુજબનો વ્યવહાર ચાલુ થયો હતો. જૂના ઈતિહાસની સ્મૃતિ એટલી જ હતી કે જ્યાં ખજાનાનાં નાણાં ફેંકી દેવામાં આવ્યાં હતાં ત્યાં તળિયે ડૂબકી મારીને કેટલાક છોકરા નાણાં ઉપર લાવતા હતા. આનાથી બીજું કશું જ નવું શહેરમાં જણાતું ન હતું. ચીની ફોજ કેવળ ૪૦ માઈલ દૂર છે તેની યાદ સુદ્ધાં વ્યવહારમાં દેખાતી ન હતી.

તેજપુરમાં વર્તમાનપત્રોના આશરે સો-સવાસો પ્રતિનિધિઓ આવીને રહ્યા હતા. મેં તેમને પૂછ્યું કે નેફાની પરિસ્થિતિ લડાઈની દૃષ્ટિએ આપણને અનુકૂળ હતી. હિંદી જુવાનોની શરીરશક્તિ ચીની લોકોના પ્રમાણમાં વધારે સારી હતી. (૧૯૫૬માં ચીન જવાનો પ્રસંગ મને સાંપડ્યો હતો તે ઉપરથી આ વિધાન હું કરી શકું છું.) આ લડાઈ થશે એની કલ્પના આપણને ૧-૨ વર્ષ પહેલાં આવી હતી, તેમ છતાં આપણે ચીની સૈન્યનો યોગ્ય પ્રતિકાર શા માટે કરી શક્યા નહીં? જવાબમાં પત્રકારોનો સાધારણ મત એવો રહ્યો કે લડાઈ જેવું તો બહુ થોડી જગ્યાએ જ લાગ્યું. વાલોંગમાં 'આસામ રાયફલ્સ'ના લોકોએ પૈર્યથી ને બહાદુરીથી હાર આપી. 'આસામ રાયફલ્સ' એ નેફાના સંરક્ષણ માટે આખી

નાસી ગયા હતા. અને તેમના ભાગવાને કારણે આસામમાં તેમની વિરુદ્ધ એક વાતાવરણ ઊભું થયું હતું. સારા સમયમાં લોકોને લૂંટયા, અને મુશ્કેલીને વખતે લોકોને છોડીને ભાગી ગયા એવો મત આ બધા માટે થયો. વળી તેમાંથી ઘણા આસામ બહારના પ્રાંતના હોવાને કારણે તેમના પ્રત્યે દ્વેષભાવ પણ વધ્યો.

લોકોએ ધૈર્ય અને શાંતિ રાખી એટલું જ નહીં ઠેકઠેકાણે નેતૃત્વ લઈને સરકારને અને જનતાને મદદ કરવાનો પ્રયત્ન કર્યો. સદિયા પાસે વિમાનને ઊતરવા માટે એક પટ્ટી તૈયાર કરવાના કામમાં બે–ત્રણ હજાર લોકો સ્વેચ્છાએ જોડાયા અને એક પૈસો લીધા વિના કામ કર્યું. 'અમે શું મજૂર છીએ તે પૈસા લઈએ ! અમારી સરકારને આજ જરૂર છે, ત્યારે આ કામ અમે ખુશીથી કરીશું.' વાહ રે વાહ ! દેશમાં બધે આવી વૃત્તિ ન જાગી શકે !

ધનશ્રી નદીનો સીમેંટનો પાકો પુલ પાછલા પૂરમાં ભાંગીને તણાઈ ગયો હતો. તેજપુર જવાના રસ્તા ઉપરનો આ પુલ જલદી તૈયાર થવો જોઈતો હતો. બોવતાલકી આમ્ર પ્રદેશના લોકો ભેગા થયા અને નદીનું પાણી કેવી રીતે વાળી શકાય અને કાચો પુલ તેની ઉપર કેવી રીતે બંધાય તે સરકારી ઇજનેરોને એમણે સમજાવી દીધું. અને આમ કાચો પુલ જલદી તૈયાર થઇ ગયો.

ગૌહતીમાં એક ડોકટરે મહોલ્લે મહોલ્લે સંરક્ષણ દળની સ્થાપના કરી. તેમનું કામ જોઈ શહેરની નાગરિક સમિતિમાં પણ તેમને લેવામાં આવ્યા. પછી સરકાર તરફથી જ્યારે રીતસરનું કામ શરૂ થયું ત્યારે પક્ષની દૃષ્ટિ આગળ આવી અને તેમના સંગઠનની ઉપેક્ષા કરવામાં આવી, એવી એમની ફરિયાદ હતી.

આવી અનેક વાતો કહી શકાય તેમ છે. આજે જેમના હાથમાં નેતૃત્વ છે તેમણે આ વાત ઉપરથી બોધ લેવા જેવો છે. દેશમાંની જનતા સમજુ, પ્રામાણિક અને સરકાર પ્રત્યે પોતીકી ભાવના રાખનારી છે. નેતાઓએ જનતાની આ વૃત્તિનો પરિપોષ કરીને તેનો યોગ્ય માર્ગે ઉપયોગ કરવો જોઇએ. આને બદલે નેતાગણ કેવળ પોતાના અધિકાર અને પૈસા તરફ જ નજર રાખશે તો જનતાની આ ભાવના ઊડી જશે. વહેલા સાવધ થઇને કર્તવ્ય અંગેની જાગૃતિ દાખવવાની આજે જરૂર છે.

ચીની આક્રમણે ભારત સમક્ષ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. એક દૃષ્ટિએ આ ચીની આક્રમણથી થોડો ફાયદો થયો છે. આજ સુધી 'આપણું ગાડું ઠીક ચાલી રહ્યું છે' એવી જે સમજ આપણામાં ફેલાયેલી તેને આ આક્રમણને કારણે સારો ધક્કો પહોંચ્યો છે. પહેલી વાત એ કે આપણી સેનાના દોષો ઉઘાડા પડ્યા. તેમ છતાં સૈન્યપક્ષે એમ કહી શકાય કે તેમની જરૂરિયાતો અત્યાર સુધી આપણી સરકાર ગમે તે કારણસર બરાબર પૂરી કરી શકી નથી. આ ઉપરાંત તેના કારભારમાં રાજકીય નેતાઓએ વિનાકારણ માથું માર્યા કર્યું છે. આ માટે મુખ્યત્વે માજી સંરક્ષણપ્રધાન શ્રી મેનન જવાબદાર છે. આને કારણે જનરલ થિમૈયાએ રાજીનામું આપ્યું હતું, જે પાછળથી પંડિત નેહરુના આગ્રહને કારણે તેમણે પાછું ખેંચી લીધું. સેનાના અધિકારીઓની અંદરોઅંદરની સ્પર્ધામાં જો રાજકીય નેતાઓ પડે તો તેમાં કેવો ખતરો રહેલો છે તે આ લડાઈ દ્વારા સારું દેખાઈ આવ્યું.

બીજી બાબત શાસન સુધારાની. આપણું શાસન પ્રભાવી નથી. વળી તે ઘણું ખર્ચાળ


છે અને તેની રચના એવી છે કે પરિણામની જવાબદારી નિશ્ચિતપણે કોઈ એક વ્યક્તિથી નક્કી કરી શકાતી નથી. આને કારણે કામ ટાળવું, બેજવાબદારીપણું વગેરે ખૂબ વધ્યું છે. આ સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી વિકાસકાર્યમાં જે ખર્ચ કરીએ છીએ તેમાંથી પૂરો લાભ મળવો શક્ય નથી. આજે શાસનની સ્થિતિ એવી છે કે અધિકારીઓની બીક રહી નથી અને સ્વયંપ્રેરણાથી પ્રામાણિકપણે અને ઉત્સાહથી કામ કરનારની કદર થશે એવો વિશ્વાસ રહ્યો નથી. આ કારણે ચાલતું હોય તેમ ચાલવા દો; મારે શી પડી છે આવી વૃત્તિ ફેલાઈ છે.

ત્રીજી વાત એ કે દર માણસે કામનું પ્રમાણ ભારતમાં ઘણું ઓછું દેખાય છે. ચીનાઓની ઝડપથી આપણે રસ્તા કેમ ન બાંધી શક્યા? આને માટે આપણું આળસ અને કામ કરવાની ઓછી શક્તિ એ જ કારણભૂત છે.

ચોથી વાત એટલે સંકટકાળે દેશમાં જે સ્થિતિ નિર્માણ થાય છે તેનું કંઈક દર્શન આ આક્રમણને કારણે થયું છે. ભારતમાં લગભગ ૫ કરોડ મુસલમાનો છે. ભારતીય જીવનમાં જે રીતે તેમણે ભળી જવું જોઈતું હતું તે રીતે તેઓ ભળી ગયા નથી. આથી પાકિસ્તાન સાથે કોઈ અણબનાવ થાય કે તરત જ આ પ્રશ્ન ફરીફરીને માથું ઊંચકવાનો. આનો ખ્યાલ આસામમાં આવ્યો. આનો એક જ ઉપાય છે. પાકિસ્તાન સાથેના આપણા સંબંધો એવા પ્રકારના હોવા જોઈએ કે ભારતના મુસલમાનોને પોતાની વફાદારી અંગે દ્વિધા ઊભી થવાનો પ્રસંગ જ ન આવે. કેટલાક વખત પહેલાં પાકિસ્તાનના પ્રમુખ અયુબખાને 'સંયુક્ત સંરક્ષણ'ની યોજના મૂકી હતી, તેનો આજની સ્થિતિમાં વિચાર કરી શકાય. સંયુક્ત સંરક્ષણની ભૂમિકામાંથી એક પરદેશનીતિની કલ્પના સહજે જ નીકળે છે. આ રીતે બન્ને રાષ્ટ્રો એકમેકની નજીક કેવી રીતે આવે એનો ઊંડાણથી વિચાર બન્ને પક્ષે કરવો જોઈએ.

પાંચમી વાત એ કે ચીનનું આક્રમણ એ કેવળ સૈન્યનું આક્રમણ નથી. તે ભાવનાત્મક ને તાત્ત્વિક પણ છે. ચીનની ક્રાંતિમાંથી જે અનેક સુધારા ચીનાઓએ પોતાના દેશમાં દાખલ કર્યા તેનો આપણે ત્યાં ઊડીને આંખે વળગે તેવો અભાવ છે. ચીનમાં ભૂમિહીનતા નાબૂદ થઈ, સહકારી ખેતીનો જન્મ થયો, ઉદ્યોગ અને વેપારનું રાષ્ટ્રીયકરણ થયું. આર્થિક અસમાનતા ઓછી થઈ, વિકાસનો દૃષ્ટિકોણ અંત્યોદયનો રહ્યો, સ્ત્રીઓનું પછાતપણું દૂર થઈને પુરુષની સમોવડી થઈને તે કામ કરવા લાગી, વગેરે અનેક બાબતોનો ઉલ્લેખ કરી શકાય. આ ૧૫ વર્ષના ગાળામાં ભારતે શું કર્યું? ભારતનો આર્થિક વિકાસ જરૂર થયો, પણ તેનો ફાયદો કોને મળ્યો? ભારતે આ સમય દરમિયાન પોતાના મૂળભૂત પ્રશ્નો ઉકેલ્યા કે? ઊલટું અહીં અસમાનતા વધી, બેકારી વધી, એવી ટીકા બધી બાજુથી થાય છે. હવે આ આક્રમણથી તો ભારતે સજાગ થવું જ જોઈએ. અને સે.કયાહીના મૂલ્યો જાળવીને આર્થિક અને સામાજિક ન્યાયના આધાર પર નવી સમાજરચનાનો પાયો નાખવો જોઈએ. આમ થશે તો જ ચીનના તાત્ત્વિક અને ભાવનાત્મક આક્રમણનો ભારત સામનો કરી શકશે. નહીં તો એશિયામાં એક પછાત, બીજી કોટિના રાષ્ટ્ર તરીકે ભારતે રહેવું પડશે. એટલે હવે ભારતમાં શા ફેરફારો થાય છે તે તરફ બધાનું ધ્યાન છે.

['સાપ્તાહિક'(મરાઠી) પરથી–અનુ૦ : કાન્તા–'ભૂમિપુત્ર'માં પ્રસિદ્ધ થયેલો લેખ, સાભાર ઉદ્ધૃત]



સં. ૨૦૧૯
ફાગણ

આદ્ય તંત્રી
રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૫ ફાગણ : ૨૦૧૯ અંક ૫

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

1. ચીનનું હવે કેમ લાગે છે?
2. આક્રમણ કરતાં પણ વધારે ભયપ્રદ
3. ઉપાય — નેહરૂને સાથ આપો

પ્રશ્ન : ચીનનું હવે કેમ લાગે છે?

ઉત્તર : યુદ્ધ ચાલતું હતું તેના કરતાં અત્યારે વધારે ભયપ્રદ લાગે છે. ચીન સાથેના આપણા વ્યવહારમાં આપણે એકેએક દિશામાં પરાસ્ત થયા છીએ તેનો હું વિચાર કરું છું ત્યારે મને થાય છે કે પં. જવાહરલાલ જેવા જાગતા પુરુષની રાહબરી નીચે આ કેમ બની શક્યું!

ચીને આપણા ઉપર આક્રમણ કર્યું અને પછી આપણા લોકનેતાઓ કહેવા લાગ્યા કે ચીનની આ એક ઇતિહાસસિદ્ધ રાજકીય આદત છે કે તે સ્થિર થાય, એટલે તેનું લશ્કર મજબૂત બનાવે, અને પછી આજુબાજુના પ્રદેશો ઉપર એ આક્રમણ કરે! શું આ ઇતિહાસનું જ્ઞાન કોઈ નવી શોધ રૂપે આપણા નાયકોને થયું કે આપણા પંદર વર્ષના ચીન સાથેના વ્યવહારમાં આ જ્ઞાનપૂર્વક આપણને વર્તવાનું ભાન ન થયું? અને એમાંથી આવવી જોઈએ તે સાવચેતી આવી નહિ? ચીનના એક આગળ પડતા મિત્ર તરીકે દુનિયા આગળ આપણે ખડા થયા ત્યારે શું ચીન વિશે આ ઇતિહાસની વસ્તુ સિદ્ધ ન હતી? આપણો તિબેટમાં જે કંઈ પરંપરાપ્રાપ્ત હાથ હતો તે જ્યારે આપણે ન્યાય, સત્ય, ઉદારતા એ બધાંને ખાતર તિબેટને ચીનની કરુણા ઉપર છોડી દીધું ત્યારે શું આપણને એવી સંભાવના ન દેખાઈ કે તિબેટ એ ચીનનું ભારત ઉપર આક્રમણ કરવા માટે લશ્કરી થાણું થઈ શકે? આપણે જ્યારે "હિંદી–ચીની–ભાઈ–ભાઈ" એ રોમાંચક ઉદ્‌ગારો દિલ્હી અને મુંબઈ દ્વારા દેશમાં ફેલાવતા હતા ત્યારે શું આપણને એવો સહેજ પણ વિચાર ન આવ્યો કે આ ભાઈ હવે આપણો મોટો ભાઈ થશે! મરાઠીમાં કહીએ તો "દાદા" થશે અને પછી 'દાદો' થઈ દાદાગીરી કરશે!

અને જ્યારે ચીનના વડાપ્રધાન ભારત આવ્યા ત્યારે આપણને જે હરખના ઉમળકા થયા ત્યારે શું વિદેશી ખાતામાં આ સુપ્રસિદ્ધ ઇતિહાસજ્ઞાન પ્રગટ્યું નહિ હોય?

આ બધું ખરેખર સાધારણ માણસની બુદ્ધિમાં ન ઉતરે એવું બહેલાણું છે।

ચાણક્યનું સૂત્ર કે 'સરહદ ઉપરનું રાષ્ટ્ર શત્રુરાષ્ટ્ર' એ મધ્યયુગીન સંકુચિત રાજકારણની દૃષ્ટિ મનાય. પણ ભારતના પૂર્વ અને પશ્ચિમ સીમાડાના રાજ્યો—ચીન અને

પાકિસ્તાન—એ અને આપણે સ્વતંત્ર થયા પછી આપણી સામે કેટલી મિત્રદૃષ્ટિ રાખી છે તે તો બનેલી હકીકતોની બાબત છે. આપણે આ દેશો પ્રત્યે શત્રુભાવ ન રાખીએ, મૈત્રી રાખીએ, એટલા ચાણક્ય કરતાં વધારે ઉદાર થઈ શકીએ, થવું જોઈએ; અને આવું કારણ ગાંધીજીએ આપણને આપેલી વિશ્વકલ્યાણની ભાવના છે. પણ આપણને શું એ ખબર નથી કે ચીન કે પાકિસ્તાન બન્નેને ગાંધીભાવના ઉપહાસનો વિષય છે? તો, એ લોકો ચાણક્યની નીતિથી, તે બન્નેના સીમાડા ઉપર આપણે આવેલા છીએ તે રીતે, આપણી ઉપર કડવી નજર ન રાખે? આપણને એ સમજ્યું હોય કે ન સમજ્યું હોય પણ છેલ્લાં વર્ષોના બનાવોએ અને દરરોજ જે બનતી જાય છે તે ઘટનાઓ શું એમ સાબિત કરતી નથી કે ઉત્તરનાં પૂર્વ અને પશ્ચિમનાં આ બન્ને રાષ્ટ્રો ભારતને ખતમ કરવા ચાહે છે!

આપણે આપણી વાતચીતમાં સરદાર વલ્લભભાઈ પટેલે ગૂજરાત વિદ્યાપીઠમાં, ૧૯૪૭ કે ૧૯૪૮માં એક જે ભાષણ આપેલું તેનો ઉલ્લેખ અગાઉ કરી ગયા છીએ. હું એ ભાષણ સાંભળનારાઓમાંનો એક હતો. તમે હતા?

ઉત્તર : હા, હું હતો.

—તો, તમને યાદ હશે કે એમણે એમ કહેલું કે સ્વરાજ્ય મળ્યું, સ્વતંત્રતા મળી, એટલે હવે આપણું પહેલું કાર્ય એ સ્વાતંત્ર્યને સાચવવાનું થાય છે. અને એ સાચવવા માટે આપણું પહેલું કામ આપણા ડિફેન્સ (Defence) ઉપર ધ્યાન આપવું. અને આપણા ઉદ્યોગો પણ એ રીતે ખીલવવા કે જેથી આપણું defence potential વધી જાય! પહેલી ચીજો એ પહેલી—એ જે સમજ સરદારે જાહેર કરી હતી, અને જેના એક ભાગ તરીકે, કરાંચી જતાં ભારતને બીજું એક એવું બંદર જોઈએ તે માટે કંડલાને ખીલવવાનો ઉપક્રમ કર્યો. તો આપણે એ દિગ્સૂચનને અનુસરી આપણા 'ડીફેન્સ'ને પ્રથમ સ્થાન કેમ નહિ આપ્યું હોય? અને ઉદ્યોગોમાં પણ 'ડીફેન્સ'ને મજબૂત કરે એવા ઉદ્યોગોને સૌ-પ્રથમ સ્થાન કેમ નહિ અપાયું હોય! અને આપણે જેમ સાંભળ્યું કે આપણી ઓરડિનન્સ ફેક્ટરીઓમાં પણ, આઈસક્રીમ બનાવવાના અને એરકન્ડીશનિંગ કરવાના સંચાઓને સ્થાન મળ્યું! એમ કેમ બન્યું હશે? જવાબમાં કોઈ એમ કહે કે આપણી આર્થિક અવસ્થા બહુ નબળી હતી અને છે. આપણું અર્થતંત્ર ઢંગધડા વગરનું હતું અને છે એટલે આપણી ફરજ સોંપડેલા ઉદ્યોગો વધારી, સંપત્તિ વધારવાની હતી અને છે. આની કોઈ ના ન પાડી શકે. પણ ચીનની આર્થિક દશા ત્યારે, ત્યાં સામ્યવાદી સરકાર સ્થિર થઈ ત્યારે, આપણા કરતાં સારી તો ન હતી. આપણે એ પણ જોતા હતા કે ચીન એના અર્થતંત્રમાં સૌપહેલું સ્થાન એના લશ્કરને આપતું હતું! આપણી આંખ આગળ જ એણે, બીજું બધું ફાવે તેમ થાય તો પણ, લશ્કરને વધારવાનું, મજબૂત કરવાનું અને યથાશક્ય અદ્યતન શસ્ત્રસરંજામથી સજ્જ કરવાનું કાર્ય કર્યું જ છે અને કરતું રહે છે!—એટમ-બૉમ્બ સુધી પણ પહોંચ્યું છે! એમ કરવામાં ચીન પ્રચલિત રાજ્યનીતિના નિયમને અનુસર્યું છે—કે નવા રાજ્યે સોંપડેલા પોતાનું બલ-લશ્કરી તાકાત-મજબૂત કરવું જોઈએ. ચીનની કુખમાં ચાંગ-કાઈ-શેકની શૂળ ભોંકાયેલી છે એ માટે એને આમ કરવાની ફરજ હતી એમ કોઈ કહે તો આપણે એમ કહેવું જોઈએ કે, જે રીતે હિંદના ભાગલા થયા, ભારતની અખિલાઈમાં માનતા આપણા બધા રાજનેતાઓની આંખોમાં ધૂળ નાખી

પાકિસ્તાનનું નવું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું—અને અસ્તિત્વમાં આવતાં અને આવ્યા પછી સતત દ્વેષનો મારો તે દેશે આપણા ઉપર જે રીતે ચલાવ્યો છે, જે રીતે કાશ્મીર ઉપર આક્રમણ કર્યું એ બધું જોતાં આપણે એમ કહી શકીએ કે આપણા પડખામાં પણ તીર જ ભોંકાયેલું છે! પણ ચીનની જે આવડી મોટી લશ્કરી તૈયારી તે ફક્ત ચાંગ-કાઈ-શેક પૂરતી ન હતી એ તો આપણને દેખાવું જોઈતું હતું, કારણ ચાંગ-કાઈ-શેક એટલે અમેરિકા; અને તેની સામે લડવાની તૈયારી કરવાનું પહેલે તબક્કે તો ચીન ન જ ધારે; એટલે ખટાટોપ-ફૂંફાડા ચાંગ-કાઈ-શેક સામે મારવા જેવું એ ચીનાઈ ડ્રેગન કરે. પણ એ લોકોમાં જે લૌકિક વ્યવહારની બુદ્ધિ છે તે જોતાં, એ અમેરિકા સામે લડવાની તૈયારી તો ન જ કરે. એટલે એ બધી લશ્કરની તૈયારી ચીન એની પશ્ચિમના દેશો માટે કરતું હતું અને કરે છે એ સમજવા રાજનીતિનું બહુ સૂક્ષ્મ જ્ઞાન હોવાની જરૂર નથી. અને ચીનના એ પશ્ચિમના દેશોમાં બીજાઓ તો એના ખટાટોપથી જ અંજાઈ જાય એવા છે એટલે એનો ફૂંફાડો તો ભારત માટે જ હોય એમ સમજવું બહુ અસ્પષ્ટ ન ગણાય.

'ડિપ્લોમસી' માટે આપણે દૂતવિદ્યા એવો આપણી પ્રાચીન પરિભાષામાંથી શબ્દ ધરીએ તો—દૂતકર્મ કે દૌત્યમાં ચીને આપણને હરાવ્યા છે. એટલે આપણો પ્રથમ પરાજય મને આ દૌત્યકર્મમાં થયેલો દેખાય છે. બહુ મૈત્રીભાવથી તિબેટને ભારતના સંબંધ અને સંપર્કથી ચીને પહેલાં પંચશીલ આદિની વાતો કરી છૂટું કરી લીધું. પછી ક્રમે ક્રમે એનો પંજો એના પર જમાવ્યો અને ત્યાં મોટું લશ્કરી થાણું જમાવી દીધું. નેપાળ જે પહેલાં ભારતનું આશ્રિત નહિ તોપણ અત્યંત સંબંધવાળું મિત્રરાજ્ય હતું તે ક્રમે ક્રમે ઊલટી દિશામાં ચાલ્યું અને અત્યારે તો એનો હાથ ચીન સાથે જ મળેલો દેખાય છે! હમણાં મોશીમાં જે પરિષદ થઈ તેમાં ભારતના વિરોધીઓ ત્રણ—(૧) ચીન, (૨) પાકિસ્તાન અને (૩) નેપાળ. અથવા કહો કે ચીનના એ બે સહાયકો. બર્મા, ઇન્ડોનેશિયા વગેરે દેશો ક્યારે પણ ચીનને નાખુશ કરે એવી સ્થિતિમાં નથી. સિલોન તો હજી બ્રિટનનું ડુમિનિયન છે છતાં એની પણ હિંમત તો ભારત માટે ચીનને નાખુશ કરવાની ન જ હોય. એટલે, ચીને આક્રમણ કરી ભારત પાસેથી જે પ્રદેશ પ્રથમ કક્ષામાં પ્રાપ્ત કરી લેવો હતો તે કરી લીધો, અને તેથી પણ આગળ વધી ગયું. એટલે કોલંબો પરિષદ સિલોને યોજી; ચીન એક વિજેતાની અદાથી આપણા પર દયાનો વરસાદ વરસાવતું એને જ્યાં સ્થિર થવું છે ત્યાં સ્થિર થઈ ગયું! આ બધું આપણા દૂતકર્મનું આપણી ચીન સાથેની નીતિનું અત્યાર પૂરતું તો પરિણામ છે.

યુદ્ધમાં આપણું લશ્કર હાર્યું અને પાછું પડ્યું એમ હું નહિ કહું. એમ કહેવામાં આપણા લશ્કરનાં વીર્ય, શૌર્ય અને કુરબાનીને અન્યાય કરવા જેવું થાય છે. એટલે, એને પણ હું આપણી લશ્કરી હાર કરતાં આપણી રાજકારણી હાર જ ગણું છું. કારણકે આપણા રાજકારણી પુરુષોને એ ન સમજાયું કે આપણને મોટામાં મોટો ભય ચીન તરફનો છે અને તેથી એ દિશામાં સંરક્ષણ કરવા આવશ્યક શસ્ત્રસજ્જતા અને તાલીમ આપણા લશ્કરને આપવાં જોઈએ. એ કામને પ્રથમ કર્તવ્ય ગણવું જોઈએ. આ વિધાન હું એ શ્રદ્ધા ઉપર કરું છું કે શસ્ત્રસજ્જતા અને તાલીમમાં જો સમાનતા હોય તો આપણી સેનાનાં વીર્ય અને શૌર્ય કોઈના પણ આક્રમણને ખાળી શકે તેવાં છે.

પ્રશ્ન : યુદ્ધ કરતાં અત્યારે સ્થિતિ વધારે ભયપ્રદ છે એ શી રીતે?

ઉત્તર : યુદ્ધ કરતાં પણ અત્યારે સ્થિતિ વધારે ભયપ્રદ છે એમ કહેવાનું કારણ એ છે કે ચીનની રાજ્યનીતિનું બીજું પાસું પણ આપણને હંફાવી રહ્યું છે. અને એ પાસું એ કે પોતે લડવાનું બંધ કર્યું! વિજેતાના ગૌરવથી પાછા ફર્યા અને હવે 'કાંઈ લડવાનું છે નહિ,' 'અમે કાંઈ લડાઈખોર નથી' વગેરે વાતાવરણ ઊભું કરી આપણા એશિયા–આફ્રિકાના દેશોને ભરમાવે એ એટલું બધું ભયપ્રદ નથી, જેટલું રાજ્યનીતિની એ ચાલે ભારતને ભ્રમણામાં નાખી દીધું છે! જેમ યુદ્ધ વખતે સહજ રીતે ઉત્સાહનું પૂર ચડ્યું–છંદે ઊમટી રહ્યું હતું તે પાછું ઓસરી જતું દેખાય છે. સરકારી તંત્રમાં ક્યારે પણ ખરેખરો ઉત્સાહ હતો એ વિષે શંકા જેવું છે. એ લોકો તો એમનાં રૂટિનમાં પે–અને પેન્શનમાં અને મોવડીઓ પક્ષસ્વાર્થમાં પડેલા રહ્યા છે કે—એમનામાં દેખાવ સિવાય બીજું કાંઈ નથી. પણ પંડિતજી જેવા પૂરેપૂરા સાવધ થઈ ગયેલા, દેશના અદ્યકાલીન મહાન નેતા ઉદ્‌ઘોષણા કર્યા કરે છે, પણ એ ઉદ્‌ઘોષણા એમની નજીકનાં તંત્રો પણ જાણે ન–સાંભળતાં હોય એમ લાગે છે. દિલ્હી જઈ આવનારા તો કહે છે કે જાણે યુદ્ધની પરિસ્થિતિ છે એવું કશું જ ચિહ્ન ત્યાં દેખાતું નથી! આવી સ્થિતિ બીજે પણ રાજધાનીઓમાં વધતે-ઓછે અંશે થતી જાય છે. એક જ અસર રહી છે : સરકાર પૂર્વે નહીં નાખેલા એવા કરવેરા નાખવા અને પૂર્વે નહિ કરેલું એટલું સોનું કબજે કરવા હિંમત કરી રહી છે! અને બીજી બાજુએ પ્રજા પણ મને–કમને આ અનિવાર્ય છે એમ સમજીને સહન કરવાની તૈયારી કરી રહી છે!

છતાં, પ્રજાને જે શ્રદ્ધા બેસતી નથી તે એ છે કે ખરેખર આ બધાં સાધનો મેગંરીતે સરકાર અર્થાત્ કે તેની અમલદારશાહી તેનો યોગ્ય અને પ્રામાણિક ઉપયોગ કરશે? આપણા લશ્કરને એવું અદ્યતન શસ્ત્રોથી સજ્જ કરશે કે ચીને આપણો પડાવી લીધેલો મુલક આપણે પાછો લઈ શકીએ અને, વધારે નહિ તો, ચીનને એના સીમાડામાં પાછું ધકેલી શકીએ! આ પરિસ્થિતિ મને આક્રમણ કરતાં પણ વધારે ભયપ્રદ લાગે છે!

પ્રશ્ન : શાથી?

ઉત્તર : એક કારણ એ કે ઊંડી ઊંડી અવ્યક્ત અશ્રદ્ધાથી આપેલા સધવારામાં વિજય માટે આવશ્યક ઉત્સાહ રહે નહીં અને એ કારણથી સામના માટે જરૂરી તૈયારી થાય નહીં.

બીજું કારણ એ કે ચીન પાસેથી પચાવી પાડેલો મુલક આપણે જો નજીકના ભવિષ્યમાં પાછો ન મેળવી શકીએ તો એ કલંકમાંથી બહુ ખરાબ પરિસ્થિતિ ઊભી થાય. 'આ તો નબળા લોકો છે માટે ઘા કરો'; 'વાંધો નથી'—એવી વૃત્તિ આપણી આજુબાજુનાં રાષ્ટ્રોમાં ઊભી થાય. અને હરેક, લાગ આવે, ભારતને ડરાવે, ધક્કો મારે.

પ્રશ્ન : તો આનો ઉપાય શો?

ઉત્તર : એનો ઉપાય તો અત્યારે એક જ લાગે છે અને તે એ કે પં. જવાહરલાલ નેહરૂની જાગૃત થઈ ગયેલી ચેતનાશક્તિમાં આપણે શ્રદ્ધા રાખીએ. તે જે કાંઈ આપણી પાસે માગે તે આપવા શ્રદ્ધાથી તૈયાર રહીએ. આપણે એમની સરકારની કાર્યપદ્ધતિ વિષે, અને રાજકીય પગલાંઓ સંબંધી ઉહાપોહ જરૂર કરીએ, જ્યાં સામે થવા જેવું હોય ત્યાં જરૂર સામે થઈએ, પણ હિંદુસ્તાનના સંરક્ષણની તૈયારીમાં પંડિતજીને પૂરેપૂરો સાથ આપવો જોઈએ—એમાં વિવાદ ન હોવો જોઈએ.

૨૪–૨–૬૩

★

આપણું પાપ

સ્વામી આનન્દ

આજે મહાત્મા ગાંધીજીનો નિર્વાણ-દિન છે. આપણી વચ્ચેથી એમને ઊઠી ગયાને પંદર વરસ વીત્યાં. તે દિવસે હું આ જ શહેરમાં હતો.

આજનો દિવસ અંતર્મુખ થવાનો છે. આપણી મુક્તિ માટે એ જિંદગી આખી ઝઝૂમ્યા ને આપણી ખાતર મૂઆ. આપણે એમની પાછળ એમનાં સ્મારક કર્યાં; સંસ્થાઓ કાઢી, ગામેગામના રસ્તાઓને ને ચોકોને એમનાં નામ આપ્યાં. નિશાળનાં બાળકોને ભણવાની ચોપડીઓમાં એમના પાઠ ઘાલ્યા. જાહેર સભા સરઘસોમાં એમની જે બોલાવી ને રાતદિવસ એમનું નામ વટાવ્યું. પણ એમનું શીખવ્યું વરત્યા કેટલું?

આપણે એમને આજના કાળના ઈશુ ખ્રિસ્ત તરીકે ઓળખાવવામાં ગૌરવ લીધું. ઈશુ ભગતે એકવાર એમના લોકોને કહેલાં વચન બાઇબલમાં આમ સંઘરાયાં છે: "તમે મોઢેથી 'દેવ' 'દેવ' કહીને મારું નામ લેતા થાકતા નથી. પણ મારા કહ્યાનો અમલ તો દમડીભાર કરતા નથી. આવા ખોટા ને પાખંડી તમે જે દા'ડે કિરતારને આંગણે આવીને પોકાર કરશો કે 'અમે તારે નામે દાનપુન્ય સંસ્થાઓ ને સ્મારકો કર્યાં છે, ને સદાવ્રત દીધાં છે,' તે દિવસે હું ચોખ્ખુંફૂલ સંભળાવીશ, કે 'ભાગો આંયથી, અન્યાના આચરવાવાળાવ. હું તમને ઓળખતો નથી.' "

ઈશુ ભગતની સાડા ત્રણ વરસની જાહેર જનસેવાની કારકિર્દી એની 'મિનિસ્ટ્રી' કહેવાઈ. આમ મિનિસ્ટ્રી શબ્દ મૂળ એની પાસેથી આવ્યો છે. એનો અસલી અર્થ છે દીન-દુખિયાં રોગિયાં. પાપિયાં ને ભારેમૂઆઓની વચ્ચે વસી એમનાં તનમનના ઘા ધોવા, એમને આશ્વાસન આપી સાજાંનરવાં કરવાં ને સરપાવમાં સૂળિએ ચડી જવું! આપણે સૌ આજે છાતિયે હાથ દઈને આપણી જાતને પૂછીએ કે ગાંધીજીનું શીખવ્યું આપણે કેટલું વરત્યા?

મરવાને દિવસે એમણે આપણને સૂચવ્યું, " 'લોકસેવક સંઘ' બની જાઓ. એમાં જ તમારી ઔચિત્ય છે." પણ આપણને એ શેનું પરવડે? આપણે તો લાભને લોભે એમની પાછળ ગયા હતા. આપણે તો રાજપાટ કરવાં'તાં. ગાંધીજીનું શિક્ષણ હતું સાદાઈ ગરીબાઈનું. એ પ્રાર્થનામાં ગવડાવતા 'અશાશ્વત સંગ્રહ કોણ કરી?' જ્યારે આપણે તો ઘેરઘેર મોટર રેડિયો રેફ્રીજરેટર ને એરકંડીશનરનાં સ્વપ્નાં સેવ્યાં'તાં. આજે પંચવર્ષી આયોજનો પેરે દેશ આખો પરદેશીઓને ઘેર ગીરો મૂકાઈ ગયો. માથે વાળ તેટલાં કરજ થયાં ને જીવન-ધોરણ તો પંદર વરસમાં એટલું ઊંચું ગયું કે થોડા જ મહીના પર પાર્લમેન્ટમાં ઉત્તર પ્રદેશના એક સભ્યે પોકાર કરેલો કે એમની બાજુના જિલ્લાઓમાં મજૂરીનો દર રોજના બે આના છે!

આપણે દુનિયાની મોટામાં મોટી લોકશાહી સ્થાપી. તેનાં ને આપણા નેતા નેહરુજીની વાહ-વાહનાં દેશપરદેશ બધે ડંકા વગાડ્યા. પણ પંદર વરસમાં નેહરૂની એકે વાત કે દરખાસ્ત રાષ્ટ્રસંઘે કે યુરોપ અમેરિકાની બળવાન સત્તાઓએ સમ ખાવા મંજૂર નં રાખી. બલ્કે હરહમેશ હિંદના હિત-શત્રુઓની જ ઢાંકી કે ખુલ્લી તરફદારી કરી. આજે ચીન, પાકિસ્તાન, નેપાળ, નાગાલોક,—કરાંચીથી આરાકાન સુધી એકેએક પાડોશી આપણી જોડે રીસાઈને બેઠો છે. ચીને તો સીધું આક્રમણ જ કર્યું.

બિહાર ધરતીકંપને ગાંધીજીએ આપણાં પાપનાં ફળ તરીકે ગણાવ્યો, ત્યારે ટાગોર જેવા અકળાઈ ઊઠેલા. 'કહે ગાંધી જેવો મહાપુરુષ

કેવી ઉટપટાંગ વાત કરે છે! કુદરતી કોપને આપણાં પાપપુણ્ય જોડે શી નિસ્બત! ગાંધી કહે, છે જ છે. ધરતીકંપની આફત આપણાં પાપની જ સજા છે!

આપણું પાપ યાદ કરીએ. ગાંધીજીએ ૨૧ દિવસ ઝીણાની આજીજી કરી: 'એક માટીના છીએ ને એક રહીએ. માગો. કોરો ચેક લખી દઉં.' ઝીણા કહે. 'આપણે બે જુદી માટી, જુદી પ્રજા. એ સિદ્ધાંત કબૂલ કરો પછી બીજી વાત.' ગાંધી વાટાઘાટ તોડીને ઘેર આવ્યા. અંગ્રેજને કહ્યું, 'લીગવાળાઓને એકલાને જ સત્તા સોંપો. અમે વનવાસ વેઠશું. તમારી પાછળ અમારું ઘરમેળે ફોડી લેશું. જોઈએ તો લડી પણ લેશું. પણ તમે જાઓ.'

પણ ગાંધીની દાનાઈ કે મરદાનગી ઝીરવવાનું અમારું ગજું નહોતું. અમે લીગની લાંઠગીરી આગળ પાસ્ની ખાઈ ગયા ને અડધી રાતે અંગ્રેજને ઘેર જઈ લાહોર અમૃતસર વચ્ચે લીટી દોરી આપીને રાજસત્તાનો સેદો કરી આવ્યા. અમે ગાંધીને સૂના વેચ્યા. અમે સરહદ ગાંધીની પીઠમાં ખંજર ભોંક્યું ને ભાઈ હતો,—લાંઠ હતો પણ ભાઈ જ હતો,—તેને ભવનો વેરી કર્યો. ગાંધીજીને તો સવારે ઊઠીને છાપું વાંચ્યું ત્યારે જ ખબર પડી!

આ આપણું પાયાનું પાપ. એનાં ફળ પંદર વરસથી ભોગવી રહ્યાં છીએ ને પેઢીઓ સુધી ભોગવશું તોય એમાંથી નહિ છૂટીએ.*

['ભૂમિપુત્ર'માંથી સાભાર ઉદ્ધૃત]

卐

---

* તા. ૩૦-૧-૬૩ ગાંધી-નિર્વાણ દિનની પ્રાર્થના-સભામાં ધૂળિયા (ખાનદેશ) ખાતે કરેલું પ્રવચન.

સાભાર - સ્વીકાર

શ્રી. અરવિંદ આશ્રમ : પોંડિચેરી

શ્રી. અરવિંદ મહાયોગી
લેખક : સુન્દરમ્
આવૃત્તિ ત્રીજી કિં. ૧=૨૫

શ્રી અરવિંદના ચાર પત્રો
અનુવાદક : શ્રી. સુન્દરમ્
આવૃત્તિ બીજી કિં. ૦=૮૦

ઉત્તરપાડા વ્યાખ્યાન
મૂળ લેખક : શ્રી. અરવિંદ
અનુવાદક : શ્રી. સુન્દરમ્
બીજી આવૃત્તિ કિં. ૦=૮૦

ચાર તપસ્યાઓ અને ચાર મુક્તિ
મૂળ લેખક : શ્રી માતાજી
અનુવાદક : શ્રી. સુન્દરમ્
બીજી આવૃત્તિ કિં. ૧=૨૫

ટ્રાન્સલેશન ટ્રસ્ટ : ગુજરાત રાજ્ય
અલીઆબાડા (જિલ્લે જામનગર)

માનવીની આર્થિક સંપત્તિ
મૂળ લેખક : લિઓ લ્યુબરમેન
અનુવાદક : બદરીપ્રસાદ માણેકલાલ ભટ્ટ
પહેલી આવૃત્તિ પૃ. ૩૨૪; કિં. રૂ. ૪=૦૦

લોકશાહી ને તેના હરીફો
મૂળ લેખક : ક્રિસ્ટોફર લોયડ
અનુવાદક : જયન્ત મ. શાહ
પહેલી આવૃત્તિ પૃ. ૨૦૦; કિં. રૂ. ૨=૦૦

સભ્યતાની કથા
મૂળ લેખક : સી. ઈ. એમ. જોડ
અનુવાદક : મૂળશંકર મો. ભટ્ટ
પહેલી આવૃત્તિ પૃ. ૬૬; કિં. ૧=૫૦

ધર્મક્રાંતિ

[હિંદુધર્મમાં ગાંધીજીએ દાખલ કરેલું નવજીવન]

શ્રી કાકાસાહેબ કાલેલકર

[ગતાંકથી ચાલુ]

મારે સત્ય ખાતર કહેવું જોઈએ કે સંતોનું આ કાર્ય જે ગાંધીજીએ મોટા પાયા ઉપર સિદ્ધ કરી બતાવ્યું તે રાજદ્વારી સ્વાર્થ અને પક્ષાપક્ષીને કારણે કેટલેક અંશે ભૂંસાઈ ગયું. જે દેશમાં બધા ધર્મના લોકો સુખેથી રહેતાં શીખ્યા હતા એ દેશમાં સાંપ્રદાયિક ઝગડા જાગ્યા, ફાટ્યા અને એમાંથી ખુનામરકી સુધી લોકોનું ગાંડપણ પહોંચ્યું અને અંતે એ દ્વેષ, સ્વાર્થ, સંકુચિતતા અને આંધળાપણાએ ગાંધીજીનું જ બલિદાન લીધું. એ બલિદાન પછી વાતાવરણ ઘણું સુધર્યું અને હવે ફરીથી ધર્મકુટુમ્બનું વાતાવરણ સ્વીકારવાના દિવસો આવી ગયા છે.

ભિન્ન જાતિ અને ભિન્ન ધર્મના લોકો વચ્ચે રોટીબેટી વહેવાર ચાલુ કરવા માટે આપણો સમાજ તૈયાર ન હતો. એવો વહેવાર દાખલ કરવાનો ગાંધીજીએ આગ્રહ રાખ્યો હોત તો સમાજમાં રહેલી ધર્મભાવનાને આંચ આવત પણ ગાંધીજીએ રોટી-બેટીના નિયમો પાછળ ભારે સંયમ જોયો અને પ્રથમ એને પચાવી જ લીધો. આગળ જતાં જેમ જેમ લોકો ધાર્મિકતા વધારતા ગયા તેમ તેમ એ શુદ્ધ પાયા પર બધી જાતના સંસાર-સુધારા ગાંધીજીએ ધીમે ધીમે દાખલ કર્યા.

આ સુધારા પાછળ જે ધાર્મિક દૃષ્ટિ છે તે લોકોને સમજાવીને જ ગાંધીજી આગળ વધ્યા. સત્ય અને અહિંસાની મૂડીમાંથી જ એમણે આ આખો વેપાર ખેડ્યો હોવાથી 'સુધારાવાળા તો ધર્મનું નખ્ખોદ વાળવા બેઠા છે' એ જૂની ટીકા આપોઆપ ઓગળી ગઈ.

જેમ બધા ધર્મોને ગાંધીજીએ એકત્ર આણ્યા તે જ રીતે એમણે શૈવ, વૈષ્ણવ, શાક્ત આદિ બધા ઉપાસનાના પ્રકારો પણ એક ધર્મપ્રવૃત્તિમાં સમાવી દીધા. કોઈનો વિરોધ નહીં, કોઈનું સર્વોપરીપણું નહીં, બધા વિષે આદર અને બધામાંથી જેટલું સારું હોય તેટલું જ લેવાની તૈયારી અને એને અંગે વાદાવાદ ચર્ચા બિલકુલ નહીં—એ જાતની નીતિ ચલાવી ગાંધીજીએ અળગા રહેનાર હિંદુધર્મમાં બધા ધર્મો સાથેની એક જાતની સામાજિકતા દાખલ કરી.

આપણે ત્યાં જ્ઞાન, ભક્તિ, અને કર્મ—આમ ત્રણ મુખ્ય માર્ગ સ્વીકારાયા હતા, અને દરેક પંથ પોતાને રસ્તે જતો. એમાં ગાંધીજીએ બતાવ્યું કે જીવન એટલે જ કર્મ. કર્મ વગર તો જિવાય જ નહીં પણ એ કર્મ જ્ઞાનમય હોવું જોઈએ. આપણા જીવનની એકે-એક ક્રિયા જ્ઞાનવિહોણી થવી ન જોઈએ. વિચારમય જીવનનો આગ્રહ ગાંધીજીએ એટલો બધો રાખ્યો કે દરેક રિવાજ પાછળ કયા સિદ્ધાંતનો આગ્રહ છે એ શોધી કાઢીને લોકો આગળ રજૂ કર્યા વિના એમનાથી રહેવાતું નહીં. આમ જ્ઞાન અને કર્મ એકબીજામાં ઓતપ્રોત થયાં, કેવળ સમુચ્ચય નહીં પણ એકરસ થયાં અને એમાં ગાંધીજીએ પોતાની ભક્તિભાવનાની સુગંધ ઉમેરી. એમને મન ભક્તિ સર્વોપરી હતી; પણ ભક્તિને તેઓ નોખું સ્વતંત્ર સ્થાન આપવા તૈયાર ન હતા. ભક્તિ જીવનની સુવાસ છે. જ્ઞાનયુક્ત કર્મમાંથી ભક્તિની ફોરમ

એની મેળે નીકળવાની એવી ભૂમિકા ધારણ કરીને ગાંધીજીએ ભક્તિમાર્ગનું અકર્મણ્ય વેવલાપણું કાઢી નાખ્યું.

જે માણસ સાચો કર્મયોગી છે અને જે વિચારપૂર્વક અને અનાસક્તિપૂર્વક દરેક કામ કરે છે તે ધ્યાન કર્યા વગર આગળ વધી જ શી રીતે શકે? આખો જન્મારો દરેક વસ્તુનું ઉત્કટ ધ્યાન કરનાર ગાંધીજીએ કોઈને એકાંતમાં જઈને ધ્યાનમાં બેસવાનું સૂચવ્યું નથી; પ્રાર્થના વખતે ધ્યાનાવસ્થિત થવું જોઈએ એટલું જ તેમણે કહ્યું છે. અને એમની સાથે કામ કરનારા આશ્રમવાસી હો કે કોંગ્રેસવાળા હો, જાણે જ છે કે બધા સાથે બેસી, લાંબી ચર્ચા કર્યા પછી મહત્ત્વનો નિર્ણય કરવાની જવાબદારી એમને માથે આવતી ત્યારે, બેઠાં બેઠાં જ અંતર્મુખ થતા અને ધ્યાનમાં બધી બાજુનો સામટો વિચાર કરી સર્વસમન્વયકારી શુદ્ધ નિર્ણય પર આવી જતા. આમ આપેલો નિર્ણય એમને કોઈ કાળે બદલવો પડ્યો નથી. એમની જીવન-ઉપાસનામાં જ્ઞાન, કર્મ, ભક્તિ અને ધ્યાન બધાં અખંડ એકરસ થયેલાં હતાં.

આપણે ત્યાં જેટલા ધર્મસુધારકો થયા તે બધાઓએ કાં તો વર્ણવ્યવસ્થાનો ઇન્કાર કર્યો અથવા એની ઉપેક્ષા કરી. સંતોએ સમાનધર્મનો વિશેષ વિચાર કરવાને બદલે મોક્ષધર્મને જ સૌથી વધારે મહત્ત્વ આપ્યું અને સમજાવ્યું કે મોક્ષધર્મ વર્ણવ્યવસ્થા વિષે ઉદાસીન છે. ગાંધીજીએ વર્ણવ્યવસ્થાનો વિરોધ ન કર્યો. પ્રારંભમાં તો જાતિ-વ્યવસ્થાને પણ માન્યતા આપી, એમ કહીને કે એમાં સંયમધર્મ પળાય છે. ગમે ત્યાં ખાવું નહીં, અમુક મર્યાદાની અંદર જ ખાઈશ; ગમે ત્યાં પરણુ નહીં, પરણવું હોય તો ન્યાત બહારની કોઈ પણ છોકરી ઉપર મારી નજર જાય જ નહીં—એ જાતનો સંયમધર્મ ગાંધીજીને જ્ઞાતિ-વ્યવસ્થામાં દેખાયો અને તેથી એમણે તેટલા પૂરતી જ્ઞાતિ-વ્યવસ્થાને માન્યતા પણ આપી; પણ એમણે નાત કે વર્ણની અંદર ઊંચનીચનો ભેદ કાઢી નાંખ્યો. એમનું એ પહેલું પગલું હતું. પોતે વૈશ્ય હોઈ બ્રાહ્મણો સાથે એમણે પોતાની સમાનતાનો એકરાર ન કર્યો એ એમની નમ્રતા; પણ ચર્ચામાં તેઓ કહેતા કે: આપણે સેવકો બધા શૂદ્રવર્ણના. સેવા કરવાના અધિકાર ઉપરાંત કશો અધિકાર આપણે માગતા જ નથી.

કુંભમેળા પ્રસંગે જ્યારે એક હિંદુધર્મનિષ્ઠ સંન્યાસીએ અથવા બીજા કોઈએ એમને કહ્યું કે, હિંદુ હોઈ તમે શિખાસૂત્ર ધારણ કેમ કરતા નથી? ત્યારે એમણે કહ્યું કે, જનોઈ ધારણ કરવાનો અધિકાર કેવળ ત્રણ વર્ણોને છે. હિંદુઓમાં ભેદ પાડનાર આ જનોઈનો હું સ્વીકાર નહીં કરું. હિંદુમાત્રને માટે જનોઈ પહેરવાનો અધિકાર હોવો જોઈએ, એ જાતની ઝુંબેશ હું ચલાવી તો શકું પણ જનોઈમાં કાંઈ સાર મને દેખાતો નથી. જે દિવસે દેખાશે તે દિવસે મને કોઈ રોકી નહીં શકે. શિખા વિષે એમણે કહ્યું કે જે હિંદુસમાજમાં અકારો થઈને પણ હું અનેક સુધારાઓ કરવા માગું છું તે સમાજ સાથેની મારી એકતાનું ભાન કરાવનાર આ નિર્દોષ શિખાને હવે પછી હું ધારણ કરીશ ખરો. એમણે માથે નાનકડી ચોટલી રાખી પણ કુદરતે એમને મદદ ન કરી, માથા પરના એ ભાગના વાળ ખરી પડ્યા! પણ વચન એ વચન. એમણે બાજુ ઉપર જ્યાં થોડાક વાળ ઊગી શકતા હતા ત્યાં ચોટલી રાખી. એ વિચિત્ર લાગતી હતી પણ વચનપાલનના સંતોષ ખાતર એમણે એ રહેવા દીધી. ગાંધીજીનો સેવાધર્મ, લોકોનો અનુનય કરવાની તૈયારી અને સત્યાગ્રહની વૃત્તિ-ત્રણેનું આમાં

દર્શન થાય છે. અને એમની આ આખી વિચારણા એમના મોઢે સાંભળી હતી એટલા માટે ઉપરનો કિસ્સો મેં અહીં ટાંક્યો છે.

સંયમના એક સારા નમૂના તરીકે જાતિભેદમાં માનનારા ગાંધીજીએ આગળ જતાં ભિન્ન-ભિન્ન જાતિ વચ્ચે વિવાહો થાય એ વિષે એટલો આગ્રહ રાખ્યો કે એમણે જ્યારે આશ્રમના પવિત્ર વાતાવરણમાં વિવાહો સંપન્ન કરવાનો લોકોમાં લોભ જોયો ત્યારે એમણે નિયમ કર્યો કે એક પક્ષ હરિજન હોય અને બીજો પક્ષ સવર્ણ હોય ત્યારે જ એવા વિવાહો આશ્રમના વાતાવરણમાં થઈ શકશે.

બધા જ વર્ણોનાં અને બધી જ જાતિનાં સ્ત્રીપુરુષોને મોક્ષનો અધિકાર એકસરખો છે એ વસ્તુ ગાંધીજી પહેલાં પણ સંતોએ અને ધર્માચાર્યોએ કહી છે. છતાં રૂઢિવાદી સમાજે એ વસ્તુને પૂરી માન્યતા આપી નથી. ગાંધીજી પોતે મોક્ષમાર્ગમાં અધિકારભેદને માનતા નહતા. એની પણ અસર સમાજ ઉપર પડી હતી એટલું જ આપણે કહી શકીએ.

ચાર આશ્રમની બાબતમાં ગાંધીજીને એ વ્યવસ્થા સામે કશો વિરોધ નહતો. આશ્રમ-વ્યવસ્થા માનવસમાજના હિતને અર્થે જ છે એનો તેઓએ સ્વીકાર કર્યો હતો અને છતાં સંન્યાસ-આશ્રમ વિષે એમનો ઉત્સાહ નહતો. માણસ ગમે તે સ્થિતિમાં હોય, સંન્યસ્ત-વૃત્તિ કેળવે અને અનાસક્તભાવે સેવામય જીવન ગાળે એ એમનો બધા માટે સર્વોચ્ચ આદર્શ હતો. ગૃહસ્થાશ્રમમાં જોડાયેલાં સ્ત્રીપુરુષો પરસ્પર સંમતિથી જો બ્રહ્મચર્યનું પાલન કરી શકે તો પુરુષે કે સ્ત્રીએ પોતાના જોડીદારને છોડી દઈ સંન્યાસઆશ્રમમાં પ્રવેશ કરવાની કશી જરૂર નથી એવું જ એમનું વલણ હતું. અંતરમાં સંન્યસ્તવૃત્તિ પાક્યા વગર ભગવાં કપડાં પહેરતા લોકો વિષે એમની કશી સહાનુભૂતિ નહતી. એમનો પોતાનો સત્યાગ્રહ સેવાને અર્થે હતો. એમાં સ્ત્રીપુરુષો બ્રહ્મચર્યનું પાલન કરી એકત્ર રહી શકતાં હતાં અને આશ્રમમાં ઊછરેલાં બાળકો મોટાં થયા પછી મરજી પ્રમાણે પરણી પણ શકતાં હતાં. એટલે સત્યાગ્રહ-આશ્રમ એ સંન્યાસઆશ્રમ નહતો; જો કે, એમાં બ્રહ્મચર્ય સર્વોપરી ગણાતું હતું. એ તો પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમ જેવો સેવાશ્રમ હતો; અને કંઈક અંશે વિદ્યા-આશ્રમ પણ ખરો. સ્વરાજસેવકો અને માનવતાના સેવકોને કેળવવા માટેની એ સંસ્થા હતી.

ગાંધીજીના આ સત્યાગ્રહ-આશ્રમની હિંદુસમાજ ઉપર એટલી ઊંડી અસર થઈ કે આશ્રમના અનુકરણમાં અથવા એની શાખા તરીકે કેટલાયે આશ્રમો સ્થપાયા અને એ આશ્રમોએ સામાજિક જીવન ઉન્નત કરવામાં મોટો ફાળો આપ્યો.

આશ્રમોમાં અનાચાર ન પેસી જાય એટલા માટે સ્ત્રીઓનો આશ્રમ નોખો અને પુરુષોનો નોખો-એવા વાડા ગાંધીજીને પસંદ નહતા. નિષ્કામભાવે સેવા કરતા સ્ત્રી-પુરુષને એકબીજાનો સ્પર્શ થયો તો એમાં કંઈ અનુચિત થયું એમ પણ તેઓ માનતા નહતા. વિકારી સ્પર્શ ત્યાજ્ય હોવો જોઈએ. એટલો જ એમનો નિયમ હતો. આશ્રમની શુદ્ધિ ખાતર એમણે ઉત્તમ ઉપાય માન્યો હતો કશું છાનું ન રાખવાના નિયમનો. નાની-મોટી ભૂલ કોઈને પણ હાથે થાય તો તે પ્રાર્થના વખતે તે પોતે જાહેર કરે અથવા એમાં ગાંધીજીની મદદ લે, એ હતો આશ્રમનો રિવાજ. આપણે કેવા છીએ એ આખો સમાજ જાણે એની અંદર જ આશ્રમની સલામતી છે એમ તેઓ હંમેશાં કહેતા. અંધારામાં જ-ગુપ્તતામાં જ-પાપને પોષણ મળે છે. દોષ છતો થયા પછી એ મોળો પડે જ છે, એ અનુભવ આખી દુનિયાનો છે.

ધર્મપાલનની બાબતમાં ગાંધીજીની ક્રાંતિકારી વસ્તુઓ પણ ઉપરઉપરથી જોતાં સાવ સાદી અને નિરુપદ્રવી જેવી લાગે છે. એવી એક વસ્તુ તે સર્વધર્મસમભાવની. દુનિયાના બધા જ ધર્મો આપણા દેશમાં આવીને વસેલા છે. એટલે એ બધા ધર્મો પ્રત્યે આદર રાખવાની વૃત્તિ આપણા લોકોમાં ઓછીવત્તી છે જ; જો કે તેમાંથી બધા ધર્મો સાચા જ છે એમ માનતાં હિંદુ લોકોને વાંધો નથી. બીજા ધર્મોમાં એ વૃત્તિ ઓછી છે. 'અમારો જ ધર્મ સાચો—બીજા ધર્મો તેવા ન હોવા છતાં અમે એમની હસ્તી સહન કરવા તૈયાર છીએ એટલે સુધી જ એ લોકો જવા તૈયાર હોય છે. એ પ્રમાણે તેઓ સ્પષ્ટ બોલે નહીં એટલો એમનો વિવેક.

ગાંધીજીએ સર્વધર્મસમભાવને આશ્રમનાં વ્રતોમાં સ્થાન આપ્યું છે. એ વ્રત સ્વીકાર્યા પછી જે લોકો બધા ધર્મો પ્રત્યે સમાન આદરભાવ રાખે છે તે કોઈ પણ જાતના ગુણદોષ પ્રત્યે આંધળા થઈ શકતા નથી. દરેક ધર્મમાં રહેલી ધાર્મિકતાનો સ્વીકાર જરૂર કરીએ પણ આપણા કે પરાયા ધર્મમાં એ દોષો—અનાચાર કે સંકુચિતતા—દેખાઈ આવે તેમના પ્રત્યે આંધળા ન જ થવાય. બધા ધર્મો સમાન માન્યા પછી આપણી શુદ્ધ ધર્મબુદ્ધિની કસોટી ઉપર બધા ધર્મોને ચડાવ્યે જ છૂટકો. દરેક ધર્મમાં અમુક અમુક ચમત્કારો સાચા મનાય છે. આપણે નમ્રપણે કહીએ કે આપણે એ સમજી શકતા નથી. જે વસ્તુમાં પાપ જોતા હોઈએ તે વસ્તુને બીજા લોકો ધર્મનું આવશ્યક અંગ માનતા હોય તો ભલે માને, આપણે તો નથી માનવાના. આ રીતે બધા ધર્મો ઉપર આપણે બુદ્ધિની માત્રા ચલાવી ગ્રાહ્ય શું અગ્રાહ્ય શું—એ આપણા પૂરતું નક્કી કરવાની આપણને છૂટ છે. બીજા લોકોની લાગણીઓ ઉપર પ્રહાર ન કરવા જેટલી સજ્જનતા આપણા પાસે હોય તો બસ.

ઈસ્લામ કહે છે કે ઈશ્વર કોઈનો પિતા નથી. અથવા ઈશ્વરનો કોઈ પિતા નથી. આપણે એ વસ્તુ સ્વીકારીએ છીએ છતાં કહીએ છીએ કે ઈશ્વર તરફ પિતાની ભાવનાથી જોવાની છૂટ ઈશ્વરે આપણને આપી છે અથવા એમ પણ કહીએ કે ઈશ્વરને પિતા માનનાર લોકોની ભાવના ઈશ્વર સમજે છે અને તેમની એવી વૃત્તિને ઈશ્વર દરગુજર કરે છે.

આમ, માણસના હૃદયમાં વસેલી ધાર્મિકતાને આંચ આવવા દીધા વગર ગાંધીજીએ બુદ્ધિનું પ્રાધાન્ય ઘણે અંશે સ્વીકાર્યું, લોકોને પોતપોતાના ધર્મમાં સુધારા કરવાનું પ્રોત્સાહન આપ્યું, અને પોતાના ધર્મ ઉપર થતી ટીકા ધીરજપૂર્વક સાંભળવાની અને ટીકા પાછળનું રહસ્ય સમજવાની કેળવણી દુનિયાને આપી.

આપણે બીજા લોકોના ધર્મમાં માથું ન મારીએ અને છતાં આપણા પડોશીઓના ધર્મ ઉપર જો સંકટ આવે તો મદદમાં દોડીએ એવી એવડી ફરજ ગાંધીજીએ આપણને સૂચવી છે.

માણસજાતિના આજના જીવનમાં સૌથી મોટું પાપ exploitation શોષણનું છે એમ તેઓ માનતા હોવાથી એમણે દરેક ધર્મની દૃષ્ટિ એ રીતે સુધારવાના પૂરતા પ્રયત્નો કર્યા.

મૂર્તિપૂજાનો ગાંધીજીને જરાય ઉત્સાહ ન હતો. બે ટંકની પ્રાર્થના, ધ્યાન અને ભજન એમને માટે પૂરતાં હતાં. અને છતાં મૂર્તિપૂજામાં કાંઈક પાપ છે અથવા કેવળ વહેમ જ ભરેલો છે એવી એમની માન્યતા નહતી.

ગાંધીજીએ હિંદુધર્મના અનેક આદર્શોનો કોઈ ઠેકાણે વિરોધ નહીં કરતાં એનો અર્થ કરવામાં કુશળતા અને કુનેહ વાપરી. એ રીતે ગાંધીજીના વિચારો સામાન્ય જનતાને પણ ગમ્યા અને સુધારા માટે સમય તો અનુકૂળ હતો જ એટલે ૨૦–૨૫ વરસની અંદર એમણે આખા સમાજનું જાણે રૂપ જ ફેરવી નાખ્યું.

અને ઘણી બાબતોમાં ચર્ચા કરવા કરતાં આશ્રમજીવન મારફતે એમણે બધા સુધારા ધાર્મિક વાતાવરણમાં કરી બતાવ્યા તેથી પણ સમાજને આઘાત ઓછામાં ઓછો પહોંચ્યો અને પ્રગતિ થઈ તે કાયમી થઈ. નાતજાતના અને ખાનપાનના નિયમોનો કે રિવાજોનો વિરોધ કરવાને બદલે એઓ કહેતા કે, બહાર જે ચાલે છે તે ભલે ચાલે. આપણો આશ્રમ ધર્મપરાયણ, સંયમી લોકોનો એક પરિવાર છે એટલે આશ્રમમાં અમુક અમુક રિવાજોને સ્થાન ન જ હોઈ શકે.

એમ કહીને એમણે બધા ધર્મના લોકોને એકસાથે રહેવાની દીક્ષા આપી. સ્ત્રીઓને ત્રણ દિવસ માટે અલગ રહેવાના નિયમો વિષે પણ એમણે કહ્યું કે આશ્રમમાં જ્યાં બ્રહ્મચર્ય પળાય છે ત્યાં એ રિવાજનું મહત્ત્વ નથી. સ્વચ્છતાના નિયમો તો બરાબર પાળવા જ જોઈએ.

ઓટ-અબોટ અને એઠુંજુઠું એ વિષેના બધા નિયમોને એમણે વૈદકની સ્વચ્છતાનું રૂપ આપી દીધું જેથી તેની ચર્ચા મટી ગઈ. અને જે આમદ આવશ્યક અને ઇષ્ટ હતો તે એમણે બધા પાસે પળાવ્યો.

સર્વધર્મસમભાવનો આદર્શ આશ્રમમાં મહત્ત્વ ભોગવતો હોવાથી સંયમના વાતાવરણમાં બધા ધર્મના લોકો એકત્ર જમવા લાગ્યા. એકબીજાના હાથે રાંધેલું ખાવા લાગ્યા. અને આશ્રમમાં મહેમાન તરીકે આવીને રહેનારા લોકોના મનમાં આશ્રમજીવન પ્રત્યે પવિત્રતાનો આદર હોવાથી આશ્રમના રિવાજો પણ સમાજમાં દૂરદૂર સુધી ફેલાયા. આમ કશી ટીકા કર્યા વગર કે ચર્ચામાં એક-બે પેઢીની શક્તિ ખર્ચ્યા વગર એમણે હિંદુધર્મના કાળગ્રસ્ત વહેમોને ધોઈ કાઢયા અને એકરાષ્ટ્રીયતા ભારતમાં સ્થાપન કરવામાં મોટામાં મોટી મદદ કરી.

અસ્પૃશ્યતાનિવારણ પાછળ ગાંધીજીએ એવો તો ભેખ લીધો કે બાકીના નાના-મોટા સુધારા એની મેળે થઈ ગયા.

અસ્પૃશ્યતા એ હિંદુધર્મનું એક અદકેરું અંગ છે, એ ધર્મ નથી પણ અધર્મ છે અને અસ્પૃશ્યતા ટકે તો હિંદુધર્મ ટકવાનો નથી એવી દલીલો કરી એમણે એક ભારત-વ્યાપી જબરદસ્ત આંદોલન ચલાવ્યું અને એને રાજદ્વારી રૂપ આપી જે સુધારો મૂળે સંસારસુધારાનો હતો તે કોંગ્રેસ મારફતે એટલે કે સ્વરાજને વરેલા નાનામોટા નેતાઓ મારફતે સિદ્ધ કરી બતાવ્યું.

અસ્પૃશ્યતાનો અન્યાય હતો તો સામાજિક પણ આપણા પૂર્વજોએ એને ધાર્મિક માન્યતા આપી એને મજબૂત અને સજ્જડ કર્યો હતો. એ રિવાજને અધાર્મિક ઠરાવી અને પાપમૂલક છે એમ જાહેર કરી એમણે આખી અસ્પૃશ્યતા તોડી પાડી. અહીં સાચા હિંદુધર્મમાં અસ્પૃશ્યતાને સ્થાન જ નથી એમ કહી જૂના શાસ્ત્રીઓને એમણે પડકાર આપ્યો અને એમની સાથે લાંબા વખત સુધી ચર્ચા ચલાવી તમામ ધર્મશાસ્ત્રોને એમણે આત્મશુદ્ધિ કરવા તરફ પ્રેર્યાં. હજારો વર્ષથી ચાલતી આવેલી ધાર્મિક માન્યતા અને સામાજિક રૂઢિ સામે સોએસો ટક્કર ઝીલવાનું કામ એક માણસે પોતાના ચારિત્ર્યતેજ દ્વારા સફળતાપૂર્વક કરી બતાવ્યાનો દાખલો દુનિયામાં બીજો મળવો મુશ્કેલ છે.

આજે આપણે આશ્ચર્ય સાથે પણ દઢતાપૂર્વક કહી શકીએ છીએ કે ગાંધીજીએ જોતજોતામાં હિંદુધર્મનું રૂપ જ ફેરવી દીધું અને જે સુધારાઓ ૫૦૦-૫૦૦ વર્ષમાં ન થઈ શક્યા તે પોતાના જીવન દરમ્યાન કરી બતાવ્યા.

[અનુસંધાન પૃ. ૧૯૨

આર્થિક મૂલ્યો

ગગનવિહારી મહેતા

[ગતાંકથી ચાલુ]

આ યોજનનું મુખ્ય કારણ તો એ છે કે આપણી પાસે ધન અને બીજી સાધન-સામગ્રી પૂરતા પ્રમાણમાં નથી, જ્યારે જરૂરિયાતો અનેક છે અને ઘણી જરૂરિયાતો ત્વરાથી પૂરી પાડવી જોઈએ એવી છે. એથી કઈ જરૂરિયાતો અગત્યની છે એનો નિર્ણય પ્રથમ કરવો ઘટે છે; પછી એ દેશના સંરક્ષણ માટે, લોકકલ્યાણ માટે, અનાજના કે રાષ્ટ્રધનના વધારા માટે હોય; કેવળ આડંબર કે પ્રદર્શન પૂરતી, પરદેશથી આવતા નેતાઓ કે ડેલિગેશનોને દેખાડવા પૂરતી સંસ્થાઓ સ્થાપવી કે ઉદ્યોગો ઊભા કરવા એમાં આયોજનનો હેતુ ફળીભૂત નથી થતો. પ્રો. ગેલબ્રેથના શબ્દોમાં કહું તો આવી "સંજ્ઞારૂપ અર્વાચીનતા" (Symbolic Modernisation)થી જનતાનું હિત સધાતું નથી.

બીજી રીતે વિચારીએ તો આર્થિક પ્રગતિનું માપ ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા વડે થાય છે. આમાં તથ્ય છે. આવા ઉત્પાદનને લીધે દેશની સમગ્ર આવક કેટલી વધી, કેટલી વસ્તુઓ દેશમાં વધી, કેટલા માણસોને રોજગારી મળી વગેરેનો અંદાજ આવી શકે. છતાં, આમાં પણ એ ઉદ્યોગો શું ઉત્પન્ન કરે છે, વસ્તીનો કેટલો ભાગ એ વસ્તુઓને ઉપયોગમાં લઈ શકે છે, એ વસ્તુઓ સારી રીતે બની છે કે નહિ, એ બનાવવામાં કેટલો ખર્ચ થાય છે અને શક્તિનો કેટલો વ્યય થાય છે અને શા ભાવે એ વેચાય છે—એ સર્વની પરીક્ષા પણ આવશ્યક છે. સરેરાશ આવકના આંકડા જનતાને સંતોષ આપવા માટે પૂરતા નથી. સામાન્ય લોકોને ખપતી વસ્તુઓ કેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, કેવા પ્રકારની, કેવી રીતે અને શા ભાવે એ વસ્તુઓ ઉત્પન્ન થાય છે–તે તપાસવું પણ મહત્ત્વનું છે. ઉદ્યોગીકરણ આપોઆપ લાભદાયક છે એ ખ્યાલનો સંયુક્ત રાષ્ટ્રસંઘ (United Nations)ના મુખ્ય મંત્રી ઉ થાંતે વિરોધ કર્યો હતો. અયોગ્ય સ્થળે, ખરાબ માલ બનાવતું અને બરાબર રીતે ન ચાલતું કારખાનું ઉદ્યોગની વ્યાખ્યામાં ભલે આવે, પણ એથી આર્થિક ઉન્નતિ થતી નથી. શક્તિ કરતાં ઓછું કામ કરતા અને નુકસાન કરતા દસ ઉદ્યોગો કંઈ જાદુથી આર્થિક વિકાસ સાધી શકતા નથી. જે દેશમાં ૮૫ ટકા ઉપરાંતની વસ્તી ગામડાંમાં વસે છે, જ્યાં આટલી દરિદ્રતા અને બેકારી છે, ત્યાં શહેરોમાં રહેતા થોડા પૈસાદાર માણસોના ઉપભોગ માટે આવશ્યક અને મોંઘી વસ્તુઓ બનાવવામાં દેશની અલ્પ સાધનસામગ્રીનો વ્યય થાય એવું આયોજન યોગ્ય નથી. વિશાળ મરુભૂમિમાં એક નાનકડું હરિયાળું સ્થાન હોય એવું હજી આપણું ઔદ્યોગિક ક્ષેત્ર છે.

સરકારની આવકના રૂપિયા ઝાડ ઉપર ઊગતા નથી!

ઔદ્યોગિક ઉત્પાદન શોભા માટે કે બીજા દેશો સાથે સરખામણીના આંકડા રજૂ કરવા માટે નથી. દેશ 'ગરીબ' છે કે 'સમૃદ્ધ' એનો નિર્ણય કરવા કોઈ નિશ્ચિત નિયમો નથી. દેશમાં કેટલી સાધનસામગ્રી છે, એનું કેવું વિભાજન થાય છે, લોકોની શી જરૂરિયાતો છે, વગેરે પર એનો આધાર છે. આખરે તો બધું ઉત્પાદન લોકોના ઉપયોગ માટે છે. આપણા દેશમાં માણસદીઠ વાર્ષિક આવક સરેરાશ લગભગ ૩૦૦ રૂપિયા છે. આટલું કમાતા માણસના

કુટુંબના નિર્વાહ માટે એની આવક અને ખર્ચ કરવાની શક્તિને આયોજનનું મધ્યબિંદુ ગણવું જોઈએ. આની વસ્તુઓ ઝાઝી નથી : અનાજ, કાપડ, ઘર, દવા, કેળવણી–મુખ્યત્વે એટલી ગણી શકાય. આ દૃષ્ટિએ ખેતીવાડીને પ્રથમ સ્થાન આપવું જોઈએ. બીજું દૃષ્ટાંત લઈએ તો મોટર નહિ, પણ બસ અને સાયકલ વધારે જરૂરી છે. "જનતાની મોટર"ની યોજનાની ચર્ચા જોસભેર ચાલતી હતી ત્યારે એક મંત્રીએ લોકસભામાં ખાતરી આપી કે "જનતાની મોટર જનતાને માટે જનતા બનાવશે." અને લોકસભાના સભ્યોએ આ અપ્રતિમ ઉક્તિને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી! પરંતુ જનતાનો કેટલો ભાગ રૂ. ૭,૦૦૦ આપીને, રોજનો ખર્ચ વેઠીને, એવી મોટર નભાવી શકે તેનો વિચાર કોઈએ કેમ ન કર્યો? યંત્રો દ્વારા ઉદ્યોગો સ્થાપવાનું આ દૃષ્ટાંત છે. આપણી હાલની સ્થિતિમાં પુષ્કળ મૂડી રોકીને વર્ષો પછી બનાવી શકીએ અને વાપરી શકીએ એવાં સાધનો કરતાં ગામડાંમાં ઉપયોગી થઈ શકે એવા સંચાઓ બનાવવા પર લક્ષ અપાવું જોઈએ. મિ. ક્રુશ્ચેવે એકવાર ઠીક કહ્યું હતું કે શાણો માણસ કાપડ માપે ત્રણ વાર, પણ કાપે એક જ વાર. કરકસર રાષ્ટ્રને માટે, રાજ્યને માટે પણ ગુણ છે; અને સામુદાયિક ધનનો ખોટી રીતે વ્યય ન થાય તે ખર્ચમાં કાપકૂપ મૂકવા જેટલું જ આવશ્યક છે. સરકારની આવકના રૂપિયા ઝાડ પર ઊગતા નથી; આપણી સૌની પાસેથી લઈને એ વપરાય છે. ઓમ હોપે કહ્યું છે એમ 'મારે પાઈએ પાઈ બચાવવી પડે છે, કારણ કે મારા રાજ્યનો નિર્વાહ મારી કમાણી અને બચત પર આધાર રાખે છે.'"

લોખંડની મિલો, સંચાનાં કારખાનાં, કોલસા, વીજળી, તેલ, રેલવે, સ્ટીમર, એરોપ્લેન ઇત્યાદિ આર્થિક પ્રવૃત્તિ અને પ્રગતિનાં પ્રત્યક્ષ પ્રમાણ છે. પરંતુ એ કારખાનાં કેમ ચાલે છે, એમાં કામ કરનાર કેટલા કુશળ, સાહસિક અને મહેનતુ છે, જે વસ્તુઓ બને છે તે ધોરણસર અને ઉત્તમ કક્ષાની છે કે કેમ એ સૌ પરોક્ષ હોય તો પણ એ વિશે લક્ષ અપાય એ એટલું જ અગત્યનું છે. લોખંડ ૩૦ લાખ ટન થાય, સિમેન્ટ ૮૦ લાખ ટન થાય, કાગળનું ઉત્પાદન વધે અને સાકરનું ઘટે એની ચર્ચા નિરંતર થાય છે. તે સાથે મેનેજિંગ એજન્ટોની પ્રામાણિકતા, મેનેજરોની કુશળતા, કામદારોની કાર્યદક્ષતા, કાર્યકર્તાઓનું સાહસ, ઉદ્યોગમાં થતું સંશોધન–એ સર્વ પણ આયોજનની દૃષ્ટિએ અને આર્થિક પ્રગતિ માટે ઓછાં મહત્ત્વનાં નથી. માલ્કમ મગરીજના શબ્દોમાં કહીએ તો, gross national productની સાથે gross national mind કેવું છે તે પણ જોવું જોઈએ.[1]

---

1 વિશ્વ બેન્કના પ્રમુખ મિ. યુજિન બ્લેકે બેન્કના ગયા અધિવેશનમાં કહ્યું હતું તે અહીં પ્રસ્તુત છે : "The Bank's work is not to be assessed in terms of the building of cold monuments of stone and steel and concrete; it has had a deeper purpose to enlarge the riches of the earth, to give men right and warmth, to lift them out of drudgery and despair, to interest them in stirring of ideas and in the grasp of organisation and techniques, toward the realisation of a day in which plenty will be a possibility and not a mere dream."

આર્થિક પ્રગતિનો આધાર

આર્થિક પ્રવૃત્તિ કેવળ આર્થિક બળોને લીધે જ ઉદ્‌ભવતી નથી; એનાં કારણો માત્ર આર્થિક નથી હોતાં. સમાજનાં અનેક અંગો સાથે એ સંકળાયેલી છે. દેશના સંસ્કાર કેવા છે, લોકોના આચારવિચાર કેવા છે, એમની રૂઢિઓ અને એમનાં રીતરિવાજો કેવાં છે, સામાજિક સંજોગો કેવા છે, રાજકીય વાતાવરણ કેવું છે,–એવી અનેક વસ્તુઓ પર આર્થિક પ્રવૃત્તિનો આધાર છે. આ સર્વને લક્ષમાં ન રાખીએ તો આર્થિક પ્રશ્નોનું પૃથક્કરણ અપૂર્ણ ગણાય. આજથી ત્રીસ–ચાળીસ વર્ષ પર આપણે ત્યાં અર્થશાસ્ત્રીઓ 'રાષ્ટ્રીય' વૃત્તિના છે કે નહિ એના પર એમની ગણના થતી. [બ્રિટિશ રાજ્યથી દેશ પાયમાલ થઈ ગયો છે, આપણા દેશમાં gold standard હોવું જોઈએ, હિંદુસ્તાનમાંથી દર વર્ષે પુષ્કળ ધન ઈંગ્લંડ ઘસડાઈ જાય છે–એમ કહો તો તમે 'રાષ્ટ્રવાદી' અર્થશાસ્ત્રી; પણ બ્રિટિશ રાજ્યથી દેશને થોડાક આર્થિક લાભ પણ થયા છે એમ તમે કહો, gold exchangeના પક્ષમાં હો, કે કેટલું ધન ચાલ્યું જાય છે એની વિગતમાં ઊતરો તો તમે 'ગુલામી' મનોદશા દર્શાવતા ગણાઓ.] હવે પરિસ્થિતિ જુદી છે. અર્થશાસ્ત્રીઓ કાં તો 'પ્રગતિશાળી' અથવા 'પ્રત્યાઘાતી' હોવા જોઈએ. સાહિત્ય, કલા, સ્થાપત્ય, સંગીત, વિજ્ઞાન વગેરે દરેક વિષયમાં આ લક્ષણ જરૂરનું છે. રાજ્યનો અંકુશ આર્થિક ક્ષેત્રમાં આવશ્યક છે, વેપાર–ઉદ્યોગમાં સરકારનો હાથ હોવો જોઈએ, રાષ્ટ્રીયકરણ ઇષ્ટ છે, એમ જે કહે તે 'પ્રગતિશાળી,' બીજા બધા 'પ્રત્યાઘાતી'–'મૂડીવાદી' અને 'સામ્રાજ્યવાદના ગુલામો.' તમે વ્યક્તિગત વહીવટમાં અને ખાનગી સાહસમાં માનતા હો, કે રાજ્યની સત્તા પર અંકુશ હોવો જોઈએ એમ જો કહો તો તમે 'પ્રત્યાઘાતી'. આવા વિવાદમાં ખાનગી સાહસના શા ગુણ–દોષ છે કે સરકારી વહીવટ શા માટે અને ક્યાં જરૂરી છે, કયા ઉદ્યોગો શા કારણોસર પોતાને હસ્તક સરકારે લેવા જોઈએ અને કેવી રીતે ચલાવવા જોઈએ, આર્થિક સત્તાનાં શાં લક્ષણો છે, કયા પ્રકારના અંકુશ કેટલા પ્રમાણમાં ક્યારે આવશ્યક છે–વગેરે પ્રશ્નોની પરીક્ષા ભાગ્યે જ થાય છે. કેવળ શબ્દો વિચારનું સ્થાન લે છે; સમીક્ષાને બદલે સંજ્ઞાવડે વિવેચન થાય છે. આપણે સૌએ જાણે કપાળ પર ચિઠ્ઠી ચોડવાની કે કોટ કે પહેરણ પર 'લેબલ' લગાડવાનું કે હું 'પ્રગતિશાળી' છું! આપણી જાતને આપણે પ્રત્યાઘાતી તો ન જ કહી શકીએ, કારણ જેમ કંજૂસાઈ પારકાની ફરકસર છે, સંકુચિતતા જેમ બીજાની મનોવૃત્તિ છે, એમ 'પ્રત્યાઘાતી' પણ બીજા જ હોઈ શકે! આપણે તો 'પ્રગતિશાળી' જ હોઈએ પછી એ કઈ દિશામાં તે કોણ જાણે! અથવા તો એકસાથે અનેક બાજુએ ભલેને આપણે પ્રગતિ કરતા હોઈએ.

અર્થશાસ્ત્રમાં વપરાતા રૂઢ શબ્દોના અર્થ શા છે તે સૌ પ્રથમ નક્કી કરવું જોઈએ. 'મૂડીવાદ,' 'વર્ગવિગ્રહ,' 'શોષણ,' 'નફાખોરી,' 'ફુગાવો,' વગેરે વગેરે શબ્દોની બરાબર વ્યાખ્યા કર્યા વગર આપણે તે વાપરીએ છીએ અને જોશભેર ચર્ચા કરીએ છીએ. 'નફો' શબ્દ જેવો વપરાય એટલે 'પ્રગતિશાળી' અર્થશાસ્ત્રીનું કર્તવ્ય છે કે નફાને વખોડી કાઢવો, કારણ 'નફો' અનિષ્ટ છે, સ્વાર્થનું લક્ષણ છે, સર્વથા ત્યાજ્ય છે; જ્યાં સુધી 'નફા'નો નાશ નહિ થાય ત્યાં સુધી આર્થિક સ્વતંત્રતા નહિ મળે એમ એણે પ્રતિપાદન કરવાનું. 'નફો' અને 'નફાખોરી' વચ્ચે ભેદ છે કે નહિ અને 'નફો' એટલે બદલો કે આવક કેટલે અંશે વ્યાજબી છે એનું સમીક્ષણ ન કરવું જોઈએ? ગયે મહિને મોરારોમાં મળેલી

ઉત્કૃષ્ટ સર્જન ધનના લોભથી થતું નથી

સોવિયેટની સભામાં મિ. ક્રુશ્ચોવે કહ્યું હતું એ મૂળ અંગ્રેજીમાં જ ટાંકવા જેવું છે: "With regard to an individual enterprise the question of profit is of great importance as an economic indicator of its efficiency—" [કોઈ સાહસની કાર્યદક્ષતાના લક્ષણ તરીકે નફાનો પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે.] નફો નિંદ્ય નથી; એ નફો કેવી રીતે થાય છે અને એનો લાભ કોને થાય છે તે વિચારવાનું રહે છે. પરંતુ એની ચર્ચામાં અહીં નહિ ઊતરીએ. એ જ પ્રમાણે જેઓ સમાજવાદના વિરોધી છે તેઓ એવી દલીલ કરે છે કે મનુષ્યસ્વભાવ કદી બદલાય જ નહિ અને પુષ્કળ નફાના લોભ વગર કે ભૂખમરાની બીક વગર આર્થિક પ્રવૃત્તિ અસંભવિત છે. પરંતુ મનુષ્ય કેવળ સ્વાર્થને લીધે જ, પોતાના અંગત લાભ ખાતર જ કામ કરે છે? આપણી પ્રવૃત્તિનો હેતુ, એનું પ્રયોજન, એની પ્રેરણા એક જ પ્રકારનાં હોય છે? યંત્ર જેમ વરાળના કે વીજળીના દબાણથી ચાલે છે તેમ મનુષ્યની આર્થિક પ્રવૃત્તિનો પણ એક જ નિશ્ચિત, સતત હેતુ હોય છે? આપણો રોજનો અનુભવ નથી કે સૌથી ઉત્કૃષ્ટ સર્જન ધનના લોભથી થતું નથી, પરંતુ એ કાર્ય અને પ્રવૃત્તિમાં રસ હોવાથી, સર્જનના આનન્દને લીધે, પોતાની કૃતિના ગૌરવને કારણે, પ્રશંસા કે પ્રતિષ્ઠા માટે અથવા તો કેવળ ઉત્સાહને લીધે કાર્યમાં ઓતપ્રોત થઈ જવાથી આવું સર્જન થાય છે: પછી ભલે તે સર્જન કલાનું કે વિજ્ઞાનનું ક્ષેત્રનું હોય. નીચે રીતે વિચારીએ તો આર્થિક હેતુ કે વૃત્તિ આપણા નિત્ય જીવનમાં મૌલિક છે? શીતળ ચાંદનીના ભાવ બોલાતા નથી, પુષ્પના સૌરભની કિંમત સોનાથી થઈ શકતી નથી, સંધ્યાનાં રંગ ત્રાજવામાં જોખી શકાતા નથી; પરંતુ એ સૌ અર્થશાસ્ત્રના અભ્યાસીને પણ આનંદ આપે છે. દુઃખની વાત એ છે કે કલાના ક્ષેત્રમાં પણ હવે આર્થિક મૂલ્યો ઘૂસી ગયાં છે. ચિત્ર સારું છે તેના કરતાં તેની કિંમત કેટલી છે તેના પરથી તેની કલાનું માપ અંકાય છે. વિખ્યાત ચિત્રકાર પિકાસોને એક ખૂબ ધનવાન સ્ત્રીએ પૂછ્યું કે, 'લંડનમાં હમણાં તમારું ચિત્ર વેચાતું હતું એમ સાંભળ્યું. એ સાચે જ તમારું તો હતું ને?' પિકાસોએ પ્રશ્ન કર્યો: 'એની કિંમત કેટલી હતી?' પેલી સ્ત્રીએ કહ્યું: 'દોઢ લાખ ડૉલર!' પિકાસોએ તરત કહ્યું: 'ત્યારે તો એ મારું જ હશે.' એ જ પ્રમાણે મકાન સુંદર છે કે નહિ તે ન જોતાં તે બાંધવાનો ખર્ચ કેટલો થયો છે તે જાણીને લોકો મુગ્ધ થઈ જાય છે. એક ફિલ્મ પાછળ કેટલા લાખ ડૉલર ખર્ચાયા છે તેની જાહેરાત થાય છે અને કલાની દૃષ્ટિએ તે કેવી છે તેના કરતાં તેની પાછળ ખર્ચ કેટલું થયું છે તેના પરથી તેનું મૂલ્ય અંકાય છે. કેટલાય ધનવાનો જેમ સોનું, રૂપું કે ઝવેરાત સંઘરે તેમ ચિત્ર અને સ્થાપત્યના નમૂના પણ એકઠા કરે છે. આમાં કલાની વૃત્તિ નહિ, પણ કેવળ મોંઘી, દુર્લભ વસ્તુઓ પ્રાપ્ત કરી પોતાનું સ્વામિત્વ એના પર સિદ્ધ કરવાની અપેક્ષા હોય છે. રવીન્દ્રનાથ ટાગોરનું અવસાન થયું એ પછી મુંબઈના એક ધનાઢ્ય શેઠે મને પૂછ્યું હતું કે, 'ટાગોર કેટલું મૂકતા ગયા?' રવીન્દ્રનાથ જે દલ્લો મૂકતા ગયા તે એવો છે કે એનો વારસો જે કોઈ એમની કૃતિઓનો ઉપભોગ કરી શકે એમને મળ્યો છે તે એમને શી રીતે સમજાવાય? મિલકત વહેંચી શકાય છે, ધનનું વિભાજન થાય છે, વેપારમાં એક કમાય છે અને બીજો ખુએ છે; પણ કલાની સૃષ્ટિમાં આવાં નફાનુકસાન નથી હોતાં. સંગીતના જલસામાં એકને તૃપ્તિ થાય તેથી બીજો તરસ્યો

નથી થતો, એકનો રસ બીજો છીનવી નથી લેતો; ઊલટું, ઘણીવાર સહભોગથી રસ વધે છે, અતિશયતર આહ્‌લાદ થાય છે. તાજમહાલ અસંખ્ય લોકોએ જોયો છે, પણ તેનું સૌન્દર્ય કોઈ ચોરી જઈ શકતું નથી. એ મનમાં, હૃદયમાં, સ્મરણમાં જ સાચવી શકાય છે. અજંટાનું શિલ્પમૂલ્ય એના પરનાં અગણિત દૃષ્ટિપાતને લીધે ઓછું નથી થતું, વધે છે. સર્જન અને સંપત્તિમાં એ જ મુખ્ય ભેદ છે. આર્થિક પ્રગતિ વિના આપણા દેશની ભીષણ દરિદ્રતા આપણે દૂર તો શું પણ ઓછી પણ કરી ન શકીએ, પરંતુ આર્થિક દૃષ્ટિની મર્યાદા પણ સાથે લક્ષમાં રાખવી જોઈએ.

આનો અર્થ એવો નથી કે સૌ કોઈ અનાસક્તિયોગની સાધના કરે. આપણામાંના ઘણાખરા યોગીઓ નથી, સંતો નથી, કે આપણે કેવળ નિઃસ્પૃહતાથી અને પરમાર્થ માટે જ કામ કરી શકીએ. તેમ માત્ર સ્વાર્થથી બીજાના હિતાહિતની અવગણના કરીને આચરણ કરતા દુર્જનો પણ આપણે નથી. ડાહ્યાભગતના, સદ્‌ગુણ-દુર્ગુણ બન્નેથી ભરેલા, અભિલાષ અને આકાંક્ષા રાખનારા, બીજાના સુખદુઃખમાં ભાગ પણ લેનારા, સ્નેહાળ છતાં ઈર્ષ્યાથી ભરેલા, ઉમંગી છતાં આળસુ એવાં સ્ત્રી-પુરુષો આપણે છીએ. કમાણીની, બદલાની, લાભની, કીર્તિની આશા અને સ્પૃહા સામાન્ય મનુષ્યોને સ્વાભાવિક છે. મા ફલેષુ કદાચનનો ઉપદેશ દેનારા પોતે જ હંમેશાં—અથવા તો ઘણુંખરું—એનું આચરણ કરી શકતા નથી. પરંતુ એ તો કોઈકે કહ્યું હતું કે માર્ગદર્શન કરનારા એ માર્ગે જવા બંધાયેલા નથી. રસ્તો ચીંધતું પાટિયું કંઈ થોડું જ એ દિશામાં ચાલે છે? એ ગમે તે હો, પણ વેતન, વ્યાપાર, વ્યાજ, નફો એ બધાં બદલાની ભિન્નભિન્ન પ્રકારની રીતો છે અને મનુષ્યને કામ કરવા ઉત્તેજન આપવાનાં સાધનો છે. અન્ય સાધનોની પેઠે એનો પણ દુરુપયોગ થાય છે, પરંતુ એવાં સાધનો અને બળોનો સમાજના કલ્યાણ માટે કેવી રીતે ઉપયોગ કરવો એ કેવળ સૂત્રોને આધારે કે એક કે બીજા 'વાદ'નો આશ્રય લીધાથી ન થઈ શકે. એને માટે જ્ઞાન, શાણપણ, ધૈર્ય, સહિષ્ણુતા જોઈએ; સ્પષ્ટ રીતે વિચાર કરવાની શક્તિ અને દીર્ઘદૃષ્ટિ જોઈએ.

આયોજન રાષ્ટ્રની સમૃદ્ધિ વધારવાની એક રીતિ છે

'આયોજન'ના પણ અનેક અર્થ-અનર્થ થાય છે. કેવા પ્રકારનું 'આયોજન' છે, તેનાં ધ્યેય અને હેતુ શાં છે, કઈ યોજનાને ઉચ્ચતર સ્થાન આપવામાં આવે છે અને એ યોજનાનો અમલ કેમ થાય છે—એની તપાસ કર્યા વગર અને એ વિશે શાન્તિથી નિર્ણય કર્યા વગર, એક પક્ષ કહેશે કે 'આયોજન' અનાવશ્યક છે અને અનિષ્ટ છે; જ્યારે બીજો કહેશે કે 'આયોજન' વડે જ સૃષ્ટિમાં સ્વર્ગ આણી શકાય. માત્ર આયોજનની ભાવનાથી કેટલાક ઉશ્કેરાઈ જાય છે, જ્યારે કેટલાકની આંખમાં હર્ષાશ્રુ આવે છે. આવી લાગણીને આમાં અવકાશ નથી. આર્થિક તંત્રમાં કોઈ હેતુ માટે, કંઈક સંગતિ સ્થાપવા માટે આયોજન તો એક માર્ગ છે; રાષ્ટ્રની સમૃદ્ધિ વધારવાની એ એક રીતિ છે. કોઈ એક નીતિ અખત્યાર કર્યા પહેલાં એના પરિણામનો પૂરો વિચાર કરવો એ આયોજન કરનારનું લક્ષણ છે; ભૂલો કર્યા પછી એ સુધારવા મથવું એ એનું લક્ષણ નથી. દુનિયાના લગભગ દરેક રાજ્યે વધતા-ઓછા પ્રમાણમાં એક કે બીજા પ્રકારનું આયોજન સ્વીકાર્યું છે; છતાં સરમુખત્યારીવાળું સર્વોપરી રાજ્ય પણ એના નાગરિકના વ્યક્તિગત જીવન પર સંપૂર્ણ સત્તા મેળવી શક્યું નથી. સમાજના હિત અને વ્યક્તિના સ્વાતંત્ર્ય વચ્ચે સમન્વય સાધવાનું આયોજન-

કારનું આજે મુખ્ય કર્તવ્ય છે. આ યુગમાં અને ખાસ કરીને આપણી પરિસ્થિતિમાં કોઈ ગૂઢ વ્યક્તિવાદ અને ઉદ્દામ સમાજવાદ વચ્ચે પસંદગી કરવાની નથી બલ્કે, કયા પ્રકારનું સામાજિક તંત્ર વ્યક્તિના વિકાસને રૂંધ્યા વિના આર્થિક ઉન્નતિ સાધી શકે એનું નિરૂપણ કરવાનું છે. અરાજકતા, અન્યાય અને ગુલામીના ભયમાંથી મુક્ત રહે અને જ્યાં સાહસ અને સંરક્ષણ બંને હોય એવી સમાજઘટના રચવી સહેલી નથી, કોઈ પુસ્તકમાં એના પાઠ નથી, છતાં એ પ્રશ્ન અત્યારે મુખ્ય છે. એનો નિવેડો ભલે તરત ન આવી શકે, ભલે એની ગૂંચો ઉકેલતાં ભૂલો થાય, પરંતુ અર્થશાસ્ત્રનો તેમજ સમાજશાસ્ત્રનો એ જ કોયડો છે અને એના પર અર્થવાહી ઉન્નતિનો આધાર છે. અમેરિકાના મૂડીવાદ કે સોવિયેટ રશિયાના સામ્યવાદની નકલ આપણે કરવાની નથી, કરી શકવાના નથી; છતાં બંનેના ઉત્તમ અંશો ગ્રહણ કરતાં અચકાવું પણ જોઈએ નહિ. આપણી ભૂમિમાં આપણી આબોહવાને અનુકૂળ વૃક્ષો આપણે રોપવાનાં અને ઉગાડવાનાં છે.

આ વિશે જાપાન પાસેથી આપણે ઘણું શીખી શકીએ. ત્યાંના લોકોની રાષ્ટ્રભાવના, એમનું ઐક્ય, એમનું સામાજિક સંગઠન દેશની આર્થિક ઉન્નતિમાં કારણભૂત છે. એમના સાહસ અને અથાગ મહેનતને પરિણામે ભસ્મીભૂત થયેલો દેશ પંદર-સત્તર વર્ષમાં સજીવન થયો છે એટલું જ નહિ, પણ સમૃદ્ધ બન્યો છે. જાપાનની પ્રગતિ પણ વેગવાળી છે તે આ જ કારણોને લીધે. જાપાનની પ્રજા કોઈ 'વાદ'માં મંત્રમાં, કે સૂત્રમાં માનતી નથી. પશ્ચિમના દેશોની ઔદ્યોગિક રીતિ ગ્રહણ કરીને પોતાના દેશને અનુકૂળ બનાવવાની કુશળતા અને શક્તિ ત્યાંની પ્રજામાં છે. અને પાશ્ચાત્ય રીતિઓનું માત્ર અનુકરણ હવે તેઓ કરતા નથી, એનાથી સંતોષ પામતા નથી. પશ્ચિમમાં બને છે એથી ઉત્તમ વસ્તુઓ કેવી રીતે બનાવાય એનો સતત પ્રયાસ કરે છે અને એમાં સફળ પણ થયા છે. આવી શોધો અને ઉપાયોને લીધે ઘણા ઉદ્યોગોમાં અમેરિકા, જર્મની કે ઇંગ્લૅંડ કરતાં જાપાને વધારે પ્રગતિ કરી છે; નાના ઉદ્યોગો અને મોટાં કારખાનાં વચ્ચે ત્યાં સહકાર સાધી શકાયો છે. વિજ્ઞાનની શોધોનો ઉદ્યોગ માટે ઉપયોગ કરવા તે પ્રજા નિરંતર સંશોધન કરે છે. જાપાનનું આર્થિક તંત્ર દોષરહિત છે અથવા તો એની પ્રજામાં ખામીઓ નથી એમ કહેવાનો આશય નથી, પરંતુ આત્મવિશ્વાસથી, સંપ્રદાયોની અવગણના કરી, દેશના હિત માટે ત્યાંના લોકો જે રીતે તનતોડ કામ કરે છે એ વૃત્તિ, એ નિષ્ઠા, ઉદ્યમ અને ખંત આપણે ગ્રહણ કરવા જેવાં છે. આ માટે કલ્પનાશીલ અને પ્રેરણા આપે એવું નેતૃત્વ જોઈએ અને જનતામાં આસ્થા, ઉત્કંઠા અને શિસ્ત જોઈએ.

આયોજન મનુષ્ય માટે છે : મનુષ્ય આયોજન માટે નથી

આજે દુનિયાભરમાં વિપ્લવ થઈ રહ્યો છે : સમાનતા માટે, આર્થિક પરિસ્થિતિની સુધારણા માટે, સમૃદ્ધિની સાધનસામગ્રી વધારવા માટે સતત પ્રયાસો અનેક દેશોમાં થાય છે. આને માટે આયોજન આવશ્યક છે; પરંતુ એ ભૂલવું ન જોઈએ કે આયોજન મનુષ્ય માટે છે, મનુષ્ય આયોજન માટે નથી. નહિ તો પોતાની શક્તિ ઉપરાંત બંધાવવાની એક ઇમારતનો નકશો કાગળ પર દોરીને સંતોષ માને, મનુષ્યોને બદલે મનુષ્યોનાં ચિત્રોને સાચાં લેખે, વસ્તુઓ જોવાને બદલે આંકડાની ગણતરી જ ગણ્યા કરે એના જેવી સ્થિતિ આયોજન કરનારની થાય. બાઈબલમાં કહ્યું છે કે 'જ્યોતિ પ્રગટો! એટલે જ્યોતિ પ્રગટી!' એમ આયો-

જનપંચ કે રાજ્યનેતાઓ પોકાર કરે કે–'ઉન્નતિ થાઓ! સમૃદ્ધ બનો!' તો એથી પ્રજા આગળ વધતી નથી. એને માટે અડગ નિશ્ચય અને અથાગ પ્રયાસ જોઈએ. આપણું ધ્યેય શું છે એનો નિર્ણય કરીએ તો તે પ્રાપ્ત કરવાના માર્ગો બુદ્ધિપૂર્વક શોધી શકીએ. તેમ જ માર્ગ જાણ્યા વગર કેવળ ધ્યેય આખો વખત લોકો સમક્ષ રજૂ કરવામાં સાર નથી. વ્યક્તિના જીવનમાં અને સમાજની પ્રવૃત્તિમાં સાધન અને સાધ્ય એટલાં સંકળાયેલાં છે કે એકમાં પરિવર્તન થાય તો બીજું પણ બદલાઈ જાય. પર્વત પર જતાં જુદે રસ્તે જઈએ, પગથીમાં ભૂલ કરીએ તો નવાં વિકટ શિખરો નથી દેખાતાં?

મહાદેવ ગોવિન્દ રાનડેએ વર્ષો પહેલાં કહ્યું હતું કે જે પ્રશ્ન ધર્મ–ફિલસૂફી–વિજ્ઞાનનો છે, જે પ્રશ્ન પ્રાચીન કાળથી શાસ્ત્રો, ઋષિમુનિઓ અને મહાપુરુષો પૂછતા આવ્યા છે એ જ પ્રશ્ન અર્થશાસ્ત્રનો છે કે અનિષ્ટમાંથી મનુષ્યે કેમ મુક્ત થવું? ભૌતિક પરિસ્થિતિને લીધે જે અનિષ્ટો છે તે કેમ દૂર કરવાં? કષ્ટો છે તેનું કેમ નિવારણ કરવું? વિઘ્નો અને અંતરાયો છે એની પર કેવી રીતે વિજય મેળવવો?–એ અર્થશાસ્ત્રનો પણ મૂળ પ્રશ્ન છે. વિપરીત અને પ્રતિકૂળ આર્થિક સંજોગોમાં પણ વ્યક્તિનું અને જનતાનું કલ્યાણ કેમ સાધવું તે એનો અંતિમ ઉદ્દેશ છે. વિદ્યાબહેનના વિશુદ્ધ, દયાળુ અને પરોપકારી જીવનનો પણ આ જ હેતુ હતો એમ કહું તો તેમાં અત્યુક્તિ નથી. એ કહેતાં હશે કે નહિ, પણ એમનું નિત્યનું આચરણ તો એવું જ હતું અને એ જાણતાં હતાં અને માનતાં હતાં કે

न हि कल्याणकृत कश्चित् दुर्गतिं तात गच्छति।

[સદ્ગત વિદ્યાબહેન સ્મારક વ્યાખ્યાનમાળામાં આપેલું વ્યાખ્યાન]

★

અનુસંધાન પૃ ૧૮૫]

ખરેખર, ધર્મ પ્રત્યે જીવના અને ક્રિયાત્મક આદરના જોરે માણસ પ્રજાનું હૃદય જીતી લઈ એની પાસેથી કેટલું બધું કામ કરાવી શકે છે એ ગાંધીજીના જીવન પરથી આપણને પ્રત્યક્ષ જોવાને મળે છે. સમાજની સામે થવાને બદલે સમાજ સાથે સમભાવ કેળવી જો કામ કરતા હોઈએ તો પ્રજા ઉત્તમમાં ઉત્તમ સાથ આપે છે અને વગરસંકોચે પૂર્ણ વિશ્વાસ રાખી ઇષ્ટ દિશામાં ગમે તેટલા ફેરફારો કરવા તૈયાર થાય છે.

આ રીતે ગાંધીજીનું જીવન અને એમનું જીવનકાર્ય એ ખરેખર એક યુગાંતરકારી રાષ્ટ્રસેવા હતી. આજે જ્યારે આપણે ૧૦૦ વર્ષ પહેલાંનો હિંદુધર્મ કેવો હતો અને આજે તેનું રૂપ કેવું છે એ તપાસીએ છીએ ત્યારે આપણે ચકિત થઈ જઈએ છીએ–હિંદુધર્મ જેટલો રૂઢિવાદી છે એટલો પ્રગતિશીલ પણ છે એ વસ્તુ આપણે આપણા જમાનામાં અનુભવેલી હોવાથી હિંદુધર્મને સનાતનધર્મ કેમ કહે છે એ આપણા ધ્યાનમાં આવી શકે છે. અને સનાતન એટલે નિત્યનૂતન એ ગાંધીજીના જમાનાની વ્યાખ્યા સહેજે ગળે ઊતરે છે.

[નાનાભાઈ સ્મારકવ્યાખ્યાન માળાનું પહેલું વ્યાખ્યાન]

['કોડિયું'માંથી સાભાર ઉદ્ધૃત]

વડોદરા : જૂનું તથા નવું

ચીમનલાલ મ. ડૉકટર એમ. એ., એલ.એલ.બી.

વડોદરા શહેરમાં લક્ષ્મીવિલાસ રાજમહાલયના કમ્પાઉંડમાં નવલખી વાવ આવેલી છે તેમાંથી મળી આવેલ લેખમાં ઈ. સ. ના દશમા સૈકામાં 'વટપદ' નામનો ઉલ્લેખ મળી આવ્યો છે, તે ઉપરથી અનુમાન થાય છે કે વડોદરા આશરે ૯૦૦–૧૦૦૦ વર્ષ ઉપર 'વટપદ' નામથી ઓળખાતું હશે. અમે વડોદરા કૉલેજમાં ભણતા હતા ત્યારે અમારા ઇતિહાસના પ્રાધ્યાપક પી. બી. નાયક કહેતા કે વડોદરા નામ મૂળ વરોદરા અથવા બરાદરા ઉપરથી બદલાઈને પડ્યું હશે મોટા વડના ઝાડના ઉદર તરીકે ગણો કે મોટી દરી જેવી નીચી જમીન ઉપરથી ગણો તો પણ વડોદરા નામની વ્યુત્પત્તિ બેસાડી શકાય. ઉત્તર ભારત તથા મહારાષ્ટ્રમાં વડોદરાનું નામ 'બડોદા' છે અને તેનું અંગ્રેજી રૂપાન્તર 'બરોડા' થયું છે. ગમે તેમ હો પણ, નવલખી વાવ પરથી મળી આવેલા લેખ ઉપરથી તેનું મૂળ નામ સંસ્કૃતમાં 'વટપદ' હતું અને તે ઉપરથી 'વડોદરા' બન્યું છે એમ ચોક્કસ માની શકાય. વડોદરા શહેર હાલ જે ભૂમિ પર છે તે ભૂમિ પર અગાઉ ન પણ હોય એમ, શહેરના કોટ બહાર આવેલા રાવપુરા વિભાગમાં આવેલા મોટી ઇસ્પિતાલ તથા સેન્ટ્રલ જેલ તરફના ભાગમાં થયેલા ખોદકામ ઉપરથી અનુમાન થઈ શકે છે અને અકોટા ગામ તથા વડોદરા વચ્ચેની જમીન ઉપર હશે એમ લાગે છે

વડોદરા શહેરને ફરતો કોટ હતો અને ૧૮મા સૈકાના અંતમાં વડોદરા રાજ્યમાં રાવજી તથા બાબાજી નામના બે કાયસ્થ પ્રભુ રાજદ્વારી પુરુષો વડોદરા રાજ્યના કર્તાહર્તા હતા ત્યારે રાવપુરા તથા બાબાજીપુરા વિભાગ અસ્તિત્વમાં આવ્યા; જ્યારે ૧૮મા સૈકાના પાછળના ભાગમાં સંસ્થાનિક વતી કામ કરતા રાજકુટુંબના ફત્તેસિંહરાવના નામ ઉપરથી ફત્તેપુરા વસ્યું હતું. વાડી વિભાગ મીરાં મદમસ્તની વાડી તરીકે ઓળખાય છે એટલે તેના વસવાટનું મૂળ મુસલમાની હોઈ મરાઠા ગુજરાતમાં આવ્યા ત્યારે ત્યાં હિંદુ વસતિ થઈ હોવી જોઈએ.

વડોદરા રાજ્યના રાજવી તરીકે મરહૂમ સયાજીરાવ ગાયકવાડ ૧૮૭૫માં આવ્યા ત્યારે શહેરમાં આટલા જ વિભાગ મુખ્ય હતા. પરંતુ તેમના વખતમાં સયાજીગંજ, પ્રતાપગંજ, રેસકોર્સ (ઘોડદોડ), અલકાપુરી, પ્રતાપનગર વગેરે બંગલા વિસ્તાર અસ્તિત્વમાં આવ્યા. અગાઉ જ્યાં રેસિડન્સી હતી તે વિભાગ કૅમ્પ તરીકે ઓળખાતો—ત્યાં લશ્કર અંગ્રેજી સત્તા તરફથી રખાતું, તે કેન્ટોનમેન્ટ તરીકે કહેવાતો તે આજે કૅમ્પ વડોદરાના રાજવીને સોંપાયા પછી ફત્તેહગંજ તરીકે ઓળખાય છે.

વડોદરાના રાજવીઓ પ્રથમ વડોદરા શહેરમાં કોટ અંદર ભદ્રમાં આવેલા સરકારવાડામાં રહેતા આ જગો માંડવી પાસે છે બાદ રાજવી ખંડેરાવે મકરપુરા રાજમહાલ મકરપુરા ગામ પાસે બાંધ્યો અને મલ્હારરાવે પોતાને માટે માંડવી નજીક નજરબાગ રાજમહાલ બાંધ્યો. મરહૂમ સયાજીરાવ ત્રીજા ગાદી પર આવ્યા ત્યારે તેમને માટે લક્ષ્મીવિલાસ રાજમહાલ સર ટી. માધવરાવ દીવાનના વખતમાં બંધાવા માંડ્યો હતો. તે જગો શહેર બહાર

પશ્ચિમ દિશામાં છે. આ રાજમહાલ ઇ. સ. ૧૮૮૦ માં શરૂ થયો અને ૧૮૯૦ માં પૂરો થતાં સયાજીરાવ ત્યાં રહેવા ગયા.

આશરે ૮૦-૮૨ વર્ષ પહેલાં વડોદરા કેવું હતું તે સંબંધી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના જીવનચરિત્ર-ભાગ ૧ લાના પૃષ્ઠ ૧૩૯ ઉપર જણાવ્યું છે કેઃ—

"જે વખતે આ લગ્નો (સયાજીરાવને દત્તક લેનાર જમનાબાઇ રાણીની દીકરી તારા બાબા તથા દત્તક પુત્ર સયાજીરાવનાં લગ્ન ૧૮૮૦ના જાન્યુઆરીમાં થયાં હતાં) થયાં તે વખતે વડોદરા શહેર હાલ જેવું સુંદર નહતું. તે વખતે સાંકડા ધૂળવાળા રસ્તા તથા ગલીઓ, ખુલ્લી કાચી મોરીઓ અને ગંદકી તથા ઘણા ભાગે બેમજલી ઘરો, આરપાર જવાના માર્ગ વગરની મોટા દરવાજાવાળી પોળોનાં દર્શન થતાં હતાં. સ્વચ્છતા તથા સુઘડતાનો અભાવ હતો. ખુદ મહારાજાને રહેવા માટે જે સરકારવાડો માંડી નજીક હતો તે જીર્ણ તથા બિસમાર હાલતમાં આવવા માંડ્યો હતો. હવા અજવાળા માટે પૂરતી ગોઠવણ નહીં હોવાને લીધે અંધારામાં જીના ચડવા પડતા હતા. નહાના ઓરડાઓ તથા દીવાનખાના પણ અજવાળા વગરનાં લાગતાં હતાં."

આ લગ્નોને અંગે થયેલા જમણવાર વખતે ઉગતા યુવાન અબ્બાસ તૈયબજી ગાયકવાડ સરકારના મોટા અમલદાર હતા. પાછળથી તેઓ વરિષ્ટ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિવૃત્ત થયા. પછી મહાત્મા ગાંધીજીના સાથીદાર થયા હતા તથા વડોદરા રાજ્ય પ્રજામંડળના બે વખત પ્રમુખ થયા હતા. તેમણે આ સંબંધી અંગ્રેજીમાં લેખ લખી 'નવગુજરાત' સાપ્તાહિકના હીરક મહોત્સવ અંક (૧૯૩૫-૩૬) માં આપ્યો હતો તેનો ગુજરાતી ભાવાર્થ એવો હતો કેઃ—

"સરકારવાડાના ઉપરના માળ પર આવેલા જમવાના દીવાનખાનામાં પહોંચવા માટે જવાના માર્ગ ઠીક પ્રમાણમાં અંધારામાં હતા. જમવાના દીવાનખાનામાં પેસતાં મને જે આઘાત લાગ્યો તે હું કોઈ દિવસ ભૂલી શકું એમ નથી. એ ઓરડાની વચ્ચે ધોળો તંબુ પ્રથમ મારી નજરે પડ્યો. × × × અમારી પછી તુરત જ કેટલાક યુવાનો એવાં વસ્ત્રોમાં આવ્યા કે જેવાં મેં કોઈ દિવસ જોયાં ન હતાં. તેમના શરીર ખુલ્લાં હતાં, માત્ર કમરથી ઘુંટણ સુધીનો ભાગ ઢાંકતાં રેશમી સોલા તેમણે પહેર્યાં હતાં. દરેક પાણી પીવા માટે હાથમાં પિત્તળનો લોટો તથા પાટલું લઈને આવ્યો હતો. × × × જાણે અમે કાંઈ હિસાબમાં ન હોઇએ એવી બેદરકારીથી તેમણે અમારી તરફ જોયું અને પછી તેઓ તંબુમાં દૂર કરી ગયા. મેં મારા મિત્રોને પૂછ્યું કે આ લોકો કોણ છે અને તેઓ તંબુમાં કેમ ગયા છે? તેના જવાબમાં મને કહેવામાં આવ્યું કે તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ છે—કેટલાક સરદારો તથા બીજા રાજ્યના અમલદારો છે ને મહારાજા, મરાઠા સરદારો, પારસી તથા મુસલમાન અમલદારો વગેરે અબ્રાહ્મણોને લીધે ન અભડાય એટલા માટે તંબુમાં તેમને માટે ખાસ સગવડ કરવી પડી છે. × × × હું મને બતાવેલા પાટલા પર બેસવા ગયો ત્યારે પાટલા પર ધૂળ હતી. વાસ્તવિક રીતે બધા જ પાટલા ધૂળવાળા હતા. મને યાદ છે ત્યાં સુધી કેળના પાનમાં જમણ પીરસવામાં આવ્યું હતું તથા પાંદડાના દ્રોણમાં આમટી વગેરે પ્રવાહી પદાર્થો પીરસાયા હતા."

ડૉ. મંજુલાલ રણછોડલાલ મજમુદારે સંપાદન કરેલો "વડોદરાનો ગરબો" આશરે ઈ. સ. ૧૮૫૦ના અરસામાં રચાયલો હતો. તે ઉપરથી જણાય છે કે તે વખતે વડોદરામાં બાર પરા હતાં. ફતેહપુરા દેવાળીયાનું આશ્રયસ્થાન હતું. સરસીયા તળાવ પર જેઠીનો અખાડો હતો. મિયાં મહમદની વાડી ઝગમગતી હતી અજબ તળાવની પાળે થઈને જતાં અગડમાં જવાતું. આનંદપુરામાં આવી રાવપુરાને ઝાંપે રાજશ્રી ગણપતરાવ ગાયકવાડ તરફથી સારી દાન દક્ષિણા અપાતી, સુરસાગર ગોઘાટને દરવાજે ત્રણ કમાનો હતી, શહેરમાં જૂનાં અનેક દેવદેવીઓનાં દેવસ્થાનો હતાં, તથા માંડવીની આજુબાજુ ઊંચા મહેલ, મેડી, અટારી, છત્ર ઝરૂખા ગોખ તથા ધીકતા વેપારનો બજાર હતો. પાણી દરવાજે વાઘ બંધાતા, રાજે તળાવ પર શહેરની મહિલાઓ પાણી ભરવા જતી.

લહેરીપુરાની લહેર જબરી હતી તથા સુરસાગર તળાવ શોભતું હતું. નરસિંહજી, રાજરાજેશ્વર, રણછોડજી, મહાલક્ષ્મી, ગોવર્ધનનાથ, દાઉજી, પંઢરીનાથનાં મંદિરો હતાં (જે આજે પણ છે) સરકારવાડા પર ધર્મની ભગવી ધજા ફરફરતી હતી–જ્યાં મહારાજા રહેતા.

ગરબાનો કર્તા છેવટે ૧૮૫૦માં બોલી ઊઠે છે કે—

"બલિહારી તો વડોદરાની
ધન ધન નર ને નાર રે
વીરક્ષેત્ર (વડોદરાનું બીજું નામ)
જેણે જોયું નહિ,
તેનો એળે ગયો અવતાર.
વાંકી નારી વડોદરાની,
મહારાજાયે વાંક રે,
મૃગનયનીની વરણ ગંથી
વળીઓ આડો અંક.
શાહુકારોની દુકાનો ભારે
ધર્મે તણો અવતાર રે
ખુશાલચંદ સામળ બેચર
ને લલ્લુ બાધર શાહુકાર.

રતનજી કહાનદાસ કહીએ
બાંધી પુણ્યની પાળ રે
હરિભક્તિનો મહિમા મોટો,
બીજા ભઉ મે દૂરાય.
રંગીલો જે ગરબો ગાશે,
રંગીલાં નર નાર રે,
રંગીલા તો લહાણી લાવે
રંગભેર શોભા થાય.
મિજબાની મનગમતી કરવા
જાય શોખીન જન રે,
મરતુબાગનો બંગલો જાણે,
ઈંદ્રનું ઇન્દ્રાસન"
વગેરે.

આ જૂના વડોદરામાં સયાજીરાવે તેમના ૬૩ વર્ષના રાજઅમલમાં એવા ફેરફાર કર્યો કે તેઓ નવા વડોદરાના સર્જક તરીકે ગણાય છે.

તેમના શાસનકાળ દરમ્યાન વડોદરા કોલેજ, સાયન્સ ઇન્સ્ટિટ્યુટ, પબ્લિક પાર્ક (કમાટી બાગ–સયાજી બાગ), કીર્તિમંદિર, ડફરીન ઇસ્પિતાલ (સયાજી મુખ્ય આરોગ્યાલય), સરકારી છાપખાનું, જૂની કોઠી તથા નવી કોઠીના સરકારી કચેરીઓ માટે મકાનો, કોઠીથી રાજમહેલ તરફ જતા રસ્તા પર બંગલાઓ–રેસકોર્સ (ધી ડહોડ) રોડ પર બરોડા હોટેલ, દીવાન વગેરેના નિવાસસ્થાન રૂપ બંગલાઓ, પ્રતાપનગર તરફ જી. બી. એસ. રેલવેની વર્કશોપ, તથા રેલવે કોલોની, મોટી ખાસ પાગા તથા છોટી ખાસ પાગાના બંગલા તથા લશ્કરના રહેવાનાં

મકાનો, વિશ્વામિત્રી સ્ટેશન તરફ જતાં કોઠી, રાજમહેલ રોડ પર ચીમનબાગ, મોતીબાગ, વિશ્રામબાગ, પાયદળને અંગે બંગલા તથા બેરેકો, રાજકુમારોનાં નિવાસસ્થાન, લક્ષ્મીવિલાસ પેલેસ વગેરે અનેક બાંધકામ થયાં છે.

શહેરનું આરોગ્ય સુધારવા શહેરનાં ફેફસાં તરીકે થોડે થોડે અંતરે નાના વિશ્રામસ્થાન બાગ, જ્યુબિલિ બાગ, સૂર્યનારાયણ-બાગ, લાલ બાગ, નજરબાગ છે. સંરક્ષણની દૃષ્ટિએ પોળો આરપાર નહોતી ત્યાં આરપાર રસ્તા થયા છે, પોળોના દરવાજા નીકળી ગયા છે, ખુલ્લી મોરીઓ (નીકો)ને બદલે આખા શહેરને આવરી લેતી બંધ ગટરો થઈ ગઈ છે ને તેને લીધે મચ્છરોનો ત્રાસ ઘણો ઓછો થયો છે. ચોખ્ખા પીવાના પાણીના નળ આખા શહેરમાં આજવેથી સયાજી સરોવરમાંથી લાવવામાં આવ્યા છે, અને ઘેર ઘેર કનેક્શન લેવાયાં છે. શહેરના ધૂળિયા રસ્તાને બદલે મોટે ભાગે હવે પહોળા પાકા એસ્ફાલ્ટના રસ્તા નજરે પડે છે. રાજમહેલની જરૂરીઆત માટે વીજળી પેદા કરી વીજળી પૂરી પાડવાની શરૂઆત તો છેક વીસમા સૈકાની શરૂઆત પહેલાં જ થઈ હતી—આજે તો તે કારખાનું બંધ પડી ગ્રીડથી વીજળી શહેરને અપાય છે. વિલીનીકરણ પછી મહારાજા સયાજીરાવ બરોડા યુનિવર્સિટી શરૂ થતાં વડોદરાનું શિક્ષણ તથા સંસ્કારક્ષેત્રે મહત્ત્વ જળવાઈ રહ્યું છે તે માટે તેના પ્રથમ ઉપકુલપતિ શ્રી. હંસા મહેતા તથા દાક્તર-જીવરાજ મહેતાને અભિનંદન ઘટે છે. આ યુનિવર્સિટી શિક્ષણ આપનારી હોવાથી વડોદરાની આજુબાજુ દશ માઈલ સુધી તેની મર્યાદા નક્કી કરવામાં આવી છે અને તેને અંગે કોમર્સ કૉલેજ, મેડિકલ કૉલેજ, એન્જિનિયરીંગ કૉલેજ તથા કલાભવન, બી. ટી. કૉલેજ, કૉલેજ ઑફ મ્યુઝિક, ડ્રેમેન્ટીક્સ ઍન્ડ ડેન્સીંગ, હોમ સાયન્સ કૉલેજ, પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ ઈન મ્યુઝીયોલોજી, વગેરે છે. એમએસ. બી. કોર્સ તેમજ સોશ્યલ વર્કનો કોર્સ પણ ચાલે છે.

વડોદરાનું મ્યુઝિયમ ભારતના સંગ્રહાલયોમાં ઉચ્ચ સ્થાન ભોગવે છે, અને હવે હેલ્થ મ્યુઝિયમ પણ સ્થપાયું છે. ઇંડસ્ટ્રિયલ રીસર્ચનું કામ પણ યુનિવર્સિટી તથા ઉદ્યોગપતિઓના સહકારથી થાય છે. માંડવી પાસે સેંટ્રલ લાયબ્રેરી છે તે પણ ગુજરાતમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે

પહેલાં જમણવારમાં પોળોની ખુલ્લી નીકો નજીક નાનાં છોકરાંનાં મળમૂત્ર સાફ કરીને લોકો બેસતા, ગરીબ તવંગરના ભેદ પળાતા નહોતા, તેને બદલે હવે મોટે ભાગે વાડીઓમાં જમણવાર થાય છે; આર્થિક થર મુજબ સમાજ રચાતાં સારી સ્થિતિનાં લોકો હવે 'પાર્ટીઓ' આપે છે, ટેબલ પર જમણ પીરસાય છે અને કંટ્રાક્ટ-જમણના, પાર્ટીના, સત્કાર સમારંભના અપાય છે. તથા તેને અંગેની સર્વ સાધનસામગ્રી ભાડે લવાય છે. પડીઆં પત્રાળાંનો ઉપયોગ મધ્યમ સ્થિતિનાં કુટુંબો કરે છે, ઉપરના થરવાળા કરતા નથી. તેઓ તો ગાર્ડન પાર્ટી, ઈવનીંગ પાર્ટીઓ પણ ગોઠવે છે. પ્રથમ જમણવારમાં ગરીબ વર્ગને વર્ષના બે ચાર મહીના જમવાનું થતું તેથી તેમને ફાયદો થતો તે આર્થિક સ્તરના ધોરણે જમણવાર થવા માંડવાથી લગભગ બંધ પડયો છે.

જૂના વડોદરામાં છુટાં ફરતાં ડુક્કર ભૂંડનો ત્રાસ બહુ હતો તે હવે બિલકુલ નથી, જો કે હજુ ગાયોનો ત્રાસ કેટલીક પોળોમાં તેમજ રસ્તે રાહદારીને થાય છે.

આ શહેરમાં પ્રથમ ૧૯૦૮માં ઘોડાની ટ્રામ ચાલતી હતી. તે બંધ થયા પછી લાંબે ગાળે ખાનગી માલિકીની બસો ફરતી થઈ. હાલમાં એસ. ટી. ની બસો શહેરમાં તેમ ગ્રામ-વિસ્તારમાં ફરે છે. ઘોડાગાડીઓ પ્રથમ ઘણી હતી તે હવે ઘટી ગઈ છે. રિક્ષાઓ—પગની તેમ યાંત્રિક—તેમજ ટેક્ષીઓ મુસાફરોને મળે છે. શરૂઆતમાં મોટા ઘરનાં બૈરાં પડદાવાળા શિગ્રામમાં બેસીને જતાં, રાજકુટુંબની સ્ત્રીઓ તથા સરદારોની સ્ત્રીઓ પણ પડદો પાળતાં તે પડદાનો રિવાજ લગભગ બંધ પડ્યો છે અને ખુલ્લી છાપરવાળી ઘોડાગાડીઓમાં જવું હોય તો જઈ શકે છે. પ્રથમ મોટરકાર રાજ્યની પાસે આવી. હવે શહેરમાં ખાનગી માલિકીની ઘણી કારો ફરે છે.

જૂના વડોદરામાં ચોખ્ખું દૂધ, ઘી મળતાં તે નવા વડોદરામાં મળવાં મુશ્કેલ છે. જ્યાં ગમે તે રસ્તે પૈસા કમાઇ લેવાની હરીફાઈ ચાલે છે ત્યાં લગભગ બધી વસ્તુમાં ભેળસેળ વેપારી વર્ગ કરે છે અને દવા જેવી વસ્તુમાં આમ બનવા પામે છે ત્યાં વેપારી વર્ગને જનતાના નિસાસા લેવા પડે છે. દેશમાં નીતિમત્તાનું ધોરણ ઊંચું આવ્યા સિવાય આ પરિસ્થિતિ ગમે તેટલા કડક કાયદા કરવા છતાં બદલાવાની નથી, આવી નૈતિક અવનતિ ચાલુ જ રહેશે, અને નિકાસ વેપારમાં પણ ભારતને હરીફાઈમાં સહન કરવું જ પડશે.

વડોદરામાં સંસ્કૃત મહાવિદ્યાલય, આયુર્વેદ ઇસ્પિતાલ પણ ચલાવાય છે. વડોદરામાં સયાજીરાવે લોકોને નવા ઉદ્યોગો તરફ વાળવા અજખડી તળાવ તરફ બરોડા સ્ટેટ-સુતરાઉ કાંતણ તથા વણાટની મિલ શરૂ કરી હતી તથા ગણદેવીમાં ખાંડનું કારખાનું ચલાવ્યું હતું. તેને લીધે રા. બ. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળાના કુટુંબે મહારાજા મિલ્સ તથા મહારાણી ચીમન મિલ્સ કાઢી હતી. તે આજે અમદાવાદના શેઠીઆના વહીવટ નીચે છે. ત્રિભોવનદાસ ગજ્જર (કલાભવનના માજી પ્રિન્સિપાલ) તરફથી એલેમ્બિક કારખાનું કોટી ભાસ્કર તથા ભાઈલાલભાઈ અમીનની આગેવાની નીચે ચાલ્યું હતું, જે આજે ફાલીફૂલી મોટું ફાર્માસ્યુટિકલ વર્ક્સ તથા તેના બચ્ચાં જ્યોતિ, સેનિટેક્ષ વગેરે સાથે દેશભરમાં નામીચું થયું છે. બરોડા મિલ્સ શ્રી. ઝવેરચંદ લક્ષ્મીચંદ કુટુંબે સરકાર પાસેથી ખરીદી લીધી ને તેમણે પ્રતાપનગર તરફ યમુના મિલ્સ પણ શરૂ કરી. સામલ બેચરની પેઢીએ સયાજી મિલ્સ કાઢી ધંધામાં ઝંપલાવ્યું હતું. આ સિવાય સયાજી આયર્ન વર્ક્સ, બરોડા આયર્ન, વગેરે લોખંડ ઉદ્યોગનાં કારખાનાં નીકળ્યાં. સારાભાઈ કેમિકલ્સ તથા ગેઈગી સુહૃદ કેમિકલ્સ અમદાવાદના અંબાલાલ સારાભાઈ કુટુંબ તરફથી ચાલે છે. અને હવે કેમિકલ ઉદ્યોગ ઉપરાંત પેટ્રો-કેમિકલ ઉદ્યોગો વડોદરામાં સ્થપાવાની શક્યતા ઊભી થઈ છે. વેપાર ઉદ્યોગોના વિકાસ માટે ધી બેન્ક ઓફ બરોડા પણ ૧૯૦૮માં સ્થપાઈ હતી.

આમ, વડોદરા શહેરનો ઔદ્યોગિક વિકાસ કરવાનું સયાજીરાવનું સ્વપ્ન સાચું થતું જાય છે, અને વડોદરા અમદાવાદથી બીજે નંબરે ગુજરાતનું ઔદ્યોગિક શહેર બનશે.

ટેલિસ્ટાર

ડૉ. નરસિંહ મૂ. શાહ

અત્યારે તાર, ટેલિફોન, વાયરલેસ વગેરે આધુનિક સંદેશા-પદ્ધતિઓથી દુનિયાના જુદા જુદા પ્રદેશો જોડાયેલા છે. પરંતુ અવકાશમાં ઉડ્ડયન સામાન્ય બનતાં સંદેશા-વ્યવહારની નવી પદ્ધતિઓ શોધવાની આવશ્યકતા ઊભી થાય છે, અને એ દિશામાં સંશોધનનાં પરિણામે એવી પદ્ધતિઓ અસ્તિત્વમાં આવતી જાય છે. સ્કોર, કુરિયર, એકો જેવા બનાવટી ઉપગ્રહો (સેટેલાઇટો)એ પુરવાર કરી બતાવ્યું છે કે અવકાશમાં ફરી રહેલ ગ્રહો સાથે પૃથ્વી પરથી સંદેશા-વ્યવહાર શક્ય છે એટલું જ નહીં, પણ અત્યારે આપણી પ્રચલિત પદ્ધતિઓ કરતાં ઊતરતો નથી એમ પુરવાર થયું છે. ઉપર ઉલ્લેખેલ પ્રાયોગિક બનાવટી ઉપગ્રહોમાંથી પૃથ્વી પર જુદી જુદી જગ્યાઓએ સંકેતો સફળતાપૂર્વક મોકલી શકાય છે. હવે ટેલિસ્ટાર અને રિલે ગ્રહોએ અમેરિકા અને યુરોપ વચ્ચે ટેલિવિઝન સંબંધો સાધ્યા છે અને ટેલિસ્ટારનો ઉપયોગ ધંધાદારી કામકાજ માટે પણ શરૂ થયો છે. જુલાઈ ૧૦, ૧૯૬૨નો દિવસ સંદેશા-વ્યવહારની તવારીખમાં ચિરસ્મરણીય બન્યો છે. તે દિવસે અમેરિકાએ સંદેશા-વ્યવહારનાં સાધનોથી સજ્જ એક સેટેલાઈટ ફ્લોરિડામાં કાનાવેરલ ભૂશિરના મથકેથી અવકાશમાં સફળતાપૂર્વક ચડાવ્યો. આનું નામ ટેલિસ્ટાર. આ સેટેલાઇટ ચડાવવા ત્રણ તબક્કાવાળું ૯૦ ફૂટ થૌર-ડેલ્ટા રોકેટ વાપરવામાં આવ્યું હતું. ટેલિસ્ટાર દર ૧૫૭.૮ મિનિટે પૃથ્વીથી દૂરમાં દૂર ૧૮,૮૩૦ માઈલ અને નજીકમાં નજીક ૧૧,૨૨૦ માઈલની ગતિએ પૃથ્વી ફરતું પરિભ્રમણ કરી રહ્યો છે, અને વિષુવવૃત્તની સાથે ૪૪.૭° ડિગ્રીએ આવેલો છે. તે એલ્યુમિનિયમ અને મેગ્નેસિયમ ધાતુનો બનાવેલો પોલો ગોળો છે, તેનો વ્યાસ ૩૫૫ ઇંચ છે અને તેનું વજન ૧૭૦ પૌંડ છે. તેના પર ૩૬૦૦ સૂર્ય-બૅટરીઓ ગોઠવેલી છે. આ બધી બૅટરીઓ સૂર્યની શક્તિ એકઠી કરે છે અને નિકલ-કેડમિયમની ૧૯ સેલની બૅટરીમાં સંગ્રહે છે. તેમાં નાનકડું સંદેશા ઝીલવાનું સાધન-રિસીવર, તેમને વર્ધિત કરવાનું સાધન-એમ્પ્લીફાયર અને સંદેશા મોકલવાનું સાધન-ટ્રાન્સમીટર ગોઠવવામાં આવેલ છે.

આ ટેલિસ્ટારને અંતરીક્ષમાં ચડાવ્યા પછી લગભગ ૧૫ કલાકે તેની કક્ષામાં પંચમા પરિભ્રમણ વખતે તેની સાથે ટેલિફોનમાં વાતચીત કરવામાં આવી હતી. એ વાતચીત જમીન પર હોય એવી એકદમ સહેલાઈથી અને સ્પષ્ટતાથી રિલે થઈ હતી. પછી ચિત્રો મોકલવાના અને ટેલિવિઝનના અખતરા કરવામાં આવ્યા હતા. તેની કાર્યપદ્ધતિની ટૂંકી રૂપરેખા નીચે મુજબ છે:

અવકાશમાં પૃથ્વીની ક્ષિતિજની સમાંતર દિશામાં પૃથ્વીની તરફનો ઍન્ટીના (એરિયલ) લગભગ ૨ Kw શક્તિથી ૬૩૯૦ મેગાસાઇકલની કંપ સંખ્યા (ફ્રિકવેન્સી) થી રેડિયો સિગ્નલો મોકલે છે. આ સિગ્નલો ૨૫ મેગાસાઈકલના ફ્રિકવેન્સી પટાને (band) આવરી લે છે. આ પટો એક ટેલિવિઝન ચૅનલને લઈ શકે એવો, ૬૦૦ એકમાર્ગી અવાજના ચૅનલો યા ૬૦ દ્વિ-માર્ગી ટેલિફોન વાતચીત એકીસાથે થઈ શકે એવો પહોળો છે.

[અનુસંધાન પૃ. ૨૦૪

પેન્સિલનો ટુકડો

'ભદ્ર'

"મારી પેન્સિલ કોઈએ લીધી છે?" છોટાલાલે એમના ઓરડામાંથી, ઘરમાં સૌને સાંભળે એ પ્રમાણે જરા મોટા સાદે પૂછ્યું.

જોડેના ઓરડામાં કમલ અને શ્યામા હતાં. એમણે એ સાંભળ્યું, અને રસોડામાં દેવી રસોઈ કરતાં હતાં એમણે પણ સાંભળ્યું.

કમલ અને શ્યામા છોટાલાલનો સાદ સાંભળીને એક બીજા સામું જોવા લાગ્યાં. કમલના હાથમાં કોઈ પુસ્તક હતું અને શ્યામા સીવવાના સંચે બેસી કાંઈક સીવતી હતી. ઘડીભર કોઈએ કાંઈ જવાબ આપ્યો નહિ.

"પેન્સિલ? આખી?" શ્યામા ધીરેથી પોતાને જ ઉદ્દેશીને બોલે એમ બોલી.

"એ તો એનો ટુકડો, શ્યામા. બાપુજી વળી ક્યારે આખી પેન્સિલ વાપરે છે?" કમલે જવાબ દીધો.

"તેં લીધી છે?" શ્યામાએ પૂછ્યું.

"ના. આજે હું બાપુજીના ઓરડામાં ગયો જ નથી."

"કાલે તેં લીધી હતી ને?" કમલે કાંઈક યાદ આવ્યું હોય એ રીતે શ્યામાને પૂછ્યું.

"હા. પણ મેં તો કામ પત્યે તરત પાછી મૂકી દીધી હતી."

છોટાલાલ આ ઓરડામાં આવ્યા અને ટેબલ, બારી, છાજલી, ગોખલો બધે જોઈ વળ્યા; પણ એમને એમની પેન્સિલનો ટુકડો ન જડ્યો. એ રસોડામાં ગયા. ત્યાં પણ પાંજરું, હાંડિયું, છાજલી બધે જોયું; પણ ન જડ્યો.

એ એમના ઓરડામાં જતા હતા ત્યાં ટપાલી ટપાલ નાંખી ગયો. એમણે એ જોઈ, એક કાગળ કમલના નામનો હતો તે એને આપ્યો.

"કોનો છે?"

"મારા એક મિત્રનો છે. એ હમણાં કોલેજ નથી આવવાનો. એણે એક ચોપડી લાયબ્રેરીમાંથી લાવવાનું લખ્યું છે."

"ક્યા ગામથી આવ્યો છે?"

"અહીં આપણા ગામમાં જ રહે છે."

"તો યે પાંચ પૈસાનું પોસ્ટ કાર્ડ લખ્યું?"

કમલે પોસ્ટ કાર્ડના સરનામાવાળી બાજુ જોઈ. એ કાંઈ બોલ્યો નહિ.

"સારું છે કવર નથી લખ્યું. એ લખ્યું હોત તો સરકારને પંદર પૈસા મળત."

"એની પાસે લોકલ પોસ્ટ કાર્ડ નહિ હોય અને ચોપડી તાકીદે જોઈતી હશે." શ્યામાએ કહ્યું.

"એ ચોપડી લેવા ક્યારે આવવાનો છે?" છોટાલાલે કમલને ઉદ્દેશીને પૂછ્યું.

"એ કાંઈ લખ્યું નથી પણ બેચાર દિવસમાં લાવીશ તો ચાલશે એમ લખ્યું છે."

"તો પછી આમાં તાકીદનું શું હતું? ત્રણ પૈસાનું ખરીદી લાવી લખ્યું હોત તો ચાલત."

કોઈએ કાંઈ જવાબ આપ્યો નહિ.

છોટાલાલ ફરી પાછા પેન્સિલનો ટુકડો શોધવા મંડ્યા પણ એ જડયો નહિ.

"બાપુજી, હમણાં આ વાપરો." શ્યામાએ સંચાના ખાનામાંથી એક આખી પેન્સિલ કાઢીને આપી.

"તારે નથી જોઈતી?"

"ના. હમણાં નથી જોઈતી."

"એ તો ઠીક પણ એ ટુકડો ત્યારે ગયો ક્યાં? તમે કોઈએ લીધો હતો?"

કમલે ના પાડી.

"મેં કાલે લીધો હતો પણ પછી પાછો મૂકી દીધો હતો" શ્યામાએ જવાબ આપ્યો.

"તારી બાએ કદાચ લીધો હશે. દૂધનો હિસાબ લખવા માટે એ ઘણી વખત લઈ જાય છે."

"હું શું કરવા લઉં? મારી પાસે છે બીજી પેન્સિલ." અંદરથી દેવીએ જવાબ આપ્યો.

"તો યે તું ઘણી વખત લઈ જાય છે."

"કોઈ દિવસ લઉં પણ તરત પાછો મૂકી દઉં. તમારી ચીજ અમને ન ખપે."

"હું આજે વાસીદું વાળીશ ત્યારે જોઈ લઈશ" શ્યામા બોલી.

છોટાલાલના મોઢા ઉપર સંતોષનો કોઈ ભાવ પેદા ન થયો. શ્યામા પાસેથી પેન્સિલ લઈ એ પોતાના ઓરડામાં ગયા. કમલ એમની પાછળ જોઈ રહ્યો.

"શું બાપુજી એ ...!" એ બોલ્યો. "પેન્સિલના એક ટુકડા માટે આટલી..." જરા વાર પછી બોલ્યો.

"ટુકડો પણ છે તો કામનો ને?" શ્યામા બોલી.

"એવા તો કેટલાય ટુકડા કોલેજમાં પડ્યા હોય છે."

"વીણતો આવજે ત્યારે. કામમાં આવશે."

"મારી ફજેતી તારે કરાવવી છે?"

"એમાં ફજેતી શાની!"

❊

"હવે આ ટુવાલને તિલાંજલી આપો." નાહીને ટુવાલને દોરી ઉપર છોટાલાલ સૂકવતા હતા તેમને જોઈને દેવી બોલી.

"કેમ શું છે!"

"બહુ ફાટી ગયો છે."

"પણ ડિલ લુછાય છે."

"એ તો ગાભાથી એ લુછાય."

"થયું ત્યારે. કામ તો ડિલ લછવાનું છે ને!"

છોટાલાલે ટુવાલ હાથમાં લીધો. એ ઠીકઠીક ઘસાયો હતો. બેત્રણ ઠેકાણે જાળાં જેવું પણ થઈ ગયું હતું. બદલવા જેવો થયો છે એમ એમને પણ લાગ્યું. પણ તો પછી આનું કરવું શું એ વિચારવા લાગ્યા.

"શ્યામા, તું એક કામ કર. આ સુકાય પછી એને બેવડો વાળી ચારે કોર સીવી લે."

"પછી શું કરશો?" દેવીએ પૂછ્યું.
"અમસ્તો હાથ-મોં લોહવા કામમાં આવશે."
"ઘરમાં નેપકીન છે."
"તે ભલે રહ્યા. કોઈ મહેમાન આવે તો આપજો. મારે આ ચાલશે."

※

બારણું ખખડ્યું:

"કેમ દૌલતભાઈ; તમે ક્યાંથી?" બારણું ઉઘાડતાં છોટાલાલે પૂછ્યું.
"એને બોલાવ્યો છે, ને!" જરા ખમચાઈને એ ઊભા રહ્યા.
"હા, એને બોલાવ્યા છે. થોડાંક કપડાં સીવડાવવાનાં છે." શ્યામાએ જવાબ દીધો.

દેવીબેન અંદરથી આવ્યાં. કાપડની પોટલી કબાટમાંથી કાઢી અને દૌલતભાઈને બતાવવા-સમજાવવા મંડ્યાં. 'આમાંથી આ કરવાનું છે' અને 'પેલામાંથી પેલું કરવાનું છે' કેટલાંક તૈયાર કપડાં બતાવી કહ્યું, 'આ ટૂંકું કરવાનું છે,' 'આ લાંબું કરવાનું છે,' 'આ ગળેથી સાંકડું કરવાનું છે,' 'આ કેડેથી પહોળું કરવાનું છે,' 'આને આંતરસો ભરવાનો છે,' 'આને ઉકેલવાનું છે' વગેરે વગેરે.

"બેન, આંતરસો ભરવાનું અને ઉકેલવાનું તો આપણે કરી શકીશું, મને બતાવજો ને!" શ્યામા બોલી.

"એ તને ફાવશે?"

"જોઈશું. નહિ ફાવે તો દૌલતભાઈને બતાવીને કરીશ અને તોયે નહિ ફાવે તો પછી એમની પાસે કરાવીશું."

દેવીબેને બીજું જે કામ હતું તે બતાવ્યું.

"તમારે શું કરાવવાનું છે?" છોટાલાલ તરફ ફરી દેવીએ પૂછ્યું.

"મારે...? મારે કાંઈ કરાવવાનું નથી."

"કેમ! પહેરણ કેટલાં છે?"

"ચાર તો હજી કોરાં જ પડ્યાં છે. બીજાં ચાર ચાલુ છે."

"અને પાયજામા? ઉપર પહેરવાની બંડીઓ? ટોપીઓ?"

છોટાલાલે પોતાનો સ્ટૉક નોંધાવ્યો.

"સારું. દૌલતભાઈ, એમની બે બંડીઓ, ચાર પાયજામા અને ચાર પહેરણ વેતરો." કહી દેવીએ કાપડ આપ્યું.

"પણ એટલાની શી જરૂર છે?"

"છો રહ્યાં ને. તમારી પાસે જગ્યા ન હોય તો મને આપજો. હું રાખી મૂકીશ."

"પણ નકામા ..."

"નકામું કશું નથી. ફાટેલાં-ઘસાયેલાં છેક સુધી ન પહેરશો. કોઈને આપવા જેવા તો રાખો!"

"તે, કોઈ ગરીબને આપવાં હોય તો નવાં જ આપ ને? ફાટેલાં શું કરવા? એમાં મને ક્યાં વાંધો છે? ઘસાયેલાં આપીને, આપણે તો આપ્યાનો સંતોષ માનીએ પણ એને બિચારાને તો અઠવાડિયું પણ ચાલે નહિ. તું નવાં આપતી હોય તો મને જરાય વાંધો નથી."

"જોઈશું એ તો."

દોલતભાઈએ માપ લેવા માંડ્યું.

"દોલતભાઈ, પહેરણ અને પાયજામાને બાજુ પર એક જ ખીસું કરજો. અને બંડીનાં ખીસાં સાધારણ હલકા કાપડનાં કરજો. બંડીનું કાપડ તો બહુ મોંઘું આવે છે." છોટાલાલે માપ આપતાં કહ્યું.

દોલતભાઈએ અને કમલે દેવી સામું જોયું. શ્યામા વારાફરતી બધાં તરફ જોઈ રહી.

"એમ હલકા કાપડનું શા માટે? એવું કાંઈ સારું દેખાતું હશે!" દેવી બોલી.

"બહારનું નહિ, અંદરના ખીસાંની વાત કરું છું. એમાં તો જેવું હોય તેવું ચાલે."

"હા, હા. ફરેલુંયે ચાલે."

"એ ન ચાલે."

"અને ખીસું ન હોય તોયે ચાલે."

"એ પણ ન ચાલે"

"પણ એમ કર્યે ફેર કેટલો પડવાનો છે! ॥ વારનો ફેર પડશે."

"બે બંડી એટલે ॥। વાર થયું. એક રૂપિયાનો ફેર પડે."

"અને પહેરણ પાયજામાને એક જ ખીસું કેમ!"

"સાધારણ રીતે મારે એમાં કાંઈ મૂકવાનું હોતું જ નથી. પછી બે બાજુનાની શી જરૂર છે!"

દેવી જરાક વાર છોટાલાલ સામે જોઈ રહી. "સારું દોલતભાઈ, એ કહે એમ કરો." એ બોલી.

❋

અર્ધી રાતે શ્યામાને વેણ ઊપડી. દેવીએ છોટાલાલને જગાડ્યા. એમણે કમલને વાહન લેવા મોકલ્યો. કહ્યું, "રીક્ષા, ટેક્સી, જે પહેલું મળે તે લઈ જલદી આવજે."

શ્યામા ચાર દિવસ હેરાન થઈ. એનો છૂટકો જ ન થાય. ચોથે દિવસે દાક્તરે છોટાલાલને બોલાવ્યા.

"પેટ કાપવું પડશે એમ લાગે છે" દાક્તરે કહ્યું.

"તમને ઠીક લાગે એમ કરો." છોટાલાલે જવાબ આપ્યો.

દાક્તરે એનો ચાર્જ કહ્યો.

"સારું. જે હોય તે. પણ બન્ને બચે એમ કરો." છોટાલાલ બોલ્યા.

એ શ્યામાના ખાટલા પાસે ગયા. છોકરી આંખો મીંચીને પડી હતી. ખૂબ થાકી ગઈ હતી. છોટાલાલે એના માથે હાથ ફેરવ્યો. શ્યામાએ આંખો ઉઘાડી, જરાવાર છોટાલાલ તરફ જોઈ રહી, અને પછી આંખો મીંચી દીધી.

પણ છેવટે કુદરતે દયા કરી, મદદ કરી. પેટ કાપવું ન પડ્યું અને ચીપિયા વડે પ્રસૂતિ થઈ શકી.

ત્રણ દિવસ મા અને બાળકની સ્થિતિ ગંભીર રહી, પણ પછી સુધારવું ગયું. દસ દિવસ બાદ એમને ઘેર લાવ્યાં. પણ થોડાક જ દિવસમાં માલૂમ પડ્યું કે મા રૂઝાતો નહોતો. ઉપરથી ચામડી આવે પણ અંદરથી પાકતું હતું.

"શ્યામા રડે છે. છાની જ રહેતી નથી." દેવીએ આવીને છોટાલાલને કહ્યું.

છોટાલાલ શ્યામાના ખાટલા પાસે ગયા. એની બાજુમાં બેઠા. માથે હાથ ફેરવ્યો.

"શું થાય છે?"

"કાંઈ નહિ."

"તો પછી રડે છે શા માટે?"

"આ કેટલા દિવસ ચાલશે?"

"શું કરીએ? આપણા હાથની વાત છે? તને બીજું કંઈ થાય છે?"

"ના."

અવાજ સાંભળીને કમલ આવ્યો.

"તો પછી આમ અકળાય છે શા માટે?"

"લાંબું ચાલશે. અને દર વખતે ડ્રેસિંગ કોણ કરશે?"

"તારાથી કે બેનથી થાય તો કરજે. અને ન થાય તો હોસ્પિટલમાં પાછા જઈશું. એ લોકો તો કરી શકશે ને?"

"ફરી પાછા બધાને ધક્કા ખાવાના."

"ધક્કા ખાનાર હું છું ને?" કમલ બોલ્યો.

"રોજના ...રૂપિયા, અને દવાના તો પાણીની માફક જાય છે."

"એનો વિચાર તારે કરવાનો ન હોય. તું મુંઝાઈશ નહિ. સવારે ડાક્ટરને બોલાવીશું. એ જેમ કહેશે તેમ કરીશું."

※

સવા મહિને શ્યામાની તબિયત ક્રમેજ સુધારા ઉપર આવતી ગઈ. બધાએ છુટકારાનો દમ ખેંચ્યો. એ હોસ્પિટલમાંથી ઘેર તો આવી ગઈ હતી પણ એની દવા વગેરે ચાલુ હતાં.

એક દિવસ બજારમાંથી મંગાવેલી ચીજો લઈને કમલ આવ્યો. થેલીમાંથી એક પછી એક ચીજ કાઢીને એણે ટેબલ ઉપર મૂકી. થરમોસ, ફળ, દવાની બે શીશીઓ, બાળકને દૂધ પાવાની શીશી, શાક વગેરે. દવાની શીશીઓનાં ખોખાં ઉઘાડી અંદરની સૂચનાઓ વાંચી એણે શ્યામાને બાટલીઓ આપી અને સૂચનાઓ સમજાવી. એ મુજબ અમલ કરવાનું કહી સૂચનાનાં છાપેલાં કાગળિયાં લઈને એ જતો હતો ત્યાં શ્યામાએ પૂછ્યું:

"એ કાગળિયાં શું કામ લઈ જાય છે?"

"મારે કામમાં આવશે."

"તારે શું કામ આવશે?"

કમલે કાગળની બીજી બાજુ શ્યામાને બતાવી. શ્યામા કાંઈ સમજી નહિ.

"ન સમજાયું?"

"ના."

"આ બાજુ કોરી છે ને!"

"તો!"

"એ, લખવાના કામમાં આવશે!"

"અલ્યા, તું લખીશ? એક બાજુ લખેલો કાગળ તું વાપરીશ?"

કમલે હકારમાં ડોકું ધુણાવ્યું.

"હું માનતી નથી"

કમલ એક છાજલી ઉપરથી એક બાજુ લખેલા કાગળનો એક થોકડો લઈ આવ્યો અને બતાવ્યા.

"આટલા બધા ક્યાંથી કાઢયા?"

"ગઈ સાલની મારી નોટબુકો ઉથલાવી ગયો. એમાંથી કાઢી લીધા."

"ક્યારે?"

"તમે હૉસ્પિટલમાં હતાં ત્યારે"

ભાઈ–બહેન એક બીજાં સામું જોઈ રહ્યાં.

કરેલા ખરચનો હિસાબ લખવા કમલ બેઠો. પેલા એક બાજુ લખેલા કાગળની પાછળ જ આંકડા મૂકવા માંડ્યા. શ્યામાએ જોયું કે એના હાથમાં પેન્સિલનો એક નાનકડો ટુકડો જ હતો. અને એ, નકામી બનેલી પેનની ભૂંગળીમાં ખોસેલો હતો.

★

અનુસંધાન પૃ. ૧૯૮]

સિગ્નલો (સંકેતો) દશ હજાર ગુણવા દશ લાખ ગણા મોટા થાય છે, અને અઢી વૉટની શક્તિથી ૪૧૭૦ મેગાસાઇકલની ફ્રિક્વેન્સીથી પુનઃ ટ્રાન્સમીટ થાય છે. પૃથ્વી ઉપર એ સિગ્નલો પહોંચે ત્યાં સુધીમાં એક વૉટની એક દશલક્ષાંશ જેટલી તેમની શક્તિ રહે છે. એટલે તેમને પૃથ્વી પર ઝીલવા ખૂબ વિષમ્ પ્રહિતાવાળા (sensitive) એરિયલની જરૂર પડે છે. તદ્દન અસ્પષ્ટ સિગ્નલો પણ ઝીલી શકે એવું ૧૭૭ ફુટ હોર્નવાળું એરિયલ આ કામ આપી શકે છે. પૃથ્વી પરનાં સ્ટેશનોમાં આ સિગ્નલોને ફરી વિસ્તારવનું એટલે એમ્પ્લીફાઈ કરવાનું કામ કરવામાં આવે છે. પછી જે સામાન્ય પદ્ધતિઓ આપણી પૃથ્વી પર પ્રચલિત છે તે દ્વારા તેમને મોકલવામાં આવે છે.

ઊંચે અવકાશમાં પરમાણુ ધડાકાઓ કરવામાં આવે છે. એથી એવી બીતિ આગળ કરવામાં આવી હતી કે પૃથ્વી ફરતો વિકિરણ (રેડિયેશન)નો જે પટો આવેલો છે તેને ધડાકામાંથી છૂટતા વિકિરણોની અસર થતાં તે કદાચ નાશ પામશે. આ અંગે સંશોધનનાં પરિણામો ઉપરથી નક્કી થયું છે કે જે નવો પટો ધડાકાને લીધે પેદા થયો છે તે અતિ મોટા, મજબૂત અને ચિરસ્થાયી છે. દક્ષિણ આટલાંટિક ઉપર તેના નીચેના નીચે બિંદુએ તે પૃથ્વીની સપાટીના ૨૦૦ માઈલ સુધી પહોંચે છે અને પેસિફિક ઉપર ૪૦૦ માઈલ સુધી વિસ્તરે છે.

આ નવા રેડિયેશન પટાને લીધે અવકાશમાં ફરતાં બનાવટી ગ્રહોને નુકસાન પહોંચ્યું છે પણ સદ્દભાગ્યે ટેલિસ્ટાર એ નુકસાનકારક અસરમાંથી મુક્ત રહ્યો છે. કારણ કે તેની સૂર્ય બેટરીઓ શનિના નંગો (sapphire)ની રક્ષણાત્મક બારીઓથી સુરક્ષિત છે.

ધડાકાની અસરને લીધે જે વધારાનું વિકિરણ પેદા થશે તે થોડા દિવસોમાં વિખેરાઈ જશે એવું જે કહેવામાં આવેલું તે પુરવાર થયું નથી. એટલે આ પ્રશ્ન ઘણો ગંભીર બને છે.

★

મંગલાષ્ટક

મૂસિકાર

૧

"રાખોને મન દીકરી તણું જરા થાઈ અટાણે ભલા,
જાશે સાસરવાસમાં નહિ પછી કહેવા કશું આવશે!"
"શું વાત્સલ્ય વિહીન હું?" "નહિ નહિ, આદર્શવાદી ઘણા"
"તો કાં–?" "હું તમને કહું ત્યમ કરો!" માતા વદે મંગલમ્.

૨

પ્રેય–શ્રેય તણો વિવાદ હૃદયે થાયે વિવેકી તણા
ને વાત્સલ્ય ભરેલ બુદ્ધિ અટકી મૂંઝાય જ્યા નિર્ણયે
ત્યારે ચિત્ત કરી કઠોર, કરવો સંકલ્પ શ્રેયસ્ તણો
તે છે પ્રેમ ખરો પિતા હૃદયનો; માંગલ્ય મોટું વળી.

૩

કોઈ અંગત લાભની નજરથી સંસાર માંહી ફરે,
કોઈ બદ્ધ કુટુંબ લાભ મહીં, ને કોઈ વળી નાતના;
ને કોઈ વળી પક્ષન,
જે કો દેશહિતે જુએ સ્વહિતને તે દેશભક્તો, અને
જે ગાંધી સમ સર્વના ઉદયને સાધે! મહા મંગલમ્.

૪

કો અર્થેન્દ્રિય જન્તુ શા ધન તણા પુન્જે પુંજે પાળતા,
કો કામાન્ધ બની કરે ક્ષય સદા આયુષ્યના તન્તુને,
જે કો ધર્મ રસાયણે દૃઢ બની સેવે જગે એઉને,
તેને પ્રેમ રહસ્ય પ્રાપ્ત મધુરું માંગલ્યના તત્ત્વ શું!

૫

આશ્ચર્યો જગતે અનેક બનતાં, ના જોયું આશ્ચર્યને
આ જે પિતૃગૃહે થકી નિસરતી કન્યા સમુ અન્ય કો!–
જે શીઘ્ર પરને કરે સ્વજન, એ જાણે હતા જન્મથી,
લીલા પ્રેમતણી પ્રભુ સરજતા માંગલ્યના મન્ત્ર શી

૬

વિશ્વે સખ્ય અનેક છે પણ નથી દાંપત્ય શું સખ્ય કો,
જેમાં જીવનની ક્ષણેક્ષણ વિષે આધાર આસ્થા તણો,
જે ધર્માર્થ અને વળી પ્રણયના માર્ગે જતા દ્વૈતને,
વર્તાવે હૃદયે સુધારસ ભરી અદ્વૈતનું મંગલમ્.

૭

માથે માતપિતા સદા તુજતણું કલ્યાણ વાંછી રહ્યા,
સાથે બ્હેનડનું તને ત્રિતય છે હેતે ભર્યું હર્ષથી,
હાથે હાથ મિલાવતો સહૃદયી છે વીર તારો ખરે,
શોભન્તો મનને ગમ્યો વર મળ્યો! સૌભાગ્યનું મંગલમ્.

૮

ગ્રીષ્મે તપ્ત થતી ધરા નિરખિને શ્રીવિષ્ણુ પૂછે "રમા
"શી રીતે જનલોક શીતળ બને? ધારો તમો તો જરા!"
"હું વર્ષા થઈ લોકમાં અવતરું" "તો એકલો શું કરું?"
"થાશો શું? કહું છું, રમેશ બનજો! વર્તાવજો મંગલમ્."

卐

હાકલ

જયંતીલાલ આચાર્ય

મારું મન માંડ્યું આ ઘરમાં મારો!
મને રોજ બોલાવે દૂરની પેલી ગિરિમાળા.
મને ત્યાં જવાની લગની લાગે પ્રાણ જાગે,
કેવી વેદનાભરી કરુણ રાગે વીણા વાગે!
જાણે 'ભર ઉચાળા!' કરતા એના સૂર ઇસારા!
મારા મનને તારી ખુલ્લી હવા તાજગી આપે,
મારા પ્રાણમાં તારા પ્રાણની સુરખી જ્યારે વ્યાપે,
ત્યારે મનાનરોધી ખૂલતા લાગે સૌ ઉલાળા!
આ તો દેશ મારો નોય
ઘર મારું નોય,
નોય મારું કંઈ;
આવી ભૂલ્યો પડ્યો
ખૂબ આથડ્યો;
માન્યાં તે સહી!
હવે ઘેર જવાનો દેશ જવાનો અવાજ આવે,
મારું મન બની જાય પાગલ ઝૂરતું રૂપને તારા!
મારો પ્રાણ ગળી જાય પામતાં તારી સુધાધારા!
મારું મન પછી ના, ઘર પછી ના પાયે તારા!*

કપડવણજ
૭-૧૨-૧૯૬૦

* બંગાળના બાઉલ ઢાળમાં. શ્રી રવીન્દ્રનાથના 'ડાકઘર' નાટકની તૈયારી કરતાં સ્ફૂરેલું.

વારસા-વિજ્ઞાન—૭

ડૉ. કાન્તિલાલ શાહ

(૯) માનસિક શક્તિઓ : સામાન્ય રીતે બધા સંમત છે કે આ શક્તિઓના ઘડતરમાં પણ વારસાગૂડી ભાગ ભજવે છે. પરંતુ આ શક્તિઓ અનેક પ્રકારની છે—ગ્રહણ-શક્તિ, સ્મરણશક્તિ, સર્જનશક્તિ, ગણિતશક્તિ, કલાશક્તિ, વગેરે વગેરે. આ બધી શક્તિઓનું માપ કાઢવાનું સાધન આપણી પાસે નથી, પરંતુ બુદ્ધિમાપન કસોટીઓ દ્વારા જાણવા મળે છે કે બુદ્ધિનો ગુણાંક (અ: ઇન્ટેલિજન્સ કોશન્ટ, આઈ. ક્યુ) ઘણા મોટા પ્રમાણમાં જીન્સ પર આધાર રાખે છે. એકબીજી જોડકાંની બે વ્યક્તિઓના બુદ્ધિ-ગુણાંકમાં ૫.૯ આંકનો ફરક જણાયો હતો ત્યારે દ્વિબીજી જોડકાંમાં તે ૯.૯ જેટલો હતો. ૩૪૦૦ બાળકના બુદ્ધિમાપનમાં જણાયું હતું કે જેઓ હોશિયાર હતાં (એટલે કે જેમનો બુદ્ધિ-ગુણાંક બુ. ગુ—૧૧૩ થી વધારે હતો) તેમનાં ભાઈબહેનોમાંથી ૬૨.૩ ટકા હોશિયાર હતાં; જેઓ મધ્યમ (=બુ ગુ. ૯૧ થી ૧૧૩) હતાં તેમનાં ભાંડુઓમાંથી ૨૨.૧ હોશિયાર જણાયાં ને જેઓ ઠોઠ (બુ. ગુ. ૯૧ થી ઓછા) હતાં તેમનાં ભાંડુમાંથી માત્ર ૩.૭ ટકા જ હોશિયાર નીકળ્યાં હતાં.

સંગીતની સૂઝ કે પ્રતિભા પણ વારસામાં ઊતરતી માલૂમ પડે છે. બીજી કલાઓ કરતાં એમાં નિર્ધારક-અણુઓ (જીન્સ) નો હિસ્સો કંઈક વધારે સ્પષ્ટતાથી બતાવી શકાય છે. યુરોપના મોટા સંગીતશાસ્ત્રીઓનો ઇતિહાસ તપાસતાં માલૂમ પડે છે કે જનતાના બીજા વર્ગો કરતાં આ કુટુંબોમાં ઘણા પ્રસિદ્ધ સંગીતજ્ઞો પાક્યા હતા. આવાં કુટુંબોમાં ત્રણ ત્રણ પેઢી સુધી આ પ્રતિભા ઊતરી આવેલી જોવા મળી હતી. બાક (Bach નામના સંગીતજ્ઞ) ની તો ૭ પેઢીઓમાં આ કળા ઊતરી આવી હતી. મિસ સ્ટેન્ટનની તપાસમાં જણાયું હતું કે સંગીતજ્ઞ કુટુંબોનાં ૧૧ બાળકોમાંથી બધાં ૮ સંગીતજ્ઞ જણાયાં હતાં—સિવાય એક, જે મંદબુદ્ધિ હતું; ત્યારે માબાપમાંથી એકે સંગીતજ્ઞ ન હોય એવાં કુટુંબોનાં ૨૫ બાળકોમાંથી બધાં સંગીત-બધિર અથવા સંગીત-મૂઢ જણાયાં હતાં. જેનાં માબાપમાંથી એક જ વ્યક્તિ સંગીતજ્ઞ હોય એવાં ૧૭ બાળકોમાંથી માત્ર ૬ સંગીતજ્ઞ હતાં જ્યારે ૧૧ સંગીત-મૂઢ હતાં. બીજા એક સંશોધકની તપાસમાં જણાયું હતું કે જ્યારે મા અને બાપ બંને સંગીત-જડ હોય છે ત્યારે બધાં જ બાળકો સંગીત-જડ નીવડે છે; જ્યારે બંને માબાપ સંગીતનાં ખાં હોય છે ત્યારે બાળકો પ્રતિભાશાળી (સંગીત પૂરતાં) નીપજે છે. શાઈનફેલ્ડની તપાસમાં જણાયું હતું કે મા અને બાપ બંને પ્રતિભાશાળી હોય છે તો ૮૧ ટકા બાળકો સંગીતજ્ઞ થાય છે; બેમાંથી એક પ્રતિભાશાળી હોય ત્યારે ૬૦ ટકા; અને બેમાંથી એકે સંગીતજ્ઞ ન હોય એવાં માબાપનાં ૧૫ ટકા બાળકોમાં સંગીતની પ્રતિભા પ્રગટ થાય છે. આપણે ત્યાં દીવેટીઆ કુટુંબ આ માટે પ્રસિદ્ધ છે. ભોળાનાથ સારાભાઈ આ કુટુંબના આદ્ય પુરુષ હતા. એમનાથી ઊતરી આવેલી વ્યક્તિઓ જોઈએ તો છેક ચોથી પેઢી સુધી સંગીતસૂઝ અને સંગીતશોખ ઊતરી આવેલાં જણાય છે. આ લક્ષણ પ્રબળ છે કે નિર્બળ તે વિષે ચોક્કસ નિર્ણય થયો નથી.

(૧૦) દીર્ઘાયુ અને આયુર્મર્યાદા : ઇંગ્લંડ, અમેરિકા, સ્વિડન અને નોર્વે જેવા દેશોમાં છેલ્લાં પચાસ વર્ષમાં સરેરાશ આયુર્મર્યાદામાં સારી પેઠે વધારો થયો છે. આપણા દેશમાં પણ સ્વતંત્રતા બાદ ૩૨ થી ૪૭ સુધી સરેરાશ આયુષ્ય વધ્યું છે. અર્થાત્ પરિસ્થિતિ પર આયુર્મર્યાદાનો આધાર જણાય છે. પ્રજાઓનો વિચાર કરતાં આ વાત સાચી લાગે છે, પરંતુ વ્યક્તિનો વિચાર કરતાં અને દીર્ઘજીવી વ્યક્તિઓનો ઇતિહાસ જોતાં એમાં વારસો કામ કરતો જણાય છે. ૮૦ થી ૧૦૦ વર્ષની ઉંમરનાં ૮૨૪ મનુષ્યોમાંથી ૪૦૧ અથવા ૪૯.૪ ટકા દીર્ઘાયુષી કુટુંબોમાંથી આવ્યાં હતાં. ૧૫૯૪ સંતાનોના અભ્યાસ દ્વારા બેલે બતાવ્યું હતું કે જેનાં માંબાપ એંશીનાં થયાં હતાં તે બાળકો, સાઠ વર્ષે પહોંચ્યા પહેલાં ગુજરી ગયેલાં માબાપોનાં સંતાનો કરતાં વીસ વર્ષ વધારે જીવ્યાં હતાં. અમેરિકાની મોટી મોટી વીમા કંપનીઓનો પણ એ અનુભવ છે કે મનુષ્યની આયુષ્યમર્યાદા પર વારસાની અસર પડે છે. વળી સ્ત્રી અને પુરુષની આયુર્મર્યાદાનો વિચાર કરીએ તો જોવા મળે છે કે સુધરેલા દેશોમાં પ્રત્યેક ઉંમરે પુરુષ કરતાં સ્ત્રી વધારે દીર્ઘાયુષી હોય છે. આપણે ત્યાં પણ માતૃત્વ કાળ બાદ કરીએ તો પુરુષ કરતાં સ્ત્રીનો આવરદા વધારે હોય છે. જોડકાં બાળકોના એક અભ્યાસમાં માલૂમ પડ્યું હતું કે ૫૧૩ એકબીજી જોડકાંઓમાં જોડકાની બે વ્યક્તિઓના આયુષ્યમાં ૩૫.૭ મહિનાનો ફરક માલૂમ પડ્યો હતો જ્યારે ૧૨૨૬ દ્વિબીજી જોડકાંમાં ૭૩.૭ મહિનાનો—બેવડાથી કંઈક વધારે—ફરક દેખાયો હતો. અર્થાત્ માત્ર પરિસ્થિતિ નહિ પરંતુ વારસામૂડી પણ આયુર્નિર્માણમાં અગત્યનો ભાગ ભજવે છે. અમેરિકન લેખક ઓલિવર વેન્ડલ હોમ્સ તો એવું કહી ગયો છે કે તમારે લાંબું જીવવું હોય તો દીર્ઘાયુષી માબાપ માટે જાહેરખબર આપવી જોઈએ!

(૧૧) સ્વભાવ, લાગણીઓ વગેરે : આપણો સ્વભાવ, આપણું ચિત્તતંત્ર, આપણું ચારિત્ર્ય—આ બધાં પર પણ આપણા જીન્સની અસર પહોંચે છે? કહેવું બહુ મુશ્કેલ છે; બલ્કે એમ જ લાગે કે નથી પડતી. આપણા રોજિંદા જીવનમાં પરિસ્થિતિનો એટલો બધો પ્રભાવ જણાય છે કે આનુવંશિકતા અસ્વીકાર્ય લાગે. તે ઉપરાંત આ પ્રકારનાં લક્ષણો માપવાનાં કોઈ સાધન આપણી પાસે નથી. એકબીજી જોડકાં માટે ન્યૂમેન લખે છે કે એમને વિખૂટાં પાડી ઉછેરવામાં આવે, અને દ્વિબીજી જોડકાંને ભેગાં જ ઉછેરવામાં આવે તો પણ દ્વિબીજી જોડકાં કરતાં એકબીજી જોડકાંમાં વધારે સામ્ય હોય છે. મહાન વિભૂતિઓનો વિચાર કરીએ છીએ—રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજી, શ્રી અરવિંદ, જ્ઞાનેશ્વર અને તેમનાં ભાઈબહેન વગેરે—તો એમની પરિસ્થિતિમાં એવું કશું દેખાતું નથી જેને પરિણામે આવી મહાન વ્યક્તિઓ પાકી શકે. આમાં વારસાસંપત્તિ કે ગતજન્મના સંસ્કાર જ માનવા પડે.

સંજોગો કે વારસામૂડી?

અને અહીં આપણે એ જમાનાજૂના વિવાદાસ્પદ પ્રશ્ન પર આવીને ઊભીએ છીએ. શું વધારે અગત્યનું—શું વધારે પ્રભાવી : વારસાસંપત્તિ કે પરિસ્થિતિ? પહેલાંના વૈજ્ઞાનિકો આવો પ્રશ્ન પૂછતા અને ચર્ચા પણ કરતા. હવેના વિજ્ઞાનીઓ આવી રીતે વિચાર કરતા નથી. એ લોકો માને છે કે જીવ છે તો જગત છે, અને જગત છે તો જીવનો વિકાસ થાય છે. સમાજમાં આપણે જે વ્યક્તિઓ જોઈએ છીએ તે પોતાની વારસાસંપત્તિ અને પોતાની પરિસ્થિતિનાં પરસ્પર ક્રિયા–પ્રતિક્રિયાનાં, સહકારનાં જ પરિણામ છે. વનસ્પતિ અને પ્રાણી-

[અનુસંધાન પૃ. ૨૧૦

વિજ્ઞાનનું પ્રૌઢ શિક્ષણ

ડૉ. નરસિંહ મૂ. શાહ

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાન પ્રગતિને પંથે વળ્યું : જૂનાં મન્તવ્યો સામે નવા વિચારોએ સ્થાન લેવા માંડ્યું. વિજ્ઞાન મંડળોની સ્થાપના થવા લાગી અને વૈજ્ઞાનિકો પોતાના કાર્ય અંગે વિચાર-વિનિમય કરવા લાગ્યા. એ જમાનામાં વિજ્ઞાનનું સંશોધનકાર્ય હાથ ધરનાર વ્યક્તિઓ ગણીગાંઠી સંખ્યામાં હતી, અને જુદા જુદા પ્રદેશોમાં વિખરાયેલી પડી હતી. મુસાફરીનાં સાધનો આજના જેટલાં વિપુલ અને સગવડભર્યાં નહોતાં એટલે અરસપરસ પોતાના સંશોધનકાર્યની જાણ કરવા તથા અરસપરસ સંબંધો બાંધવા અને સાચવવા વિજ્ઞાનનાં પ્રકાશનો સાધનરૂપ હતાં. આ રીતે વૈજ્ઞાનિક પ્રકાશનો નિયતકાલિક રૂપે અસ્તિત્વમાં આવ્યાં. આ માસિકો, ત્રૈમાસિકો અને વાર્ષિકોમાં સંશોધનનાં પરિણામો પ્રગટ કરવામાં આવતાં, એટલે વિજ્ઞાનના સંશોધનમાં રસ લેનારને બીજે શું કાર્ય થઈ રહ્યું છે તે જાણવાનું મળતું. વૈજ્ઞાનિકો એક બીજાનાં પરિણામો આ રીતે જાણી શકતા. કોઈપણ વિષયમાં સંશોધન હાથ ધરનાર પોતાનું કાર્ય શરૂ કરતાં પહેલાં અન્યત્ર ચાલતાં યા થઈ ગયેલાં કાર્યથી આ પ્રકાશનો દ્વારા માહિતગાર રહેતો અને પોતાના કાર્યની પ્રગતિ બીજાઓને જણાવી શકતો. ટૂંકામાં, આ વિજ્ઞાન-પ્રકાશનોનું મુખ્ય કાર્ય પ્રાપ્ત થયેલ અને થતાં નવીન જ્ઞાનને લગતી માહિતી સૌને પહોંચાડવાનું હતું અને આજે પણ છે. વિજ્ઞાનની અમુક શાખામાં સંશોધન કરનારને પોતાના વિષય અંગે પ્રગટ થયેલા સંશોધન પરત્વે તો વિગતવાર માહિતીની જરૂર પડે. બાકી તો મોટા ભાગના કામ કરનારાઓ માટે તેની રૂપરેખા જાણવી એટલું બસ થાય. આ રીતે વિજ્ઞાનનાં પ્રકાશનોનું કાર્ય અત્યાર સુધી ચાલ્યું આવે છે. આજે લગભગ તેત્રીસ હજાર ઉપરાંત પ્રકાશનો દ્વારા વિજ્ઞાનની બધી શાખાઓને લગતું સંશોધનકાર્ય પ્રગટ થાય છે. આ બધાં પ્રકાશનો વિજ્ઞાનના તજજ્ઞો સિવાય સામાન્ય જનતાને કાંઈ ખાસ કામનાં નથી. નિષ્ણાતો અને વિદ્વાનો સિવાય ભાગ્યે જ કોઈ તેને હાથ લગાડે છે. સંશોધનખાતાના પુસ્તકાલયો સિવાય આ પ્રકાશનો સામાન્ય જનતામાંથી કોઈ પણ વાચક ભાગ્યે જ વાંચે છે.

વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ એટલી બધી ખેડાવા લાગી છે કે સંશોધનકાર્ય ખૂબ પ્રગતિ કરી શક્યું છે. છેલ્લા ચાર દશકાઓ દરમિયાન વિજ્ઞાન વિષયક શોધોનાં પૂર જોરપૂર્વક ચડતાં રહ્યાં છે : એટલે સુધી કે શોધકના અપવાદ સિવાય અન્ય અભ્યાસીને એ શોધ અંગે પુલકિત કે રોમાંચિત થવાનું મુશ્કેલ થયું છે ! પરિણામે વૈજ્ઞાનિક સંશોધનનાં પ્રકાશનો એક અટપટો પ્રશ્ન બની રહ્યો છે.

દરેક સંશોધન અને તેને લગતું કાર્ય પ્રગટ થાય એટલું જ બસ નથી. અત્યારે જે પ્રકાશનો બહાર પડે છે તેમાં મૂળભૂત ફેરફારો કરી પુનર્રચના કરવાની જરૂર છે. આ પ્રશ્ન બીજા છેડેથી ઉકેલ માગે છે.

પ્રત્યેક વૈજ્ઞાનિકને પોતાના કાર્ય અંગે આવશ્યક વૈજ્ઞાનિક પારિભાષિક સાહિત્ય મળે એટલું જ જોવાનું નથી, પણ સામાન્ય જનતાના દરેક અંગને વિજ્ઞાનની ઉપયોગી માહિતી લોકભોગ્ય ભાષામાં મળતી રહે એવી ગોઠવણ કરવાની રહે છે. આ દૃષ્ટિએ વૈજ્ઞાનિક

પ્રકાશનોનો આખો પ્રશ્ન ખૂબ વિચારણા માગે છે. ટૂંકમાં. વિજ્ઞાનના પ્રૌઢ શિક્ષણનો એ પ્રશ્ન બની જાય છે.

આ દિશામાં અંગ્રેજી ભાષામાં અમેરિકા અને ઇંગ્લાંડના પ્રકાશકોએ પહેલ કરી છે: અત્યારે કેટલાક સારાં પ્રકાશનો એ ભાષામાં લભ્ય છે. વિજ્ઞાનના આ યુગમાં એ પ્રમાણે થવું જોઈએ, એમાં બેમત છે નહીં.

અત્યારે પ્રગટ થતાં સંખ્યાબંધ પ્રકાશનો તે તે વિષયના નિષ્ણાતને ઉપયોગી નીવડે છે. વૈજ્ઞાનિકો અરસપરસ પોતપોતાના કાર્ય સંબંધી માહિતગાર રહી જ્ઞાન પ્રાપ્ત કરે અને સંશોધન પ્રગતિ કરે એ સંબંધી કાંઈ ખાસ કહેવાનું હોય નહીં. પરંતુ જો એ જ્ઞાન વૈજ્ઞાનિકોના વાડા પૂરતું બંધિયાર બની જાય તો તેનો લાભ જનતાને નિષિદ્ધ બની જાય છે.

વિજ્ઞાનની સાચી સમજ આપણા જીવનનો અંશ બને એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય તેમાં જ વિજ્ઞાનનું સાફલ્ય છે. માનવીના જીવનમાં વિજ્ઞાન ઉપયોગી ભાગ ભજવે છે. માનવ જીવનને ઉન્નત કરવામાં વિજ્ઞાને પોતાનો ફાળો આપ્યો છે. વિજ્ઞાનનું અધૂરું અને અવળું જ્ઞાન આપણી આજની "જંગલિયાત"ને લાવવા માટે જવાબદાર છે. કેળવણીની સુધારણા માટે વિજ્ઞાનની સાચી સમજ પાયારૂપ છે. વિજ્ઞાન આપણા જીવનને કેવી રીતે સ્પર્શે છે તેમજ આજનું વિજ્ઞાન શું કરી રહ્યું છે એ સમજવું પણ એટલું જ અગત્યનું છે. આ કાર્ય છાપાંઓ, રેડિયો અને સિનેમા દ્વારા થઈ શકે. ઉપરાંત લોકભોગ્ય ભાષામાં લખેલાં વિજ્ઞાનનાં પુસ્તકો અને પ્રકાશનો વડે તેમજ વિજ્ઞાન વિષયક પ્રદર્શનો દ્વારા જનતાને વિજ્ઞાનની દિશામાં કેળવી શકાય. ટૂંકમાં, વિજ્ઞાનનું સામાન્ય સમાજોપયોગી જ્ઞાન આપવાનો પ્રશ્ન આપણી સમક્ષ ઊભો થાય છે.

લોકવિજ્ઞાનના ક્ષેત્રમાં ઉપયોગી થાય એવાં પ્રકાશનો આપણી ભાષામાં ખૂબ જૂજ છે. દેશમાં ઝડપભેર ચાલી રહેલ ઉદ્યોગીકરણના કાર્ય અંગે આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો બને છે. વિજ્ઞાનનું પાયાનું શિક્ષણ યોગ્ય રીતે મળે એ પ્રથમ આવશ્યકતા છે. આ કાર્યમાં પહેલી જરૂરિયાત યોગ્ય પુસ્તકોની છે. આપણી પ્રકાશન સંસ્થાઓએ આ પ્રશ્ન દેશના હિતમાં ઉપાડી લેવો જોઈએ. એ માટે સમય પાકી ગયો છે.

●

અનુસંધાન પૃ. ૨૦૮]

એમાં વારસામૂડી વધારે પ્રબળ જણાય છે, પરંતુ મનુષ્યોમાં પરિસ્થિતિ બહુ પ્રબળ છે કારણ મનુષ્ય જ એવું પ્રાણી છે જે પોતાની પરિસ્થિતિ પર કાબૂ ધરાવી શકે છે અને એમાં પરિવર્તન પણ આણી શકે છે. વાનરોમાં મેલેરિયા થતો હોય તો વાનરજાતિની કેટલી વ્યક્તિઓ તેને વશ થાય છે અને કેટલી બચે છે તેનો આધાર વાનરની વારસાસંપત્તિ પર જ રહે છે; પરંતુ મનુષ્ય તો મેલેરિયાનું મૂળ શોધી શકે છે, તેનો ઉપાય કરી શકે છે, અને એ રોગ નાબૂદ પણ કરી શકે છે. આખું તબીબી વિજ્ઞાન આનો જ પુરાવો છે. મનુષ્યને બીજો લાભ પણ કાયદો છે. એની પાસે ઇતિહાસ છે—ભૂતકાળ છે. પોતાના વડવાઓના અનુભવનો, એ ધારે તો, પોતે ઉપયોગ કરી શકે. આ બધો વિચાર કરતાં લાગે છે કે મનુષ્યમાં વારસાસંપત્તિની પ્રબળતા ક્રમે ક્રમે કદાચ ઘટતી જશે.

[ક્રમશ:]

●

સુધરેલાં વડીલો વાંચે

'સત્સંગી'

પુત્રી—બા, ચાલોને આપણે એકાદ દિવસ ડાકોર જઈએ.

માતા:—આપણે વળી ડાકોર જઈને શું કરવું છે?

પુત્રી:—આટલા બધા લોકો જાય છે ને.

માતા:—લોકો તો ગાંડા જેવા છે. ગાડરિયો પ્રવાહ ચાલ્યો તે ચાલ્યો.

પુત્રી:—પરંતુ આપણે જુમ્મા મસીદ જોવા ગયાં હતાં, હઠીસિંહનાં દહેરાં જોવા ગયાં હતાં, સરખેજ ગયાં હતાં, આબુ ગયાં હતાં, તો ડાકોર કેમ ન જઈએ?

માતા:—પણ ડાકોરમાં જોવાનું શું છે? નથી ત્યાં કાંઈ સ્થાપત્ય કે નથી એ સ્થાનની કાંઈ ઐતિહાસિક અગત્ય.

પુત્રી:—છતાં, આપણા ગુજરાતનું એક અગત્યનું તીર્થધામ તો ખરું જ ને?

માતા—હા, અને દંભ, જડતા, લુચ્ચાઈ, લફંગાઈ વગેરે પ્રકારની અનીતિ પોષવાનું એક ધામ!

પુત્રી:—શું ત્યાં જનારાં બધાં જ એવાં હશે?

માતા:—લગભગ બધાં જ. દંભી નહિ હોય તે વહેમી હશે, અને લુચ્ચાં નહિ હોય તે નવરાં હશે.

પુત્રી:—શું ત્યાં જનારમાંથી એકે માણસ સાચો નહિ હોય?

માતા:—ધારો કે હોય તેથી શું?

પુત્રી—કદાચ દરેક જમાનામાં કોઈ ને કોઈ સાચા ઈશ્વરભક્તો ત્યાં જતા જ હશે ને!

માતા:—કોણ જાણે.

પુત્રી.—બોડાણો તો સાચા ભક્ત હશે ને! એ જ ભગવાનને દ્વારકાંથી લઈ આવ્યા એમ કહેવાય છે ને?

માતા:—બોડાણાની દંતકથા સાચી જ હશે એવું કોણે જાણ્યું? અને તું ભાષા પણ કેવી વાપરે છે!

પુત્રી:—કેમ?

માતા:—બોડાણો પથ્થરની એક મૂર્તિને લઈ આવ્યો હતો!

પુત્રી:—આપણે મૂર્તિપૂજાનો વિરોધ શા માટે કરીએ છીએ!

માતા:—તું જ વિચાર કરને. નિરંજન અને નિરાકાર એવા પરમાત્માની મૂર્તિ તે હોય? વળી મૂર્તિની પાછળ ધતિંગ કેટલું બધું હોય છે! મૂર્તિને વાઘા પહેરાવે ને થાળ ધરાવે, ને ચામર ઢોળે, ને શયન પણ કરાવે!

પુત્રી:—એમાં તો એવું જણાય છે કે મનુષ્યે પોતાના ગુણધર્મ ભગવાન પર આરોપી દીધા છે.

માતા:—અને તે ક્યાં સુધી! ભગવાન જન્મે, ને એમનું પારણું બંધાય ને વળી એમને હિંચોળવામાં આવે!

પુત્રી:—આપણને આટલું બધું વિચિત્ર ને હાસ્યાસ્પદ લાગે છે તે બીજાંને કેમ એવું નહિ લાગતું હોય?

માતા:—એ તો જેવી જેની બુદ્ધિ

પુત્રી:—એમ નહિ. સંતો અને ભક્તો જેઓને આપણે પ પૂજ્ય અને પવિત્ર માનીએ છીએ તેઓ પણ આવી મૂર્તિપૂજા કેમ કરતા હશે? મીરાંબાઈ મૂર્તિપૂજક હતાં, નરસિંહ મહેતા હતા, નામદેવ હતા, તુકારામ હતા.

માતાઃ—એ બધાં સાચા ભક્તો હતા. આપણે તો એમની ભક્તિની પ્રશંસા કરીએ છીએ, એમની મૂર્તિપૂજાની નહિ. મૂર્તિની પૂજા તો એ લોકો કદાચ એક રૂઢિ તરીકે પણ કરતા હોય.

પુત્રીઃ—સંભવ છે; પરંતુ આવી પૂજાથી એમની ભક્તિનું ધારણ, પોષણ અને સંવર્ધન થતું હશે ને?

માતાઃ—કોણ જાણે.

પુત્રીઃ—અને આપણે જો ખરેખર જ ભક્તિમાર્ગી હોઇએ તો જે જે સાધનથી ભક્તિની વૃદ્ધિ થાય તે તે સાધન આપણે આવકારપાત્ર માનવું જોઇએ.

માતાઃ—ડાકોર જવાથી જેની ભક્તિની વૃદ્ધિ થતી હોય તે ભલે જાય.

પુત્રીઃ—અને એવો ડાકોર જનાર સાચો ભક્ત હોય તો એની ભક્તિ ફળે કે ન ફળે?

માતાઃ—એટલે?

પુત્રીઃ—એટલે એમ કે ભગવાન એને માટે એ મૂર્તિમાં પ્રગટ થાય કે ન થાય? એને દર્શન આપે કે ન આપે? એની ભેટ સ્વીકારે કે ન સ્વીકારે?

માતાઃ—તું કેવી ગાંડા જેવી વાત કરે છે?

પુત્રીઃ—આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે એમ માન્યું જ હોય છે કે પરમાત્મા તે સાંભળે છે; આપણે એને દયાઘન કહી પાપકર્મની ક્ષમા માગીએ છીએ ત્યારે એમ અભિપ્રેત હોય છે કે ભગવાન આપણાં કર્મ જુએ છે; આપણે એને ન્યાયી કહીએ છીએ ત્યારે સમજી જ લઇએ છીએ કે ન્યાય અન્યાય તોળવાની શક્તિ–બુદ્ધિ–ભગવાનમાં છે

માતાઃ—એનો અર્થ એમ નથી કે ભગવાનને કાન છે કે આંખ છે કે બુદ્ધિ જેવું કરણ છે.

પુત્રીઃ—ઠીક; પણ જો ભગવાન કાન વિના સાંભળી શકે છે, આંખ વિના જોઈ શકે છે, તે આકાર વિના પ્રગટ ન થઇ શકે? નાક વિના સૂંઘી ન શકે? જીભ વિના ચાખી ન શકે? હાથ વિના સ્વીકારી ન શકે?

માતાઃ—તારી દલીલ સમજાઈ નહિ.


પુત્રીઃ—મારું એમ કહેવું છે કે ભક્ત જો સાચો હોય તો પરમાત્મા એને માટે મૂર્તિમાં પ્રગટ થાય કે એનું નૈવેદ્ય આરોગે કે એની ભેટ સ્વીકારે એમાં કશું અસંભવિત નથી. એવી શ્રદ્ધા કોઇને હોય તો એમાં અયોગ્યતા કે બેવકૂફી પણ નથી.

માતા—એ તો તારી માન્યતા છે. તારા બાપુ કે હું એવું નથી માનતાં. પણ આ તારી માન્યતાને ને ડાકોરને શો સંબંધ?

પુત્રીઃ—મને લાગે છે કે ડાકોરમાં ઘણા સાચા ભક્તો આવી ગયા હશે, હાલ પણ જતા હશે અને એમને પ્રતાપે એ મૂર્તિમાં ભગવાન પ્રગટ હશે; એ સ્થાનનું વાતાવરણ પવિત્ર હશે અને ત્યાં જનારને લાભ જ થતો હશે. આપણે સત્યશોધક હોઇએ તો આપણે પણ જવું જોઈએ.

માતાઃ—હજી તો તું સ્વતંત્ર થઇ નથી. જ્યાં સુધી અમારે પૈસે જવાનું છે ત્યાં સુધી એવાં ધતિંગ માટે અમે તને રજા નથી આપવાનાં.

卐



વર્ષ ૩૮
અંક ૬

સં. ૨૦૧૯
ચૈત્ર

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

જે ગ્રાહકોનું લવાજમ ૨૦૧૯ના ચૈત્ર અંકથી પૂરું થાય છે તે ગ્રાહકોને

'પ્રસ્થાન'નો આવતો અંક

વી. પી. પી.થી મોકલાશે

'પ્રસ્થાન'ના મોટે ભાગના ગ્રાહકો તો કારતક માસથી ગ્રાહક તરીકે નોંધાયેલા છે. પણ જેઓ વર્ષના અધવચથી ગ્રાહક થયા હોય તેમનું લવાજમ ચૈત્ર અંકથી—આ અંકથી પૂરું થશે. તેમને આવતો અંક-વૈશાખ અંક—રૂા. ૭–૧૮ ના વી. પી.થી રવાના થશે તે સ્વીકારી લેવા વિનંતી છે.

પણ અમારી તો વિનંતી છે કે અંક વી. પી. થી મંગાવવા કરતાં આપ આપનું લવાજમ મ. ઓ. થી યા ચેકથી મોકલી આપશોજી. વી. પી. કરાવવાથી દશ આનાનો ખર્ચ વધુ આવે છે; વળી વી. પી. વાળો અંક બેચાર દિવસ મોડો પણ મળે છે એટલે આપ આપનું લવાજમ તા. ૨૫–૪–૬૩ સુધીમાં મળે એમ મોકલી આપશોજી ત્યાં સુધીમાં આપનું લવાજમ નહીં મળી જાય તો તા. ૧–૫–૬૩ ની આસપાસ રૂા. ૭–૧૮ નું વી. પી. કરીશું તે સ્વીકારી લેવા વિનંતી છે.

જેમની ઈચ્છા ગ્રાહક તરીકે ચાલુ રહેવાની ન હોય તેમણે, તે મુજબ લખી જણાવવું. પરદેશના ગ્રાહકોને વી. પી. થતાં નથી માટે તેમણે પોતાનું લવાજમ રૂા. ૧૦=૦૦ (અને જો પાછલું બાકી નીકળતું હોય તો તે પણ) પોસ્ટલ ઓર્ડરથી (ક્રૉસ કરવા નહીં) યા ચેકથી યા મ. ઓ.થી મોકલી આપવું.

આવતા વર્ષ દરમ્યાન

(૧) સ્વામી આનંદના લેખો અવારનવાર આપવામાં આવશે.

(૨) રાજકારણ, અર્થશાસ્ત્ર, કેળવણી વિષયક પ્રશ્નોની ચર્ચા કરતો વિભાગ "પોદારજી સાથે વાતચીત-ચર્ચા" વગેરે અપાશે.

ગ્રાહકોને વિનંતી છે કે તેઓ પોતાનું લવાજમ રૂા. ૬=૫૦ મ. ઓ. કરી તરત મોકલી આપે.

આપ ગ્રાહક તરીકે ચાલુ રહી આ પ્રવૃત્તિને સહકાર આપશોજી.

પ્રસ્થાન કાર્યાલય
રાયખડ : અમદાવાદ
૩૦–૩–૬૩

વ્યવસ્થાપક

:: હવે પછીના ખાસ અંકો ::

આરોગ્યઅંક | આઝાદીઅંક | દીવાળીઅંક

પ્રસ્થાન લવાજમ : હિંદમાં રૂા. ૬=૫૦ પરદેશના રૂા. ૧૦=૦૦

૧૯૫૬ ના રજિસ્ટ્રેશન ઑફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સના રૂલ નં. ૮ મુજબ
'પ્રસ્થાન'ની માલિકી અને અન્ય વિગતો અંગેનું નિવેદન :

ફૉર્મ નં. ૪ મુજબ

૧	પ્રકાશન સ્થાન :	૧૨ અ ભારતીનિવાસ સોસાયટી 'એલિસબ્રિજ, અમદાવાદ-૬
૨	પ્રકાશનનો સમય :	માસિક, દર માસની પહેલી તારીખ.
૩	મુદ્રકનું નામ :	શ્રી મણિલાલ છગનલાલ શાહ
	રાષ્ટ્રીયતા :	હિન્દી. નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
	સરનામું :	નોવેલ્ટી ટોકીઝ પાસે, ઘીકાંટા રોડ, અમદાવાદ.
૪	પ્રકાશકનું નામ :	શ્રી રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
	રાષ્ટ્રીયતા :	હિન્દી. ૧૨અ, ભારતીનિવાસ સોસાયટી,
	સરનામું :	એલિસબ્રિજ, અમદાવાદ-૬
૫	સંપાદકનું નામ :	શ્રી રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી
	રાષ્ટ્રીયતા :	હિન્દી. ૧૨અ, ભારતીનિવાસ સોસાયટી
	સરનામું :	એલિસબ્રિજ, અમદાવાદ-૬
૬	પત્રની માલિકી :	શ્રી રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી ૧૨અ, ભારતીનિવાસ સોસાયટી એલિસબ્રિજ, અમદાવાદ-૬

હું, રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, આથી જાહેર કરું છું કે, ઉપર આપેલી વિગતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૫-૩-૬૩ રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૫ ચૈત્ર : ૨૦૧૯ અંક ૬

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

મુંબઈમાં વડાપ્રધાન નેહરુનું કૉંગ્રેસીઓને ઉદ્‌બોધન

પ્રશ્ન : તા. ૨૨ મી માર્ચના 'ટાઇમ્સ'માં વડાપ્રધાન નેહરુએ કૉંગ્રેસ પાર્ટીને મુંબઈમાં કરેલું ઉદ્‌બોધન જોયું ? કેવું લાગ્યું ?

ઉત્તર : હા, વાંચ્યું; પણ એમનાં બીજાં ભાષણોનો આવે છે એવો લંબાણથી આપેલો અહેવાલ એમાં નથી. એટલે કંઇ વિવેચન કરતાં પહેલાં એમ કહેવું પડે કે જો છાપામાં આવેલો સાર, પંડિતજીએ જે કંઇ કહ્યું તેનો સાચો ભાવાર્થ હોય તો આપણા વિવેચનને સ્થાન, એ ન હોય તો અસ્થાને.

પંડિતજીના વાર્તાલાપ કે ભાષણનો આ સાર વાંચી મનમાં એમ થયું કે 'અહો ! આવો મહાન પુરુષ પણ પક્ષીય રાજકારણમાં બંધાઈ જતાં કેટલું ઊતરતું બોલી નાખે છે !' એમણે સોશ્યલિસ્ટ પાર્ટીને indecency ફેલાવનારો પક્ષ કહ્યો; અને ગુંડાગીરીમાં પડતો પક્ષ કહ્યો. સ્વતંત્ર પક્ષને એક અપૂર્વ–unique–સંઘ કહ્યો કે જેને કશું ભવિષ્ય નથી, જેની આખી દૃષ્ટિ જ ખોટી છે અને મોટે ભાગે લોકોને હિતકર નથી. પછી પોતે કૉંગ્રેસપક્ષ ઉપર આવે છે અને કૉંગ્રેસીઓને પક્ષના આદર્શો અને ભાવનાઓને વફાદારીથી અનુસરવાનું કહે છે.

ઇતર પક્ષોની નાલેસી છોડી દો, પોતાના પક્ષ વિશેના પંડિત નેહરુના વિચારોનું પૃથક્કરણ કરો.

કૉંગ્રેસ આખા રાષ્ટ્રનો પક્ષ હતો એ ગાંધીજી જેવા અને નેહરુ જેવા, તેમજ રાજાજી જેવા, વલ્લભભાઈ જેવા અને રાજેન્દ્રબાબુ જેવા મહાનુભાવોને લઈને હતો. એ પક્ષ સત્તા પર આવ્યો ત્યારે પ્રારંભમાં તો એમ થતું હતું કે આખું રાષ્ટ્ર સત્તા પર આવ્યું. પણ એ ક્રમેક્રમે રાષ્ટ્રીય પક્ષ મટી રાજકારણી પક્ષ થવા લાગ્યો, એ કારણે તો આચાર્ય કૃપાલાની જેવાને અથવા તો રાજાજી જેવાને, જેઓનું કાર્ય કૉંગ્રેસને પ્રતિષ્ઠા આપવામાં નાનુંસૂનું નહતું

તેઓને તેમાંથી નીકળી જવું પડ્યું! સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ધુરંધર નેતા રાષ્ટ્રનું સંગઠન કરી અને દેશી રાજ્ય જેવા વાંધા-ટેકરાં સરખાં કરી દેશને સમતલ બનાવી દેવલોક પામ્યા. એ જીવતા હોત તો કોંગ્રેસે જે કહેવાતા સોશ્યલિઝમની નીતિ સ્વીકારી તે કેટલી સ્વીકારાત? અને જો પંડિત નેહરૂ એમની વિશિષ્ટ શક્તિઓને લઇને કોંગ્રેસ પાસે એ સ્વીકરાવી શક્યા હોત તો? તો સરદાર પટેલને પણ રાજાજીની જેમ કોંગ્રેસમાંથી નીકળી જવું પડત કે શું એવો પણ તર્ક તદ્દન અસ્થાને ન ગણાય! સરદાર પટેલ ગવર્નર કે રાષ્ટ્રપ્રમુખ જેવું સ્થાન સ્વીકારી મૌન સેવવાની સ્થિતિમાં મુકાય એવા તો ન હતા.

હવે વિચારો : વડાપ્રધાને એમ કહ્યું કે બીજો કોઈ એવો પક્ષ નથી કે જે કોંગ્રેસપક્ષ જેટલો સારી રીતે દેશનો વહીવટ કરી શકે. એનું કારણ પોતે, કોંગ્રેસ સત્તામાં છે એટલા પૂરતું જ નથી ગણતા, પણ લોકોનો મોટો ભાગ કોંગ્રેસને અનુસરે છે એમ પોતે જણાવે છે; અને એનું કારણ પોતે એ આપે છે કે કોંગ્રેસની પાછળ ઇતિહાસની ભૂમિકા હતી અને તે એક મુખ્ય રાજકીય બળ હતું.

"*He, however, said that there was no other party which could manage the affairs of the country as well as the Congress did. This was not merely because the party was in power, but because a large majority of the people followed the Congress. It had a historic background and was a major political force.*"

હવે આ કારણપરંપરાને તેના ઇતિહાસના ક્રમમાં તપાસો.

કોંગ્રેસની પાછળ મોટો ઇતિહાસ છે અને તે એક મોટું રાજકીય બળ હતું એ વાત તદ્દન સાચી. લોકોનો મોટો ભાગ કોંગ્રેસને અનુસરે છે એનું કારણ આમાં છે એ વાત પણ સાચી; અને એ રીતે લોકો કોંગ્રેસને ચૂંટણીમાં એવી બહુમતી આપે છે કે જેથી તે સત્તા ઉપર આવે એટલું આપણે એમાં ઉમેરીએ તો તે અયથાર્થ નહિ ગણાય, ખોટું નહિ કહેવાય.

હવે આગળ વિચાર કરો :

કોંગ્રેસની આ પ્રતિષ્ઠા કોને લઈને અને શેને લઈને હતી? તો ઇતિહાસને વફાદાર રહીને એમ કહેવું જ જોઇશે કે કોંગ્રેસની એ પ્રતિષ્ઠા ગાંધીજીને લઈને અને એમની નીતિને લઇને હતી. પછીથી શું થયું? તો ઇતિહાસ કહે છે કે ગાંધીજીએ આપેલ કોંગ્રેસની પ્રતિષ્ઠાનો ઉપયોગ કોંગ્રેસના મોવડીઓએ પૂરી રીતે કર્યો પણ ગાંધીજીની આર્થિક તેમજ રાજકીય નીતિ સિફતથી ઉડાડી નાખી;—સિફતથી એટલા માટે કે ગાંધીજીને નામે જે પેઢી ચાલતી હતી તેના ઉપર ગાંધીજીના નામનું પાટિયું રહેવા દઈ પ્રતિષ્ઠા સાચવી રાખી; પણ માલ અને વેપાર કરવાની રીત, બન્ને, અંદરથી બદલી નાખ્યાં! ગાંધીજીની આર્થિક નીતિ એટલે કે ભારતની માનવ આબાદીના હાથપગનો અને એનાં પશુઓનો અર્થકારણ માટે પૂરેપૂરો ઉપયોગ : અને એમને ઉપકારક હોય એટલો જ યંત્રોનો ઉપયોગ. ગાંધીજીની રાજકીય નીતિ એટલે સત્તાનું વિકેન્દ્રીકરણ. એમનું સૂત્ર એટલે કે 'જે શાસનતંત્ર ઓછામાં ઓછું શાસન કરે છે તે ઉત્તમ શાસનતંત્ર.—That government is the best which governs the least'. પ્રજાજનોના વૈયક્તિક, આર્થિક અને

સામાજિક જીવનમાં સરકારી દખલ ઓછામાં ઓછી. આ બધું જ સત્તા પર આવતાં, અને ગાંધીજી જતાં, કોંગ્રેસપક્ષે બદલી નાખ્યું. ગાંધીજીની સમગ્ર નીતિને સ્મૃતિશેષ કરી નાખી! પણ ગાંધીજીઅર્પિત પ્રતિષ્ઠાનો લાભ લેવાનું કોંગ્રેસે ચાલુ રાખ્યું!

આમાં એક સૂક્ષ્મ પ્રકારની અપ્રામાણિકતા કોઈને દેખાય કે પ્રજાની જાણ્યે-અજાણ્યે કરેલી છેતરપિંડી દેખાય, તો તે સર્વથા અસ્થાને છે એમ નહિ કહેવાય. ગાંધીજીની સૂચના પ્રમાણે કોંગ્રેસને રાજકીય સંસ્થા તરીકે વિખેરી નાખીને પંડિત નેહરૂએ અને તેમના વિચારોને માનતા બીજાઓએ પોતાનો અલગ પક્ષ સ્થાપ્યો હોત તો તે વધારે ઉચિત ગણાત. જૂની પ્રતિષ્ઠાને નામે નહિ પણ નવી વિચારસરણીના લાભાલાભ જોઈ પ્રજા તેમને મત આપત. તે જ પ્રમાણે રાજાજી જેવા રાજપુરુષો પણ પોતાની વિચારસરણી પ્રમાણે પક્ષ બાંધત, અને લોકો પોતાની મતિ પ્રમાણે તેમને મત આપત.

પં. નેહરૂએ કોંગ્રેસીઓને ચેતવણી આપી છે કે જો તેઓ પક્ષના આદર્શોને વફાદાર રીતે નહિ અનુસરે તો લોકો કોંગ્રેસથી વિમુખ થઈ જશે. (Mr. Nehru warned Congressmen that if they did not faithfully follow the ideals of the party, the people would be veered away from the Congress.) આ વાત વસ્તુસ્થિતિની સૂચક છે? કોઈ એમ પણ ન કહે કે કોંગ્રેસીઓ મત લેતી વખતે પોતે સત્તા પર આવ્યા પછી શું કરે છે અને કરવાના છે તે કહેતા નથી માટે જ તેમને વોટ મળે છે? કેટલાક લોકો કોંગ્રેસને ગાંધીજીને નામે મત આપે છે; કેટલાક કોંગ્રેસની સત્તાધીશતાને કારણે; અને કેટલાક બીજો કોઈ સંગઠિત, ધ્યાન ખેંચે એવો પક્ષ ન હોવાથી આપે છે–સંગઠિત અને વ્યવસ્થિત સામ્યવાદી પક્ષ સત્તા ઉપર આવે એવા ડરથી આપે છે. કોંગ્રેસનો 'સોશ્યલિસ્ટ પેટર્ન'નો અર્થ કેટલા લોકો સમજે છે?—અરે, મિનિસ્ટર સુધી પહોંચેલા પણ કેટલા સમજે છે? અને કોઈ એમ પૂછે કે કોંગ્રેસનો આદર્શ 'સોશ્યલિઝમ' છે તો પછી 'સોશ્યલિસ્ટ પાર્ટી'નો શો આદર્શ છે! અને કોમ્યુનિસ્ટોનો પણ બીજો કયો આદર્શ છે? લોકો જો સોશ્યલિઝમને સમજીને મત આપતા હોય તો કોંગ્રેસને શું કરવા મત આપે? પ્રગટ સોશ્યલિઝમવાળા સોશ્યલિસ્ટ પક્ષને કે કોમ્યુનિસ્ટ પક્ષને કેમ મત ન આપે?

એટલે, કોંગ્રેસને લોકો સત્તા પર રહે એવી બહુમતી આપે છે તે તેના સમાજવાદના ખ્યાલને લીધે નથી આપતા, પણ લોકોમાં જૂની પ્રતિષ્ઠિત સંસ્થાને મત આપવાની રૂઢિચુસ્તતાને લઈને આપે છે. અને કોંગ્રેસીઓ સત્તા ઉપર આવી, શું શું કરશે એના સ્પષ્ટ ખ્યાલના અભાવે જ મત આપે છે. એટલે, હકીકતમાં તો,—કોંગ્રેસમાં જોડાવાથી લોકો મત આપે છે અને એથી સત્તારૂઢ પક્ષના બધા લાભો મળે છે માટે જ કોંગ્રેસપક્ષ પક્ષ તરીકે જીવે છે. પં. નેહરૂ એમ કહે છે કે જો પક્ષનો ઉપયોગ ફક્ત ચૂંટણીઓ જીતવાના સાધન તરીકે કરવાનો હોય તો તેને અહીં અને હમણાં જ વિખેરી નાખવો એ બહેતર છે. (' If the party was merely used as an instrument to win elections, it would be better to dissolve it here and now, ' he added.)

પં. નેહરૂ ઉત્તમ કોટિના રાજપુરુષ છે. તેઓ પોતાના પક્ષનું સૂક્ષ્મ નિરીક્ષણ પણ કરતા હશે. પણ એમના પાશ્ચાત્ય શિક્ષણ, સંસ્કાર અને વિચારસરણીમાંથી ઘડાયેલી, એમની

આર્થિક અને રાજકીય ભાવનાઓ તેમના પક્ષમાં કેટલા માણસો સમજતા હશે? સમજતા હશે તેમાંથી કેટલા તે માનતા હશે? તેમાં કેટલા એમના પ્રચ્છન્ન વિરોધીઓ હશે, અને કેટલા કેવળ મળતા લાભો ઉપર નજર રાખી હા–જી–હા ભણનારા હશે, એનો એમને ખ્યાલ નહિ હોય? અને જો હોય તો, પક્ષ તરીકે કોંગ્રેસનું નામ ચૂંટણીઓ જીતવા માટે છે એ સિવાય બીજું કોઇ સમાન ધ્યેય મોટા ભાગના કોંગ્રેસીઓમાં નથી એમ એમને નહિ સમજાયું હોય? કદાચ, સમજાયું હશે માટે જ તેમને શંકા થઈ હશે, અને આ જો–નો વાળું વિધાન કરવું પડ્યું હશે! પણ કોંગ્રેસને રાજકીય પક્ષ તરીકે વિખેરી નાખવા માટે અસાધારણ લોકોત્તર હિંમત જોઈએ; સત્તા—આટલાં વર્ષોની સત્તા છોડવાની તૈયારી જોઈએ. પં. જવાહરલાલજીમાં એવી હિંમત અને એવી ત્યાગશક્તિ નથી એમ નહિ કહેવાય; પણ કદાચ એમને એ ભય હશે કે કોંગ્રેસપક્ષ વિખરાઇ જાય. તો બીજો કોઇ પક્ષ દેશનું તંત્ર ચલાવી શકે એવો પ્રતિષ્ઠિત નથી અને તેથી કોંગ્રેસપક્ષના અભાવે દેશમાં રાજકીય વેક્યુમ પડે અને તેથી દેશમાં અંધાધૂંધી ફેલાઈ જાય. અને આ ભય અસ્થાને છે એમ તો નહિ જ કહેવાય.

પણ બીજી બાજુએ નિસ્સત્ત્વ થઈ ગયેલો પક્ષ દેખાવ ટકાવી રાખવામાં ક્યાં સુધી મદદગાર થશે એ વિચાર પણ આવ્યા વિના રહેતો નથી. હજી પણ પં. નેહરુ જેવા કોંગ્રેસનું નામ છોડી, ગાંધીજીનું પાટિયું કાઢી નાંખી, પોતાની સમાજવાદી ભાવના પ્રમાણે પોતાનો રાજકીય પક્ષ સ્થાપે તો, તે દેશને લાંબે ગાળે વધારે ઉપકારક થાય. અત્યારે તો કોંગ્રેસપક્ષ નથી સમાજવાદી કે નથી મૂડીવાદી-અથવા એક સાથે બન્ને છે. ગમે તે હો, પણ એ કોઈ વાદને માનનારો પક્ષ હોય તો સારું. પણ હકીકતમાં તો એને કોઇ ધ્યેય નથી, કોઈ વાદ નથી, સિવાય કે ચૂંટણી જીતવાનો તકવાદ!

☆

किंशुकमाला

શેના ઠાઠ?

[સવૈયા]

શમિયાણો મોટો નંખાયો, મોટરની કત્તાર ઘણી,
ધ્વનિવર્ધક શીંગાં લટકંતાં, સજ્જન બેઠા સજ્જ બની,–
લગ્ન થતું શું કોનું? ના, ના, લગન તણા છે ઠાઠ ન આ,
અર્થકાપ-કોન્ફરન્સ કેરું આજ થતું ઉદ્‌ઘાટન આ!

૨૮–૨–૬૩ નટવરલાલ પ્ર. બુચ

*

માઓના હાથમાં રમી ન જઈએ !

પ્રબોધ ચોકસી

ગુજરાત સરકારે જમીન પરનો મહેસૂલ-વધારો પાછો ખેંચ્યો એમ સાંભળ્યું. બધી રાજ્ય સરકારો જમીનમહેસૂલ વધારતાં ડરે છે, જો કે વધારવું જરૂરી તો સરકારો ને અર્થશાસ્ત્રીઓ માને જ છે.

કરવેરાનો ઉદ્દેશ સમાનતા લાવવી એ કહેવાય છે. જમીન-માલિકીની બાબતમાં કેટલી અસમાનતા છે તે ખ્યાલમાં છે ? ૮૫.૪% જમીન-માલિકો સરેરાશ ૨.૦૮ એકર ધરાવે છે ને એમની પાસે કુલ ખેડાતી જમીનના ફક્ત ૩૪.૧% છે; જ્યારે મૂઠીભર ૧૪.૬ % માલિકો દેશનાં ખેતરોના ૬૫.૯ % ધરાવે છે ને તેમની પાસે સરેરાશ ૨૪.૫ એકર છે. ૮૫ % (= ૪૪૮ લાખ) ગરીબ માલિકો, જે ૧૦ એકરથી નાના ખાતેદાર છે તેમની પાસે કેવળ ૧૨૪૭ લાખ એકર છે, જ્યારે ૧૫ % (=૯૦ લાખ) ખાતેદારો તેમના કરતાં પોણા બે ગણી જમીન અર્થાત્ ૨૨૧૦ લાખ એકર ધરાવે છે. આ અસમાનતા નિવારતા માટે જમીન-મહેસૂલ મારફત શો પ્રયત્ન થાય છે ? લોકોનું વધુમાં વધુ ભલું કરવાનો લોકશાહી આદર્શ મહેસૂલનીતિમાં ક્યાં દેખાય છે ?

એક ને એક બે જેવી વાત છે કે મોટા ખાતેદારો પાસેથી પૂરતા પ્રમાણમાં વધુ મહેસૂલ લેવું જોઈએ અને ૧ એકરથી પણ ઓછી જમીન ધરાવતા ૪૨ ટકા (= ૨૧૦ લાખ) ખાતેદારોને મહેસૂલ માફ કરી દેવું જોઈએ (જોઈએ તો હાલ તરત બચત સર્ટિફિકેટ આપે.) આ દરિદ્ર ખાતેદારો નામના જ માલિકો છે. એમની પાસે ફક્ત ૪૦ લાખ એકર છે, અર્થાત્ ૧૫ સેંટ જમીન છે ! જ્યારે ૧૦૦ એકરથી ઉપરના માલખર ખાતેદારો જેમની સંખ્યા ૧ લાખ (૨ %) માંડ છે તેમના હાથમાં ૨ કરોડ એકર છે ! સરકાર સમાજવાદી હોય તો આ લોકો પર ૧૦ ગણું-૨૦ ગણું મહેસૂલ, નાખે !

એમને ડર રાજકીય છે—વોટનો નહીં, વર્ગનો ! વોટ તો ગરીબો પાસે ૯૦ ટકા છે. ઉપરટપકે કારણ એ આપશે કે આવું પગલું ભરવાથી મોટા ખાતેદારો સગાંવહાલાંમાં જમીન વહેંચી નાખશે, કશું હાથ નહીં આવે. સોનાને સ્થગિત કરી શકાય તો જમીન-માલિકીને ન કરી શકાય ? વગર નોટિસે હજારની નોટને બંધ કરી શકાય તો ખાતા-ફેરને ન રોકી શકાય ? અનાજ અને નોકરીનાં કાર્ડ આપી શકાય તો જમીન ખરીદવાનાં રેશનકાર્ડ ન આપી શકાય ? મન હોય તો માળવે જવાય, એમાં શક નથી. આ સરકાર મન નહીં કરે તો ક્યારેક બીજી કોઈ એ કરશે. જમીન જેવી, જીવવાના અંતિમ આધાર જેવી, બાબતમાં આવી ઘોર અસમાનતા અને લોકશાહી એ બે સાથે સાથે જઈ શકે નહીં. આ આપણી કે એમની ઇચ્છા-અનિચ્છાનો પ્રશ્ન નથી, ઇતિહાસનો તકાજો છે, કાળબળ છે.

આપણે સર્વોદયવાળા થઈને આવી વર્ગવિગ્રહની વાતો કરીએ છીએ એવાં મેણાં પણ તેઓ મારતાં નહીં ચૂકે. આ હિંસક વર્ગવિગ્રહ નથી, પણ શાંતિને અને કાયદાને રસ્તે

વર્ગરહિત સમાજ લાવવાની વાત છે. કરુણાથી લાવવાનો પ્રયત્ન તો વિનોબા અવિરત કરે છે ને કરશે. પણ જે લોકો કાયદા ને વ્યવસ્થા હાથમાં લઈને બેઠા છે તે લોકો શું યાવચ્ચંદ્રદિવાકરૌ મોટા માલિકોના વર્ગનો સ્વાર્થ જ સાચવ્યા કરશે? અને ઉપરથી વર્ગ-સમન્વયની ને સમાજવાદી સમાજરચનાની વાતો કરશે! આવો જાતને અને જગતને છેતરનારો દંભ ક્યાં લગી નભશે? આમાં મોટા માલિકોને મારી નાખવાની વાત નથી, નબળાંને ખાતર દોહવાની વાત છે. અને દોહવા દે તે માટે સારો સરખો પૂળો પણ નાખી શકાય છે.

ખેડૂત (મોટા-નાના તમામ) ઉદ્યોગપતિઓ અને વેપારીના પ્રમાણમાં ગરીબ છે. એટલે આવા ખેતમાલિકી સંબંધી ફેરફાર સામે મોટા ખેડૂતો પણ અકળાય તો ખરા જ. તેનો રસ્તો પણ થઈ શકે—જો મન હોય તો. ઈરાનના શાહે ૬૭ ગયે વરસે જમીનદારોને રાજ્યહસ્તકના ઉદ્યોગોમાં શૅર આપીને જમીનો છોડાવવાની યોજના પર દેશની જનતાની 'રેફરેન્ડમ' દ્વારા મંજૂરી લીધી. પક્ષો વિરોધ કરતા જ રહ્યા અને શાહને જનતાએ સીધો ટેકો આપ્યો! એણે મજૂરોને પણ કારખાનાંના નફામાં ૨૦ % ભાગ આપ્યો. શું રાજાશાહી જેટલું કરી શકે તેટલું પણ લોકશાહી ન કરી શકે? શું ખાતા દીઠ ૧૦૦ એકરથી વધુ ધરાવતા ૧ લાખ માલિકોને ૪-૫ % ના ગેરન્ટીડ શૅર આપીને પોણા બે કરોડ એકર જમીન છોડાવી ન શકાય? જેને ન છોડવી હોય તેને એવો વિકલ્પ આપો કે એકર દીઠ એક ખેતમજૂરને હિસાબે, સભ્ય તરીકે સમાવીને ખેતી સહકારી મંડળી કરે, તો જમીન નહીં છોડાવાય. આવતાં ૧૦ વર્ષ સુધી સહકારીનું પ્રમુખપદ એને લખી આપો અને ઉત્પન્નના ૧૦-૧૨ % 'પ્રીવી પર્સ' તરીકે આપો. રાજાને રાજપ્રમુખ બનાવીને રાજ છોડાવ્યાં તેમ આમને ખેતપ્રમુખ બનાવીને ખેતરો છોડાવો ને! કેન્દ્ર અને રાજ્યો આને માટે એક સંયુક્ત બોર્ડ બનાવીને નીતિ ઘડે, ને રેફરેન્ડમ લઈ જુએ.

આ બધું થઈ શકે—મન હોય તો. પણ તો કેમ થતું નથી? સત્તા પર આવીને નેતાઓ પોતે જ રાજાઓ, જમીનદારો ને શેઠિયાઓના ઠાઠની નકલ કરવા મંડ્યા છે, તેથી હશે? દિલ્હીના પ્રધાનોનાં ફરનિચર, વીજળી-પાણીનાં બિલ, વગેરેના આંકડા વાંચ્યા? એ લોકો કયે મોંએ વેપારીને નોકરોને, મધ્યમ વર્ગને અને ખેડૂતોને કહે કે તમે દેશને બચાવવા કમર કસો, ત્યાગ કરો! કહે તો છે જાણે, પણ કરવેરા ને કાયદા મારફતે ફરજ કઈ રીતે પાડે? નૈતિક શક્તિ કઈ?

કોંગ્રેસે હવે તો પોતાનો કાયાકલ્પ કર્યો વિના છૂટકો નથી, નહીં તો ૧૯૬૩ની ચીનાઈ બજેટ પછી ભારતીય જનતામાં જે ક્ષોભ જાગ્યો છે તે અણધાર્યો ને વિલક્ષણ ધડાકા કરે તો કોઈને નવાઈ નહીં લાગે. કોંગ્રેસ આજે અદ્વિતીય છે, પણ અદ્વિતીયના કંઈ અમરતા નથી. તેથી શું કરવું? અમરતા પ્રગતિશીલતામાં છે, નિત્ય વિકસવામાં છે, નમ્રતામાં છે; અકડતામાં તો હરગિજ નથી. અને સંગઠન ઉપર જ ઉત્કટની આસ્થા હોય તો એ ન ભૂલીએ કે સહુથી પાકું સંગઠન તો લશ્કરનું હોય છે!

ચીન પોતે કલ્પ્યા કરતાં પણ વધુ પાકું ખરી ગયાનું કહેવાય છે. ક્રેમ્લિન-એમાં પાછો હુમલો કરશે કે નહીં કરે તેની ચર્ચા થાય છે. પણ એનું આક્રમણ અમી હાલ ચાલી

રહ્યું છે તે કેમ સમજાતું નથી? માઓને ભારતની જમીનની તેટલી નહોતી પડી, જેટલી ભારતના રાજતંત્રને અને અર્થતંત્રને હચમચાવીને ધરાશાયી કરવાની પડી છે. "હુમલો કરો, ખર્ચો કરાવો, કરવેરા વધારવાની ફરજ પાડો...આ 'બુર્ઝવા' રાજકર્તા ગરીબ ઉપર જ બોજ વધારવાના (પોતાના વર્ગ પર એમનો હાથ ઊપડે શેનો?)...એટલે જનતા રિબાવાની......વર્ગવિગ્રહ વધવાનો......ચૂંટણીઓમાં રકાસ થવાના...લશ્કરમાં ખળવાની કલ્પના ફેલાવાની...અને તેમાં જો નેહરુનો ખીલો હાલ્યો કે ઊખડ્યો, તો પછી હિંદુસ્તાનમાં કશું કોઈના હાથમાં ઝાલ્યું નહીં રહેવાનું:"—આવી માઓની સૂક્ષ્મ ને ગુપ્ત ગણતરી જણાય છે. એકંદરે આવી ગણતરી હોય તો તે હજી ખોટી પડી નથી, તે ખ્યાલમાં રાખવા જેવું છે.

'કોલંબો યોજના અંગેની વાટાઘાટો દ્વારા, રશિયા અને પૂર્વ યુરોપના કૉમ્યુનિસ્ટ દેશો તેમ જ પશ્ચિમી લોકશાહીઓના ટેકા દ્વારા, આપણે ચીન સામે ટક્કર લઈ શક્યા છીએ, મુત્સદ્દીગીરીને ક્ષેત્રે જીત્યા છીએ, લશ્કરી ક્ષેત્રે ભલે ન જીત્યા'—એવો ખ્યાલ બંધાયો છે, ને તેમાં રાચીએ છીએ. પણ માઓનું નિશાન માત્ર લશ્કરી નહોતું, માત્ર આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીગીરી પૂરતું નહોતું, માઓનું નિશાન મુખ્યત્વે ભારતના આંતરિક રાજકારણ ઉપર તકાયેલું હતું, તે આપણે ભૂલી જઈએ તો ભારે ટૂંકી દૃષ્ટિના સાબિત થઈએ. માઓ ભારતની લોકશાહીને ધૂળ ચાટતી કરવા માગે છે. પાકિસ્તાન, બર્મા, નેપાલ સામે તેને તેટલો વાંધો નથી. ત્યાં એકહથ્થુ રાજસત્તા છે. એક મૂળવાળો મૂળો ગમે ત્યારે સહેલાઈથી ઉખેડીને ચાવી જઈ શકાય તેમ છે. પણ ભારતની અનેક મૂળવાળી નાળિયેરી છે, ભલભલા વાવાઝોડાંમાં પણ નાળિયેરી ઉખડે નહીં. તેનાં લાખો મૂળ જમીનને ચસચસાવીને ચોંટેલાં હોય. એટલે માઓ દરિયાનાં ખારાં પાણીમાં ભરતી લાવીને નાળિયેરીનાં મૂળમાંથી માટી ધોવા માગે છે. લશ્કરી ખર્ચ વધે, ગરીબો પર કરવેરાના ડુંગર ખડકાય, પ્રધાનો ને અમલદારો ને પૈસાદારો—કટોકટીમાં પણ—લગભગ જેવી ને તેવી લહેરથી જીવે ને લોકોની આંખમાં ઝેર આવે. એ ઝેરનાં અને એ આંસુનાં ખારાં-કડવાં પાણી માઓને જોઈતાં હતાં; ને આપણે, ઉઘાડી આંખે આંધળાં, આપવા તો નથી બેઠાં?

આપણા નેતાઓ નિર્ણયાત્મક કદમ ઉઠાવવાનો નિશ્ચય કરી બેઠેલા છે. સરસ. પણ એ નિશ્ચય પોલાદ જેવા લચીલા જોઈએ, બીડ જેવા બરડ નહીં. દેશમાં પ્રાપ્ય બુદ્ધિનો સંગ્રહ કરવાની દરકાર જોઈએ, પક્ષ ને તેની શિસ્ત, ને ભારત-રક્ષણ ધારા પર અતિશય શ્રદ્ધા ન ચાલે. તેમને આકરાં બજેટ નાખવાં છે ને પેટાચૂંટણીઓ પણ જીતવી છે, પંચાયતી રાજ પણ રચવાં છે. તે બે વચ્ચેના વિરોધાભાસમાંથી જેમ તેમ કરીને હેમખેમ નીકળી જવાશે તેવી આશા છે. તે આશા ભલે ફળો, પણ તેથી તે દીર્ઘદૃષ્ટિ સિદ્ધ નહીં થાય.

આકરાં પગલાં ભરવાં અનિવાર્ય હોય, એકતા અનિવાર્ય હોય, શિસ્ત વિના ચાલે તેમ ન હોય, ત્યારે દેશના બહુજન સમાજનો, વિવિધ સક્રિય પક્ષોનો, લાંબી નજરે જોનારાઓનો સંગ્રહ કરવો, સંમતિ મેળવવી અને ઝડપથી પલટાતી પરિસ્થિતિ સાથે ઝડપથી ફરે તેવાં સુકાન ઘડવાં ને લગાડવાં જરૂરી છે. રાષ્ટ્રીય સરકારનું સૂચન ભલે હણી નાખ્યું, પણ કેવળ એકપક્ષીય સરકારમાં ખરેખરનો ખતરો છે; પેટાચૂંટણીઓ ભલે થાય, પણ તેમાં અન્ય

[અનુસંધાન પૃ. ૨૨૪

આપણું હિંદનું બજેટ

સતીશચંદ્ર પ્રતાપરાય દેસાઈ

એક વખત હું ટ્રેઈનમાં આયકર ભવન-ઈન્કમટેક્સ ઓફિસ—પાસેથી પસાર થતો હતો. તે વખતે એક પેસેન્જરે બીજા એક પેસેન્જરને પૂછ્યું, 'આ બિલ્ડિંગ શું છે તે ખબર છે?' ઇન્કમ-ટેક્સ ઓફિસ જેવી મોટી ઓફિસ કોને ખબર ન હોય? પણ તે બીજો પેસેન્જર જવાબ આપે તે પહેલાં જ પ્રશ્ન પૂછનારે હાથથી કંઈ કાપતો હોય એવો નિર્દેશ કરીને કહ્યું, 'એ છે કતલખાનું.'

આ વર્ષે અર્થમંત્રીએ પોતાનું બજેટ રજૂ કર્યું અને જાણે દેશભરમાં પ્રચંડ હાહાકાર વર્તી રહ્યો! આવાં વર્ષોમાં અર્થમંત્રીનું કાર્ય લોકોમાં અપ્રિયતા ઉપજાવનારું જ થઈ પડે છે! —ન સમજતી પ્રજામાં અર્થમંત્રી પોતે જ અપ્રિય થઈ પડે છે—જીવનના દરેક ક્ષેત્રને આવરી લેતા કરવેરા નંખાયા હોય ત્યારે તો ખાસ! અને બજેટ રજૂ કરતી વખતે અર્થમંત્રી પોતે જ કબૂલ કરે છે કે એમના બધા બજેટના સરવાળા કરતાં પણ આ વખતે વધારે કર છે! બબ્બે વિશ્વયુદ્ધો ગયાં, પણ આટલા કર લોકો પર નહોતા પડ્યા!

એક હાસ્યચિત્રમાં બતાવ્યું હતું કે હવે સરકાર આપણો આખો પગાર લઈ લેશે અને માત્ર ટેક્સ આપણને આપશે! શેના શેના પર ટેક્સ છે તેના કરતાં શેના શેના પર નથી એટલું જ વિચારવાનું રહે છે. શ્વાસ લેવા પર હજી કર નથી આવ્યો!

વાઘ-બકરીની રમતમાં જેમ રમનારાઓ વાઘને ચારે બાજુથી ઘેરી લે છે તેમ આજે અર્થમંત્રીના બધા કરોએ સામાન્ય માણસને ઘેરી લીધો છે. ઘાસતેલ જેવી જરૂરિયાતની વસ્તુ એ લેવા જાય તો એને કર આપવો પડે! આ વિશે ફરિયાદ કરતો કાગળ એનાં સગાંવહાલાંને લખવા જાય તો પોસ્ટકાર્ડની પણ વધારે કિંમત આપવી પડે! સિગારેટની એને ટેવ હોય તો એના વધારે ભાવ તો એણે અત્યારથી આપવા માંડ્યા જ છે! કોઈ મળવા આવનાર મહેમાનને એ વિવેક ખાતર ચા આપે તો એના વિવેક પર પણ એને કર આપવો પડે!

આવી સામાન્ય વસ્તુઓ પર કર પડ્યા છે તો પછી મોજશોખની વસ્તુઓની તો વાતો જ શી કરવી? વિજળીના પંખા, રેફ્રિજરેટરો અને મોટરકારની તો એને કલ્પના પણ છોડી દેવી ઘટે.

આ બધા કરથી કંટાળીને એ પોતાના પૈસા ખરચવાને બદલે સંઘરીને કોઈ સદ્ધર કંપનીના શેર લેવાનો એ વિચાર કરે તો 'સુપર પ્રોફિટ્સ ટેક્સ'માં ત્યાં એના પૈસા ઘસડાઈ જાય!

અને, કરોથી કંટાળીને એ બિચારો આપઘાત કરવાનો વિચાર કરે તો 'વારસાવેરો' તો ક્યારનોયે નંખાઈ ગયો છે!

—જેમ આપણા શાસ્ત્રમાં બ્રહ્મનું વર્ણન કરતાં કહેવાયું છે કે તે અહીં છે અને ત્યાં છે, દૂર છે અને પાસે છે, અણુ-અણુમાં તે વ્યાપેલો છે—'નથી અણુ પણ ખાલી રે, ચરાચર માંહી ભાળ્યા'—તેવું જ કંઈક વર્ણન કરતાં આપણા કર વિશે કહી શકાય કે તે આપણી એકેએક ચીજની અંદર પેસે છે.

ભર્તૃહરિએ કહ્યું છે કે આપણા ધનની ત્રણ ગતિઓ થાય છે—દાન, ભોગ અને નાશ.

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति॥

દાન ભોગ ને નાશ, એ ત્રણ ગતિ, દીસતી જ વિત્તતણી;
જો ના માણ્યું, નવ દે, તો તે ધનનો થશે જ નાશ નકી.

આમાં થોડો ફેર કરીને આપણે કહી શકીએ કે:

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य।
यो न ददाति न भुंक्ते तस्य तु मोरारजी हरति॥

કોઈની પાસે જે કંઈ થોડો પણ પૈસો રહી ગયો હશે તેનું અર્થમંત્રી મોરારજીભાઈ હરણ કરી જશે.

લોકો બજેટ વિશે શું ધારે છે?

એક શેર-દલાલ સાથે વાત કરતાં તેણે કહ્યું કે "આ કંપનીના નફા પરનો કર છે તે સૌથી વધારે ખરાબ કર છે." મેં પૂછ્યું કે "તો પૈસા મેળવવા માટે શું કરવું?" એમની પાસે જવાબ તૈયાર હતો, "'ડેફિસિટ ફિનાન્સિન્ગ' કરો. નોટો વધારે છાપો. થોડું 'ડેફિસિટ ફિનાન્સિન્ગ' તો કરવાના જ છો. તો તે વધારે કરો.' આમ કરવાથી ફુગાવો થાય, મોંઘવારી થાય, અને ગરીબ તથા મધ્યમ વર્ગને સહન કરવું પડે એની એમને ચિંતા ન હતી.

એક સિગારેટ પીનારે મને કહ્યું, "કહેવાય છે કે મોજશોખની વસ્તુ પરનો કર વધારવામાં આવ્યો છે. સિગારેટ શું મોજશોખની વસ્તુ છે? સિગારેટ પીવાની તો ટેવ પડી ગઈ છે તે ટેવ જતી નથી. સિગારેટ પીવામાં શું આનંદ આવે છે? કેટલાય ગરીબ લોકો સિગારેટ પીએ છે."

એક બીજા ભાઈએ મને કહ્યું કે "ગામડાંમાં લોકોને ઘાસતેલનો બહુ ખરચ થતો નથી, પણ ચાનો ખરચ બહુ થાય છે. ચા પરનો કર ખરેખર ગરીબ માણસ પર જ વધારે પડશે."

એવી પણ સૂચના કરવામાં આવી છે કે મીઠા પરનો કર નાખવો, જે કર ગરીબો પર જ સૌથી વધારે પડે છે, અને જે કરના અન્યાયીપણાની સામે ગાંધીજીએ દાંડીકૂચ કરી તે કર નાખવાની માગણી થઈ રહી છે! અને શા માટે? કારણ કે આપણે કર ઓછો આપવો પડે તે માટે. બાળક છોકરાંઓ "'બાઈ બાઈ ખોબલે ધાણા'—'પેલે ઘેર'"ની રમત રમે છે તેમાં રમનાર દરેક માગનારને પોતે આપવાને બદલે બીજાને ત્યાં ધકેલે છે. અર્થમંત્રી આપણી પાસે 'भिक्षां देहि' કરીને કર માગે છે ત્યારે આપણે બીજાની તરફ આંગળી કરીએ છીએ!

આપણી અત્યારની સ્થિતિ સમજવાને માટે એક રૂપક લઈએ. મનહરલાલ એક વેપારીની પેઢીમાં સેક્રેટરી તરીકે કામ કરે છે. એક દિવસ એમને પેટમાં સખત દુખાવો શરૂ થયો. નિષ્ણાત દાક્તરને બોલાવવામાં આવ્યા. દાક્તરે કહ્યું કે 'તમને એપેન્ડિસાઈટિસનો રોગ છે. તમારે ઓપરેશનની જરૂર છે. કોઈ હૉસ્પિટલમાં જવું પડશે.' મનહરલાલ તરત બોલી ઊઠ્યા, 'અરે રે! પણ એ ખરચ કેમ થશે? એ વેદના મારાથી કેમ સહેવાશે!' મનહરલાલનાં પત્ની પાસે જ બેઠાં હતાં તે બોલી ઊઠ્યાં, 'પણ હૉસ્પિટલમાં મારાથી ખાવાનું

કેવી રીતે મોકલાશે?' મનહરલાલનો પુત્ર પણ ત્યાં હતો એણે પોતાની મુશ્કેલી રજૂ કરી: 'તમે મારા લેસનમાં મદદ કરો છો તે મારું શું થશે?' મનહરલાલના શેઠ એમને જોવા આવ્યા હતા તેમણે ઓફિસનું કામ યાદ કરીને કહ્યું, 'આપણી ઓફિસમાં હમણાં ઘણું તાકીદનું કામ છે, એટલે કાગળો લખાવવાની વ્યવસ્થાનું શું?' આ બધું સાંભળીને દાક્તર ચિડાઈને બોલ્યા, "તમે બધા કેટલા સ્વાર્થી છો? અને, જરા વધારે કહું તો, તમે આંધળા છો. તમે એટલું દેખી નથી શકતા કે આ દરદી પર જ તમારો બધાંનો આધાર છે? માટે એ દર્દીનાં ભલાંનો જ તમારે પહેલાં વિચાર કરવો જોઈએ. તમારે બધાંએ કષ્ટો વેઠીને પણ એનું ભલું શાથી થાય છે તે જ જોવું જોઇએ."

આજે હિંદમાતા પર ભયંકર આક્રમણનો ભય તોળાઇ રહ્યો છે. એ વખતે એ માતાનાં સંતાનોની શી ફરજ છે? એક કવિએ હિંદમાતાને સંબોધીને કહ્યું છે કે "તેત્રીસ કોટિ સુત છે તારા પાથરનારા પ્રાણ." પ્રાણ પાથરવાની વાત તો દૂર રહી, પણ કર આપતાં પણ શું એ ગભરાઈ જશે? જવાહરલાલ નેહરુએ કહ્યું છે કે "જો હિંદ મરી જશે, તો કોણ જીવશે? જો હિંદ જીવંત રહેશે, તો કોણ મર્યું ગણાશે?" આપણાં સ્વદેશાભિમાનનાં ગીતો આપણે ગાયાં છે તે શું માત્ર ગાવા ખાતર?

અમુક કર યોગ્ય છે કે અયોગ્ય, થોડો છે કે વધારે, તેની ચર્ચા જુદાં જુદા પક્ષના મોવડીઓ, રાજનીતિજ્ઞો અને અર્થશાસ્ત્રીઓ કરી લેશે, સામાન્ય નાગરિક તરીકે આપણી ફરજ એ છે કે 'બીજા બોજો સહન કરે, અને આપણે ફળ ખાઇએ' એ વૃત્તિ ન રાખતાં, આપણા રાષ્ટ્રની આ કસોટીને પ્રસંગે આપણે એની મદદે ઊભા રહીએ. ગોકુળને વરસાદમાંથી બચાવવા માટે કૃષ્ણ ભગવાને ગોવર્દ્ધન પર્વત ધરી રાખ્યો હતો પણ તે પર્વતને ટેકવવા માટે બધા ગોકુળના ભરવાડોએ પોતાની લાકડીનો ઉપયોગ કર્યો હતો તે જ પ્રમાણે આપણે આપણા દેશને આફતમાંથી બચાવવા માટે આપણા અર્થમંત્રીને આપણો ટેકો આપીએ.

અનુસંધાન પૃ. ૨૨૧]

પ્રગતિશીલ પક્ષો સાથેની સમજૂતી જરૂરી છે; લોકોને ભલે પેટ પર પાટા બાંધવા પડે પણ તેમને ભરોસો પડવો જરૂરી છે કે તેમના નેતાઓ પણ પેટે પાટા બાંધે છે અને ગરીબોનાં દુઃખમાં ભાગ પડાવે છે, કેવળ અમીરો સાથે મિજબાની નથી કરતા. કરવેરા ભલે વધે, પણ તેની સાથે સમાનતા વધવી જોઈએ અને તે વધે છે તે આંધળો દેખે તેટલું સાફ હોવું જોઈએ. પંચાયતી રાજ જનતાની આશાની દીવાદાંડી છે. પણ તેની મારફતે જનતાને 'પ્રશ્નાધિકાર' સોંપવો જોઈએ, તમામ સત્તાધારી પંચાયત રૂબરૂ લોકોને જવાબ આપતી થવી જોઇએ. 'સમાજવાદી રચના'નું સૂત્ર પ્રેરક છે, પણ નવા વધતા ઉદ્યોગોમાં જનતાને પંચાયતો દ્વારા સંવિભાગ મળવો જોઈએ. જનતાને દેશની સરકારમાં પોતાપણું લાગે, દેશની વધતી સમૃદ્ધિમાં તે પોતાપણું અનુભવે, તો જનતા ગમે તેવા આક્રમણ સામે ઝઝૂમે. નહીં તો પેટના ખાડ્યાં પાસે આશા શી રાખવી?

['ભૂમિપુત્ર'માંથી સાભાર ઉધ્ધૃત]

ઉજમ ચોકસીનો વેવાઈ

સફુરીજહાઁ

"બ્રૂવ દિ' સાંભળ્યું. હા! તમે કાંઈ મને હરામના પૈસા નથ દીધા! દિ કે રાત જોયા વન્યા કરેલી મારી કાળી મેંનતના પૈસા લીધા છે! ને હું કાંઈ તમારાં મેણાં-ટોણાં ખાવા નથી રિયો! તમ જેવાં શેઠિયાવ બવ-બવ જોયા સે. મને ઓળખતા નથ લાગતા! હું કોણ? જાણો સો? ઉજમ ચોકસીનો વેવાઈ સું વેવાઈ હાં!" કહેતાંક ને પાસે પડેલ જર્મન સિલ્વરની થાળીને એવો તો હડસેલો માર્યો કે એમાં પડેલ બારીક સોનાનો ઘીસ ચારે બાજુ વેરાઈ ગયો, ને એ સાથે જ ચતુર દુકાનનાં પગથિયાં ઊતરીને ચાલતો થઈ ગયો.

મોહન શેઠ સ્તબ્ધ બની એને જતો જોઈ રહ્યા. કદાપિ મરતાં ને મર નાહ કહેનારો ચતુર આમ બબ્બે મોઢે બોલી ગયો...એથી મોહન શેઠના અચરજનો પાર ન રહ્યો. સંબંધ કાંઈ આજકાલનો નહોતો—દશ દશ વર્ષનો હતો. ને એ સંબંધની પૂર્ણાહુતિ આમ થશે એવું તો એમણે સ્વપ્નેય નહોતું ધાર્યું.

મૂળે ચતુર સોની લાઠી-જેતપુરનો, પણ બાપદાદા ધંધાની શોધમાં સિંધ-કરાંચી જઈ વસેલા. ત્યાં કંઈક ઠરી-ઠામ થયા ને દીકરાઓને ચાળે પાડયાનો સંતોષ લઈ વડીલો વિદાય થયા કે રાજકીય વાતાવરણ ડખોળાયું. પરિણામે ચતુર સોનીને કુટુંબ-કબીલાને લઈ, સૌની સાથે ભાગવું પડયું. પોતીકી ધરતી જ અજાણી ધરતી બની ગઈ. કાઠિયાવાડ, મુંબઈ ને અમદાવાદમાં ફાવતું ન આવવાથી છેવટે વડોદરા આવ્યા. બધેથી કંટાળેલ ચતુરે થાળે પડી જવાના ઈરાદે વડોદરામાં જ કાયમ થવાનું નક્કી કર્યું. મકાન તો મળી ગયું પણ ધંધાનું ઠેકાણું પડતાં વાર લાગી. સોનીનો ધંધો. વિશ્વાસ અને આબરૂ પર ચાલે. ચતુરને વડોદરામાં ઝાઝી ઓળખ નહોતી; પરંતુ નસીબનો સિતારો પાધરો નીકળ્યો. મોહન શેઠની અણધારી ઓળખાણ થઈ ગઈ. મોહન શેઠે બાપીકો ધંધો—સોના ચાંદીના દાગીના વેચવાનો—સંભાળી તો લીધેલો, પણ એ, ધંધો હાથ પર લેતાં લેતાં એ ચોકસીને સોનીના ધંધાની 'સિકસી' (ગુપ્તતા)ય જાણી ગયા ને એથી જ એમણે દુકાનની સાથોસાથ સોનાના ને ચાંદીના દાગીનાઓ બનાવવાનું કારખાનું ય નાંખી દીધું. મોહન શેઠને ચતુર સોની કામનો કારીગર દેખાયેલો ને તેથી જ લાંબી પૂછપાછ કર્યા વગર જ એને પોતાના કારખાનામાં નોકરીએ રાખી લીધેલો. ચતુરનું કામ ચોક્કસ અને સફાઈપૂર્વકનું થતું. પરિણામે ચતુર મોહન શેઠનો માનીતો થઈ ગયેલો.

મોહન શેઠ-ચતુર સોનીનો સંબંધ એથીય આગળ વધેલો. ત્રણ છોડીઓ ને બે છોકરા, વિધવા બહેન અને ઘરડી મા—મળી આઠ આઠ માણસના કુટુંબનો ભાર વેંઢારતા ચતુર સોનીને સદાય નાણાંભીડ રહ્યા જ કરતી. રાતપાળીઓ અને ઓવરટાઇમ કામ ખેંચવા છતાંય પૂરું માંડમાંડ થતું એટલે હાથ-ઉછીના કર્યા વગર ચાલતું જ નહિ. આ હાથ-ઉછીના મોહન શેઠ સિવાય બીજેથી મળતા નહિ એટલે ચતુર સોનીને મોહન શેઠથી દબાતાં જ રહેવું પડતું, મોહન શેઠનો પડયો બોલ ઝીલવો પડતો ને મોહન શેઠનું ચીંધ્યું કામેય કરવું પડતું.

પણ છેલ્લા થોડા દિવસોથી ચતુર સોનીના સ્વભાવમાં ધરખમ ફેરફાર થઈ ગયો હતો. નરમાશથી વર્તનારો અને બોલનારો ચતુર સોની વાતવાતમાં હોંકારા કરી બેસતો ને સગર્વ સામા માણસની સામે તાકતો: 'ઓળખ છ મને! હું કોણ? ઉજમ ચોકસીનો વેવાઈ છું, વેવાઈ!' ને મૂછે વળ દઈ દેતો.

તે દિવસે, વાતમાં તો કાંઈ જ નહોતું પણ ચતુર સોનીના હાથે બગડી ગયેલ દાગીના વિશે જરા ટીકા કરતાં મોહન શેઠે એટલું જ કહેલું: ''લ્યા, ચતુર! હમણાં હમણાંનો તું ઉદ્દંડ થઈ ગયો છે, પણ આવું કામ કરીશ તો ભૂખ ભેગો થઈ જઈશ હાં! મારે ત્યાં આવું નહિ ચાલે.' બસ, પૂછવું જ શું! ચતુરનો પિત્તો ગયો. જેમ ફાવ્યું તેમ બોલી બેઠો ને મોહન શેઠ સાથેના દશ વર્ષના મીઠા સંબંધ પર કાપ મૂકી દીધો. 'એ મોહન શેઠ! તમારા જેવા તો મારા વેવાઈના જોડા સાફ કરે છ, જોડા!!' એ સાંભળતાં જ મોહન શેઠને હાડોહાડ લાગી ગઈ: 'મેર માળા કપાતર! અધરાતે તારી ભૂખ ભાંગી ઈનો આ બદલો! કૂતરાથી ય નપાવટ! જોયો તારો ઉજમો ચોકસી!! બવ ફૂદ છ તો જાને ઈની પાહે! આંયા ભૂખે શા સારુ મરછ!!'

પણ એ સાંભળવા ચતુર ત્યાં હતો જ ક્યાં? એ તો ક્યારનો ય દુકાન છોડી વહેતો થઈ ગયો હતો!

૨

માણસના ભાગ્યની વાત બહુ વિચિત્ર છે. ક્યારે એ નસીબ આડેનું પાંદડું હટાવી નર્યી મહેનતમાં માનવીને લખ્ખોપતિ બનાવી દેશે કે ક્યારે એ લખ્ખોપતિને શેરીએ શેરીએ ભીખ માગતો બનાવી દેશે એ કળવું બહુ મુશ્કેલ છે. ભૂખડી બારસ ચતુર સોનીને ત્યાં બબ્બે છોડીઓના જનમ પછી જ્યાં ત્રીજી છોકરી 'રંભલી'નો જન્મ થયો ત્યારે ચતુર છાશિયું જ કરી ઉઠેલ: આંયા ખાવાના જ વખા છે ન્યાં શીદ તમે પધાર્યાં! ભગવાનને ઘેર રોટલા ખૂટ્યા 'તા!' પણ એ રંભલી તો ચીંથરેવીંટયું રતન નીકળી! ચૌદ વરસની થતાં થતાં તો એણે એવું રૂપ કાઢ્યું કે જોનારા બોલી ઊઠતા: 'સાચે જ 'લ્યા ચતુર! તારી રંભલી તો રંભા જ જોઈ લો!' પણ બબ્બે દીકરીઓને પરણાવતાં વધુ દેવાદાર થઈ ગયેલ ચતુર દીકરીના રૂપથી વધારે ભડકી ગયેલો: 'એક તો મૂરતિયાવની અછત છે ત્યાં આને ક્યાં પરણાવશું! જનમતાં જ મરી ગઈ હોત તો સારું થાત.'

મુંબઈમાં ચતુરની નાતમાં લગન હતાં. ચતુરની વહુ, છોકરા-છોકરીઓ લઈ લગન મહાલવા ગઈ—જવું નહોતું ને ગયા વગર ચાલે તેમ નહોતું એટલે. અહીં લગનટાણે વેવાઈ-વેલાઓને ત્યાં ભાણાં-પીરસણ ઢાંકવા જવામાં ચતુરની છોકરી રંભાને ય સરખી સહિયરો સાથે જવાનું થયું. ઉજમ ચોકસી નાતમાં શ્રીમંત ગણાતો. ઘેર ત્રણ ત્રણ તો મોટર ગાડીઓ હતી. બંગલાઓ હતા ને ઝવેરી બજારમાં આલિશાન એરકંડિશન્ડ શોરૂમવાળી ઝવેરાતની જબરદસ્ત દુકાન હતી. એના ઘરવાળીએ રંભાને જોઈ. એમણે ધણીને બતાવી. ઝવેરાતપારખુ ઉજમ શેઠ રંભાને જોઈ જ રહ્યા. એમણે અને પત્નીએ એ જ ઘડીએ આંખના અણસારે વાત નક્કી કરી લીધી.

એક દિન ઉજમ ચોકસીનો, પત્ર ચતુર સોની પર આવ્યો. સાથે સો રૂપિયાનો ચેક હતો અને એક અરિ તાકીદે મુંબઈ આવી જવાનો આગ્રહ હતો. પહેલાં ચતુર આશ્ચર્યચકિત થયો. મા અને પત્નીને વાત કરી. જમાનો જોઈ ચૂકેલ ડોશી એટલું જ બોલી: 'બેટા! મોટાનું તેડું કારણ વગર હોય નહિ. જાનું હોય તો જઈ આવ્ય, પણ તારાપણામાં રે'જે!'

ને માની શિખામણ કાળજે ધરી ચતુર મુંબઈ આવ્યો.

ઉજમ ચોકસીએ ભર્યો ભર્યો સ્વરે અને ઉછળતા હૈયે, જાણે વર્ષોની ઓળખ હોય એમ, ચતુર સોનીને આવકાર્યો. 'ચતુરિયા' 'ચતુર સોની' જેવું સાંભળવા ટેવાયેલ ચતુરને ઉજમ ચોકસીએ 'આવો, આવો! ચતુરદાસ શેઠ!' કહ્યું ત્યારે, ચતુર સોનીની છાતી ગજગજ ફૂલી ગઈ.

ત્રણ ત્રણ દિવસ સુધી ઉજમ ચોકસીએ ચતુર સોનીને મુંબઈમાં ફેરવ્યો. રોજ મેવા-મિષ્ટાન્નનાં જમણ જમાડ્યાં. દુકાને લઈ જઈ મખમલી બિછાતવાળી પોતાની રાજગાદીશી ગાદી પર બેસાડી દુકાનની રોનક બતાવી.

ને ચોથે દિવસે ઉજમ ચોકસીએ પેટ ખોલ્યું: 'શું કરીએ ભાઈ! આજકાલનાં છોકરાં! ન બોલવા—ન કહેવામાં જ સાર છે. આ તે દિવસે લગ્નપ્રસંગે, શેઠ, આપની પુત્રીને એણે જોઈ, ને ઘેર આવીને કહે કે મારે તો એની જ સાથે પરણવું છે. એની હઠ આગળ અમારે લાચાર બનવું પડ્યું. અમેય આપની પુત્રીને જોઈ અને થયું કે અમારા મૂકેશની પસંદગી બરાબર હતી. ખરું કહું છું ચતુરદાસ શેઠ! આપની પુત્રીના જેવી સ્વરૂપવાન-ગુણવાન કન્યા તો મેં ક્યાંય જોઈ નથી. હા પાડી દો. બધી વાત મારા માથે. મારો મૂકેશ ને આપની રંભા—સમજ્યા?'

ચતુર સોનીને હવે મર્મ સમજાયો.

ઉજમ ચોકસી કહેતો હતો: 'ચતુરદાસ! અમે રહ્યા મોટા માણસ. અમારો વ્યવહારે ય મોટો. ઓળખાણે ય મોટી ને ઝાઝેરી. પણ મુંઝાશો નહિ. આપની દીકરી એ મારી જ દીકરી. મારે તો જાણે દીકરી-દીકરો બેઉ પરણતાં હોય એમ માનીને જ આ પ્રસંગ ઉકેલવો છે. તમતમારે કુટુંબ સાથે અહીં આવી જજો. વિવાહ-માંડવો ને લગન બધુંય ખર્ચ મારે માથે.'

પણ પરિસ્થિતિથી જાણે અવાક્ બની ગયો હોય એમ ચતુરદાસ મૌન જ રહ્યો. એને સમજાઈ ગયું હતું: એની રંભલી રતન હતી ને એ રતનની કિંમતની આ વેળા હતી. તો માની શિખામણે ય યાદ આવી ગઈ, ને થયું: 'સાચું, મારે ય હવે મારાપણું જાળવવું જોઈએ.'

'પણ ઉજમ શેઠ! ક્યાં તમે ને ક્યાં હું...!'

'હવે રાખો, રાખો,' ચતુરદાસ! એમ કહીને છટકી જાવ એ નહિ ચાલે.' ને ચતુરના કાન પાસે મોં ધરતાં કહ્યું: 'સમજી જાવ ભલા! વાતમાં મોણ નાંખવાની કાંઈ જ જરૂર નથી. હું સમજું ના?—જાવ, દશ હજાર રોકડા.'

ચતુરના મોં પર આછેરી વિજયરેખા ફરકી ગઈ. એનું મન હા પાડી દેવા તલપાપડ થઈ ઊઠ્યું. પણ એમ તો એ ય જમાનાખાધેલ હતો. આવા વ્યવહારના કામમાં ઝટ હા થોડી પાડી દેવાય? 'જુઓ શેઠ! આ તો સંબંધની વાત રહી. તમે મને બાંધે ભારે કાગળ લખી તેડાવેલો. જરાક અણસાર કર્યો હોત તો જુદી વાત હતી. મારે મારી બા બેઠાં ઉપરવટ કેમ જવાય? એમને ય કાને વાત ધરવી જોઈએ.'

'અરે, પણ....'

'ના, ના, શેઠ! એમ ઝટ હા મારાથી ન કહેવાય. મારી બાને પૂછવું જોઈએ. છોકરીની માને ય પૂછવું જોઈએ. છોકરી દેવાની છે. કાંઈ સોનું-રૂપું ઓછું દેવા લેવાનું છે?'

ઉજમ ચોકસી ચૂપ રહ્યા. પળભરમાં એણે વિચારી લીધું. એની વેપારી જબાન વધુ વેપારી બની. ગ્રાહકને કેમ આકર્ષવો એ કળા એમને સારી રીતે હસ્તગત હતી.

'જુઓ શેઠ! તમારી વાત ખોટી નથી. વડીલ બેઠાં હોય તો પૂછવું જ જોઈએ. ને છોકરી પર છોકરીની માનો પહેલો હક્ક! દીકરીનું સુખદુઃખ માને જ દાઝે ના! પણ હા. અમને જરા ધ્યાનમાં રાખજો. મારો મૂકેશ એમ. એસ.સી. પાસ થવાનો છે. ને પછી એને આગળ ભણવા અમેરિકાય મોકલવાનો છે.' ને સોદો પતાવતાં હોય એમ ધીરથી કહ્યું: 'પેલા દશ હજાર તો ખરા જ. લગનનો બધો ય ખર્ચો અમારો ને ઉપર જતાં તમે ને તમારા છોકરાય જે દિવસથી સંબંધ પાકો કરો તે દિવસથી મારે ત્યાં કારખાને નોકરીમાં. તમે મેનેજર! હાઉં.... અઠવાડિયામાં ખબર આપશો ને?' ને જાણે પોતાને કાંઈ જ સ્વાર્થ ન હોય એમ બબડ્યા: 'શું કરીએ ભાઈ! આજકાલનાં છોકરાં! વાત ન જ કહેવામાં મઝા.'

ને ચતુર સોની પાણી પાણી થઈ ગયો. એનો પગ-ધરતીથી અદ્ધર ચાલતો થઈ ગયો. પ્રૌઢાવસ્થાના સ્થાને નવતર જુવાનીનું લોહી ધસી ઊઠ્યું. એના મનના ઘોડા દોડાદોડ ને કૂદંકૂદા કરી ઊઠ્યા.

ઘેર આવીને એણે છોકરાવને સૂવડાવીને બારણાં ઓથે બેઠેલ પત્નીની હાજરીમાં મા સમક્ષ સઘળી વાત કરી. જમાના અનુભવી ડોશી સઘળી વાત એકધ્યાને સાંભળી રહ્યાં. 'મા! કેમ ન બોલી? ઉજમ ચોકસી જેવો....'

'શું બોલું દીકરા!' ને હૈયાના અતલ ઊંડાણમાંથી બોલતાં હોય એમ બોલ્યાં: જોડય તો સરખે સરખાની શોભે, ચતુર!'

માનો મર્મ સમજી જતાં ચતુર બોલ્યો: 'મા તારી વાત સાચી. આપણે મોટી બે ગગીઓનું આપણા જેવામાં જ કર્યું છે ના! આનો ય એવો જ વિચાર હતો. પણ જ્યાં લખમી જ ચાંદલો કરવા આવી છે ત્યાં મોં ધોવા શીદ જાવું?!'

બારણાં ઓથે બેઠેલ અને મુંબઈના ભાવિ જીવનને માણવાના સ્વપ્નમાં રાચતી ચતુરની વહુએ ઘૂમટાની આડશે બોલ દીધો: 'ને બાઈજી! વેવાઈ જ જ્યાં આપણને બધું ય દેવાનું કહી રહ્યા છે ત્યાં વાંધો શું કરવા કાઢવો?'

ડોશી વખત વરતી ગયાં. એમણે મૌન સેવ્યું. ને પળ ભર બાદ બોલ્યાં: 'તમે સૌ સુખી થાવ એવું હું ઇચ્છું છું. મને વાંધો નથી.'

ને ચતુર સોની કાંઈ જવાબ લખે તે પહેલાં જ અઠવાડિયાની અંદર જ ઉજમ શેઠ અને તેમનાં ઘરવાળાં વડોદરા આવી પહોંચ્યાં. ચતુરે ભાવભીનું સ્વાગત ને પરોણાગત કરી. વાત પાકી થઇ ગઈ ચતુરના ના કહેવા છતાંય ત્રણેય છોકરાના હાથમાં ઉજમ શેઠ દશ દશ રૂપિયા આપતા ગયા.

વિવાહ સંબંધ થયા પછી ચતુરમાં પલટો આવી ગયો. પહેલાંનો સીધો–સાદો ચતુર સોની કંઈક અહંભાવી. કંઈક તોરી ને કંઈક અંશે આછકલો બની ગયો. એની વાણી હુંપદશાહી ને તોછડી બની ગઈ. જ્યાં ને ત્યાં, જેને ને તેને, જ્યારે ને ત્યારે, વાતે વાતે એ કહી-દેતોઃ ગજ ગજ છાતી ફુલાવીનેઃ 'ઓળખ છ મને? હું કોણ?—હું ઉજમ ચોકસીનો વેવાઈ સું વેવાઈ.' ને આ જ શબ્દો એક દિન મોહન શેઠનેય સંભળાવી દીધા. ને મોહન શેઠની નોકરી છોડીને કુટુંબ સાથે એ મુંબઈ જઈ પહોંચ્યો. બંને છોકરાઓને ઉજમ ચોકસીના સોની કામના કારખાનામાં માસિક સો-સો રૂપિયાના પગારે અને પોતે મેનેજર તરીકે માસિક ત્રણસોના પગારે દાખલ થઈ ગયા.

૩

ભારે ધામધૂમથી ચતુરની રંભાનાં ઉજમ શેઠના મૂકેશ સાથે લગ્ન ઉજવાઈ ગયાં. મોટા મોટા શ્રીમંતો, પ્રધાનો, સરકારી અમલદારો ને માજી રાજા-નવાબોને જોઈને તો ચતુર દંગ થઈ ગયો. આલિશાન લગ્નમંડપ ને આલિશાન વિધિ-વૈભવે ચતુરને સ્વપ્નશીલ બનાવી દીધો.

લગ્ન આગમચથી જ ચતુરે કુટુંબ વડોદરાથી રહેઠાણ ફેરવીને મુંબઈ કરી નાખ્યું હતું. મુંબઈમાં બત્રીસ રૂપિયાના ભાડાનું બે રૂમનું ઘર એણે રૂપિયા પાંચ હજારની પાઘડી આપી રાખી લીધું હતું. દશ હજાર રૂપિયા નગદ હાથમાં આવતાં એણે પત્ની માટે થોડાં ઘરેણાં ય ઘડાવ્યાં હતાં. ઘરમાં થોડું રાચરચીલું ને રેડિયો-પંખો ય વસાવ્યાં હતાં.

લગ્ન પત્યાં બાદ રિવાજ અનુસાર ચતુરનો મોટો છોકરો બહેન રૂપાંગના (રંભાનું નામ મૂકેશે બદલી નાખ્યું હતું)ને તેડવા ગયો. 'હમણાં નહિ, થોડા દિવસ પછી આવશે'ના જવાબ સાથે એ પાછો આવ્યો.

વળી થોડા દિવસ વીતતાં છોકરો ફરી ગયો. પણ એ જ જવાબ મળ્યો.

મહિના પછી છોકરાંને લઈને ચતુરની વહુ ગઈ. વેવાણો મળી. વાતો કરી. દીકરીને મળવા ઝંખતી ચતુરની વહુને દીકરીનાં દર્શને ય ન થયાં. 'અરે, વેવાણ! આ કામકાજ આડે કહેવું જ ભૂલી ગઈ! મૂકેશ ને રૂપાંગના તો માથેરાન ગયાં છે. મેં તો તમારી દીકરાંને કહ્યું ય ખરું કે વહુ બેટા! એક આંટો માવતરે જઈ આવો. પણ એ તો કહે, કે માવતરમાં શું છે તે જાઉં! મારે નથી જવું. લ્યો! હવે જુવાનિયા જ એમ કહે, ત્યાં આપણાં ઘરડેરાંનું શું ચાલે? હેં-હેં . . . . હેં . . .'

ચતુરની વહુ ચૂપ રહી. પણ એ હાસ્ય પાછળની ખંધાઈ એ પામી ગઈ.

ઘેર આવીને એણે મોં વાળ્યું. ચતુર સોનીને બધી વાત કરી. ચતુર ક્ષુબ્ધ બની ગયો. એ વિચારે ચડી ગયો.

વળી મહિનો ગયો. આ વખતે તો ખુદ ચતુર સોની પોતે જ પત્નીને લઈ પુત્રીને તેડવા ગયો. શેઠે ભર્યાભર્યા હૈયે સ્વાગત કર્યું. ચાપાણી પાયાં. ને કુશળ સમાચાર પૂછ્યા. ચતુર સોનીએ દીકરીને તેડી જવાની વાત મૂકી: 'જુઓ શેઠ! ગમે તેવું સુખ સાસરવાસે હોય તો ય દીકરાને માવતરના ઘરનો મેલોઘેલો ખૂણો સાંભરે જ. વધુ નહિ, રંભાને અઠવાડિયું મોકલો.'

ત્યાં તો ઘરમાંથી શેઠાણી બહાર ધસી આવ્યાં. સરી ગયેલ છેડો માથે ઢાંકતાં ને કેડે હાથ દઈ બોલ્યાં: 'દીકરી, દીકરી, કરો છો તો પરણાવી શીદ? છાતીએ જ બાંધી રાખવી'તી ને! અમે કાંઈ તમારી દીકરી લીધી તે ગુનો નથી કર્યો. ને તમે ય ચતુરદાસ . . . .'

'પણ અમે ક્યાં તમને એવું બધું કહીએ છીએ વેવાણ! તે તમે આમ ફૂંફાડા મારો છો. તમારે સાતવાર ગરજ હતી તે તમે છેક વડોદરા સુધી રાત માથે લઈને આવ્યાં'તાં.' ચતુરની વહુએ ય ફૂંફાડો માર્યો.

'ઉજમ શેઠ . . . .'

'જુઓ ચતુર સોની!' ઉજમ ચોકસીની આંખ અને ભાષા પલટાયાં હતાં. 'તમારી રંભા તમે કાંઈ મફત આપી નથી! રોકડા દશ હજાર ગણી લીધા છે! ને એ ઉપરાંત તમો બાપ-દીકરાઓનો મહિને પાંચસોનો પગાર પણ મારે ચૂકવવો પડે છે. રંભા તમે કાંઈ પરણાવી નથી—વેચી છે. ને એ વેચેલ માલ તમારે ત્યાં મોકલવો ન મોકલવો એ અમારી મુનસફીની વાત છે.'

'ને અહીં એ ગમાર રંભાને રૂપાંગના બનાવવામાં જે સમય અને નાણાં વેડફાયાં છે, એ રૂપાંગના તમારા જેવા ભૂખડીબારશને ઘેર આવે તો અમારી ઇજ્જત શી?–અમારા સીંચેલા સંસ્કારો ત્યાં રગદોળાઈ નહિ જાય એની શી ખાત્રી?' વેવાણે ઉગેયું.

'વેવાણ!' ચતુર સોનીએ હાક મારી. 'બાઈ માણસ છો ને વેવાણ છો એટલે હું વધુ નથી કહેતો. પણ મરજાદમાં રે'જો.'

ઉજમ ચોકસીની વહુ ચતુર સોનીનો ચહેરો પારખી ગઈ. ધણીને અંદરના ખંડ તરફ ખેંચતાં એ ખંડમાં ઘૂસી ગઈ.

'ચતુર સોની!' ઉજમ ચોકસી ચડકાટભર્યા સ્વરે બોલ્યા: 'દીકરી જ જોઈએ છે ના! લઈ જાવ, ખુશીથી લઈ જાવ. પણ સાથોસાથ લીધેલ દશ હજાર રૂપિયા અને તમો બાપ–દીકરાઓ નોકરીનું લખાણું આપતા જાવ.'

ચતુર સોની હરી ગયો. આંખે રાતાપીળાં દેખાઇ ગયાં. દશ હજાર રૂપિયા તો ક્યાંય ચવાઈ ગયા હતા. નોકરી છૂટી જતાં મુંબઈમાં કોઈ ઊભું રાખે તેવું નહોતું. ને આવડા મોટા ઘરમાં આપેલી દીકરી લગન પછી ત્રણ જ મહિનામાં પાછી વળે તો—તેય કાયમ માટે, લોકો શી વાત કરશે? દુનિયા શું કહેશે? મોટાની વાત સૌ માનશે. નહિ માને એને પૈસો મનાવશે. પોતાની વાત કોણ માનશે?

ને આ બધું શા માટે?

એક દીકરીને થોડા દિવસ માવતરે રાખવાના ઉમંગ અર્થે ના?!

પણ એ ઉમંગ પૂરો કરવા જતાં, હરએક માબાપની જેમ એણેય સેવેલું દીકરીના સુખનું સ્વપ્ન પોતે શું છિન્નભિન્ન નહોતો કરતો? શાસ્ત્રકારોય કહેતા આવ્યા છે: 'દીકરી તો પરાયું ધન. એનો મોહ શો? એ તો વખત આવ્યે એના ધણીને પરત કરવું જ જોઈએ. માબાપની એ જ સાચી ફરજ. રંભા શ્રીમંત અને ઈજ્જતદાર ઘરની વહુ બની હતી. એણે ધારેલ નહિ એવું સુખ એ કિસ્મતના જોરે પ્રાપ્ત કરી શકી હતી. તો પછી એ સુખ છીનવી લેવાની શી જરૂર? દીકરી જો સાસરવાસે જ સુખમાં હોય તો માવતરે એ સુખ હણવાની કોઇ જ જરૂર નથી.

ને પોતે તો દીકરીનો બાપ હતો દીકરીના બાપે, ગમે તેવી ઇજ્જત હોય, શ્રીમંતાઈ હોય, હમેશાં નીચા જ રહેવું જોઇએ. એણે વેવાઈ જોડે ગુસ્સો કરવો ન જોઈએ. એણે તો નમતાં રહેવું જોઈએ.

'ઉજમશેઠ!' ચતુર રુંધાતા કંઠે બોલ્યો: 'ભૂલ મારી છે. મેં તમારી શ્રીમંતાઈ જોઈ, તમારા રૂપિયા જોયા. પણ સમોવડ ન જોઇ.' ને ગળું ખંખેરતાં આગળ ચલાવ્યું: 'હશે, અમારી દીકરી આપને ત્યાં સુખી હોય તો એ અમારે ત્યાં રહે કે તમારે ત્યાં—બધું જ સરખું છે. પણ તો ય અમારો માવતરનો જીવ રહ્યો. વિશેષ તો આ એની માના જીવને ઉધમાત છે કે દીકરી પરણીને ગયા પછી એક વાર મેળો કરે તો ઠીક. એટલે બીજું તો ઠીક, પણ રંભા જોડે થોડો મેળો કરવા દો.'

ચતુરને ઢીલો ને ઢીલો પડેલો જોઈ, ઉજમ ચોકસીના મુખ પર વિજયનું સ્મિત ફરકી ગયું. એ એક આંટો અંદર મારી આવ્યા, ને સાથે શેઠાણીને લેતા આવ્યા: 'જુઓ ચતુરદાસ! અમે કાંઈ ન સમજીએ એવું થોડું છે? અમેય માવતર છીએ. હા, આવી વ્યાજબી વાત કરો તો કાંઈક શોભેય ખરું. જાવ, બહારના ખંડમાં બેસો. રૂપાંગના પાંચ–દશ મિનિટ પૂરતી તમને મળી જશે.'

બંને ચીંધેલ ખંડમાં આવી ઊભાં. થોડી જ વારમાં લથડાતા પગે, કીમતી અને આધુનિક વસ્ત્રો ને અલંકારોમાં નખશિખ સજ્જ થયેલી રૂપાંગના આવી. માએ દીકરીને જોતાં જ દોટ મૂકીને બથમાં લીધી: 'મારી રંભા!' હૈયાના બંધ તૂટી ગયા. ચતુરે આડે મોએ ધોતિયાના છેડેથી આંખ લુછી.

'બેટા રંભા! સુવાણુ તો......'

ને બ્હાવરી બનેલી રૂપાંગના માથી છૂટી પડી, ચારે કોર નજર નાંખી, એકી શ્વાસે બોલી: 'બા-બાપુ! મને અહીં પરણાવી એના કરતાં સરખી વયમાં પરણાવવી'તી ના! મને અહીં નરકમાં નાખવા કરતાં મારો ટોટો જ પીસી નાખવો 'તો ના!'

'શું દીકરી' બેઉ પૂછી ઊઠ્યાં.

રૂપાંગનાએ કંઈક ઈશારો કર્યો. મા સમજી ગઈ. 'તમે જરા બા'રા જાવ.' એણે પતિને કહ્યું.

'બોલ દીકરી!'

'તારી દીકરી આટલા સુખમાં છે,' કહેતાં રૂપાંગનાએ વસ્ત્ર ઊંચકીને બતાવ્યું. માની આંખો ફાટી ગઈ: 'હેં?!!'

'બેટા રૂપાંગના! ચાલો ઘરમાં!' અંદરથી બોલ આવ્યો!

*

સૂમસામ બનીને ઘેર આવતાં ડોશીના ખોળામાં જ ફસડાઈ પડતાં ચતુરની વહુ ચોધાર આંસુ વહાવતી બોલી: 'મૂઓ તમારો ઉજમ ચોકસી! ને મૂઓ તમારો જમાઈ!! મારી ગભરૂ ગાય જેવી દીકરીને એ કાળમુખાઓએ તો પીંખી નાંખી છે!'

ને સારીય વાત સાંભળી ડોશી ઊંડો નિઃશ્વાસ નાંખતાં બોલ્યાં: 'મેં ચતુરિયાને પે'લેથી જ કીધું'તું કે સમોવડિયું શોધજે, પણ ઈ પીટ્યો પૈસામાં પડ્યો. મૂક 'લ્યા તારા પૈસામાં લાલબાઈ! દીકરીનો તો ભવ બાળ્યો ના!...'

किंशुकमाला

માટીની આ કાયા

ટીપી ટીપી ઘટ આ ઘડિયો,
માટીનો શો નાજુક ખડિયો!
અણુ અણુએ માટીની માયા,
માટીની કેવળ આ કાયા.

નટવરલાલ પ્ર. બુચ

*

મા 'ટી'ની આ કાયા

'ટી' પી 'ટી' પી ઘટ આ ઘડિયો,
મા 'ટી'નો શો નાજુક ખડિયો!
અણુ અણુએ મા 'ટી'ની માયા,
મા 'ટી'ની કેવળ આ કાયા.

નટવરલાલ પ્ર. બુચ

*

રવીન્દ્રનાથની કવિતા

હુમાયૂન કબીર
અનુ૦ : નગીનદાસ પારેખ

રવીન્દ્રનાથ સર્વકાલના અગ્રગણ્ય સાહિત્યકારોમાંના એક છે. કેવળ રચનાના જથ્થાની દૃષ્ટિએ બહુ જ ઓછા લેખકો એમની બરાબરી કરી શકે. એમની રચનાઓમાં હજારથી વધુ કાવ્યો અને બે હજારથી વધુ ગીતો ઉપરાંત સંખ્યાબંધ ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, નાટકો અને ધર્મ, શિક્ષણ, રાજકારણ અને સાહિત્યવિષયક નિબંધોનો સમાવેશ થાય છે. ટૂંકમાં માણસના રસના એકેએક વિષયમાં એમને રસ હતો. ગુણવત્તાની દૃષ્ટિએ જોઈએ તો એમણે એવાં શિખરો સર કર્યાં છે જ્યાં કેવળ સર્વોચ્ચ શક્તિશાળી પુરુષો જ અને તે પણ ક્વચિત્ જ પહોંચ્યા છે. એમના સાહિત્યના ક્ષેત્રની વિશાળતાનો તથા તેની અસાધારણ ગુણવત્તાનો વિચાર કરતાં એમના પ્રશંસકો એમને ઇતિહાસના કદાચ સૌથી મોટા સાહિત્યકાર તરીકે બિરદાવે એમાં નવાઈ પામવા જેવું કશું નથી.

કોઈ પણ પ્રતિભાશાળી પુરુષના ઉદ્ભવનાં કારણો આપવાં મુશ્કેલ હોય છે, કારણ, પ્રતિભા હમેશાં અપવાદરૂપ જ હોય છે. તેમ છતાં આખી પ્રજાના અચેતન અને અવચેતન માનસમાં જે ભાવો અને ભાવનાઓ વલોવાતાં હોય છે તેને વ્યક્ત કરવાનું એ પ્રતિભાશાળી પુરુષોનું કામ હોય છે. આ રીતે પ્રતિભાશાળી પુરુષ અને તેના લોકો વચ્ચે એક સંબંધ સ્થપાય છે, અને જ્યારે કોઈ પ્રતિભાશાળી પુરુષનો આવિર્ભાવ થાય છે ત્યારે લોકો શા માટે તેને આદર અને આશ્ચર્યપૂર્વક વધાવી લે છે એનો ખુલાસો એમાંથી જ આપણને મળી રહે છે. લોકોએ પોતે જે ભાવો અને ભાવનાઓને અસ્ફુટપણે અનુભવ્યાં હોય છે, પણ જેને પોતે વ્યક્ત કરી શક્યા નથી હોતા તેને પ્રતિભાશાળી પુરુષનાં વચનો અને કાર્યોમાં લોકો મૂર્ત થયેલાં જુએ છે. આવા સંબંધને લીધે પ્રતિભાશાળી પુરુષને પણ લાભ થાય છે. પ્રજાચિત્તમાં વલોવાતા અસ્ફુટ ભાવો અને અસ્પષ્ટ અભીપ્સાઓમાંથી તેને બળ અને શક્તિ મળી રહે છે. આ બંને બાબતોમાં રવીન્દ્રનાથ પ્રતિભાશાળી પુરુષનો લાક્ષણિક નમૂનો છે. એમની અસાધારણતા વિશે તો કોઈ પ્રશ્ન જ નથી, અને એ સાથે જ જે પ્રજાને માટે એઓ જીવ્યા અને જેનાં ઉપર એમણે પ્રેમ કર્યો તેના જીવનમાં એમણે ઊંડાં મૂળ નાખ્યાં હતાં.

પોતાના જન્મના સમય અને સ્થળની બાબતમાં પણ એઓ નસીબદાર હતા. પશ્ચિમના આગમનને લીધે ભારતના શાન્ત જીવનજલમાં ખળભળાટ શરૂ થયો હતો અને આખા દેશમાં નવ જાગ્રતિનો સંચાર થઈ રહ્યો હતો. એના પહેલા પ્રભાવે ભારતના ચિત્તને આંજી દીધું હતું અને એ આરંભના અનેક સુધારકોને પશ્ચિમનું અંધ અનુકરણ કરતા કરી દીધા હતા. રવીન્દ્રનાથ જન્મ્યા ત્યારે શરૂઆતનો એ વિવેકશૂન્ય અહોભાવ ઘટવા માંડ્યો હતો, પણ પશ્ચિમની પ્રજા જે આદર્શો લઈ આવી હતી તે હજી પ્રબળ અને ક્રિયાશીલ હતા. એની સાથોસાથ ભારતના પોતાના વારસાનાં મૂલ્યોનો પણ ઉત્તરોત્તર સ્વીકાર થતો જતો હતો. આથી કરીને પૂર્વનાં અને પશ્ચિમનાં મૂલ્યોનો પણ પોતામાં સમન્વય સાધી શકે એવી પ્રતિભાના ઉદય માટે એ સમય અનુકૂળ હતો.

કેવળ સમય જ અનુકૂળ હતો એમ નહિ સ્થળ પણ અનુકૂળ હતું. કદાચ ભારતના બીજા ભાગો કરતાં બંગાળે પશ્ચિમનો પ્રભાવ વિશેષરૂપે અનુભવ્યો હતો. બંગાળમાં પણ નવજીવનનાં સંચલન સૌથી વધુ કલકત્તામાં જોવામાં આવતાં હતાં. રવીન્દ્રનાથની પ્રતિભાના પ્રફુલ્લનમાં એમના કુટુંબની પરિસ્થિતિએ પણ મદદ કરી. ભારતની નવ જાગ્રતિના અગ્રેસર એમના કુટુંબે ભૂતકાળના સમૃદ્ધ વારસાને છોડ્યા વગર જ એ નવા પડકારોને ઝીલી લીધા. પોતે બ્રાહ્મણ હોઈને રવીન્દ્રનાથે પ્રાચીન ભારતની પરંપરાઓને સહજ અને સ્વાભાવિક રીતે અપનાવી લીધી હતી; એમના ઉપર કેવળ સંસ્કૃત સાહિત્યનો જ નહિ પણ સંસ્કૃત ભાષામાં ભરેલા ધાર્મિક અને સાંસ્કૃતિક આદર્શોનો પણ પ્રભાવ પડ્યો હતો. જમીનદાર વર્ગના હોઈને એઓ મધ્યકાલીન ભારતની જીવનરીતિથી પરિચિત હતા અને મોગલ દરબારની સંકલિત સંસ્કૃતિને નિઃસંકોચપણે સ્વીકારી શકયા હતા. આ બંને બાબતોમાં એઓ અને એમના જમાનાના બીજા બ્રાહ્મણ જમીનદારોની વચ્ચે કદાચ તફાવત ન હતો, પણ એમનામાં એક વિશેષતા એ હતી કે એઓ અર્વાચીન જગતના નવ પ્રવાહો વિશે પણ સચેત હતા. એમનું કુટુંબ પ્રાચીન અને મધ્યકાલીન ભારતની પરંપરાઓથી તરબોળ હતું અને સાથોસાથ પશ્ચિમનાં શિક્ષણ અને પશ્ચિમની જીવનરીતિની બાબતમાં પણ એક અગ્રેસર હતું. રવીન્દ્રનાથનો ભારતીય વારસો ખૂબ સમૃદ્ધ હતો અને તે સાથે તેમના મનમાં કોઈ દ્વિધા કે છૂપો વિરોધ નહોતો તેનો ખુલાસો આ કૌટુંબિક ભૂમિકામાંથી મળી રહે છે. એમનું વ્યક્તિત્વ સુસમન્વિત અને એમના ઘણા બધા સમકાલીનોની શક્તિનો હ્રાસ કરનારા વિરોધોથી મુક્ત હતું.

ખરેખર, રવીન્દ્રનાથ નસીબદાર હતા કે પ્રાચીન અને મધ્યકાલીન ભારતનાં મૂલ્યોનો ત્યાગ કર્યા વગર જ એઓ નવાનો પડકાર ઝીલી લઈ શકયા. જેઓ પોતાની સંસ્કૃતિથી વિખૂટા પડી ગયા હતા અને પશ્ચિમની પ્રેરણા ઉપર વધારે પડતો આધાર રાખતા હતા, તેઓ પ્રજાજીવનમાંથી ઊખડી ગયા જેવા હતા. લોકો સાથેનો સંબંધ તૂટી જવાને લીધે તેઓની પ્રેરણાના ઝરા સૂકાવા લાગ્યા અને તેઓની આધ્યાત્મિક મૂડી ઓછી થઈ ગઈ. એ જ કારણથી નિઃશંક કુદરતી બક્ષિસ અને શક્તિ હોવા છતાં તેઓમાંના ઘણાખરા ભારતીય જીવન અને સાહિત્ય ઉપર ઊંડી કે કાયમી પ્રભાવ ન પાડી શકયા. પ્રજાની અંતરતમ પ્રેરણાઓ સાથે તાદાત્મ્ય સાધવાને લીધે પ્રતિભાશાળી પુરુષોને જે શક્તિ મળી રહે છે તેની તેમનામાં ખોટ રહી ગઈ.

લોકોની સાથે તાદાત્મ્ય સાધવામાં રવીન્દ્રનાથને મદદ કરનાર બીજી પણ એક વસ્તુ હતી. જીવનના છેક શરૂઆતના સમયમાં તેઓ પોતાની હોડીમાં પદ્માના રેતાળ કિનારે મહિનાઓ સુધી રહ્યા અને દેશની ગ્રામસંસ્કૃતિના નિકટ પરિચયમાં આવ્યા. આ પ્રદેશોમાં એમને જે પ્રકારના જીવનનો અનુભવ થયો તેનાં મૂળ દેશના આદિમ અને પ્રાચીન ઇતિહાસમાં રહેલાં હતાં. મધ્યકાલમાં વિકસેલી નગર સંસ્કૃતિ કરતાં પણ પ્રજાના જીવનમાં એ સંસ્કૃતિ ભૂતકાળમાં વધારે ઊંડે સુધી ગયેલી હતી. આમ રવીન્દ્રનાથે એવા એક જગતમાં પ્રવેશ મેળવ્યો જેનો શહેરના લોકોને પરિચય જ નથી હોતો, અને પ્રજાકીય ચેતનાના કેટલાક ઊંડામાં ઊંડા સ્તરોમાં પોતાનાં મૂળ જમાવ્યાં. એમની વિપુલ સર્જકશક્તિના મૂળમાં સામાન્ય લોકોના ભરપૂર જીવન સાથેનો એમનો સંપર્ક રહેલો છે અને એમની પ્રેરણામાં કદી ઓટ આવી જ નહિ એનો ખુલાસો પણ આમાંથી જ મળે છે.

રવીન્દ્રનાથના જીવન અને કાર્યનો વિચાર કરતાં એમની પ્રતિભાની અદ્ભુત પ્રાણશક્તિ જોઈને આપણે વારંવાર આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. તેઓ પ્રધાનપણે કવિ હતા, પણ એમનો રસ કવિતા પૂરતો જ મર્યાદિત નહોતો. એમની સાહિત્યરચનાઓની વિવિધતાનો ઉલ્લેખ અમે આ પહેલાં જ કર્યો છે, પણ સાહિત્યનો વિશાળમાં વિશાળ અર્થ કરીએ તોયે કેવળ સાહિત્ય એમની શક્તિને ખુટાડી શકતું નહોતું. એઓ સંગીતકાર અને ઊંચામાં ઊંચા દરજ્જાના ચિત્રકાર પણ હતા. ઉપરાંત, એમણે ધાર્મિક અને શિક્ષણને લગતી વિચારણામાં, તેમ જ રાજકારણ, સમાજસુધારણા, નૈતિક ઉન્નતિ અને આર્થિક નવરચનામાં મહત્ત્વનો ફાળો આપેલો છે ખરું-જોતાં, આ ક્ષેત્રોમાં એમની સિદ્ધિઓ એટલી મોટી છે કે આધુનિક ભારતના ઘડવૈયાઓમાં એમની ગણના થાય.

જીવનની એકતાનો અનુભવ એ રવીન્દ્રનાથની મોટામાં મોટી શક્તિ હતી. આદર્શો કે સંસ્કૃતિની કોઈ દ્વિધાને લીધે એમની શક્તિ વિવિધ ફાંટાઓમાં વહેંચાઈ ગયેલી નહોતી. એટલે એઓ કલા અને જીવન વચ્ચે કોઈ જુદાઈ ન સ્વીકારે એમાં નવાઈ નથી. ઓગણીસમી સદીના અંતમાં યુરોપમાં કલામીમાંસામાં એક નવો જ વાદ વિજયી નીવડ્યો. ઘણા એવું માનવા લાગ્યા કે કલાના જીવન સાથેના સંબંધનો વિચાર કર્યા વગર કેવળ કળા ખાતર જ કળાનું સેવન કરવું જોઈએ. એકદંડિયો મહેલ કલા પ્રવૃત્તિનું પ્રતીક અને આદર્શ બની ગયો. એ મતના લોકોના કહેવા પ્રમાણે કવિ અને કલાકાર સૌ પ્રથમ સ્વપ્નસેવી હોય છે. રવીન્દ્રનાથે કલા જીવનથી અલગ છે એમ કદી સ્વીકાર્યું નથી. એમણે સૌંદર્યની ઉપાસના કરી છે પણ તે જીવનના એક આવિર્ભાવ તરીકે. સાથોસાથ તેઓ એમ પણ માનતા હતા કે જીવન જ્યાં સુધી સૌંદર્યમય ન બની જાય ત્યાં સુધી તેમાં માધુર્ય પ્રગટતું નથી. રવીન્દ્રનાથને મન કવિધર્મ એ માનવ ધર્મ પણ હતો.

૨

રવીન્દ્રનાથ જગતના શ્રેષ્ઠ ઊર્મિકવિઓમાંના એક છે. લાગણીની સચ્ચાઈ અને ચિત્રોની સબળ સ્પષ્ટતા એમના પદ્યના સંગીત સાથે ભળીને એવાં કાવ્યો સર્જે છે જે તેના શબ્દો ભુલાઈ ગયા પછી પણ લાંબા કાળ સુધી વાચકના ચિત્તમાં ગુંજ્યા કરે છે. લાગણી, ચિત્ર અને સંગીતનો આ ત્રિવેણી-સંગમ એમના જીવનની શરૂઆતથી જ જોવામાં આવે છે. 'નિર્ઝરેર સ્વપ્નભંગ'ની રચના એઓ વીસ વર્ષના થયા તે પહેલાં જ થયેલી છે. તેમ છતાં આજે પણ એ બંગાળી ભાષાનાં, બલકે કોઈ પણ ભાષાનાં, શ્રેષ્ઠ ઊર્મિ-કાવ્યોમાંનું એક છે. એ કાવ્ય કેવળ એના સંગીતને અને લાગણીની તીવ્રતાને કારણે જ નહિ પણ તેનાં ચિત્રોની પ્રગલ્ભતાને કારણે પણ ધ્યાનપાત્ર બની રહે છે. એથી પણ કદાચ વધારે મહત્ત્વની વસ્તુ તો એમાં સધાયેલી પ્રકૃતિ અને મનુષ્યની અવિચ્છેદ્ય એકતા છે. પ્રકૃતિ અને મનુષ્યનું આ તાદાત્મ્ય રવીન્દ્રનાથની કવિતાનું જીવનભર એક સૌથી વિશિષ્ટ લક્ષણ રહ્યું છે.

પૃથ્વીને આટલા ભાવાવેશપૂર્વક ચાહનાર બીજો કવિ કદાચ કોઈ કાળે નહિ થયો હોય. દિવસની કે રાતની કે ઋતુચક્રની ભાગ્યે જ કોઈ ભાવભંગી એવી હશે જે રવીન્દ્રનાથે પોતાની કવિતામાં ગાઈ ન હોય. બંગાળનાં દૃશ્યો અને ધ્વનિઓ, અને ખાસ કરીને તેના ગ્રામપ્રદેશનાં પ્રાકૃતિક દૃશ્યો વારંવાર એમના છંદની ઇન્દ્રજાળમાં પકડાયાં છે. કાલિદાસના

સમયથી ભારતના કવિઓ વર્ષાનો વૈભવ મન મૂકીને ગાતા આવ્યા છે. રવીન્દ્રનાથે પણ પોતાનાં સેંકડો ગીતો અને કાવ્યોમાં વર્ષાની પલટાતી રહેતી છટાઓને ઝીલી છે. ખરું જોતાં, એમનાં વર્ષાનાં ગીતો અને કાવ્યો આપણા રાષ્ટ્રીય વારસાનો એક ભાગ બની ગયાં છે. વરસાદના આગમનની સહેજ પહેલાંની તપેલી શુષ્ક ધરતીની પ્રતીક્ષા, પહેલાં ઝાપટાં પછી ભીની ધરતીમાંથી ઊઠતી હરી હરી સોડમ, નવા નવા ઊગતા ઘાસના લીલા અંકુરોમાંનો પ્રાણધબકાર, સવારના સ્વચ્છ પ્રકાશને ઝાંખો કરી નાખનાર અને સંધ્યાની છાયાને જાદુથી ભરી દેનાર કાળાં વાદળો, રાત્રિની નીરવતામાં વરસતા વરસાદનો અવિરત ઝરમર ઝરમર અવાજ--આ અને આવાં બીજાં સેંકડો ચિત્રો રવીન્દ્રનાથની જાદુભરી પદાવલિ આપણા ચિત્તને હૂબહૂ પ્રત્યક્ષ કરાવે છે. ઉપરાંત એમણે માનવહૃદયનાં સુખ-દુઃખને પણ તેમાં એવાં વણી દીધાં છે કે પ્રકૃતિ અને મનુષ્ય એકબીજાના ભાવોનો પડઘો પાડે છે અને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ઓગાળીને એકરૂપ થઈ જાય છે.

વળી રવીન્દ્રનાથે બીજી ઋતુઓની પણ ઉપેક્ષા કરી નથી. શરદ અને વસંતના ભિન્નભિન્ન ભાવોનું નિરૂપણ તેમણે કર્યું છે. નવ વસંતની ઉદ્દામ ચંચલતા, શિશિરના બંધનમાંથી મુક્ત થવાનો ભાવ, અને રંગો અને ધ્વનિઓનું એકાએક પ્રબળપણે ફૂટી નીકળવું--એ બધું જ એમનાં અનેક કાવ્યોમાં અને ગીતોમાં પ્રતિબિંબિત થયેલું છે. એ રચનાઓમાં વસંતનો કેવળ આનંદ અને શક્તિમત્તા જ નહિ પણ તેની અનિત્યતા અને ક્ષણભંગુરતા પણ પ્રતિબિંબિત થયાં છે. પૂર્ણતાના અને પરિપક્વતાના ભાવભરી શરદે અને તેનાં મેઘધોયાં સ્વચ્છ વાદળોએ રવીન્દ્રનાથનાં અનેક કાવ્યોમાં વિશેષ ભાગ ભજવ્યો છે. એમનું એક અત્યંત સફળ ગીતનાટ્ય 'શરદુત્સવ' શરદની આસપાસ જ ગૂંથાયેલું છે અને તેમાં તાત્કાલિક કામના દબાણમાંથી મુક્તિનો ભાવ રહેલો છે. શિયાળાને અને ઉનાળાને પણ એમણે વિસાર્યાં નથી. એમના એક અત્યંત પ્રસિદ્ધ કાવ્યમાં રવીન્દ્રનાથે ગ્રીષ્મની, નવજીવનના આગમનની અદ્ધર શ્વાસે પ્રતીક્ષા કરતા રુદ્ર સંન્યાસીરૂપે કલ્પના કરી.

રવીન્દ્રનાથને ધરતી સાથે આટલી નિકટતાથી બાંધનાર કેવળ પ્રકૃતિનું સૌંદર્ય જ નહોતું. પૃથ્વી એ માણસનું વાસસ્થાન છે એ કારણે પણ એમને પૃથ્વી ઉપર પ્રેમ હતો અને એમણે પોતાના માનવપ્રેમને અગણિત ગીતો અને કાવ્યોમાં વહાવ્યો છે. માનવ હૃદયની ભાગ્યે જ કોઈ એવી લાગણી હશે જેનો એમનામાંથી પ્રતિશબ્દ ન ઊઠ્યો હોય. હર્ષ અને શોકની આછી ઘેરી બધી જ છાયાઓ સાથેની પ્રેમની વિશ્વભાવના અવિસ્મરણીય શબ્દોમાં સાકાર થયેલી છે. દુઃખ, શોક અને નિરાશાપૂર્ણ પ્રતીક્ષાની અકથ્ય વેદના એટલી બધી હૂબહૂ પ્રતિબિંબિત થયેલી છે કે આપણે દંગ થઈ જઈએ. માનવ ભાવોના સાથીરૂપે પ્રકૃતિ સદૈવ હાજર હોય છે જ એવું અનુભવાયા કરે છે. તેઓ જાણતા હતા કે જીવન અદ્દોહદથી ભરેલું છે અને જગતમાં ઘણી ઊણપો છે, તેમ છતાં તેમને લાગતું હતું કે એ બધી અપૂર્ણતાઓ અને દોષો, યાતનાઓ અને ઝંખનાઓને કારણે જ દુન્યવી જીવન માણસને વધુ વહાલું લાગે છે.

રવીન્દ્રનાથને મન આ જગત કેવળ રંગભૂમિ જ નથી જ્યાં માણસ પૂર્ણતર જીવન માટે મથતો હોય, પણ એ તો એક પ્રેમાળ માતા પણ છે, જે બધા અનુભવોમાં

ઊંડા અર્થ જોવાના માણસના પ્રયાસો ઉપર નજર રાખી રહેલી છે. રવીન્દ્રનાથ કોઈ સંન્યાસી નહોતા અને તેમણે દેહના નાનાવિધ ભોગભર્યો જીવનનો ઇન્કાર કરનાર આદર્શનો જાણીબૂઝીને અસ્વીકાર કર્યો હતો. તેમ એ વિલાસી કે ભોગવાદી પણ નહોતા, કારણ, તેઓ માનતા હતા કે જીવનનું સાચું ગૌરવ, પૂર્ણતર અને સમૃદ્ધતર અનુભૂતિ માટે સતત પ્રયત્નશીલ રહેવામાં છે. પૂર્ણતર જીવન માટેની આ ઝંખના એમનાં કાવ્યોમાં વારે વારે દેખા દે છે. 'વસુન્ધરા' માં એમણે પૃથ્વીના ભર્યાભાદર્યા જીવનને અને આદિમ શક્તિના ઊભરાતા જુવાળ સાથેના માણસના અંતરંગ સંબંધને ગાયો છે. 'સ્વર્ગ હઈતે વિદાય' નામના એમના એક અતિપ્રસિદ્ધ ઊર્મિકાવ્યમાં એઓ સ્વર્ગના લાગણીશૂન્ય શાન્ત સુખને દુન્યવી જીવનમાં વહેતી સુખદુઃખની અનિર્વચનીય ધારા સાથે સરખાવ્યું છે. એમની પોતાની પસંદગી કઈ તરફ ઢળે છે એ વિશે રવીન્દ્રનાથે આપણા મનમાં લેશ પણ શંકા રહેવા દીધી નથી.

રવીન્દ્રનાથ પ્રધાનપણે ઊર્મિકવિ હતા, પણ એમના પ્રકૃતિપ્રેમ અને સર્વ જીવસૃષ્ટિ સાથેની એમની આત્મીયતાને કારણે એમનાં અનેક કાવ્યોમાં એક સુસમૃદ્ધ નાટ્યગુણ પ્રવેશ પામે છે. એમની ઊંડી માનવતા અને ન્યાય માટેની જોશીલી ઝંખના જોતાં એઓ સામાજિક અને રાજકીય વિષયો તરફ આકર્ષાય એમાં નવાઈ પામવા જેવું કશું નથી. પ્રસંગ ભલે કોઈ વિશેષ અનુભવનો હોય, તેમ છતાં એઓ જેને જેને સ્પર્શે છે તેને સર્વદેશીય અર્થની ભૂમિકા ઉપર ઉઠાવે છે. એમણે પોતાના દેશજનોના પૂર્વગ્રહો અને વહેમો વિરુદ્ધ કેટલાંક કટુ કટાક્ષકાવ્યો લખ્યાં છે, પણ તે કાવ્યો પણ, વિરલ અપવાદ બાદ કરતાં, એમનો મૂલગત માનવવાદ, એમના પ્રકોપ અને રોષની ઉપર કેવો વિજયી બને છે એ જ બતાવે છે. એમનાં રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો સુદ્ધાં એક પ્રકારની સમસ્ત માનવજાત માટેની લાગણીથી ભરેલાં છે. રવીન્દ્રનાથને મન રાષ્ટ્રપ્રેમ એટલે પોતાના દેશ અને દેશબંધુઓ માટેના પ્રેમરૂપી ભાવાત્મક ગુણ, નહિ કે પરદેશીઓ પ્રત્યેના ધિક્કારરૂપી અભાવાત્મક વલણ. આનું એક ઉત્તમ દૃષ્ટાંત એમના કાવ્ય 'ગુરુ ગોવિંદ' માં જોવા મળે છે. એ કાવ્યમાં પોતાના દેશ અને દેશજનો માટેનો ઊભરાતો પ્રેમ ગાઢ બનતો બનતો આખી માનવજાત પ્રત્યેના પ્રેમમાં પરિણમે છે. ખરું જોતાં, જેને જેને માનવ સાથે સંબંધ છે તે એમને મન પરાયું હોય શકે, એવું એમણે કદી સ્વીકાર્યું જ નથી. એમના પ્રસિદ્ધ ઊર્મિકાવ્ય 'પ્રવાસી' માં એઓ જણાવે છે કે દરેક ઠેકાણે મારું ઘર છે અને દરેક દેશમાં મારો દેશ છે. આખી માનવજાત સાથેના તાદાત્મ્યનો આ ભાવ આપણા રાષ્ટ્રગીતમાં ઉત્તમ રીતે અભિવ્યક્તિ પામ્યો છે, જેમાં રવીન્દ્રનાથ જગતના જનગણમનના અધિનાયકનું ભારતના ભાગ્યવિધાતા તરીકે આવાહન કરે છે.

રવીન્દ્રનાથનો માનવપ્રેમ અનાયાસ અને અપરિહાર્યપણે ઈશ્વરપ્રેમમાં ભળી જાય છે. અમે આ પહેલાં નિર્દેશ કરી ગયા છીએ કે એમના કલ્પનાએ અનુભવને જે રીતે ઝડપ્યો છે તેમાં પ્રકૃતિ અને માનવ કેવાં એક થઈ ગયાં છે. તેમ એમણે ઈશ્વર કદી માણસના જીવનથી અલગ અને દૂરની વસ્તુ હોય એમ માન્યું જ નથી. એમને મન ઈશ્વર પ્રધાનપણે પ્રેમસ્વરૂપ છે. માતાનો સંતાન માટેનો પ્રેમ અથવા પ્રેમીનો પ્રિયતમા માટેનો પ્રેમ એ કેવળ પ્રેમસ્વરૂપ ઈશ્વરનાં જ રૂપો છે. અને એ પ્રેમ કેવળ અધ્યાત્મવાદીની ભાવવિહ્વળ ભક્તિમાં જ પ્રગટ થાય છે એમ નહિ, સામાન્ય માનવીના રોજિંદા જીવનના વ્યવહારમાં પણ પ્રગટ થાય

છે. રવીન્દ્રનાથે વારંવાર કહ્યું છે કે ઈશ્વરનો સાક્ષાત્કાર જીવનના સામાન્ય સંબંધોમાં અને જેને આધારે જગત ટક્યું છે એવા રોજરોજનાં કાર્યોમાં કરવાનો છે. રવીન્દ્રનાથ ઉપર વૈષ્ણવ કવિતાનો અને સૂફીઓના અગમ્યવાદનો ઊંડો પ્રભાવ પડ્યો હતો એમાં શંકા નથી. એમનાં કાવ્યોમાં અને ગીતોમાં એવાં ભાવપ્રતીકો અને વિષયો ભર્યાં પડ્યાં છે જે આપણને મરમીઓના ભાવદશાના અનુભવની યાદ આપે, પણ સાથોસાથ એ કાવ્યોમાં અને ગીતોમાં આપણે રોજિંદા જીવનની હકીકતોનું તીવ્ર ભાન પણ જોવા પામીએ છીએ. એમના શબ્દોમાં અને વાક્યપ્રયોગોમાં અભિવ્યક્તિની એવી એક પ્રતીતિકરતા છે, જે કેવળ અંગત અનુભૂતિમાંથી જ પ્રગટી શકે. ભાવની સૂક્ષ્મ ભંગીઓ પ્રકૃતિના ભાવો સાથે એવી ભળી ગયેલી છે કે જેનો જોટો જગતના કાવ્યસાહિત્યમાં ઓછો જ મળે.

એમની અગમ્યવાદી કવિતાની ગુણવત્તા વિશે બે શબ્દો કહેવાની જરૂર છે. 'ગીતાંજલિ'નો અંગ્રેજી અનુવાદ પહેલવહેલો પ્રગટ થયો તે પછી યુદ્ધથી છિન્નભિન્ન અને કટુ બની ગયેલા જગતમાં શાંતિ અને પ્રેમના એના સંદેશને કારણે પશ્ચિમના લોકોએ એને ઉત્સાહથી વધાવી લીધો હતો. એ નાનકડા સંગ્રહમાંનાં કાવ્યો ગભીર શાંતિ અને શાતાથી ભરેલાં છે એમાં કોઈ શંકા નથી. એ કાવ્યોના વિષય પરિચિત છે અને ભાષા અને ભાવચિત્રો સાદાં છે તેમ છતાં તેમાં સૌંદર્ય અને સુંદરતાનો એવો એક ગુણ છે જે અનિર્વચનીય છે. યુરોપ અમેરિકાના વાચકોને તો એ કાવ્યોએ કંઈક નવું જ મળી આવ્યું હોય એવો આનંદાશ્ચર્યનો અનુભવ કરાવ્યો. પણ બંગાળીમાં એમનાં કાવ્યો વાંચનારને તો એ કાવ્યો એમનાં પહેલાંનાં કાવ્યોની સ્વાભાવિક પરિણતિરૂપ હતાં. પ્રકૃતિ અને માનવ પ્રત્યેનો પ્રેમ અજાણતાં જ આગળ વધતાં પ્રભુપ્રેમમાં મળી ગયો હતો. ગભીર અંગત દુઃખાનુભવે એમનાં ભાવપ્રતીકો અને વિષયોને એક પ્રકારની પરિપક્વતા અર્પી હતી. વધતા જતા અનુભવે એમને એ નિઃશંક સત્યનું દર્શન કરાવ્યું હતું કે આપણું સમગ્ર જીવન રહસ્યથી વીંટાયેલું છે. માનવજીવનનાં વિસ્મય અને વેદનાએ એમનાં કલ્પના-સર્જનોને એક નવી જ સહાનુભૂતિ અને સમજ આપી હતી.

નરી સાદાઈ એ રવીન્દ્રનાથનાં આ ઉત્તર વયનાં ઘણાંખરાં ઊર્મિકાવ્યોની એક લાક્ષણિકતા છે. પોતાના પ્રારંભકાળનાં કાવ્યોમાં એમણે સંસ્કૃતના વિપુલ અનુપ્રયોગો અને સ્વરસામ્યનો પુષ્કળ ઉપયોગ કર્યો છે. તેમાંની ઘણી કવિતાઓ પ્રશિષ્ટ ભારતીય સાહિત્યના વિષયો અને ભાવને ઝીલે છે. બેશક, તેમણે જૂના પ્રસંગોને નવો વળાંક આપેલો છે, તેમ છતાં ભારતની સમૃદ્ધ પ્રાચીન પુરાણકથાઓ સાથેનો સંબંધ અચૂક સચવાયો હોય છે. માનવ અને ઈશ્વર વિશેનાં એમનાં પાછલા સમયનાં કાવ્યોમાં એમણે બધા જ અલંકરણોનો ત્યાગ કર્યો છે. પોતાની ઈશ્વર સંબંધી અનુભૂતિને વ્યક્ત કરવા માટે સાદામાં સાદી માનવ પરિસ્થિતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભાષા સુદ્ધાં રોજિંદા વ્યવહારની સામાન્ય ભાષાના જેવી સાદી અને સીધી બની ગઈ છે. આ ઉત્તર કાળનાં ઘણાં કાવ્યો અને ગીતોમાં આપણે અવ્યવહિત અનુભૂતિનો સાક્ષાત્કાર કરીએ છીએ. વાણી બિલકુલ પ્રાસાદિક અને પારદર્શક બની ગઈ છે અને તેમાં વિશુદ્ધ સંગીતની સૂરાવલિની પેઠે એવી એક તાદૃશતા અને શક્તિનો અનુભવ થાય છે જે આપણને ઘણીવાર અવાક્ બનાવી દે છે.

તેમ રવીન્દ્રનાથ જીવનભર સત્યના નિર્ભીક અને નિષ્ઠાવાન શોધક હતા એ પણ આપણે ભૂલવું ન જોઈએ. આપણા દારિદ્ર્યને ઢાંકવા માટે દેખાડ અને પાખંડનો જે એક મુખવટો આપણે ઘણીવાર ઊભો કરીએ છીએ તેને એમની પ્રખર બુદ્ધિ ભેદી નાખે છે. જેમણે એમનાં મૂળ બંગાળી લખાણો વાંચ્યાં નથી તેમને એમના લખાણના એ પિંગા પૌરુષનો બહુ ઓછો પરિચય છે. એક તો અનુવાદ માટે અમુક જ કૃતિઓ પસંદ કરવામાં આવી છે અને એમની વ્યાપક બુદ્ધિશક્તિનાં ઊર્જસ્વી ઉદાહરણ બની શકે એવી કેટલીક કૃતિઓ છોડી દેવામાં આવી છે. બીજું, ઘણાંખરાં ભાષાંતરો ખરું જોતાં રૂપાંતરો છે, અને તેમાં મૂળના ઓજસ્વી બળને હળવું બનાવી દેવામાં આવ્યું છે. રવીન્દ્રનાથના જીવનમાં માનવ અને તેના ભાવિને લગતી ચિંતા બહુ વહેલી જોવા મળે છે. એમના તદ્દન શરૂઆતના કાવ્યગ્રંથોમાંના એક 'સંધ્યાસંગીત' માં સુદ્ધાં આપણે એમને જીવન અને જગતની સમસ્યાનું ચિંતવન કરતા જોઈએ છીએ. માણસની સ્વાર્થવૃત્તિ જ્યારે પ્રેમનો વેશ ધારણ કરીને ફરે છે ત્યારે તેમાંથી પરિણમતી અસુંદરતાને પણ એમણે બહુ વહેલી ઓળખી લીધી હતી. આ તત્ત્વચિંતનની વૃત્તિ 'નૈવેદ્ય' માં વધુ ઊંડી અને તીવ્ર બને છે, પણ બુદ્ધિ અને લાગણીનો સુંદરમાં સુંદર સમન્વય કદાચ 'બલાકા' માં આપણે જોવા પામીએ છીએ. 'બલાકા' માંનાં કેટલાંક કાવ્યોમાં વિચાર અને લાગણીની એવી એકરૂપતા જોવા મળે છે જે આધ્યાત્મિક ચિંતનને પણ વિશુદ્ધ ઊર્મિકવિતામાં પલટી નાખે છે.

રવીન્દ્રનાથ પોતાના જીવનના લગભગ છેલ્લા દિવસ સુધી નવીનવી અનુભૂતિઓ અને નવીનવી અભિવ્યક્તિઓ માટે મથ્યા કરતા હતા. એમની સાઠ વરસની ઉંમર પછીના દસકામાં ઊર્મિકાવ્યોનો એવો એક જુવાળ આવ્યો જે એમની તદ્દન જુવાનીની શ્રેષ્ઠ રચનાઓ સાથે સરસાઈ કરી શકે. આ ગાળાનાં કાવ્યો દુઃખથી વિશુદ્ધ બનેલી ગભીર લાગણી અને ભાવાવેશનો એક નવો જ સૂર સંભળાવે છે. એ કાવ્યોમાંના વિશ્રંભ અને અંગત ભાવોનું સ્થાન પછીના દસકામાં સમૃદ્ધ અને પરિપક્વ માનવતાવાદ લે છે. એમનાં પ્રારંભનાં લખાણોમાં જે એક વૈપુલ્ય હતું તેને બદલે હવે વિચાર અને વાણીની વિરલ કરકસર જોવા મળે છે. એમનાં કેટલાંક છેલ્લાં કાવ્યોમાં પ્રગટ થતાં સામર્થ્ય અને આત્મવિશ્વાસ બુદ્ધિની વીર્યવત્તાથી આપણને ચકિત કરે છે. વળી જીવનના અંતિમ હેતુઓ વિશે નવી જ જિજ્ઞાસા અને સાથોસાથ બધી ઊણપો અને સંભાવનાઓ સહિત જીવનનો સ્વસ્થ સ્વીકાર પણ જોવા મળે છે.

૩

રવીન્દ્રનાથે હજાર ઉપરાંત કાવ્યો અને બે હજાર જેટલાં ગીતો લખેલાં છે. એમનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું ત્યારે એમની ઉંમર માંડ પંદર વરસની હતી અને એમણે પોતાનું છેલ્લું કાવ્ય લગભગ મરણની પહેલાં જ લખ્યું હતું. આ ઉપરથી સમજી શકાય છે કે એમનાં લખાણોમાંથી પસંદગી કરવી એ આટલું બધું મુશ્કેલ શા માટે. છે? ખરું જોતાં, કોઈ પણ સંગ્રહ તૈયાર કરવો એ મુશ્કેલ કામ છે. સંગ્રહમાંથી સંપાદકનો અભિપ્રાય પ્રતિબિંબિત થતો હોય છે અને તેની પસંદગી ભિન્નભિન્ન રુચિ ધરાવનાર સૌ કોઈને સંતોષ આપી શકે એવી આશા રાખી શકાય જ નહિ. આથી આપણે જોઈએ છીએ કે

કોઈ પણ સંગ્રહ કદી પૂરેપૂરો સંતોષ આપી શકતો નથી. જો ગદ્યને આ લાગુ પડતું હોય તો કવિતાને વિશે તો એ વધારે સાચું છે. ભિન્નભિન્ન વાચકોની રુચિ ભિન્નભિન્ન હોય છે. વળી કવિતાની અપીલનો આધાર વાચકના અનુભવ અને મનઃસ્થિતિ ઉપર હોય છે. જે કવિતા એકના હૃદયને સ્પર્શે છે તે બીજાને નથી પણ સ્પર્શતી, એટલું જ નહિ, એક ને એક વાચક પણ જુદેજુદે સમયે અને જુદીજુદી લાગણીઓની અસર નીચે જુદાજુદા પ્રતિભાવ અનુભવે છે. પસંદગી ગમે એટલી કુશળતાપૂર્વક કરવામાં આવી હોય અને સંપાદક ગમે એવો નિષ્ઠાવાન હોય તોયે બધા વાચકોને બધી વખત સંતોષ આપી શકે એવો સંગ્રહ તૈયાર કરવો કદાચ શક્ય નથી.

રવીન્દ્રનાથની રચનાઓનાં વિપુલ પરિમાણ, વિસ્તાર અને વૈવિધ્યને કારણે પસંદગીનું કામ વધુ મુશ્કેલ અને વધુ આવશ્યક બની જાય છે. મહાનમાં મહાન કવિ પણ આખો વખત પ્રેરણાના શિખર ઉપર રહી શકતો નથી. તેણે અવારનવાર તંગ ઢીલા મૂકવા પડે છે અને કેટલીક વાર તો ખીણમાં ઊતરવું પણ પડે છે. કોઈ કલાસ્વામીની શ્રેષ્ઠ રચનાઓ શોધીને આસ્વાદવા માટે તેની બધી રચનાઓ જોઈ વળવાનો સરેરાશ વાચકને નથી સમય હોતો કે નથી વૃત્તિ હોતી. વિદેશી વાચકોમાં રવીન્દ્રનાથની ખ્યાતિને હાનિ પહોંચી છે કારણ રવીન્દ્રનાથનાં લખાણોની મોટે ભાગે એક જ બાજુ અને તે પણ હમેશાં પ્રબળ અને ગભીર બાજુ જ નહિ—તેમની આગળ રજૂ થતી રહી છે. આ કેવળ પરદેશી વાચકોને જ લાગુ પડે છે એમ નથી, બંગાળ બહારના ભારતીય વાચકોને પણ લાગુ પડે છે. બે અર્થમાં આ રાષ્ટ્રનું દુર્ભાગ્ય છે. એક તો, મોટા ભાગના ભારતવાસીઓ ભારતના સૌથી મહાન કવિની કેટલીક ઉત્તમ રચનાઓથી અપરિચિત રહ્યા છે; અને બીજું, બહારની દુનિયા ભારતમાં સધાયેલી ઊંડી અંતર્દૃષ્ટિ વિશે જાણવા કે સમજવા પામી નથી. એટલા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિતની દૃષ્ટિએ એ આવશ્યક છે કે રવીન્દ્રનાથનાં લખાણોમાંથી એક નવો સંગ્રહ કરવામાં આવે. સાહિત્ય અકાદેમીએ આ પડકાર ઝીલી લીધો છે અને તે આઠ ગ્રંથોમાં રવીન્દ્રનાથની ચૂંટી કાઢેલી કવિતાઓ, ગીતો, નાટકો, નવલકથાઓ, વાર્તાઓ અને નિબંધો પ્રગટ કરવા ધારે છે. એ સંગ્રહોનું પ્રથમ લક્ષ્ય ભારતની બધી ભાષાઓના વાચકોને રવીન્દ્રનાથની પ્રતિભાના વિસ્તારનો, તેની વ્યાપકતાનો અને તેની તાકાતનો વધુ સારો ખ્યાલ આપવાનું છે. બીજું અને ગૌણ લક્ષ્ય દુનિયાના બીજા દેશોના વાચકોને એ જ ભેટ સાદર કરવાનું છે.

૧૦૧ કાવ્યોનો આ સંગ્રહ, પ્રગટ કરવા ધારેલી ચૂંટેલી કૃતિઓનો પહેલો ગ્રંથ છે. આ કવિતાઓ પહેલાં દેવનાગરી લિપિમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે અને પછી હિંદની બધી પ્રધાન ભાષાઓમાં એનો અનુવાદ આપવામાં આવશે. ત્યાર પછી, એ કવિતાઓનો દુનિયાની મુખ્ય મુખ્ય ભાષાઓમાં પણ અનુવાદ કદાચ થાય. ઉત્તર ભારતની બધી ભાષાઓ વચ્ચે એટલું બધું સામ્ય છે કે જે વાચકો રવીન્દ્રનાથે જે ભાષામાં લખ્યું છે તે બંગાળી ન જાણતા હોય તે પણ જો કોઈ કવિતા વાંચી શકે તો સમજી જાય. ભાષાની બાબતમાં જ નિકટનું સામ્ય છે એમ નહિ, સમાન ભૂમિકા, સમાન વિષયો અને સમાન અનુભવોમાંથી જન્મતી લાગણી અને વલણનું પણ ઘણું સામ્ય છે. દક્ષિણ ભારતની ભાષાઓની બાબતમાં શબ્દને લગતા ભેદ બેશક ખૂબ પ્રચંડ છે, પણ ભાવ અને પરંપરાનું ઐક્ય પણ એવું જ પ્રબળ છે. અનુવાદોની મદદથી ભારતની લગભગ બધી જ ભાષાના વાચકો દેવનાગરી લિપિમાં

આપવામાં આવેલાં રવીન્દ્રનાથનાં મૂળ લખાણના સૌંદર્ય અને વ્યંજનાનો આસ્વાદ લઈ શકશે. જ્યારે પાછળથી આ કવિતાઓનો દુનિયાની બીજી ભાષાઓમાં અનુવાદ થશે ત્યારે તે આજના પ્રચલિત સંગ્રહો અને અનુવાદોના કરતાં રવીન્દ્રનાથની અનેકમુખી પ્રતિભાનો વધુ સારો પરિચય આપી શકશે એવી આશા છે.

૧૦૧ એ સંખ્યાનું કોઈ ખાસ મહત્ત્વ નથી. જો કોઈ વાચક એમ કહે કે કેવળ ઉચ્ચતમ કક્ષાનાં જ કાવ્યો લેવા છતાં આ સંખ્યા બેવડી કરી શકાય, તો હું તો એ વિધાન સામે શંકા ન ઉઠાવું. હું એવી ટીકા પણ સ્વીકારી લઉં કે આ સંગ્રહમાં ન લેવાયેલી કેટલીક કવિતાઓ લેવાયેલી કવિતાઓ કરતાં ચડિયાતી ન હોય તોય સમાન કક્ષાની તો છે જ. કોઈ પણ મોટા કવિની સર્વોત્તમ સો કે બસો કવિતા કઈ એ વિશે મતભેદને હંમેશાં અવકાશ રહેવાનો. તેમ છતાં આ સંગ્રહને વિશે હું બે દાવા કરું. એક તો, જે પ્રથમ કક્ષાનું નથી એવું કશું જ એમાં લેવામાં આવ્યું નથી; બીજું, આ પસંદગી પ્રતિનિધિરૂપની છે, અને રવીન્દ્રનાથે જે અનેક મનોવૃત્તિઓમાં અને શૈલીઓમાં લખ્યું છે તે બધાંના થોડા પણ નમૂનાને સ્થાન આપવાનો એનો પ્રયાસ છે. આ વિધાનને એક રીતે મર્યાદિત કરવાની જરૂર છે, કારણ, ગીતોને જાણી જોઈને બાકાત રાખવામાં આવ્યાં છે. રવીન્દ્રનાથનાં કેટલાંક ઉત્તમોત્તમ ઊર્મિકાવ્યોનો ગીતોમાં સમાવેશ થાય છે, પણ ગીતોનો એક અલગ સંગ્રહ પ્રગટ કરવાનો ઇરાદો હોવાથી આ ગ્રંથમાંથી તેમને બાકાત રાખવાનું સલાહભર્યું માન્યું છે.

સંગ્રહની શરૂઆત 'નિર્ઝરેર સ્વપ્નભંગ'થી થાય છે, જેનો ઉલ્લેખ હું પહેલાં કરી ગયો છું. પોતાની કવિપ્રતિભા જાગી તેનું આ કાવ્ય છે એમ એને વિશે રવીન્દ્રનાથ માને છે. એમાં જે ઊર્મિકાવ્યનો સૂર ગુંજી ઊઠ્યો છે તે રવીન્દ્રનાથના સુદીર્ઘ કવિજીવન દરમ્યાન વારંવાર ગુંજતો રહ્યો છે. કેટલીક વાર એમાં અગમ્યની ઝંખનાનો સૂર ભળ્યો છે જેમ કે 'સોનાર તરી' અથવા 'નિરુદ્દેશ યાત્રા'માં. કેટલીક વાર એ ઊર્મિકાવ્યના સૂરમાં ગંભીર માનવ લાગણીનો આવેશ અને જીવનરહસ્ય પણ ભળ્યાં છે, જેમ કે 'યેતે નાહિ દિબ,' 'વસુન્ધરા' અથવા 'ભારત-તીર્થ'માં. કેટલીક વાર નર્યું ઊર્મિકાવ્યત્વ જ પ્રધાન બની ગયું છે અને ઇન્દ્રિયગ્રાહ્યતા અને બૌદ્ધિક સામગ્રીની સંપૂર્ણ એકતા સધાઈ છે, જેમ કે, 'ઉર્વશી,' 'છબિ' અથવા 'ચંચલા'માં. આવી એકતાનો એક અત્યંત સુંદર નમૂનો 'પ્રહરે શેષેર આલોય રાઙા' નામના ખંડમાં જોવા મળે છે.

રવીન્દ્રનાથને મન અંગત દુઃખ અને વિશ્વની વિરાટ વેદના ઉપર વિજય એ માણસની મોટામાં મોટી સિદ્ધિ છે. સ્વાર્થવૃત્તિ અને વ્યક્તિગત વિસંવાદમાંથી પેદા થતાં દુઃખો ઉપર માણસ વિજય મેળવે છે. જીવનની ક્ષણભંગુરતાના અવશ્યંભાવિ પરિણામ રૂપે આવતા ગહન શોકને પણ તે અતિક્રમી જાય છે. 'વિદાય અભિશાપ'માં કચ દેવયાનીના શાપના બદલામાં તેને આશીર્વાદ આપે છે ત્યારે તે સાચી માનવતા પ્રાપ્ત કરે છે. 'બ્રાહ્મણ'માં ગુરુને સમજાય છે કે માનવનું ગૌરવ અકસ્માત અમુક કુળમાં થતા જન્મમાં નહિ પણ તેણે કોઈ પણ જાતની દિલચોરી વગર કહેલી સત્યની સ્વીકૃતિમાં રહેલું છે. 'યેતે નાહિ દિબ'માં કવિ એ વાતનો સ્વીકાર કરે છે કે કેટલીક વાર માનવ પ્રકૃતિનું જે અંતર્નિહિત સત્ય વ્યક્ત કરવામાં વ્યવહારડાહ્યાં ઓીપુરુષો નિષ્ફળ જાય છે, તે એક નાનું બાળક વ્યક્ત કરે છે. 'ગાંધારીર આવેદન'

અને 'કર્ણકુન્તી સંવાદ'માં પણ સ્નેહની હાકલ, મહત્ત્વાકાંક્ષા કે ભય ઉપર વિજયવંત થનાર માનવ ગૌરવ ઉપર એવો જ ભાર દેવાયેલો આપણે જોઇએ છીએ. 'દિદિ' જેવા નાનકડા કાવ્યમાં અથવા 'જન્મકથા'થી શરૂ થતાં સુંદર બાળકાવ્યોની માળામાં માનવ સંબંધોનું કારુણ્ય અને સૌંદર્ય ગૂંથાયેલાં છે.

રવીન્દ્રનાથે ઘણી વાર પરંપરાપ્રાપ્ત વિષયો અને પ્રસંગો વાપર્યા છે અને પ્રશિષ્ટ ભારતીય સાહિત્યના ભાવાનુષંગો અને સ્વરસામ્યોનો પણ બહોળો ઉપયોગ કર્યો છે, તેમ છતાં જેને જેને તેમણે સ્પર્શ કર્યો છે તેને તેમણે પલટી નાખ્યું છે. કાલિદાસને માટે રવીન્દ્રનાથને અત્યંત આદરભાવ હતો, તેમ છતાં તેનામાંથી પણ જ્યારે કોઈ વિષય એઓ લે છે ત્યારે તેને એવો વળાંક આપે છે કે જેથી આખું નિરૂપણ તત્ત્વતઃ આધુનિક બની જાય. રવીન્દ્રનાથને મન 'મેઘદૂત' એ કોઈ કાલ્પનિક યક્ષનો પોતાની પ્રિયતમા પ્રત્યેનો સંદેશ નથી પણ સર્વ કાળના અને સર્વ દેશના સર્વ પ્રેમીઓનાં હૃદયની મિલન ઝંખનાનો ઉદ્‌ગાર છે. 'અહલ્યાર પ્રતિ', 'ભ્રષ્ટ લગ્ન' અને 'સ્વપ્ન'માં એમણે લુપ્ત થયેલા ભૂતકાળનું વાતાવરણ ખીલવ્યું છે, પણ એમણે સ્પષ્ટ કર્યું છે કે ભૂતકાળ આપણા આજના ભાવોમાં અને મનઃસ્થિતિમાં નવેસર જીવે છે. ભૂતકાળ અને વર્તમાનકાળ વચ્ચેનો, પુરાણકથા અને અનુભવ વચ્ચેનો સંબંધ 'મદન ભસ્મેર પરે' જેવા કાવ્યમાં નિરૂપાયો છે તેના કરતાં વધુ કુશળતાપૂર્વક ભાગ્યે જ નિરૂપાયો હશે. ભૂતકાળની પરંપરાઓને અપનાવીને તેમાં ફરી પ્રાણ પૂરવાની આ શક્તિ કવિના છેક છેલ્લા ગાળાનાં કાવ્યોમાં પણ જોવા મળે છે. 'તપોભંગ'માં નવજીવનનો જુવાળ વૈરાગ્ય ઉપર અંતિમ વિજય પ્રાપ્ત કરે છે એની ઘોષણા કરતી એક પ્રાચીન પુરાણકથાનું સુંદર અને ભવ્ય અર્થઘટન અને રૂપાંતર કરેલું આપણે જોઈએ છીએ.

રવીન્દ્રનાથે કેવળ વિષય અને વસ્તુના જ નહિ, કવિતાસ્વરૂપના પણ પ્રયોગો કર્યા છે. પોતાના પુરોગામીઓના પ્રભાવથી એઓ કદી ડરતા નહોતા. એમણે બંગાળની પરંપરાપ્રાપ્ત વૈષ્ણવ કવિતામાંથી છૂટથી લીધું છે અને બિહારીલાલ જેવા કવિ પ્રત્યેનું પોતાનું ઋણ એમણે પોતે સ્વીકાર્યું છે. કોઈ પણ માણસ પોતાની આસપાસના વાતાવરણના કે પોતાના યુગના પ્રભાવથી અસ્પૃષ્ટ રહી નથી શકતો. અસ્પૃષ્ટ રહેવાના પ્રયત્નો મોટેભાગે નિષ્ફળ જ જાય છે, અને એ કવિમાં આત્મવિશ્વાસના અભાવનું લક્ષણ હોય છે. રવીન્દ્રનાથનો વિકાસ પોતાના સમકાલીન સમાજની અસર નીચે થયો હતો, પણ એ વિકાસની પ્રક્રિયાએ જ એમને જતે દહાડે એ અસરોથી પર જવાની શક્તિ આપી હતી. એક વખતે એમને પોતાના માધ્યમ ઉપર કાબૂ આવી ગયો એટલે પોતાની કવિતાના વિષય-વસ્તુ અને આકારની બાબતમાં એમણે બેધડક પ્રયોગો કર્યા અને પહેલાં બંગાળી કવિતા સાહિત્યમાં અનુભવનાં જે ક્ષેત્રોની ઉપેક્ષા થતી રહી હતી એવાં ક્ષેત્રોમાંથી એમણે પ્રેરણા મેળવવા માંડી. ખરું જોતાં, એમણે કવિતોચિત અને અકવિતોચિત વિષયનો ભેદ જ ઉડાવી દીધો. 'ક્ષણિકા'માં એઓ એવાં વિષયવસ્તુ હાથ ધરે છે જે પહેલી નજરે લેશ પણ કવિતોચિત સંભાવનાવાળાં લાગતાં નથી, પણ એમની પ્રતિભા એ વિષયોને સામાન્યતાના સ્તરમાંથી ઉઠાવી લઈને સૌંદર્યની દ્યુતિથી ઝગઝગતા કરી મૂકે છે. ગભીરમાં ગભીર અનુભૂતિ પણ સાદામાં સાદા શબ્દોમાં વ્યક્ત કરી શકાય છે અને રોજિંદા જીવનની ઘટનાઓને પણ રહસ્યના પ્રકાશથી પ્રકાશિત કરી શકાય

છે, એવા વર્ડ્ઝવર્થના દાવાને રવીન્દ્રનાથની આ ગાળાની અનેક કવિતાઓમાં જ્વલંત સમર્થન મળી રહે છે. હાસ્ય અને અશ્રુ, વિનોદ અને ભાવાવેગ એવાં એકરસ બની ગયાં છે કે તેમાંથી અભિલાષ, ઉત્કંઠા અને ઉપહાસનું એક વિચિત્ર મિશ્રણ ઉત્પન્ન થાય છે. 'કૃષ્ણકલિ', 'યથાસ્થાન' અથવા 'સેકાલ' જેવાં કાવ્યોમાં માનવ મનઃસ્થિતિઓ, ભાવો અને લાગણીઓની અદ્ભુત લીલા જોવા પામીએ છીએ.

રવીન્દ્રનાથની પ્રતિભા પ્રધાનપણે ઊર્મિકવિની પ્રતિભા હતી, તેમ છતાં કોઈ કોઈ વાર તેમનામાં સમાજનાં અનિષ્ટો સામે કટાક્ષ નહિ તોય તીવ્ર વ્યંગ્યોક્તિ જોવા મળે છે. તેઓ જાણતા હતા કે ભારતીયોમાં આધ્યાત્મિકતાનો દાવો કરવાની રીત પડી ગઈ છે તે ઘણી વાર તો વિચાર કરવાનો ઇન્કાર અથવા વિચાર કરવાની અશક્તિ જ હોય છે. 'હિં ટિં છટ'માં રવીન્દ્રનાથે ચિત્તની વિચારશૂન્યતાને ઢાંકવા માટે ધારણ કરાતી ગંભીરતાનો પડદો કોઈ પણ જાતની દયા રાખ્યા વગર ચીરી નાખ્યો છે. 'દુઈ પાખી'માં એમણે નિર્જીવ રૂઢિઓ અને મૃત પરંપરાઓથી આપણે જીવનને જે રીતે ગૂંગળાઈ જવા દઈએ છીએ તેની મશ્કરી ઉડાવેલી છે. 'દેવતાર ગ્રાસ'માં એમણે રૂઢિગત માન્યતાઓ અને માનવધર્મ વચ્ચેના સંઘર્ષને નિરૂપ્યો છે, અને જે બાહ્ય ક્રિયાકાંડોમાં માણસ ઘણી વાર સત્યને ખોઈ બેસે છે તેના ઉપર સત્ય અંતે કેવી રીતે વિજયી નીવડે છે તે બતાવેલું છે. 'અપમાનિત' અને 'ધૂલામંદિર'માં માનવના અપમાન પ્રત્યેના રોષ અને પુણ્યપ્રકોપ તથા બધા વ્યવસાયોની સમાનતાના સ્વીકાર વચ્ચેનો વિરોધ જોવા પામીએ છીએ.

કદાચ કોઈ વિવેચકો એવો વાંધો લે કે આ સંગ્રહમાં કવિની ઉત્તર વયનાં કાવ્યોની સંખ્યા વધી ગઈ છે. આ આક્ષેપમાં કદાચ કંઈક સત્ય છે, કારણ, એમાં ૧૯૨૮થી ૧૯૪૧ના ગાળામાં લખાયેલાં ૨૦થી વધુ કાવ્યો છે જ્યારે ૧૮૮૨થી ૧૯૨૪ના ગાળામાં લખાયેલાં ફક્ત ૮૦ જ કાવ્યો છે. એનું એક કારણ એ છે કે, અત્યાર સુધી મૂળ બંગાળીમાં તેમ જ બીજી ભાષામાં થયેલા અનુવાદોમાં પણ સામાન્યપણે એમના જીવનના પૂર્વભાગને વધારે પ્રતિનિધિત્વ મળતું રહ્યું છે. ઉત્તર કાળનાં કાવ્યોમાંથી કંઈક વધારે કાવ્યો પસંદ કરવા પાછળનું બીજું કારણ એ છે કે, એ પાછલા સમયનાં કાવ્યોમાં વિચાર અને વાણીનો સંયમ વધુ પ્રમાણમાં જોવા મળે છે. શિલ્પનું પ્રભુત્વ અને ભાવની એકાગ્રતા ભેગાં થવાને લીધે એ ગાળામાં કાવ્યો વધુ ઊંડાણવાળાં વધારે તીવ્રતાવાળાં બન્યાં છે. રવીન્દ્રનાથે પોતાના યૌવનની શરૂઆતમાં અનેક સુંદર પ્રેમકાવ્યો લખ્યાં છે, પણ એ કાવ્યો જીવનની સપાટી ઉપર જ રમ્યાં કરતાં હોય અને જ્યાં ઊર્મિ – આવેશ ભડભડતો હોય એવાં ઊંડાણોમાં જાણે ઊતરતાં નથી એવું લાગે છે. ખરું જોતાં, કેટલીક વાર વિવેચકોએ એમ કહ્યું છે કે એમને પ્રેમની અનુભૂતિ કરતાં શબ્દોની અને અભિવ્યક્તિની રીતિની વધારે પડી છે. આ વાત તદ્દન સાચી નથી, કારણ એ ગાળાનાં કાવ્યોમાં પણ આ[illegible] 'રાત્રે ઓ પ્રભાતે' જેવાં કાવ્યો અને 'સ્વર્ગ હઇતે વિદાય'માં છે તેવા ઊર્મિ-[illegible]ભર્યાં ખરાં મળે છે, પણ એ કાવ્યોને એમનાં પાછલાં કાવ્યો જોડે મૂકીએ તો કબૂ[illegible]ર્યા વગર આપણો છૂટકો નથી કે એ પાછલાં કાવ્યોમાં એવું ઊંડાણ અને [illegible] છે, જેનો પહેલાંનાં કાવ્યોમાં અભાવ છે. 'પૂર્ણતા' અથવા 'આશંકા'ના સંયમની [illegible]ભાવની ઘનતાની બરોબરી કરી શકે એવાં કાવ્યો કોઈ પણ ભાષામાં ઓછાં જ હોવાનાં.

ભાવની વધતી જતી ઘનતા અને એકાગ્રતા ઉપરાંત, એમનાં છેલ્લા ગાળાનાં કાવ્યોમાં જીવનની રહસ્યમયતાને લગતા પ્રશ્નોમાં એઓ ઉત્તરોત્તર વધુ ને વધુ રસ લેતા જોવામાં આવે છે. બંગાળી કવિતાસાહિત્ય ખૂબ સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ હોવા છતાં તેમાં એક જાતની પ્રાદેશિકતા જોવા મળે છે. ઉત્તમમાં ઉત્તમ વૈષ્ણવ ગીતો પણ સ્થાનિક વાતાવરણમાં એવાં જકડાઈ ગયેલાં છે કે તેમને એમના સંદર્ભમાંથી બહાર કાઢી જ ન શકાય. રવીન્દ્રનાથની એક મહાન સિદ્ધિ એ છે કે એમણે નાગરિકતા અને સર્વદેશીયતાનો એક નવો જ સૂર દાખલ કર્યો. એ બે ગુણોને લીધે એમનાં કાવ્યોની અપીલ બંગાળના વતનીને જેટલી થાય છે તેટલી જ યુરોપ કે અમેરિકાના વતનીને પણ થાય છે. આ નાગરિકતા અને સર્વદેશીયતાનો સૂર એમના લાંબા જીવન દરમ્યાન સતત ઘેરો થતો રહ્યો અને એમનાં છેલ્લા ગાળાનાં કાવ્યોમાં તો એ ગુણ ખૂબ જ આંખે ઊડીને વળગે એવા પ્રમાણમાં જોવા મળે છે. વળી એ કાવ્યોનું બીજું નોંધપાત્ર લક્ષણ એ છે કે એમાં માણસની સાથે—તેના બધા જ પુરુષાર્થો અને પ્રયાસોમાં, તેની આશાઓ અને નિષ્ફળતાઓમાં, તેની અભીપ્સાઓ અને રોજિંદા કાર્યોમાં—આત્મીય સંબંધ સ્થાપવાનો પ્રયત્ન રહેલો છે. રવીન્દ્રનાથને એમના અંતિમ દિવસોમાં જે શારીરિક વેદનાનો સામનો કરવો પડ્યો હતો તે પણ એવી તાદૃશતાથી અને તીવ્રતાથી વ્યક્ત થઈ છે કે જેનો જોટો ભાગ્યે જ મળે. 'અવસાન ચેતનાર' અથવા 'ગણુશોધ' જેવાં કાવ્યોમાં વાણીની જે કરકસર છે તે એમના યૌવનના પ્રારંભનાં કાવ્યોમાંના નિર્બંધ અને અલંકારપ્રચુર વાણીના જુવાળથી બિલકુલ વિપરીત જ વરતુ છે. એમણે લખેલાં છેલ્લાં કાવ્યોમાં કેવળ સંયમ અને કરકસર જ છે એમ નહિ, પણ ભર્યોભર્યોપણાનો અને સંપૂર્ણતાનો પણ એક ભાવ રહેલો છે. એમ લાગ્યા કરે છે કે જાણે તેમણે જીવન અને જગત સાથે સમાધાન કરી લીધું ન હોય. જગતમાં દુઃખ દારિદ્ર અને યાતના છે, અવશ્યંભાવી મૃત્યુ જીવનનો પીછો પકડી રહ્યું છે, તેમ છતાં બધી અપૂર્ણતાઓવાળું આ જીવન કંઈ નિરર્થક કે મૂલ્ય વગરનું નથી. 'એ જીવને સુન્દરેર' અથવા 'મધુમય પૃથિવી ધૂલિ'માં મૃત્યુની ઝીણી છાયામાં જીવનના વિજયનો જ ભાવ ભરેલો છે.

કોઈ કવિના ચિત્તના વિકાસનો આલેખ દોરવો એ અશક્ય નહિ તોય મુશ્કેલ તો છે જ. અનુભવનાં અન્ય ક્ષેત્રોમાં વિકાસનું એક સાતત્ય હોય છે જે અમુક નિયમોને વશ વર્તતું લાગે છે. પણ કવિતાની બાબતમાં પ્રેરણામાં કોઈ ગૂઢ અને ન સમજાવી શકાય એવી રીતે વૃદ્ધિ અને ક્ષય થતા હોય છે. કોઈ કવિનાં કેટલાંક મહાનમાં મહાન કાવ્યો તેની જુવાનીની શરૂઆતમાં લખાયેલાં હોય છે, તો પોતાની પુખ્ત વયમાં તે કેવળ મધ્યમ કક્ષાનાં કે પરંપરાગત કાવ્યો જ આપે છે. રવીન્દ્રનાથ પણ આ નિયમને અપવાદ નથી, અને આપણે જોઈએ છીએ કે એમના શરૂઆતના ગાળામાં એમણે કેટલાંક ઉત્કૃષ્ટ કાવ્યો લખેલાં છે અને પોતાની ઉત્તર વયમાં એમણે કેટલાંક પ્રેરણાશૂન્ય કાવ્યો લખેલાં છે. તેમ છતાં એંસી વર્ષના દીર્ઘ આયુષ્ય દરમ્યાન એમણે જે રીતે પ્રેરણાને ટકાવી રાખી હતી તેને કારણે એઓ સર્વ કાળના મોટામાં મોટા કવિઓની હરોળમાં સ્થાન પામે છે. જે શક્તિ અને પ્રાણદ્રેકને કારણે એઓ આ સિદ્ધિ મેળવી શક્યા તેનાં મૂળ એમના વ્યક્તિત્વની એકતા અને સુસંકલિતતામાં રહેલાં છે. જે ભિન્નભિન્ન ધાગાઓ મળીને આજની ભારતની સંમિશ્ર સંસ્કૃતિ બનેલી છે તે બધા એમનામાં એકત્ર થયા હતા. ભારતના બહુમુખી જીવનનાં વિવિધ પાસાંને ઝીલીને

પ્રતિબિંબિત કરવામાં જ એમનો વિશેષ મહિમા છે. એમણે સંસ્કૃત સાહિત્યમાંથી પુષ્કળ લીધું છે અને બંગાળીના શબ્દભંડોળમાં અને છંદોમાં ખૂબ વધારો કર્યો છે. એમણે વૈષ્ણવ ઊર્મિકાવ્યતર અને સૂફી અગમ્યવાદી સંવેદનને લગભગ સંપૂર્ણપણે એકરસ બનાવી દીધાં હતાં. મધ્યયુગીન સામંતશાહીની પાછળ પાછળ જે દરબારી રીતરસમો વિકસી હતી તેને એમણે સમભાવ અને કલ્પનાપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. એની સાથોસાથ બહુજન સમાજના જીવનની સામગ્રી જે અત્યાર સુધી વણવપરાઈ રહી હતી તેનો પણ એમણે ઉપયોગ કર્યો. બંગાળનાં ગામડાંનાં ભાવચિત્રો અને પ્રતીકો એમનાં કાવ્યના પટમાં અપૂર્વ કૌશલપૂર્વક વણાઈ ગયેલાં છે. ઉપરાંત એમણે યુરોપના આદર્શો અને મનઃસ્થિતિઓને પણ બંગાળી સાહિત્યમાં દાખલ કર્યાં છે. 'બલાકા'નાં ઘણુંખરાં કાવ્યોમાં શક્તિ અને ગતિનો જે ભાવ છે તેનાં મૂળ આપણે યુરોપમાંથી બતાવી શકીએ. બધું જ ક્ષણિક છે એ તો માણસની બહુ જ પ્રાચીન શોધ છે, પણ રવીન્દ્રનાથે એને સર્વ વસ્તુઓમાં સુપ્ત રહેલી ગતિનું પ્રતીક બતાવીને એને નવો જ અર્થ અર્પ્યો છે.

ટૂંકમાં, રવીન્દ્રનાથની કવિતા પ્રાચીન ભારતનો સમૃદ્ધ પ્રશિષ્ટ વારસો, મોગલ દરબારની મોકળાશભરી જીવનરીતિઓ, બંગાળની જનતાના જીવનની સાદી હકીકતો અને અર્વાચીન યુરોપની પ્રવૃત્તિપ્રવણ શક્તિ અને બૌદ્ધિક વીર્ય—એ બધાનાં મિશ્રણમાંથી જન્મેલી છે. એઓ સર્વ યુગોના અને સર્વ સંસ્કૃતિઓના વારસદાર છે. અનેક જુદા જુદા તંતુઓ અને વિષયોના આ સંયોજનને લીધે જ એમની કવિતાને લવચીકતા, સર્વદેશીયતા અને અપાર હૃદયગ્રાહિતા પ્રાપ્ત થઈ છે.

કિંશુકમાલા

એઓશ્રીનો પરિચય

એમ. પી. (મેમ્બર પાર્લમેન્ટ) છે થયા ચૂંટાઈ બાસઠમાં,
શ્રમશિબિર-ઉદ્ઘાટન કરવા, જીપ ચડી આવ્યા વટમાં;—
તીકમ ત્રણ માર્યાં ત્યાં "કટ" કૅમેરામાં થઈ ગયા,
મેદજ સ્વેદ તણાં બિંદુના મોં પર રેલા વહી રહ્યા;
શ્રમ–ગૌરવ, શ્રમ–મહિમા ને શ્રમ–દાન વિશે ભાષણ કરતા
ભારે ભોજન થકી ઉતારી થાક, પછી એ ઘર પળતા :
મિસ્ટર મટી મિનિસ્ટર થાવા એઓશ્રી ઉર ધરતા આશ,
પરસેવા વિણ પર-સેવા યશ મેળવવા ઉરમાં અભિલાષ

નટવરલાલ પ્ર. બુચ

મુશ્કેલ છે." બોહ્ર માત્ર એક સમર્થ ભૌતિકશાસ્ત્રી જ નહિ પરંતુ એક આદર્શ શિક્ષક પણ હતો. તેજસ્વી વિદ્યાર્થીઓને આકર્ષી, તેમને પ્રેરણા આપી, ઊંચી કક્ષાનું કામ કરાવવાની તેનામાં આવડત હતી. તેનો સ્વભાવ અત્યંત પ્રેમાળ હતો. બોહ્ર અને તેના વિદ્યાર્થીગણ (school) વચ્ચેનો સંબંધ પ્રાચીન ઋષિમુનિઓ અને તેમના શિષ્યોના સંબંધની યાદ અપાવે તેવો હતો. અમેરિકન ભૌતિકશાસ્ત્રી વ્હીલરે (Wheeler) બોહ્ર અને તેના વિદ્યાર્થીઓને પ્લેટો અને તેના વિદ્યાર્થીગણ સાથે સરખાવ્યા હતા. પોતાની પ્રયોગશાળા ઉપરાંત દુનિયાની ઘણી ભૌતિકશાસ્ત્ર સંશોધન શાળાઓમાં બોહ્રની પ્રેરણા દૃષ્ટિગોચર થતી હતી. પરમાણુ બોમ્બ પ્રયોગશાળાના વડા જે. રોબર્ટ ઓપનહેમરે (J. Robert Oppenheimer) લખ્યું છે કે, "આ સમય (૧૯૨૦) તેજસ્વી હતો. જુદા જુદા પ્રદેશનાં અનેક વૈજ્ઞાનિકોના સહકારથી જ આવી ઉજ્જવળ સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. માત્ર કોઈ એક વૈજ્ઞાનિકની આ સિદ્ધિ ન ગણી શકાય; પરંતુ પ્રથમથી છેવટ સુધી બોહ્રની ઊંડી, સર્જક, તીવ્ર અને વિવેકભરી દૃષ્ટિ આ સિદ્ધિને માર્ગદર્શન આપવા, અને જ્વલંત વિજય અપાવવા માટે જવાબદાર હતી." મહાન વૈજ્ઞાનિકોની ખાસિયત અને ખાસ કરીને હાલના ભૌતિક વિજ્ઞાનના વૈજ્ઞાનિકોની અગત્યની ખાસિયત નમ્રતા છે. બોહ્ર પોતે કોઇ વિધાન વિષે જક્કી (dogmatic) વલણ લેતો ન હતો. બોહ્રનું એક માનીતું વાક્ય હતું: "હું જે જે વાક્ય બોલું છું તે સત્ય નહિ પણ સત્ય શોધવાના પ્રશ્ન તરીકે ગણાવું જોઈએ."

તેજસ્વી અને લોકપ્રિય બોહ્ર વૈજ્ઞાનિક સંશોધનમાં રાજ્યની દખલનો ઉગ્ર વિરોધી હતો. જ્યારે નાઝીઓએ જર્મન યુનિવર્સિટીના વિજ્ઞાનના પ્રાધ્યાપકો કે જેઓનાં લખાણ નાઝીવાદને અનુકૂળ ન હતાં અથવા જે વૈજ્ઞાનિકોમાં યહૂદી લોહી વહેતું હતું તેમને હેરાન કરવા માંડ્યા ત્યારે બોહ્રે આ વૈજ્ઞાનિકોને કોપનહેગન આવવાનું આમંત્રણ આપ્યું હતું અને જ્યારે જ્યારે આવા વૈજ્ઞાનિકો કોપનહેગન આવતા ત્યારે સ્ટેશન પર બોહ્ર કે તેના વિદ્યાર્થીઓ તેમને આવકારવા અચૂક હાજર રહેતા. ઈ. સ. ૧૯૩૯ની શરૂઆતમાં બોહ્ર અમેરિકાની 'ભાષણ-યાત્રા'એ ઊપડ્યો હતો. ત્યાં શ્રીમતી લીસે મીટનર (Lise Meitner) અને ફ્રીશ, (Frisch) નામના બન્ને ભૌતિકશાસ્ત્રીઓએ ખબર આપી કે જર્મન વૈજ્ઞાનિકો ઓટોહાન (Otto Hahn) અને સ્ટ્રાસમાન (Strassmann) પરમાણુનું ભંજન કરવામાં સફળ નીવડ્યા છે. બોહ્રે અમેરિકામાં આ વાત સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો કે જેમાંના કેટલાક તેના શિષ્યો હતા તેમની સાથે અને ખાસ કરીને ઈટાલિયન ભૌતિકશાસ્ત્રી એનરિકો ફર્મી (Enrico Fermi) સાથે ચર્ચી. બોહ્રે આ સમયે અગત્યની શોધ કરી કે યુરેનિયમના ત્રણ સમસ્થાનિકો (Isotopes) માંથી યુરેનિયમ-૨૩૫, ભંજન માટે અનુકૂળ છે. પરમાણુ બોમ્બની શોધમાં બોહ્રનું આ સૂચન ખૂબ જ ઉપયોગી નીવડ્યું. આ વિષય પરત્વે ઝડપથી સંશોધનો અમેરિકન યુનિવર્સિટીમાં શરૂ થયાં. પ્રથમ પરમાણુ બોમ્બ બનાવવાના પ્રયોગો અમેરિકા, ઇંગ્લાંડ અને કેનેડામાં આરંભાયા. બોહ્ર ઈ. સ. ૧૯૪૦માં કોપનહેગન પાછો આવ્યો. એપ્રિલ ૧૯૪૦માં નાઝીઓએ ડેન્માર્કને થોડા જ સમયમાં સર કર્યું. માતૃપક્ષે યહૂદી લોહી હોવા છતાં, પ્રથમ તો બોહ્રે પોતાની માનીતી સંસ્થામાં કામ કરવાનું ચાલુ રાખ્યું. પરંતુ ઈ. સ. ૧૯૪૩માં એને ખબર પડી કે નાઝીઓ તેને કેદ કરવાની તૈયારીઓ કરે છે ત્યારે રાતોરાત પોતાની પત્ની અને પુત્ર સાથે એક નાનકડી

માછલી-બોટ (Fishing boat) માં સ્વીડન નાસી ગયો. બોહ્ર 'ભુલકણો' પ્રોફેસર હતો. તે જ્યારે ડેન્માર્કમાંથી નાસી છૂટયો ત્યારે પરમાણુ ભંજન માટે અત્યંત અનિવાર્ય એવા ભારે પાણી (D_2O) ની બાટલીને બદલે ભૂલથી બીયરની બાટલી જોડે લઈ ગયો હતો એમ કહેવાય છે. બ્રિટિશ બોમ્બરમાં સ્વીડનથી ઇંગ્લાંડ થઈ બોહ્ર અમેરિકા પહોંચ્યો અને પરમાણુ બૉમ્બ બનાવવાનો કાર્યક્રમ કે જેનું નામ 'મેનહટન પ્રોજેક્ટ' (Manhattan Project) રાખવામાં આવ્યું હતું તેમાં તે દાખલ થઈ ગયો. ત્યાં તેણે પરમાણુ બૉમ્બ બનાવવા માટે જરૂરી સૈદ્ધાંતિક સંશોધનોમાં મહત્ત્વનો ભાગ લેવા માંડ્યો. પરંતુ પ્રથમ બૉમ્બ બનાવવામાં આવ્યો અને તેનો ઉપયોગ થાય તે પહેલાં બોહ્રનો આ વિષયમાંથી રસ ઊડી ગયો, અને તરત જ પોતાની માનીતી સંસ્થામાં કામ કરવા કોપનહેગન ચાલ્યો ગયો. પરમાણુ શક્તિના યુદ્ધમાં ઉપયોગમાં મહત્ત્વનો ભાગ ભજવનાર, વૈજ્ઞાનિકો બોહ્ર અને આઇન્સ્ટાઇન બન્નેને આવાં શસ્ત્રોની વિનાશકતાનો પૂરેપૂરો ખ્યાલ હતો. બોહ્રે પોતાના શેષ જીવનમાં પરમાણુ ભંજનના શાંતિમય ઉપયોગો શોધવાનું નક્કી કર્યું. ડેનિશ પરમાણુશક્તિ કમિશનના વડા તરીકે બોહ્રે પરમાણુ ભંજનના શાંતિમય ઉપયોગો શોધવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ઈ. સ. ૧૯૫૫માં "શાંતિ માટે પરમાણુ" ની જીનિવાની સભાના પ્રમુખ તરીકે તેને ચૂંટવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૯૫૭માં "ફોર્ડ"નું 'શાંતિ માટે પરમાણુ' નું ૭૫,૦૦૦ ડૉલરનું ઇનામ મળ્યું. જીવનના પાછલા ભાગમાં બોહ્રે ક્વૉન્ટમ સિદ્ધાંતનો ઇતિહાસ લખવાનો શરૂ કર્યો. ઈ. સ. ૧૯૬૨માં એકવાર લોહી પડ્યું એટલે આરામ કરવા લાગી ગયો અને સાજો થતાં પોતાની વહાલી સંસ્થામાં કામ કરવા માંડ્યો. એક સહાધ્યાયી સાથે કામ કરતાં કરતાં તેને સહેજ ચક્કર આવવા માંડ્યા, માથાનો દુખાવો થયો અને તે બેભાન થયો. નવેમ્બરના ત્રીજા અઠવાડિયામાં આ મહાન વૈજ્ઞાનિક હૃદયરોગના હુમલાનો ભોગ બની ચિરંજીવ શય્યામાં પોઢી ગયો.

હવે બોહરના વૈજ્ઞાનિક ફાળા વિષે વિચાર કરીએ.

ઓગણીસમી સદીની શરૂઆત (૧૮૦૩)માં બ્રિટનવાસી, શિક્ષક અને વૈજ્ઞાનિક જહોન ડાલ્ટને પરમાણુવાદની સ્થાપના કરી. રાસાયણિક પ્રક્રિયામાં કે કુદરતમાં મળી આવતા સરળમાં સરળ પદાર્થને 'તત્ત્વ' કહે છે. તત્ત્વ પરમાણુનું બનેલું હોય છે. દરેક તત્ત્વના પરમાણુ વિશિષ્ટ ગુણધર્મવાળા હોય છે. દરેક પદાર્થ આવા અત્યંત સૂક્ષ્મ અને વિભિન્ન (discrete) અસ્તિત્વવાળા પરમાણુનો બનેલ હોય છે. પરમાણુને હાથ કે આરસપહાણની લખોટી સાથે સરખાવી શકાય. એમ મનાતું કે એક તત્ત્વમાંથી બીજું તત્ત્વ મેળવી શકાય નહિ. લગભગ સો વર્ષનું લાંબું આયુષ્ય ભોગવીને ડાલ્ટનનો આ પરમાણુવાદ નષ્ટ થયો. બ્રિટિશ વૈજ્ઞાનિક અને ઇલેક્ટ્રૉનના પિતા સર જે. જે. થોમસને (J. J. Thomson) (૧૮૯૭) પ્રયોગ દ્વારા બતાવ્યું કે પરમાણુ વિભાજ્ય છે. તેમાં સૂક્ષ્મ ઋણવિજભારવાળા કણો (ત્રિજ્યા $૧૦^{-૧૩}$ સે. મી.) રહેલા છે. આ કણોને ઇલેક્ટ્રૉન કહેવામાં આવે છે. પરમાણુ વિજભાર-રહિત છે. એનો અર્થ એ થયો કે પરમાણુમાં ધનભાર હોવો જોઈએ. ન્યુઝીલાંડના રહેવાસી અને બોહ્રના પરમ મિત્ર રૂધરફર્ડે આ વિષયમાં અનેક સંશોધનો કર્યાં. તેણે એક પ્રયોગ દ્વારા બતાવ્યું કે જ્યારે ધનભારવાળા આલ્ફા-

કિરણો પરમાણુ તરફ ફેંકવામાં આવ્યાં ત્યારે તેમાંનાં ઘણાં તો સીધાં પસાર થઈ ગયાં, પરંતુ થોડાંક કોઈ ધન વસ્તુ સાથે અથડાયાં હોય તેમ પાછાં ફર્યાં. આ ઉપરથી એમ સિદ્ધ થયું કે પરમાણુનો થોડોક ભાગ ધનભારવાળો હોવો જોઈએ. આ ધનભારવાળો ભાગ પરમાણુની મધ્યમાં હોય છે, અને તેને કેન્દ્ર (Nucleus) કહેવામાં આવે છે.

આ મધ્ય ભાગ પરમાણુ કરતાં અત્યંત સૂક્ષ્મ હોય છે. પરમાણુની ત્રિજ્યા $૧૦^{-૮}$ સે. મી. જેટલી હોય છે. દાખલા તરીકે ૧૨' × ૧૨' × ૧૨' ના રૂમ જેવડો પરમાણુ હોય તો કેન્દ્ર કીડીના માથા જેવડું થાય. કેન્દ્રની ત્રિજ્યા લગભગ $૧૦^{-૧૩}$ સે. મી. જેટલી છે. કેન્દ્રમાં પ્રોટોન અને ન્યુટ્રોન નામના બે કણો રહેલા છે. પ્રોટોનનો વીજભાર ધન છે જ્યારે ન્યુટ્રોન વીજભાર રહિત છે. પરમાણુમાં વિશ્વની માફક શૂન્યાવકાશ રહેલો છે. માત્ર મધ્યના થોડા ભાગમાં કેન્દ્ર છે અને તેની આજુબાજુ ઈલેક્ટ્રોન ફરે છે. ન્યુટ્રોન અને પ્રોટોનની કુલ સંખ્યાને પરમાણુના પરમાણુભારાંક (Mass number) કહેવામાં આવે છે. કેન્દ્રમાં રહેલ પ્રોટોન અને કક્ષામાં ફરતા ઇલેક્ટ્રોનની સંખ્યા સરખી હોય છે. અને આ (અથવા ઈલેક્ટ્રોનની) સંખ્યાને પરમાણુઅંક (Atomic number) કહેવામાં આવે છે. ઈ. સ. ૧૯૦૩માં પોલાન્ડમાં પિયર અને ફ્રાન્સમાં સાસરાવાળી મેડમ ક્યુરી (Mme. Curie) તથા તેના પતિ પાયરી ક્યુરી (Piere Curie)એ સિદ્ધ કર્યું કે રેડિયમ તત્ત્વમાંથી સતત કિરણો નીકળે છે. રૂથરફર્ડે જણાવ્યું કે આ કિરણો ત્રણ પ્રકારનાં હોય છે. ધનવીજભારવાળાં આલ્ફા કિરણો, ઋણવીજભારવાળાં બીટા કિરણો અને વીજભાર વગરનાં ગેમા કિરણો. અમુક (આશરે ૨૦૦) પરમાણુભારથી વધુપરમાણુ ભારવાળાં તત્ત્વોમાંથી આવાં કિરણો સતત નીકળે છે. આમ આવાં પરમાણુ નાશવંત છે. અને તેમાંથી કિરણો નીકળવાના પરિણામે નવું તત્ત્વ બને છે. જ્યારે કોઈ પણ તત્ત્વમાંથી આલ્ફા કિરણ નીકળે છે ત્યારે નવા તત્ત્વનો પરમાણુભાર ચાર એકમ અને પરમાણુઅંક બે એકમ જેટલો ઓછો હોય છે. જ્યારે બીટા કિરણ નીકળે છે ત્યારે નવા તત્ત્વનો પરમાણુભાર ઘટતો નથી પરંતુ પરમાણુઅંક એક એકમ વધે છે. આમ જો કોઈ તત્ત્વમાંથી પહેલાં આલ્ફા કિરણ નીકળે અને પછી તેમાંથી બે બીટા કિરણો નીકળે તો તે તત્ત્વનો પરમાણુભાર ચાર એકમ ઓછો થાય છે પરંતુ પરમાણુઅંક સરખો રહે છે. આવાં તત્ત્વોને સમસ્થાનિકો કહે છે. સમસ્થાનિકોના રાસાયણિક ગુણધર્મો સરખા હોય છે અને આવાં તત્ત્વો આવર્ત કોષ્ટકમાં એક જ સમૂહમાં રહે છે. ઉપરના નિયમો કુદરતમાં મળી આવતા રેડિયોએક્ટિવ તત્ત્વોને લાગુ પડે છે. આ નિયમો પણ રૂથરફર્ડે શોધી કાઢ્યા હતા. માઈકલ ફેરેડે (Michael Faraday) પછીના ઇંગ્લાંડના મોટામાં મોટા પ્રયોગિક ભૌતિકશાસ્ત્રના નિષ્ણાત રૂથરફર્ડે ઇ. સ. ૧૯૧૯માં બીજી એક નવી શોધ કરી. જ્યારે નાઈટ્રોજનના પરમાણુ પર આલ્ફા કિરણો ફેંકવામાં આવે છે ત્યારે ઓક્સિજન ઉત્પન્ન થાય છે.

$$ {}^{14}_{7}N + {}^{4}_{2}He \rightarrow {}^{18}_{9} \text{ સંયુક્ત કેન્દ્ર} \rightarrow {}^{17}_{8}O + {}^{1}_{1}H $$

આ સમીકરણમાં ઉપરની સંખ્યા પરમાણુભાર તથા નીચેની સંખ્યા પરમાણુઅંક દર્શાવે છે. આમ એક તત્ત્વમાંથી બીજું તત્ત્વ બનાવી રૂથરફર્ડે કીમિયાગીરી સિદ્ધ કરી બતાવી. મેડમ ક્યુરીની પુત્રી ઈરીન ક્યુરી (Irene Curie) અને તેના પતિ જોલીયટ (F. Joliot)

જાહેર કર્યું કે આવી પ્રક્રિયાઓમાં બનતું તત્ત્વ પણ રેડિયોએક્ટિવ હોય છે. આનો અર્થ એમ કે નવા તત્ત્વમાંથી કિરણો બહાર નીકળી બીજું તત્ત્વ બને છે. જેમ કે,

$$^{24}_{12}Mg + ^{4}_{2}He \rightarrow ^{27}_{14}Si + ^{1}_{0}n$$

એટલે કે મેગ્નેશિયમ પર આલ્ફા કણો ફેંકતાં રેડિયોએક્ટિવ સિલિકોન બને છે અને ન્યુટ્રોન ઉત્પન્ન થાય છે. આ રેડિયોએક્ટિવ સિલિકોનમાંથી એલ્યુમિનિયમ ઉત્પન્ન થાય છે અને પોઝીટ્રોન બહાર ફેંકાય છે.

$$^{27}_{14}Si \rightarrow ^{27}_{13}Ai + ^{1}_{0}P$$


બેરિલિયમના કેન્દ્ર પર આલ્ફા કિરણોની અસરથી પ્રથમવાર એક નવી જાતનો કણ ન્યુટ્રોન મળી આવ્યો.


$$^{9}_{4}Be + ^{4}_{2}He \rightarrow ^{12}_{6}C + ^{0}_{1}n$$

ઈ. સ. ૧૯૩૨માં રૂધરફર્ડની પ્રયોગશાળામાં ચેડવીકે (Chadwick) કરેલી ન્યુટ્રોનની શોધ અગત્યની ગણાય છે. જુદાં જુદાં તત્ત્વોને વિયુક્ત (disintegrate) કરવા માટે આલ્ફા કણો ઉપરાંત બીજા કણો વપરાય છે. તત્ત્વનું કેન્દ્ર ધનવીજભારવાળું હોઈ ધનભારવાળાં આલ્ફા કણો તથા પ્રોટોન સામે વિગમન (Repulsion) બતાવે છે. ન્યુટ્રોન વીજભાર રહિત હોવાથી કેન્દ્રીય ફેરફારને માટે વધુ અસરકારક નીવડે છે. તત્ત્વનો પરમાણુભાર વધારે હોય તો વધુ ગતિવાળા કણોના ઉપયોગથી કેન્દ્રીય ફેરફાર કરી શકાય છે. એક નાની લખોટીને ભાંગવા માટે જોઈતાં બળ કરતાં મોટા લખોટાને ભાંગવા વધુ બળ જોઈએ એ દેખીતું છે. અસ્ત્રો તરીકે વપરાતાં જુદા જુદા કણો જેવા કે આલ્ફાકિરણો, પ્રોટોન, ન્યુટ્રોન વગેરેને પ્રયોગશાળામાં વધુ વેગવાળાં બનાવવામાં આવે છે. સાયક્લોટ્રોન, બીટાટ્રોન જેવાં યંત્રોની મદદથી આવા કણોને વેગીલા બનાવવામાં આવે છે. આવા વેગવાળા ન્યુટ્રોન પરમાણુ બોમ્બ બનાવવામાં અત્યંત ઉપયોગી થઈ પડ્યાં. રૂધરફર્ડે સૂચવ્યું હતું કે સૂર્યની આસપાસ ફરતા ગ્રહોની માફક કેન્દ્રની આસપાસ ઈલેક્ટ્રોન ફરે છે. પરંતુ આ વિધાન સ્વીકારવામાં અનેક મુશ્કેલીઓ રહેલી છે. સૂર્ય અને ગ્રહો વીજભાર રહિત છે જ્યારે કેન્દ્ર અને ઈલેક્ટ્રોન અનુક્રમે ધન અને ઋણ વીજભારવાળાં છે. આથી ઈલેક્ટ્રોન કેન્દ્ર તરફ આકર્ષાય છે. આવી પ્રણાલી સ્થાયી ન રહી શકે. ઈલેક્ટ્રોનની ફરવાની કક્ષા વધુ ને વધુ નાની થતી જાય અને અંતે ઈલેક્ટ્રોન કેન્દ્રમાં પડી નાશ પામે. આવી પ્રણાલીનો વર્ણપટ સળંગ રહે છે પરંતુ પરમાણુનો વર્ણપટ વિભિન્ન (discrete) છે. આ મુશ્કેલીનો તોડ રૂધરફર્ડની પ્રયોગશાળામાં કામ કરતા બોહ્‌રે સૂચવ્યો. રૂધરફર્ડના સૂચન અને મેક્સ પ્લાન્ક (Max Planck) ના ક્વોન્ટમ સિદ્ધાંતનો સમન્વય સાધી તેણે એક વ્યાવહારિક ઉકેલ શોધી કાઢ્યો. બોહ્‌રનો ઉકેલ આ સમયની એક મહત્ત્વની શોધ ગણાય છે. આ ઉકેલના શોધને સમજવા માટે પ્રથમ આપણે પ્લાન્કનો ક્વોન્ટમ સિદ્ધાંત સમજવો જરૂરી છે.

અપૂર્ણ] [આવતા અંકમાં પૂરો થશે.]

❊





સં ૨૦૧૮
વૈશાખ

મનારાયણ વિશ્વનાથ પાઠક

રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

ॐ પ્રસ્થાન ॐ

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૬ વૈશાખ : ૨૦૧૯ અંક ૧

મન ચલ્લી

સુન્દરમ્

જાય ઢળી મન ચલ્લી,
હળુ હળુ આંખ મળી,
મુજ પાંખ અહો ઊઘડી!

શા દેશ–કશા દરવેશ,
શા મઘમઘતા આ કેશ –
નયનમાં કોણ ઈલમની મેશ –
હસુ હસુ વાત ચડી,
જાય ઢળી.

આ ઊંચાં ઊંચાં આભ –
આ તેજ છલકતી છાબ –
આ અણદીઠા અસબાબ –
કો મૂરત આવી ચડી.
જાય ઢળી.

ॐ

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ ૨૪–૫૨ રાજ્યનીતિ

પ્રશ્ન : આપણી પરરાજ્યનીતિનાં અત્યારે કેવાં પરિણામ દેખાય છે?

ઉત્તર : આપણી પરરાજ્યનીતિ કે સ્વરાજ્યનીતિ એ બન્ને અત્યારે એવાં ગુંચવાયેલાં છે કે, આપણે જૂની રીતે બોલીએ તો, બ્રહ્મા પણ કદાચ એનો ઉકેલ ન જોઈ શકે! આમાં નીતિ ઘડનાર રાજપુરુષોને દોષ દેવો હોય તો દઈ શકાય, જેમ એનો વિજય થાય તો એનો યશ એમને આપી શકાય. લશ્કરી હાર–જીત જેવું છે. લશ્કર જીતે તો એનો સેનાપતિ જીત્યો કહેવાય, રાજા જીત્યો કહેવાય; પણ લશ્કરની હારજીતમાં સેનાપતિની વ્યૂહરચના જવાબદાર ગણાય અને એટલે અંશે તે યશ–અપયશને પાત્ર થાય. પણ એમાં સંયોગો અને લશ્કરના નાનામોટા અમલદારો, સૈનિકો સુદ્ધાં પણ, જવાબદાર તો ગણાય જ. સેનાપતિએ ગમે તેટલો સારો વ્યૂહ રચ્યો હોય, છતાં તેનો અમલ તો બીજાઓએ જ કરવાનો હોય છે. અલબત્ત, અમલદારોની પસંદગીની જવાબદારી પણ સેનાપતિની ખરી. આ અને એવાં બીજાં અનેક કારણો ધ્યાનમાં લીધા છતાં, વસ્તુતઃ તો એમ કહેવું પડે કે સેનાપતિને યશ આપવાની રૂઢિ ફક્ત ઔપચારિક છે. આ વિચારણા સ્વરાજ્ય અને પરરાજ્યની નીતિઓને વધારે અંશે લાગુ પડે છે; કારણ કે લશ્કરમાં જે જાતની શિસ્ત અપેક્ષિત છે તેવી શિસ્ત બીજા ક્ષેત્રના કાર્યકરોની ચમૂમાં અપેક્ષિત હોતી નથી. એટલે અત્યારની સ્વરાજ્ય કે પરરાજ્યની નીતિનાં તાત્કાલિક પરિણામો ઉપરથી અગ્રણીઓ ઉપર ગુણ–દોષનું આરોપણ કરવું તે બરાબર નથી. નીતિ ઘડનાર રાજપુરુષથી માંડીને તમારા-મારા જેવા સુદ્ધાંની એમાં જવાબદારી છે!

આ તત્ત્વ ધ્યાનમાં રાખીને સ્વરાજ્યનીતિ અને પરરાજ્યનીતિનો તેમાં રહેલી ઇષ્ટ-અનિષ્ટની potentiality શક્તિની દૃષ્ટિએ જ વિચાર કરવો ઘટે. દા. ત., આર્થિક બાબતોમાં પછાત એવા આપણા દેશને આર્થિક રીતે સમૃદ્ધ નહીં તો પણ માણસાઈને આવશ્યક એવાં જીવનપોષણ કેમ આપી શકાય એ પ્રશ્ન આપણી આગળ સ્વરાજ્ય મળ્યા પછી મુખ્ય હતો. ગાંધીજીએ એમની દૃષ્ટિએ જે અર્થતંત્રની નીતિ વિચારી હતી તે નીતિને અમલમાં મૂકવાનું તેમના મુખ્ય વારસદારોમાં સામર્થ્ય ન હતું, અગર તેમાં તેમને શ્રદ્ધા ન હતી. ગમે તે કારણે, પણ દુનિયાના બીજા દેશો જે યાંત્રિક યુગનું અર્થતંત્ર સ્વીકારીને આગળ ચાલે છે તે આપણા દેશે પણ સ્વીકારવું પડ્યું. એ અર્થકારણની દૃષ્ટિએ પ્લાનિંગ કે યોજનાઓનું તંત્ર આવશ્યક ગણાય. અને એ રીતે પં. જવાહરલાલજીની રાહબરી નીચે આપણે ત્યાં બે પંચવર્ષીય યોજનાઓ પૂરી થઈ અને ત્રીજી ચાલે છે. આ યોજનાઓએ કેટલે અંશે તેનાં ધારેલાં પરિણામ આણ્યાં તે હકીકતોનો વિષય હોવા છતાં ચર્ચાનો વિષય બને છે.

પણ સરકારી અહેવાલોમાં જે વાત જાણવા ન મળે તે લોકસંપર્કથી જાણવા મળે; અને લોકસંપર્કથી એમ જણાય છે કે પ્રજાના બધા વર્ગો ભારે અસંતુષ્ટ છે. અલબત્ત એમાં ચોખ્ખી રીતે કેટલાક વર્ગોની, ખાસ કરીને ધનિક વર્ગો, મોટી અમલદારોના વર્ગો અને રાજકારણમાં મોટી લાગવગ ધરાવતા વર્ગોની ફરિયાદો તો મગરનાં આંસુ જેવી ગણાય. પણ મધ્યમ વર્ગ અને તેથી ઊતરતા વર્ગો ઉપર આ મોંઘવારી અને વધતો જતો કરનો બોજો ત્રાસની લાગણી ઉપજાવે છે એ હેંકી દેવા જેવી વાત નથી!

પણ આનો દોષ કોને દેવો ? શું સરકારે યોજનાઓ ન જ કરવી ? તો એના ઉત્તરમાં તો કહેવું પડે કે જો યાંત્રિક યુગના અર્થતંત્રના ધોરણે ભારતે આગળ વધવું હોય તો, સરકારનાં નિયંત્રણ નીચેની યોજનાઓ વિના અર્થતંત્ર આગળ વધી શકે નહીં અને દેશમાં સમૃદ્ધિ લાવવાનાં બીજ રોપી શકાય નહીં. અર્થાત્ યોજનાઓ તો આવશ્યક છે. એમાં ખામીઓ છે એમ કદાચ બતાવી શકાય; પણ જેવી છે એવી પણ એ યોજનાઓ એમનાં ધાર્યાં પરિણામ લાવી શકી નથી. તેનાં મુખ્ય કારણો તો એ યોજનાને અમલમાં મૂકનારાઓની બિનઆવડત અને અપ્રામાણિકતા છે. સાથે જ, રાજકીય પક્ષોની જરૂરિયાતો પણ એ યોજનાઓને વિપરીત માર્ગે દોરી જાય છે અને પ્રજાની જે વ્યક્તિઓની લાગવગ ચાલે છે તે લોકો એના ગેરલાભ લેતાં ચૂકતા નથી. ટૂંકામાં, રાજકીય પક્ષો, અમલદાર વર્ગ અને પૈસા કે બીજા ગમે તે કારણે લાગવગવાળી વ્યક્તિઓની અપ્રામાણિકતા આ યોજનાઓને ધાર્યાં પરિણામો આપવા દેતી નથી.

આમાં યોજના ઘડનારાઓને કેટલો દોષ દેવાય ? પોતાનાં સાધનો, હથિયાર, ઓજારોની શક્તિ વિચાર્યા વિના, તેમની પાસેથી, તેમને અશક્ય એવાં કામો લેવાની મૂર્ખાઈ—એ દોષ ના ગણાય ? કોઈ લશ્કરનો સેનાપતિ એના સૈનિકોની શક્તિ અને એનાં હથિયારોની શક્તિનો વિચાર કર્યા વિના યુદ્ધ કરે એના જેવી આ મૂર્ખાઈ છે.—પણ આ બધું હોવા છતાં, યાંત્રિક યુગની અર્થતંત્રની દૃષ્ટિએ ભારત જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં તેને એક યા બીજા પ્રકારની આર્થિક યોજના વિના ચાલે નહીં એ આર્થિક નીતિની દૃષ્ટિએ સ્વીકારવું પડે.

પ્રશ્ન : મેં તમને પરરાજ્યની નીતિ વિશે પ્રશ્ન મૂકયો તેનો તો કાંઈ જવાબ આવ્યો નહીં !

ઉત્તર : હા, એ વાત બાજુ પર રહી ગઈ. પણ સ્વરાજ્યની નીતિનું દૃષ્ટાંત પરરાજ્યની નીતિ વિશે પણ લાગુ પાડી શકાશે. આ નીતિના મુખ્ય ઘડવૈયા પં. જવાહરલાલ નહેરુ છે. તેમણે થોડા વખત પહેલાં અમેરિકાના એક છાપામાં આપેલું એ નીતિનું સ્પષ્ટીકરણ વિચારશુદ્ધ અને ભાવનાશુદ્ધ છે. એ લેખ 'ટાઈમ્સ ઑફ ઈંડિયા'માં પ્રસિદ્ધ થયો છે તેનો તમારે 'પ્રસ્થાન'માં અનુવાદ કરવા જેવો છે.

ભારતની પરરાજ્યનીતિ એટલે કે યુદ્ધના રાજકારણથી દૂર રહેવું તે. સાચા—ખોટાનો વિવેક ન કરવો એમ નહીં,—ભારતે સ્વીકારેલા રાજકીય સિદ્ધાંતોની દૃષ્ટિએ યોગ્ય હોય તેનું સમર્થન ન કરવું, અયોગ્ય હોય તેની ટીકા ન કરવી,—એ નહીં ! આ દૃષ્ટિએ પં. જવાહરલાલજી તે તે પ્રસંગે નિર્ભય રીતે ભારતની રાજ્યનીતિ વ્યક્ત કરતા રહ્યા છે એને હું ગૌરવની બાબત ગણું છું. અમેરિકા કે રશિયાના ગાડામાં બેસી જવાની નીતિ ભારતે સ્વીકારી નથી એ જ જગતની શાંતિની દૃષ્ટિએ મોટી ઘટના ગણાય. કારણ કે એથી વિશ્વયુદ્ધની શક્યતા કેટલેક અંશે ટાળી શકાઈ છે. આપણી પરરાજ્ય—નીતિની આ એક મોટી સફળતા.

બીજી વાત—પોતાના પાડોશી રાજ્ય સાથે મૈત્રીભાવ રાખવાની ભારતની રાજ્યનીતિ ખોટી છે એમ કોણ કહી શકે?

છતાં, આ બધી નીતિનું એક વાસ્તવિક પરિણામ એ આવ્યું કે ચીને ભારત ઉપર આક્રમણ કર્યું અને ભારતની આજુબાજુના એશિયાના બીજા દેશોનાં ભારત સાથેના સંબંધમાં ચીને ધાલ-મેલ કરી !

ભારતના પરરાજ્યના સંબંધોમાં ખરેખરો હૃદયકંટક તો પાકિસ્તાન છે. ભારતના ભાગલા સ્વીકારવાથી કોઈ પણ પ્રશ્નનો નિકાલ નહીં થાય એવી જે ગાંધીજીની આર્ષદૃષ્ટિએ

સૂચવ્યું તે જાણે કે દિન-પ્રતિ-દિન સિદ્ધ થતું જાય છે! અત્યારે તો પાકિસ્તાન સાથે ભારતને સાચી મૈત્રી થાય એવું એક પણ ચિહ્ન દેખાતું નથી. ભારતને હાનિ પહોંચાડવાની એક પણ તક પાકિસ્તાન જતી કરતું નથી. એટલું જ નહીં પણ એવી તકો ન હોય ત્યાંથી ઊભી કરે છે! જેમકે, ચીન સાથેનો એનો સરહદી કરાર અથવા ચીન સામે સંરક્ષણ કરવા બીજા દેશો તરફથી ભારતને મળતી મદદમાં વાંધો ઉઠાવવો.

મને એમ લાગે છે કે આપણા સ્વરાજ્યની કે પરરાજ્યની નીતિના મુખ્ય દર્દનું મૂળ પાકિસ્તાનમાં છે! એનો ખ્યાલ આપણી પરરાજ્યની નીતિના ઘડવૈયાઓના મનમાં નહીં હોય એમ તો કહેવાય નહીં. પણ એનો કોઈ ઉપાય જ એમના હાથમાં નહીં હોય, એટલે ગૂમડા ઉપર ઉપેક્ષાનું ભીંગડું વળવા દેવાય છે, કે જે થોડે થોડે સમયે ઉખળી જાય છે અને હૃદયશૂળ ઊભું કરે છે.

આપણે એટલી જ પ્રાર્થના કરી શકીએ કે પાકિસ્તાનમાં કોઈ ગાંધીજી જેવો મહાપુરુષ જન્મે અને લોકો ઉપર તેનો પ્રભાવ પડે અને એ સંદેશો ભારત ઉપર મોકલે અને એ સમયે પં. જવાહરલાલ જેવો એ મૈત્રીને સવાઈ-મૈત્રીથી વધાવે. આવું કાંઈક થાય તો જ ભારતની પરરાજ્યનીતિમાં આંતરિક સામર્થ્ય આવે!

અર્થાત્ કે આપણી પરરાજ્યનીતિ વિચાર અને ભાવનાની દૃષ્ટિએ અવિશુદ્ધ હોવા છતાં, એનાં વાસ્તવિક પરિણામો એના ઉપર જાણે કે નિષ્ફળતાની મુદ્રા મારે છે. કદાચ એ મુદ્રા આ ક્ષણ પૂરતી જ હોય. કદાચ અન્ય કોઈ ક્ષણે એ વિજયમુદ્રા પણ થાય!

ચીન એક બાજુએ એશિયાના દેશોથી ભારતને અળગું પાડે છે—નેપાળને પણ આપણે ગુમાવી બેઠા છીએ—ને બીજી બાજુએ પાકિસ્તાન ચીનના પાશ્ચાત્ય વિરોધીઓને પણ આપણને મદદ કરવાના કાર્યમાં અંતરાય નાખવામાં સફળ થાય છે; સિવાય કે આખું કાશ્મીર પાકિસ્તાનને સોંપી દેવાય! પાકિસ્તાનને કાશ્મીર સોંપો તેથી પણ તેની સાચી મૈત્રી મળે એમાં વિશ્વાસ પડતો નથી. એ પછી એ, એની અત્યાર સુધીની નીતિ પ્રમાણે, બીજું ઘણું ઘણું માગશે અને ભારત તે નહીં આપે એટલે અત્યારના જેવી જ નીતિ આદરશે એમ લાગ્યા કરે છે. અર્થાત્ કે પાકિસ્તાન અને ચીન બન્ને, ભારત એક નાનું સરખું ખંડિયું રાજ્ય થઈ જાય એ નીતિરીતિ અખત્યાર કરે છે! પાશ્ચાત્ય દેશોને આ બાબત જેટલે હિસ્સે અનુકૂળ નહીં એટલે હિસ્સે જ ભારતનું સ્વાતંત્ર્ય અને સ્વમાન! આવી નિરાશાજનક સ્થિતિ અત્યારે તો દેખાય છે.

કોઈ સંજોગ પલટાય, પાકિસ્તાનને ભારતની જરૂર પડે, ચીનનો સામ્યવાદ તેના બીજા પ્રકારોથી અળગો પડી જાય કે ચીનમાં કાંઈ આંતરક્રાન્તિ થાય કે એવું બીજું કાંઈ બને તો ભારતના ભાગ્યના કંઈ શુભ ચિહ્ન દેખાય. પણ એટલું તો સ્પષ્ટ છે કે એનો ઉપાય કોઈ જૂથોમાં જોડાઈ જવાનો તો નથી. એ તો ભારતને પરાધીન બનાવવાનું તાત્કાલિક પગલું જ થાય.

બધાનો એક જ ઉપાય છે: અને તે એ કે ભારતની આંતરશક્તિ પ્રગટ થાય અને એના પોતાના બળ અને તેજથી એ પોતાની સરહદો સંભાળી શકે. તો જ ભારતની પરરાજ્યનીતિ સફળ થાય. અને એ જ રીતે સાર્વજનિક હિત પહેલું અને એનાથી સંગત હોય એવું એટલું જ વ્યક્તિનું હિત—એ ચારિત્ર્યનો સિદ્ધાંત જ્યારે ભારતમાં મૂળભૂત બને ત્યારે જ સ્વરાજ્ય સ્થિતિ દૃઢ બને, સ્વરાજ્યની સુદૃઢ પ્રતિષ્ઠા થાય.

૨૪-૪-૬૩

પોર્તુગાલના 'વૈષ્ણવો'

સ્વામી આનન્દ

[પંદર વર્ષ અગાઉ જ્યારે અંગ્રેજી સલ્તનતે આ દેશમાંથી પોતાનું ખળું સમેટ્યું ને પાછળ ફ્રેન્ચોએ પણ હિંદની આઝાદીને સ્વીકારીને આ દેશમાંના પોતાના એક બે સદીઓ જૂના થાણાં ઉઠાવી લેવા કબૂલ્યું, ત્યારે પોર્તુગાલ પણ એની એડી હેઠળનાં દીવ દમણ ગોવા હિંદને સોંપી દઈને ધરાજોગ થવાની સમજદારી દેખાડશે એવી અપેક્ષા સૌએ રાખેલી. પણ બાર બાર વરસની ધીરજ અને અનુનય વિનય પછી પણ જ્યારે પોર્તુગાલે આ દેશમાંથી પોતાનો પગદંડો ખસેડવાની ના પાડી ત્યારે અંતે નછૂટકે નેહરુએ કમજો લઈ એને નીકળવાની ફરજ પાડી. આમાં જાનમાલની ખુવારી લગભગ નહિ જેવી જ થઈ અને તે પણ મુખ્યત્વે પોર્તુગાલીઓને હાથે.

પણ હિંદને અને નેહરુને રોજ ઊઠીને શાંતિવાદીનાં સર્ટિફિકેટ આપનારા ઇંગ્લેંડ અમેરિકા યુરોપના ઘણા અગ્રણીઓ તેમ જ છાપાંઓએ નેહરુએ લીધેલા અંતિમ પગલાની અનિવાર્યતા સ્વીકારવાનું તો કોરે રહ્યું, ઊલટું ગાંધીના વારસ નેહરુ પોર્તુગાલ જેવી ટચુકડી 'ખ્રિસ્તી' હકૂમતનો કોળિયો કરી ગયા, એવી નાલેશી કરવામાં જ ગૌરવ માન્યું! પશ્ચિમના દેશોની પરિભાષામાં 'ખ્રિસ્તી' એટલે કીડીમંકોડીને પણ ન દુખવનારા નરસીમેતા છાપના વૈષ્ણવો એવો અર્થ રૂઢ છે.

આવા આ 'વૈષ્ણવ' પોર્તુગાલનાં કરતૂકો એના નસીબ સંજોગે એ જ દિવસોમાં એની એડી હેઠળના આફ્રિકાના અંગોલા મુલકમાં એની ગોરી સત્તાએ દેશી હબસી પ્રજા ઉપર વર્તાવેલા કાળા કેરની હકીકતો રૂપે દુનિયાની નજર સમક્ષ બહાર આવ્યાં.

આ રહી એને લગતી, 'સીતમ કથાઓ–૧૯૬૧' વાળી ચોપડીમાં યુરોપી હકૂમતોની જોહુકમીઓ સામે ઈન્સાફ માટે આંતરરાષ્ટ્રીય સંગઠન કરનારા ધારાશાસ્ત્રી પીટર બેરેન્સને રજૂ કરેલી, એક કથા.

—સ્વામી આનન્દ]

આફ્રિકાની પશ્ચિમે આવેલા પોર્તુગાલી સલ્તનત હેઠળના અંગોલાની રાજધાની લોંદાથી ૬૦ માઈલ ઓતરાતે બેંગો નામનું નાનું શહેર છે. ત્યાંનો રહીશ આન્તોનિયો અગસ્તીનો નેતો. ૧૯૨૨માં જન્મ્યો ત્યારે ૪૦૦ વરસથી પોર્તુગાલી હકૂમત હેઠળ પડેલા આ મુલક વિષે દુનિયાને ભાગ્યે જ કશી ખબર હતી. ન ત્યાં કોઈ જતું, ન કોઈને ત્યાં જવા ઉત્તેજન મળતું કવચિતકયારેક અખબારોમાં આવતું કે અહીંના ગોરાઓનાં ખેતરમાં બગીચાઓ પર અને ખાણોમાં અહીંની દેશી હબસી વસ્તી તમામને કારમી ગુલામી હેઠળ કાળી મજૂરી કરવી પડે છે, પણ દુનિયાનું ધ્યાન ભાગ્યે જ તે તરફ દોરાતું. પશ્ચિમ આફ્રિકામાં બ્રિટિશ ફ્રેન્ચ જેવી અગ્રેસર સલ્તનતોનાં પણ સંસ્થાન ઉપનિવેશો હતાં પણ ત્યાંના આફ્રિકનોમાં ય આની જાણ૫ ભાગ્યે હતી. રાષ્ટ્રસંઘ યુ. નો.માં આફ્રિકન પ્રતિનિધિત્વ જરૂરી ગણવાની વાત તો તે કાળે સ્વપ્નામાં પણ કોઈને સૂઝે એમ નહોતું.

પોર્તુગાલનો સલ્તનતવાદ ખાસો ચિકટ છે. બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયા આખીનું વાતાવરણ બદલાયું, પણ એણે પોતાની એડી હેઠળના આઠ ઉપનિવેશો (સંસ્થાનો)માંથી એકને

છૂટકારાનો દમ ખેંચવા ન દીધો. આ બીનાને એ સંસ્થાનવાદની પોતાની ઊંડી સમજ અને અનુભવને આભારી ગણાવે છે. એક વાત એણે સમજબૂઝીને અંકે કરી રાખી છે કે કાળાઓને ભણવા દેવામાં ખતરો છે. ૪૦૦ વરસ જૂની પોર્તુગાલી હકૂમત પછી અંગોલાના દેશીઓમાં ભણેલાઓની સંખ્યા ૧૦૦૦ થી કમ એટલે વસ્તીનો ૦.૭૫ ટકા હતી! મતલબ કે હબસીઓની કેળવણીની જોગવાઈ કરવાનું પોર્તુગાલી સત્તાવાળાઓ કદી સમજ્યા જ નથી.

રડ્યાખડ્યા પાદરીઓ ક્યાંક નિશાળ કાઢે છે. તેમને રાજના ધારાધોરણને પ્રતિકૂળ એવું કશું શીખવવાની મનાઈ છે. કિસ્મતને જોરે આ કથાના નાયક નેટોને એકલાને જ લોંદાની પાદરી નિશાળોમાં પ્રાથમિક તેમજ માધ્યમિક કેળવણી લેવાની તક મળી ગઈ. માધ્યમિકનાં વરસો દરમ્યાન વચ્ચે વચ્ચે ફીના પૈસા જોગવવા સારુ એને ભણવાનું મોકૂફ રાખવું પડતું. ૧૯૪૪માં ઊંચે નંબરે મેટ્રિક થયો ને સરકારી આરોગ્યખાતામાં એને નોકરી મળી. ખાતું નામનું જ હતું. ખાતામાં ડાકટરો, ઇસ્પીતાળો, દવાઓ કશાનાં જ ઠેકાણાં નહોતાં. નોંધાતાં મરણોમાંનાં ૭૫ ટકા સામે 'ઘડપણ વગેરે કારણોથી' એવો શેરો મરાતો. ઘણાં ઘણાં મરણો તો નોંધાતાં જ નહિ!

ત્રણ વરસની નોકરી પછી કિસ્મતે વળી પાછી નેટોને યારી આપી. એની શક્તિઓ એવી તો અસાધારણ સાબિત થઈ કે એના ખાતાના ને બીજા હબસી મદદનીશોએ ફાળો કરીને એને પાછી દાક્તરી ડિગ્રી લેવા પોર્તુગાલ મોકલ્યો. ત્યાં કોઈમ્બ્રાની યુનિવર્સિટીમાં એને પ્રવેશ મળ્યો. અહીંના આંકડા મુજબ અત્યાર સુધીમાં અહીં ભણી ગએલા ૨૩ અંગોલીઓમાંના એક પર પોર્તુગાલી સરકારે સમ ખાવા એક દમડી કદી ખરચી નહોતી. બધા નેટોની જેમ જાતમજૂરીના રળતરથી કે પાદરી થવાનું કબૂલીને ખ્રિસ્તી પંથને જોરે અહીં પૂગ્યા હતા.

કોઈ પણ આફ્રિકનને યુનિવર્સિટી કેળવણી લેવામાં પોર્તુગાલી સરકાર અંતરાય જ નાંખે. તેમાંય જો ઉમેદવાર વિદ્યાર્થીનો રેકર્ડ બુદ્ધિશાળી તેજસ્વી હોય તો તો અચૂક. નેટોનું નામ એ ૧૯૪૮માં પોર્તુગાલ ગયો તે અગાઉ જ બુદ્ધિશાળી આફ્રિકનોનાં વર્તુળોમાં બોલાવા લાગ્યું હતું. અને રાષ્ટ્રીય ચીલચાલનો પાયો પણ અંગોલામાં નંખાયો હતો. શકમંદોની ટપાલ સત્તાવાળા ફોડતા. એટલે નેટો આમાં ભળેલો હતો એ જાણતાં એમને વાર ન લાગી. પોર્તુગાલની પોલીસ વિદ્યાર્થી આલમનું રાજકારણ જાણે. ત્યાં રાજદ્વારી પક્ષોમાં સાલાઝારનો એક જ પક્ષ. બીજા બધા ગેરકાયદે. પોલીસની રજા વગર કોઈ પક્ષની હસ્તી જ ન સંભવે. દા. ત. પોર્તુગાલ રાષ્ટ્રસંઘનું સભ્ય છતાં એક કમિટી જે તેને લગતી એક એસોસીએશન સ્થાપવા માગતી હતી તેને તે સારુ રજા ન મળી. વિદ્યાર્થીઓને સાદી કોરી ચર્ચા કરવા સારુ પણ મળવા દેવામાં ન આવે.

પોલીસખાતાને કુલહોલ સત્તા. ચાહે તેને પકડીને વગર આરોપે કે વગર મુકદ્દમે ત્રણ મહિના ગોંધી રાખે. ત્રણ મહિના પૂરા થયે દોઢ દોઢ મહિનાને બે હપ્તે એમને એમ બીજા ત્રણ મહિના કેદીને વધુ ગોંધી મૂકવાની કાયદેસર જોગવાઈ. છ મહિનાને છેડે બીજો એક રક્ષણધારો લગાડીને ત્રણ વરસ સુધી કેદમાં ચાલુ રાખી શકાય અને તેવાં ત્રણ વરસ પછી પણ કેદી ભયરૂપ છે, ને તેને છોડવામાં જોખમ છે, એ સબબે બીજાં ત્રણ, ને વળી પાછાં ત્રણ, એમ બે મુદત એને જેલમાં રાખી શકાય!

આમ વિચારસ્વાતંત્ર્યના હિમાયતી કોઈ પણ વિદ્યાર્થીને પોલીસ આંતરી ડરાવી શકે. વિદ્યાર્થી ન ગાંઠે તો 'બરાબર વાર્ષિક પરીક્ષાને ટાણે મહિનો પંદર દહાડા એને પકડી ગોંધીને એવું

વરસ ઠૂઆડે. છોડતી વેળા ચેતવણી મળી કે ફરીવાર ભણતર જોડે રાજકારણ ભેળવીશ તો જિંદગી જેલમાં જશે.

નેટો ઉપર પોલીસની ચાંપતી નજર તો એ પોર્તુગાલ આવ્યો ત્યારથી હતી જ. પહેલી ચેતવણી એને ૧૯૫૨માં મળી. પોર્તુગાલમાં વસતા આફ્રિકન, ગોવાનીઝ તેમ જ બીજા લેખકો, વકીલ દાક્તરો જોડે એ હળતોભળતો. એકવાર એના મિત્રોએ પ્રમુખની ચૂંટણીમાં પોર્તુગાલના ડિક્ટેટર ડૉ. સાલાઝારના હરીફને મદદ કરવા પ્રયત્ન કર્યો. સાલાઝારે એવો કોઈ મદદનીશ મતગણત્રી વેળાએ હાજર નહિ રહી શકે એવું ફરમાન કાઢીને હરીફને ઉમેદવારી પાછી ખેંચી લેવાની ફરજ પાડી અને એના બધા મદદનીશોને ચાટ પાડ્યા! આમાંના નેટોને થોડો વખત જેલમાં પણ મૂક્યો.

કવિ તરીકે પણ અત્યાર સુધીમાં નેટોએ પોર્તુગાલી સાક્ષર વર્તુળોમાં નામ કાઢ્યું હતું. એ પોર્તુગાલ આવ્યો તે પહેલાં પણ એની કેટલીક કવિતાઓને તેમાંનો વિષય વાંધાભર્યો છે એમ કહીને સત્તાવાળાઓએ પ્રગટ થવા ન દીધેલી. વિષય હતો અંગોલાના દેશીઓને તેમનાં કુટુંબકબીલાથી વિખૂટા પાડીને બળજબરીથી પોર્તુગાલીઓ તેમનાં વાડી બગીચાઓ પર વેઠે કામ કરવા લઈ જતા એને લગતો. આવા અહેવાલો છાપામાં પ્રગટ થવા દેવામાં ન આવતા, તેથી ગીતોમાં ને કવિતામાં તે લોકકંઠે ચડવા લાગ્યા. બીજી રીતે પણ આ જુલમની હકીકતો ફેલાવો પામી. ગોરા પોર્તુગાલી જુવાનોમાં તે પર ઉહાપોહ ઊઠ્યો.

સાલાઝારનો એક નિકટ મિત્ર અને મદદનીશ કેપ્ટન ગાલ્વો જેને એણે અંગોલામાં વડા હોદ્દાને પદે મૂકેલો, તેણે પણ એવી જ બીનાઓ બહાર પાડી. આ કેપ્ટન ગાલ્વોએ ૧૯૪૭માં અંગોલાની વેઠપ્રથા ઉપર તેને ભારોભાર વખોડી કાઢનારો રિપોર્ટ કરેલો, જેને સરકારે અભરાઈ પર ચડાવેલો. ગાલ્વોએ ધારાસભામાં ભાષણ કરી એ અહેવાલની હકીકતો કહી બતાવી. આથી એ ચૂંટણીમાં ઊભો ત્યારે એની ઉમેદવારી નામંજૂર કરવામાં આવી. પેલો ૧૯૪૭ વાળો રિપોર્ટ ગાલ્વોએ જાતે છપાવીને બહાર પાડવા પણ પ્રયત્ન કર્યો પણ પોલીસે દરોડા પાડી તેની નકલો જપ્ત કરી. જો કે થોડી નકલો લિસ્બનમાં ફેલાવો પામી ચૂકી હતી. ગાલ્વોને ૧૬ વરસની જેલ મળી!

પણ આ બધા અન્યાયો અને જુલમોને કારણે ગાલ્વોના પેલા રિપોર્ટને સારી પ્રસિદ્ધિ મળી. અંગોલાની વેઠપ્રથાની નાબૂદી માટે આંદોલન જાગ્યું. ગાલ્વોનો રિપોર્ટ અને નેટોનાં ગીતો પોર્તુગાલમાં, ને અનુવાદિત થઈને બીજા દેશોમાં પણ, ખૂબ ફેલાવો પામ્યાં. પોર્તુગાલી સરકાર આ પ્રચાર સામે મંડી પડી. અંગોલાને (ગોવાની જેમ) સંસ્થાન ઉપનિવેશ મટાડીને પોર્તુગાલના પ્રાંત તરીકે બનાવનારો કાયદો કર્યો. વેઠપ્રથાને કાયદાપોથી ઉપર ગેરકાયદે જાહેર કરી. જોવા આવનારા પરદેશીઓ કે છાપાંવાળાઓ ઉપર વધુ આકરા પ્રતિબંધો મૂક્યા. અંગોલાને ઘરનો પ્રાંત કરીને રાષ્ટ્રસંઘના હસ્તક્ષેપ સામે પાળ બાંધી. જે પોર્તુગાલી ગોરા જુવાનો આફ્રિકનોનો પક્ષ કરતા તેમને જેલોમાં બેસાડ્યા. નેટોને બરાબર એની પરીક્ષાને ટાંકણે ગિરફતાર કર્યો.

૨૮ મહિના ગોંધી રાખ્યો. દેશદેશના નામાંકિત સાક્ષરો જેમણે એની કવિતાઓ વાંચેલી તેમણે પોકાર ઉઠાવ્યા. રાષ્ટ્રસંઘની બેઠકમાં અંગોલા પર ચર્ચા આવી ત્યારે પોર્તુગાલી પ્રતિનિધિને એમાં ભાગ ન લેવાનું ફરમાવવામાં આવ્યું. પણ આફ્રિકાના સૌથી આશાસ્પદ અને પ્રતિભાવાન જુવાન કવિને વગર આરોપે ને વગર મુકદ્દમે વર્ષોથી ગોંધી મૂક્યાનું નીચાજોણું જેવું તેવું નહોતું. એનાથી તે હળવું ન થયું. અંતે નેટોને એ શરતે છોડવામાં

આવ્યો કે એણે સીધા યુનિવર્સિટીમાં જઈ પોતાનો અભ્યાસ પૂરો કરવો ને પછી તાબડતોબ અંગોલા ભેળા થવું.

પોલીસ આંખમાં તેલ આંજીને પાછળ પડી હતી છતાં પોર્તુગાલ છોડવા અગાઉ નેટોએ પોર્તુગાલી સલ્તનતનાં જુદાં જુદાં સંસ્થાનોમાં સ્થપાઈ રહેલી સામ્રાજ્યવિરોધી સંસ્થાઓનું સંગઠન કરનારી મધ્યવર્તી સંસ્થાની સ્થાપનામાં ભાગ લીધો. નેટોને તેની કારોબારી પર ચૂંટવામાં આવ્યો.

દસ વરસે ૧૯૫૯માં નેટો સ્વદેશ (અંગોલા) આવ્યો. આ દસમાંનાં ત્રણ વરસ એણે જેલમાં કાઢયાં હતાં. આખા અંગોલામાં પોર્તુગાલ જઈ ભણી આવેલો એ ૨૪મો દાકતર હતો. અંગોલાના કુલ ૨૦૩ દાકતરોમાં શ્રીમંત ગોરા પોર્તુગાલીઓમાં પ્રેક્ટિસ કરનારા જ ઘણા હતા. ૨૦ પૌંડની સરેરાશ વાર્ષિક આવકવાળા દેશી હબસીઓમાં પ્રેક્ટિસ કરીને દાકતરો શું રળે? સરજન તો ગોત્યો શેનો જડે! નેટોએ સરજન તરીકે પોતાના દેશી ભાઈઓમાં જ પ્રેક્ટિસ કરવા માંડી.

૧૯૫૯માં નેટો સ્વદેશ આવ્યો ત્યારે ઘાણા, ટ્યુનિશીઆ, મોરોક્કો વગેરે વિદેશી હકૂમતો હેઠળનાં ઘણાં આફ્રિકન સંસ્થાનો આઝાદી મેળવીને બેઠાં હતાં ને બ્રિટિશ તથા ફ્રેન્ચ હકૂમત હેઠળનાં બીજાં ઘણાંને આઝાદી જલદી જ મળવાનાં વચનો મળી ચૂક્યાં હતાં. માત્ર અંગોલા જ જ્યાંનું ત્યાં હતું. ત્યાંના કારભારમાં એક જ ફેરફાર થયો હતો કે વેઠની જગ્યાએ 'મજૂરી-કંત્રાટ' ઉર્ફે ગિરમિટિયા મજૂરી એવું નામ ચાલુ કરવામાં આવ્યું હતું. આ 'મજૂરી કંત્રાટ' અથવા એગ્રીમેન્ટ નવલકથા માત્ર હતો. એટલું જ કે કંત્રાટની ફરજિયાત મજૂરી મુદતને છેડે મજૂરને વાર્ષિક ૧૧૬૦ એસકયુડો એટલે ૨૦ પૌંડ જેટલું મળતું.

નામાંકિત ગ્રંથકાર જોન ગંથર પ્રયુક્તિ-પ્રયુક્તિથી અહીં આવી અહીંની પરિસ્થિતિ જોઈ ગએલો. એણે પોતાના Inside Africa ['આફ્રિકાની ભીતરમાં'] વાળા ગ્રંથમાં લખ્યું છે કે અહીંના બાગમાલિકો સરકારી અધિકારીઓ પાસે પોતાને જોઇતી સંખ્યામાં મજૂરો મેળવી લેવાનો કાયદેસર હક ધરાવે છે. ગોરા જિલ્લાધીશને પૈસા જમાડી પોતાને જોઈએ તેવા ઉત્તમ મધ્યમ શરીર બળવાળા મજૂરો મેળવી લે. ગંથરના કથન મુજબ દરેક તગડા મજૂર દીઠ માલિકે મજૂરી-કંત્રાટના પહેલા ૭ માસની મજૂરી જેટલું જિલ્લાધીશને દેવું પડે છે. સરકારી આંકડા મુજબ સને ૧૯૫૮માં આવા કંત્રાટી ગિરમિટિયાની સંખ્યા અંગોલામાં ૧,૩૦,૧૪૧ હતી.

આ સંખ્યા કુલ મજૂરોની સંખ્યા નથી સૂચવતી. દરેક આફ્રિકન દેશી માણસને અહીં 'હેડિયાવેરો' ઉર્ફે જજિયાવેરો દેવો પડે છે. રોકડો ન ભરી શકે તેણે બદલામાં મજૂરી કરવી પડે છે. આને સારુ સરકારી અમલદારો સડક રસ્તાનાં ને એવાં કામો કાઢે છે ને જેમનો વેરો વસૂલ ન થયો હોય એવાં 'કસૂરવાર' સ્ત્રીપુરુષોને હારબંધ ઊભાં કરી મજૂરી પર લઈ જાય છે. આવાં કસૂરવારોમાં જેમના ધણી દીકરા પહેલા જ ગિરમિટિયા કામે ચાલ્યા ગયા હોય છે એવી ધાવણાં બાળકોવાળી કે પૂરા દહાડા જતી સગર્ભા સ્ત્રીઓ ઘણી હોય છે એમને જેવાં તેવાં હથિયાર, ઓજાર કે ટોપલાની મદદથી રસ્તાઓ ઉપર આખો દિવસ મજૂરી કરવી પડે છે. ગાલ્વોના અહેવાલ મુજબ અહીંના મજૂરોને એવી તો કારમી પરિસ્થિતિ હેઠળ કામ કરવું પડે છે કે દર વરસે ૧ લાખ જેટલા સશક્ત મજૂરો જંગલોની વાટે નાસી છૂટીને રોડેશિયા કે દક્ષિણ આફ્રિકાની ખાણોમાં કામ કરવા ચાલ્યા જાય છે. પાછળ રહેલા પુરુષ મજૂરોમાં ૩૦ ટકા જેટલા માંદા કે અપંગ થએલા હોય છે.

ગામેગામના દેશી મુખીપટેલો પોર્તુગાલી ગોરા બાગમાલિકોને જોઈતા મજૂરો પૂરા પાડવા બંધાએલા છે. એમાં નિષ્ફળ જનારની વસમી વલે થાય છે. આવા એક ગામમુખીને મજૂરો પૂરા પાડવામાં નિષ્ફળ જવાના અપરાધ માટે ગોરા સત્તાવાળાઓએ લાલ મરચાંની ભૂકીનો એનીમા આપ્યાની હકીકત એક પાદરીના તાજેતરના કાગળમાં પ્રગટ થઈ હતી.

આ સ્થિતિમાં ૧૯૫૯ને વરસે નેટો સ્વદેશ પાછો ફર્યો તે પછી ફરક પડ્યો તે એટલો જ કે ભણેલા દર ત્રણ આફ્રિકનોમાંનો એક આજે જેલમાં છે કાં જંગલરસ્તે અંગોલાની સરહદ ઓળંગી નાસી છૂટ્યો છે. કોંગો વગેરેમાં થએલા રાજપલટાથી પોર્તુગાલી સરકાર ચોંકી ઊઠી છે ને એણે ઠેર ઠેર 'મોરચા' ઊભા કર્યા છે. લશ્કર ચોગણું વધાર્યું છે. હલકામાં હલકી મવાલી વસતીને જહાજે ભરી ભરીને પોર્તુગાલથી આણે છે; આવતાં વેંત હથિયારબંધ કરે છે; સરકારી જમીનો જાગીર તરીકે ભેટ આપી ઉપર બક્ષીસની રકમો આપે છે. આવાં હલકી હરોળનાં અસંખ્ય પોર્તુગાલી ગોરાં કુટુંબોને અંગોલામાં લાવીને વસાવવા પાછળ આજે પોર્તુગાલી સરકાર જેટલો પૈસો ખરચી રહી છે તેટલો રળવા સ્થાનિક અંગોલન હબસીને ૧૦૦૦ વરસ મજૂરી રળવી પડે! ગિરફતારીઓનો તો રાફડો જ ફાટ્યો છે ને પોલીસને આફ્રિકનો ઉપર છૂટેદોર ગોળી ચલાવવાની સત્તા આપવામાં આવી છે.

૮મી જૂન ૧૯૬૦ને દિને અંગોલા પોલીસનો એક વડો અમલદાર ડૉ. નેટોને ઘેર પોલીસ પાર્ટી સાથે પૂગ્યો ને કશી પૂછપાછ કે કારણ ખુલાસા વગર પાધરો જ ડૉ. નેટોને પકડી એનાં બૈરાં છોકરાં કુટુંબની આંખ સામે ફટકા મારવાનો એના માણસોને હુકમ કર્યો, આખા અંગોલા દેશના આ નામાંકિત કવિ અને દાક્તરની આવી હાલત કરીને પોતાની કિન્નાખોરી અને ગુમાનીને સંતોષ્યા બાદ એણે નેટોને ઘસડાવીને જેલમાં પહોંચાડ્યો.

આ અકથ્ય અત્યાચાર પછી બીજે કે ત્રીજે દિવસે નેટોના ઘર આગળ એક લોકટોળું ભેળું થએલું. તેમાંના કેટલાક તો ડાક્ટરની વાઢકાપ ઇસ્પીતાળનું શું થયું તે જોવા જાણવા આવેલા નેટોનાં દરદીઓ હતાં. બીજાં કેટલાંક નેટોના જન્મસ્થાનના ગામ બેંગોથી આવેલાં હતાં. એમણે નેટોનાં કુટુંબીઓ પાસેથી એમના ઉપર જે જે વીત્યું તે જાણ્યું ત્યારે સૌ ડઘાઈને ચૂપ થઈ ગયાં. પણ ત્યાં તો ૨૦૦ની પોલીસપાર્ટી આવી પહોંચી અને ભેળાં થએલાં લોકોના ટોળા પર કશી ચેતવણી આપ્યા વગર પાધરી જ ગોળી ચલાવી. અલબત્ત પોર્તુગાલી છાપાંમાં આ વિષે એક અક્ષરે આવ્યો નહિ. પણ ખાનગી અહેવાલો મુજબ આ ગોળીબારમાં નહિ નહિ તોય ૩૦ સ્ત્રી-પુરુષો ઠાર મૂઆં અને ૨૦૦ જેટલાં જખમી થયાં.

ડૉ. નેટોને પોર્તુગાલ લઈ જવામાં આવ્યો ને ત્યાંથી ૧૯૬૦ના અક્ટોબરમાં બીજા કેટલાકની સાથે (આપણા અંદામાન જેવા) કાન્તો અંતાવ ટાપુ પર ટાપુના 'આરોગ્ય અમલદાર' તરીકે મોકલી દેવામાં આવ્યો! હકીકતમાં આ ટાપુ પર વસનારી મૂઠીભર આદિવાસી વસતીના દાક્તરી ઈલાજ સારુ કશાં દાક્તરી હથિયાર ઓજાર એમને આપવામાં આવ્યાં નથી.

પણ આ બધા જુલમ અત્યાચારો કરીને પણ પોર્તુગાલી સરકાર અંગોલન આઝાદીના જુવાળને રોકવામાં નિષ્ફળ જ ગઈ. ઊલટું આખા આફ્રિકામાં એની આ જુલમનીતિ સામે પોકારો ઊઠ્યા. કૅપ્ટન ગાલ્વોએ 'સંતા મેરિઆ' વાળું યુદ્ધ જહાજ પકડી

લઇને દુ:ખી અંગોલન પ્રજાની ભેર કરવા કરેલા પ્રયત્નવાળો કિસ્સો તાજો જ છે.

અંગોલામાં પણ પોર્તુગાલી સરકારની આ બધી કારવાઈઓને પરિણામે પ્રજાએ બળવો કર્યો જ. ૧૯૬૧ ની ૪ થી ફેબ્રુઆરીએ એણે પોલીસ થાણાં, રેડિયો ઘર અને રાજદ્વારી કેદીઓ વાળી જેલ પર ધસારો કર્યો. પોર્તુગાલી સરકારે તાબડતોબ એનો જવાબ વાળ્યો. વળતે દિવસે લોંદાની દેશી વસ્તીવાળા વિસ્તારમાં થોકબંધ ધરપકડો કરી. લોક સામું થયું. ૧૦૦ જેટલી પ્રાણહાનિ થઇ. જવાબમાં બ્રિટિશ બૅપટિસ્ટ મિશનના પાદરીઓના કથન અનુસાર પોર્તુગાલી સરકારે 'કતલેઆમ' ચલાવી. તા. ૭મી મે ૧૯૬૧ ના 'ઑબ્ઝર્વર' છાપાના અહેવાલ મુજબ આ ગોળીબારમાં ૨૦,૦૦૦ આફ્રિકનોને વીંધી નાખવામાં આવ્યા !!!

શ્રી બેનેન્સનની ચોપડી લખાઇ ત્યારે અંગોલાની ખાનાખરાબી ચાલુ હતી. મરણ-સંખ્યા રોજેરોજ વધ્યે જતી હતી. પોર્તુગાલી સરકાર ડૉ. નેટો જેવા એકેએક ભણેલા અંગોલવાસીને વીણીવીણીને જેર કરવા પાછળ આંધળા ખુન્નસથી મંડી રહી. હજારોને વગર મુકદ્દમે અટકાયતમાં ગોંધ્યા. હજારોને અરધો ડઝન અટકાયત છાવણીઓ (કૉન્સેન્ટ્રેશન કૅમ્પો)માં મૂક્યા. આફ્રિકન સાધુ પાદરીઓને પણ મેલ્યા નહિ. પ્રૉટેસ્ટંટ પાદરીઓના મઠ બંધ કર્યા ને લોંદા રાજધાનીના બેઉ વડા કૅથોલિક પાદરી મુખીઓને પણ ગિરફતાર કર્યા.

ડૉ. નેટો અંગે કશી સત્તાવાર ખબરો મળી નથી. પણ અફવા એની છે કે એને બહુ બૂરી હેવાનિયતભરી રીતે રાખવામાં આવે છે. એને વિષે માહિતી મેળવવા અગર તો એની કવિતા કે દાક્તરી કાર્ય અંગે માહિતી મેળવવા માગનારને સખત સજા કરવામાં આવે છે. પરદેશી છાપાંના જે પ્રતિનિધિઓ ડૉ. નેટો વિષે વધુપડતી પૃછપરછ કરે છે તેમને પોર્તુગાલમાંથી હદપાર કરવામાં આવે છે. ડૉ. નેટોના ભાઇને પણ તાજેતરમાં પકડીને દૂરની કૉન્સેન્ટ્રેશન છાવણીમાં લઇ જવામાં આવ્યો છે. કારણ કે એ નેટોની હાલત વિષે સૌનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કરી રહ્યો હતો.

અહીં ડૉ. નેટોનાં જીવન અને કાર્યની આછી રૂપરેખા માત્ર આપી છે. એટલાથી પણ સમજાય છે કે એની પાસે નાકલીટી તાણાવવા સારુ ગુજારવામાં આવેલા જુલમો સામે આખા આફ્રિકા ખંડમાં શા સારુ ઉકળાટ છે, ને શા સારુ ગોરાઓ એને અંગે આવડી ફિકરમાં પડ્યા છે. સલ્તનતનાં બીજાં સંસ્થાનોમાં પણ પોર્તુગાલે છૂટેદોર હિંસા કરવા પોતાના અધિકારીઓને ઉત્તેજન આપ્યું છે. પોતાનું અનુકરણ કરીને કાળી પ્રજાઓ સંસ્કૃતિ કેળવે એવી ગોરી હકૂમતો અપેક્ષા રાખતી હોય છે. ડૉ. નેટો જેવા ઉપર કારમા અત્યાચારો ગુજારીને પોર્તુગાલે કેવો અનુકરણીય દાખલો પૂરો પાડ્યો ?

ø

પંચાયતી રાજ્યનો અવતાર

જુગતરામ દવે

સુરત જિલ્લા પંચાયતના પ્રારંભના આજના મંગળ પ્રસંગે ગોરપદું કરવાનું માન આપે મારા જેવા રચનાત્મક સેવક અને શિક્ષકને આપ્યું તે માટે હું આપનો આભાર માનું છું. અને આ પ્રયોગ ઉપર પરમેશ્વરના આશીર્વાદ ઊતરો એવી પ્રાર્થના કરું છું.

આજે આપણને ખુશી મનાવવાનો હક છે. છતાં હું યાદ આપ્યા વિના રહી શકતો નથી કે આપણે પંચાયત રાજ્યનો આરંભ કરવામાં સારી પેઠે મોડા પડ્યા છીએ. જો સ્વાતંત્ર્ય આવ્યા પછી બેચાર વર્ષમાં જ આપણે પંચાયતી રાજ્ય શરૂ કરી દીધું હોત તો જે બધાં નિર્માણ કામો દેશમાં થયેલાં આપણે જોઈએ છીએ તેમાંનાં ઘણાંખરાં કામો પ્રજાએ પોતે ઉપાડ્યાં હોત અને તેના દેશપ્રેમથી ઊભરાતા હૃદયે તેણે સ્વયંસેવકો તરીકે સેવા આપી હોત. તેને બદલે પ્રજાને માત્ર પ્રેક્ષક રહેવાનું જ મળ્યું તેથી તેનું માનસ દરેક બાબતમાં અસંતોષી અને ટીકાશીલ બની ગયું છે. દેશહિત કરતાં અંગત સ્વાર્થ તરફ તાકવાની તેને આદત પડી છે. આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યની દૃષ્ટિએ આ નાનુંસૂનું નુકસાન નથી.

બીતાં બીતાં રથ ન હાંકશો

પંચાયતી રાજ્યનો રથ હવે જોડ્યો છે તો તે બીતાં બીતાં નહિ પણ હિંમતભેર જ દોડાવવાનો છે, એ તરફ હું નવા કારભારીઓનું ધ્યાન દોરવા ઇચ્છું છું. પંચાયતના કાયદાએ તમને અમુક ફરજો સોંપી છે, અમુક સાધનો આપ્યાં છે અને અધિકારીઓની સેનાઓ તમારા હાથમાં મૂકી છે. પરંતુ જો તમે એટલામાં જ બંધાઈને તમારું કામ કરતા રહેશો તો તમે બીતાં બીતાં રથ ચલાવ્યો એમ હું માનીશ. એ કર્તવ્યો તો બજાવવાનાં છે જ. પણ તેટલાથી પંચાયતી રાજ્ય હિંમતથી ચલાવ્યું ગણાશે નહિ. સહેજ વધારે કાર્યક્ષમતા આવે એટલા અલ્પ હેતુ ખાતર કોઈ રાજ્યતંત્રમાં આટલો મોટો ફેરફાર કરવાની ખટપટમાં કોઈ ન પડે. આપણી ભાવનાઓ અને અભિલાષાઓ કંઇક જુદી જ છે એ દેખીતું છે. એ ભાવનાઓ કઇ છે તે તરફ હું આ પ્રસંગે આંગળી ચીંધવા ઇચ્છું છું.

પહેલાંમાં પહેલી આપણી ભાવના એ છે કે, આ પંચાયતી રાજ્યની ફરજો બજાવતાં આપણે આપણા માલિકોને—એટલે કે આપણા મતદારોને—આપણી આખી જનતાને ઘડતા જવાની છે. તેને સ્વરાજ્યના ઘડતર ખાતર તન, મન, ધનથી પરિશ્રમ કરવાનો, ત્યાગભોગ આપવાનો ઉત્સાહ ચડાવવાનો છે.

ક્રાંતિના કાર્યક્રમ હિંમતથી ઉપાડો

આપણા આ માલિકોમાંનો મોટો ભાગ અત્યંત પછાત દશામાં છે. તેઓ દરિદ્રતા, દુઃખ અને સર્વ સાધનોના અભાવથી એવી દીનહીન દશામાં છે કે તેમને સ્વતંત્રતાની ઉષ્માનો કોઈ રીતે અનુભવ થઈ શકતો જ નથી. તેઓને ઉપર લેવાનું કામ માત્ર થીગડાં મારવાથી થઈ શકે તેમ નથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે. તે માટે તો જમીન અને બીજી સર્વ સંપત્તિઓની નવેસરથી સુવ્યવસ્થા કરવી પડશે. મોટાએ નાના માટે ખૂબ ખૂબ ઘસાવું પડશે,' અને નાનાએ પણ પોતાથી વધારે નાના માટે તે જ રીતે ભોગ આપવા પડશે; અને આખી પ્રજાએ

જાતમહેનત, શ્રમયજ્ઞ અને સ્વાવલમ્બનના જીવન તરફ વળવું પડશે. આ કામો ક્રાન્તિનાં છે. માત્ર કાયદાથી અને અધિકારીઓથી કે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી થઈ શકે તેવાં આ કામો નથી. પ્રજાના સેવકો અને આગેવાનો, જે તેમના જીવનમાં ઊંડા ઊતરી શકે છે અને પ્રસંગ આવતાં તેમને કડવાં વચનો સંભળાવવાની પણ હિંમત કરી શકે છે, તે જ તે કરી શકે તેમ છે.

આવી આગેવાની કરવી એ હિંમતનું કામ છે; માથું મૂકીને કરવાનું કામ છે. જે સેવકો રોજરોજ ભવિષ્યમાં મળવાના મતોની જ ફિકરમાં રહે છે, હમેશાં સસ્તી લોકપ્રિયતા સંઘરવાની ખટપટમાં જ રહ્યા કરે છે તેઓ પ્રજાને ક્રાન્તિને માર્ગે લઈ જઈ શકશે નહિ. તેઓ તો પ્રજાના લાગવગદાર વર્ગોની ખુશામત કરવા લાગશે, અને તેમને તેમના નાના નાના સ્વાર્થો અને હિતો માટે ઉશ્કેરતા અને તેમનાં ક્ષુદ્ર અભિમાનોને પોષતા રહેશે, તેઓ પ્રજાને ક્રાન્તિને માર્ગે કદી ઘડી શકશે નહિ.

ભણેલાંઓ દેશસેવામાં પાંચ વર્ષ આપે

જમીન અને પૈસાટકાની સંપત્તિ કરતાં પણ વધારે કીમતી સંપત્તિ એ બુદ્ધિરૂપી સંપત્તિ છે, હજારો અને લાખો લોકો આજે જાતજાતની વિદ્યાઓ ઉપાર્જન કરી રહ્યા છે, ભણતર ભણી રહ્યા છે, તે છે. જે કંઈ વિદ્યાઓ ભણવાની આજે સગવડ ઊભી કરવામાં આવી છે તે રાષ્ટ્રે પોતાની અત્યંત દરિદ્રતા છતાં પોતાનાં અતિ ઓછાં સાધનોમાંથી તાણીતૂસીને ઊભી કરી છે, એ વિચાર ભૂલી જવાય છે. પંચાયતી રાજ્યના નવા કારભારીઓએ આ નવો ચીલો પાડવાનો છે. ભણેલાંઓ પોતે પ્રાપ્ત કરેલી વિદ્યા દ્વારા પોતાના જીવનનાં પહેલાં પાંચ વર્ષ દેશની અવૈતનિક સેવા કરે એવું વાતાવરણ ફેલાવવાનું છે.

આ વિચારની પાછળ માત્ર પગારના પૈસા બચાવવાનો આશય નથી—જો કે એટલો આશય હોય તો પણ આપણા અતિ ઓછાં સાધનવાળા દેશને માટે તે નજીવો ગણવા જેવો નથી. તેની પાછળ આપણા નવજુવાનોનાં જીવનમાં રાષ્ટ્રભક્તિ અને સેવાભાવના જાગ્રત કરવાનો આશય છે. આ દેશનાં નવનિર્માણનાં કામોમાં ભણેલા નવજુવાનો આવી ભાવના સાથે ઝુકાવતા હોય તો વાતાવરણ કેટલું ચેતનમય બને, તેની અસર સામાન્ય જનતા ઉપર પણ કેવી સારી થાય એની કલ્પના કરવી મુશ્કેલ નથી.

પંચાયતી રાજ્યના સભ્યો માટે આ દિશામાં નવા રસ્તાઓ પાડવાનો ભારે મોટો અવકાશ છે. પંદર વર્ષ દરમ્યાન આપણી આદતો બહુ ઊંડી પેસી ગઈ છે અને આપણાં માનસો ખૂબ જ ફેરવાઈ ગયાં છે, તેથી તેઓ માટે આ બધું બહુ સહેલું રહ્યું નથી. છતાં પંચાયતી રાજ્યનો અવતાર તે અઘરું કાર્ય કરવા માટે છે, માત્ર કારભાર ચલાવવા માટે નથી એ યાદ રાખવાનું છે.

ખાતાં કરમાવાં જોઈએ

ગ્રામ પંચાયતના બીજા એક મહાન અવતારકાર્યની પણ આજે આપણે ઝાંખી કરીશું. જેમ જેમ આપણું સ્વરાજ્યનું વૃક્ષ મોટું થતું જાય છે તેમ તેમ રાજ્યતંત્રનાં ખાતાંઓ વધારે ને વધારે ખંચોળ થાય છે. તેમાં વિચાર અને ભાવના ઓછાં થાય છે અને રૂઢિઓ, કાયદાઓ અને કાગળિયાંઓનું સામ્રાજ્ય જામતું જાય છે. અને તે દિવસે દિવસે કરતી માત્રા વધારીએ તો જ નભાવી શકાય છે. કેન્દ્રિત રાજ્ય-કારભારનાં આ કુદરતી પરિણામો છે. વિકેન્દ્રિત રાજ્ય થતાં આ બધું ક્રમે ક્રમે ક્ષીણ થતું જાય તો જ આપણે આ પરિવર્તન

કરી રહ્યા છીએ તે સાર્થક થાય. જો આપણે નોકરશાહીતંત્રની સંખ્યા તેટલી ને તેટલી ચાલુ રાખીશું, ઊલટા આપણે પંચાયતના કારભારીઓ પોતે તેમના જેવો જ વેશ ધારણ કરી નોકરશાહીની સંખ્યામાં વધારો કરીશું, તો કશો જ ફેર પડનાર નથી. આપણે તો દિવસે દિવસે જાહેર સેવાઓમાંની ઘણી તેટલી પ્રજાકીય લોકસંસ્થાઓ અને સહકારી મંડળો દ્વારા ચાલવાં કરે અને રાજ્યને ગંજાવર ખાતાંઓ રાખવાં ન પડે એ સ્થિતિ પર રાજ્યતંત્રને લઈ જવાનું છે, અને તે દિશામાં આપણે જેમ જેમ આગળ વધીએ તેમ તેમ કરનું ભારણ પણ ઘટાડતા જવાનું છે.

ખાતાંઓ અને કરનો સ્વભાવ છે કે તે વધવા હમેશાં તૈયાર હોય છે પણ ઘટવાની વાત કરીએ તો ગમે તે બહાનું કાઢી તે છટકી જાય છે! ખરેખર તેનો સ્વભાવ અફીણ, દારૂ જેવા આકરા વ્યસનનો જ છે.

રાજકારણના પ્રગતિશીલ વિચારકોએ સાચા સ્વરાજ્યનું લક્ષણ એવું બતાવ્યું છે કે તેણે ક્રમે ક્રમે કરમાતા જવું જોઈએ. પરંતુ આજનાં બધાં રાજ્યતંત્રો તેને દૂર દૂર—અતિ દૂરનો આદર્શ માનીને વર્તે છે. તેઓ આપણા પંચાયતી રાજ્યના આ સ્વપ્નાને હસી કાઢશે. છતાં આપણે એ સ્વપ્નને સાકાર કરવા મથવાનું છે.

સંરક્ષણ માટે શાંતિસેના

વળી દેશના એકેએક પુરુષને તેમ જ સ્ત્રીને શાંતિસૈનિકની તાલીમ મળે એવી યોજના પંચાયત રાજ્યે કરવાની છે. પ્રજામાં સાહસ અને વીરધર્મનો લાંબા ગુલામી જીવનને લીધે હ્રાસ થયો છે. સ્વરાજ્યના શરૂઆતનાં વર્ષોમાં જ જો આપણે પંચાયતી રાજ્યનો આરંભ કરવાની હિંમત કરી તો આજ સુધીમાં એક વીર પ્રજાનું આપણે સર્જન કરી શક્યા હોત. તેમ કરવા માટે શસ્ત્રો અને ખડી ફોજને કરતાં પણ નીડર, બહાદુર, સાહસી અને રાષ્ટ્રપ્રેમથી ઊભરાતાં સ્ત્રીપુરુષોની જ જરૂર છે. પ્રજાનું ઘડતર આવું થયું હોય—એકેએક સ્ત્રીપુરુષને જો શાંતિસૈનિકની તાલીમ પહોંચાડવામાં આવી હોય તો સંકટના સમયમાં પ્રજા વગર હથિયારે, પોતાની વીરતા વડે જ, સંકટ પાર કરી શકે એવો સંભવ છે. અને કદાચ દેશને શસ્ત્ર ધારણ કરવાની ઇચ્છા થાય તો પણ આવી તાલીમબદ્ધ પ્રજાને તે માટે તૈયાર કરી દેવી એ થોડાં અઠવાડિયાંનું જ કામ છે.

કેન્દ્રિત રાજ્યતંત્ર આ શાંતિસેનાનું કામ ઉપાડવાની ભાગ્યે જ હિંમત કરી શકે. તેને તેમ કરતાં જાતજાતની અડચણો દેખાશે અને જોખમોનો ડર લાગશે. પરંતુ પંચાયતી રાજ્ય જો સાચી હિંમત સાથે દેશમાં ચાલતું થાય તો તે આ કામ બહુ જ સારી રીતે કરી શકે, ઘણી જ ટૂંકી મુદતમાં સર્વ પ્રજાજનોને શાંતિસૈનિક બનાવી શકે અને આખી પ્રજાનો સોનો ફેરવી શકે. પંચાયતી રાજ્ય આ કરી શકે, એટલું જ નહિ પણ તે કરવા માટે જ તેનો અવતાર છે.

આપણા નવો જન્મ પામતા પંચાયત રાજ્ય સમક્ષ મેં તેના અવતારકૃત્યનું ચિત્ર રજૂ કરવા પ્રયત્ન કર્યો છે. આ ચિત્ર કદાચ પંચાયતધારાના શબ્દોમાં તમને જોવા નહિ મળશે, પરંતુ તેની લીટીઓની વચ્ચેની ખાલી જગ્યામાંનો ભાવાર્થ જો આપણને વાંચતાં આવડશે તો તેમાં આ ચિત્ર બરાબર જોઈ શકાશે એટલું જ નહિ એનાથી પણ ઘણી મોટી કલ્પનાઓ અને આશાઓ પણ જોઈ શકાશે.

[અનુસંધાન પૃ. ૪૮

ઉત્તરાખંડની પદયાત્રાએ

સ્વામી આનન્દ

પૂજ્ય રવિશંકર મહારાજ ઉત્તરાખંડ ગઢવાલની સર્વોદય પદયાત્રા કરવા નીકળ્યા છે. દેહરાદૂનમાં હું તેમની સાથે હતો. તા. ૨૯-૩-૬૩ ને રોજ દેહરાદૂન મ્યુનિસિપાલિટીના ચોગાનમાં ઊભા કરેલ શામિયાણા હેઠળ મળેલી જાહેર સભામાં મહારાજે પહેલવહેલું 'હિંદી' ભાષણ કર્યું. માંય ગુજરાતી શબ્દો, પ્રયોગો, વિભક્તિઓ, કહેવતોની રેલમછેલ. પણ શ્રોતાઓ લગભગ બધું જ સમજે. તેથી દુભાષિયાનો વિચાર પહેલા દિવસથી જ માંડી વાળ્યો. ગામડાંના લોકો પણ મહારાજના ભાષણની બધી મતલબ પૂરેપૂરી સમજે. ઉત્તર હિંદની આપણી બધી ભાષાઓ—હિંદી ગુજરાતી બંગાળી પંજાબી રાજસ્થાની એક-બીજાથી કેટલી બધી મળતી છે, અને બોલનારના હોઠ, આંખ કે હાથના હાવભાવથી બોલનારનો લગભગ શબ્દેશબ્દ કે એનો પૂરેપૂરો ભાવ શ્રોતાઓ કેવો પકડી શકે છે એનું અગાઉ કદી ન થએલું એવું દર્શન મને આ પદયાત્રામાં પ્રથમ વાર થયું.

બહેનોની પણ એક સભા એમની એક' મોટી સંખ્યામાં થઈ. દેહરાદૂનનું નામ કન્યા ગુરુકુળ આદિ સંસ્થાઓને કારણે લાંબા કાળથી પ્રખ્યાત છે. આવી ઘણી સંસ્થાઓ આજે પણ દેહરાદૂનમાં કામ કરી રહી છે. ગુજરાતના ઘણા આદિવાસી પાટીદારોની ને બીજી કન્યાઓ અહીંના કન્યા ગુરુકુળમાં ભણેલી મળી આવશે. અમારાં અહીંનાં યજમાન પત્ની પણ ભરત સીવણની એક મોટી કોલેજ ચલાવે છે અને પંજાબ ઉત્તર પ્રદેશની તેવી અનેક શાળા કોલેજોના પરીક્ષક છે.

કન્યા કેળવણીમાં વયોવૃદ્ધ થએલી માતાઓએ મહારાજનું બહુ ભાવભીનું સ્વાગત કર્યું. મહારાજનું ભાષણ પણ તેવું જ ભક્તિ ભરપૂર થયું. બહેનોમાં શ્રદ્ધાભક્તિ ઉભરાતી હતી. અહીં ચૌદેક વર્ષ ઉંમરની એક કન્યા મહારાજને બતાવવામાં આવી જેને ૩-૪ વર્ષની થઈ ત્યાં સુધી પૂર્વજન્મનાં માબાપ, ઘર, રાચરચીલું વગેરે બધું યાદ હતું ને ઓળખાવતી. આ વિષેની હકીકતો તે કાળે ઘણા દિવસ લગણ છાપાંમાં આવેલી જે વાંચ્યાનું મને સ્મરણ થયું. આવી ઘટનાઓને ઇન્કારવામાં કે અસત્ય ગણવામાં સાર નથી હોતો. જેમ ઘણાખરાં સ્વપ્નાં એકાદ બે કે થોડાક કલાક પછી ભૂલાઈ જાય છે તેમ આવી સ્મૃતિઓ પણ બચપણનાં એકાદ બે વર્ષ બાદ ભૂંસાઈ જાય છે. આ કન્યાને પણ આજે હવે બચપણનું એ કશું યાદ નથી રહ્યું જો કે એનાં તથાકથિત પૂર્વજન્મનાં માતપિતા હજુયે એના ઉપર હેત રાખે છે અને એનાં હાલનાં માબાપની રજા લઈને અવરનવર ને અવસર પ્રસંગે એને પોતાને ઘેર પણ તેડી જાય છે.

કાર્યકર્તાઓ જોડે ગોષ્ઠિનો કાર્યક્રમ પણ હતો ત્યાં જ પ્રાર્થના પણ થઈ.

કૌસાની, જિ. આલ્મોરા

તા. ૨૦-૪-૬૩

*

સ્વભાવ પરિવર્તન

'પતીલ'

સુજલા પોતાના નામ તેમજ સૌંદર્યને અનુરૂપ એકે ગુણ ધરાવતી ન હતી. સંસ્કારી પતિ એને મંદબુદ્ધિનો અને વ્યવહારશૂન્ય લાગતો. વળી પોતે સાવ કંડાશિયા ખાનદાનમાંથી આવેલી હોઈ કોઇનાયે ઉત્તમ સંપર્ક યા સહાનુભૂતિ અવગણી કાઢતી. ત્રિદિવનાં માબાપ આધેડ થઇ ચૂક્યાં હોઈ તેમનામાં બીજો ઉદ્યોગ કરાય એવી શક્તિ મોજૂદ રહી ન હતી. તેથી એની નાની સરખી નોકરી દ્વારા બધાંનો નિભાવ થવો મુશ્કેલ હતો, તેમાં મોંઘવારીનો ફડક પંજે અતિશય દયાજનક સ્થિતિ સર્જી રહ્યો હતો. પોતે નિયમિત કરકસર કરી ફરજંદને ઉત્તમ કેળવણીનો યોગ પૂરો પાડી ગામમાં જ નોકરી અપાવ્યા બાદ મોટો ખર્ચો આવકારી સુજલા સાથે જોડી આપી પોતાની નજર આગળ એટલા માટે ઘરબારી બનાવી દીધો, કે એને આધારે છેલ્લા દિવસો સુખરૂપે પસાર થાય.

પરંતુ હિંદુ સંસારમાં અસાધારણ સ્થિતિસંપન્ન એકત્ર કુટુંબીઓને ક્વચિત જ સુખનો આભાસ મળે છે. થોડેઘણે અંશે પોતાને માથે પડેલાં સ્વજનો માટે હરકોઇને મોળો જ ભાવ હોય છે; કેમકે એમનું ઘરમાં કાયમ મોજૂદ હોવું શોખસાયબીઓની ઘટના માટે આડખીલીરૂપ થઇ પડે છે. ઘરની દેખરેખ રાખવા માટે ઘરના વડીલો કશો પગાર લેતા નથી; ઊલટા વખતોવખત પોતાની ખાનગી પૂંજી દ્વારા એમની નાજુક પ્રજાને રીઝાવે છે. પરંતુ તેના બદલામાં એમને શું મળે છે? કંટાળાની વરાળ, જાહેર ઉપેક્ષા અને છાની-છપની ગાળો!

ત્રિદિવની માતા શીતલક્ષ્મી અને એનો પિતા વિશ્વંભર એક વખત દુનિયાદારીના સાધારણ મોજશોખ ઓછે ખરચે છતાં વધારે ગરમાવાથી માણી ચૂક્યાં હતાં. એમના વખતનાં નાટક સરકસો પૂરતા ઉમદાપણાની કદર પામતા અને યાત્રાનાં સ્થળો ઉત્તમ નિષ્ઠા વડે સેવાતાં. મિત્રો મિત્રો વચ્ચે પ્રસંગ પૂરતી આપલે તથા નિત્યના વ્યવહારો વિશેષ પ્રતીતિજનક હતા, જેથી ખાસ પ્રસંગે કે ટાણે કોઈનું દીઠું પડી જતું નહીં. એ ઓળખીતાઓને પ્રતાપે સાધારણ કમાઈવાળા ગમે ત્યાંથી કામપૂરતો ખાનગી ઉપાડ કરી શકતા અને બરકતવાળા ધંધાને પ્રતાપે વહેલામાં વહેલી તકે વાળીયે દેતા.

વિશ્વંભર પોતે કયા ધંધાને આસરે રળી ખાતા હતા તે જાણવાથી આપણને શો લાભ? પરંતુ કોઈ આબરૂદારને ખપે એવો સારો જ રોજગાર હશે. એમના જમાનામાં સાધારણ લખી વાંચી જાણનાર વગર મૂડીએ ઉપયોગ પૂરતો વેપાર આસાનીથી કરી લેતા અને બારીક ધોતિયાં પહેરી ન્યાતવરામાં વરણાગી કરી શકતા. પોતાના યુવાકાળમાં વિશ્વંભરનો ઠઠેરો એમના વર્ગનાં સ્ત્રીપુરુષોમાં ઈર્ષાજનક ગણાતો.

શીતલક્ષ્મી સાથે ઉત્તમ કોટિની માયાને પરિણામે હજાર બાધા આખડીઓ તેમજ વ્રતોને પ્રતાપે આખી જિંદગીની યાદગાર નમૂના રૂપ ત્રિદિવ અવતર્યો, એટલે એના ઉપર એમનું હેત કેટલું બધું હશે તે કલ્પવું મુશ્કેલ નથી. વિશ્વંભર એકલાએ જ નહીં પરંતુ એમના સ્નેહી મિત્રોએ પણ બાળક ત્રિદિવને ઊંડા ભક્તિભાવથી રમાડ્યો હતો. શરૂઆતમાં

એનો અભ્યાસ કાચો હતો પરંતુ હોશિયાર સહાધ્યાયી .નિમુક્ષની સોબતને પરિણામે જોત- જોતામા સહુની આગળ થઈ ગયો, એટલું જ નહીં કોઈની યે સહાય સિફારસ વિના બધા વિષયોમાં જોઈતી પ્રવીણતા મેળવી આવા ઉત્તમ વિદ્યાર્થીને ઉચ્ચતર શિક્ષણ મરતબો પ્રાપ્ત કરાવી આપવા વિશ્વંભરે કેડ કસી, અને તેનું સુપરિણામ નિહાળવાને યે ભાગ્યશાળી થયા.

પોતાના કુટુંબમાં સુજલાને નિમંત્ર્યા પછી વિશ્વંભર બીમાર રહેવા લાગ્યા, ધંધો અટકી ગયો અને પત્નીની હાલતે ઊંઘ ઉજાગરાને લીધે કથળી ગઈ. છતાં રોગનો હુમલો અટકી ગયા પછી એમને ઊલટી વધારે મૂંઝવણ પેદા થઈ: ભગવાનની ઇચ્છાએ એમના બે ત્રણ ખાસ ઓળખીતાઓ મરી ગયા, એટલે એમને બહાર નીકળવાનું યે વસમું થઈ પડતું. ત્રિદિવને માબાપ માટે ઊંડી ધગશ હતી, એટલે એમની કફોડી સ્થિતિમાં ઋણમુક્ત કરવા માટે બનતો પ્રયત્ન કરતો હતો. પણ કામ બેન્કનું અને હિસાબી હતું એટલે તેને ઝીણવટ- ભરી કારવાઈઓના અસહ્ય મારા નીચે એનું મગજ અરધું રદ્દ થઈ ગયું. વધારામાં પૂરું એનો ઉપરી અધિકારી એનાથી ઓછું ભણેલો અને કુનેહબાજ હોઈ, વારંવાર એની નજીવી શરતચૂકોની હાંસી કરતો. તેથી પટાવાળાઓયે એનું કહ્યું ગણકારતા નહીં અને ઊલટી પોતાના માથાની વેઠ એના ઉપર ઝીંકતા.

ઘેર ગયા પછી સુજલાના છણકા અને નાની નાની બાબતોનાં રોદણાંઓ સાંભળવા સિવાય એને બીજું કશુંયે ખાસ પ્રાપ્ત થતું નહીં. ખાવા બેસતો તો સામે જ સગડી સળગતી અને એકવીસ આંટા ખાધા પછી પાણીનો ઘુંટડો પીવાતો. એની ફરેવેથી માબાપ છેક ઓશિયાળાં અને સડેલા બારદાન જેવાં ગઈ ગયાં. કદાચ બીચારી શીતલક્ષ્મી જેવી કમનસીબ સાસુ દુનિયામાં બીજી કોઈ નહીં હોય! કમાઉ દીકરાના નહીં જેવા રોળામાંથી અરધું ઉપરાંત માગનારાઓ લઈ જતા, તેમાંથી બચેલું રોજ રોજ ફૂટી જતાં યા હલાક થતાં વાસણોમાં ખલાસ થતું યા કામ કરનારાઓને પ્રાપ્ત થતું. આડે દિવસે નહીં જેવું કંઈક બાફણું અને વારતહેવારે લાંઘા: કોઈથી કશું જ કહેવાય નહીં તેમજ વચ્ચે પડાય નહીં એવી સુજલાની જબાન હતી. મરજી ફાવે એટલું રાંધે અને તે બધું ગમે તેવું હોય તોયે ખાઈ જવું પડે! ભીખારી બાગણ બારણે આવતાં પહેલાં હડેહડે થાય, અને પાળેલા વસવાયા રાંધણી ઓરડી સુધી પેસીને ટાંકો લઈ જાય. પરોણા એમને ત્યાં બે પ્રકારના આવતા: સુજલાના પક્ષના હિતૈષીઓ અને ત્રિદિવના પક્ષના બાપડા સ્વાર્થીઓ. આમની બધી ત્રેવડ થાય અને પેલાંઓ માટે ખાલી બબડાટ સિવાય બીજું કશું યે નહીં!

જે સાસુએ પેટે પાટા બાંધીને પોતાની દીકરી માફક ખાટલેથી બેઠી કરી, અને એના બાળકનાં બાળોટિયાં ધોઈ ધોઈને પોતાના હાથ ઘસી નાખ્યા, તેને પોતાની મેળે પાપડ શેકી લેવાનો યે અવકાશ ન રહ્યો! ચારના ભારા જેવું ભયંકર શરીર, લગારે છેડો નાખ્યા વિના કેડ ઉપર ધારણ કરી, પરસાળ ખોદતા ટ્રેક્ટર જેવો શોરબકોર કરતી, મફતના હેરાફેરા મારી ખાલી ખાલી ચડઊતરથી દાદર આખો ઘસી નાખતી અને રોજ ત્રણ ચાર વાસણો ફોડ્યા વિના કરાર ન લેતી, પોતાની થયેલી કસૂરો બીજા ઉપર ઢોળી અજબ ઘોંઘાટ વડે ફળિયું ગજાવી મૂકતી, નહીં જેવા બહાને કજિયો નિમંત્રી એંસી જણા સમજાવે તોયે મચક મારે કે ખસે નહીં. ઊંઘમાંથી ઊઠીને છોકરાને રમાડવા બેસી જાય અને રડતો હોય

તો ધવરાવવા સરખીયે ફુરસદ કાઢે નહીં ! વાતવાતમાં ચીજવસ્તુના સોગંદ ખાઇ લે અને એકે સોગંદ બાપજન્મારામાં પાળે નહીં. એને સમજાવવી કે શિખામણ આપવી એ વાઘના મોઢામાં કલેજું ધરવા જેવો પ્રકાર થઇ પડે. એની રાડો સાંભળીને જતા આવતા સિપાઈ સપરાંયે ત્રાસના માર્યા નાસી છૂટતા. અને કોઈ બાપડો ધમકી આપવા જતો તો ફસીને માચડે હવાલે થવાનો ડર અનુભવતો.

વિશ્વંભર અને શીતલક્ષ્મી એની સાથે મગજમારી કરી કરીને એટલી હદે ઇજ્જત આબરૂ ખોઇ બેઠાં કે પાડોશીઓ ઓટલા ઉપર બે મિનિટ ઊભા રહેવા દેવાનો યે આસરો આપતાં મૂંઝવણ અનુભવતાં; કારણ કે સુજલાની જીભે ગળણું બાંધેલું ન હતું. એનાં બોલમેણાંને હિસાબે મોરીનાં જંતુઓ નો કંઈક સારાં કે દવા પાઉડર નાખતાં વેંત બીચારાં નાશ પામે. કોની માએ અધોળ સૂંઠ ખાધી હતી, કે એની સાથેના કજિયામાં જીતે યા સુલેહભરી હાર વરે? ખાધે પીધે તેમજ સૂવા બેસવાની રાહતથી છેક વંચિત, બાપડાં ત્રિદિવનાં માતાપિતા જોતજોતામાં જંગલી ખાણના કોલસા જેવાં થઈ ગયાં.

ભારતવર્ષમાં એક સમય એવો હતો, જ્યારે પતિઓ દેવતુલ્ય પૂજાતા, અને તેમની ધણિયાણીઓ એમના હરેક સુખદુઃખમાં હિસ્સો લઇ કૃતાર્થ થતી. લગ્નને ત્યારે એક ધાર્મિક બંધન તરીકે સ્વીકારવામાં આવતું; અને પરિણીત સ્ત્રીઓનું માન ખંડિત કરતાં ભલભલા સત્તાધિકારીઓને હજાર વખત વિચારવું પડતું. પતિએ વેચી દીધેલી યા દ્યુતમાં મૂકી દીધેલી હોવા છતાં પોતાનું શિયળ આપબળે રક્ષી શકનાર વીર રમણીઓના દાખલાઓ દફતરે મોજૂદ છે. શાસ્ત્રોના કડક વિધિવિધાન ભલભલા ફૂનેહબાજ સ્ત્રીપુરુષોને પાળવા પડતા, અને યોગ્ય સાબિતી વિના પોતાના ફરજંદને યે સભામોખે ઓળખાવતાં સખત ડર લાગતો. નામના પરણેલા ગણાતાં આજનાં સ્ત્રીપુરુષોને પ્રમાદથી, અહંકારથી યા મસ્તીથી એક બીજાને ઠોકરે ચડાવી દેવાની વાત રમત સરખી થઇ પડી છે. ત્રિદિવનો એક ગુનો એ થયો કે એણે સુજલા જેવી એકમતિયા ગૃહિણીને આશ્રય આપ્યો; અને બીજો ગુનો એ ગણાયો કે એનો પરિત્યાગ કરવાનો વિચાર સરખોયે કર્યો નહીં.

કમાવું, દેવું અદા કરવું અને કલેશ વેઠવો એ અત્યારના પુરુષને નસીબે લખાયેલો જન્મસિદ્ધ હક છે. સ્ત્રીઓને ખપતા વસ્ત્રાલંકારને હિસાબે એ બીચારો કશું જ પહેરતો નથી એમ કહીએ તો ચાલે! સારો દિવસ પોતાની કે પારકી વેઠમાં ખતમ કરી રાત્રિએ મળતી થોડી અમથી રાહત દ્વારા કેટલા બધા લાગણીપૂર્ણ ઉમળકાથી એ સહચરીને આવકારે છે? અને સહચરી કેટલી બધી તુચ્છ રીતે એનો આવકાર ઝીલે છે? કેવળ પુરુષ વર્ગના આંધળા પક્ષકાર લેખે આ વાત અહીં નોંધાતી નથી; હૃદયનું સાચું નક્કરપણું જેને કહી શકાય તેનો થોડોઘણો ભાગ હજી પુરુષ આલમને હવાલે છે. હંમેશ માટે એને દંભ, નિર્ઘૃણ, પાપી, બેવફા યા વ્યભિચારી સમજીને જેટલા જેટલા આરોપ મુકાતા જાય છે તે બધામાં સાચી દૃષ્ટિનો થોડો અભાવ છે.

સુજલાને બદલે તદ્દન અભણ, કાળી તેમજ ચહેરે દેખાવે વધારે ઊતરતી છતાં કંઈ સમજુ કોઇ બૈરી અથવા રૂપાન્તરે એ જ ગૃહિણી ત્રિદિવને પ્રાપ્ત થઈ હોત તો એક નોકરીને બદલે બીજી અનેક નોકરી ઢૂંઢી લેવાની હિંમત કરી શક્યો હોત. માબાપને હિસાબે પત્ની

તરફ એને કંઈ ઓછું વહાલ ન હતું, છતાં એ વહાલનો જરા સરખોયે ઉત્તમ પાઘો જાહેરમાં પડ્યો નહીં. એક મરેલી છોકરી જન્મ્યા પછી થોડા જ અરસામાં પતિગૃહે સુખ રૂપે છોકરો થયો તેમાં યે સુજલાને કેવળ પોતાના ભાગ્યનો પ્રતાપ દેખાયો; અને ધણી તો કેવળ એને ભગવાનને ત્યાંથી ઊંચકી લાવનાર વેઠિયો લાગ્યો!

ગમે એટલું લઢનાં ઝઘડતાં છતાં સહુના જંપી ગયા બાદ બધો રોષ ભૂલી જઈ સુજલા ત્રિદિવને શોધી કાઢતી અને અત્યંત હળવા સુવચનોથી દિવસભરના બધા ગુનાહોની માફી માગતી અને એવા ગુના ફરી નહીં કરવાના સખત સોગંદ લેતી એટલું જ નહીં નિરાશ્રિત વડીલોને સવારના પહોરમાં ઉત્તમ રકમો ચખાડવાની બાંહેધરી આપતી—પણ ઘરમાં શું હોય કે મઝકૂર પ્રતિજ્ઞા પૂરી થાય? ફળિયામાં, સમાજમાં તેમજ ધંધાને આરે માત્ર "તેદા"નું ઉપનામ પામેલો વશીભૂત સ્વામી જોતજોતામાં રિઝાઈ જતો અને જાણે-પોતે કર્તા જ દુઃખદરદો ભોગવ્યાં ન હોય એ રીતે નિર્માંત લીલાયતમાં ખાપી જતો. પિયર જવાની જરા સરખીયે રુચિ ન બતાવતી પત્નીનો પ્રસન્નચિત્તે એહસાન માનતા બીચારા ત્રિદિવને મને કમને એના તેજસ્વી વદનનો ફાલતુ સુખન સાંભળી લેવો પડતો.

હજીયે ફાલતુ સુખન કોને કહેવો અને કોને ન કહેવો એનું સભ્યતાની કોઈ બેઠક દ્વારા નિશ્ચિત નિરાકરણ થયું નથી. આખા વિશ્વમાં બધેબધ ફાલતુ ચીજોને આધારે ઉત્તમ ચીજો વેચાણ પામે છે, વપરાય છે, અને શોભે છે. કોઇ પણ બહુમૂલ્ય ઘાટદાગીનો સાધારણ કીંમતના ખોખાં વડે રક્ષાય છે. પરસાળની સુંદરતા જેમ છાણને આભારી છે તેમ કચરાપટ્ટી ભાષાના ગૌણ બળે ઉત્તમ ભાષા કાળને ચિરંતન ખોળે સ્થાપિત થાય છે.

વિશ્વંભર અને શીતલક્ષ્મી એક દિવસ પુત્રવધૂની થોડીક ગેરહાજરીનો લાભ લઈ કુટુંબને અસલી કારકીર્દિએ પહોંચાડવાની મસલત કરતાં હતાં પણ એમનો કોઈ અસલ ગોઠિયો હયાત નહતો એટલે વિશેષ સલાહ કોની મળે? જમાનો બદલાયો હતો, ધંધાઓ બદલાયા હતા, રહેણીકરણી બદલાઈ હતી, તોલમાપનાં સાધનો બદલાઇ ગયાં હતાં અને નાણુંયે બદલાઈ ચૂક્યું હતું; ઘરનું ઘર લોજવીસીથીયે નિપત્તર અને પોતાની ઓલાદ પારકાંઓને અધીન! પોતાને કશીયે તરકીબ ન સૂઝતાં આખરે બંનેએ વિચાર કર્યો કે આપણે અહીંથી થોડે દૂર સાધારણ ભાડાની ઓરડી ખરીદી કશુંયે લીધા મૂક્યા વિના રહેવા જતાં રહીએ અને ત્યાં જ મોતની પથારી સમજી પડી રહીએ. રસ્તાનું જનારું કોઇએ ઓળખીતું કદી દેશે કે આપણે ક્યાં છીએ!' દીકરાને ખબર થશે તો ભૂખે મરવા નહીં દે અને પુત્રવધૂને જાણ થશે તો હોંસે હોંસે જોઈતું કરતું પહોંચતું કરશે. એમના સદ્દભાગ્યે ત્રિદિવના અસલી દોસ્ત નિમુલકાંતનો વાડો પુરાણી ઓરડી સહિત મફત મેળવી લેવાનો જોગ બેસી ગયો. વાત એમ હતી કે મઝકૂર જગા અવાવરૂ હોવાથી લોકો ત્યાં નકામો કચરો ફેંકી જતા હતા. જો કોઈ રહી શકે તો વાડા સાથેની ઓરડીમાં પડી રહી ખુશીથી શાકપાન ઉગાડી ખાય અને ભોંય નિસાસો નાખતી મટે. શરૂઆતમાં નિમુએ થોડાંક વગર માગ્યાં સાધનો યે આપ્યાં અને વેચાણ યોગ્ય થોડીક નિત્ય ખપતી ચીજો યે અપાવી.

બેકના મુકામફેરની ખબર થતાં ત્રિદિવને ઘણું લાગી આવ્યું અને પત્નીથી છાનો એમને તેડવા ગયો પણ એમણે પ્રેમપૂર્વક ઈન્કાર કર્યો અને જણાવ્યું કે એમને ત્યાં કોઈ ખાસ અગવડ પડે એમ નથી, અને પડશે તો કોઈ કંઈ આઘું નથી. પરંતુ જ્યારે સુજલા એમની મુલાકાતે આવી ત્યારે તૈયાર મગજનો દાબડો, પાપડ, અથાણાં અને ઉત્તમ ફોડાંયે આપી ગઈ. એકાં કરતાં બગાડ ભલો એ હિસાબે વિશ્વંભરે નિશાળિયાઓને લાયક સસ્તી ખાદ્ય રકમો અને નોટ બૂકો યે વેચવી શરૂ કરી અને અડધો ડઝન નોટ બૂકો એક સાથે ખરીદનાર માટે બાળક યોગ્ય ઈનામો રાખ્યાં. વાડામાં પતરવેલિયાં, લીલા ધાણા, મેથીની ભાજી વગેરે ઉગાડવાનો શોખ અજમાવ્યો. વળી નિમુલની ઘંટીનો તૈયાર આટો પણ ખપાવવાનું માથે રાખી તે દ્વારા ઘેરબેઠાં રોજના ચાલુ વકરામાં વધારો કર્યો.

સ્વતંત્ર કામ કરી લઈને ધંધો કરી ખાનાર માટે કોઇ પણ ઉંમર બાધકર્તા નથી, જેમ સરકારી નોકરી માટે હોય છે. વિશ્વંભર અને શીતલક્ષ્મી થોડા જ અરસામાં પોતાના ઉદ્યોગતંત્રમાં એવા તો ગરકાવ થઈ ગયાં, કે કાયમની અશક્તિ, બીમારી અને લોહીના ફીકાપણાની ફરિયાદ આપોઆપ મટી ગઈ.

સાસુસસરાની ગેરહાજરીને વસીલે સમગ્ર એકાંતસુખ પ્રાપ્ત થવાથી સુજલાનો કંકાસ ઘરમૂળથી નાશ પામ્યો અને ત્રિદિવના મોઢા ઉપર પણ જોઈતી રોનક આવી. ઘરમાં કામ કરનારીને યે જુલમ રૂપ ગણી બેકએ રજા આપી અને ગૃહવ્યવસ્થા તેમ જ રસોડાનાં બધાં જ કાર્યો જાતે સમેટવા માંડ્યાં, જેને પરિણામે પાડોશી વર્ગમાં નવેસરથી પ્રતિષ્ઠા બંધાવા લાગી. એક દિવસ દીકરાને લઈને ઘરગથ્થુ સોદો લેવા નીકળેલી સુજલાને જોઈને શીતલક્ષ્મીએ બહારથી મંગાવી રાખેલી બે ઉત્તમ સાડી બાળકનાં ફરાક તેમ જ સુંદર રમકડાંઓ ભેટમાં આપ્યાં. જ્યારે ત્રિદિવે તે જોયાં ત્યારે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું: "આવું તો નોકરીને વસીલે આપણે યે કદી ખરીદી શક્યાં નથી." તે દિવસથી ઘરમાં બેકએ જોઈતી કરકસર આરંભી દીધી અને લોકોનું દેવું અદા કરવા ઉપરાંત કંઈક બચત પણ કરવા લાગ્યાં.

ઑન્કના માણસો પણ નવાઇ પામવા લાગ્યા કે ત્રિદિવ હવે ઉત્તમ ડ્રેસ પહેરી શકે છે, અને વધારે હસમુખો રહે છે. નોકર પટાવાળાઓ આગળ પણ એનું માન વધ્યું અને ઘરમાં તો દેવ તરીકે પૂજાવા લાગ્યો. જીભને આરામ મળવાથી બીજાં ઉપયોગી કાર્યો સવેળા આટોપી શકાતાં હોવાથી ગૃહવ્યવસ્થાની રોનક અનેક ગણી વધી ગઈ અને બધા બરના પરોણા એકસરખો સંતોષ પામીને જવા લાગ્યા. કેવળ એટલી જ સ્વાભાવિક ટીકા થતી, કે વિશ્વંભરજી છેવટે છોકરાનો કાચો સાજ મૂકી જુદા થઈ ગયા એ એમણે સારું ન કર્યું!

જોઈએ તેથી વિશેષ એકાંતસુખ બહોળા પ્રમાણમાં સદી ગયા પછી સુજલાનો ખોટો હરખ ફીકો થઈ ગયો. છોકરાને બહાને સાસુ સસરાને મળવા જઈ ટહુકે લઇ આવતી અને એમને લીધે ત્રિદિવના નાનપણના ભાઈબંધ નિમુલ સાથે નવેસરથી પરિચય બંધાતાં એની પત્ની મૃદુલીલા અવારનવાર વગર સંકોચે પોતાને ઘેર નિમંત્રી બેનપણાનો સંબંધ વધારે મજબૂત કરવા લાગી. બાબો એને બહુ જ પસંદ પડી જવાથી એનું નામ પ્રસન્નમુખ રખાવ્યું, અને ઘણીઘણિયાણીને પ્રસંગે પ્રસંગે આગ્રહપૂર્વક તેડી લાવી ઉત્તમ વાનીઓ

જમાડી સુંદર ભેટ આપતી. નિમુલકાંત અસલથી ઉમદા વિચારનો અને બહોળા હેતભાવનો ધણી હોવાથી સુજલાને અપાતી રકમો માટે કશી આનાકાની કરતો નહીં. પોતાને ત્યાં બધું હતું પણ રોચક ઓળખાણો નહતી. તેથી ત્રિદિવના બધા પરિવારને એની હદમાં હંમેશ માટેનો આવકાર હકપૂર્વક નિશ્ચિત થઇ ગયો.

એકવાર વધારે કામના બોજાને લીધે શરીરમાં કસર ભરાઇ આવતા એ રજા મંજૂર કરાવી ત્રિદિવ ગાડીમાં બેસીને ઘેર ગયો, તે વાતની જાણ થતાં મૃદુલીલા બધું કામ પાતું મૂકી એકદમ એમને ત્યાં દોડી ગઈ. સુજલાને એની હાજરીની જરૂર પણ હતી; કારણ કે તોફાની "પ્રસૂ" એને એકલીને ઘણો પજવતો હતો. તેથી ઘરમાં પેસતાંની સાથે અચ્છો આવકાર આપતાં જણાવ્યું : "જુઓ તો ખરાં મૃદુલીલાબેન, તમારા દિયરને કેટલો બધો તાવ ભરાયો છે! અધૂરામાં પૂરું આ રાંડનો જણ્યો મને કશું કરવા દેતો નથી."

"છતે દાદાદાદીએ એકલા એકલા રમવાનું તે કોઇને પસંદ પડતું હશે?" મૃદુલીલાએ પથારી ઉપર જ સ્થાન લેતાં જણાવ્યું. "અહીં આવતો રહે પ્રસૂ, જો તારા બાપાજી માંદા થઈ ગયા છે. રડીએ નહીં, બેટા, એમને પણ એમના બાપ્રાજી વિના ગમતું નહીં હોય. જો આ તારે માટે બોલતી ચકલી લાવી છું," એમ કહી ત્રિદિવની અડોઅડ બિરાજી છોકરાને રમાડવા લાગી, અને તાવ જોવાને મિષે સૂતેલાના શરીરે હાથ ફેરવતી આંખમાં આંખ જમાવી કહેવા લાગીઃ "બાપ રે બાપ! આટલો બધો તાવ છે ને તમારાથી તો ઓફિસ જ છૂટતી નથી! અઠવાડિયાની રજા લઇને આરામ કરો તો શું ઓછું થઈ જવાનું છે? પ્રસુતા કાકા તો અસલથી જ તમારા વખાણ કરતા આવ્યા છે. આટલું બધું ભણ્યા અને આખરે ફેંકી દેવા જેવી નોકરી લીધી! તમારા સરખા સંસ્કારી માણસ તો જ્યાં જાય ત્યાં પૂજાય!"

સુજલાએ કહ્યું : "એમને પહેલાંથી જ વેઠિયા જેવી નોકરી પસંદ ન હતી–પણ શું કરે? માબાપની ખાતર બહારગામના સારા સારા ચાન્સ ગુમાવી વતનમાં પડી રહ્યા. પણ અહીં એમની કોણ કદર કરે? કમાઇ છે એવું કે એના કરતાં કશુંયે ન કમાતા હોય તોયે સારું! અત્યારે ભીડ ઓછી છે એટલે તમને કહેવામાં કંઇ જ વાંધો નથી, કે મારા જેવી અભાગણી સિવાય અત્યાર સુધી કોઈ એમનું થયું નથી."

ત્રિદિવે સાધારણ અશક્ત સ્વરે પ્રશ્ન કર્યો: "નિમુલભાઈ ઘેર નથી?" "એમને બીચારાનેયે કોણ જંપવા દે છે?" મૃદુલીલાએ જાહેર કર્યું: "કોઈ ઓળખીતો એમને બહારગામ પોતાને માટે મશીન ખરીદવા તેડી ગયો છે એટલે કંઇયે બેત્રણ દિવસ મફતના બગડશે: તમને કામકાજ હોય તો અમેયે એમનાથી કંઈ ઓછાં છીએ? ઠંડીના વખતમાં છાતીએ ગરમાવો રહે એવું કંઇક ધારણ કરતા રહો તો કેવું સારું?"

સુજલાએ કહ્યું: "હું પણ વરસોથી એ જ કહી રહી છું. પણ કોણ જાણે કેમ એમને જૂના લબાચા ઉપર જ ઘણો મોહ છે. વીનવી વીનવીને મારી જીભ ઘસાઈ ગઇ પણ પોતાની જીદ છોડતા નથી. એમને માથે એવાં તે શાં દુઃખ પડી ગયાં હશે કે પોતાના ઘર જેવા માણસ સાથેયે હસતો ચહેરો રાખવો અઘરો પડે?"

"માંદગીમાં તે કોઇ હસી શકતું હશે ખરું?" ત્રિદિવે કંઇક તકલીફી આર્જવે જણાવ્યું.

" સાધારણ પ્રકારની ઘણી માંદગીઓ કેટલીકવાર માત્ર હસમુખાપણાને આધારે મટી જાય છે. વળી કોઈ પણ ખરા મિજે હસવું એ કંઈ બહુ મુશ્કેલ સોદો નથી. મારા સમ, ત્રિદિવભાઈ, તમે જરાક જ પ્રયત્ન કરી જુઓ તો હમણાં જ તમને હસાવી શકું ! જુઓ આ તમારા બેઠેલો પરાક્રમી પ્રભુ કઈ અક્કલને આધારે આવું સરસ હસી શકતો હશે ? "

સુજલાએ સાક્ષી પૂરતાં ગર્વ અનુભવ્યો: " અમે કેટલાં બધાં કમજાત કે આજ સુધી અંધારામાં રહ્યાં ? ખરું કહું તો પતિસેવાનો ખરો લહાવો હું જાણતી જ ન હતી, અને અમારાં માબાપ તરફથી અમને એવું સાધારણ શિક્ષણ મળ્યું હતું. સાસરે હું માત્ર ખોટો કંકાસ લઈને આવી હતી. સારા માણસનો ભાઈચારો નહીં એટલે સુખસાયબીયે આપણને ઝેર જેવી લાગે. ખાત્રી કરવી હોય તો એમને જ પૂછી જુઓ કે પહેલાં હું કેટલો બધો ઘોંઘાટ કરતી હતી અને હવે શાને આધારે આટલી શાંત થઈ ગઈ છું ? "

કોઈ ગમે એટલું લડે ઝગડે છતાં આખરે એકત્ર થયા વિના છૂટકો નથી તેથી સમજુ સ્ત્રીપુરુષો શરૂઆતથી જ જીવના લેણુ વેરીઓ સાથે પણ ઘટતો અનાત્ર સાચવી રાખે છે, અને એમાં જ માણસાઈના બધા ગુણ આવી જાય છે. ઈર્ષા અને અભિમાન લડાઈ જગાડે છે, તો સહનશીલતા અને સમાધાન લડાયક તત્ત્વોને નાબૂદ કરી દે છે. જાનવરો કને ઉત્તમ દૃષ્ટાંતરૂપે હોતું નથી, છતાં સંસાર રમી જાણે છે અને પોતે ખપી ગયા બાદ દુનિયાને કંઈક ઉપયોગી ભેટ પૂરી પાડે છે; ત્યારે આપણે મનુષ્યો મારા-તારાની ખેંચતાણમાં અન્યોન્ય તરફની સાચી મમતા ફગાવી દઈ ખરા સુખથી વંચિત રહીએ છીએ. ટૂંકી જિંદગીમાં જો આપણે કંઈક ખરું કમાઈ શકતાં હોઈએ તો રસ્તે જનારા કોઈનોયે પ્યાર !

આટલું બધું જોયા જાણ્યા પછી ત્રિદિવ હજી હવે જ સમજી શક્યો, કે યુવાન મનુષ્યોને હવાલે શી અસાધારણ જાગીર રહી છે, જેને લીધે એના લૂંટાવેલા કે વેડફાવેલા દિવસો સાર્થક થયેલા મનાય. પોતાની પત્નીના દેખતાં એક પરક્રિયાનો ભયંકર સ્પર્શ જરા પણ આનાકાની કે વિહ્વલતા દાખવ્યા સિવાય એ ઝીલી રહ્યો હતો. નવા જગતની એ પ્રમત્તતાએ એને એવા મંથનમાં નાખી દીધો કે જાણે ભૂગર્ભે ચિરસુપ્ત ખનિજ માફક એના સમસ્ત અસ્તિત્વની પ્રક્રિયા થઈ રહી ન હોય !

મૃદુલીલાના અધિકતમ સંચયબળે ઓશિંગણ થઈ ચૂકેલી સુજલાએ પણ બરાબર જાણી લીધું કે ઊંડે ઊંડે એનો શો દાનત છે; છતાં મનમાં જરાયે ગુસ્સો લાવ્યા વિના પૂરતા ઔત્સુક્યથી એની સમસ્ત હરકતોનો બારીક માજરો કરતી હતી અને ત્રિદિવ પણ પથ્થર જેવી નિશ્ચેષ્ટતા અનુભવતો પરોક્ષ રીતે એના સૂરમાં સૂર પૂરી રહ્યો હતો.

" હું યે કેટલી બધી ભૂલકણી " આખરે સુજલાએ જણાવ્યું: " આટલે બધેથી પગપાળાં ચાલ્યાં આવ્યાં છતાં ચાનાસ્તાનો ભાવ પણ મારાથી ન પૂછાયો ? "

" ઘર જેવાં થઈ પડેલાં માણસો સાથે એવો બહારનો આચાર સારો યે લાગે ! ખરું પૂછો તો, એકલી હોવાથી આજે ઘેર ચૂલો ચેતાવવાનું યે મને યાદ નથી રહ્યું " મૃદુલીલાએ હકીકત નિરૂપી.

" ત્યારે તો ઘેર કહાવી દઈએ કે મૃદુલીલાબેન જમી પરવારીને જ આવશે " સુજલાએ ઘટતો આગ્રહ કર્યો.

✲

આગે સે ચલી આતી હૈ !

'અભિપ્રેત'

માધ્યમિક શાળામાં અમારા અંગ્રેજીના પાઠ્ય-પુસ્તકમાં એક પાઠ હતો. તેમાં જર્મનીના પ્રિન્સ બિસ્માર્કની રશિયાની મુલાકાતનું વર્ણન હતું. બિસ્માર્કને ફેરવીને બધું દેખાડવામાં આવતું હતું. એક જગ્યાએ એક હથિયારબંધ સંત્રી પહેરો ભરી રહ્યો હતો. જગ્યા તદ્દન વેરાન હતી અને આજુબાજુ એવું કશું લાગતું નહોતું, જેની દેખરેખ રાખવી પડે એટલે બિસ્માર્કે કુતૂહલથી પૂછ્યું કે આ પહેરેગીર શા માટે રાખવામાં આવ્યો છે? પહેરેગીરને પોતાને આની ખબર નહોતી. તે તો બિચારો આજ્ઞા મુજબ પોતાની ફરજ બજાવતો. પછી તો માનવંતા શાહી મહેમાનનું કુતૂહલ સંતોષવા હલચલ મચી ગઈ. કોઈને ખબર નહોતી કે એ પહેરેગીર ત્યાં શા માટે ઊભો હતો. બધા કહેતા કે અમે તો જ્યારથી નોકરીમાં છીએ ત્યારથી આ સંત્રીની જગ્યા ચાલી આવે છે. 'આગે સે ચલી આતી હૈ.' છેવટે ક્યાંકથી એમ જાણવા મળ્યું કે સો-દોઢસો વર્ષ પહેલાં રાજમહેલની સન્નારીઓ આ બાજુ કંઈક રમવા આવતી હતી ત્યારે અહીં સંત્રી રાખવામાં આવતો હતો. બસ, ત્યારથી સંત્રી નિમાતો આવતો હતો !

હવે આની સાથે ભારત સરકારના સંરક્ષણ ખાતાના ઑડિટ રીપોર્ટ, ૧૯૬૩માંનો નીચેનો ભાગ સરખાવીએ :—

"લશ્કરમાં કેટલીક નિમણૂક માટે પગાર ઉપરાંત એક તંબુ-ભથ્થાનીયે જોગવાઈ છે. લેફ્ટનંટ જનરલ્સ વગેરેને માસિક રૂ. ૪૦૦ અને મેજર જનરલ્સને માસિક રૂ. ૨૦૦ આ ભથ્થા તરીકે અપાય છે. તેના પર આવકવેરો લાગતો નથી. આ ભથ્થું ૭૦ વર્ષ પહેલાં તંબુ ને રસાલાની જાળવણી માટે શરૂ થયેલું, જ્યારે આ અફસરોને દેશના જુદા જુદા ભાગોમાં છાવણી નાખીને રહેવું પડતું. આ ભથ્થું એક ખાસ હેતુસર આપવામાં આવતું હોવાથી અમે સરકારને પૂછેલું કે આ અફસરો પોતાનો તંબુ ને રસાલો જાળવે છે કે? અને આજની બદલાયેલી પરિસ્થિતિમાં હજીયે તેનો ખરેખર ઉપયોગ કરે છે કે?

"સરકારે જૂન ૧૯૬૨માં અમને જણાવ્યું કે પ્રવાસ દરમ્યાન તંબુ વગેરેના ઉપયોગની કોઈ માહિતી મળી શકે તેમ નથી, કેમ કે એવી વિગતો રાખવાની આ અફસરોની જવાબદારી નહોતી. અમે આ અંગે ઑગસ્ટ ૧૯૬૨માં સરકારનું ફરી ધ્યાન ખેંચ્યું, પરંતુ તાજેતરના આવા કોઈ પ્રવાસ દરમ્યાન પણ તંબુઓ વગેરે વપરાયા હોય તેની કશીયે વિગત અમને મળી નથી. આવા સંજોગોમાં આ ભથ્થું જે હેતુ માટે આપવામાં આવે છે તે હેતુ માટે જ તેનો ઉપયોગ થાય છે કે કેમ, તેની ચકાસણી કરવાનું અમારે માટે શક્ય નથી."

જાહેર શું કે ખાનગી શું, તંત્ર જ્યારે યંત્રવત્ બને છે ત્યારે આવા રાખવાઓ તો સ્વાભાવિક છે. પરંતુ આવી બાબત એક વાર ધ્યાનમાં આવે ત્યારે તુરતાતુરત તેને સુધારી લેવાની તૈયારી તો હોવી જ જોઈએ ને? ઉપરના ઑડિટ રીપોર્ટમાંથી જણાય છે કે સરકાર આવી કોઈ તૈયારી બતાવવાને બદલે હજીયે તેને છાવરવાનો પ્રયત્ન કરે છે. 'આવી વિગતો રાખવાની અફસરોની જવાબદારી નહોતી'—એ તો માથાભારે નોકરશાહીની જવાબ ટાળવાની એક ખંધી રસમ જ થઈ પડી છે! દર વર્ષે ઑડિટ રીપોર્ટમાં આવી ઘણી

બાબતો પ્રકાશમાં આવે છે. પણ એ દુઃખની વાત છે કે આપણી પ્રાજકીય સરકારો તેના ઉપરથી જરૂરી પગલાં લેવાને બદલે એ બધા રીપોર્ટ અભરાઈએ જ ચઢાવી દે છે!

ગુજરાત વિધાનસભામાં હમણાં એવી માહિતી આપવામાં આવી કે રાજ્યના પ્રધાનો માટે ૪૭ અંગરક્ષકો, ૪૭ એટેન્ડન્ટ્સ, ૮ સી આઈ. ડી. અને ૮ રાત્રિપહેરેગીરો રાખવામાં આવે છે. આ બધાની પાછળ છેલ્લા ૩૪ માસમાં આશરે બે લાખનો ખર્ચ થયો છે.

આ પણ 'આગે સે ચલી આતી હૈ'નો જ નમૂનો છે. બાકી પ્રજાના પ્રધાનોનું તે વળી સંરક્ષણ શું કરવાનું હોય? ઊલટાનું આ બધું સામાન્ય જનતાથી એમને અળગા પાડવા માટેની દીવાલ રૂપ જ નથી બની જતું? પણ આવી બધી પરાપૂર્વથી ચાલી આવતી રસમોના આપણે ગુલામ બની બેઠા છીએ.

બીજો એક દાખલો લઈએ. રાજ્યના ગવર્નર જ્યારે રસ્તા પરથી પસાર થતા હોય ત્યારે પણ જે બધો ડોળ કરાય છે તે કેટલો બધો અરુચિકર લાગે છે! ગવર્નર પસાર થતા હોય ત્યારે 'સિરેન' વગાડવામાં આવે છે. જાણે કે અગાઉના રાજા-મહારાજાઓની આગળ પોકારાતી છડી—નિગાહ રખ્ખો મહેરબાન...ની જ આધુનિક આવૃત્તિ!

મુંબઈથી એવા સમાચાર મળે છે કે ત્યાંના ગવર્નર શ્રી વિજયાલક્ષ્મી પંડિતે આવી 'સિરેન' વગાડવાનું બંધ કર્યું છે. આ એક ખરેખર આવકારદાયક પગલું છે. ગવર્નર, રાષ્ટ્રપતિ કે વડા પ્રધાન કોઈ તાકીદના કામે જતા હોય ત્યારે એમના વાહનને માર્ગ કરી અપાય તે ઠીક છે. (આગ ઠારવા જતા બંબાને જેમ માર્ગ કરી અપાય છે તેમ) પણ સામાન્ય સંજોગોમાં આવો કંઈ જ જરૂર ન હોવી જોઈએ. ઊલટાની આ પદાધિકારીઓને પોતાને જ આવી 'અસામાન્ય' રીતે વર્તવામાં અસભ્યતા અને અ-પ્રગતિકારિતા લાગવી જોઈએ.

● ભારે ખતરો!

રંગભૂમિ — એકતાનું બળ

રસિકલાલ છો. પરીખ

રંગભૂમિ શબ્દ આપણે હાલમાં અંગ્રેજી શબ્દ થિએટરના અર્થમાં વાપરીએ છીએ. એમાં મુખ્યત્વે નાટ્યકલા અભિપ્રેત હોય છે. ભારતીય પરંપરા પ્રમાણે પણ રંગભૂમિ અથવા રંગ એટલે નાટ્યનું સ્થાન, આચાર્ય હેમચંદ્રની વ્યાખ્યા પ્રમાણે સ્થાને નાટ્યસ્ય રङ्गः स्यात् । (૨, ૧૯૬). એટલે રંગભૂમિનો એકતાના બળ તરીકે વિચાર કરવાનો હોય તો તે મુખ્યત્વે નાટ્યકલા પરત્વે જ કરવાનું પ્રાપ્ત થાય.

નાટ્યકલાના સ્વરૂપમાં જ એકતા સાધવાની શક્તિ છે. શી રીતે તે વિચારીએ.

માનવસમાજે ઉપજાવેલી કલાઓનાં વૃન્દમાં નાટ્યકલાનું સ્થાન અનોખું છે. તેના ઉદ્દગમ, વિકાસ, પ્રચાર, પ્રતિષ્ઠા અને અધોગતિનો ઇતિહાસ — આપણા દેશમાં કે બીજા જે દેશોએ નાટ્યકલાનો વિકાસ સાધ્યો છે તેમાં—ઈતિહાસ જોઈએ તો એમ કહેવું પડે કે નાટ્ય એ કલા તો છે, પણ વસ્તુતઃ એ એક લોકસંસ્થા છે; અથવા એમ કહીએ કે નાટ્ય એ સામુદાયિક કલા છે જે લોકસંસ્થા તરીકે ઉદ્દભવી છે, સ્વરૂપ પામી છે, અને વિકાસ તથા હ્રાસ પણ એ લોકસંસ્થા તરીકે જ પામતી રહી છે.

માનવસમાજમાં ઉદ્દભવેલી બીજી કલાઓ વિષે પણ એમ કહી શકીએ કે તે બધીયે સમાજ માટે છે. પણ એમાં નાટ્ય સિવાય બીજી કોઇ એવી કલા નથી કે માણસો સાથે મળીને ન કરે તો હયાતિમાં જ ન આવે. ઊલટું ઘણીખરી કલાઓના સર્જક વ્યક્તિવિશેષો હોય છે, અને સર્જન પછી તેમનો ઉપભોગ વ્યક્તિઓ પણ કરી શકે છે અને સમુદાયો પણ કરી શકે છે. જ્યારે નાટ્યકલાનું સર્જન માનવો સાથે મળીને જ કરી શકે છે અને એનો ઉપભોગ જેમ જેમ એ કલા સર્જાતી જાય તેમ તેમ થતો જાય છે; અને તે કોઇ એક જ વ્યક્તિએ કરવો હોય તો તે અશક્ય નથી, છતાં એ ઉપભોગનું પણ સ્વરૂપ એવું છે કે સાથીઓ વિના તે કરવાનું ફાવતું નથી.

દાખલાથી આ બાબત વધારે સ્પષ્ટ કરું. એક કવિ કે ચિત્રકાર પોતાના ખંડમાં બેસી કાવ્ય કરે કે ચિત્ર, અને પછી તે લોક સમક્ષ રજૂ કરે, અને તેનો આસ્વાદ વ્યક્તિ પોતાના ખંડમાં બેસી કરે કે સભામાં કે પ્રદર્શનમાં જનસમુદાય તેનો આસ્વાદ કરે. આવું નાટ્યકલા વિષે બને નહિ. અહીં કોઈ કહે કે કવિ પોતાના ખંડમાં બેસી નાટક લખી શકે છે; પણ આમાં જ નાટ્યકલા વિષે મોટી ગેરસમજ છે. કવિ જે કાંઈ સર્જે છે તે તો કાવ્ય જ છે કે સાહિત્યકૃતિ છે; એ કાવ્ય કે સાહિત્યકૃતિ નાટ્ય ત્યારે જ થાય કે જ્યારે નટો એને ભજવે; અર્થાત્ જેમ કાવ્ય એ કવિકલા છે તેમ નાટ્ય એ નટકલા છે; એટલે કે નટસમુદાય પ્રેક્ષકસમુદાય સમક્ષ જ્યારે પોતાની કલા સર્જે ત્યારે નાટ્ય હયાતીમાં આવે છે. આ દૃષ્ટિએ નાટ્યકલા તેના ઉદ્દભવમાં અને ઉપભોગમાં સમુદાયની અપેક્ષા રાખે છે.

નાટ્યકલાની ભારતીય પરંપરામાં આ લક્ષણ સુસંગત રીતે સચવાયેલું છે. એમાં નાટ્યકલાને અભિનયની કલા ગણવામાં આવે છે. અભિનય એટલેપ્રેક્ષક સમાજ સુધી અર્થ અને તે દ્વારા ભાવને લઇ જવાની નટકલા; આવા અભિનયમાં ચાર પ્રકારો હોય છે:

વાણીથી અર્થ અને ભાવનું ઉદ્દબોધન કરતો વાચિક અભિનય, અંગોના હલનચલનથી અર્થ–ભાવ સૂચવતો આંગિક અભિનય, ચિત્તસત્ત્વથી પ્રસંગોપાત્ત એ અર્થ–ભાવ–સાધતો સાત્ત્વિક અભિનય, અને વેશ, ભૂષા, દૃશ્યરચના આદિથી એ અર્થ અને ભાવના ઉદ્દબોધનમાં સહાયક થતો આહાર્ય અભિનય. આમ ચાર પ્રકારના અભિનયો ચાર જુદા જુદા અર્થો, ભાવો દર્શાવે છે એવો આનો અર્થ નથી.—ચારે પરસ્પર પુરક કે સહાયક કે સંવર્ધક બની એક પ્રકારના જ અર્થ–અને ભાવ ઉદ્દબોધે છે. પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવું એ છે કે નટો જ આ ચારે પ્રકારનો અભિનય કરે છે.

થોડોક આગળ વિચાર કરીએ તો સમજાય છે કે નટોને આ ચાર પ્રકારનો અભિનય કરતાં પહેલાં બીજા કેટલાયે કલાકારો ઉપર આધાર રાખવો પડે છે. નટો પોતે જ પોતાના સમુદાય કે વૃન્દમાંથી આ બધી સામગ્રી સરજી શકે છે; અને પ્રાથમિક કક્ષાની નાટ્યકલામાં પહેલાં એમ થતું હતું, અને આજે પણ એમ થાય છે. છતાં નાટ્યકલાના વિકસિત સ્વરૂપોને તો બીજા કલાકારોનો આશ્રય લેવો પડે છે, તેમાયે ખાસ કરીને વાચિક અભિનય માટે સામગ્રી પૂરી પાડનાર કલાકાર વિના–અર્થાત્ કવિ વિના તો નાટ્યને ચાલતું જ નથી. કવિ નટોને તેમના નાટ્ય માટે વસ્તુ પૂરું પાડે છે, અને એ રીતે નાટ્યકલાના સર્જનનો નકશો આંકી આપે છે, અને ક્રમે ક્રમે નટોનો ગુરુ થઈ પડે છે. છતાં કવિનું કામ વસ્તુ ગુંથી આપવાનું છે અને એ એની ક્ષેત્રમર્યાદા છે, એનું ભાન કાલિદાસ જેવા નાટક–લેખકોને બરાબર હોય છે. માટે તો 'શાકુન્તલ'ની પ્રસ્તાવનામાં સૂત્રધાર કહે છે કે "कालिदासग्रथितवस्तुना नाटकेनोपस्थातव्यमस्माभिः—કાલિદાસે જેનું વસ્તુ ગુંથી આપ્યું છે એવું નાટક આપણે રજૂ કરવાનું છે."

આમાંથી ફલિત એ થયું કે નાટ્ય એ નટસમુદાયથી સર્જાય છે, જનસમુદાયથી ભોગવાય છે. પણ એટલા જ અર્થમાં એ સામુદાયિક કલા નથી, પણ એમાં બીજા અનેક કલાકારોનો પણ સહકાર હોય છે : શબ્દકલાનો કલાકાર કવિ, સ્વરકલાના કલાકાર ગાયક–વાદક, અંગવિક્ષેપનો કલાકાર નર્તક, ચિત્રકલાના કલાકાર ચિત્રકાર, સ્થાપત્યનો સ્થપતિ, ઇત્યાદિ અનેક કલાકારોનું વૃન્દ નટવૃન્દની સાથે હોય છે. આ દૃષ્ટિએ જ ભરતમુનિએ કહ્યું કે 'એવું શાસ્ત્ર નથી, એવું શિલ્પ નથી, એવી વિદ્યા નથી, એવી કલા નથી, એવું કૌશલ નથી, એવી કારીગીરી નથી જે આ નાટ્યમાં ન દેખાય :

न तच्छ्रुतं न तच्छिल्पं न सा विद्या न सा कला ।
नासौ योगो न तत्कर्म यन्नाट्येऽस्मिन्न दृश्यते ॥

(अ. १, श्लोक ११६: ना. शा. नि. सा.)

બીજી એક દૃષ્ટિએ જોઈએ તો અન્ય કલાઓની અપેક્ષાએ પૂર્ણ રીતે અર્થનું નિવેદન કરવાની શક્તિ નાટ્યમાં વધારે છે. માણસની બુદ્ધીન્દ્રિયો – મુખ્યત્વે બે : આંખ અને કાન. આંખ દ્વારા અર્થ અને ભાવને પહોંચાડે સ્થાપત્ય, શિલ્પ અને ચિત્ર તથા સંગીતથી નિરપેક્ષ નૃત્ત અને નૃત્ય; કાનદ્વારા ગાયન, વાદન અને કાવ્યપઠન. પરંતુ નાટ્યનું જ સ્વરૂપ એવું છે–તેમાં વાચિક અને આંગિક બન્ને અભિનયો આવશ્યક હોવાથી–કે જે અર્થ અને ભાવનું વહન બન્ને ઇન્દ્રિયો–આંખ અને કાન–દ્વારા કરે છે. આ જ વાત ભરતે દેવો દ્વારા બ્રહ્મા પાસે મૂકેલી માગણીમાં કરી છે : તેઓ એવું રમકડું માગે છે કે જે દૃશ્ય અને શ્રવ્ય બન્ને સાથે હોય;

क्रीडनीयकमिच्छामो दृश्यं श्रव्यं च यद्भवेत् ।

(અ. ૧, શ્લોક ૧૧ ના. શા. નિ. સા.)

પણ આપણે નાટ્યને લોકસંસ્થા કહી. એનું આ સ્વરૂપ સામાજિક ઈતિહાસમાં છે. નાટ્યની ઉત્પત્તિ કર્મોના અનુકરણ દ્વારા વીરપૂજામાં હોય કે દેવપૂજામાં હોય કે સામુદાયિક ભાવોદ્રેકમાં હોય;–ગમે તે રીતે વિચારશો તો પણ મુખ્ય સંસ્કૃતિઓમાં એ લોકસંસ્થા તરીકે જ દેખા દે છે, જે અર્થમાં દેવમંદિર, વિદ્યોપાસના, ખેતીવાડી, વેપાર-ઉદ્યોગ, યુદ્ધ આદિ લોકસંસ્થાઓ છે તે અર્થમાં. આવા જ કોઈ ખ્યાલથી પ્રસિદ્ધ અંગ્રેજ નાટ્યકાર બર્નાર્ડ શોએ કહ્યું કે મારું [અર્થાત્ રંગભૂમિનું] ચર્ચ પ્રીસ્ટનો ચર્ચ કરતાં વધારે જૂનું છે, અને વધારે ચિરસ્થાયી છે.

પરંતુ નાટ્ય સંસ્થા બીજી કોઈ પણ સંસ્થા કરતાં વધારે લોકવ્યાપક છે. બીજી સંસ્થાઓમાં વર્ણમર્યાદા કે વર્ગમર્યાદા તે તે સંસ્થાઓનું સામાજિક સ્વરૂપ કુંઠિત કરે છે. નાટ્ય એના સ્વરૂપથી જ સાર્વજનિક છે. પ્રાચીન ભારતના જેવા વર્ણાંકિત અને જ્ઞાતિરૂઢ સમાજને પણ નાટ્યકલાનું સ્થાન વિચારતાં આ પ્રશ્નનો ઉત્તર આપવો પડ્યો છે. ભરત મુનિએ પૌરાણિક શૈલીએ એનો સચોટ ઉત્તર આપ્યો છે: વિદ્યાઓમાં અને જ્ઞાનમાં ચાર વેદોનું સ્થાન સર્વોચ્ચ. પણ એ વેદો દ્વિજ જાતિઓમાં–ખાસ કરીને બ્રાહ્મણજાતિમાં મર્યાદિત. પણ જ્યારે ગ્રામ્ય ધર્મ પ્રવર્તમાન થાય, કામ અને લોભનું બળ જામે, ઈર્ષ્યા, ક્રોધ, આદિથી મૂઢતા આવે અને સમસ્ત લોક સુખી હતો તે દુઃખી થાય ત્યારે સમસ્ત લોકને આ દોષોથી મુક્ત કરવાને કયું જ્ઞાન કામમાં આવે?

ग्राम्यधर्मे प्रवृत्ते तु कामलोभवशं गते ।
ईर्ष्याक्रोधादिसंमूढे लोके सुखितदुःखिते ॥

(અ. ૧, શ્લોક ૯, ના. શા. નિ. સા.)

આવી સમસ્ત લોકની અંધાધૂંધીમાં કયો વેદ શક્તિમાન થાય? લોકના અમુક વર્ગોમાં જ મર્યાદિત રહે એવા વેદ ન ચાલે. તેથી ઇન્દ્રાદિ દેવો બ્રહ્માને કહે છે:

"तस्मात् सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम्

(અ. ૧. શ્લો. ૧૨, એજન)

—માટે અપર એવો પાંચમો સાર્વવર્ણિક વેદ સર્જો."

સાર્વવર્ણિકનો અર્થ આજની ભાષામાં સાર્વજનિક થાય. આ સાર્વજનિક વેદ તે નાટ્યકલાનો નાટ્યવેદ.

આ નાટ્યવેદ પણ પાછો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ વેદસમુદાયમાંથી નીપજતો વેદ છે એમ ભરતનું કહેવું છે, કારણકે એમના મતે નાટ્યનાં ચાર અંગો પ્રત્યેક એક એક વેદમાંથી આવેલાં છે: પાઠ્ય ઋગ્વેદમાંથી, ગીત સામવેદમાંથી, અભિનયો યજુર્વેદમાંથી અને રસ અથર્વવેદમાંથી.

આ પૌરાણિક કથાનું નાટ્યકલા પરત્વે રહસ્ય વિચારવા જેવું છે. તેમાંથી જ નાટ્યકલા એ સમસ્ત સમાજને એક કરતું બળ કેવી રીતે બને છે તે પ્રકટ થાય છે. જનસમાજમાં

નાટ્યકલા એક એવી કલા હતી કે જે વેદનું કામ કરતી હતી અર્થાત્ લોકોને ગ્રામ્ય ધર્મમાંથી ઉદ્ધારવાનું–સંસ્કારવાનું, કામની અને લોભની ગુલામીને દૂર કરવાનું; ઈર્ષા અને ક્રોધથી આવતી મૂઢતાને ખંખેરી નાખવાનું અને દુઃખી થતા લોકને સુખી કરવાનું:—અને આ કાર્ય નાટ્યકલા વેદોની જેમ–વેદ.અભ્યાસ જડતી જેમ–કરતી ન હતી; પણ આંખને અને કાનને આનંદ આપતા રમકડાંની જેમ,—'દૃશ્ય-શ્રવ્ય ક્રીડનીયક'ની જેમ કરતી હતી. ઋચાઓના જેવા પાઠ કરીને, સામ જેવું ગાઈને, યજુઓનાં જેવાં અભિનયો કરીને, અને આથર્વણો જેવા 'રસ' ઉપજાવીને–આ પાંચમો વેદ જનસમાજને ઉદ્ધારવાનું, રસમય બનાવવાનું અને સુખી કરવાનું કાર્ય કરતો હતો.

આ નાટ્યવેદનું જ્ઞાન કોઈને પણ નિષિદ્ધ ન હતું–એ વેદ સાર્વવર્ણિક હતો એનો અર્થ એ કે નાટ્યકલાવિદો ઉચ્ચ ગણાતી જાતિઓના જ ન હતા, બધી જાતિઓના રહેતા બ્રાહ્મણો પણ હોય અને શૂદ્રો પણ હોય. બીજો અર્થ એ કે જનસમાજનાં બધા થરો જેમ એ કલા અજમાવી શકે તેમ ભોગવી પણ શકે.

નાટ્યકલાનો વિષય પણ કોઈ વર્ગો કે વર્ગોમાં મર્યાદિત કરાયો નથી, પણ સમસ્ત લોકચરિતને–સમસ્ત જનસમાજનાં ચરિતોને એ આવરી શકે છે: लोकस्य चरितं नाट्यम् (અ.૩૬ શ્લો. ૧૧ એજન)–એ પણ ભરતનું જ સૂત્રાત્મક કથન છે. નાટ્યના વિષયની વ્યાપકતા ઉપર ભરતે ઘણો ભાર મૂક્યો છે. દેવોના નાટ્યથી દૈત્યોએ ચીડાઈ જ્યારે સર્વના પિતામહ બ્રહ્મા પાસે નાટ્યકલા વિષે ફરિયાદ કરી ત્યારે બ્રહ્માએ કહ્યું કે નાટ્યકલામાં ફક્ત દેવોનું કે ફક્ત દૈત્યોનું જ નિરૂપણ નથી પણ આ સર્વ ત્રૈલોક્યનું એ તો ભાવાનુકીર્તન છે: त्रैलोक्यस्यास्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् (અ. ૧, શ્લો ૧૧૭ એજન) "વિવિધ અવસ્થાઓ અને વિવિધ ભાવોને નિરૂપતું નાટ્ય એ તો લોકવૃત્તનું અનુકરણ છે:

नानाभावोपसंपन्नं नानावस्थान्तरात्मकम् ।
लोकवृत्तानुकरणं नाट्यमेतन्मया कृतम् ॥

(અ. ૧, શ્લોક ૧૧૨ એજન)

આમાં એ સમજી શકાશે કે નાટ્યકલાની વ્યાપકતા અને સાર્વજનિકતા વિવિધ માનવ અવસ્થાઓ અને વિવિધ માનવભાવો નિરૂપતામાં રહેલી છે; પણ તે માનવવૃત્તો દ્વારા નિરૂપવાના હોવાથી માનવ વૈવિધ્ય ઉપર પણ તેને આધાર રાખવો પડે છે.

પણ નાટ્યકલાએ એક મોટું લક્ષ્ય પોતાની આગળ રાખ્યું છે: ગ્રામ્ય ધર્મમાંથી લોકને ઉદ્ધારવાનું. અને તે માટે તે પોતાનું નિરૂપણ એવી રીતે કરે છે કે એમાં કર્મ અને ભાવના અન્વયની—નિયત સંબંધની અપેક્ષા રહે—कर्मभावान्वयापेक्षो नाट्यवेदो मया कृतः એમ બ્રહ્મા કહે છે. અર્થાત્ કે માનવનાં કર્મો અને ભાવો એકબીજામાંથી કેમ નીકળે છે એ જોઈ શકાય એ રીતે નાટ્યકલા પોતાનો વિષય રસમય કરે છે.

નાટ્યકલાનું આવું કાંઈક સ્વરૂપ ભારતની પ્રણાલીએ કલ્પ્યું હતું. પ્રાચીન ગ્રીસમાં પણ એરિસ્ટોટલ વગેરેએ પણ કેથારસિસના તત્ત્વથી નાટ્યનું આવું મહાન પ્રયોજન સ્પષ્ટ કર્યું છે. પ્રાચીન ગ્રીસના ઈસ્કાઇલસ, યુરિપિડિઝ, સોફોક્લિઝનાં નાટકો, કે ઇંગ્લેન્ડના માર્લો અને શેક્સપિઅર જેવાનાં નાટકો કે જર્મનીના ગટે જેવાનાં નાટકો કે નોર્વેના ઇબ્સન જેવાનાં નાટકો અથવા ભારતના ભાસ, શુદ્રક, કાલિદાસ, અને ભવભૂતિ જેવાનાં કે કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં નાટકો—આ બધાંમાં નાટ્યકલાનું એ ઉદાત્ત–ભવ્ય લક્ષ્ય સિદ્ધ થતું દેખાય છે.

આ નાટ્યકલા એ જ રંગ છે, રંગભૂમિ છે. તેમાં એકલપણાને અવકાશ નથી. માણસો સાથે મળીને નાટક કરે છે, અને માણસો સાથે મળીને જ તે ભોગવે છે. નાટક કાન એકલાને જ નહિ, આંખ એકલીને જ નહિ, પણ આંખ કાન બન્નેને સાથે આનંદ આપે છે, બન્નેને સાથે વાહન બનાવી પોતાના ભાવો સાધે છે. નાટ્ય પોતે કલા સ્વરૂપે એક હોવા છતાં તેનાં અંગોમાં અનેક કલાઓનું વૈવિધ્ય રહ્યું છે–જાણે ઇન્દ્રનું મેઘધનુષ. નાટ્ય સમાજમાંના પ્રતિષ્ઠિત વર્ગો–વર્ણો–અને પક્ષોનાં બંધનોથી મુક્ત રહે છે. નાટ્ય વિવિધ પ્રકારનાં માનવોનાં વિવિધ વૃત્તો એવી રીતે બનાવે છે કે જેથી કર્મ–અને ભાવનો નિયત સંબંધ–અન્વય સ્પષ્ટ થાય અને પરિણામે માણસ વ્યક્તિ કે વર્ગના રાગદ્વેષમાં ન પડતાં તટસ્થ દ્રષ્ટા રહી શકે. પરંતુ નાટ્યકલા આ બધું 'વેદાભ્યાસ જડ'ની રીતે નહિ પણ રસાનુભવના પરમ લક્ષ્યમાં સમાઈ જાય એ રીતે સિદ્ધ કરે છે.

જે રંગભૂમિ આવી નાટ્યકલાને અવકાશ આપે તેનું જનહિત માટેનું સામર્થ્ય પણ છે; પ્રજાને સંગઠિત કરવાનું, મનોભાવોના રસમય દર્શન દ્વારા સંગઠિત કરવાનું–એક કરવાનું–રંગભૂમિ એક પરમ બળ છે.

વિવિધ રુચિવાળા લોકોનું સમારાધન કોઈ એક કલા કરતી હોય તો તે નાટ્યકલા કરે છે, અને તે સત્ત્વ, રજસ અને તમસ એવા ત્રણ ગુણોમાંથી નીપજતા લોકચરિતને વિવિધ પ્રકારના રસોનો અનુભવ થાય એ રીતે નિરૂપીને કરતી હોય તો તે નાટ્યકલા જ છે–એવું મહાકવિ નાટ્યકાર કાલિદાસનું કથન છે :

त्रैगुण्योद्भवमत्र लोकचरितं नानारसं दृश्यते ।
नाट्यं भिन्नरुचेर्जनस्य बहुधाप्येकं समाराधनम् ॥

ભિન્ન રુચિવાળા માનવોને રાજી કરી તેમને એક કરવાના ઉપાય કરતાં કયો બીજો ઉપાય એકતા માટે વધારે શક્તિમાન છે? અને નાટ્યકલા કરતાં બીજી કઈ કલા એ ઉપાય બનવાને વધારે સામર્થ્ય ધરાવે છે!

રંગભૂમિ માનવસમાજને રસના માર્ગે તેના સ્વરૂપની એકતા જોવાનું દર્પણ ધરી એકત્વની ભાવના પોષની મહાન લોકસંસ્થા બની શકે છે. *

* ઑલ ઇંડિયા રેડિયોના સૌજન્યથી.

નીલ્સ હેન્રીક બોહ્ર [Niels Henrik Bohr]

[૧૮૮૫–૧૯૬૨]

અશ્વિન ત્રિવેદી

ઇન્દ્રવદન ભટ્ટ

[ગતાંકથી ચાલુ]

વીસમી સદીના ભૌતિકશાસ્ત્રમાં શકવર્તી ફેરફાર કરનાર મહત્ત્વની શોધોમાં આલ્બર્ટ આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદ જેટલું જ માનભર્યું સ્થાન પ્લાન્કના ક્વૉન્ટમવાદનું ગણી શકાય. પ્રકાશ શું છે તે વિશે વિજ્ઞાનનાં બે પરસ્પર વિરોધાભાસી મંતવ્યો હતાં. પ્રકાશના પ્રસરણનો કણવાદ (Corpuscular Theory of Light) પ્રખ્યાત ઇંગ્લિશ વૈજ્ઞાનિક ન્યૂટને (Newton) ઇ. સ. ૧૬૨૭માં સૂચવ્યો હતો; જ્યારે હોલેન્ડવાસી હ્યુજીન્સે (Huygens) એ જ અરસામાં પ્રકાશના પ્રસરણ માટે તરંગવાદ સૂચવ્યો હતો. વૈજ્ઞાનિક જગતમાં ન્યૂટનનું સ્થાન ઊંચું હોવાથી કણવાદ વધુ લોકપ્રિય થઇ પડ્યો. અને લગભગ બસો વર્ષ સુધી ટક્યો. ઓગણીસમી સદીની છેલ્લી પચીસીમાં મેક્સવેલે (Maxwell) સૂચવ્યું કે તરંગવાદ પ્રમાણે પ્રકાશના ગુણધર્મો વધુ અસરકારક રીતે સમજાવી શકાય છે. પ્રખ્યાત જર્મન વૈજ્ઞાનિક હર્ટ્ઝે (Hertz) પ્રકાશના તરંગવાદના આધારે વાયરલેસ, ટેલિવિઝન અને રડારના પાયામાં રહેલી શોધો સૂચવતાં લોકોને લાગ્યું કે હવે તરંગવાદની બોલબાલા રહેશે. આ બન્ને વાદ વચ્ચે તાત્ત્વિક ભેદ શો છે? દરેક કણને વજન અને વેગમાન (momentum) હોય છે. આપણે જેને ‘ વસ્તુ ’ કહીએ છીએ તેનો આ વિશિષ્ટ ગુણધર્મ છે; જ્યારે જેને આપણે ‘ શક્તિ ’ (Energy) કહીએ છીએ તેનો વિશિષ્ટ ગુણધર્મ તરંગલંબાઇ છે. પાણીમાં પથ્થરો નાખતાં ઉત્પન્ન થતા તરંગો સૌએ જોયા હશે. બે શિખર (crest) કે કુંડી (trough) વચ્ચેના અંતરને તરંગલંબાઇ કહે છે. એક સેકન્ડમાં મળી આવતા તરંગની સંખ્યાને તરંગસંખ્યા કહે છે. આધુનિક વિજ્ઞાન વસ્તુ અને શક્તિ વચ્ચે ફેર સ્વીકારતું નથી. શક્તિસંચય (conservation of energy) અને વસ્તુસંચયના નિયમને બદલે બન્નેનો ભેગો સંચયનો સિદ્ધાંત સ્વીકારવામાં આવે છે કારણ કે વસ્તુમાંથી શક્તિ ઉત્પન્ન થઇ શકે છે. આ શકવર્તી શોધ આલ્બર્ટ આઇન્સ્ટાઇને (Albert Einstein) ઇ. સ. ૧૯૦૫માં કરી હતી. જેના પ્રમાણે,

$$E = mc,$$

જ્યાં E = શક્તિ, m = વસ્તુનું દળ અને c = પ્રકાશની ગતિ.

ઉપરના સમીકરણથી વસ્તુમાંથી શક્તિમાં રૂપાંતર થતાં કેટલી શક્તિ ઉત્પન્ન થશે તે ગણી શકાય છે. માત્ર એક શેર વસ્તુમાંથી શક્તિ ઉત્પન્ન કરવામાં આવે તો આખી દુનિયાને ત્રણ દિવસ સુધી વિદ્યુતશક્તિ પૂરી પાડી શકાય.

ઇ. સ. ૧૯૨૪માં ફ્રેંચ વૈજ્ઞાનિક દ બ્રોગલી (De Broglie)એ સૂચવ્યું કે કોઇ પણ કણની તરંગલંબાઇ માપી શકાય છે. ઇલેક્ટ્રોન ઉપરના બન્ને ગુણધર્મો–કણ અને તરંગના–દેખાડી શકે છે. મહાન જર્મન વૈજ્ઞાનિક હાઇસનબર્ગે (Heisenberg) વિજ્ઞાનના પાયારૂપ અનિશ્ચિતતાવાદ (Principle of Uncertainity) સૂચવ્યો. જો

આપણે કોઈ કિરણ કે કણ કઈ જગ્યાએ છે તે ચોકસાઈથી માપીએ તો તેનો વેગમાન (momentum) માપવામાં અચોકસાઈ આવવાની. જો વેગમાન ચોકસાઈથી માપવામાં આવે તો તો તેનું સ્થાન નક્કી કરવામાં અચોકસાઈ આવે. આમ આ બન્નેમાં રહેલી અચોકસાઈનો ગુણાકાર લગભગ પ્લાન્કના એકમૂલ્ય (h) બરાબર આવે છે.

બોહરે રૂથરફર્ડના કેન્દ્રની આસપાસ ફરતા ઇલેકટ્રોન વિશેના વિચારો અને પ્લાન્કના ક્વૉન્ટમ સિદ્ધાંતનો સમન્વય સાધી એક વ્યાવહારિક માર્ગ સૂચવ્યો. બોહરના સૂચન પ્રમાણે ઇલેકટ્રોન કેન્દ્રની આસપાસ ગમે તે કક્ષામાં ન ફરતાં પ્લાન્કના સિદ્ધાંતને અનુસરતી જ કક્ષામાં ફરી શકે છે. જ્યાં સુધી ઇલેકટ્રોન એક જ કક્ષામાં ફરે છે ત્યાં સુધી શક્તિનું શોષણ કે ઉત્પાદન થતું નથી. પરંતુ જો ઇલેકટ્રોન નીચેની (lower) કક્ષામાંથી ઉપરની (higher) કક્ષામાં કૂદકો મારે તો શક્તિનું શોષણ થાય છે અને ઉપરની કક્ષામાંથી નીચેની કક્ષામાં કૂદકો મારે તો શક્તિનું ઉત્પાદન થાય છે. આ શક્તિનું માપ પ્લાન્કના એકમૂલ્ય અને તરંગસંખ્યા પર આધાર રાખે છે.

$$En_2 - En_1 = h\,v$$

En_2 અને En_1 અનુક્રમે n_2 અને n_1 કક્ષામાં રહેલી શક્તિ છે. હાઈડ્રોજનનો વર્ણપટ કે જે અનેક રેખાઓનો બનેલો છે તેની તરંગસંખ્યા શોધવામાં ઉપરનો નિયમ ઘણો ઉપયોગી થઈ પડ્યો. આ નિયમમાં થોડાઘણા સુધારા કરવાથી બીજાં તત્વોનાં વર્ણપટ સમજવા પણ સરળ થઈ પડ્યાં. બોહરના સિદ્ધાંતે રસાયણશાસ્ત્રની આધુનિક પ્રગતિમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. એટલું જ નહિ પણ આ સિદ્ધાંત પ્લાન્કનાં ક્વૉન્ટમ સિદ્ધાંતને વૈજ્ઞાનિકો પાસે સ્વીકારાવવામાં ઉપયોગી થઈ પડ્યો.

આ નિયમમાં પાછળથી ઘણા ફેરફારો થયા છે. વાસ્તવિક રીતે વૈજ્ઞાનિકો હવે ઇલેકટ્રોનને કણ ગણવા કરતાં તરંગ ગણવું વધુ અનુકૂળ ગણે છે. તરંગ યાંત્રિક (wave mechanics) સિદ્ધાંત પ્રમાણે ઇલેકટ્રોન કોઈ એક સ્થાયી કણ નથી કે જેને આપણે અમુક સમયે અમુક જગ્યાએ ચોક્કસ રીતે હોય એમ કલ્પી શકીએ. હવે તો ઇલેકટ્રોન કઈ જગ્યાએ હોવાની શક્યતાને (probability) સૂચવવું વધુ યોગ્ય ગણાય છે. જેમ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદથી ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત અને બીજા ખ્યાલો વૈજ્ઞાનિક જગતમાં નાશ પામ્યા નથી પરંતુ તેમના ઉપયોગની મર્યાદા સૂચવાઈ છે તે જ પ્રમાણે શ્રોડીંજર (Schrodinger) નો તરંગયાંત્રિક સિદ્ધાંત બોહરના સિદ્ધાંતની મર્યાદા સૂચવે છે. લગભગ દરેક વૈજ્ઞાનિક સિદ્ધાંત માટે આ પ્રમાણે બનતું આવ્યું છે. બોહરના નેતૃત્વ હેઠળ કોપનહેગનની સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર માટેની સંશોધન સંસ્થામાં ભૌતિકશાસ્ત્રના આ બે મહાન સિદ્ધાંતો—તરંગવાદ અને ક્વૉન્ટમવાદ—નો સમન્વય સાધવામાં આવ્યો. આ અરસામાં બોહરે તેનો પૂરક સિદ્ધાંત (Principle of Complementarity) રજૂ કર્યો. તેમાં બોહરે સૂચવ્યું કે ઇલેકટ્રોનનું રહસ્ય સમજવા માટે કણ તરીકે તેમજ તરંગ તરીકેના ગુણધર્મો તપાસવા જોઈએ. આવી જાતના દ્વિગુણધર્મો કુદરતમાં બધે હોય છે એમ બોહરે જણાવ્યું. વિજ્ઞાનમાંથી તત્ત્વજ્ઞાનમાં લપસી પડતા આ સિદ્ધાંત વિશે બોહર અને આઈન્સ્ટાઈન વચ્ચે ઘણી ચર્ચાઓ થઈ.

સામાન્ય રીતે દરેક વૈજ્ઞાનિક કે લેખકને સર્જન માટે તેનો સુવર્ણયુગ હોય છે. તે દરમ્યાન તે પોતે મહત્ત્વનાં સર્જન કરે છે. બોહરની વિશિષ્ટતા એ હતી કે માત્ર પચ્ચીસ

વર્ષની ઉંમરે તેણે પરમાણુવાદ સૂચવ્યો. અને ત્યાર પછી પચ્ચીસ વર્ષે ફરી પાછા, એટલે કે જ્યારે બોહ્ર પચાસ વર્ષના થયા ત્યારે, પરમાણુભંજન વિશે કેટલીક અગત્યની શોધો કરી. ઈ. સ. ૧૯૩૯માં બોહ્ર અમેરિકા જવા માટે નીકળ્યા ત્યારે ખબર મળ્યા કે પરમાણુ-ભંજનમાંથી વિશાળ શક્તિ ઉત્પન્ન થઈ શકે છે. બોહ્રે આ કામમાં તેની બુદ્ધિ કસવા માંડી. યુરેનિયમના ત્રણ સમસ્થાનિકોમાંથી પરમાણુભંજન માટે યુરેનિયમ (૨૩૫ પરમાણુ ભારવાળો) અનુકૂળ છે એમ બોહ્રે સૂચવ્યું. કુદરતમાં યુરેનિયમ (૨૩૫)નું પ્રમાણ ખૂબ જ થોડું હોવાથી વૈજ્ઞાનિકો બોહ્રના સૂચનના આધારે તે મેળવવામાં પડ્યા. બોહ્રની આ શોધ વગર પરમાણુ બોમ્બનો જન્મ થવાનું મુશ્કેલ બન્યું હોત. બોહ્રની બીજી શોધ પરમાણુભંજન વિશેની હતી. જ્યારે ન્યુટ્રોન કે આલ્ફા કિરણો જેવાં પ્રવેગી કણોને તત્ત્વના કેન્દ્ર પર ફેંકવામાં આવે છે ત્યારે પ્રથમ સંયુક્ત કેન્દ્ર બને છે. કેન્દ્ર પર કિરણની શક્તિ પ્રસરે છે અને કેન્દ્ર તે સહન ન કરી શકવાથી નવાં કિરણો બહાર ફેંકાય છે તથા નવું તત્ત્વ બને છે. જેમકે,

$$^{14}_{7}N + ^{4}_{2}He \rightarrow ^{19}_{9}\text{ સંયુક્ત કેન્દ્ર } \rightarrow ^{17}_{8}O + ^{1}_{1}H$$

ઉપરની પ્રક્રિયામાં નાઈટ્રોજનનાં કેન્દ્ર પર જ્યારે આલ્ફા કિરણો ફેંકવામાં આવે છે ત્યારે પ્રથમ સંયુક્ત કેન્દ્ર બને છે અને તેમાંથી પ્રોટોન છૂટો પડી ઑક્સિજનનું તત્ત્વ બને છે. યુરેનિયમ (૨૩૫) પર યોગ્ય વેગવાળાં ન્યુટ્રોનથી થતા ભંજનને સમજવા માટે બોહ્રે પ્રવાહી બિંદુ સિદ્ધાંત (Liquid Drop Theory) રજૂ કર્યો. કેન્દ્રને આપણે પ્રવાહીના બિંદુ સાથે સરખાવી શકીએ. આ બિંદુ ઉપર કોઈ બહારનું બળ અસર કરે તો જ્યાં સુધી બળનું પ્રમાણ ઓછું હશે ત્યાં સુધી બિંદુ ગોળાકારમાંથી અંડાકાર (elliptical) બનશે. અને બહારના બળની અસર નાબૂદ થતાં ફરી પાછો ગોળાકાર બનશે. હવે જો બળનું પ્રમાણ ધીમે ધીમે વધારવામાં આવે તો એક ચોક્કસ સંક્રાંતીય પરિસ્થિતિમાં બિંદુના બે ટુકડા થશે. યુરેનિયમ (૨૩૫) ઉપર ધીમા ન્યુટ્રોનની અસરથી (૧) કેન્દ્રના બે ભાગ થઈ નવાં તત્ત્વો બને છે; (૨) વધુ ન્યુટ્રોન બને છે; અને (૩) થોડી વસ્તુનું શક્તિમાં રૂપાંતર થાય છે.

કેન્દ્રની રચના વિશેનો ઉપરનો નિયમ પણ પરમાણુ બોમ્બની શક્યતા સરળ બનાવવામાં ઉપયોગી થઈ પડ્યો. બોહ્ર અને આઈન્સ્ટાઈનને પરમાણુ બોમ્બ ઉત્પન્ન કરવામાં અત્યંત રસ હોવા છતાં તેઓ પરમાણુ બોમ્બના દુરુપયોગ વિશે ખૂબ જ ચિંતાતુર હતા. પરમાણુ બોમ્બનો ઉપયોગ કર્યા સિવાય માત્ર તેની શક્યતાથી જ જાપાન અને જર્મની કદાચ શરણે આવશે એવો તેમને ખ્યાલ હશે. આ સત્ય હોય કે ન હોય પરંતુ એટલું તો સાચું છે જ કે પરમાણુ બોમ્બનો જાપાનમાં ઉપયોગ થયો તે પહેલાં બોહ્ર હૉલેન્ડ પાછો આવ્યો અને જીવનનો શેષ ભાગ પોતાને પ્રિય એવા ક્વૉન્ટમ સિદ્ધાંતના અભ્યાસમાં વીતાવ્યો. ભૌતિકશાસ્ત્રની મહાન વિભૂતિઓ જેવા કે રૂધરફર્ડ, આઈન્સ્ટાઈન, પ્લાન્ક, શ્રોડીંજર, હાઈઝનબર્ગ, દ બ્રોગ્લી અને બીજા આ સમયના મહાન સમર્થ વૈજ્ઞાનિકોમાં પણ બોહ્રનું સ્થાન ગૌરવભર્યું છે. ઈ. સ. ૧૯૬૦માં ભારતીય સાયન્સ કૉંગ્રેસના મહેમાન તરીકે, બોહ્ર આવ્યો ત્યારે એને જોવાનો લ્હાવો આપણા વૈજ્ઞાનિકોને મળ્યો હતો. પરમાણુ-શક્તિ શાંતિમય ઉપયોગમાં જ લેવામાં આવે એવી વ્યવસ્થા ઊભી કરીને આપણે આઈન્સ્ટાઈન અને બોહ્રનું તર્પણ કરી શકીએ.

રંગ રશિયા.....

પૂર્ણિમા રમેશ મહેતા

આખરે..., સાચે જ, તે સુંદર સ્વપ્ન ફળીભૂત બન્યું; તે પરમ મહેચ્છા પૂર્ણ થઈ.

ઉનાળાની રજાઓમાં મેં જ્યારે શાળા છોડી ત્યારે મને કલ્પના પણ કર્યા હતી કે આ છુટ્ટીઓના છુપા ખજાનામાં મારે સારુ એક અવનવો લહાવો ય હતો; કે રજાઓનાં સામાન્ય આનંદ ને ઉત્સાહ કરતાં કંઇક વધુ વિશિષ્ટ તથા રસદાયક અનુભવ મને આ રજાઓમાં મળવાનો હતો! આ છુટ્ટી ગાળવા મેં અનેક યોજનાઓ ઘડી રાખી હતી; પણ એક સમી સાંજે જે અદ્‌ભુત સંદેશો મને મળ્યો તેણે બધું ય પલટી નાખ્યું. સોવિયેત આંતરરાષ્ટ્રીય યુવક સમિતિએ આર્ટકમાં ભરાનારા આંતરરાષ્ટ્રીય પાયોનીઅર્સ કેમ્પમાં હાજરી આપવા દસ ભારતીય કિશોરોને આમંત્ર્યાં હતાં અને આ અવનવા પ્રવાસ માટે ચૂંટાયેલાં ભાગ્યવંતાં દસમાંની હું પણ એક હતી.

જ્યારે મને આ સમાચાર મળ્યા ત્યારે હું એવી તો સ્તબ્ધ બની ઉઠેલી કે એક ઉચ્ચાર સરખો મારા મોંમાંથી નીકળી નહોતો શક્યો. મારું મન મને હજાર વાર ફક્ત એક જ પ્રશ્ન પૂછ્યા કરતું, "આવી અદ્‌ભુત ઘટના સત્ય હોઈ શકે ખરી?"—પણ, હા,...તે નિઃશંક સત્ય હતી!

લાંબા એવા સમય સુધી રાહ જોવડાવીને પ્રવાસ-આરંભનો તે 'મહાન દિન' આવી પહોંચ્યો. જુસ્સા ને આનંદથી છલકાતાં અમે એરપોર્ટ પર પહોંચ્યાં ને થોડી જ મિનિટોમાં અમારાં માતાપિતા તેમ જ મિત્ર-મંડળને 'આવજો'ના વિદાય-સૂરો સંભળાવી રહ્યાં. જે ક્ષણે તે મોહક, સુવર્ણરંગી રશિયન વિમાનમાં મેં પગ મૂક્યો, તે ઘડીએ હર્ષોલ્લાસની એક અપૂર્વ ઝણઝણાટીથી મારું સમસ્ત વ્યક્તિત્વ ધ્રૂજી ઊઠ્યું; તે અનુભવ શબ્દોમાં ઉતારવા હું શક્તિમાન નથી. તે ભવ્ય વિમાન અત્યંત સરળતાથી, જમીન પરથી ઊંચું ચઢી, હવામાં તરવા માંડ્યું અને થોડા જ સમયમાં અમે કલાકના છસો માઇલની અકલ્પ વેગીલી ગતિથી ઊડી રહ્યાં!

ગિરિરાજ હિમાલયનાં હિમાચ્છાદિત શૃંગોની લાંબી હારમાળા પરથી અમે ઊડી રહ્યાં હતાં; ત્યારે પ્રભાતના બાળ-રવિની ગુલાબી કિરણ-છાંટમાં ચળકતાં તે હિમ-ધવલ-શિખરો જેવું અદ્‌ભુત દૃશ્ય બીજું કોઈ હશે ખરું?

આઠ કલાકમાં તો અમે મોસ્કો પહોંચ્યાં અને જેવું વિમાન નીચે ઊતર્યું કે તરત અમે આ પ્રસિદ્ધ શહેરની પ્રથમ ઝાંખી મેળવવા આતુર પ્રયત્નો આદર્યા. શહેર કરતાં એરોડ્રોમ ઘણું દૂર હતું; તેથી અમને લાંબો ડ્રાઇવ મળ્યો જે દરમ્યાન અમે આ અતિ સુંદર નગરનું વિહંગાવલોકન કર્યું. આઠ-નવ મોટરો એકી સાથે દોડી શકે તેટલા પહોળા રાજમાર્ગો, ગગનગામી મહાલયો, માનવ સમુદાયથી છલકાતી શેરીઓ, ભવ્ય દુકાનો તથા બજારો— અને ત્યાં...ત્યાં દૂર ઊભા એ જ વિખ્યાત ક્રેમલીન, રેડ સ્કવેર તથા મોસ્કો યુનિવર્સિટીનું ઊંચું, સુશોભિત મકાન.

આ સુંદર શહેર મોસ્કોના અમારા ૭ દિવસના નિવાસ દરમ્યાન અમે અનેક રસદાયક સ્થળોની મુલાકાત લીધી, જેમાં અત્યંત મહત્ત્વનાં ને જગજાણીતાં સ્થળો જેવાં કે મોસ્કો

યુનિવર્સિટી, રેડ સ્કવેર, ક્રેમલીન, મેટ્રો અંડરગ્રાઉંડ સ્ટેશન, ગોર્કીપાર્ક, ઝૂ તથા ચર્ચનો પણ સમાવેશ થઈ જાય છે. અમે મેટ્રો અંડરગ્રાઉંડ વિશે ઘણું ઘણું સાંભળ્યું હતું, પરંતુ તેની મનોહરતા અમારી સઘળી કલ્પનાઓથી ઘણી જ ઊંચી હતી. મોઝેઈક ને આરસની ભીંતો પર આલેખેલાં અત્યંત સુંદર સુશોભિત, મહાલયો જેવાં ભવ્ય સ્ટેશનો ભોંયતળિયે બાંધેલાં છે. સંપૂર્ણપણે સ્વયંસંચાલિત ગાડીઓ દર નેવું સેકંડે આવ્યાંજ કરતી હોય છે. નીચે દોડીને ઊતરી જતી સીડીઓ (એસ્કેલેટર્સ) પર ઊભા રહીને નીચે સર્યે જવું અને એ અત્યંત વેગવતી ગાડીઓમાં પ્રવાસ કરવો એ પ્રસન્ન અનુભવ કદી ભૂલાશે ખરો? આ દશ્યે અમને એવાં તો મંત્રમુગ્ધ બનાવી દીધાં કે અમે એક સ્ટેશનેથી બીજે સ્ટેશન એમ સતત ત્રણ કલાક સુધી એ ગાડીઓમાં મુસાફરી કર્યા કરી. ક્રેમલીન અત્યંત આકર્ષક સ્થળ છે. ત્યાં અમે એક પ્રાચીન દેવળ, ઝાર મ્યુઝિયમ તથા લેનિન-સ્ટાલિન મૌસોલિયમ જોયાં. આ મૌસોલિયમમાં સોવિયત પ્રજાના બે મહાન અને અત્યંત લોકપ્રિય નેતાઓ-લેનિન અને સ્ટાલિન-નાં મૃતદેહો જાળવી રાખવામાં આવ્યા છે. આ બે લોકલાડીલા નેતાઓને નિહાળવા અને તેમને અંજલી અર્પવા દરરોજ હજારો લોકો અહીં ઉમટે છે. કેવું ભવ્ય, પ્રેરક ને અદ્દભુત દૃશ્ય! જે ખંડમાં તેમનાં મૃત-દેહો રાખવામાં આવ્યાં છે ત્યાં અખંડ શાંતિ ઢળેલી હોય છે. જરા સરખો સીસકારો પણ સાંભળવા ના મળે! રેડ સ્કવેર પર ભવ્ય પરેડો ભરવામાં આવે છે ને સલામી ઝીલવામાં આવે છે. ગોર્કી-પાર્ક એ બાળકોનો બાગ છે, જ્યાં અનેક પ્રકારની રમતો, આનંદ-પ્રસાધનો, તથા રંજન કાર્યક્રમોની વ્યવસ્થા છે. તેને માટે બાળકોનું 'સ્વર્ગ' સિવાય અન્ય કોઈ શબ્દ વાપરી ના શકાય. અને જેણે પણ, આ બાગને એક વાર જોયો હોય, ભૂલકાંઓના મધુર હાસ્યથી ને મોજનાં ચિત્કારોથી છલકાતું તથા તેમના મીઠા કલબલાટોથી ઉભરાતું, એ હર્ષને ઉલ્લાસસભર્યું વાતાવરણ અનુભવ્યું હોય, તે તેને ભૂલવા સમર્થ નથી.

અમારા મોસ્કોના નિવાસ દરમ્યાન એક વસ્તુ મને ખૂબ નોંધપાત્ર લાગી, અને તે હતી સોવિયેત જનતાની આપણા હિંદવાસીઓ પ્રત્યેની મિત્રતાભરી વર્તણૂક. રસ્તા પર ફરતાં અમને હંમેશ તે આતુર તથા મૈત્રીભર્યાં લોકોનાં ટોળાં ઘેરી જ વળે: અમારાં સરનામાં પૂછે, અમારા પર પુષ્પોની તથા પ્રેમાળ શબ્દોની વર્ષા વરસાવે, અમારા ફોટા પાડયા કરે અને અમારી શાળા તેમ જ દેશ વિશે અનેક પ્રશ્નો પૂછે. જ્યાં અમે ચાહતાં અને સન્માનતાં શીખ્યાં, અને જેની પ્રજા અમારી પરમ મિત્ર બની હતી તેવી તે મોસ્કો નગરી હતી.

મોસ્કોના આનંદદાયી નિવાસ બાદ અમે ગાડીમાં, દક્ષિણના રમણીય પ્રદેશમાં આવેલ ક્રીમીઆ જવા ઊપડયાં. અમને અત્યંત આશ્ચર્ય ને હર્ષ થયો, જ્યારે અમે જાણ્યું કે હંગેરી તથા રુમાનિયાનાં પાયોનીઅર્સ પણ આ જ ગાડીમાં હતાં અને તેઓ પણ આર્ટેક કેમ્પમાં જ જતાં હતાં. એ પાયોનીઅર્સની સાથેનું મિલન અને તેમના વિશેની તેમજ તેમના દેશ વિશેની અનેક અદ્દભુત વાતો, એ કેમ ભૂલાશે? થોડી જ ક્ષણોમાં અમે મિત્રો બની ગયાં. અમારો ગાડીનો પ્રવાસ અત્યંત રસિક હતો; અને અમે તે સમયે અત્યંત મનોહર ગ્રામ-વિસ્તાર જોવાને નસીબદાર બન્યાં. યુક્રેનીઅન રીપબ્લિકની રાજધાની કીવમાંથી અમે પસાર થયાં. બીજી સવારે અમે ક્રીમીઆ પહોંચ્યાં. અમારી સમક્ષ અંગુર-ક્યારીઓ ને ચેરી-ઓર્ચાર્ડઝનાં દૃશ્યો ખડાં થયાં. સ્ટેશનની તથા શહેરની ઝાંખી મેળવવા અમે સૌએ બારીઓ તરફ દોટ મૂકી.

જેવી ગાડી ખડી રહી કે ત્રણ પાયોનીઅર્સ (જે આ કેમ્પના નેતા હતાં) અમારી તરફ દોડી આવ્યાં અને ફૂલછડીઓ તથા સ્મિતભર્યા વદનથી અમારું તેમણે સ્વાગત કર્યું. આર્ટેકનો અમારો કેમ્પ શહેરથી દૂર હતો તેથી અમારે બસમાં જવાનું હતું. કેમ્પ જતાંનો પ્રવાસ અત્યંત ચિત્તાકર્ષક અને ચારુ હતો. અમે શહેરમાંથી પસાર થયાં ને પછી સાચું ક્રીમીઆ શરૂ થયું. દ્રાક્ષ લતાઓની અણખૂટ હારો, રાજવી ગૌરવથી ઊભેલાં સીડાર, બર્ચ ને પાઈન વૃક્ષો, ચળકતાં ને કસુંબલ ચેરી, પ્લમ, સફરજન ને એપ્રીકોટ ફળોથી છલકાતાં વૃક્ષોનાં ગાઢાં જંગલો, અને જ્યાં જ્યાં નજર ઠરે ત્યાં ત્યાં લીલુંછમ ઘાસ—કેવું મોહક દૃશ્ય! જેમ જેમ અમે ઊંચા પર્વતો પાસે આવતાં ગયાં તેમ તેમ વાતાવરણમાં વધુ ને વધુ શીતળતા વ્યાપતી ગઈ; અને એક પાયોનીઅર સભ્યનાં આનંદ ચિત્કારથી સભાન બની જોયું તો કાળા સમુદ્રની પ્રથમ ઝાંખી થઈ.

બે કલાકમાં અમે અમારા કેમ્પ ઉપર પહોંચ્યાં, અને જેવી બસ થોભી કે તરત જ લગભગ સોની સંખ્યામાં હાજર રહેલાં, અને પાયોનીઅર્સના યુનિફોર્મમાં સજ્જ, આતુર યુવાન-યુવતીઓ ફૂલોના ઢગલા લઈ અમારી તરફ ધસી આવ્યાં અને તે પુષ્પોથી અમને મઢી દીધાં. લગભગ અર્ધો કલાક સુધી અમે તે સ્થળનાં હાસ્ય ને કલબલાટમાં ખોવાઈ બેઠાં, અને આવું હૂંફાળું સ્વાગત કરનાર અનેક પાયોનીઅર્સ સાથે અત્યંત મનોરંજક વાતો કરી. હાથમાં હાથ મિલાવી અમે કેમ્પની આજુબાજુ ફર્યાં, અને તેમ કરી, એક મહિના માટે જે અમારું ઘર બની જવાનું હતું તે સ્થળનો પરિચય મેળવ્યો. તે સ્થળનું અદ્ભુત લાલિત્ય ભાળી હું તો મુગ્ધ જ બની બેઠી અને આ કેમ્પ હતો તેમ માની જ ના શકી! એક જ સવાલ મારા મનમાં ફરી ફરી ઘોળાયા કરતો : "આ તો સુંદર શમણું જ લાગે છે—આ સત્ય હોઈ શકે ?"

હવે હું તમને તેનો આછો ખ્યાલ આપું. આશરે અર્ધા માઈલમાં તે કેમ્પ વિસ્તરાયેલો હતો, અને તેની દરેક દિશાએ ઊંચા પહાડો તથા હરિયાળાં વૃક્ષો હતાં. સામે જ કાળો સમુદ્ર ને તેનો પથરાળ કિનારો સૂતાં હતાં. ત્યાં પાંચ-છ મકાનો હતાં: દરેક ભિન્ન ભિન્ન રંગનાં અને સમુદ્ર કાં તો પર્વતની સામે ઊભેલાં. માઈલોના માઈલો સુધી ગિરિમાળાઓ તેમ જ ઊંચાં વૃક્ષોની સુંદર હારમાળાઓ સિવાય કશું જ ભળાય નહિ. લીલા ને નારંગી રંગના અમારા ઘરમાં જ્યારે અમે પ્રવેશ કર્યો અને જાણ્યું કે મારા રૂમમાં બીજી બે રશીઅન છોકરીઓ હતી ત્યારે હું ખુશખુશાલ થઈ ઊઠી.

અમને અમારો યુનિફોર્મ આપવામાં આવ્યો. આછાં ભૂરાં ચડ્ડી ને ખમીસ, ને સફેદ ટોપી. આ પોશાક દરેક કિશોરીએ પહેરવાનો હતો. આ દરમ્યાન અમે રશીઅન ઉપરાંત બીજા અનેક દેશોના, જેવા કે રૂમાનીઆ, બલ્ગેરીઆ, જર્મની, લાઓસ, ઓસ્ટ્રીઆ, ફ્રાન્સ, બેલ્જીઅમ, અમેરિકા, અલ્જીરીઆ વગેરેના મિત્રો બની ગયાં. અમને જણાવ્યા મુજબ, તેમાં દુનિયાના ૨૬ દેશોનાં પ્રતિનિધિઓ આવ્યાં હતાં. સાંજના 'આતશ-કોણ' (ફાયર-સ્કવેર) સમક્ષ પાયોનીઅર હાર કરવામાં આવી. તેમાં પંદર રશીઅન બાળકો, દરેક જુદા જુદા દેશનો પોશાક પહેરી, અમારી સમક્ષ આવ્યાં. તેમના હાથમાં એક સુંદર વસ્ત્ર હતું અને તેના ઉપર એક મોટું બ્રેડ તથા નિમકની ટ્રે હતી, તે અમને ધરવામાં આવ્યું. આ રશીઆની વિશિષ્ટ ને પ્રચલિત વિધિમાંની ભાવના અતિથિ-સત્કાર દર્શાવતી હોય છે. બ્રેડ

અને મીઠું ધરી તે તેમના હૃદયની ભાવના વ્યક્ત કરે છે કે તમે હંમેશ જીવનની પ્રાથમિક જરૂરિયાતો મેળવો તથા સમૃદ્ધિ પ્રાપ્ત કરો.

આ બાદ, કૅમ્પ-એન્ડ ઉપર આંતરરાષ્ટ્રીય યુવક-ગીતો બજાવવામાં આવ્યાં અને અમે સૌએ તેમાં અમારો સૂર પુરાવી સમૂહ-નૃત્યો આદર્યાં, જેને તેઓ 'મૈત્રી-નૃત્ય' તરીકે ઓળખે છે. વાળુ લીધા બાદ અમે ફરી આનંદ-સ્કવૅર પર આવ્યાં; વિશાળ અગ્નિ ચેતાવ્યો, જેની ગોળ ફરતાં અમે દિલ ભરીને નાચ્યાં ને ગીતો ગાયાં; અને આમ આ મિત્રતાના અગ્નિદ્વારા તેમણે અમને કૅમ્પમાં આવકાર્યાં. તે રાતનાં, પથારીમાં સૂતાં સૂતાં, સદ્દગત પ્રકીનની પંક્તિઓ મારા મનમાં ગુંજી ઊઠી:

'"વૈકુંઠ જે વસ્યું આંહીં, ન જાણ્યું એવું ક્યાંય અન્ય."

કૅમ્પમાંનો મારો પ્રથમ દિવસ પ્રસન્ન ને ખુશનુમા વીત્યો હતો; અને મને ભાસતું હતું કે ભવિષ્યમાં પણ આ કૅમ્પની યાદ હંમેશ પ્રેમપૂર્વક ને આદરપૂર્વક જ કરીશ.

એક બે દિવસમાં તો અમે સ્થાયી જેવા બની ગયાં; અને કૅમ્પની દિનચર્યામાં ગોઠવાઈ ગયાં. અમારો કાર્યક્રમ નિશ્ચિત હતો, જેનું પાલન અમે નિયમિત કરતાં. પ્રભાતે બ્યુગલના નાદે સૌ પથારીમાંથી કૂદી પડતાં અને નીચે દોડી જતાં. તે પછી સંગીતના તાલ સાથે કસરત કરતાં. પછી અમારા રૂમમાં આવી તેની સાફસૂફી કરવા માંડતાં; અને તૈયાર થઈ જમણખંડમાં નાસ્તો કરવા જતાં. ત્યાર બાદ સમુદ્રમાં બે કલાક તરવાનો કાર્યક્રમ હતો અને તે પછી સૂર્યસ્નાન; સાચે જ ખુશનુમા બનાવી દેતું. પછીના બે કલાકોમાં અમને અમારી ઇચ્છિત પ્રવૃત્તિ કરવા દેવામાં આવતી—બોટીંગ, તરવાનું, માછલાં પકડવાનું, લક્કડ કામ, ચિત્રકામ, ફોટોગ્રાફી, નૃત્ય, સંગીત, વાચન. ચાહે જે ગમે તે કરો.

જમણ બાદ અમારે બે કલાક ફરજિયાત ઊંઘ ખેંચવાની. ચાર વાગ્યે ચાપાણી થતાં અને પછી કાં તો અમે રાષ્ટ્રીય રમતો રમતાં (એટલે કે દરેક દેશ પોતાની રમત રમે) કાં તો સમૂહમાં લોક-નૃત્યો કરતાં. સંધ્યા ટાણે, જમણ બાદ, ફાયર-સ્કવૅર આગળ એકઠાં થતાં અને મનોરંજન કાર્યક્રમ ઉજવતાં, જેમાં દરેક દેશ પોતાનો કાર્યક્રમ આપતો. અઠવાડિયે બે વાર અમને ફિલ્મ બતાવવામાં આવતી. આ પછી પાયોનીઅર હાર કરતાં, જેમાં દિવસભરનું કરેલું કામ જાહેર કરવામાં આવતું અને જે દેશ શિસ્તપાલનમાં શ્રેષ્ઠ ઠર્યો હોય તેને સન્માનનો ધ્વજ બક્ષવામાં આવતો. કૅમ્પની આ સામાન્ય દિનચર્યા ઉપરાંત, અમે પાડોશનાં શહેરોમાં બે સહેલગાહો કૅમ્પને વિંટળાયેલા ડુંગરા પર બે કપરાં ચઢાણો તથા રમતો ગોઠવી. કૅમ્પની વ્યવસ્થા, ૧૧ સભ્યોની બનેલી એક આંતરરાષ્ટ્રિય સર્વોપરી સમિતિને હસ્તક હતી. તેણે કૅમ્પની સૌ પ્રવૃત્તિઓ, શિસ્તપાલન, ખોરાક વ.ની વ્યવસ્થા સંભાળવાની હતી. સદ્ભાગ્યે મારી પણ તેમાં સભ્ય તરીકે પસંદગી થઈ હતી. મીટિંગો દરમ્યાન ઘણું શીખવા મળ્યું. આ ઉપરાંત અમે એક આંતરરાષ્ટ્રિય 'ફોરમ' પણ ઘડ્યું હતું, જેમાં દરેક દેશ ભાગ લેતો હતો. હું આમાં બીજાં બે સભ્યો સાથે, હિંદનું પ્રતિનિધિત્વ ધરાવતી હતી. ફોરમે ખૂબ સફળતા પ્રાપ્ત કરી. આ ઉપરાંત અમે વારંવાર ટેનીસ, બાસ્કેટ-બોલ, વગેરેની હરીફાઈઓ કરતાં, જેમાં ખૂબ આનંદ મળતો. આમ એક પછી એક દિવસ અત્યંત ખુશનુમા પસાર થયો જેમાં અમને ગમ્મત સાથે જ્ઞાન પણ ઘણું મળ્યું. સમય એવો

તો ઝડપથી પસાર થઈ ગયો કે વિદાય લેવાનો સમય ક્યારે આવી પહોંચ્યો તેનો ખ્યાલ જ ના રહ્યો. સમુદ્રનું અમારું એ આખરી સ્નાન, તે છેલ્લું 'મૈત્રી નૃત્ય' અને છેલ્લું છેલ્લું સમૂહ-ભોજન. આ બધા પ્રસંગોએ અમે ખૂબ ઉદાસ ને દુઃખી થઈ ગયાં. અમને છેલ્લી વિદાય દેવા મોટા ભાગનો કેમ્પ હાજર હતો. અમારું માનીતું કેમ્પ-ગીત ગવાયું અને જ્યારે બસ ઊપડી ત્યારે આખા ટોળામાં એક પણ વ્યક્તિ એવી નહિ હોય કે જેની આંખો આંસુથી છલકાઈ ના ઊઠી હોય! કેમ્પ ઉપર છેલ્લી નજર નોંખી ને બસે દોટ મૂકી. નોરકેમાં ત્રણ દિવસ રહી, ભારત પાછાં ફર્યાં. આ લખી રહી છું ત્યારે આર્ટિકમાં ગાળેલા તે અવિસ્મરણીય, આનંદભર્યા દિવસોનું તાદૃશ ચિત્ર મારાં ચક્ષુ સમક્ષ ખડું થઈ જાય છે; અને હું "આર્ટિક-વિહ્વળ" બની ઊઠું છું. તે સોહામણો કેમ્પ, તેને વિંટળાયેલા ડુંગરાઓ, કાળો સમુદ્ર, ત્યાંના અમારાં પ્રેમાળ મિત્રો અને આર્ટિકમાં ગાળેલા તે અત્યંત પ્રસન્ન દિવસો. આ બધું હંમેશ મારા હૃદયમાં કેવું અનોખું સ્થાન ધરાવશે! સાચે જ, તે સ્મરણ હંમેશ હૃદયમાં અમર બનશે.

અનુસંધાન પૃ. ૧૫]

વેતનનો પ્રશ્ન

આ પંચાયતી રાજ્યની ચર્ચાઓ ચાલુ થઈ ત્યારથી મારા મનમાં એક કલ્પના ઊઠી છે કે પંચાયતી રાજ્યના વાહકોએ સરકારમાંથી વેતન લેવાની સવિનય ના પાડવી. તો પછી તેમણે કેમ નભાવવું? વેતન લેવામાં શું ખોટું છે? રાજ્ય અને કેન્દ્રના મંત્રીઓ વેતન કેમ લે છે? વગેરે ઘણી ચર્ચાઓ આ બાબતમાં ઉપાડી શકાય. પરંતુ આ પ્રસંગે હું તેમાં આપનો સમય નહિ લઉં. હું પ્રેમથી આપની પાસે માત્ર સૂચના મૂકું છું. સૌરાષ્ટ્રના મારા એક મિત્ર વિષે મેં છાપામાં હમણાં જ વાંચ્યું કે તેમણે વેતન ન લેવાનો નિર્ણય કર્યો છે. મને ખાતરી છે કે તેથી તે ભાઈ ઉપર બહુ દુઃખ નહિ આવી પડે, અને આપણે આવો નિર્ણય કરી શકીએ તો આપણને પણ રોટલાનું એટલું બધું દુઃખ પડવા સંભવ નથી. માત્ર એવી હિંમત કરવાથી પંચાયતી રાજ્યની હવા બદલાઈ જશે અને જે ધર્મો બજાવવા માટે તેનો અવતાર થયો છે તે માટે જરૂરી વાતાવરણ ઉત્પન્ન કરવાની આપણામાં પાત્રતા આવશે એવી મારી નમ્ર માન્યતા છે.

જેને વિષે આપણા સૌના મનમાં મોટી આશાઓ છે તેવા પંચાયતી રાજ્યનો વિજય થાઓ અને આ કાર્યના પહેલા સેવકો બનવાનું જે ભાઈઓને માન મળ્યું છે તેઓને પ્રભુ બળ આપો એવી મારી પ્રાર્થના છે.

સુરત, ૨૧-૪-૬૩

[સુરત જિલ્લા પંચાયતના આરંભપ્રસંગે મંગળ પ્રવચન—ટૂંકાવીને. 'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉદ્ધૃત]

જિંદગી શું છે ?—વિજ્ઞાનની દૃષ્ટિએ

ડૉ. નરસિંહ મૂ. શાહ

વિજ્ઞાનના ઉપાસકોએ ભૌતિક વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં અદ્ભુત પ્રગતિ સાધી : પરમાણુ રચનાનો અભ્યાસ કરી પરમાણુની ભીતરમાં પ્રવેશ કરી પરમાણુશક્તિ માનવીને સુલભ કરી. જીવવિજ્ઞાનના અભ્યાસમાં આ સિદ્ધિઓની અસર થવા લાગી છે. ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંતોની મદદ વડે યોજેલા અતિસૂક્ષ્મગ્રાહી પ્રયોગસાધનોની સહાય લઈને જીવવિજ્ઞાનના અભ્યાસીઓ જિંદગી શું છે એ બરાબર સમજવા પ્રયત્નો કરી રહ્યા છે અને એ દિશામાં તેમના પ્રયત્નો પ્રગતિ સાધતા જાય છે. જિંદગીનું રહસ્ય સમજવા માટે થતા આ પ્રયત્નો માનવજાતને ખૂબ ઉપયોગી થશે એમાં શંકા નથી. કેન્સર જેવા અસાધ્ય ગણાતા રોગોનો ઉપચાર શોધવામાં એ મદદરૂપ થશે.

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવાણુથી માંડી—વનસ્પતિ તેમજ પ્રાણીસૃષ્ટિની રચનામાં કોષો આવેલા છે. સ્થૂળ માનવશરીર પણ અસંખ્યાતા કોષોનું બનેલું છે. કોષ એટલે જિંદગીનું એકમ. જીવ કોષમાંથી ઉદ્ભવે છે. પ્રત્યેક કોષમાં પ્રોટો પ્લાઝમ (જીવનરસ) અને તેની વચ્ચે કોષકેન્દ્ર—ન્યુક્લીઅસ હોય છે. જિંદગીનાં બધાં પાસાંનું નિયમન કરનાર કોષકેન્દ્રમાં 'જીન્સ'ના નામથી ઓળખાતા રસાયણિક પદાર્થો આવેલા છે. ક્રોમોસોમ નામે ઓળખાતા લાંબા બેવડા તાંતણાના એ બનેલા છે. કોઈ લાંબી નિસરણીને વળ દઈને જે આકાર પેદા થાય એને એ મળતા આવે છે.

માનવશરીરના પ્રત્યેક કોષમાં ક્રોમોસોમના ૨૩ જોડા હોય છે. (પહેલાં, એમ માનવામાં આવતું કે ૨૪ જોડા છે એ આધુનિક સંશોધન વડે ખોટું પુરવાર થયું છે.) દરેક જોડાનો એક ભાગ માતાના કોષમાંથી અને બીજો ભાગ પિતાના તરફથી મળેલો હોય છે.

જીન્સના રસાયનો મૂળ જથ્થો ડિ-ઓક્સિ રિબો ન્યુક્લીઇક એસિડ તરીકે ઓળખાય છે. તેનું ટૂંકાવેલું નામ ડી. એન. એ. (D. N A.) છે.

પ્રત્યેક વ્યક્તિની લાક્ષણિકતા ડી. એન. એ. નક્કી કરે છે. દાખલા તરીકે, માણસની આંખનો રંગ, અવાજની તીવ્રતા, ચહેરા અને શરીરનો આકાર. ડી. એન એ. અણુ અતિ સંકીર્ણ છે. તેની રચના સમજવા ખૂબ સંશોધન ચાલી રહ્યું છે. પરિણામે તેની રચના અંગે કેટલાક અંશોનું જ્ઞાન મેળવી શકાયું છે. ડી. એન. એ. અણુની રચનામાં આવેલા ચાર મૂળભૂત અંશોના ચોક્કસ ક્રમ ઉપર બધી લાક્ષણિકતાઓનો આધાર રહે છે. આ ચાર અંશોનું જોડાણ અનેક રીતે શક્ય છે, એટલે માનવ સમુદાયની વિવિધતા પેદા થાય છે. પૃથ્વી પર મળી આવતી અનેક જાતો અને તેમાં પણ અમુક જાતોમાં વ્યક્તિગત તફાવતો ડી. એન. એ ના અંશોના જુદા જુદા જોડાણો વડે ઉત્પન્ન થયા છે. ટૂંકામાં, આ જોડાણની વિભિન્નતા એટલે તફાવતોની ઉત્પત્તિ. જાતોની ઉત્પત્તિ અને તેમાં નજરે પડતા વ્યક્તિગત તફાવતો આથી સમજી શકાય છે.

ન્યુક્લીઇક એસિડોમાં કાર્બન, હાઈડ્રોજન, ઓક્સિજન ઉપરાંત નાઈટ્રોજન અને ફોસ્ફરસ પણ હોય છે. આ ઉપરાંત તેમની રચનામાં કાર્બોહાઈડ્રેટ (સાકરની જાતના પદાર્થો) આવેલા હોય છે. અત્યાર સુધીના સંશોધનની હકીકતો પુરવાર કરે છે કે બે જાતની ખાંડ—સાકરની જાતના અણુઓ ન્યુક્લીઇક એસિડોના અણુમાં અસ્તિત્વ ધરાવે છે. આ બંનેમાં પાંચ કાર્બન પરમાણુઓ આવેલા છે એટલે બંને 'પેન્ટોઝ' વર્ગના છે. બંનેમાં ફેર એટલો છે કે એકમાં

એક ઑક્સિજન પરમાણુ ઓછો છે. એટલે ન્યુક્લીઈક ઍસિડોના બે મોટા વર્ગો કરવામાં આવે છે. જેમાં વધારે ઑક્સિજનવાળો પેન્ટોઝ હોય તેને રિબોન્યુક્લીઈક ઍસિડ અથવા ટૂંકામાં R. N. A. અને જેમાં ઑક્સિજન પરમાણુ ઓછું તેને ડિ-ઑક્સિ રિબોન્યુક્લીઈક ઍસિડ અથવા ટૂંકામાં D. N. A. કહેવાય છે. D. N. A. કોષના કેન્દ્રમાં માલૂમ પડે છે અને ક્રોમોસોમનો અંશ છે. R. N. A. આખા કોષમાં આવેલો માલૂમ પડે છે. કોષોમાં પ્રોટીન-સંશ્લેષણનો દર અને ન્યુક્લીઈક ઍસિડના પ્રમાણ વચ્ચે પરસ્પર સંબંધ છે; એટલે કે પ્રોટીન-સંશ્લેષણનો દર R. N. A. ના પ્રમાણમાં છે. જે કોષો ઝડપથી પ્રોટીન બનાવે છે તેમાં R. N. A. વિશેષ હોય છે. કોષોમાં R. N. A.ના પ્રમાણમાં ફેરફાર કરી શકાય છે. આવા પ્રયોગો કરીને માલૂમ પડયું છે કે પ્રોટીન-સંશ્લેષણ સાથે R. N. A. ને કાંઈક લેવા-દેવા છે.

કોષોનો D. N. A. અંશ કોષકેન્દ્રમાં ક્રોમોસોમમાં છે અને R. N. A. કરતાં અતિઅલ્પ છે. D. N. A નું પ્રમાણ અચળ રહે છે અને પ્રોટીન-સંશ્લેષણ યા તેની વૃદ્ધિ સાથે તેમાં ફેરફાર થતો નથી. છતાં પ્રોટીન-સંશ્લેષણ સાથે D. N. A. ને R. N. A. કરતાં વિશેષ ગૂઢ રીતે લેવાદેવા છે. દાખલા તરીકે, D. N. A ક્રોમોસોમમાં માલૂમ પડે છે એ મુદ્દો લઈએ. કોષના વંશાનુગતિક કયા ગુણો બચ્ચાંને મળશે એ નક્કી કરનાર ક્રોમોસોમ છે. એનો અર્થ એ છે કે ક્રોમોસોમ કોષે વારસામાં મેળવેલ ગુણો પર કાબૂ રાખે છે અને આ ગુણો અમુક પ્રોટીનના સંશ્લેષણ ઉપર અવશ્ય આધાર રાખે છે. પરિણામે ક્રોમોસોમના D. N. A. અને પ્રોટીન સંશ્લેષણના કાબૂ વચ્ચે કાંઈક સંબંધ છે એમ ચોકસ અનુમાન કરવાનું કારણ છે.

✶

किंशुकमाला


શઠ અને શેઠ

[મનહર]

એક ગામ માંહે વસે સાહુકાર શેઠ એક;
બીજો શઠલાલ નામે ત્યાંહાં વસે શઠ છેક.
એક સમે શેઠ અને શઠ ઝઘડી પડયા;
શેઠ લાલપીળા થઈ ખૂબ ગાળોએ ચડયા:
"લુચ્ચો તું, લૂંટારો તું, ને ઠગ તું, લંપટ તું,
અપલક્ષણોમાં પૂરો, શઠ, શઠ, શઠ તું."
શઠ કહે: "શેઠ! એટલું જ કે'વું મારે છે –
'શઠ' થકી એક માત્રા 'શેઠ'માં વધારે છે."

નટવરલાલ પ્ર. બુચ

卐



સં. ૨૦૧૯
જેઠ

આદ્ય તંત્રી
રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૬ જેઠ : ૨૦૧૯ અંક ૨

ઉઘાડ

પૂજાલાલ

[સ્રગ્ધરા]

મુક્ત, બસ મુક્ત આકાશવિસ્તાર અવ નીલમી નીલ રાજે અનંત !
દિગ્ દિગંતર ચરાચર તણે અંતરે અમિત આનંદ ઉલ્લાસવંત !
ક્યાં ગઈ મેઘની ઘોર ઘેરી ઘટા કાળભૈરવ તણા કાળજા શી,
ભયતણા ભારથી, મસિતણા મારથી દાબતી ડારતી રાશિ રાશિ ?
ક્યાં ગયા મ્હોડ પડછંદ અવકાશમાં ઊડતા પાંખ કાળી પ્રસારી,
ઝુંડ પર ઝુંડ ઝૂમી ઝઝૂમંત શિર, નાખતા ધૈર્ય ધાર્યું વિદારી ?
મદ ઝરતાં મહાકાય માતંગનાં દંગ કરતાં દલો ક્યાં અલોપ ?
કે પલાયન કરી ગહન વન સંચર્યાં શંકતાં કેસરીનો પ્રકોપ ?
ગજવરોના ગજબ ઘોર ગર્જન તણા શાન્ત પડઘા થઈ સૌ ગયા છે;
કંપ જંપ્યો અજંપો જગાડંત જગ, જન જરા સ્વસ્થ જેવા થયા છે;
ક્યાં ગઈ આંખને અજબ કૈં આંજતી ગજબ તલવાર રણરાસ-ઘેલી,
ઘન-પટલ ગર્ભથી અતલ પાતાલમાં ઝંપલાવંત વેગે વધેલી ?
દુંદુભિ ન દમદમાટે ભરી દમકતી, ઘોષ ન સુણાય ગંભીર એનો,
અંતરિક્ષે પ્રતિધ્વનિ કરી ધ્રાસકે ધ્રૂજવંતો ભરી ભાવ ભેનો !
કાલકંબલ દશે દિશ લપેટાયલો ગૂંગળાવંત પીડેલ પ્રાણો
પ્રલય પામી ગયો, લોક હળવો થયો, મુક્તિનો માણતો મિષ્ટ લ્હાણો !
કો' કરુણની પ્રબળ ફૂંકના વાયુએ વીખરાઇ ગયાં વાદળાંઓ,
વ્યોમ વિમળું બન્યું, કલુષ ન કશું રહ્યું, વ્યાપ્ત વૈરાટ કૈં વિશદતાઓ !
રાત્રિયે ભૂત સંભારણાં સંહરી ત્વરિત તત્પર થતી લોપ થાવા;
આગિયાં શા અગણ તારકો તરવરત જ્યોતિને સાગરે જાય ન્હાવા !
સ્વર્ગનાં સુભગ દ્વારો પડે ઊઘડી, ને ઉષા દિવ્ય કૈં દર્શનો દે,
પદ્મ ખીલે, પ્રભારંગ ઝીલે, સ્વયં શ્રી નિવાસાર્થ નમતી પ્રમોદે:
સૂર્ય-વિજ્ઞાનના દેવ કોટિક કરે વિશ્વને વર વિભવ દાનમાં દે;
સચ્ચિદાનંદની લહર ઉલ્લસન ભર ભુવનમાં વ્યાપતી નિગમ-નાદે.

❋

નટવરલાલ પ્રભુલાલ બુચ

મૂલ્ય પરિવર્તન

[સોરઠા]

ઊતરશે ઉપમાન, ગજ ઘટશે જનમૂલ્યનો
એવો કળ-જુગ જાણ, સાચું સોરઠિયો ભણે.

[મનહર]

એક દિન બજારમાં ચોક વચ્ચે ઊભા રહી
અ ને વ બે વાત કરે અન્યોન્યના હાથ ગ્રહી;
અ કે' વને, "ધન્ય, ભાઈ, ધન્ય તમને, ખરે!
સો ટચના સોના જેવા તમે મન્ન માહરે"—
પાસે ઊભા પોલીસે આ વાત સાંભળી, અને
અ પાસે ઝટ જઈ કે'વા લાગ્યો એ અને:—
"તમે, બાપા, બોલ્યા જે એ કાયદાવિરુદ્ધ છે,
અગાઉ અશુદ્ધ હતું તે જ હવે શુદ્ધ છે:
ઘરેણાંગાંઠાં કે એના પે'રનાર માણસો
કેરટ ચઊદ યાને
ટચ અઠ્ઠાવનથી વધી ન શકે — જાણશો.
ઘર કે બજારમાં કે બસમાં કે રેલમાં
સો ટચની વાત કરો તો પુરાશો જેલમાં.
સારા જાણી, આ વેળા તો જવા દેતો તમને
ફરી આવી ભૂલ કરી તો ન દોષ અમને."
બ કે' "ઓ પોલીસદાદા! ધન્યવાદ છે તને;
પોલીસમાં આવો ભલો એક જ મળ્યો મને;
ટચ સોનો આદમી તું –" સિપાઈ ઊંચે શ્વાસે
કહે, "બાપા, ચૂપ રહો, – નોકરી મારી જશે."

તા. ૨૮-૪-૬૩

★

એક જુવાનનો પત્ર

[મુંબઈની કોઈ ગોરી ખાનગી પેઢીમાંની ખાસી એવી નોકરી મૂકીને ગંજાવર ઉત્પાદનની સરકારી ખાતાની નોકરીમાં ગએલા વિજ્ઞાનક્ષેત્રના એક તેજસ્વી સાહસી જુવાને મને લખેલો કાગળ લખાને પોતાની નવી પરિસ્થિતિ ઉપર 'રનિંગ કૉમેન્ટરી' મોકલી છે. વિવિધ સામગ્રીભર્યો આ કાગળ 'પ્રસ્થાન'ના વાચકવર્ગના લાભાર્થે લેખકની રજા મેળવ્યા બાદ અહીં આપું છું.

કૌસાની, જિ. આલ્મોરા. —સ્વામી આનંદ]

દક્ષિણના પ્રવાસેથી આવીને તમને મળ્યો તે પછી દોઢ મહિનાથી તમને કશું લખી શકાયું નથી. નવી નોકરી ને નવા ઘરની ધમાલમાં મને મરવાની પણ ફુરસદ નહોતી. હવે કંઈક થાળે પડતું જાય છે.

સૌ પહેલાં તો નોકરી ને કામ વિષે. તમે સરકારી નોકરી ને નોકરો વિષે જે ભવિષ્ય ભાખેલું, અને મને ચેતવણી આપતાં જે કહેલું તે સાચું છે; ને નથી પણ. અમારાં અમુક ખાતાં તમે કહેલાં તેવાં જ છે. તેમાં નોકરી કરવાની આવે તો જીવતર ખારું થઈ પડે. પણ બીજાં કેટલાંક ખાતાં, જેના ઉપરીઓ પોતે ખૂબ મહેનતુ, ચોક્કસ ને ખંતીલા છે, તે બહાર ટાટા, કે બીજી પરદેશી કંપનીના હોય તેટલા જ કાર્યક્ષમ છે. આ ખાતાંમાં તમને સરકારી લાસરિયા વહીવટની ગંધ સુદ્ધાં નહિ આવે. એ વાત સાચી કે આવાં ખાતાંનું પ્રમાણ લગભગ ૩૦ ટકા જ છે. એટલે સમગ્ર દૃષ્ટિએ ઝીણવટથી જોવા જઈએ તો આખી સંસ્થાની છાપ નબળી જ નહિ પણ ઘણી ખરાબ પડે. બોડી બામણીનું ખેતર જ જોઈ લો. રાજ્યના કે કેન્દ્રના પ્રધાનો છોને સમજતા હોય કે અમે રાજ કરીએ છીએ. કાઉન્સિલ–પાર્લમેન્ટમાં વરસના વચલા દહાડે થોડીક હોહા થાય, ફટાકડા ફૂટે ને પાછું બધું ઠમ! એકાદ બાહોશ વહીવટકર્તા આવી જાય તો ય તેની પાછળ મહેતાજી વગરની નિશાળ જેવો ઘાટ થાય. નવો મહેતાજી નિશાળિયાઓને ભેગા કરે નહીં કરે ત્યાં તો ઘંટ વાગ્યો જ છે. ફક્ત નિશાળ છૂટવાનો નહીં, મહેતાજીને ઘરે જવાનો; હંમેશને માટે! બીજે દિવસે નવો માસ્તર ને નવી મોકાણ. પાછું બધું એકડે એક...માસ્તરને માટે કોઈ મુકરર નિશાળ નહીં, અને નિશાળિયાઓ માટે પોતાનો કહેવાય એવો કોઈ માસ્તર નહીં. ફક્ત મકાન બિચારાં કંઈ સંસ્થા થોડી ઊભી કરી શકે!

પણ આનું કારણ સરકારી કે બિનસરકારી વહીવટમાં નહિ, પણ હિંદી વહીવટમાં છે. This is how we will behave, left to ourselves. આપણે પ્રજા તરીકે ગંદા, આળસુ, અવ્યવસ્થિત ને કામચોર છીએ. અમારો આખો project આ દેશમાં કામ કરતી પ્રથમ હરોળની વેપારી કંપનીઓના સાહેબોના હાથમાં સોંપ્યો હોય તો અરધા ખર્ચોમાં બાંધે ને પાંચથી દસ ગણો વધારે efficiently ચલાવે એમાં શંકા નથી. વળી આ વસ્તુ આપણી બિનવેપારી ધોરણે ચાલતી સંસ્થાઓને પણ એટલી જ લાગુ પડે છે. એના સામે પક્ષના ઉદાહરણ તરીકે શ્રી અરવિંદ આશ્રમની ગણના કરી શકાય. એના વહીવટની નાનામાં નાની બાબતમાં જે ચોકસાઈ, ચીવટાઈ કે વ્યવસ્થિતતા છે તે બેશક બંગાળી કે હિંદી નથી પણ ફ્રેંચ છે; શ્રી માતાજીને કારણે છે.

નટવરલાલ પ્રભુલાલ બુચ

મૂલ્ય પરિવર્તન

[સોરઠા]

ઊતરશે ઉપમાન, ગજ ઘટશે જનમૂલ્યનો
એવો કળ-જુગ જાણ, સાચું સોરઠિયો ભણે.

[મનહર]

એક દિન બજારમાં ચોક વચ્ચે ઊભા રહી
અ ને બ બે વાત કરે અન્યોન્યના હાથ ગ્રહી;
અ કે' બને, "ધન્ય, ભાઈ, ધન્ય તમને, ખરે!
સો ટચના સોના જેવા તમે મન્ન માહરે"—
પાસે ઊભા પોલીસે આ વાત સાંભળી, અને
અબ પાસે ઝટ જઈ કે'વા લાગ્યો એ અને:—
"તમે, બાપા, બોલ્યા જે એ કાયદાવિરુદ્ધ છે,
અગાઉ અશુદ્ધ હતું તે જ હવે શુદ્ધ છે:
ઘરેણાંગાંઠાં કે એના પો'રનાર માણસો
કૅરટ ચઊદ યાને
ટચ અઠ્ઠાવનથી વધી ન શકે — જાણશો.
ઘર કે બજારમાં કે બસમાં કે રેલમાં
સો ટચની વાત કરો તો પુરાશો જેલમાં.
સારા જાણી, આ વેળા તો જાવા દેતો તમને
ફરી આવી ભૂલ કરી તો ન દોષ અમને."
અ કે' "ઓ પોલીસદાદા! ધન્યવાદ છે તને;
પોલીસમાં આવો ભલો એક જ મળ્યો મને;
ટચ સોનો આદમી હું –" સિપાઈ ઊંચે શ્વાસે
કહે, "બાપા, ચૂપ રહો, – નોકરી મારી જાશે."

તા. ૨૮-૪-૬૩

★

એક જુવાનનો પત્ર

[મુંબઈની કોઈ ગોરી ખાનગી પેઢીમાંની ખાસી એવી નોકરી મૂકીને ગંજાવર ઉત્પાદનની સરકારી ખાતાની નોકરીમાં ગએલા વિજ્ઞાનક્ષેત્રના એક તેજસ્વી સાહસી જુવાને મને લાંબો કાગળ લખીને પોતાની નવી પરિસ્થિતિ ઉપર 'રનિંગ કૉમેન્ટરી' મોકલી છે. વિવિધ સામગ્રીભર્યો આ કાગળ 'પ્રસ્થાન'ના વાચકવર્ગના લાભાર્થે લેખકની રજા મેળવ્યા બાદ અહીં આપું છું.

કૌસાની, જિ. આલ્મોરા. —સ્વામી આનંદ]

દક્ષિણના પ્રવાસેથી આવીને તમને મળ્યો તે પછી દોઢ મહિનાથી તમને કશું લખી શકાયું નથી. નવી નોકરી ને નવા ઘરની ધમાલમાં મને મરવાની પણ ફુરસદ નહોતી. હવે કંઈક થાળે પડતું જાય છે.

સૌ પહેલાં તો નોકરી ને કામ વિષે. તમે સરકારી નોકરી ને નોકરો વિષે જે ભવિષ્ય ભાખેલું, અને મને ચેતવણી આપતાં જે કહેલું તે સાચું છે; ને નથી પણ. અમારાં અમુક ખાતાં તમે કહેલાં તેવાં જ છે. તેમાં નોકરી કરવાની આવે તો જીવતર ખારું થઈ પડે. પણ બીજાં કેટલાંક ખાતાં, જેના ઉપરીઓ પોતે ખૂબ મહેનતુ, ચોક્કસ ને ખંતીલા છે, તે બહાર ટાટા, કે બીજી પરદેશી કંપનીના હોય તેટલા જ કાર્યક્ષમ છે. આ ખાતાંમાં તમને સરકારી લાલિયા વહીવટની ગંધ સુદ્ધાં નહિ આવે. એ વાત સાચી કે આવાં ખાતાંનું પ્રમાણ લગભગ ૩૦ ટકા જ છે. એટલે સમગ્ર દૃષ્ટિએ ઝીણવટથી જોવા જઈએ તો આખી સંસ્થાની છાપ નબળી જ નહિ પણ ઘણી ખરાબ પડે. થોડી બામણીનું ખેતર જ જોઈ લો. રાજ્યના કે કેન્દ્રના પ્રધાનો છોને સમજતા હોય કે અમે રાજ કરીએ છીએ. કાઉન્સિલ-પાર્લમેન્ટમાં વરસના વચલા દહાડે થોડીક હોહા થાય, ફટાકડા ફૂટે ને પાછું બધું ઠમ! એકાદ બાહોશ વહીવટકર્તા આવી જાય તો ય તેની પાછળ મહેતાજી વગરની નિશાળ જેવો ઘાટ થાય. નવો મહેતાજી નિશાળિયાઓને ભેગા કરે નહીં કરે ત્યાં તો ઘંટ વાગ્યો જ છે. ફક્ત નિશાળ છૂટવાનો નહીં, મહેતાજીને ઘરે જવાનો; હંમેશને માટે! બીજે દિવસે નવો માસ્તર ને નવી મોંકાણ. પાછું બધું એકડે એક...માસ્તરને માટે કોઈ મુકરર નિશાળ નહીં, અને નિશાળિયાઓ માટે પોતાનો કહેવાય એવો કોઈ માસ્તર નહીં. ફક્ત મકાન બિચારાં કંઈ સંસ્થા થોડી ઊભી કરી શકે!

પણ આનું કારણ સરકારી કે બિનસરકારી વહીવટમાં નહિ, પણ હિંદી વહીવટમાં છે. This is how we will behave, left to ourselves. આપણે પ્રજા તરીકે ગંદા, આળસુ, અવ્યવસ્થિત ને કામચોર છીએ. અમારો આખો project આ દેશમાં કામ કરતી પ્રથમ હરોળની વેપારી કંપનીઓના સાહેબોના હાથમાં સોંપ્યો હોય તો અરધા ખર્ચમાં બાંધે ને પાંચથી દશ ગણો વધારે efficiently ચલાવે એમાં શંકા નથી. વળી આ વસ્તુ આપણી બિનવેપારી ધોરણે ચાલતી સંસ્થાઓને પણ એટલી જ લાગુ પડે છે. એના સામે પક્ષના ઉદાહરણ તરીકે શ્રી અરવિંદ આશ્રમની ગણના કરી શકાય. એના વહીવટની નાનામાં નાની બાબતમાં જે ચોકસાઈ, ચીવટાઈ કે વ્યવસ્થિતતા છે તે બેશક બંગાળી કે હિંદી નથી પણ ફ્રેંચ છે; શ્રી માતાજીને કારણે છે.

બીજું, જાપાની, સ્વીસ કે ફ્રેન્ચ પ્રજામાં જે સૌંદર્યદૃષ્ટિ (aesthetic sense) છે તેનો આપણામાં એક પ્રજા તરીકે સમૂળગો અભાવ છે. એટલે કારખાના કે ઑફિસમાં 'સં-રસ' કહી શકાય એવું વાતાવરણ આપણે રચી નથી શકતા. અમારા કારખાનાથી થોડે જ છેટે અંગ્રેજ અને બીજી પરદેશી કંપનીઓનાં કારખાનાં છે. તેની બાંધણી, બગીચા, સાફસૂફી ને maintenance (નભાવ)ના ધોરણમાં તે તે પ્રજાઓની સંસ્કૃતિ ને તેમના માલેકોની વ્યક્તિગત સંસ્કારિતા જ હું તો જોઉં છું. રસ્તા પરથી પસાર થઓ તોય આંખ ઠરે ને લાગે કે હં...અ, કંઈક જુદું છે, જોવા જેવું છે. વળી આ ફક્ત બહારની જ છાપ નથી હોતી; ઊંડા ઊતરો તોય પસ્તાવું નહિ પડે.

મારી જગાએ ત્રણ વર્ષથી કોઈ માણસ નહોતો એટલે મારા ખાતાની દશા અનાથાશ્રમના છોકરા જેવી હતી, તેમાં બીજા કોઈ ખાતામાં ન ખપે તેવા વધારાના ત્રણ માણસો ધકેલી દીધેલા. તેમને કોઈ વાતની ગતાગમ મળે નહિ ને અત્યાર સુધી હરાયા ઢોરની જેમ ઝૂંમિગપાટા હાંકી ચરી ખાતા હતા. આ ત્રણમાંનો એક જે સૌથી પાકો ને ખંધો હતો, તેની મેં છેલ્લા દસ દિવસથી ઊંઘ હરામ કરી નાખી છે. લગભગ દોઢ મહિનાની કપરી મહેનત પછી પરિસ્થિતિ કાબૂમાં આવી ગઈ છે, ને હવે આ ચોરમંડળી પર બરાબરનો પલાણ વાળીને હું સવાર થઈ ગયો છું. અગાઉની નોકરીની જેમ જ અહીં પણ હું મેનેજિંગ ડિરેક્ટર અને બીજા ઉપરીનો માનીતો, ને બીજા બધાંમાં અકારો થઈ પડ્યો છું.

કોણ જાણે કેમ પણ હું અહીં આવ્યો ત્યારનો તમને ને ...કાકાને યાદ કરીને ગજબનો આત્મવિશ્વાસ અનુભવી રહ્યો છું. આગલી નોકરીમાં યુરોપીઅનોની હોળ જે ગદ્ધાવૈતરું કરીને હું પળોટાયો, ને અનુભવ કમાયો તે પણ કારણરૂપ ખરાં. તમે એકવાર કહેલું વાક્ય– 'માણસે કર્મના કિંકર નહીં, સ્વામી બનીને જીવવું જોઈએ' એ મેં વારે વારે યાદ કર્યું છે, ને તે પછી જ પૂરા વિશ્વાસથી સપાટા માર્યો છે.

આમ મને કચરો સાફ કરવાનો, નવું સર્જન કરવાનો, ને મારા મનનું ગાણું ગાવાનો સંતોષ છે. મુશ્કેલીઓ, કાવાદાવા ને politics તો માણસ જ્યાં જાય ત્યાં હોવાનાં જ. એટલે આ બધાંની મને ફિકર નથી. ઊલટાનું આગલી નોકરીમાં પાછળથી બધું વધારે પડતું સરળ ને સમથળ થઈ ગએલું, એટલે સંઘર્ષનો, નવી નવી ચેલેંજોનો લહાવો મને જોઈએ તેટલો નહોતો મળતો ને હું કંટાળી ગએલો. બધાં આપણને ચાહે, સમજે, સહકાર આપે, બધું સીધેસીધું ચાલે, આપણું ધારેલું બધું જ પાર પડે; ઓછામાં ઓછી મહેનતે, બેઠાં બેઠાં; માથાકૂટ વગર બધાં કામ જાદુઈ રીતે થઈ જાય, એવી અપેક્ષામાંથી જ કાયરતા આવે છે ને પુરુષાર્થ હણાય છે, અને માણસ સંજોગોનો ગુલામ બની જીવે છે એમ મને હમેશ લાગ્યું છે.

અમે રહીએ છીએ તે કંપનીની વસાહત મુંબઈનાં ઘરાંની અમારી જગાના પ્રમાણમાં તો સ્વર્ગ છે. ત્યાં ૨૫૦ ચો. ફીટ જગ્યા હતી, અહીં ૫,૦૦૦; જેમાંની ૧૧૫૦ ફીટ બાંધકામ ને બાકીનો બગીચો! ઑફિસે જતાં ૭ સાત મિનિટ થાય છે, જ્યારે મુંબઈમાં સાડા ત્રણ કલાક આવવા–જવાના થતા! અહીંની આબોહવા તો તમે જાણો જ છો—વળી અમે તો શહેરથી દસ માઈલ દૂર રહ્યા. પરસેવો થતો નથી ને રાતનાં ઓઢવું પડે છે. ઘણા વખતે, હિમાલયના કે બીજા પ્રવાસ બાદ કરતાં, આટલો લાંબો સમય આવી ચોખ્ખી હવામાં રહેવાનું મળ્યું. હવાની નરવાશ કડક, બરાબરની શેકેલી ભાખરી જેવી અનુભવી શકાય છે. રાતે વાસાના

ફૂલની સોડમ, કે આછી આછી ચાંદની કે તારાનું અજવાળું તેમાં ઉમેરાય છે ત્યારે તો શરીરના અણુઅણુમાં એક જાતનો પરમ સંતોષ ફેલાઈ જાય છે. પ્રકૃતિની જોડે, ખુલ્લામાં રહેવાના મારા જે વર્ષોના કોડ હતા તે ઘણા વર્ષે પૂરા પડ્યા છે.

મુંબઈની જેમ અહીં કોડિયા જેટલા આકાશને જોવા અગાશીમાં જઈ વલખાં નથી મારવાં પડતાં. ઘરની બહાર આવીને ઊભા રહો કે પૃથ્વી આકાશગંગાનો એક તારો છે, વાદળો આકાશનાં સહેલાણી છે, સૂરજ–ચંદ્રનાં રાજ અમર તપે છે, એવી સારી પણ રોમાંચક વાતોનું સહેજે સ્મરણ રહે છે. મહોરેલા લીમડાને માણવાની, સવારે ઊઠીને ચાર જાસૂદનું મોં જોવાની કે ચમેલીનાં બે ફૂલ સૂંઘવાની બાદશાહી અહીં મળી રહે છે. આજુબાજુનાં મનરવા, જકરંદ, શિરીષ, લટકચમેલી, ગુલમહોર, વગેરે અસંખ્ય ઝાડોમાં રોજેરોજ થતા નાનામોટા ફેરફારો નોંધવાનો, તેમને ફાલતા–ફૂલતાં જોવાનો લહાવો ભરપેટ મળે છે.

અહીં શાંતિ ઘણી છે એમ નહિ કહું, ખૂબ નિકટની છે, ખોળામાં સૂતેલી મીનાબાઈ જેટલી વહાલી ને સ્પર્શગમ્ય છે. હિમાલયની–દા. ત. કુરકિયાના ડાકબંગલાની કે સિક્કીમના સિંધિક ડાકબંગલાની–શાંતિ, આની આગળ અભિણામાં સૂતેલા વાઘ જેવી લાગે.

કૉલોનીની દુનિયા કોઈ ઓર જ છે. સગવડની દૃષ્ટિએ અહીં કશી વાતની ખામી નથી. થીએટર ને બૅડમિન્ટન હોલ, હૉસ્પિટલ ને લાઇબ્રેરી, નિશાળ, નાનકડું બજાર, પૉસ્ટ ઑફિસ, બૅંક, બગીચા, કંપનીની પોતાની બસ, વિજળી, પાણી ને ગટર, વ૦ પણ માણસો જુઓ તો સાવ પેલા આલ્બેર કામૂના પેલા વાક્યની યાદ કરાવી જાય એવા—"A single sentence will suffice for modern man : he fornicated and read the papers"! તેમની વાતોનો બળદ દિવસરાત કૉલોની ને ઑફિસની આસપાસ ફરી સાવ ક્ષુદ્ર વાતોનું તેલ કાઢે! પગાર, ગ્રેડ, પ્રમોશન, ભથ્થાં, એકએકથી ચડિયાતાં ક્વાર્ટર્સમાં બદલી, પડોશીનાં બૈરાંની સુવાવડ, કે છોકરીની પરીક્ષાનું રીઝલ્ટ, છાશવારે રમાતી જાતજાતની રમતો ને ટુર્નામેન્ટ્સની હારજીત, પગારભેદ ને ક્વાર્ટર્સભેદની વાડાબંધી, નાની ટચુકડી સભાઓનાં પ્રમુખપદ, ને ચૂંટણીઓ, ને એવું એવું. આ બધી mediocrityની આંધીમાં આજુબાજુ પથરાયેલા ડુંગરાઓ, આંગણામાંનાં ફૂલઝાડ, પંખી ને આકાશનાં તારા–વાદળાં ક્યાંયે અટવાઈ ગયાં છે.

કળા, સાહિત્ય કે સંગીતની (ઉપનિષદ–ફિલસૂફીની કે જીવનના બીજા પ્રશ્નોની તો વાત જ મૂકો) વાતો કરી શકાય એવો એકકે ઈસમ હજુ હાથ લાગ્યો નથી. તે જાણીને બધા ખરાબ છે એમ નહિ, પણ તેમની સારાઈ કે ભલાઈમાં કશો દમ નથી, તેજસ્વિતા નથી, કશા સિદ્ધાંતની બુનિયાદ નથી. વારી વારી જવાય એવું જીવન્ત તત્ત્વ નથી. અલબત્ત, આમાં એકાદ બે રડ્યાખડ્યા અપવાદ છે. આમ જુઓ તો 'ડૉક્ટરેટ'ની પદવી ધરાવનારા કે પરદેશ જઈ આવેલાનો તોટો નથી; ફેંકી દેતાંય ત્રણસો એક જણની આવક માસિક ૪૦૦–૫૦૦ ઉપરની હશે, પણ 'ટાઇમ્સ' સિવાય કાળા અક્ષર ભેંસ બરાબર! બહુ બહુ તો પેલા ગધેડે ગવાતા અમેરિકન અઠવાડિક–માસિકો અમારા ઘરે આવી ભીંત પર ટાંગેલાં આરા, બેન્દ્રે, હુસેન કે જ્યોતિ ભટ્ટનાં ચિત્રોની prints જોઈ "તમે ચિતર્યાં છે?" એવું પૂછનારા કાલિદાસોને શું કહેવું! (મહાકવિ થયો તે પહેલાંનો, જે ડાળ પર બેસે તે જ કાપનારો, બાઘડો કાલિદાસ અહીં સમજવો!) પરદેશ જઈ આવેલાઓમાંથી બે ખભા ઊંચા કરી, અમેરિકન ઢબે ડોક જરાક દબાવી, "Sex is not bad, after all"

એવું કહેનારા પડ્યા છે, પણ ત્યાંના સંગીત, સ્થાપત્ય કે કળાની આધુનિક શૈલીઓના પોતાના અનુભવોને દેખાવ પૂરતાંય બે–ચાર વાક્યોમાં ફંગોળનારા મળ્યા નથી. માત્ર અક્ષરજ્ઞાન ધરાવતા આ શિક્ષિતોની જમાતમાં પ્રમાણસરના, અળગા રહીને હળોભળો તેમાં જ હિત છે. નહિ તો તેમની છીછરાશનો પાશ લાગવાનો ભય ખાસ્સો મોટો છે.

કેટલીક વાર થાય છે અરેરે! આવું હશે આપણું ભવિષ્યનું હિંદુસ્તાન? બધાં છાપાં–ચોપાનિયાં વાંચતાં હશે, બેને બદલે ચાર ટંક ખાતાં હશે, સિમેન્ટ કોંક્રીટનાં હવાઉજાશવાળાં એકસરખાં ઘરોમાં રહેતાં હશે, કહેવાતી બધી સુખસગવડો હશે, પણ પછી શું? માણસાને કેમ કેમના નીરાશે ઘાસ–ચારા? અમમનિગમનાં પાણી વગર એ મુરઝાઈ નહીં જાય? આપણી કહેવાતી નીચલી કોમોમાં, કે દેશના અંતરિયાળ પ્રદેશોમાં વસતી પ્રજાઓમાં જે મસ્તી છે, કુદરતના પલટાતા રંગોને માણવાની ને જીવનમાં વણી લેવાની કુનેહ આવડત ને ધગશ છે, ધરતી સાથેનો ધબકતો સંબંધ છે, તે બધું જ શું કહેવાતી સંસ્કારિતાના પ્લાસ્ટિક નાયલોન કોંક્રીટ હેઠળ સદાયનું દબુરાઈ જશે!

"For the ordinary man life has become less interesting and less significant: it is at best a mild slavery, and at its worst, the slavery is not mild. The small variations, the minor initiatives and choices, the opportunity for using one's wits, the slightest expression of fantasy, have disappeared progressively from the daily tasks of common man, caught in big organisations ..."

પણ આ તો આડે પાટે ચઢી ગઈ ગાડી!

અમારા બંગલાનો આગલો ભાડૂત અલેલો ગણેશો પાંચસેં સાતસેં ફૂટતો પણ સાવ અનાડી હતો. વારસામાં અમને વાંદા–મચ્છર, ધૂળ, જાળાં, બારીના તૂટેલા કાચ, વણસેલા જર્જરી આગળા, ઉઝરડાયલી દીવાલો, દાળ-તેલ-ઘાસ-તેલથી ખરડાયલું ને મેંશથી લીંપાયલું કાળુંધબ રસોડું; ઉપરાંત ઠેકઠેકાણે ઠોકેલા અરધા ઈંચથી માંડીને ૪–૬ ઈંચના પચાસ-સાઠ ખીલા આપી ગએલો! આ બધી સાફસૂફી ને મરમ્મતમાંથી હજુ અમે પૂરાં બહાર નથી આવ્યાં. આ ગંદકી ને કૂરડતાના પૂરમાં ઢસડાઈને કઠિ ફં થઈને પડ્યાં છીએ હમણાં તો! જીવતાં છીએ એટલું જ. હાલવાચાલવાના હોશકોશ નથી! (તમને નવાઈ લાગશે પણ પેલી નવી દવા મૂકીને શ્રીમતીએ પહેલે દિવસે જ ચાર ખોબા ભરાય એટલા વાંદા મારેલા! મચ્છર દેઢ મહિને ચોથા ભાગના રહ્યા છે. પહેલાં તો વાત કરતાં કરતાં મોંમાં પેસી જતા!

આ બધી અંધારીમાં તમને કાગળ ન લખાયો. પહેલીવાર આટલો મોટો ગાળો પડ્યો એટલે મને ઘણું ખરાબ લાગે છે.

શ્રીમતીજીની સિતારની સાધના બરાબરની ચાલે છે. અહીં એક મુસલમાન ઉસ્તાદની તદ્દન અકસ્માત મુલાકાત થઈ ગઈ. ભગવાને મોકલી આપ્યા એમ કહીએ તો ખોટું નહિ દોઢ–દોઢ કલાક સામે બેસાડીને, હાથ ખોટો પડે, ઝાંઝણી આવે, આંગળીના ચીરા ચચરવા માંડે ત્યાં સુધી વગડાવે છે!

✶

માસ્તરડો ને માસ્તરડો

નટવરલાલ પ્રભુલાલ બુચ

બીજી બધી છોકરીઓની જેમ દુર્ગા પણ, નાની હતી ત્યારે, ભાવિ જીવનનાં સપનાં સેવતી. કયારેક પોતાને મિલમાલિક પતિ મળે તેમ ઇચ્છતી તો ક્યારેક વળી તેનાથી નીચે ઊતરી પોતાનો પતિ કોઈ ઉચ્ચ સરકારી અમલદાર હોય તેમ પણ ઇચ્છતી. પણ એથી નીચલી કક્ષાના પતિનો તે વિચાર જ ન કરતી અને વિચાર આવતો તો તેને, રખડુ કૂતરાને ઘરમાંથી હાંકી કાઢીએ તેમ, મનમાંથી હાંકી કાઢતી. તેવા ઊંચા મોભાના પતિને લાયક કન્યા બનવા માટે તે બી. એ. થવા સુધીનાં સ્વપ્ન પણ સેવતી. પોતાને હીરામોતીનાં ઘરેણાં, નાઇલોનની સાડી અને પ્લાસ્ટિકના પ્લેટફોર્મ ચંપલ પહેરીને પોતાના શેઠ કે અમલદાર પતિ સાથે મોટરમાં કે સિનેમાઘરમાં અંગ્રેજીમાં વાતો કરતી કલ્પી તે રાચી ઊઠતી ને કયારેક એકાંતમાં નાચી પણ ઊઠતી.

પણ સેવેલાં સ્વપ્ન બધાં જ સાકાર થોડાં જ થાય છે? દુર્ગા નીચલા મધ્યમ વર્ગનાં માબાપની દીકરી. કુટુંબ ઘણી આર્થિક ભીંસમાં રહેતું. એટલે દુર્ગા કૉલેજ તો શું પણ હાઈસ્કૂલનો ઉંબરો પણ ન ભાળી શકી. શાળાન્ત સુધી માંડ માંડ પહોંચતાં સુધીમાં દુર્ગા સમજી ગઈ કે શાળાન્ત સુધી પણ પોતે હવે આગળ ભણી શકવાની નથી. એ પછીથી મિલમાલિક અને સરકારી અમલદાર તેના મનમાંથી દૂર સરવા લાગ્યા.

આખરે યોગ્ય ઉંમરે તેનાં માબાપે કેસરિયા ગામના અને તે જ ગામમાં શિક્ષકની નોકરી કરતા સીનિયર ટ્રેઈન્ડ નરભેરામ માસ્તર સાથે તેનાં લગ્ન કર્યાં. નરભેરામ માસ્તર મૂળ અનટ્રેઈન્ડ હતા, પણ પછી તેમને સરકાર તરફથી એક રાષ્ટ્રીય સંસ્થાના અધ્યાપન-મંદિરમાં તાલીમ માટે મોકલવામાં આવ્યા. ત્યાંથી બે વર્ષને અંતે તેઓ પાછા ફર્યા ત્યારે થોડી ખાદીભાવના અને નવી કેળવણીના વિચારો લેતા આવ્યા હતા. સ્વભાવે નરભેરામ ખુશમિજાજ હતા. લગ્ન પછી થોડે સમયે, નિકટતા વધ્યા પછી દુર્ગાએ મિલમાલિક પતિ પામવાનાં પોતાનાં સ્વપ્નોની વાત કરી ત્યારે નરભેરામે કહેલું: "એમ તો હું પણ મિલ-માલિક છું." અને પછી સામી ભીંતે લટકતો પોતાનો પેટીરેંટિયો બતાવી કહે, "જો રહી પેલી મારી એક ત્રાકની સ્પિનિંગ મિલ!"

દુર્ગા અને નરભેરામનો સંસાર ઠીક ઠીક સરળતાથી ચાલવા લાગ્યો. નરભેરામ કે દુર્ગાને કુટુંબપ્રયોજન કે કુટુંબનિયોજન બેમાંથી એકેયની ખબર નહોતી. કુટુંબવૃદ્ધિ યથાકાળે નિયમિત-થતી ગઈ અને એમ કરતાં બાળકોની સંખ્યા આઠ સુધી પહોંચી. કુટુંબવધારો અને પગારવધારો સરખા પ્રમાણમાં થતા ન હતા એટલે આ દંપતીને આર્થિક ભીંસ ઠીક ઠીક રહેતી.

નરભેરામ શિક્ષક તરીકે સફળ ગણાય. જ્યાંથી તેમણે તાલીમ લીધી ત્યાંથી એ ત્રણ નાડાં પકડી લાવ્યા હતા—ટ્યૂશન કરવાં નહીં, વિદ્યાર્થીઓને કંટાળ્યા વિના ભણાવવા, શારીરિક શિક્ષા કરવી નહીં. અલબત્ત, આ સિદ્ધાન્તોને વ્યવહારમાં ઉતારતાં તેમને વાર લાગી પણ તેઓ પ્રયત્નશીલ રહેતા અને ધીમે ધીમે ઠીક ઠીક સફળ થઈ શક્યા હતા. ગામડાગામમાં

ટ્યૂશન તો શું મળે, પણ વર્ષાન્ત પરીક્ષા નજીકના મહિનાઓમાં ગામના મહાજન કે ગરાસિયા કે કોઈ માતબર ખેડૂત પોતાના બાળકને પૈસાવડિયે ભણાવવા કહેતા ત્યારે માસ્તર પૈસા લેવાની ના પાડતા અને એમને એમ ભણાવતા. સોટીનો ઉપયોગ પણ તેમણે ઘણો ઓછો કરી નાખ્યો હતો. એકંદરે ગામમાં અને વિદ્યાર્થીઓમાં માસ્તરની સુવાસ સારી હતી. માસ્તરને પૈસાની તાણ તો ઘણી રહેતી, પણ માંડ માંડ ગાડું ગબડ્યે જતું. મોસમ પ્રમાણે ક્યારેક ક્યારેક વિદ્યાર્થીઓ શેરડી કે સિંગ કે ગોળ કે પોંક કે શાકપાંદડું માસ્તર માટે લાવતા જેનો તેઓ સાભાર સ્વીકાર કરતા. પણ માસ્તર કદી માગતા નહીં કે આશા પણ રાખતા નહીં એ તેમનો સદ્ગુણ હતો.

દુર્ગા પણ કોઠાડાહી હતી અને તેથી પોતાનાં સ્વપ્નો પ્રમાણે દસ હજાર ત્રાકની મિલના માલિકને બદલે એક જ ત્રાકની મિલનો માલિક મળ્યો તેનાથી સંતોષ માની તેણે મનને વાળી લીધું હતું. ગુસ્સામાં કે પ્રેમોદ્રેકમાં તે માસ્તરને માસ્તરડો કહેતી. ક્યારેક મહેમાન કે ઉપરી આવતા અને તે કારણે ઘસાવું પડતું ત્યારે દુર્ગા અકળાઈ ઊઠતી. એક વાર એક નિરીક્ષક સાહેબ શાળાનું નિરીક્ષણ કરવા આવ્યા. દુર્ગાએ પોતાના છોકરા સાથે સાહેબને પુછાવ્યું કે આપને ઘઉંની રોટલી ફાવશે કે બાજરાના રોટલા? ત્યારે નિરીક્ષક સાહેબે જવાબમાં કહેવરાવ્યું કે, રોટલારોટલી ખાવા માટે શું અહીં સુધી લાંબા થઈએ છીએ! આવા એકબે અનુભવ પરથી નરભેરામ માસ્તરે સમજી લીધું હતું કે નિરીક્ષણ એ સૌંદર્યની પેઠે વસ્તુગત નથી પણ ભાવનાગત છે અને નિરીક્ષકની ભાવના તેને મળેલા ભોજનગત છે. ભોજન મીઠું તો ભાવના મીઠી અને ભાવના મીઠી તો નિરીક્ષણનો રીપોર્ટ મીઠો. પછીથી કરકસરની દૃષ્ટિએ નરભેરામ અને દુર્ગાએ નિરીક્ષક સાહેબની માસિક મુલાકાતોને પર્વદિનો ગણી હોળી દિવાળી જેવા દિવસોએ મિષ્ટાન્ન રાંધવાનું બંધ કર્યું હતું.

આમ જીવનમાં ગોઠવાઈ ગયા છતાં દુર્ગાનું મન ક્યારેક ક્યારેક ઉધામા ખાતું. જૂનાં સ્વપ્ન તાજાં થતાં અને તે ન ફળ્યાનો અસંતોષ ઉથલો મારતો. નિમિત્ત મળે ત્યારે આમ ખાસ બનતું

એક વાર મુંબઈના એક શેઠ પોતાની ઘરની મોટરમાં પોતાની પત્ની સાથે કાઠિયાવાડમાં ફરવા નીકળેલા. કેસરિયા પાસેથી પસાર થતાં અચાનક તેમની મોટર ગામબહાર નિશાળ પાસે બગડી. માસ્તરને ખબર પડી એટલે શેઠ-શેઠાણીને તેઓ પોતાને ઘેર તેડી ગયા અને ત્યાં દુર્ગાએ પ્રેમથી તેમનું સ્વાગત કર્યું. શેઠાણીની ઇચ્છાથી બાજરાના ઊના ઊના રોટલા, ઘી ને ગોળ જમાડ્યાં. શેઠ મોટા મિલમાલિક હતા. માસ્તરના ઘરના સ્વાગતથી બન્ને ઘણાં ખુશ થયાં અને જતી વખતે આગ્રહપૂર્વક બાળકોના હાથમાં પાંચ રૂપિયા આપતાં ગયાં. તે દિવસ રાતે બિચારી દુર્ગાને પોતાના બાળપણનાં સપનાં તાજાં થયાં. ઊંઘમાં પોતે મુંબઈની દસ હજાર ત્રાકની શ્રી નિર્બંધ મિલ્સના માલિક શ્રી નિર્બંધરામ શેઠની પત્ની બની ગઈ. નાઇલોનની જરીકી સાડી પહેરી છે, શરીર પર હીરામોતીના દાગીના છે, કંઠે સોનાની (ચૌદ કેરેટ) પહિયાળી છે, પગમાં પ્લેટિનમનાં ચંપલ છે અને પોતે સાંજના ઠંડી સાથે એક સરસ મોટરમાં (એને બનાવટનું નામ નહોતું આવડતું—પણ એ તો ઍર-કન્ડિશન્ડ રોલ્સ રૉઈસ જ હશે ને!) ફરવા નીકળી છે, મોટરના એન્જિનનો ધીમો ધીમો મધુર

અવાજ કાન પર પડ્યા કરે છે. એકાએક એંજિનનો અવાજ બંધ થઇ ગયો અને શેઠે કહ્યું, "નીચે ઊતરો." ઝબકીને તે જાગી અને જુએ તો સામે જ નિયમ પ્રમાણે પોતાને અને પોતાની પત્ની માટે બે પ્યાલા ચા પ્રાઇમસ પર તૈયાર કરી, પ્રાઇમસ બંધ કરતાં કરતાં નરભેરામ માસ્તર દુર્ગાને કહી રહ્યા હતા: "ઊઠો ને ખાટલેથી નીચે ઊતરો—ટી રેડી છે". — મિલમાલિક ક્યાંય ઊડી ગયા અને એનો એ માસ્તરડો ને માસ્તરડો સામે બેઠો હતો! પોતાની થીંગડાંવાળી સાડી સંકોરતી ઊઠી, કોગળા કરી દુર્ગા માસ્તરડાએ તૈયાર કરેલી "બેડ ટી" પીવા બેઠી અને સ્વપ્નના નિર્ભયરામ શેઠ અને દુર્ગા શેઠાણીની સાથે પોતાના બન્નેના દીદાર સરખાવવા લાગી. પછી દુર્ગા હસી પડી અને પોતાના સ્વપ્નની વાત પતિને કરવા લાગી. વાત સાંભળી પતિએ કહ્યું, "તું હવેથી ચૈત્ર મહિને અલૂણાં ન કરતી, નહિતર આવતે ભવ પણ આ માસ્તરડો ને માસ્તરડો મળશે."

શ્રી વીસાવદરિયા નરભેરામના સહાધ્યાયી હતા. પણ નરભેરામના અભ્યાસનો અંત શાળાન્ત સાથે જ આવી ગયો જ્યારે વીસાવદરિયા આગળ જઈ શક્યા અને કૉલેજનો અભ્યાસ પૂરો કરી હમણાં થોડા વખત પહેલાં જ કેસરિયા ગામ જે તાલુકામાં હતું તે રૂપાવટી તાલુકાના વિકાસઘટક અધિકારી તરીકે નિમાઇ આવ્યા હતા. વીસાવદરિયા અવાર-નવાર જીપમાં પોતાના કુટુંબ સાથે કેસરિયા, નરભેરામને ત્યાં, આવતા. દુર્ગા જોતી કે વિકાસઘટક અધિકારી બન્યા પછી વીસાવદરિયાનું શરીર શુક્લપક્ષના ચંદ્રની જેમ વધ્યે જતું હતું. બિચારી શાળાન્ત સુધી ભણેલી એટલે તેને સંસ્કૃત શબ્દાર્થનું ઝાઝું જ્ઞાન નહોતું. તેથી ઘણીવાર આશ્ચર્યપૂર્વક વિચારતી કે વિકાસઘટકમાં વિકાસ ઘટવાને બદલે વધતો કેમ હશે? તે કરતાં વિકાસવર્ધક ખાતું એવું નામ વધારે સારું નથી! વીસાવદરિયાની પત્નીનું પણ, પતિ અમલદાર થયા પછી, સામાજિક ગૌરવ વધ્યું તેની સાથે શારીરિક ગૌરવ પણ ઘણું વધ્યું હતું. સામી બાજુ દુર્ગા—નરભેરામના જીવનમાં કૃષ્ણપક્ષનું સામ્રાજ્ય વ્યાપ્યું હતું. બાપડી દુર્ગાને આ દંપતી જોતાં પોતાનાં બાળપણનાં સપનાં તાજાં થતાં; અને મનમાં તેને થતું કે આવા માસ્તરડાને પરણી તે કરતાં આવો કોઇક મળ્યો હોત તો જીવનમાં કાંઇક સુખસગવડ તો મળત! આ સાહેબને જોઇએ ત્યારે જીપ મળે ને અહીં તો ગાડાનાયે સાંસા!

આર્થિક મુશ્કેલી તો હતી જ. તેમાં વળી નવમા બાળકે આવી કુટુંબના સભ્યોની સંખ્યા એકાદશની કરી ત્યારે તો એકાદશી સામે ડોળા કાઢવા લાગી. વચ્ચે વચ્ચે બેચાર પ્રસંગો એવા આવ્યા જ્યારે મોટાં બાળકોને અલ્પાહાર અને પોતાને બન્નેને એક ટાણાનો કાર્યક્રમ રાખવો પડ્યો. પછી તો દુર્ગા ખરેખર ખૂબ અકળાઈ અને માસ્તરડા પર ગુસ્સે થઈ. મનમાં વિચારવા લાગી કે હવે તો કાશી ચાલી જાઉં અને ત્યાં કરવત મુકાવી આવતે ભવ માસ્તરડાને બદલે મિલમાલિક કે કમ સે કમ વિકાસઘટક અધિકારીની પત્ની થવાનું માગું. વિચારે જોતજોતામાં નિશ્ચયનું સ્વરૂપ લીધું અને દુર્ગાએ તો મનમાં નક્કી કર્યું કે આજ ને આજ રાતમાં માસ્તરડાને અને પોતાનાં પોણો ડઝન બાળકોને છોડી કાશી ભેગી થઇ જાઉં—આ ભવે આ દુઃખમાંથી છૂટું અને આવતે ભવ સુખમાં પડું!

× × ×

મધરાત થઇ. દુર્ગા ભારે હૈયે છતાં મક્કમ મને મહાભિનિષ્ક્રમણ કરી કાશીની દિશામાં

ચાલી નીકળી. ચાલતી, થાકતી, ભિક્ષા માગી ખાતી, ત્રણેક મહિને એક સાંજે કાશીનગરીમાં તેણે પગ મૂકયો. પૂછતાં ખબર પડી કે કાશીનગરીની બહારના ભાગમાં કરવત મુકાવવાનું સ્થળ છે. ત્યાં કરવત મુકાવવા આવનાર માટે ધર્મશાળા જેવું છે જ્યાં રાતવાસો રહેવાની સગવડ મળે છે. કરવત મુકાવવાનું કામ વહેલી સવારે પાંચ વાગ્યેથી શરુ થાય છે. દુર્ગા તો અન્નસત્રમાં ખીચડી ખાઈ સાંજે ને સાંજે કરવત મુકાવવાને સ્થળે ગઈ. ત્યાંની ધર્મશાળાની ઉઘાડી ઓશરીમાં એક ખૂણામાં સતારની રાહ જોતી ટૂંટિયાં વાળી પડી. હવે અંધારું થયું હતું. થોડી વારે એક સ્ત્રીની આકૃતિ દેખાઈ. તે તેજ ઓશરીમાં દુર્ગાથી પંદરેક ફુટ દૂર ઓશરીમાં સૂતી. તે પછી પાંચ દસ મિનિટે બીજી એક સ્ત્રીની આકૃતિ દેખાઈ અને તે પણ પેલી સ્ત્રીની નજીક જઈ બેઠી. બન્ને સ્ત્રીઓ વાતો કરવા લાગી. દુર્ગા દૂર ખૂણામાં પડી તેમની વાતો સાંભળવા લાગી :

"આવો, બેન."

"હા, બેન."

બન્નેના અવાજમાં વેદના હતી.

"શું બેન ! કરવત મુકાવવા આવ્યાં હશો ?"

"હા, બેન."

"કયાં રહો છો ? મારા ભાઈ શું કરે છે ?"

"રહું છું મુંબઈ. બેન, તમારા ભાઈ મુંબઈના મોટા મિલમાલિક છે. પાંચ મિલ છે."

"ત્યારે, બેન, તમને શું દુઃખ છે ? એનાથી સારું આવતે ભવ તમે શું માગવાનાં હતાં ?"

"બેન, શું દુઃખ છે એમ પૂછો છો ? શું દુઃખ નથી એમ પૂછો. બેન, એમ તો પાણી માગું ત્યાં દૂધ હાજર થાય એવો વૈભવ છે. પણ પૈસાને પરણી શું કરવું ? બૈરાંને પુરુષનો પ્રેમ જોઈએ, સુખદુઃખમાં સાથે રહેવાનું જોઈએ. એ મળે તો ગરીબી પણ વેઠાય. શેઠનું તે કાંઇ જીવન છે ? પૈસા કમાવા આડે એમને ઘડીનીયે ફુરસદ કયાં છે ! મિલ ચલાવવા ઉપરાંત સટ્ટો ખેલે. આખો દિવસ ભાવતાલ ને તેજીમંદી—બીજી વાત નહીં ! અરે, દિવસે તો ઠીક, રાતમાં પણ તારટેલીફોન ટ્રંકકોલ આવ્યા કરે ! નહીં ખાવાનાં ઠેકાણાં, નહીં સૂવાનાં—બસ પૈસો, પૈસો, પૈસો ! એકવાર તો પછી હું ખૂબ પાછળ પડી અને મેં શેઠને કહ્યું કે શેઠ, આટલો પૈસો છે ત્યારે ચાલોને કયાંક યાત્રા કરીએ, દેશદેશાવર જોઈએ. આખરે શેઠ પીગળ્યા અને એક વાર અમે સાથે કાઠિયાવાડમાં ગિરનાર સોમનાથ બાજુ પ્રવાસે નીકળ્યાં. પણ તેવ અધો પ્રવાસ માંડ કર્યો હશે ત્યાં કાંઈક તાર આવ્યો ને શેઠે તો મોટર લેવરાવી સીધી મુંબઈ ભણી ! અને પછી તો પાછા એના એ દિ' ! હું તો, બેન, છેક્લે છેક્લે એવી કંટાળી કે વિચાર થયો કે ચાલો કાશી જઈ કરવત મેલાવું ને આવતે ભવ બીજો કોઈ ધંધો કરનારો પતિ માગું. પછી વિચાર થયો કે કયો ધંધો કરતો પતિ માગવો. ત્યાં એક પ્રસંગ યાદ આવ્યો. અમે કાઠિયાવાડમાં પ્રવાસે નીકળેલાં ત્યારે વચ્ચે કેસરિયા નામને ગામે અમારી મોટર બગડેલી. તે વખતે ગામના માસ્તર અમને પોતાને ઘરે લઈ ગયેલા અને માસ્તર તથા તેમની ઘરવાળીએ અમારી બહુ મહેર ; કેટલી

કાઠિયાવાડની એ મહેમાનગતિ હજુ ભુલાઈ નથી. માસ્તર ને તેમની ઘરવાળી ગરીબ ઘણાં, પણ તેમનામાં સંતોષ અને ઉદારતા જોયાં. એમના ઘરના જાડા બાજરાના રોટલામાં જે મીઠાશ લાગી તેની મુંબઈનાં મેવામીઠાઈમાં પણ આપખરા મળી નથી. એટલે મેં તો નક્કી કર્યું છે કે કાલ સવારે કરવત મુકાવવી અને આવતે ભવ માસ્તર પતિ માગવો. પણ, બેન, તમે શે દુઃખે કરવત મેલાવવા આવ્યાં છો તે તો કહો."

બીજી બાઈએ જવાબ આપવો શરૂ કર્યો: "બેન, મારું દુઃખ પણ તમારા જેવું છે. તમારા ભાઈ એમ તો ભણેલા ગણેલા છે ને અત્યારે કાઠિયાવાડમાં રૂપાવટી તાલુકાના વિકાસઘટક અધિકારી છે. નોકરી તો બહુ સારી છે. પગાર સારો, માણસતુણસ, જીપગાડી, મોટાં મકાન રહેવા મળે. પણ, બેન, રખડપાટ ઝાઝી, ખોટી આવક કરવાનું કાંઈક વધુ ને ખાતામાં ખટપટનો પાર નહીં. સાહેબ, સાહેબ, સૌ કરે પણ સાહેબને ઉદ્વેગનો પાર નહીં. રાતમાં ઊંઘમાં પણ બકે, "પેલો પાટડિયો મને ડિગ્રેડ કરાવવા મથે છે, પણ એને હું સીધો કરી દઈશ"–ને એવું એવું ઘણું બકે. અને વળી ક્યારેક બહારનો ગુસ્સો મારા પર ઉતારે ને, બેન, કહેતાં શરમ લાગે પણ કેઈક વાર મારા પર હાથ પણ ઉપાડે. મને તો એમ થાય કે જીભ કરડી મરી જાઉં. બહાર બધાં સાહેબનાં ઘરવાળાંને 'બા, બા' કરે, પણ ઘરમાં પોતાના ઘરવાળા આગળ 'બા'ની કિંમત પાઈનીયે ન રહે! અમલદારીનો અમલ ચડે છે. વળી, બેન, આટલી બધી જાડી થઈ ગઈ છું તે એમને ગમતું નથી. પોતે કાંઈ ઓછા જાડા નથી, પણ પુરુષોને કોણ જાણે જાડી સ્ત્રીઓ તરફ શેયે અણગમો થઈ ગયો છે! 'જાડી નહીં', જાડી નહીં'–તો બિચારી જાડીઓ ક્યાં જાય? પરણ્યા ત્યારે તો ઘણાય મને પાતળી જોઈને પરણ્યા હતા પણ પછી આ એદીપણામાં ચરબી જોર કરી ગઈ તેમાં મારો શો વાંક? આમ, બેન, હું તો બહુ જ અકળાઇ ગઈ. તમે કેસરિયા ગામના જે માસ્તરની વાત કરી તે તમારા ભાઈના પણ સંબંધી છે. તેથી અમે અવારનવાર તેમને ત્યાં જઈએ છીએ. બેન, દુનિયામાં પોતાને જે છે તેનાથી કોઈને સંતોષ નથી. માસ્તરની ઘરવાળી બિચારી પોતાની ગરીબીને રોતી હતી. મેં તેને કહ્યું, "બેન, તમે સાચું માનશો નહીં, પણ તમારા ગરીબ જીવનમાં જે સુખ છે તે અમારા જીવનમાં નથી. મને તો તમારું જીવન જ ગમે." પછી હમણાં થોડા વખત પહેલાં એક દિવસ સાહેબ ઑફિસેથી ખૂબ ગુસ્સે થઈને આવેલા હશે ને એમાં મેં કાંઈક ઘરેણાંની માગણી કરી એટલે ખૂબ ખિજાઈને એમણે મને ન કહેવાનાં વેણ કહ્યાં અને ગાલ પર બે તમાચા ચોડી મને કહ્યું, "તને રૂના ધોકડા જેવીને ઘરેણાં શું શોભવાનાં હતાં?" બેન, મને તો એવું માઠું લાગ્યું કે મેં તો તે જ ઘડીએ નક્કી કરી લીધું કે ચાલ, જીવ, કાશીએ જઈ કરવત મેલાવું ને આવતે ભવ ગરીબ માસ્તર પતિ માગું. હવે સવારે કરવત મુકાવવી છે ને તમારી જેમ કેસરિયાના નરભેરામ માસ્તર જેવો પતિ માગવો છે. ભલે પંતુજીની પત્ની કહેવાઉં."

દુર્ગા વાર્તાલાપ સાંભળી રહી. તેની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. મનમાં વિચારી રહી, "અરેરે! હું કેવી મૂરખી! જે સુખની પાછળ દોડવા માટે મેં મારા માસ્તરડાને અને દાડિયા જેવાં નવ બાળકોને છોડ્યાં તે તો ઝાંઝવાનું જળ જ હતું! હું કેવી નઠોર કે મારા મીઠા માસ્તરડા અને વહાલાં બાળકોને કહ્યા કારવ્યા વિના ચાલી આવી! પાછી જાઉં? પણ ત્રણ ત્રણ માસથી રઝળતાં મૂકેલાં એ બધાંને હવે શું મોઢું બતાવું! હવે તો મરવું જ

હતું." રાત આખી આમ વિમાસણમાં કાઢી. તેને સમજાઈ ગયું કે તેનું માસ્તરડા સાથેનું જીવન એ દુઃખોમાં ચીંથરાંમાં વીંટાયેલું અને તેથી બહાર ન દેખાતું એક અમૂલ્ય રત્ન હતું. ભળભાંખળું થયું. ધર્મશાળાની ઘડિયાળમાં પાંચના ટકોરા થયા. દુર્ગી એકદમ ઊભી થઈ અને ધીમે પગલે બહાર ગઈ. કરવતવાળો કરવત તૈયાર કરીને ઊભો હતો. દુર્ગી પોકારી ઊઠી, "હાલ, ભાઈ, મેલ કરવત—માસ્તરડો ને માસ્તરડો!"

× × ×

"માસ્તરડો ને માસ્તરડો" બોલતી દુર્ગી જાગી ગઈ. નરભેરામે કહ્યું, "આ બેઠો માસ્તરડો. લ્યો, નવદુર્ગી, ઊઠો; ચા તૈયાર છે." નવમું બાળક થયા પછી નરભેરામ દુર્ગીને નવદુર્ગી કહેતા. ખરેખર, નવદુર્ગી આજ નવ કહેતાં નવી દુર્ગી થઈ ઊઠી હતી. તે મોં મલકાવતી પ્રસન્ન ચિત્તે ઊઠી ને પોતાના પતિ સામે પાટલા પર બેઠી. બહાર અમરાઈમાંથી આવતો કોયલનો ટહુકાર, પાડોશમાં દૂધ દેવા આવેલી કિન્નરકંઠી રબારણનો "લ્યો દૂધ" નો મીઠો રણકાર અને ઘરમાં ઘોડિયામાંથી આવતો નવમા બાળકનો મંદમંદો રુદન-સ્વર—ત્રણે સ્વરોનું એકમેળવાળું સંગીત રચાયું અને આંગણામાંના કડવા લીમડાના મોરની મંદમીઠી સુગંધે એ સંગીતમાં સુગંધ મૂકી. ગરીબી અને દુઃખોની વચ્ચે પણ દુર્ગીના મનમાં પરમ સંતોષ વ્યાપી રહ્યો. આછી કડવાશને સહ્ય અને રોચક બનાવતી વ્યાપક મધુરતાવાળી ચારૂપે દુર્ગી માસ્તરડાનાં સાન્નિધ્યમાં જીવનરસ માણી રહી.

નરભેરામે હસતાં હસતાં કહ્યું, "આ ચૈત્ર બેસે છે. હવે માસ્તરડામાંથી મુક્ત થવું હોય તો એકેય અલૂણાં ન કરતી." દુર્ગીએ ચા પીતાં પીતાં, "હવે તો આખો ચૈત્ર બધા અલૂણાં જ કરવાની. મારે તો ભવોભવ જોઈએ મારો માસ્તરડો ને માસ્તરડો."

●

અનુસંધાન પૃ ૬૭]

તલસ્પર્શી અભ્યાસ ક્વચિત્ ક્વચિત્ દેખાય છે, ત્યારે આભારે કે પ્રણયભારે શિર નમે છે. બીજી દૃષ્ટિથી સ્વતંત્ર હિંદની ચૌદ ભાષાઓમાંથી ગુજરાતી અભ્યાસીઓ જો હિંદી, મરાઠી ને બંગાળીનો પણ તુલનાત્મક અભ્યાસ કરે તો હિંદની સાંસ્કારિક એકતા સિદ્ધ થાય ને સાથે ગુજરાતી ભાષાસાહિત્યની મૌલિક સેવા પણ થાય!

અંતમાં એટલું જ ઉમેરીશ કે શ્રી બાલચન્દ્ર પરીખની આ નવી પ્રણાલિકા ઊંડી ધગશ, તનતોડ પરિશ્રમ તથા અનેક પ્રકારના ત્યાગ માગી લે છે. એ માર્ગ કઠિન છે, પણ રસાસ્વાદ પણ સિદ્ધ પુરુષો માટે દિવ્ય છે. કવિશ્રી ન્હાનાલાલના શબ્દોમાં આ નૂતન કષ્ટસાધ્ય માર્ગમાં—

"જાણે શર શો જીવનપંથે
સીધો ઇતિહાસને ઘડતો!"

જુહૂ
એપ્રીલ ૧૭, ૧૯૬૦

[ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર શ્રી. બાલચન્દ્ર પરીખ કૃત 'રોમિયો-જુલિયેટ: ગાંધર્વ પ્રણયની અમરગાથા એક સર્જનાત્મક-રસદર્શન'ના પુરોવચન રૂપે લખાયેલો લેખ]

※

‘ ઉત્તરરામચરિત ’

ચૈતન્યબેન જ. દિવેટિયા એમ. એ.

‘ અભિજ્ઞાન શાકુન્તલ ’ના કર્તા મહાકવિ શ્રી કાલિદાસ તેમજ ‘ ઉત્તરરામચરિત ’ના કર્તા શ્રી ભવભૂતિ નાટ્યકલાની દૃષ્ટિએ સંસ્કૃત નાટ્યવિધાયક તરીકે શ્રેષ્ઠ સ્થાન પામ્યા છે. મહાકવિ કાલિદાસની રસરચના તેમજ અલંકારયુક્ત શૈલી એ કૃતિને મહાયશ અપાવે છે છતાં કેટલાક વિદ્વાનોનું એવું માનવું છે કે उत्तरेरामचरिते भवभूतिर्विशिष्यते—એટલે કે ‘ ઉત્તરરામચરિત ’ એ એટલી સુન્દર કૃતિ તરીકે લોકહૃદયમાં સ્થાન પામી છે કે એ કૃતિનો કર્તા કોઈ રીતે કાલિદાસની કલાથી ઊતરતો છે એમ માની શકાતું નથી. કવિશ્રી કાલિદાસ કલ્પનાના તરંગમાં રાચી શકે છે, ઉપમા અને અલંકારથી શૈલીને પૂર્ણ રસવાહિની બનાવી શકે છે, જ્યારે ભવભૂતિ ઊર્મિશીલ તેમજ લાગણીપ્રધાન કવિ છે. કવિશ્રી કાલિદાસમાં વાસ્તવિકતા અલ્પ છે, તેમનાં પાત્રો રસિક તેમજ આદર્શયુક્ત છે, જ્યારે શ્રી ભવભૂતિમાં વાસ્તવિક તત્ત્વ વધુ છે. કવિશ્રી કાલિદાસનાં પાત્રો આપણી સહાનુભૂતિનાં પ્રેરક બને છે જ્યારે ભવભૂતિનાં પાત્રો પ્રેક્ષકના હૃદયને દ્રવીભૂત બનાવી નયનને અશ્રુથી આવરી લે છે. કવિશ્રી કાલિદાસની કલા શૃંગારરસને નિરૂપતાં સર્વોત્કૃષ્ટ બને છે જ્યારે શ્રી ભવભૂતિ કરુણરસને વહાવતાં અંતરનું અદ્વૈત સાધી શકે છે. કવિશ્રી કાલિદાસના ‘ શાકુન્તલ ’માં કાર્યની ગતિ ત્વરિત છતાં નૈસર્ગિક છે; ‘ ઉત્તરરામચરિત ’માં કરુણતાની ઘેરી છાયામાં ભવભૂતિ કાવ્યરસ વહાવે જાય છે પરન્તુ કાવ્યનો વેગ જરા શિથિલ બને છે.

‘ ઉત્તરરામચરિત ’નો વિષય લોકવિદિત છે. રામચન્દ્રજીના વનવાસ પછી અયોધ્યા આવી ગયા પછીની રાજા રામની ઉત્તરજીવનની કથાનો પ્રસંગ વાલ્મીકિ રામાયણમાંથી પસંદ કરી તેને નાટ્યોચિત ફેરફાર સાથે શ્રીભવભૂતિએ રચના કરી છે. વાલ્મીકિ રામાયણમાં ‘ ઉત્તરરામચરિત ’નો અંત કરુણ છે કારણ અત્યંત કષ્ટ પામેલી સીતા છેવટ પૃથ્વીદેવીના વિરાટપટમાં અદૃશ્ય થાય છે જ્યારે શ્રી ભવભૂતિ રામ-સીતા તથા લવકુશને છેવટે ભેગાં કરે છે. સીતાની પવિત્રતાનો ભગવતી અરુન્ધતી પાસે એકરાર કરાવી પ્રજાના અંતરને સંતોષે છે. રામાયણમાં લવ અને કુશને શ્રી રામચન્દ્રજી સાથે જ અશ્વ માટે યુદ્ધ થાય છે જ્યારે અહીં ચન્દ્રકેતુ અને લવ વચ્ચેનું યુદ્ધ બતાવ્યું છે. આ નાટકનો સહુથી સુન્દર તેમજ કરુણ અંક ત્રીજો છે જેમાં કવિની કલ્પનાએ કરુણતાને વહાવવા કલ્પના અને કલાનો સર્વોત્કૃષ્ટ સુમેળ સાધ્યો છે. અદ્વૈતપ્રેમની સિદ્ધિ અને તે પણ રામ અને સીતાના સંબંધમાં ઘણી જ સુન્દરતાથી શ્રી ભવભૂતિએ બતાવી છે. રામચન્દ્રજી જેવા આદર્શ પતિએ સીતા જેવી અનુપમ સ્ત્રીનો એક માત્ર લોકવાયકાને મહત્ત્વ આપી ત્યાગ કર્યો છતાં તેઓ જગતમાં ઈશ્વર તરીકે પૂજનીય કેમ બન્યા એવો પ્રશ્ન આધુનિક જગત કરે છે પરન્તુ આજના સમાજ અને રામાયણના સમાજ વચ્ચે અસંખ્ય વર્ષોનું અંતર છે. એ સમયે માત્ર વ્યક્તિનું જ મહત્ત્વ લેખાતું નહીં; રાજા અને પ્રજાનો સંબંધ ઘણો જ વિશાળ છતાં નિકટ હતો. રાજાને પ્રજાધર્મ સર્વ શ્રેષ્ઠ હતો જ્યારે આજની પ્રજા પ્રજાસત્તાક રાજ્યને જ મહત્ત્વ આપે છે. બાકી સીતાના પ્રેમ માટે, બલ્કે કહો કે સીતા માટે, શ્રી રામચન્દ્રજીને ગાદીનો ત્યાગ કરવા માટે જરા

પણ વિલંબ થાય એમ નથી પરન્તુ પોતાનાં વ્યક્તિગત સુખ માટે પ્રજાનો અનાદર કરી સીતાનું એટલે કે પોતાનું જ સુખ જોવું એ તો કોઈ પણ સામાન્ય માનવી કરી શકે જ્યારે રાજા તરીકે પ્રજાનો પ્રેમ સંપાદન કરી લોકધર્મ સાચવવો એ રામચન્દ્રજીએ ધર્મ ગણ્યો. રાજ્યમાંથી સીતાનો ત્યાગ કર્યો; હૃદયમાંથી સીતાનો ત્યાગ કર્યો નથી. શુદ્ધ પ્રેમને સંયોગ કે વિયોગ સમાન કેમ ના હોઈ શકે! વિયોગમાં પ્રેમની વિશુદ્ધિ ને અદ્વૈત સાધના પૂર્ણકક્ષાએ પરિણામ પામી. શુદ્ધ પ્રેમ અંતરની હિરણ્યમયી જ્વાલામાં સદાય પ્રજ્વલિત રહે છે અને બાહ્ય જગતમાં–કર્તવ્ય કર્મમાં–જરાપણ ન્યૂનતા થતી નથી. પ્રેમીજન સમીપ હોય ત્યાં જ સર્વસ્વ દુનિયા એવો અદ્વૈતધર્મ કેમ હોઈ શકે! રામચન્દ્રજીના અંતરની રગેરગમાં સીતાની સતત સ્મૃતિની ઝંખના છતાં જે વિયોગ સહન કર્યો તે તેમની શક્તિનું માપ બતાવવા પૂરતું છે અને તેમને સામાન્ય માનવી કરતાં જરૂર ઉચ્ચ કોટિના પુરુષ તરીકે માન આપવા યોગ્ય છે. એક સામાન્ય માનવી પ્રેમમાં મગ્ન બની કર્તવ્યવિમુખ બને પરન્તુ એક રાજા તરીકે જેની આગળ પ્રજાનું કલ્યાણ અને પ્રજાનો પ્રેમ સંપાદન કરવાની કર્તવ્યભાવના છે તેનાથી અંગત સુખ માટે પ્રજાનો ત્યાગ કેવી રીતે થાય! રામાયણયુગમાં રાજા અને પ્રજા વચ્ચેનો કેટલો કર્તવ્યશીલ ધર્મ હતો તે રામચન્દ્રજીના ચરિત્ર ઉપરથી સમજી શકાય છે. તેનો અર્થ પત્ની કરતાં રાજધર્મ વધારે અને પત્નીની અવગણના કરવામાં નિઃસંકોચ એમ થતો નથી પરન્તુ પોતે ઉચ્ચારેલા—

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि ।
आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा ॥

આ વચનો હૃદયની વ્યથાને અંતરમાં જ સહી લઈ જાનકીને છોડવાનો પ્રસંગ ઉપસ્થિત થતાં સત્ય કરી બતાવે છે. તેમજ સીતાજી પણ પોતાનો ત્યાગ રામચન્દ્રજીએ કર્યો તેથી જરા પણ તિરસ્કૃત ભાવનાથી દુઃખી થયાં નથી પરન્તુ રામના વિયોગે દુઃખી થયાં છે. લોકકલ્યાણને સાધવા છતાં પોતાના વિયોગદુઃખથી રામચન્દ્રજી અંતરમાં કેટલાં વ્યથિત હશે એ વિચારે દુઃખી થયાં છે. રામચન્દ્રજીના પ્રેમ માટે જરા જેટલી આશંકા ક્યાંય તેમના વચનમાં જણાઈ નથી, તેનો વિચાર તો તેમના પવિત્ર અંતરમાં પણ સ્ફુર્યો નહીં હોય! બંનેના અંતરની આ પવિત્રતામાં જ તેમનું અદ્વૈત સમાયેલું છે.

'ઉત્તરરામચરિત' એ ભવભૂતિની ઉત્તમ કૃતિ છે. એક કુશળ નાટ્યકલાના વિધાયક તેમજ કવિ તરીકે આ કૃતિના કર્તાને યશકલગી અર્પી શકાય. મનુષ્યહૃદયનો સાચો જાણકાર, હૃદયની વ્યથાનું સચોટ આલેખન કરવાની કુશળકળા, પાત્રને વિકસાવવાની સુંદર શક્તિ અને ભાષાપ્રભુત્વ આ કૃતિને સાહિત્યમાં શ્રેષ્ઠ સ્થાન અપાવે છે. કરુણરસને વહાવનાર ભવભૂતિનું સ્થાન સાહિત્યમાં અમર થઈ ગયું છેઃ

एको रसः करुण एव निमित्तभेदा द्भिन्नः पृथक्पृथगिवाश्रयते विवर्तान् ।
आवर्तबुद्बुदतरङ्गमयान्विकारानम्भो यथा सलिलमेव तु तत्समग्रम् ॥

પ્રથમ અંકમાં પોતાની જ પૂર્વકથાની ચિત્રસૃષ્ટિનું અવલોકન કરતાં રામ અને જાનકી ને હૃદયની સ્થિતિ અનુભવી રહ્યાં છે તેથી પણ વિષમ સ્થિતિમાંથી પસાર થવાનું નિર્મિ

તેમને માટે નિર્માણ કર્યું છે એ ઘટના નાટકની ભાવિ કરુણતાનું સૂચન કરે છે. સીતાને અનુલક્ષીને રામ કહે છે, कौसल्या न प्रेयो यदि परमसह्यस्तु विरहः રામને સીતાનું શું પ્રિય નથી! માત્ર વિરહ જ અસહ્ય છે આ વિચારથી પ્રેરાતા રામ ઘડી પછી જ પોતાની પરમ પ્રિય સીતાનું વિયોગદુઃખ કેવી રીતે સહી શકે! અને રામની વાણી શું ઉચ્ચારે છે?

अद्वैतं सुखदुःखयोरनुगुणं सर्वास्ववस्थासु य-
द्विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रसः ।
कालेना वरणात्ययात्परिणते यत्स्नेहसारे स्थितं
भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत्प्राप्यते ॥

અને ખરેખર શ્રીરામ અને સીતાના જીવનને ધન્ય છે કે જેઓ આ પરમ તત્ત્વને–અદ્વૈતને–પ્રાપ્ત કરી શકયાં છે. અને જે અદ્વૈતપ્રેમના તંતુએ જ તેમના સુખ કરતાં પણ વિયોગદુઃખની સ્થિતિમાં અંતરના રસને વધુ સમરસ કર્યો છે. વળી ભવભૂતિ કહે છે તેમ,

प्रियप्राया वृत्तिर्विनयमधुरो वाचि नियमः
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ।
पुरो वा पश्चाद्वा तदिदमविपर्यासितरसं
रहस्यं साधूनामनुपधि विशुद्धं विजयते ॥

વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ એવા ઉચ્ચ મહાનુભાવી પુરુષોનાં જીવન-રહસ્યને સમજવાં મુશ્કેલ છે. સીતાનો ત્યાગ કર્યા પછી બાર વર્ષે રામચન્દ્રજી દણ્ડકારણ્યમાં શમ્બૂકના સંહાર અર્થે આવે છે ત્યાં દણ્ડકારણ્ય અને જનસ્થાનના દશ્યથી સીતાજીની સ્મૃતિ વધુ તીવ્ર સ્વરૂપમાં પ્રકટે છે. ત્યારપછીનો ત્રીજો અંક ભવભૂતિનું કાલ્પનિક સર્જન છે. મનુષ્યહૃદયની તીવ્ર લાગણીને પૂર્ણકક્ષાએ આલેખવામાં કવિની કલમે કુશળતા પ્રાપ્ત કરી છે, વેદનાથી ભરપૂર હૃદય આજ બાર વર્ષે દણ્ડકારણ્યનાં દર્શનથી લાગણીના પ્રવાહને રોકી શકવા અસમર્થ બને છે. અંતરમાં લીન કરેલું દુઃખ આજ પ્રજ્વલિત થઈ રહ્યું છે. કમળ સમાન સુન્દર રામચન્દ્રજીનાં ગાત્ર મ્લાન થઈ ગયાં છે, છતાં એ દુર્બળ દેહનાં દર્શન પ્રિય લાગે છે જ્યારે करुणस्य मूर्तिरथ वा शरीरिणी, विरहव्यथेव वनमेति जानकीનું દર્શન પણ એટલું જ સુંદર ને મોહક છે. અંતરદુઃખથી મ્લાન થયેલાં સીતાજી અદૃશ્ય સ્વરૂપમાં રામચન્દ્રજીને મળે છે, રામચન્દ્રજી સીતાનો સ્પર્શ અનુભવે છે, એ સ્પર્શ સીતાનો જ છે એની દૃઢ પ્રતીતિ થાય છે છતાં સીતાને ચર્મચક્ષુથી જોઈ શકતા નથી તેવી રીતે રામચન્દ્રજીના અંતરની વેદના, સીતાજીનું અસહ્ય વિયોગદુઃખ અને તેથી પ્રકટ થતા ઉદ્‌ગારોને સીતાજી સાંભળવા છતાં, નજરે જોવા છતાં પોતે પ્રત્યક્ષ સ્વરૂપે પ્રકટ થઈ શકતાં નથી—આ અંકની આ કરુણતમ ઘટના છે રામચન્દ્રજીને આશ્વાસન આપવા પ્રેમથી પ્રેમીભૂત થયેલાં સીતાજી પોતાનું સ્પર્શસુખ આપે છે અને એ સ્નેહથી આર્દ્ર થયેલો શીતળ સ્પર્શ અંતરને આનંદના સાગરમાં લીન કરી, 'હે નન્દિની તું કયાં છે?' એમ પૂછતા રામચન્દ્રજી પ્રત્યે પ્રેક્ષકનું હૃદય દ્રવીભૂત થયા વગર કેમ ના રહે!

પછી સીતાને પોતાના પુત્રની યાદ થતાં ભવભૂતિ સુન્દર સત્ય ઉચ્ચારે છે. (વાલ્મીકિના આશ્રમમાં લવ અને કુશ બાર વર્ષના થયા છે)

> अन्तःकरणतत्त्वस्य दम्पत्योः स्नेहसंश्रयात् ।
> आनन्दग्रन्थिरेकोऽयमपत्यमिति बध्यते ॥

અને આ સત્યકથન કયાં માતાપિતાના અંતરને નહીં સ્પર્શતું હોય !—આ અંકમાં સૌથી અગત્યનો વાર્તાલાપ રામ અને વાસન્તીનો છે. સીતા પ્રત્યે અનન્ય પ્રેમ છતાં રામચન્દ્રજી સીતાજીનો ત્યાગ કેવી રીતે કરી શક્યા તેના મનુષ્યહૃદયને સ્વાભાવિક ઊઠતા પ્રશ્નો વાસન્તી દ્વારા ભવભૂતિએ યોજ્યા છે. त्वं जीवितं त्वमसि मे हृदयं द्वितीयं એવો સીતાજી પ્રત્યેનો રામચન્દ્રજીનો સ્નેહ એ શું માત્ર એવાં પ્રિયવાણી ઉચ્ચારવા પૂરતો જ હતો કે શું ? 'अयि कठोर यशः किल ते प्रियं, किमयशो ननु घोरमतः परम्' કહેતી વાસન્તી આધુનિક યુગનો પ્રશ્ન પૂછી કાઢે છે કે આવું મહાન અપયશ અર્પતું કાર્ય કરી પ્રજા માટે કયું યશ અપાવનારું કર્મ કરવામાં ધર્મ રહ્યો ! પરન્તુ સીતાજીને તો વાસન્તી કઠોર જણાય છે કે જે આવો હૃદયદ્રાવક પ્રશ્ન પૂછી રઘુનાથજીના કોમળ અંતરને પીડે છે. વાસન્તીના પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે રઘુનાથજીનું રૂદન કરુણતાની પરાકાષ્ટા છે. લોકધર્મને સાચવવા સીતા પ્રત્યે અનન્ય પ્રેમ છતાં તેનો ત્યાગ કરી રામચન્દ્રજીને કેટલાં દારુણ વચનો સહન કરવાં પડ્યાં છે.

> दलति हृदयं गाढोद्वेगं द्विधा तु न भिद्यते
> वहति विकलः कायो मोहं न मुञ्चति चेतनाम् ।
> ज्वलयति तनूमन्तर्दाहः करोति न भस्मसा-
> त्प्रहरति विधिर्मर्मच्छेदी न कृन्तति जीवितम् ॥

આવી મર્મવેધક સ્થિતિ છતાં આવા મહાન પુરુષોને પણ વિધિ છોડતી નથી, ત્યારે પુરજનોને ઉદ્દેશી રામચન્દ્રજી કહે છે કે દેવીસ્વરૂપ સીતાને જ્યારે તમે તમારા ગૃહમાં સ્થાન ના આપ્યું ત્યારે મેં પણ તેનો શોકરહિત હૃદયે તૃણની માફક ત્યાગ કર્યો અને આજ ચિર પરિચિત ભાવથી દ્રવિત બની અશરણ એવો હું રડી રહ્યો છું ! બાર વર્ષથી સીતાનો ત્યાગ કર્યો છતાં—કે જ્યારે નગરમાંથી એનું નામ પણ ભુંસાઈ ગયું છે—રામ કેવી રીતે રડી શકે છે ? ઉરથી ભરેલાં અમૃતબિન્દુ સમાન રામનાં વચનોથી સીતા મૂર્છિત મનોદશા અનુભવે છે છતાં રામચન્દ્રજીની આ હૃદયવેદના સમજવા માત્ર સીતા જ શક્તિમાન છે કે રામના હૃદયમાં કેટલા સર્પદંશ સમાન પીડા થઈ રહી છે ! જગત સીતા જેવી સ્ત્રીને આવું તીવ્ર વિયોગ-દુઃખ આપવા બદલ રામને દોષ દેશે પરન્તુ શ્રીરામને સીતાનું વિયોગદુઃખ કેટલી પીડા આપી રહ્યું છે તે સમજવાની પરવા જગતને નથી. દુઃખ થયું તો ત્યાગી શાને ! રાજાને વળગું શું કરવા કર્યું ! સીતાને લઇ રાજ્ય મૂકી ચાલ્યા જવું હતું !

> हा हा देवि स्फुटति हृदयं ध्वंसते देहबन्धः शून्यं मन्ये जगदविरलज्वालमन्तर्ज्वलामि ।
> सीदन्नन्धे तमसि विधुरो मज्जतीवान्तरात्मा विष्वङ्मोहः स्थगयति कथं मन्दभाग्यः करोमि ॥

પરન્તુ શ્રીરામનો આ પ્રકારનો દારુણ વિલાપ બતાવે છે કે જેવો વિચાર આપણે કરીએ એટલું સહેલું કામ રામ માટે રાજ્યનો ત્યાગ કરી સીતા સહિત ચાલ્યા જવાનું નહોતું; નહિ તો શ્રીરામ જેવો ક્ષત્રીયવીર અંતરમાં અવિરત જ્વાળાથી જ્વલિત થતાં, જગતનો શૂન્યકાર અનુભવતાં પોતાના મન્દભાગ્યને દોષ દેત નહીં ! રાજા એટલે માત્ર પોતાનું જ સુખ જોનાર નહીં પરન્તુ સકળ જીવલોકના મંગલને ધારનાર મહાન વિભૂતિ, એ રામાયણનો આદર્શ આપણે પ્રથમ સ્વીકારવાનો છે. જે આદર્શ ભવભૂતિએ આ અંકમાં કરુણતાના વિવિધ રંગનાં વમળો દ્વારા સુન્દર રીતે આલેખ્યો છે. દણ્ડકારણ્યમાં ગંગાજી અદૃશ્ય સ્વરૂપે સીતાજીને રામ સમીપ લઈ આવ્યા છે. રામના હૃદયની વેદનાને અહીં સીતાજી પ્રત્યક્ષ કરે છે; પોતાના સ્નિગ્ધ સ્વરોથી રામને મૂર્છિત દશામાંથી જાગૃત કરે છે. લગ્નસમયે સ્પર્શ પામેલા કંકણ સહિત સુકોમળ કરનો અમૃતસમાન સ્પર્શ શ્રીરામ અનુભવે છે અને સીતાજીને જોવાની ઝંખના તીવ્ર બને છે પરન્તુ જોઈ શકતા નથી; ત્યારે નન્યકરુણે વૈદેહી કહેતાં સીતાજી પોતાના અંતરમાં પ્રત્યુત્તર વાળે છે કે सत्यमकरुणास्मि येवंविधं त्वां प्रेक्षमाणा जीवाम्येव— રામને આ સ્થિતિમાં જોતાં પણ જ્યારે વૈદેહી જીવી શકે છે ! વિરહની અત્યંત વિષમ સ્થિતિમાં શ્રીરામ કહે છે કે क्वासि देवि प्रसीद, न मामेवंविधं परित्यक्तुमर्हसि ત્યારે સીતા કહે છે आर्यपुत्र विपरितमिवैतत्—શ્રી ભવભૂતિએ આલેખેલી આ સ્થિતિ ખરેખર વિપરીત છે. અંતરમાં ઊઠતા અનેક પ્રશ્નોને વાસન્તીદ્વારા શ્રી ભવભૂતિએ છેડ્યા છે, પરન્તુ કોઈ રીતે શ્રીરામના સીતા પ્રત્યેના પ્રેમમાં જરાપણ ન્યૂનતા હતી તેમજ સીતાજીને શ્રીરામના પરિપૂર્ણ પ્રેમમાં જરાપણ અન્યાયનો આભાસ થયો હોય તેમ નથી—એ જ અદ્વૈત પ્રેમની સિદ્ધિ તેમને દેવ અને દેવી સમાન પૂજનીય બનાવવા પૂરતાં છે.

આ અંકના અંતમાં, અશ્વમેધ યજ્ઞ માટે પોતાની હિરણ્યની પ્રતિમા શ્રીરામે કરી છે એ જ્ઞાન સીતાજીને થતાં તેમની થોડી પણ શંકાને દૂર કરે છે. સીતાના ત્યાગથી થયેલી અપકીર્તિને કે અપયશને આ બનાવથી દૃઢ પ્રતીતિ થઈ હશે કે સીતા પ્રત્યેના રામના પ્રેમમાં જરાપણ ન્યૂનતા નથી. પોતાના જ પ્રેમી તરફથી મળેલા આ બહુમાનને માટે સીતાજીને અંતરશાંતિ થાય છે, જેથી આ નશ્વર જગતમાં દેહ ધરી રાખવામાં ધન્યતા અનુભવે છે. आशानिबन्धनं खलु जाता जीवलोकस्य તે સાથે શ્રી રઘુનાથજીના ચરણકમળને નમન કરતી સીતા તમસાને કહે છે કે લાંબા સમયથી ઘેરાયેલું વાદળું ક્યારે દૂર થઈ પૂર્ણચન્દ્રનું દર્શનસુખ આપશે ? ત્યારે કવિએ તમસાના મુખમાં મૂકેલો જગતના કરુણ બનાવોની વિવિધતાને સ્પર્શતો एकोरस करुण एव...એ શ્લોક કવિનું વિશિષ્ટ સર્જન છે.

ચોથા અંકમાં પ્રસ્તાવના દ્વારા કંઈક અંશે યોજવા ધારેલો હળવા હાસ્યનો પ્રયોગ સફળ થતો નથી, કારણ આગળના અંકની કરુણછાયાથી પ્રેક્ષક–હૃદય વ્યાપ્ત થયેલું છે ત્યાં તો જનકરાજાના અંતર્દુઃખથી દ્રવિત થયેલાં વચનો શ્રવણે પડે છે. સીતાજીના શિશુ સમયના વદનકમળનું સ્મરણ હજી લુપ્ત થયું નથી ત્યાં આ ક્રૂરતા શી ? दृष्टे जने प्रेयसि दुःसहानि स्त्रोत सहस्रैरिव संप्लवन्ते એ સામાન્ય ભાવથી માતા કૌશલ્યા અરુન્ધતી સહિત જનકને મળવાની આતુરતા બતાવે છે જ્યારે જનકરાજા અરુન્ધતીને जनकन्यां देवीमुपसमिर वन्दे भगवतीम् કહેતાં પ્રણામ કરે છે તેમાં રામાયણયુગનો ઋષિપત્ની પરત્વેનો જે પૂજ્યભાવ પ્રાધાન્ય મનાતો હતો તે તરફ લક્ષ દોરે છે અને વંદનીય ઓશક્તિનો જે આશીર્વાદ परं ते ज्योतिः

प्रकाशताम् એ નોંધપાત્ર છે. જગતમાં ખૂબ આયુષ્ય ભોગવી સુખી થવાનો આશીર્વાદ ના આપતાં કેટલો ઉચ્ચ આશય ધરાવતી ભગવતી દેવી આત્માની જ્યોતિનો પ્રકાશ પૂર્ણ કક્ષાએ પ્રસરે એવી દિવ્ય આશિષ આપે છે. વળી સીતાજીને અનુલક્ષીને દેવી અરુન્ધતી કહે છે :

शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगतां ।
गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः ॥

આમ સ્ત્રીઓ પરત્વેનો આદરભાવ કવિએ વ્યક્ત કર્યો છે. વળી જનકરાજા અને કૌશલ્યાને પણ અહીં ભેગાં કરવામાં કવિએ કુશળતા વાપરી છે. દશરથરાજાના પરમ મિત્ર તરીકે જનકરાજાને કવિ ઓળખાવે છે અને એ રીતે જાનકી પરત્વેના અકલ શોકના સમભાગી જનકરાજા અને કૌશલ્યાને કવિએ અહીં મેળવ્યાં છે. કવિ શ્રીરઘુનાથજી અને સીતાને અંતે મેળવવાના છે એ સૂચન આ અંકમાં અરુન્ધતીના શબ્દ દ્વારા આપ્યું છે. ત્યાં લવનાં દર્શનથી તેઓ આશ્ચર્યમુગ્ધ બને છે. લવ સાથે કૌશલ્યા અને જનકનો યોજેલો વાર્તાલાપ રસમય છે. ત્યાં અશ્વના સમાચાર જાણી પ્રતિભાશાળી લવ અશ્વને બાંધે છે.

પાંચમા અંકમાં ચન્દ્રકેતુ અને લવ વચ્ચે યુદ્ધ થાય છે. ચન્દ્રકેતુ (લક્ષ્મણનો પુત્ર)ના અંતરમાં લવ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે તે સાથે લવ અને કુશના અંતરમાં પણ ચન્દ્રકેતુ પરત્વે પ્રથમ દર્શને જ જાણે કોઈ પૂર્વનો દઢ પરિચય હોય એમ અથવા તો કોઈ વિધિરચિત સંબંધ હોય તેમ હૃદયનું આકર્ષણ ઉત્પન્ન કરે છે ત્યારે સુમન્ત્રના શબ્દમાં કવિ કહે છે :

अहेतुः पक्षपातो यस्तस्य नास्ति प्रतिक्रिया ।
स हि स्नेहात्मकस्तन्तुरन्तर्मर्माणि सीव्यति ॥

શ્રી ભવભૂતિની આ અનુભવવાણી સૂત્રરૂપે અનેક અંતરમાં સ્થાન પામી હશે। પોતાના અલૌકિક જૃમ્ભક અસ્ત્રથી લવ યુદ્ધને આવરી લે છે કે જેનાથી ચન્દ્રકેતુ આશ્ચર્યચકિત બને છે અને છેવટે રથમાંથી નીચે ઊતરી યુદ્ધને અર્થે સામો જાય છે. રામને સંબોધાયેલી વાણી (લવના મુખમાં)થી ચન્દ્રકેતુના હૃદયમાં વધુ તીવ્ર સંવેદન જાગે છે.

છઠ્ઠા અંકમાં વિદ્યાધર અને વિદ્યાધરીના વાર્તાલાપ દ્વારા લવ અને ચન્દ્રકેતુ વચ્ચે ચાલતા પ્રખર યુદ્ધમાં શ્રીરઘુનાથ આવી પહોંચે છે એ સૂચન કર્યું છે.

न किंचिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति ।
तत्तस्य किमपि द्रव्यं यो हि यस्य प्रियो जनः ॥

શ્રી ભવભૂતિની આ લોકપ્રિય વાણી પ્રિયજનના આગમન માત્રથી જ થતી વાતનું સત્યકથન સ્ફુટ કરે છે.

શ્રીરામના આગમનથી ચન્દ્રકેતુ પ્રેમથી તેમને ભેટે છે અને સાથે લવ પ્રત્યે પોતાને જાગેલી પ્રેમભાવના વ્યક્ત કરે છે. લવ શ્રી રઘુનાથજીનાં દર્શનથી મુગ્ધ બની સ્વમન બોલે છે:

आश्वासस्नेहभक्तीनामेकमालम्बनं महत् ।
प्रकृष्टस्येव धर्मस्य प्रसादो मूर्तिसंचरः ॥

શ્રીરામના મહાનુભાવી દર્શનથી હૃદયમાં પૂજ્યભાવ પ્રકટે છે, અંતરમાં આનંદ પ્રસરે છે, અહંભાવ નાશ પામે છે અને તેથી નમ્રભાવે કહે છે કે—

महार्घस्तीर्थानामिव हि महतां कोऽप्यतिशय :

તેવી જ રીતે રઘુનાથજીના અંતરમાં પણ લવને જોતાં કવિએ વર્ણવ્યો છે તેવો ભાવ પેદા થાય છે :

व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतु र्न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ।
विकसति हि पतङ्गस्योदये पुण्डरीकं द्रवति च हिमरश्मावुद्गते चन्द्रकान्तः ॥

શ્રી ભવભૂતિએ વર્ણવેલી શ્રીરામના હૃદયમાં ઉદ્ભવેલી આ લાગણી કવિ કાલિદાસે 'શાકુન્તલ'ના સાતમા અંકમાં સર્વદમનના સ્પર્શથી દુષ્યન્ત રાજાના અંતરમાં સ્ફુરેલી પ્રેમની અને આનન્દની લહરીઓ સાથે સામ્ય ધરાવે છે. જ્યારે લવ શ્રીરઘુનાથજીનાં દર્શનથી પોતાને ધન્ય માની પ્રણામ કરે છે ત્યારે શ્રીરામજી તેને ભેટે છે તે સમયે થતા સ્પર્શસુખનું વર્ણન કરતાં કવિ લખે છે:

परिणतकठोरपुष्करगर्भच्छदपीनमसृणसुकुमारः
नन्दयति चन्द्रचन्दननिष्यन्दजडस्तव स्पर्शः ॥

કોમળ, નાજુક અને કમળપત્ર સમાન, ચન્દ્રની શીતળતાને રેલતો અમૃત સમાન ચન્દન સમો સ્પર્શ રામચન્દ્રજીના અંતરને આનંદ આપે છે; ત્યાં કુશ આવી પહોંચે છે; લવ દ્વારા શ્રીરઘુનાથજીની ઓળખ થતાં ચન્દ્રકેતુના પિતાને પોતે પોતાના જ પિતા ગણી બંને ભાઈઓ વંદન કરે છે; જ્યારે કુશને ભેટતાં પણ શ્રીરામ નીચે પ્રમાણે લાગણી અનુભવે છે :

अङ्गादङ्गात्सृत इव निजस्नेहजो देहसारः प्रादुर्भूय स्थित इव बहिश्चेतनाधातुरेकः ।
सान्द्रानन्दक्षुभितहृदयप्रस्रवेनेव सृष्टो गात्रं श्लेषे यदमृतरसस्रोतसासिञ्चतीव ॥

શ્રીરામને બંને ભાઈઓમાં સાક્ષાત્‌નો ભાવ અને રઘુકુળની છાયા પ્રત્યક્ષ થાય છે તે સાથે તેમના રૂપમાં જનકસુતાનું સામ્ય જણાય છે, કમળ જેવાં કોમળ નેત્ર પ્રિય સીતાને અનુરૂપ જણાય છે. તેમના ઓષ્ટ, દંતાવલિ, કર્ણ, નેત્ર વગેરે સર્વ અંગમાં સીતાની સુકુમારતા રઘુનાથજી પ્રત્યક્ષ અનુભવે છે. વાલ્મીકિના આશ્રમની સમીપમાં જ બાર વર્ષ પહેલાં સીતાજીને મૂકયાં તેનું સ્મરણ રઘુનાથજીને થતાં ચિત્રદર્શન સમયે દૈવી જૃમ્ભકઅસ્ત્રને જ્યારે સીતાજીએ નમન કર્યું ત્યારે કહેલાં વચનો सर्वथेदानीं त्वत्प्रसूतिमुपस्थास्यन्तिने સ્મરતાં શ્રી રઘુનાથજી વિચારે છે કે આ દિવ્ય અસ્ત્રોની પ્રાપ્તિ મેળવનાર આ બે કુમારો તે સીતાજીનાં જ જોડકાં બાળક છે, એમ દઢ પ્રતીતિ થતાં શ્રી રઘુનાથજીનાં નેત્રમાંથી અશ્રુધારાઓ વહે છે ત્યારે કુમાર લવ અત્યંત પ્રેમભાવથી રામચન્દ્રજીને રુદનનું કારણ પૂછે છે તે સમયે કુશે આપેલો પ્રત્યુત્તર આનંદવ્યક્તિ કરે તેવો છે :

विना सीतादेव्या किमिव हि न दुःखं रघुपतेः
प्रियानाशे कृत्स्नं किल जगदरण्यं हि भवति ।

स च स्नेहस्तावानयमपि वियोगो निरवधिः
किमेवं त्वं पृच्छस्यनधिगतरामायण इव ॥.

રામાયણના પ્રખર અભ્યાસી આ બંને બંધુઓ જાણતા નથી કે સીતાદેવી અને શ્રી રઘુનાથજી તે તેમનાં જ માતાપિતા છે. આ પ્રસંગનું નિયોજન એટલું અદ્ભુત, સુરુચિપૂર્ણ અને તે સાથે કારુણ્યમય છે કે વાચકના અંતરને એ દશ્ય તીવ્ર સંવેદનનો અનુભવ કરાવે છે.

રામાયણ વિશે આ બાળકો શું જાણે છે તે સમજવા રઘુનાથજી તેમને થોડા પ્રશ્ન કરે છે ત્યારે કુશના મુખેથી—

प्रकृत्यैव प्रिया सीता रामस्यासीन्महात्मनः प्रियभावः स तु तया स्वगुणैरेव वर्धितः ।
तथैव रामः सीतायाः प्राणेभ्योऽपि प्रियोऽभवत्, हृदयं त्वेव जानाति प्रीतियोगं परस्परम् ॥

આવી હૃદયભેદક સત્યવાણી સુણતાં રામના અંતરને સીતાના પવિત્ર પ્રેમના સ્મરણથી અત્યંત આઘાત લાગે છે તે સાથે નિર્દોષ બાળકોના મુખેથી પોતાના જ જીવનના સીતા સાથેનાં અનેક સ્મરણચિત્રોનું શ્રવણ કરતાં, સીતાજીનું પ્રીત મુખારવિંદ યાદ આવતાં, વિયોગમાં પણ તેનું ધ્યાન ધરતાં, અંતરમાં અનંત જ્વાલાનું જ્વલન છતાં આશ્વાસનની પરમ શાન્તિનો જાણે હૃદય અનુભવ કરે છે. રામચન્દ્રજીની મનસ્થિતિ જ્યારે આ પ્રકારની છે ત્યારે દૂરથી જનકરાય તેમજ કૌશલ્યામાતાને પોતાની સમીપ આવતાં જોઈ તેમને તેમનાં દર્શન દુઃસહ થઇ પડે છે અને માતા કૌશલ્યા શ્રીરામને જોતાં જ મૂર્છા પામે છે ત્યારે રઘુ તથા જનકકુળની દેવીને પોતે કરેલા અન્યાય માટે શ્રીરામ માફી માગે છે.

શ્રી ભવભૂતિએ અનેક પ્રકારે રામ-સીતાના જીવનની કરુણ પ્રસંગાવલિઓ આલેખી આ કૃતિમાં કલામય તેમજ શ્રેષ્ઠ સર્જકતાનાં દર્શન કરાવ્યાં છે. પ્રથમ અંકમાં ચિત્રદર્શનની ભીતરમાં કરુણ છાયા છે, ત્રીજો અંક કરુણતાની પરાકાષ્ટા છે. ચોથા અંકમાં જનકરાજા અને કૌશલ્યાના અંતરદુઃખ દ્વારા માતા અને પિતાના હૃદયની તીવ્ર વેદનાનું દર્શન કરાવ્યું છે. પાંચમા અંકમાં અશ્વ માટે રામના પુત્રો સાથે યુદ્ધમાં ઊતરવું પડે છે તે પરોક્ષ કરુણતા છે જ્યારે છઠ્ઠા અંકમાં રામના અંતરમાં પુત્રના દર્શનથી થતું તીવ્ર સંવેદન આલેખી લેખકે કરુણભાવ દર્શાવ્યો છે છેવટે, સાતમા અંકમાં શ્રી ભવભૂતિએ નાટકમાં નાટકની રચના કરી છે. વનમાં સીતાજીને એકલાં મૂકી જ્યારે લક્ષ્મણ પાછા ફરે છે ત્યારે પોતાના જીવનથી કંટાળી સીતાજી ભાગીરથીમાં પડે છે. ગંગાજીમાં જોડકાંને જન્મ આપે છે જે લઈ ગંગાજી તથા પૃથ્વીદેવી આવે છે ત્યાંથી નાટકની શરૂઆત કરી છે. આમ રઘુનાથજીને જાણ કરી છે કે સીતાજીએ જોડકાંને જન્મ આપ્યો છે. શ્રીરામ લાગણીવશ થઈ નાટક છે તે વીસરી જાય છે અને હૃદયના ઉદ્‌ગાર દુઃખના ભારથી વ્યક્ત થઈ જાય છે. શ્રી ભવભૂતિ કોઈ પણ મુખ્ય પાત્ર દ્વારા શ્રીરામને ઠપકો આપ્યા વિના રહ્યા નથી. વાસન્તીના મુખેથી, જનકરાજાના વચનમાં તેમજ પૃથ્વીદેવીના ઉદ્‌ગારમાં પણ છેવટે શ્રીરામના અન્યાયનો પ્રત્યુત્તર ભાગીરથીના મુખદ્વારા સ્પષ્ટ કર્યો છે કે અગ્નિપરીક્ષા લંકામાં થઈ ત્યારે અયોધ્યાની સર્વ પ્રજા એ માને જ એમ કેમ બને? ઇક્ષ્વાકુવંશની એ મુખ્ય પ્રથા છે કે પ્રજાના તમામ લોકમતને માન આપવું. જ્યારે પૃથ્વીદેવી પણ શ્રીરામના સીતા પ્રત્યેના પ્રેમને

અજાણુ તો નથી જ. दह्यमानेन मनसा दैवाद्वत्सां विहाय सः लोकोत्तरेण सत्वेन प्रजापुण्यैश्च जीवति આમ શ્રીરામનો સીતા પ્રત્યેનો અનન્ય પ્રેમ છતાં તેનો ત્યાગ કરી પોતે રાજા તરીકે કેવી રીતે રાજ્ય કરી શક્યા તેનો પ્રત્યુત્તર મળી જાય છે.

છેવટ, સીતાજી પૃથ્વીદેવીને તેમના ઉત્સંગમાં સમાવી લેવાની વિનંતી કરે છે. વાલ્મીકિ રામાયણની કરુણતા એ છે કે સીતાજીને પૃથ્વીદેવી તેમના ઉત્સંગમાં સમાવી દે છે જ્યારે અહીં શ્રી ભવભૂતિએ માત્ર સૂચન કરી નાટકની રચના આગળ કરી છે કારણ સુખદઅંત (સુખાન્ત) એ સંસ્કૃત નાટકોની વિશિષ્ટતા છે.

ઉચ્ચ સંસ્કાર આપવા જનક અને રઘુકુળ ઉભયના ગુરુ વાલ્મીકિ ભગવાન પ્રાચેતસને દેવી ભાગીરથી તથા પૃથ્વીદેવી બન્ને પુત્રોને સોંપે છે. નાટકમાં બતાવેલી આ વિગતથી શ્રીરામ અને લક્ષ્મણને જ્ઞાત થાય છે કે લવ અને કુશ તે શ્રીરામના જ પુત્રો છે જેમને જૃમ્ભકઅસ્ત્ર જન્મથી જ વરેલાં છે. આ બંને સુંદર દિવ્યકુમારોનાં દર્શનથી પોતાના અંતરમાં ઉદ્દ્ભવેલી વાત્સલ્યભાવનાને શ્રીરામ હવે સમજી શકે છે. સીતાજી પૃથ્વીદેવી સાથે ચાલ્યાં ગયાં છે અને આ બંને પુત્રો વાલ્મીકિ ઋષિના આશ્રમમાં ઉછરી આજ બાર વર્ષના થયા છે... ...નાટકમાં નાટકનો અંત આવે છે અને પૃથ્વીદેવી તથા દેવી ભાગીરથી સીતાજીને અરુન્ધતીને સોંપે છે. બાર વર્ષમાં શું બન્યું? શ્રીરામને તે જ્ઞાત કરવા લેખકે નાટકમાં નાટકની રચના કરી છે. છેવટ નાટકનો સુખદ અંત લાવી પુણ્યની પવિત્ર વેદી ઉપર શ્રીરામચન્દ્રજીએ અશ્વમેધ યજ્ઞમાં મૂકેલી સીતાની હિરણ્યની પ્રતિકૃતિને સ્થાને સાક્ષાત્ સીતાજીને જ પૃથ્વીદેવી તથા ભાગીરથીદેવી શ્રીરામને અર્પવા ભગવતી અરુન્ધતીને સોંપે છે. વાલ્મીકિઋષિ લવકુશને તેમનાં માતાપિતા જ્ઞાત કરી સ્વજનની ઓળખ આપે છે.

રામાયણનો અંત આ રીતનો હોત તો! શ્રીરામ સાથે અંતે સદેહે સુખ પામેલી સીતાના જીવનની કરુણકથની કંઈક સહ્ય બની હોત! રામાયણમાં શ્રીરામ સીતાજીને સ્વીકારવા તૈયાર હતા પરન્તુ સીતાજીને પૃથ્વીદેવીના અંતરપટમાં સમાઈ જવું યોગ્ય લાગ્યું કારણ અસહ્ય કરુણામય જીવન પસાર કરી સીતાજીને સદેહે શ્રીરામ સાથે જીવનસુખ ભોગવવાની તૃષ્ણા રહી નહીં. વર્ષો સુધી વિયોગ સહી શ્રીરામ પ્રત્યેની અનન્ય પ્રેમભાવનાથી સીતાજી જે આંતરિક એકતા અનુભવી રહ્યાં હતાં તેથી અધિક સુખ રાજ્યરાણી બની શ્રીરામ સાથે લૌકિક સુખ ભોગવવાની વાંછના ના જ હોઇ શકે! પોતાની પવિત્રતાની કસોટી કરાવનાર પ્રજાનાં લૌકિક હૃદય સાથે સીતાજીની ઉન્નત અંતરભાવના કેમ એક થઈ શકે! છેવટ શ્રીરઘુનાથજીનાં દર્શન પામી સીતાજીએ આ જગતનો ત્યાગ કર્યો એમાં જ એ મહાનુભાવી જીવની મહત્તા નથી? પૃથ્વીની મહદ્ વિશાળતામાં એ પવિત્ર જીવ સમાઇ ગયો! પૃથ્વીના અંતરપટમાંથી ઉદ્દ્ભવતા જીવો સદાય એની કથની ગાઈ પવિત્ર થશે!

किंशुकमाला

કોણ ચૂંટાશે, કોણ નહીં એ સરવે અનુમાનો ઠાલાં;
લેશ ભરોસો નહીં, ખરા જ્યાં ચૂંટનાર છે મતવાલા.

નટવરલાલ પ્રભુલાલ બુચ

તા. ૨૫-૫-૬૨

રસિક ભાષ્યકાર

[પુરોવચન]

ડૉ. રમણલાલ યાજ્ઞિક

શ્રી બાલચન્દ્ર પરીખ અંગ્રેજી ભાષા-સાહિત્યના સરસ અધ્યાપક છે એટલું જ નહિ પણ સાથે સાથે રસિક શાસ્ત્રીય ભાષ્યકાર પણ છે. જેમ મલ્લિનાથે કાલિદાસની, જેમ પ્રોફેસર બ્રેડ્લિએ શેક્સ્પિયરની અમર કૃતિઓના સાંગોપાંગ અભ્યાસ ને ઉચ્ચ કોટિના સફળ આલેખનથી જગતના સાહિત્યની મૌલિક સેવા સિદ્ધ કરી છે, તેમ પોતાની રીતે ને પોતાના પ્રમાણમાં, શ્રી બાલચન્દ્ર પરીખે ગુજરાતના ઉત્તમ કવિ ન્હાનાલાલની કવિતાનો અવિરત શ્રમથી ઊંડો અભ્યાસ ને સુંદર નિરૂપણ કરી, યશરેખા પ્રાપ્ત કરી છે. એમણે જે "રસસૃષ્ટિનું રૂપનિર્માણ"નો મનહર નિબંધ લખ્યો છે, તે વાંચી સાહિત્યરસિક વિવેચક પ્રસન્ન થશે. આજે જ્યારે અંગ્રેજીના અધ્યાપકો, જેમની માતૃભાષા ગુજરાતી છે, તે બહુ જ થોડા પ્રમાણમાં સફળ ભાષાન્તરો, રૂપાન્તરો, વિવેચનો ને રસદર્શનો દ્વારા મૂળ અંગ્રેજી ભાષાની અમર કૃતિ ગુજરાતીમાં ઉતારવાની શક્તિ ને વૃત્તિ દાખવે છે, ત્યારે શ્રી બાલચન્દ્રને ધન્યવાદ ઘટે છે કે એક બાજુથી બંગાળી ગુરુદેવ ટાગોર[1] ને ગુજરાતી કવિવર ન્હાનાલાલ, તો બીજી બાજુથી જગતના સર્વોત્તમ અંગ્રેજી કવિ શેક્સ્પિયરને પણ તે ગુર્જરી ભાષામાં ઉતારવા સુંદર પ્રયત્ન કરે છે.

પ્રથમ સુંદર પ્રયોગ તરીકે તેમણે શેક્સ્પિયરના "રોમિયો-જુલિયેટ : ગાન્ધર્વપ્રણયની અમર ગાથા" પસંદ કરી છે તે યોગ્ય છે. તેમનો હેતુ આ છે :-"અત્યારના સમયમાં અંગ્રેજી જ્યારે આપણા વિદ્યાર્થીઓ માટે ખરા અર્થમાં પરભાષા બની રહી છે-અને એ પ્રક્રિયા વર્તમાન પરિસ્થિતિમાં લગભગ અનિવાર્ય છે-તેવે વખતે મૂળ કૃતિના શ્રેષ્ઠ ભાગને અનુવાદરૂપે તેના રહસ્યસ્ફોટન સાથે ગૂંથી લેવો." આનો અર્થ એ છે કે નાટ્યકારની અમર પંક્તિઓ કાવ્યાત્મક અનુવાદમાં ઉતારવી ને સાથે સાથે સ્વતંત્ર રસદર્શનથી પૂર્વાપર સંબંધ જેમ સ્ફુટ થતો જાય તેમ, કલાકારનાં સૌન્દર્યોની મનહર ઝાંખી કરાવવી: એટલે નાટ્યકારની આંતરદૃષ્ટિ, સંવેદન, સંઘર્ષ વગેરે તત્ત્વો સાથે વાચક સમજણપૂર્વક એકતાનતા અનુભવી શકે. આવા સ્તુત્ય પ્રયાસો જેટલા અંગ્રેજીના અધ્યાપકો કરી શકે તે સૌ અત્યારે અત્યંત આવકાર પાત્ર છે.

શ્રી બાલચન્દ્ર પોતાના ઊંડા અભ્યાસ, વિષયની સાંગોપાંગ છણાવટ તથા અનોખી નિરૂપણશૈલીથી આપણને મૂળ રસપ્રવાહમાં ઓતપ્રોતનું વાતાવરણ સરજી શકે છે. પ્રથમ ખંડમાં તેઓ ઘણી ધીરજ ને ચતુરાઈથી પાર્શ્વભૂમિ-ઐતિહાસિક અને સાહિત્યલક્ષી-રજૂ કરે છે: આ બૌદ્ધિક, સાંસ્કારિક તથા સર્વતોભદ્ર પુનરુત્થાનનું સફળ ચિત્ર આલેખી, શેક્સ્પિયર આ યુગનો મહાકવિ શા માટે તે સમજાવે છે; અને પછી આ કવિની વિવિધ

---

૧. તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલ, પરંતુ આ 'પુરોવચન' લખાયું ત્યારે હસ્તપ્રતમાં-'ચિત્રાંગદા : એક મૌલિક રસદર્શન'-ને અનુસરીને.

અમર કૃતિઓમાં "રેમિયો-જુલિયેટ"માં એની નાટ્યપ્રતિભાનું દર્શન કઈ રીતે થાય છે તેનો અંગુલિનિર્દેશ કરે છે.

શેક્સપિયરની રસસૃષ્ટિનું કેવી રીતે નિરૂપણ કરવું એ એક ગહન પ્રશ્ન છે. અનેક પ્રયત્નો આ કરુણાન્ત નાટિકાને ગુજરાતી ભાષામાં તથા ગુજરાતી ને ઉર્દૂ-હિંદી રંગભૂમિ પર ઉતારવાના થયા છે; અને સૌમાં કંઈક તત્ત્વ નવું હોય છે; પરંતુ અંગ્રેજી મહાકવિના ભવ્ય શિખરે પહોંચવાના કોડ સેવતા કંઈક વ્રતધારી યાત્રાળુઓ હજી માર્ગમાં જ-કોઈ થોડા વધારે ઊંચે-અટવાઈ ગયા છે. છંદો, ગીતો ને ગદ્યના પ્રયોગો પછી આ, કવિ ન્હાનાલાલની અછાન્દસ રચના પ્રમાણે, કે ડોલનશૈલીમાં, કે અપદ્યાગદ્યમાં, કે રસાત્મક વાક્યમાં, આ નવતર પ્રયોગ શ્રી બાલચન્દ્ર પરીખે કર્યો છે. આ રીત એટલા માટે અભિનંદનને પાત્ર છે કે તેમાં બાલિશતા કે કેવળ પ્રયોગ ખાતર એક વિશેષ પ્રયોગ નથી; પરંતુ ઠીક ઠીક વાચન, મનન પછી કંઈક નિદિધ્યાસનની પરિપક્વતાએ પહોંચેલ અધ્યાપકનો આ વિવેકયુક્ત મનહર પ્રયોગ છે. તે કેટલે અંશે સફળ થાય છે તેનો આધાર ગ્રાહકની રસવૃત્તિ ઉપર અવલંબે છે.

ડૉ. જ્હોન્સન કહે છે તેમ, કોઈ પણ કલાકૃતિને કસી જોવા માટે આરંભની કલા, મધ્યની કલા ને અંતિમ કલા-ત્રણનું નિરીક્ષણ કરવાની આવશ્યકતા છે. આ રસગાથાનું આરંભદર્શન 'રેમિયો-જુલિયેટ'ના "પ્રથમ દર્શન" ખંડમાં થાય છે. સૌ કેપ્યુલેટના અધરાત્રિ-મહોત્સવમાં આપ આપકે તાનમાં મસ્ત છે; તેવામાં એક ખૂણામાં ઊભેલા બુરખાયુક્ત રેમિયોની દૃષ્ટિ ઓચિંતી જ, પેરિસના હાથમાં હાથ મિલાવી, નૃત્ય કરી રહેલી જુલિયેટ પર પડે છે ને પાસેના પરિચારકને તે પૂછે છે :

> પેલા યુવાનના કરને અલંકૃત કરતી
> કોણ છે અયિ સુહાગિની!

મૂળમાં છે :

> What lady's that which doth enrich the hand
> Of yonder knight?

—અને પછી જુલિયેટનું પ્રથમ મિલન થતાં, રેમિયોના શબ્દો :

> આ પવિત્ર મંદિરને
> મારા કનિષ્ઠ કરના સ્પર્શથી ભ્રષ્ટ કરું,
> તો આ રહ્યું એનું સૌમ્ય પ્રાયશ્ચિત્ત—
> એ કર્કશ સ્પર્શને
> સુકુમાર ચુંબનથી મૃદુલ બનાવવા
> સજ્જ ઊભા છે મારા ઓષ્ઠ
> —બે શરમાતા યાત્રિકો!

જુલિયેટ—સુજ્ઞ યાત્રી!

> અતિશય અન્યાય કરે છે તું
> વિધિયુક્ત ભક્તિ દાખવતા
> તારા કર પ્રતિ.

સન્તોનેય હાથ હોય છે,
યાત્રીઓના હાથનો જે સ્પર્શ કરે છે,
અને હસ્ત સહ હસ્ત
એ તો ચુમ્બન છે પુણ્યાત્મા ભિક્ષુઓનું.

રોમિયો—સન્તોને ઓષ્ઠ નથી શું?
ને પુણ્યાત્મન્ ભિક્ષુઓને ય તે?

જુલિયેટ—હા, પણ પ્રાર્થનામાં નિયોજવા માટે
એ ઓષ્ઠ છે અયિ પથિક!

રોમિયો—ત્યારે ઓ વ્હાલા સન્ત!
હાથ જે કરે છે, તે ઓષ્ઠને કરવા દે.
તેઓ પ્રાર્થે છે—
આટલી તું કૃપા કર!
નહિતર, અમારી શ્રદ્ધા રખેને
નિરાશામાં ફેરવાઈ જશે.

જુલિયેટ—સન્તો એમ ચલિત ન થાય
—ખરું છે કે પ્રાર્થનાને ખાતર......

રોમિયો—તો પછી મારી પ્રાર્થનાનો
હું અમલ કરું.
ત્યાં લગી તું
ચલિત ન થઈશ.
(ચુમ્બન કરતાં)
—તારા અધરથી આમ
વિલીન થયું, હા!
મારા ઓષ્ઠનું પાપ.

જુલિયેટ—તો પછી એ પાપ
મારા અધરમાં આવી વસ્યું:
—જે તેમણે તમારી પાસેથી
ગ્રહણ કીધું.

રોમિયો—પાપ! અને તે મારા ઓષ્ઠમાંથી!
અહા! સરસ આમળ કીધો તેં આ દોષને!
ત્યારે પાછું આપ
મારું પાપ મને.
(પુનઃ ચુમ્બન કરતાં)

જ્યારે જ્યારે આ અમર પંક્તિઓ શીખવવાનો પ્રસંગ આવે છે, ત્યારે મને ભક્તકવિ દયારામની રસમીમાંસા યાદ આવ્યા વિના રહેતી નથી : રાધા ને કૃષ્ણ હોંસથી રસસમાધિમાં બેઠી પડ્યાં—હવે રાધા ગોરી ને કૃષ્ણ તો ઘનશ્યામસુંદર—એવું ગાઢ આલિંગન નીવડ્યું કે રંગો એકબીજાના બદલાઈ ગયા. આપણે એમ તો સુરતસંગ્રામરસિયા નરસિંહમાં ગવાતું સાંભળીતા કે પ્રેમસમાધિ પછી—"પીતાંબર ક્યાં મૂકી આવ્યા!" અને "સાડી કોની પહેરી આવ્યા?"......આમ જ્યારે નરસિંહ વસ્ત્રાભૂષણની ભૂલભૂલૈયાં ઉપર માર્મિક પ્રશ્ન કરે છે, ત્યારે દયારામ તો મૌલિક ફેરફાર કરીને, આલિંગનના પરાક્રમના પરિણામે રાધા ઘનશ્યામ બની જાય છે ને કૃષ્ણ તો ગૌરાંગ બની જાય છે—એમ પ્રગટ નિરૂપણ કરે છે. ...અને હવે? આ તો રહસ્યનો સ્ફોટ થઈ જાય ને ચારે બાજુ હાસ્યાસ્પદ વાત બની જાય! તો ઉપાય શો? હા, એક ઉપાય છે: પુનઃ આશ્લેષ—દૃઢ દ્વિતીય આલિંગન ને પાછું પરિવર્તન—દયારામના શબ્દોમાં 'મુજ મોરો ને વ્રજ ગોરો' રંગ રાધિકા! પાછો થઈ જશે, તેમ રસસાગર, નટવર નાગર કૃષ્ણ મધુર ઉકેલ લાવે છે! ××× પૂર્વ આફ્રિકામાં ફરતાં ફરતાં, ટાંગાનિકામાં જ્યારે "મોરો ગોરો" ગામ—જ્યાં લંડન યુનિવર્સિટી કૉલેજ થવાની છે—ગયો, ત્યારે દયારામની આ પંક્તિઓ સ્મરણમાં રમતી હતી......

આ પછીનો "રોમિયો-જુલિયેટ"નો, મધ્યની કલા પૂર્ણતાએ ખીલી છે તે, 'અટારીમિલન', 'સાક્ષાત્કારની પ્રેમસમાધિ', 'ગાન્ધર્વલગ્ન' ને 'પ્રણયમંડપ' પછીનો '**વસમી વિદાય**'નો અદ્ભુત પ્રસંગ છે. જ્યારે વિયોગની ક્ષણ દેશનિકાલ પ્રેમીની સામે આવે છે ને અંતિમ આશ્લેષ-ચુમ્બનવિધિ પૂરી થાય છે, અને રોમિયો દોરડાની સીડીનાં પગથિયાં ઊતરી જાય છે, ત્યારે ઉપર ઊભેલી બિચારી જુલિયેટને નીચેનો રોમિયો ઝાંખા અરુણોદય સમયે કેવો વિચિત્ર ભાસે છે! આ રહ્યું એ ચિત્ર:

"હા! પ્રિભો મારા! કરાલ ભાવિનો
    સ્ફુરે છે અંદેશ મુજ આત્મામાં;
ઊતરેલો તુજને નીરખીને
    ભાસે છે મુજને કેવું, અહા!
ન હોઉં નિહાળતી મૃત્યુશાયી જેમ,
    કબ્રતણા ઉદરમાં તુજને!
કાં તો મિથ્યાભાસ મુજ દૃષ્ટિનો
    અથવા તું ભાસતો ઝાંખો—અતિ ઝાંખો!"

અને નીચેથી રોમિયોને શું દેખાય છે?

"ને સત્ય કહું તો, એવી જ સખીરી!
    ભાસે છે તું મુજ નયનોમાં;
રુધિર આપણું ચૂસી રહી છે
    દારુણ ક્ષુધાતુર અંતરવ્યથા.
અયિ! વિદાય, વિદાય, સખીરી પ્રિય મુજ!"

અને હવે વાંચો શ્રી બાલચન્દ્ર પરીખનું રસીલું, મર્મગ્રાહી, નાનકડું ભાષ્ય :

"શેક્સ્પિયરની નાટ્યકલાનું વિલક્ષણ સામર્થ્ય નાટકના આરંભે રોમિયો–જુલિયેટને નિકટ લાવતા પ્રેમના પ્રથમ ઉત્થાનમાં જેમ આપણે અનુભવ્યું હતું, અને એ જ રીતે પાછળથી પ્રેમીઓના આત્માને ગાઢ બંધને સંલગ્ન કરતા 'અટારીમિલન'ના દૃશ્યમાં તેમના જીવનને રસદર્શી સભરતા અર્પતી પ્રેમની પરાકાષ્ઠાએ અનુભવ્યું હતું, તેવી જ રીતે એ સામર્થ્ય ભીષણ કાળનિર્માણ સામે આ બે તરુણ પ્રેમીઓને કવિ જે ગૌરવપૂર્વક એમની પ્રણયસૃષ્ટિની અંતરંગ એકતાને બળે અણનમ ટકાવી રાખે છે, તેમાં પણ સચોટ રીતે ઊપસી આવે છે. જેવું મનોહર કૌમુદીમાં વિલસતું 'અટારીમિલન'નું એ દૃશ્ય હતું, તેવું જ મનોવેધક અને કરુણ છે પ્રેમીઓના અકાળ વિયોગનું આ કારમું દૃશ્ય! પ્રેમના સુભગ મિલન દ્વારા બે ઉત્કટ હૃદયોની જે અંતરંગ એકાત્મતા શ્રેષ્ઠ કવિઓ સાહિત્યમાં સરજી શકે છે, તે કરતાંય વધુ ગાઢ, વધુ હૃદયંગમ એકતા તેઓ પ્રેમીઓની રસસૃષ્ટિને છિન્નભિન્ન કરતા વિધિનિર્માણના અન્ધારમય ઓળા નીચે અવિભક્ત રહીને ઝૂઝતા બે માનવઆત્માઓ વચ્ચે સિદ્ધ કરી શકે છે—જીવનલક્ષી સાહિત્યસર્જનના એ ચિરંતન સત્યને શેક્સ્પિયરે રોમિયો–જુલિયેટના વિયોગને મૂર્ત કરતા આ હૃદયવિદારક દૃશ્યમાં જીવન્ત કરી બતાવ્યું છે"......(પૃષ્ઠ ૨૩૪)

આ જ પ્રમાણે અંતની કલાનો સવિશેષ સાંગોપાંગ અભ્યાસ કરવા જેવો છે. સ્થળસંકોચને લઈ, વિશેષ વિગતમાં ઊતરવું યોગ્ય નથી; પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે આંગ્લ મહાકવિના આ નાટકનું સત્ત્વ શ્રી બાલચન્દ્રે બહુ જ સમજણ, વિવેક ને મર્મજ્ઞતાપૂર્વક ઊંશનશૈલીમાં ઉતારવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે એટલું જ નહિ, પણ સાથે સાથે પોતાનો સ્વતંત્ર વાક્પ્રવાહ પ્રસારી, જે રહસ્યદર્શી ભાષ્ય–running commentary—પૂરી પાડી છે તે તેમની ગુજરાતી ભાષા ને સાહિત્યની એક મૌલિક સેવારૂપે આપણે જોવાની છે. તેમાંય આ વિપ્રલંભ શૃંગારની અમર કથા માટે જે યૌવનનો ઉન્માદ ને અનુભવની પરિપક્વતા, વસંતનાં મનહર, વિવિધ સુગંધી પુષ્પોની મહેક મહેક અને સાથે કળાની દૃષ્ટિથી પરિપક્વ મિષ્ટફળ તરીકે શૃંગારનો તન્મનાટ, અસહ્ય વિયોગ ને ઘેરા શોકમાં પરિણમતાં, કરુણ રસની અવધિનો સમર્થ નાટ્યકાર જે રીતે સાક્ષાત્કાર કરાવી શકે છે તે રીત અને એ સાક્ષાત્કારને રહસ્યમૂલક ભાષ્યથી રસમય બનાવતી આ રીત–ઉભય ધન્યતાને પાત્ર બને છે.

જેમ રાધાજી માટે મનહર પંક્તિઓ સંગીતમાં ઊતરી છે :

"રાધા રસરૂપરંજના, માનવકુળની અમર ઝંખના!"

–તેમ આ શેક્સ્પિયરની જુલિયેટ પણ—તેમાં કેસેરા બ્લૂમ જેવી વીસમી સદીની અભૂતપૂર્વ નટી આ પાઠ કરે છે ત્યારે તો સવિશેષ—માનવકુળની યુગયુગની અમર ઝંખનાનું પ્રતીક બની જાય છે! પ્રશ્ન એ છે કે આ રસરૂપ મૂળનો આત્મા શ્રી બાલચન્દ્ર પરીખ કેટલો ઝીલી શક્યા છે? પણ સત્ય હકીકત તો આપણે જાણીએ છીએ જ કે જે મૂળ રસપ્રવાહમાં ડૂબી શકે છે તેને માટે ગમે તેવાં સુંદર ભાષાન્તરો કે રૂપાન્તરો બહુ આકર્ષક નીવડતાં નથી. શિષ્ટ ગ્રંથો મૂળમાં વાંચી ઊંડા ઊતરી શકે છે તે અમુક પ્રકારની ધન્યતા અનુભવી શકે છે; પરંતુ બદલાતા યુગમાં, અંગ્રેજીનું જ્ઞાન ઘટતું જાય છે ત્યારે, તે ભાષાના શિષ્ટ ગ્રંથો

માટે જો આવી ઊંચી કક્ષાના સત્વગ્રાહી અનુવાદો, સુંદર, મૂળનો રસાસ્વાદ કરાવતા વિવેચન સાથે સાથે ગુજરાતીમાં ઉતારવામાં આવે તો આપણાં ભાષાસાહિત્યની સારી સેવા થઈ ગણાશે.

ભયસ્થાન એક તરફનું ઊભું થાય છે: અનુવાદ ને વિવેચનનું પ્રમાણ કેવું રહેવું જોઈએ? અનુવાદનો પ્રવાહ વારે વારે થંભી જાય તો મહાપ્રસંગોની રસક્ષતિ ના થાય? એક પદ્ધતિ Variorum Editionની છે: ઉપર મૂળપ્રવાહ ને નીચે વિવિધ સમર્થ વિવેચકોનું શબ્દો, પંક્તિઓ કે પ્રસંગો ઉપરનું ભ.ષ્ય. બીજો માર્ગ પ્રોફેસર બ્રેડ્લિનો છે: રસમીમાંસા કરતા જવી ને છૂટથી મૂળની પંક્તિઓનાં અવતરણો ઉપકારક લાગે તે સેવાં. શ્રી બાલચન્દ્ર "રોમિયો-જુલિયેટ"ના ગુજરાતી અનુવાદો જે થયા છે તેમાં નવલી ભાત જ પાડે છે: નાટકનો સહુથી મહત્વનો ભાગ લઈ-પહેલાં પૂર્વભૂમિકા બાંધી, શેક્સ્પિયરના પુનસ્થાન યુગનું દર્શન કરાવી, મહાકવિનાં નાટકો પર સુંદર પ્રકાશ તુલનાત્મક ને રસિક દૃષ્ટિથી પાડી, પ્રસ્તુત નાટકનું કથાનક ને આ કલાકૃતિની ખૂબીઓ ને ખામીઓ દેખાડે છે ને પછી પૂર્વાપર સંબંધ બાંધી, વિવેચન સ.થે મૂળ કૃતિ કવિ ન્હાનાલાલની શૈલી-જે શ્રી બાલચન્દ્રને કવિવરના પરિશીલનથી સાધ્ય ઠીકઠીક થઈ છે-માં ઉતારે છે. હવે મુશ્કેલી સુજ્ઞ વાચકને એ લાગે છે કે મૂળનો પ્રવાહ અટકી પડતાં કંઈક રસક્ષતિ કોઈ વાર થાય છે ને વિવેચનમાં પ્રમાણશુદ્ધિ કોઈ કોઈ વાર જળવાતી નથી; એટલે બહુ જ સુંદર અમુક રસિક મીમાંસા બનતી હોવા છતાં વિશ્વકવિના અભ્યાસીને આ રીતથી કંઈક ઓછું પણ આવી જાય છે! જો રસમીમાંસા આખી કરવામાં આવે તો મૂળનો રંગ વિશેષ જામી શકે તેવું કેટલાકને લાગશે.

કાર્લાઈલ તો કહે છે: "For me the texts and not the Commentaries" (મૂળ ગ્રંથો જ વાંચો, વિવેચનો શા માટે?) પણ તે વાત તો લોકોત્તર પુરુષો માટે છે. અને બીજી ભાષાઓના મહાગ્રંથો માટે શું? ભાષ્યો, વિવેચનો, ટીકાઓ, ને મીમાંસાઓ તો મૂળ જવાહરનું સાચું ઝવેર.ત સ્પષ્ટ કરી, માનવમાનસને પુલકિત કરવા આવશ્યક છે.

આજે તો નિરીક્ષકો ને નિષ્ણાતોનો એવો અભિપ્રાય છે કે સ્નાતકો ને અનુસ્નાતકો પણ લગભગ ૩૦-૪૦ ટકા જેટલા મૂળ ગ્રંથો-યુનિવર્સિટી પરીક્ષાઓ માટે પણ-વાંચવાની તસ્દી જ લેતા નથી. તેઓ નોંધપોથીઓ કે 'સોમિયા'ની સહાયથી ભૂલા પડ્યા વિના પોતાના પદવીસ્થાને 'યેન કેન પ્રકારેણ' પહોંચી જાય છે. આવા યુગમાં પરીક્ષાની - કોઈ પંચાતનો વિચાર કર્યો સિવાય, શ્રી બાલચન્દ્ર પરીખે ઉચ્ચ કોટિની આ ઐતિહાસિક અને સાહિત્યલક્ષી મીમાંસા સહિત શેક્સ્પિયરને પોતાની કાવ્યમય શૈલીમાં ઠીક ઠીક સફળતાપૂર્વક ઉતાર્યો છે. તેમણે અસાધારણ પરિશ્રમ લીધો છે ને ગ્રંથોનાં જાતનું પાન ને સાથે અવગાહન પણ કર્યું છે; અને એક તદ્દન નવી—વ્યાપારી દૃષ્ટિએ પૂરા સાહસ જેવી-પદ્ધતિથી અનુવાદ ને ભાષ્ય રચ્યાં છે. ગુરુદેવ ટાગોર, કવિસમ્રાટ ન્હાનાલાલ અને વિશ્વવિખ્યાત શેક્સ્પિયર-તે ત્રણે તરફ અનન્ય ભક્તિ-પ્રેમથી જે સાહિત્યઅંજલિઓ તેઓ આપે છે તે માટે ગુજરાત તેમનું ઋણી રહેશે.

આજે ગુજરાતીના અધ્યાપકો વધતા જાય છે, પણ વિદ્વત્તા ઘટતી જાય છે. ગુજરાતીના, સાંગોપાંગ અભ્યાસ માટે ને ઉડ્ડયન માટે બે પાંખ જેવી-સંસ્કૃત તથા અંગ્રેજીનો

[અનુસંધાન પૃ. ૫૨

મજબૂરી

મૂળ લેખક : શચીન્દ્ર ઉપાધ્યાય

અનુવાદક : શંકર ભટ્ટ

સાંજના પડછાયા લાંબા ને લાંબા થતા જતા હતા. ભારે કોલાહલ વચ્ચે થઈને એ પુરાણી સડક ઉપર આવી પહોંચ્યો. એણે એના બેટાને ખભા ઉપર બેસાડ્યો હતો. એક ફર્લોંગની સડક પુરાણી હતી એટલું જ નહિ, સૂમસામ પણ હતી. એના બન્ને છેડા સુધી વળો તો એકાદ મનુષ્ય ભેટી જાય તો તમારું નસીબ! લીંબડાનાં ચારેક ઝાડ, પાનખરને કારણે ખરેલાં સૂકાં પાંદડાં અને ઉકરડા ઉપર બેઠેલાં એક બે કૂતરાં ......

સડકની આસપાસ બે વર્તુલાકાર સડકો આવી હતી : એક આવવાની, એક જવાની! બન્ને સડકો ભીડ ભરપૂર હતી! એની બંને બાજુએ દુકાનોની હાર લાગી હતી. એની ઝગમગતી લાઇટોના પ્રકાશથી સડકો પ્રકાશિત બની ગઈ હતી, પણ પુરાણી સડક તો સૂમસામ હતી. અંધારું જાણે આસપાસથી આવી અહીં નિરાંતનો શ્વાસ લઈ રહ્યું હતું. ઝગમગ થતી સડકો પર થઈને પસાર થતી મોટરની લાઇટનાં અજવાળાં પથરાતાં અને ખભા ઉપર બેઠેલો એનો દીકરો ખીલખીલાટ હસી ઊઠતો—એ તો જાણે ઘોડેસ્વારી કરી રહ્યો હોય એમ આનંદ માણતો હતો!

પણ અંધારામાં એને એના દીકરાના આનંદનો ખ્યાલ આવ્યો નહિ. બચ્ચાંની આંખમાંની ચમકને એ પારખી શક્યો નહિ. બાળક એની તોતડી વાણીમાં અને નાનકડા હાથપગ અફાળીને પોતાના દિલની ખુશીને વ્યક્ત કરી રહ્યો હતો. એવું લાગતું હતું કે જતી આવતી મોટરને બાળક પોતાના નાનકડા હાથો વડે દષ્ટિમર્યાદા બહાર જતી રોકવા પ્રયત્ન કરતો હતો, એને પકડવા ચાહતો હતો.

પણ બેટાની આ હલચલ પ્રત્યે બાપનું ધ્યાન જ ક્યાં હતું? એની નજર સામેનો અંધાર ઘેરો ને ઘેરો થતો જતો હતો. સામેની દિવાલ ઉપર ચમકતા ડૉક્ટરના બાલામૃતના અક્ષરો અદૃશ્ય થઈ જતા હતા. અને પછી એની દૃષ્ટિ સમક્ષ એક અંધારી ઉભરાતી ગલી સાકાર બનતી હતી. અને પછી એ ગંદકીથી ભરપૂર ગલીને પેલે છેડે આવેલ એક કોટડી!

અને બેજવાબદારી સાંજની શીતળતાએ એને અચાનક ડંખ માર્યો કે પછી એકાએક એને ઠંડીના ચમકારાનું ભાન આવ્યું. ઠંડી એના રોમેરોમને સ્પર્શી ગઈ. એને ખ્યાલ પણ ન રહ્યો કે એનો બાળક એના ખભા ઉપર બેઠો હતો, બેઠો બેઠો કિલકિલાટ કરી રહ્યો હતો; નીચે ઊતરવા નાચી રહ્યો હતો, અને એના નાનકડા હાથો વડે સડક ઉપર થઈને દોડતી મોટરકારોને પકડવા મથતો હતો!

પણ બાળકની હસ્તિને જ તે ભૂલી ગયો.

અને એની દૃષ્ટિ સમક્ષ હજી હમણાં જ વીતેલી સાંજ ફરીથી ઊતરી આવી—.

થાક્યો પાક્યો એ નોકરી પરથી આવી એક કપ ચાની આશામાં વારંવાર એ ઓરડીના બારણાં બહાર જોતો બેઠો હતો. એની પત્ની ચાલીના નળ ઉપર પાણી લેવા ગઈ હતી.

એને તો ધ્યાન પણ નહોતું રહ્યું કે ચાનું પડીકું સવારમાં ખલાસ થઈ ગયું હતું. અને એ નોકરીએ જવા નીકળ્યો ત્યારે એની પત્નીએ ચા લેતા આવવાનું કહ્યું પણ હતું. પત્ની પાણી લઈને આવે ત્યાં સુધીમાં એ પાણી ગરમ કરી નાખવા માગતો હતો. અને એણે સગડી ઉપર તપેલી ચડાવી. પાણી ભરી બાલ્દી લઈ ડોલતી ડોલતી એની પત્ની આવી. બાલ્દીનું કે એની પત્નીનું એ બેમાંથી કોનું વજન વધારે હતું એનો એને ખ્યાલ આવતો નહોતો. ઠાલડીમાં પગ મૂકતાં મૂકતાં તો પત્નીને હાંફ આવી ગઈ. અને એ હાંફની તો એને ચિંતા હતી. પણ ભીંજેલી સાડી જોઈને એ ચિંતા તિરોહિત બની ગઈ! પત્ની પ્રતિ જાગેલી ચિંતા સુકાઈ ગઈ અને એ પોતાના ક્રોધને દબાવતાં દબાવતાં બોલી ઊઠયો, "ઠંડીમાં આ શું કરી રહી છે? ભીની સાડીથી જો માંદી પડી તો આપદાના ભારા!"

પત્નીને આ રુચ્યું નહિ. વારંવાર આમ ધુત્કારી કાઢે એ એનાથી હવે સહન થતું નહોતું. મનમાં એ એટલી જલી ઊઠી કે એની વાણીમાં દુનિયાની બધી કડવાશ ઊતરી પડી. પતિને ક્રોધ આવ્યો. અને ગુસ્સામાં ને ગુસ્સામાં એ તેને મારી બેઠો! અને પછી મારથી સીસકારા લેતી પત્નીને છોડી એની પાસે પડયા રહેલા બાળકને તેડી ખભે બેસાડી બહાર નીકળી ગયો.

એને ખ્યાલ ન રહ્યો કે ઋતુ અત્યંત ઠંડી હતી. બહાર શીતળ વાયરા વાતા હતા. અને બાળકના શરીર ઉપર એક પાતળા ઝભલા સિવાય કશું નહોતું.

ખભા ઉપર નાચકૂદ કરતો બાળક નીચે ઊતરી પડયો. પાસેના એક લીમડા પાસે એક મોટર ઊભી રહી. અંદરથી એક નારી ઊતરી અને સામેની દુકાનમાં ગઈ. એની પાછળ પાછળ એની દૃષ્ટિ પણ દુકાનના કાઉન્ટર ઉપર ગઈ. કાઉન્ટર ઉપર ઢગલાબંધી ગુચ્છા અને શૃંગારનાં પ્રસાધનો પડેલાં હતાં. એક સેલ્સગર્લ એ બધાં શૃંગારનાં પ્રસાધનો પેલી મહિલાને બતાવતી હતી. જાતજાતનાં પ્રસાધનોના પ્રદર્શનથી તેને થયું જાણે તે નિષ્પ્રાણ ને નિશ્ચેતન બની ગયો. દુકાન તરફ ધસડતા બાળકના હાથને એણે એક હળવા ઝટકાથી છોડાવી દીધો. બાળક મોટર તરફ દોડવા લાગ્યો. એ જોતો રહ્યો. એની આંખો બાળકની એકેએક હીલચાલને નીરખતી હતી.

પોતાના નાનકડા હાથો વડે બાળક મોટર ઉપર હાથ ફેરવતો હતો અને પછી ખીલખીલાટ કીકિયારી કરતો હતો. પણ બેટાના આ ખીલખીલાટ તો એને જાણે કોઈ ગાઢ અંધારમાં ધકેલતો હતો. બાળકનો વારંવારનો મોટરનો સ્પર્શ એના દિલમાં જાણે ઘા કરતો હતો. એ બેઠો હતો ત્યાંથી મોટર ઊભી હતી ત્યાં સુધીની ધરતી ઉપર બાળકનાં પગલાં પડયાં હતાં. એ પ્રત્યેક પગલે એના દિલમાં કોઈક ગૂઢ, ન સમજાય એવી આશા જાગતી હતી, કૉલેજમાં ભણતાં ભણતાં એને જેવી ભાવિની આશા હતી તેવી જ—ન સમજાય એવી જ! ત્યારે જેમ એ સ્વપ્નામાં ડૂબી જતો હતો તેવી જ રીતે એ અત્યારે પણ સપનામાં ડૂબી ગયો.

કૉલેજ છોડયા બાદ એણે કેવા અપૂર્વ વિશ્વાસ સાથે જીવનમાં પગલાં માંડયાં હતાં! પણ કોણ જાણે આજ કેવી હતી કે એ બે ડગ આગળ માંડે ત્યાં તો એને ચાર ડગ પાછળ હટવું પડયું હતું. એ એક ઓફિસનો સાધારણ કલાર્ક હતો અને ફાઈલોના ઢગલામાં ઘુંટાવાને કારણે એનાં સપનાં પીસાઈને ભૂકો બની ગયાં હતાં.

ચોમેર અંધકાર ! એક દશ્ય રચાતું નહિ ત્યાં તો ભૂંસાઈ જતું હતું. પ્રત્યેક દિને મુશ્કેલ બનતી જિંદગી અને એક ભારે નિરાશા......

ક્ષણભર માટે એને એણે પોતાની પત્ની તરફ ચલાવેલો વર્તાવ અત્યંત ક્રૂર લાગ્યો. સાડીની બાબતમાં એની કેટલી-વિવશતા છુપાયેલી હતી એની યાદ આવતાં એ કંપી ઊઠ્યો. ભીની સાડી પહેરવાથી પત્ની માંદી પડે એવું હતું એ સાચું અને ત્યારે દવાના પૈસા પણ નહોતા એય એટલું જ સાચું; પણ પત્ની પાસે બીજી સાડી જ ક્યાં હતી ? કેટલીય વાર એણે બીજી સાડી લાવવા કહ્યું હતું !

બાળક એની પાસે પાછો આવી ગયો. દુકાનમાંની રંગબેરંગી લાઇટ એને માટે ભારે આકર્ષક નીવડી.

પેલી બાઈએ ઢગલાબંધી ખરીદી કરી મોટરમાં સામાન મુકાવ્યો. પેલી સેલ્સગર્લ એની ખુશામદ કરતી હતી અને એક પછી એક પેકેટ સંભાળથી મોટરમાં મૂકતી હતી.

અચાનક એને યાદ આવ્યું કે બાળક માટે એક સ્વેટર ખરીદવાનું એ કેટલાય સમયથી વિચારતો હતો. એક ને એક ઝભલું પહેરવાને કારણે એનો બેટો કદ્રૂપ જણાતો હતો. અને તેથી વિશેષ તો આ કાળજું કોરી નાખે એવી ઠંડી હવા એના શરીરને શોષતી હતી. "પણ ?" એક-આ એક જ પ્રશ્ન એની આંખ સમક્ષ આવી ખડો થઇ ગયો. પગારનો અર્ધો ભાગ એ ગામ ન મોકલી આપે તો કોણ જાણે કેટલાય જીવને અન્ન અને દાંતનું વેર થાય એવું હતું. ગામની યાદ આવતાં એને થયું કે હું પડી જવાનો ! અને ખરેખર એને ચક્કર પણ આવી ગયાં. જેમતેમ કરી ઘડીક પછી એ સ્વસ્થ થયો, ત્યારે એને ખ્યાલ આવ્યો કે મોટર ચાલી ગઇ હતી અને એનો બેટો એના પગે વળગી રોતો હતો. કેટલા વખતથી તે આમ રડતો હશે એનો ખ્યાલ કરતાં એને કંપારી આવી ગઈ...

એક ધેરો નિસાસો મૂકી એણે બાળકને ગોદમાં લઈ લીધો. સડક પાર કરવા પહેલાં એ એક કોર પરની બત્તી નીચે ઊભો રહ્યો. ચારે બાજુ કોલાહલ થતો હતો. ધુમાધુમ થતી હતી અને ચિંતા અને વ્યથાથી ભરપૂર ચહેરા નજરે ચડતા હતા. ક્ષણભર માટે એને થયું કે એ એકલો જ હતો, બિલકુલ એકલો અને નિઃસહાય; અને એના ખભા ઉપર બેઠેલો બાળક અનાયાસ ખોળ ઉપર આવી બેઠો હતો. બાળકનાં માબાપ આ કોલાહલમાં ક્યાંક અટવાઇ પડ્યાં હતાં અને રોતાં રોતાં બાળકની આંખો પણ થાકી ગઈ હતી !

એણે બાળકને જોરથી છાતી સરસો ચાંપ્યો. બાળકનો ઠંડો દેહ એના શરીરને કંપાવી ગયો. એ ઝડપથી પોતાની ઓરડી તરફ ચાલવા લાગ્યો, ન જાણે ત્યારે એના મનમાં શા વિચારો આવતા હશે, ન જાણે એ શેની ચિંતામાં ડૂબ્યો હશે !

પ્રગતિનો આનંદ

'મળેલું'

તમે જ્યારે કોઈક વસ્તુ માટે પ્રયત્ન કરવા લાગો છો ત્યારે એનો બદલો તમને તરત જ મળી આવે એમ તમને થતું હોય છે. હમેશાં તમે ભારે ઉતાવળમાં હો છો, તમારે એ બધું અને તેટલું જલદી જલદી પૂરું કરી નાખવાનું હોય છે.

આનું કારણ એ હોય છે કે તમારા પ્રયત્નના મૂળમાં, પ્રગતિ કરવાની ક્રિયામાં જે એક આનંદ રહેલો હોય છે તે આનંદ હોતો નથી. આ આનંદ જો તમારામાં હશે તો પછી તમે તમારી સમક્ષ જે કાંઈ ધ્યેય રાખ્યું હશે, દા. ત. તમારે પૃથ્વી ઉપર અતિમાનસ જીવનની સ્થાપના કરવી છે, તો એ ધ્યેય સિદ્ધ થઈ ગયા પછી પણ તમને એવો વિચાર આવશે કે, 'કાળની શાશ્વતીમાં આ તો માત્ર એક અવસ્થા છે. આના પછી વળી કોઈ બીજી વસ્તુ આવશે, એ પછી વળી કોઈ ત્રીજી આવશે, અને તે પછી વળી બીજી, વળી ત્રીજી–આમ હમેશાં, આગળ ને આગળ, અનિશ્ચિત કાળ લગી બધું ચાલ્યા જ કરવાનું છે.' અને એ વસ્તુ તમને આનંદથી સભર ભરી દે છે.

આથી ઊલટું, તમને જો એવો વિચાર આવે કે, 'ચાલો હવે કામ થઈ ગયું, આપણે જે જોઈતું હતું તે હવે સિદ્ધ થઈ ગયું છે; આવો હવે તો નિરાંતે બેસીશું અને જે આપણે કર્યું છે તેનો આનંદ માણતા રહીશું'–આહ ! આ તે કેટલી બધી નીરસ સ્થિતિ છે ! તમને આવો વિચાર આવે કે તરત જ તમે બુઢ્ઢા બની જાઓ છો, તમારો વિકાસ અટકી જાય છે.

શાશ્વત યૌવન એટલે કે, આપણે એમ કહી શકીએ, સતત વૃદ્ધિ પામતા રહેવું. અનંત અનંત પ્રગતિ કરતા જ રહેવું. આપણી શક્તિઓમાં વૃદ્ધિ થતી રહે. આપણા કર્મના ક્ષેત્રમાં વૃદ્ધિ થતી રહે, ચેતનાનું પ્રમાણ વધતું રહે, વિગતે વિગતમાં સિદ્ધિ થતી રહે.

માનવનું જીવન ક્રમે ક્રમે એક પછી એક અવસ્થાઓમાં પહોંચતું પહોંચતું આગળ વધે છે. તમે જેમ જેમ આગળ વધતા જાઓ છો તેમ તેમ અમુક વસ્તુઓ એક રૂપમાં જૂની થઈ જાય છે અને તે નવું રૂપ ધારણ કરે છે.

હવે તમે ચડતા ચડતા જ્યારે સીડીની ટોચે પહોંચી જાઓ છો, ત્યારે કુદરતી રીતે જ ત્યાંથી પછી નીચે ઊતરી આવો છો. પણ આ તો એક ઘણી ક્રમનસીબ કહેવાય તેવી સ્થિતિ છે. જીવનમાં આ પ્રમાણે બનવું ન જોઈએ. આ તો એક ખરાબ ટેવ છે. દાખલા તરીકે, તમે જ્યારે જ્યારે વૃદ્ધિ પામતા અટકી જાઓ ત્યારે પછી, જે શક્તિ તમારા શરીરને વૃદ્ધિ આપી રહી હતી તેને તમે એક બીજી શક્તિ રૂપે બદલી નાખી શકો છો. અને એ નવી શક્તિ તમારા શરીરને હવે સંપૂર્ણ કરી આપી શકશે, તમારા શરીરને તે વધુ ને વધુ બળવાન બનાવી શકશે, વધુ ને વધુ સુદૃઢ બનાવી શકશે, એ તમારા શરીરને એવું આરોગ્ય આપશે કે તેનામાં હવે વધુ ને વધુ સામનો કરવાની શક્તિ આવશે. તમે હવે શારીરિક તાલીમ લેશો તો તે તમારા શરીરને શારીરિક સૌન્દર્યનું એક ઉત્તમ દૃષ્ટાંત બનાવવાને માટે હશે. વળી સાથે સાથે તમે ચારિત્ર્યની, ચેતનાની, જ્ઞાનની, શક્તિઓની પૂર્ણતા સાધવાનો પણ પ્રયત્ન કરતા રહેશો. અને આખરે તમને પદાર્થમાત્રમાં પ્રભુનો દિવ્ય


સાક્ષાત્કાર પણ મળી આવશે અને એ સાક્ષાત્કારમાં તમને જગતનું જે જે અદ્‌ભુત, શુભ અને સત્ય તત્ત્વ છે તે પ્રાપ્ત થશે તેમ જ એ સાક્ષાત્કારનું પૂર્ણ પ્રેમમય સ્વરૂપ પણ તમને પ્રત્યક્ષ થશે.

અને તમે જ્યારે જગતની વર્તમાન સ્થિતિમાં જે જે કાંઈ સિદ્ધ થઈ શકે તેમ છે તેની સિદ્ધિના શિખરે પહોંચી જશો ત્યારે પછી તમે વિશ્વની એક વધુ મહાન શક્તિને નીચે લઈ આવશો અને આ જગતને તમે એ નવી શક્તિના સ્વરૂપમાં પલટી દેશો.

પરંતુ આ વસ્તુ આળસુ લોકોને માટે નથી. જેમને પ્રગતિ માટે પ્રેમ છે તેમને માટે આ છે. કેટલાક મારી પાસે આવીને કહે છે, 'અરે, મેં તો જીવનમાં બહુ કામ કરી લીધું છે. મારે હવે આરામ કરવો છે. તો આશ્રમમાં મને રહેવા દેશો?' અને મારો તેમને જવાબ હોય છે, "ના, અહીં નહિ. તમે ખૂબ કામ કર્યું છે એટલે તમારે હવે આરામ કરવાની જગા જોઈએ છે તો એ રીતનું આ સ્થળ નથી. આ તો તમે આ પહેલાં જે કાંઈ કામ કર્યું છે તેથી હવે ઘણું વધારે કામ કરવા માટેની જગા છે."

એટલે પહેલાંના વખતમાં તો હું આવા લોકોને રમણ મહર્ષિનો આશ્રમ બતાવતી હતી અને કહેતી હતી કે, "ત્યાં જાઓ...ત્યાં તમને ધ્યાનમાં બેસવાનું મળશે અને તમે આરામ કરી શકશો." પરંતુ હવે તો એમ હું કહી શકતી નથી એટલે એમને હું હિમાલય બતાવું છું અને કહું છું કે, "જાઓ, હિમાલયમાં જઈને શાશ્વત બરફની સામે બેસી ધ્યાન કરો! એથી તમને લાભ થશે."

❋



વર્ષ ૩૮
અંક ૯

સં. ૨૦૧૯
અષાડ

આરોગ્ય અંક—૧૧

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૬ અષાઢ : ૨૦૧૯ અંક ૩

આરોગ્ય અંક

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧ જૂથબંધીનો વિલાપ

૨ રાષ્ટ્રીય કટોકટી અંગે વિષાદ

પ્રશ્ન : ગુજરાત કૉંગ્રેસમાં જૂથબંધી વિશે હમણાં જે ઊહાપોહ થયો તે બધું જાણ્યું?

ઉત્તર : ના, જાણ્યું નથી પણ વાંચ્યું ખરું ! અર્થાત્ કે છાપાંમાં આવે તે વાંચ્યું. શ્રીમાન મોરારજીભાઈના ભાષણનો જે હેવાલ 'ગુજરાત સમાચાર'માં આવેલો તે વાંચ્યો. 'સંદેશ'માં શ્રી ઈશ્વર પેટલીકરનો ઊહાપોહ પણ વાંચ્યો. પણ હકીકત શી છે? છાપાંમાં ન આવતી એવી?—એ તો આપણે જાણી શકીએ નહી. ગુજરાત પ્રાંતિક સમિતિના સીધા સંપર્કમાં આપણે નથી, સીધા સંપર્કમાં હોય અને ભીતરનું બધું જાણતા હોય એવા માણસો તરફથી પણ કાંઈ જાણવા મળ્યું નથી ! અલબત્ત, લોકવાયકા તો ઘણી સાંભળવા મળે છે, પણ તેમાં તથ્ય કેટલું એનો નિર્ણય, હકીકતના જ્ઞાનના અભાવે, આપણે શી રીતે કરી શકીએ?

હા, પણ કેટલાક સામાન્ય પ્રશ્નો ઉપર તો આપણે વિચાર કરી શકીએ.

સૌ પ્રથમ તો એ છે કે કૉંગ્રેસ જ્યારે પરદેશી અમલની સામે લડનારી સંસ્થા હતી ત્યારે જે તેનું લશ્કરી સ્વરૂપ હતું તે તો અત્યારે ન જ હોય એમાં કાંઈ નવાઈ નથી.

પ્રશ્ન : 'લશ્કરી સ્વરૂપ' એટલે?

ઉત્તર : લશ્કરી સ્વરૂપ એટલે કે એક સેનાનીનો આદેશ માનવો અને તેની સૂચનાઓનો કડક રીતે અમલ કરવો—એ જાતનું શિસ્ત પાળવું તે ! પણ કૉંગ્રેસ જ્યારથી રાજકારણી સત્તા મેળવનાર એક પક્ષ તરીકે કામ કરતી થઈ ત્યારથી તો આવી શિસ્તની અપેક્ષા રાખી શકાય જ નહી. સિવાય કે તેના બધા સભ્યો મુડદા જેવા હોય ! એટલે કે પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરનાર જડસુઓ હોય ! સ્વરાજ્ય મળ્યા પછી ભારતના બીજા પ્રાંતોમાં કૉંગ્રેસ સંસ્થાઓમાં ચર્ચા, ઊહાપોહ, વિવાદ, મતભેદ, તેમાં તીવ્રતા, વળી ક્લેશ, ઉપરાંત

એ કારણે પેટાપક્ષો વગેરે વહેલાં થયાં. એ મારે મન તો તે તે પ્રાંતોની ગુજરાત કરતાં વધારે જાગૃતિની સૂચક બીના ગણાય. ગુજરાતની કોંગ્રેસની સંસ્થાઓમાં એવા ભેદો વહેલા પડયા નહિ તેનું કારણ તો આપણે અનેક વખત ચર્ચી ગયા છીએ અને તે એ કે સ્વાર્થ-કામો વિચાર કરવાનું જોખમ ન ખેડવાનો આદર્શ—વગેરે, વગેરે. અને જે લોકો કાંઈક સ્વતંત્ર વિચાર કરે તેમને સંસ્થામાંથી હડસેલી મૂકવાની તરકીબ! '૪૭ થી '૫૬ સુધી તો આ બધું ચાબડથીબડ ચાલ્યું; પણ '૫૬ની હત્યાઓ પછી કોંગ્રેસમાં પણ જેઓનાં હૃદય નિર્ઘૃણ થઈ ગયાં ન હતાં અને જેમની બુદ્ધિ એ અપમાનો સહન કરવા તૈયાર ન હતી તેવા ઘણા કોંગ્રેસીઓનાં મન ખાટાં થઈ ગયાં હતાં. તેમાંના કેટલાક નીકળી ગયા, કેટલાકને કાઢી મૂકવામાં આવ્યા, કેટલાક ઉદાસીન થઇ ગયા, કેટલાક ચૂંમાઈને બેસી રહ્યા. પરિણામે, જે તાતી તલવારો હતી તેમનું જોર વધ્યું. એ જોરનું સામું પરિણામ એ આવ્યું કે જે લોકો વફાદાર અનુયાયીઓ હતા, જેમને એમની સેવા, બુદ્ધિ તથા ચારિત્રને લઈને પોતાની અંગત પ્રતિષ્ઠા હતી એવા અનેક લોકોને આ તાતી તલવારો, પેલા 'પંચતંત્ર'ના વાનરની તલવારના ઘાની જેમ, વસમી લાગતી હતી અને મનમાં એક જાતની નારાજી અને ક્લેશ પણ તેઓ અનુભવતા હતા. છતાં પક્ષમાં તેમનું ઊંચું સ્થાન, તેમની સત્તા વગેરે સાચવવા અને શિસ્ત સાચવવા તેઓ તેમને સહી લેતા. પણ કોંગ્રેસને મત આપતી આવતી એવી પ્રજાને તો કંઇ આ કડવાબોલા, તુમાખી, બુદ્ધિમાં સાવ સાધારણ, નેતૃપદે અમુક મોટા નેતાઓની સિફારસથી ચડી બેઠેલા, એવાઓની કાંઈ પરવા ન હતી! ગુજરાતની પ્રજાએ તો ગઈ મોટી ચૂંટણી વખતે જાણે કે એવાઓને વીણી વીણીને ફેંકી દીધા! અલબત્ત, એમાં એકાદ સારો માણસ પણ ફેંકાઈ જાય. અને છતાં પ્રજાએ બહુમતી તો કોંગ્રેસને આપી. દશ વર્ષનો નિયમ પણ, જેમ પાછળથી સાબિત થયું તેમ, કોઈ પ્રામાણિક દૃષ્ટિથી કરવામાં આવ્યો ન હતો, પણ ગુજરાતના જુદા જુદા પ્રાંતોમાં, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં, જે પોતાની સેવાને કારણે લબ્ધપ્રતિષ્ઠ થયા હતા તેમને કાઢવાને માટે જ થયો હતો! અને એ જ ક્લેશમાંથી આ જે 'જૂથબંધી' કહેવાય છે તે ઉત્પન્ન થઈ હશે એમ મને તો લાગે છે!...

પ્રશ્ન : પણ આ સ્થિતિ ઊભી થવાને માટે જવાબદાર કોણ?

ઉત્તર : તાત્કાલિક જવાબદાર તો દશ વર્ષના નિયમનો બેહદો અમલ કરવાનો આગ્રહ. પણ હકીકતમાં તો '૫૬ પછી જે તાતી તલવારો પ્રાંતિક સમિતિમાં તેમજ કોંગ્રેસી પક્ષતંત્ર દ્વારા તે તે મહત્ત્વના અધિકારો ઉપર ચડી બેઠેલા જુદા જુદા પેટનાયકો! પણ તે બીચારાઓનો પણ મૂળ દોષ તો નહીં! મૂળ દોષ તો એમને આ બધાં સ્થાનોએ મૂકનાર, પોતાનું જ ધાર્યું કરવું, પોતે માન્યું તે જ સાચું, બીજા બધા બુદ્ધિ વગરના, લુચ્ચા, બદમાશો—આવા ઘમંડમાં રહેનાર મુખ્ય નાયકોને માથે જ આ બધાંની મૂળ જવાબદારી અને મુખ્ય જવાબદારી મૂકવી જોઈએ. અર્થાત્ મને તો જૂથબંધી માટે રડનારા જ જૂથબંધી માટે જવાબદાર લાગે છે!!

હવે પોતાને નાપસંદ પરિણામ આવે ત્યારે એ બધા શું કરે? ગાંધીજીના ઊંડીના-પાછીના શબ્દો લઇને, પોતાની ઊર્ધ્વતા સિદ્ધ કરવા પ્રયત્નો કરે. પણ તેથી જ હવે કોઈ

સાથે આંસુ પાડવા જેમ એમ નથી! મુખ્ય નાયકોએ જ સમજી લેવું જોઈએ કે જે મહત્તા ગાંધીજીના આદેશ પળાવી શકે કે જે સરદાર વલ્લભભાઈનું વહાપણ સ્વીકારાઈ શકે, અને જે જવાહરલાલજીની મહાનુભાવતા હજી પણ પ્રજા પાસે પળાવી શકે છે, એવી શિસ્ત પળાવનારી, એવો એકહથ્થુ કારભાર ચલાવવાની અપેક્ષા રાખવી એ જ હવે અસ્થાને છે, અને મુદત બહારની છે! ઉપરાંત, ડેમોક્રસીનું વાતાવરણ સાચવવું હોય તો એવી અપેક્ષા અત્યંત અનિષ્ટ છે.

અત્યારે ઇંગ્લાંડમાં-બ્રિટનમાં કોન્ઝરવેટિવ પક્ષ પોતે મેકમિલનની જે ખબર લે છે તેમાં જ બ્રિટનની ડેમોક્રસીનું સાચું ખમીર દેખાય છે. અને વિરોધપક્ષ, કોન્ઝરવેટિવ પક્ષ અને સરકારની જે રેવડી દાણાદાણ કરે છે તેમાં જ ડેમોક્રસીને માટે આવશ્યક એવા વિરોધ પક્ષનું લક્ષણ છે.

કોન્ઝરવેટિવ પક્ષમાં મેકમિલનની જે સ્થિતિ પક્ષ પોતે જ કરે છે તેમાં શું શિસ્તનો અભાવ સમજાય છે? મેકમિલન કહે એમ આખો કોન્ઝરવેટિવ પક્ષ ન કરે એટલે એમાં જૂથબંધી થઈ ગઈ? એ માટે શું મેકમિલને વિલાપ કરવો?

આ બધું શું? મને તો લાગે છે કે જવાહરલાલ કે એવા બીજા બેત્રણ ઉચ્ચ પ્રતિભાવાળા જૂના દેશનેતાઓને '૨૦–૨૧માં પ્રકટ થયેલાઓને— બાદ કરીએ તો બાકીના કોંગ્રેસનેતાઓમાં સમજણ જ ઓછી લાગે છે! અને બીજું એ દેખાય છે કે જેમ સમજણ ઓછી તેમ સત્તાઓ પકડી રાખવાનો આગ્રહ-ખેંચતાણ વધારે!

પ્રારંભમાં કહ્યું તેમ, હકીકતો શી છે તેની તો આપણને જાણ નથી; પણ અમુક ચાલ્યા આવતા માણસો ન ચૂંટાય, એમને સ્થાને બીજા આવે, અને 'હું કહું એમ કરો' એવું બીજા નાયકો અને કાર્યકર સેવકો ન કરે તો એમાં શોક કરવા જેવું શું છે?

આ બધાંમાં સત્તાની લોલુપતાની ખેંચતાણ વિશે તો આપણે શું કહીએ? સત્તાનું દોરડું પક્ષની બધી જ વ્યક્તિઓ ખેંચતી હોય, જેના હાથમાં હતું તે, જેના હાથમાંથી ગયું તે, જેના હાથમાં છે તે, અને જેને હાથમાં લેવું છે તે,—એ બધાએ લાગ આવ્યે પોતા તરફ દોરડું ખેંચે તો એમાં કોઈનો યે દોષ શી રીતે કઢાય?

ખરી વાત તો એ લાગે છે કે ગુજરાતના જાહેરજીવનને કોંગ્રેસના કહેવાતા મોવડી, ઉપમોવડી, ઉપઉપમોવડી વગેરેએ જ ખેદાનમેદાન કરી નાખ્યું છે! તેમની મોટામાં મોટી સેવા અત્યારે તો એ ગણાય કે તે પોતે થોડો વખત તટસ્થ થઇ જાય. તો કદાચ એમનામાં જે સાચા ગુણવાન હશે તે પાછા સહજ રીતે પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી લેશે. આથી વધારે તો, આપણા જેવા સાધારણ માણસો બીજો શો વિચાર રાખી શકે?

* * *

પ્રશ્ન : આજની 'રાષ્ટ્રીય કટોકટી' વિશે શું લાગે છે?

ઉત્તર : સામાન્ય પ્રજામાનસનો પડઘો ઝીલીએ તો એમ લાગે કે જાણે 'રાષ્ટ્રીય કટોકટી' જેવું કાંઈ હતું જ નહિ! અત્યારે તો લોકોની મૂંઝવણ સોના અંગે, બચત યોજના અંગે, કરવેરા અંગે વાતચીતમાં બહાર આવતી દેખાય છે. ચીની આક્રમણ જાણે કે ભૂલાઈ

ગયું છે. જે એકતાનો જુસ્સો ગયા ઑક્ટોબર પછી દેશમાં જીવતોજાગતો થઈ ગયો હતો તે જાણે કે નીસારે પડી ગયો છે! જ્યારે અત્યારે વાસ્તવિક પરિસ્થિતિ આક્રમણ કરતાં પણ વધારે ચિંતાજનક, ઉદ્વેગકારી અને નિરાશ કરી નાખે એવી મને તો લાગે છે. ચીને જે રમત આપણી સામે માંડી છે તેમાં અત્યારે તો તેના દરેક પગલાએ આપણને મહાત કર્યા છે. ભારતનો પ્રદેશ એ પચાવી પડ્યું છે, એમાં એની રક્ષણ યોજના બરાબર ચાલી રહી છે, તિબેટમાં અને બીજી સરહદ ઉપર લશ્કરો ગોઠવાઈ ગયાં છે, એને આક્રમણ કરવું છે કે નહીં એ બાબતમાં આપણને સંશયમાં મૂકી દીધા છે, ભારતની આજુબાજુના દેશોમાં પોતાની લાગવગ વધારી મૂકી છે; નેપાળ, જે ભારતના કબ્જામાં હતું તે હવે ચીનના કબ્જામાં છે; પાકિસ્તાન સાથે બનાવટી સરહદની બનાવટી સંધિ કરી પાકિસ્તાનને ભારત ઉપર ચડવાને તૈયાર કરી દીધું છે!

બીજી બાજુએ ભારતને ચીનની સામે સંરક્ષણ ગોઠવવા મોટી ફોજો તૈયાર કરવાની છે. તેમને માટે શસ્ત્રસરંજામ પેદા કરવાનાં કારખાનાં ઊભાં કરવાનાં છે. ઉપરાંત, ભારત સ્વરક્ષણ બાબતમાં સ્વાવલંબી થાય—જેને માટે હજી ઠીક ઠીક સમય જોઈએ, ત્યાં સુધી પશ્ચિમની મદદ માગવાની રહી; એમાં પણ આપણને અવરોધો થાય છે. કારણ કે અમેરિકા અને બ્રિટન સાથે લશ્કરી કરારથી જોડાયેલા મિત્ર પાકિસ્તાનને નારાજ કરવા અમેરિકા અને બ્રિટન તૈયાર નથી, અને પાકિસ્તાન તો હવે હિંદુસ્તાનને પહેલા નંબરનો શત્રુ ગણે છે અને શોરબકોર કરે છે કે તેના પશ્ચિમના મિત્રોએ ભારતને શસ્ત્રસરંજામની મદદ કરવી ન જ જોઈએ. એ તો બધે એમ જ મનાવવા પ્રચાર કરે છે કે ભારતની આ બધી તૈયારી પાકિસ્તાન સામે જ છે!—ચીન સામે નહીં. એની પોતાની પ્રજાને પાકિસ્તાન એમ મનાવવામાં સફળ થતું જાય છે કે હકીકતમાં ચીને ભારત ઉપર આક્રમણ કર્યું નથી પણ ભારતે ચીન ઉપર કર્યું છે! આમ બધી બાજુએ વિઘ્નો એમનાં દંતશૂળ કાઢી આપણી સામે ઊભાં છે.

તો ત્રીજી બાજુએ ચીનનું આક્રમણ-તત્પર એવું અનાક્રમણ પ્રજાને ભૂલથાપમાં નાખી રહ્યું છે. અને એ જ સમયે પ્રજા નાસીપાસ થાય, નિરાશ થાય એવી આંતરિક આર્થિક નીતિ પ્રવર્તી રહી છે. એમાં વળી, કોંગ્રેસે પેટાચૂંટણી લડવાનો અનુચિત નિર્ણય કર્યો, જેને પરિણામે કટોકટી પૂરતા શાંત થયેલા પક્ષીય મતભેદો ઉગ્ર બને છે. એટલું જ નહીં પણ કોંગ્રેસની અંદર પણ સુષુપ્ત થયેલી જૂથબંધી ફરી માથું ઊંચકવા લાગી છે.

મારે મન તો, હકીકતમાં, ખરેખરી કટોકટી તો અત્યારે જ પ્રવર્તમાન છે. અને જેમને મન દેશની દાઝ પહેલી હોય અને અંગત રાજકીય સત્તા-સ્વાર્થ કે આર્થિક સ્વાર્થ ગૌણ હોય તે બધાઓએ આ કટોકટીને પહોંચી વળવા જવાહરલાલજી જે સૂચનાઓ કરે તે પાળવા અને અમલમાં મૂકવા તત્પર થવું જોઈએ.

તા. ૨૩-૬-૬૩

☆

તંદુરસ્તીનો કીમિયો

મૂળ લેખક : એલેક્સિસ કેરલ
રજૂ કરનાર : સ્વામી આનંદ

[પશ્ચિમી દુનિયામાં પોતાની શોધખોળ તથા સ્વતંત્ર વિચારણાથી મોટી નામના કમાનાર, અને 'Man, the Unknown' નામના પ્રસિદ્ધ ગ્રંથના લેખક, નોબેલ ઈનામ વિજેતા ફ્રેન્ચ દાક્તર-વૈજ્ઞાનિક મરહૂમ એલેક્સિસ કેરલે તંદુરસ્તી સાચવીને નરવી જિંદગી જીવવાની કળા વિશે એક બહુ કીમતી લેખ લખેલો. માણસને ગળાથી માંડીને કમ્મર સુધીના શરીરમાં થનારા રોગો ગંભીર લેખાય છે. એવા રોગો જ મોટે ભાગે માણસની જિંદગીને ટૂંકી કે અસહ્ય અકારી કરી મેલવામાં જવાબદાર નીવડે છે. વળી આવા રોગો સેંકડે નેવું ટકા દાખલાઓમાં માણસ પોતાના ખાનપાન રહેણીકરણીમાં જે રીતે બેકાબૂ રહેતો હોય છે તેને કારણે જ થતા હોય છે એવો સાર્વત્રિક અનુભવ છે. આવા લોકોને સારુ અને સામાન્ય માહિતી તરીકે આવા મહાન દાક્તર-વૈજ્ઞાનિકે લખેલો આ લેખ સૌ કોઈને માટે બહુ ઉપકારી નીવડશે એમ ગણીને તેનો મુક્ત અનુવાદ આ નીચે આપું છું.

—સ્વામી આનંદ]

માણસની જિંદગીમાં સર્વોપરિ મહત્ત્વની ચીજ એના શરીરમનની નરવાઈ છે. પોતાની ભીતર પડેલી શક્તિઓ અને શક્યતાઓને ખીલવીને જીવનના ક્ષેત્રમાં ઉત્તમ પુરુષાર્થ કરવા સારુ માણસને મળેલું એ જ સાધન છે. આથી જ 'પહેલું સુખ તે જાતે નર્યા' વાળી કહેવત થઈ. આવી તંદુરસ્તી જાળવવામાં વૈદ-દાક્તર ભલે મદદરૂપ હોય, પણ પોતાની તંદુરસ્તી જાળવવાનું કામ સૌ પહેલું તો માણસનું પોતાનું જ છે.

માણસને સારુ જીવવું એટલું જ કંઈ બસ નથી. જીવવામાં એને ઉલ્લાસ લાગવો જોઈએ. એવો ઉલ્લાસ ત્યારે જ આવી શકે જ્યારે માણસ નખશિખ ચંગો નરવો તગડો હોય.

આમ છતાં આપણી વચ્ચે સાચી તંદુરસ્તી ભોગવનારા અગર તો સાચી તંદુરસ્તી જાળવવાનો કીમિયો જાણનારા માણસો કેટલા નીકળશે ! આપણે માનીએ છીએ કે રોગ-માંદગીથી બચેલા રહેવું એનુ નામ તંદુરસ્તી. પણ એ વ્યાખ્યા અધૂરી છે. રોગવ્યાધિનો નકરો અભાવ કે ગેરહાજરી તંદુરસ્તી નથી. તંદુરસ્તી નકરી નકારાત્મક ચીજ નથી. એ પ્રત્યક્ષ હસ્તીવાળી ચીજ છે. શરીરમનનું અખંડ જોમ અને થનગનાટ, સ્વાશ્રયની લાગણી, સ્ફૂર્તિ, પ્રેમ, પુરુષાર્થ અને સર્જનના ઉમંગવાળી પૂરબહારવાળી ભરી ભરી જિંદગીની અને હરહમેશ સુખની અનેરી લાગણી અનુભવવી એ સાચી તંદુરસ્તી છે.

સૌથી વધુ તો આપણે એ ભૂલી જઈએ છીએ કે સાચી તંદુરસ્તી મનશરીર બેઉની નરવાઈમાં રહેલી છે. રોગવ્યાધિનો સામનો કરવાની શક્તિમાં, શારીરિક સહનશક્તિમાં અગર તો અંગમહેનત કરવાની શક્તિમાં જ નહિ, પણ નૈતિક બળ અને માનસિક સમતોલન પણ સાચી તંદુરસ્તીનાં તેટલાં જ સાચાં લક્ષણ છે.

પણ આપણે જોઈએ છીએ તેમ નકરી શરીરની નરવાઈ પૂરતા ભાગ્યશાળી પણ બહુ ઓછા લોકો હોય છે. અમેરિકા જેવા ખાધે પીધે સુખી અને સમૃદ્ધ દેશમાં પણ વિશ્વયુદ્ધ કાળના આંકડાએ બતાવી આપ્યું કે યુદ્ધના રંગરૂટોમાંથી માત્ર ૫૩ ટકા જેટલા તંદુરસ્ત હતા, સને ૧૯૩૦માં સાડાચાર કરોડ અમેરિકન બાળકોમાંથી એક કરોડ બાળકો સામાન્ય ધોરણથી નીચે હતાં. ઉપરાંત દાંત, ગળા, કાકડા વગેરે દોષોવાળા જુદાં. ટૂંકમાં, દુનિયાની સુધરેલી કહેવાતી પ્રજાઓમાં પુખ્ત વયની ૫૦ ટકા વસ્તી સંપૂર્ણ રોગમુક્તિના લેવલથી નીચી હાલતની તંદુરસ્તીવાળી છે એમ કહેવામાં વાંધો નથી.

ખરું જોતાં આજના કાળના માનવીને સારુ અગાઉના કાળના માણસો કરતાંયે વધુ નરવાઈ અને તંદુરસ્તી જરૂરી છે કાં કે વસ્તી વધારાને કારણે અગાઉના માણસને કદી વેઠવા ન પડેલા એવા ઘોંઘાટ, ઉશ્કેરાટ, મૂંઝવીને કાયર કાયર કરી મૂકે એવા સામાજિક ગૂંચવાડા, એવાં એવા અસંખ્ય અનિષ્ટો હેઠળ આજના માણસને જીવવું પડે છે. શું ઘરમાં કે શું ધંધા-રોજગારમાં આપણી ચિંતાઓ અને મન-મગજને થકવી મૂકનારી ગૂંચવણોનો સુમાર રહ્યો નથી. મતલબ કે તંદુરસ્તીના પ્રશ્નને દાક્તરીશાસ્ત્ર ગણે છે તેમ આપણે નકરો શારીરિક ગણી કાઢી નથી શકતા. 'માનસિક તેમજ નૈતિક નરવાઈ માનવતાના પૂર્ણ વિકાસ માટે શારીરિક તંદુરસ્તી જેટલી જ જરૂરી છે

માણસનું શરીર એની નૈતિક કે આત્મિક હસ્તીથી જુદું—માત્ર અમુક શારીરિક ઇંદ્રિયો કે અવયવોનું જ બનેલું છે—એ ભૂલભરી માન્યતાને આપણે ઉડાવી જ જોઈએ.

આપણું શરીર મૂળે એક ટચૂકડા બિન્દુ-માંથી બન્યું છે, જે એકમાંથી બે અને બીજામાંથી અનેક થઈને તેમાંથી આખું શરીર બંધાય છે. આમ આખું શરીર જો કે અસંખ્ય બિંદુ પરમાણુઓમાંથી રચાયું છે છતાં મૂળ એકાદી બિંદુ-પરમાણુની એકતા માણસના સાડાત્રણ હાથના શરીર આખામાં જળવાઈ જ રહે છે. ઇંદ્રિયો તેમજ ચેતના કે ભાન શરીરની આખી રચનાજાળમાં અને ઠેરઠેર બેઠેલાં તેનાં થાણાં અથવા કેન્દ્રોમાં સંધિઓ વાટે દોડાદોડ કરતા તેના રસાયણી ખેપિયાઓ મારફત આખા શરીરની રોમેરોમ સુધીને એકતા જાળવે છે.

આ એકતાને કશા અંતરાય વિસંવાદ કે ખટરાગ વગર પૂર્ણપણે જાળવવી એનું જ નામ નરવાઈ કે તંદુરસ્તી. એનો આધાર ઇંદ્રિયો કે અવયવોના જોમ અને એકરાગ ઉપર છે દા. ત. નસો જાડી ખાસડિયા થવા માંડે તેવું જ લોહી ફરતું મંદ પડે અને તંદુરસ્તી જોખમાય. તેજ પ્રમાણે ગુસ્સો, બીક અને ચિંતા પણ આંતરડાં કે કલેજાની તંતુજાળને આંતરી ગભરાવીને માનવીની તંદુરસ્તીને જોખમાવી મૂકે છે.

માનવીની પ્રવૃત્તિઓ, શરીરની તેમજ મનની, એકીસાથે ચાલતી હોય છે. શરીર અને આત્મા એક છે. દાંતગળાનો વ્યાધિ કે મગજનું ગૂમડું માણસને બૌદ્ધિક કે નૈતિક ક્ષેત્રમાં પણ ગોથું ખવડાવી શકે છે. બીજી બાજુએ ભાવનાનું રમખાણ માણસના પેટ અગર ધોરી નસોમાં ઉથલપાથલ મચાવી દે છે.

નરવા શરીરનો સંચો કશા પણ અવાજ વગર મૂંગો બેખટકે ચાલ્યાં કરે છે. આપણને ખબર જ ન પડે કે ચાલી રહ્યો છે. દરેક ઈંદ્રિયને તંતુઓ વળગેલા છે જે ક્ષણેક્ષણ ખડે પગે જાગતા રહે છે. આ તંતુઓ ઇંદ્રિયો અને તંત્રીકેન્દ્રો વચ્ચે કાસદનું કામ કરે છે, લગરીક કંઈ થાય તો તેની કેન્દ્રોને અને ખાસ કરીને મગજની

તળેટીએ આવેલા જ્ઞાનતંતુઓના કેન્દ્રને તત્કાળ ખબર કરે છે. આ બધી પ્રક્રિયાઓની અ૫ણને ભાગ્યે ખબર પડે છે. છતાં જિંદગીનું ભાન અને જીવનનો ઉલ્લાસ કે રુચિ એમથી જ આવે છે. તેથી જ માંદગી કે એવું કશું આવવાનું હોય છે ત્યારે ઘણીવાર આવનારી આપત્તિની આગાહી જેવું કશુંક આપણને થાય છે. ઈંદ્રિયોની નરવાઈમાંથી આપણને અપાર ખુશી ઉમંગનો આસ્વાદ મળે છે અને સુખનો અનુભવ થાય છે.

શરીર રૂપી સંચાની આ બધી પ્રક્રિયાઓ તેમજ ખાસીયતોની થોડીઘણી પણ સમજ વિના માણસ પોતાની જિંદગીને યોગ્ય રીતે ખેડી શકતો નથી. આ સમજણ પાઠ્યપુસ્તકોમાંથી કે બજારુ વૈદદાક્તરો પાસેથી ન મળે. વિશાળ વાચનથી અને સાચા નિષ્ઠાવાન વૈદદાક્તરોના સમાગમથી જ મળે.

આમ છતાં થોડીક પાયાની વાતો તો કોએ સમજી જ લેવી જોઈએ. તંદુરસ્તી મેળવવા કે જાળવવા સારુ પોતાને જે કંઇ સમજાયું તેનો પોતાના જ હિતને ખાતર અમલ કરવાની માણસમાં હિમ્મત હોવી જોઈએ. તંદુરસ્તી એ દરેક માણસની અંગત બાબત છે. વૈદદાક્તર પાસેથી કે દવાવાળાની દુકાનેથી તે ખરીદી લવાતી નથી. સતત જાગૃતિ અને પ્રયત્નથી જ માણસ એ મેળવી શકે.

આને સારુ આપણે દરેક જણે નીચલા સામાન્ય નિયમોનું કડકપણે પાલન કરવું જોઈએ.

બધી જાતનાં વિષનો કડકપણે ત્યાગ. વિષ બહારથી આપણા શરીરમાં દાખલ થઈ શકે તેટલાં જ તે આપણા પોતાના કોઠામાંથી પણ પેદા થઈ શકે. પચનઇંદ્રિયની સાચવણ અંગે-ખાસ કરીને કબજિયાત ન થવા દેવા અંગે-ગફલત, દાંતના અને બીજા કોહવાટ, વગેરે શરીરની ભીતરનાં વિષ પેદા કરનારાં કારણો છે. બહારનાં વિષ શરીરમાં દાખલ થતાં અટકાવવાનું કામ એથીયે અઘરું છે. બીડી તમાકુ દારૂની લત છોડવા સારુ બહુ મોટી હિમ્મતની જરૂર પડે છે.

અનિદ્રા આજના જમાનાનો મોટો શાપ છે. એની સામે લેવામાં આવતી દવાઓ થોડીક ઊંઘ આપનારી છતાં અંત પરિણામે બકરું કાઢતાં ઊંટ ઘાલવા જેવી હોય છે.

આપણી આસપાસનું વાતાવરણ અને પરિસ્થિતિ સુધારવાની અથવા તો તે સામે બચાવની આપણી શક્તિ અને આવડત ઉપર આપણી તંદુરસ્તીનો ઘણો આધાર રહે છે. એ શક્તિ આપણા શરીરમં પરિસ્થિતિને પહોંચી વળીને પોતાનો બચાવ કરવાની પ્રક્રિયાઓને આપણામાં જગાડે છે. દા. ત., સખત તાપ કે લૂ હોય ત્યારે આપણા શરીરમાં ગરમી ન વધવા દેનારા સંચા ચાલવા મંડી પડે છે. કોઈ દુશ્મન સામો આવીને ઊભો રહે ત્યારે આપણામાં ક્રોધવૃત્તિ જાગે છે અને તે લોહી-પ્રવાહમાં એવી ગ્રંથિઓને જગાડી મૂકે છે કે જે નાડીને જોસભેર ધડકવા પ્રેરે છે, લોહી દબાણને ઊંચું કરી દે છે અને બચાવ માટે કે હુમલા માટે સ્નાયુઓને જે સાકરનો જથ્થો બળતણ તરીકે જરૂરી થઈ પડે છે તે શરીરમાંથી તાબડતોબ ભેગો કરી આપીને પૂરો પાડે છે. તે જ પ્રમાણે સ્નાયુઅંકુરોમાં અમુક જંતુઓને દાખલ કરીને એવો તો પ્રત્યાઘાત ઊભો કરે છે કે જે તેમનો નાશ કરે છે.

આમ પોતાની સામે ઊભી થતી પરિસ્થિતિને પહોંચી વળવાની શક્તિ કેળવીને આપણું શરીર રોગવ્યાધિને મારી હઠાવે છે, અને પરિસ્થિતિ કે વાતાવરણના ગમે તેવા ફેરફાર સામે પોતાની અંદરનો એકરાગ જાળવી ટકાવી રાખે છે. આ ક્ષમતા અને સહનશક્તિ શરીરના સંચાને સતત મહાવરાથી કામઢા રાખીને એટલે કે આસપાસના

વાતાવરણ અને પરિસ્થિતિ જોડે કાયમ ઝગડતા રહીને આપણે કેળવી શકીએ. તંદુરસ્તી જાળવવાનો આ કીમિયો છે.

અમેરિકામાં લોકોને ટાઢ તડકા વરસાદ બરફ બધું વારાફરતી સારી રીતે મળી રહે છે. આ લાભ ઘર ઓફીસને સતત ઠંડાં કે ગરમ રાખીને જીવનારા લોકો ખોઈ બેસે છે. આપણી ચામડીને વંટોળિયા વાવાઝોડાં લૂ અને વરસાદનો વારંવાર સ્પર્શ થવાની જરૂર હોય છે, પણ કુદરત જોડે એવો ભેળીસારો રાખવા સારુ–અરે, રોજ વહેલા ઊઠીને કલાકચાર ઝડપભેર પગે ચાલતા ફરી આવવાની ટેવને સારુ પણ–સમજપૂર્વકનો પ્રયત્ન અને ચારિત્રબળ જોઈએ.

ખાનપાનનું મહત્ત્વ આપણે સૌ સમજીએ છીએ. લીલોતરી શાક, ફળ, અનાજ, દૂધ વગેરેના યુક્તાહારમાં શરીરને જરૂરી બધાં તત્ત્વો પૂરતા પ્રમાણમાં મળી રહે છે, અને તેને મોંઘાદાટ ટીકડી ઇંજેક્શનોની મુદ્દલ જરૂર નથી. પણ ખાનપાનની બાબતમાં અંકુશ રાખનારા અને માત્ર જીભના ચસકાના શિકાર બનીને ગળી કે તીખી તમતમતી વાનીઓ ખાવા પાછળ બધો સંયમ ન ખોઈ બેસનારા માણસો આપણને કેટલા જૂજ જોવા મળે છે? પોતાની તંદુરસ્તીને જાળવવા કે બરબાદ કરવાની વાતમાં માણસ પોતે જ એકલો જવાબદાર છે. પણ એ જવાબદારી સમજવા આચરવાનું શાણપણ સાવ ગણ્યાગાંઠ્યા માણસોમાં જ આપણને જોવા મળે છે.

સામાજિક તેમજ ભૌતિક વાતાવરણની પણ આપણી તંદુરસ્તી ઉપર ઘણી અસર પડતી હોય છે. ઉશ્કેરાટ, વારંવાર આદતોના ફેરફાર, સિનેમા રેડિયો ઘોંઘાટ અને નાહકની ચિંતાઓની ભરમાર સામે દરેક માણસે બચવું જોઈએ. તે જ પ્રમાણે પ્રમાણિક અને નિઃસ્વાર્થી જીવન માટે શારીરિક, માનસિક તેમજ નૈતિક પ્રયાસના કડક નિયમો દરેક જણે પોતાના મનમગજ અને અંતરાત્મા ઉપર મૂકવા જોઈએ. નૈતિક તેમજ માનસિક શુદ્ધિના કે સદાચારના ધર્મો કે નિયમો લગભગ એક જ સરખા છે. દાક્તરીશાસ્ત્રનો અંતિમ હેતુ પણ શું એ જ નથી કે માણસ એવો તો સાજોનરવો રહે કે એને અવરનવર દાક્તર દવાખાનાં હૉસ્પીતાળોની અગર તો પોતાની તંદુરસ્તીના રીપેર મરામતની જરૂર જ ન પડે!

શરીરની નરવાઈ આપણને આપણી અવેજીમાં બીજું કોઈ બક્ષી ન શકે. 'આપ મૂવા વિના સ્વર્ગે ન જવાય' તેમ આપણે જ આપણા શરીરધર્મોનો અભ્યાસ કરીને આપણા શરીરને ઉત્તમ તંદુરસ્તીમાં જાળવવાનો કીમિયો હસ્તગત કરવો જોઈએ. શિસ્ત અને સંયમ કેળવવાં જોઈએ. આમ કર્યાનું વળતર ઘણાખરાને મળ્યા વગર રહેશે નહિ. સૌ કોઈ રોગમુક્ત થઈને શરીરમનની નરવાઈ મેળવશે અને સૌના જીવનમાં સુખસંતોષ અને જીવનનો ઉલ્લાસ મધમધશે. આવી આની ફલશ્રુતિ છે.

કૌસાની

૧૮–૬–૬૩

સાત્મ્ય વિચાર

વૈદ્ય ફુલાભાઇ મ. પટેલ

સતત સેવન કરવાથી જે અનુકૂળ બને તે સાત્મ્ય.[1] જે આહાર સ્વભાવથી અનુકૂળ હોય તે તો કાયમ સુખકારક રહે છે, પણ જે વસ્તુ પ્રકૃતિથી નુકસાનકારક હોય તે પણ જો દરરોજ લેવામાં આવે તો એ પ્રકારના અભ્યાસથી તે સુખકારક બની જાય છે. એટલે જ કહ્યું છે કે દેશ, કાલ, જાતિ, ઋતુ, રોગ, વ્યાયામ, પાણી, દિવાસ્વપ્ન, આહાર વગેરે પ્રકૃતિથી વિરુદ્ધ હોય તો પણ નિરંતર સેવનને કારણે કોઇ પણ પ્રકારની હરકત કરતાં નથી.[2] સંક્ષેપમાં જે આહાર અથવા કસરત વગેરે સતત ઉપયોગમાં લેવામાં આવતાં જેને સુખ આપે છે તે સાત્મ્ય છે.[3] સુખનો અર્થ આરોગ્ય છે, તેથી જે આરોગ્ય આપે તે સાત્મ્ય એવો એનો સીધો સાદો અર્થ છે. સાત્મ્યને ઉપશય પણ કહે છે. સાત્મ્યથી વિરુદ્ધ તે અસાત્મ્ય અથવા અનુપશય.

સાજાને સાજા રાખવા અને બીમારને સાજા કરવા તે આયુર્વેદનું પ્રયોજન છે. બીજા શબ્દોમાં કહીએ તો આયુર્વેદ આરોગ્ય માટે છે. એટલે રોગીને નીરોગી બનાવનારા ઉપાય પણ સાત્મ્ય ગણાવા જોઇએ. એક રીતે આ વિચાર બરાબર છે, છતાં સાત્મ્યને બીમારના ઇલાજ સાથે સંબંધ નથી એમ જ કહેવું પડશે. કારણ કે આપણે જે સાત્મ્યની વાત કરીએ છીએ તે નીરોગી માણસને સાજો રાખનાર સાત્મ્ય છે, પણ આરોગ્ય જો સાત્મ્યનું ધ્યેય હોય તો ચિકિત્સા પણ સાત્મ્ય છે, એમ કહેવું જોઇએ. એવું કોઇ કહે તો આપણે બતાવી શકીએ કે ચિકિત્સાનો પ્રદેશ જુદો છે. તેમ છતાં ચિકિત્સાને સાત્મ્ય અથવા ઉપશય કહેવાનો આગ્રહ હોય તો તેને વ્યાધિનો ઉપશમ અથવા રોગસાત્મ્ય એવું નામ આપો. આમ કરવાથી પોતપોતાની દૃષ્ટિએ બન્નેના અર્થ સાચા ઠરશે અને સાત્મ્ય તથા ચિકિત્સાનો ભેદ પણ સ્પષ્ટ બતાવી શકાશે.

અભ્યાસથી જે અનુકૂળ થઇ જાય છે તે ઓકસાત્મ્ય કહેવાય છે.[4] તેની અસર પણ બળવાન હોય છે. અમુક પ્રદેશના લોકોનો જે કાયમનો આહારવિહાર હોય છે તે જ તેમને સુખકારક બને છે તેનું કારણ અભ્યાસ જ છે. પંજાબમાં ઘઉં, મદ્રાસમાં ચોખા, બંગાળમાં ચોખા અને મત્સ્ય વગેરે એનાં ઉદાહરણ છે. આપણા પ્રદેશમાં પણ સુરત તરફ જુવાર, ચરોતરમાં બાજરી, પંચમહાલમાં મકાઇ, ઉત્તર ગુજરાતમાં ઘઉં, સૌરાષ્ટ્રમાં ઘઉં કે બાજરો—આ સામાન્યતઃ વપરાતાં ધાન્યો ત્યાંના લોકોને માફક આવી ગયાં હોય છે. એ આહારમાં ફેરફાર થાય તો તે તેમને અનુકૂળ થતું નથી. ઘઉંના અભ્યાસીને જુવારનું સેવન ઉદરવ્યથા કરનારું બને છે. નિરંતર જુવાર ખાનાર ઘઉંની આકાંક્ષા રાખતા નથી. ઘઉંનો આહાર લેનારને બાજરી કબજિયાત કરે છે, એવો અનુભવ છે. કોદરા કાયમ ખાનારને કબજિયાતની

---

१. सात्म्यं नाम तद्यत् सातत्येनोपसेव्यमानमुपशेते । (च. वि. अ. ८)

२. सात्म्यानि तु देशकालजातिऋतुरोगव्यायामोदकदिवास्वप्न रसप्रभृतीनि प्रकृति-विरुद्धानि अपि यान्यबाधकराणि भवन्ति । (सु. सू. अ. ३५)

३. यो रसः कल्पते यस्य सुखायैव निषेवितः ।
व्यायामजातमन्यद्वा तत्सात्म्यमिति निर्दिशेत् ॥ (सु. सू. अ. ३५)

४. उपशेते यदौचित्यादोकसात्म्यं तदुच्यते । (च. सू. अ. ६)

ફરિયાદ કરવાનું બનતું નથી પણ એનો નવોસવો પ્રયોગ કરનાર એવી ફરિયાદ કરે છે. એ જ પ્રમાણે પંજાબીને ચોખા કે મદ્રાસીને ઘઉં અનુકૂળ નથી. રેશનના જમાનામાં સમાજના નીચલા થરના લોકો પોતાને મળતા ઘઉં ચોખાનો વિનિમય કરીને બાવટો, કોદરા કે બાજરીની ખરીદી કરતા તેમાં અભ્યાસથી અનુકૂળ બનેલાં ધાન્યોની પસંદગી સિવાય બીજું કંઈ નહિ હોય એમ કહી શકીએ. મહર્ષિ ચરકે તેમના જમાનામાં દેશવિશેષના લોકોનાં સાત્મ્યો ગણાવ્યાં છે તે આ સંદર્ભમાં જોવા જેવાં છે. તે લખે છે કે બાહ્લીક, પહ્લવ, ચીન, શૂલીક, યવન અને શક લોકો માંસ, ઘઉં, માધ્વીક, શસ્ત્ર અને અગ્નિના અભ્યાસી છે. પૂર્વના લોકોને મત્સ્ય સાત્મ્ય છે. સિંધના લોકોને દૂધ સાત્મ્ય છે. અશ્મક તથા અવંતિના લોકોને તેલ અને અમ્લ સાત્મ્ય છે. ઉત્તર તથા પશ્ચિમમાં મંથ સાત્મ્ય છે. મધ્ય પ્રદેશમાં જવ, ઘઉં તથા ગોરસ સાત્મ્ય છે એ લોકોને જે સાત્મ્ય હોય તેની સાથે મેળવીને ઔષધ આપવું જોઈએ. કારણ કે સાત્મ્ય જલદી બળ આપે છે, અને મોટા પ્રમાણમાં લેવામાં આવે તો પણ બહુ દોષકારક બનતું નથી.[5]

હિતકારક વસ્તુ અભ્યાસ ન હોય તો માફક આવતી નથી અને અહિતકારક વસ્તુનો અભ્યાસ હોય તો માફક આવી જાય છે. તેમ છતાં હિતકારક તે હિતકારક અને અહિતકારક તે અહિતકારક એ નિયમ બદલાતો નથી. સાત્મ્યના મહિમાથી તે દુઃખકારક ન બને તેટલા પરથી અહિતનું સેવન ઇષ્ટ નહિ ગણાય. લવણનો અતિ ઉપયોગ હાનિ કરે છે. પરંતુ કેટલાકને ખૂબ ખારું ખાવાની ટેવ પડી હોય છે તેથી ખારાશનું પ્રમાણ વધી ન જાય ત્યાં સુધી તેમને આહારમાં સ્વાદ આવતો નથી. લવણ ભલે સાત્મ્ય થઈ જાય છતાં હાનિ તો કરે છે. ચરકે એનું ઉદાહરણ આપ્યું છે. તે કહે છે કે બાહ્લીક, સૌરાષ્ટ્ર, સિન્ધુ દેશ, તેમજ સૌવીર દેશના લોકો દૂધની સાથે પણ લવણ ખાય છે. વળી આ પૃથ્વી ઉપર જે ઉષર દેશો છે તેઓની ભૂમિ લવણથી ઉપહત થયેલી હોવાથી ઔષધિ, વીરુત્ વનસ્પતિ અને વાનસ્પત્ય ત્યાં ઉત્પન્ન થતાં નથી, અથવા અલ્પવીર્યવાળાં થાય છે. તેથી લવણને અતિ ઉપયોગમાં નહીં લેવું જોઈએ. જે પુરુષો અતિ લવણના સાત્મ્યવાળા હોય છે, તેઓને પણ અકાળે ટાલ, પળીયા અને ચામડી પર કરચલીઓ પડે છે.[6]

સાત્મ્યને આ સારું અને આ નરસું એવો ભેદભાવ નથી. અહિત સાત્મ્ય હોઈ શકે છે. હિત અસાત્મ્ય હોઈ શકે છે. જે ઉંમરે વાર્તાશ્રવણનો શોખ સ્વાભાવિક હોય છે તે ઉંમરે વાંચેલી એક વાર્તા અહીં યાદ આવે છે. ડુંગળી વેચવાનો વ્યવસાય કરતા બાપદીકરાને એક દિવસે રાતને ટાણે માળીને ઘેર વિસામો કરવાનું બન્યું. પુષ્પોની સુગંધથી મહેકી રહેલા એ ઘરમાં ડુંગળીના આ વેપારીઓની વ્યથાનો પાર ન રહ્યો. પુષ્પોની સુગંધ એમને અકળાવી રહી. કેમે કરીને ઊંઘ ના આવે. બાપ તો અનુભવી. એણે તરકીબ કરીને રાહત મેળવી. પણ દીકરાનું શું? તેની મૂંઝવણનો અંત બાપે પોતાની યુક્તિ દર્શાવીને લાવી દીધો. ડુંગળીના કોથળામાં વાસ પણ ડુંગળીની આવે છે એટલે તેણે દીકરાને ડુંગળીના કોથળામાં નાક રાખીને પોતે સૂવે છે તેમ સૂવાની સૂચના કરી. એનું પરિણામ અસરકારક આવ્યું. વરસોના અભ્યાસને પરિણામે ડુંગળીની દુર્ગંધ એમને માફક આવી ગઈ હતી એટલે અસાત્મ્ય પુષ્પોની સુગંધ ત્રાસદાયક હતી ત્યારે ડુંગળીની આ દુર્ગંધ આનંદપ્રદ હતી. પરિણામે તે

---

५. च. वि. अ. १

६. च. वि. अ. १

રાત્રે તે બન્ને નિરાંતે ઊંઘી શકયા. પુષ્પોની સુગંધ પર પ્રાણીમાત્ર આફરીન છે પણ આ બાપડીકરાને એ સુગંધ કુછ બિસાતમાં નહોતી એટલું જ નહિ, પણ ઊલટ પક્ષે હાનિકારક હતી. આ છે ઓકસાત્મ્યનું માહાત્મ્ય!

હિતકારક વસ્તુઓના અણગમાના દાખલા ઓછા નથી. ઘીની વાસ અનુકૂળ નહીં હોવાને કારણે ઘીનો સ્વાદ કેવો છે તે જેમને જાણવા મળ્યું નથી એવા મનુષ્યો પણ છે. એ જ પ્રમાણે જીવન પર્યન્ત દૂધનો વિયોગ કેવળ અણગમાને કારણે વેઠી રહેલા મનુષ્યો પણ છે ઘી આયુષ્ય છે, ચાર્વાક જેવા ફિલસૂફે તો દેવું કરીને પણ ઘી પીવાનો આદેશ આપ્યો છે એટલો એનો મહિમા છે. અને દૂધને તો જન્મથી સર્વ મનુષ્યો માટે સાત્મ્ય બનાવેલું છે. સાઠી ચોખા, લાલ ચોખા, મગ, સિંધવ, આમળાં, જવ, વરસાદનું અદ્ધર ઝીલેલું પાણી, દૂધ, ઘી અને મધનું નિત્ય સેવન કરવું જોઈએ એવો ભગવાન્ ચરકનો આદેશ છે. પણ એ આદેશને કોણ સાંભળે છે? સાત્ત્વિક આહાર જેમને સુલભ નથી તેમની વાત જવા દઈએ, પણ જેઓ ગોરસ, ઘઉં, ચોખા, ગોળ વગેરે સરળતાથી મેળવી શકે છે તેઓ પણ ખાટા, ખારા, તીખા, લૂખા આહારોને જીભના સ્વાદને કારણે અપનાવે છે, ત્યારે પોષક આહારની કેવળ ટેવ નથી પાડી તેટલા જ કારણે તેની ઉપેક્ષા કરે છે. પણ દૂધ અને ઘીનું સેવન વાર્ધક્ય અને રોગને રોકનારું છે. એટલે જે, ઘી, દૂધ, તેલ અને માંસરસના સાત્મ્યવાળા હોય છે તથા સર્વ રસોના સાત્મ્યવાળા હોય છે તેઓ બળવાન, ક્લેશસહિષ્ણુ અને દીર્ઘજીવી થાય છે; ત્યારે લૂખા પદાર્થોના સાત્મ્યવાળા અને એકરસના સાત્મ્યવાળા ઘણું કરીને અલ્પ બળવાળા, અલ્પ ક્લેશસહિષ્ણુ, અલ્પ આયુષ્યવાળા અને અલ્પ સાધનવાળા હોય છે એમ કહેવામાં આવ્યું છે જેઓ મિશ્ર સાત્મ્યવાળા હોય છે તેઓ સાત્મ્યને લીધે મધ્ય બળવાળા હોય છે[૭]

અહિત-સાત્મ્યનાં ઉદાહરણોમાં વિષને પણ જેમણે સાત્મ્ય બનાવ્યું હોય એવા મનુષ્યોને યાદ કરીએ તો તેનો સારો ખ્યાલ આવશે. પ્રાચીનકાળની વિષકન્યાઓ એ વર્ગમાં આવે. ગૂજરાતના પેલા બળવાન બાદશાહ મહમૂદ બેગડાએ વિષને પચાવીને આખું શરીર વિષમય બનાવી મૂક્યું હતું, એમ કહે છે. વિષને પરિણામે પરસેવામાં પણ વિષની અસર આવતી અને એની ઉપર બેસતી મક્ષિકાઓ મૃત્યુને ચરણે જતી એટલે સુધી વાત થાય છે. અફીણના બંધાણીઓનો દાખલો જુઓ. એક કાંકરી અફીણ જીરવેલું અને છે ત્યારે અભ્યાસથી એક ખોબો ભરીને અફીણ ખાઈ જનારાના દાખલા હતા. વિષની અસરથી મૃત્યુના ભોગ ભલે ના બનતા, પણ શરીર ઉપર અફીણનાં અનિષ્ટ તો સમયે સમયે વર્તાતાં હતાં. અમલ ઊતરતાં અફીણિયાની જે દશા જોવા મળે છે તે દયનીય હોય છે એ પરથી એના સાત્મ્યની અસર સમજી શકાય છે. સાધારણ ચાનો દાખલો લઈએ તો એની જેમને આદત છે તેઓ સમયસર ચાને મેળવી શકે નહિ તો શિરાશૂળ, આળસ, બગાસાં વગેરેનાં લક્ષણોથી પીડાતાં જોવા મળે છે. આ ઉપરાંત પુષ્ટિકારક આહારનું સાત્મ્ય અને પોષણરહિત આહારનું સાત્મ્ય જે મનુષ્યોમાં જોઈએ છીએ તેઓમાં પોષણરહિત આહારના સાત્મ્યવાળાં મનુષ્યોમાં દુર્બળતા અને રોગપ્રતિકારક શક્તિનો અભાવ વિશેષ જોવા મળે છે એ હકીકત છે.

આ સ્થિતિમાં જે વસ્તુ અભ્યાસથી સાત્મ્ય થઈ ગઈ હોય, પણ જો તે અહિતકારક હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ અને જે વસ્તુ હિતકારક છે પણ તેની ટેવ ન હોવાને કારણે માફક નથી આવતી તેનું સેવન કરવું જોઈએ. પણ અહિતનો ત્યાગ અને હિતનું સેવન ક્રમશઃ

---

૭. ચ. વિ. અ. ૮

થવું જોઇએ. અફીણ છોડવું હોય તો ક્રમશઃ કમી કરવાથી છૂટી શકે છે. ચા કે તમાકુના વ્યસનોનું પણ એવું જ છે. આ બાબતમાં આયુર્વેદનો આદેશ છે કે બુદ્ધિમાન માણસે ઘણા સમયથી સેવેલી અહિતકર વસ્તુનો ક્રમશઃ પરિત્યાગ કરવો અને હિતકારી વસ્તુનું ક્રમશઃ સેવન કરવું. ક્રમશઃ ક્ષીણ થયેલા દોષો ફરીથી ઉત્પન્ન થતા નથી અને ક્રમશઃ વૃદ્ધિ પામેલા ગુણો સ્થિર રહે છે.૮

અહિત વસ્તુની આદતમાંથી મુક્તિ ચાહનારા મનુષ્યોને તેમજ હિત વસ્તુની આદતના અભાવમાં તેના સેવનને પરિણામે પ્રાપ્ત થતાં લાભથી વંચિત રહેલા મનુષ્યો માટે અહિતના ક્રમશઃ ત્યાગ અને હિતના ક્રમશઃ સેવનનો આ સુવર્ણ નિયમ યાદ રાખવો જોઈએ. વ્યાયામ જેવા વિહાર માટે એના ઉપાસકો આ નિયમને અજમાવે છે તે સુપ્રસિદ્ધ છે. ક્રમશઃ એક દંડથી પચાસ દંડ સુધી પહોંચી શકાય છે છતાં શરીરને ખબર પણ પડતી નથી, અને વ્યાયામના લાભ મળી રહે છે. ઉંક બચ્ચું હતું ત્યારથી ગાયના જે વાછરડાને પેલા પહેલવાને પોતાના ખભા ઉપર ઉપાડીને પર્વતારોહણનો નિત્યનિયમ રાખેલો તેને પરિણામે એ બચ્ચુ વાછરડામાંથી બળદમાં પરિણામ પામ્યું ત્યારે પોતાની કાંધ ઉપર મોટા બળદને ઉપાડીને પર્વત પર ચઢતા પહેલવાનનું દૃશ્ય જગતને જોવા મળ્યું ! એ ચમત્કાર આયુર્વેદના આ ક્રમસેવનનો છે એ ભૂલવું જોઇએ નહિ.

આપણા આહારમાં મધુર, અમ્લ, લવણ, કટુ, તિક્ત અને કષાય, આ છ રસોમાંના કોઇ ને કોઇ રસ હોય છે. સર્વ રસોનો ઉચિત ઉપયોગ બળ લાવનારાં કારણોમાં શ્રેષ્ઠ ગણાયો છે ત્યારે એક રસનો જ આહારમાં પ્રયોગ થાય તે દુર્બળતાનાં કારણોમાં અગ્રસ્થાને રહે છે એમ કહ્યું છે. આ રસ ધરાવતાં દ્રવ્યોના સેવનની આદત પ્રમાણે ઓકસાત્મ્યના ત્રણ પ્રકાર છે: ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. તેમાં સર્વ રસવાળું સાત્મ્ય શ્રેષ્ઠ છે. એક રસવાળું સાત્મ્ય કનિષ્ઠ છે શ્રેષ્ઠ અને કનિષ્ઠની વચ્ચેનું સાત્મ્ય મધ્યમ છે. સમાજમાં ખૂબ મધુર અને સ્નિગ્ધ આહારવાળો અને ખારાં તીખાં-મીઠા મરચાંથી ભરપૂર તેમજ લૂખાં દ્રવ્યોના આહારવાળો એવા બે વર્ગ મનુષ્યોના પાડીએ તો તે એકંદરે વ્યાજબી હશે. એક વર્ગને ખૂબ પોષણ મળે છે, બીજાને એના અભાવમાં રહેવું પડે છે. છતાં બન્ને બીમાર છે. ખૂબ ખાઇને મેદભરપૂર રોગી શરીરવાળા બને છે. ખાવાનું નહીં મળવાથી દુર્બળ શરીરવાળા થાય છે. આ બન્ને પરિસ્થિતિ ઉચિત ફેરફાર નહિ થાય તો બધી રીતે હાનિકારક ઠરશે.

ગ્રીષ્મ ઋતુ સિવાય દિવસે ઊંઘવામાં દોષ બતાવ્યો છે અને રાત્રિના ઉજાગરાને પણ અનિષ્ટ ગણ્યા છે. રાત્રે જાગરણ કરવાથી શરીરને થતી હાનિનો પરિચય આપવાની જરૂર નથી. કારણ કે જેમ આહાર તેમ નિદ્રા પણ દેહપોષક છે એટલે રાત્રિનું જાગરણ કોઇને પાલવે તેવું નથી. દિવસે ઊંઘવાથી દેહની જડતા, ગૌરવ વગેરે દુર્ગુણો વધે છે. આમ હોવા છતાં રાતપાળી કરનારા મજૂરોએ જે રસ્તો કાઢ્યો છે તેને આયુર્વેદની સંમતિ છે. દરરોજના અભ્યાસને કારણે રાત્રિનું જાગરણ તેમને સાત્મ્ય થઇ ગયું છે તેજ પ્રમાણે દિવસની નિદ્રા પણ માફક આવી ગઇ છે. એટલે ઊંઘનો પેઠે સામાન્ય નિયમ તેમને બાધકર્તા

---

૮. उचितादहिताद्धीमान् क्रमशो विरमेन्नरः । हितं क्रमेण सेवेत...............॥
क्रमेणापचिता दोषाः क्रमेणोपचिताः गुणाः । सन्तो यान्त्यपुनर्भावमप्रकम्प्या भवन्ति च॥
(च. सू. अ. ७)

નથી. બીજા મનુષ્યો પણ જે કાયમ દિવસે થોડી થોડી ઊંઘના અભ્યાસી હોય છે તેમને પણ નિદ્રા સાત્મ્ય થઇ ગઇ હોવાથી કોઈ હાનિ અનુભવવી પડતી નથી. આ બાબતમાં આયુર્વેદ ઊર્ધ્વબાહુ થઈને કહે છે કે જેઓએ દિવસે કે રાત્રે નિદ્રાને અભ્યાસથી સાત્મ્યરૂપ બનાવી દીધી હોય તેઓને દિવસે કે રાત્રે ઊંઘવાથી કે ઉજાગરો કરવાથી કશી હાનિ નથી.

આબોહવાને ધ્યાનમાં લઈને પૃથ્વી પર ત્રણ પ્રકારના દેશો આયુર્વેદમાં બતાવેલા છે. તે છે આનૂપ, જાંગલ અને સાધારણ. જ્યાં ખૂબ વરસાદ પડતો હોય, પર્વતો અને જંગલો હોય અને પવન શીતળ વાતો હોય તે આનૂપ દેશ છે. જ્યાં પહાડો ઓછા, વૃક્ષો વિરલ, વરસાદ નહિ જેવો અને પવન ગરમ વાતો હોય તે જાંગલ દેશ છે. જ્યાં ઠંડી, ગરમી અને વરસાદ સમપ્રમાણમાં હોય તે સાધારણ દેશ છે. આ દેશોમાં રહેનારે આરોગ્યની રક્ષા માટે દેશસાત્મ્યનું પાલન કરવું જોઈએ. દેશના ગુણોથી વિરુદ્ધ ગુણવાળા આહાર અને વિહારને દેશસાત્મ્ય કહે છે. આનૂપ દેશ ઠંડા અને ભેજવાળા હોવાથી ત્યાં કફ અને વાયુના રોગ વિશેષ થાય છે. મંદાગ્નિને પરિણામે અમ્લપિત્તનું પણ ત્યાં વિશેષ જોર હોય છે. એ સ્થિતિમાં રૂક્ષ અને ઉષ્ણ અન્નપાન દેશસાત્મ્ય બને છે. મારવાડ જેવા સૂકા પ્રદેશમાં રૂક્ષતા અને ઉષ્ણતા વિશેષ હોવાથી સ્નિગ્ધ અને શીતળ અન્નપાન એનું દેશસાત્મ્ય છે. સાધારણ પ્રદેશ સામાન્યતઃ નીરોગી દેશ છે. ત્યાં સાધારણ અન્નપાન અનુકૂળ રહે છે. કેવળ દેશાન્તર કરવાથી ઘણા રોગોમાં રાહત થાય છે એ વિપરીત ગુણવાળા દેશમાં જવાને લીધે છે. ભેજવાળા પ્રદેશમાં થતા દમના હુમલા સૂકા પ્રદેશમાં શમી જાય છે તેમજ અજીર્ણના દરદી વરસાદ અને ઠંડા પવનવાળા પ્રદેશનો ત્યાગ કરી સૂકા કે સાધારણ પ્રદેશમાં હવાફેર માટે જાય છે તો તેમને આરામ થાય છે એ હવામાનની રોગવિરુદ્ધતા અથવા રોગસાત્મ્યનું પરિણામ છે. રોગસાત્મ્યમાં બીજી અનેક બાબતો આવે છે પણ આપણે ચિકિત્સાનો વિચાર કરવાનો નથી તેથી તે સંબંધી આટલો અંગુલિનિર્દેશ કરીને આપણા વિષયને જ વળગી રહીશું.

ઋતુઓ અને આરોગ્યનો ગાઢ સંબંધ ધ્યાનમાં લઈને ઋતુચર્યા સંબંધી ઘણું વિસ્તારથી કહેવામાં આવ્યું છે. હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ, આ છ ઋતુઓનું ચક્ર આપણા દેશને ઈશ્વરની બક્ષીસ છે. હેમંત અને શિશિર શીતળ ઋતુઓ છે. એમાં પ્રાણીઓનું બળ અધિક હોય છે. જઠરાનલ પણ ખૂબ તીવ્ર હોય છે એટલે સ્નિગ્ધ, મધુર અને ભારે પદાર્થોનું સેવન એમાં હિતકારી બને છે. શિયાળામાં વસાણાં ખાવાનો રિવાજ ઘણા પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે તેની પાછળ ઋતુસાત્મ્યનો અનુભવ પડેલો છે એમ કહી શકાય. ગોરસ, શેરડીની બનાવટો, તેલ, ઘી, નવાં ધાન્યો અને ગરમ પાણીનું સેવન કરનારનું આયુષ્ય ક્ષીણ થતું નથી એ ચરકવચન છે. રૂક્ષ, લઘુ અને શીતળ અન્નપાન તેમજ કટુ, તિક્ત અને કષાય રસવાળાં દ્રવ્ય શીતકાળમાં હિતકારક નથી. વસંતમાં સ્નિગ્ધતા અને ગૌરવ છે એટલે ગુરુ, અમ્લ અને મધુર દ્રવ્યોનો ત્યાગ કરવો જોઇએ. દિવાસ્વપ્ન કફકારક હોવાથી નિષિદ્ધ છે. વ્યાયામ પથ્ય છે. તે સ્નિગ્ધ અને મજબૂત શરીરમાં હિતકારક થાય છે. ગ્રીષ્મમાં શરીરની શક્તિ ઉષ્માને કારણે ક્ષીણ થઇ હોય છે તેથી શરીર રૂક્ષ અને લઘુ બન્યાં હોય છે તે વખતે વ્યાયામ પથ્ય નથી. શીતકાળે સ્નિગ્ધ ભોજન પથ્ય છે તેમ વ્યાયામ પણ પથ્ય છે. વસંત પણ વ્યાયામની ઋતુ છે તેથી આપણા ગ્રીષ્મ વ્યાયામ વર્ગો વસંત વ્યાયામ વર્ગોમાં પરિણમે

તો આરોગ્યની દૃષ્ટિએ ઠીક કહેવાય. શાળા-મહાશાળાઓની રજાઓના અવકાશ સિવાય ગ્રીષ્મમાં આરોગ્યની દૃષ્ટિએ વિચારતાં વ્યાયામ વગેરેની ઉપયુક્તતા બીજી કોઈ રીતે સિદ્ધ થતી નથી. ગ્રીષ્મની રૂક્ષતામાં સ્વાદિષ્ટ, શીતળ, દ્રવ અને સ્નિગ્ધ અન્નપાન ઋતુના ગુણથી વિપરીત ગુણવાળાં હોઈ ઋતુસાત્મ્ય છે. આમ્રફળ અને શિખંડશ્રીખંડનો મહિમા ગ્રીષ્મના ગુણોના પ્રતિકારની દૃષ્ટિએ સ્થાપિત થયો છે. લવણ, અમ્લ અને કટુ તથા ઉષ્ણ ગુણવાળા આહાર આ વખતે ન લેવા જોઈએ. દિવસે ઊંઘવું જોઈએ. મૈથુનથી બચવું જોઈએ. આ ઋતુમાં પાણીનો છૂટથી ઉપયોગ થવો જોઈએ. માટીનાં કોરાં વાસણોનું શીતળ પાણી આહ્લાદક છે. બરફની શીતળતા આવાં વાસણોના પાણીની સ્વાભાવિક શીતળતા સામે તુચ્છ છે. બરફની અતિ શીતળતા આરોગ્ય માટે વિરોધી છે તે આપણને હવે સમજાવું જોઈએ અને પ્રાચીન કાળમાં રાજાઓ પણ જે મૃણ્મય વાસણોનાં જળને આવકારતા તે જળને જ આપણે આવકારવું જોઈએ. વર્ષાઋતુની બાફ ત્રાસદાયક છે. એમાં અગ્નિબળ ક્ષીણ થાય છે. ખોરાકનો અમ્લપાક થતો હોઈ જઠરાનલને અનુસરીને ત્રિદોષહર ઉપાય લેવા જોઈએ. જવ, ઘઉં, શાલિચોખા, મધ, આસવ, કૂવાનું પાણી તથા માફકસર જળપાન વર્ષામાં હિતકર છે. વ્યાયામ, તડકો, દિવાસ્વપ્ન, મૈથુન, નદીનાં પાણી પ્રતિકૂળ છે. વરસાદની હેલીમાં અમ્લ, લવણ અને સ્નેહવાળું ભોજન સારું છે. દહીં પથ્ય છે. શરદ પિત્તની ઋતુ છે. ઘઉં, ચોખા, દૂધ, ઘી, શેરડી હિતકર છે ત્યારે તેલ, ક્ષાર, દહીં, દિવાસ્વપ્ન, અને તડકો નુકસાનકારક છે. નદીઓનાં સ્વચ્છ જળ દરેક પ્રકારે હવે હિતકારક છે. શરદ ઋતુની ચાંદનીની મઝા ઓર છે. આ સર્વ ઋતુસાત્મ્ય છે અને આરોગ્યપ્રદ છે.

આયુર્વેદમાં કેશ્ય, વર્ણ્ય, ત્વચ્ય, કંઠ્ય, ચક્ષુષ્ય, મેધ્ય, આયુષ્ય વગેરે શબ્દો છે તે જુદા જુદા અવયવોને હિતકારક દ્રવ્યોને ધ્યાનમાં લઈને યોજવામાં આવેલા છે. કેશને હિતકારક તે કેશ્ય. કંઠને સુધારે તે કંઠ્ય. ચક્ષુને બળ આપે તે ચક્ષુષ્ય. શરીરનો રંગ સારો કરે તે વર્ણ્ય. ત્વચાને મજબૂત કરે તે ત્વચ્ય. બુદ્ધિને મદદ કરે તે મેધ્ય. આયુષ્ય વધારે એ આયુષ્ય. આ અવયવો માટે ઉપયોગી બનતા ઉપચારો એ રીતે અવયવસાત્મ્ય કહેવાય છે.

જાતિસાત્મ્ય પણ વિચારણીય છે. હિંસક પશુઓ માંસ ખાય છે. મૃગ વગેરે તૃણ ખાય છે. મનુષ્યોને દૂધ, ઘી, ઘઉં, ચોખા વગેરે પથ્ય છે. આ બધાંનો ઉલ્લેખ જાતિસાત્મ્ય તરીકે કર્યો છે. સિંહ ભૂખે મરે પણ તૃણ ન ખાય કારણ કે એના સ્વભાવમાં એ નથી. તૃણ એને સાત્મ્ય નથી માંસ જ એને સાત્મ્ય છે. તેથી વાઘસિંહના માલિકોને એમને માટે માંસની વ્યવસ્થા કરવી પડે છે. રાંધેલું ધાન્ય મનુષ્યોને સાત્મ્ય છે. મનુષ્યોને તૃણ કે માંસાહાર સાત્મ્ય ન ગણાય. વિકૃત સ્વાદને અનુસરીને તે માંસાહાર તરફ વળે તે વાત જુદી છે. એમ તો કુતરાં માંસાહારી કહેવાય છતાં રાંધેલા ધાન્ય પર એ પોષાતાં થયાં ત્યારથી અસાત્મ્ય વસ્તુ પણ એમને સાત્મ્ય બની ગઈ! સંજોગો પ્રમાણે શરીર વ્યવસ્થિત થઈ જાય છે એનાં ઉદાહરણો ક્યાં ઓછાં છે!

આમ સાત્મ્યનો વિચાર આરોગ્ય માટે ઘણો મહત્ત્વનો છે. એટલે જેટલી ઝીણવટથી એનો વિચાર થાય તેટલું વધારે સારું. અહીં એની ઘણીખરી બાબતોની ચર્ચા કરવામાં આવી છે તેથી આકર ગ્રંથોમાં જોવાની જેમને ફુરસદ નથી એવા સામાન્ય જનો માટે આટલું પણ પર્યાપ્ત છે.

મધુર અને તિક્ત રસ

વૈદ્ય પ્રભુભાઈ ભક્ત

મધુર રસનું યોગ્ય માત્રામાં સેવન આરોગ્ય અને શરીરના વિકાસ માટે અતિ આવશ્યક છે પરંતુ આજે તેનો અતિ ઉપયોગ થઈ રહ્યો છે. આપણા રોજ-બ-રોજના ખદ્ય પદાર્થોમાં મધુર રસપ્રધાન ગોળને સ્થાને વધુ પ્રમાણમાં સાકર યા ખાંડનો ઉપયોગ થાય છે. ગોળનો ઉપયોગ ખાદ્ય પદાર્થોમાં આપણે આજે નહિવત્ કરીએ છીએ. દાળમાં આજે મોટે ભાગે ગોળને સ્થાને ખાંડ જ વપરાય છે. આ સિવાય મિષ્ટ ભોજનમાં ગોળનો વપરાશ દિન-પ્રતિ-દિન ઘટતો જ જાય છે. નાનાં બાળકો પણ આજે ગોળની અપેક્ષાએ ખાંડનો જ વધુ આગ્રહ રાખે છે; જેના પરિણામે આજે ઘણા રોગો બાળકો તથા વયસ્થ પુરુષોમાં જોવામાં આવે છે. આયુર્વેદનું સ્પષ્ટ મંતવ્ય છે કે હમેશાં સર્વ રસોનો અભ્યાસ રાખવો જોઈએ. આપણા દૈનિક ખોરાકમાં તિક્ત રસ (કડવો રસ) તો બિલકુલ નીકળી જ ગયો છે. દાળ અને કઢીમાં મેથીનો વઘાર કરવામાં આવે છે પણ મેથીનો એક પણ દાણો વાડકીમાં ન આવે તેની ખાસ સંભાળ લેવામાં આવે છે ! કારેલાનું શાક કદાચ મહિનામાં એકાદવાર જો બનાવવામાં આવે તો તેમાં મીઠું નાંખી જેટલી કડવાશ નીકળી જાય તેટલી કાઢવામાં આવે છે અને તેમાં ભારોભાર ખાંડ મેળવી તૈયાર કરવામાં આવે છે ! આ સિવાય સવારથી સાંજ સુધીમાં ૬ થી ૧૨ વાર થોડી થોડી ચા, ઉનાળામાં આઈસ્ક્રીમ-મીઠાં ઠંડાં પીણાંઓ, કુલફી, મીઠી લસ્સી, તેમજ શિયાળામાં વધુ પડતાં મધુર રસપ્રધાન ખૂંહણ પાકોનો પ્રયોગ પણ ઠીક ઠીક રીતે કરવામાં આવે છે. મનુષ્ય શરીરમાં જેટલી ખાંડ ૨૪ કલાકમાં જવી જોઈએ તેનાથી ઘણા વધુ પ્રમાણમાં પ્રતિદિન જાય છે જેનું પરિણામ પુરુષે ભોગવવું જ પડે છે.

મધુર રસના ગુણો—મધુર રસ જન્મથી જ શરીરને માટે સાત્મ્ય (અનુકૂળ-આરોગ્યકર) હોવાથી મધુર રસવાળા પદાર્થોના સેવનથી રસ-રક્ત-માંસ-મેદ-અસ્થિ-મજ્જા-ઓજ-શુક્ર અને સ્તન્યની વૃદ્ધિ કરીને આયુષ્યને સ્થિર અને દીર્ઘ બનાવે છે. અન્તઃકરણ તથા જ્ઞાનેન્દ્રિયોને નિર્મળ બનાવે છે, બળ ઉત્પન્ન કરે છે, શરીરનાં વર્ણ અને કાન્તિને સુધારે છે, દર્શનશક્તિને વધારે છે, વાળોને માટે હિતકારી છે. ચામડીને માટે હિતકારી છે. કણ્ઠને સુધારનાર છે. શરીર અને મનમાં તુષ્ટિ (સંતોષ) ઉત્પન્ન કરે છે. આઘાત વગેરેથી મૂર્છા પામેલા પુરુષને જીવન આપે છે, તૃપ્તિ કરે છે, સર્વ અંગ તથા એકાંગને પુષ્ટ કરે છે. શરીરને દૃઢ બનાવે છે. રસ તથા રક્તને શુદ્ધ કરે છે. ઉરઃક્ષત આદિ ક્ષતો તથા ભગ્ન અસ્થિને સંધાન કરનાર છે. પિત્ત-વિષ-તૃષ્ણા અને દાહને શમાવનાર છે. વાયુનો નાશ કરે છે. બાળકો-વૃદ્ધો, કૃશ પુરુષો અને રોગ વગેરેથી ક્ષીણ થયેલા મનુષ્યોને માટે વિશેષ હિતાવહ છે. સ્નિગ્ધ-શીતલ અને ગુરુ ગુણ મધુર રસમાં છે. નાસિકા-મુખ-કંઠ-ઓષ્ઠ તથા જીહ્વાને વિશેષ આનન્દ આપનાર છે.

આટલા વિશેષ ગુણો હોવા છતાં પણ મધુર રસનો અતિ ઉપયોગ કરવામાં આવે તો સમાન કારણ-દ્રવ્યોવાળા કફની વૃદ્ધિ કરે છે અને તેનાથી થનારા રોગો ઉત્પન્ન કરે છે. જેમકે, અતિશય ચરબી-હૃદયના રોગો, હાઈ બ્લડ પ્રેસર, શરીરની મૃદુતા-આલસ્ય, નિદ્રાની અધિકતા, શરીર અને મનની ગુરુતા, અરુચિ-મંદાગ્નિ, મુખ અને કંઠમાં માંસની વૃદ્ધિ, દમ, ખાંસી,

શરદી, મુખની મધુરતા–મુખમાં તેમજ ગળામાં કફ ચોંટી રહેવો, ગળામાં શોથ, સ્વરભંગ, નેત્રાભિષ્યન્દ, ઊલટી, આંખના રોગો–,ગલગણ્ડ,–ગંડમાલા–,અલસક–મૂત્રાશયમાં સોજો, કબજિયાત, શ્લીપદ (હાથીપગું), રસોળી, કૃમિ, ઉદરરોગ અને પ્રમેહને ઉત્પન્ન કરે છે.

મધુર રસના અતિયોગથી આ પ્રકારની વ્યાપત્તિઓ જોવામાં આવે છે તે પૈકી પ્રથમ તેમજ અંતે કહેલી–અતિશય ચરબી–તથા પ્રમેહ આ બે રોગો આજે વ્યવહારમાં બહુ જ જોવામાં આવે છે. મધુર રસથી થનારી વ્યાપત્તિઓને દૂર કરવા માટે મોટે ભાગે તિક્ત રસ વપરાય છે.

તિક્ત રસવાળા પદાર્થોમાં આજે વ્યવહારમાં મેથીની ભાજી, કારેલાં અને કંટોલાનો ઉપયોગ થાય છે. આ દ્રવ્યોનો આજે બહુ જ પ્રચાર થવો જરૂરી છે. ફક્ત મધુમેહથી પીડાતા રોગીઓ મેથીની ભાજી અને કારેલાંનો ઉપયોગ કરે છે; પરંતુ સ્વસ્થ પુરુષોએ પણ આ શાકનો ઠીક ઠીક પ્રમાણમાં ઉપયોગ કરવો જોઇએ. હવે આપણે તક્ત રસ (કડવો)ના ગુણધર્મો જોઈશું.

તિક્ત રસનાં કર્મો—

તિક્ત રસ રુચિ ઉત્પન્ન થાય એવો નથી· જેથી તેના સેવનની પુરુષોને ઇચ્છા થાય. અર્થાત્ તિક્ત રસ અસ્વાદ અને અરોચક હોવા છતાં પણ તેના સેવનથી રુચિ ઉત્પન્ન થાય છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે. શરીરના દોષોને પકાવે છે તેમ જ તેનું શોધન પણ કરે છે. વિષ–કૃમિ–ખંજવાળ–કોઢ–કુષ્ઠ–તૃષા–દાહ–અને મૂર્ચ્છાનો નાશ કરે છે. તાવને મટાડે છે. ધાવણ જો બગડું હોય તો તેને શુદ્ધ કરે છે. ચામડી અને માંસને દૃઢ બનાવે છે. ઝાડો–પેશાબ–મેદ–સ્વેદ–શરીરનો ક્લેદ–લસીકા–પરૂ–મજ્જા–પિત્ત–કફ અને ચરબીને સુકાવે છે.

તિક્ત દ્રવ્યો યકૃતને શુદ્ધ કરે છે. તેની ક્રિયાને સુધારે છે–અગ્નિને પ્રદીપ્ત કરે છે. યકૃતની શોધનક્રિયા સારી રીતે થવાથી તાવ–આમદોષ વગેરેથી ઉત્પન્ન થયેલા વિષને શુદ્ધ કરે છે. તિક્ત રસનું સમપ્રમાણમાં સેવન કરવામાં આવે તો આરોગ્ય સ્થિર રહે છે.

કડવા રસના આટલા ગુણો હોવા છતાં પણ જો તેનો વધુ ઉપયોગ કરવામાં આવે તો તેની રૂક્ષતા–ખરતા અને ધાતુશોષક સ્વભાવને કારણે રસ–રક્ત–માંસ–મેદ–અસ્થિ–મજ્જા અને શુક્રનું શોષણ કરે છે. રસ અને રક્તને વહન કરનારા સ્રોતોમાં કઠિનતા (સ્થિતિસ્થાપક ગુણોનો હ્રાસ) ઉત્પન્ન કરે છે, બળનો ક્ષય કરે છે. હર્ષ અને ઉત્સાહનો નાશ કરે છે. મોહ (મૂર્ચ્છા), ભ્રમ (ચક્કર), મુખશોષ–શરીરનો સ્તમ્ભ મન્યાસ્તમ્ભ–આક્ષેપક–અર્દિત–શિરઃશૂલ–તોદ–ભેદ–છેદ વગેરે વાતજન્ય વિકારો તથા મુખની વિરસતા ઉત્પન્ન કરે છે.

આ બન્ને રસોનું યોગ્ય પ્રમાણમાં સેવન કરવું અતિ આવશ્યક છે. સ્વાસ્થ્યની ઇચ્છા રાખનાર પુરુષે તેનો અતિયોગ ન થાય તેની ખાસ સંભાળ રાખવી જોઇએ. મધુર રસના અતિયોગથી થનારા વ્યાધિઓને માટે તિક્ત રસપ્રધાન કારેલાં, મેથી અને કંટોલાનું સેવન, નિત્ય, યોગ્ય માત્રામાં કરવું જોઈએ.

અતિશય ચરબી અને મધુપ્રમેહથી પીડાતા રોગીઓએ અન્ય રસોની સાથે તક્તિ રસનું સેવન કરવું જોઈએ.

મેથી—રસમાં કડવી, ગરમ, રક્ત અને પિત્તને કુપિત કરનારી, અગ્નિને પ્રદીપ્ત કરનાર, હલકી, રૂક્ષ, હૃદયના રોગોમાં અતિશય હિતકારી, બળ ઉત્પન્ન કરનાર અને તાવને હરનારી છે. રુચિ ઉત્પન્ન કરે છે. ઊલટીને બંધ કરે છે. વાતરક્ત–કફ, ખાંસી, અર્શ, કૃમિ, શ્વાસ, સન્નિપાત અને પાંડુ રોગને દૂર કરે છે.

મેથીનાં બીજ—ગરમ-કડવા-પૌષ્ટિક-જ્વરહર અને કૃમિનાશક છે. ભૂખને વધારે છે. આંતરડામાં સંકોચન ક્રિયા કરે છે. કુષ્ઠને દૂર કરે છે. મુખને શુદ્ધ કરે છે. રસોની સમ્યગ્ પ્રતીતિ કરાવે છે.

મેથીનાં પાન—શીતલ-પિત્તશામક-પાચન-આનુલોમિક અને શોથને નાશ કરે છે. પિત્ત પ્રકૃતિવાળા પુરુષો જો મેથીની ભાજીનું શાક બનાવી નિયમિત સેવન કરે તો તેની કબજિયાત કાયમ માટે દૂર થાય છે. સોજાના ઉપર મેથીનાં પાનનો લેપ કરવાથી બળતરા ઓછી થાય છે અને શોથ પણ ધીરે ધીરે ઘટતો જાય છે. પિત્તજ્વરમાં મેથીના પાનનો રસ આપવાથી ઘણો સારો લાભ થાય છે. જેને વારંવાર આમવાતને કારણે સાંધાઓ જકડાઈ જતા હોય તેમને માટે મેથીની ભાજીનું શાક બહુ જ હિતકારી છે. જેમને માસિક સ્રાવ નિયમિત આવતો ન હોય અને તેમાં જે વિષમતા હોય તો તે સ્થિતિને મેથીની ભાજી દૂર કરે છે.

મેથીમાં બળ ઉત્પન્ન કરવાનો ગુણ બહુ જ છે જેથી તેના મોદક અથવા પાક બનાવી શિયાળામાં ખાવો જોઈએ. જેમને શિયાળામાં કમર દુઃખતી હોય, સાંધાઓ જકડાઈ જતા હોય, અથવા તો વાયુનો કોઈ પણ રોગ હોય તેમણે નિયમિત રીતે મેથી અને અશ્વગંધાનો પાક બનાવી લેવો જોઈએ.

કાયમની કબજિયાત જેમને રહેતી હોય તેઓએ મેથીનો છૂટથી પ્રયોગ કરવો જોઈએ. આથી ઝાડો નિયમિત અને સાફ આવે છે. મેથીથી મળમાં રહેલ દ્રવાંશનું શોષણ થાય છે જેથી અતિસાર અને સંગ્રહણીમાં તેનો પ્રયોગ નિર્ભય રીતે કરવો જોઈએ. રક્તાતિસારમાં મેથીને કૂટી તેનો ફાંટ બનાવી પીવાથી લોહી બંધ થઈ જાય છે. પ્રસૂતા સ્ત્રીને મેથીમાં એલચી-લવિંગ વગેરે સુગંધી દ્રવ્યો નાખી લાડુ બનાવી આપવામાં આવે છે. આથી પ્રસૂતાને ભૂખ બહુ જ લાગે છે અને ઝાડો સાફ આવે છે અને ગર્ભાશય શુદ્ધ થાય છે. મેથી કામોદ્દીપક, પૌષ્ટિક અને શક્તિદાયક છે. કામશક્તિની દુર્બળતામાં અથવા તો નપુંસકતામાં આનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ. મેથીના સેવનથી ધાતુની દુર્બળતા મટે છે અને કામશક્તિ વધે છે. આ પ્રકારની દુર્બળતામાં મેથી તોલા ૧૦, ઘી તોલા ૧૦, ગોળ તોલા ૧૦, અશ્વગંધા તોલા ૧૦ અને સૂંઠ તોલા ૫, એલચી-લવિંગ અને જાયફળ તેમાં મેળવી તેના ૪૦ મોદક બનાવી સવાર-સાંજ એક એક લાડુ ખાવાથી કામશક્તિ ઘણી જ વધે છે.

છાતીમાં બહુ જ દુખાવો થતો હોય, થોડું ચાલતાં હાંફ ચઢી આવતી હોય તો તે સ્થિતિમાં મેથીનો ઉકાળો આપવાથી ઘણો જ લાભ થાય છે. મધુમેહથી પીડાતા રોગી માટે તો મેથી એ ખરેખર આશીર્વાદ સમાન જ છે. આવા રોગીઓએ મેથીનો પ્રયોગ નીચે મુજબ કરવો જોઈએ: (૧) મેથી તો. ૨ા રાત્રે પાણી શેર ૦ાા માં પલાળી રાખવી સવારે નયણેકોઠે તે પાણી પીવું; (૨) ૦ાા થી ૧ તોલો મેથીના ચૂર્ણને રાત્રે સૂતી વખતે પાણી સાથે લેવું. અગર કાચી મેથી ગળી જવી યા ચાવી ચાવીને લેવી; (૩) મેથીની ભાજીને સાફ કરી તેને રીતસરની સમારી લેવી. એક પેણીમાં થોડું તેલ મૂકી તેમાં તેને ધીમા તાપે સીઝવવી. આ શાકનું નિયમિત જવની ભાખરી યા રોટલી સાથે મધુમેહથી પીડાતા રોગીએ સેવન કરવું જોઈએ.

દમ (શ્વાસ) ના રોગીઓએ દરરોજ વહેલી સવારે ૦ાા થી ૧ તોલો મેથીનું ચૂર્ણ ગરમ પાણી યા ચા સાથે લેવું જોઈએ.

મેથીના પૂડા–ભજિયા મુઠિયા વગેરે પ્રક્રિયાથી મેથીના ઉપરોક્ત ગુણોનો લાભ થતો નથી. મેથીની કડવાશ દૂર કરવા માટે તેની વિવિધ પ્રક્રિયામાં દૂધનો છંટકાવ કરવામાં આવે છે તે ગુણની દૃષ્ટિએ હિતકારી નથી.

(૨) કારેલાં—રસમાં કડવા છે. પચવામાં હલકા છે. અગ્નિને પ્રદીપ્ત કરનાર છે. શીતલ છે. ઝાડો સાફ લાવે છે. અરુચિને હરે છે. કડવો રસ હોવા છતાં પણ વાયુને દૂર કરે છે. પિત્ત અને કફને પણ દૂર કરે છે. રક્તની વિકૃતિથી ઉત્પન્ન થયેલા રોગોને દૂર કરે છે. તાવને દૂર કરે છે. કૃમિના વારંવાર થતા હુમલાને દૂર કરે છે. પાંડુ રોગના રોગીને આનું શાક આપવાથી તેના મૂળ કારણભૂત પિત્તપ્રધાન દોષો દૂર થાય છે. પ્રમેહ માત્રમાં આનો ઉપયોગ બહુ જ હિતકારી છે. મેદને ઘટાડનાર આ એક જ તિક્ત રસવાળું દ્રવ્ય છે. મેદ અને આમનું પાચન કરી શરીરને સ્વસ્થ બનાવે છે, ઝાડો સાફ લાવે છે. સન્નિપાત–આમવાત–વાતરક્ત અને યકૃતના રોગોમાં આનો છૂટથી પ્રયોગ કરવો જોઈએ. માસિક સ્રાવની અશુદ્ધિને દૂર કરી ગર્ભાશયને ગર્ભ ધારણક્ષમ બનાવે છે. કુષ્ઠની કૃમિજન્ય અવસ્થામાં કારેલાંનો પ્રયોગ સફળતાથી કરી શકાય છે. કમળામાં પણ કારેલાંનો છૂટથી ઉપયોગ કરવાથી લાભ થાય છે.

કારેલાનાં પાનનો તાજો રસ હળદર સાથે મેળવી આપવામાં આવે તો શીતલા–મસૂરિકા અને રોમાન્તિકામાં લાભ થાય છે. આ સિવાય વિસર્પ અને વિસ્ફોટકમાં પણ આનો પ્રયોગ સારી રીતે કરી શકાય છે. કારેલીનો રસ બાળકોને કૃમિ વિકારોમાં આપવામાં આવે છે. રજોદર્શનના સમયે થતી વેદના મટાડવા માટે કારેલીનાં પાનનો રસ ๑ થી ๑॥ તોલો આપવાથી શીઘ્ર લાભ થાય છે.

કારેલીનું મૂળ ઘોડાના મૂત્રમાં ઘસી ચોપડવાથી આંખોના કષ્ટસાધ્ય રોગોમાં ફાયદો થાય છે. અર્શને કારણે ગુદામાં વેદના થતી હોય અને મળની સમ્યક્ પ્રવૃત્તિ થતી ન હોય તો કારેલીના મૂળનો કવાથ પીવા આપવો. યોનિભ્રંશમાં કારેલીના મૂળના સૂક્ષ્મ ચૂર્ણની પોટલી બનાવી મૂકવાથી ભ્રંશ કાયમને માટે દૂર થાય છે. શ્વાસના તીવ્ર હુમલાને બેસાડવા માટે ૧ વાલ કારેલીના મૂળનું સૂક્ષ્મ ૨ થી ૪ વાર આપવાથી લાભ થાય છે.

ચાંદી અને પરમિયાની બીમારી દૂર કરવા માટે કારેલાનો પ્રયોગ અધિક માત્રામાં અને લાંબા સમય સુધી કરવો જોઈએ.

પારાની વિકૃતિથી ઉત્પન્ન થયેલા મુખપાક માટે કારેલાનું શાક યા કારેલીના પાનનો સ્વરસ બહુ જ ઉપયોગી છે.

પથરી—પથરીમાં કારેલીના પાનનો રસ બહુ જ લાભદાયક છે. કારેલીનો તાજો રસ ૩ તોલા, ૧॥ તોલા દહીં સાથે આપવો અને ઉપરથી ૧૦ તોલા છાસ પીવડાવવી. આ રીતે ૩ દિવસ પ્રયોગ કરવો. ત્યાર બાદ ૩ દિવસ પ્રયોગ બંધ કરવો. ત્યાર બાદ ૪ દિવસ ઉપરોક્ત ક્રમ ચાલુ રાખવો, અને ત્યાર બાદ ૪ દિવસ બંધ કરવો. ત્યાર બાદ પાંચ દિવસ આપી પાંચ દિવસ બંધ કરવો. આ રીતે સાત દિવસ સુધી વધારી પ્રયોગ કરવાથી નિશ્ચિત પથરી દૂર થઈ જાય છે. પથ્યમાં કેવળ મગની દાળની ખીચડી જ આપવી.

સન્નિપાત—કારેલાની ઉપરની છાલ કાઢી તેને બાફવા અને તેમાં થોડી સાકર મેળવી ગરમ ગરમ ખવડાવવા. નિયમિત સવારે અને સાંજે ๐॥–๑॥ શેર કારેલા ખવડાવવાથી ૧૦ થી ૧૫ દિવસમાં સાન્નિપાત મટી જાય છે.

મધુમેહ—થી પીડાતા રોગીએ કારેલાનું શાક તેને સુકવી ચૂર્ણ બનાવી તેનું સેવન કરવું તથા કારેલા અને મગનું શાક નિયમિત લેવું જોઈએ.

કંટોલા—કારેલા અને કંટોલના ગુણો લગભગ સરખા જ છે. કંટોલીના છોડના વેલા બે પ્રકારના હોય છે: એક નરછોડ અને બીજો નારીછોડ (માદા છોડ). તે પૈકી માદાછોડના વેલાને ફળો આવે છે અને નરછોડના વેલાને ફળો આવતા નથી જેથી તેને વાંઝણી કંટોલી કહેવાય છે.

કંટોલા રુચિકારક છે. બળને વધારનાર છે. ધાતુપૌષ્ટિ હોવાથી વીર્યને વધારનાર છે. તિક્ત રસપ્રધાન હોવાથી જ્વર (તાવ) ને હરે છે. ત્રણે દોષોનો નાશ કરે છે. મધુરરસ હોવાથી પિત્તને હરે છે અને કુષ્ઠ અને ત્વચાના રોગોમાં હિતકારી છે. ખાંસી-દમ અને હેડકીવાળા રોગીઓ કંટોલાના શાકનું સેવન ઠીક ઠીક પ્રમાણમાં કરવું જોઈએ. અર્શના રોગી માટે પણ કંટોલા લાભદાયક છે.

વાંઝણી કંટોલીના મૂળ સ્તન્ય અથવા દૂધમાં ઘસી તેનું નસ્ય લેવાથી શ્લીપદ મટે છે. આનાં મૂળને પાણીમાં ઘસી પીવડાવવાથી સાપનું ઝેર ઉતરી જાય છે. કમળામાં વાંઝણી કંટોલીના કંદના સ્વરસનું નસ્ય લેવાથી સારો લાભ થાય છે.

સંક્ષેપમાં, મધુર રસના સેવનથી ઉત્પન્ન થતાં વ્યાધિઓને દૂર કરવા માટે યથાયોગ્ય માત્રામાં કારેલાં-મેથી અને કંટોલાનું સેવન કરવું જોઈએ.

❋

અનુસંધાન પૃ. ૯૬]

મંદાગ્નિનાં દરદી માટે ભીલામાવાળું નારસિંહ ચૂર્ણ વાલ ૦।।, અમ્લવેતસ વાલ ૨, ત્રિકટુ વાલ ૧, એનાં બે પડીકાં બનાવી સવાર સાંજ ભોજન પછી લેવું.

શુદ્ધ ઝેરકોચલું રતિ ૧, કાંકચા વાલ ૦।।, ચોસઠી પીપર વાલ ૦।।, ભોજન પછી લેવાથી સારો ફાયદો થાય છે અને શક્તિ મળે છે.

વડવાનલચૂર્ણ-સિંધવ તોલો-૧, પીપરી મૂળ તોલા ૨, ચવક તોલા ૪, ચિત્રકમૂળ તોલા ૫, સૂંઠ તોલા ૬, હરડેની છાલ તોલા ૭, એ બધાંને સારી રીતે ખાંડી કપડે ચાળી રાખી સહેજ પણ અજીર્ણ કે મંદાગ્નિ જેવું લાગે ત્યારે બે વાલનું એક પડીકું પાણી સાથે લેવું, એથી મળદોષ દૂર થઈ સારી ભૂખ લાગશે.

સામાન્ય રીતે મંદાગ્નિમાં દીપન પાચન કરવા માટે ખોરાકમાં વિશેષ પ્રમાણમાં છાશ, લીંબુ, લસણ વગેરે પ્રકૃતિ પ્રમાણે માફકસર લેવાથી ફાયદો થાય છે.

મંદાગ્નિમાં રાત્રે ઝીણો તાવ આવતો હોય અને ઉતરતી વખતે ખૂબ જ પરસેવો વળી નબળાઈ લાગતી હોય તેવી સ્થિતિમાં ગળોનું ઘન (સંશમની નં. ૩)ની ગોળી ૧૫ થી શરૂ કરી ૩૦ સુધી એક એક વધતું અને એક એક ઘટતું. આ વર્ધિત પ્રયોગથી ઝીણો તાવ દૂર થશે, લોહીની ગરમી ઓછી થશે, સારી ભૂખ લાગશે.

મંદાગ્નિ દૂર કરનારાં આ સાદા ઔષધો નવું લોહી અને શક્તિ આપે છે.

❋

મંદાગ્નિનાં કારણો, ચિહ્નો અને ઉપચારો

વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ

માણસને પોષણ માટે અને ખોરાકના પાચન માટે અગ્નિની જરૂર છે. આ અગ્નિનું કામ આપણા શરીરમાં રહેલા વાતાદિ દોષોમાં પિત્ત કરે છે. આ પિત્ત ખાધેલા ખોરાકનું પાચન કરે છે, એમાંથી શરીરના પોષણ માટે આવશ્યક તત્ત્વો છૂટાં પાડી પોષણ આપે છે. પરંતુ આજે તો આપણા મધ્યમ અને શ્રીમંત વર્ગમાંથી અગ્નિ જ બુઝાઈ ગયો છે. બરાબર બાર વાગ્યે અને સાચી ભૂખ લાગે અને ખોરાકની ઈચ્છા થાય તેવું ભાગ્યે જ દેખાય છે. સમાજના મોટા ભાગની એક જ ફરિયાદ હોય છે કે અમને સાચી ભૂખ લાગતી નથી. છતાંય થોડું ખાઈએ છીએ એ પચતું નથી ત્યારે એમાંથી નાનાં મોટાં દરદોનાં બીજ થવું પડે છે.

આ મંદાગ્નિ એક એવું દરદ છે કે જેને માટે દરદીની લાગણી પણ થતી નથી. એની સંભાળ કે ચીવટ પણ રાખવામાં આવતી નથી. અને પરિણામે કાયમી મંદાગ્નિમાંથી શરીરના પોષણ માટે જે આવશ્યક તત્ત્વોની જરૂર રહે છે તે મળી શકતાં નથી. એટલે શરીર દિવસે દિવસે ઘસાવા માંડે છે. અને એની અસર આરોગ્ય ઉપર થાય છે.

મંદાગ્નિનો આ રોગ અજીર્ણનો જ એક પ્રકાર છે. જ્યારે અજીર્ણ લાંબા વખતનું થઈ જાય ત્યારે જ આંતરડાં પોતાની પાચક શક્તિ ગુમાવીને ખાધેલા ખોરાકમાંથી છૂટો પડેલો ચીકણો રસ આમને હોજરીમાં સંગ્રહી રાખે છે. અને પરિણામે જ્યાં સુધી એ ન પચે ત્યાં સુધી નવા ખોરાકની માગ કે ઈચ્છા આપણું શરીર કરતું નથી અને પરિણામે ભૂખ લાગતી નથી.

અજીર્ણના રોગમાં જેમ માણસની રહેણીકરણી અને આહારવિહાર મહત્ત્વનો ભાગ ભજવે છે, તેમ આયુર્વેદના પંડિતોએ જે વિહારજન્ય કારણોની રજૂઆત કરી છે તેનો નિર્દેશ કરતાં કહ્યું છે કે ઈર્ષા, ભય, લોભ, ક્રોધ, શોક, દીનતા વગેરે લાગણીઓથી મન વ્યાકુળ હોય તો પણ અન્ન પચતું નથી અને કાચું પડ્યું રહે છે અને અજીર્ણ થાય છે. ને એમાંથી જ મંદાગ્નિ આવે છે.

શહેરનાં ખાનપાન ઉપર નજર નાખીશું તો જણાશે કે આપણે સ્વાભાવિક રીતે પચે અને પોષણ મળે તેવો પોષક, નિયમસર અને માફકસર ખોરાક કેવો અને કેટલો લઈએ છીએ ! આજનાં શહેરી ખાનપાનમાં સૌથી ઝેરી અસર તો તીખો, તળેલો અને રસકસ વગરનો ખોરાક જ પેદા કરે છે. ઘેરથી દૂર ગયે ત્યાં અને ગમે તેવી હોટેલોમાં ગમે તેવો વાસી, તીવ્ર મસાલાવાળો ખોરાક ખાઈને વિકૃત સ્વાદેન્દ્રિયો સંતોષાય તે રીતે આપણે ભૂખ લાગી હોય કે ન લાગી હોય તો પણ પેટ ભરીએ છીએ. અને એની અસર આપણા આરોગ્ય ઉપર થાય છે.

ખોરાકની ઈચ્છા ન હોય છતાંય ન પચે તેવો ભારે, ચીકણો ખોરાક આપણે ખાઈએ છીએ અને દરદને નોતરીએ છીએ.

એ જ રીતે મંદાગ્નિનાં બીજાં કારણોમાં કોઈ ને કોઈ ઉગ્ર કે ધીમા પ્રકારની માંદગી પછીની અસર પણ કારણરૂપ બને છે. લાંબા વખતનો જીર્ણ તાવ, ન્યુમોનિયા, ટાઈફોઈડ કે ઝાડા મરડાનાં દરદોમાં એ દરદોને તીવ્ર દવાઓથી અટકાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હોય ત્યારે કુદરતી રીતે જે ઝેરનો નિકાલ થવો જોઈએ તે થતો નથી એટલે એનો સંગ્રહ થઈને પણ મંદાગ્નિના ભોગ થવું પડે છે.

પરંતુ મંદાગ્નિનું મહત્ત્વનું કારણ તો આજના એશઆરામનાં જીવન જીવતા સમાજ માટે એમનાં આંતરડાંને પૂરતાં ગતિવાળાં રાખી ખોરાકનું સારું પાચન થાય તેવી કસરત જ મળતી નથી તે છે. કોણ જાણે કેમ પણ આપણા સમાજમાંથી શ્રમનો મહિમા જ ઘટી ગયો છે. જે વર્ગ પેટને ખાતર શ્રમ કરે છે તે પોતાના શ્રમની પૂરણી માટે પોષક ખોરાક લેવાને બદલે વ્યસનનો ભોગ બન્યો છે, અને અનારોગ્ય નોતરે છે; અને બીજો વર્ગ જે શ્રમ નથી કરતો એ અતિશય પોષણ લઈને દરદને નોતરે છે. આ રીતે આખા સમાજમાં એક પ્રકારનું વિકૃત જીવન જીવાઈ રહ્યું છે : એકને પોષણના અભાવે દરદો થાય છે; તો બીજાને અતિ પોષણથી દરદો થાય છે!

મંદાગ્નિનું પ્રથમ ચિહ્ન લોહીની ખામી અને નબળાઈ છે. ભૂખ લાગતી નથી તેમ જ ખોરાકનું પાચન થતું નથી કારણ કે આ બન્ને ક્રિયાઓ જાગ્રત કરવા માટે જે તંદુરસ્ત લોહીનો જથ્થો જોઈએ તે જ એમની પાસે હતો નથી અને ખોરાકના દીપન અને પાચનના અભાવે નવો જથ્થો મળી શકતો નથી. આવી સ્થિતિમાં દરદી ધીમે ધીમે પોતાની જાત જ ઘસી નાખે છે. અને ક્ષય કે છેલ્લી સ્થિતિનાં પાન્ડુ રોગ તરફ ધકેલાઈ જાય છે ને આખરે મરણને શરણ થાય છે.

આવા દરદીઓની ફરિયાદોનો વિચાર કરીએ તો એમને સવારના ઊઠતાંની સાથે ફેર અને ચક્કર આવે છે. નબળાઈ લાગે છે અને આખું શરીર જાણે કે છૂટું પડી જતું હોય તેવી તોડ કળતર થાય છે, મોઢું ચીકણું હોય છે અને જીભ ઉપર છારી જામી જાય છે. આવાં દરદીઓને ખોરાક લીધા પછી ઓડકાર આવ્યા કરે છે. અને પુષ્કળ મોળ છૂટે છે તો ક્યારેક ઊલટી પણ થાય છે. થોડું ખાતાં જ બેચેની થાય છે અને પેટ ભરાઈ ગયું હોય તેવું લાગે છે. આવાં દરદીઓને ખોરાક પચતો નથી એટલે એ સડીને ગેસ થાય છે, પેટ ચડે છે અને એ વાયુનું હૃદય ઉપર દબાણ થઈ એને નબળું પાડે છે. આવાં દરદીઓનાં લીવર અને પાચક રસો છોડનારી ગ્રંથિઓ તો ચીમળાઈ જ ગઈ હોય છે કે એમાં સોજો આવી આળી બની ગઈ હોય છે. એટલે કલેજાના ભાગ ઉપર સતત દુઃખાવો રહ્યા કરે છે અને આથી દરદી અસ્વસ્થ રહે છે, એની નાડી ક્યારેક વિષમ વેગવાળી તો ક્યારેક ધીમી હોય છે. જરાજરામાં એને થાક લાગે છે અને પરસેવો વળી જઈ શરીર એકદમ ઠંડું બની જાય છે, તો કેટલાંક દરદીઓનું શરીર ઠંડું જ રહે છે.

આવાં દરદીઓના લોહીમાં આવશ્યક ગરમી અને શક્તિ ન હોવાથી લોહીનું ગતિકાર્ય મંદ રહે છે અને એથી હાથેપગે ખાલી ચડે છે અને જ્ઞાનતંતુઓની નબળાઈ પણ વધતી જાય છે.

આવાં દરદીઓને કાયમી માથું ભારે લાગે છે તો ક્યારેક અતિશય દુઃખાવો થાય છે.

ખોરાકની સંગ્રહાયેલી ચીકાશના કારણે કેટલીક વખત શ્વાસ અને દમ થતો જોવામાં આવે છે.

મંદાગ્નિની આ ક્રિયાઓ છે. લાંબા વખતની આવી ક્રિયાઓમાંથી દરદીનો સ્વભાવ અસ્થિર અને ચીડિયો બની જાય છે કે જે દરદીને વધુ ને વધુ નુકસાનકારક બને છે.

સામાન્ય એવાં કારણોમાંથી માત્ર ભૂખ જ લાગતી નથી એવી મામૂલી ફરીઆદમાંથી દરદી આ રીતે ધીમે ધીમે ધાતુઓના પોષણના અભાવે એના ક્ષય તરફ ઘસડાતો જાય છે અને એ રીતે મંદાગ્નિ એ જીવલેણ દરદ બની જાય છે.

આવાં દરદો ઉપર આયુર્વેદ શાસ્ત્રમાં જે ઔષધયોજનાનું નિર્માણ કરવામાં આવ્યું છે તે આ પ્રમાણે છે :

આપણે જોયું કે મંદાગ્નિ એ રસશોષાજીર્ણ નામનો જ એક રોગ છે. એમાં ખોરાકના પાચન માટે જે પિત્તની શક્તિ અને તાકાત જોઈએ તે હોતી નથી એટલે ખોરાકનું પાચન થતું નથી.

આ પિત્ત જ તાકાત નબળી પાડવાનાં પ્રથમ કારણ તરીકે વારંવાર ભોજન દરમ્યાન કે ભોજન પછી તરત જ વિશેષ પાણી પીવાની ટેવ કારણભૂત હોય છે, એટલે આવાં દરદીઓએ ભોજન પહેલાં કે ભોજન પછી પાણી ન પીવું એ જ એની કુદરતી દવા બને છે.

મંદાગ્નિમાં ભોજન પહેલાં આદુમાં થોડું લીંબુ નીચોવીને લેવામાં આવે તો સારી ભૂખ ઉઘડે છે અને ખોરાક પચે છે.

એ જ રીતે હિંગાષ્ટક વાલ ૧ અને થોડું ઘી નાખી ભાતના એક બે કોળિયા શરૂઆતમાં લેવાથી ખોરાકનો ગેસ થતો નથી અને પાચન થાય છે.

મંદાગ્નિનું ખરું કારણ તો હોજરી અને અંતરડામાં ચોંટેલી લીપાયેલી ચીકાશ પ્રધાનપણે હોય છે અને એ દૂર કરવા માટે પાચક ગ્રંથીઓને બળ આપવા માટે વાવડિંગ તોલા પાંચ ને પાણી શેર સાતમાં ઉકાળી ચાર શેર પાણી બાકી રહે ત્યારે ગાળી લઈને આખો દિવસ એ જ પાણી પીવાથી ખૂબ જ સારી ભૂખ ઉઘડે છે.

મંદાગ્નિ હોય તેવા દરદી માટે વર્ધમાન પીપર પ્રયોગ પણ ખૂબ સારું કામ કરે છેઃ દૂધ શેર ૦। અને પાણી શેર ૦। માં લીંડી પીપર નંગ ૩ નાખી પાણી બળી જાય ત્યાં સુધી ઉકાળી દૂધ બાકી રહે એટલે ઉતારી ઠારી એમાંથી પહેલાં પીપર ચાવીને ખાઈ જવી અને ઉપર દૂધ પીવું. આ રીતે પાંચ પીપર સુધી દરરોજ એક એક પીપર વધારવી. અને પાંચથી પંદર પીપર સુધી દરરોજ અડધો શેર દૂધ ને એટલું જ પાણી લેવું. એ રીતે પંદર દિવસ ચડવું અને પંદર દિવસ ઘટવું. એમ એક માસના આ પ્રયોગથી સારો અસર થાય છે.

ચિત્રકમૂળ, પીપરીમૂળ, સાજીખાર, જવખાર, સિંધવ, સંચળ મીઠું, નવસાર, સૂંઠ, મરી, પીપર શેકેલી, હીંગ, અજમા અને ચવક—એ બધાને કપડગાળ ખાંડી એ ચૂર્ણમાં લીંબુ બીજોરું કે ખાટાં દાડમનો રસ નાખી, ત્રણ દિવસ સારી રીતે લટી—ચણા જેવડી ગોળી બનાવી લેવી. ભોજન પછી બે થી ચાર ગોળી જરૂર પ્રમાણે બે-ત્રણ વખત લેવાથી સારું દીપન અને પાચન થાય છે.

[અનુસંધાન પૃ. ૯૩

સ્વેદન

વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી

સ્વેદન શબ્દ સંસ્કૃત છે અને ખાસ કરીને આયુર્વેદના પંચકર્મમાં જેનું મહત્ત્વનું સ્થાન છે તેને સ્વેદન કહે છે. એટલે શરીરમાંથી સ્વેદ-પરસેવો લાવવો, ઉત્પન્ન કરવો એને સ્વેદન કહેવાય.

શરીરમાં લીધેલા આહારમાંથી મુખ્યત્વે બે પ્રકારના પદાર્થો બને છે: (૧) પ્રસાદ અને (૨) કીટ્ટ. કીટ્ટનો બીજો અર્થ થાય છે મળ. શરીરમાં ઉત્પન્ન થતા મળોને શરીર પોતે જુદા જુદા માર્ગે શરીર બહાર ફેંકે છે. ઝાડો, પેશાબ, પસીનો, આ શરીરના મળ-દોષોને બહાર ફેંકવાના અગત્યના માર્ગો છે.

શરીરની ચામડી ઉપર હજારો છિદ્રો છે. તે છિદ્રોમાંથી પસીનો બહાર પડે છે. કારણ કે આ છિદ્રો સ્વેદવહ સ્રોતોનાં મૂળ છે. અન્તસ્ત્વચામાં સ્વેદ કરનારી ગ્રન્થિઓ હોય છે (સ્વેટ ગ્લેન્ડસ) તે ગ્રન્થિઓ શરીરમાં રહેલી હજારો કેશીકાઓમાંથી રક્તનું જળ તથા મળ રૂપ ધર્મ પદાર્થ બહાર કાઢે છે. સ્વેદ યથાર્થ રીતે થવાથી બીજો પણ લાભ થાય છે: स्वेद क्लेदत्व कर्ता कुमार्य कृत (સુશ્રુત) સ્વેદનું બીજું કાર્ય ચામડીને સ્નિગ્ધ, મૃદુ અને સુકુમાર બનાવી રાખવી તે છે.

શરીર પોતે જ વખતોવખત જરૂરિયાત પ્રમાણે પસીનો બહાર ફેંકે છે. પરંતુ આપણો સભ્ય સમાજ અને સંસ્કારી જીવનમાં આપણાં કપડાંના દ્વારા રાતદિવસ શરીર ઉપર રહેવાથી તેમ જ જોઈએ તેટલો શુદ્ધ વાયુ, સૂર્યનો પ્રકાશ, ખુલ્લું વાતાવરણ શરીર અને શરીરની ચામડીને તદ્દન ઉઘાડી રાખીને આપણે ફરી નથી શકતા જેથી શરીરની ચામડીના છિદ્રો જોઈએ તે રીતે પોતાનો સ્વભાવ અને ધર્મ નથી બજાવી શકતાં. આપણા રાતદિવસ ફરતા ઇલેક્ટ્રિકના પંખા અને એરકંડીશન રૂમ અને હવાના કારણે શરીરને જ્યારે જરૂર પડે છે ત્યારે અકુદરતી અવરોધ થવાથી પસીનો બહાર આવી શકતો નથી અને આ રીતે સ્વેદ-પસીનાની યથોચિત પ્રવૃત્તિ ન થવાથી અર્થાત્ રાતદિવસ લક્ષ અલક્ષપણે સ્રુત થતો સ્વેદ, ચરકના મત પ્રમાણે, દશ અંજલિ આજના વિજ્ઞાન પ્રમાણે અહોરાત્રમાં બે પાઉન્ડ સ્વેદ થવો (ઋતુભેદથી આ પ્રમાણ ઓછું વધતું હોઈ શકે) જોઈએ.

પરંતુ આ રીતે સ્વેદ થવાથી અને સ્વેદ મેદ ધાતુનો મળ હોવાથી શરીરની શુદ્ધિ જળવાઈ રહે છે. પરંતુ સ્વેદ ક્ષય થાય છે ત્યારે, સુશ્રુત કહે છે: स्वेद क्षये ।

અર્થ—સ્વેદ (ગ્રન્થીઓ અને મેદ ગ્રન્થીઓના સ્રાવ) ક્ષીણ થવાથી રોમકુપનો અવરોધ, ચામડીની રૂક્ષતા, ચામડી ફાટી જવી, સ્પર્શજ્ઞાન શુદ્ધ ન થવું અને રોમ (રૂંવાડાં) ખરી જવાં વગેરે લક્ષણો પેદા થાય.

એનો ઉપાય બતાવતાં સુશ્રુત કહે છે: 'અભ્યંગ, વ્યાયામ, મદ્ય, નિદ્રા, સ્વેદન વિભિન્ન શંક) ની વા સ્થાન (પવન ન લાગે એવા સ્થળમાં રહેવું) અને સ્વેદન દ્રવ્યોનું સેવન—આટલા ઉપાયોથી ક્ષીણ થયેલ સ્વેદની પ્રવૃત્તિ થઈને સામ્યવસ્થા પ્રાપ્ત કરે છે.

આયુર્વેદમાં આટલા જ માટે વ્યાધિ દૂર કરવા અથવા કાયાકલ્પ માટે ચિકિત્સા જેને 'કલ્પ ચિકિત્સા' કહેવામાં આવે છે તે કરતાં પહેલાં પંચકર્મની અંદર સ્વેદનને બીજા નંબરે મૂક્યું છે. પ્રથમ સ્નેહ કરાવ્યા પછી સ્વેદન કરાવવાનું વિધાન છે. આયુર્વેદમાં શરીરશોધન પ્રક્રિયામાં જ્યાં જ્યાં વમન, વિરેચન અને બસ્તિકર્મ કરવાનું હોય છે, ત્યાં ત્યાં પ્રથમ સ્નેહ, સ્વેદ આપ્યા પછી જ શુદ્ધિ માટેનાં કર્મ કરાવવાની આજ્ઞા છે. વાગ્ભટની સૂત્રસ્થાનમાં આજ્ઞા છે કે,

"स्नेह स्वेदावनभ्यास्य कुर्यात्संशोधन
दारुशुष्कमिवा नामे शरीरं तस्य दायते ॥"

ભાવાર્થ : સ્નેહ સ્વેદનો અભ્યાસ (વારંવાર) કર્યા વગર જે શોધનકર્મ કરે છે તે સૂકા લાકડાને વાળવાનો પ્રયત્ન કરવા બરાબર છે.

એ લાકડું વળતું નથી પણ તૂટી જાય છે. અર્થાત્ સ્નેહ સ્વેદ કર્યા વગર કરાવેલા વમન, વિરેચન, બસ્તી, આદિક કર્મો લાભને બદલે હાનિ પહોંચાડે છે. માટે સ્નેહ-સ્વેદ વ્યાધિના શમન માટે અને કલ્પ ચિકિત્સા માટે કરાવવું જરૂરી છે.

આપણે સ્વેદનના વિષયને ન્યાય આપવા ખાતર સ્નેહ કોને કહે છે તે જોઈ લેવું પડશે.

સ્નેહ એટલે સ્નિગ્ધ દ્રવ્યનું પાન કરાવવું તેને સ્નેહન અથવા સ્નેહ કહે છે.

આ સ્નિગ્ધ પદાર્થ કેવો હોવો જોઈએ? જે પદાર્થ ગુરુ (ભારે) હોય, શીતળ, સારક, સ્નિગ્ધ મંદ, સૂક્ષ્મ મૃદુ અને દ્રવ રૂપ હોય એવા પદાર્થનું સ્વેદન કરાવ્યા પહેલાં પાન કરાવવું.

વાગ્ભટ સ્નેહને માટે કહે છે तत्राऽपिचोत्तमंसर्पिः ઘી એ સ્નેહમાં ઉત્તમ છે કારણ ઘીનો સંયોગ જે પદાર્થો સાથે કરાવવામાં આવે છે તે પદાર્થોનો ગુણ ઘીમાં ઊતરી આવે છે અને એથી ઘી સિદ્ધ કરીને આપવામાં આવે તો શરીરનાં ઊંડાંમાં ઊંડાં સ્રોતો સુધી ઔષધિ ગુણોને પહોંચાડી શકે છે. એટલે તો ઘીને 'સહસ્રવીર્ય' કહ્યું છે. વળી ઉપર સ્નિગ્ધ દ્રવ્યના જે ગુણ હોવા જોઈએ તે ગુણો ઘીમાં છે.

સ્નેહ બે પ્રકારનો અપાય છે : શોધન માટે અને શમન રૂપ માટે. સંશોધન માટે આપવાનાં સ્નેહનો સમય રાત્રિનું ભોજન પચી ગયા પછી, પ્રાતઃકાળમાં આપવાનું છે, અને શમન માટે આપવાનો સમય ત્રીજા પહોર બપોરનો સમય છે. સ્નેહની માત્રા ઉત્તમ બળ માટે ૧ પલ અર્થાત્ ૪ તોલા અથવા ૪ થી ૮ તોલા મધ્ય બળવાળા માટે ૩ તોલાથી ૬ તોલા અને હીન બળવાળાને ૨ તોલાથી ૪ તોલા આપવાનો છે. કેટલા પ્રમાણમાં સ્નેહ આપવું એ દર્દીની પ્રકૃતિ અને બળાબળનો વિચાર કરીને આપવાનો છે. આ સ્નેહ સામાન્ય રીતે કલ્પ ચિકિત્સા માટે છે. અથવા પંચકર્મથી શુદ્ધિ કરાવીને કાયાકલ્પ કરાવવાનો હોય તેને માટે છે. સામાન્ય સ્વેદન કરાવનારને અમે રાત્રે ખીચડી સાથે ત્રણ ચાર તોલા ઘી આપીએ છીએ, બીજો ખોરાક આપતા નથી, એથી સ્નેહ સારી રીતે પચી જાય છે. શાસ્ત્રમાં ખીચડી સાથે ઘી નહિ પરંતુ એકલું મૂન (નામ ગરમ પાણી સાથે) પાન

કરાવવાની આજ્ઞા છે. છતાં જેમને વમન થતું હોય અને જ્વરના રોગી હોય અથવા જ્વર ઉતારવા માટે સ્વેદ, જેને લૌકિક ભાષામાં નાહ અથવા નાસ કહે છે—અને તાવમાં નાસ આપવાનો જુગજૂનો રિવાજ છે, તેમને સ્નેહપાન કરાવવું ન જોઈએ પરંતુ છથ્થું વ્યાધિમાં શરીરશુદ્ધિ માટે કેટલાક દિવસ સ્નેહ આપવાથી અંદરનાં સ્રોતો કુણાં થાય છે અને ઓતોમાં ઊંડે ઊંડે ચોંટેલો દોષ સ્નિગ્ધતા પ્રાપ્ત થતાં ઉખડી જાય છે. અને સ્વેદન—વમન વિરેચન દ્વારા શરીર બહાર ફેંકાઈ જાય છે.

હવે આપણે મુખ્ય વિષય સ્વેદન ઉપર આવીએ.
પ્રથમ પ્રશ્ન એ ઊભો થાય છે કે સ્વેદન શા માટે?
જેનો ઉત્તર વાગ્ભટ રૂડી રીતે આપે છે :

'રોગાક્રમણ ત્રણ પ્રકારે હોય છે. અથવા રોગનાં આશ્રયસ્થાન કોષ્ટ—ધાતુ સ્રોત શાખા અને અસ્થિ વગેરે સ્થાનોમાં લીન થઈને બેઠેલા દોષોને સ્નેહ દ્વારા કલીન કરીને, સ્વેદન દ્વારા તપાવીને પાતળા અથવા દ્રવ રૂપમાં કરી લેવામાં આવે છે. એથી એ પ્રકારે દોષ દૂષ્ય સ્થાનોથી અલગ થતાં વમન વિરેચનાદિકથી સુખપૂર્વક બહાર કાઢી શકાય છે.'

આયુર્વેદના પંચકર્મમાં રહેલા સ્વેદન કર્મની મહત્તા હમણાં હમણાં પાશ્ચાત્યોને સમજાઈ છે અને 'સ્ટીમ બાથ' દ્વારા અનેક રોગો સારા કરવા તરફ કુદરતી ઉપચાર પદ્ધતિનાં દુદુમ્ભિ વગાડી રહ્યા છે; જ્યારે બીજી તરફ એ જ શાસ્ત્રના અભ્યાસીઓ પંચકર્મ વડે અસાધ્ય વ્યાધિને સાધ્ય કરવાની ચિકિત્સા ભૂલી રહ્યા છે એમ નહિ, ભૂલી ગયા છે. સ્વેદ આપવાના ૧૩ પ્રકાર જોવામાં આવે છે: (૧) શંકર (૨) પ્રસ્તર (૩) નાડી (૪) પરિષેક (૫) અવગાહન (૬) જેન્તાક (૭) અશ્મન (૮) કર્ષૂ (૯) કુટી (૧૦) ભૂસ્વેદ (૧૧) કુમ્ભી (૧૨) કુપ અને (૧૩) હોલાક.

(૧) શંકર સ્વેદ

ગરમ પદાર્થને કપડાંની પોટલીમાં બાંધી શેક કરવો એ પહેલો પ્રકાર—શંકર સ્વેદ.

(૨) પ્રસ્તર

ગમે તે ધાન્યને બાફી ખાટલા ઉપર અથવા શિલા ઉપર પાથરી તેના ઉપર એરન્ડાનાં પાંદડાં મૂકી દરદીને સહન થાય તેટલી ગરમીમાં સુવાડી ઉપર ગરમ ધાબળો ઓઢાડી દેવો. અથવા આખા શરીરે પસીનો આવ્યા પછી શરીર સ્વચ્છ કપડાંથી લૂછી નાંખવું એને પ્રસ્તર સ્વેદ કહે છે.

નોંધ : સુવાવડી સ્ત્રીને આખું શરીર દુઃખતું હોય ત્યારે, બકરીની લીંડીઓ, વખંડાનાં પાન, થોડાક કપાસિયા અંદર અજમો આ સઘળું બાફીને ખાટલા ઉપર પાથરી તેના ઉપર સુવાડી નાસ આપવાથી શરીરમાંથી પસીનો છૂટી શરીર હલકુંફૂલ બની જાય છે. ઝાલાવાડમાં રબારી, ભરવાડ ઠાકરડા અને બીજી ગામડાંની પ્રજામાં આ જાતનો સ્વેદન પ્રકાર મેં અનેક વખતે જોયો છે.

(૩) નાડી સ્વેદ

એક વાસણમાં વાતહર ઔષધિઓ: રાસ્ના એરંડાના મૂળ, સૂંઠ, નગોડ વગેરે ભરી તેની અંદર ગાયનું મૂત્ર અથવા દૂધ વગેરે ભરી એ વાસણનું મુખ પેચવાળા ઢાંકણાથી બંધ કરી

તેના ઉપર એક નળી લગાડીને એ મારફત અંદર ઉત્પન્ન થયેલી વરાળ શરીરના જે ભાગ ઉપર લેવી હોય તે લઇ શકાય અને આ રીતે વાત વ્યાધિથી જકડાએલાં સ્તબ્ધ થયેલાં, જૂઠા પડેલાં, આમવાતથી સોજો આવેલાં અને લકવા આદિમાં બહેર મારી ગયેલા અંગો ઉપર ધીમે ધીમે આ વરાળનો શેક લેવો, જેનું નામ નાડી સ્વેદ છે.

(૪) પરિષેક સ્વેદ

વાતહર ઔષધિથી જળને ઉકાળીને તે જળની ધારા જ્યાં સ્વેદન કરવું હોય તેના ઉપર કરવી એનું નામ પરિષેક સ્વેદ છે.

(૫) અવગાહન સ્વેદ

વાતહર ઔષધિથી ઉકાળેલું પાણી અથવા ઘી, દૂધ, માંસ, રસ વગેરે ગરમ પદાર્થોને એક અથવા અનેક મેળવીને ભરી એક મોટા પાત્રમાં જેમાં માણસ ઓછામાં ઓછો કમર-ડૂબ બેસી શકે (ટબ બાથ) એમાં ભરીને રોજ આ રીતે બાથ લેવો. પેટનાં દર્દો, મૂત્રાશયમાં, આંતરડાનાં દર્દોમાં પ્રચલિત થયેલો ટબબાથનો પ્રકાર અત્યંત ઉપયોગી જણાયો છે. માત્ર પાશ્ચાત્ય પદ્ધતિથી ટબબાથ આપનાર ચિકિત્સકોને અમો વિનંતી કરીએ છીએ કે આયુર્વેદિક ઔષધિઓથી સંસ્કારિત પાણી અથવા તેની સાથે ગૌમૂત્ર મીલાવીને ટબબાથમાં ભરવામાં આવતા પાણીનો ઉપયોગ કરો. અંદર તેલ, ઘી, ચરબી, દૂધ જુદી જુદી રીતે પાણીમાં ઉમેરો અને ટબબાથ આપો. અનેક દર્દોમાં અનેરો ફાયદો થતો માલુમ પડશે.

એક ઓરડી એવી બનાવવી કે જેમાં ગરમાઇ આપવાથી જલદી ગરમ થઈ જાય.

(૬) જેન્તાક સ્વેદ

તેમાં પ્રથમ અગ્નિ સળગાવી ઓરડીની અંદરનો ભાગ ગરમ થઈ જાય પછી આગ કાઢી લઈને તેમાં ધુમાડો જરા પણ ન રહે એવી થઈ ગયા પછી, રોગીને શરીર ઉપર કપડાં લપેટીને ઓરડીમાં બેસાડવો. (યાદ રહે ઓરડીમાં થોડીક હવા આવવા જવાની બારી હોવી જોઇએ) આવી ગરમ ગરમ ઓરડીમાં રાખવાથી શરીરમાંથી ખૂબ પસીનો આવે છે. અને પછી શરીર પોછી લીધા પછી સુકાયા બાદ દરદીને બહાર કાઢવાનો હોય છે. ।

(૭) અશ્મન સ્વેદ

દરદીના શરીરની લંબાઈ જેટલી પથ્થરની શિલાને વાતહર લાકડાથી ગરમ કરવી. શિલા ઉપરથી આગ હઠાવી દઈને પછી પાણીથી ધોઈ તેના ઉપર કાંબળ પાથરી દરદીને સુવાડી ઉપર બીજો ધાબળો ઓઢાડવો અને પસીનો આવ્યા પછી દરદીને લઈ લેવો.

(૮) કર્પૂ સ્વેદ

જમીનમાં ખાડો ખોદી તેમાં બાવળના અંગારા ભરી દેવા. તેના ઉપર ખાટલો ઢાળી તેના ઉપર દરદીને સુવરાવવો અને શેક લેવો.

આ જાતનો શેક શિયાળામાં આવેલી સુવાવડમાં સ્ત્રીઓને ખાટલા નીચે આપવામાં આવે છે. આજે પણ ગામડાની સુવાવડમાં સુવાવડીને આ જાતનો શેક અપાય છે; માત્ર ધ્યાન એ રાખવાનું હોય છે કે ખાટલાને આગ ન લાગી જાય. કમરનો દુખાવો અને કટિમંદ આવા સ્વેદનથી મટે છે.

(૯) કુટી સ્વેદ

મજબૂત દિવાલની કોટડીમાં દરદીને ચારે બાજુ દિવાલની પાસે વનસ્પતિ નાખેલા અને ઉકાળેલા પાણીથી ભરેલી ડોલો મૂકવી જેમાંથી ઔષધિયુક્ત બાષ્પ કોટડીમાં ફેલાઈને દરદીને સ્વેદ લાવે છે.

(૧૦) ભૂમિ સ્વેદ

જમીન ઉપર લાકડાં આદિ બાળીને ગરમ કર્યો પછી તેના ઉપર દરદીને સુવરાવીને પસીનો આવે ત્યાં સુધી રાખવો તેને ભૂમિ સ્વેદ કહે છે.

(૧૧) કુમ્ભી સ્વેદ

વાતનાશક ઔષધિથી ત્રાંબાના ઘડાને ભરી ગરમ કરી જમીનમાં દાટી દઈ ઉપર ધૂળ વાળીને તેના ઉપર પથારી કરી રોગીને સુવારવો. અંદરની ગરમી શરીરને લાગવાથી પસીનો થવા દેવો.

(૧૨) કુપ સ્વેદ

જમીનમાં ખાડો ખોદી અંદર ઘોડા હાથી વગેરે પ્રાણીની લાદ ભરીને સળગાવવું. પછી આગ કાઢી લઈને ખાડા ઉપર ખાટલો રાખીને ગરમી લાગવાથી સ્વેદ આવવા દેવો તે કુપ સ્વેદ.

(૧૩) હોલાક સ્વેદ

પ્રાણીઓની લાદ–છાણાનો ઢગ કરી સળગાવી પછી આગ શાંત થાય અને ઢગમાં અગ્નિ હોય તેના ઉપર ખાટલો બીછાવી સ્વેદ આવે ત્યાં સુધી દરદીને સુવરાવવો.

આયુર્વેદમાં કહેલા આ તેર પ્રકારના સ્વેદ કેટલાક નવીન છે, કેટલાક પ્રચલિત છે, અને કેટલાક હજુ પણ ગ્રામજીવન જીવનાર જેને આપણે અભણ પ્રજા કહીએ છીએ તે પ્રજા સ્વેદનો ઉપયોગ કરી ઘણા વ્યાધિઓથી મુક્ત થાય છે. જ્યારથી પાશ્ચાત્ય વૈદકે દેશમાં ડેરા નાખ્યા અને ચિકિત્સકોની દૃષ્ટિ બદલી નાંખી ત્યાર પછી પ્રજા માત્ર દવા મોઢેથી લેવી અથવા ઈન્જેકશનો લેવાં એ જ માત્ર વ્યાધિ મટાડવાનો સાચો ઉપાય સમજી બેઠી છે. આજનો ચિકિત્સક પણ કદાપિ દરદીને સ્વેદ લેવાની સલાહ આપતો નથી.

લેખકે પોતાની જુવાન અવસ્થામાં ગામડાંમાં ઘણી વખત તાવમાં અંગ દુઃખતું હોય ત્યારે, શરદીમાં, માથાના દુખાવામાં, શેક–નાહ બાષ્પ લીધો છે. જ્યારે જ્યારે તાવ આવે ત્યારે ત્યારે કુબો (દ્રોણ પુષ્પી) નામની વનસ્પતિ જે ખેતરમાં સહેલાઈથી મળી શકે તેને પાણીમાં ઉનામણામાં નાખી ગરમ કરી પછી માચી ઉપર બેસી નીચે બરાબર વરાળ લાગે તેવી રીતે ઉનામણાને ગોઠવી ધાબળો ઓઢી ધીમે ધીમે ઉનામણા ઉપરનું ઢાંકણુ ખોલતાં જવાથી આખા અંગે એની વરાળ લાગવાથી એટલો પસીનો થાય કે અણઉતાર તાવ ઊતરી શરીર હલકુંફૂલ બની જાય. આવો બાષ્પ (નાહ) અનેક વખત લીધો છે. સ્વેદન અથવા સ્વેદ વાયુ અને કફના રોગમાં આપવો જોઈએ એમ ચરક કહે છે. પિત્તના રોગમાં ન આપવો.

સળેખમ, ખાંસી, હેડકી, શ્વાસ, શરીરનું ભારેપણું, કાનમાં શૂળ, માથાના રોગ, અવાજ બેસી જવો (સ્વરભેદ), ગલગ્રહ, અર્દિતવાત, એકાંગવાત, પક્ષાઘાત, કુબડાપણું,

કોષ્ટરોગ (પેટનાં દર્દો), મલાવરોધ, શુક્રાઘાત, પાંસળી પીડ પડખાંમાં વેદના, અર્શ્રસી, મૂત્રકૃચ્છ્ર, શરીર તૂટવું, પગ–જાંઘ ઢીંચણ પકડાઈ જવાં, સૂજન, આમેવાત, શીત, કમ્પવાત,—આ સઘળા રોગોમાં સ્વેદન કરાવવું જરૂરી છે.

ખાસ કરીને ૮૦ પ્રકારના વાયુના રોગોમાં સ્નેહન કરાવ્યા પછીનું સ્વેદન ઉપયોગી છે. અને વ્યાધિ મટાડવા માટે સરસ કામ કરે છે.

સ્વેદન કરવાનાં પાણીમાં વારંવાર વાતહર ઔષધિ નાંખવાની સૂચના છે. ચરક તે માટે નીચેના ઔષધનો નિર્દેશ કરે છે : શતાવરી, દશમૂળની વનસ્પતિઓ, કળથી, નગોડ, અમરવેલ, પુનર્નવા, લીંબડો, તલ, જવ, એરન્ડો, ચોપચીની, ગોખરૂ, આદિ આદિ ઔષધિઓને પાણી સાથે ઉકાળી તેનો વિવિધ રીતે સ્વેદને માટે ઉપયોગ કરવાનો છે.

આપણા દેશમાં, ગરીબ દેશની પ્રજામાં આવા સાદા સરળ અને ઘરઆંગણે થતા ઉપાય-ઉપચારોનો પ્રચાર કરવાની જરૂર છે. આજે ધીમે ધીમે પ્રજા દવાવાદના રવાડે ચઢીને, વૈદ્ય ડૉક્ટરોની દવાઓ તથા ઇંજેક્શનો કે પેટંટો સિવાય રોગ મટાડવાનો કોઈ ઉપાય જ નથી એમ માનતી થઈ જાય છે, તે વખતે એમની દષ્ટિને પાછી વાળીને—સ્વેદન જેવા સહેલા ઉપાયો તરફ વાળવી જોઈએ; તેમાં પણ આયુર્વેદના ચિકિત્સકોએ પ્રજાને ઘરે ઉપાય સૂચવતાં સ્વેદન કરવાનું સમજાવી અમલ કરવો જોઈએ.

આપણી શરમ

વૈદ્ય ઓચ્છવલાલ કૃ. ભટ્ટ

આરોગ્ય સાથે સંબંધ ધરાવતી કેટલીક ઘટનાઓ આપણી આસપાસ બની રહેલી જોઈએ છીએ ત્યારે સ્વચ્છતા, સદાચાર અને આરોગ્ય બાબતમાં ઉન્નત ગણાતા આપણે સૌ ભારતવાસીઓને શરમથી નીચું જોવું પડે એમ છે. આપણા મનુષ્યોની શારીરિક ગંદકી, ગંદી ટેવો, કપડાં, વાસણ, રાચરચીલું વ૦ની કંગાલ દશા, તેમનાં રહેવાનાં ખોરડાં કે આવાસોની ઘોર દીન હીન સ્થિતિ, આપણાં જાહેર સ્થળો જેવાં કે દેવમંદિરો, નવાણો, તળાવ, વાવ, કૂવા વગેરેમાં અને તેની પડોશમાં થતી બેસુમાર ગંદકી, કચરાના ઢગલા, રેલવેનાં સ્ટેશનો-કોર્ટ કચેરી, શાળા-કોલેજો, જાહેર બગીચાઓમાં આવેલાં જાજરૂ અને મૂતરડીઓમાં દુર્ગંધથી ખદબદતાં બેસણાં, તેમાં ફેંકાતા કાગળના ડુચા-બીડીઓનાં ઠૂંઠાં, થુંકેલ પાનની પીચકારીઓ, અને ધૂળ તથા જાળાંના જામેલ થર વગેરેનો વિચાર કરતાં કમકમાં છૂટે છે અને આપણા સામાન્ય લોકોની ગંદી રીતરસમો દેખીને આપણે સ્વચ્છતા અને સદાચારમાં કેવું મોટું દેવાળું કાઢ્યું છે એ દૃષ્ટિગોચર થાય છે.

આપણે આરોગ્યનાં મોટાં પ્રદર્શનો ભરીએ છીએ અને ભાષણો કે રેડીઓ પ્રચાર દ્વારા ઘણું બધું કરીએ છીએ. પણ જ્યાં સુધી સામાન્ય જનતામાં એ માટે પ્રત્યક્ષ દર્શન કરાવી કે સમજ આપી પ્રચાર કરવામાં આવે તો—આપણી ગંદી ટેવો સુધરે. આ માટે સંસ્કાર કેન્દ્રો ખોલવાની જરૂર છે. વિશ્વના બીજા સુધરેલા દેશોની સરખામણીમાં આપણે ઘણા પાછા પડી ગયા છીએ.

() શારીરિક સ્વચ્છતાની બાબતમાં વિચારીએ તો, આપણે ત્યાં સેંકડે ૫૦ ટકા લોકો તો સ્નાન કરવાનું કે કપડાં સ્વચ્છ રાખવાનું સમજતા નથી. અરે બ્રાહ્મણ જેવી ઊંચી વરણથી માંડી ઇતર લોકો પણ પસીનો-મેલ-કેશનખનો વધારો-વગેરેથી યુક્ત હોઈ બદબો ફેલાવે છે. મલિન-૧૫ દિએ પણ નહિ ધોવાતાં કપડાં ધારણ કરે છે. અને તમાકુ-બીડી-પાન-ઇ૦થી મુખશોભાને વિકૃત કરી મૂકે છે—તેમના દાંત ગંદા હોય છે, જીભ દાતણ નહિ કરવાને લીધે છારીવાળી, શ્વાસ દુર્ગંધ મારતો-અને નજીક બેસવાથી તો ઊલટી કરાવી દે તેવો હોય છે. મળ-મૂત્ર નિશ્ચિત જગાએ કરવા બાબતની પણ સમજ હોતી નથી. સ્ત્રીઓ અને પુરુષો નદીકિનારે-તળાવ-દેવમંદિર કે હોસ્પિટાલના કમ્પાઉન્ડમાં પણ ખુલ્લાં, નિર્લજ રીતે જાજરૂ કરવા બેસી જાય છે. શહેરની શેરીઓમાં આમ બેસી જવાની પદ્ધતિ સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં જામનગર-મહુવા-પોરબંદર, ભરૂચ-સુરત જેવાં મોટાં શહેરોમાં પણ જોવામાં આવે છે. રોજ સવાર પડે અને મેલાના ઢગલા શેરીમાં કે ખુલ્લી ગટરોમાં પડ્યા જ હોય. આખી પ્રજા જ બગડી હોય ત્યાં સુધરાઈ કંઈ કરવા બાબતમાં શિથિલ હોય છે—પરંતુ આ પદ્ધતિ પ્રજાના આરોગ્યને હાનિકર્તા છે. ટાયફોઈડ, મરડો, ઝાડા, કૃમિ, કોલેરા, ટીટેનસ, કુષ્ઠ અને બીજાં તાવોનાં બીજ આમાંથી ઉત્પન્ન થાય છે અને રોગો ફેલાય છે. ગંગા-યમુના-નર્મદા-ગોદાવરી વગેરે પવિત્ર નદીઓને કિનારે મેળાઓ ભરાય છે ત્યારે લોકો ત્યાં જ મેલું કરી પાણીને બગાડે છે. અને તેવા પાણીના ઉપયોગથી ત્યાં ઝાડા-મરડો-કોલેરા ફાટી નીકળે છે.

(૨) ગરીબાઈ : સ્વચ્છતા માટે જેમ સંસ્કાર અને પાણીની જરૂર છે, તેમજ કપડાં વગેરે રાચરચીલું સ્વચ્છ રાખવા, સેડા-સાબુ-બ્રશ-સાવરણા વગેરે ચીજોની પણ જરૂર છે. ગરીબાઈને કારણે પણ માણસો ઉપરનાં દ્રવ્યોને અભાવે સ્વચ્છતા કે સુઘડતા જાળવી શકતાં નથી. સૌરાષ્ટ્ર યા ગુજરાતમાં એક જિલ્લામાં બેચાર આની માટે માણસો કેટલી કાળી મજૂરી કરે છે, તે ઉદરપોષણાર્થે વપરાઈ જાય છે. ત્યાં સાબુ સોડા ખરીદવાની તો વાત જ ક્યાં કરવી? આ લોકો પાસે કેવાં ભાંગેલ તૂટેલ વાસણો હોય છે, ડાલડાના ડબ્બા કે એલ્યુમીનિયમનાં વાસણો કે માટીની હાંડીમાં તેઓ રાંધી ખાય છે, ભોજન પણ એક ચીજ રોટલો કે દાળ કે ખીચડી માંડ એક ટંક મેળવતા હોય છે. તેઓ કેટલા મેલાઘેલા, ક્ષય-કેન્સર-રક્તપિત્ત ઈ.થી અને જરજર દેહવાળા, ચીંથરેહાલ ભટકતા હોય છે. દરેક ગામના પરવાડે અને શહેરોનાં સ્ટેશનો પર અને ધર્મશાળાઓમાં આવા અનેક લોકો છે કે જેમનું આખું રાચરચીલું એક પોટકામાં જ સમાયેલું જોવામાં આવે છે. તેમને સુઘડતા કે સ્વચ્છતા જાળવો એમ કયે મોઢે કહી શકીએ? આપણે જીવનધોરણ ઊંચું લાવવાની વાતો કરીએ છીએ પણ આવાં દશ્યો જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી આપણે ઊંચા થયા કેમ માની શકાય? સર્વોદયમાં માનનારા આપણે માટે આ પણ એક શરમજનક દશ્ય છે. ગરીબાઈ એ અનેક રોગો અને કુટેવોનું મૂળ છે.

(૩) ગરીબાઈ સિવાય ધનવાનોમાં પણ અજ્ઞાનવશ કે પ્રમાદવશ થતાં કાર્યો અને આપણી કુટેવો પણ આપણે એટલી સંગ્રલી છે કે તે આપણને આપણી સાથે સહજ રીતે જોડાયેલી હોય એમ લાગે છે. આપણને તે પ્રત્યે ઘૃણા થતી નથી. આપણે લાગણીશૂન્ય બન્યા છીએ. ઉદાહરણ તરીકે, પાન યા તમાકુ બીડીની અતિશય ટેવ, રેલવે કે અન્ય જાહેર જગાઓમાં ખૂણાઓને થૂંકી શેરા, મળમૂત્ર, ફળોનાં છીલકાં નાંખી બગાડી મૂકવાં, ઊભા ઊભા ગુહ્યાંગોને ખંજવાળવા અને તે જ હાથે પાણી પીવું કે ખોરાક લેવો, પડોશીનો વિચાર કર્યો વિના જાહેર જગ્યામાં ચલમ બીડીનો ધુમાડો કરવો, માળ પરથી કચરો કે એઠું ફેંકવું જેથી રસ્તે ચાલનાર છંટકાઈ જાય, કેળાં વગેરે ખાઈ છીલકાં પ્લાટફોર્મ પર નાંખી બીજાઓ લપસી પડે ને અકસ્માત સર્જાય, બહેનો વગેરે પસાર થતાં હોય ત્યારે ગલીચ ગાળો બોલવી, ફ્લુટ કે સિટી વગાડવી, સીનેમાનાં ગાયનો ગાવાં, શોરબકોર કરી શાન્તિનો ભંગ કરવો આ બધાં અપલક્ષણ ગણાય છે. આ બધાંમાં સુધારો ઘર ઘરથી વારસામાં મળતા સંસ્કારો અને ગુરુવોથી થઈ શકે. ખરેખર, માબાપોએ સંસ્કારી પ્રજાના ઘડતર માટે ઘણું કરવાનું રહે છે. માબાપો સિવાય શાળા કોલેજોના શિક્ષકો, મંદિરો, ભજનમંડળો તથા રેડીઓ અને સિનેમાગૃહો આ બધાં ધારે તો પ્રજામાં સુસંસ્કાર રેડી શકે.

(૪) જાહેર સ્થળોની સ્વચ્છતા માટે સુધરાઈ અને ગ્રામ પંચાયતો ઘણું કરી શકે. તળાવોમાં નાંખેલાં ફાટેલ કપડાં કે ગોદડીઓનાં ડૂચાં તથા અન્ય કીચડ સાફ કરાવી બાળી મૂકી શકાય કે સારું ખાતર બનાવી શકાય. પાણીને ગળાવી કે ખરાબ પાણીનો નિકાલ કરી શકાય. રેલવેમાં ગીરદી આજકાલ ઘણી જોઈએ છીએ. કેટલાં દશ વર્ષથી ત્રીજા વર્ગના લ્યાની મુસાફરી એક અસહ્ય યાતના રૂપ બની ગઈ છે. કેટલીક વાર તો ઝાડાપેશાબની હાજતોને પણ ગીરદીને કારણે રોકવી પડે છે અને તે ઉદાવર્ત રોગને જન્મ આપે છે, તેમાં વળી ફેરીઓવાળા પેસેન્જરોને હેરાન કરે છે. ગીરદી એ અંતે તો કજીઆ અને

માનસિક સંતાપને જન્માવે છે. આ બધાનો ઉપાય રેલવે કર્મચારીઓ ક્યારે કરશે! મંદિરોમાં ઘણી જગ્યાએ અતિશય પૂજાનો સામાન ચોખા દૂધથી ચઢાની દુર્ગંધ મારે ત્યાં સુધી ઢગલા કરે છે. મનુષ્ય જ્યાં ન રહી શકે ત્યાં ભગવાન પણ કેમ રહી શકતો હશે! શહેરનાં ધીચ અને ગલીચ રસ્તાઓ અને સ્થાનો કે જેમાં પશુઓ પણ ન રહી શકે તેમાં આજે ઘણાં મનુષ્યો સારા આવાસના અભાવે રહે છે. મધ્યમ વર્ગને આજે તંદુરસ્તી જળવાય એવું સ્વચ્છ હવા ઉજાસવાળું મકાન વ્યાજબી ભાડાથી મેળવવું મુશ્કેલ છે. આનો ઉપાય સારી હાઉસિંગ સોસાયટીઓ રચી કરી શકાય. તથા એવાં ખરાબ રહેઠાણો–slums–તોડી પાડી કે વાળી ઝૂડી સાફ કરી શકાય. અને એવા અનાડી મકાનમાલિકોને સજા કરી સુધારી શકાય. પ્રજાને ગંદકી રોગ અજ્ઞાન ગરીબાઈમાંથી મુક્ત કરવાની રાજાની પ્રથમ ફરજ છે. કવિ કાલિદાસે ઠીક કહ્યું છે કે:–

प्रजानां विनयादानाद् रक्षणाद् भरणादपि ।
स पिता पितरः तासां केवलं जन्महेतवः ॥

(૫) જેમ સરકાર તરફે ઘણું કરવાનું છે તેમ લોકોએ તેમજ પ્રત્યેક વ્યક્તિએ જીવનનો માર્ગ કે રાહ સુધારવાની જરૂર છે. આત્મભાન રાખી બધાં કાર્ય કરીએ અને પ્રાણીમાત્ર પર દયા તથા સમભાવ રાખી વર્તીએ તો આપણે કદી શરમાવાનો વખત ન જ આવે. અંતમાં, સુખી થવાનો નીચેનો ઉપદેશ વાંચી દરેક જન પ્રયત્ન કરશે તો અજ્ઞાન, પ્રમાદ અને હોંસાતોસીને કારણે ઊભા થતા કલેશ અને ઝઘડા દૂર થશે:

ખાવું પીવું, હરવું, ફરવું, સૂવું, જાગવું ને વાવું
સર્વ ક્રિયાઓ કરતાં પહેલાં આત્મભાન નહિ વિસારવું;
છતાં થાય ગફલત જો કાંઈ તો ક્ષમા માગી હળવા થઈએ,
પ્રાણી માત્ર પર દયા રાખીને સત્યધર્મને આચરીએ.

❊

અનુસંધાન પૃ. ૧૦૮]

સંસ્કૃતિ–civilization–નાં ઓઠા હેઠળ આ બધું ભારતમાં પણ હવે પ્રવેશ પામી રહ્યું છે. આ માટે ભારતના ઘડવૈયાઓ અત્યારથી જ વિચારે. કેવળ કાયદાઓ ઘડે પ્રજાનું નૈતિક જીવનધોરણ ઊંચું નહીં આવે. આ માટે પાયાની કેળવણીની જરૂર છે. નાનપણથી જ દરેકને ઉન્નત જીવન જીવવા માટેના સંસ્કાર અપાય તો ભાવિ ભારતીય પ્રજા જરૂર બળવાન બનશે. પરદેશનાં રક્ષણાત્મક સાધનોથી ભારતનું રક્ષણ નહીં થઈ શકે, ભારતને બળવાન બનાવવું હશે તો તે માટે ભારતની પ્રજાને જ બળવાન બનાવવાનાં પગલાં વિચારો. આ માટે ભારતની સંસ્કૃતિમાં ધર્મમાં વિપુલ સાહિત્ય પડેલું છે તેનો વ્યવહારમાં ઉપયોગ થાય એ જોવું રહ્યું.

સંતતિનિયમન ન થવું જોઈએ એમ આ લેખ દ્વારા કહેવું નથી, પણ જે રીતો અજમાવાઇ રહી છે, જે સાધનોનો ઉપયોગ થઈ રહ્યો છે, તેમજ પ્રચારકાર્ય થઈ રહ્યું છે તે ભારતને પારાવાર નુકસાન કરી રહ્યું છે અને સમસ્ત પ્રજાને તથા પ્રજામાનસને હીનવીર્ય તેમજ હતપ્રભ બનાવી રહ્યું છે એ તરફ દેશનાયકોનું તેમજ શિક્ષિત બુદ્ધિશાળી વિચારશીલ સંસ્કારી વર્ગનું ધ્યાન ખેંચવાનો હેતુ છે.

❂

સંતતિનિયમનનું પરિણામ — ભવિષ્યની દૃષ્ટિએ

વૈદ્ય નવનીતલાલ પંડ્યા

ભારતમાં સંતતિનિયમન અંગે બહુ જ પ્રચાર થઈ રહ્યો છે. પહેલાં તો તેનો પ્રચાર ખાનગી ક્ષેત્રમાં હતો અને હવે રાષ્ટ્રીય ધોરણે થઈ રહ્યો છે. ભારતમાં વસ્તી વધી રહી છે એ એક હકીકત છે. ભવિષ્યની પ્રજાને ઉછેરવાને પોષણ માટે તેમજ તેના વિકાસ માટેનાં પૂરતાં સાધનો આપણી પાસે નથી, માટે પ્રજા ઓછી ઉત્પન્ન થાય એવા ઉપાયો યોજવા જોઈએ.

આ માટે પ્રથમ તો સ્ત્રીઓ અને પુરુષોને નૈતિક જ્ઞાન આપવું જોઈએ અને તે માટે આપણી સંસ્કૃતિને અનુરૂપ સાધનો બ્રહ્મચર્યનું પાલન, ધ્યાન, ધારણા, ઉત્તમ પુસ્તકોનું વાચન અને સત્સંગ મુખ્ય છે. પશ્ચિમની દૃષ્ટિએ જોનાર હાલના આપણા ભારતના ઘડવૈયાઓ આ બાબતને વધુ મહત્ત્વ આપતાં નથી.

કામવાસના ઉત્પન્ન થાય અને પછી તેને રોકવાના પ્રયત્નો રૂપે દવાઓ કે ઓપરેશનો કરાવવાં પડે એના કરતાં વાસનાનો ક્ષય થાય એવાં સાધનો શા માટે ઊભાં ન કરવાં? ભારતીય સંસ્કૃતિને અનુરૂપ ઉપર જણાવેલાં સાધનો વાસનાના ક્ષય માટે વધુ યોગ્ય છે. જો કે આ લાંબાગાળાની યોજના છે છતાં એનું ફળ ચિરંજીવ છે.

આધુનિક જીવનમાં અનેક વ્યવહાર અને પ્રસંગો ઉભય દંપતીને વાસનાની વૃદ્ધિ કરનાર છે. અને પરિણામે કૃત્રિમ સંતતિનિયમન કરવું પડે છે.

સંતતિનિયમનનાં સાધનોના ઉપયોગથી પ્રત્યક્ષ દૃષ્ટિએ નવી પ્રજા ઉત્પન્ન થતી નથી પણ તેનાં પરિણામ રૂપે ઉભય દંપતીની શારીરિક સંપત્તિ દિવસે દિવસે નિર્બળ થતી જાય છે, માણસોને હીનવીર્ય અને વીર્યક્ષયના રોગોથી પીડા થાય છે, સ્ત્રીઓમાં પ્રદર, અત્યાર્તવ, પાંડુ, ક્ષય કે મેદવૃદ્ધિના રોગો વધી રહ્યા છે. અને જો કોઈકને પણ બાળક અવતરે છે તો તે પણ નિર્બળ જ હોય છે.

ભારતને નિર્બળ માનવીઓની જરૂર નથી. દિવસે દિવસે જે નવાં બાળકોનો જન્મ થાય છે તેમાં સેંકડે ૫૦ ટકા બાળકો નિર્બળ જ હોય છે. આ માટેનાં કારણોનું મૂળ જોઈશું તો તે સંતતિનિયમનનાં સાધનોનો ઉપયોગ જ હોય છે.

અસલના વખતની સ્ત્રીઓને ચારપાંચ સુવાવડો થાય છતાં તેના શરીરની સુંદરતા નષ્ટ થતી ન હતી; જ્યારે આજે એક સ્ત્રીને પ્રથમ સુવાવડ પછી એનું શરીર કાયમ માટે શિથિલ, રોગિષ્ઠ અથવા તો બીજી ભવિષ્યની સુવાવડ માટે અયોગ્ય એવું બને છે. આનું મૂળ કારણ પણ સંતતિનિયમનનાં સાધનોનો દુરુપયોગ છે.

ભારતને બળવાન બનાવવા, દેશનું રક્ષણ કરવા, તેમજ ઉત્પાદન વધારવા આજે બળવાન આર્ય પ્રજાની જરૂર છે. શું હાલની નવી હીનવીર્ય પ્રજા ભારતનું રક્ષણ કરી શકશે?

દરેક ભારતીય નાગરિક એ સમજી લે કે ભારતનો વિકાસ ભારતીય સંસ્કૃતિ અનુસાર જ થવો જોઈએ. પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટેની કોઈ જ સગવડ કે શિક્ષણની વ્યવસ્થા ભારત સરકારે કરી નથી. બલ્કે ભારતીય પ્રજા દિન-પ્રતિ-દિન વધુ ને વધુ કામુક–

વિષયી બનતી રહે તેવા આહાર–વિહાર–પહેરવેશને દિવસે દિવસે પ્રોત્સાહન અપાઈ રહ્યું છે પછી એવા વાતાવરણમાં શુદ્ધ અને સત્ત્વગુણી માણસ પણ નિર્મળ કેવી રીતે રહી શકે?

અહિંસામાં માનનાર ભારતમાં દિવસે દિવસે તામસ આહાર–માંસાહારનો પ્રચાર વધી રહ્યો છે. કેટલાક મોટા લોકોમાં તો એ આહારને ખાનગીમાં મુખ્ય સ્થાન અપાય છે. દવાઓના રૂપમાં એ આહારને મહત્ત્વ અપાય છે. પરિણામે જેવું અન્ન તેવો ઓડકાર: માણસની બુદ્ધિ પણ તામસી જ બને છે!

પહેરવેશની પ્રથા પણ છેલ્લાં દશ વરસમાં એટલી બધી બદલાઈ ગઈ છે કે તેની તો કંઈ જ વાત નહીં. પોતાનાં અંગ પ્રત્યંગોનું વિલાસી પ્રદર્શન કરતો પહેરવેશ પહેરવો એ તો એક મોટા માણસનો રિવાજ બની ગયો છે.

સવારથી સાંજ સુધી પ્રભુસ્મરણ કે જીવનધોરણ ઊંચું આવે તેવા કંઈ સમાચાર, વાર્તા કે સંગીત નહીં પણ વાસનાને ઉત્તેજિત કરે તેવાં ગાયનો ભાવે કે કભાવે સંભળાય છે–સાંભળવા પડે છે. લોકોનું વલણ પણ આજે એ તરફ દેખાય છે. પરિણામે પાંચે જ્ઞાનેન્દ્રિયોના વિષયો દિવસે દિવસે વધતા જાય છે.

જીવનની ઉન્નતિ માટે વિષયોમાંથી નિવૃત્તિ લેવાનું ધર્મશાસ્ત્ર કહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ છ આપણા શરીરના દુશ્મનો છે એમ શાસ્ત્ર પોકારી પોકારીને કહે છે અને તેમાં કામ મુખ્ય છે. આયુર્વેદ તો કહે છે કે "न पिडयेदिन्द्रियाणि न चैतान्यति लालयेत्।"–ઇન્દ્રિયોનું પીડન ન કરવું તેમ તેનું અતિલાલન પણ ન કરવું.

માટે ભારતને અત્યારે તેમજ ભાવિ માટે બળવાન પ્રજાની જરૂર છે, હીનવીર્ય કે નિર્વીર્ય પ્રજાની જરૂર નથી. બળવાન પ્રજા પેદા કરવા માટે સંતતિનિયમન એક શાપરૂપ છે. પ્રજા ઓછી પેદા કરવા માટે અને નિર્બળ પ્રજા પેદા કરવા માટે જરૂર સંતતિનિયમન ફાયદાકારક હોય પણ બળવાન પ્રજા પેદા કરવા માટે તે બિલકુલ જરૂરી નથી જ.

વળી હવે તો એક બીજી પણ સમસ્યા ઊભી થઈ છે. પાશ્ચાત્ય દેશોમાં ટેસ્ટ ટ્યુબથી બાળકો પેદા થાય છે. એક સ્ત્રી પોતાના સ્વામીથી બાળક પેદા ન કરી શકતી હોય તો તેઓ બીજા પુરુષનું વીર્ય મેળવીને ટેસ્ટટ્યુબથી બાળક પેદા કરી શકે છે અને આ રીત પરદેશમાં પ્રચારમાં પણ આવી છે. શું આ પ્રયોગ ભારતમાં પ્રવેશ પામશે ખરો? આજે સંતતિનિયમનનાં સાધનો સામાન્ય કટલરીવાળાઓને ત્યાં છૂટથી વેચાઇ રહ્યાં છે જેથી, તેના ઉપયોગથી યુવાનીમાં આવ્યા પહેલાં જ અને છોકરાછોકરીઓ વિલાસી વિષયાનંદ મેળવીને હીનવીર્ય બને છે, ચારિત્ર્યહીન થાય છે, તો ટેસ્ટટ્યુબથી થતાં બાળકોની પેદાશથી ભારતમાં ચારિત્ર્યનું ધોરણ ઊંચું ચડશે કે ઊતરશે?

આજે પ્રજામાં નૈતિક શિથિલતા આવી રહી છે. પ્રજોત્પત્તિ અટકાવવા કૃત્રિમ સાધનો વપરાવા લાગ્યાં છે અને તેથી જે હાનિ થાય છે તે વિષે પશ્ચિમના ચિંતકો પણ વિચારમાં પડ્યા છે કે હવે શું કરવું? પશ્ચિમમાં લગ્નજીવનને સંસારની દૃષ્ટિએ મહત્ત્વ અપાયું નથી. ત્યાં તો લગ્ન પહેલાં જ સ્ત્રીપુરુષનું નૈતિક અધઃપતન થઈ ચૂક્યું હોય છે અને તે રીતની જ તેમની રહેણીકરણી, વ્યવસાય અને વ્યવહાર હોય છે. ભારત માટે આ સ્વીકાર્ય નથી પણ

[અનુસંધાન પૃ. ૧૦૬

વારસા-વિજ્ઞાન—એક ચર્ચા

ડૉ. કાન્તિલાલ અ. શાહ

વિદ્યાર્થી : વારસા-વિજ્ઞાન ઉપરની તમારી લેખમાળા મેં વાંચી. તમે એક મુદ્દો સ્પષ્ટ કર્યો નથી.

લેખક : કયો ?

વિદ્યાર્થી : મનુષ્યના જીવનમાં-એના જીવનના ઘડતરમાં-મુખ્ય ભાગ કોનો ? એની વારસામૂડીનો કે પરિસ્થિતિનો ?

લેખક : મેં કહ્યું નહિ કે બંનેનો ? એમાંથી એકનો સ્વતંત્રપણે વિચાર થઈ શકે એમ નથી. બંનેની પરસ્પર ક્રિયા પ્રતિક્રિયા થાય છે ને તેનાથી મનુષ્ય ઘડાય છે. એમાંથી કયું પરિબળ વધારે પ્રભાવી કે વધારે ઉપયોગી એ વાત અદ્યતન વિજ્ઞાનીઓ વિચારતા જ નથી. બંને અન્યોન્ય સાપેક્ષ છે.

વિદ્યાર્થી : પરંતુ તમે પોતે શું માનો છો ?

લેખક : મને પોતાને તો આ ઝઘડો પ્રારબ્ધ-પુરુષાર્થના ઝઘડા જેવો લાગે છે. વળી પ્રત્યેક મનુષ્ય જેમ થોડો પ્રારબ્ધવાદી હોય છે ને થોડો પુરુષાર્થવાદી હોય છે તેમ આમાં પણ લાગે છે.

વિદ્યાર્થી : પરંતુ જીવનની એક ફિલસૂફીની દૃષ્ટિએ તમે પોતે પ્રારબ્ધવાદી છો કે પુરુષાર્થવાદી ? તમે શાના પર ભાર મૂકો છો ?

લેખક : પ્રારબ્ધ પર.

વિદ્યાર્થી : તો તો તમે વારસા-મૂડીને જ વધારે અગત્ય આપતા હશો ને ?

લેખક : થોડું એવું ખરું; પરંતુ એ કંઈ શુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિ ન કહેવાય. માણસ પોતે વારસામૂડીને વધારે અગત્ય આપે છે કે પરિસ્થિતિને એનો આધાર વારસા-વિજ્ઞાનના એના જ્ઞાન કે અજ્ઞાન પર નથી, પરંતુ એની જીવનની ફિલસૂફી, એની સામાજિક તેમજ રાજકીય નીતિ-દૃષ્ટિ ઉપર રહે છે. દાખલા તરીકે, સામ્યવાદમાં માનનાર બધા પરિસ્થિતિ પર જ ભાર મૂકે. શિક્ષક, સામાજિક કાર્યકર, સુધારક બધાએ પરિસ્થિતિ અને બાહ્ય સંજોગો પર ભાર મૂકવો જ પડે, નહિ તો શિક્ષકને શિક્ષણમાં રસ ન રહે, સુધારક શેને અગર કોને સુધારે ? અને સામાજિક કાર્યકરની પણ જરૂરિયાત ન રહે અથવા એનું ક્ષેત્ર બહુ નાનું થઈ જાય. જે સનાતની છે, વર્ણવ્યવસ્થામાં માને છે, રાજકીય દૃષ્ટિએ જે રૂઢિચુસ્ત છે એ બધા વારસામૂડીને જ અગત્ય આપવાના. અરે, ખુદ વારસા-વિજ્ઞાનના નિષ્ણાતોમાં પણ એવું જોવામાં આવે છે કે એમના રાજકીય વલણનો રંગ એમના વિજ્ઞાનને ચડ્યો હોય ! અમેરિકાના આવા નિષ્ણાતો વિષે તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે જેઓ વિજ્ઞાની તરીકે પરિસ્થિતિને પ્રબળ માનતા હતા તે બધા ડેમોક્રેટ્સ (જાડી ભાષામાં, સુધારક) હતા અને જેઓ વારસાસંપત્તિને પ્રબળ માનતા હતા તે રીપબ્લિકન (જાડી ભાષામાં, રૂઢિચુસ્ત) પક્ષના હતા. એથી વધારે રમુજ ઊપજાવે એવી વાત તો એ છે કે આમાંના બે નિષ્ણાતો યુવાનીમાં સમાજવાદમાં માનતા હતા ત્યારે તેઓ પરિસ્થિતિના પુરસ્કર્તા હતા; પરંતુ પ્રૌઢાવસ્થામાં સમાજવાદી મટી રીપબ્લિકન બન્યા એટલે વારસાસંપત્તિની પ્રબળતાના હિમાયતી બનેલા !

વિદ્યાર્થી : એનાથી ઊંધું પણ હોઈ શકે ને ? એટલે કે એક વિજ્ઞાની તરીકે પોતે વારસાસંપત્તિને પ્રભાવી માનતા હોય ને તેથી જ રાજકીય દૃષ્ટિએ રૂઢિચુસ્ત (કે મૂડીવાદી

કે ફાસિસ્ટ) હોય; ને પરિસ્થિતિને પ્રભાવી માનતા હોય તેથી સુધારક (કે સમાજવાદી અગર સામ્યવાદી) પક્ષના હોય?

લેખક : બની શકે; પરંતુ મારો અંગત મત એવો છે કે વિજ્ઞાનથી આપણી બુદ્ધિ પરિપક્વ થાય તે પહેલાં આપણી માન્યતાઓ, આપણા આગ્રહો ને પૂર્વગ્રહો બંધાઈ ગયા હોય છે.

વિદ્યાર્થી : તો તમે પોતે વારસાવાદી (અં: હિરેડિટેરીઅન) ખરા કે નહિ?

લેખક : એક રીતે કહીએ તો ખરો. પરંતુ પરિસ્થિતિની પ્રબળતાને જરા પણ અવગણી શકાય એવું નથી. તમે વિચાર કરો કે પ્રત્યેક મનુષ્યના જીવનની શરૂઆત માત્ર એક જ કોશ (પિતાનો શુક્રાણુ અને માતાનું સ્ત્રીબીજ મળી બનેલા ફલિત કોશ)થી થાય છે. આ એક કોશના બે ને બેના ચાર ને ચારના આઠ થતાં થતાં લાખો ને કરોડો કોશો બને છે. આ બધી વૃદ્ધિ શેમાંથી થાય છે? અથવા શાથી થાય છે? માતાના ઉદરમાં ગર્ભ જે પોષણ મેળવે છે એમાંથી જ આ બધી વૃદ્ધિ થાય છે. પેલા એક કોશને આ બધું પોષણ ન મળ્યું હોત તો એની વૃદ્ધિ પણ ન થાત, અને સુંદર મુખાકૃતિ તથા હાથપગવાળું બાળક પણ ક્યાંથી બનત?

વિદ્યાર્થી : તદ્દન ખરી વાત છે. આમાં તો પરિસ્થિતિ અત્યંત પ્રભાવી લાગે છે.

લેખક : તમારી વાત સાચી છે. પરંતુ જે પોષણ આ માનવીય કોશને મળ્યું તેનું તે જ પોષણ એક વાનરના કોશને મળે તો પરિણામે વાનર જન્મે—માનવી નહિ. અર્થાત્ વાનરનું વાનરત્વ અને માનવીનું મનુષ્યત્વ એના જીન્સ એટલે કે એની વારસામૂડી ઉપર આધાર રાખે છે.

વિદ્યાર્થી : આ જ વાત બીજી રીતે મૂકીએ તો એમ કહી શકાય કે ઈંટ, માટી, ચૂનો, પથ્થર, આરસ વગેરે પદાર્થો વિના કોઈ પણ મકાન, મસીદ કે મંદિર ઊભાં ન થઈ શકે. વળી આ બધું હોય છતાં કડીઆ કારીગર ન હોય તો પણ નકામું. એટલે બંનેની સરખી અગત્ય.

લેખક : હા, તથાપિ કડીઆ હોય તો કોઈક કાળે પણ પદાર્થ પેદા કરી શકે, અથવા જે કંઈ સાધન મળે તેમાંથી સર્જન કરી શકે; પરંતુ, માત્ર ઈંટ માટી ચૂનાના ઢગલા હોય તો એ કંઈ પોતાની મેળે ઊભા ન થઈ શકે. મને વારસાસંપત્તિ આ કારીગર જેવી—સજીવ, ચેતન, કર્તૃત્વવાળી—લાગે છે, ને તેથી જ હું વારસામૂડીને ૬૦ ગુણ આપું છું ને પરિસ્થિતિને ૪૦ ગુણ આપું છું. આમ છતાં પરિસ્થિતિનું મૂલ્ય ઓછું આંકી શકાય એમ નથી.

વિદ્યાર્થી : તમે તમારો પક્ષ બદલતા લાગો છો!

લેખક : એવું નથી. પણ વિચાર કરો કે એક માનવ બાળકને જન્મે કે તરત વાનરના ટોળામાં મૂકી દીધું હોય તો એ માણસની માફક બોલતાં નહિ શીખે, કપડાં નહિ પહેરે, ખાતાં નહિ શીખે, અને અનેક રીતે વાનરનું જ અનુકરણ કરશે. જેને આપણે સંસ્કૃતિ કહી શકીએ એવું એનામાં કશું નહિ હોય. આવા મનુષ્યમાં ને જાનવરમાં શો ફેર!

વિદ્યાર્થી : અર્થાત્ આપણને જાનવરમાંથી મનુષ્ય બનાવનાર આપણી પરિસ્થિતિ આપણી સમાજરચના જ છે, અને તેથી પરિસ્થિતિ જીતી જાય છે.

લેખક : એટલું જ નહિ; આફ્રિકાનાં જંગલોમાં રહેનાર હબસીઓ અમેરિકામાં વસીને ગોરા અમેરિકનો જેવા જ સુધરેલા (અં: સિવિલાઇઝ્ડ) બને છે

વિદ્યાર્થી : એટલે કે જેને 'સિવિલિઝેશન અને કલ્ચર' કહે છે તેનો પાયો તો પરિસ્થિતિ જ છે. માનવીની માનવતા આ સિવિલિઝેશન અને કલ્ચરમાં જ રહેલી છે. એ ન હોય તો માનવી પશુ જ છે.

લેખક : બિલકુલ સાચું; તથાપિ આદિમાનવનો વિચાર કરો. આદિમાનવને જે પરિસ્થિતિ મળી હતી લગભગ તે જ પરિસ્થિતિ તેના સમકાલીન પ્રાણીઓ—વાનરો ઇત્યાદિને—મળી હતી. પરંતુ માનવીના જીન મળ્યા નહોતા એટલે એ બધાં પ્રાણીઓ આજે પણ એવાં ને એવાં જાનવર જ રહ્યાં છે. મનુષ્યના નિત્ય સંસર્ગમાં રહેતાં કૂતરાંનો વિચાર કરો. સેંકડો વર્ષથી આ લાભ એમને મળવા છતાં એમની વાણી ઊઘડી નથી; એમણે કંઈ સર્જ્યું નથી. આનું કારણ સ્પષ્ટ જ છે કે તેમના જીન મનુષ્યના નથી.

વિદ્યાર્થી : તમે તો મને ભ્રમમાં નાખી દીધો. અર્જુનની માફક મારે પણ કહેવું પડે છે કે બુદ્ધિં મોહયસીવ મે ।

લેખક : એક સહેલો દાખલો આપું. આપણામાં કહેવાય છે કે કોયલ માળો બાંધતી નથી પણ પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકે છે. હવે આ ઈંડાં પર કાગડી બેસી તેને સેવે છે એટલે જન્મ્યા પહેલાંથી જ "કા" "કા" એવા બચ્ચાંને કાને પડે છે; અને છતાં જેવું બહાર પડે છે ત્યારે એ "કા" નથી બોલતું પણ "કુહ, કુહ" એમ બોલે છે!

વિદ્યાર્થી : તમારી દલીલો બધી સાંભળ્યા પછી પણ મને તો બરોબર સમજ પડતી નથી; ને મને પોતાને વારસાસંપત્તિને પચાસથી વધારે ગુણ આપવાનું મન થતું નથી.

લેખક : યથાર્થ છે. આપણે તો એટલું જ યાદ રાખવું કે પોતાને મળેલી પરિસ્થિતિનો મનુષ્ય કેવો ઉપયોગ કરે છે તેનો આધાર તેના જીન પર રહેલો છે, અને એને મળેલા જીન પોતાની શક્તિ પૂરેપૂરી પ્રગટ કરી શકે તે માટે સાનુકૂળ પરિસ્થિતિ અત્યંત આવશ્યક છે. પરિસ્થિતિ પ્રતિકૂળ હોય તો સારામાં સારા જીન પણ પોતાનો પ્રભાવ પ્રગટ કરી શકતા નથી.

વિદ્યાર્થી : એક બીજો પણ પ્રશ્ન પૂછવાનો છે. ગાંધીજીનું મહાત્માપણું કે રામમૂર્તિનું બળ એનાં સંતાનોમાં ઊતરે કે નહિ?

લેખક : અર્થાત્ ઉપાર્જિત લક્ષણો–જેને અંગ્રેજીમાં "ઍક્વાયર્ડ કૅરેક્ટર્સ" કહે છે તે વારસામાં ઊતરે કે નહિ એમ તમે પૂછવા માગો છો ને?

વિદ્યાર્થી : હા.

લેખક : આ પણ એક જૂનો વિવાદાસ્પદ પ્રશ્ન છે. ખરી રીતે એમાં વિવાદને સ્થાન જ નથી, પરંતુ અનેક વાર આ પ્રશ્ન જુદા જુદા વિજ્ઞાનીઓ ખડો કરે છે પ્રસિદ્ધ વારસા-વિજ્ઞાનીઓ, અને જેમના શબ્દોને આપણે આપ્તવાક્ય કહી શકીએ એવા કોઈ, માનતા નથી કે ઉપાર્જિત લક્ષણ વારસામાં ઊતરી શકે.

વિદ્યાર્થી : કેમ ન ઊતરે? દાક્તરનો છોકરો દાક્તર બને, વકીલનો છોકરો વકીલ બને, ઇજનેરનો છોકરો ઇજનેર બને, એ બધાં એ હકીકતનાં દૃષ્ટાંતો નથી?

લેખક : નહિ જ; તમે વિચાર કરો કે તમને સાઇકલ આવડે છે માટે તમારા બાબાને સાઇકલ શીખતાં ઓછી વાર લાગશે? ટાઇપીસ્ટના છોકરાને ટાઇપીંગ જલદી આવડશે? અરે, આપણા બાળકને કોઈ અંગ્રેજ કુટુંબમાં છેક બચપણથી મૂકી દઈએ તો એ એક અંગ્રેજના જેવા જ ઉચ્ચાર કરશે, અને એને પછી ગુજરાતી શીખતાં વધારે વાર લાગશે!

વિદ્યાર્થી : એના કોઈ પ્રયોગો થયા હશે?

લેખક : ઘણા. એક વિજ્ઞાનીએ કેટલીએ પેઢીઓ સુધી ઉંદરોની પુંછડીઓ કાપ્યા કરી, છતાં આ બાંડા ઉંદરોને બચ્ચાં તો પુંછડીવાળાં જ જન્મતાં હતાં. ચીનમાં કન્યાઓના પગ નાનપણથી જ બાંધી દે છે ને મોટી સ્ત્રીઓના પગ છેક નાના હોય છે. છતાં ત્યાં કન્યા જન્મે છે ત્યારે આપણી છોકરીઓના જેવા પગ હોય છે તેવા ને તેવડા જ આ કન્યાઓના હોય છે. કેટલીક જાતિઓમાં છેક બચપણથી પુરુષોના કાન વીંધવામાં આવે છે છતાં અનેક પેઢીઓ પછી પણ આવા કોઈ પુરુષના (કે આપણી સ્ત્રીઓને પેટે અવતરતી કન્યાઓના) કાનમાં જન્મ વખતે કુદરતી કાણું પડેલું હોતું નથી.

વિદ્યાર્થી : એનો અર્થ એ થયો કે હું ગમે તેટલી મહેનત કરીને ગુણવાન, બળવાન કે બુદ્ધિમાન થાઉં તો પણ મારા એ પુરુષાર્થનું ફળ મારાં સંતાનોને ન મળે એમ? આ તો બહુ નિરાશાજનક કહેવાય.

લેખક : તમારા જીનમાં જે હોય તે તમારાં સંતાનોને મળવાનું જ છે. વળી તમારા જનકકોષો (અં: જર્મસેલ)માં કંઇ ક્રાન્તિ કે ઉત્પરિવર્તન (અં: મ્યુટેશન) થાય તો જ તે વારસામાં ઊતરી શકે. તમે માનો છો એવી નિષ્ઠુર કુદરત નથી. જેમ આપણે પ્રાપ્ત કરેલી દૈવી સંપદ્ આપણાં સંતાનોમાં નથી ઊતરતી તેમ આપણે પ્રાપ્ત કરેલી આસુરી સંપદ્ પણ નથી ઊતરતી. આ શું નાનુંસૂનું આશ્વાસન છે?

❋

ક્ષયની સારવારમાં ક્રાન્તિ ?

ડૉ. પ્રફુલ્લભાઇ વૈદ્ય

[ક્ષય એ રાજરોગ ગણાય છે. પૈસો અને સમય બન્નેનો ભોગ લે છે. આજે ક્ષયની સામાન્ય (ફક્ત ક્ષયની દવાની) સારવારનો ચાર્જ રોજના રૂા. લગભગ ત્રણ થાય છે. ચાર પાંચ એક્ષરે અવારનવાર લેવા પડે તે જુદા. આ લેખમાં સુરતની આયુર્વેદ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. પ્રફુલ્લભાઈએ આપણને બતાવ્યું છે કે ગણત્રીના જ મહીનાઓમાં ક્ષયની સારવારમાં ધરમૂળથી ક્રાન્તિ આવે છે અને રોજની સારવારનો ખર્ચ ફક્ત બે થી અઢી આના જ થશે. વળી ફક્ત આઠ આનામાં દરદીને ફોટો એક્ષરે પાડી આપવામાં આવશે. એ સુવર્ણદિન જેમ બને તેમ જલદી ઊગે એ જ પ્રાર્થના. —સંચાલક]

ક્ષયની સારવારમાં આજે સ્ટ્રેપ્ટોમાયસીન, આઇસોનેકસ અને પાસ મહત્ત્વનો ભાગ ભજવે છે. એ ઉપરાંત જરૂરિયાત પડયે 'સર્જિકલ ટ્રીટમેન્ટ' પણ આપવામાં આવે છે.

'પાસ'ની જગ્યાએ 'થાયાસીટેઝોન' નામનું નવું ઔષધ ખોળવામાં આવ્યું છે અને એની ક્ષય ઉપર સુંદર અસરો જોવામાં આવે છે. એટલું જ નહિ પણ ખૂબ જ નજદીકના ભવિષ્યમાં પાસ અને સ્ટ્રેપ્ટોમાયસીન બન્નેનું સ્થાન એ લેશે એમ લાગે છે.

આથી મોટામાં મોટો ફરક એ પડવાનો કે દરદીને આજે રોજ મહીનાઓ સુધી ઇંજેક્ષનોની જે યાતના ભોગવવી પડે છે તે દૂર થશે અને 'પાસ'ને કારણે જે વવમિષા (પવનની ઇચ્છા—ગેસ્ટ્રીક અપસેટને કારણે) થાય છે તે પણ દૂર થશે. સ્ટ્રેપ્ટોમાયસીનનાં ઇંજેક્ષન દૂર થતાં ઇંજેક્ષનનો રોજનો રૂપિયો એક, + ડૉકટરની વિઝિટ ફી રૂપિયા ૨ એમ કુલ લગભગ રોજના રૂપિયા ત્રણનો દરદીને બચાવ થશે. 'પાસ'ની કિંમત રોજની લગભગ નવ આના જેટલી થાય છે (આઇસોનેકસ અને પાસની ભેગી કિંમત માસિક ડોઝને હિસાબે રૂા. ૨૦ થાય છે.) એટલે આમ રોજના લગભગ ઓછામાં ઓછા રૂા. ૨॥ દરદીને ખર્ચવા પડે છે (ઇન્જેક્ષન મૂકવાની ફી રૂા. એક ગણતાં) જ્યારે આ જે નવું ઔષધ ખોળવામાં આવ્યું છે તે નીચે પ્રમાણે બનાવવામાં આવ્યું છે અને માસિક ડોઝની કિંમત રૂા. પાંચ થશે એટલે કે રોજના ૨ થી ૨॥ આના જેટલો જ ખર્ચ દરદીને આવશે.

ક્ષયની દવાનો રોજનો ખર્ચ ફક્ત બે આના એ ચિકિત્સાક્ષેત્રમાં મોટામાં મોટી ક્રાન્તિ છે. કેટલાંયે ગામડાંઓ એવાં છે જ્યાં ડૉકટરી સારવાર મળવી મુશ્કેલ છે અને રોગીને કેટલીક વાર તો બેથી દસ માઇલ દૂર રોજ ડૉકટરની પાસે માત્ર ઇન્જેક્ષન મુકાવવા જવું પડે છે. એટલે ખૂબ જ તકલીફ બચી જવાની. નવું ઔષધ :—

થાયાસીટેઝોન	૭૫ mg
આઇસોનીયેઝાઇડ	૧૫૦ ,,
બુકલીઝાઇન હાઇડ્રોક્લોરાઇડ	૧૫ ,,
નીકોટીનએમાઇડ	૨૫ ,,

થાયાસીટેઝોન અને આઇસોનીયાઝાઇડ ક્ષયઘ્ન દ્રવ્યો છે. બ. હા. 'એન્ટી હીસ્ટામીનિક' ઔષધ છે અને કેટલીક અસરોથી બચાવે છે જ્યારે નીકોટીનએમાઇડ મૃદુ ક્ષયઘ્ન છે અને એ પણ કેટલીક પરાબ અસરો (અનડિઝાયરેબલ સાઇડ ઇફેક્ટસ)થી બચાવે છે.

આ ઔષધની અત્યારે હિંદુસ્થાનમાં ચાર પાંચ ઠેકાણે 'ટ્રાયલો' લેવાઇ રહી છે. ગુજરાતમાં આણંદમાં દરબાર ગોપાળદાસ ટી. બી. ક્લીનિકમાં એના અત્યારે ૪૦૦ દરદીઓ ઉપર પ્રયોગો થઈ રહ્યા છે. અને પરિણામ એકંદરે ઘણું સંતોષપ્રદ છે. ત્યાંના ચીફ મે. ઓ. ડૉ. એ. જી. પટેલ, એમ. ડી. કહે છે: "થોડા મહીનાઓમાં જ પરિણામો એકત્ર થશે અને એ પરિણામો આવતાં જ ઔષધ (જે કંપનીએ આપ્યું છે તે કંપની તરફથી) બહાર પાડવામાં આવશે. કદાચ ૧૯૬૪ પહેલાં જ આ ઔષધ બહાર પડશે."

આ તબક્કે બીજું એક મહત્ત્વનું સીમાચિહ્ન એ છે કે એ ક્લીનિકમાં એક્ષરે માટેનું એક નવું યંત્ર આવી ગયું છે કે જેના એક એક્ષરેની કિંમત ફક્ત આઠ જ આના (માઇક્રોફિલ્મ) રહેશે.


આ ક્લીનિકમાં ડૉ. પટેલના આવ્યા પછી રોજના લગભગ ૧૫૦ દરદીઓ લાભ લે છે અને સામાન્ય સિદ્ધાંત એ લોકોએ સ્વીકાર્યો છે કે બને ત્યાં સુધી કોઈ પણ દરદીને પૈસાના અભાવે પાછો જવા દેવો નહિ. દરદી એકવાર આવ્યા પછી ન આવે તો એને કાગળ લખી પુછાવવામાં આવે છે કે શાં કારણસર એ ફરી નથી આવ્યો? અને એનો જવાબ મળતાં જો પૈસાનું જ કારણ જણાવે તો સંસ્થા તરફથી તેના ગામના સરકારી અગર જાણીતા ડૉક્ટર કે જાણીતા શહેરીને કાગળ લખવામાં આવે છે કે તમારા ગામના ફલાણા દરદી પૈસાના અભાવે સારવાર માટે આવી શકતા નથી તો યોગ્ય વ્યવસ્થા કરવા વિનંતી છે. કારણ એથી ગામનું આરોગ્ય પણ સચવાવાનું છે અને આવા જનહિતના કાર્યમાં એમને અત્યાર સુધી એકંદરે ખૂબ જ સારો જવાબ મળી રહ્યો છે.

દાતાઓ માટે, સમાજસેવકો માટે, આથી સારી સંસ્થા બીજી ભાગ્યે જ હોઈ શકે. સંસ્થાના સેવાભાવી ડૉક્ટર અને સંચાલકોને ક્ષયની સારવારમાં ક્રાન્તિ લાવવા અંગે જે નિમિત્ત થવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તે બદલ જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે. પૂ. રવિશંકર મહારાજ આ સંસ્થાના પ્રમુખ છે. આપણે આશા રાખીએ કે ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં આવી એક એક સંસ્થા ઊભી થાય *

❊

---

* ડૉ. એ. જી. પટેલ, એમ. ડી., સી. એમ. ઓ., દરબાર ગોપાળદાસ ટી. બી. ક્લીનિકના 'કરન્ટ મેડિકલ પ્રેક્ટીસ'માં પ્રગટ થયેલા 'ટ્રીટમેન્ટ ઑફ પલમોનેરી ટ્યુબરક્યુલોસીસ વિથ એ કૉમ્બીનેશન ઑફ થાયાસીટેઝોન એન્ડ આઇસોનીયાઝાઇડ' નામક લેખને આધારે.



આઝાદી-અંક

૧૫ મી ઑગસ્ટ : ૧૯૬૩




આદ્ય તંત્રી

સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક

રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

પ્રકાશક : રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી, ૧૨/અ, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ.
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ
તા. ૧૫-૮-૧૯૬૪.


છેતરાશો નહિ
મેટ્રિક તોલમાપનો
ફરજિયાત ઉપયોગ
મેટ્રિક પદ્ધતિ
સરળતા અને સમાનતા માટે અપનાવો

卐 પ્રસ્થાન 卐

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૬ શ્રાવણ : ૨૦૧૯ અંક ૪

આઝાદી-અંક

પાડોશી સાથે વાતચીત — ચર્ચા

૧ આઠમી ઑગસ્ટ—વિદ્યાર્થીઓ અને રાજકારણ
૨ રાજકારણમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને નેતાઓનું ઉદ્‌બોધન
૩ કૉંગ્રેસ પક્ષને વિખેરવાની પરિસ્થિતિ
૪ સોળમા વર્ષનું સરવૈયું

પ્રશ્ન : આજે ૮ મી ઑગસ્ટે આ એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે: રાજકારણમાં *વિદ્યાર્થીઓનું સ્થાન શું?*

ઉત્તર : રાજકારણમાં વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી હોય ત્યાં સુધી શું કરવું જોઈએ એનો ઉત્તર તો બહુ મુશ્કેલ નથી. વિદ્યાર્થીએ વિદ્યાર્થી તરીકે એવી કશી પ્રવૃત્તિ ન કરવી જોઈએ કે જેને લીધે એમના વિદ્યાભ્યાસમાં ખલેલ થાય. એમાંથી એ જાણવાનું રહે કે રાજકારણમાં શું કરવાથી વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલ થાય?

એમાં પણ એક ઉત્તર તો સ્પષ્ટ છે : વિદ્યાર્થીઓએ એમની શાળાઓનો કોઈ પણ રાજકારણના આંદોલનને માટે, કે બીજી બાબતો માટે, અભ્યાસના સમય દરમ્યાન, ત્યાગ કરવો જોઈએ નહિ, સિવાય કે શારીરિક અશક્તિ હોય અથવા તો કોઈ કૌટુંબિક ફરજની જવાબદારી આવી પડી હોય.

બીજી બાબત એ કે શાળાઓમાં નિયમિત હાજરી આપવા છતાં, એમનાં મન રાજકારણથી એવા ઉશ્કેરાટમાં ન આવી જવાં જોઈએ કે જે તેમનું ચિત્ત અભ્યાસમાં સ્થિર ન રહેવા દે.

આ મર્યાદાઓમાં રહીને, વિદ્યાર્થી, ખાસ કરીને કૉલેજમાં ભણતો વિદ્યાર્થી, ગમે તે વિષયનો હોય તોપણ, તેણે પોતાના દેશના વર્તમાન રાજકીય પ્રવાહોથી પરિચિત રહેવું જોઈએ. તે જ પ્રમાણે રાષ્ટ્રાન્તરીય પ્રવાહોથી પણ માહિતગાર રહેવું જોઈએ. વિદ્યાર્થીઓને આ જ્ઞાન પ્રમાણભૂત રીતે મળે તે માટે શાળાઓમાં વ્યવસ્થિત યોજના હોવી જોઈએ. ડીલાઈલ બર્ન્સના 'Political Ideals' જેવા એકાદ નાના ગ્રન્થનો અભ્યાસ પણ વિદ્યાર્થી માટે રાખવો જોઈએ.

સંક્ષેપમાં, વિદ્યાર્થીને રાજકારણનાં તત્ત્વોનો—વાદોનો—પ્રવાહોનો વ્યવસ્થિત ખ્યાલ હોવો જોઈએ, પણ એના અભ્યાસકાળ દરમિયાન તેણે કોઈ પણ રાજકીય ચળવળમાં ભાગ લેવો જોઈએ નહીં.

આ માન્યતાની પાછળ એવી માન્યતા છે કે વિદ્યાર્થી પોતાના વિષયનો શાન્તિથી પૂરા મનોયોગથી અભ્યાસ કરે એમાં એને અંગત લાભ છે એ જવા દૃષ્ટિએ પણ એમાં એના દેશને સામો લાભ છે. શાળાઓ અને મહાશાળાઓ, અને યુનિવર્સિટીઓ, દેશના લોકો જે કરવેરા ભરે છે તેનાથી મોટે ભાગે ચાલતાં હોય છે. વિદ્યાર્થીની ફી તો એના ખર્ચનો થોડો અંશ જ કાઢી શકે છે. જનસમાજ સીધી રીતે અથવા રાજ્ય-સાધનો દ્વારા આવી સંસ્થાઓ ચલાવે છે તેનું મુખ્ય કારણ તો એ સમજવું જોઈએ કે પોતાની નવી પેઢી પ્રચલિત વિદ્યાઓથી સુપરિચિત થાય અને જનસમાજનાં કર્તવ્યોમાં એ જ્ઞાનદ્વારા યોગ્ય રીતે પોતાનો હિસ્સો આપી શકે. વિદ્યાર્થી જો પોતાના વિષયનો વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસ કરવાને બદલે બીજું કંઈ કરે તો તેને અંગત ગેરલાભ છે એ વાત બાજુએ મૂકીએ તોપણ તેના આવા વર્તનથી જનસમાજને મોટામાં મોટું નુકસાન છે એ વાત સ્પષ્ટ થવી જોઈએ. ઉદાહરણ તરીકે, ગણિતનો વિદ્યાર્થી ગણિત બરાબર ન શીખે તો જનસમાજને પોતાના કાર્ય અંગે ગણિતની જરૂર પડે ત્યારે તેને આવો વિદ્યાર્થી કામમાં ન આવે; દાક્તરીનો વિદ્યાર્થી દાક્તરીનો અભ્યાસ કરવાને બદલે સરઘસોમાં ફરે, તો ભવિષ્યમાં એવો અભણ દાક્તર પ્રજાના રોગોની શી સારવાર કરી શકે? એ જ રીતે અધકચરો એન્જિનિયરીંગનો વિદ્યાર્થી મકાનો બાંધે કે પૂલો બાંધે તો એનો વિશ્વાસપૂર્વક કેમ ઉપયોગ થઈ શકે! વગેરે વગેરે. અર્થાત્ કે વિદ્યાર્થીને તેના વિદ્યાભ્યાસમાંથી ખસેડવાની બધી પ્રવૃત્તિઓ એ અંતે તો જનસમાજને જ હાનિકર્તા છે.

આ દૃષ્ટિથી જે મર્યાદાઓ અંકિત થાય છે એમાં વિદ્યાર્થીનું રાજકારણમાં સ્થાન છે.

પ્રશ્ન : આમ છતાં આપણે ભારતના જ છેલ્લાં ચાલીસ વર્ષના ઇતિહાસમાં જોયું છે કે મોટા રાજકીય નેતાઓએ વિદ્યાર્થીને એમની શાળાઓ છોડી એક યા બીજા પ્રકારની રાજકીય ચળવળમાં ભાગ લેતા કર્યા છે. આનું સમર્થન કેવી રીતે કરો?

ઉત્તર : પહેલાં એક સૂચન કર્યું કે વિદ્યાર્થી શરીરે અશક્ત હોય કે કોઈ મોટી કૌટુંબિક જવાબદારી અદા કરવાની હોય તો, તેટલો સમય, તેને વિદ્યાભ્યાસ છોડવાનું પ્રાપ્ત થાય છે. જેમ, કુટુંબ ઉપરનું કોઈ સંકટ વિદ્યાર્થીને એના અભ્યાસમાંથી બહાર રહેવાની જરૂર ઊભી કરે છે તેમ દેશ માથે પણ એવું મોટું સંકટ હોય કે જેને લઈને વિદ્યાર્થીઓને તત્કાળ પૂરતો પોતાનો અભ્યાસ છોડી દેવો પડે. ઉદાહરણ તરીકે, ભારતમાં પરદેશી અંગ્રેજ અમલ હતો તે તેના ઉપરનું મોટામાં મોટું સંકટ અને શરમ હતાં. એ સંકટ અને શરમને દૂર કરવા ગાંધીજી જેવા નેતા જ્યારે અસહકારનો સંગ્રામ ખેલે ત્યારે એ વિદ્યાર્થીને જરૂર કહી શકે છે કે 'આ સંકટ અને શરમ દૂર કરવામાં તમે યુવાનો યથાયોગ્ય મદદ કરો. તત્કાળ પૂરતો તમારો અભ્યાસ છોડી દો.' એ જ રીતે, આપણે જાણીએ જ છીએ કે ઇંગ્લાંડમાં, પહેલા અને બીજા વિશ્વયુદ્ધો વેળાએ, વખત આવ્યે, ઇંગ્લંડે તેની યુનિવર્સિટીઓને ખાલી કરવા માંડી-હતી. પણ આ બધા આપદ્ધર્મો છે. એમાં પણ કઈ આપત્તિ કેટલી મોટી છે અર્થાત્ કે દેશનાં મૂળમાં ખરેખર હાનિ કરનારી છે તે વિચારીને જ આવા મર્યાદિત આપદ્ધર્મ તરીકે સમર્થન કરી શકાય. અર્થાત્ કે જનસમાજનું આખું અસ્તિત્વ જોખમમાં પડ્યું હોય એવી પરિસ્થિતિમાં આવો આપદ્ધર્મ વિચારણીય થઈ પડે. પણ આવા આપદ્-

ધર્મ, સદ્ભાગ્યે, બહુ વિરલ હોય છે. તેથી સામાન્ય નિયમ તરીકે તો, જે મર્યાદાઓ આપણે પહેલાં વિચારી ગયા તે બરાબર છે.

આથી એમ ફલિત થાય છે કે હાલમાં રાજકીય પક્ષો પોતપોતાના હેતુઓ માટે, જે રીતે વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાંથી ખેંચવા પ્રયત્ન કરે છે અથવા તેમને પોતપોતાના રંગ લગાડવા જે પરિશ્રમ કરે છે તે અસ્થાને છે. અને જનસમાજને હાનિકર્તા છે.

આ બાબતમાં પણ કોંગ્રેસ પક્ષ સૌથી વધારે મોટો અને સંગઠિત હોવાથી તેણે પોતે. જે વિદ્યાર્થીઓ ઉપરથી પોતાના હાથ ઉઠાવી લેવા જોઈએ, એટલું જ નહિ પણ પોતાના પક્ષના હોદ્દેદારોથી શાળાઓ કે મહાશાળાઓ ચલાવવામાંથી પણ દૂર રહેવું જોઈએ. કોંગ્રેસ જો પ્રામાણિક રીતે આવી રીત અખત્યાર કરે તો મને લાગે છે કે બીજા પક્ષો પણ ઠીકઠીક નબળા પડી જાય, અને સમાજમાં વિદ્યાર્થિજીવનનું સ્વચ્છ વાતાવરણ થવાનો સંભવ થાય.

* * *

પ્રશ્ન : થોડા દિવસ પહેલાં છાપામાં એવો નિર્દેશ હતો કે પં. જવાહરલાલજીએ કોઈ કોંગ્રેસી સભામાં એમ કહ્યું કે 'જો આવું ને આવું રહે તો કોંગ્રેસને વીખેરી નાખવી બહેતર છે.' આ વિશે તમે શું ધારો છો?

ઉત્તર : મેં પણ આવું વાંચ્યું હતું. પણ પછી કોઈ એનો સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંયે આવ્યો નહિ. એટલે હકીકતમાં જવાહરલાલજીએ આવું કહ્યું હતું કે નહિ તેને વિશે તો મત આપી શકાય નહિ. પણ એ આવું કહે તો એમાં એમની પક્ષથી ઊંચે જવાની એક પ્રકારની મહાનુભાવતા છે. પણ જો એમનો ખરેખર આવો મત થયો હોય તો પછી પ્રશ્ન એ થાય છે કે તેઓ કોંગ્રેસને વીખેરી નાખવા માટે શાની વાટ જુએ છે? આપણે બધા બાજુએ ઉભેલા પણ કોંગ્રેસની રાજકીય પક્ષ તરીકેની ખાનાખરાબી જોઈ શકીએ છીએ ત્યારે તેમના જેવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાને એની ખબર ન હોય? કદાચ, એમને એમ લાગ્યું હોય કે હજી કોંગ્રેસપક્ષ વીખેરી નાખવા જેટલો હીન થયો નથી, હજી એને સુધરવાની અને સંગઠિત થવાની તક મળવી જોઈએ વગેરે વગેરે. એ તો જવાહરલાલજીની પોતાની જવાબદારી છે અને એમાં આપણે જાણીએ કે સમજીએ એના કરતાં તેઓ વધારે જાણે અને સમજે.

આમ છતાં, ગાંધીજીએ સ્વાતંત્ર્ય મળ્યા પછી કોંગ્રેસને રાજકીય પક્ષ તરીકે વીખેરી નાખવાની જે વાત કરેલી તે ફરી પાછી યાદ આવે છે. અનેક વાર આપણે વાતચીતમાં એ બાબત યાદ કરી છે. અને રાજકીય પક્ષ તરીકે કોંગ્રેસની શી મૂળગત નબળાઈઓ છે એની પણ વાત કરી છે.

કોઈ પણ રાજકીય પક્ષનું સંગઠન એ પક્ષના સિદ્ધાંતોની પક્ષના સભ્યોમાં જે શ્રદ્ધા હોય છે એના ઉપર આધાર રાખે છે. કોંગ્રેસ સંસ્થાનો વિકાસ પરદેશી અમલ સામે ઝૂઝનાર પક્ષ તરીકે મુખ્યત્વે થયો છે. ગાંધીજીની અહિંસક શરતોની મર્યાદામાં રહીને ગમે તે આર્થિક, રાજકીય, ધાર્મિક વિચારવાળા માણસોને તેમાં દાખલ થવાનો અવકાશ હતો અને બ્રિટિશ અમલ સામે ઝૂઝવાની તક હતી!

કોંગ્રેસનું આ કાર્ય પૂરું થયું પછી તરત જ આર્થિક નીતિના અને રાજકીય નીતિના પ્રશ્નો અંગે અંતર્ગત જે જે જુદી જુદી માન્યતાઓ શ્રદ્ધાઓ કે વિચારો હતા તે પક્ષમાં પ્રગટ થવા લાગ્યા. ગાંધીજીનું પોતાનું અર્થકારણ અને રાજકારણ તો કોંગ્રેસે સ્વરાજ્ય મળ્યા પછી લગભગ ફગાવી દીધું એમ જ કહેવાય; અથવા તો માનને ખાતર એની 'હોઠ-સેવા' કરી કહેવાય.

પં. જવાહરલાલજીના અથવા સરદાર વલ્લભભાઇ પટેલના મતભેદો વ્યક્તિ પરત્વે નહતા પણ વિચારસરણીના હતા. સમાજવાદી વિચારસરણીને વલ્લભભાઇએ કોઠું ન આપ્યું એટલે કોંગ્રેસમાંથી એ ટોળી જુદી પડી ગઇ અને સમાજવાદી પક્ષ સ્થપાયો. વલ્લભભાઈના અવસાન પછી, જવાહરલાલજીની વિચારસરણી કે જે પહેલેથી જ સમાજવાદી હતી તેને, મુખ્ય સ્થાન મળતું ગયું એ વાદમાંથી ઉત્પન્ન થતી આર્થિક અને રાજકીય નીતિ, દેશના હિતને નુકસાનકારક લાગવાથી રાજાજી જેવા કોંગ્રેસમાંથી નીકળી ગયા; કારણકે તેમણે જોયું કે હવે જવાહરલાલ એકલાનું જ વર્ચસ કોંગ્રેસમાં રહ્યું છે અને ભવિષ્યમાં રહેશે. 'જવાહરલાલને હા–જી–હા ભણીએ તો જ કોંગ્રેસ પક્ષમાં રહેવાય; અને બીજી શક્તિ હોય તો તેમાં મોટાં સ્થાન મળે; કોંગ્રેસમાં અને સરકારમાં.'–એ કારણથી જવાહરલાલજીની વિચારસરણીને નહિ સ્વીકારનાર, નહિ સમજનારા, એમાં શ્રદ્ધા વિનાના એવા અનેક નાના મોટા માણસો કોંગ્રેસ સંસ્થામાં મોટી સંખ્યામાં છે, વડાપ્રધાનની કેબિનેટથી માંડીને તે રાજ્ય સરકારના પ્રધાનમંડળોમાં તેમજ કોંગ્રેસ સંસ્થાના મહત્ત્વનાં સ્થાનો ઉપર. અર્થાત્ કે આ ઘડીએ, કોંગ્રેસપક્ષની મોટી સંખ્યા જવાહરલાલજીની વિચારસરણીને સમજનારી કે માનનારી કે તેમાં શ્રદ્ધા રાખી તે પ્રમાણે કાર્ય કરનારી નથી.—મતસંખ્યા ગમે તેટલી જવાહરલાલજીને હા–જી–હા ભણનારી હોય તેમ છતાં. આનું પરિણામ એ આવ્યું છે કે અત્યારે કોંગ્રેસ પક્ષમાં રહેવાથી, રાજકીય આર્થિક અને સામાજિક પ્રતિષ્ઠા અને લાભો છે એવા ખ્યાલવાળા માણસો જ એમાં મોટા ભાગનાં છે અને તેથી જ તેમાં રાજકીય અને સત્તાની હૂંસાતૂસી એ જ સર્વત્ર કોંગ્રેસીઓનું મુખ્ય કાર્ય થઈ પડ્યું છે. આખા પક્ષમાં અત્યારે જે કાંઈ એકતાનો આભાસ છે તે જવાહરલાલજીને લઇને જ છે. પણ એમાં વિચાર અને ભાવનાનું ઐક્ય ન હોવાથી એ આખો પક્ષ અંદરથી પોલો થઈ ગયો છે. એમાં ફક્ત એક જ બાબત બાકી રહી છે અને તે એ કે કોંગ્રેસને નામે પ્રજા પાસેથી પક્ષોના ધોરણે બહુમતી મેળવ્યા પછી, જે જુદી જુદી ગાદીઓ ગોઠવાઇ તેના ઉપર કોણ બેસે ! કોઈ પણ રાજકીય પક્ષ માટે આનાથી વધારે ખરાબ પરિસ્થિતિ શી હોઈ શકે?

એનો ઉપાય હાલના કોંગ્રેસ પક્ષને વીખેરી નાખવા સિવાય બીજો શો ઉપાય પં. જવાહરલાલજી અજમાવે છે તે પ્રજાએ જોવાનું રહ્યું !

* * *

પ્રશ્ન : સોળમા વર્ષના સરવૈયામાં શું નીકળે છે ?

ઉત્તર : આઝાદીના સોળમા વર્ષનું સરવૈયું કાઢવા બેસીએ અને જમે–ઉધાર પાસાં તપાસીએ તો, કાંઈ તારવણી કાઢી શકીએ એવી સ્પષ્ટતા એમાં નથી. છતાં, ચારેબાજુ બધાં ક્ષેત્રોમાં, રાજકીય નથી એવી જનતામાં જે ખાવાપીવાની ચીજોથી માંડીને તે વેપાર-ધંધા કે ઉદ્યોગોની બાબતમાં અસંતોષ પ્રવર્તે છે અને વધારામાં તો નીતિના ધોરણ જેવું કાંઈ હોય એ વાત જ શંકાસ્પદ થઈ ગઈ છે એને વિશે તો આપણે શું કહીએ ! સિવાય કે, જે રાજકીય પક્ષના હાથમાં સત્તા છે તેની પોતાની દુર્દશા !

૮–૮–૬૩

*

ધન્ય ધરા આ

સુન્દરમ્

ધન્ય ધરા આ ભરત ભૂ તણી,
ધન્ય અમર ભારતની,
પરમ સચ્ચિદાનંદ પ્રભુની,
શાશ્વત સૌ સંત-સતની. ધન્ય ધરા આ૦

વિરાટના આ ભવ્ય ખગોલે
અમ અચરજ ભૂ-ગોલક,
જગદંબાને કર્ણ ઝુલંતું
સ્વર્ણ પુષ્પ મનમોહક;
અહો મઘમઘે સૌરભ એની,
એનાં રૂપ અનુપમ,
વિશ્વહૃદય રોમાંચિત કરતા
એના રસ પરમોત્તમ. ધન્ય ધરા આ૦ ૧

વસુંધરાના એ રસ ઊઠ્યા
ઉન્નતતમ ગિરિશૃંગે,
એ શૃંગોનાં હિમ-જલ ઊતર્યાં
ભૂતલ પ્રબલ તરંગે;
અહો વનો પ્રગટ્યાં, હરિયાળી
હસી રહી ઉર્વી-ઉર,
અદ્રિ-ગુહા વન ઉપવનમાં માનવ
આવી વસ્યો ચિદ-અંબર. ધન્ય ધરા આ૦ ૨

આ ધરતીનો ધારક માનવ,
મહલ રચ્યા મિટ્ટીથી,
સીંચ્યાં નિજ મન-ખેતર બહોળાં
અકલ તેજ-વૃષ્ટિથી;
અહો ગુંજી ઊઠ્યો જનમનનો
જીવનનો મધપૂડો,
શત શત પુષ્પે ઊઠ્યો મઘમઘી
વિરાટનો કેસૂડો. ધન્ય ધરા આ૦ ૩

અહીં દિવ્યબલ દેવો પ્રગટ્યા,
સ્વયં ઈશ અવતરિયા,
એ પ્રભુનાં કરુણા-જલ ઊતર્યાં,
શક્તિતણા સાગરિયા;
અહો અહીં રસકુંડ ઈશના,
અહીં રાસની કુંજો,
અહીં ધર્મક્ષેત્રો શક્તિનાં,
અહીં જ્ઞાનના પુંજો. ધન્ય ધરા આ૦ ૪
અહીં માનવે મંદિર બાંધી,
ગુફા વસી હરિ ખોજ્યા,
મંત્ર રટી, મન ઘૂંટી ઘૂંટીને
જીવન પટ સંયોજ્યા;
અહો અહીં જગ ભરનાં માનવ
વહી આવ્યાં દલ દલ હા,
અખિલ સૃષ્ટિનાં ચેતન-બલના
સંગમ હ્યાં, દંગલ હ્યાં. ધન્ય ધરા આ૦ ૫
અહીં ગહનથી ગહન ઉન્નતોન્નત
ગતિ આ માનવની,
અહીં સર્વ રસ, શક્તિ સર્વ, દ્યુતિ
અહીં જ્ઞાન અભિનવની;
અહો ધરાની યજ્ઞભૂમિ આ,
અહીં અખિલ તપ-સાધન,
અહીં પરમ બલિ અર્પણ, પરતમ
સત્ય તણું આરાધન. ધન્ય ધરા આ૦ ૬
અહીં સુકોમલ રવ પંખીના,
પ્રબળ સિંહનાં ગર્જન,
અહીં સિદ્ધિનાં સ્થૈર્યં ભવન, અહીં
અકલ્પ્ય આત્મ-વિસર્જન;
અહો અહીં સૌ ધ્રુવનાં ધ્રુવતમ
અવિચલ હા સંસ્થાપન,
આદિ અંતનું અહીં મિલન, હ્યાં
પરમ ઈશ આલિંગન. ધન્ય ધરા આ૦ ૭

☆

હિંદની સ્વતંત્રતાને દિને

સુન્દરમ્

૧

ભારત માતાને ઉદ્બોધન

હે માતા ! હે ભારત આત્મ ! આજના શુભ અવસરે તને અમારાં વંદન હો. હે મા, જે કાળે તારાં સંતાન તારાથી વિમુખ થઈ ગયાં હતાં, તારો પરિત્યાગ કરી તેમણે પારકાનું સ્વામિત્વ સ્વીકાર્યું હતું, એવા અવનતિના ગાઢ અંધકારમય સમયે પણ તેં તારાં સંતાનોને ઘડીભર પણ તરછોડ્યાં નથી. તારાં એ સંતાનો આજે જાગૃત બન્યાં છે, મુક્તિના આ ઉષઃપ્રભાતે તારા વદન ઉપર પ્રકાશ ઝળહળી રહ્યો છે. આજે હવે તું અમને માર્ગ બતાવ. અમારી આગળ આજે સ્વતંત્રતાની જે ક્ષિતિજ પ્રગટી રહી છે તેને અમે સાચી મહત્તાની ક્ષિતિજ બનાવી શકીએ, જગતનાં રાષ્ટ્રોની અંદર તારા સાચા જીવનતત્ત્વને અમે પ્રકટ કરી શકીએ એવું માર્ગદર્શન અમને આપ. મા, અમને એવો પ્રકાશ આપ કે જેના બળે અમે હમેશાં મહાન આદર્શોના પક્ષમાં જ ઊભા રહીએ, માનવજાતિને તારા સત્ય સ્વરૂપનું દર્શન કરાવીએ, જગતને જણાવીએ કે ભારત જગતની સર્વ પ્રજાઓની મિત્ર છે, સહાયક છે, આત્માના પ્રદેશમાં તે જગતને દોરી શકે તેમ છે.

૧૫-૮-૧૯૪૭ — શ્રી માતાજી

૨

શ્રી અરવિંદનું આત્મનિવેદન

ઑગસ્ટ ૧૫, ૧૯૪૭ એ સ્વતંત્ર હિંદનો જન્મદિન છે. હિંદને માટે આ દિવસે એક જૂનો યુગ પૂરો થાય છે, એક નવો યુગ બેસે છે. એટલું જ નહિ, આખા જગત માટે પણ આપણે એને એક મહત્ત્વનો દિવસ બનાવી શકીએ છીએ. એક સ્વતંત્ર પ્રજા તરીકેના આપણા જીવન અને કર્મ દ્વારા આખી માનવજાતિના ભાવિ માટે, તેના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસની દિશામાં એક નવા યુગનું મંગળ પણ આપણે કરી શકીએ છીએ.

૧૫મી ઑગસ્ટ એ મારો પોતાનો જન્મદિવસ છે. એ દિવસ આવું મહાન ગૌરવ ધારણ કરે એ પણ મારે માટે એક સ્વાભાવિક રીતે ઘણી આનંદપ્રદ ઘટના છે. આ સુયોગને હું કેવળ એક અકસ્માત્ તરીકે જ નથી જોતો. પરંતુ, મારા જીવનના આરંભકાળથી મેં જે કાર્ય હાથ ધર્યું છે, અને એ કાર્યમાં પ્રભુની જે દિવ્ય શક્તિ મને પગેપગે દોરી રહી છે તે દિવ્ય શક્તિને મારા એ કાર્ય ઉપર આ સુયોગ દ્વારા પોતાની પૂર્ણ અનુમતિ દર્શાવતી, પોતાની મહોરછાપ મારી આપતી જોઉં છું. આ સુયોગમાં હું મારા જીવનકાર્યને પૂર્ણ સિદ્ધિની

દિશામાં ગતિ કરતું જોઉં છું. સાથે જ, આજે મારા જીવનકાળ દરમિયાન જે જે જગદ્વ્યાપી પ્રવૃત્તિઓને સફળ થવાની મેં આશા સેવી હતી, અને તે કાળે તો એ પ્રવૃત્તિઓ કેવળ અવ્યવહારુ સ્વપ્ન જેવી જ દેખાતી હતી, તે સઘળી પ્રવૃત્તિઓને હું સફળ થતી, યા તો સફળતાની દિશામાં ગતિ કરતી જોઉં છું. સ્વતંત્ર બનેલું હિંદ આ સર્વ પ્રવૃત્તિઓમાં ઘણો મોટો ભાગ ભજવી શકે છે, જગતને માર્ગદર્શક બની શકે છે.

આ સ્વપ્નોમાં પ્રથમ સ્વપ્ન હતું એક ક્રાંતિકારી આંદોલન દ્વારા સ્વતંત્ર અને સંગઠિત હિંદનું સર્જન કરવું. આજે હિંદ સ્વતંત્ર બન્યું છે, પણ તેણે એકતા સિદ્ધ નથી કરી. એક ક્ષણે તો એમ પણ લાગતું હતું કે આ સ્વતંત્ર થવાની ક્રિયામાં જ તે પાછું બ્રિટિશ અમલ પૂર્વે હતી તેવી છૂટાં છૂટાં રાજ્યોની અંધાધૂંધી ભરેલી હાલતમાં સરી પડશે. પરંતુ હવે એમ લાગે છે કે સદ્‌ભાગ્યે આ ભય હવે ઊભો નહિ થાય; અને જો કે હજી તો અપૂર્ણ છતાં ભાવિમાં એક વિશાળ ને શક્તિશાળી એવું સંઘતંત્ર સ્થપાશે. વળી બંધારણસભાની ડહાપણપૂર્વકની જોરદાર નીતિને લીધે દલિત વર્ગોનો પ્રશ્ન પણ કશી ફાટફૂટ વિના ઊકલી જશે એમ સંભવિત લાગે છે. પણ હિંદુઓ અને મુસલમાનો વચ્ચેના જૂના કોમી ઝેરે આજે તો જાણે દેશના કાયમી રાજકીય ભાગલાનું રૂપ લઈ લીધેલું દેખાય છે. આશા રાખીએ કે આ સિદ્ધ ગણાતી હકીકતને હમેશને માટે સિદ્ધ થઈ ગયેલી હકીકત તરીકે નહિ સ્વીકારી લેવામાં આવે, અને એને એક કામચલાઉ નિવેડો જ ગણવામાં આવશે. કારણ કે જો આ ભાગલા ચાલુ રહેશે તો શક્ય છે કે હિંદ ગંભીરપણે નિર્બળ બની જાય, સાવ અપંગ પણ બની જાય. આ ભાગલા રહેશે ત્યાં સુધી આંતર વિગ્રહનો હમેશાં સંભવ રહેવાનો. એટલું જ નહિ, આ સ્થિતિમાં હિંદ પર કોઈ બહારની સત્તા પણ આક્રમણ કરી શકે છે, અને પરદેશી સત્તાના હાથમાં પાછું હિંદ ચાલ્યું જઈ શકે છે. ભાગલાને લીધે હિંદનો પોતાનો આંતરિક વિકાસ અને પ્રગતિ પણ અટકી પડે, જગતની પ્રજાઓમાં તેનું સ્થાન નબળું પડી જાય, તથા હિંદનું પોતાનું જે વિશિષ્ટ જીવનકાર્ય છે તેને ક્ષતિ પહોંચે અને તે નષ્ટભ્રષ્ટ પણ થઈ જાય એવો સંભવ પણ છે જ. આમ ન જ થવા દેવાય. ભાગલા જવા જ જોઈએ. આપણે આશા રાખીએ કે આ એકતા કુદરતી રીતે જ બની આવે. હિંદના આ બંને ભાગોને એમ લાગવું જોઈએ કે આપણા બંનેની વચ્ચે શાંતિ અને સુમેળની જરૂર છે એટલું જ નહિ પણ બંનેએ હળીમળીને ભેગું કામ પણ કરવાનું છે. આ વસ્તુને વધુ ને વધુ સ્વીકાર થતો જાય અને એ બંને ભાગો સહિયારાં કામો કરવા લાગે, તથા તે માટે જરૂરી સાધનો ઊભાં કરે તો એ રીતે એકતા છેવટે પાછી આવી શકે છે. આ એકતા પછી ભલે ગમે તે રૂપમાં આવે. એ રૂપ કયા પ્રકારનું હોય એ પ્રશ્ન વ્યવહાર દૃષ્ટિએ મહત્ત્વનો હોઈ શકે, પરંતુ તત્ત્વની દૃષ્ટિએ તે ગૌણ બાબત છે. મુખ્ય વસ્તુ છે હિંદની એકતાની સિદ્ધિ. ગમે તે સાધન દ્વારા, ગમે તે પ્રકારે, આ ભાગલા તો જવા જ જોઈએ, હિંદની એકતા સ્થપાવી જ જોઈએ અને તે સ્થપાશે જ. હિંદના જીવનની એ અનિવાર્ય આવશ્યકતા છે. એ વિના હિંદ ભવિષ્યમાં મહાન નહિ બની શકે.

મારું બીજું સ્વપ્ન હતું એશિયાની પ્રજાઓની જાગૃતિનું, તેમની સ્વતંત્રતાનું, માનવ સંસ્કૃતિના વિકાસમાં એશિયાએ જે મહાન ભાગ ભજવવાનો છે તે ભજવતું તે થાય તેનું.

એશિયા જાગ્યું છે. એશિયાનો ઘણો મોટો ભાગ હવે તદ્દન સ્વતંત્ર બન્યો છે અથવા તો આ ક્ષણે સ્વતંત્ર થઈ રહ્યો છે. એશિયાના કેટલાક પ્રદેશો હજી પૂરેપૂરા અથવા તો અરધા-પરધા પરતંત્ર છે. પણ તે પણ પોતપોતાના જંગ ખેલતા સ્વતંત્રતા પ્રત્યે ગતિ કરી રહ્યા છે. હવે માત્ર થોડુંક કરવાનું બાકી છે અને તે થોડા વખતમાં જ થઈ જશે. એ વિષયમાં પણ હિંદે પોતાનો ભાગ ભજવવાનો છે અને તે તેણે ભજવવા પણ માંડયો છે. એ બાબતમાં હિંદે આ થોડા વખતમાં પણ એવી તો સ્ફૂર્તિ અને શક્તિ બતાવી છે કે જેમાંથી તેની ભાવિ શક્તિઓનો ખ્યાલ આજે પણ આવી શકે છે અને જગતના પ્રજાસંઘમાં તે કયું સ્થાન લઈ શકે તેમ છે તે જોઈ શકાય છે.

મારું ત્રીજું સ્વપ્ન હતું જગતના એક રાષ્ટ્રસંઘની સ્થાપના કે જે દ્વારા માનવજાતિને એક વધુ સુંદર, વધુ ઉજ્જવળ અને વધુ ઉત્તમ જીવન જીવવા માટે એક બાહ્ય ભૂમિકા પ્રાપ્ત થાય. માનવજાતિની એ એકતા આજે સ્થાઈ રહી છે. એ દિશામાં હજી એક અપૂર્ણ એવું સંગઠન શરૂ તો થયું છે. પરંતુ તેની સામે પ્રચંડ મુશ્કેલીઓ ઊભેલી છે. તો પણ એ કાર્યને વેગ મળી ચૂકયો છે. એ વેગ વધુ ને વધુ વધતો જશે અને છેવટે આ પ્રવૃત્તિ વિજય પામવાની જ છે. આ વિષયમાં પણ હિંદે આગળ પડતો ભાગ ભજવવા માંડયો છે. અને જો હિંદ, વર્તમાન પરિસ્થિતિ તથા નજીકની શકયતાઓમાં જ પુરાઈ ન રહેતાં, ભવિષ્યની શકયતાઓ જોઈ શકે અને તેને વધુ ને વધુ નજીક લઈ આવે એવી રાજકીય કુનેહ ખીલવી શકે તો રાષ્ટ્રસંઘમાં તે પોતાની હાજરીથી ઘણો પ્રભાવ પાડી શકશે. એ સંઘ અત્યારે જે મંદ વેગે બીતાં બીતાં ગતિ કરી રહ્યો છે તેમાં હિંદ ઘણી હિંમત અને વેગ પૂરી શકશે. આજે રાષ્ટ્રસંઘમાં જે કાર્ય થઈ રહ્યું છે તેને અટકાવી દે યા તો તેનો નાશ કરી નાખે એવી કોઈ આપત્તિ ઊભી થવાનો પણ સંભવ રહે છે. છતાં છેવટનું પરિણામ તો નિશ્ચિત જ છે. જગતની પ્રજાઓ એક બને એ કુદરતની પોતાની જ આવશ્યકતા છે. એ એક ટાળી ન ટળાય તેવી ક્રિયા છે. જગતની પ્રજાઓ માટે આ એકતા કેટલી બધી આવશ્યક છે એ તો અત્યંત સ્પષ્ટ વાત છે. આવી એકતાની ગેરહાજરીમાં જગતની નાની નાની પ્રજાઓની સ્વતંત્રતા કોઈ પણ ક્ષણે ભયમાં મુકાઈ જવાનો સંભવ છે. એટલું જ નહિ, મોટી તથા બળવાન પ્રજાઓનું જીવન પણ એટલું જ બિનસલામત રહેવાનું છે. આમ બધી રીતે જોતાં માનવજાતિની એકતા સર્વ કોઈના હિતની વસ્તુ છે. જો માનવજાતિ નિર્વીર્ય હશે અને મૂર્ખ રીતે સ્વાર્થમાં ડૂબેલી રહેશે તો જ આ એકતા સિદ્ધ નહિ થાય. પરંતુ આ વસ્તુઓ કુદરતની આવશ્યકતા આગળ તેમ જ પરમાત્માની દિવ્ય ઇચ્છાશક્તિ આગળ કાયમની ટકી શકવાની નથી જ. પણ આ એકતા સિદ્ધ કરવા માટે એકલી બાહ્ય ભૂમિકા જ પૂરતી નથી. જગતમાં એક આંતરરાષ્ટ્રીય ભાવના અને દૃષ્ટિનો પણ ઉદય થવો જોઈશે, આંતરરાષ્ટ્રીય વ્યવહારો અને સંસ્થાઓ ઊભી થવી જોઈશે, માણસોને બેવડી અથવા તો અનેકદેશીય નાગરિકતાના હક્ક મળે, સંસ્કૃતિઓનો બુદ્ધિપૂર્વક વિનિમય થાય, તેમનું સ્વેચ્છાપૂર્વક સંમિશ્રણ થાય, એવી એવી પ્રવૃત્તિઓ શરૂ થવી જોઈશે. રાષ્ટ્રવાદે કરવાનું કામ હવે થોડા સમયમાં જ પુરું થઈ જશે. એનામાં રહેલી આક્રમક વૃત્તિ હવે દૂર થઈ જશે. આ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિઓ સાથે દરેક રાષ્ટ્ર પોતાના આત્મસંરક્ષણનો તથા પોતાની લાક્ષણિક

જીવનપ્રણાલિનો મેળ પણ જાગી શકશે. માનવજાતિમાં હવે એકતાની એક નવીન ભાવના વ્યાપક બનશે.

મારું એક અન્ય સ્વપ્ન હતું હિંદે જગતને આપવાની આધ્યાત્મિકતાની ભેટ. એ કાર્ય પણ શરૂ થઈ ચૂક્યું છે. હિંદની આધ્યાત્મિકતા યુરોપ અને અમેરિકામાં વધુ ને વધુ પ્રમાણમાં પ્રવેશ કરી રહી છે. એ પ્રવૃત્તિ હવે વિશેષ ને વિશેષ વૃદ્ધિ પામશે. આજની ઘોર પરિસ્થિતિમાં વધુ ને વધુ આંખો હિંદ તરફ આશાભેર વળવા લાગી છે. લોકો હિંદની તત્ત્વદૃષ્ટિને અનુસરવા લાગ્યા છે. એટલું જ નહિ, હિંદની સૂક્ષ્મ અને આધ્યાત્મિક સાધનાનો પણ આશ્રય લેવા લાગ્યા છે.

મારું છેલ્લું સ્વપ્ન હતું માનવવિકાસમાં સાધવાનું એક નવું પગલું, એક નવી ભૂમિકાની પ્રાપ્તિ. એ એક એવું પગલું હશે કે જેને લીધે મનુષ્ય એક વધુ ઉચ્ચ અને વિશાળ ચેતનાની અંદર આરોહણ પામશે. મનુષ્યમાં વિચારશક્તિનો ઉદય થતાં તેણે પોતાની પૂર્ણતાનાં તેમ જ પૂર્ણ સમાજનાં સ્વપ્ન સેવવા માંડ્યાં છે અને ત્યારથી જે જે પ્રશ્નો એને મૂંઝવી રહ્યા છે તે સર્વનો ઉકેલ એ ચેતનામાંથી આવી શકશે. પરંતુ આ તો હજી મારી અંગત આશા જ છે, કેવળ મારી પોતાની જ કલ્પના છે, મારો અંગત આદર્શ જ છે. તો પણ હિંદમાં તેમ જ પશ્ચિમમાં પણ એ આદર્શે ચિંતનશીલ માણસોને આકર્ષવા માંડ્યા છે. બીજા કોઈ ક્ષેત્ર કરતાં આ વિષયમાં તો ઘણી જ વિકટ મુશ્કેલીઓ સામે ઊભેલી છે. પણ મુશ્કેલીઓ ઊભી થાય છે એનો અર્થ એટલો જ છે કે આપણે તેમને જીતવાની છે. અને જો પ્રભુ-ઇચ્છા હશે તો તે જિતાશે જ. આ કાર્ય આંતર ચેતનાના તથા આત્માના વિકાસ દ્વારા જ શક્ય બનવાનું છે. અને આ વિષયમાં પણ, માનવજાતિમાં જો આ વિકાસ થવાનો હશે, તો તેનો આરંભ હિંદ જ કરી શકે તેમ છે. વળી આ પ્રવૃત્તિએ સમસ્ત માનવજાતિની પ્રવૃત્તિ બનવાનું છે તો પણ સંભવ છે કે એનું કેન્દ્ર તો હિંદ જ બને.

હિંદની સ્વતંત્રતાના આજના દિવસનું સ્વરૂપ હું આ રીતે જોઉં છું. આ આશા સફળ થશે કે નહિ, યા તો કેટલી સફળ થશે એનો આધાર હવેના સ્વતંત્ર અને નૂતન હિંદ પર રહે છે.

[ઑલ ઇન્ડિયા રેડિયોના ત્રિચિનાપલ્લી સ્ટેશનેથી ઑગસ્ટ ૧૪, ૧૯૪૭ એ બ્રૉડકાસ્ટ થયેલું.]

જાગ્યો છે ભારત દેશ

પૂજાલાલ

જાગ્યો છે ભારત દેશ,
અમારો આ જાગ્યો છે ભારત દેશ !
મુચુકુન્દરૂપ જાગ્યો છે રોપીલો
ઈશનો લઈ આદેશ !–અમારો૦

કાળયવનનાં ઊમટ્યાં ધાડાં,
ગોળાઓનાં ગડગડતાં ગાડાં,
આડાં નડ્યાં નહિ હિમાળા કેરાં
શિખર ઊજળાં બેશ !–અમારો૦

આસુરી ઓલાદે ભ્રષ્ટ કરી ભોમ,
ઘસાતો લાગ્યો શંકરનો સોમ,
વ્યોમ ધુમાડાના ગોટે છવાયાં:
સળકી ઊઠયો છે શેષ !–અમારો૦

સૂતેલા સપૂત જાગ્યા છે જોમે,
સિંહનાદ પાડે પડઘા વ્યોમે,
રોમે રોમ રણરંગ રેલાતો,
બેઠા છે રથે રસેશ !–અમારો૦

એક નહિ, લાખ કોટિ મુચુકુન્દ !
વીર હાક પાડે વીર વૃન્દ વૃન્દ !
કુંદ-સુકોમળ કાંતાઓ ગાજતી
કાલી-કલેવર-વેશ ! –અમારો૦

સુંદ-ઉપસુંદ પૃથ્વીએ પોઢશે,
કાળનું કાળું કફન ઓઢશે,
પોઢશે ખીલશે કાંત કલાઓ
રાજશે રમ્ય રાકેશ !–અમારો૦

ભેદને ભેદતા વેદ અભેદના,
આપશે મંત્ર શમાવતા વેદના;
છેદના રુઝાઈ જાશે કારી ઘા,
નામે રહેશે ન લેશ !–અમારો૦

યજ્ઞની વેદીમાં આહુતિ કેરી
આગ ભભૂકતી ઊર્ધ્વ અનેરી,
વેરીઓનાં વન ભસ્મીભૂત થશે,
દીપશે દિવ્ય દિનેશ !–અમારો૦

જાગ્યો છે, જાગ્યો છે, જાગ્યો જૂનો જોધ,
જાગ્યો મહાકાળધારી મહાક્રોધ,
રોધ કશાયનો માનશે ના અવ
ગૂંજતી જય-ગુંબેશ !–અમારો૦

⊛

૧૫ મી ઑગસ્ટ, ૧૯૬૩

શાન્તિલાલ ઠાકર, એમ. એ.

એ પુનિત ૧૫ મી ઑગસ્ટ. ભારતમાતાનો પવિત્ર આઝાદી-દિન! આઝાદીના આનંદ-ઘંટ વાગ્યે સોળ સોળ વર્ષનાં વહાણાં વાયાં. તે દિવસે દેવો આનંદ્યા હતા—કે હવે ભારતમાતાના પ્રભાવથી વિશ્વમાં દૈવી સંપત્તિનો સુવર્ણયુગ સ્થપાશે: તે દિવસે ઋષિઓનાં હૈયાં થનગની ઊઠ્યાં હતાં કે હવે ભારતીય આધ્યાત્મિકતાથી વિશ્વ સંકલમાં આત્મતત્ત્વની ઉપાસનાની ઉષા મંડાશે, યોગવિદ્યા માનવીના શરીર-પ્રાણ-મન આશ્ચર્યયુક્ત સામર્થ્યથી ઓપી ઊઠશે. તે દિવસે સાત્ત્વિક મનનાં માનવીઓ હર્ષપુલકિત બની ઊઠ્યાં હતાં—કે હવે વિશ્વજીવનમાં જ્ઞાન, સમજૂતી, પરસ્પર પ્રેમભાવ, રાજકારણને, સમાજકારણને વધારે સાત્ત્વિક અને પ્રેમપૂર્ણ બનાવશે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના તપ વડે તે આઝાદી આવી. પણ તે સ્વપ્નો, તે મનોર થઈ, તે અભીપ્સાઓ ફળી છે ખરી? મહાત્માજીના શોણિતથી સિંચાયેલી; અનેક મરી ફીટેલા શહીદોના લોહીથી પુનિત બનેલી આ ધરતી હજી તૃપ્ત થઈ છે ખરી? હર્ષપુલકિત બની છે ખરી? આઝાદીની સ્વર્ગીય પવનલહરીથી શીતલ બની છે ખરી!

આપણું સોળ વર્ષનું સરવૈયું કાઢો. પરિણામ શું?

આપણે વધારે બળવાન નથી બન્યા. આપણું જાહેર જીવન વધારે વિશુદ્ધ નથી બન્યું. આપણામાં એકતાની ભાવના હજી નથી પ્રગટી. આપણો ગરીબ વર્ગ નિરાંતે એક વારનું ભોજન પણ નથી પામતો. બેકારી માઝા મૂકતી જાય છે. લાંચરુશવતની બદી સર્વવ્યાપક બનતી જાય છે. માનવીની નફટાઈ વધતી જાય છે, સત્તાલોલુપતા વધતી જાય છે, હૃદયની ઉદારતા અને સહિષ્ણુતા ઘટતી જાય છે, જૂથબંધી, સગાંશાહી, જ્ઞાતિવાદ કરતાં પણ ભયંકર પક્ષવાદ આપણા જાહેર જીવનમાં નાગચૂડ જમાવતો જાય છે. માનવીનું હૈયું રડે છે, કકળે છે. પેટમાં ભૂખનો અગ્નિ સતાવી રહ્યો છે. રોજિંદી વપરાશની ચીજોની મોંઘવારીને કોઈ નાથી શકતું નથી. ચીનના આક્રમણના ઓળા ઉત્તરમાં ઘેરાઓ ઘાલીને આકાશમાં પથરાયા છે. પાકિસ્તાનની ભારત પ્રત્યેની દુશ્મનાવટ-અણગમો વધારે ને વધારે ઉગ્ર થતાં જાય છે. અમેરિકા-બ્રિટનની લશ્કરી મદદ જોઈએ તેટલા પ્રમાણમાં ઝડપથી આવતી નથી. રશિયા આપણી તટસ્થતાની નીતિ સામે આંખ માંડીને તટસ્થતા જેવી મનોદશામાં બેઠું છે: આપણા જુવાનોને સાચા સૈનિકો બનવાની ફુરસદ નથી. સીનેમાનાં ગાણાં ગાવામાંથી, નવી ફેશનના પોષાક પહેરવાના મોહમાંથી તેમને ફુરસદ મળતી નથી. શરીરબળ ક્ષીણ થતું જોઈ શકાય છે. શિક્ષણ ઉપરછલ્લું બનતું જાય છે. બુદ્ધિનો વિકાસ વધવાને બદલે ઘટતો ચાલે છે એવી ફરિયાદ વિદ્યાપીઠોના વાઇસ-ચાન્સેલરોથી માંડીને પ્રાથમિક શાળાના બાળપોથી ભણાવતા શિક્ષકોની સંભળાઈ રહી છે. ઉદ્યોગીકરણની ઘેલછા ગામડાંને અને ગ્રામ-ઉદ્યોગોને ભરખી રહી છે. વસ્તીવધારાનો હાઉ ડોળા કાઢી રહ્યો છે, ઘુરકે છે. દસકા પછી ભારતની ધરતીમાંથી બમણી બનેલી પ્રજાસંખ્યાને ખવરાવી શકે તે અસંભવિત છે. પરદેશથી અનાજ મંગાવવું પડે છે. પંડિત નહેરુને તે હકીકતથી શરમ આવે છે. પણ આપણી નીતિથી ખેતીમાં લોકોનો રસ ઊડી જતો ચાલે છે. ખેડૂતોનાં છોકરાં કારકૂની

[અનુસંધાન પૃ. ૧૪૭

રાષ્ટ્રીય સત્ત્વહાનિનો પ્રશ્ન

નારાયણ મહાદેવભાઈ દેસાઈ

હારસીથી નાગપુર આવતાં ટૂ-ટાયર સ્લીપર ડબ્બાનો કંડક્ટર પોતાના હાથમાંની 'દશ દશ રૂપિયાની ચાર પાંચ નોટ બતાવતાં ગર્વથી અમને કહેતો હતો : ' આજની તો માત્ર આટલી જ કમાણી છે. સરેરાશ કરતાં આ થોડી ઓછી ગણાય. બાકી એક મારવાડીની જાનના સત્તર જણને સીટ આપતાં તો એક વાર મેં ત્રણસો ઓકાવ્યા હતા.' એક બે જગાએ વાત કરતાં સાંભળવા મળ્યું કે રોજના ચાળીસ પચાસ રૂપિયાની ક્યાંય એ કાંઈ બહુ મોટો આંકડો ન કહેવાય. આ થઈ વહીવટી ક્ષેત્રની વાત.

શિક્ષણક્ષેત્રનો એક કિસ્સો સાંભળવા મળ્યો ભોપાલમાં. સ્નાતકોનો પદવીદાન સમારંભ ચાલતો હતો. ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને આપવા સારુ પ્રમાણપત્રોનો ઢગલો ખડકાયો હતો. એટલામાં સભામાં હાજર અનુત્તીર્ણ કે નીચલી કક્ષામાં ભણતા વિદ્યાર્થીઓએ હુમલો કર્યો અને પ્રમાણપત્રો છીનવી લીધાં. થોડા દિવસ પછી ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને નવાં પ્રમાણપત્રો આપવા પડ્યાં. પદવીદાન સમારંભને દિવસે જેમણે પરાક્રમપૂર્વક પ્રમાણપત્રો મેળવ્યાં હતાં તેમને સમાજસાગરે પોતાના પેટમાં સમાવી લીધા. ન કોઈ હલન ન કોઈ ચલન. કદાચ એ પૈકી કેટલાક આજે સારી નોકરીઓ ઉપર હશે—એ પ્રમાણપત્રને જોરે.

નેફામાં બહાદુરીપૂર્વક લડી આવેલા એક લશ્કરી અધિકારીએ છ માસ પહેલાં અમને કહ્યું હતું : 'દિલ્હીમાં આપણા જવાનોને પહેરવા સારુ તમે જે સ્વેટર આપ્યું હોય તે જ સ્વેટર, જવાન સુધી પહોંચવાને બદલે, મારા કોઈ જાતભાઈના વેચી ખાવાને કારણે, કલકત્તાની બજારમાં તમને મળી આવે તો નવાઈ ન પામશો.'

રાજકારણના ક્ષેત્રના દાખલા આપતો નથી. એ સૌ આગળ ઉઘાડા છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાંથી આવા દાખલાઓ આપી શકાય એમ છે.

આજે આપણી સામે પ્રશ્ન છે પ્રજાજીવનની સત્ત્વહાનિનો. કારણો અનેક આપી શકાય એમ છે. આજની મોંઘવારી, લોકોની ગરજ, સીધે કે આડે રસ્તે આવેલા પૈસાની છૂટ, ખોટી શિક્ષણવ્યવસ્થા, ખોટી અર્થવ્યવસ્થા, વગેરે વગેરે. બધાં કારણોમાં વજૂદ પણ છે. મધ્યમવર્ગના લોકો જોડે આ વિષયોની ચર્ચા ચાલે છે ત્યારે ઘણુંખરા ફરીફરીને એક કારણ પર આવે છે : સરકારના દોષનું. અને એ કારણમાં પણ વજૂદ છે. કલકત્તા પાસે એક જબરદસ્ત ટ્રાન્સમિટર ઊભું કરી આપવાના સોદામાં રોજના અમુક કલાક 'વોઇસ ઑફ અમેરિકા'નો કાર્યક્રમ ચાલવા દેવાની યોજનાને પંડિત નેહરુએ જાતે સમ્મતિ આપી છે, એ સમાચાર હજુ તાજા જ ગણાય. આખી સરહદ પર હવાઈ છત્રીની ભલે ગોઠવણ ન થઈ હોય, પણ પશ્ચિમી વિમાનોની કસરતબાજી તો આપણે લલાટે લખાઈ ચૂકી લાગે છે. દેશને મજબૂત કરવાનો દરેક કાર્યક્રમ, આપણી તટસ્થ વિદેશનીતિની સાથે સાથે, આપણા રાષ્ટ્રીય સત્ત્વને પણ નિર્વીર્ય કરતો જાય છે.

સરકારનો માત્ર બચાવ કરવામાં મને જરાય રસ નથી. છતાંયે આપણે એટલું સમજી લેવું જોઇએ કે રાષ્ટ્રજીવનનાં તમામ અંગોમાં દેખાઈ રહેલી આ સત્ત્વહાનિ અંગે આપણે કેવળ સરકારને દોષ દઈને બેસી રહીએ એ ચાલે એમ નથી. એમ કરવું એ પોતે જ આપણી સત્ત્વહાનિનું એક લક્ષણ કે પ્રમાણ બની રહેશે.

પ્રશ્ન એ છે કે સત્ત્વના આ અધઃપાતને રોકી શકાય એમ છે ખરો? ભારતનો બુદ્ધિમાન માનવી આજે સામાન્યપણે સિનિક હોય છે. એને આ અધઃપાત અનિવાર્ય લાગે છે. અવશ્યંભાવિ લાગે છે. જેની પાસે સામર્થ્ય હોય, પણ ધ્યેય ન હોય, મિશન ન હોય, એ સામાન્યપણે સિનિક બનતો હોય છે. આપણા બુદ્ધિમાન માનવીની આજે એ હાલત છે. માટે એને આ અધઃપાતમાંથી આરો દેખાતો નથી. કોઇ વળી એમાંથી છૂટવા સારુ એકને બદલે બીજા દળની મદદ લેવાને સૂચવે છે.

પારકી મદદ લેવાને કારણે જે પંગુતા આવે છે તેને ટાળવાનો ઉપાય બીજા પાસે મદદ લેવી એ નથી એ તો દીવા જેવી ચોખ્ખી વાત છે. પ્રજાજીવનની નિર્વીર્યતાને ટાળવા સારુ પ્રજાએ જ પુરુષાર્થ કરવો પડશે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં સાત્ત્વિક પરાક્રમની જરૂર છે. અને એ પરાક્રમ સારુ કોઇની વાટ જોતાં બેસી રહેવાય એમ નથી—નેતા, સંસ્થા, પક્ષ કે સરકાર તરફ મીટ માંડીને બેસી રહેવાય એમ પણ નથી. કારણ આ રાષ્ટ્રીય સત્ત્વહાનિમાં કોઈને સૌથી વધારે હાનિ પહોંચતી હોય તો તે સામાન્ય નાગરિકને પહોંચે છે. એનું સત્ત્વ હણાય છે. ડગલે ને પગલે એ અપમાનો વેઠે છે. આમથી તેમ એ જ ઠેબે ચડે છે. જ્યાં ત્યાં એ જ વલખાં મારે છે.

સામાજિક ક્રાન્તિનો એ નિયમ છે કે અન્યાયનો પ્રતિકાર છેવટે અન્યાય વેઠનારે જ કરવાનો રહે છે. બીજા એના પ્રતિકારનો આરંભ કરી શકે, એને પ્રતિકારમાં મદદ કરી શકે, પણ છેવટે ક્રાન્તિ તો અન્યાય પીડિત જાતે જ અન્યાયને નાબૂદ કરે ત્યારે થાય છે. ગુલામી સામેની લડાઈ ગુલામે જ કરવાની રહે છે.

આજે જ્યારે રાષ્ટ્રીય સત્ત્વહાનિનું પરિણામ સામાન્ય નાગરિક વેઠી રહ્યો છે, ત્યારે એને દૂર કરવામાં પુરુષાર્થ મુખ્યત્વે એને જ કરવાનો રહેશે. ત્યાગ, બલિદાનનું કોઈ પરાક્રમી આન્દોલન એને ચેતના આપનાર તત્ત્વ ભલે બની રહેતું. પરંતુ રાષ્ટ્રીય સત્ત્વહાનિના ઓઘને રોકવાને, એને ઠેકાણે સત્ત્વનિર્માણના કાર્યક્રમને ખડો કરાવવાનું કામ સામાન્ય નાગરિકે જ કરવું પડશે. એ કામ કેવી રીતે ઉપાડાય, સત્તા કે સંપત્તિના આધાર વિનાના સામાન્ય નાગરિકો એને અંગે શું કરી શકે એ આપણી સામેનો યક્ષપ્રશ્ન છે. તે પ્રશ્નનો જવાબ આપવાની શરૂઆત કરી શકાય એમ છે. હું એક જવાબ આપું, બીજા બીજો જવાબ આપે, એમ પણ બની શકે એમ છે. 'પ્રસ્થાન'ના વિચારક વાચકો આગળ હું કોઈ તૈયાર જવાબો નહીં પીરસું. આપણે સૌ આ યક્ષપ્રશ્ન અંગે વિચાર કરીએ, અને પોતે પોતાને સ્થાનેથી આનો જવાબ શોધી પુરુષાર્થનો આરંભ કરીએ એ જ વધુ ઇચ્છવા જેમ છે.

વાંક આપણો જ છે

ચંદુલાલ ભગુભાઈ દલાલ

લાંચરુશવત ખૂબ વધી ગઈ છે. એના વિના અગર લાગવગ વિના કાંઈ જ કામ થતું નથી. મોંઘવારી અસહ્ય છે. બાંધી કમાણીવાળો કુટુંબનું પૂરું કરી જ શકતો નથી. કરવેરાનું ભારણ વધી ગયું છે. નીતિનું ધોરણ ઘણું નીચું ગયું છે. નીતિથી જીવનું અશક્ય થઈ ગયું છે. કરવેરામાં જેટલા પૈસા આપીએ છીએ તેટલાનું પૂરું વળતર મળતું નથી વગેરે વગેરે અનેક પ્રકારની ફરિયાદો ચારે બાજુથી સાંભળવા મળે છે.

આ ઑગસ્ટ માસની પંદરમી તારીખે સ્વરાજ્ય મળ્યે સોળ વર્ષ પૂરાં થશે. સ્વરાજ્ય મળ્યા પછી, ઉપર જણાવેલી ફરિયાદોનું પ્રમાણ અને એના પ્રકારો વધતા જ ગયા છે.

દેશના આર્થિક ઉદ્ધાર માટે એક પછી એક યોજનાઓ થતી ગઈ છે. એના માટે જોઈતા નાણાં મેળવવા લોકો ઉપરના કરવેરા વધતા ગયા છે. પણ એનો બદલો પૂરતા પ્રમાણમાં મળતો નથી, એ સૌ કોઈ—જેને જોવું છે તે—જોઈ શકે છે. જેને જોવું જ નથી અગર તો જેને એમાંથી જ લાભો મળે છે તેને એ દેખાતું નથી!

યોજનાઓ પાછળના હેતુ સારા છે એ વિષે શંકા લાવવા જેવું નથી. પણ એની યોગ્યાયોગ્યતા અને મહત્ત્વ વિષે પૂરતું ધ્યાન અપાયું નથી એ એક હકીકત છે. વળી યોજના અમલમાં મૂકવા માટે જોઈતાં નાણાંની જોગવાઇ છે કે નહિ એનો બહુ વિચાર કરવામાં આવ્યો લાગતો નથી; અગર તો, જો વિચાર કરવામાં આવ્યો હોય તો એ નાણાં યોગ્ય ધોરણે મેળવવાના માર્ગો છે કે નહિ એ વિચારાયું નથી. પરિણામે એક બાજુથી લોકો ઉપર કોઈ ને કોઈ કરવેરા નાખી નાણાં મેળવવામાં આવે છે; અને બીજી બાજુથી પરદેશમાંથી નાણાં મેળવવામાં આવે છે—ઉછીનાં તરીકે અગર મદદ તરીકે. એટલે મહેલ બાંધવા માટે નાણાંની જોગવાઈ છે કે નહિ એનો વિચાર કર્યા વિના કોઈ માણસ પોતાને રહેવાનું ઝૂંપડું જ પહેલાં તો તોડી નાખે અને પછી મહેલ બાંધવાની પેરવીમાં પડે એના જેવી સ્થિતિ પેદા થઈ!

એક બાજુથી કહેવામાં આવે છે કે જીવનનું ધોરણ ઊંચું લાવો. એ ઊંચું લાવવા માટે બધી યોજનાઓ કરવામાં આવે છે. અને બીજી બાજુથી કહેવામાં આવે છે કે ખરચા ઓછા કરો, નાણાં બચાવો અને એ, સરકારને ધીરો. વિવિધ પ્રકારની બચત યોજનાઓ તૈયાર કરવામાં આવે છે અને લોકો સમક્ષ ધરવામાં આવે છે. આમ, જીવનની જરૂરિયાતો વધારવાની અને ખરચા કમી કરવાની દ્વિમુખી નીતિ ચાલ્યા કરે છે!

જીવનની જરૂરિયાતોના ખ્યાલ પણ અજબ પ્રકારના ઊભા કરવામાં આવે છે. મોટર ગાડીઓ સસ્તી બનાવવામાં આવશે. જનતા મોટર બનાવવામાં આવશે. સસ્તા રેડિયો બનાવવામાં આવશે. ફ્રીજીડિયરો સસ્તા બનાવવામાં આવશે. ઘેર ઘેર વીજળી પહોંચાડવામાં આવશે એટલે તમે વીજળી વપરાશનાં સાધનો વસાવો. પરદેશથી, આ ન આવવા દેવું અને તે ન આવવા દેવું એ પ્રકારની નીતિ અપનાવી, 'સ્વદેશી' સાહસને ઉત્તેજન આપવાની

નીતિ અપનાવવામાં આવે છે. સ્વદેશીની દિશામાં બધા પ્રકારની મદદ કરવામાં આવશે. આપણે, સૌ બાબતમાં સ્વાવલંબી થવું જોઈએ એમ પોકારી પોકારીને કહેવામાં આવે છે.

અને છતાં, જીવનની સૌથી પહેલી જરૂરિયાત—ખોરાક—બાબતમાં જ બધું અવળું બનતું ગયું છે! હિન્દુસ્તાન ખેતીપ્રધાન દેશ છે એમ પરદેશના લોકો કહેતા આવ્યા છે એટલું જ નહિ પણ દેશના લોકો પણ કહેતા આવ્યા છે. એ જ દેશમાં આજે, સોળ સોળ વર્ષના સ્વરાજ્ય પછી પણ, અન્નની તાણ પડે છે અને એ પરદેશથી મંગાવવું પડે છે! અને આ, ક્યારે અટકશે એવું કોઈ સ્પષ્ટ, વિશ્વાસ પેદા કરે એવું, ચિત્ર આપણી પાસે નથી. અનેક દિવસોના અભ્યાસ બાદ, અનેક નિષ્ણાતો, અનેક પ્રકારના અહેવાલો તૈયાર કરે છે; એ બધા, લોકો સમક્ષ રજૂ કરવામાં આવે છે;-અને ઊડીને આંખે વળગે અગર હૃદય સોંસરા ઊતરી જાય એવાં પરિણામો કાગળ ઉપર બતાવવામાં આવે છે. છતાં અનાજની સમસ્યા તો ઊભી જ છે—જોઈતું—અનાજ પેદા કરવામાં આવતું નથી. અને પરિણામે એના ભાવો પણ વધતા જાય છે.

ખેતીપ્રધાન દેશમાં અનાજની તંગી રહે—ઊભી જ થાય—એ કેવા પ્રકારનું નિયોજન! શું સસ્તી મોટરગાડીઓ બનાવી શકાય, અને જોઈતું અનાજ પેદા ન થઈ શકે! સસ્તો રેડિયો બનાવી શકાય અને પૂરતું અનાજ પેદા ન થઈ શકે? બચત કરવાનું ફરજિયાત બનાવી શકાય અને અનાજ ઉગાડવાનું ફરજિયાત ન બનાવી શકાય!

તમાકુ જેવી ચીજ, જે જીવનની જરૂરિયાત નથી એ ઉગાડવાનું પ્રોત્સાહન મળે એવું વાતાવરણ સર્જાયું છે. એના વધુ પૈસા ઉપજતા હશે. પણ તો પછી, નિયોજનનો અર્થ શો? શું વધુ મહત્ત્વનું, એનો વિચાર નિયોજનકારે અને તંત્ર ચલાવનારે નહિ કરવાનો! કે પછી એ લોકોએ એમ માન્યું કે જીવનને માટે અનાજ કરતાં તમાકુ વધુ મહત્ત્વની છે! અને, દેશની સ્વતન્ત્રતા ટકાવવા માટે અનાજ કરતાં બીજું બધું વધુ મહત્ત્વનું છે!

અનાજ પછી કાપડ. આના માટે કોઈ નિયોજન કરવાનું છે જ નહિ. આ ઉદ્યોગ તો પહેલેથી સ્થપાયેલો જ હતો પણ એનો ઉપયોગ દેશની જરૂરિયાતો પોષવાને બદલે પરદેશની જરૂરિયાતો પોષવા માટે વધુ પ્રમાણમાં થાય છે. નિકાસ માટે કાપડ બનાવવાના સઘળા પ્રયત્નો કરવામાં આવે છે. પરદેશ કાપડ મોકલવા માટે, પરદેશનાં કાપડ બજારો કબજે કરવા માટે, ઉપાયો લેવામાં આવ્યા છે—એ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

આનાં પરિણામે દેશમાં કાપડ મોંઘું પડે એ એક અનિષ્ટ.

પણ બીજું પણ અનિષ્ટ છે; અને એ વધુ ઘેરું છે. કાપડના નિકાસના ઉત્તેજનનો કાર્યક્રમ ઘડતી વખતે એ ન વિચારાયું કે આવું કેટલો વખત ચાલશે! પરદેશોને મન તો હિન્દમાં બનેલું કાપડ પરદેશી જ છે. જે સ્વદેશી ભાવના આપણા દેશમાં ઊઠી ત ભાવના, સમય જતાં ત્યાં નહિ ઊઠે? અને એ ઊઠશે ત્યારે આપણી પાસેથી એ દેશો કાપડ ખરીદશે? આપણી સાથેસાથે બીજા દેશો પણ ત્યાં, કાપડ વેચવા હરીફાઈ કરશે એ વળી ત્રીજી વાત. પણ એ થાય કે ન થાય, આયાત કરનારા એ દેશોમાં સ્વદેશીની ભાવના જાગશે ત્યારે આપણા આ, નિકાસની દૃષ્ટિએ વિકસાવાતા ઉદ્યોગનું ભાવિ શું હશે? સ્વદેશીની ચળવળના જુવાળમાં આપણે ગાતા હતા:—

" માંચેસ્ટરની મિલો રોઝી હિન્દ થયું આઝાદ
બોલો બિરાદર જોરથી ઈન્કિલાબ ઝિન્દાબાદ. "

આ જ શબ્દો આપણી સામે નહિ વપરાય? શું એમ માની બેસવું કે સ્વદેશીનો આગ્રહ રાખવાનો આપણો જ ઈજારો છે? અને પરદેશોમાં એ ભાવના પેદા જ નહિ થાય? કાપડના નિકાસના વેપાર ઉપર દેશની આબાદીની ઈમારત રચનાર ઈંગ્લંડના મિલ ઉદ્યોગની શી દશા થઈ એ આપણે નથી જાણતા? જાણીએ છીએ તો પછી એ જ નુકસાનકારક દિશામાં ધસડાવા માટે આપણા આ ઉદ્યોગને શા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે?

જીવનની જરૂરિયાતોમાં ત્રીજું સ્થાન--વસવાટોનું આવે છે. સરકાર વસવાટો બાંધવા માટે ખાતાં ખોલે છે, એન્જીનિયરો રાખે છે અને વસવાટો બાંધે છે. પણ જરૂરિયાતના પ્રમાણમાં સરકારી રાહે બંધાતાં મકાનોની સંખ્યા નજીવી છે. બીજી બાજુથી, ખાનગી સાહસથી બંધાતાં મકાનોના માર્ગમાં મુશ્કેલીઓ અનેક છે. માલસામાન મેળવવાની મુશ્કેલીઓ અને ભાડાનિયમન ધારો વસવાટોની મુશ્કેલીઓ નિવારવામાં અવરોધો ઊભા કરે છે. ભાડાનું નિયમન કેવળ કાયદો કરીને સરકાર કરવા માગે છે—વધુ અને સસ્તા વસવાટો બાંધી ભાડાં નીચાં લાવવાના એના પોતાના પ્રયત્નો કામયાબ નીવડયા નથી. દરેક વસ્તુના ભાવ, પુરવઠો અને માગણીના પ્રમાણ ઉપર આધાર રાખે છે એ સનાતન આર્થિક સત્ય ભુલાઈ ગયું છે, અને કેવળ કાયદાથી ભાવો ઉપર અંકુશ મૂકી શકાય છે એવી ભ્રમણા ઊભી કરવામાં આવે છે. પરિણામે ભાવો પરના બધા જ અંકુશો નિરર્થક બને છે અને ચીજવસ્તુનાં કાળાં બજાર સર્જાય છે.

એકલા મકાનભાડાની બાબતમાં જ આમ નથી. અંકુશોવાળી બધી જ બાબતોમાં, જ્યાં જ્યાં પુરવઠો પૂરતા પ્રમાણમાં હોતો નથી ત્યાં ત્યાં આમ જ બને છે.

વળી વસવાટોનો પ્રશ્ન તો પેટ ચોળીને પીડા ઊભી કરી હોય એના જેવો છે. શહેરોમાં મકાનો મળતાં નથી અને ગામડાંમાં મકાનો ખાલી પડી રહે છે. ગ્રામોદ્ધારની યોજનાઓ ઘડાય છે, પણ એ યોજનાઓ કામયાબ નીવડી એવું પ્રમાણ શું? જો ગામડાંને સજીવન કરવામાં સરકાર સફળ નીવડી હોય તો ગામડાંમાં મકાનો ખાલી કેમ પડી રહે છે? ગામડાંમાં જુવાનોનું પ્રમાણ ઓછું કેમ છે? ખરી વાત એ છે કે લોકોને ગામડાં તરફ આકર્ષવાના કોઈ જ પ્રયત્નો કરવામાં આવ્યા નથી. અગર તો જે કરવામાં આવ્યા છે તે નિરર્થક નીવડયા છે. શહેરોમાં મળતી તાર, ટપાલ, ટેલિફોન, કેળવણી, દાક્તરી સહાય, આંતરિક વ્યવસ્થા, ન્યાય વગેરે પ્રકારની સગવડો ગામડાંમાં ન હોય તો ત્યાં જવા કોઈ કેવી રીતે લલચાય? અત્યારે તો આ બધી સગવડો પૂરતા પ્રમાણમાં શહેરોમાં જ મળે છે અને તેથી સૌ કોઈ શહેર તરફ લલચાય છે. કમાણી વધુ શહેરમાં હોય છે. મોજશોખનાં સાધનો શહેરમાં હોય છે. ખુદ સરકાર પણ એના નોકરોને 'સિટી એલાવન્સ' આપી શહેરમાં રહેવા આકર્ષે છે.

અત્યારે તો નાના ગામને મોટું કરવાની અને મોટાને વધુ મોટું કરવાની ઘેલછા લાગી છે. એવું થાય એમાં આપણે રાચીએ છીએ. 'અમારા શહેરની વસતી આટલા લાખની થઈ, અમારા શહેરનો વિસ્તાર આટલા સમચોરસ માઈલનો થયો, અને અમારા શહેરની મ્યુનિસિપાલિટીની આવક આટલા લાખ અગર આટલા કરોડની થઈ', એમ કહી આપણે ગૌરવ અનુભવીએ છીએ. પણ આ બધું શાને માટે? એકને જ બહુ મોટું બનાવવામાં શો

ફાયદો છે? ઉદ્યોગ, યુનિવર્સિટી અને પાટનગર બધું એક જ સ્થળે હોવું જોઈએ એવો આગ્રહ શા માટે? એક જ સ્થળ ઉપર આ બધો બોજો શા માટે! બધું જોખમ શા માટે!

આવા પ્રકારના નિયોજનથી લોકો વધુ સુખી થયા છે, લોકો વધુ ચીજો મેળવતા અને એનો ઉપયોગ કરતા થયા છે એમ બતાવવામાં આવે છે। વધુ લોકો રેલવેની મુસાફરી કરે છે; વધુ લોકો મોટરગાડીઓ વસાવે છે; વધુ લોકો રેડિયો વસાવે છે; વધુ લોકો સિનેમા જુએ છે. વિદ્યાર્થીઓ વધુ પ્રમાણમાં ફાઉન્ટન પેનો વાપરે છે, અને વધુ નોટો અને વધુ ચોપડીઓ અને ગાઈડો વાપરતા થયા છે. આ બધું યોજનાઓની સિદ્ધિઓ રૂપે ગણાવવામાં આવે છે. પણ આમાં સુખ કોનું? અને કેટલાનું?

દેશમાં એક પણ માણસને ભૂખ્યા સૂઈ રહેવું ન પડે; એક પણ માણસને વસ્ત્ર વિના રહેવું ન પડે; એક પણ માણસને માથે છાપરું ન હોય એવું ન બને--એવી સ્થિતિ સ્વરાજ્ય આવતાં આવશે એમ કહેવામાં આવતું. પણ એ સ્થિતિ હજી સુધી તો આવી નથી! ઊલટું જ્યાં છે ત્યાં ઢગલો વધુ મોટો થતો ગયો છે અને નથી ત્યાં ખાડો વધુ ઊંડો બનતો ગયો છે.

આપણી મુશ્કેલીઓમાં ચીનના આક્રમણે વધારો કરી મૂક્યો છે. એનો સામનો કરવા માટે બને એટલું કરી છૂટવું જોઈએ એમ ન કહેનાર કોઈક જ દેશદ્રોહી હશે. સ્વતંત્રતા મેળવવા માટે બધું જ કરી છૂટનાર પ્રજા, એ જાળવવા માટે પાછી પાની ન જ કરે. એટલે એના માટે જેટલો ભોગ આપવો પડે તેટલો આપવા પ્રજાએ તૈયાર રહેવું જ જોઈએ.

આ દૃષ્ટિએ, અને આ જ હેતુ માટે, અને પોતાની પણ લોકોને પાળવા-પોષવાની જવાબદારી છે એવું સ્વીકારનાર સરકાર, પ્રજા પાસેથી સોનું માગે એમાં કાંઈ જ ખોટું નથી. લોકોએ વિના સંકોચે એ આપવું જોઈએ. આંતરરાષ્ટ્રીય લેવડદેવડ માટે સોનું જ વિનિમયનું સર્વમાન્ય અને સર્વસ્વીકૃત સાધન છે. એટલે આમાં લોકોએ સરકારને સુખે અને મદદ કરવી જોઈએ.

પણ સરકાર અત્યારે તો આને જુદું જ સ્વરૂપ આપે છે. એ કહે છે: 'સોનું રાખવું ખોટું છે. તમે એનો ત્યાગ કરો અને અમને આપી દો. અમે આમ કહીએ છીએ એમાં અમારો હેતુ, તમારો (લોકોનો) સોના ઉપરનો "મોહ" છોડાવવાનો છે. તમે (લોકો) સોનાની માયાજાળમાં ફસાયા છો. એમાંથી તમને કાઢવા માટે, તમારો ઉદ્ધાર કરવા માટે અમે આ સુવર્ણધારો ઘડ્યો છે.'

જરા વિચારીએ.

કેવળ મોહની જ વાત હોય તો મોહ જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ખરાબ છે જ. સત્તાનો મોહ, ખુરશીનો મોહ, એટલો જ બલ્કે વધુ ખરાબ છે—વધુ અનીતિ પેદા કરનાર છે. સોના ઉપરનો મોહ એવા પ્રકારનો છે? એ અનીતિ પેદા કરે છે?

દારૂ ખરાબ છે. એના ઉપરનો મોહ તજવો જોઈએ. સોનું દારૂ જેવું છે! દારૂ પીવાથી જે નુકસાન થાય છે તે સોનું રાખવાથી—શરીરે સોનાનું આભૂષણ પહેરવાથી—થાય છે? એ ન થતું હોય તો સોનું રાખવામાં નિષેધ શો થયો!

લોકો પોતાની બચત સોનાના સ્વરૂપમાં જ સંઘરી રહ્યા અને સંઘરતા આવ્યા છે. બધે બેન્કોની સગવડ હોતી નથી. વળી બેન્કમાં મૂકેલ ... ની ખાતરી, અવારનવ

વધતા જતા ભાવોના જમાનામાં, સમય જતાં ઘટતી જ જાય છે. એટલે બચતના રોકાણ માટે સદ્ધર સાધન તો સોનું જ છે અને તેથી જ લોકો એને સંઘરે છે. ગામડાનો માણસ, સાધારણ સ્થિતિનો માણસ, પોતાની જરૂરિયાતો માટે સોના ઉપર જ આધાર રાખે. ઘડપણમાં, માંદગીમાં, બેકારીમાં સંઘરેલું સોનું જ એને કામમાં આવે છે. ખરું જોતાં એની બધી આર્થિક વ્યવસ્થા સોના ઉપર જ રચાયેલી હોય છે.

એ વ્યવસ્થા હાલના સુવર્ણધારાથી તૂટી જાય છે. અને બદલામાં નવી વ્યવસ્થા તો ઊભી કરવામાં જ આવી નથી. ઘડપણમાં લોકોને પાળવાની જવાબદારી સરકારે ઉઠાવી નથી. માંદગીમાં સૌ માટે સૌ પ્રકારની દવાદારૂની વ્યવસ્થા સરકારે કરી નથી. બેકારી ઊભી થાય જ નહિ એવી વ્યવસ્થા સરકારે કરી નથી, અને બેકારી ઊભી થાય તો કોઈ ભૂખ્યું–નાગું રહે નહિ એવી જવાબદારી સરકારે ઉઠાવી નથી—સ્વીકારી નથી. આવું બધું કર્યું હોય તો પછી સોના ઉપરનો અંકુશ વાજબી ગણી શકાય. પણ આવું ન હોય, સરકારનો સહારો ન હોય અને લોકોનો જે આધાર હોય તે સરકાર છીનવી લે અગર એ આધાર છોડી દેવા સરકાર લોકોને આગ્રહ કરે તો એ આગ્રહ બિનજવાબદારીના પ્રતીક રૂપ છે એમ કહેવાય.

એક બીજી દૃષ્ટિએ પણ સરકારનું આવું વલણ હાનિકારક છે. કોઈ પણ માણસનો રોજગાર છિનવી લેતો કાયદો કોઈ જવાબદાર સરકાર કરે નહિ. સોનાનો કાયદો આવ્યા પછી સોનીઓ બેકાર બની ગયા છે. આવું થશે એવું સરકાર ન જાણતી હોય એમ માનવું મુશ્કેલ છે. સરકાર જાણતી જ હતી કે આવું બનશે; અને તેથી, એ લોકોને થાળે પાડવા માટે સરકાર બનતું કરશે એવાં વચન પણ એણે આપ્યાં છે.

પણ એમને થાળે પાડવાની વ્યવસ્થા કર્યા વિના બેકારી ઊભી થાય એવી યોજના તૈયાર કરવી અને અમલમાં મૂકવી એ કેવા પ્રકારની રાજ-વ્યવસ્થા? 'પહેલાં તો તમારો ધંધો અમે છીનવી જ લઈશું, પછી તમને થાળે પાડવા વિચારીશું' એના જેવું વર્તન છે.

જિંદગીના વીમાના ધંધાનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું ત્યારે સરકારે આવું વલણ અપનાવ્યું નહોતું. અને તેથી લોકોએ ખાસ વાંધો ઉઠાવ્યો નહોતો. કારણ કે એનાથી મધ્યમ વર્ગનો રોટલો ઝુંટવાયો નહોતો. પણ આ સુવર્ણધારાથી તો કારીગરનો રોટલો ઝુંટવાયો છે જ.

એ સાચી વાત છે કે દારૂબંધી કરવામાં આવી ત્યારે દારૂ ગાળનારનો અને વેચનારનો રોટલો ઝુંટવાયો હતો. પણ દારૂ પીવો–પીવરાવવો એ તો એક અનૈતિક બાબત છે. એ, સમાજનું એક અનિષ્ટ તત્ત્વ છે. એની નાબૂદી માટે જે કાંઈ કરવામાં આવે તે યોગ્ય જ કહેવાય. સોનું એવું અનિષ્ટ તત્ત્વ નથી. સોનું રાખનાર, એનો ધંધો કરનાર, અને એનો ઘડનાર માણસ અનૈતિક છે; અને નહિ રાખનાર, નહિ ધંધો કરનાર અને નહિ ઘડનાર નૈતિક છે એવું કહેનાર તો ગાંડાની દુનિયામાં જ વસે છે એમ કહેવાય.

અને જો ખરેખર એ અનૈતિક હોય તો સરકાર પોતે જ શા માટે સોનું સંઘરે છે! જો સોનું રાખવું ખોટું હોય તો—જેમ દારૂ રાખવો એ ખોટું છે અને તેથી સરકાર પણ એ ચીજ સંઘરતી નથી તેમ—સરકારે પણ સોનું ન જ સંઘરવું જોઈએ.

આમ ચારે બાજુ અવ્યવસ્થા દેખાઈ આવે છે. એ અવ્યવસ્થા જાણીબૂઝીને ઊભી કરવામાં આવી છે એમ કહેવાનો આશય નથી. પણ એ ઊભી થઈ છે એ એક હકીકત છે; અને ઊભી થઈ છે છતાં એને નાબૂદ કરવા માટે કોઈ સક્રિય અને સચોટ પગલાં લેવાયાં

વ્યવહાર અનેક ક્ષેત્રે વહેંચાયેલો હોય છે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં એમને કાંઈક નવું નવી રીતે માનો કહેવાનું હતું. અને આથી ગાંધીજીની સત્ય અને અહિંસાની અવ્યભિચારી આરાધના ઉપર મંડાએલી શૂરવીરતાએ એમને જીવન-આચાર્ય બનાવ્યા! શૌર્ય તે જે જીવનના સર્વતોમુખી સડાને પડકારે, જીવનની બદીઓ અને રોગને દૂર કરે. વ્યક્તિ અને સમષ્ટિ જીવનને ભવરોગથી પણ મુક્ત કરવાનો માર્ગ ચીંધે. ગાંધીજીની આ શૂરતા આત્મ-દર્શનની ઝંખનામાં રોપાયેલી હતી! એમની સમસ્ત પ્રવૃત્તિનું આરાધ્ય દૈવત આત્મદેવ હતા! એ રાજકરણમાં હોય કે ધર્મકરણમાં હોય, સમાજકરણમાં હોય કે ઇતર કોઇ વિષયમાં હોય-ગાંધીજી સૌ દ્વારા આત્મદર્શન જ ઝંખતા! આથી એમની શૂરવીરતાનો સાચો ખ્યાલ તો ઉપનિષદ્‌ના ઋષિઓ જ આપે. કઠોપનિષદ્‌નો ઋષિ આત્મદેવને ઉદ્દેશીને ગીત ગાય છે કે मध्ये वामनमासीनं विश्वे देवा उपासते-વચ્ચે વિરાજેલા તે સુંદરતમ આત્મતત્ત્વને અંદર બહારના સમસ્ત દેવો ઉપાસે છે. માનવમાં વસેલી સમસ્ત શક્તિઓ જ્યારે આત્મ કેન્દ્રિત થાય-આત્માને મેળવવા માટે જ ગતિશીલ થાય—આત્મને આત્મસાત્ કરવા જ ઝંખે-તેને મેળવીને જ જંપે, ત્યારે જે શૌર્ય પ્રકટે છે તે શૌર્યના ગુણગાન ગાતાં વેદો પણ થાકતા નથી. જે ઋષિએ—

वेदाहमेतं पुरुषं महान्तं आदित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्थाः विद्यते अयनाय ॥

="હું તે અંધારાથી પર સૂર્ય શા ઝગહળતા મહાન પુરુષને જાણું છું. તેને જાણીને જ માનવ મૃત્યુથી પર થાય છે-બીજો કોઈ પંથ નથી-મૃત્યુને મારવા માટે"-આ વેદગાન ગાયું હશે તે સાચા અર્થમાં શૌર્યનો પૂજારી હતો. મૃત્યુંજય વીર શૂર, બાકીના મૃત્યુથી પરાસ્ત બાદશાહો પણ કાયર જ.

માનવજાતે આજે એટલી વૈજ્ઞાનિક પ્રગતિ કરી છે કે જો હવે આત્માને પ્રાપ્ત કરાવી આપનારી શૂરવીરતાની સામુદાયિક પૂજા ન કરવામાં આવશે તો ઉપનિષદ્‌ની ભાષામાં કહીશું તો "महतीविनष्टिः" ધ્રુવ હશે—આપણો વિનાશ અનામત છે.

આ શૌર્યની પ્રાપ્તિ માટે જીવનનાં યથાર્થ દર્શન જરૂરી છે. જીવનનાં યથાર્થ દર્શન અને મૂલ્યાંકના માટે આજે ગીતા-ઉપનિષદ્-યોગ-ભાગવત વગેરે મહાન જીવનગ્રંથોનો વ્યાપક અભ્યાસ અનિવાર્ય છે! છેવટે દૃષ્ટિ જ તો વૃત્તિની પ્રેરક છે. આજે જગતમાં સંઘર્ષ જ છે દૃષ્ટિનો. ચોમેરથી પવનની પેરે વિચારોની આયાત નિકાસ એકામપણે ચાલે છે. વિચારોના તૃણાવર્તમાં જગત જકડાયેલ છે. એ વિચારોના કુંભમેળામાં કયા વિચારો પ્રતિષ્ઠિત થવા ઘટે, કયા વિચારોને કેટલું મૂલ્ય મળવું ઘટે, કયા અને કેટલા શ્રેયસ્કર છે, કયા વિચારો માનવને સ્વરૂપમાં નિષ્ઠા આપે છે—એ બધુંય વિવેકે નક્કી કરવાનો વખત આવી ગયો છે.

અમને લાગે છે કે ભારતનાં ઋષિસાહિત્ય પાસે જગતને ઉગારવાની, વિકસિત કરવાની, ઊંચામાં ઊંચે લઈ જવાની, સુખ અને શર્મ આપવાની નિર્મળ દૃષ્ટિ છે. "सर्वभूतहित"ની પરિભાષામાં જોવા ટેવાયેલી એ એક જ દૃષ્ટિ છે. પણ દુઃખ એટલું જ છે કે ગાંધીજીના વારસદારો પણ ગાંધીજીને વિસર્યા જ છે! આપણે ક્યાં જઈ રહ્યા છીએ એ કળવું મુશ્કેલ છે. તો ચાલો આ પર્વે આપણે સાચી શૂરવીરતા સાધવાનો નિશ્ચય કરીએ.

—હરિઃ ૐ તત્સત્—

૧૯-૩-૬૩

★

ઇતિહાસ જ ભાગે આવતં

હર્ષકાન્ત વોરા

" જોજે હો...હરજીવન થાતો નહીં..."

અમારા પરિવારમાં ઓછી અક્કલવાળા અને બીજાના કહેવાથી જલદી ચઢી જાય હોળીનું નાળિયેર બની જાય તેને 'હરજીવન' નામે સંબોધતા. ...

" હું કાંઇ ઓછું ચઢાવ ધનેડિયું છું ? આપણું તો કાળજું ઠેકાણે..,"

" એ જ ખરું..રંગ જોયા કરવા, લગાડવા નહીં."

" ખરી વાત.. આપણે તો નાનપણમાં જ ભણેલા ને ?..'નિશાળમાંથી નીકળી, જવું પાંસરાં ઘેર...'"

આવા આવા અવનવા ઉપદેશો સાથે રોજ રોજ હૈયે ટાઢક રાખી અને આપીને યુનિવર્સિટીની લાયબ્રેરીમાં વાંચવા જતો...

એ હતા '૪૨ના દિવસો... મુંબઇનગરી પરથી આખરી લડતનાં રણશિંગાં ફૂંકાઇ ગયાં હતાં. ગુલામી ફગાવી દેવાનો એ આખરી પુરુષાર્થ હતો.. જીવન અને મરણ સાથેનો સંકલ્પ હતો. મા ભોમ બલિદાનનું આહ્વાન કરતી હતી. પણ આં બધા આહ્વાનો અડી જાય એવો આ હરજીવન ન હતો.

યુનિવર્સિટી લાયબ્રેરીમાં વાંચવા માટે એશાયદી વ્યવસ્થા પણ હતી. ટેબલ રીઝર્વ કરી આપે ને તમામ પુસ્તકો (અભ્યાસના વિષયને લગતાં) ત્યાં જ પડયાં હોય. લેવડદેવડમાં સમય ન જાય. ૧૦૦-૧૫૦ પુસ્તકોનો ગણિતશાસ્ત્રનો ખડકલો હતો. એ પાનાં ઉથલાવ્યાં કરતો... બહારની હવા. ટીયર ગેસ. તોફાનો. છાપાંની બૂમરાણો–કાંઇ કાને અડતાં નહીં. આંખે દેખાતા નહીં... કારણ આ હરજીવનનું હૈયુ ધરપત ધારણ કરી બેઠું હતું.

અને...આજે...લડત ચાલુ છે. બે જ દિવસ થયા છે...

આ મારા ટેબલ પર સિપાઇ જેવો એક અંગ્રેજ યુવાન ઢગલામાંથી ગણિતશાસ્ત્રનાં પુસ્તક જોતો હતો. અમે તો નવાબની ધરતીમાં ઉછરેલા. પોલીસોની પ્રતિષ્ઠા કેટલી-કોણ પોલીસ થાય–એ અને આ. ગણિતશાસ્ત્રનાં અને અનુસ્નાતક કક્ષાના પુસ્તકો વાંચે છે ! બિચારો ! આમાં તો ચિત્ર પણ જોવાં ન મળે...

મારા આવતાંની સાથે ઊભા થઇ "હલ્લો-ગૂડ મોર્નિંગ..." કરી સ્વાગત કરી હાથ મિલાવ્યા. મેં પણ સામો આવકાર આપ્યો. ફાવ્યો ગઇ પણ મનનો ભરમ...પોલીસ...

" તમારું નામ જાણી શકું ?"

" મિ......"

" તમે ક્યાંથી ?..."

" માફ કરશો...વિગતો ન પૂછશો..."

" પણ અહીં કેવી રીતે !"

" આ ટુકડી બર્મોથી આવી છે તે સાથે ..."

"સ્વગત ન હોય તે તો કહો..."

"હું લંડન યુનિ૦નો બીએસ. સી. અભ્યાસ કરતો વિદ્યાર્થી હતો...વિશ્વયુદ્ધ જાહેર થયું...દેશની હાકલ પડી...ને હું જોડાઈ ગયો..."

"પણ અભ્યાસ?"

"હાલ છોડી દીધો."

"કેમ?"

"To save education..."

"એટલે?"

"To save education, leave education."

"હું ન સમજ્યો."

"જો અમારો દેશ હારી જાય તો અમારે વિજેતા દેશનાં શિક્ષણ વગેરે સ્વીકારવાં પડે. સ્વતંત્ર દેશને જ સ્વતંત્ર શિક્ષણ ને આગવી સંસ્કૃતિ હોય છે–ગુલામ દેશને એ ન હોય–ન રહે..."

"ને ધારો કે હાર્યા તો..."

"...તો અમે અમારા દેશનાં શિક્ષણ અને સંસ્કૃતિના સંરક્ષણનો પુરુષાર્થ કર્યાનો આનંદ અને ગૌરવ અનુભવીશું." અવાજમાં સ્વમાન હતું.

"પણ અભ્યાસ પૂરો કરીને નીકળ્યા હોત તો..."

"Studies can wait, Freedom cannot—અભ્યાસને થંભો એમ કહેવાય. ઇતિહાસને wait. ઇતિહાસનાં પૂરને એ ન કહેવાય. ક્રાન્તિને, યુદ્ધને સમયપત્રક ન હોય. આજે શરૂ થાય. કાલે બંધ પણ થઈ જાય..."

હું વિચારમાં પડ્યો ને કાંઈક નવો મુદ્દો મૂકું તે પહેલાં તો તેણે જાણે ઘા જ કર્યો.

"અરે બહાર. આ લડત ચાલે છે અને તમે બધા જુવાનો આ વાંચી રહ્યા છો... આ ટીયર ગેસ, આ દંડ, આ છાપાંના મોટા પ્રચાર–તમારે કાને નથી પડતા?..."

"તો શું!"

"Give up" સ્વતંત્રપ્રેમી યુવાને પ્રથમ પરિચયે આટલી આત્મીયતા સાથે આજ્ઞા જાણે આપી.

"પણ એક જ વર્ષ બાકી છે...શું પછી દેશને ઉપયોગ નથી."

"છે જરૂર. ઉપયોગમાં આવશો જ. *To carry coffins of the Dead, To sing their songs.*" એનાં મુડદાં ખસેડવાં, ઠાઠડીઓ ઉપાડવાં ને મરસિયાં ગાવામાં કામ લાગશો... આટલી તીવ્રતા...

"તો તમે શું ઇચ્છો છો?"

"*Your shoulder be for Independence* and not for coffin... તમારો ખભો સ્વરાજ્યની જવાબદારી ઉપાડે, નહીં કે ઠાઠડીઓની."

"પણ...આ આપણા વિષયો! મારે લડત માટે કેટલી તૈયારી કરવી પડે...?"

"તમારે તૈયારી શી કરવાની છે? તમારે ક્યાં તલવાર બંદૂક શીખવાનાં છે? જઈને ઊભા જ રહેવાનું છે ને!" જાણે સરળ અને સહજ વાત હોય તેમ કહે.

મને તો મહાસમુદ્ર લાગે...

"અચ્છા...માફ કરશો...તમારો વખત લીધો. પણ તમારા જેવા થોડા જુવાન નહીં પડે તો પણ સ્વતંત્રતા આવશે...અમે તો તમારા રાજકર્તાના દેશના છીએ...શિક્ષિત યુવાનો તરફથી કહું કે અમે ભારત ભલે ગુમાવીએ પણ તમારા જેવા જુવાનોની આ સ્થિતિ સહન ન કરીએ. પણ we are a single number for an infinite series.—એક અનન્ત શ્રેણીમાંની આપણે એક સંખ્યા છીએ..."

અને તે વિદાય લઈ ગયા.

પણ એવાં વાર્તાલાપ અને વિદાય વસમાં લાગ્યાં. પુસ્તકમાંથી બહારની દુનિયા જોઈ–ક્ષણભર વિચાર કર્યો, રોકાયા વગર છૂટયા...ને મુક્ત થયો..."

અને રાતે ઘેર આવ્યો...

"કાકા...ના પાડી ગયો હતો પણ હરજીવન થઇ આવ્યો..."

"હરજીવન શું-હરજીવન-જીવન હરાઈ જવાતું..."

પણ બીજી સવારે સામેલ થયો.

અને એ મહાન લડતના...અમે તો માત્ર રંગનાં છાંટણાં છંટાવીને આવ્યા.

પણ આજે પણ આજની પેઢી આગળ એ દિવસોની વાત–પકડો, લાઠીમાર, ટીઅર ગેસ, જેલ, કાળી કોટડી... ત્યારે યુવાનીઆઓને અફસોસ થાય છે અને કહે છે કે અમે મોડા જન્મ્યા. અમારે તો વાત જ સાંભળવી રહી. કાળ ગયો અને કથા રહી.

પણ યુવાનોને કયાં ખબર છે કે ધરતીનાં કણ કણ અને કાળની ક્ષણે ક્ષણ ક્રાન્તિનું આહ્‌વાન કરતાં હોય છે. આઝાદી આવી—લડત નથી પૂરી થઈ: ભૂખ, બેકારી, :દરિદ્રતા, અસમાનતા, વેરઝેર વ૦ના વિષચક્રમાં આજે માનવ પીસાઈ રહ્યો છે. એ પીસાતો, દબાતો, રીબાતો, રઝળતો માનવી (!) સમાનતા અને શાન્તિની ઝંખના સાથે બેઠો છે. એ હાકલ કરી જ રહ્યો છે: "Hunger cannot wait."

આઝાદી–દિને સમાનતા, નીતિ, ન્યાય, શાન્તિના પાયા પરની સમાજરચના કરવા આ સ્વાતંત્ર્યદિને સમાનતા અને બંધુતાદિનની પ્રતિજ્ઞા કરીએ અને આપણે ઇતિહાસના વાંચનારા નહીં પણ ઘડનારા બનીએ...આ દિને પેલો અંગ્રેજ યુવાન, "સ્મરણ ભૂસી સાકેમા નામે વિસારિયાં" યાદ આવે છે. એ કયાં હશે? જીવતો હશે કે યુદ્ધના ખપ્પરમાં!... પણ પણ આ ગાંધી–વિનોબાની ક્રાન્તિના પૂરમાં પાંદડાં થવાનું સદ્‌ભાગ્ય ન આવ્યું હોત તો અમારે માટે પણ "ઇતિહાસ જ ભાગે આવત..."

૨૬–૭–૬૩

અનુસંધાન પૃ. ૧૩૦]

શોધવાની પેરવીમાં પડ્યા છે. સુથાર, લુહાર, મિસ્ત્રી, મોચી, કારીગરોનાં છોકરાં લેંઘા અને બુશ શર્ટ પહેરી પોણોસો રૂપીઆના માસિક પગારની નોકરીની શોધમાં હેરાન-પરેશાન થઈ રહ્યાં છે. તાલુકે તાલુકે કૉલેજ સ્થપાય છે. બિલાડીના ટોપ જેવી તેમની સંખ્યા વધતી જ જાય છે. પરિણામે યોગ્ય અધ્યાપકો પૂરતી સંખ્યામાં મળતા નથી. રાષ્ટ્રીય યોજનાઓ, નહેરો, બંધ વગેરેથી હજી જોઈતા પ્રમાણમાં ઉત્પાદન થયું નથી-થતું નથી. રોકેલી મૂડીનું—વ્યાજે લાવેલી મૂડીનું વ્યાજ પણ પાછું વળે તેટલું ઉત્પાદન થતું નથી. પરદેશોનાં દેવાંનું ભારણ વધતું ચાલે છે. દરેક નાગરિકે તે પોતાના માથા પરનું દેવું છે, અને તે ફેડવા તેણે કટિબદ્ધ બની પોતાના વ્યવસાયમાં પરસેવો પાડી ઉત્પાદન વધારવું જોઈએ—તેવી રાષ્ટ્રભાવના જવલ્લે જ કોઈક વ્યક્તિમાં જોવા મળે છે. ઉપલી સપાટીમાં મોટી મોટી ફર્મો અને કંપનીઓ પાસેથી લેવાયેલી લાંચ ગણાય તેવી મોટી રકમોની વાતો છાશવારે પેપરોમાં આવે છે. તેનો કોઈ સંતોષકારક જવાબ કે રદિયો મળતો નથી. ઊલટું તેની તપાસ ન્યાયાધીશોની લવાદી પર સોંપાય છે. આ બધું જોઈ રાષ્ટ્રપિતાનું હૃદય વૈકુંઠલોકમાં રહ્યે રહ્યે શું નહિ કકળી ઊઠતું હોય? બુદ્ધિશાળી માણસો વિમાસણમાં પડી ગયા છે. અસરકારક વિરોધ કરનાર કોઈ રાજકીય પક્ષ મજબૂત રીતે ઊભો રહી શકતો નથી. પ્રતિષ્ઠિત અનુભવી વ્યક્તિઓના વિરોધનો સૂર અરણ્યરુદનની પેઠે શમી જાય છે-નિરર્થક જાય છે.

આ પરિસ્થિતિનું સરવૈયું આપણે ૧૫મી ઓગસ્ટના પુનિત દિવસે કાઢવું જોઈએ. આપણે સાચા ધર્મને આચરણમાં મૂકવો જોઈએ. આપણે આધ્યાત્મિકતાનાં વ્યાખ્યાનો કરવા-સાંભળવાનું મૂકી તેને રોજિંદા વ્યવહારમાં અમલી બનાવવાં જોઈએ. આપણે સાચી માનવતાનો દીપ પ્રગટાવવો જોઈએ. આપણે સાચા રાષ્ટ્રપ્રેમને જાગૃત કરવો જોઈએ. આપણે હૂંસાતૂંસી છોડી દેવી જોઈએ. આપણે આપણું અને આપણાં સગાંસંબંધીઓનું જ ઘર ભરવાની સ્વાર્થમયતાને તિલાંજલિ આપવી જોઈએ. આપણે સાચી કેળવણી આપી આવતી કાલના નવીન દિવ્ય માનવજાતિના બાળ-પયગંબરોનું ઘડતર કરવું જોઈએ. આપણે ચિરત, સંયમ, પ્રામાણિકતા, કાર્યદક્ષતા, બુદ્ધિવૈભવની વિવિધ સમૃદ્ધિ પર ભાર મૂકવો જોઈએ. આપણે નવીન પેઢીનાં શરીર-મન દૃઢ અને બળવાન બને તેવી રીતરસમો, પ્રણાલિકાઓ અપનાવવી જોઈએ; ગરીબાઈ સમાન પાપ નથી, કારણ કે તે માણસને પાપ કરવા ધકેલે છે. બીજાં બધાં પાપોની માતા ગરીબાઈ છે. શારીરિક કે બૌદ્ધિક પરિશ્રમ કરવા તત્પર હોવા છતાં, તે માણસને રાષ્ટ્રનું તંત્ર ન આપી શકે, એટલે તે ઉદર પોતાનાં સ્ત્રીબાળકોના રોટલા માટે પણ ચોરી, અનૈતિકતા, વ્યભિચાર, લાંચરુશવત, છેતરપિંડી, જુગાર, લૂંટ, ખૂન વગેરે અનેક બદીઓ લાચારીથી અપનાવે છે, અને થોડાક સમય પછી તે રીઢો બની જતાં પાકો ગુનેગાર બની જાય છે, સમાજવિરોધી બની જાય છે, સમાજહિંસક બની જાય છે. આ બધાંના મૂળમાં કોણ છે, શું છે? આપણો બુદ્ધિશાળી વર્ગ, નેતા વર્ગ, ધનપતિ વર્ગ, રાજકારણી અમલદાર વર્ગ, યોજનાઓ ઘડનારો વર્ગ આ માટે જવાબદાર છે આપણે મુસીબતોથી ન ગભરાતાં, આ પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવા વિચારણા કરવી જોઈએ, યોજના કરવી જોઈએ. ધીરજથી પગલાં લેવાં જોઈએ, તેને માટે રચના કરવી જોઈએ. આમાં સ્વાર્થમયતા કે સત્તાલોલુપતા કે લોભ વચ્ચે આવે, તો તેના જેવું મોટું કોઈ બીજું રાષ્ટ્રીય પાપ નથી. આપણે માટે તે નબળાઈ ખતરનાક

નીવડશે. આવેલી આઝાદી એકવાર કોઈ ઝૂંટવી લેશે, તો તેને ફરી પાછી પ્રાપ્ત કરતાં સૈકાં વીતી જશે. આ તો એક ઈશ્વરદત્ત મહાન તક છે; માનવજાતિના કલ્યાણ માટે, વિશ્વશાન્તિની સિદ્ધિ માટે અપાયેલી મહાન ઈશ્વિરદત્ત તક છે. તેને એળે જવા દઈશું તો ભવિષ્યનો ઈતિહાસકાર ભાખશે કે–આઝાદી મળ્યા પછીના બે દાયકા ભારતનો ઇતિહાસ કંગાલ હતો, વિચારદરિદ્ર હતો, નબળાઈઓથી ભરપૂર હતો, સ્વાર્થના ખાડામાં ખદબદતો હતો. તે સમયમાં કોઈ દ્રષ્ટા ન હતો, કોઈ ભડવીર ન હતો, કોઈ સમર્થ લોકનેતા ન હતો, કોઈ બુદ્ધિશાળી યોજનાનો ઘડવૈયો ન હતો. આ ચુકાદો આપણને બધાને માટે શરમજનક હશે તે મહાન રાષ્ટ્રદ્રોહ સાબિત થશે. ભગવાન આપણને આ કરુણ અંજામમાંથી બચાવે.

આ ૧૫ મી ઑગસ્ટને દિવસે આપણે આપણા પૂર્વજોનું, ઋષિમુનિઓનું, રાષ્ટ્રપિતા ગાંધીજીનું, અનેક શહીદોનું સ્મરણ કરીએ અને પ્રતિજ્ઞા લઈએ કે–' હું માત્ર રાષ્ટ્રનાં કલ્યાણોને જ લક્ષમાં રાખીશ. હું સ્વાર્થમય સંકુચિત જીવન નહિ જીવું. હું પરસેવો પાડી મારા કાર્યક્ષેત્રમાં રાષ્ટ્રહિત માટે વધુમાં વધુ ઉત્પાદન કરીશ. હું રાષ્ટ્ર બળવાન બને તેવા બધા પ્રયત્નો કરીશ. સંગઠન, એકતા, આઝાદીના સંરક્ષણની તમન્ના–આને માટે હું સર્વસ્વ ન્યોછાવર કરીશ." આ પ્રતિજ્ઞા સાચા અંતઃકરણથી સૌ કોઈ પાળે, તો જ ભારતમાતાનો જયવારો છે, નહિ તો નહિ. જય ભારત!

❊

હું ગરીબ

હું ગરીબ તું ગરીબ આપણે બધા ગરીબ
આ સ્વતંત્ર દેશમાં વસ્યા–રહ્યા છતાં ગરીબ
ઋષિમુનિ તણાં કુળો પવિત્ર હિંદ ભોમનાં
વિશિષ્ટ પુત્ર આપણે મહાન ગાંધી–બુદ્ધના.

ધરી અનેક કામના સવાર–સાંજ પ્રાર્થના
ગણેશ રિદ્ધિ સિદ્ધિ લક્ષ્મીની કરી ઉપાસના
કવિ કથા ભણાવી નિત્ય વિશ્વબંધુ ભાવના
અનેક આશીષો છતાં ઘટી નહિ વિડંબના.

સ્વમાન સાથ ભીખ માગતાં ભરાય પેટ ના
કરોડ શાન્તિ જાપથી જ યુદ્ધને ટળાય ના
અખંડ કર્મયોગ સ્વાર્થત્યાગ બંધુભાવના
વિકાસ પામશે તદા ગળી જશે વિડંબના.

ન આપણે હશું ગરીબ
આ સ્વતંત્ર દેશમાં ન કો હશે કદી ગરીબ.

ઈશુભાઈ ડી. પટેલ

ગાંધીજીનો દ્રોહ

'સત્સંગી'

મિત્ર : કેમ કંઇ બહુ ઊંડા વિચારોમાં પડી ગયા છો ? મોં પર વિષાદ પણ જણાય છે. બજેટે આંચકો આપ્યો કે શું ?

સત્સંગી : ના રે, મારા ૮૯ રૂપીઆના પેન્શનને બજેટથી કશી આંચ આવવાની નથી. મોંઘવારી વધશે તો થોડી કરકસર કરીશું. હું તો એમ વિચાર કરતો હતો કે આપણે બધા ગાંધીજીને છેક જ ભૂલી ગયા ?

મિત્ર : કેમ ?

સત્સંગી : આપણે ગાંધીજીનો દ્રોહ ન કર્યો હોત ને અહિંસાને વળગી રહ્યા હોત તો આ બજેટનો લોહીઉકાળો ન કરવો પડત.

મિત્ર : એટલે તમે એમ કહેવા માગો છો કે ચીનની સામે અહિંસક યુદ્ધ કરવું ?

સત્સંગી : ચોક્કસ.

મિત્ર : શી ગાંડા જેવી વાત કરો છો ! બધા ગાંધીવાદીઓ અને સર્વોદયવાદીઓ પણ કહે છે કે અત્યારે યુદ્ધ વિના આપણો છૂટકો જ નથી.

સત્સંગી : એ જ દુઃખની વાત છે ને. આપણે ગાંધીજીને સમજ્યા હોઈએ ને એમાં શ્રદ્ધા હોય તો આ જ મોકો છે. જ્યારે મોકો આવ્યો છે ત્યારે આપણે બહાના કાઢીએ છીએ અને સુફિયાણી દલીલો કરીએ છીએ !

મિત્ર : પરંતુ ગાંધીજીએ જ કાશ્મીરમાં પાકિસ્તાન સામે લડવા જતા લશ્કરને આશીર્વાદ આપ્યા હતા તેનું શું ?

સત્સંગી : એ આશીર્વાદના શબ્દો મારા વાંચવામાં આવ્યા નથી એટલે હું કશું કહી શકતો નથી; પરંતુ મને એવું સાંભરે છે કે ગાંધીજીએ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટને પત્ર લખેલો; તેમાં ઘણું કરીને એમ લખેલું કે "I hate war" અગર તો 'I hate all war." મને અત્યારે ચોક્કસ શબ્દો યાદ નથી. વળી પોતાની પ્રાર્થના સભામાં ગાંધીજીએ તા. ૫-૧૧-૪૭ એ કહેલું:

> "મેં વારંવાર કહ્યું છે કે આ બાબતમાં (એટલે કાશ્મીરમાં અહિંસા અજમાવવાની બાબતમાં) હિંદી રાજ્યસંઘની સરકારમાં બેઠેલા મારા મિત્રો પર મારી કશી લાગવગ પહોંચતી નથી એ તમને સૌ શ્રોતાઓને યાદ હશે. અહિંસા વિષેના મારા અભિપ્રાયને હું હજી દઢતાથી વળગી રહ્યો છું પણ મારા સરકારમાં બેઠેલા એ સારામાં સારા મિત્રો પર પણ તે જબરદસ્તીથી ન લાદી શકું... ... હિંદી રાજ્યસંઘની સરકાર કાશ્મીરીઓને મદદ કરવાને શસ્ત્રાસ્ત્રોનો આધાર લે છે તેમાં હું અનુમોદન આપી શકતો નથી... ... ... મારી સૂચના એવી છે કે અહિંસક ઢબે કાશ્મીરનો બચાવ કરવો હોય તો બચાવ કરનારાઓને શસ્ત્રોની સહાય મોકલવાની ન હોય. અહિંસક મદદ હિંદી રાજ્યસંઘમાંથી કાશ્મીરને વગર સંકોચે જોઈએ

તેટલી મોકલી શકાય. પરંતુ અહિંસક ઢબથી કાશ્મીરનો બચાવ કરનારાઓ એવી મદદ મળે કે ન મળે તો યે દરોડાખોરોની બલકે અગણિત સંખ્યાના શિસ્તબદ્ધ વ્યવસ્થિત લશ્કરની તાકાતનો સામનો કરે અને પોતપોતાની ફરજના સ્થાન પર પોતપોતાના દિલમાં હુમલાખોરો પર કશું ઝેર અગર કશો રોષ રાખ્યા વિના અને તેમના પર પોતાના મુક્કા સમેત કોઈ પણ હથિયારનો પ્રયોગ કર્યા વિના ખપી જાય તો ઇતિહાસે કદી ન જોયેલું એવું શૂરાતન દુનિયાને જોવાનું મળે. પછી કાશ્મીર યાત્રાનું પવિત્ર ધામ બને અને પોતાના શૂરાતનની સુવાસ હિંદભરમાં જ નહીં બલકે દુનિયાભરમાં ફેલાવે."

મિત્ર : તો પછી ગાંધીજીના ચુસ્ત અનુયાયીઓ જેમને કહી શકાય એવા વિનોબા, રવિશંકર મહારાજ, કાકા કાલેલકર વગેરેમાંથી કોઈ કેમ આગળ આવતું નથી? એ લોકો શું કહે છે? સત્યાગ્રહ જેવું નામ છે એવા પત્રના તંત્રી મગનભાઈ દેસાઈ શું કહે છે?

સત્સંગી : મગનભાઈ દેસાઈ તો મને પ્રચ્છન્ન ટિળકવાદી લાગે છે. એ એમ માનતા દેખાય છે કે અત્યારે યુદ્ધ કરવું એ આપણો ધર્મ છે.

મિત્ર : એમાં એ ખોટું શું કહે છે?

સત્સંગી : અરે આ જ ખરો મોકો છે જ્યારે હિંદ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ અહિંસાની ઉપયોગિતા સિદ્ધ કરી શકશે. જે લોકો મોકાની વાત કરે છે તેમને હું પૂછું છું કે પાકિસ્તાન જુઠાણાં ફેલાવે તો આપણે જુઠાણાં ફેલાવીશું કે સત્યને વળગી રહીશું? આજે દુનિયા સત્યને માટે તૈયાર નથી એથી શું આપણે સત્યનો પ્રચાર અને સત્યનું આચરણ નહિ કરીએ? આપણા દેશબંધુઓ બ્રહ્મચર્યને માટે તૈયાર નથી તેથી શું મગનભાઈ બ્રહ્મચર્યની હિમાયત બંધ કરશે? અને, જે સનાતન સત્યો છે તેને આચરવાનો સુયોગ્ય કાળ વર્તમાન જ હોય છે, ભવિષ્ય નહિ.

મિત્ર : પરંતુ મગનભાઈ જેવાને અહિંસક પ્રતિકાર આજે અવ્યવહારુ લાગતો હોય તો તમારી જ કંઈ ભૂલ થતી હોય એવું ન બને?

સત્સંગી : બની શકે. પણ મારા જેવું વિચારનારા યે છે. દાખલા તરીકે, 'પ્રબુદ્ધ જીવન'ના ૧–૩–૬૩ના અંકમાં પરમાનંદ કાપડીઆ લખે છે :

> "જેને અહિંસા સાથે સૈધ્ધાન્તિક નિસ્બત નથી, જેના માટે અહિંસા માત્ર રુચિનો જ સવાલ છે પણ નિષ્ઠાનો નથી, સગવડ મુજબ અહિંસાનું પાલન–અપાલન એ જ જેનું આચાર–ધોરણ છે તેના માટે આજે કોઈ મૂંઝવણ કે મથામણનો સવાલ જ નથી. અલબત્ત, જે સંયોગોમાં ચીને આપણા દેશ પર આક્રમણ કર્યું છે તે સંયોગોનો વિચાર કરતાં તેનો કશો પ્રતિકાર જ ન કરવો એમ કોઈ સમજુ માણસ કદી કહે કે વિચારે જ નહિ. પણ આવા સંજોગોમાં જ્યારે સામાન્ય માણસ સશસ્ત્ર પ્રતિકારનો જ વિચાર કરતા હોય છે, ત્યારે અહિંસાનિષ્ઠ વ્યક્તિ ગાંધીજીએ ચીંધેલા અહિંસક સામુદાયિક પ્રતિકારની ખોજમાં પડે છે, અને કોઈ ને કોઈ સામુદાયિક ઉપાય યોજના શોધી કાઢે છે... ... ... દેશની તેમ જ દુનિયાની અદ્યતન પરિસ્થિતિ અંગે અહિંસાનિષ્ઠ વ્યક્તિનું મનોમંથન કેવું હોય અને તેની ખોજમાંથી અહિંસા-

નિષ્ઠા સાથે બધ બેસતી કેવી કેવી વાતો તેને સૂઝે તે બધું આજકાલ વિનોબાજી, જયપ્રકાશજી, કાકાસાહેબ કાલેલકર, દાદા ધર્માધિકારી જેવી વ્યક્તિઓ જે કાંઈ બોલી યા લખી રહેલ છે, તેમાંથી આપણને સૂચન રૂપે જાણવા મળે છે."

મિત્ર : વિનોબા શું કહે છે?

સત્સંગી : વિનોબા એવું માનતા લાગે છે કે જમાનો બદલાઈ ગયો છે ને તેથી અહિંસક પ્રતિકારને આજે સ્થાન નથી. એ કહે છે:

"કેટલાકને એમ થાય છે કે...મોરચા પર જઈને બે સેના વચ્ચે ઊભા રહેવાનો કાર્યક્રમ એ સર્વશ્રેષ્ઠ કાર્યક્રમ છે... ... ...હવે મને તો એ કલ્પના સાવ crude–પ્રાકૃત લાગે છે. સત્યાગ્રહ આત્મશક્તિપ્રધાન હશે કે શરીરશક્તિપ્રધાન? ...મારે સમજવું જોઈએ કે સત્યાગ્રહનો આ એક અત્યંત crude પ્રયોગ હશે. કદાચ તે સત્યાગ્રહનું વ્યર્થ રૂપ જ હશે. અને ઘણીવાર વ્યર્થતા પાપની એટલી નજીક પહોંચી જાય છે કે બંને વચ્ચે થોડુંક જ અંતર રહી જાય છે...પરંતુ આપણા મનમાં એક સવાલ એ ઊઠયા કરતો હોય છે કે અહિંસાની એવી કોઈ શક્તિ ઊભી ન થઈ શકે કે જે રણમેદાનમાં સામી છાતીએ ગોળી ઝીલે અને અહિંસક પ્રતિકાર કરે? હવે આવો પ્રયોગ ક્યારે થઈ શકે અને ક્યારે ન થઈ શકે એ વિચારવાની વાત છે... પરંતુ આજે સંદર્ભ જુદો છે. દુનિયામાં આજે આવેશના નહીં પણ એક વિચારના બીજા વિચાર પર હુમલા થાય છે અને તેના પ્રચાર માટે શસ્ત્રાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે...(ત્યારે) *non-violent resistance*—અહિંસક પ્રતિકાર ને બદલે non-violent assistance in right thinking–સમ્યક ચિંતનમાં અહિંસક સહયોગની વાત કહેવી જોઈએ. સમ્યક ચિંતનમાં મદદ કરવા માટે બહારથી ક્યારેક વિરોધ કરવો પડે. અસહયોગ કરવો પડે તો કરાય, પણ તેનું સ્વરૂપ સમ્યક ચિંતનમાં અહિંસક સહયોગનું હોય. આપણને પણ અને સામી વ્યક્તિને પણ એવો અનુભવ થાય કે આ માણસ આપણને સમ્યક રીતે વિચારવામાં મદદ કરી રહ્યો છે ... ..."

મિત્ર : અરે વાહ! non-violent resistanceને બદલે non-violent assistance! વિનોબા નવા નવા શબ્દપ્રયોગ કરવામાં ખરેખર બહુ કુશળ છે.

સત્સંગી : વિનોબા વળી કહે છે:

"આપણામાંથી ઘણાના મનમાં એમ થાય છે કે ત્યાં મોરચા પર જઈને કાંઈ કરી શક્યા હોત તો સારું હતું, અને ત્યાં નથી જઈ શકતા તો એમાં આપણી કાંઈક અશક્તિ છે. હવે આવા આંતરરાષ્ટ્રીય મામલામાં તમે વિચારો કે શક્તિ ને અશક્તિ કોની હોય છે? તો તમને જણાશે કે વિચારની હોય છે ને પ્રેમની હોય છે. એક શુદ્ધ વિચાર આપણી પાસે હોય અને તે વિચારને માટે બલદાયી પ્રેમ હોય તો તેની જ ખરી શક્તિ હોય છે. ધારો કે આપણે ત્યાં સરહદ પર જઈએ અને કંઈક પ્રદર્શનાત્મક કામ કરીએ, જેથી કાંઈ અર્થ સરે નહીં પણ ક્રિયામાત્રથી આપણને સમાધાન થાય! આવી રીતે ચિત્તનું અસમાધાન નિરસ્થ

ક્રિયામાત્રથી શમે તે ઈષ્ટ નથી... ... નહીં તો ત્યાં જવું કાંઈ એટલું બધું કઠિન હતું? સરકાર ન જવા દે તોય ત્યાં જઈએ અને પછી સરકાર જેલમાં નાખે અને આપણા ચિત્તમાં સમાધાન થઈ જાય કે અમે અમારું કર્તવ્ય બજાવ્યું!" *

મિત્ર : આટલી બધી સ્પષ્ટતાથી વિનોબાએ સમજાવ્યું છે પછી તમને એમ કેમ લાગે છે કે આપણે ગાંધીજીને ભૂલી ગયા છીએ?

સત્સંગી : આ બાબતમાં મને કાકા કાલેલકરના વિચાર વધારે ગમે છે.

મિત્ર : એ શું કહે છે?

સત્સંગી ; કાકા કાલેલકર કહે છેઃ ...

"મહાત્મા ગાંધીએ મનુષ્યજીવનમાં સંઘર્ષને અપરિહાર્ય માન્યો. જ્યાં સંઘર્ષ આવ્યો ત્યાં પ્રતિકાર અપરિહાર્ય બને છે. સંઘર્ષ પ્રાપ્ત થતાં કાં તો આપણે નિર્વીર્ય બનીને શરણે જઈએ કાં લાભ–ગેરલાભનો વાણિયાશાહી હિસાબ કરીને સમાધાન કરીએ કાં સાત્વિકતમ તેજ પ્રગટાવીને સત્યાગ્રહરૂપી ક્ષાત્રમાર્ગનું અનુસરણ કરીએ... ... ગાંધીજીનું કોઈ યુગકાર્ય હોય તો તે આ જ ક્ષાત્રધર્મી અહિંસક પ્રતિકારનો પ્રચાર જ છે, જેના પ્રયોગ અમેરિકા ને આફ્રિકામાં નાના પાયા પર થઈ રહ્યા છે અને આખી દુનિયામાં થવાની સંભાવના છે. તેને આપણે ટાળી નથી શકતા, અતિક્રમી નથી શકતા."

મિત્ર : તમારા જ કહેવા પ્રમાણે વિનોબા, કાલેલકર અને અન્ય સર્વોદયવાદીઓ આ વાતનો વિચાર તો કરે જ છે. છતાં તમને એમ કેમ લાગે છે કે આપણે ગાંધીજીને ભૂલી ગયા છીએ?

સત્સંગી : કારણ કે વાતો અને ચર્ચાથી આગળ કોઈ જતું જ નથી. આજના સંદર્ભમાં મને તો અહિંસક પ્રતિકાર એ એક જ શ્રેષ્ઠ ઉપાય ચીનની સામે થવામાં ઉપયોગી નીવડે એમ લાગે છે.

મિત્ર : તે કેવી રીતે?

સત્સંગી : તમે વિચાર કરો કે આપણી પાસે લશ્કર નથી, હથિયાર નથી, પૈસા નથી. હથિયારો માટે, વિમાનો માટે, નિષ્ણાત માણસો માટે (અને પૈસા માટે પણ) આપણે બીજા દેશો પર આધાર રાખવો પડે છે.

મિત્ર : એવું તો બધા દેશોને કરવું પડે.

સત્સંગી : પણ બ્રિટન અને અમેરિકા શું એવાં મૂર્ખ છે કે આપણને બિલકુલ નિષ્કામભાવે મદદ કરશે? અને રશિયા પણ શું એવું મૂર્ખ છે કે યુદ્ધ–વિજ્ઞાનની ગુપ્તવાતો (Top secrets) આપણને બતાવી દેશે?

મિત્ર : ત્યારે શું કરવું? તમારી પાસે કોઈ ચોક્કસ યોજના છે?

સત્સંગી : હું તો માનું છું કે આપણે અહિંસક સેના ઊભી કરીને લડાખમાં મોકલવી જોઈએ અને જે જે થાણાં એ દેશે ખોટાં ઊભાં કર્યાં છે તે બધાં કબજે કરવાં જોઈએ.

મિત્ર : શી વાત કરો છો! ઘડીના છઠ્ઠા ભાગમાં ચીન તમારી સેનાને ફૂંકી નાખે.

---

* કાળા અક્ષરો મૂળમાં છે.

સત્સંગી : ત્યાં જ તમારી ભૂલ થાય છે. અત્યારે આપણી સરકાર શું કરે છે? વિરોધ યાદીઓ—સખત વિરોધ યાદીઓ—મોકલ્યા સિવાય બીજું શું કરી શકે છે? લશ્કરે પણ શું કર્યું? હથિયારો પણ મૂકીને ભાગ્યા! આ સશસ્ત્ર માણસોનો પણ ચીનાઓએ સદંતર નાશ ન કર્યો, પણ ઘણાને (છાપાં પ્રમાણે ત્રણેક હજાર; કેટલા મર્યા તે તો કોઈ કહેતું નથી) કેદ કર્યા. તો શું આપણા અહિંસક સ્વયંસેવકોને આ લોકો મારી નાખે!

મિત્ર : યાદ રાખજો કે ચીનાઓ કંઈ અંગ્રેજો જેવા નથી. એક પ્રજા તરીકે અંગ્રેજોમાં ઘણા ઉમદા ગુણો છે.

સત્સંગી : ચીનાઓનો આપણને અનુભવ જ ક્યાં છે? એથલી મોન્ટેગ્યુ નામનો લેખક તો કહે છે: "અમેરિકામાં આવીને વસેલા ચીનાઓમાં ગુનાવૃત્તિ બહુ ઓછી જોવામાં આવે છે. તેઓ સ્વભાવે જ સૌમ્ય, દયાળુ અને પ્રામાણિક હોય છે." નેફામાં આપણી વસ્તીને ચીની સૈનિકોએ પજવી નહોતી, ગાંધીજીની છબીઓ ફાડી નહોતી અને લોકોની ઘરવખરીને પણ પીંખી નાખી ન હતી.

મિત્ર : તમારા લશ્કરમાં જોડાશે કોણ?

સત્સંગી : અરે એ તો ઊલટું વધારે સહેલું છે. હિંસક લશ્કરમાં તો તમે તંદુરસ્ત જુવાનોને જ બિચારાને લઈ જાવ છો અને દેશના નવનીત જેવા યુવકોનો ભોગ આપવો પડે છે. અહિંસક લશ્કરમાં તો જે ડોસાં ડગરાં, પેન્શનરો, સાધુ સંન્યાસીઓ રોજ नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ગીતામાંથી બોલ્યા કરે છે, તેમની ભરતી થશે. એમનો ગીતાપાઠ સાચો છે કે ખોટો તેની કસોટી થશે; અને સાધુસમાજમાં પણ કેટલો દેશપ્રેમ છે તે જોવા મળશે.

મિત્ર : અરે ભાઈ, અડધા તો રસ્તામાં જ ખલાસ થઈ જાય!

સત્સંગી : તો પણ શી આપત્તિ છે? જૂના જમાનામાં બદરીકેદાર અને અમરનાથની યાત્રામાં ઘણાં મુસાફરોના પ્રાણ જતા. પુણ્યભૂમિમાં દેહત્યાગ કરવાથી એનું ફળ મળશે અને हतो वा प्राप्यसि स्वर्गं એ ગીતાવાક્ય ખરું પડશે.

મિત્ર : હું તો નથી માનતો કે આવા ગાંડા સાહસ માટે કોઈ સ્વયંસેવક મળે.

સત્સંગી : ના કેમ મળે, જરૂર મળે.

મિત્ર : એમ! તો થઈ જાઓ તૈયાર, ને તમે જ સરદારી લો.

સત્સંગી : એ મારું કામ નથી. જે લોકો હિંસક યુદ્ધમાં માને છે એમને તમે મોરચે જવાનું કહો છો? જે પ્રધાનો રાઈફલ હાથમાં લઈને છબીઓ પડાવે છે એમને તમે કેમ કહેતા નથી?

મિત્ર : પરંતુ કોઈકે તો સરદારી લેવી જ પડશે ને?

સત્સંગી : હું તો માનું છું કે ૧૯૩૦ના માર્ચની બારમીએ જે ૭૯ લોકો ગાંધીજીની સાથે દાંડીકૂચ માટે નીકળ્યા હતા તેમની સૌની આજે પ્રથમ ફરજ છે કે ચીનની સામે આવી કૂચ આરંભે. આમાંના કેટલા હયાત છે તે હું જાણતો નથી. ઘણા તો ઘરડા થયા હશે. કેટલાક સુખાળવા જીવનમાં સરકી પડ્યા હશે; છતાં આશા રાખીએ કે કોક તો એ જ્યોત જલતી રાખવાના મતના હશે.

મિત્ર : ૧૯૩૦ નો ઉત્સાહ જ અનેરો હતો. મગનભાઈએ એમના સત્યાગ્રહ ના તા. ૨–૩–૬૩ ના અંકમાં આ વિષે "ત્યારે અને આજે" એવો લેખ લખ્યો છે.

સત્સંગી : તેમાં મગનભાઈ શું કહે છે?

મિત્ર : ૧૯૩૦ ના પ્રજાકીય જુવાળ માટે તે લખે છે:

> "આખા દેશમાં અદમ્ય ઉત્સાહ અને ઉમંગ ફેલાયો. કાંઇ ને કાંઈ કરી નાખવાની તમન્ના લોકહૃદયમાં આવી ગઈ." અને પછી અત્યારની સ્થિતિ માટે અફસોસ કરતાં કહે છે: "આજે હવા જ બદલાઈ ગઈ છે! 'કાબે અર્જુન લુંટિયો' —એવા ઘાટ જોવા મળે છે. જો દેશમાં પાયાની કેળવણી (જે ૧૯૩૮ માં ગાંધીજીએ કહી) નિષ્ઠાપૂર્વક ચાલુ થઈ હોત તો જરૂર હવા જુદી હોત."

સત્સંગી : એ બધાં મનમણામણાં. ૧૯૩૦ માં દેશમાં પાયાની કેળવણી નહોતી. ભણતર પણ મુખ્યત્વે કારકૂનો તૈયાર કરનારું હતું, છતાં દેશમાં અદમ્ય ઉત્સાહ આવ્યો કારણ ગાંધીજી વૃદ્ધ છતાં એમનામાં જુવાનનો જુસ્સો હતો. અહિંસામાં એમને અપાર શ્રદ્ધા હતી, અને લોકોને દોરવા તે તૈયાર હતા. આજે તો ગાંધીજીના સાથીદારો—જવાહર, રાજાજી, કૃપાલાની—બધા ઘરડા થઈ ગયા છે (સરદાર ને રાજેન્દ્રબાબુ ગયા). ઘરડાઓની માફક બધા સલામતી શોધે છે. નવાં સાહસ, નવાં પ્રસ્થાન, નવી દિશાસૂઝ માટે આ બધા નકામા થઈ ગયા છે. પોતાની આ નબળાઈ તેઓ અહિંસાના આદર્શને ઓઢાડે છે-અહિંસક પ્રતિકારને અવ્યવહારુ ગણી પોતાના આત્માને છેતરે છે.

મિત્ર : માનો કે તમે કહો છો એવું અહિંસક લશ્કર તૈયાર થયું તો તે શું ચીનને આગળ વધતું અટકાવી શકશે?

સત્સંગી : અવશ્ય; અહીં વરસોથી જામી પડેલી સરકારને કાઢવા જે પદ્ધતિ કામિયાબ નીવડી તે જ પદ્ધતિ એક પરદેશી સરકારને આવતી ન રોકી શકે?

મિત્ર : સ્વપ્નમાં રોકી શકે તો છે.


સત્સંગી : તમે એક વાત ભૂલી જાઓ છો. જેને અંગ્રેજીમાં "અનનોન ફેક્ટર" કહે છે તેને ગણતરીમાં લેતા નથી.

મિત્ર : તે શું વળી!

સત્સંગી : આ જગતનું નિયમન કરી રહેલી ઈશ્વરી સત્તા (મિત્ર ખડખડાટ હસે છે). તમારે હસવું હોય તો હસો પરંતુ ચીન પાછું કેમ હટી ગયું એનું પ્રતીતિજનક કારણ તમારો એક પણ રાજકારણી પુરુષ કે રાજકારણનો કોઇ પ્રાધ્યાપક આપી શકે છે!

મિત્ર : તમે શું માનો છો?

સત્સંગી : એ જ કે ઈશ્વરી યોજના એવી હતી. અને આપણે જો આપણાં સત્ય અને અહિંસાને વળગી રહીશું તો એ જ શક્તિ દેશને મદદ કરશે. લોકોની તાળીઓ ઝીલવા તમે બોલો કે "રાષ્ટ્રથી કોઈ મોટું નથી, કાંઇ મોટું નથી" એ ઠીક છે. પરંતુ દેશથી સત્ય જરૂર મોટું છે; ઈશ્વર જરૂર મોટો છે.



વર્ષ ૩૮
અંક ૧૧

સં. ૨૦૧૯
ભાદરવો

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી

જે ગ્રાહકોનું લવાજમ આસો અંકથી પૂરું થાય છે તે

'પ્રસ્થાન'ના ગ્રાહકોને

'પ્રસ્થાન'નો હવે પછીનો અંક આવતી તા. ૧ લી ઓકટોબરના રોજ બહાર પડશે. તે આસો અંક હશે.

એ અંક—આવતો અંક વી. પી. થી

નવું વર્ષ કારતકથી શરૂ થાય છે, પણ નવા વર્ષનો પ્રથમ અંક નૂતન વર્ષદિને જ ગ્રાહકોને મળે એમ અમે રવાના કરતા હોવાથી, વર્ષનો છેલ્લો અંક વી. પી. થી ગ્રાહકોને મોકલાય છે. અમે ગ્રાહકોને વિનંતી કરીએ છીએ કે તેઓ લવાજમ મ. ઓ. થી જ મોકલવાનું રાખે કારણ કે વી. પી. થી મોકલતાં ૦-૧૦-૦ આનાનો વી. પી. રજીસ્ટ્રેશન ખર્ચ ચડી જાય છે. છેલ્લા થોડા વખતથી સરકારે એના દરમાં ફરી વધારો કર્યો છે એટલે, તેમજ અંક વખતસર, બહાર પડે કે તરત જ મળી જાય એ માટે પણ, લવાજમ મ. ઓ. થી મોકલવું સલાહભર્યું છે. તેમ છતાં જેઓને એ પદ્ધતિ ફાવતી નથી તેમનું લવાજમ વસુલ કરવા અમે આવતો અંક—આસો અંક—તા. ૧-૧૦-૬૨ ની આસપાસ વી. પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા વિનંતી છે. વી. પી. રૂા. ૭-૧૮ નયા પૈસાનું કરવામાં આવશે.

ગ્રાહકોએ જોયું હશે કે અમે 'પ્રસ્થાન'ને ઉત્તરોત્તર વૈવિધ્યવાળું તેમજ જીવનને ઉપયોગી થઈ પડે એવા વિષયો ઉપરના લેખો તેમજ ખાસ અંકો આપતું બનાવવા યત્નશીલ છીએ. આવતા વર્ષ દરમ્યાન સારી લેખમાળાઓ આપવાની યોજનાઓ વિચારીએ છીએ. અમારા એ યત્નમાં અમે આપનો સહકાર ઈચ્છીએ છીએ. જો અમારો આ યત્ન સાચી દિશામાં હોય તો આપના મિત્રમંડળને તેમજ આસપાસનાં સાર્વજનિક પુસ્તકાલયોને 'પ્રસ્થાન'ના ગ્રાહક બનાવવા ભલામણ છે.

આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ એવી શ્રદ્ધા અમે રાખીએ છીએ.

પ્રસ્થાન કાર્યાલય
પ્રાર્થના સમાજ મંદિર
રાયખડ : અમદાવાદ
તા. ૧-૯-'૬૨

વ્યવસ્થાપક

લવાજમ : હિંદમાં રૂા. ૬=૫૦ પરદેશના રૂા. ૧૦=૦૦
'પ્રસ્થાન' દર મહિનાની પહેલી તારીખે બહાર પડે છે.

॥ પ્રસ્થાન ॥

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૬ ભાદ્ર. : ૨૦૧૯ અંક ૫

સુદૂર ત્યાં

પૂજાલાલ

[મિશ્રોપજાતિ]

સુદૂર ત્યાં એકલ છે જવાનું,
સાથે ન કોઈ પણ આવશે ત્યાં;
બધુંય છે પાછળ રાખવાનું
જુગો અને જન્મતણું બધું જ.—૧

અનંતતા — એક અનંતતા જ
નિઃસ્પંદ નેત્રે નિખિલે નિહાળતી,
તેના રસાલિંગનનું વિમુક્તિ
દેતું મહાબંધન ત્યાં અહો ! મળે.—૨

ત્યાં ઊર્ધ્વ ઊર્ધ્વ ન કળાય એવું
અજ્ઞેય, અગ્રાહ્ય, અગમ્ય ગાજતું;
ત્યાં મૌનનો મંત્ર ધ્વનંત મૌનમાં,
તે અંતરાત્મે ધ્વનતો બની જતો.—૩

પરંતુ ત્યાં મર્ત્ય મનુષ્ય કેરી
પાછી પડે દૃષ્ટિ તણાઈ જોતી;
ત્યાં અન્ય કો દૃષ્ટિ નિગૂઢ દેખે
પ્રત્યક્ષભાવે પર ને પરોક્ષને.—૪

ન જે મનોગોચર તેય ત્યાં અહો!
બની જતું ગોચર ગૂઢ જ્ઞાનને;
અશક્ય જેવું દહિ લાગતું તે
કેર ઈશ્વરી અદ્ભુત અન્ય શક્તિના.—૫

સ્પંદે સુખે સાધ્ય બની જતું ત્યાં
ત્યાં એકથી એક ચઢી જનારા
મહાચમત્કાર મહાત્મભાવી,
ચિદંબરોએ ચઢનાર સાધતો.—૬

પરંતુ તે, પામર પાર્થિવોના
પ્રદેશ કેરી રજમાં રચ્યાપચ્યા
રહો ન: તે કાજ વિહંગરાજ
બની પડે છે ચગવું ચિદંબરે.—૭

આ પાર જાવું પડતું સદાયહે
પૃથ્વીતણું સ્વપ્નતણો સુનેરી
સ્વદેશ જ્યાં સુંદર વિસ્તર્યો છે;
ઝાંખી થતાં જેહતણી જરાકે.—૮

વિમુગ્ધ હૈયું મનુજાત્મ કેરું
ઉત્કંઠ ઉત્કંઠ બની જઈને
ને અન્ય સર્વે રસ સંહરીને
લે નિમ્નની છેવટની વિદાય.—૯

દિક્કાલ જ્યાં કેવલ માનવાત્મની
પ્રયોગશાળા સમ માત્ર ભાસે,
જેમાં કથીરો પર કીમિયાઓ
કરી સુવર્ણો સરજાય સાચાં,—૧૦

'વિભક્ત' નો ભાવ વિલીન જ્યાં થઈ
અભેદ કેરી અનુભૂતિઓએ
અર્પેલ આનન્દકે એકતાના,
લયો લહે તત્ત્વ અનંત વિશ્વનાં.—૧૧

વિલુપ્ત થાતાં તલ નિમ્નનું સૌ
અજ્ઞાત જે જાગ્રત થાય છે જગત્,
ત્યાં સાગરો શુભ્ર પ્રકાશ કેરા
સમુલ્લસે શાશ્વતને સમર્ચતા.—૧૨

છે ત્યાં જવાનું શિવને સમાગમે
સત્પ્રેમનું પુષ્પ બની પવિત્ર;
નરત્વ નારાયણભાવથી સરી
સંસારને સાર્થકતા સમર્પવા.—૧૩

પીયૂષ ત્યાં પૂરુષ અર્ઘ પાન
વિષોતણું વારણ વિશ્વકેરાં,
ન એકલા — વિશ્વ સમસ્ત સાથે
આનંદથી નિત્ય નિષેવવાનું.—૧૪

સુવર્ણસૂર્યોજ્જ્વલ વાસરો ત્યાં,
સચ્ચેતનાનો સહચાર સેવતા;
આત્માતણા આયુતણી અનંતતા
માપ્યે જતા, શાશ્વત સાથ સ્હેલતા.—૧૫

છે ત્યાં જવાનું જગ સાથ ઝંખતા,
પૂર્ણાત્મતા જ્યાં સહજે થઈ જતી;
'એ' 'આ' બધું એક બનાવવાનું,
શ્રી સચ્ચિદાનંદન ધામ ધ્યેયનું.—૧૬

✻

વિશ્વયુદ્ધનાં બળો

સુન્દરમ્

[નોંધ:—છેલ્લું વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે હિંદ તેને વિષે જરા પણ સહાનુભૂતિ રાખી શક્યું ન હતું. એક તો આપણી સ્વતંત્રતાનો પ્રશ્ન યુદ્ધની સાથે આપણે જોડી દીધો હતો, ઉપરાંત યુદ્ધનું હિંસક સ્વરૂપ આપણને આઘાત કરતું હતું અને બંને પક્ષોની યુદ્ધ-પ્રવૃત્તિને આપણે નિંદાપાત્ર ગણતા હતા. એવે વખતે શ્રી અરવિંદે એ યુદ્ધમાં મિત્રપક્ષને સંપૂર્ણ ટેકો આપ્યો હતો અને યુદ્ધના બાહ્ય સ્વરૂપની પાછળ કામ કરતાં સૂક્ષ્મ બળો વિષેની પોતાની દૃષ્ટિ જણાવી એ યુદ્ધમાં રહેલા મૂળ મુદ્દાને સ્પષ્ટ કરી આપ્યો હતો. આજે હવે ચીનના આક્રમણ પછી યુદ્ધની હિંસા-અહિંસાની રીતે ઇષ્ટાનિષ્ટતાનો પ્રશ્ન તો ઊકલી ગયો છે, પરંતુ વિશ્વમાં કામ કરતાં બળો અંગેની આ સમજ આજે પણ આપણને કામ આવે તેવી છે એટલે એ સમયના લખાયેલા શ્રી. અરવિંદ તથા શ્રી માતાજીના થોડા પત્રો અહીં આપીએ છીએ.

આમાંનો પહેલો પત્ર, તેમાંની તારીખ પરથી જણાશે કે, જ્યારે ફ્રાન્સનું પતન થઈ ચૂક્યું હતું અને ઇંગ્લૅન્ડના પતનની ઘડીઓ ગણાતી હતી તે વખતે લખાયો હતો. મિત્ર-રાજ્યોના પક્ષને પોતાનો સંપૂર્ણ ટેકો છે એના એક સૂચક ચિહ્ન તરીકે વાઇસરૉયના યુદ્ધફાળામાં શ્રી અરવિંદ તથા શ્રી માતાજી તરફથી જે રકમ મોકલવામાં આવેલી તેની સાથે મદ્રાસના ગવર્નરને ઉદ્દેશીને એક પત્ર પણ લખવામાં આવેલો તેમાંનો આ અમુક ભાગ છે. જરૂર પડે તો એ પત્રને પ્રસિદ્ધ કરવા માટેની અનુમતિ પણ ગવર્નરને આપવામાં આવી હતી.

બીજો પત્ર સાધકોને ઉદ્દેશીને લખાયેલો હતો અને તે માત્ર ખાનગી વાચન માટે જ રાખવામાં આવ્યો હતો. પરંતુ એ પત્ર ખાનગી રહી ન શક્યો અને તેથી તેને પ્રસિદ્ધ કરવામાં આવે છે. ત્રીજો પત્ર એક શિષ્યના પ્રશ્નના જવાબ રૂપે લખાયો હતો. છેલ્લો પત્ર એક શિષ્યને થયેલી વધુ શંકાઓ અને પ્રશ્નોના જવાબમાં લખાયો હતો. —સુન્દરમ્]

૧

અમને લાગે છે કે આ યુદ્ધ સાચા આત્મ-રક્ષણ માટે લડાઈ રહ્યું છે. જર્મની અને તેનો નાઝીવાદ આજે આખા જગત ઉપર પોતાનું આધિપત્ય જમાવવા નીકળી પડ્યાં છે. એ આક્રમણની સામે પોતાનું રક્ષણ કરવા માટે આજે જગતના દેશો લડી રહ્યા છે. એટલું જ નહિ, આ યુદ્ધમાં આખી માનવજાતિની સંસ્કૃતિના રક્ષણનો પ્રશ્ન પણ ઊભો થયો છે. માનવ-જાતિએ આજ સુધીમાં જે ઉત્તમોત્તમ સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસ સાધ્યો છે એ સર્વનો વિનાશ આજે જગત ઉપર ઝઝૂમી રહ્યો છે, માનવજાતિનું સમગ્ર ભાવિ આજે જોખમમાં આવી પડ્યું છે. અને એ રીતે આ યુદ્ધ અખિલ માનવજાતિના રક્ષણ

મારેનું યુદ્ધ પણ બની રહેલું છે. આ યુદ્ધમાં રહેલા આ ધ્યેય પ્રત્યે અમારી સહાનુભૂતિ અને અમારો ટેકો છે અને હરેક સંજોગોમાં તે એકસરખાં ટકી રહેશે. અમે આશા રાખીએ છીએ કે આ યુદ્ધમાં બ્રિટનનો વિજય થશે, અને તેના પરિણામે જગતનાં રાષ્ટ્રોની અંદર એકતા અને શાંતિનો યુગ સ્થપાશે અને તેમાંથી એક વધુ સારી અને વધુ સલામતીભરેલી વિશ્વ-રચના ઊભી થશે.

૧૯-૯-૧૯૪૦

શ્રી અરવિંદ
શ્રી માતાજી

૨

આજે એ વસ્તુ ખૂબ જ ભારપૂર્વક અને સ્પષ્ટ રીતે કહેવાની જરૂર ઊભી થઈ છે કે જે લોકો પોતાના વિચારો દ્વારા તથા ઇચ્છા દ્વારા આજે નાઝીઓને ટેકો આપી રહ્યા છે અને તેમનો વિજય ઇચ્છી રહ્યા છે તે બધા પોતાના એટલા કાર્યથી પણ ભગવાનની વિરુદ્ધ અસુરને સહકાર આપી રહ્યા છે, અને અસુરને વિજય અપાવવામાં મદદ પહોંચાડી રહ્યા છે.

અત્યારે હિટલરને સાધન તરીકે વાપરીને જે આસુરી શક્તિ તેની મારફતે જગત ઉપર પોતાની સત્તા જમાવવા મથી રહી છે તે જ શક્તિ અત્યાર સુધી શ્રી અરવિંદના કાર્યનો વિરોધ કરતી રહેલી છે, તથા એ કાર્યનો નાશ કરવા માટે, પ્રભુની દિવ્ય કાર્યસિદ્ધિને નિષ્ફળ બનાવવા માટે પ્રયત્ન કરી રહેલી છે.

માટે જેઓ નાઝીઓ તથા તેમના સાથીદારોનો વિજય ઇચ્છી રહ્યા છે તેમણે હવે એ સમજી લેવું જોઈએ કે નાઝીઓના વિજયની એવી ઇચ્છા સેવવી એ આપણા પોતાના કાર્યનો જ વિનાશ નોતરવા બરાબર છે. એવી ઇચ્છા શ્રી અરવિંદની સામે જ એક દ્રોહ બની રહે છે.

૬-૫-૧૯૪૧

શ્રી માતાજી

૩

તમે કહો છો કે આ યુદ્ધ માતાજીનું છે કે નહિ એ વિષે તમને હવે શંકા થવા લાગી છે. તમે મારી પાસેથી એ શંકાનું નિવારણ માગો છો, આ યુદ્ધ માતાજીનું જ યુદ્ધ છે એ વાતની એક વાર ફરીથી ખાતરી માગો છો. તો સાંભળી લો, હું તમને સખતમાં સખત ભાષામાં જણાવું છું કે આ યુદ્ધ માતાજીનું જ યુદ્ધ છે તમારે એમ લેશ પણ માનવાનું નથી કે આ યુદ્ધ અમુક અમુક દેશો વચ્ચેનું જ યુદ્ધ છે, યા તો હિંદને ખાતર લડાતું યુદ્ધ છે. આજે માનવજાતિના જીવનમાં પોતાની સ્થાપના કરવા માટે એક ભાવના પૃથ્વી ઉપર ઊતરી રહી છે, એક સત્ય પોતાને અહીં પૂર્ણ રીતે સાકાર કરવા મથી રહ્યું છે. એ આદર્શ અને સત્યને સિદ્ધ થતાં અટકાવવા માટે આજે એક ઘોર અંધકાર અને અસત્ય

મેદાને પડ્યાં છે અને ટૂંક સમયમાં જ આખી પૃથ્વીને અને માનવજાતિને ગળી જવા માટે પ્રયત્ન કરી રહ્યાં છે. એ આદર્શ અને એ સત્યને પૃથ્વી ઉપર કાયમ કરવા માટેનું આ યુદ્ધ છે. આપણે માત્ર અમુક અમુક બાહ્ય પરિસ્થિતિ જ ધ્યાનમાં લેવાની નથી, પરંતુ એ લડાઈની પાછળ પરદામાં રહીને કામ કરી રહેલાં બળોને જોવાનાં છે. આ લડાઈમાં લડી રહેલા લોકોની ખામીઓ કે ભૂલોનો જ માત્ર વિચાર કર્યા કરવો એનો કશો અર્થ નથી. જગતના બધા જ દેશોમાં કંઈ ને કંઈ ખામીઓ રહેલી છે અને તે બધા જ ગંભીર ભૂલો કરતા આવ્યા છે. એટલે અત્યારે તો માત્ર આ જ જોવાનું છે કે આ સંગ્રામમાં કયો દેશ કયા પક્ષમાં જઈને ઊભો છે. આ સંગ્રામ માનવજાતિના વિકાસનો માર્ગ મોકળો રાખવા માટેનો સંગ્રામ છે. માનવજાતિને વિચાર કરવાની સ્વતંત્રતા મળી રહે, તેનામાં પ્રગટેલા જ્ઞાન મુજબ જીવન ઘડવાની, સત્યની અંદર તેમ જ આત્મતત્ત્વની અંદર વિકાસ સાધવાની સ્વતંત્રતા મળી રહે તેવી પરિસ્થિતિ સ્થાપિત કરવા માટેનો આ સંગ્રામ છે. આ યુદ્ધમાં નાઝીઓનો વિજય થતાં જે પરિણામો આવવાનાં છે તે વિષે લેશ પણ શંકા રહી શકે તેમ નથી. નાઝીઓની જીતને પરિણામે આ પ્રકારની સર્વ સ્વતંત્રતાનો સમૂળગો અંત આવી જશે, પ્રકાશ અને સત્ય માટેની તમામ આશાઓ બરબાદ થઈ જશે, અને પૃથ્વી માટે જે કાર્ય કરવાનું છે તેની સામે એવા તો સંજોગો ઊભા થશે કે મનુષ્યની શક્તિ દ્વારા તો એ કાર્ય અશક્ય જ બની રહેશે. નાઝીઓ જીતશે તો જગતમાં અસત્ય અને અંધકારનું શાસન ફેલાશે, માનવજાતિના મોટા ભાગ ઉપર ક્રૂર દમનનો, અને અધઃપતનનો કોરડો વીંઝાવા લાગશે. આ વસ્તુ કેટલી બધી તો ભયાનક છે એનો આ દેશના લોકોને હજી સ્વપ્ને પણ ખ્યાલ નથી, કે એની લેશ પણ સમજ નથી. આ યુદ્ધમાં નાઝીઓ સામેનો જે બીજો પક્ષ છે તેણે તો માનવજાતિને માટે એક મુક્ત ભાવિની ઘોષણા કરી દીધી છે. તે પક્ષનો વિજય થશે તો જગતને માથેથી નાઝીવાદમાંથી જન્મતી આ ભયંકર આપત્તિ દૂર થશે એ જીતને અંતે એવી પરિસ્થિતિ ઊભી થશે કે જેમાં પેલા આદર્શને વિકસવા માટે તક મળી શકશે, પ્રભુનું કાર્ય સિદ્ધ થઈ શકશે, પૃથ્વી ઉપર અમે જે આધ્યાત્મિક સત્યની સ્થાપના કરવા માગીએ છીએ તે સ્થાપી શકાશે. જેઓ આ પ્રકારના ધ્યેયને માટે લડી રહ્યા છે તેઓ ભગવાનના પક્ષમાં ઊભેલા છે અને જગત પર ઝૂઝી રહેલા આસુરી રાજ્યનો સામનો કરી રહ્યા છે.

૨૯-૭-૧૯૪૨ શ્રી અરવિંદ

૪

અમે એમ નથી કહેતા કે મિત્રરાજ્યોએ એક પણ ખોટું કામ કર્યું નથી. અમારું માત્ર એટલું જ કહેવું છે કે એ લોકો વિકાસનાં બળોના પક્ષમાં ઊભા છે. આ વસ્તુ હું ગમે તેમ કહી નાખું છું એમ નથી. મને જે ચોખ્ખી હકીકતો દેખાઈ રહી છે તેના જ આધારે હું આ બોલું છું. તમે જે કહો છો તે એ વસ્તુની કાળી બાજુ છે. જગતના બધા જ દેશોએ, બધી સરકારોએ પોતાના પરસ્પરના વ્યવહારમાં એવી મલિનતા બતાવેલી છે. કંઈ નહિ તો જેની પાસે કંઈક શક્તિ હતી, અને જેને કોઈ તક મળી ગઈ

હતી તે દરેકે આવો વ્યવહાર કર્યો છે. તમારું એમ કહેવું તો નહિ જ હોય કે જગતમાં અમુક સરકારો તો સંપૂર્ણ રીતે ધર્માત્મા જ હતી, તેમ જ અમુક પ્રજાઓ સંપૂર્ણ નિઃસ્વાર્થ અને નિષ્પાપ જીવનવાળી હતી અથવા તો છે. પરંતુ આ વસ્તુને બીજી બાજુ પણ છે. તમે મિત્રરાજ્યોના ભૂતકાળનાં કાર્યોને આજનાં આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ તપાસીને દોષિત ઠરાવી રહ્યા છો. પરંતુ એ વાત તમે થોડા વખત ઉપર કરી હોત તો લોકો તેથી દંગ જ થઈ ગયા હોત. આજની દૃષ્ટિએ જોતાં તો એકેએક દેશના નામે કંઈ ને કંઈ કલંક નીકળશે. પરંતુ હું તમને પૂછીશ કે જે આદર્શોની કસોટીએ તમે મિત્રરાજ્યોને નિંદી રહ્યા છો તે (સ્વતંત્રતા, સમાનતા, લોકશાહી, આંતરરાષ્ટ્રીય ન્યાય ઇ. ઇ.) આદર્શોનું સર્જન કોણે કર્યું છે, અથવા તો તે માટે કોણે વધુમાં વધુ જહેમત વેઠી છે? તમારે કબૂલવું જ પડશે કે એ કાર્ય આજનાં મિત્રરાજ્યોએ–અમેરિકા, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ જ કર્યું છે. હા, આ બધા જ દેશો શાહીવાદી રહેલા છે, એમનો એ ભૂતકાળનો ભાર હજી પણ તેમને માથે બાઝી રહેલો છે. પરંતુ તમે જાણો છો કે એ જ દેશોએ આ આદર્શોનો પૂર્ણ સમજપૂર્વક પ્રચાર કર્યો છે, અને એ આદર્શોને સાકાર કરતી સંસ્થાઓ પણ પ્રચારમાં આણી છે. ભલે, આ વસ્તુઓનું મૂલ્ય ઘણું જ સાપેક્ષ છે એમ કહો, છતાં તમે જોઈ શકશો કે માનવજાતિના વિકાસમાં એ આદર્શો એક પગથિયા રૂપ બનેલા છે, ભલે પછી તે પગથિયું અપૂર્ણ પણ હોય. (આની સામે તમે હવે બીજા પક્ષને માટે શું કહી શકો તેમ છો? દા. ત. હિટલર તો એમ કહે છે કે રંગવાળા લોકોને કેળવણી આપવી એ ગુન્હો છે. એ લોકોને તો ગુલામો અને મજૂરો રૂપે જ રાખવા જોઈએ.) તમે જાણતા હશો કે ઇંગ્લેન્ડે કોઈ પણ અંગત લાભની આશા વિના અમુક દેશોને સ્વતંત્ર થવામાં મદદ કરી છે, ઇજિપ્ત અને આયર્લેન્ડ સાથે થોડુંઘણું લડી કરીને પણ તેમને તેમની સ્વતંત્રતા સોંપી દીધી છે. ઇરાકને તો વિના લડાઈએ જ સ્વતંત્ર બનાવ્યું છે. ઇંગ્લૅંડ શાહીવાદમાંથી નીકળીને ભલે ધીરે ધીરે પણ મક્કમ પગલે પરસ્પર સહકારની-દિશામાં જઈ રહ્યું છે. ઇંગ્લેન્ડની બ્રિટિશ કોમનવેલ્થ અને તેના સંસ્થાનો એ જગતના ઇતિહાસમાં ઘણી જ લાક્ષણિક અને અભૂતપૂર્વ ઘટનાઓ છે. આંતરરાષ્ટ્રીય દિશામાં આ નવા જ પ્રારંભો છે. ઇંગ્લેન્ડ આજે કોઈ એવા વિકાસની દિશામાં વિચાર કરી રહ્યું છે કે જેમાં આક્રમણનો સંભવ બિલકુલ અશક્ય જ બની રહે. ઇંગ્લેન્ડની જૂની પેઢીને એવી દૃઢ શ્રદ્ધા હતી કે જગતમાં પોતાને એક મિશન મળ્યું છે, તેમ જ પોતાનું સામ્રાજ્ય એ ઇષ્ટ અને ભવ્ય વસ્તુ છે. આજની નવી પેઢી એ શ્રદ્ધા હવે ધરાવતી નથી. ઇંગ્લેન્ડે હિંદને યુદ્ધ પછી સાંસ્થાનિક સ્વતંત્રતા આપવાની—અથવા હિંદ ઇચ્છે તો સંપૂર્ણ અલગ સ્વતંત્રતાની પણ દરખાસ્ત રજૂ કરી છે, તેમ જ હિંદના લોકો પોતાને માટે સર્વસંમતિથી જે કોઈ બંધારણ ઊભું કરે તે સ્વીકારવા માટે તૈયારી બતાવી છે...આ બધાને હું સાચી દિશામાં થઈ રહેલો વિકાસ ગણું છું, પછી ભલે તે ખૂબ જ મંદ હોય, અધૂરો હોય, કે ઇચ્છા અનિચ્છાએ થઈ રહ્યો હોય. અમેરિકાએ પણ દક્ષિણ તેમ જ મધ્ય અમેરિકા અંગેની પોતાની જૂની શાહીવાદી નીતિ છોડી દીધી છે. તેણે ક્યુબા અને ફિલિપાઈન્સને સ્વતંત્ર કર્યાં છે...ધરીરાજ્યોના પક્ષે પણ શું આ જ પ્રકારનું વલણ જોવામાં આવે છે ખરું? તમારે વસ્તુ સમજવી હોય તો તેને બન્ને બાજુએથી

જોવી જોઈએ, તેમને સ્થિર દૃષ્ટિથી તેમ જ સમગ્ર રૂપે જોવી જોઈએ. એટલે હું ફરીથી કહીશ કે, હું પોતે સપાટી ઉપરની વિગતોમાં જ ગૂંચાયા કરવા માગતો નથી. મારે તો મારી દૃષ્ટિ સપાટીની પાછળ કામ કરી રહેલાં બળો ઉપર માંડવાની છે. એટલે પ્રથમ તો આપણે માનવજાતિના ભાવિને બચાવી લેવાનું છે. એ ભયંકર આપત્તિને એક વાર જીતી લીધા પછી જ આજની પરિસ્થિતિમાં રહેલી મુશ્કેલીઓ તેમ જ વિરોધોનો ઉકેલ લાવી શકાશે, તેમ જ તેમને નિર્મૂળ કરી શકાશે...

***

અમારે માટે તો એવો કોઈ પ્રશ્ન છે જ નહિ. અમે તો એક પત્રમાં (જે પ્રસિદ્ધ થયેલો છે) એ વાત સ્પષ્ટ કરી દીધી છે કે આ યુદ્ધ અમુક અમુક દેશો વચ્ચેનું કે અમુક અમુક રાજ્યો વચ્ચેનું છે એમ અમે લેશ પણ ગણતા નથી. વળી આ યુદ્ધ સારા લોકો અને ખરાબ લોકો વચ્ચેનું યુદ્ધ છે એ વાત તો અમે એથી પણ ઓછી સ્વીકારીએ છીએ. અમે આ યુદ્ધને બે બળો વચ્ચેના યુદ્ધ તરીકે, દિવ્ય અને આસુરી શક્તિઓ વચ્ચેના સંગ્રામ તરીકે જોઈ રહ્યા છીએ. અમારે માત્ર એ જોવાનું છે કે જગતના દેશો તેમ જ મનુષ્યો એ બેમાંથી કયા પક્ષમાં જઈને ઊભા રહે છે. જે લોકો સાચા પક્ષમાં જઈને ઊભા રહેશે તેઓ તરત જ ભગવાનના હાથમાં તેના હેતુને સિદ્ધ કરવામાં સાધન રૂપ બની જશે. એ લોકોમાં માનવ પ્રકૃતિને તેમ જ માનવ સમુદાયને સહજ એવી ખામીઓ તથા ભૂલો રહી હશે, તેમને હાથે ખોટાં કાર્યો તેમ જ ખોટી પ્રવૃત્તિઓ થઈ હશે તો પણ તેથી ભગવાનનું કરણ બનવામાં વાંધો નહિ આવે. આ યુદ્ધમાં મિત્રરાજ્યોનો વિજય થશે તો વિકાસનાં બળોનો માર્ગ ખુલ્લો રહેશે. એથી ઊલટું, જો નાઝી પક્ષનો વિજય થશે તો તેથી માનવજાતિની પ્રગતિ પાછી ઠેલાઈ જશે, માનવજાતિ એક ભયાનક અધઃપાતમાં સરી જશે, અને પરિસ્થિતિ વણસતી વણસતી છેવટે એવી હદે પણ પહોંચી શકશે કે જ્યારે માનવજાતિ એક જાતિ તરીકેની પોતાની નિષ્ફળતા પુરવાર કરી દેશે, અને ભૂતકાળમાં બીજી યોનિઓનું બન્યું છે તેમ એ પણ પૃથ્વી ઉપરથી નાબૂદ થઈ જશે. આખો સવાલ જ આ છે: માનવજાતિ જાતિ તરીકે ટકી શકશે કે કેમ, યા તો ટકવા માગે છે કે કેમ? એ સિવાયની બીજી તમામ વસ્તુઓનો વિચાર આજે અપ્રસ્તુત છે, યા તો ગૌણ છે. મિત્રરાજ્યોએ કંઈ નહિ તો એટલું તો કર્યું જ છે કે તેઓ માનવતાના પક્ષમાં—માનવ કોટિનાં મૂલ્યોના પક્ષમાં તો ઊભાં જ છે. હા, આપણે એ સ્વીકારીશું કે એ લોકો ઘણી વાર પોતાના ઉત્તમોત્તમ આદર્શોથી ઊલટું આચરણ પણ કરે છે, અને માનવ પ્રાણી તો હંમેશાં એમ જ કરતું રહ્યું છે. આની સામે તમે હિટલરનો આદર્શ મૂકીને તપાસો. તમને જણાયા વિના નહિ રહે કે એ મૂલ્યો રાક્ષસી પ્રકારનાં મૂલ્યો છે. અથવા તો એમાં જે મૂલ્યો માનવ કોટિનાં છે તેમને પણ ખોટી રીતે અત્યુક્તિ કરીને એવાં તો વિકૃત કરી નાખવામાં આવ્યાં છે કે આખરે તે રાક્ષસી કોટિનાં બની ગયાં છે. (દા. ત. હિટલરે શાસક જાતિના જે ગુણો વર્ણવ્યા છે તે જુઓ.) પરંતુ આવી રીતે સામસામા પક્ષમાં ઊભા રહેવાથી અંગ્રેજો અથવા અમેરિકનો એક તદ્દન નિષ્કલંક દૈવી પ્રજા બની ગઈ છે, અને જર્મનો એ દુષ્ટ અને પાપી પ્રજા બની ગઈ છે એમ નથી. એ માત્ર એટલું જ સૂચવે છે કે કોણ ક્યાં ઊભું છે, અને તે એક ઘણી જ મહત્ત્વની વસ્તુ છે...

***

કુરુક્ષેત્રનું દૃષ્ટાંત એ આજની પરિસ્થિતિનું જ સમાંતર દૃષ્ટાંત નથી. બે વિશ્વ-બળો વચ્ચે ચાલતા યુદ્ધની એ એક પરંપરાગત વાર્તા છે એમ સમજવાનું છે. એ યુદ્ધમાં ભગવાન જે પક્ષમાં જઈને ઊભા હતા તે પક્ષનો વિજય થયો હતો, અને તેનું કારણ એ હતું કે તે પક્ષના નેતાઓએ પોતાની જાતને ભગવાનના કરણ રૂપ બનાવી દીધી હતી. કુરુક્ષેત્રનો સંગ્રામ એ પુણ્ય અને પાપ વચ્ચેનો સંગ્રામ હતો, યા તો પુણ્યાત્માઓ અને દુષ્ટ મનુષ્યો વચ્ચેનો સંગ્રામ હતો એમ સમજવાનું નથી. એમ હોય તો પછી શું પાંડવો પોતે પણ કેવળ ધર્માત્માઓ અને નિર્દોષ જ હતા ખરા ? તેમનામાં પણ શું સ્વાર્થબુદ્ધિ અને રાગદ્વેષ ન હતાં ?...

તમારે એ પણ જોવું પડશે કે શું પાંડવો પણ પોતાનાં હિતો અને હક્કો માટે જ નહોતા લડતા ? બેશક, એ હક્કો અને હિતો ન્યાયપુરઃસરનાં અને સત્યપ્રતિષ્ઠિત હતાં, છતાં ય તે છેવટે તો તેમનાં અંગત અને સ્વ-પર્યવસાયી હિતો જ હતાં ને ? એમનું યુદ્ધ ધર્મયુદ્ધ હતું એ સાચું, પરંતુ તેમના પક્ષમાં જેટલો ન્યાય અને ધર્મ હતો તેટલા પૂરતું જ ધર્મયુદ્ધ હતું. વળી જો સામ્રાજ્યવાદ,—સશસ્ત્ર શક્તિ દ્વારા સામ્રાજ્યની સ્થાપના કરવી એ જો દરેક સંજોગોમાં દુષ્ટતા જ હોય તો તો પાંડવો પણ એ રીતની દુષ્ટતાના ભાગીદાર બને છે. કારણ કે પાંડવોએ પોતને મળેલા વિજયનો ઉપયોગ કરી પોતાનું સામ્રાજ્ય સ્થાપી લીધું હતું, અને તે તેમના પછી પરીક્ષિત અને જનમેજયે ટકાવી રાખ્યું પણ હતું. આજનો માનવતાવાદ તેમ જ શાંતિવાદ પાંડવોની સામે પણ એ આરોપ મૂકી શકે છે કે આ પુણ્યાત્મા પાંડવોએ (અને તેમની સાથે શ્રીકૃષ્ણને પણ સામેલ કરવા જોઈએ) હિંદની અનેક સ્વતંત્ર અને સ્વાધીન પ્રજાઓ ઉપર પોતાનું ચક્રવર્તિત્વ સ્થાપવા માટે જ આ ખૂનખાર કતલ ચલાવી હતી. આજના આદર્શોનાં કાટલાંથી ભૂતકાળના બનાવોને જોખવા જતાં આવું પરિણામ આવવાનું. સાચી વાત તો એ છે કે આજે જેવી રીતે સ્વતંત્ર પ્રજાઓ પોતાનો વિશ્વ-સંઘ રચે છે તે *વિકાસની સાચી દિશામાં જતું પગલું છે તે જ રીતે તે જમાનામાં આવા પ્રકારના* સામ્રાજ્યની સ્થાપના કરવી તે પણ સાચી દિશામાંનું પગલું હતું. અને આ બંને દાખલાઓમાં, આ સાચાં પરિણામો એક ભયાનક સંહારને અંતે આવેલાં છે.

આપણે યાદ રાખીએ કે પ્રાચીન કાળમાં કે મધ્ય યુગમાં કે ઠેઠ હમણાં સુધી પણ બીજી દુર્બળ પ્રજાઓ ઉપર વિજય મેળવવો અને તેમના ઉપર રાજ્ય કરવું એ લેશ પણ ખોટું ગણાતું ન હતું. ઊલટું એવો વિજય ઘણો મહાન અને ગૌરવ રૂપ ગણાતો હતો. વળી લોકો પણ એમ નહોતા માનતા કે એમના ઉપર વિજય મેળવનાર લોકોમાં અથવા તો દેશોમાં કોઈ ખાસ દુષ્ટતા રહેલી છે. વિજેતાઓ પાસે માત્ર એટલી જ આશા રાખવામાં આવતી હતી કે જીતેલી પ્રજાઓ ઉપર તેઓ ન્યાયપૂર્વક રાજ્ય કરે. વિજેતાઓ જીતેલી પ્રજાનો પોતાના લાભ ખાતર ઉપયોગ કરે, આજની ભાષામાં કહેતાં શોષણ કરે તો તેમાં અન્યાય જોવામાં નહોતો આવતો. આ વસ્તુ અંગેની અર્વાચીન વિચારસરણી—એટલે કે માનવ માત્રને, દરેક વ્યક્તિને તેમ જ દરેક દેશને સ્વતંત્રતાનો હક્ક છે, બીજી પ્રજાઓને જીતવી અને તેમના ઉપર સામ્રાજ્ય સ્થાપવું એ અનીતિ છે, અથવા તો જિતાયેલી પ્રજાઓને લોકશાહી પ્રકારની સ્વતંત્રતા માટે તૈયાર કરવી એ પ્રકારે બ્રિટિશ લોકોએ સામ્રાજ્યવાદ અને લોકતંત્રવાદ વચ્ચે જે સમાધાન ઉપજાવ્યું છે તે બધાં નવાં મૂલ્યો છે, વિકાસક્રમમાં એક આગળનું પગલું છે. આ યુગનો આ નવો ધર્મ છે. હજી વ્યવહારમાં એ ધીરે ધીરે

અને અલ્પ પ્રમાણમાં જ મૂર્ત થઈ રહ્યો છે. એ હજી તેની બાલ્યાવસ્થામાં જ છે. હિટલર જો પોતાના 'અવતારી' કૃત્યમાં સફળ થઈ શક્યો હોત અને આખી પૃથ્વી ઉપર તે પોતાનો નૂતન 'ધર્મ' સ્થાપી શક્યો હોત તો આ નવો બાલધર્મ બિચારો ક્યારનો યે સદાને માટે મરણશરણ થઈ ગયો હોત. આજે જિતાયેલા પરાધીન દેશો આ નવા ધર્મને સ્વીકારી જૂના કાળના સામ્રાજ્યવાદીઓની સખત ટીકા કરે તો તે સ્વાભાવિક છે. પરંતુ એ પરાધીન પ્રજાઓ જ્યારે પોતે જ પાછી બળવાન, ધનવાન અને શક્તિશાળી બને ત્યારે આપણે આશા રાખીએ કે તેઓ પોતે પણ પોતાના આજના ઉપદેશ મુજબ પોતાનું વર્તન રાખશે. પરંતુ માનવજાતિના પ્રશ્નોનો ઉત્તમ ઉકેલ તો એ છે કે જગતમાં હવે એક નવી જ પ્રકારની જીવનવ્યવસ્થા, એક નવો વિશ્વ-સંઘ ઊભો થાય. એવો વિશ્વ-સંઘ શરૂઆતમાં ભલે અપૂર્ણ હોય, તેની પ્રગતિ ભલે ઘણી જ મંદ અને લથડતી હોય, પરંતુ એવા સંઘને અંતે ભૂતકાળના જેવા બનાવો બનવા અશક્ય થઈ રહેવા જોઈએ. આ કામ અઘરું છે, પણ તે કેવળ અશક્ય છે એમ તો નથી જ.

ભગવાન મનુષ્યને તે જેવો છે તેવો ને તેવો સ્વીકારી લે છે. માણસો સંપૂર્ણ નિષ્પાપ ન હોય, ધર્માત્મા ન હોય, શુદ્ધ અને પવિત્ર ન હોય તો પણ પ્રભુ તેમને પોતાનાં હથિયાર તરીકે વાપરે છે. તેમના હૃદયમાં જો શુભ ભાવના હશે, બાયબલની રીતે કહીએ તો જો તેઓ પ્રભુના પક્ષમાં ઊભા હશે તો તેટલા માત્રથી પણ ભગવાનનું કામ ચાલશે. ધારો કે હું જાણતો હોઉં કે મિત્રરાજ્યો તેમને મળેલા વિજયનો દુરુપયોગ કરે તેમ છે, યા તો શાંતિને સ્થાપવામાં કંઈ ગોટાળો કરી મૂકે તેવાં છે, યા તો એ વિજય દ્વારા જે તકો— માનવતાને માટે ખુલ્લી થઈ શકશે તેમાં કંઈ નહિ તો થોડી ઘણી પણ હાનિ પહોંચાડી દે તેમ છે તો પણ હું તેમની મદદમાં મારી શક્તિને મૂકવા તૈયાર છું. માનો કે આ બધી ભીતિઓ ખરી પડે તો પણ એ વસ્તુસ્થિતિ હિટલરના શાસન હેઠળ જગતની જે દશા થવાનો સંભવ રહેલો છે તેના તો સોમા ભાગ જેટલી પણ ખરાબ નહિ હોય. મિત્રરાજ્યોના વિજયને અંતે એટલું તો થશે જ કે પ્રભુનો માર્ગ ખુલ્લો રહેશે, એ બંધ થતો રોકાઈ જશે. અને એ રીતે માર્ગને ખુલ્લો રાખવો એ જ સૌથી વધુ અગત્યની વાત છે. એટલે આપણે જે મુખ્ય મુદ્દાની વાત છે તેને જ અત્યારે તો વળગી રહીએ. આજે હિંદ ઉપર તેમ જ જગત ઉપર એક નવી બર્બરતાનું, કાળી ગુલામીનું જે ભયંકર સંકટ ઝઝૂમી રહ્યું છે, તેને જ સૌથી પ્રથમ દૂર કરવાનું છે. આપણી આગળ ઊભો થયેલો પરમ મહત્ત્વનો અને અત્યંત કરુણ પ્રશ્ન તે આ જ છે. આપણે પ્રથમ એ જ પ્રશ્નનો ઉકેલ લાવીએ અને એ પ્રશ્નને ઢાંકી દેનારા બીજા આડકતરા અને ગૌણ મુદ્દાઓનો વિચાર, કે માત્ર તાત્ત્વિક પ્રશ્નોનો વિચાર, ભવિષ્ય ઉપર રાખીએ.

૩-૯-૧૯૪૩

શ્રી અરવિંદ

❋

માંદગીયે માણીએ

નટવરલાલ પ્ર. બુચ

એક વાર મને ટાઈફૉઈડ તાવ આવેલો. ક્લોરોમાઈસિટિનની શોધ અને પ્રચાર થઈ ચૂકેલાં એટલે એ તાવની ભયંકરતા જરૂર ઓછી થઇ ગઈ હતી. પણ આખરે કોઈ પણ દવા કે ડૉક્ટર દરદીને કાંઇ થવાનું જ નથી એવી સોએ સો ટકા ગૅરન્ટી નથી આપી શકતાં એટલે જ્યારે તપાસનાર ડૉક્ટરના મોં પરનો ભાવ, તેમણે મારી સારવાર માટે આપેલ કડક સૂચનાઓ, તેને પરિણામે મારાં સ્વજનોનાં મોં પર ચિન્તા—એ બધું મેં જોયું ત્યારે મને મારી માંદગી ગંભીર અને ચિંતાજનક હોવાની શંકા ગઈ. મારાં આહાર-ઊંઘ વધારે છે અને વાચન-વિચાર થોડાં. જ્યારે પ્રવાસ દરમિયાન કે હળવી માંદગી દરમિયાન (હળવી માંદગી એટલે કેઝ્યુઅલ રજા બાકી હોય તેટલા દિવસ પૂરતી અમને સૌને—નોકરિયાતોને—વરતાય છે તેવી) હું વાંચું ત્યારે નવલકથાઓ કે હળવું સાહિત્ય જ વાંચું. પણ જ્યારે મારી માંદગી ગંભીર છે એવી શંકા મને થઇ ત્યારે મારા મનમાં શ્રીમદ્ ભગવદ્-ગીતા અને ઉપનિષદો રમવા માંડ્યાં. સવારે તાવ ઓછો રહેતો ત્યારે ડૉક્ટરે એક કલાક વાંચવાની છુટ્ટી આપેલી તેમાં હું ગીતાનો એક અધ્યાય વાંચતો. અશક્તિ વધી તેમ તેમ દાનવૃત્તિ પણ વધવા લાગી. મંદિરના પૂજારીને પાકું સીધું મોકલાવ્યું, ગોંદરે ગાયોને ખડ નંખાવ્યું, વચ્ચે વચ્ચે બેત્રણ બ્રાહ્મણો પણ જમાડ્યા અને એમ કરીને, કદાચ થોડા વખતમાં મને ગોલોક કે બ્રહ્મલોકમાં સ્થાન મળે તો ત્યાં સારી ભલામણ પહોંચે એવી જોગવાઈ કરી. પણ એમ કરતાં આખરે ચૌદમે દિવસે ડૉક્ટરે મને ભયમુક્ત જાહેર કર્યો. ગીતાવાચન બાર અધ્યાય સુધી પહોંચેલું, તે ત્યાં અટકી ગયું અને ગીતાનું સ્થાન એ જ નામની એક નવલકથાએ લીધું. મારી દાનવૃત્તિમાં પણ એકદમ ઓટ આવી, ચૌદમે દિવસે કોઈ બે ત્રણ ભિક્ષુક બ્રાહ્મણને નવાં કપડાં માટે કાપડ અપાવવાનો વિચાર કરતો હતો ત્યાં તો તાવ નૉર્મલ આવી ગયો એટલે કરેલ નિર્ણય સાચવવા પૂરતાં જૂનાં કપડાં ભિક્ષુકને આપ્યાં. સંસ્કૃતમાં જાણીતી ઉક્તિ છે :

शरीरमाद्यं खलु धर्मसाधनम् ।

પણ માંદગીના અનુભવ પછી મેં એમાં થોડો સુધારો અને થોડો ઉમેરો કર્યો છે:—

शरीरमाद्यं खलु कर्मसाधनम् ।
शरीरमान्द्यं खलु धर्मसाधनम् ॥

'માન્દ્ય' એટલે કે માંદગી માણસને ધર્મ કરવા તરફ પ્રેરે છે. પણ એ ગંભીર માંદગી જ. ગંભીર માંદગી માણસને ધર્માભિમુખ કરે છે અને એ રીતે ધર્મસાધન બને છે. પણ હવે વિજ્ઞાનની પ્રગતિ સાથે મોટા ભાગના ગંભીર અને અસાધ્ય રોગો સુસાધ્ય બન્યા છે; બાકીના પણ જોતજોતામાં બની જશે. એટલે હવે માંદગીને કારણે મૃત્યુ નહીં થાય પણ અકસ્માત, મારામારી, ખૂન, યુદ્ધો—વગેરેને કારણે થશે. એટલે ધર્મસાધન એવી જે ગંભીર માંદગીમાં મૃત્યુ પહેલાં ધર્મદાન કરી લેવાની જે તક રહેતી તે હવે નહીં રહે. એનાથી ધર્મ અને માણસ બન્નેને નુકસાન છે—પણ એ વાત જવા દઉં; હું કાંઈ ધર્મ વિષે લખવા નથી બેઠો, હું તો માંદગી વિષે લખવા બેઠો છું. મેં ગંભીર અને તેથી ધર્મસાધન બનનારી માંદગી વિષે

અને અલ્પ પ્રમાણમાં જ મૂર્ત થઈ રહ્યો છે. એ હજી તેની બાલ્યાવસ્થામાં જ છે. હિટલર જો પોતાના 'અવતારી' કૃત્યમાં સફળ થઈ શક્યો હોત અને આખી પૃથ્વી ઉપર તે પોતાનો નૂતન 'ધર્મ' સ્થાપી શક્યો હોત તો આ નવો બાલધર્મ બિચારો ક્યારનો યે સદાને માટે મરણશરણ થઈ ગયો હોત. આજે જિતાયેલા પરાધીન દેશો આ નવા ધર્મને સ્વીકારી જૂના કાળના સામ્રાજ્યવાદીઓની સખત ટીકા કરે તો તે સ્વાભાવિક છે. પરંતુ એ પરાધીન પ્રજાઓ જ્યારે પોતે જ પાછી બળવાન, ધનવાન અને શક્તિશાળી બને ત્યારે આપણે આશા રાખીએ કે તેઓ પોતે પણ પોતાના આજના ઉપદેશ મુજબ પોતાનું વર્તન રાખશે. પરંતુ માનવજાતિના પ્રશ્નોનો ઉત્તમ ઉકેલ તો એ છે કે જગતમાં હવે એક નવી જ પ્રકારની જીવનવ્યવસ્થા, એક નવો વિશ્વ–સંઘ ઊભો થાય. એવો વિશ્વ–સંઘ શરૂઆતમાં ભલે અપૂર્ણ હોય, તેની પ્રગતિ ભલે ઘણી જ મંદ અને લથડતી હોય, પરંતુ એવા સંઘને અંતે ભૂતકાળના જેવા બનાવો બનવા અશક્ય થઈ રહેવા જોઈએ. આ કામ અઘરું છે, પણ તે કેવળ અશક્ય છે એમ તો નથી જ.

ભગવાન મનુષ્યને તે જેવો છે તેવો ને તેવો સ્વીકારી લે છે. માણસો સંપૂર્ણ નિષ્પાપ ન હોય, ધર્માત્મા ન હોય, શુદ્ધ અને પવિત્ર ન હોય તો પણ પ્રભુ તેમને પોતાનાં હથિયાર તરીકે વાપરે છે. તેમના હૃદયમાં જો શુભ ભાવના હશે, બાયબલની રીતે કહીએ તો જો તેઓ પ્રભુના પક્ષમાં ઊભા હશે તો તેટલા માત્રથી પણ ભગવાનનું કામ ચાલશે. ધારો કે હું જાણતો હોઉં કે મિત્રરાજ્યો તેમને મળેલા વિજયનો દુરુપયોગ કરે તેમ છે, યા તો શાંતિને સ્થાપવામાં કંઈ ગોટાળો કરી મૂકે તેમ છે, યા તો એ વિજય દ્વારા જે તકો— માનવતાને માટે ખુલ્લી થઈ શકશે તેમાં કંઈ નહિ તો થોડી ઘણી પણ હાનિ પહોંચાડી દે તેમ છે તો પણ હું તેમની મદદમાં મારી શક્તિને મૂકવા તૈયાર છું. માનો કે આ બધી ભીતિઓ ખરી પડે તો પણ એ વસ્તુસ્થિતિ હિટલરના શાસન હેઠળ જગતની જે દશા થવાનો સંભવ રહેલો છે તેના તો સોમા ભાગ જેટલી પણ ખરાબ નહિ હોય. મિત્રરાજ્યોના વિજયને અંતે એટલું તો થશે જ કે પ્રભુનો માર્ગ ખુલ્લો રહેશે, એ બંધ થતો રોકાઈ જશે. અને એ રીતે માર્ગને ખુલ્લો રાખવો એ જ સૌથી વધુ અગત્યની વાત છે. એટલે આપણે જે મુખ્ય મુદ્દાની વાત છે તેને જ અત્યારે તો વળગી રહીએ. આજે હિંદ ઉપર તેમ જ જગત ઉપર એક નવી બર્બરતાનું, કાળી ગુલામીનું જે ભયંકર સંકટ ઝઝૂમી રહ્યું છે, તેને જ સૌથી પ્રથમ દૂર કરવાનું છે. આપણી આગળ ઊભો થયેલો પરમ મહત્ત્વનો અને અત્યંત કરુણ પ્રશ્ન તે આ જ છે. આપણે પ્રથમ એ જ પ્રશ્નનો ઉકેલ લાવીએ અને એ પ્રશ્નને ઢાંકી દેનારા બીજા આકર્ષક અને ગૌણ મુદ્દાઓનો વિચાર, કે માત્ર તાત્ત્વિક પ્રશ્નોનો વિચાર, ભવિષ્ય ઉપર રાખીએ.

શ્રી અરવિંદ

૩-૯-૧૯૪૩

※

ઠીક, ભઈ; હવે રેતીને ઢગલે પણ નહીં ચડું; પણ, છે ને, હું તો હાલતાં હાલતાં પડ્યો છું "—" હેં! હાલતાં હાલતાં! તો મારા સમ છે જો હવે કદી—" મારાં પત્ની સમ દેવા, હાલવાના સમ દેવા જતાં હતાં પણ ત્યાં અટકી ગયાં. પછી તો મારી સારવાર શરૂ થઈ અને હું અસ્થિભંગ રૂપી આદરણીય અતિથિના સંગમાં પથારીમાં પડ્યા પડ્યો મઝા કરવા લાગ્યો. એકાદ દિવસ સખત પીડા થઈ, પણ પછી પીડા મને કોઠે પડી ગઈ અસ્થિભંગમાં લાભ એ છે કે તેમાં ભૂખ બરાબર લાગે છે અને દરદીએ શીરારાબ જ ખાવાં પડે છે. પતન થવું એ સારું ગણાતું નથી પણ મને તો પતન લાભપ્રદ નીવડ્યું અને મેં તો ગાયું:—

[પૃથ્વી]

હરોજ મળતી મને સભર રાબની તાંસળી,
શીરો, સુખડી ને વળી મળતી અન્ય વાની ગળી;
પડ્યો રહી પલંગમાં બજવું ચેનની વાંસળી—
કૃપા જ પ્રભુની ગણું, પતન થૈ તૂટી પાંસળી.

વળી પતિતનો ભાવ પણ આપણા સમાજમાં કોણ પૂછે? પણ હું પતિતની તો સૌ ખબર કાઢવા આવતાં, આથી હું બહુ ફુલાતો. આ રીતે ખાસ્સો દોઢ મહિનો ખાટલે રહી, દોઢ માસને અંતે હું (મારા એક વિનોદી મિત્રના શબ્દોમાં "દોઢ મહિનાનું") નાહ્યો. કોઈ મનગમતા મહેમાન લાંબો વખત રહીને ચાલ્યા જાય ત્યારે જેમ આપણને ગ્લાનિ થાય, અસુગળો થાય તેમ દોઢ માસની આ અસ્થિભંગની બીમારી મને છોડી ગઈ ત્યારે મને પણ અડવું, અને કામ કરવાનું, રજા પછીના પ્રથમ દિવસ જેવું, કડવું લાગ્યું.

અગાઉ ધર્મસાધન વર્ગમાં ગણાય તેવી, પણ હવે મહેમાન વર્ગની કહેવાય તેવી એક બીજી માંદગી વિશે પણ મને આદરભાવ છે—એ છે એપેન્ડિસાઈટિસ. ગાંધીજીથી તે દર્દ ધન્ય થયું ત્યારથી મને તે દર્દ અને તેનાથી પીડાતા કે પીડાયેલા દર્દીઓ માટે માન રહ્યું છે. એકવાર મને પેટમાં સખત દુખાવો ઊપડ્યો. જ્યારે થોડી મિનિટો માટે ડૉક્ટરને શંકા થઈ કે મને કદાચ એપેન્ડિસાઈટિસ હશે ત્યારે પીડા છતાં યે મને મગરૂરી થયેલી; પણ પછી પૂછપરછને અંતે જ્યારે ડૉક્ટરે કહ્યું કે આ એપેન્ડિસાઈટિસ નથી, પણ આગલી રાતે સારી પેઠે ખવાયેલાં ભજિયાંના ભારનું પરિણામ છે ત્યારે મને નિરાશા થઈ, ભોંઠપ લાગી અને મારા પોતા પ્રત્યેથી માન ઊતરી ગયું; અને ગાંધીજી સાથે આ એક બાબતમાં પણ સમાનતા પ્રાપ્ત ન થઈ તે બદલ હું મારા ભાગ્યને નિંદવા લાગ્યો. વર્ષો સુધી મારા પ્રત્યેનું મારું માન ઊતરેલું જ રહ્યું તે છેક હમણાં પાછું વધ્યું છે, પણ તેની વાત મિત્ર-માંદગી વિશે કહું ત્યારે કરીશ. આમ મહેમાન-માંદગી, કેટલીક વાર, તેના મોટા માણસો સાથેના સંબંધોને લીધે મહામાન આપનારી થાય છે.

મિત્ર માંદગી મિત્ર જેવી હોય છે. આપણો મિત્ર આપણે ત્યાં રોજ કે અવાર-નવાર આવ્યા કરે, થોડો વખત આપણી સાથે રહે અને પછી ફરી આવવા માટે ચાલ્યો જાય. તેમ કેટલીક માંદગી લગભગ રોજ આપણી હાજરી લઈ જનારી હોય છે. તે આપણને પીડે નહીં; હા, મિત્રની જેમ ચીડવે-પજવે ખરી. કબજિયાત, માથાનો દુખાવો, શરદી

લખ્યું. કેટલાક માંદગીને શત્રુ માને છે, કેટલાક ગુન્હો માને છે. હું માંદગીને શત્રુયે નથી ગણતો ને ગુન્હોયે નથી ગણતો, લહાવો ગણું છું.

ધર્મસાધન ઉપરાંત માંદગીના બીજા બે પ્રકારો છે—એક, મહેમાન-માંદગી અને બીજી મિત્ર-માંદગી.

જે માંદગી ગંભીર નથી, પણ થોડા કે ઝાઝા દિવસ મહેમાનની પેઠે આપણી સાથે રહે છે અને પછી આપણને છોડી જાય છે તે મહેમાન-માંદગી;—મલેરિયા તાવ, ઊધરસ, ગાલપચોળાં, અસ્થિભંગ વગેરે આ મહેમાન–માંદગી પ્રકારની માંદગીઓ છે. આપણી સાથેના સંબંધની માત્રા પ્રમાણે કેટલાક મહેમાન થોડા તો કેટલાક ઝાઝા દિવસ આપણે ત્યાં આપણી સાથે રહે છે. કોઈ મહેમાન ધાર્યાથી વધુ દિવસ પણ આપણે ત્યાં રોકાઈ જાય. મહેમાન આવે એટલે થોડી અગવડ તો આપણને એટલે કે યજમાનને પડે જ. પણ તે સાથે તેમના સહવાસનો આનંદ મળે, તેમની ઉપસ્થિતિ નિમિત્તે સારું ખાવાનું મળે (કુભાર્યા પણ મહેમાન હોય તેટલા દિવસ સાંધી ચાલતી હોય છે અને સરું રાંધી દેતી હોય છે એ હું મારા એક બે મિત્રોએ મને ખાનગીમાં કહેલા સ્વાનુભવ પરથી જાણું છું). તેમના મનોરંજન સાથે આપણું પણ મનોરંજન થાય વગેરે લાભ મળે છે. તેવી જ રીતે ઉપર ગણાવી દેવી માંદગી ભલે થોડી અગવડ ઊભી કરે, તકલીફ આપે, પણ તે સાથે આપણને આરામ મળે, પ્રેમભરી સારવાર મળે, પડ્યાં પડ્યાં ચીજવસ્તુઓ માગવા મેળવવાનો હક મળે અને વિશિષ્ટ પ્રકારનો ખોરાક–કોઈક માંદગીમાં દૂધ વધારે મળે તો કોઈકમાં ઘી, તો કોઈકમાં ફળો કે મિષ્ટાન્ન પણ–મળે. મનગમતા મહેમાનની જેમ આવી માંદગીને સંગે માણવાની મજા પડે છે.

એક વાર મારી પાંસળી ભાંગી પાંસળી ભાંગી. એમ કહું છું તે પરથી એમ ન માની લેતા કે હું ક્યાંય મારામારીમાં સંડોવાયો હોઈશ,—માસ્તર છું, પણ મારવાનું મને જરાયે ગમતું નથી અને માર ખાવાનું તો તેથીયે ઓછું ગમે છે. હું તો હાલતાં પડ્યો હતો એમ કહું તો ચાલે. બળદ વગરનો એક એક્કો પડ્યો હતો. હું તેમાં આગળના ભાગમાંથી બેસવા જતો હતો ત્યાં ધૂંસરીમાં મારો પગ ભરાયો ને હું ઊંધ પર શીધો ઊંધો, થાંભલાની પેઠે એવા જોરથી પડ્યો કે મારા વાંસાની ચાર પાંસળી ભાંગી ગઈ. મને તે જ એક્કામાં ઘરે લઈ જવામાં આવ્યો. ઘરે પહોંચતાં જ ગૃહિણી મને જોઈ, ગભરાઈ બોલી ઊઠ્યાં, "અરેરે! આ શું થયું તમને?" મેં કહ્યું, "કાંઈ નહીં, ગભરાશો નહીં; એ તો થોડી પાંસળી ભાંગી છે—ચાર જ ભાંગી છે." હું મારાં પત્નીને બહુવચનમાં સંબોધન કરું છું. અમારો અર્ધો જમાનો સ્ત્રી સન્માન ભાવનાનો હતો એટલે એ કારણે હું તેમને "તમે" કહી સંબોધતો, અને બાકીનો અર્ધો–ચાલુ–સ્ત્રી પુરુષની સમાનતાનો છે. હું મારાં પત્નીને "તું" કહું અને સમાનતાને દાવે તેઓ મને સામું "તું" કહે તે મને ગમે નહીં. એટલે હું તેમને "તમે" કહું છું. પાંસળી ભાંગ્યાની વાત સાંભળી મારાં પત્ની બોલી ઊઠ્યાં, "હાય! હાય! પણ પાંસળી કેમ કરતાં ભાંગી? જરૂર, તમે ઝાડ ઉપર ચડ્યા હશો અને નીચે પડ્યા હશો. મારા સમ છે, જો હવે કદી ઝાડ પર ચડ્યા તો." મેં કહ્યું, "તમે સમ આપ્યા એટલે હવે હું ચણાના ઝાડ પર પણ નહીં ચડું. પણ અમથોયે હું ઝાડ પર ચડીને પડ્યો જ નથી. પાંસળી તો—" "તો જરૂર તમે ડુંગરે ચડ્યા હશો; મારા સમ છે જો હવે તમે ડુંગરે કે ટેકરે ચડ્યા તો." મારાં પત્નીએ વળી સમ દીધા. મેં કહ્યું,

ગો.

સત્ય છે ધર્મ – આરંભ
અહિંસા સત્યદર્શન
સત્યની શોધમાં જેણે
સમર્પ્યું સર્વ જીવન;
શ્રેયસ સાધક કિ. ઘ. મ.
કેદારનાથ શિષ્યને
અંજલિ અર્પતાં આજે
ચાલતું આત્મમંથન.

આશ્રમવાસી થવાનું મારા ભાગ્યમાં ન હતું તેમ જ ન હું પૂજ્ય બાપુનો અંતેવાસી બની શક્યો;-પણ કામકાજ અંગે અલ્પ સમય સારુ સાબરમતી આશ્રમમાં જતો આવતો; અને આશ્રમ-મંદિરના ચેતનદેવ-દેવતાઓનાં દર્શન પણ કરતો. એમને પાસેથી મેં જોયા જાણ્યા નહિ; એક રીતે હું અતડો કહેવાઉં ને બીજી રીતે તત્ત્વને પરખનારો નહિ. આવી ઊણપ ન હોત તો મને મળ્યો તે કરતાં અધિકો લાભ સંતસમાગમનો મળ્યો હોત અને મારા જીવનને બીજી કેટલીયે ચમકાવનારી પહેલ પડત.

તપસ્વી કિશોરલાલભાઈના સાન્નિધ્યમાં હું બહુ મોડો આવ્યો પણ આ સુકલકડી શરીરમાં ઝળહળતી જ્યોતનાં દર્શન મેં ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર તરીકે કર્યાં હતાં. વિદ્યાપીઠ મંડળની સભાટાણે જ સ્વલ્પ સંપર્ક થતો. પણ સદ્‌ભાગ્યે મુંબઈ રાષ્ટ્રીય શાળાના પ્રાણરૂપ જ્યારથી તેઓ બન્યા ત્યારથી એમના પ્રત્યેની મારી માનલાગણી પ્રતિદિન વધતી જ રહી.

તત્ત્વચિંતક તરીકે તેમની નામના વધવા લાગી હતી, "કેળવણીના પાયા"ની લેખસામગ્રીએ એમની વિશદ દૃષ્ટિનો પાકો પરિચય કરાવ્યો હતો. સ્વામીનારાયણ સંપ્રદાયના મૂળે હોવા છતાં, તેમના વિચારો કેવા મૂળગામી હતા એ કંઈક અંશે હું સમજી શક્યો હતો પણ બાપુની રાષ્ટ્રીય કેળવણીને કાંઈક આકાર આપવા અમારે પણ પગલાં ભરવાં હતાં; ઉદ્યોગોને સ્થાન કઈ રીતે આપવું, બૌદ્ધિક તથા ઔદ્યોગિક શિક્ષણનો મેળ કઈ રીતે બેસી શકે; ગ્રામોન્મુખ કેવી રીતે થવું એની વિચારણા પૂજ્ય બાપુની તથા પૂ. કાકા સાહેબની દોરવણી પ્રમાણે અમે સૌ અધ્યાપકો કિશોરલાલભાઈની સાથે બેસીને મુંબાઈમાં કરવા લાગ્યા. ×
શાળા ક્ષીણ થશે, મુંબાઈમાંની એની ઉપયોગિતા ઘટી જશે, મુંબાઈમાં વસતા દાતાઓ તથા શિક્ષણપ્રેમીઓ નારાજ થશે એ બધા પ્રશ્નોની છણાવટ કેટલાય દિવસો સુધી થઈ; તેમાં સ્વ૦ કિશોરલાલભાઈનું માર્ગદર્શન મુખ્ય હતું; તેમની હૂંફ અમને હતી. અમે તો શ્રદ્ધાભેર મૂકાવનારા એટલે સંખ્યા ઘટશે વગેરે સવાલો ગૌણ બન્યા. સાચી કેળવણીનો પ્રચાર થતો જોઈએ એને વળગી રહેનારા અમે વીલેપારલેમાં જઈ બેઠા. પૂર્વ દિશામાં આસવિયા રસ્તા ઉપર પરમ કોરેજમાં થાણું નાખ્યું. મુંબાઈથી આવનાર વિદ્યાર્થીઓ માટે શાળામાં જ

× કિશોરલાલભાઈના મોટાભાઈ ઈશ્વરલાલના સ્વર્ગવાસને કારણે તેમનો વસવાટ મુંબાઈમાં થયો તે અમારે માટે ભારે લાભ રૂપ નીવડ્યો.

છાત્રાલય ચલાવ્યું. આ શાળા–ગૃહનો આધાર તો કિશોરલાલ હતા; તેઓ શાળા-ગૃહમાં રહેતા તેથી છાત્રોને અને અમને ઘણો લાભ થતો હતો. તેમનું દૈનિક જીવન પ્રેરણાપ્રદ હતું જ કારણકે તેઓ એક ક્ષણ પણ કામ વગરની ગાળતા નહિ.

કિશોરલાલ–ગોમતીબહેન એ અમારાં મોટેરાં જેવાં; કેટલીક વાર એક બે વિદ્યાર્થીઓના જટિલ પ્રશ્નોએ એમને હેરાન કર્યાં હતાં. વીલેપારલે ગયા પછી રાષ્ટ્રીયશાળાનો શિક્ષણક્રમ બદલાઈ ગયો : અરધો સમય બૌદ્ધિક શિક્ષા ને અરધો સમય ઉદ્યોગવર્ગ.

"બોલે તેવું આચરે" એ કોટિના મહાપુરુષ કિશોરલાલભાઈ. એમનું દમિયલ શરીર તો હતું જ એમાં પણ એમણે સુથારીકામ ઉદ્યોગમાં પસંદ કર્યું હતું. સમયસર પોતાની નાની ઓજારોની પેટી લઈને આવે અને નિયત સ્થાને વાંસની ચટાઈની છાયા નીચે પોતાનો રંદો ચલાવે; ખાં ખાં કરતા જાય; એમને કેટલીક વિનંતિ કરતા, ખાસ કરીને અમારા ઉદ્યોગશિક્ષક ભાઈ મગનભાઈ સલાટિયા,–જેમણે હવે અમદાવાદમાં આંખનું દવાખાનું ચલાવ્યું છે અને જેમણે સ્વ૦ રાવજીભાઈ મ. પટેલને માનવમૂત્રપ્રયોગોમાં સહાયતા કરી,–તેઓ વિશેષરૂપે વિનવતા : મુરબ્બી, આપ તો રહેવા દો, આપને ભારે શ્રમ પડે છે. કિશોરલાલભાઈનો એક જ ઉત્તર : "હું તો મારાથી બનતું જ કરું છું; થાકી જઈશ તો આપમેળે પડી જઈશ, તમે ચિંતા ન કરો." ખરેખર અમે સૌ કેટલીક વાર ગભરાઈ પણ જતા; એમની અંદરની ધમણ જોરથી ચાલવા લાગે ત્યારે અમે પાસે જતા, કામ પડાવી લેવાનો પ્રયત્ન કરતા, પણ તેથી તેઓ વધારે દુઃખી થવા લાગ્યા એટલે અમે નાહિંમત બનતા. એમની સાથે એમનો ભત્રીજો લઘુ કામ કરતો; એ પગે અપંગ પણ કામમાં ચપળ. હવે તો એ દૃષ્ટિ ખોઈ બેઠો છે.

આ ઉદ્યમશીલ કિશોરલાલના સમાગમથી ને માર્ગદર્શનથી જીવન ધન્ય ન થાય? અમારી શાળા એ એક પરિવાર સમી હતી. વાલીઓ પણ કિશોરલાલભાઈને કારણે ખેંચાઈને આવતા. જીવનના અનેક પ્રશ્નોની છણાવટ થતી. "જીવનશોધન"કાર કિશોરલાલે સામાન્ય પ્રશ્નોની ભીતરમાં જઈને કંઈ કંઈ તત્ત્વો શોધી કાઢ્યાં—જેમ કોઈ મરજીવો તળે જઈને મોતી લઈ આવે.

એમની બુદ્ધિ સૂક્ષ્મ હોવા સાથે સાથે સત્યાન્વેષી હતી. એક સ્વતંત્ર વિચારક ગહન ચિંતનને અંતે સમસ્યાનો ઉકેલ સૂચવે તે એમની વિચાર ને કાર્યસરણી હતી. તેઓ વિચાર કરીને બેસી રહેનારા ન હતા પણ પોતે જે નિર્ણય ઉપર પહોંચ્યા હોય તે વ્યવહારયોગ્ય છે કે નહિ તેનું બરાબર ધ્યાન રાખતા; યોજના અમલમાં ન આવી શકે તે આયોજન વ્યર્થ લેખાવું જોઈએ. વહેમ ઉપર કે નરી કલ્પના ઉપર આધારિત વાત એમની આગળ ટકતી નહિ; અને તેથી જ તેઓ બાપુના વિચારોનું દોહન કરનાર એક અધિકારી પુરુષ મનાયા છે.

કિશોરલાલભાઈ જડ વિચારક ન હતા; પ્રણાલિકા, રૂઢિના ગુલામ ન હતા, સમૂળી ક્રાંતિ કરનારા હતા. વ્યવહાર સાથે સિદ્ધાંતનો સમન્વય કેમ સધાય તેનો માર્ગ ઢૂંઢનારા હતા. સંસારમાં રહી સરસા રહેનારા કિશોરલાલ કોઈ રાજકીય પક્ષ સાથે બંધાયેલા નહોતા છતાંયે રાષ્ટ્રને જરૂર પડી ત્યારે તેઓ કોંગ્રેસમાં જોડાયા: અને સૌને ખબર છે કે મુંબઈના કોંગ્રેસ અધિવેશન સમયે કોંગ્રેસનું બંધારણ ઘડવામાં તેમનો મુખ્ય હાથ હતો.

વીલેપારલે મુંબઈ રાષ્ટ્રીય શાળાએ મીઠા–સત્યાગ્રહની તૈયારી કરવા માંડી. ખારા પાણીમાંથી મીઠું પકવવાના પ્રયોગો થવા લાગ્યા. કિશોરલાલની વૈજ્ઞાનિક દૃષ્ટિ આમાં જણ

કામ-લાગી. શાળા છાવણીનું સ્વરૂપ લેવા લાગી. અને મહારાષ્ટ્ર પ્રાંતની પ્રથમ છાવણી વીલેપારલે બનશે એવું જાહેર થયું ત્યારે ગાંધીજીએ પોતાના પ્રતિનિધિ જમનાલાલ બજાજને વીલેપારલે છાવણીના સરમુખત્યાર મોકલ્યા. કિશોરલાલભાઈ પ્રથમ નાયક બન્યા. આ સમયે મુંબઈ ઉપનગર જિલ્લા કોંગ્રેસનું સુકાન સ્વ૦ જયસુખલાલ કૃષ્ણલાલ મહેતાના હાથમાં હતું. અમારી સૌની ઇચ્છા હતી કે એ પ્રભુપરાયણ કાબેલ માણસ પ્રથમ સત્યાગ્રહી બને અને તેઓ પ્રથમ ટુકડીના નાયક બને. તેમ બનવા ન પામ્યું એટલે કિશોરલાલભાઈએ કોંગ્રેસનું સુકાન પણ સંભાળ્યું. આ ઘટના અદ્દભુત હતી પણ દેશને જરૂર હોય ત્યારે બીજો વિચાર શાને નહીં ?!

વીલેપારલેમાં ચાલતી મુંબાઈ રાષ્ટ્રીય શાળાનું મકાન પશ્ચિમ બાજુએ જ્યાં ખાડીનું પાણી ભરાતું તે તરફ હોય તો સારું એ વિચાર મુ. કમળાબેન સોનાવાળામાં પ્રેરનાર કિશોરલાલભાઈ હતા; એથી ઘોડબંદર રસ્તા ઉપરનું જીવણલાલભાઈનું એલ્યૂમિનિયમ કારખાનાવાળું મકાન ચોક સમેત મળી ગયું. શાળા ત્યાં ખસેડાઈ; સત્યાગ્રહના સેનાની ને નાયક તથા છાવણીના પ્રથમ મંત્રી સ્વામી આનંદ સિરતબદ્ધ છાવણી રચવામાં લાગ્યા. શાળાના લગભગ સર્વ અધ્યાપકોએ તથા વિદ્યાર્થીઓએ સત્યાગ્રહી તરીકે પ્રતિજ્ઞાપત્ર ભર્યાં, પૂરી ગંભીરતા સાથે સર્વ વાતો કિશોરલાલભાઈએ સમજાવતાં કહ્યું : "સત્યાગ્રહ પૂરો થયો ત્યારે ગણાય જ્યારે આપણે સ્વરાજ્ય લઈ આવીએ, અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી આ છાવણી કે કારાગૃહ આપણું ઘર સમજવું." આ કડક શરતનું પાલન ૧૯૩૦ તથા ૧૯૩૨ના બે સત્યાગ્રહ સંગ્રામ સુધી થયું. પછી તો વાતાવરણ જ બદલાઈ ગયું.

કિશોરલાલભાઈએ ખારા પાણીની પ્રથમ ડોલ ખાડીમાંથી ભરીને છાવણીના અગ્નિકુંડમાં નાંખી ત્યારે તેમના ચહેરા ઉપર નરી સાત્ત્વિકતા જ ઝળકતી હતી, સાથે સાથે મુક્તિસંગ્રામના મંડાણનો આનંદ ઊછળતો હતો. આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં એક ઠેકાણે મેં લખ્યું છે :

સમરસના સંગ્રામે જ્યારે
અંગ્રેજી હકુમતની સામે
સત્યાગ્રહ મંડાયો ત્યારે
ભારતના એ તત્ત્વવિચારક

કિશોરલાલ જે શ્રેયસાધક
વીર પારલે (વીલેપારલે) સત્યાગ્રહના
પ્રથમ નાયકે અહિંના ખારાં
નીર ભરાવ્યાં
છાવણીના એ અગ્નિ-કુંડમાં
મીઠું પકવવા
નમકકાયદો નાબૂદ કરવા
સન ઓગણીસો ત્રીસ સાલમાં.
તેહ સમયનો ઉત્સાહ કેવો
દેવ દેખવા આવે તેવો.

આખાય ભારતમાં મીઠાનો કાયદો તોડીને સત્યાગ્રહનો આરંભ થયો. કિશોરલાલ કૃશકાય ભલે હતા પણ પાકાં-હાડકાંના તથા પાકા મનના, તે સાથે સાથે એમનું આત્મબળ પણ ઓછું ન હતું.

તે જ દિવસે એટલે કે ૬ઠ્ઠી એપ્રિલે બપોરના કલેક્ટર મિ. જયકર, પોલીસ વગેરે મીઠાના અગરને તોડી પાડવા તથા સરમુખત્યારને, નાયકને ને બેઓ બેઓ મને પકડવા આવ્યા ત્યારે છાવણીચોકમાં પ્રાર્થના-ભાષણનો કાર્યક્રમ ચાલતો હતો. સત્તાધારીએ એકદમ તો હુકમ ન આપ્યો; આ પણ એક છાવણી હતી એટલે એમણે સરમુખત્યારને ખબર આપી. જમનાલાલજી પોતાના તંબુમાંથી બહાર આવ્યા; સાથે કિશોરલાલભાઇ પણ; બન્નેને ઉદ્દેશીને કહ્યું: "આ તમે કાયદાનો ભંગ કર્યો છે, માટે આ અગર તોડી નાંખવા પડશે." વળતો જવાબ મળ્યો: "અમે નહીં તોડીએ, અમારો હક્ક છે–જન્મસિદ્ધ અધિકાર છે, સમુદ્રનાં પાણી ઉપર સ્વામિત્વ માત્ર ભગવાનનું છે..." વગેરે. "તમે નહિ તોડો તો હું તોડાવી દઇશ." આ સાંભળતાં જ સરમુખત્યારના આદેશ મુજબ પ્રથમ સત્યાગ્રહી ટોળીના નાયક કિશોરલાલે પોતાની ટોળીને તથા અન્ય સત્યાગ્રહીને અગર–કુંડની રક્ષા માટે આદેશ આપ્યો.

કોઇને હસવું આવે પણ એ સુકલકડી શરીર કેટલું સબળ બન્યું હતું: જાણે ઝૂઝવા જવું હોય તેમ હાથોની સાંકળ કરી, ખડાં શરીરોનો દુર્ગ રચી સેના ઊભી હતી. અમે અમારા કુંડરક્ષણની પૂરી તૈયારી કરી લીધા પછી અધિકારીના ફરમાન બરદાર પોલીસો સત્યાગ્રહીઓને બળજબરીથી ખસેડવા લાગ્યા; સત્યાગ્રહીઓને "મજબૂત રહના"નાં સૂચનો મળતાં જતાં હતાં પણ શારીરિક બળપ્રયોગવાળાઓએ જ્યાં જ્યાં જગ્યા મળી ત્યાં ત્યાં કોદાળી, પારાઇથી કુંડ તોડ્યા.

હકૂમતને પણ પ્રતીક રૂપે કામ કરવું હતું. પછી તો ત્રણેને ગિરફતાર કર્યા.

થાણા જેલમાંનું જીવન એ કિશોરલાલભાઇને કારણે સદા ચેતનાપ્રદ રહેતું. રાજકીય કેદીઓને શી શી સગવડ આપવી, કઇ ચોપડીઓ વાંચવા દેવી, રેંટિયો આપવો કે નહિ વગેરે પ્રશ્નો જેલ અધિકારીઓ માટે કોયડા રૂપ હતા.

થોડાક દિવસ તો રાહ જોઇ; અંતે કિશોરલાલભાઇએ જેલ અધિકારીઓને નોટિસ આપી કે અમુક સમય સુધીમાં અમને અમારો રેંટિયો નહિ મળે તો ઉપવાસ કરીશું, વગેરે. આવું પગલું ભરાય કે નહિ તેની ઝીણવટભરી ચર્ચા રોજ થતી. સ્વધર્મપાલનની આડે આવે ત્યારે છેવટનું હથિયાર સત્યાગ્રહ.

રેંટિયાની માગણી સ્વીકારાઇ અને ત્યાર પછી તો કેટલીય બીજી સગવડો મળી; વિશેષ પડતી અનુકૂળતાઓ એ ન હતી પણ સામાન્ય આવશ્યકતાઓની પૂર્તિ રૂપે સગવડો મળી.

કિશોરલાલભાઇ માટે રોજ સવારના ગરમ દૂધ આવતું અને તે તેઓ લગભગ ૬ વાગ્યે મેળવી લેતા એટલે બપોરના જમવા ટાણે મોળું દહીં મળતું. એમને માટે ખટાશ અપાયકારક હતી એટલે આ વ્યવસ્થા તેમણે પોતે સાધી લીધી. એ દહીંની પ્રસાદી અમને પણ મળતી. કારાગૃહમાં જીવન નિયમિત થઇ રહે છે. સમયક્રમ પ્રમાણે ઊઠવું, નહાવું ધોવું, કામે વળવું, ખાવું, આરામ કરવો વગેરે.

અમારી બેરેકમાં જમનાદાસ માધવજી મહેતા, લ. બા. ભોપટકર, અને ડી. વી. ગોખલેને રાખવામાં આવ્યા હતા. રોનકજના શોખીનો ભેગા મળ્યા; એમાં કિશોરલાલ

પણ મળતા. એઓ મારા જેવા શિખાઉ ન હતા પણ ભલભલા ખેલાડીને મોંમાં આંગળાં ઘલાવે તેવા કાબેલ હતા; જમનાલાલજી પણ પાકા ખેલાડી.

નવા આવનારાઓ સાથે અરસપરસ સંગ્રામની વાતો ચર્ચાય; લડતની ચડતીપડતીનો હિસાબ મેળવાય; ઊંચું સાહિત્ય વંચાય પણ ખરું અને તેની ચર્ચા કરવામાં કિશોરલાલ અગ્રેસર હોય. જમનાલાલજીની બુદ્ધિ-શક્તિનો વિશેષ પરિચય જેલમાં જ થયો. કારાગૃહ એ એક રીતની કસોટી છે. અમારામાંના ઘણા ઓછા પાર ઉતરતા. પણ કિશોરલાલ-જેવાનું તો કહેવું શું?!

નાશિક જેલમાં અમારી બદલી થઈ તે પહેલાં અમારા રુનરમાંથી વણાયેલ કપડાં અમને મળવાં જોઈએ એ કાર્ય પણ અમે નાશિક જેલમાં સિદ્ધ કરી શક્યા.

—આવા કેટલાક દિવસો એમની સાથે વીતાવ્યા તે મારી કમાઈ; તેને વર્ણવું કેમ? એ મુશ્કેલ છે. અત્યારે તો આટલી સ્મૃતિનોંધથી "પ્રસ્થાન"કારના કહેણને માથે ચડાવું છું. એમની સાથેનો અંબરનાથનો પ્રવાસ પણ યાદ આવે છે. એમનો વિનોદ હાલો ન હતો. ડૉક્ટરને અરજી વાળી રચના પણ હસાવ્યા જ કરે છે. આવું આવું ઘણું લખી શકાય; અત્યારે આટલું જ.

❋

[અનુસંધાન પૃ. ૧૭૯

સ્ત્રીસન્માનના મહાન પૂજારીએ એ દિવ્યાત્માએ પોતાના ઉપર અનન્ત ભાવિ માટે કાળી ટીલી સ્વીકારી લઈને પણ—પોતાની શુભ્ર કીર્તિને હોડમાં મૂકી દઈને પણ—એ સોળ હજારની સાથે પરણવાનું નક્કી કર્યું હશે. અને તે દ્વારા સોળ હજાર આત્માઓનો ઉદ્ધાર કર્યાનું પુણ્ય મેળવ્યું હશે. ભગવાન કૃષ્ણનું તે યુગમાં એવું તો વ્યક્તિત્વ હતું કે તેના પનોતામાં આ આક્ષેપ પ્રશ્ન ઢંકાઈ જાય! અમને લાગે છે કે ભગવાન કૃષ્ણનું આ કરુણામય દિવ્ય પગલું હતું; હરિજન ઉદ્ધાર જેમ ગાંધીજીનું સર્વોત્તમ કાર્ય હતું—ભગવાન કૃષ્ણનું ૧૬-હજાર સ્ત્રી જનતા 'ઉદ્ધારનું' કાર્ય સર્વોત્તમ હતું. આજે પણ ભગવાન કૃષ્ણને સ્ત્રીજાતિ જે સદ્‌ભાવ પ્રેમથી જુએ છે તેમાં કદાચ આ જ કારણ હશે. કેમકે આત્મા સર્વત્ર છે.

અમને લાગે છે કે આપણા ઇતિહાસને પ્રભુ ચરિત્રમાં પરિવર્તિત કરીને વ્યાસજીએ ભારે ઉપકાર કર્યો છે. ઇતિહાસ પણ છેવટે તો ભગવલ્લીલાની જ ગાથા છે ને? પણ પુરાણોમાં રહેલા ઇતિહાસની ખૂટતી કડીઓ પૂરી કરવા આપણી પ્રતિભા જો વિનમ્ર પ્રયત્ન કરશે તો આપણા મહાન પુરુષોની મહા માનવતા વધારે પ્રેરક નીવડશે. અમારે મન ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્મા જ છે છતાં માનવ મર્યાદા સ્વીકારનાર પરમાત્મા એ મર્યાદાનું પૂરું પાલન કરતો છતાં અલૌકિક કર્મો કરવાની અનામત શક્તિ ધરાવે છે, એ બતાવવું ઉદ્દેશ્ય છે. ભગવાનની સોળ હજાર પત્નીઓ અંગેનું આ નિરાકરણ, સ્વરાજ્ય આવતાં આપણા દેશના ભાગલા થયા ત્યારની પરિસ્થિતિનું જો બારીક અવલોકન કરીશું તો વધારે સમાધાનકારક નીવડવા સંભવ છે. જગન્માતૃત્વના ઉદ્ધારક મહાપુરુષ ભગવાન શ્રીકૃષ્ણનો આથી જ જગતમાં સદા જય રહેશે.

ભગવાન શ્રીકૃષ્ણની સોળ હજાર પત્નીઓ—એક દૃષ્ટિ

પ્રા. નલિન મ. ભટ્ટ એમ. એ.

જગતના તમામ મહાપુરુષોમાં કોઈનું પણ જીવન વધારેમાં વધારે અટપટું હોય તો તે ભગવાન શ્રીકૃષ્ણનું છે. મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રનું જીવન, સંઘર્ષોથી છેવટ સુધી ભરપૂર ખરું પણ અંત સુધી તે સીધું-સાદું—અને ઝાઝી સમસ્યાઓ સિવાયનું છે. રામમાં સૌને સામાન્ય રીતે સૂઝ પડી જાય છે. પણ શ્રીકૃષ્ણમાં તો પરિણત પ્રજ્ઞા પણ મુંઝાઈ જાય છે. મોટા મોટા ચિંતકો અને યોગીઓ પણ એ જીવનને સમજવામાં, ઉપનિષદની પરિભાષામાં કહીએ તો, नान्तं जग्मुः । પરસ્પર વિરોધોથી ભરપૂર એ યોગીશ્વર અને યોગેશ્વરનાં જીવનમાં રહેલો એક પરમ અવિરોધ ખોળી કાઢવા માટે, ઈશ્વરાનુકંપા જરૂરી છે. જે ભગવાન કૃષ્ણનો તાગ કાઢી શકે તે જાણવું કે પરબ્રહ્મ પરમાત્માનો પણ તાગ કાઢી શકશે. આથી જ તેમને પ્રાચીનોએ, યોગમય વિચારને અંતે, 'પૂર્ણ પુરુષોત્તમ'ની પદવી આપી છે.

ઉપરાંત મહાપુરુષોના જીવનની આસપાસ સુસંબિંબની આજુબાજુ, જેમ ધુમ્મસ, તેમ ઘટની ન ઘટની અનેક કલ્પનાઓને, સિદ્ધિઓને, ચમત્કારોને, જાદુઓને ગૂંથી લેવામાં આવે છે. આ કામ સંમાનિત અને લોકમાં રૂઢ થઈ ગયેલી કલ્પનાઓનાં ધુમ્મસને ભેદી, એમના જીવનપ્રકાશનાં મૂળ બિંબને પરખવામાં, અશક્યતા નહીં તો પણ મુશ્કેલી તો જરૂર જ નડે છે.

વળી જે જગતપ્રેમ અને આદરનું પાત્ર હોય છે તેનામાં દૈવીપણું તો હોય જ છે. છતાં તેનો અતિરેક ચિત્રીતે, દેવે માનવમર્યાદા સ્વીકારી હોય ત્યારે માનવોચિત વ્યવહાર જ કરે, અને એ જ ઉચિત છે એ વાતને–સત્યને, તેને ચકાસવામાં પણ લોકમાનસ કુંઠિત થઈ ગયું હોય છે. અને આથી દેવતાઈવાદનાં આવરણો દૂર કરી, મુક્તાયમ માનવતાનાં દર્શન કરવા જેવા પ્રસંગોની પાવન પ્રેરકતા માનવ ગુમાવી બેસે છે। પરિણામે જે પ્રસંગો નરને નારાયણ બનાવે એવા હોય તેમાંથી ઊંચે જવાની પ્રેરણા મળતી બંધ થઈ જાય છે; ઊલટું અગમ્યતાવાદનાં સ્તરોને લઈને ભાવિ પેઢીમાં એવા પ્રસંગો અંગે નફરત ઉત્પન્ન થાય છે. ભગવાન કૃષ્ણની એ કમનસીબી છે કે એના જીવનપ્રસંગો સાચી દૃષ્ટિથી સમજવાને બદલે ઊંધી દૃષ્ટિથી જ મોટે ભાગે સમજાયા છે. દુનિયાના દરેક યુગાવર્ત અને યુગારંભ કરનારા મહાન આત્માઓને આ કમનસીબી વરેલી હોય છે. ભગવાન કૃષ્ણની ગાથા ગાનારાઓ પણ મોટે ભાગે ગાયેલું જ ગાય છે, અને દળેલું જ દળે છે. જમાનાના સમગ્ર વર્ગ સમસ્ત કેળ આધુનિક માનસને પણ સમાધાન થઈ શકે એ રીતે ભાગવત વગેરેની કથા મૂકવી શક્ય છે. જૂનાંને સદંતર બગાડ્યા સિવાય–સોનામાં ભેળ કર્યા સિવાય–નવા ઘાટે એ રજૂ કરી શકાય એવી અપાર શક્યતા ભાગવત જેવા મહામૂલ્ય ગ્રંથોમાં છે. એવું કો એમ આપણે ઇચ્છીએ.

ભગવાન કૃષ્ણના જીવનનો એક એવો જ વિચિત્ર પ્રસંગ યોગ્ય રીતે રજૂઆત પામે તો કલંકને બદલે કીર્તિ દેનારો નીવડે એવો છે એમ લાગે છે. એ પ્રશ્ન છે ભગવાનની સોળ હજાર પત્નીઓ અંગેનો! અલબત્ત, ભગવાન કૃષ્ણને પરમાત્મા તરીકે સમજીએ પછી તેની સર્વશક્તિમાં અવિશ્વાસ મૂકવાનું કશું કારણ નથી–અને આપણે પરમાત્માની અનન્ત

શક્તિનો પડકાર કરવા જેટલા બાલીશ પણ નહીં થઈએ—પણ ભગવાન કૃષ્ણે જ્યારે માનવ-દેહની મર્યાદા સ્વીકારી ત્યારે એમની સોળ હજાર પત્નીઓ માટે, "એ તો શ્રુતિની ઋચાઓ છે, ભગવાનની અનન્ત શક્તિઓ છે, પરમાત્માનું અનન્ત ઐશ્વર્ય છે, લીલા છે," વગેરે જવાબો આત્મ સમાધાનકારક ન લાગે તો આજના માનસનો વાંક ન કહેવાય અને આથી સામાન્ય બુદ્ધિને પણ સમજાય એવું જો ગવેષણ થાય તો વધારે વિવેકી હશે. આપણા મહાન પુરુષને આપણે વધારે સારી રીતે સમજી શકીશું, એમને વધારે સત્ય અંજલિ આપી શકીશું. અને એવું કરવું શકય છે. ભાગવતી કથાના વ્યાસ તરીકે અમને પણ આ પ્રશ્ન મૂંઝવતો જ હતો. કાંઈક બુદ્ધિગમ્ય સમજુતી આ પ્રસંગ પાછળ હોવી જ જોઈએ એમ અંતરાત્મા કહ્યા જ કરતો હતો. અને અચાનક, એ અંગેનો અમારા પૂરતો અમને સંતોષ અને સમાધાન મળી જાય એવો વિચાર સૂઝ્યો.

આ પ્રશ્ન પાછળ રાજકરણ અને સામાજિક જીવનના કૂટ પ્રશ્નો અમને દેખાયા છે। ભૌમાસુર નામનો યવનરાજા ભારે શક્તિશાળી. એણે એના કેદખાનામાં સોળ હજાર ખાનદાન છોકરીઓને કેદ કરી, કેમકે એ છોકરીઓએ એની ભોગલોલુપતાની આગળ નમતું ન આપ્યું। સત્તા સમક્ષ સમાજ કે એ સતી છોકરીઓનું શું ચાલે? દુરંગની દીવાલો પાછળ સબડતી એ છોકરીઓ કોઈ સામાન્ય યુવતીઓ ન હતી। લાચાર સ્ત્રીત્વ-સત્તા મદાન્ધ આગળ નમ્યું તો નહીં–પણ પોતાની મુક્તિને માટે ખેવના તો કરતું જ હતું।

એ રૂંધાયેલા સ્ત્રીત્વે કર્ણોપકર્ણ ભગવાન કૃષ્ણની નરવીર તરીકે ખ્યાતિ સાંભળી. ભગવાન કૃષ્ણની પરાક્રમ ગાથા સુણી એ લાચાર સ્ત્રીત્વમાં પોતાના ઉદ્ધારની આશા બંધાઈ. એ ભણેલી ગણેલી છોકરીઓએ યુક્તિ પ્રયુક્તિપૂર્વક-પોતાની દીન દશા માટે અને શિયળના સંરક્ષણ માટે ભગવાન કૃષ્ણને સંદેશ મોકલ્યો. સ્ત્રી–સન્માનના મહાપૂજારી ભગવાન આ સુણતાં વેંત એ અબળાઓની વહારે ધાયા. જબરદસ્ત હુમલો કરી ભૌમાસુરને ભોંયભેગો કર્યો. અને સ્ત્રીઓને કેદમુક્ત કરી.

અને હવે જ ખરો સામાજિક પ્રશ્ન ખડો થયો। આ સોળ હજાર છોકરીઓનું કરવું શું? લાંબો વખત પરગૃહે રહેલી એ બાળાઓને સ્વજનો કે વડીલો સ્વીકારવા તૈયાર નહીં થયા હોય. ભગવાને તાત્કાલીન યુવાન પેઢીઓને દીકરીઓના સ્વીકાર માટે આમન્ત્રણ આપ્યું જ હશે પણ સામાજિક જીવનની જડતા અને દબાણને લઈને યુવાનોમાં પણ એ 'હિંમત નહીં' થઈ હોય। એ કન્યાઓને–ભારતના એ નિર્દોષ સ્ત્રી ધનની સુવ્યવસ્થા કરવા ભગવાન શ્રીકૃષ્ણે શકય તેટલા બધાય ઉપાયો અજમાવ્યા હશે જ. પણ જ્યારે એક પણ ઉપાય સફળ ન નીવડ્યો હશે ત્યારે એક ભયંકર સમસ્યા તેમની સમક્ષ ઊભી થઈ હશે. ક્યાં તો આ સોળ હજાર છોકરીઓ પતિત જીવન ગાળે; ક્યાં તો સામુદાયિક આપઘાત નોતરે; ક્યાં તો એમને સંમાનિત જીવન જીવવાનો મોકો મળે। એ ભવ્ય પુરુષે–એ જગદ્-ગુરુએ આ બધાય વિકલ્પો તોળી જોયા જ હશે કોઈ પણ દેશનું માતૃત્વ પતિત થાય એના કરતાં ભયંકર કોઈ ગુનો નથી. સ્ત્રીજીવનને કૂવા તળાવ કરવા પડે એ વધારે મોટી નામોશી! કોઈની આગળ આવવાની નૈતિક હિંમત નહીં! અને સોળ હજાર આત્માઓને ઉગારવા તો જોઈએ જ. ભગવાન કૃષ્ણે પરિસ્થિતિને પૂરી ક્ષણમાં સમજી લીધી અને આર્ય

[અનુસંધાન પૃ. ૧૭૭

પ્રચ્છન્ન બુદ્ધિ

સરોજિની મહેતા એમ. એ.

લંડનના પિકેડિલી સરકસમાં આવેલા એક ફેશનેબલ રેસ્ટોરાંમાં મોતીલાલ શેઠ, એમનાં પત્ની સુમિત્રાબહેન અને પુત્રી અશ્વિની દાખલ થઈ અગાઉથી રીઝર્વ કરાવેલા ટેબલ આગળ બેઠાં. રેસ્ટોરાં ખૂબ મોંઘું હતું એટલે અતિશય શ્રીમંત લોકો. સિવાય કોઈ ત્યાં જઈ શકે નહિ. વળી પત્ની અને પુત્રીના દેહ ઉપરના હીરામોતીના શણગાર પણ મોતીલાલ શેઠની શ્રીમંતાઈ પુરવાર કરી આપતાં હતાં.

એ લોકો બેઠાં અને તે જ વખતે એક હિંદી યુવાન ત્યાંથી પસાર થયો. એની પાસેથી એક કૂંચી પડી ગઈ. પણ એનું ધ્યાન હોય તેવું લાગ્યું નહિ. મોતીલાલ શેઠે ટેબલ ઉપર હાથ ઠોકી એનું ધ્યાન ખેંચ્યું અને પડી ગયેલી ચાવી ઉઠાવીને આપી. યુવકે હસીને ખૂબ જ આભાર માન્યો અને વાતે વળગ્યો. એની મુખમુદ્રા, બોલવાની છટા અને રીતભાતની નમ્રતા, વસ્ત્રો, એ સર્વ ખૂબ જ આકર્ષક હતાં. વાતચીત આગળ વધતાં સુમિત્રાબહેને એને પોતાના ટેબલ ઉપર જ જમવા આગ્રહ કર્યો અને એની 'ના' કોઈએ સાંભળી નહિ.

બીજે દિવસે એ યુવક–કૃષ્ણકુમાર—મોતીલાલના રહેઠાણ ઉપર જઈ આવ્યો, અને ખાસ કરીને અશ્વિનીના જાતજાતના ફોટોગ્રાફ લીધા આમ પરિચય વધ્યો. અને હિંદુસ્તાન જતાં પહેલાં એ યુવક કૃષ્ણકુમાર અને અશ્વિનીનો લગ્નસંબંધ નક્કી થઈ ગયો. યુવકના કહેવા મુજબ એ હિંદના એક ખૂબ જાણીતા ઉદ્યોગપતિનો (એનું નામ પણ એણે જણાવ્યું તેનો) ભાણેજ થતો હતો. એનો પોતાનો પણ સ્વતંત્ર ધંધો હતો અને તેમાં પુષ્કળ કમાણી હતી. ન્યુ દિલ્હીમાં સુંદર વિશાળ ફ્લેટ હતો. એણે ખાસ વિનંતિ કરી કે 'મારા મામાને આ લગ્નસંબંધ વિષે કશું જ કહેશો નહિ. કારણ કે એ ખૂબ રૂઢિચુસ્ત છે અને જ્ઞાતિ બહારનાં લગ્નને કદી પણ મંજૂર નહિ રાખે. મારી માને પણ ચઢાવશે અને લગ્નમાં મોટું વિઘ્ન આવશે. એક વાર લગ્ન થઈ ગયા પછી કશું કરી શકશે નહિ.' પોતે કેમ્બ્રિજનો ગ્રેજ્યુએટ હતો એ પણ જણાવ્યું.

હિંદુસ્તાન આવી ધામધૂમથી લગ્ન થઈ ગયાં. ન્યુ દિલ્હીનું મકાન નવોઢાને લાયક બનાવવા રંગાઈ, ધોળાઈ. નવાં ફરનિચર, શણગાર સાથે તૈયાર થવાનું કારણ બતાવી જમાઈરાજે થોડા દિવસ તો સસરાને ત્યાં જ ખેંચી કાઢ્યા. પણ પછી તો દિલ્હી જવું પડ્યું.

ત્યાં ગયા પછી, કૃષ્ણકુમારે સ્ટેશનેથી કંઈ ટેલીફોન કર્યો અને પત્નીને દિલગીરી સાથે જણાવ્યું કે ફ્લેટ હજી તૈયાર નથી એટલે તરત તો હોટેલમાં રહેવું પડશે. ભપકાબંધ હોટેલમાં બન્નેએ મુકામ કર્યો.

અશ્વિનીને વિદાય કરતી વખતે સુમિત્રાબહેને રૂા. ૧૦૦૧) હાથમાં મૂકયા હતા. જમાઈ તો શ્રીમંત હતા તો પણ એના હાથમાં પણ એટલા જ મૂક્યા. પણ દિલ્હી આવી કૃષ્ણકુમારે જણાવ્યું કે રસ્તામાં પાકિટ ક્યાં પડી ગયું એટલે અશ્વિનીના પૈસામાંથી દિલગીરી સાથે માગવા પડ્યા. બીજે દિવસે બેંકમાંથી લાવી, આપી દઈશ એમ કહ્યું પણ વખત જ ન મળ્યો.

બેત્રણ દિવસ પછી અશ્વિનીને કંઈ ભય અને શંકા થવા માંડ્યાં. એના હજારમાંથી ત્રણસો રૂપિયા ખરચાઈ ગયા. કૃષ્ણકુમાર બેંકમાંથી પૈસા લાવવાનું ટાળ્યા કરતો. આઠેક દિવસ પછી તો એણે ચોખ્ખું જણાવ્યું કે હમણાં ધંધો ખોટમાં છે એટલે પૈસા ઉપાડી શકાય તેમ નથી!

પછી તો અશ્વિનીને બાપ પાસેથી વધારે પૈસા મંગાવવા દબાણ થવા માંડ્યું. અશ્વિની લાચારી દેખાડે ત્યારે એ ખૂબ ગુસ્સે થઈ જતો અને એક વખત તો ચોખ્ખી ના કહી ત્યારે એને તમાચો મારી કૃષ્ણકુમાર બહાર ચાલ્યો ગયો! મોડી રાત સુધી એની વાટ જોઈ, અશ્વિની રડતી રડતી ઊંઘી ગઈ. સવારે ઊઠી ત્યારે, એની પેટી તોડેલી હતી અને માબાપે આપેલા લાખેક રૂપિયાના દાગીના અને દહેજમાંથી વધેલા રૂપિયા બધું ગૂમ થયેલું હતું!

અશ્વિની પાસે શરીર ઉપરના થોડા દાગીના સિવાય કશું નહોતું. રોકડો તો પૈસો પણ નહોતો. છેવટે હોટેલમાં પોતાને ખાતે ઉધાર લખાવી પિતાને ટૂંક કોલ કર્યો!

મોતીલાલ અને સુમિત્રા રાતના પ્લેનમાં આવી પહોંચ્યાં. અશ્વિની માતાને વળગી ધ્રુસકે ધ્રુસકે રડી. માનાં આંસુ પણ સમાતાં નહોતાં. મોતીલાલ શેઠે જિંદગીમાં આવો મોંઢપ કદી અનુભવી નહોતી.

જે મામાનું નામ કૃષ્ણકુમારે દીધું હતું તેને મોતીલાલ ધંધાને અંગે સાધારણ ઓળખતા હતા. એને મળવા ગયા ત્યારે ખબર પડી કે એમણે તો કૃષ્ણકુમારનું નામ પણ સાંભળ્યું નહોતું! એમના ભાણેજો તો બધા જાણીતા ઉદ્યોગપતિઓ હતા અને ખાસા પ્રૌઢ ઉંમરના હતા. એમણે મોતીલાલને ઠપકો આપતાં કહ્યું: "તમને એની ઓળખાણ કેવી રીતે થઈ?" મોતીલાલે રેસ્ટોરાંમાં ટૂંચી પડી ગયાનો પ્રસંગ કહ્યો.

એ શેઠિયા બોલી ઊઠ્યા: "અરે, તમે આવા દુનિયાદારીના માણસ સમજ્યા નહિ કે ત્યાંના દેશોમાં ઓળખાણ કરવા માટે ઠગ લોકોની આ જાણીતી તરકીબ છે! હશે, પણ તમે હવે મને પૂછવા આવ્યા તેને બદલે લગ્ન પહેલાં કેમ ન આવ્યા?"

કૃષ્ણકુમારે ન કહેવા માટે કહેલું કારણ મોતીલાલે કહી બતાવ્યું.

"અરે લગતનું નામ નહોતું દેવું, એની સાથે વેપાર કરવો છે તો બજારમાં એની આંટ કેવી છે, એવું કંઈ બહાનું કાઢીને તપાસ કરવી હતી! ભલા માણસ, આવી તે પચ્છમ બુદ્ધિ હોતી હશે?"

*

અને આવી 'પચ્છમ બુદ્ધિ' કંઈ મોતીલાલ શેઠ જેવા નવા વિચારના માણસોની હોય છે તેવું નથી. મોતીલાલને પશ્ચિમના રંગે રંગાયેલા 'પોલીશ'વાળા જમાઈનો મોહ હતો, સૌ બીજાને જ્ઞાતિના અમુક કુળનો, શ્રીમંતાઈનો કે પોતાની લાગવગ વધારવાનો મોહ હોય છે. જ્ઞાતિની રીતે ખપનો વર છે એટલી જ ખાતરી કરી બીજી કશી પણ તપાસ કર્યા વગર હજારો લગ્ન થાય છે અને તેમાં અનેક વખત પસ્તાવાનું બને છે. એક વખત (પચાસ પંચાવનેક વરસ ઉપર) પરગામથી આવેલી એક જાનમાં વરની માસી પગમાં સોનાનાં સાંકળાં પહેરતી હતી તેના ઉપર કન્યાપક્ષ વારી ગયો! પણ પાછળથી ખબર પડી કે માસીને ઘેર ભલે લાખે લેખાં હશે પણ વરને ત્યાં તો ખાવાના પણ વાંધા હતા! જમાઈ પૈસે ગરીબ, ઉપરાંત એટલો નાલાયક નીકળ્યો કે લગ્ન પછી દસેક વર્ષે એ મરણ પામ્યો ત્યારે, શોક કરવો કે હરખ તે પણ છોકરીનાં માબાપને સમજ્યું પડી નહિ! માસીનાં સોનાનાં સાંકળાં માસીને ઘેર જ રહ્યાં.

સોનું રૂપું તો શું પણ કાપડ કે ચંપલ ખૂટ પણ ખૂબ તપાસી તપાસીને, ચારે તરફનો વિચાર કરીને ખરીદનારા પણ, સંતાનોનાં લગ્નમાં ઘણીવાર 'પચ્છમ બુદ્ધિ' બતાવતા જોયા છે. અને એનો ભોગ બને છે સંતાનો!

શ્રી બોટાદકરની કવિતામાં

નારી મહિમા

ચૈતન્યબેન જે. દિવેટિયા એમ. એ.

શ્રી. દામોદર બોટાદકરનો જન્મ સૌરાષ્ટ્રમાં બોટાદમાં વણિક જ્ઞાતિમાં સ્વામીનારાયણ સંપ્રદાયના વૈષ્ણવ ખુશાલદાસ મૂળજીને ત્યાં ઈ. સ. ૧૮૭૦માં થયો હતો. વેપારમાં ખોટ જતાં દામોદરને સાત વર્ષનો મૂકી પિતાએ જીવનલીલા સંકેલી લીધી અને તેના પરિણામે ગરીબીમાં ઊછરતા દામોદરથી અભ્યાસ થઈ શક્યો નહીં. માત્ર ગુજરાતી ૭ ધોરણ સુધીનો અભ્યાસ થયો ત્યાં તો કૌટુમ્બિક જવાબદારી આવી પડતાં માસિક અઢી રૂપિયાના પગારની શિક્ષકની નોકરી લેવી પડી. અને વિદ્યાભ્યાસમાં નિરાશા સાંપડતાં દામોદરના અંતરની કાવ્ય-દેવી જાગૃત બની ગઈ, પિંગળ શીખવાની તક ઝડપી લીધી અને વીસ વરસની વયમાં તો શ્રી સરસ્વતી દેવીની કૃપાથી વાણીપ્રવાહ લેખિની રૂપે વહેવા લાગ્યો. સંજોગવશાત્ મુંબઈ જવાનું થયું ત્યાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને શ્રી હરિલાલ ધ્રુવના 'ચન્દ્ર' માસિક દ્વારા જૂની કાવ્યપ્રણાલી છોડી અંગ્રેજી અસરથી સંસ્કારિત થયેલી નવી કવિતાની રચનાઓ પ્રકટ કરવા માંડી. સંસ્કૃતનો તેમનો અભ્યાસ ઘણો ઊંડો થયો જે તેમની કવિતામાં વપરાયેલા સંસ્કૃતપ્રચુર શબ્દો દ્વારા જોઈ શકાય છે. તેમનું છંદપ્રભુત્વ પણ આ અભ્યાસને અંગે ઘણું પ્રબળ બન્યું. પોતાના મૂળ નામનો ત્યાગ કરી 'બોટાદકર' નામથી 'ચન્દ્ર'માં કવિતાઓ લખવા માંડી. 'ચન્દ્ર' તથા 'બુદ્ધિપ્રકાશ' માં તેમનાં કાવ્યો પ્રકટ થતાં તે 'કાવ્યમાધુર્ય'માં પણ લેવાયાં; આથી શ્રી બોટાદકરને આત્મવિશ્વાસ પેદા થયો અને પ્રોત્સાહિત મને તેમણે કવિતાદેવીની આરાધના નિષ્ઠાપૂર્વક કરવા માંડી.... તબિયતને કારણે મુંબઈ છોડી પાછા બોટાદ આવ્યા. આખી જિન્દગી શિક્ષક તરીકેની સેવામાં જ વિતાવી. એ સમયે ટૂંકા પગારમાં કુટુમ્બનિર્વાહ નિભાવતાં કવિને જે મુશ્કેલીઓ સહેવી પડી છે તેનો ઈતિહાસ કરુણ છે. લક્ષ્મીદેવીને રીઝવવા માટે અનેક પ્રયત્નો કરતાં ઝૂરતા કવિને સરસ્વતીદેવીનો પ્રસાદ મળ્યો અને તેમની કાવ્યવાણી અનેક કવિતાઓ રૂપે વહેવા માંડી.

શ્રી બોટાદકરના કાવ્યસંગ્રહો પાંચ છે: 'કલ્લોલિની', 'સ્રોતસ્વિની', 'નિર્ઝરિણી', 'શૈવલિની' (જે પાછળથી પ્રકટ થયો) તથા 'રાસતરંગિણી'. તેમાં છેલ્લા સંગ્રહે ગુર્જર હૈયામાં પ્રવેશી કવિને સારો કવિયશ અપાવ્યો, જેથી તેમના અંતિમ જીવનમાં સંતોષ લઈ તેમણે દેહનો ત્યાગ કર્યો. ઈ. સ. ૧૯૨૪માં કવિશ્રી બોટાદકરનો સ્વર્ગવાસ થયો. સ્વ૦ કવિશ્રી ન્હાનાલાલ પછી ગુજરાતના રાસ-કવિ તરીકેનું સ્થાન શ્રી બોટાદકરને ફાળે જાય છે. નરસિંહરાવ, કાન્ત કે કલાપીની અસર આ કવિએ ઝીલી; ઊંડા શાસ્ત્રીય અભ્યાસ કરવાની અનુકૂળતા ગામડામાં મળી નહીં, છતાં નિસર્ગદત્ત કાવ્યશક્તિથી ગુજરાતની કવિતાપ્રેમી જનતામાં તેમણે આકર્ષણ જમાવ્યું. પ્રકૃતિમાં રાચતી શ્રી બોટાદકરની કવિતાએ નારીહૃદયના સૂક્ષ્મતમ ભાવોનું એટલું સુન્દર આલેખન કર્યું છે કે સાક્ષરશ્રી નરસિંહરાવે કહ્યું છે તેમ, 'તેમણે નારીહૃદયની નાડીપરીક્ષા કરી જાણી છે.'

ગ્રામ્ય જીવનમાં તેમણે સૌન્દર્ય જોયું અને ગામડાની સુંદરતાના-તાદૃશતાનાં હૂબહૂ શબ્દચિત્રો તેમણે કાવ્યમાં આલેખ્યાં. દા. ત., 'દધિમંથન', 'પનઘટ' વગેરે. તે જ રીતે તેમણે નારીહૃદયની સુંદરતા પિછાની, નારીના દરરોજના જીવનના સંજોગમાં તેમણે સૌન્દર્ય નિહાળ્યું અને તે ભાવગીના શબ્દો દ્વારા અંતરની ઉચ્ચતમ અભિલાષાઓ વ્યક્ત કરતાં સુન્દર શબ્દચિત્રો આલેખ્યાં. નારીહૃદયના સૂક્ષ્મતમ ભાવોનું આલેખન કરતાં કવિ જાણે તેના અંતરના ભીતરમાં આપણને લઈ જાય છે! જેથી સ્વ૰ મેઘાણી કહે છે કે, 'જન્મોથી સ્ત્રીના ખોળિયામાં રહેલો આત્મા આ જન્મમાં પુરુષ તરીકે ભૂલમાં જન્મ્યો લાગે છે!' નારીહૃદયના પૂજક આ કવિએ નારીહૃદયની તો ચિત્રાવલી ગુજરાતને ચરણે ધરી છે જેમાં ગુજરાત-સૌરાષ્ટ્રની ભાવના અને રીતરિવાજનું વિશેષ પ્રતિબિંબ છે. પરન્તુ આ ચિત્રાવલીને કોઈ કળાકાર આકર્ષક ચિત્રોમાં ગૂંથી લે તો કવિહૃદયની ભાવના જાણે સાકાર બની વિશેષ મંગલતાની દ્યોતક બને એમ કહેવું જોઈએ. નારીહૃદયની મંગલ ભાવનાનું તેમણે નિરૂપણ કર્યું, વાસ્તવિક જીવનમાં જે છે તે નહીં, પરન્તુ શું હોવું જોઈએ તેનો પવિત્ર આદર્શ શ્રી બોટાદકરે આપણી સમક્ષ રજૂ કર્યો. નણંદની દૃષ્ટિમાં ભાભી કેવી હોય? આપણો સમાજ સામાન્ય રીતે શો અનુભવ લેતો આવ્યો છે? પરન્તુ કવિ તો કહે છે:

'ભાભીનો ભાવ મને ભીંજવે રે લોલ.'

વસંત કુંજમાં કોકિલા ટહુકે એવા ઘરમાં ભાભીનાં ગીત ટહુકે છે. છેવટ ગીત પૂરું થતાં નણંદની ભાભી પ્રત્યેની ભાવના જુઓ:

'ચળકો સદાય એનો ચાંદલો રે લોલ,
જીવો એ જુગ જુગ જોડ રે'

આ સાત્ત્વિક હૃદયની શુચિતા શ્રી બોટાદકરના કુટુમ્બજીવનને અનુલક્ષીને લખાયેલાં સમગ્ર કાવ્યોમાં દર્શિત થાય છે. કુટુમ્બજીવનમાં વ્યાપી રહેલી કલુષિતતા પ્રત્યે આ કવિએ જરાએ દૃષ્ટિ માંડી નથી, પરન્તુ કુટુમ્બજીવનની મીઠાશ અને મીઠી સૌરભ પરત્વે જ તેમની ભાવલીની દૃષ્ટિ મંગલતાની પ્રેરક બની છે.

'જનનીની જોડ સખિ નહીં જડે રે લોલ'

એ અત્યંત લોકપ્રિય ગીતમાં માતૃત્વનું ગૌરવ સૂચવતો 'જનની' શબ્દપ્રયોગ જ જગતમાં એ અપ્રતિમ નિર્દોષ વાત્સલ્ય મૂર્તિની પ્રતિમા વાચક સમક્ષ ખડી કરી દે છે!

'લગ્નોદ્યતા' લગ્ન માટે પીઠી ચોળાતી માયરામાં બેઠેલી કન્યાના મનોભાવનું દર્શન કરાવતું સુંદર કાવ્ય છે. આ કાવ્યમાંની—

'દૂરથી જોઈ માતાને નીચાં નેત્ર કરી જતી
મેળવી દૃષ્ટિમાં દૃષ્ટિ ના વધી શકતી જરી.

ઉત્સાહ અંતર ભરી જનની જણાતી, ભાવિ વિયોગ પકી તોય ઉદાસ થાતી
મૂંગાં મળી હૃદય બે ધરી થાય જુદાં, આંસુ જતાં નયનનાં બળથી રખાતાં.'

આ કડીઓમાં માતા અને પુત્રીનો આ પ્રસંગે મૂક મનોભાવ કેટલો લાગણીભર્યો અને તીવ્ર તેમ જ સૂક્ષ્મ પ્રણયનો દ્યોતક છે તેનું દર્શન કવિએ ઘણી સુંદર રીતે કરાવ્યું

છે. પુત્રીને શ્વસુરગૃહે વિદાય કરતાં માતાના અંતરમાં કેટકેટલા લાગણીપ્રવાહો દ્રષ્ટિગોચર થાય છે તે 'માતૃગુંજન' કાવ્યમાં કવિએ આલેખ્યા છે; છેવટ માતા કહે છે,—

'દીકરી વ્યોમની વાદળી રે દેવલોકની દેવી.
જોઈ-ન જોઈ વહી જતી રે વનપંખણી જેવી.'

વ્યોમમાંથી વાદળી પસાર થઈ જાય એમ દીકરીનું કૌમાર્યજીવન માતૃગૃહે પૂર્ણ થઈ જતું માતાને જણાય છે.

સહુથી સુંદર તો છે કવિનું ગીત 'આણાં.' શ્વસુરગૃહે રહેતી દીકરી પિતાને ત્યાંથી ક્યારે આણું આવે તેની રાહ જોઈ રહી છે તેનું તાદૃશ શબ્દચિત્ર ખડું કરતાં કવિ પ્રથમ પંક્તિમાં જ લખે છેઃ—

'આવી આવી વગડા વીંધી વેલ્ય જો, ધૂધરીએ ધમધમતા આવ્યા ધોડલા;
આજ ફળી અંતરની એકલ આશ જો, મીઠલડી માવડીએ આણાં મોકલ્યાં.'

કેટલું મધુર હૃદયના સુકોમળ તંતુને સ્પર્શ કરતું આ ગીત શ્રી બોટાદકરની કલમદ્વારા વહી રહ્યું છે! આ ગીતનો શબ્દેશબ્દ એ સમયના મુખ્યત્વે સૌરાષ્ટ્રના સમાજનું સુંદર ચિત્ર છે.

'ભાભલડીના ઉરનો ભાળી ભાવ જો, બાંધવડે વિસારી એની બેનડી.'

આ શબ્દોમાં બેનના ભાઈ પ્રત્યેના હૃદય ઉભરાતા સ્નેહનું દર્શન થાય છે. 'ભાઈબીજ' કાવ્યમાં પણ બેનનો ભાઇ પરત્વેનો સ્નેહ કવિએ છલકાતી વાણીમાં વર્ણવ્યો છે.

'મહિયરથી મોંઘાં રે મહિયર માતનાં.' એ ગીતમાં મોસાળનો મમતાભર્યો પ્રેમ વર્ણવ્યો છે.

આમ, શ્રી બોટાદકરની કાવ્યસરિતામાં સ્નેહની મૃદુતા, ઋજુતાનો સ્પર્શ કવિહૃદયની સાત્વિકતાના પ્રતિબિંબ રૂપે જોઈ શકાય છે. તેઓ પ્રણયના-સાત્વિક પ્રેમના ગાયક છે. એમનાં કાવ્યોમાં કેટલાંક કર્ણને અપ્રિય લાગે તેવા અઘરા સંસ્કૃતશબ્દોનો પ્રયોગ તેમજ દીર્ધસૂત્રતા જોવામાં આવે છે. તેમની કવિતા કલાસંયમના અભાવે બોધાત્મક બની છે, પરંતુ નારી-મહિમાનું જે સુંદર ગાન તેમણે ગાયું છે તેથી આ કવિ સ્ત્રીહૃદયના શ્રેષ્ઠ પારખ તરીકે સાહિત્યમાં હંમેશ ઉચ્ચતમ સ્થાન પામ્યા છે. નારીની અમરતા વધારતાં તેઓ લખે છે કે,

"કૈં કૈં ક્લેશો અહદ! પુરુષો વિશ્વમાંહે વધારે,
તેને શીળાં રમણી-હૃદયો શાન્ત સ્હેજે પમાડે."

ગૃહરાણી તરીકે નારીની વ્યવહારકુશળતાના દૃષ્ટાંત રૂપ આ કડીઓ છે. કવિએ નારીનો મહિમા હંમેશ વધાર્યો છે. નારીહૃદયના મનોભાવનું વાસ્તવિક તેમજ હૃદયવેધક નિરૂપણ શ્રી બોટાદકરે તેમનાં જુદાં જુદાં કાવ્યોમાં અત્યંત સુકુમાર કલાથી કર્યું છે, તેમજ નારીમહિમાનું ગાન કરતાં આ ચિત્રો વાસ્તવિક કરતાં પણ ભાવનામય વિશેષ બન્યાં છે જે આપણી કુટુમ્બ-ભાવનાનો આદર્શ રજૂ કરતાં તેની મંગલતાનું દર્શન કરાવે છે.

કવિ ઇચ્છે છે કે આપણું કુટુમ્બજીવન આવું મંગલમય કેમ ના હોય!

❋

વારસા–વિજ્ઞાન [એક પૂર્તિ]

નાનુભાઈ દવે

માણસની વય, એની ચામડી કે વાળનો રંગ, એનાં અવયવોનો ઘાટ, એને વારસામાં ઉતરેલા રોગ વગેરે બાબતો ઉપર એનાં માતપિતાના જિન્સનો પ્રભાવ કેવી રીતે પડે છે એ વિષે 'વારસા–વિજ્ઞાન'ની લેખમાળામાં ડૉ. કાન્તિલાલ શાહે સારો પ્રકાશ નાંખ્યો છે. અને છેવટે વારસાગૂઢી કે પરિસ્થિતિ એ બેમાંથી વ્યક્તિના જીવનઘડતરમાં કોનો મુખ્ય ભાગ હોય એની સરસ ચર્ચા કરી છે. પ્રારબ્ધ અને પુરુષાર્થ એ બેમાં કોણ ચઢે એ સનાતન પ્રશ્ન જોડે આ પ્રશ્નને જોડ્યો છે એટલે આ ચર્ચા થોડી લંબાવવાની ઇચ્છા થઈ છે.

માણસના દેહને ઘડમાર પહેલાં જિન્સ અને પરિસ્થિતિ પછી. એટલે જિન્સની જે મર્યાદા હોય તે પરિસ્થિતિને કબૂલ કરવી પડે. પણ અનુકૂળ પરિસ્થિતિ ના હોય તો જિન્સનો વિકાસ અટકી જાય. એમ જન્મ પછી (ફલિત થયા પછી) જિન્સને બીજે આધાર લેવો પડે છે. એ પોતે સ્વતંત્ર નથી. જમીનમાં બી વાવે તે પછી અંકુર ફૂટે. ત્યારે હવા પાણી ખાતર નિંદામણ વગેરેની જરૂર હોય છે. છતાં શેનું બી છે અને એ કેવું ઉત્તમ કે કનિષ્ઠ પ્રકારનું બી છે તે જ મુખ્ય બાબત છે. પ્રયોગો પછી બીની જાત સુધારી શકાય પણ છે.

માણસનાં જિન્સમાં ઉત્તમ કે કનિષ્ઠ પ્રકાર સુધરી શકાય કે નહીં એ મુદ્દાનો પ્રશ્ન છે. અત્યારે તો માણસનાં જિન્સમાંથી માણસ જ ઉદ્ભવે એટલું આપણું વિજ્ઞાન છે. પરંતુ, એ જ ઉદ્ભવતું છે એમ નહીં કહી શકાય. ઉત્ક્રાન્તિમાં વિકાસની શક્યતા રહેલી છે. માણસ પણ આવો જ હતો એમ નથી ને આવો જ રહેશે એમ પણ નથી. માણસની કરોડમાં, એના મગજના કોષોમાં, એના હાથની લંબાઈમાં, એની રૂંવાટીમાં ફેરફાર થયા છે. અને જે રીતે એ બુદ્ધિ પાસેથી વધારે કામ લેતો થયો છે અને અવકાશમાં ફરવા માંડ્યું છે તે જોતાં એના દેહમાં પણ ફેરફારો જરૂર થશે. એ ફેરફારો કોણ કરી આપશે, માણસથી અધિયાતું બીજું કોઈ દેખાતું નથી એટલે એમ માનવું જોઈએ કે પોતાનાં જિન્સ ઉપર માણસને કેટલોક અધિકાર મળેલો છે ને એ પોતે જ પોતાની જાત સુધારી શકે એમ છે. જિન્સની પેલી પાર એનું ય ઘડતર થતું હોય એ શક્ય છે. ને એમાં માબાપ એકલાં જ નહીં એ જાતે પોતે ભાગ ભજવી શકે એમ જણાય છે.

આપણાં જિન્સ જે મળ્યાં તેમાં નાનો કે મોટો પણ ફેરફાર થઈ શકે. એ ફેરફાર આપણે જે કાંઈ વિચારીએ કે આચરીએ તેના ઉપર આધાર રાખે જિન્સ કરતાં મન વધારે સૂક્ષ્મ છે, પણ ઓછું બળવાન નથી. મન ઉપર આપણી બુદ્ધિ અને ભાવનાઓ સતત સંસ્કાર પાડે છે, આપણાં કર્મો જેમ પ્રારબ્ધ ઘડે છે તેમ મન ઉપર પડેલી અસર દ્વારા જિન્સ ઉપર પણ અમુક ફેરફારો કરી શકાય. જો પ્રારબ્ધ ઉપર આપણો થોડોયે અંકુશ હોય તો આપણા આવતા જન્મો કેવા હશે તે નક્કી કરવામાં આપણો હાથ રહેલો છે એ વાત સ્વીકારવી જોઈએ. જિન્સને પણ પ્રભાવિત કરે એવું તત્ત્વ તે આપણે પોતે. એક જ માતપિતાના સરખી પરિસ્થિતિના કાળમાં જુદા જુદા ઘાટનાં અને શક્તિનાં બાળકો થાય તેમાં બાળકની પોતાની પ્રકૃતિ અને પ્રારબ્ધનાં તત્ત્વો રહ્યાં છે એમ માન્યે જ છૂટકો. પ્રકૃતિનું અમુક તત્ત્વ માબાપ આપે તો અમુક તો એનું પોતાનું જરૂર હોય જ.

છે. પુત્રીને શ્વસુરગૃહે વિદાય કરતાં માતાના અંતરમાં કેટકેટલા લાગણીપ્રવાહો દૃષ્ટિગોચર થાય છે તે 'માતૃગુંજન' કાવ્યમાં કવિએ આલેખ્યા છે; છેવટ માતા કહે છે,—

'દીકરી વ્યોમની વાદળી રે દેવલોકની દેવી
જોઈ–ન જોઈ વહી જતી રે વનપંખણી જેવી.'

વ્યોમમાંથી વાદળી પસાર થઈ જાય એમ દીકરીનું કૌમાર્યજીવન માતૃગૃહે પૂર્ણ થઈ જતું માતાને જણાય છે.

સહુથી સુંદર તો છે કવિનું ગીત 'આણાં.' શ્વસુરગૃહે રહેતી દીકરી પિતાને ત્યાંથી ક્યારે આણું આવે તેની રાહ જોઈ રહી છે-તેનું તાદશ શબ્દચિત્ર ખડું કરતાં કવિ પ્રથમ પંક્તિમાં જ લખે છેઃ—

'આવી આવી વગડા વીંધી વેલ્ય જો, ઘૂઘરીએ ધમધમતા આવ્યા ધોડલા;
આજ ફળી અંતરની એકલ આશ જો, મીઠલડી માંવડીએ આણાં મોકલ્યાં.'

કેટલું મધુર હૃદયના સુકોમળ તંતુને સ્પર્શ કરતું આ ગીત શ્રી બોટાદકરની કલમદ્વારા વહી રહ્યું છે। આ ગીતનો શબ્દેશબ્દ એ સમયનો મુખ્યત્વે સૌરાષ્ટ્રના સમાજનું સુંદર ચિત્ર છે.

'ભાભલડીના ઉરનો ભાળી ભાવ જો, બાંધવડે વિસારી એની બેનડી.'

આ શબ્દોમાં બેનના ભાઈ પ્રત્યેના હૃદય ઉભરાતા સ્નેહનું દર્શન થાય છે. 'ભાઈબીજ' કાવ્યમાં પણ બેનનો ભાઈ પરત્વેનો સ્નેહ કવિએ છલકાતી વાણીમાં વર્ણવ્યો છે.

'મહિયરથી મોંઘાં રે મહિયર માતનાં.' એ ગીતમાં મોસાળનો મમતાભર્યો પ્રેમ વર્ણવ્યો છે.

આમ, શ્રી બોટાદકરની કાવ્યસરિતામાં સ્નેહની મૃદુતા, ઋજુતાનો સ્પર્શ કવિહૃદયની સાત્વિકતાના પ્રતિબિંબ રૂપે જોઈ શકાય છે. તેઓ પ્રણયના–સાત્વિક પ્રેમના ગાયક છે. એમનાં કાવ્યોમાં કેટલાંક કર્ણને અપ્રિય લાગે તેવા અઘરા સંસ્કૃતશબ્દોનો પ્રયોગ તેમજ દીર્ઘસૂત્રતા જોવામાં આવે છે. તેમની કવિતા કલાસંયમના અભાવે બોધાત્મક બની છે, પરંતુ નારી-મહિમાનું જે સુંદર ગાન તેમણે ગાયું છે તેથી આ કવિ સ્ત્રીહૃદયના શ્રેષ્ઠ પારખ તરીકે સાહિત્યમાં હંમેશ ઉચ્ચતમ સ્થાન પામ્યા છે. નારીની અગત્યતા વધારતાં તેઓ લખે છે કે,

"કૈં કૈં કલેશો અહહ! પુરુષો વિશ્વમાંહે વધારે,
તેને શીળાં રમણી–હૃદયો શાન્ત રહેજે પમાડે."

ગૃહરાણી તરીકે નારીની વ્યવહારકુશળતાના દૃષ્ટાંત રૂપ આ કડીઓ છે. કવિએ નારીનો મહિમા હંમેશ વધાર્યો છે. નારીહૃદયના મનોભાવનું વાસ્તવિક તેમજ હૃદયવેધક નિરૂપણ શ્રી બોટાદકરે તેમનાં જુદાં જુદાં કાવ્યોમાં અત્યંત સુકુમાર કલાથી કર્યું છે, તેમજ નારીમહિમાનું ગાન કરતાં આ ચિત્રો વાસ્તવિક કરતાં પણ ભાવનામય વિશેષ બન્યાં છે જે આપણી કુટુમ્બ-ભાવનાનો આદર્શ રજૂ કરતાં તેની મંગલતાનું દર્શન કરાવે છે.

કવિ ઇચ્છે છે કે આપણું કુટુમ્બજીવન આવું મંગલમય કેમ ના હોય!

※

કરી શકીએ." શ્રી નાનુભાઈ આગળ જતાં કહે છે, "એટલે એમ માનવું જોઈએ કે પોતાના જીન્સ ઉપર માણસને કેટલોક અધિકાર મળેલો છે...આપણાં જીન્સ જે મળ્યાં તેમાં નાનો કે મોટો પણ ફેરફાર થઈ શકે. એ ફેરફાર આપણે જે કાંઈ વિચારીએ કે આચરીએ તેના ઉપર આધાર રાખે ...જીન્સને પણ પ્રભાવિત કરે એવું તત્ત્વ તે આપણે પોતે. ..." ઇત્યાદિ. વારસા વિજ્ઞાનની દૃષ્ટિએ આ બધા શેખચલ્લીવેડા છે, અથવા અંગ્રેજીમાં જેને "વિશફુલ થિંકીંગ' કહે છે તે છે. આપણા જન્મ વખતે જ આપણને આપણા જીન્સ મળી જાય છે અને આખા જીવન દરમિયાન આ મૂડી યથાવત્ રહે છે. એમાં આપણો ખોરાક, આપણી આબોહવા, આપણી ટેવો કરવો, આપણી તંદુરસ્તી કે નાદુરસ્તી કોઈ કશો જ-રજમાત્ર પણ ફેર કરી શકતાં નથી, પછી વિચારો કે લાગણીઓની તો વાત જ શી?

ધારો કે એક તિજોરીમાં એક કોથળીમાં રાણી છાપના એક હજાર રૂપીઆ મૂકેલા છે. આ તિજોરીને આપણે હલાવીએ કે રંગીએ કે તપાવીએ કે બરફમાં મૂકીએ, એના પર વીજળીનો પ્રકાશ નાખીએ કે જમીનમાં દાટી દઈએ તો પણ પેલા સિક્કામાંથી એક પણ વત્તો ઓછો થવાનો નથી, કે એકની પણ છાપ બદલાવાની નથી. જીન્સનું પણ આવું જ છે. આપણી ગ્રંથિઓમાં (પુરુષની શુક્ર ગ્રંથિઓ ને સ્ત્રીની બીજ ગ્રંથિઓમાં) તે ઉપર્યુક્ત રીતે જ સુરક્ષિત પડેલા છે.

એ વાત ખરી છે કે પ્રકૃતિમાં જે વિકાસક્રમ ચાલી રહ્યો છે તેમાં માનવજાતના વિકાસમાં એના જીન્સમાં થતું પરિવર્તન (અંગ્રેજી મ્યુટેશન) અથવા ઉત્પરિવર્તન એ એક કારણ છે. પરંતુ આ પ્રક્રિયા એટલી બધી ધીમી છે કે એમાં સેંકડો નહિ પણ હજારો વર્ષો લાગે છે. વળી આવાં જે ઉત્પરિવર્તનો થાય છે તેમાંના લગભગ ૯૯ ટકા તો હાનિકારક હોય છે. એટલે મનુષ્ય પોતાના શરીરમાં રહેલા કે બીજી વ્યક્તિના શરીરમાં રહેલા જીન્સમાં કશો ફેરફાર કરી શકતો નથી એને એક આશીર્વાદ જ માનવો જોઈએ.


એક્સ-રે, એટમ-બોમ્બમાંથી છૂટતાં કિરણો, રેડિયમનાં કિરણો વગેરેની આપણા જીન્સ પર અસર થાય છે એ ખરી વાત છે. પરંતુ આ બધી અસરો નુકસાનકારક માલૂમ પડી છે. વળી એ યાદ રાખવું જોઈએ કે શરીરના પ્રત્યેક કોષમાં જીન્સ હોય છે. આ બધા જીન્સમાં ફેરફાર થાય તો તે કંઈ વારસામાં ન ઊતરે. જ્યારે આપણા જનકકોશો (અં: જર્મ સેલ્સ)માં ફેરફાર થાય ત્યારે જ તે વારસામાં ઊતરી શકે છે. આમ, આજે તો વારસા વિજ્ઞાનની દૃષ્ટિએ મનુષ્ય પોતાના કે અન્યના જીન્સ પર કશી જ અસર પાડી શકતો નથી. ધારો કે આજથી હજાર વર્ષ પછી એવું બને તો પણ એમાં આપણને—નાનુભાઈને કે કાન્તિલાલને કે વાંચનારને—શો રસ?

હવે થોડીક ચર્ચા ફિલસૂફીની દૃષ્ટિએ. હું નથી માનતો કે આપણા જેવા સામાન્ય જીવો પોતાનો ભાવિ જન્મ–અહીંથી ગયા પછી બીજો જન્મ ક્યાં થશે–તે નક્કી કરી શકતા હોય. વળી કોઈ મહાપુરુષે સામાન્ય જીવો માટે આવી આશા આપી પણ નથી. શ્રી રામકૃષ્ણ પરમહંસ કે શ્રી અરવિંદ જેવા મહાપુરુષોએ પોતાનાં માતાપિતા ને પોતાનાં જન્મસ્થાન

સ્વેચ્છાએ નક્કી કર્યાં હશે એવું શ્રદ્ધાપૂર્વક માનવાને પણ હું તૈયાર છું. છતાં આ મહાપુરુષો પણ પોતાના જીન્સમાં ફેરફાર કરી શકે એમ માનતાં મન ખચકાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયું હતું અને શ્રી અરવિંદને 'યુરિમિયા' નામનો રોગ થયો હતો (એવું હું સમજ્યો છું). બેમાંથી એકે પોતાના શરીરમાં એવા ફેરફાર કરી ન શક્યા જેથી આ રોગો નાબૂદ થઈ જાય. આપણે જરૂર એમ કહી શકીએ કે આવી વિભૂતિઓને પોતાની ઇચ્છા હોતી નથી, ભગવાનની ઇચ્છા મુજબ જે તેઓ બધું થવા દે છે ને તેથી આ મહાત્માઓએ પોતાની શક્તિ રોગસુધાર માટે વાપરી નહિ. વારુ; પણ તો પછી જીન્સમાં ફેરફાર કરવા એ વાપરે ખરા?

વ્યાવહારિક દૃષ્ટિએ જોઈએ તો એમ કહી શકાય કે જીન્સમાં ફેરફાર કરવાનું શક્ય હોય તો તો શ્રી અરવિંદ અને પરમહંસ જેવા મહાત્માઓ પોતાના આગળ વધેલા શિષ્યોને લગ્ન કરી પ્રજોત્પત્તિ કરવાનો જ આદેશ આપે; કારણ જીન્સમાં થયેલું પરિવર્તન જગતને ઉપયોગી ત્યારે જ બની શકે. પરંતુ આવું તો કાંઈ દેખાતું નથી.

પણ હવે ચર્ચા ઘણી લંબાઈ.




વર્ષ ૩૮
અંક ૧૨

સં ૨૦૧૯
આસો

આદ્ય તંત્રી
સ્વ૦ રામનારાયણ વિશ્વનાથ પાઠક

સંચાલક
રણછોડજી કેસુરભાઈ મિસ્ત્રી



સર્જનહારની રચનાસૃષ્ટી જેવા મનોહર

સન્ફોરાઈઝ્ડ પોપલીન
કોલ્ડ ક્રીન્ક, બ્લૂ બર્ડ, એવર વ્હાઈટ, ગુડ શાઈન.
ખમીશ માટે
સ્ટ્રાઈપ, ડોબી, ચેક, પાયજામા,
ધોતી પ્લેટિનમ, મશહૂર.
મર્સિરાઈઝ્ડ લોન ૫૫૩૧
સૂટ માટે ગેબર્ડીન
રૂમાલ
પ્રિન્ટ્સ
છાપેલી લોન, વોયલ, પોપલીન, સ્ક્રીન પ્રિન્ટ સાડી
વણાટમાં રંગીન બુટ્ટા
૨ x ૨ ફેન્સી ફુલ વોયલ, લીનો તથા બુટ્ટામાં









·SANFORIZED·

અરવિંદ મિલ્સ લિમિટેડ,
અમદાવાદ-૨

# ✿ પ્રસ્થાન ✿

॥ दृष्टिपूतं न्यसेत् पादम् ॥

પુસ્તક ૭૬ | આસો : ૨૦૧૯ | અંક ૬

લૂંટાઈ જાઉં

પૂજાલાલ

લૂંટાઈ જાઉં ઉર ઝંખતું એ,
બધુંય મારું લઈ જાય લૂંટી
અઠંગ એવો યદિ કો લુટારો
હો, આવજો તો, પડકાર મારો. –૧

પુરાણુ મારો અભિલાષ રે ! હા !
રહ્યો પુરાયા વણુનો – અભાગી !
હજીય એવો ન મળ્યો લુટારો,
તેનો મને છે અફસોસ ઊંડો. –૨

છું આપવા સજ્જ; ન લૂંટનારું !
બળે કળે કો સઘળું લઈ લો;
કૃપા મને નિઃસ્વ બનાવનારી,
આનંદ મારો બનશે અનેરો. –૩

ઢૂંઢયા લુટારા, સ્વજનો બનાવ્યા,
દીધી અને વ્હાલપ-લ્હાણુ લીધી;
ખાલી થવાને ટલવાઈ જાતું
હૈયું ન ઝીલ્યું મુજ કોઈએ યે. –૪

સંકોચ જ્યાં ત્યાં મુજને જણાયો,
રીઢાં બધાં માનસ રૂઢ દીઠાં,
લેવા બધું યા નિજ કેરું દેવા
ક્યાંયે ન મેં તત્પરતા નિહાળી –૫

જરાકથી તુષ્ટ બધાં જણાયાં;
ન લૂંટવા કે ન લુટાઈ જાવા,
ઝંખાતણી ક્યાંય થઈ ન ઝાંખી :
રહી અધૂરી મુજ આરજૂઓ ! –૬

છે સાંભળ્યું એક મહાલુટારો
છે ક્યાંક, પત્તો પણ ના પમાતો :
કદાચ ના કૈં મુજ પાસ એવું
જે લૂંટવા એ લલચાઈ આવે. –૭

છતાંય હું શાહ અધીર જોતો
રહીશ એનાં પગલાં તણી તો,
એવું મનાવે મન, ચિત્ત એવું
સત્ત્વે સદા સંઘરતો રહીશ. –૮

કો દૂર કેરે દિવસે અવશ્ય
એ આવશે એ ઉર આશ મારી;
ને આવશે તે ક્ષણ ધન્યભાવે
સુખે લુટાઈ સુખિયો થઈશ. –૯

✱

પાડોશી સાથે વાતચીત—ચર્ચા

૧. બે મોટી રાજકીય ઘટનાઓ
૨. કામરાજ યોજના અને સેવાધર્મ
૩. ડેમોક્રસીનો વિજય કે વંચના?

પ્રશ્ન : આ બે ત્રણ મહિનામાં, બે મોટી ઘટનાઓ બની ગઇ : કામરાજ યોજનાનો અમલ; અને ગુજરાતના પ્રધાનમંડળની બદલી. આ બધાની ભીતરમાં શું દેખાય છે?

ઉત્તર : ભીતરમાં શું છે એ તો ભગવાન જાણે, મને એ દેખાતું નથી. એ જોવાની મારામાં શક્તિ પણ નથી. પણ બહાર શું દેખાય છે તે, છાપાંઓમાં આવતી વાતો જો સાચી હોય તો, જોઇ શકાય એવી છે. આ 'જો–તો' એટલા માટે કહેવું પડે છે કે આજે આવેલી વાત એનું એ છાપું આવતી કાલે બીજી રીતે કહે છે! અને વળી, એક જ દિવસે બે છાપાં એક બનાવ વિષે ભાગ્યે જ સરખી હકીકત આપે છે. છતાં આ જાહેર વિષયોમાં છાપાંઓ સિવાય બીજો કોઇ આરો નથી, કારણ કે આપણને આ ઘટનાઓના સૂત્રકારો સાથે કોઈ અંગત ઓળખાણપિછાન નથી; અથવા એમની ઓળખાણપિછાનવાળા બીજાઓના સંબંધમાં પણ આપણે નથી. એટલે આપણે તો છાપું વાંચનાર અને દેશના હિતમાં સ્વાર્થ સમજનાર સામાન્ય પ્રાકૃત જનની જેમ જ વિચાર કરવાનો રહે છે. અને આપણી વાતચીત પણ અત્યારસુધી આ ધોરણે જ ચાલે છે. પણ પહેલાં શેની વાત કરીશું?

પ્રશ્ન : પહેલાં કામરાજ યોજનાની જ વાત કરીએ તો કેમ?

ઉત્તર : હા, બરાબર છે. કારણકે પહેલું દિલ્હી અને પછી અમદાવાદ.

કોંગ્રેસની 'અધોડધો ગંગેય' જેવી સ્થિતિ તેના મોવડીઓના ધ્યાન ઉપર આઘાત કરીને ચડતી લાગે છે. એમને ઘણા વખતથી લાગતું હશે કે જો આમાં સુધારો નહિ થાય તો કોંગ્રેસની બાજી હાથમાંથી જતી રહેશે.

આપણા દેશમાં કોંગ્રેસની સંસ્થા એ પેલી પુરાણોમાંની મોહિની જેવી છે, કે જેણે દેવ–અસુરો વચ્ચે સંગ્રામ મચાવ્યો, પણ એ પૌરાણિક મોહિની કદાચ નહિ કરી શકી હોય એવી લીલા પણ આ મોહિનીએ કરી છે! અને તે એ કે દેવો–દેવો વચ્ચે પણ એણે સંઘર્ષ જમાવ્યો છે.

આપણે અનેક વાર એક વાત તો ચર્ચી ગયા છીએ કે કોંગ્રેસનું લડાયક સ્વરૂપ પૂરું થયા પછી, એનું વિધાયક સ્વરૂપ સ્વરાજ્ય મળ્યા પછી શરૂ થયું ત્યારે, એ સંસ્થાનું સાચું સ્વરૂપ અને અસ્તિત્વ જોખમમાં આવી ગયાં. એમ કહેવાય છે કે ગાંધીજીએ આ સંસ્થાને વિખેરી નાખવાની સલાહ આપી હતી. ગાંધીજીએ આવી સલાહ આપી હતી કે નહિ એ બાબત પણ હવે વિવાદનો પ્રશ્ન બન્યો છે. ગમે તે હો, પણ ગાંધીજીની દીર્ઘદૃષ્ટિ, સંયોજન શક્તિ,—અને અથાગ શ્રમથી કોંગ્રેસ સંસ્થાનું આખા ભારતમાં એવું વ્યવસ્થિત સંગઠન, સ્વરાજ્ય મળ્યું ત્યારે, હતું કે એને વિખેરી નાખવાની સલાહ જેમ ગાંધીજી જ આપી શકે તેમ તેનો અમલ પણ ગાંધીજી જ કરી શકે, જેમણે એમની પ્રિયમાં પ્રિય

સંસ્થાને—સાબરમતી સત્યાગ્રહ આશ્રમને—પણ પળવારમાં વિખેરી નાખી! દીર્ઘદૃષ્ટિ ઉપર નિર્ભર એવી આ સલાહ તાત્કાલિક લાભ લેવાની ઉત્કંઠાવાળા સમજી પણ ન શકત તો અમલમાં તો કેમ જ મૂકી શકત, એ આપણે કલ્પી શકીએ એમ છીએ. વળી દેશના સંગઠન માટે પં. જવાહરલાલ નેહરૂએ અને સરદાર વલ્લભભાઈ પટેલે એ સંસ્થાનો થાય એટલો ઉપયોગ કર્યો પણ ખરો.

પરંતુ સ્વરાજ્ય પછી વિધાયક રાજ્યપક્ષ થવાને માટે પક્ષમાં જે તત્ત્વો આવશ્યક હોય તે એમાં ન હતાં એ હકીકત પોતાનું કામ કરતી જ રહી. એનું સૌથી મોટું ઉદાહરણ તો પં. નેહરૂ, સરદાર પટેલ અને મૌલાના આઝાદ જેવા એક સાથે મળીને બ્રિટિશ સરકાર સામે ઝૂઝનારાઓમાં સ્વરાજ્ય મળ્યા પછી જે વિચારસરણીઓના અને કાર્યપદ્ધતિઓના મૌલિક ભેદો જણાતા થયા એ છે. અને છતાં, ગાંધીજીની ખાનદાન વફાદારીના વારસાના કારણે તેઓ તીવ્ર મતભેદો હોવા છતાં સાથે રહીને દેશનું સ્વરાજ્યના પ્રારંભકાળના કપરા અને નાજુક સંયોગોમાં સારા પ્રમાણમાં હિત સાધી શક્યા. પણ એ જ સમયે સ્વરાજ્યની લડતમાં સારો હિસ્સો આપનારા કોંગ્રેસના સમાજવાદીઓ ક્રમે ક્રમે છૂટા થવા લાગ્યા. કૃપાલાણીજી જેવા કોંગ્રેસના આદિથી સન્નિષ્ઠ સેવક પણ છૂટા થયા. તો પછીના સમયમાં બીજા આદિ કાળના સન્નિષ્ઠ સેવક અને સૂક્ષ્મદર્શી વિવેચક મુત્સદ્દી રાજાજી પણ છૂટા થયા. આ બધાને માટે એમ કહેવાય કે અખિલ ભારતમાં સંગઠિત એવી કોંગ્રેસનું પ્રલોભન એમણે છોડી દીધું. એ જ અરસામાં કોંગ્રેસના મોહનીય પ્રલોભનથી એમાં જુદા જુદા વિચારો ધરાવતા અથવા કંઈ પણ વિચાર ન ધરાવતા છતાં આમાં રહેવામાં વિવિધ પ્રકારના લાભ છે એવું માનનારાઓની નવી ભરતી થઈ. એમાં એક બાજુએ કોંગ્રેસના લડાયક યુગમાં કોંગ્રેસનો વિરોધ કરનાર અગર છૂપી રીતે જ મદદ કરવાની હિંમત રાખી શકનાર એવો મૂડીદાર વર્ગ દાખલ થયો. ગાંધીજીના યુગમાં 'નોચેઈન્જર'ની વિરુદ્ધ જે સ્વરાજ પક્ષવાળા હતા તેની જ મોટી સંખ્યાના હાથમાં કોંગ્રેસનું નેતૃત્વ આવી ગયું. આ એક સમુદાય.

તો બીજી દિશાએથી સમાજવાદી વિચારસરણી ધરાવનાર, સામ્યવાદી વિચારસરણી ધરાવનાર, તેમના સહયાત્રીઓ વગેરેને પણ એમ લાગવા લાગ્યું કે એમનું ધાર્યું પણ કોંગ્રેસ જેવી સંગઠિત સંસ્થા દ્વારા જ થઈ શકશે. અને તેથી પહેલાં કોંગ્રેસને પેટ ભરીને ગાળો દેનાર એવો સારો એવો વર્ગ પણ કોંગ્રેસની છાયા હેઠળ એકઠો થઈ ગયો! આ બીજો સમુદાય.

અને ત્રીજો તો આ બન્ને કરતાં મોટો સમુદાય જે છે તેનો તો ઉલ્લેખ આપણે કરી ગયા—આ કે તે બધી વિચારસરણીમાંથી મુક્ત એવા તકસાધુઓ, સત્તાયોગીઓનો સમુદાય.

આવા શંભુમેળામાંથી જે પરિણામો આવવાં જોઈએ તે આવ્યાં જ કરતાં હતાં, આવી રહ્યાં હતાં. કોંગ્રેસના વારસાગત સંગઠનના બળની મદદમાં નાણાંની મોટી સહાય, સત્તા ઉપર હોનાર આપી શકે એવા લાભ, અને ધાકધમકી—એ બધા ભેગા થઈને કોંગ્રેસને આ ૧૬ કે ૧૭ વર્ષ સત્તા ઉપર રાખી શક્યા. અને એ સત્તાની હકીકતે જ કોંગ્રેસમાં ક્રમે ક્રમે બધાં અનિષ્ટો દાખલ કર્યાં. આ બધાએ સમય દરમ્યાન કોંગ્રેસના મોવડીઓ ધર્માચાર્યોનું સ્થાન લઈ લોકોને સેવાનો, સત્યનો, અહિંસાનો, પ્રામાણિકતાનો,

શ્રમ કરવાનો ઉપદેશ તો સતત આપતા જ રહ્યા : પણ લોકોની વ્યવહારુ બુદ્ધિ આ ઉપદેશકોમાં કોઈ કોઈ અપવાદ સિવાય આમાંનું એક પણ લક્ષણ જોઇ શકતી ન હતી। તેથી જનસમુદાયમાં એક એવો પ્રઘાત પડી ગયો કે આપણે આપણું કામ કરી લો; બધાયે એમ જ કરે છે; એ માટે કોંગ્રેસ પક્ષમાં દાખલ થાઓ; દાખલ થયેલાઓની સાથે ગાઢો સંબંધ રાખો; એમની દ્વારા બની શકે તો અમલદારોને દબાવો, જેમનાથી ન બની શકે તે અમલદારોના હાથ માખણવાળા કરો,—વગેરે. વ્યવહાર નીતિના આવા સામાન્ય સિદ્ધાંતો અમલમાં બન્યા.

આ સંજોગમાંથી જો દેશને બચાવવો હોય તો લોકો આગળ સેવાની વાત સાચી સમજાય એ રીતે, લોકનાયકોએ ફરી વાર લોકો આગળ કામ કરવું જોઇએ.

અને એનો પદાર્થપાઠ આપવા સત્તાનાં સ્થાનો મોટા મોટા મોવડીઓએ છોડવાં જોઇએ. કામરાજ યોજનાનું રહસ્ય આ હોય એમ હું સમજું છું.

એ અન્વયે પં. જવાહરલાલે વડાપ્રધાનના સ્થાનેથી ખસી જવાની માગણી મૂકી. પણ ત્યાં જ કોંગ્રેસની રગમાં વ્યાપી ગયેલી નિર્બળતા વ્યક્ત થઇ. જવાહરલાલ વડાપ્રધાન ન હોય તો દેશનું તંત્ર કેમ ચાલે એ ભય સર્વને મૂંઝવવા લાગ્યો અને તેથી એ માગણીનો સ્વીકાર થયો નહીં. પરિણામે, જે એક પુરુષ આજે સમસ્ત દેશના મોટા ભાગનો પ્રેમભાવનાનો અધિકારી છે, જેનાં સચ્ચાઈ, ત્યાગ, શૌર્ય, અને બુદ્ધિમત્તા માટે લોકોને વધુમાં વધુ માન છે અને તેથી લોકો જેનું વધુમાં વધુ સાંભળે અને તે પ્રમાણે વર્તે એવો પુરુષ સત્તા છોડી લોકસેવાના શિક્ષણના અને સંગઠનના કાર્યમાં નિયુક્ત ન થઈ શક્યો।

પ્રથમ પંક્તિનું આ ઇષ્ટ તત્ત્વ આ રીતે કામરાજ યોજનાને મળી શક્યું નહીં. આ ન થઈ શક્યું એટલે જવાહરલાલજીને અધિકાર આપવામાં આવ્યો કે તેમને યોગ્ય લાગે તેમને તેઓ સત્તાસ્થાનેથી ફારેગ કરે અને દેશના સંગઠનમાં નિયોજે.

આ અધિકારની રૂએ પંડિતજીએ કેન્દ્રના છ મુખ્ય પ્રધાનો, અને રાજ્યોના છ મુખ્ય પ્રધાનોને ફારેગ કર્યા. આનું પણ લોકમનમાં વિપરીત પરિણામ આવતું દેખાય છે. જવાહરલાલે જમણી પાંખ કાપી નાખીને ડાબી પાંખવાળાઓનું કહ્યું કર્યું એમ જમણી પાંખવાળા બોલવા લાગ્યા. એટલું જ નહીં પણ ડાબી પાંખવાળાઓ પણ મૂછ ઉપર તાલ દેતા હોય એમ કહેવા લાગ્યા કે અમને કાઢનાર કોણ કઢાવા ? સામ્યવાદીઓ તો એમજ માનતા થઈ ગયા કે અમે જે બે પ્રધાનોને કાઢવાનું કહ્યું તેમને કાઢી જવાહરલાલે અમારો મત માન્ય રાખ્યો ! અને એમ અમારો વિજય થયો ! ! આવા વિચારપ્રવાહો વહેતા થયા એ જ આપણી હાલની રાજદ્વારી માનસની સૂચક બાબત છે.

ફારેગ થયેલા પ્રધાનો પોતાના અંતઃકરણમાં શું ધારે છે તે તો આપણે કદીયે જાણી શકીએ નહિ; કારણ કે તેઓ બધા જ મુત્સદ્દીઓ છે, ઉપરાંત ગાંધીજીની બોલી બોલવાના મહાવરાવાળા છે. છતાં માણસ જાહેરમાં જે વ્યક્ત કરે એ માનીને જ આપણે ચાલી શકીએ અને તેથી એમ માનીએ કે એ બધાનાં હૃદયમાંથી હવે સત્તાનો મોહ અને મદ બન્ને જતા રહ્યા છે અને હવે તેઓને લોકહિતની લગની લાગી છે

અને લોકોનાં સુખદુ:ખ જાણવા તેઓ આતુર છે. પણ હમણાં બે : દિવસથી એસ. કે. પાટિલ કલકત્તામાં કંઈક કામરાજ યોજના વિશે બોલ્યા, તેના સમાચાર આવ્યા કરે છે અને આજે હવે એવા સમાચાર છે કે પં. જવાહરલાલજી એમનાથી નારાજ થયા છે અને એમના ભાષણની અધિકૃત વાચના મંગાવવામાં આવી છે! આપણે આશા રાખીએ કે આ અધિકૃત વાચના જોયા પછી પં. નેહરુને જે કાંઈ નારાજી કે રોષ થયાં હોય તે જતાં રહેશે! પણ બીજી બાજુએ શ્રી. કૃષ્ણ મેનનની રાહબરી નીચે ચાલતાં છાપાંઓ જે કંઈ વિચાર કરે છે તેની સામે પંડિત નેહરુને કાંઈ નારાજી કે રોષ થયાં હોય એવા સમાચાર છાપાંમાં આવતાં નથી!

આમ બધું સમસ્ત રીતે જોતાં, આપણે જો કે એવી આશા રાખવી જોઈએ કે કામરાજ યોજના જે દેશની હિતની શુદ્ધ બુદ્ધિએ વિચારાઈ છે તે જ રીતે તેનો વિચાર થાય છે અને ફેરેગ થનારા મંત્રિઓમાં પણ એ જ શુદ્ધ ભાવના છે, છતાં આ બધાનું શું થશે અને ક્યાં જઈ અથડાશે અથવા કઈ ખડક આ નાવને ભાંગી નાંખશે એવો ભય અને નિરાશાનો સૂર પણ એમાં ઊઠ્યા વિના રહેતો નથી. મોટામાં મોટો ખડક મને તો લોકવ્યવહારની આજે જે વિકૃત મનોદશા છે અને જેની મોટા ભાગની જવાબદારી કોંગ્રેસ પક્ષની છે તે મનોદશા જ ભયંકરમાં ભયંકર ખડક દેખાય છે. એ સુધારવાનો ઉપાય તો હજી લેવાયો નથી, જવાહરલાલજી છૂટા થયા હોત તો કદાચ એ લઈ શકત. પણ બીજાઓનું આ કામ કરવાનું કેટલું ગજું છે એ તો કાર્યસિદ્ધિ પછી જ જાણી શકીશું. પણ એટલું કહી શકાય કે એમાં દમદાટી કે જોહુકમી કે અમલદારશાહી કે કેટલાક કોંગ્રેસીઓના દાવપેચ તો કામિયાબ નહીં જ નીવડે. દેખાવમાં કદાચ સફળ થાય પણ જે પાપ ઘર કરી રહ્યું છે એ તો ઊંડે જ ઊતરતું જશે એમ લાગે છે.

પ્રશ્ન : એ તો ઠીક. પણ ગુજરાતમાં કોંગ્રેસ પક્ષમાં જ પ્રધાનમંડળનું પરિવર્તન થયું એ શું?

ઉત્તર : આગળ આપણે જે કહી ગયા તે બધાં અનિષ્ટ બળો આ પરિવર્તનમાં પણ કારણભૂત દેખાય છે. આમાં પણ અંતરંગ શું છે તે જાણવાનું આપણી પાસે સાધન નથી. છાપાંઓમાં જે કંઈ આવે તે ઉપરથી જ ક્યાસ કરવાનો રહે છે.

અમુક મહિનાઓ પહેલાં કોંગ્રેસના એક માજી મોવડી રાજકોટમાં એમ જાહેર કરે છે કે ડૉ. જીવરાજ મહેતા, શ્રી. રસિકલાલ ઉ. પરીખ અને શ્રી. રતુભાઈ અદાણીએ પ્રધાનમંડળમાંથી જવું જ જોઈએ, એમને જવું જ પડશે, અને પં. જવાહરલાલજી પણ એમને બચાવી શકશે નહિ. એ પછી સૌરાષ્ટ્રના કેટલાક કોંગ્રેસીઓ આની સામે વિરોધ કરતો પત્ર પ્રાંતિક સમિતિના પ્રમુખ ઉપર લખે છે. આવો પત્ર લખવો એ ગેરશિસ્ત છે અને જૂથબંધીને પોષક છે, જૂથબંધીને વધારનારું છે એવું તહોમત પ્રાંતિક સમિતિના મોવડીઓ મૂકે છે. આ પછી પ્રાંતિક સમિતિની કારોબારી સભા થાય છે. એમાં સર્વોચ્ચ નેતાની સલાહ પ્રમાણે વર્તવાનો આદેશ અપાય છે અને એ ન સ્વીકારાય તો ગુજરાત રાજ્યની વિધાનસભાના કોંગ્રેસપક્ષની બહુમતી પ્રધાનમંડળમાં અવિશ્વાસ જાહેર કરશે એવું કંઈક ઘડાય છે. શ્રી. રસિકલાલ ઉમેદચંદ પરીખના ઉપર પ્રાંતિક સમિતિના પ્રમુખ ચાલુ અને પહેલાના

વહીવટ અંગે આક્ષેપાત્મક આરોપો કરે છે અને તે કોંગ્રેસના પ્રમુખને નિવેદિત કરાય છે. આ આક્ષેપોની તપાસ ગુજરાતના મુખ્યમંત્રી ડૉ. જીવરાજભાઈ પાસે કરાવાય છે અને એમને એ આક્ષેપો વજૂદ વિનાના લાગે છે. ગુજરાત વિધાનસભાના કોંગ્રેસી સભ્યોની સભા મળે છે. એમાં શું થયું તેના પ્રામાણિક હેવાલો તો મળતા નથી પણ છાપાંઓમાં એવું આવે છે કે જીવરાજભાઈ એમની સામે શા વાંધા છે તે જાણવા માગે છે અને જણાવે છે કે કોઈ ગમે તેટલી પણ મોટી બહારની વ્યક્તિને પોતે રાજવહીવટી કામમાં લવાદ તરીકે સ્વીકારતા નથી. આ પછી ગુજરાત વિધાનસભાના કોંગ્રેસી સભ્યોની મોટી સંખ્યા પોતાનો મોરચો બદલે છે. 'અમારે કાંઈ કારણો આપવાં નથી. અમને તમારામાં વિશ્વાસ નથી. બસ એટલું જ.' આ પછી શ્રી. રસિકલાલ ઉમેદચંદ પરીખ અને શ્રી. રતુભાઈ અદાણી પોતાનાં રાજીનામાં આપે છે અને તે સ્વીકારાય છે. પણ યુદ્ધને રમણે ચડેલા કોંગ્રેસીઓને એ બલિદાન પૂરતું લાગતું નથી. હવે તો જીવરાજભાઈએ પણ જવું જ જોઈએ એ એમની માગણી. અને એ સિદ્ધ કરવા એમનો બીજો મોરચો: 'અમને વિશ્વાસ નથી' એટલા જ શબ્દોનું બધાએ રટણ કરવું, કારણોમાં ઊતરવું નહીં.' કોંગ્રેસના પ્રમુખ શ્રી. સંજીવૈયા અમદાવાદ પધારે છે, એમની આગળ આ શિસ્તબદ્ધ ચમૂ 'અમને વિશ્વાસ નથી' એવું પોપટિયા રટણ કરી જાય છે. છતાં ગમે તે કારણે સંજીવૈયા એમનો ચુકાદો તાત્કાલિક આપતા નથી અને દિલ્હી જાય છે.

એ પછી જીવરાજભાઈ પોતાનું અને પોતાના પ્રધાનમંડળનું રાજીનામું ગુજરાતના ગવર્નરને પેશ કરે છે. પણ એ પહેલાં વિધાનસભામાં સમસ્ત કોંગ્રેસપક્ષ વિરોધપક્ષની સામે આ જ પ્રધાનમંડળમાં વિશ્વાસ વ્યક્ત કરે છે! આવી નમૂનેદાર શિસ્ત પછી, પાછી અવિશ્વાસની પણ નમૂનેદાર શિસ્ત જળવાઈ રહે છે!

આ છે ડેમોક્રસીનો વિજય કે તેની વંચના? આ પ્રશ્ન મનમાં ઊભો થયા જ કરે છે. બહુમતી પક્ષની બહુમતીનો અવિશ્વાસ થયા પછી પ્રધાનમંડળે રાજીનામું આપવું જોઈએ, એ રીતરસમ છે. પણ ડેમોક્રસીનું અંતર્ભૂત તત્ત્વ એ છે કે અવિશ્વાસનાં કારણો રજૂ થવાં જોઈએ, પ્રજાએ જાણવાં જોઈએ, તેનો ઊહાપોહ થવો જોઈએ, અને આક્ષેપો સાબિત થવા જોઈએ કે એનો નિકાલ થવો જોઈએ. અને પૂરતા હેતુઓસર એ અવિશ્વાસ છે એમ સ્પષ્ટ થવું જોઈએ.—ઉદા. ત. અત્યારે ઇંગ્લાંડમાં મેકમિલન પ્રધાનમંડળ સામે પ્રોફ્યુમા પ્રકરણ અંગે ઊહાપોહ ચાલે છે. પ્રોફ્યુમા દોષિત સાબિત થયો, એના દોષોનો એણે એકરાર કર્યો અને એ પ્રધાનમંડળમાંથી ફારેગ થયો. આ દોષમાં પ્રધાનમંડળના બીજા સભ્યો સંડોવાયેલા છે કે નહિ, અને દેશની સુરક્ષાને એમાં કાંઈ નુકસાન થયું છે કે નહિ એની એક મોટા ન્યાયાધીશ દ્વારા તપાસ થાય છે તે લાંબી તપાસનું પરિણામ આજનાં છાપાંઓમાં જાહેર થાય છે કે પ્રધાનમંડળના બીજા સભ્યો નિર્દોષ છે અને દેશની સુરક્ષાને કાંઈ હાનિ થઈ નથી. છતાં છાપાંઓ અને વિરોધ પક્ષ એ અહેવાલનો ઊહાપોહ પણ કરે છે.

અહીંઆ એનાથી ઊલટું બને છે. જે પ્રધાનો સામે આક્ષેપ છે અને જેઓ અદાલતી તપાસ માગે છે તેની તપાસ થતી નથી. મુખ્ય પ્રધાને જે કાંઈ તપાસ કરી તેમાં નિર્દોષતા પ્રગટ થઈ એમ છતાં પણ બહુમતી પોતાનો અવિશ્વાસ શિસ્તબદ્ધ રીતે મક્કમ રાખે છે.

અને મુખ્ય પ્રધાન જીવરાજભાઈ રાજ્યવહીવટમાં બહારના તત્ત્વની લવાદી ન સ્વીકારવાના સિદ્ધાંત ઉપર પોતાનું અને પોતાના પ્રધાનમંડળનું રાજીનામું પોતે આપે છે એમ જાહેર કરે છે.

આ પરિણામ ડેમોક્રસીના અંતર-તત્ત્વની વંચના ન કહેવાય? 'અમે કહીએ એમ કરો' એ એકહથ્થુ સત્તાધારી રાજાઓની જોહુકમી કરતાં આ બહુમતીની જોહુકમી કયી રીતે જુદી જાતની છે એ સમજાતું નથી. આ બહુમતી પક્ષના રાજકારણી પંડિતો પ્રજાને સમજાવે તો આપણે તે સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

આ પછી નવું પ્રધાનમંડળ આવે છે. એમાં જૂના પ્રધાનમંડળના ત્રણ મુખ્ય સભ્યો શ્રી. જીવરાજભાઈ, શ્રી. રસિકભાઇ અને શ્રી. રતુભાઈ અને બીજા બે નાયબ-પ્રધાનોને સ્થાને નવા પ્રધાનો આવે છે. પણ જીવરાજભાઈના પ્રધાનમંડળના મોટા ભાગના સભ્યો તો બધા કાયમ જ રહે છે. અર્થાત્ કે ગુજરાત પ્રાંતિક સમિતિના માજી મોવડીએ જે મંત્ર ઉચ્ચાર્યો હતો કે 'ડૉ. જીવરાજભાઈ, રસિકલાલ અને રતુભાઈએ જવું જોઈએ' એ સિદ્ધ થયો. બીજા બે તો અકસ્માતમાં આવી ગયા એટલું જ.

અહીંઆ મનમાં એક કૌતુક થાય છે, આ મંત્રસિદ્ધિ આકસ્મિક થઈ ગઈ કે પૂર્વયોજિત એવા કોઈ ષડ્યંત્રની એ સિદ્ધિ છે? ગમે તે હો! પણ આ પ્રશ્ન મનમાં રહી જાય છે: જીવરાજભાઈ, અને એમના બીજા બે સાથીદારોએ પ્રધાનમંડળ રચ્યું જ શું કરવા, જો એમના સમર્થનમાં એમના પક્ષની વાસ્તવિક બહુમતી ન હતી તો? વાસ્તવિક એટલે કે ઠરાવથી તો એ બહુમતીએ એમનું સમર્થન કરેલું, કદાચ શિસ્તને કારણે, પણ હકીકતમાં એ બહુમતી નહિ હોય, અથવા બહુમતીનું સમર્થન વાસ્તવિક હોય તો આપણે એમ માનવું કે આ પ્રધાનમંડળે આ અરસામાં એવાં ભયંકર અપકૃત્યો કર્યાં કે જે પ્રજાની જાણમાં નથી પણ આ બહુમતીની જાણમાં છે, જેથી એમના વિશ્વાસનું અવિશ્વાસમાં પરિવર્તન થઇ ગયું? પ્રજા એવી અપેક્ષા ન રાખે કે એ રહસ્ય જાણતી આ બહુમતી પ્રજાને એ અપકૃત્યો જણાવે, અને જેમના તરફથી એ ચૂંટાઈને આવ્યા છે તેમને માહિતગાર કરી પોતાના અવિશ્વાસનું સમર્થન તેમની પાસે મેળવે?

આપણે પ્રાર્થના કરીએ કે નવું પ્રધાનમંડળ હેમખેમ પોતાની કારકિર્દી પૂરી કરે. અને એમને કોઈ આવાં વિઘ્ન ન નડે!

૨૬-૯-૬૩.

*

શ્રદ્ધાંજલિ

વિનોબાજી

પૂર્ણ નિર્વૈર પુરુષનો નમૂનો જો મેં ક્યાંય જોયો હોય તો તે કિશોરલાલભાઈ હતા. તેઓ સ્પષ્ટ વક્તા અને સ્વતંત્ર વિચારક હતા. પોતાના મનમાં જે હોય તે લગીરે ભય કે પક્ષપાત વિના તેઓ નિખાલસપણે કહી દેતા. પરંતુ એમના દિલમાં સહુને માટે શુદ્ધ સ્નેહ હતો.

કોઈ પણ માણસ પરિપૂર્ણ આત્મજ્ઞાની છે એમ તો કેમ કહેવાય? કિશોરલાલભાઈએ એવો દાવો કદી કર્યો પણ નહોતો. તેઓ વિનમ્રતાની સાક્ષાત્ મૂર્તિ હતા. પરંતુ મારી અંતરતમની લાગણીનું હું જ્યારે વિશ્લેષણ કરું છું ત્યારે મારે કબૂલ કરવું પડે છે કે આત્મજ્ઞાની પુરુષનાં લક્ષણોને તેઓ મળતા આવતા હતા. હમણાં આપણે तस्मात् आत्मज्ञं हि अर्चयेत् भूतिकामः નો પાઠ કર્યો. ઉપનિષદમાં જેને નમસ્કાર કરવાનું કહ્યું છે એવા આત્મજ્ઞનું તેઓ યથાર્થ ઉદાહરણ હતા. ઈશ્વરે હવે એમને પાછા બોલાવી લીધા છે.

મારાં પ્રવચનોનો સારાંશ તૈયાર કરીને દામોદર એમને વર્ધા મોકલી આપતો. હું એ કદી તપાસતો નહોતો. મેં કિશોરલાલભાઈને કહી દીધું હતું કે તેમાં કોઈ વાક્યમાં તમને જે કાંઈ ફેરફાર કે સુધારો કરવા જેવું લાગે તે તમે ખુશીથી કરી શકો છો. વિચારના ક્ષેત્રમાં આટલો વિશ્વાસ હવે હું કોના ઉપર રાખી શકીશ?

ઈશ્વરે એમને ઉપાડી લીધા એ તો સારું જ થયું. પણ આપણું શું? કિશોરલાલભાઈનું અનુસરણ કરીને આપણે ઈશ્વરની સેવામાં મગ્ન રહેવું જોઈએ.

ભૂદાનયજ્ઞના કામની સાથે જો કોઈ પૂરેપૂરા એકરૂપ થયા હોય તો તે કિશોરલાલભાઈ. તેઓ ઘણે દૂર વર્ધામાં હતા, પણ એમની હસ્તીમાત્રથી આંદોલનને બળ મળ્યા કરતું. આજે હવે તેઓ એના શાશ્વત અંશરૂપ બની ગયા છે.

શરીરે તેઓ નબળા ને દમના વ્યાધિથી પીડાતા હતા. છતાં એમણે કેટલું સખત કામ કર્યું છે! ગીતામાં અકર્મમાં કર્મની વાત કહી છે. કિશોરલાલભાઈ તેનું જીવંત ઉદાહરણ હતા. બાપુએ જે કર્મમાં અકર્મ બતાવ્યું તો કિશોરલાલભાઈએ એનાથી ઊલટું જ દૃષ્ટાંત પૂરું પાડ્યું. અલબત્ત, તેઓ નિષ્ક્રિય તો નહોતા જ; લેખન-વાચન-ચર્ચાવિચારણામાં તેઓ નિરંતર રત રહેતા. પરંતુ તેઓ કોઈ આંદોલન જગાડી શકતા નહોતા કે તેનું સંગઠન કરી શકતા નહોતા. આ બાબતમાં એમનું શરીર વચ્ચે આવતું. પરંતુ આ પ્રકારના કર્મના અભાવમાં પણ મહાન સિદ્ધિ હતી. એમના રોગજર્જરિત દેહમાં એક મહાન યોગીનો આત્મા વિદ્યમાન હતો. મને ઘણીવાર વિચાર આવે છે કે નાનામાં નાના માણસ સાથે પૂર્ણ બંધુભાવ કેવી રીતે અનુભવી શકાય? અને ત્યારે કિશોરલાલભાઈ આંખ સામે ખડા થઈ જાય છે.

કિશોરલાલભાઈ જેવા મહાન સાધક, બ્રહ્મનિષ્ઠ ઈશ્વરપરાયણ પુરુષનું પ્રયાણ આપણે માટે એક પાવન પ્રસંગ છે. આજે સવારે સારનાથથી પાછા ફર્યા બાદ આખો દિવસ હું બુદ્ધનું સ્મરણ કરતો હતો. અને હવે રાત્રે આપણને આ સમાચાર મળે છે! આપણી નજીકની વ્યક્તિઓની મહાનતા આપણને દૂરની વ્યક્તિઓની મહાનતા જેટલી હંમેશાં દેખાતી નથી હોતી. કિશોરલાલભાઈ બુદ્ધની કોટિના જ એક મહાન આત્મા હતા.

[તા. ૯-૯-૫૨ ના રોજ રાત્રે નિદ્રામાંથી જગાડીને કિશોરલાલભાઈના અવસાનના સમાચાર અપાયા ત્યારથી પછી પ્રાર્થના કરી સહયાત્રીઓ સમક્ષ અપાયેલ શ્રદ્ધાંજલિ : તા. ૨૦-૯-૫૨ ના 'Harijan' પરથી.]

* 'ભૂમિપુત્ર'-દશાબ્દી વિશેષાંક : ૧૯૫૩-૧૯૬૩-તા. ૧૧-૯-૬૩ માંથી સાભાર ઉદ્ધૃત.

સમજણ અને સમભાવ

સ્વામી આનંદ

કોઈ પરગજુ મિત્ર મુલાકાતીએ મારું નામઠામ ચીંધ્યું હશે કે પ્રભુ જાણે, પણ હજુ થોડા જ દિવસની વાત પર મને અજાણ્યા એવા કોઈ એક પાદરી સજ્જનનો મારા પર કાગળ આવ્યો કે એઓ થોડાક હિંદુ તેમ જ ખ્રિસ્તી વિચારવંતોને નોતરવાનું વિચારી રહ્યા છે જેઓ ભેગા બેસી (એક સાથે વસતી કોમો અને સમાજો વચ્ચેની ધર્મ તેમજ જીવનવ્યવહારને લગતી પરસ્પર) સમજણ અને સમભાવ વિશેષ રૂપે કેળવવા અંગે (to achieve a deeper level of understanding and sympathy) વિચારણા કરે. વધુમાં એમણે એમ પણ જણાવ્યું કે જો હું આ બેઠકમાં આવવાનું સ્વીકારું તો આ ટચૂકડા આયોજન અંગેની માહિતી વધુ વિગતે એઓ મને મોકલે.

મેં એમના સૌજન્ય બદલ આભાર માન્યો. પણ એમ લખીને એમની માફી માગી કે સામૂહિક આયોજનમાં ભાગ લેવાનું મારી પ્રકૃતિને માફક આવતું નથી.

આ તો અંગત વાત થઈ. પણ એ સજ્જનના કાગળે અલબત્ત, મને મારા હંમેશના વિચારોને પાટે ચડાવ્યો.

આ દેશના હિંદુઓ શકહૂણથી માંડીને મુસલમાન ખ્રિસ્તી સુધી અનેક જુદી જુદી જાતિઓ, કોમો અને માનવસમૂહોના સંપર્કમાં આવ્યા. સૈકાઓ સુધી એકબીજા સાથે વસ્યા. એવાઓના દોરદમામ, ધર્મઝનૂન કે જુલમ-શોષણના ભોગ પણ બન્યા. 'કદાચ કાળિયા કનેય ધોરી 'ધોળિયો વસે'વાળે ન્યાયે 'નહોયસહોય' એકબીજાની એકબીજા ઉપર આછીપાતળી કંઈક અસર પણ કાળે કરીને પડી હશે. ટાગોર વિવેકાનંદ જેવા કવિમનીષીઓએ આપણા ભારતદેશને જાતિઓની અને પ્રજાઓની સમન્વયભૂમિ કહીને બિરદાવ્યો; અને 'બાવો નાચે તેમ બેટ્ટીય નાચે' તેમ ભારતવર્ષની સિદ્ધિઓની એવી સ્લોગનો ઉપાડી લઈને અનેક અધકચર્યા ટૂંકપૂંજિયા હિંદુઓ મૂંડને ગાંઠિયે ગાંઠી થયા દેશપરદેશ હાલી પણ મળ્યા હશે. પણ એ બધાની પાછળ અને ઉપરવટ જે નક્કરપણે પુરવાર થયેલી ઐતિહાસિક બીનાનું નિદાન ૨૧૦ મહારુવાળા જેવા મનીષીએ કર્યું તે કોઈ વાતે નાસાબિત પુરવાર થઈ શકે એમ નથી.

તે નિદાન એ કે હિંદુઓએ મુખ્યપણે અને તેમને પાપે આખા હિંદુસ્તાન દેશની પ્રજાએ ઇતિહાસમાં દેશવિદેશની ઇતર જાતિઓ તેમ જ પ્રજાઓ જોડેના સંપર્કમાં સૈકાઓ લગી જે જે વેઠ્યું અને આજઘડીએ પણ આપણે વેઠી રહ્યા છીએ તે તમામના મૂળમાં હિંદુઓની (કોઈ યૂરોપવાસીને આ વાત સાનમાં સમજાવી દેવી હોય તો કહીએ કે આખેહૂબ જૂના કાળના યહૂદીઓ જેવી) આભડછેટિયા વૃત્તિ (exclusiveness) જ છે. આ આભડછેટ છેક પ્રાચીનકાળથી હિંદુઓના હાડમાંસમાં એવી તો ઘર કરી બેઠી છે કે ચાહે તે કરો, ચાહે તેટલું સમજો સમજાવો, પણ કોઈ વાતે તે નાબૂદ થતી નથી.

આપણા ભણેલા મધ્યમવર્ગોના હજારો હજારો યુવક યુવતીઓ ત્રણ ચાર પેઢીથી ખ્રિસ્તી પાદરીઓ તરફથી આ દેશમાં ચલાવવામાં આવતી શાળાકૉલેજોમાં ભણતાં રહ્યાં છે. તેમને ઇનામોમાં મળતાં બાઇબલોની હજારો નકલો આજના શિક્ષિત હિંદુઓનાં કબાટોમાં જોવા મળશે. પણ એમનાં કબાટો શોભાવવા ઉપરાંત એમાંની એકે નકલને સમ ખાવાય

ઉખાડનારા કે વાંચવા સમજવા પ્રયત્ન કરનારા હિંદુ શિક્ષિતોની સંખ્યા કેટલી?

વિનોબાજીએ ઊંડી ધર્મવૃત્તિથી કુરાન કંઠે કરી હાફેજપદ મેળવ્યું. સંસારના ઉપકાર અર્થે સૌકોઈને સમજાય એવી ભાષામાં તેના શિક્ષણનો નિચોડ કાઢીને રજૂ કર્યો. પાક પેગમ્બરને કે ઇશુમતને નામદેવ તુકારામ નરસીમેતા કે દ્રાવિડી અળવાર સંતોના જેટલા જ પોતીકા ગણીને તેમના પ્રત્યેની ભક્તિનિષ્ઠાથી પોતાનું હિંદુત્વ વધુ ઊજળું, વધુ ઉદાર અને તેજસ્વી બન્યાનો જાહેર એકરાર એક હિંદુને નાતે કરવામાં એમણે ગૌરવ માન્યું. આ બધાની કદર કેટલા હિંદુઓએ કરી? કેટલાએ એ બીના પરત્વે એમના જેવું ગૌરવ અનુભવ્યું? આપણા કેટલા હિંદુઓએ કુરાન–બાઇબલનો, ઇસ્લામ કે ખ્રિસ્તીધર્મનો, એમના સમાજબંધારણોના પાયામાં પડેલાં મૂલ્યોનો, કે ખ્રિસ્તી ઇસ્લામી જીવનદર્શનનો શ્રદ્ધાભક્તિસમન્વિતઃ અભ્યાસ કર્યો? જવાબ એક જ છે કે સામાન્યપણે લગભગ તમામ હિંદુઓએ આવું કશું કરવામાં વિનોબાજી જેમ ધર્મલાભ કે ધર્મતેજ ન માનતાં ધર્મહાનિ અને આભડછેટ જ માની.

ઇસ્લામ ખ્રિસ્તધર્મ દરકિનાર (કોરે રહ્યા), આપણા પોતીકા લોહીના બૌદ્ધ શીખ જૈન પ્રત્યે, આપણા જ હાથપગ હાડમાંસ સમા કષ્ટજીવી હરિજન વર્ગો પ્રત્યે, આપણી વલણ કેવી રહી? છેક પ્રાચીન કાળથી માંડીને હિંદુઓનો આખો ઇતિહાસ આ ઘાતક વિનાશક આભડછેટિયા વૃત્તિથી અને જન્મજાત અધિકાર. વાદથી લદોલદ છે. શંકરાચાર્ય જેવા બુદ્ધિના મેરુએ પણ જેને માટે, આજનો એકેએક શિક્ષિત હિંદુ મગરુબી લેતાં થાકતો નથી તે બૌદ્ધધર્મને અને બૌદ્ધોના જીવનદર્શનને હિંદુસ્તાનમાંથી ઉખાડી મેલીને તગેડી કાઢવામાં જ સાર્થક માન્યું. ને હિંદુઓએ એમની એ સિદ્ધિને દિગ્વિજય તરીકે ઓળખાવી! ઇકબાલ, આંબેડકર; ઉમ્મર આખી હિંદુજાતિના હાડવેરી થઈને જીવ્યા ને ઝીણાએ એ બધા ઉપર કળશ ચડાવ્યો.

પશ્ચિમી પ્રજાઓના, ખાસ કરીને અંગ્રેજ પ્રજાના સંપર્ક તેમ જ જબ્બર પ્રભાવ હેઠળ આપણા વિચારવંતોએ અને દેશનેતાઓએ આસેતુહિમાચલ ભારતવર્ષ એક અને અવિભાજ્ય રાષ્ટ્ર—one nation—હોવાનો સંસ્કાર પૂરાં ૫૦–૭૫ વરસ સુધી આપણી પ્રજામાં ઠૂંસીઠૂંસીને ભરવા પાછળ પોતાનાં જીવતર સોંપ્યાં કર્યાં. પણ ખરાખરીની વેળ આવતાવેંત ઘડીના છઠ્ઠા ભાગમાં આપણો એ સંસ્કાર અને નિષ્ઠાભક્તિ બધું તકલાદી (skin deep) ઠર્યું. એક ફૂંકે ઊડી ગયું. આપણે ઝીણાસાહેબની 'ટુ નેશન' થીઅરી જેને ગાંધીજીએ નરાતળ જૂઠાણા (lie) તરીકે ઓળખાવી, તેને તાબડતોબ કબૂલી લઈને આપણી જ હાડપાંસળીમાંથી ભવોભવનો વેરી પાડોશી નિર્માણ કર્યો ને કાયમનાં વૈમનસ્ય વેચાતાં લીધાં.

કાં? ઇકબાલ, આંબેડકર, ઝીણાના અંતરમાં આવડી કડવાશ કોણે સીંચી? आत्मैव ह्यात्मनो बन्धुः आत्मैव रिपुरात्मनः । સ્વ૦ મશરૂવાળાના નિદાન મુજબ મિયાં મહાદેવ વચ્ચે કદી મેળ થઈજ ન શકે એવા એ બેને જુદા માનનારી 'ટુ નેશન થીયરી' આપણા જ લોહીમાં પડી હતી. તે બહાર આવી. ઝીણાઇકબાલ આંબેડકરને એ કાં ન સૂઝે! એમનું લોહી આપણાથી જુદું થોડું જ હતું!

આમ આપણે જ પાપે દેશના ટુકડા થયા. છતાં અરધો અરધ મુસલમાનો તો એમના તેમ હિંદના જ વતની રહ્યા. આઝાદ હિંદની કાયદાપોથીમાં એમને બૌદ્ધ શીખ પારસી ખ્રિસ્તી, જૈન યહૂદી, નાગા નેફાવાસી, લદ્દાખી તમામને એક જ રાષ્ટ્રની નસનાડીઓ ને

હાડચામ ગણ્યાં છે છતાં કેટલા હિંદુઓ આજે એમના ઈશ્વરને હાજર સમજીને હૈયે હાથ મૂકી કહી શકશે કે એમના મનવચનમાં હિંદુ-મુસ્લિમ યહૂદીજૈન બૌદ્ધઈસાઈ બધા એક જ હાડમાંસ અને લોહી છે? અરે, બીનકોમી હોવાનો દાવો કરનારી કોંગ્રેસના જ નાકનજર હેઠળ કેટલા કોંગ્રેસીઓ વોટની ઝૂંટાઝૂંટ સારુ જૂની ભમરાળી ન્યાતજાતોની દુહાઈ દીધા વગર, કે એનાં વાડાવર્તુળોનો આશરો લીધા વગર, બલ્કે, એવી કોઈપણ પ્રવૃત્તિ તરફ નરવી નફરત રાખીને નાનામાં નાની ચૂંટણીઓ પણ લડતા હશે? જવાબ મેળવવા દીવો લેવા નહિ જવું પડે.

સ્વ૦ મશરૂવાળા કહેતા તેમ હિંદુઓની સામે આજે બે જ વિકલ્પો છેઃ કાં તો આપણે માનીએ કે આપણી આભડછેટ (exclusive-ness) વૃત્તિ આપણા હાડમાંસ લોહીનું એવું તો અવિભાજ્ય અંગ બની ગયું છે કે કોઈ વાતે, ત્રિકાળેય, આપણે એને કાઢી શકીએ એમ નથી. તેથી તેમ કરવાનો પ્રયત્ન વ્યર્થ ગણીને સૃષ્ટિમાંથી એના સરજનના અનેક નમૂના અલોપ થયા તેમ ટાઢા ધીમા મોતે આપઘાત કરવાના ભાવિને કબૂલી લઈએ; ને થાગડ-થીગડનાં ફોગટ ફાંફાં મારવાનું છોડી દઈએ.

-અગર તો

જો આપણને લાગે કે આ આભડ-છેટિયા વૃત્તિએ હજારો વર્ષ સુધી આપણું એવું તો અનગળ નુકસાન કર્યું છે કે આજની દુનિયામાં ટકવા સારુ હિંદુઓએ એ ટાઢા હળાહળને એમના જીવન અને વહેવારના એકેએક ક્ષેત્રમાંથી કોઈપણ ભોગે ને જોખમે ઉખાડીને ફગાવી દીધે જ છૂટકો છે,—તો ક્યાંયે કશી સમખાવા પૂરતીય માંડવાળ મઝી-યારાનો કે આરનેકમ્મનો ખ્યાલ સરખો પણ રાખ્યા વગર નિષ્ઠુરપણે તેમ કરવાનો માર્ગ અપનાવ્યે જ આરો છે. ગાંધી વિનોબાજીના જીવન અને જિંદગીભરની જહેમતોની કદર બૂઝવાનો બીજો રસ્તો નથી.

* * *

તો પછી પેલા ભલા પાદરીબાવા અને તેમની વૈષ્ણવ ટોળી જોડે જઈ બેસવાની મેં કેમ ના પાડી? એ અનિચ્છા દર્શાવવામાં મારી અંગત સ્વયંભૂ નિર્વેદવૃત્તિને હું અનુસર્યો? કે મારું લોહી જ જોરાવર ઠર્યું? જવાબ છે હા ને ના. બેઉ થોડી થોડી.

પણ એની છણાવટ કોઈ બીજે પ્રસંગે કરું એમાં જ આજને અવસરે કદાચ ઔચિત્ય ગણાશે.

૨

કેટલાક પ્રાણીઓના કોઠા જ કુદરતે એવા ઘડ્યા છે કે તેમાં જે કંઈ પડે તેનું અમૃત થાય, કાં ઝેર. ગાય ઘાસ ખાઈ-વાગોળીને તેનું અમૃત કરી આપે છે, ને સાપનો કોઠો દૂધનું ઝેર કરી દે છે.

હિંદુઓએ હજારો હજારો વર્ષની એમની અદ્ભુતથી સાધના ઉપાસનામાં એક જ ચીજ કેળવી: તત્ત્વજ્ઞાનમાં અભેદ અદ્વૈત; વર્તાવ વહેવારમાં હમેશાં ભેદભાવ અને દ્વૈત. અહં તે બ્રહ્મ ને ઈતર તે પરાયો. 'ભલે તું બ્રહ્મ રહ્યો. પણ મારાથી પરો રહે. છેટો રહે. મને અભડાવી મેલીશ.'

નિરંજન નિરાકાર એવા એક જ ઈશ્વરનાં એણે તેત્રીસ કરોડ દેવીદેવતા કર્યાં. એકના બે કરતાં જ હિંદુને આવડ્યું, બેનું એક કરતાં કદી ન આવડ્યું!

ગાંધીજીએ આપણને આઝાદી અપાવી. પ્રાન્તે પ્રાન્તનાં સંગઠન કરવામાં પ્રાન્તીય ભાષાઓનો ઉપયોગ લીવર તરીકે કરીને એમણે આપણામાં એકપ્રજા તરીકેનું બળ નિર્માણ કર્યું અને આત્મબળની ઠંડી તાકાતને જોરે વિદેશી હકૂમતને વિદાયને આરે આણી. આપણે ભાષાને ધોરણે રાષ્ટ્રીય નક્કરતા સાધવાની ગાંધીજીની એ જ વાતને વલોવી વિકૃત કરીને

એમાંથી પ્રાન્તવાદનું ઝેર જ કંઢ્યું,–ને બાર ભૈયાના તેર ચૌકા જમાવી એક જ દેશમાં પંદર પાકિસ્તાન ઊભાં કર્યાં! પંદરનાં વીસ થવા બેઠાં છે ને પચીસે જઈને પહોંચે તો નવાઈ નહિ!

આપણા લાડીલા દેશનેતા નેહરુજી આપણે સ્થાપેલા રાજતંત્રને આજની દુનિયાની સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખાવતાં કદી થાકતા નથી. પણ કાયદાપોથીની બહાર કોમો ન્યાતો જમાતોના ભેદ આપણી વચ્ચેથી આપણે કેટલા ભૂંસ્યા? મુલ્કી લશ્કરી ભરતીનાં ફારમોમાં કે કોમી રમખાણોની ખબરોમાં કોમોનો નામ-નિર્દેશ કરવાની છાપાંઓને મનાઈ ફરમાવવા ઉપરાંત આપણે એ દિશામાં કેટલા આગળ વધ્યા? કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી દિબ્રુગઢ સુધી વસની હિંદી પ્રજામાંથી હિંદુ મુસ્લિમ ઈસાઈ પારસી જૈન શીખ બંગાળી મદ્રાસી મારવાડીના ભેદ આપણે કેટલા ભૂંસ્યા?

આઝાદ હિંદની તમામ પ્રજાના કોઈ પણ જાહેર વહેવારવર્તાવમાં એક જ કાયદો ને એકધારો અમલ લાગુ કરવાની અને ધર્મ કોમ પંથ કે ફિરકાના ભેદ ભૂલવા ભૂંસવાની તાકાત આપણામાં છે? ઊઠતાં બેસતાં આપણી લોકશાહીની દુહાઈ દેનારા આપણે એ જ લોકશાહી હેઠળ નાગરિક નાગરિક વચ્ચે કેવા કેવા બેહૂદા ભેદ નિરાંતે સાંખીએ છીએ! હિંદુ માટે એક કાયદો, મુસ્લિમ માટે જુદો, લશ્કરી માટે જુદો, શહેર માટે જુદો, કેન્ટોનમેન્ટ માટે જુદો, કોમકોમના શાદીવિવાહ, વારસા વસીલત વક્ફ સખાવત માટે જુદો. પ્રાન્તેપ્રાન્તમાં વસતા ઈતર પ્રાન્તવાસીઓનાં કે કોમોનાં બાળકોને ભણાવવાની ભાષા અંગે જુદો; લશ્કરીઓ ટુરીસ્ટો વિદેશી એલચીખાતાં કે દવાઈ મથકોને સારુ દારૂ પીવાનો કાયદો જુદો, ચોક્કસ રસ્તાઓ પર કે ચોક્કસ જગાએ વાજાં વગાડવા અંગેનો કાયદો જુદો!—આ બધા શંભુમેળામાં મજાલ છે નેહરુજી-ની કે કોઈની-પણ, કે મીનનું મેખ કરાવી શકે?

આસેતુહિમાચલ આપણો દેશ એક, પ્રજા એક. પણ એક ભાષા, એક લિપિ, એક વાવટો, એક પંચાંગ, એક સંવત્સર વગેરે રાષ્ટ્રીયતાનાં સર્વસ્વીકૃત લક્ષણો અપનાવવાનું આપણું ગજું ન મળે! આપણે તો અરધો ડઝન સંવત્સર પંચાંગ, ડઝન લિપિઓ ભાષાઓ કાયમ રાખવી છે. તેનાં સાહિત્ય, લેખન, લિપિઓને પણ તેટલી જ ચીવટ અને આગ્રહપૂર્વક કાયમ રાખવાં છે. તેમનું સંગોપન સંવર્ધન કરી વિકસાવવાં પણ છે! વળી એ બધી ભાષાઓની સાસુ સમી અંગ્રેજી ભાષાની રાજવટ ને દોર-દમામ રાષ્ટ્રીય સરકારથી માંડીને નિશાળના પંડ્યા-પંતોજી સુધી સૌને મન અનિવાર્ય છે! અને આ બધું છતાં અમે એક જ રાષ્ટ્ર એક જ પ્રજા One Nation હોવાનો દાવો પણ અમારે તેટલા જ ભારપૂર્વક કરવો છે!

આ બધી ખદબદ–ખીચડીમાંથી એક જ અવિભાજ્ય રાષ્ટ્રીય માનસ ને નક્કરતા (soli-darity) કેળવવાને બદલે મહારાષ્ટ્ર સંસ્કૃતિ, બંગાળી સંસ્કૃતિ, શીખ સંસ્કૃતિ, પંજાબી સૂબા, આમચી મુંબઈ, દ્રાવિડ કાળાઝમ, ભગવા ઝંડા,—એવું એવું જ ન કેળવાય, તો બીજું શું થાય! આવા આપણે મોઢે રાષ્ટ્રીય નક્કરતાની વાત અદ્વૈત વેદાંત જેટલી જ પોકળ છે!

રોજ સવારે ઊઠીને ઘરનાં બાળકોને આપણે 'જનમનગણ' ગોખાવીએ, પંજાબ સિંધ ગુજરાત મરાઠા દ્રાવિડની રાષ્ટ્રીય એકતાનું સ્તવન શીખવીએ છીએ. પણ એ જ બાળકોનાં મોં આગળ ઊગ્યાથી આથમ્યા સુધી ન્યાત પર-ન્યાત, ભાટિયા-લુહાણા, નાગર કાયસ્થ, 'એ આપણામાંનો નહિ,' 'પેલો આપણી ન્યાત-વાળો,' 'પાડોશીની છોકરી પરન્યાતમાં પરણી!' એવી એવી જ વાતો કરીએ સંભળાવીએ છીએ

સવારે ઊઠીને રોજનું છાપું ઉઘાડો. જીવતાંની તો શું, પણ મરણ શોકમણાંની ખબરોમાંય 'હિંદુ મરણ,' 'પારસી મરણ,' 'હાલાઈ લોહારી મરણ,' 'ભાટિયા મરણ,' 'ખોજા મરણ'! પરણુમાં, 'જોઈએ છે, 'સ્થાનકવાસી કચ્છી ઓસવાળ કન્યા', 'ઉનેવાળ ઇજનેર યુવક માટે ન્યાતની જ બી. એ. થયેલી દેખાવડી કન્યા'; 'દશા શ્રીમાળી બોર્ડિંગ,' 'ઔદિચ્ય વિદ્યાર્થીગૃહ', 'કપોળ સેનેટોરીઅમ'; 'લુહાણા હિતેચ્છુ' માસિક, 'પ્રબુદ્ધ જૈન' પાક્ષિક; છાપાંઓમાં વધુ વાંચો: 'ઊંચી કેળવણી માટે વિદેશ જતા ખડાયતા યુવકનો જ્ઞાતિ તરફથી થનારો સન્માન સમારંભ,' 'કંસારા દાનવીર શેઠ (ફલાણા)એ જ્ઞાતિની સેવા અર્થે કરેલી શાહી સખાવત'; 'વોરા કોમના ધર્મગુરુના સન્માનનો મેળાવડો'; 'ઇસ્માઇલી ખોજા જમાતને લગતા પ્રશ્નોની થનારી ચર્ચા'; 'મુખમીરે-ઇસ્લામ'ની ખાસ કટારો!!!

આપણી લોકશાહીએ ન્યાત-પરન્યાત ઊંચનીચ કોમના ભેદ વગર અઢારે વરણ પ્રજાને, બ્રાહ્મણભંગી બુધઅબુદ્ધ સ્ત્રીપુરુષ તમામને, વોટ આપ્યો. પણ એ વોટ ઉઘરાવવા-વાળા ઉમેદવારોને કે તેમના એજન્ટોને જુઓ. તેમને કોમો ન્યાતોના વર્તુળોમાં લાગવગ કે વોટબળ ધરાવનારાઓને જ શોધતા અને તેવી ન્યાતો કોમોના મુખી પટેલિયાઓના ઉંબરા ઘસતા જોશો. નોકરીઓમાં, નિશાળોમાં, લોક-શાહીના કલેજાના ટુકડા સમી ધારાસભાઓમાં, તેનાં પ્રધાનમંડળોમાં, કમિટીઓની રચનાઓમાં, સરકારી નોકરીઓમાં,—કોમી પ્રતિનિધિત્વનો ને એની ટકાવારીનો ખ્યાલ મૂકીને કર્યા વગર આપણા કેટલા વહીવટ ચાલતા હશે? છે કોઈની એમ કહેવાની મજાલ કે 'આ લોકશાહી છે; કોમી મ્યુઝીઅમ નથી'! રજની જ સવારે એવું કહેનારનું ટોપનું ઊડી જાય!

આપણે ભેદાભેદ અને ભાગલામાં ગળાડૂબ છીએ. સાચી લોકશાહી ફૂવામાં હોય તો હવાડામાં આવે ને? આઝાદી પછી બધે પ્રાન્તવાદ બમણા જોરથી વધ્યો અને ન્યાતોજાતોમાં નવા ઉમેરા થયા. આજે દિલ્હી કલકત્તા કાનપુર જેપુર જેવાં શહેરોમાં 'મહારાષ્ટ્ર ભવન', 'ગુજરાતી સમાજ ભવન', આંધ્ર કેરલ એમ રાજ્યવાર 'ભવનો' ઊભાં થઈ રહ્યાં છે, જ્યાં દરેક પ્રાન્તવાળા પોતાની જાત-જમાતના લોકો વચ્ચે આવે જાય ને ઊતરે!

રાજદ્વારી તખ્તાની તો વાત ઓછી કરીએ એમાં જ શોભા. દેશ આખાના રાજદ્વારીઓ 'હમરી-તુમરી' હોડમાં બેજાર છે. ખાસ કરીને સત્તાધારી કોંગ્રેસ પક્ષ પ્રાન્તેપ્રાન્તમાં અંદરો-અંદરની ઈર્ષ્યા અસૂયા, વેરઝેર કાવતરાંની ભવાઈભવાડાથી બદનામ છે. રાજકારણ, અર્થ-કારણ, સમાજકારણ, ધર્મ કેળવણી સાહિત્ય કળા,—એકેએક પ્રજાકીય ક્ષેત્ર ભ્રષ્ટાચાર, રુશ્વત-ખોરી, લાગવગ ને વસીલાની બદીઓથી ગંધાઈ ઊઠ્યાં છે! 'Power politics for rulers; and ideology for dupes and underlings' ['મુત્સદ્દીઓ રાજકારણની શેતરંજ ખેલે અને બાપડા બાળિયાઓ ધ્યેય-આદર્શોની પીંજણ પીંજે.] એ જ કેમ જાણે આજના સત્તાધીશ રાજદ્વારીઓનો ધ્યાનમંત્ર બન્યો છે!

રાજકીય પક્ષો જ નહિ, ખાદી ગ્રામોદ્યોગ, તાલીમ, ભૂદાન સર્વોદયવાળા, રચનાત્મક પ્રવૃત્તિઓ-વાળા ઘણાખરા અગ્રણીઓ પહેલાંથી પ્રજા-માનસમાંથી લોપાઈ વિસરાઈ ભૂતકાળને ખાતે જમે થયા; કાં તેઓ પણ પોતપોતાનાં વાડા-વર્તુળો ન્યાતોજમાતો કરી લઈ સત્તાધારી પક્ષ જૂથના પોતાના નાતારિશ્તાને જોરે રાજ્યાશ્રય મેળવી દાબી ભૂંડાળેલા આશ્રિતોના જેવું રાંક નિસ્તેજ જીવન જીવી રહ્યા છે! કોઈક એકવાર કયાંક એવી મતલબનું કહેલું કે એ બધી

પિયેરિયાંને માથે પડેલી ગાંધીજીની વિધવા દીકરીઓ છે।

ન્યાતો વધી જાતો વધી. ભેદ વધ્યા ભાવ વધ્યા. કરજ થયાં કાળાં બજાર થયાં. પહાડોનાં ટીલાં ટચુકડાં પચીસપચાસની વસ્તીવાળાં ગામનો દુકાનદાર પણ કાળું બજાર કરતાં શીખી ગયો। અંગ્રેજોને કાળે દોઢ કરોડ લોક અંગ્રેજી હકૂમતના એક કે બીજી જાતના આશરા હેઠળ આમજનતાથી અલગ એવા ઊંચા ધોરણે જીવતું ને ઇજતદારમાં ખપતું. આજે આપણી લોકશાહી હેઠળ તે વધીને પાંચ કરોડ થયું છે. પચીસપચાસ હજાર કરોડનાં કરજ કાઢીને પાંચ આયોજન પૂરાં થયે ઘેરઘેર મોટર રેડિયો એરકંડીશન ને ટેલીવિઝનનું નેહરુજીનું સ્વપ્નું સિદ્ધ થશે તે દિવસેય એ પાંચ કરોડના ઘર-બંગલા છોડીને આમજનતાને ઘેરઘેર સાચું ઘી કે ચોખ્ખું દૂધ દરેક બાળકને મળશે કે કેમ એની બાંહેધરી કોણે આપી? આજે તો આઝાદી લોકશાહીનાં પંદર વરસ વીત્યા પછી હજુયે દેશનાં હજારો હજારો ગામડાં ફળિયાંનું લોક તેમનાં ઢોરો જોડે એક જ ખાડા ખાબોચિયાનાં પાણી પીએ છે। કોટાનકોટિ આમજનતા જીવાતની જેમ જીવી રહી છે। બેફામ વધેલા કરવેરા અને મોંઘારત હેઠળ એમનાં કકળતાં હૈયાં ઊના નિસાસા નાંખી રહ્યાં છે। આ છે આપણી લોકશાહીનો લેબાસ અને આવો છે આપણી આઝાદીનો મુખવટો.

આગે આતી થી હાલે દિલ પર હઁસી
અબ કિસી બાત પર નહીં આતી
બાત કુછ ઐસી હી હૈ, જો ચુપ હૂઁ—
વર્ના ક્યા બાત કર નહીં આતી?
હમ વહાં હૈં, જહાં સે હમ કો ભી
કુછ હમારી ખબર નહીં આતી,
મરતે હૈં આરઝૂ મેં મરને કી
મૌત આતી હૈ,—પર નહીં આતી।
કાબે કિસ મુંહ સે જાઓગે ગાલિબ!

× × ×

શું લોકશાહી, શું રાજશાહી કે શું સર-મુખત્યારશાહી,—આપણી ધરતી ઉપર તંત્ર, સંગઠન, સંસ્થાઓ, મંડળો જે કંઈ તમે ઊભું કરો કે આણીને રોપો,—તે તમામ ન્યાતજાત કોમ પંથ કે ફિરકામાં જ પલટાઈ જવાનું! એવા વાડારંડીઓનાં વર્તુળોની બહાર ખુલ્લા મેદાને જીવતાં આપણને કદી આવડ્યું જ નથી. નાતજાત ઊંચનીચના ભેદ સામે જેણે જિંદગીભર જેહાદ ચલાવી એ બળવાખોર સુધારકોના મેરુમણિ સમા કબીરના આજના વારસદારો એમના મઠ ચોરાઓમાં રાતવાસા પૂરતો આશ્રય માગનારને 'તુમ કૌન-કૌમ હો?' [તમારી જાત કઈ?] એમ પૂછ્યા વગર ગરવા દેતા નથી!

કબીરજીના જમાનાને જૂનો થયો ગણો તો આધુનિક જમાનાનાય રામમોહન રાયથી માંડીને દયાનંદ રામકૃષ્ણ વિવેકાનંદ ટાગોર ગાંધી વિનોબા સુધીના સૌને આપણો કોઠો હજમ કરી ગયો ને એવો ને એવો જ ઝેરનું કોટલું રહ્યો. હિંદુના કોઠામાં જ ભેદભાવ અને આભડછેટ (Exclusive-ness)નું એવું ઝેર પડેલું છે કે એ રક્ત-બીજમાંથી ઇકબાલ અબેડકર કે ઝીણા જ પેદા થાય, જે માવતરનાં હાડચામ ચૂંથી કાપીને જ જંપે!

ગાંધીજી કહેતા કે અસ્પૃશ્યતા જો રહી તો હિંદુઓનો નાશ નિશ્ચે છે. અસ્પૃશ્યતા શબ્દ પાછળ ગાંધીજીને નાતજાત, ઊંચનીચના જન્મજાત અધિકારવાદ અને મગરુબાઈ કથિત હિંદુઓની આભડછેટિયા વૃત્તિ (Exclusive-ness) અભિપ્રેત હતાં એ તો દેખીતું છે.

એ કોઠાના ઝેરને કાઢ્યા સિવાય આપણો ઉગારો નથી. ધીમો આપઘાત કહો કે ધસ-મસતાં ઘોડાપૂર, મોત આપણને આંબી રહ્યું છે ક્ષણે ક્ષણે આપણી ને એની વચ્ચેનું અંતર કપાતું જાય છે. ચાહે જેટલાં જીવ લઈને ભાગીએ, એના કરતાં આપણી દોડની રફતાર ઓછી હશે તો આપણું મોત નિશ્ચે છે.

એટલે કાં તો એવા મોતને જુગજુગનો કર્મવિપાક ગણીને તેની આગળ શરણાગતિ સ્વીકારીએ; કાં ઝીણા આંબેડકરનાય ઝેરઝનૂનને ભૂલાવે એવા ઝનૂનપૂર્વક પ્રજાકીય પાયા પર જેહાદ જગાવીને આપણા હાડમાં બેઠેલી એ ન્યાતજાત આભડછેટિયા વૃત્તિને, કોઠામાંહેલા એ હળાહળને, ખણીખોદી જડમૂળથી તળિયાઝાટક કાઢી ફગાવી દઈએ. સ્વ૦ મશરુવાળાએ સૂચવ્યા મુજબ આ સિવાય ત્રીજો વિકલ્પ આપણી આગળ નથી.

* * *

આવી આ ધરતી પર મારા જેવા ચાર વેવલા વૈષ્ણવ કે પોથીપંડ્યા પેલા ભલા પાદરી બાવાના સદ્ભાવને સન્માનવા ખાતર ક્યાંક બે દિવસ ભેળા થાય, અને 'છો ભલા, છીએ ભલા'ના platitudes (લૂખા વિવેક)ની પિપૂડી વગાડે, બહુ તો એકાદું નવું ટસુકડું મંડળ કે નાતજમાત ચોરેચૌટરો રચીને અગણિતમાં એકનો ઉમેરો કરે,—એને કોણ પૂછે? ને એથી શું વળે?

* * *

બસ. આ છે પેલા અજાણ્યા પાદરી સજ્જનના આમંત્રણને નકારવામાં મેં કરેલા અવિનય પાછળ ફિફટી (૫૦ ટકા) નિર્વેદ અને ફિફટી (૫૦ ટકા) લોહીના જોરના મેં આપેલા હવાલાનો મારો ખુલાસો; જે 'ભૂમિપુત્ર'ના તંત્રી ભાઈ કાંતિલાલ શાહે મારા મોઢામાં આંગળાં ઘાલીને મારી પાસે કઢાવ્યો +
૨૧-૯ '૬૩

+ 'ભૂમિપુત્ર'માંથી સાભાર ઉદ્ધૃત—લેખકની મંજૂરી મેળવીને.

પુસ્તક–સ્વીકાર

ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ૦
રાવપુરા, વડોદરા

માનવતાની મૂર્તિ-મગનભાઈ
લેખક : રામભાઈ કાશીભાઈ પટેલ
પૃ. સંખ્યા ૨૬૦; કિં. રૂ. ૩-૦૦

જીવનની જુગતી
લેખક : ડૉ. શિવપ્રસાદ કુ. ત્રિવેદી
પૃ. સંખ્યા ૨૩૬; કિં. રૂ. ૪-૦૦

ગુજરાત નઈ તાલીમ સંઘ
કન્યા આશ્રમ, મઢી

ઇશ ઉપનિષદ
વહેતી કવિતામાં અનુવાદ
કરનાર : શ્રી જુગતરામ દવે
પૃ. સંખ્યા ૧૬; કિં. ૧૦ ન. પૈ.
વિક્રેતા :
બાલગોવિંદ કુબેરદાસની કંપની.
ગાંધીમાર્ગ : અમદાવાદ

ભથ્થાં અને લાંચરુશવત

સ્વ. કિશોરલાલ ઘ. મશરૂવાળા

ઈસ્ટ ઇંડિયા કંપનીના વખતથી આજ સુધી ભથ્થું એ એક મોટું આવકનું સાધન બનેલું છે. ખર્ચ ન કર્યું હોય, ઊલટું પ્રજાએ જ કર્યું હોય, છતાં ઠરાવેલે દરે 'ભથ્થું' લેવામાં કોઈને યે અપ્રામાણિકતા લાગતી નથી. અને સરકારી હિસાબી ખાતાંઓએ પણ હિસાબ રાખવામાં મહેનત વધે નહીં એટલા માટે ઠરેલા દર કરતાં ઓછું ભથ્થું ન આપવાની પ્રથા પાડેલી છે. જો દિલ્હીની લોકસભામાં જવા માટે પહેલા વર્ગનું ભાડું અને રોજના ત્રીસ રૂપિયાનું ભથ્થું ઠરાવવામાં આવ્યું હોય તો દરેક સભ્યે એને એ મુજબ ખર્ચ ન થયું હોય તો યે એટલું ઉપાડ્યે જ છૂટકો. એને એમાંથી અંગત લાભ ન લેવો હોય તો એ ભલે બચતનું બીજે ક્યાંય દાન કરે, પણ સરકારી તિજોરીમાં તો એટલું વાઉચર કપાવાનું જ. આનો અર્થ એ કે ભાડાભથ્થાને નામે એ માણસને ખાનગી આવક કરવાની તક આપવામાં આવે છે. જેમ એક કામ કરવાનો સો રૂપિયાનો ઠેકો આપવામાં આવ્યો હોય તો તે ઠેકેદારને પોતાની હોશિયારીથી બચત કરી જેટલી કમાણી કરવી હોય તેટલી કરવાની છૂટ હોય છે, તેમ હોદ્દેદારો જાણે દેશની સેવા કરવાના ઠેકેદારો હોય તેમ તેમને એમના પગાર, ભથ્થા અને ભાડામાંથી પોતાની હોશિયારી ને કરકસરથી બચત કરી કમાણી કરવાની છૂટ છે.

* * *

આ પ્રથામાંથી સુરાજ્ય પરિણમી ન શકે, ભલે એમાં પાંચ દશ અત્યંત ત્યાગી અને નિઃસ્પૃહ માણસો અકસ્માત આવી ગયા હોય. એવા માણસો બીજા હોદ્દેદારોને આદર્શ કે આદરણીય લાગવાને બદલે ઊલટા હાંસીપાત્ર કે તિરસ્કરણીય પણ થઈ પડે છે.

જાહેર નોકરીઓ વગેરેમાંથી લાંચરુશવત વગેરેની બદીઓ દૂર કરવા માટે કલાઈવના વખતથી ઉપાયો વિચારાયા છે છતાં એ બદીઓ ઘટી નથી, પ્રગતિ જ કરતી રહી છે. આનું કારણ એ કે, તેના ઉપાયો અગ્નિમાં ભરપૂર ઘી નાખવાથી એની ભૂખ તૃપ્ત થશે, અથવા ઇંદ્રિયોને ભરપૂર વિષયસેવન મળી ગયા બાદ તે ધરાઈ જશે, એ માન્યતા ઉપર રચાયેલા છે; અથવા જન્મભર ઉંદર મારીને પાછલી ઉંમરે તીર્થ કરવા નીકળનારી બિલાડી જેવા લોકોએ વિચારેલા હોય છે. વાણિયા વેપારીને ત્યાં વાણિયો ગુમાસ્તો હોય; વેપારી સટોરિયો હોય અને સટ્ટાના સોદા એ ગુમાસ્તા મારફતે જ થતા હોય. ગુમાસ્તો રોજ જુએ કે એ બજારમાંથી ભાવ સાંભળી સાંભળીને શેઠને પહોંચાડે છે, તે પર લે-વેચ કરીને શેઠ લક્ષાધિપતિ બને છે એ પોતે પણ એનો જ જાતભાઈ છે. એની રગોમાં એ જ લોહી વહે છે. એને કેમ ન થાય કે હું યે થોડાક સટ્ટા કરીને ઝપાટાબંધ પૈસા મેળવું! પણ નસીબ એને યારી આપતું નથી, અને એ નુકસાનમાં જ સંડોવાઈ જાય છે. શેઠના પૈસા ઉચાપત કરે છે. શેઠ એના અસંતોષ અને અપ્રામાણિકતા પર તિરસ્કારનું પ્રવચન કરે છે! એ ગુમાસ્તાને કેવું સ્પર્શ કરી શકે? આવી જ વાતો લાંચરુશવતનો અટકાવવાના ઉપાયો યોજનારાઓની છે. તેમના ઉપાયોમાં ત્રણ રીતો હોય છે: એક, દંડના કાયદાઓ સખત કરવાની; બીજી, રેડ-ટેપ અને તપાસોની જાળ વધારી ચોકી રાખવાની; અને ત્રીજી, પગાર, ભથ્થાં વગેરેમાં વધારો કરી સંતોષવાનો પ્રયત્ન કરવાની.

['સમૂળી ક્રાન્તિ'માંથી]

ગુલ, અબુ અને હું !

પુષ્કર ચંદરવાકર

ગુલામમહમદનું વય આશરે પિસ્તાળીસનું હશે. તેના ગાલ પર ગુલાબના ફૂલની પાંદડીની ટશર સૂર્યરશ્મિની જેમ પ્રસારિત હતી. તેની આંખ કીકીઓ દલ સરોવરનાં જળ-રંગે મઢી હતી. તેની દેહસાંઠી પાતળા સોટા જેવા સરુ વૃક્ષની હતી. તેનો વર્ણ મધ્ય એશિયાના આયોનિયનના જેવો હતો : ગોરો ગોરો, વાળ સોનેરી ને ચમકદાર.

તેનો આ દેહ પઠાણી અતિ પહોળા સુરવાળમાં બાંયે બંધ બટનની ખુલતી કફનીમાં ને બુટ્ટાદાર રેશમી જાકીટમાં અતિ રૂપકડો લાગતો. માથે તે કદીક રૂછડાંદાર કાળી ટોપી પહેરતો, તો કદીક શંકુ આકારની ટોપી પહેરી તે પર પઠાણી ફેંટો બાંધતો. મૂછો કાતરેલી રાખતો. પગમાં ચમકદાર પઠાણી ચંપલ ને કાંડે ઘડિયાળ !

એ ત્રણ બોટ-હાઉસ, બે નાનકડાં શિકારા ને એક મોટા શિકારાનો ખાવંદ હતો. શંકરાચાર્ય ટેકરીના સામેના ઘાટ પર તેની ત્રણે બોટ-હાઉસ કાયમ પડી રહેતી. તેની પાછળના કિનારાના યુકેલિપ્ટસનાં ત્રણ વૃક્ષો અને તેમની લગોલગ કિનારે લાગેલાં સફેદાનાં વૃક્ષો વાતાવરણને જરાક રોમાંચક અને ભર્યું ભર્યું બનાવતા, અને કોઈક પરોઢે તેનાં સંગીત છેડવા વાયરો આવી ચઢતો. ત્યાં જ તેનાં મરઘાંઓ અને બતકો કદીક કદીક જરા નશાદાર સ્થિતિમાં હોય તેમ રમતે લાગતાં, અને તકતકતું હલકદાર સંગીત છેડતાં.

ગુલામમહમદ બોટહાઉસના વસવાટ શોખીનની શોધમાં શ્રીનગરના ટૂરિસ્ટ સેંટર પર સવિશેષ રહેતો અને રાત્રે દશ અગીઆર બજે બોટહાઉસ પર આવતો. બોટહાઉસ પર આવેલ યાત્રીઓની સોઈ, ખિદમત અને મહેમાનગતનું કામ વિશેષે તેનો નાનો ભાઈ વલીમહમદ બજાવતો.

ગુલામમહમદની ત્રણ બોટહાઉસોમાંથી એકમાં તેનું કુટુંબ વસતું. તેનાં ચારેય બચ્ચાં ગુલાબરંગી હતાં. તે સૌ બાળકોને ગુલામમહમદનું દરેકેદરેક અંગ વારસામાં મળ્યું હતું, સિવાય કે કાળાં ભમ્મર નયન.

ગુલામમહમદે એક ટેવ કેળવી હતી કે બોટહાઉસમાં જે કોઈ રહેવા આવ્યા હોય, તે સર્વને રાત્રે સૂતા પહેલાં મળી લેવું, સગવડ અગવડના સમાચાર પૂછી લેવા. તેથી આજે રાત્રે તે મને મળવા આવ્યો : 'ગૂડ નાઈટ, સર !'

મેં તેને સામો 'ગૂડ નાઈટ'થી ઉત્તર વાળ્યો, પણ આજે રાત્રે મેં તેના મોં પર લાલી વધુ જોઈ.

'ગુલ...' મારી સાથે તેનો ઘરોબો ખૂબ થઈ ગયો હતો.

'જનાબ, ક્યા બાત હૈ !'

'આજ અબુ યહાં મેરી પાસ આયા થા !'

'હજુર, અયસા ? ઔર આપકા દિલોજાન દોસ્ત ભી બન ગયા હૈ !'

'સચ બાત હૈ ઔર અચ્છા લડકા હૈ !'

હું તેની સાથે વાત પૂરી કરું તે પહેલાં ગુલામમહમદ ચાલતો થયો. મને મનમાં પ્રશ્ન થયો કે ગુલ આજે કેમ મારાથી અતડો રહ્યો.

બીજા દિવસે સવારે હું જમવા માટે, સુરતી લૉજમાં ગયો. વળતાં બાદશાહ હૉટલ સામે લારીમાં અખરોટ લઈને ખાન ઊભો હતો, તેની પાસેથી ચમકદાર મોટાં મોટાં અખરોટ લીધા, પણ ત્યારે મારી નજર સમક્ષ અજુ રમવા લાગ્યો.

અજુ!

નવેક વર્ષનો કાશ્મીરી શિશુ!

જબાનમાં શી મીઠાશ!

વર્તનમાં શી આશ્ચર્યજનક નરમાશ!

ને વિવેકમાં શી વડાઈ!

આ અજુ!

આ સંસ્કાર ક્યાંથી!

જમીને મનમાં શોચતો હું ચોકમાં મોટરસ્ટૅન્ડ પર ગયો, પણ ત્યાં મેં લાંબી કતાર જોઈ યાત્રીઓની. ચશ્મેશાહી, શાલિમાર અને નિશાતના દર્શનપિપાસુઓની આ હારમાળ હોય તેવું સૂઝ્યું! પણ ત્યાં એક કરંડિયામાં સફરજન લઈને રંગીલા ખાનને ગીત ગાતો ગાતો જતો મેં જોયો, તેને ઈશારો કરીને મેં મારી તરફ ખેંચવા ઇજન આપ્યું. તે સમજદાર ખાને કહ્યું: 'વન રૂપી, પર પાઉન્ડ!'

'નીકાલો!' હું તે જ વેતરણમાં હતો કે બોટહાઉસના મારા ખંડમાં બેસીને કાચની બારીમાંથી આજે તો દલ સરોવરની બેલા જોયા કરવી!

મેં એક પાઉન્ડ સફરજન લીધા અને ચાલવા મંડ્યો, ત્યાંય અજુનો ચહેરો સ્મૃતિ-ગોખે આવ્યો. મોગલ જાતિનો નહીં, પણ ગ્રીક પ્રજાની મુખાકૃતિ, કંઈક લંબગોળ, લાંબું નાક, પણ કાળી ભમ્મર આંખો, વળાંકદાર હડપચી, અને સુવર્ણરંગી વાળ!

કેમ આટલો બધો અજુએ આ બે દિવસથી મારો પીછો લીધો છે!

મને ય મનમાં આ પ્રશ્ન જન્મ્યો. ત્યાં ઘોડાગાડીવાળા ખાને બૂમ મારી: 'સાબલોક, ચલીએ. દલલેઈક, સીર્ફ એઈટ આનાઝ!'

કશી ય લમણાકૂટમાં ઊતર્યા વગર ગાડીમાં બેસીને હું ગગરીબલના ત્રીજા ઘાટે ગયો અને મેં ત્યાં ઊભા રહીને બૂમ દીધી: 'વલીમહમદ!'

વલીમહમદ ઘાટ પર હતો, તેથી તેણે તરત જ ઉત્તર આપ્યો: 'જી, હજુર, ચલીએ.'

તેણે મારા હાથમાંની થેલી લઈ લીધી અને શિકારાને ઘાટ પાસે લાવ્યો, તો તેમાં બેઠો બેઠો અજુ પોતે જ શિકારાને હલેસાં મારી રહ્યો હતો.

'અજુ' મેં ચપટી વગાડી, મોંએથી સિસોટી.

તે શરમાયો. વલીમહમદે અજુને કહ્યું: 'અજુ, દેખ, સાબલોક બુલાતે હૈ! મત શરમાના! વો હમારા સાબ હૈ, સરકાર હૈ! જાના હી પડેગા!'

વલીમહમદમાં જબાંની મીઠાશ કોઈ ઓર છે.

અજુએ હલેસાને બાજુમાં મૂક્યું ને ધીરે ધીરે શિકારાની કિનાર પર પગ મૂકતો મૂકતો તે મારી પાસે આવ્યો. મેં તેને મારી ગાદી પર બેસાડ્યો; અને મારી થેલી,

વલીમહમદે ગાદી પર મૂકી હતી, તેમાંથી એક અખરોટ કાઢી મેં અણુ સામે ધર્યું. અણુ સ્થિતપ્રજ્ઞની જેમ નીચી નજર કરીને બેસી રહ્યો: 'અણુ!' મેં તેને લલચાવવા મથામણ કરી.

તેણે નમેલા માથાને ઊંચું તો ન કર્યું, પણ નત દૃષ્ટિ તેમની તેમ રહી, તેની હડપચી મારી હથેળીમાં લઈને મેં કહ્યું: 'અણુ! દોસ્ત!'

અણુ કશું યે ન બોલ્યો. તેનું મોં મારા મોં સામે, પણ તેની નજર નીચી હતી. વલીમહમદના મોં પર પ્રસન્નતાની ઝાંય હતી. તે હસેલું મારતાં બોલ્યો: 'અણુ, બચ્ચા, સા'બ પ્યાર કરતા હૈ!'

બોટહાઉસ આવ્યું. અણુ મારી થેલી લઈ મારા ખંડમાં આવ્યો, ત્યારે મેં તેને સફરજન આપવાની મથામણ કરી, પણ તે અડગ રહ્યો.

હું થોડો થાકેલો હતો, તેથી કાચની બારીને ત્રાંસી કરી, મારા ખાટલામાં સૂઈને મેં 'કુરિયર' વાંચવું શરુ કર્યું. પણ ખુશનમા વાતાવરણ હતું તેથી નીંદરને આવતાં વાર જ ન લાગી.

ચારેક થયા હશે, સાંજના. ત્યારે અણુ આવ્યો: 'સા'બ, હજુર, ચા પી ...'

'અણુ, આવ, દોસ્ત ...'

મેં તેનામાં વલીનો વિવેક જોયો, પછી તરત જ હું બાથરૂમમાં ગયો. કૉર્ક ખોલીને વૉશ લીધો અને પાછો આવ્યો. 'અણુ! ડાઈનિંગ-હૉલસે છૂરી લે આવ!'

તે છરી લઈને પાછો આવ્યો, ને તે ધરતાં બોલ્યો: 'સરકાર, લિજીએ.'

મેં છરી લઈ સફરજન કાપ્યું; ને તેની એક ચીર તેની સામે ધરીને કહ્યું: 'લે લો, અણુ. પ્યારા દોસ્ત!'

તે નીચી નજરે જોઈ રહ્યો, બોટહાઉસની તળિયાની છતને!

'અણુ!' મેં તેને મારી પાસે બોલાવ્યો: 'અણુ, તુમ પઢતા હૈ!'

'જી હાં!'

'કહાં!'

'ઈંગ્લીશ ધરકોલમેં!'

'ઇંગ્લીશ સ્કૂલમેં!'

'જી, હાં, સરકાર!'

મેં તેનું જ્ઞાન માપવા પ્રયત્ન શરુ કર્યો ને પ્રશ્ન કર્યો: 'માય ફ્રૅન્ડ, વૉટ્સ યૉર નેઈમ?'

તેણે અદબ બીડી, ટટ્ટાર થયો અને ઉત્તર આપ્યો, મરકીને: 'માય નેઈમ ઈઝ અણુમકર ગુલામમહમદ શેખ, સર!'

'વહેર ડુ યુ સ્ટે?'

'ઈન ધ નગરી દલ.'

મેં તેનો બરડો થાબડ્યો, ધન્યવાદ આપ્યા, અને તેની હોશિયારીની કદર કરીને આખું સફરજન તેની સામે ધર્યું; પણ તેણે હાથ ન લંબાવ્યો ને ફરી પ્રશ્ન કર્યો: 'સરકાર, આપ કા...'

'અણુમકર શેખ, પહેલે તુમ સફરજન લે લો, પીછે મેં આપકી બાત...'

લાચારી ભરી નજર મારા મોં પર નાખીને મારી સામે તે ઊભો રહ્યો.

'અચ્છા, ચાઇ લેકર વાપસ...'

'જી હાં, સરકાર!' તેના મોં પર આનંદની ઝાંય ફરફરી, ને તે દોડતો સામેના તેમના બોટઘરમાં ગયો.

તેને જતો જોઇ હું મન શું બોલ્યો: 'શી ખાનદાની છે!'

તે ગાળામાં મારી પાસે 'શંકર્સ' વીકલી'નો બાળચિત્રોનો દળદાર અંક હતો, તે કાઢી રાખ્યો. અણુ આવ્યો, ત્યારે મેં તેની સામે મૂક્યો, ને તેને બેસવા માટે ટેબલ આગળ મેં ખુરશી ગોઠવી આપી.

અણુએ આવી ચાની અને નાસ્તાની ટ્રે ટેબલ પર મૂકી ને તે મારી ખુરશી સામે અદબ બીડીને ઊભો. મેં ચા પ્યાલામાં કાઢી. ચાની સાથે તે ગરમાગરમ ચપાટી, માખણ સોસ લાવ્યો હતો. મેં તે ખાવાની તૈયારી કરી ને અણુને કહ્યું: 'અણુ, કુછ લે તો!'

'થેન્ક યુ, સર!' અણુએ માથું નમાવીને હથેલીને છાતી સામે લાવીને આભાર વ્યક્ત કર્યો.

'દેખો, એ ક્યા હૈ!' મેં એક ચિત્ર કાઢ્યું. સ્વીસ બાળકે દોર્યું હતું. આલ્પ્સના બરફ-મઢ્યા પહાડો પર બાળકો ગેલ કરી રહ્યાં છે, તે બાળકોને કોઈ પ્રવાસી ફૂલ આપે છે ને બાળકો મરકતાં મોંએ ફૂલનો સ્વીકાર કરે છે! આ ચિત્ર અણુએ નીરખ્યું. અંક તેના હાથમાં લીધો ને જોવા લાગ્યો—રસથી, ચિત્તની ચિત્ર સાથે એકતા કરીને. મેં તેના ચિત્તના ભાવોને માપવા મથામણ કરી.

તેની મેં આ એકાગ્રતા તોડી, તેની સામે પેલું ચળકાટ મારતું સક્કરજન ધરીને. તેણે મારી સામે નજર કરી ને તે મલક્યો. તેના મોં પર ઉલ્લાસ હતો, ને મનમાં ઠાંસ્યો હતો આનંદ. તેનું મન ખરેખર કોળ્યું હતું.

'હજુર...' તે મારી સામે મલક્યો.

'અણુ.'

'હજુર, ઇતના અચ્છા લોઇક હૈ, જૈસા હમારા ડલ...'

'હાં, ઔર લડકા ઔર લડકીઆં...'

'જી હાં, ખેલતા હૈ ઔર...ફૂલ લે...' તે આગળ ન બોલ્યો.

'તો આપ લોગ...મેરી ચીજ કા તો ઇન્કાર કરતે હૈ!'

પાછો અણુ ગંભીર બન્યો. ત્યાં ગુલામમહમદ આવ્યો. તેણે આજે ગરમ સૂટ પહેર્યો હતો ને માથે પઘડી લગાવી હતી. તેના હાથમાં સિગારેટનો ડબ્બો હતો. ગુલામમહમદને જોઈને અણુ ચાલ્યો ગયો.

હું મારા ખાટલામાં જઇને બેઠો. ગુલામમહમદ મારી સામે ઊભો રહ્યો, 'કેમ ગુલમહમદ, આજે વહેલા વહેલા?'

'કશું જ ખાસ નથી. આજે ટુરિસ્ટોને લેવા વલીમહમદ...જશે. હું વહેલો નવરો થયો, તેથી કદાચ શિકારે કે મિજલસમાં કે ...'

તે આગળ ન બોલ્યો. આજે તે પૂરેપૂરો એરિસ્ટોક્રેટ બનીને આવ્યો હતો. તેના રેશમી સૂટના કોલર પર મધુરનું શરત ગૂંથાવ્યું હતું. બધી જ આંગળીઓ પર સોનાના કીંમતી પથ્થરે મઢેલા વેઢ હતા.

'ગુલમહમદ... !' તેનો રૂઆબ મને આંજી ગયો. તેની ટાઇનો હસ્સો, આંખમાં આંજેલ સોયરો, કોટના બટનહોલમાં ખોસેલ ગુલાબ ને કોટના ઉપરના ગજવે ઘાલેલ રૂમાલ! તેનાં વસ્ત્રો પર છાંટેલ અત્તરે મારો ખંડ મઘમઘવા લાગ્યો. બધું જ ટીપટોપ!

'ગુલમહમદ, આજે ક્યાં?'

'મિજલસમાં!'

આડ પ્રશ્ન જેવો મેં પ્રશ્ન પૂછ્યો: 'આ બોટહાઉસની કીમત...'

'બધી મળીને દોઢ લાખ!'

'આમદાની!'

'અમનચમનથી જીવી શકાય તેટલી!'

'તો મિજલસમાં આજે શું?'

'સંતુર બજશે, ઝનક ઝનક પાયલ પણ બજશે, ને...ને... !'

હું સમજી તો ગયો કે કોઈ નર્તિકાને ત્યાં ગુલમહમદ આ સાંજ ગાળીને પાછો આવશે.

'અંજુ ખૂબ સારો માણસ થશે, ગુલમહમદ!'

'શુક્રિયા!'

'ભણવામાં કેવો છે?'

'ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ! તેના માટે તો મેં ખાસ માસ્ટરજી રાખ્યા છે!'

'તે બધી રીતે ઇજ્જત કાઢશે!'

તેણે તસ્લીમ ભરીને આભારની લાગણી વ્યક્ત કરી, અને બોલ્યો: 'તેની જીન્દગાની એબ વગરની બને, એવી દુઆ આપો!' ગુલામમહમદે આર્દ્ર અવાજે વાક્ય ઉચ્ચાર્યું.

'એમ બનશે!'

જેવું મેં આ નાનકડું વાક્ય પૂરું કર્યું કે તેના મોં પર આનંદની ઝલક ફરકી, અને તસ્લીમ ભરીને તે ચાલતો થયો.

હું સફરજન લઈને બેઠો. છરીથી મેં તેની પાતળી પાતળી ચીરીઓ ઉતારીને ચાવવા માંડી, ત્યારે આ જ વાક્યનો રણકાર ઘોળાયા કરતો હતો: 'તેની જીન્દગાની એબ વગરની બનો, એવી દુઆ...'

આમાં કોઈ ગંભીર રહસ્ય હશે? કે માત્ર પિતૃહૃદયની પુત્ર માટેની ઝંખના? આ જ કારણે તેણે પુત્રને પઢાઈ આપવાની સુવિધા કરી હશે?

સાંજે હું પણ શંકરાચાર્યની ટેકરી પર જઈ બેઠો ને કાશ્મીરખીણનું સૌંદર્ય જોતો જોતો છેક સંધ્યા આવી ત્યાં સુધી તે સૌંદર્ય જોવામાં મસ્ત રહ્યો, અને તે ટેકરીના પાછલા રસ્તેથી ઊતર્યો, ત્યારે પગને થાક સારો લાગ્યો હતો. તેથી ટાંગો લઈને જ ગગરીબલના ત્રીજા ઘાટે આવ્યો, તો અંજુ શિકારો લઈ ગગરીબલની સહેલ કરતો હતો, ત્યારે મેં જ તેને ઇશારો કરીને બોલાવ્યો. તે મરકતો મરકતો શિકારો લઈ ત્રીજા ઘાટ પર આવ્યો ને માથું ઝુકાવીને કહ્યું: 'સા'બ, બેઠ જાઈયે!'

હું શિકારામાં બેઠો. તેના મોં પર પ્રસન્નતા હતી. મેં તેને પૂછ્યું: 'છોટેખાન, કેમ આટલા ખુશખબારમાં છો?'

'સા'બ, આજ પાસ હો ગયા!'

'ફર્સ્ટ કલાસ, ફર્સ્ટ!'

તે શરમાયો અને બોલ્યો: 'જી, હાં, સરકાર!'

શિકારો ઝડપે ચાલ્યો. અમારું બોટહાઉસ તુરત જ આવી ગયું. હું કૂદીને ઉપર ગયો ને પાછો ચોપડી લઈને વાંચવા બેઠો, પણ ત્યારે દિલ્હીકેન્દ્ર પરથી રાત્રીના સમાચાર અંગ્રેજીમાં આપતા હતા. વાંચતાં વાંચતાં જ સૂઈ ગયો, ને ક્યારે જાગ્યો, તેની સૂઝ ન રહી. પણ જાગીને 'બાથરૂમ'માં જવા નીકળ્યો, ત્યારે લૉબીમાં—માર્ગમાં ગુલામમહમદ સૂતો હતો, ઘસઘસાટ નીંદને ખેંચતો!

મારા મનમાં પ્રશ્ન જન્મ્યો: 'મારા આટલા દિવસના વસવાટમાં ગુલામહમદ કદીય અહીં સૂતો નથી ને આજે અહીં કેમ?'

બાથરૂમમાં જઈ દંતધાવનવિધિ પતાવીને હું પાછો આવ્યો, ત્યારે આળસ મરડીને સિગારેટ ફૂંકતો તે બેઠો હતો. તે જરાક આળસુ જેવો સુસ્ત લાગતો. મેં તેને મારા ખંડમાં બોલાવ્યો કે તરત જ તે મારી પાછળ પાછળ આવ્યો. મેં તેને પ્રશ્ન કર્યો: 'ગુલામમહમદ, આજે તમે આ લૉબીમાં...'

હું વાક્ય પૂરું કરું તે પહેલાં ઉત્તર આપ્યો: 'હા, કોઈ કોઈ વખત જરૂર ઊભી થાય છે ત્યારે અહીં સૂઈ રહું છું!'

'મિજમાન આવ્યા હશે?'

'ના!'

હું વિમાસણમાં પડ્યો કે આગળ શો પ્રશ્ન પૂછવો છતાંય જરાક અસંસ્કારીપણું બતાવીને પૂછ્યું: 'તો મોડા આવ્યા હશો.'

'મોડો તો ખરો, પણ ઘર જાગતું હતું!'

'અને છતાંય અહીં...'

'હા, અણુ જાગતો હતો!'

'અણુ?'

'હા, મારે તેને એ એબ વારસામાં નથી આપવી, તેથી!'

'ગુલામમહમદ, એબ!'

'હા, મિજલસમાં કોઈ કોઈવાર સારી પેઠે પી લઉં છું! તેનો અણસારોય તેને ન આવવો જોઈએ માટે. સા'બ, માફ કરશો. હુંય ઈન્સાન છું. મારો લડકો એમાં ન પડે તે માટે જ અહીં સૂઈ રહ્યો. આપને વિશેષ તકલીફ કે મુશ્કેલી...? માફ કરશો!'

તે અદબ વાળીને ઘડીવાર ઊભો રહ્યો, ને તરત જ તેણે કહ્યું: 'સુબેકા નાસ્તા ઔર ચાઈ લેકર આતા હૂં, સરકાર!'

તે ગયો. હું શંકરાચાર્યની ટેકરી પર રમતાં લાલ લાલ સૂર્યકિરણોને જોતો વિમાસણમાંની વાતને ઘટમાં ઘોળતો હતો કે માનવીમાંનો પિતા સર્વત્ર...

ત્યાં તે સામે આવી ઊભો, નાસ્તાની ટ્રે સાથે.

★

ભેંશ ભાગોળે

નટવરલાલ પ્ર. બુચ

પતિ:—હવે તો બાલમંદિર શરૂ થયું એટલે પાડ. નિરુ આવીને તને પજવતી નહીં હોય.

પત્ની:—હા, હવે તો બહુ નિરાંત થઈ છે. નકર તો બપોર આખો જીવ ખાઈ જતી !

પતિ:—(હસીને) પારકાં છોકરાંથી આટલી ત્રાસી જાય છે ત્યારે તારાં પોતાનાંને સાચવવાં પડશે ત્યારે શું કરીશ? એ દિવસને હવે ક્યાં વાર છે?

પત્ની:—પણ પોતાનાંને તો મરાય ને? પારકાંને તો કાંઈ કે'વાય પણ નહીં.

પતિ:—મરાય તે કેમ? હવે નવીન શિક્ષણનો યુગ આવ્યો છે. બાળકને મારવું કે ડરાવવું એ પાપ ગણાય.

પત્ની:—ઈ નવીન વાળા ભલે ન મારતા હોય. હું તો ધરાર મારીશ–પજવશે તો!

પતિ:—પણ હું મારવા દઈશ તો ને?

પત્ની:—હા, તે તમે ઘરમાં હો ત્યારે તમે જ છોકરાંને સાચવજો ને; ઘોડો થઈને અસવારી કરાવજો ને મોઢે ચડાવજો. બાકી તમે નહીં હો ને તોફાન કરશે તો હું તો મારીશ, મારીશ ને મારીશ.

પતિ:—અરે પ્રભુ! આવી મારકણી માતાઓ જે દેશમાં હોય તેની ઉન્નતિ શી રીતે થાય!

પત્ની:—હા, તે મારકણી ન થાય તો શું કરે? બપોરે થાક્યાપાક્યાં બે ઘડી આડે પડખે થયાં હોઈએ ને આવી આવીને જંપવા ન દે એ આપણને ન પાલવે. ધબ દઈને ઢીંકો મારીએ કે થઈ જાય સીધાં દોર. એમ ન કરીએ તો છોકરાં ફાટી જાય. મારીએ નહીં તો શું પૂજીએ?

પતિ:—તને બાલમાનસનું સાચું જ્ઞાન જ નથી. હું તને બાલમાનસ વિશેનાં થોડાં પુસ્તકો લાવી આપીશ. એ વાંચજે એટલે થોડી અક્કલ આવે.

પત્ની:—મારે માનસફાનસ કે અક્કલબક્કલ કાંઈ જોતું નથી. તમે ચોપડીઓ લાવશો તો મારે બે છાણાં ઓછાં બળશે!

પતિ:— "ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં રમે છે,
પેલીનું તો ચિત્ત ચૂલામાંહ્ય—"

સમાજ! તારી આ સ્થિતિ!

પત્ની:—ઈ હું ભૂગોળબૂગોળમાં જાણું નહીં. મને તો દેશી કે કોલ્હાપુરી ગોળની ખબર પડે. ને ભલે અમારું ચિત્ત ચૂલામાં રહ્યું. ચૂલાની બા'ર ચિત્ત રાખે એવી ભણેલી લાવવી'તી ને? તમારી હારે ગોટપિટમાં જ વખત કાઢી નાખત ને ચવાણાથી ચલાવવું પડત!

પતિ:—પણ એ છોકરાંને મારવાની વાત તો ન કરત!

પત્ની:—ભલે. પણ હું તો જે છું ઈ છું. સો વાતની એક વાત કે છોકરાં કનડશે તો હું તો મારીશ જ. આનો તો મારે ય મીઠો લાગે એમ જે કહ્યું છે તે મા મારતી હશે ત્યારે ને!

પતિ:—એમ? તું મારવાની? તો મારે નછૂટકે મારો પતિ તરીકેનો હક વાપરવો પડશે. તને સાફ કહી દઉં છું કે તારાથી આપણાં છોકરાંને નહીં જ મરાય ને નહીં જ મરાય.

પત્ની:—(કટાક્ષમાં) કાં? વાત તો બહુ કરતા હતા બાયડીને છૂટ દેવાની? આજે હુકમ કેમ કરવા બેઠા? ક્યાં ગઈ તમારી ડાહી ડાહી વાતો?

પતિ:—તમે લોકો એ છૂટને લાયક જ નથી. તમને સ્વાતંત્ર્ય પચે જ નહીં. ખરું કહ્યું છે "ઘોડે નાર પાંસરી." માટે ખબરદાર! જો છોકરાં પર આંગળી ઉગામી તો!

પત્ની.—તમે દેખો એમ મારું તો ને?

પતિ:—(ઊંચે સાદે) એટલે? શું તું મને ઉલ્લુ બનાવવા માગે છે? તને સાફ કહી દઉં છું કે છોકરાંને માર્યાં એવી ખબર મને પછીથી પણ પડશે, તો મારે તારા પર ચૌદમા રત્નનો પ્રયોગ કરવો પડશે.

પત્ની:—(રડતે અવાજે) હાય! હાય! ભાયડા માતર આવા! તે દિ' શું કામ? આજ જ મારો તે લો હું લાકડી લાવી દઉં! ઓ માડી રે! તેં મને ઊંડા કૂવામાં શેં નાખી!

પતિ:—ચૂપ રહે કહું છું! એક તો છોકરાંને મારવાં ને પાછું ઉપરથી લેતા પડવું! મારા ઘરમાં એ નહીં ચાલે.

[પાડોશી પ્રવેશ કરે છે]

પાડોશી:—અરે રસિકભાઈ! જ્યોત્સ્નાબેન! આ તમારા બાબાને વારો ને! જુઓ અમારી ગુલાબમોગરાની બધી કળી તોડી નાખી! ભારે તોફાની!

રસિકલાલ:—કોનો બાબો ને કોની વાત! તમે પણ, રમેશભાઈ, કાંઈ ગાંડા થયા છો?

રમેશભાઈ:—ગાંડો શાનો થયો? તમારો જ બાબો જેને જ્યોત્સ્નાબેને માર્યો અને તેથી તમે તેમને મારવા દોડ્યા તે બાબો!

રસિકભાઈ:—(હસીને) માફ કરજો રમેશભાઈ, એ તો જરા વાતનું વતેસર થઈ ગયું.

રમેશભાઈ:—(હસીને) હું ક્યારનો બહારથી તમારી ચર્ચા સાંભળતો હતો, અને મનમાં હસતો હતો. જ્યારે લાગ્યું કે વાત મારવા સુધી આવી છે ત્યારે ન રહેવાયું એટલે વચ્ચે પડ્યો. આ તો ભેંશ ભાગોળે જેવું થયું-અથવા, ખરું કહું તો, પાડો પાધરમાં—

રસિકલાલ:—(હસતાં હસતાં) તું સમજી કાંઇ? આ રમેશભાઇએ તને ભેંશ કહી!!

રમેશભાઇ:—પણ, જ્યોત્સ્નાબેન, સાથે સાથે મેં તમને બાબો આવે એવા આશીર્વાદ પણ આપ્યા કહેવાય હોં!

રસિકલાલ:—ચાલ, ત્યારે, ચા બનાવ. ભાવિ બાબાની ખુશાલીમાં ચા પી બધાં છૂટાં પડીએ.

◘

શાન્તિ અર્થે

દિલ્હીથી પારીસની પદયાત્રા

એમ. વી. કામઠ

દિલ્હીથી પારીસ એ ખૂબ ખૂબ લાંબો રસ્તો છે—જો તમે પગે ચાલીને, મોસ્કો થઈને, એ પ્રવાસ કરવાનો નિર્ણય કરો તો.

બે યુવાન હિંદીઓને પ્રવાસના ૧૦,૬૦૦ કિલોમીટર કાપતાં પંદર મહિના લાગ્યા અને પાંચ જોડ જોડા ફાડ્યા, પણ તેમનું નિર્ણિત સ્થળ હજી ઘણું દૂર છે. તે બીજી દુનિયાની રાજધાનીનું નગર છે—વોશિંગ્ટન.

બે હિંદી શાન્તિયાત્રી: ઈડાયિલ પ્રભાકર મેનન (૨૮) અને સતીશ કુમાર (૨૭) ની વિસ્મયકારી કથા મેં સાંભળી. તેમણે એક લાંબા બળબળતા ઉનાળાના દિવસે, જુન તા. ૧, ૧૯૬૨, વિશ્વનાં બે રાજધાનીનાં સ્થળો પ્રત્યે કૂચ કરવાનો પ્રારંભ કર્યો—સાથે કશું જ રાખ્યા વિના, માત્ર દરેકે બદલવા માટે ત્રણ જોડી કપડાં અને પોતાના ઉદ્દેશ માટેની નિશા. એસેમ્બલી નેશનલથી બહુ દૂર નહિ એવા, અને પ્લેસ ડી લા કોન્કોર્ડથી બે વામ દૂર એવા સ્થળે, બુલેવાર્ડ સ્ટ. જરમન આગળ આવેલી બાર ડુ ડકેફાઈનમાં બ્લેક કોફી અને ચીઝ સેન્ડવીચીઝ ખાતાં ખાતાં તેમની કથા સાંભળવાનું મેં નક્કી કર્યું.

અણુ-શાન્તિ અને એકપક્ષીય નિઃશસ્ત્રીકરણના પ્રચાર માટે મેનન અને કુમારે આ સાહસભરી પદયાત્રા કરવાનો નિર્ણય કર્યો તે પહેલાં તેઓ બન્ને આચાર્ય વિનોબા ભાવેની ભૂદાન ચળવળમાં હતા. મેનને વિનોબાજી સાથે પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, મદ્રાસ, મૈસૂર અને કેરાલાની પદયાત્રા કરી હતી; અને કુમારે વિનોબાજી સાથે જોડાવા પહેલાં એક જૈન મુનિના શિષ્ય તરીકે સાધુજીવન ગાળ્યું હતું. મેનન અંગ્રેજી સારી પેઠે બોલતા હતા, અને એ બન્નેમાં વધુ હોશિયાર હતા: તે બીજાના વતી પણ બોલતા હતા.

પ્રેરણા

"આ લાંબી યાત્રા કરવાની પ્રેરણા તમને શામાંથી મળી?" મેં પૂછ્યું.

મેનન બોલ્યા: બર્ટ્રાન્ડ રસેલની ધગશથી મને આ સાહસ કરવાનું મન થયું. સાનફ્રાન્સિસ્કોના શાન્તિકૂચ-યાત્રીઓ જેમણે શાન્તિ અને નિઃશસ્ત્રીકરણ માટે ગોલ્ડન ગેટ સિટીથી મોસ્કો સુધીની પદયાત્રા કરી હતી તેમણે પણ આ સાહસ માટે મને ઉત્તેજ્યો હતો. જો અમેરિકનો આવું કરી શકે, તો એક હિન્દી કેમ ન કરી શકે?—આ સામી દિશામાંથી શા માટે કૂચ ન કરી શકે? એટલે મેં નિર્ણય કર્યો.

"આ તમે શરૂ કેવી રીતે કર્યું?"

મેં સર્વપ્રથમ તો રસેલને લખ્યું. તેમણે મને ખૂબ ઉત્સાહજનક રીતે જવાબ લખ્યો. પછી મેં આપણા વડાપ્રધાનને લખ્યું. તેમનો જવાબ તરત જ આવ્યો, પણ તેઓ તેમાં 'કમિટ' થતા નહતા. પંડિતજીએ લખ્યું કે મારી નિષ્ઠાની તેઓ કદર કરે છે પણ ઉમેર્યું હતું કે મારી આ યાત્રાનું શું ફળદાયી પરિણામ આવશે તે તેઓ જાણતા નથી. પણ એક

બાબત નક્કી છે, પંડિતજીએ ઉમેર્યું", અને તે એ કે શસ્ત્ર પાછળની આ ગાંડી દોટ અટકવી જ જોઈએ એ વિશ્વને પોકારીને કહેવું તો જોઈએ.

"તમે બીજા કોની સાથે આ બાબતમાં મસલત કરી અથવા તો લખાપટ્ટી-કરી હતી?"

મેં આપણા વાઈસ-પ્રેસિડન્ટ ડૉ. રાધાકૃષ્ણનને લખ્યું. તેમણે પણ ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો. તેમણે લખ્યું કે આજના રાજકારણી પુરુષો જેમના હાથમાં દુનિયાનું ભાવિ-ઘડવાનું નિર્માયું છે તેમને જો તેમની મૂર્ખામી બતાવી આપવામાં આવે તો તમારા આ કાર્યની સિદ્ધિ જરૂર ફળદાયી નીવડે.

"તમે બીજા શા પ્લાન કર્યો?"

મેં પાસપોર્ટ માટે માગણી કરી અને વીસા માટે અરજી કરી. સતીશ કુમારે મારી સાથે જોડાવા સ્વીકાર્યું હતું, અને જો કે અમારા પાસપોર્ટ આવ્યા નહતા છતાં, અમે નક્કી કર્યું કે અમારે હવે નીકળવું જોઈએ અને અમે પાકિસ્તાન સરહદ તરફ ઊપડ્યા.

"તમને પાસપોર્ટ મળ્યા ખરા?"

હા, અમે જ્યારે અમૃતસર પહોંચ્યા ત્યારે તે આવ્યા,—જ્યારે તે સંબંધે પાર્લમેન્ટમાં પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યાર પછી; જો કે અમે તો પાસપોર્ટ મળે કે ન મળે તો પણ અમારી કૂચ-યાત્રા ચાલુ રાખવાનો નિર્ણય કર્યો જ હતો.

"તમે પાકિસ્તાનમાં ક્યાં ક્યાં ગયા હતા?"

લાહોર, રાવળપિંડી અને પેશાવરમાં અમે દરરોજ સવારે પાંચથી નવ સુધી પદયાત્રા કરતા; પછી આરામ કરતા અને જનતાને મળતા, ખાસ કરીને વિદ્યાર્થીઓને. ઘણીવાર રસ્તાનો મોટો ભાગ સાદા પોશાકમાં પોલીસો અમારી પાછળ પડતા; અને કેટલીક જગાએ તો, તેમની મહેમાનગીરી ચાખવા પોલીસ ચોકી ઉપર સ્વેચ્છાર્થે અમે રાતવાસો કરતા; અને કેટલીક જગાએ યુનિયન કાઉન્સિલોના પ્રમુખે ગોઠવેલી જગાએ રાત રહેતા. પેશાવર અને રાવળપિંડીમાં અમે રોટરી ક્લબના મહેમાન બન્યા હતા.

"લોકો તમને કેવી રીતે આવકારતા?"

લોકો અમારા પ્રત્યે માયા રાખતા, જાણે કે હિંદના ભાગલા પડ્યા જ નથી એ રીતે વર્તતા. અમે એવા ઘણાઓને મળ્યા જેમણે હિંદમાં પોતાના ઘરો ઊભાં કર્યાં હતાં અને પોતાના ઘર સાથે જોડાયેલી પોળોનાં નામ તથા તેમાં રહેતા મિત્રોનાં નામ વગેરે વાતવાતમાં જણાવતા હતા. તેઓ પૂછતા : "તમે અમૃતસરમાંથી પસાર થઈને આવ્યા? તમે … … ગલીમાં થઈને નીકળેલા?" અને જ્યારે મેં કહ્યું કે હા, ત્યારે તેઓ ત્યાં ગાળેલા ભૂતકાળના દિવસોનું આંસુ સાથે સ્મરણ કરતા.

"તમે અયુબ ખાનને મળેલા?–પ્રેસિડન્ટને."

અમે તેમને મળવાની યોજના કરેલી. તેણે પહેલાં તો અમને મુલાકાત આપવાનું કબુલેલું પણ; પછી તેઓ ફિલિપાઈનના પ્રેસિડન્ટની પધરામણી અંગે ખૂબ કામમાં પડી ગયા અને અમને મળી શક્યા નહિ અમે બધું મળીને એક મહિનો પાકિસ્તાનમાં રહ્યા. ત્યાં અમને સારું સ્વાગત મળ્યું.

"પછી પાકિસ્તાનથી તમો ક્યાં ગયા?"

પાકિસ્તાનથી અમે અફઘાનિસ્તાન ગયા અને તેની રાજધાની કાબૂલમાં રહ્યા. એક હિંદી વેપારીના મહેમાન તરીકે અમે ત્યાં દશ દિવસ રહ્યા. તેણે અમારા જોડાની પહેલી જોડ બદલાવી આપી ! આખી મુસાફરી દરમ્યાન અમે દરેકે જોડાની પાંચ-પાંચ જોડ બદલી છે !

"કાબૂલમાં તમે કોને કોને મળ્યા ?"

"મોટે ભાગે વિદ્યાર્થીઓને. અમે અફઘાનિસ્તાનના રાજાને કે મુખ્ય પ્રધાનને મળી શક્યા નહિ, પણ એટમિક એનર્જી કમિશનના પ્રમુખ મિ. કક્કરને મળ્યા હતા. અલબત્ત, કાબૂલથી તહેરાન સુધીના આખા પ્રદેશ ઉપર અમે અફઘાન જનતાને મળી શક્યા. તેઓ ઘણા આતિથ્યપ્રિય છે. અમે જે જે રસ્તે ગયા તે રસ્તા પરના ગામના અમલદારોને સરકારે ઓર્ડર આપ્યા હતા કે અમારી સગવડ સાચવે અને અમને પૂરેપૂરો સહકાર આપે. લગભગ એક મહિના સુધી અમે દરિયાની સપાટીથી ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ પ્રવાસ કર્યો. એકીસાથે દિવસો સુધી અમને બહુ જ થોડું ખાવાનું મળ્યું. ખાંડ વિનાની બ્લેક ચા અને બ્રેડ એ જ અમારો ખોરાક રહ્યો. એક ગામમાં તો લોકો એટલા ગરીબ હતા કે અનેક ઘરો મળીને અમને કાંઈક ખાવાનું આપી શકતા. આ પ્રસંગ ખૂબ જ કરુણ હતો.

માંસ ખાધું નહિ

"તમને ખાવા માટે શું મળતું ?"

અમો બન્ને શાકાહારી છીએ. એટલે માંસનો તો કોઈ પ્રશ્ન જ ન હતો. જ્યારે અમને મળતી ત્યારે અમે દ્રાક્ષ ખાતા. પણ ઘણીવાર અમે એક સ્થળેથી ઊપડીએ ત્યારે એકલો જે કાળી ચા અને બ્રેડ આપતા તેથી ચલાવી લેતા અને પછી બીજે ગામ પહોંચીએ ત્યારે ત્યાં જે મળતું—તેવી જ ચા અને બ્રેડ—તેથી ચલાવી લેતા.

"તમારો રસ્તો તમને સરળતાથી મળી રહેતો ?"

હમેશાં નહિ. ઉત્તર અફઘાનિસ્તાનના પ્રદેશમાં, અમને ભયંકર ધૂળનું તોફાન નડ્યું અને અમને રસ્તો બતાવવા માટે અમારી સાથે એક અમલદારને ચાર દિવસ સુધી સાથે આવવું પડ્યું.

"અને ઈરાનમાં એ બાબતમાં કેમ હતું ?"

અમે ચાલતા જ રહ્યા. કોઈ કોઈ વાર કાર અમારી પાસેથી પસાર થઈ જાય, પછી મોટે ભાગે, એ કાર પાછી ઊભી રહે અને પછી માલિક અમને લિફ્ટ આપવા માગણી કરે. તેને જ્યારે ખબર પડે કે 'કારની લિફ્ટ' એ અમારા સિદ્ધાન્તની વિરુદ્ધની બાબત છે ત્યારે તે આશ્ચર્યચકિત થઈ જાય. તે છતાં અમે જ્યારે જ્યારે તેમના પ્રદેશમાંથી પસાર થઈએ ત્યારે તેઓ પોતાને શોધી કાઢી મળવાની માગણી તો કરે જ.

"તમે તે માગણી સ્વીકારતા ?"

હા. કારણકે તેઓ સહૃદયતાથી એ કહેતા હતા. તેઓ ઘણી વખત અમને પૈસા આપવાનું કહેતા પણ અમારે તેની ના પાડવી પડતી. એક વખત તો (આ બન્યું કઝેરિયન નામના કસ્બા ગામમાં) એવું બન્યું કે આવી રીતની માગણી કરતા અમે એક મિત્રને ત્યાં જઈને બારણું ખખડાવ્યું. તે પ્રસંગે તે નમાઝ પઢતા હતા, તે છતાં, નમાઝ

પડતી મૂકી, અમે જાણે પયગંબરના દૂત જ આવ્યા હોઈએ તેમ, રોમાંચ અનુભવી, પૂર્ણ ઔદાર્યથી અમારું સ્વાગત કર્યું.

"સામાન્ય ઈરાની નાગરિકોએ તમારું કેવું સ્વાગત કર્યું?"

ઈરાનીઓ આતિથ્યપ્રેમી પ્રજા છે, પણ અમને એક બાબતે ખૂબ રમૂજ આપી: જ્યાં જ્યાં અમે ગયા ત્યાં અમને રાજકપૂર અને નરગિસ વિશે પૂછવામાં આવ્યું. નેહરુ કરતાં પણ વધુ જાણીતા તેઓ લાગ્યા. 'આવારા' અને '૪૨૦'માંનાં ગીતો ગાવાનું અમને સ્થળે સ્થળે કહેવામાં આવ્યું. લોકોએ તેમના પ્યારા રાજકપૂર તથા નરગિસને તેમનાં સ્નેહચુંબનો પહોંચાડવાનું પણ અમને કહ્યું છે!

"આ જ પ્રમાણે રાજકપૂર અને નરગિસ બીજે કયાં કયાં લોકપ્રિય હતાં?"

સોવિયેટ યુનિયનમાં. અફઘાનિસ્તાન, ઈરાન અને સોવિયેટ યુનિયનની સામાન્ય જનતામાં ઓળખાણના પ્રથમ પગથિયાં તરીકે તેઓ ખૂબ ઉચિત હતાં!

"તમે ઈરાનના શાહને મળ્યા હતા?"

હા, અમને પંદર મિનિટની મુલાકાત આપવાની ઉદારતા તેમણે દર્શાવી હતી. તેમણે જણાવ્યું કે ભૂદાન હિલચાલ વિશે તેમણે સાંભળ્યું હતું અને તેનાથી તેઓ પ્રભાવિત થયા હતા. તેમના રાજ્યમાં તેવા જ ધોરણ ઉપર તેઓ કાંઈક કરે છે એ તમે જાણો છો.

સોવિયેટ વીસા

"સોવિયેટ યુનિયનમાં પ્રવેશ મેળવવા માટે તમારે કયી વિધિ બજાવવી પડી હતી?"

એ તો લાંબી વાત છે. પહેલાં તો સોવિયેટો ખૂબ જ કપરા હતા. તેઓ જાણવા માગતા હતા કે અમારી પાસે કેટલા પૈસા છે, સોવિયેટ યુનિયનમાં અમે શા માટે આવીએ છીએ, અને મોસ્કો પહોંચ્યા પછી અમે શું કરવા માગીએ છીએ. અમે જણાવ્યું કે અમારી પાસે પૈસા તો છે જ નહિ, અમારે જોઈતા પણ નથી; અમારો મુખ્ય પ્લાન મોસ્કો જવાનો છે અને ત્યાં ખ્રુશ્ચોવને મળવાનો છે. મળીને અમે તેમને એ કહેવા માગીએ છીએ કે તમો ઍટમ-શસ્ત્રોની બનાવટ બંધ કરો; તેમજ નિઃશસ્ત્રીકરણ અંગે પણ તેમનો જવાબ અમારે મેળવવો છે. આટલું કરી અમે વૉરસો જવા રવાના થઈશું.

"તેમણે શું કહ્યું?"

અમારી ખંતથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે આપણા એલચીખાતાના માણસો સાથે મસલત કરી. તેમણે જણાવ્યું કે અમે તેમને આ બધું સમજાવી જોયું છે પણ તેઓ દૃઢનિશ્ચયી છે એટલે માનશે નહિ; અને વધુમાં જણાવ્યું કે જ્યાં સુધી તેઓ સોવિયેટ યુનિયનમાં છે ત્યાં સુધી અમારા કોઈ પણ કામ માટે તેઓ જવાબદાર રહેશે.

"એટલે તમને પછી વીસા મળ્યા?"

ચાર ચાર દિવસની ચર્ચા પછી, રશિયનોએ, એકાએક, અમને બોલાવ્યા અને અમારા પાસપોર્ટ ઉપર સિક્કા મારી આપ્યા!

"સોવિયેટ સરહદે તમે ક્યારે પહોંચ્યા?"

નૂતનવર્ષદિને, જાન્યુઆરી ૧, ૧૯૬૩. અમે કાસ્પિયન સરહદે ઝીઝુલા પહોંચ્યા.

અમે જોયું કે આર્મિનિયા, જ્યોર્જીઆ અને આઝરબૈજાનના પ્રતિનિધિઓને અમારા આવવાના ખબર પહોંચી ગયા હતા અને તેથી અમારું સ્વાગત કરવા તેમજ સરસ ભોજન પાણી ગોઠવવા તેઓ તૈયાર રહ્યા હતા. અમે દારૂ પીતા નથી છતાં અમારે અમારા સિદ્ધાંતનો ભંગ કરવો પડ્યો અને તેમની સાથે મિત્રતાના એંધાણ તરીકે 'કોગ્નેક' પીવો પડ્યો!

"ત્યાં ખૂબ જ ઠંડી નહોતી?"

ત્યાં ખરેખર ખૂબ જ ઠંડી હતી. સદ્‌ભાગ્યે, એક હિંદી વ્યાપારી, મિ. મક્કન સિંહ, જેમની સાથે અમે તહેરાનમાં રહ્યા હતા, તેમણે અમને લગભગ રૂા. ૬૦૦)નાં ગરમ કપડાં ખરીદી આપ્યાં. સોવિયેટ શાન્તિ-સમિતિના પ્રતિનિધિઓએ અમને જણાવ્યું કે તમે બરફવાળા રસ્તા ઉપર ભાગ્યે જ ચાલીને આગળ જઇ શકશો. અમે જણાવ્યું કે આ બાબત એવી છે કે એ વિશેનો છેવટનો નિર્ણય તો અમારે જ કરવો રહ્યો. એટલે અમે ચાલતા જવાનું જ રાખ્યું. શાન્તિ-સમિતિએ અમારી પાછળ પાછળ એક કાર મોકલી, જેમાં અમારો પંદર કિલો વજનનો કપડાંનો થેલો હતો.

"તમે ક્યાં સુધી ચાલતા ગયા?"

સોચી સુધી. પછી તો ચાલવું લગભગ અશક્ય થઈ પડ્યું, એટલે અમારે મોસ્કોની હવાઈ-વિમાનની ટિકિટ સ્વીકારવી પડી! આમ છતાં, અમે કેટલાક દિવસ ચાલવાનું રાખેલું. દરેક ગામે અમે જ્યાં જ્યાં રોકાયા, ત્યાં ત્યાં અમે સ્થાનિક ઇંગ્લિશ શિક્ષકની મદદ લેવાની રાખી. પછી તે અમારી સાથે આવે, અને નજીકના ગામના ઇંગ્લિશ શિક્ષકને અમારી સોંપણી કરે. બહુ જ થોડા સમયમાં અમે રશિયન ભાષા બોલતા થઈ ગયા!

"અને મોસ્કોમાં?"

મોસ્કોમાં તો સરળ હતું. શાન્તિ સમિતિએ અમારો કબજો લીધો. વર્તમાનપત્રકારોએ અમારા ઇન્ટરવ્યૂ લીધા, રેડિયો અને ટેલીવિઝન દ્વારા પણ પ્રજાના સમાગમમાં આવ્યા. એના અમને પૈસા આપવા માંડ્યા પણ તેની અમે ના પાડી. એને બદલે અમારી બધી વ્યવસ્થા કરતી શાન્તિ-સમિતિને એ પૈસા આપવા અમે જણાવ્યું. લુમુમ્બા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ અમે વ્યાખ્યાનો આપ્યાં.

"તમે ક્રુશ્ચેવને મળેલા?"

અમારો ઇરાદો તો હતો. પણ અમે તેમને મળી શક્યા નહિ. પણ તેણે અમારા કામની કદર કરતો, તેમ જ જો તમારા જેવા વધુ માણસો હોય તો વિશ્વશાન્તિનો પ્રશ્ન ખાત્રીથી તરત જ પતી જાય એવું જણાવતો એક પત્ર અમને મોકલ્યો. તેણે અમને સુપ્રીમ સોવિયેટના પ્રમુખ, મિ. સ્પિરિડિનોવને મળવા જણાવ્યું. તેણે અમને ઠીકઠીક સમય મુલાકાત આપી. સ્પિરિડિનોવે જણાવ્યું કે સોવિયેટ યુનિયન ટેસ્ટ બાન એગ્રીમેન્ટ માટે ખૂબ જ આતુર અને ગંભીર છે. અને જો તે એકપક્ષીય નિઃશસ્ત્રીકરણ માટે સંમત ન થતું હોય તો તે એટલા ખાતર કે સોવિયેટ યુનિયનને તેના દુશ્મનો છે અને તેની સામે તેણે સુસજ્જ રહેવું જ પડે. તે ખૂબ વિનયી હતો.

"તમને રશિયનોએ કોઈ પ્રકારની મદદ કરેલી ખરી કે?"

અનેક પ્રકારે. હું એ કહેવાનું ભૂલી ગયો હતો કે તહેરાનમાં જ ખુદ, રશિયન એલચી-

ખાતાએ અમારા ન્યૂક્લીઅર નિઃશસ્ત્રીકરણ ઉપરના સ્ટેટમેન્ટનું રશિયન ભાષામાં ભાષાંતર કરી આપવામાં અમને મદદ કરેલી તેમ જ તે ભાષાંતરની પાંચસો નકલ પ્રજામાં વહેંચવા માટે આપેલી પણ ખરી. મોસ્કોમાં અમને એક કાર તથા એક ઈન્ટરપ્રીટર પણ આપવામાં આવેલો.

વોરસોમાં

"મોસ્કોથી પછી તમે ક્યાં ગયા?"

અમે વોરસો ગયા. મોસ્કોથી પોલાન્ડની સરહદે પહોંચતાં અમને ૪૫ દિવસ લાગ્યા. સખત શિયાળો હતો. પણ અમે એ સહી લીધો. આ પ્રસંગે અમારી પાસે નહોતો ઈન્ટરપ્રીટર કે નહોતી કાર, જેમાં અમે અમારો બિસ્તરો તેમ જ ૧૫ કિલો વજનનાં અમારાં કપડાં મૂકી શકીએ. પણ અમે રશિયન ભાષા શીખી ગયા હતા અને હવે એમાં વાતચીત પણ કરી શકતા હતા. અમે ફાર્મ-ઘરમાં સૂતા. અમે મોસ્કો છોડ્યું તે પહેલાં રેડિયો ઉપર વાર્તાલાપો આપ્યા હતા તેમ જ ટેલીવિઝન ઉપર અમે દેખાયા હતા તેમ જ અમારી યાત્રા વિશે તથા અમારા વિશે ત્યાંનાં પત્રોમાં ઠીક ઠીક લખાણો આવી ગયાં હતાં તેથી, અમે પ્રજામાં જાણીતા થઈ ગયા હતા, ઠેર ઠેર અમારું સ્વાગત સારી પેઠે કરવામાં આવતું હતું.

"આમ જનતા મદદ રૂપ થઈ પડી હતી?"

ઘણી જ. મેં તમને જણાવ્યું તેમ, ત્યાંની પ્રજા તો રાજકપૂર અને નરગિસના દેશના રહીશ તરીકે અમારી સાથે હાથ મિલાવવા ખૂબ ખૂબ આતુર થઈ રહી હતી. કેટલીક વાર તો મૂંઝવણ ભરેલા પ્રસંગો પણ આવતા. સોવિયેટ પ્રવાસના પહેલા ભાગમાં, જ્યોર્જીયા અને આર્મિનિયામાં અમે ખેડૂતો સાથે ઊતર્યા હતા. ત્યાં એવો રિવાજ છે કે રાત્રે સૂતાં પહેલાં, ઘરની મોટી દીકરી મહેમાનના પગ પાણીથી ધુએ. અમે પહેલાં તો આ બાબત નકારી કાઢી, પણ પછી જ્યારે ખબર પડી કે આ તો ત્યાંનો સ્થાનિક રિવાજ છે ત્યારે અમારે એનો આદર કરવો પડ્યો અને તે પ્રમાણે કરાવ્યું.

"તમને ખૂબ ખૂબ આનંદજનક અનુભવો થયા હશે?"

ઘણા. હું તે બધાં તો જણાવી શકું તેમ નથી. હું દૈનિક રોજનીશી તો રાખું છું જ પણ હું એ જણાવવા ઇચ્છું છું કે માનવીય મિત્રતા તો સાર્વત્રિક છે. સ્ટેલિનના જન્મસ્થાન જ્યોર્જીયામાં અમે એક હોટેલમાં રહેતા હતા અને મધ્યરાત્રે બારણા ઉપર ટકોરા થયા. મેં બારણું ઉઘાડ્યું ત્યારે એક માણસ બહાર રાહ જોઈ ઊભો હતો; ધ્રુજતો હતો. મેં પૂછ્યું, તમારે શું જોઈએ છે? ત્યારે તેણે જણાવ્યું કે તે એક ટેક્સી-ડ્રાઈવર હતો. અને અમને તેણે રસ્તે, પગે ચાલતા જોયા હતા, એટલે તેણે અમને મદદ કરવી જ જોઈએ. તેણે કહ્યું: અહીં આવ્યા પહેલાં તે શહેરમાં બધેબધ અમારી તપાસ કરી આવ્યો હતો. તેણે અમને રૂબલ આપવા માંડ્યાં, પણ અમે તેનો સાભાર અસ્વીકાર કર્યો.

એ જ પ્રમાણે પોલાન્ડની સરહદ પર સાંજે લગભગ આઠ વાગ્યે એક જંગલના રસ્તે અમે પસાર થતા હતા, અને થાક લાગતાં થોડીવાર થોભી જવા નક્કી કર્યું. આ પછીનું બીજું ગામ ત્રણ કિલોમિટર દૂર હતું. એક વૃદ્ધ માણસ અમારી પાસે આવ્યો, અને અમને ઓળખી કાઢ્યા,-સોવિયેટ યુનિયનમાં લાગે છે કે દૂર દૂરનાં અંદરનાં ગામોમાં પણ ઘેર ઘેર રસોડામાં રેડિયો હોય છે અને ઘણું કરીને દરેક બ્હાર ઘરે ટેલીવિઝન સેટ હોય

છે—અને પોતાના મહેમાન બનવા ખૂબ આગ્રહ કર્યો. તે ત્યાંથી સામી દિશામાં ૩ કિલોમિટર દૂર આવેલા પોતાને ઘેર અમને લઈ ગયો અને ભોજન વગેરે માટે પોતાની દીકરીને અમને સોંપીને અને પાછો બહાર નીકળી ગયો. કલાક પછી તે પાછો ઘેર આવ્યો અને વિનંતિ કરી કે નજીકમાં જ આવેલી શાળામાં તેની સાથે અમારે જવું. થયેલું એવું કે તે નજીકનાં ગામોમાં ફરી વળેલો અને લોકોને ભેગાં કરેલાં અને અમને સાંભળવા માટે સેંકડો માણસો ત્યાં રાહ જોતા હતા!

ખૂબ રસ

"તેઓ શું જાણવા માગતાં હતાં?"

અમે કહીએ તે બધું જ. તેઓ રાજકપૂર અને નરગિસ વિશે જાણવા માગતાં હતાં, સાડી વિશે જાણવા માગતાં હતાં, અને સ્ત્રીઓ જે ચાંદલો કરે છે તે વિશે જાણવા માગતાં હતાં. અને નહેરુ ખૂબ ખૂબ ખૂબ સજ્જન છે એમ તેઓ વારંવાર કહ્યા જ કરતાં હતાં.

"તમે બીજે ક્યાં ગયા?"

પહેલાં તો પોલાન્ડ ત્યાં અમે એક મહીનો રહ્યા, તેમાંથી એક અઠવાડિયું શાન્તિ સમિતિના સૌજન્યથી વોરસોની એક હોટલમાં અમે કાઢ્યું. આમ તો અમે સામાન્ય રીતે ગ્રામ-ફાર્મમાં ઊતરતા. વોરસોમાં વાઇસ પ્રેસિડંટ, પ્રોફેસર કુલઝીન્સ્કી, કાઉન્સિલ ઑફ સ્ટેટના પ્રમુખને મળ્યા. પોલેન્ડમાં અમને જે ખૂબ ગમ્યું તે ત્યાંની કોઑપરેટિવ ખેતી-પદ્ધતિ હતી. સોવિયેટના કલેક્ટિવ ફાર્મ કરતાં એ વધારે સારી પદ્ધતિ છે.

"તમે પૂર્વ જર્મનીમાં ક્યારે પહોંચ્યા? અને ત્યાં શા શા અનુભવો થયા?"

અમે જૂનની ૪થીએ પૂર્વ જર્મની પહોંચ્યા. અમે એ દેશમાં અઢાર દિવસ રહ્યા. અમે ચાન્સેલર ઉલબ્રાઇટને લખી જણાવ્યું હતું કે અમે તેમને મળવા ઇચ્છીએ છીએ, તેની ઑફિસે અમે આવીશું, અને જ્યાં સુધી તેની સાથે ઇન્ટરવ્યૂ મળે નહિ ત્યાં સુધી પાછા ફરીશું નહીં. અમે જોયું હતું કે મથાળેનાં મુખ્ય માણસોને મળવા માટે આ જ એક રસ્તો હતો. મોટે ભાગે પત્રોના જવાબ મળતા ન હતા.

પૂર્વ બર્લિનથી લગભગ ૭ કિલોમિટર દૂર હતા, ત્યારે પૂર્વ જર્મનીની સરકાર તરફના જવાબ સહિત, કારમાં રાહ જોતી, એમીસરીને જોઈને અમે આશ્ચર્યચકિત થયા. તેણે જણાવ્યું કે ઉલબ્રાઇટ માંદા હતા, હોસ્પિટલમાં હતા, પણ ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર મિ. લોથર બોલ્ઝ, અમને મળી શકશે. અને તે મળ્યા. તેણે કહ્યું કે પૂર્વ જર્મની એવી ગેરંટી આપવા ખુશી છે કે તે એટમિક શસ્ત્રો બનાવશે નહીં, અને જો પશ્ચિમ જર્મની નાટોમાંથી નીકળી જાય તો વોરસો પેક્ટમાંથી ખસી જવા તૈયાર છે.

"પશ્ચિમ જર્મનીમાં આનાં રિએક્શન શાં થયાં?"

ઠીક. અમે પહેલાં પશ્ચિમ બર્લિન ગયા. વીલિ બ્રાન્ટ બહાર યુનાઇટેડ સ્ટેટ્સ ગયા હતા, અને તેમનો મદદનીશ અમને મળી શકે તેમ નહોતો. અમે પશ્ચિમ બર્લિનમાં કોઇ પણ મહત્ત્વના માણસને મળી શક્યા નહીં. પણ ત્યાંના પ્રેસ ઑફિસરે બર્લિન અને તેની વોલ જોવા જવા કાર આપી. અમે બર્લિન કાંઈ આટલા માટે નહોતા ગયા.

સ્વાગત નહીં

"અને પશ્ચિમ જર્મનીમાં?"

પૂર્વીય દૂયવાર્તીઓમાંના કેટલાક માણસોને અમારી પદયાત્રામાં રસ હતો. પણ મોટે ભાગના લોકો તો જર્મનીમાં છપાયેલું અમારું આપેલું સાહિત્ય સુદ્ધાં લેતા નહોતા! માર્ગમાં

લોકો અમારા હાથમાં સિક્કા ફેંકતા હતા; પણ અમારે પૈસાની જરૂર નહોતી. અત્યાર સુધીમાં પશ્ચિમ જર્મની એ જ એક એવો દેશ હતો કે જે અમારા પ્રત્યે ઉપેક્ષાવૃત્તિથી જોતો હતો અને ત્યાંના અધિકારીઓ અમારી વિરુદ્ધ હતા.

"તમે શું કહેવા ઇચ્છો છો?"

ઠીક, અમે ચાન્સેલર એડેન્યુઅરને ટૂંકી મુલાકાત આપવા લખ્યું હતું. પણ અમને જણાવવામાં આવ્યું કે રાજકીય હેતુને લીધે તેઓ અમને મળી શકે તેમ નથી. અમે કોઈ પણ રીતે તેને મળવા માટે તેની ઓફિસ આગળ ગયા, પણ અમને પ્રવેશદ્વાર આગળ જ અટકાવવામાં આવ્યા. અમે દ્વારરક્ષકોને અમારા મીશન વિશે જણાવ્યું. અમે ત્યાં સવારના આઠ વાગ્યાથી આખો દિવસ રાહ જોઈ. બપોરે લગભગ ચાર વાગ્યે દ્વારરક્ષકોએ આપણા એલચીખાતાને ટેલીફોન કર્યો હશે એટલે ત્યાંથી એક હિંદી કર્મચારી આવ્યો અને બાપુના નામે આ સત્યાગ્રહ છોડી દેવા અમને જણાવ્યું. અમે જણાવ્યું કે એ અશક્ય છે કારણ કે મુખ્ય તો અમે બાપુના શાંતિ–મીશન માટે બોન આવ્યા હતા. બપોરે પાંચ વાગ્યે પોલીસે અમારી પાસેના બે શાંતિ–પાટીયાં અને હજારેક પત્રિકાઓ ઝૂંટવી લીધાં ત્યારે જ અમે તે સ્થળ છોડ્યું. પણ વ્યક્તિગત રીતે કેટલાક જર્મનો અમારા પ્રત્યે માયાળુ રીતે વર્ત્યા. એક પાદરીએ અમને ગરમ કપડાં આપ્યાં, એક જુવાન મરદ દાર્મંડથી બોન સુધી અમારી સાથે ચાલ્યો અને બીજી એક છોકરી બોનથી આચેન સુધી આવી. પણ પ્રજા જાણે અમારી પત્રિકાઓ લેતાં ગભરાતી હતી.

મેનને કહ્યું કે અગિયાર દિવસ સુધી બેલ્જીયમમાં ગાળ્યા પછી તે હવે ફ્રાંસમાં આવી ગયો છે.

તેણે ડી ગોલને લખી જણાવ્યું હતું અને તેના જવાબની તે રાહ જોતો હતો. તે દરમ્યાન તે પેરીસીસ્ટ મિટિંગમાં હાજરી આપવા ચાટરસ જવાનો છે અને આઠવાડિયા પછી પાછો ફરશે. પછી ડી ગોલ સાથેની મુલાકાતની યોજના કરશે. પછી લંડન. પછી યુ. એસ.

['ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' તા. ૨૧ : ૯ : ૬૩ના અંકમાંથી સાભાર ઉદ્ધૃત.]

*

**

[છેલ્લા સમાચાર.

પારીસ તા. ૨૦–૯–૬૩ : બે હિંદી શાંતિકૂચયાત્રીઓ, મિસ્ટર ઈ. પી. મેનન અને મિ સતીશ કુમાર ફ્રાન્સની જેલમાં ત્રણ રાત્રી ગાળીને ગઈ કાલે લંડન જવા ઊપડ્યા.

તેઓએ એલીસી પેલેસ–જ્યાં પ્રેસિડન્ટ ડી ગોલ રહે છે–તરફ કૂચ કરી કે તરત જ તેમને પકડવામાં આવ્યા હતા. સેમવારે સાંજે હિંદી એલચી મિ. અલી યાવર જંગની અંગત દરમ્યાનગીરીથી ગઈ કાલે (તા. ૧૯મી) તેમને છોડવામાં આવ્યા હતા.

ટ્રેન દ્વારા ડંકર્ક જતા મેનન અને કુમારે જણાવ્યું હતું કે તેઓ હતાશ થઈ ગયા હતા કારણ કે યોજના પ્રમાણે તેઓ પેરીસથી આગળની યાત્રા પદયાત્રા—પગે ચાલીને કરી શકે તેમ નહોતા. રાજમહેલના એક કર્મચારી બહારના રીસેપ્શન રૂમમાં તેમને લઈ ગયા અને નિઃશસ્ત્રીકરણ અંગેનું તેમનું મેમોરેન્ડમ સ્વીકાર્યું.

કર્મચારીએ જણાવ્યું કે આ મેમોરેન્ડમ હું જનરલ ડી ગોલને પહોંચાડીશ અને તેઓ યથા સમયે તેનો જવાબ આપશે.—P. T. I. સંપાદક : 'પ્રસ્થાન']

નોબેલ પારિતોષિકવાળા
મ્યુઇસબાઉઅર અસર

સુવ્રતકુમાર પટેલ

તમારે જુવાન થવું છે? તો પછી તમારે અચળ વેગથી અનંત સમય સુધી અસિત કાળમાં મુસફરી કરવી જોઈએ—એવું મારું વિધાન તમને ચોંકાવશે. અને તમને જ કેમ, અત્યાર સુધી બધા જ વૈજ્ઞાનિકોને પણ ગીતાના પેલા વાક્ય : 'कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो।' [હું લોકનો નાશ કરનાર મહાકાળ છું] ની જેમ અકળાવનારો, મૂંઝવણમાં મૂકતો વિચાર હતો. પરંતુ અમેરિકન અવકાશયાત્રી ગોરડન કૂપર (Gordon Cooper)ની અવકાશયાત્રાએ આ દિશામાં નવાં જ દ્વાર ખોલ્યાં. અને વૈજ્ઞાનિકોનાં ભેજાંમાં એક સત્ય ખડું કરી દીધું: આ ઉડ્ડયનથી કૂપર વધુ જુવાન બન્યો હતો, એટલું જ નહીં તેનું ઘડિયાળ પણ પાછળ પડી ગયું હતું—અર્થાત્ તેની ગતિ મંદ થઈ ગઈ હતી.

આ હકીકત કૂપર કે તેના સાથીદારોના ધ્યાનમાં જ ન આવી! કારણ કે તે ફેરફાર ઘણો નજીવો હતો. પ્રત્યેક કક્ષામાં ફરતાં દર ૯૦ મિનિટે તેની ઉંમર જો તે કેપ કૅનાવરલ (Cape Canaveral-જ્યાંથી રૉકેટ છોડવામાં આવેલું) માં હોત એની સરખામણીમાં સેકન્ડના ૧૦ લાખમા ભાગ જેટલી ઓછી થતી હતી. તથા ૨૪ કલાક કક્ષામાં ભ્રમણ કરતાં એનું ઘડિયાળ ૧/૬૦,૦૦૦ પ્રતિ સેકન્ડે પાછળ પડતું જતું હતું. અલબત્ત આ ફેરફાર ઘણો જ નજીવો છે, તેનું કારણ રૉકેટની ઓછી ઝડપ છે. પણ ભવિષ્યમાં જ્યારે આથી પણ વધુ ઝડપી રૉકેટ થશે, ત્યારે આ ફેરફાર પણ મોટો બનશે. પરંતુ અત્યારે તો આ નાના સરખા ફેરફારે વૈજ્ઞાનિકો સમક્ષ એક સત્ય હકીકત રજૂ કરી દીધી: વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની કલ્પના ખરી છે.

આઈનસ્ટાઈનના કહેવા પ્રમાણે જો કોઈ પણ ગતિશીલ પદાર્થ પ્રકાશની ઝડપે અથવા તો લગભગ તેની નજદીકની ગતિથી ગતિ કરે, તો સમયમાં એકદમ ઘટાડો આવી જશે. અર્થાત્, ગતિ જેટલી વધુ, તેટલો જ સમય પાછળ. આ સિદ્ધાંત ફક્ત અંતરિક્ષમાં મુસાફરી કરનારને જ નહીં, સઘળી ગતિમાન વસ્તુઓને લાગુ પડે છે. કેટલાંક ઉદાહરણોથી આ વસ્તુ સ્પષ્ટ થશે.

ધારો કે તમે એક મોટરમાં તીવ્ર વેગથી મુસાફરી કરી રહ્યા છો, અથવા તો તીવ્ર વેગથી દોડી રહ્યા છો. એ સમયે પણ તમારું ઘડિયાળ અને તમારી શારીરિક વૃદ્ધિમાં ઘટાડો થતો જાય છે! પરંતુ આ ઘટાડાની અસર એટલી બધી સૂક્ષ્મ હોય છે, કે તે અનુભવાતી કે જણાતી નથી. મોટરની મુસાફરીમાં લગભગ ૧ કરોડ વર્ષમાં ૧ મિનિટ જેટલો જ ઘટાડો થાય છે.

એક બીજું ઉદાહરણ જોઈએ. એક માણસ સ્ટીમરના 'ડેક' ઉપર ફરે છે. તે સ્ટીમરની ગતિ દર કલાકે ૧૨ માઈલ હોય, અને તે માણસ 'ડેક' ઉપર દર કલાકે ૩ માઈલની ઝડપથી આગળ વધતો હોય; તો તે માણસની ગતિ, સમુદ્ર-કે જે સ્થિર છે-ની સરખામણીમાં પ્રત્યેક કલાકે ૧૫ માઈલની થશે. અને જો તે પહેલાંની જ ગતિથી 'ડેક' ઉપર પાછળ તરફ આવે તો સાગરની સરખામણીમાં તે પ્રત્યેક કલાકે ૯ માઈલની થશે.

બેંગલોરના 'હિંદુસ્તાન એરક્રાફ્ટ લિમિ૦' એ થોડાં વર્ષ પહેલાં ઈ. સ. ૧૯૬૧માં એક જંગી 'સુપરસોનિક' જેટ વિમાન બનાવેલું. તથા એવાં જ બીજાં 'સુપરસોનિક' વિમાનો કે જેમની ગતિ એક 'મેક'*થી પણ વધુ, એટલે કે ધ્વનિની ગતિથી પણ વધુ: લગભગ દર કલાકે ૬૬૦ માઈલની હોય તેવા જેટ વિમાનને ૩ મેક જેટલા વેગથી ઉડાડવામાં આવશે ત્યારે મળતાં પરિણામ આશ્ચર્યજનક આવશે. પૃથ્વી પોતાની ધરી પર એક વખત ફરવા માટે ૨૪ કલાક લે છે. આથી પૃથ્વીના જુદા જુદા અક્ષાંશો પર સૂર્યનો પ્રકાશ દર કલાકે લગભગ ૧૦૦૦ માઈલ કાપશે. આથી જ ગ્રીનવિચ અને ભારતના સમયમાં ૫½ કલાકનો ફેર રહે છે. હવે, જ્યારે આવું જેટ વિમાન સોમવારના બપોરે ભોજન લઈને લંડનથી નીકળે તો એ જ દિવસે સવારે નાસ્તાને સમયે ન્યૂયોર્ક પહોંચશે. અને મંગળવારે બપોરના ભોજન પછી મુંબઈથી ઉપડેલા મુસાફરો એ જ દિવસે સવારે લાર્ડ્સના મેદાનમાં સવારના પહોરમાં જ શરૂ થએલી ટેસ્ટ મેચ જોઈ શકશે! અહીં બંને પદાર્થો ગતિમાં હોવાથી ઓછી ઝડપે પણ પરિણામમાં તફાવત મોટો આવે છે.

આઈનસ્ટાઈન આ માટે એક નીચેનો સુંદર દાખલો આપે છે:

ધારો કે એક લાંબો રેલવે-માર્ગ છે. એક માણસ (क) રેલવેના માર્ગથી અમુક અંતરે બેઠેલો છે, જેના હાથમાં બે અરીસા છે, જેથી રેલવે-માર્ગની બંને બાજુએ સહેજ પણ સમયના ફેરફાર વગર સરળતાથી તે જોઈ શકે છે. હવે ખૂબ તોફાન આવે છે, અને બે વીજળીઓ 'એકી સાથે' રેલવે-માર્ગના બે સ્થળ अ તથા ब પર પડે છે. હવે આઈનસ્ટાઈનનો પ્રશ્ન છે, કે 'એકી સાથે' કહેવાનું આપણું તાત્પર્ય શું છે? હવે, જ્યારે अ અને ब સ્થળે વીજળી પડતી હોય, ત્યારે જ તે બે સ્થાનોની વચ્ચે એક ટ્રેન પસાર થાય છે, જેની ઉપર એક બીજો માણસ (ख) હોય છે, જેની પાસે પણ પેલા (क) માણસની જેમ બે અરીસા હોવાથી તે બંને બાજુએ સહેજ પણ સમયના ફેરફાર વગર જોઈ શકે છે. તે જ્યારે क ની સીધમાં આવે છે, એટલે કે क અને ख સમાંતર બને છે ત્યારે જ વીજળી પડે છે. હવે, પ્રશ્ન એ છે કે ख માણસને પણ બે સ્થળોએ પડતી વીજળી 'એકી સાથે' જ દેખાઈ હશે? અલબત્ત નહીં જ, કારણ જો ટ્રેન ब થી अ તરફ વધી રહી હશે, તો ब પર પડતી વીજળી अ પર પડતી વીજળી કરતાં એક સેકન્ડ મોડી દેખાશે. વધુ ચોકસાઈ માટે ટ્રેનને પ્રતિ સેકન્ડે ૧,૮૬,૨૮૪-માઈલ (પ્રકાશની ઝડપે) જતી કલ્પો. આ અવસ્થામાં ब સ્થળ પરની વીજળી, अ સ્થળ પરના વીજળીના વેગ જેટલી જ હોવા છતાં, ब સ્થળ પરની વીજળી અરીસામાં કદી પણ નહીં દેખાય-કારણ કે તે ટ્રેનને ક્યારે પણ પકડી નહીં શકે. આમ ગાડી ભલે એટલી ગતિમાં હોય, પરંતુ ગાડી ઉપર બેઠેલો ख માણસ એમ જ કહેશે, કે अ સ્થળ પર વીજળી પ્રથમ પડી છે. આમ સ્થિર માણસ क ને 'એકી સાથે' વીજળી પડતી દેખાય છે, જ્યારે ગતિશીલ માણસ ख ને 'એકી સાથે' દેખાતી નથી.

---

* સમુદ્રના પૃષ્ઠભાગ ઉપર સ્વચ્છ વાતાવરણમાં ધ્વનિના તરંગોની ગતિ કલાકમાં ૭૬૦ માઈલની હોય છે, જેને એક 'મેક' કહે છે. જંગી જેટ વિમાનોની ગતિ સામાન્ય રીતે 'મેક'થી મપાય છે.

આ સિદ્ધાંત એચ. જી. વેલ્સના પેલા પ્રખ્યાત પુસ્તક "કાળ પ્રવાસી" ('The Time Machine') માં પણ દર્શાવવામાં આવ્યો છે. તથા બીજી રોજરની એક કલ્પના-કથામાં પણ આ હકીકત જાણવા મળે છે. જુલે વર્ન પણ "૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા ('Around the World in 80 Days') માં આ જ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. આમ આ સિદ્ધાંત પ્રાચીન સમયથી જાણીતો છે.

પરંતુ, સમયમાં થતો આટલો સૂક્ષ્મ ફેરફાર માપવાનું કોઈ પણ સાધન અત્યાર સુધી વિજ્ઞાન પાસે ન હતું. પરંતુ, એ માટે ભૌતિકશાસ્ત્ર જર્મન યુવાન વૈજ્ઞાનિક ડૉ. રુડોલ્ફ એલ. મ્યુસ્બાઉઅર (Dr. Rudolf L. Mossbauer) નું હમેશાં ઋણી રહેશે. અને તે આખી વિધિ એટલે જ 'મ્યુસ્બાઉઅર અસર' (ઘટના-'Mossbauer Effect'), જેની સહાયથી જ ટૂંપરના ઉડ્ડયનનો સૂક્ષ્મ ફેરફાર જાણી શકાયો.

આ આખી ઘટનાનો સંબંધ પરમાણુના કેન્દ્રમાં રહેલા નાભિ કે કેન્દ્ર (Nucleus) અને તેમાંથી વિશિષ્ટ સંજોગોમાં ઉદ્ભવતા ગેમા કિરણો છે. જ્યારે કોઈ પદાર્થના પરમાણુઓમાં રહેલા કેન્દ્રમાં કોઈ પણ કારણે વિશિષ્ટ પ્રકારનું કંપન થાય છે, ત્યારે તેમાંથી આ કિરણો ઉત્પન્ન થાય છે. કેન્દ્રમાંથી નીકળતા આ ગેમા કિરણો પાસેના એ જ પદાર્થના બીજા પરમાણુના કેન્દ્રમાં એ જ તરંગલંબાઈનું કંપન પેદા કરે છે—અર્થાત્ બંનેની આવૃત્તિ એક જ બને છે. પરિણામે બીજા પરમાણુમાંથી પણ ગેમા કિરણો બહાર પડે છે. સૈદ્ધાંતિક રીતે તો આ નિયમ વૈજ્ઞાનિકોની જાણમાં હતો, પરંતુ વ્યાવહારિક રીતે તેમને કોઈ સફળતા મળતી ન હતી. એટલે કે તેઓ પાસેના પરમાણુમાં કંપન પેદા કરી શકતા ન હતા. આનું કારણ એ છે, કે જ્યારે કેન્દ્રમાંથી ગેમા કિરણો ઉદ્ભવે છે, ત્યારે ન્યૂટનના ગતિના ત્રીજા નિયમથી* તે કિરણોની કેટલીક શક્તિ કેન્દ્રને પોતાની ગતિની વિરુદ્ધ દિશામાં ધકેલે છે, જેથી તેટલી શક્તિ શોષાઈ જાય છે. પરિણામે ગેમા કિરણોની તરંગલંબાઈ, કે જે પદાર્થના કંપન પર આધારિત છે તે બદલાઈ જાય છે. પરિણામે બીજા કેન્દ્રમાં તે જ રીતે કંપન પેદા કરી શકતાં નથી.

હવે, મ્યુસ્બાઉઅરે ગેમા કિરણોની શક્તિ વ્યર્થ ન જાય, અને તેમની મૂળ તરંગલંબાઈ કાયમ રહે એવી વિધિ બતાવી. આ માટે તેમણે નીચે પ્રમાણે બે મુખ્ય ઉપાયો બતાવ્યા:

(૧) ગેમા કિરણો જેટલાં વધુ શક્તિશાળી, એટલો જ તેમનો પાછળ તરફનો ધક્કો (આઘાત) વધુ પ્રબળ. જેવી રીતે બંદૂકમાં ગોળી જેટલી શક્તિ અને ઝડપથી વધુ આગળ ફેંકાય, તેટલી જ બંદૂક પાછળની દિશા તરફ ધકેલાય છે. પરિણામે જેમ બને તેમ ઓછા શક્તિવાળા ગેમા કિરણો ઉત્પન્ન કરવા જોઈએ, જેથી આઘાત ઓછો લાગે. આ માટે તેમણે ઈરિડિયમ-૧૯૧ તથા લોખંડ-૫૭ નામની ધાતુઓ પસંદ કરી.

(૨) બંદૂક ફોડતી વખતે તે પાછળની દિશા તરફ ધક્કો ન મારે, તે માટે તેના પાછળના છેડાને ખભાની આગળ રાખવામાં આવે છે, જેથી ખભો લાગેલા ધક્કાને ખમી શકે. આ જ રીતે-પરમાણુના કેન્દ્રને કોઈ-પણ રીતે સખત અને મજબૂત બનાવવામાં આવે છે.

* ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ: "આઘાત અને પ્રત્યાઘાત સરખા પરંતુ એકબીજાથી વિરુદ્ધ દિશામાં હોય છે."

તો લાગેલા આઘાતને ખમી શકે. આ માટે બાઉઅરે બતાવ્યું કે આવા પદાર્થોના કેન્દ્રોને ઘન અવસ્થામાં અતિશય ઠંડા કરી નાંખવામાં આવે, તો તેઓ મજબૂત બને છે.

આ તરકીબોથી મ્યુસ્સબાઉઅરને કેન્દ્રમાં કંપન ઉત્પન્ન કરવામાં સફળતા પ્રાપ્ત થઈ. અને આ જ કંપનોથી તેમણે ૧ કરોડ વર્ષની ૧ મિનિટના નાનામાં નાના અંતરને પણ માપ્યું. જુદી જુદી ધાતુઓના પરમાણુના કેન્દ્રમાંથી ઉદ્ભવતા ગેમા કિરણોની તરંગલંબાઈ જુદી જુદી હોય છે, તથા તેમની સંખ્યા પણ જુદી જુદી હોય છે.

ડૉ. બાઉઅરે બનાવેલા સમયને માપવાના અતિ સૂક્ષ્મ સાધન (ઉપકરણ) ને 'નાભિ-ઘડિયાળ' (Nucleus-watch) કહે છે. આ શોધ તથા ગેમા કિરણો સંબંધી સંશોધનોને પરિણામે ઈ. સ. ૧૯૬૧ નું ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક ડૉ. બાઉઅરને એનાયત કરવામાં આવ્યું. આ પુરસ્કારમાંથી અડધો હિસ્સો અમેરિકાની સ્ટેનફોર્ડ વિશ્વવિદ્યાલયના ડૉ. રોબર્ટ હાફસ્ટેડરને પરમાણુના કેન્દ્રના સ્વરૂપ વિશે મહત્ત્વનો ફાળો આપવા બદલ એનાયત કરવામાં આવ્યો.

ગમે તેવી ક્ષણે વિનાશને આરે આવી પડેલી માનવ સંસ્કૃતિના સૂક્ષ્મ ઉરધબકારાને 'મ્યુસ્સબાઉઅર અસર'થી માપીને તોળાઈ રહેલા ભયમાંથી મુક્તિ મેળવવા ભવિષ્યમાં માનવી પ્રયત્ન કરશે? તેનો ઉત્તર અતિ ગૂઢ છે—જે ભાવિના અણઉકલ્યા આવરણોની અંદર દટાએલો પડ્યો છે।

★

આ પ્રવાહ અટકવો જોઈએ

'પ્રમાદી'

આજકાલ છાપાંમાં રોજ ને રોજ એકાદ વિદ્યાર્થીના અમેરિકા જવાના સમાચાર વાંચવામાં આવે છે. મારા નમ્ર મત પ્રમાણે પરદેશ જવાના આ શોખ ને પ્રમાણે અતિરેક થઈ ગયો છે; હવે આ પ્રવાહ અટકવો જોઈએ. સરકારે પણ પરદેશ જનારાને બિલકુલ ઉત્તેજન આપવું જોઈએ નહિ, તેમ જ પરદેશથી ડિગ્રી લઈ આવનારને મોટી નોકરી કે વધારે પગાર આપવા જોઈએ નહિ.

વાંચનારને પહેલી નજરે મારી વાત સાવ વાહિયાત અથવા મૂર્ખાઈભરી લાગશે, પરંતુ આપણે વિચાર કરીએ કે આપણે પરદેશ જવાની શી જરૂર છે? એ તો ઉઘાડી વાત છે કે ઇંગ્લૅંડ અને અમેરિકા જેવા દેશો અનેક વિદ્યાકળા તથા હુન્નરમાં આપણા કરતાં ઘણા આગળ વધેલા છે, અને એમના અનુભવનો તેમ જ એમના જ્ઞાનભંડારનો આપણે લાભ લેવો હોય તો આપણે એમના ચરણે બેસીને અધ્યયન કરવું જોઈએ. પરંતુ એ લોકોએ પોતાની હાલની જ્ઞાનસમૃદ્ધિ કેવી રીતે મેળવી? અમેરિકાવાળા શું યુરોપ જઈને બધું શીખી આવ્યા છે? અને માનો કે અમેરિકનો ઇંગ્લૅંડ જર્મની આદિ દેશોમાં શીખવા જતા હતા તો એક પ્રશ્ન પૂછી શકાય કે જર્મનો ક્યા દેશમાં શીખવા જતા હતા? અર્થાત્ અભ્યાસની બાબતમાં પણ આપણે આપણા પગ પર જ ઊભા રહેતાં શીખવું જોઈએ. એમ કરીશું તો જ આપણે ત્યાં મૌલિકતા પાંગરશે અને આપણે કંઈક નૂતન સંશોધન કરી શકીશું. આપણે ત્યાં આટલાં વર્ષોથી વિજ્ઞાન શીખવાય છે છતાં માત્ર એક જ નોબેલ ઇનામ આપણે મેળવી શક્યા છીએ! સંભવ છે કે આપણે પરાધીન હતા તેથી આપણને એ બાબતમાં અન્યાય થયો હોય. પરંતુ આપણા આવા જ્ઞાનદારિદ્ર્યનું એક કારણ મને તો એ પણ લાગે છે કે આપણે પરભાષામાં બધું શીખતા હતા; અને આપણે પરાઙ્મુખ હતા. આજે આપણે પરદેશી ધૂંસરીમાંથી તો છૂટ્યા છીએ પરંતુ પશ્ચિમની સાંસ્કૃતિક ગુલામીમાં આપણે વધારે ને વધારે ફસાતા જઈએ છીએ.

આપણે ત્યાંથી જે વિદ્યાર્થીઓ અમેરિકા જાય છે તે બધા ત્યાંના રીતરિવાજ, ત્યાંની રહેણીકરણી અને ત્યાંનાં ધોરણ શીખીને આવે છે. આપણા દેશની આબોહવા, આપણી સામાજિક અને આર્થિક પરિસ્થિતિ તથા આપણી રહેણીકરણીને અનુકૂળ એવું તેઓ ભાગ્યે જ શોધી લાવે છે, કે પોતાની મેળે વિચારી શકે છે. પરદેશ જઈને ડૉક્ટર થઈ આવ્યો હોય તે ત્યાંની મોટી મોટી ઇસ્પિતાલો અને સાધનસંપન્ન સંસ્થાઓના ખ્યાલથી એટલો બધો ઓતપ્રોત થઈ ગયો હોય છે કે સાદી અને સસ્તી સારવાર એને સૂઝતી જ નથી, એટલું જ નહિ, આપણી પ્રજાનું અને પશ્ચિમનું શારીરિક બંધારણ જુદું હોય છે, ઔષધની જે માત્રા એ પ્રજાઓ માટે આવશ્યક હોય તે આપણે માટે ન પણ હોઈ શકે એ વાત પણ ભૂલી જાય છે પછી આપણા ઘરગથ્થુ ઈલાજો કે ઘરઆંગણે ઊગતી ઉપયોગી વનસ્પતિને તો એ ક્યાંથી જ ઓળખવાનો હતો!

જે ઈજનેરો આવે છે તે પણ ત્યાંનાં મકાનોની નકલ જ કરે છે. આજકાલ બંધાતાં નવી ઢબનાં મકાનો જુઓ. આપણે ત્યાં મિલમાલિક મંડળનું નવું મકાન જુઓ. આ કબૂતરખાના જેવા દેખાતા મકાનમાં શી કારીગરી છે? હું તો કબૂલ કરવાને તૈયાર છું કે મારા જેવા જે આ મકાનના દેખાવમાં કશી કળા જોઈ શકતા નથી તે પોતે જ કળાશૂન્ય છે. પરંતુ આપણી કૉલેજો જુઓ, આપણાં નવાં બંધાતાં રહેવાનાં મકાનો જુઓ, ક્યાંય તમને મૌલિકતા દેખાય છે? ઊલટી વાનર નકલ દેખાય છે. દાખલા તરીકે, નવી ફૅશનના ઘરમાં ખીંટી જ નથી હોતી! એક ફૅશનેબલ વસાહત માટે સાંભળ્યું કે ત્યાં એકે ઘરમાં પાણિયારું જ નથી!!

પણ એક સીધી સાદી વાત કહું. આપણા લીંપણનો વિચાર કરો. લીંપણ ત્રણે ઋતુ માટે અનુકૂળ છે. શિયાળામાં એ ગરમ લાગે છે. ઉનાળામાં ઠંડું રહે છે અને ચોમાસામાં ભેજ શોષી લે છે; અલબત્ત લીંપણના ગેરફાયદા પણ છે—જીવજંતુ ભરાઈ રહે, વારે વારે લીંપવું પડે, લીંપવા માટે છાણ શોધવા જવું પડે, પરંતુ આ નાના નાના ગેરલાભ દૂર કરી લીંપણના જે લાભ છે તે કાયમ રહે એવી શોધ કરનાર કોઈ નીકળ્યો નહિ! આપણે તો પથ્થર અને લાદી કે કપચી જડતાં શીખ્યાં. ત્રણે ઋતુ માટે આ નકામાં છે. શિયાળામાં ઠંડાં પડી જાય છે, ઉનાળામાં તપી જાય છે અને ચોમાસામાં ભીનાં જ રહે છે. મુંબઈની એક ઓરડીની ચાલીઓમાં જે રહેતા હશે અથવા રહ્યા હશે તેમને જ ચોમાસાની આ અગવડનો યથાર્થ ખ્યાલ આવી શકશે. અરે આજકાલ કોઈ બાગમાં કે ફરવાની જગાએ તો જઈ જુઓ! ત્યાં જૂના જમાનાના બાંકડાને બદલે તમને સિમેન્ટની બેઠકો જોવા મળશે. ક્યા ફળદ્રુપ ભેજાએ આ શોધ કરી હશે તે ખબર નથી પણ તે ઈજનેર સાહેબને શિયાળાની વહેલી સવારે કે ઉનાળામાં ભરબપોરે આવી એકાદ બેઠક પર બેસાડી દેવા જોઈએ!

કોઈને આ બધી દલીલો અપ્રસ્તુત લાગશે, પરંતુ વાંચનારને યાદ આપું કે મારા જેવા એક સામાન્ય જને નહિ પણ મોરબીની ઈજનેરી કૉલેજના પ્રિન્સિપલે પણ થોડા વખત પર લખ્યું હતું કે ઈજનેરી કૉલેજમાંથી બહાર પડતા સંખ્યાબંધ સ્નાતકો પરદેશ દોડે છે તે ઇષ્ટ નથી.

આ બધા અઢળક પૈસા ખરચીને પરદેશ જાય છે તેથી આપણા દેશનું હૂંડિયામણ કેટલું બધું વપરાઈ જાય છે? એ ખરું છે કે ઘણા વિદ્યાર્થીઓ પરદેશી સરકારને પૈસે જાય છે પરંતુ આ પરદેશી સરકારો માત્ર પરોપકારાર્થે જ આ મદદ આપે છે એવું માનતા હોઈએ તો આપણે ભ્રમમાં જ છીએ! કંઈ નહિ તો એ લોકોને એટલો સ્વાર્થ તો છે જ કે પોતાના આદર્શો, પોતાની સંસ્કૃતિ, પોતાની રાજ્યપદ્ધતિ વગેરેનો પુષ્કળ પ્રચાર થાય.

વળી આ વિદ્યાર્થીઓ ત્યાંની સમૃદ્ધિ જોઈ (કડિયો પણ મોટરમાં કામ કરવા આવે; આયાને પાંચસો સાતસો રૂપિયાનો પગાર મળે; શોફરને પોતાની મોટર હોય), પોતે પણ એ રીતે રહેવા ઇચ્છતા હોય છે. પરિણામે મોટા મોટા પગારોની એ અપેક્ષા રાખે છે. પોતાના ઘરમાં ટેલિફોન, રેફ્રિજરેટર, રેડિયો, મોટર વગેરે અદ્યતન સગવડો એમને જરૂરિયાતો થઈ પડે છે. એટલું જ નહિ, આપણા સામાન્ય પ્રજાજનનું જીવનધોરણ ઊંચું લાવવા માટે આ બધું અનિવાર્ય છે એવું માનતા તેઓ થઈ જાય છે અને પોતાની માન્યતાના

સમર્થનમાં તેઓ અનેક રૂપાળી દલીલો કરે છે! એક બટન દબાવીએ અને હજારો માઈલ ઉપર કોઈ ગાતું હોય તેનો અવાજ સંભળાય—અરે ગાનારને જોઈ પણ શકાય એ શું ઓછી સિદ્ધિ છે? એ જોઈને કોણ ન અંજાય!

પરંતુ આ યંત્રોદ્યોગપ્રધાન સંસ્કૃતિમાં જે દૂષણો છે તે હવે તે તે દેશોમાં છતાં થતાં જાય છે અને ત્યાંના શાણા લોકો તે સામે પોકાર ઉઠાવે છે. આપણે આ બધાંમાંથી બચવું હોય તો પરદેશ પર્યટનના મોહમાંથી ઊગરી જવું જોઈએ; અથવા પાકટ ઉંમરે માસ બે માસ જવું જોઈએ—વિદ્યાર્થી અવસ્થામાં નહિ.

પણ પશ્ચિમી કે યંત્રપ્રધાન સંસ્કૃતિનાં એવાં શાં દૂષણો છે? પ્રથમ તો એ કે શારીરિક શ્રમને અળખામણો બનાવે છે. પરિશ્રમનિષ્ઠ જીવન જ તંદુરસ્ત અને સદ્ગુણી તથા સુખી રહી શકે. આ પશ્ચિમી દેશોમાં બાળમરણ અને ચેપી રોગોથી થતાં મરણ ઘણાં ઘટ્યાં છે પણ અકસ્માતથી ખૂબ મરણ થાય છે; કેન્સર, હૃદયરોગ, મધુપ્રમેહ, લોહીનું વધુ દબાણ વગેરે રોગો પણ ખૂબ વધ્યા છે એથી પણ વિશેષ ધ્યાનપાત્ર તો માનસિક રોગોનો વધારો છે!

યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓમાં પણ માનસિક અસ્થિરતાના (અને પરિણામે આપઘાતના) કિસ્સાઓ વધે છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના મુક્ત સહચારને પરિણામે કામુકતા વધી છે. આપણે જેને વ્યભિચાર કહીએ એવા સંબંધો પણ વિદ્યાર્થી-જીવનમાં ઘણા બને છે. કોઈને આમાં વાંધા જેવું ન લાગે તો કહું કે બાળહત્યાની સંખ્યા પણ વધતી જાય છે. સહુથી વિશેષ ચોંકાવનારી વાત તો એ છે કે અમેરિકા જેવા તવંગર દેશમાં પણ બાળગુનેગારોની સંખ્યા વધતી જાય છે!

મારાં વિધાનોના સમર્થનમાં થોડીક માહિતી ટાંકું: "૧૯૫૭ માં અમેરિકામાં બાળગુનેગારોની અદાલતોમાં ૭ લાખ ફરિયાદો દાખલ થઈ હતી! અર્થાત્ ૧૦ થી ૧૭ વર્ષોની ઉંમરનાં છોકરા-છોકરીની વસ્તીના ૨.૪ ટકા. કિશોર અવસ્થા સુધીમાં એકવાર પણ જેઓ અદાલતમાં પહોંચ્યા હોય તેવાઓનું પ્રમાણ ૧૨ ટકા થાય. માત્ર છોકરાઓને જ ગણીએ તો ૨૦ ટકા થાય. ૧૮ વર્ષની નીચેના ગુનેગારોમાં ૨૧ ટકા ચોરીના ગુના બદલ પકડાય છે; ૧ ટકો લૂંટફાટ માટે, ૧ ટકો મદ્યપાન માટે અને ૧/૧૦ ટકો ખૂન માટે."

"અમેરિકાનાં ઘણાં શહેરોની શાળાઓમાં હવે તોફાન, બદમાશી, અત્યાચાર, બળાત્કાર અને લૂંટફાટનું સામ્રાજ્ય વ્યાપક બનતું જાય છે. શાળાના મકાનમાં, શાળાના મેદાનમાં કે શાળાના રસ્તાઓ ઉપર આજકાલ બદમાશ છોકરા-છોકરીઓની ટોળીઓ નબળાં-પોચાં દીસતાં છોકરા છોકરી પાસે મનફાવે તેમ વસ્તુઓ પડાવે છે, પૈસા કઢાવે છે, તથા મારપીટ અને બળાત્કાર કરે છે. ન્યૂયોર્ક શહેરની કેટલીક શાળાઓના શિક્ષકોને બંધ-બારણે અને પોલીસ પહેરા હેઠળ કામ કરવું પડે છે કે આવવું-જવું પડે છે......બ્રુકલીનની જોન માર્શલ જુનિયર હાઈસ્કૂલમાં ૧૯૫૮ના જાન્યુઆરીમાં એક ૧૩ વર્ષની છોકરી ઉપર બળાત્કાર કરવામાં આવ્યો, પહેરાવાળાને ૭ છોકરાઓએ પીંખી નાખ્યો, અને રમતગમતના શિક્ષકને બાનમાં લઈ જઈને ખોખરો કર્યો......કેટલીક શાળાઓનાં મકાનોમાં, વર્ગની ઓરડીઓમાં તેમ જ આંગણામાં કે રસ્તાઓ આગળ બહારના છોકરાઓ અડ્ડો જમાવી બેસે છે. તેમને નિશાળમાં

ભણવાનું કે કંઇ કામકાજે જવાનું હોતું નથી. તેઓ ભણતાં છોકરાં ઉપર જ પોતાની આજીવિકા કે રાજ્ય ચલાવતા હોય છે."

આપણે ત્યાં હજી આવી પરિસ્થિતિ આવી નથી એમ મારું આશાસ્પદ અંતઃકરણ માને છે. પરંતુ આવતાં બહુ વાર લાગશે નહિ એવો ભય પણ રહે છે. આ બધામાંથી બચવું હોય તો આપણે આપણા પગ પર ઊભા રહેવું જોઇએ અને પરદેશોની મોહિનીમાંથી ઊગરી જવું જોઈએ. મારા કહેવાનો એવો અર્થ કોઇ ન કરે કે આપણા વિદ્યાર્થીઓ અમેરિકા જઈને ઉપર વર્ણવ્યા એવાં કુલક્ષણો શીખી લાવે છે. મારું એટલું જ કહેવું છે કે ઉપર્યુક્ત દૂષણો ભોગપ્રધાન અને યંત્રનિર્ભર સંસ્કૃતિની પેદાશ છે, અને એ સંસ્કૃતિની અસરમાંથી આપણી પ્રજાને આપણે બચાવવી જોઇએ; અને માટે જ પરદેશો ભણી વળેલો વિદ્યાર્થીઓનો આ પ્રવાહ અટકવો જોઇએ.*

નોંધ : અહીં આપેલા ઉતારા જુલાઇ ૧૯૫૯ના નવજીવનમાંથી લીધા છે. નવજીવને તે લખાણ અનુક્રમે ધિ એનાલ્સ માર્ચ ૧૯૫૯, અને અવેક ૮–૫–૫૯માંથી લીધા છે. કાળા અક્ષર મેં મૂક્યા છે. (તા. ૫–૯–૧૯૫૯ના જ્યોતિર્ધરમાંથી)

પ્રકાશક : [illegible] મિસ્ત્રી, ૧૨/૩, ભારતીનિવાસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬.
મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ
તા ૬-૧૦-૧૯૬૩